૧૯૫૦ - 1950

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજી. નં. બી ૪૨૬૬

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ : ૧૧
અંક : ૧૭

મુંબઈ : ૧ જાનેવારી ૧૯૫૦ રવિવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

જીવન એ માનવતાનું મહાવ્રત છે

વ્યાખ્યાતા: પૂ. મહાસતી શ્રી ઉજ્જવલકુમારીજી

વૃક્ષનાં પાન જ્યારે પીળાં પડી જાય છે, ત્યારે તે ખરવા માંડે છે. એમ જીવનવૃક્ષમાંથી પણ દર બાર કલાકે રાત અને દિવસરૂપી પાંદડાં ખરી પડે છે. અનેક દિવસોનો સમૂહ એ જીંદગી છે. એક દિવસ જીવનમાંથી ઓછો થયે જીવનનો એક અંશ પૂરો થાય છે. જેમ સરિતાનો પ્રવાહ રાતદિન અસ્ખલિત વહ્યે જાય છે, તેમ આ જીંદગી પણ ધક્કા માર્યા વિના વહ્યે જાય છે, અને એમ કરતાં એક દિવસ એનો અન્ત આવે છે. મૃત્યુનો સમય અચાનક આવીને ખડો થાય છે.

ત્યારે એમ નથી થતું કે આ નિશ્ચિત મૃત્યુપળ માટે આપણે કંઈ કરીએ? મૃત્યુ તો દર પળે આવતું જ જાય છે, પણ એ આપણું મૃત્યુ છે, એમ છેલ્લી પળ સુધી નથી લાગતું. આ છેલ્લી પળે આપણને આશ્વાસન મળે એવું કંઈ ન કરીએ?

આપણે સૌ અત્યારે અહીં પ્રભુની વાણી ખૂબ શાન્તિથી સાંભળી રહ્યા છીએ. આપણે સંપૂર્ણ સ્વસ્થ બેઠા છીએ. પણ એમાં આપણી વચ્ચે અચાનક એક સર્પ દેખાય તો? તો એ સ્વસ્થતા અને શાંન્તિ ચાલ્યાં જશે. કારણ કે આપણે સર્પમાં મૃત્યુની ભયંકરતા જોઈ શકીએ છીએ.

આનું કારણ અજ્ઞાન છે. આપણે તો ધગધગતા તવા જેવી શૈયાને પુષ્પ જેવી સુકોમળ બનાવીએ અને વેદના સમયે શાન્તિ ન ગુમાવીએ એવું કંઈ કરીએ તો સારું. બાળકનો જન્મ થાય છે ત્યારે તે રડે છે; પણ ત્યારે આપણે તો ખુશી જ થઈએ છીએ. જીવન એવું જીવવું કે આપણા મૃત્યુ વખતે બીજા રડે અને આપણે હસીએ. જો આપણે એ પળે હસી શકયા, તો જીવન જીવી જાણ્યું ગણાય. જે હસતે મુખે મરી જઈ શકે, એ મૃત્યુંજય છે. મહાત્માજીએ 'હે રામ!'કહીને કેટલી સ્વસ્થતાથી દેહ છોડયો! એ મૃત્યુંજય હતા. એમ જ સોક્રેટીસે સ્વસ્થચિત્તે ઝેરનો પ્યાલો પીધો. આવું સ્વસ્થ મૃત્યુ કેમ મેળવી શકાય? એ એક દિવસમાં ન બને. આખું જીવન જે સારું ગાળી શકે, તે જ આવું મૃત્યુ મેળવી શકે. આપણે ભોગને માનવજીવનનું ધ્યેય બનાવી દીધું છે. પણ જીવન તો માનવતાની પ્રાપ્તિનું વ્રત છે. માનવીની શકિત કંઈ નાની સૂની નથી. એ તો વાઘ-વરૂ જેવા હિંસક પ્રાણીને પૂરી શકે છે અને કેળવી પણ શકે છે. એ દેવતાને પણ નમાવી શકે. મંત્રથી ભૂતને પણ સ્વાધીન બનાવી શકે. આવી શકિતનો ઉપયોગ માનવતાને પ્રાપ્ત કરવા એ કરી શકે અને એ રીતે એ જીવનને મહાવ્રત બનાવી શકે.

માનવીમાં ત્રણ પ્રકારનું સામર્થ્ય ખીલવું જોઈએ. પહેલું સામર્થ્ય તે વિવેક. બાળક દીવાની જ્યોતને સ્પર્શ કરવા જાય છે. સ્પર્શ કરતાં તે દાઝે છે. પણ એકવાર દાઝયા પછી તે ફરીથી એ જ્યોતને સ્પર્શતો નથી. અનુભવથી એણે જ્ઞાન મેળવ્યું એ વિવેક. મને સુખ કે દુઃખ શાથી થાય છે એ સમજી શકે અને તે પ્રમાણે વર્તન કરે એ માનવી. સુખમાં સંયમ અને દુઃખમાં શાન્તિ રાખે તે વિવેક.

માનવતાનું બીજું સામર્થ્ય તે સંયમ. દારૂ પીનાર શરાબ પીવામાં નુકશાન છે, એમ તો સમજે જ છે, અને તે ન પીવાનો નિશ્ચય પણ કરે છે. પરંતુ મિત્રો મળે છે ત્યારે એ નિશ્ચય ડગી જાય છે. એનામાં વિવેક તો છે, પણ સંયમ નથી. વિવેકથી જાણીને અમલમાં મૂકવાનું બળ, તે સંયમ. વિવેકનો દીપક માણસના મનમાં જાગૃત છે જ. ખોટું કરતાં પ્રથમ તો મન ડંખે છે. વિવેક એને ચેતવે છે. પણ સંયમના અભાવે એ ખોટું કરે છે, અને તેમ વારંવાર કરતાં મન જડ બની જાય છે. ત્યાં વિવેકનો અન્ત આવે છે. માણસે વિવેક ના પાડે ત્યાં અટકવું, વિચારવું અને સંયમપાલન કરવું જોઇએ.

નિયમોનું પાલન કરવું તે સંયમ છે. મનને ખોટું કામ કરતાં રોકવું, અને ઇન્દ્રિયોનો વિજય કરવો, તે સંયમ. ચક્રવર્તી પણ જો ઇન્દ્રિયોનો ગુલામ બની રહે તો તે ચક્રવર્તી નથી. લાખ્ખો યોદ્ધાઓ પર વિજય મેળવે, પણ ઇન્દ્રિયો પર વિજય ન મેળવી શકે, તે પરાજિત છે. Imitation of Christ નામના પુસ્તકમાં લખ્યું છે: 'Victory Perfect is to triumph over ourselves.'

સમ્રાટ અશોકનો પૌત્ર સંપ્રતિ એ જૈન હતો. એણે ૪૦ કરોડ જૈનો બનાવ્યા હતા. અગાઉ હિંદની વસ્તી ૩૦ કરોડ હતી. એ પહેલાં ૧૮ કરોડ કહેવાતી. એટલે જૈન ધર્મ હિંદ બહાર પણ ફેલાએલો હતો. સંપ્રતિનો પિતા કુણાલ અંધ હતો. બાળપણમાં એ મોસાળ રહેતો, પુત્ર કુણાલ આઠ વર્ષનો થયો. ત્યારે અશોકે એને મોસાળ લખી મોકલ્યું કે **'अधीयताम् कुमारः'** કુમારને ભણાવજો. પણ પત્ર લખનારે લખ્યું: **अंधीयताम् कुमारः** કુમારને અંધ બનાવજો. આટલી ભૂલનું પરિણામ ગંભીર આવ્યું. ધાસમાં એક જ ચિનગારી પડે, એનું પરિણામ શું આવે? વીંછી એક જ રેમ પર ચટકો ભરે તેનું પરિણામ શું? સીડી ઉતરતાં એક જ પળ આંખ બંધ કરો, તો ઠેઠ નીચે ગબડી પડાય. એમ લખનારની એક જ ભૂલ થઇ. અનુસ્વારથી **अधीयतामूतं अंधीयताम्** થઇ ગયું. પણ પુત્રે તો પિતાની આજ્ઞા સ્વીકારી અને આંખો કાઢી આપી. કુણાલ અંધ થયો.

ઘણે વખતે કુણાલ રાજધાનીમાં—પટણામાં—આવે છે. એ સરસ સંગીત વગાડે છે. સાંભળી લોકો મુગ્ધ બને છે. અશોક પણ એની ખ્યાતી સાંભળી એને તેડવા પાલખી મોકલે છે. કુમાર આવે છે, પણ મોઢું દેખાડતો નથી. એ પડદા પાછળથી ગાય છે. સાંભળીને રાજા મુગ્ધ બને છે. કુમાર ગીતમાં જ પોતાના નામને ગુંથે છે, અને અશોક ચમકે છે. એને કુણાલ યાદ આવે છે અને

તે પડદા પાછળ દોડી જાય છે. એને ઘણું દુઃખ થાય છે. પણ કુમાર તો કહે છે કે 'મેં તો રાજ્ય માંડયું છે. ફરજ બજાવ્યાનો મને આનંદ છે. એનું દુઃખ મને નથી.' આનું નામ સંયમ.

કુણાલના પુત્ર સંપ્રતિએ ૧૬મે વર્ષે દિગ્વિજય કર્યો. વિજયના આનંદમાં એ માતાને મળે છે, પણ માતાને આનંદ નથી. યુદ્ધમાં જે હિંસા થઇ એનો વિચાર માતાને આવે છે. એ પુત્રને કહે છે કે 'તેં આટલી હિંસાદ્વારા બહારના શત્રુઓ પર વિજય મેળવ્યો એની કંઇ કિંમત નથી. અંદરના શત્રુઓ પર વિજય મેળવ્યો હોય તો આનંદ થાય.'

કુમાર સંપ્રતિ ચાલ્યો જાય છે. એને મુનિ મળે છે અને એ અહિંસાનો ઉપાસક બને છે. આજે જગતનાં રાજ્યો યુનોમાં નિઃશસ્ત્રીકરણની વાતો કરે છે, ઠરાવો કરે છે, પણ નિઃશસ્ત્રીકરણ થતું નથી. સંપ્રતિએ જાહેર કર્યું કે જે ખંડિયા રાજાઓ શસ્ત્રો છોડી દેશે તેની ખંડણી માફ થશે. આ રીતે તેણે હિંસાનો ત્યાગ કરાવ્યો. અનાર્ય દેશોમાં પણ પ્રચારકો મોકલ્યા અને શાન્તિની સ્થાપના કરી. એવી માન્યતા પણ છે કે અશોકને નામે જે શીલાલેખો જોઇએ છીએ તે સંપ્રતિએ કરાવ્યાં હતા.

મૃત્યુ સમયે શાન્તિ જોઇતી હોય તો ઇન્દ્રિયો પર સંયમ રાખવો જોઇએ. કાન કોઇની બુરાઇ ન સાંભળે. અવગુણ જોશે તેનામાં અવગુણનો સંચય થશે. ગુણ જોશે તેના પ્રત્યે ગુણો આકર્ષાશે. દરેક વસ્તુમાં ગુણ અને અવગુણ છે. તેમાં શું ગ્રહણ કરવું તે આપણે વિચારવાનું છે.

શ્રીકૃષ્ણે દુર્યોધનને ગુણવાનને શોધવા કહ્યું, પણ દુર્યોધનને કોઇ ગુણવાન ન જડ્યો. યુદ્ધિષ્ઠિરને અવગુણીને શોધવા કહ્યું, પણ એને કોઇ અવગુણી ન મળ્યો. જેવી દૃષ્ટિ હોય એવું દેખાય. ઉકરડા ઉપર બેસવું છે કે બગીચામાં તે આપણે જ નક્કી કરી લેવાનું છે. હૃદયમાં ગંદકી ભરવી છે કે સુગંધ તે આપણે જ વિચારવાનું છે. તમારા એક હાથમાં સ્વર્ગ છે અને એકમાં નર્ક છે. જે જોઇએ તે મૂઠી ઉઘાડજો.

કોઇની બુરાઇ નહિ સાંભળવામાં કંઇ જ મોટું કામ કરવાનું નથી. સારું જોવા સાંભળવાની ટેવ પાડો. ગલીએ ગલીએ નાટક સીનેમાઓ પથરાયાં છે અને પ્રજાને નિર્માલ્ય બનાવે છે. કેટલાક કહે છે કે અમે ધાર્મિક ચિત્રો જોઇએ છીએ. પણ ધાર્મિક ચિત્રો જોવાથી ધાર્મિક થવાય એ દલીલ જૂઠી છે. ૯૮ ટકા પ્રેક્ષકો એમાંથી કુસંસ્કાર ગ્રહણ કરે છે. સુસંસ્કાર કરતાં કુસંસ્કાર વહેલા ગ્રહણ કરાય છે.

ટોલ્સટોયે એક દાખલો આપ્યો છે કે કોઇ માણસનું ઘર બળતું હતું. એના અજવાળામાં એક માણસે પુસ્તક વાંચ્યું. બીજાએ એમાંથી બીડી સળગાવી, ત્રીજાએ એ અગ્નિ પર ચા બનાવી. ત્રણેને ઘર બળવાથી લાભ થયો. પણ એ લાભ કેટલો, અને ઘર બળવાથી વિનાશ સર્જાયો તેનું નુકશાન કેટલું ?

આપણી નેત્રશક્તિ હીણી થઇ ગયાની ફરિયાદો આવે છે. કારણ આપણે આંખનો સંયમ જાળવી શકતા નથી. આપણે સંયમને બદલે ભોગને મહત્વ આપ્યું છે. ઝાઝી મોટર અને ઝાઝા બંગલા હોય તે મોટા માણસ ગણાય એવી ભ્રમણામાં આપણે પૂડી ગયા છીએ. પણ એક માણસ ભોગવી કેટલું શકવાનો છે ? સામગ્રી વધે છે પણ ભોગવી શકાતી નથી. જીવનનું ધ્યેય ભોગ નથી, સંયમ છે. જરૂરીયાતો વધાર્યે જવી એ તો અનાર્યતા છે.

વાણીના અસંયમથી તો મહાભારતનું યુદ્ધ સર્જાયું. માયાવી રચના ન પારખવાથી સ્થળને જળ સમજી દુર્યોધને કપડાં ઉંચાં લીધાં એટલે અર્જુને તેની મશ્કરી કરતાં કહ્યું કે 'આંધળાનાં તો આંધળા જ હોય ને !' વાણીના આ અસંયમથી તો મોટું યુદ્ધ જાગ્યું. વાણીનો જે દુરૂપયોગ કરે છે, એથી તો મુંગા પશુ સારા.

માનવજીવનનું ત્રીજું સામર્થ્ય કર્તવ્યપાલન છે. જેની જે ફરજ છે તે તેણે બજાવવી. એમાં જ માનવજીવનની સફળતા છે.

રાતદિન પીળાં પાંદડાં ખરી પડે છે, તે પાછાં આવતાં નથી. માટે જીવન વહેતું જાય છે ત્યારે પ્રમાદ ત્યાગી જીવનને સફળ બનાવવા વિવેક, સંયમ અને કર્તવ્યપાલનના વ્રતને અંગીકાર કરીએ.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ : વાર્ષિક સભા

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા તા. ૧૮-૧૨-૪૯ રવિવારના રોજ સંઘના કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાને સંઘના પ્રમુખ શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહ બીરાજ્યા હતા. આગળની વાર્ષિક સભાની નોંધ મંજુર થયા બાદ સંઘના મંત્રી તરફથી સંઘનો ગત વર્ષનો વૃત્તાન્ત, સંઘનો તથા શ્રી. મ. મો. શાહ સાર્વજનિક વાંચનાલય પુસ્તકાલયનો આવક જાવકનો હીસાબ તથા સરવૈયું અને નવા વર્ષનું અંદાજપત્ર રજુ કરવામાં આવ્યાં હતા જે સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યા હતા.

ત્યારબાદ સંઘના અધિકારીઓ તથા કાર્યવાહક સમિતિના ૧૫ સભ્યોની ચુંટણીનું કામ હાથ ધરવામાં આવતાં નીચે મુજબનું પરિણામ આવ્યું હતું.

નવા અધિકારીઓ

શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહ–પ્રમુખ

,, ચીમનલાલ. પી. શાહ ઉપપ્રમુખ

,, મણિલાલ મોકમચંદ શાહ
,, દીપચંદ ત્રીભોવનદાસ શાહ
,, રમણલાલ. સી. શાહ. } મંત્રીઓ

,, પ્રવીણચંદ્ર હેમચંદ અમરચંદ–કોષાધ્યક્ષ

કાર્યવાહક સમિતિના સભ્યો

૧. શ્રી પરમાનંદ કુંવરજી કાપડીઆ
૨. ,, જયંતિલાલ સુંદરલાલ કોઠારી
૩. ,, તારાચંદ એલ. કોઠારી
૪. ,, નાનચંદભાઇ શામજી
૫. ,, રતીલાલ ચીમનલાલ કોઠારી
૬. ,, જયંતિલાલ લલ્લુભાઇ પરીખ
૭. ,, જટુભાઇ મહેતા
૮. ,, ચુનિલાલ કલ્યાણજી કામદાર
૯. શ્રી કાંતિલાલ ઉમેદચંદ બરોડીયા
૧૦. ,, રમણિકલાલ મણિલાલ શાહ
૧૧. ,, ટી. જી. શાહ
૧૨. ,, ચંચળબહેન ટી. શાહ
૧૩. ,, ધીરજલાલ ધનજીભાઇ કાપડીઆ
૧૪. ,, વલ્લભદાસ પ્રેમચંદ મહેતા
૧૫. ,, જસુમતીબહેન મનુભાઇ

બાદ શ્રી જટુભાઇ મહેતાના તા. ૯-૧૨-૪૯ ના રોજ મળેલ કાર્યવાહક સમિતિની સભામાં રજુ થએલ પ્રબુદ્ધ જૈનના સંચાલનની જવાબદારીમાંથી–પોતાને અન્ય પ્રવૃત્તિઓમાં ખૂબ રોકાણ હોઇને–મુક્ત કરવા વિષેના પત્રના અનુસંધાનમાં ચર્ચાને અંતે સંચાલનની જવાબદારી જેમ બને તેમ જલ્દી સંભાળી લેવાનું શ્રી ધીરજલાલ ધનજીભાઇ શાહે સ્વીકાર્યું હતું. અને તેને સર્વાનુમતે મંજુરી મળી હતી.

શ્રી. જટુભાઇ મહેતાએ સમયનો ભોગ આપીને ખૂબ કાળજી પૂર્વક આજ સુધી પ્રબુદ્ધ જૈનનું સંચાલન કર્યું તે માટે તેમનો આભાર માનવામાં આવ્યો હતો.

ગત વર્ષનાં સંઘના ચોપડાઓ તપાસી આપવા બદલ એચ. પી. કુંભાણીની કું. નો આભાર માની ચાલુ સાલ માટે પણ તેમને જ ઓડીટર તરીકે ચાલુ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

શ્રી. મુંબઈ જૈન યુવક સંઘ: વાર્ષિક વૃત્તાંત

વિક્રમ સંવત ૨૦૦૫ (ઇ.સ. ૧૯૪૯)ની પૂર્ણાહુતિ સાથે શ્રી. મુંબઇ જૈન યુવક સંઘ ૨૧ વર્ષ પુરાં કરીને ૨૨ મા વર્ષમાં પ્રવેશ કરે છે. આ વર્ષ દરમિઆન સંઘની સર્વ પ્રવૃતિઓ પૂર્વવત એક સરખી ગતિમાન રહી છે. આ પ્રવૃત્તિઓની પરિસ્થિતિ નીચે મુજબ છે:–

શ્રી. મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય

સંઘનું ઉપર જણાવેલ વાચનાલય તથા પુસ્તકાલય વ્યવસ્થિત રીતે ચાલે છે. વાચનાલયમાં હંમેશાં આશરે સોએક વાંચકો દૈનિક છાપાંઓ તથા અન્ય સામયિકો વાંચવા માટે આવે છે. પુસ્તકાલયમાં હંમેશા સરેરાશ ૪૦ ભાઇઓ નવાં પુસ્તકો લેવા કે વંચાયલાં પુસ્તકો બદલાવવા માટે આવે છે. ગત વર્ષ દરમિયાન આ પ્રવૃત્તિ પાછળ રૂા. ૧૭૪૬)ની ખોટ આવેલી જેમાંથી અન્ય પ્રસંગોએ તેમજ પર્યુષણ પર્વ દરમિયાન મળેલી રૂા. ૧૧૧૨)ની મદદ બાદ કરતાં રૂા. ૬૩૦) ની ખોટ નવા વર્ષમાં ખેંચવી પડી છે. ચાલુ નવા વર્ષ માટે રૂા. ૩૬૬૦) ની ખોટ અંદાજવામાં આવી છે જે એક યા બીજી રીતે પુરી કરવાની જવાબદારી સંઘના શીરે રહે છે.

પ્રબુદ્ધ જૈન

પ્રબુદ્ધ જૈન ગયા વર્ષ દરમિયાન એપ્રીલ માસની આખર સુધી શ્રી. પરમાનંદભાઇ સંભાળતા હતા; ત્યાર બાદ શ્રી. જટુભાઇ મહેતા પ્રબુદ્ધ જૈનનું સંપાદન કરી રહ્યા છે. આ માટે સંઘ તેમનો ઋણી છે. પ્રબુદ્ધ જૈન ખાતે ગતવર્ષ દરમિયાન રૂા. ૧૬૫૫) ની ખોટ આવી છે, જેમાંથી પર્યુષણ દરમિયાન મળેલી રૂા. ૧૦૦૦) ની મદદ બાદ કરતાં બાકી રૂા. ૬૫૫) ની ખોટ સંઘના માથે આવી છે.

વૈદ્યકીય રાહત

સંઘ તરફથી અપાતી વૈદ્યકીય રાહતમાં રૂા. ૧૯૦) નો ખર્ચ થયો છે. આ રાહતની યોજનાનો તે સંબંધમાં પ્રબુદ્ધ જૈનમાં અવારનવાર જાહેરાત આપવા છતાં બહુ ઓછા કુટુંબો લાભ લે છે. વૈદ્યકીય રાહત માત્ર જૈનોને જ અપાય છે; માંદાની માવજતનાં સાધનોનો લાભ સાર્વજનિક રીતે અપાય છે અને તેનો સારો લાભ લેવાય છે.

પર્યુષણ વ્યાખ્યાનમાળા

અન્ય પ્રવૃત્તિઓ જ્યારે પ્રમાણમાં સ્થિર દેખાય છે ત્યારે પર્યુષણ વ્યાખ્યાનમાળાનું આકર્ષણ ઉત્તરોત્તર વધતું જાય છે અને તેનો લાભ પણ ખુબ લેવાય છે, તેમ જ ગુણવત્તાની દૃષ્ટિએ પણ તેનો આંક ઉંચે ચઢતો જાય છે. આ વર્ષની તા. ૨૯-૮-૪૯ થી તા. ૨૮-૯-૪૯ સુધીની નવ દિવસની વ્યાખ્યાનમાળામાં આઠમા દિવસની સભા રોકસી થીએટરમાં ગોઠવવામાં આવી હતી અને બાકીના દિવસોની સભાઓ વિઠ્ઠલભાઇ પટેલ રોડ ઉપર આવેલ આનંદ ભવનની વ્યાખ્યાનશાળામાં રાખવામાં આવી હતી. નવે દિવસની સભાઓનું પ્રમુખસ્થાન પંડિત સુખલાલજીએ શોભાવ્યું હતું. આ વર્ષના વ્યાખ્યાતાઓ તેમ જ વ્યાખ્યાનવિષયોની નામાવલિ જોતાં મુંબઇ જૈન યુવક સંઘ 'સર્વધર્મસમભાવ'ના આદર્શનું કેટલી સુંદર રીતે અનુપાલન કરે છે તેનો કોઇને પણ સ્પષ્ટ ખ્યાલ આવી શકે તેમ છે. મુંબઇ શહેરમાં આવી વ્યાખ્યાનમાળા અન્યત્ર ભાગ્યે જ યોજાય છે. જૈનેતર ભાઇ બહેનો પણ આ વ્યાખ્યાનમાળાનો સારા પ્રમાણમાં લાભ લે છે. આ વ્યાખ્યાનમાળાની વ્યાસપીઠ ઉપરથી ભિન્ન ભિન્ન ધર્મની વિશેષજ્ઞ વ્યક્તિઓ પોતપોતાના ધર્મનો સાર સમજાવે છે અને વિચારકો અને કાર્યકર્તાઓ પોતપોતાના સિધ્ધાન્તો અને અનુભવવિશેષો નિઃસંકોચપણે રજુ કરે છે અને પરિણામે આ વ્યાખ્યાનમાળા સામાન્ય લોકો માટે એક નાનું સરખું જ્ઞાનપર્વ બની જાય છે. આ વ્યાખ્યાનમાળા આવક જાવકની દૃષ્ટિએ સાધારણ રીતે સ્વાશ્રયી હોય છે.

પ્રકીર્ણ

ગત વર્ષ દરમિયાન પ્રારંભમાં તા. ૨૯-૧-૪૯ના રોજ ડૉ–બૂલચંદજી જેઓ 'યુનેસ્કો'ના સ્ટાફ ટ્રેઇનીંગ ડીવીઝનના વડા તરીકે પેરીસ જતા હતા, તેમના સન્માનમાં શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહના પ્રમુખ પણા નીચે એક વિદાય સમારંભ ગોઠવવામાં આવ્યો હતો અને તે સમારંભમાં પંડિત સુખલાલજી, મુનિ જિનવિજયજી, શ્રી જગન્નાથજી જૈન, શ્રી દુલભજી ખેતાણી વગેરે આગેવાન વ્યક્તિઓએ ભાગ લીધો હતો.

ગયા વર્ષમાં મુંબઇ સરકાર તરફથી અનેક સામાજિક ધારાઓ ઘડવામાં આવ્યા હતા અને ધારાસભામાં પસાર કરવામાં આવ્યા હતા. હરિજન મંદિર પ્રવેશ ધારો, સમાજ બહિષ્કાર પ્રતિબંધક ધારો, બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એક્ટ, બોમ્બે એગસ એક્ટ–આ બધા ધારાઓ ઉપર મુંબઇ જૈન યુવક સંઘ તરફથી મુંબઇ સરકાર ઉપર જરૂરી નિવેદનો મોકલવામાં આવ્યા હતા. આ દરેક નિવેદન સમાજની વર્તમાન વાસ્તવિક પરિસ્થિતિને અનુલક્ષીને ઘડવામાં આવ્યું હતું. આ નિવેદનોમાં દેશકાળ જોતાં જે સુધારાઓ જરૂરી છે તે બાબતમાં સરકારને પૂરો ટેકો આપવામાં આવ્યો હતો. અને જ્યાં ઔચિત્યનો ભંગ થતો લાગે અથવા તો લોકશ્રેયની હાની થવાનો સંભવ લાગે ત્યાં સરકારનું સચોટ ધ્યાન ખેંચવામાં આવ્યું હતું.

સંઘની સભ્ય સંખ્યા વર્ષના પ્રારંભમાં ૨૮૫ હતી તે ઘટીને આજે ૨૫૫ થઇ છે. એવી જ રીતે પ્રબુદ્ધ જૈનના ગ્રાહકોની સંખ્યા વર્ષના પ્રારંભમાં ૪૪૪ હતી તે ઘટીને આજે ૨૬૬ થઇ છે. આ બાબત તરફ સંઘના કાર્યવાહકોએ ખાસ ધ્યાન દેવું ઘટે છે. આવક જાવકના હિસાબ મુજબ ગત વર્ષમાં સંઘને રૂા. ૬૦૧) ની ખોટ આવી છે. વળી સંઘની આર્થિક પરિસ્થિતિ છેલ્લાં બે ત્રણ વર્ષથી ઉત્તરોત્તર નબળી પડતી રહી છે, જેનું પરિણામ સંઘની કાર્યશક્તિ ઉપર પડી રહ્યું છે. સંઘની કાર્યવાહક સમિતિની ગત વર્ષ દરમિયાન કુલ ૧૧ સભાઓ ભરવામાં આવી હતી.

સંઘના ગત વર્ષનો આ સંક્ષિપ્ત વૃત્તાન્ત છે. સંઘમાં નવું ચેતન અને શક્તિ આવે તે માટે સંઘની કાર્યવાહીમાં નવું લોહી ઉમેરવાની જરૂર છે અને જેના ઉપર કાર્યવાહીનો બોજો મૂકવામાં આવે તેમણે સંઘ સંબંધે વધારે કાળજી ધરાવતા થવાની, વધારે કાર્યપરાયણ બનવાની જરૂર છે. મુંબઇ શહેરમાં એટલું જ નહિ પણ હિંદની આ બાજુના જૈન સમાજમાં જૈન સમાજના સર્વ વિભાગોને પોતામાં અન્તર્ગત કરતી, જૈનોની એકતાને મૂર્તિમન્ત કરતી, કોમી હોવા છતાં પણ કોઇ પણ પ્રકારના કોમવાદથી પર રહેતી, ક્રાન્તિકારી વિચારસરણીને સ્વીકારતી અને દેશવ્યાપી સમાજ ક્રાન્તિને આવકારતી, સ્પષ્ટ ધ્યેય અને સ્પષ્ટ નીતિને અનુસરીને ચાલવાનો આગ્રહ રાખતી અને પ્રત્યેક સભ્ય પાસેથી ચોક્કસ પ્રકારના શિસ્તપાલનની અપેક્ષા ધરાવતી આ એક જ સંસ્થા છે. આ સંઘ જેટલો સચેત, નિડર અને જાગૃત હશે તેટલા પ્રમાણમાં તે જૈન સમાજને સાચી દોરવણી આપી શકશે. તેનો ભૂતકાળ ઉત્તરોત્તર ગૌરવશાળી કાર્યવાહીથી ભરેલો છે. આજે સંઘની કાર્યવાહીમાં અમુક રીતની મંદતા પ્રસરતી જતી દેખાય છે. જૈન સમાજમાંથી સ્થિતિચુસ્તતાની જડ ઉખેડવા માટે, સાચી એકતાની સ્થાપના કરવા માટે, પ્રગતિના રાહ ઉપર લઇ જવા માટે, ધાર્મિક વહેમ પાખંડ તથા દંભને નિર્મૂળ કરવા માટે તથા ચોતરફ સતત પલટાતા વાતાવરણ સાથે જૈન સમાજની એકરૂપતા કેળવવા માટે આવી સદા ધ્યેયનિષ્ઠ અને ક્રાન્તિલક્ષી સંસ્થાની ઘણી મોટી ઉપયોગીતા છે. એ ઉપયોગીતાનો આધાર સંસ્થાની સક્રિયતા ઉપર રહેલો છે. આ બાબત તરફ પોતાનું ધ્યાન કેન્દ્રિત કરવા સર્વ સભ્યોને પ્રાર્થના છે.

સંવત ૨૦૦૪ નો આવક જાવકનો હિસાબ તથા સરવૈયું

પ્રબુદ્ધ જૈન

જ		ઉ	
૧૩૨૪-૧૪-૦	લવાજમના	૯૫૭-૧૩-૬	પગાર, ભાડું, લાઇટ
૧૦૩૪- ૮-૦	ભેટના	૪૧૭- ૫-૦	પોસ્ટ ખર્ચ
૪૬૦- ૦-૦	યુવક સંઘના સભ્યો પાસેથી પ્રબુદ્ધ જૈનના લવાજમના	૧૬૯૯- ૪-૬	છપામણી ખર્ચ
		૧૦-૧૩-૦	પરચુરણ ખર્ચ
૨૮૧૯- ૬-૦		૩૬૯- ૬-૬	કાગળ ખર્ચ
૬૬૫- ૪-૬	ખોટના		
૩૪૮૪-૧૦-૬		૩૪૮૪-૧૦-૬	

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ

જ		ઉ	
૧૧૨૪- ૦-૦	૨૦૦૫નાં સભ્ય લવાજમના	૯૫૭-૧૩- ૯	પગાર, ભાડું, લાઇટ
૨૫- ૦-૦	૨૦૦૪નાં સભ્ય લવાજમના	૩૭-૧૩- ૩	પોસ્ટ ખર્ચ
૨૭૧- ૯-૦	વ્યાજના	૬૭૨-૧૪-૧૦	પરચુરણ ખર્ચ
૧૪૫- ૦-૦	ભેટના	૩૩- ૪- ૦	સ્ટેશનરી
		૫- ૦- ૦	છપામણી
૧૫૬૫- ૯-૦		૪૬૦- ૦- ૦	સંઘના સભ્યોનું લવાજમ પ્રબુદ્ધ જૈનને
૬૦૧-૪-૧૦	ખોટના		
૨૧૬૬-૧૩-૧૦		૨૧૬૬-૧૩-૧૦	

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ

સંવત ૨૦૦૫ની સાલનું સરવૈયું

જ			ઉ		
રીઝર્વ ફંડ		૧૧૦૦- ૦- ૦			રોકાણ
જનરલ ફંડ			પ½ ટકાના ધી ઇન્ડીયન હ્યુમ-પાઇપ કું. લી.ના ડીબેન્ચર્સ રૂા. ૪૦૦૦ની ફેઇસવેલ્યુના		૪૨૩૬- ૬- ૨
ગયા વરસના બાકી	૪૮૩૮-૧૧- ૫		રોકડ-બેંકમાં તેમજ હાથઉપર		
ચાલુ સાલમાં સંઘની આવકમાં ખોટ	૬૦૧- ૪-૧૦		હાથ ઉપર રોકડ	૫-૭-૯	
	૪૨૩૭- ૬- ૭		ધી બેંક ઓફ ઇન્ડીઆ લી. ના ચાલુ ખાતામાં	૫૧૪૧-૨-૨	
ચાલુ સાલમાં પ્ર. જૈનની આવકમાં ખોટ	૬૬૫- ૪- ૬			૫૧૪૬- ૯-૧૧	
		૩૫૭૨- ૨- ૧	શ્રી મ. મો. શાહ સાર્વજનિક વાં. પુસ્તકાલય ખાતે		૪૫૮-૧૦- ૯
શ્રી ભાવજત ખાતું		૨૪૭-૧૧- ૦	ભાઇ શાન્તીલાલ ઠાકરસી શેઠ ખાતે		૫૦- ૦- ૦
શ્રી વ્યાખ્યાનમાળા ખાતું		૪૩૯- ૮- ૯			
શ્રી પુસ્તક પ્રકાશન ખાતું		૩૧૮૩-૧૦- ૬			૬૮૬૧-૧૦-૧૦
શ્રી ઉપલક્ષ ખાતું		૮- ૦- ૦			
શ્રી અલ્પાહાર ખાતું		૭૫- ૧- ૬			
શ્રી વૈદ્યકીય રાહત ખાતું		૧૨૧૨- ૫- ૦			
શ્રી ૨૦૦૬ નું સભ્ય લવાજમ ખાતું		૫૩- ૦- ૦			
		૬૮૬૧-૧૦-૧૦			

અમોએ ઉપલું સરવૈયું, ચોપડાઓ, રસીદો, વાઉચરો અને બેંક પાસબુક સાથે તપાસ્યું છે અને આથી રીપોર્ટ આપીએ છીએ કે અમારી માન્યતા મુજબ અને અમોને આપવામાં આવેલ ખબર અને ખુલાસા પ્રમાણે અને ચોપડામાં બતાવેલ છે તે પ્રમાણે બરોબર માલુમ પડયું છે.

એચ. પી. કુંભાણીની કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ એન્ડ ઓડીટર્સ
મુંબઇ તા. ૨૨-૧૧-૪૯

સંવત ૨૦૦૫ ની સાલનો શ્રી. મ. મો. શાહ સાર્વજનિક વાં. પુસ્તકાલયનો આવકજાવકનો હિસાબ

જ		ઉ	
૧૨૧૭-૧૨-૦	વ્યાજના	૩૯૯-૧૩-૯	પેપર લવાજમ ખર્ચના
૨૩૮- ૭-૦	દંડના	૬૯૧- ૪-૬	પરચુરણ ખર્ચના
૫૮- ૦-૦	પાસના	૨૧૬૯- ૪-૦	પગાર ખર્ચના
૧૧૧૨- ૮-૦	ભેટના	૩૨૬૦- ૬-૩	
૨૬૨૬-૧૧-૦			
૬૨૩-૧૧-૩	બોટના		
૩૨૬૦- ૬-૩			

સંવત ૨૦૦૫ ની સાલનું શ્રી. મ. મો. શાહ. સાર્વજનિક વાંચનાલય પુસ્તકાલયનું સરવૈયું

જ		ઉ	
૨૪૦૦૧- ૦-૦	શ્રી. મ. મો. શાહ સા. વાં. પુ. ખાતે જમા.	૧૦૦૦૦- ૦-૦	૪ ટકાના ધી રાવલગ્રામ સ્યુગર ફાર્મ લિ. ના ડિબેંચર રૂા. ૧૦૦૦૦ ની ફેઇસ વેલ્યુના
૬૦- ૦-૦	ફરતી લાયબ્રેરી ડિપોઝીટ ખાતે જમા	૧૦૦૦૦- ૦-૦	૪½ ટકાના ધી. સ્ટીમનેવીગેશન કું. લિ. ના ડિબેંચરના રૂા. ૧૦૦૦૦ ની ફેઇસ વેલ્યુના
૧૫- ૦-૦	પુસ્તક વધારા ડિપોઝીટ ખાતે જમા	૫૦૦૦- ૦-૦	૪½ ટકાના જયપુર મેટલ ઇન્ડસ્ટ્રીઝ લિ. ના ડિબેં. રૂા. ૫૦૦૦ ની ફેઇસ વેલ્યુના,
૨૧૭૦- ૨-૦	પુસ્તક ખાતે જમા	૩૬૧૫- ૦-૦	૫ ટકાના ધી. બોમ્બે ઇમ્પ્રુવમેન્ટ ટ્રસ્ટ લોન. સ. ૧૯૨૬ ના રૂા. ૩૦૦૦ ના ફેઇસ વેલ્યુના
૩૯૬૧- ૮-૦	ડિપોઝીટ ખાતે જમા	૨૮૬૧૫ -૯-૦	
૪૫૮-૧૦-૯	મું. જૈ. યુ. સંઘ ખાતે જમા	૧૦૩-૧૦-૮	રવિશંકર ઉ. ભટ્ટના ખાતે
૧૧૪૫- ૦-૨	ગઇ સાલની બચત	૬૧૮-૧૪-૦	ફરનીચર ખાતે
	૧૭૭૮-૧૧-૫ ગઇ સાલની બચત	૧૬- ૨-૯	નારાયણ બાબુ ગુરવ ખાતે
	૨૬૨૬-૧૧-૦ ચાલુ સાલની ભેટાદિ	૧૪૮૭-૧૩-૬	ધી બેન્ક ઓફ ઇન્ડિયાના ચાલુ ખાતામાં
	૪૪૦૫- ૬-૫	૬૨૧- ૭-૩	ધી સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયાના ચાલુ ખાતામાં
	૩૨૬૦- ૬-૩ ચાલુ સાલનો ખર્ચ	૪૮- ૪-૯	રોકડ બાકી હાથ પર
	૧૧૪૫- ૦-૨ એકંદર બચત.	૩૧૮૧૧-૪-૧૧	
૩૧૮૧૧-૪-૧૧			

અમોએ ઉપલું સરવૈયું, ચોપડીઓ, રસીદો, વાઉચરો, અને બેંક પાસબુક સાથે તપાસ્યું છે અને આથી રિપોર્ટ આપીએ છીએ કે અમારી માન્યતા મુજબ અને અમોને આપવામાં આવેલા ખબરો અને ખુલાસા પ્રમાણે અને ચોપડામાં બતાવેલ છે તે પ્રમાણે બરાબર માલુમ પડયું છે.

એચ. પી. કુંભાણીની કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ અને ઓડીટર્સ
મુંબઇ તા. ૨૨-૧૧-૪૯

એક મનોરંજક અને પ્રેરક ઉત્સવ

શ્રી રતનબાઇ બેતાણી સ્થા. જૈન સ્કૂલનો વાર્ષિકોત્સવ અમદાવાદના ભીલભાલીક શેઠ શાન્તિલાલ મંગળદાસ શાહના પ્રમુખપદે તા. ૪ થી ડિસેમ્બરે ભારતીય વિદ્યાભવનમાં ઉજવાયો હતો. જેનાં સ્થા. સમાજના જાણીતા અગ્રણીઓ શ્રી. ચીમનલાલ પો. શાહ, ચીમનલાલ શાહ ચ. અને ખીમચંદ મ. વોરાએ આ શાળા તેમ જ સ્થા. જૈન કેળવણી મંડળનો હેવાલ રજુ કર્યો હતો. શાળાની કન્યાઓએ રાસ, સમૂહ નૃત્ય, અભિનય, નૃત્ય, શરસંધાન તેમ જ વ્યાયામના પ્રયોગો ઉપરાંત શ્રી ખીમચંદ વોરા લિખિત એક નાટિકા 'નેમ-રાજુલ' પણ ભજવી હતી.

આખો કાર્યક્રમ મનોરંજક અને રસદાયી તો નીવડયો હતો જ, પરંતુ ઠીક અંશે પ્રેરક પણ બની શકયો હતો. સંસ્થા સ્થાનકવાસી સમાજની હોવા છતાં કાર્યક્રમમાં કયાંય સમાજગત સંકુચિત ભાવ દેખાયો નહોતો. કાર્યક્રમમાં જો કંઇ ખામી હોય તો તે માત્ર સંગીતના અભાવની હતી. આટલા સુંદર રાસ, નૃત્યો, અભિનયો અને વ્યાયામના પ્રયોગો રજુ કરી શકનાર કન્યાઓની ગ્રહણ શકિત વિષે તો કોઇ શંકા નથી; છતાં તેમને શાસ્ત્રીય તો ઠીક, પણ ઠળવા સંગીતથી પણ કેમ વંચિત રાખવામાં આવી હશે તે સમજાયું નહિ.

કન્યાઓનો કાર્યક્રમ સુંદર હોવા માટે મતભેદ નથી. પરંતુ નાટિકામાં વસ્તુની જમાવટ થઇ શકી નહોતી. નાટિકાનું મુખ્ય તત્ત્વ સંવાદો નબળા હતા, અને બીજી પીંજણ વધુ હતી. રાજુલનું પાત્ર ભજવનાર કુ. કુસુમ રતિલાલ શાહે પોતાનો પાઠ સંપૂર્ણ રીતે સારો ભજવી બતાવ્યો હતો, એટલું જ નહિ પરંતુ રાસ, અભિનયનૃત્ય અને વ્યાયામમાં પણ એણે સારી કુશળતા મેળવેલી જણાઇ આવી હતી; એટલે બધામાં આ કન્યા સૌથી વધુ અભિનંદનને પાત્ર ગણાય શકે.

સંસ્થાની પ્રગતિ માટે તેના સંચાલકો તથા આગેવાન કાર્યકર્તાઓને અભિનંદન ઘટે છે. પરંતુ આ ઉત્સવ વખતે શ્રોતાઓને રસ ન પડે તેવાં લાંબાં ભાષણો કરવાનો મોહ તેઓ જતો કરી શકયા નહિ. શ્રોતાઓ એટલા સંસ્કારી હતા કે આ કંટાળાભર્યો કાર્યક્રમ તેમણે સ્વસ્થતાપૂર્વક નિભાવી લીધો.

પ્રમુખશ્રીનું લખેલું ભાષણ તો વધુ કંટાળાભર્યું જણાતું હતું. તેમના લાંબા લચ ભાષણમાં તેમને ખાસ કંઇ નવું કહેવાનું હતું જ નહિ. વળી આપણા આગેવાન કાર્યકર્તાઓ શ્રીમંતો અને ધનિકોને મેલાવડાઓનાં પ્રમુખસ્થાને બેસારવાનો મોહ હજુ છોડી શકયા નથી, એ દુઃખદ છે. આ રીતે તેઓ શ્રમ, બુદ્ધિ જ્ઞાન અને સેવાના સિદ્ધાંતોની અવગણના કરી રહ્યા છે, એમ મારું નમ્ર મંતવ્ય છે. જ્યાં સુધી ગુણને બદલે ધન અને સત્તાને પ્રાધાન્ય આપ્યા કરશું, ત્યાં સુધી સમાજની પ્રગતિ શકય નથી. જટુભાઇ

ધર્મનિષ્ઠ પ્રેમાભાઈ

જેતપુરની સાંકડી બજારમાં પ્રેમચંદ પરિખની પેઢી સૌથી મોટી ગણાતી. સામાન્ય રીતે તેમનું કાપડનું મોટું કામકાજ હતું. કાઠિયાવાડમાં કાપડનો મોટો વેપાર જેતપુરમાં ગણાય છે, અને તેમાં યે પ્રેમચંદ પરિખની પેઢી લાખ્ખોનું 'બિઝનેસ' કરવા માટે પંકાય છે.

પ્રેમચંદ શેઠનું કાપડ ઉપરાંત શરાફી, ખાંડ તથા તેલનું હોજર અને વાયદાનું મોટું કામકાજ હતું. રૂના સટ્ટામાં તો તેમની સામે ઉભા રહેવાની કોઇકની જ હિંમત ચાલતી. કાઠિયાવાડમાં તે 'રૂના રાજા' કહેવાતા.

આટલો બધો વેપાર અને અઢળક સંપત્તિ છતાં એમની સાદાઈ અને ધર્મ પ્રત્યેનો અનુરાગ બહુ પ્રશંસાપાત્ર ગણાતાં. તેમની દિનચર્યા 'પારેવાંની જાર'થી શરૂ થતી. વહેલી સવારે ખાદીની થેલીમાં પાંચ શેર જુવાર ભરીને જાતે પગે ચાલીને તેઓ ચબુતરે જઇને નાખી આવતા. આ તેમનો નિત્યનિયમ હતો; અને એ નિયમનું પાલન કર્યા વિના ચાનો પ્યાલો મોઢે ન માંડવાની તેમની અડગ પ્રતિજ્ઞા કદી તૂટી નહોતી. પછી કીડિયારું પુરવું, દેવદર્શને જવું, અને કપાળે તથા કાનની બુટ્ટીઓ પર કેસરી ટપકા કર્યા પછી પેઢીએ આવવું, આ તેમનો અખંડિત દૈનિક ક્રમ હતો.

પ્રેમચંદ શેઠ બજારમાં પ્રેમાભાઇને નામે જાણીતા થયા હતા. શ્રદ્ધાળુ આસ્તિક વર્ગમાં પ્રેમાભાઇની પ્રતિષ્ઠા એક ધર્મનિષ્ઠ પુરુષ તરીકે જામી હતી. દિવસ આથમ્યા પહેલાં ભોજન કરી, ધાર્મિક ક્રિયાઓ પતાવી, તેઓ ઇશ્વરસ્તવન કરતા સૂઇ જતા. એમની નિદ્રા સુખી માણસની નિદ્રા ગણાતી.

પ્રેમાભાઈની સ્થાવર જંગમ મળીને પચ્ચીસ ત્રીસ લાખની મુડી ગણાતી. આ મુડી તેમણે માત્ર બે વર્ષના ગાળામાં જ એકઠી કરી હતી, એવી લોકવાયકા હતી, અને આ લોકવાયકાને જૂઠી ઠરાવવા પ્રેમાભાઇએ કદી પ્રયાસ કર્યો નહતો, કે તેનો વિરોધ સુધ્ધાં પણ કર્યો નહોતો.

એ વખતે ભયંકર દુષ્કાળ પ્રવર્તતો હતો. ચોમાસું નિષ્ફળ ગયું હતું; પણ ચોમાસા પહેલાં લાખ્ખો મણ અનાજ તેમણે પોતાના ભંડારોમાં ભરી દીધું હતું. પોતાની પાસે સાધારણ પુંજી હતી. બાપણ તેમ જ ઉછીની લીધેલી મુડી વગેરે સર્વ ધન તેમણે અનાજમાં રોકી લીધું. આ બધું તેમણે 'વિધિવિજય' નામના જૈન સાધુની સૂચના અનુસાર કર્યું હતું. પ્રેમાભાઇ અને વિધિવિજય વચ્ચે એવા કરારો થયા હતા કે જો પ્રેમાભાઇ લાખ્ખોની કમાણી મેળવે, તો તેમણે એક સંઘ કાઢી શત્રુંજય પ્રદક્ષિણા કરાવવી.

સાધુનું સુચન ફળ્યું. દુષ્કાળ પડયો અને અનાજના ભાવ અનહદ ચડી ગયા. પ્રેમાભાઇએ તેનો પૂરતો લાભ લીધો. અનાજ વિના સેંકડો ગરીબો ટપોટપ મરવા લાગ્યા; પણ જેમની પાસે ધન, ઘરેણું કે બીજી મિલ્કત હતી, તેમણે પ્રેમાભાઇને મોં માગ્યા દામ આપી જીવન ટકાવી રાખ્યું.

આમ નજીવી મુડીમાંથી પ્રેમાભાઇ લાખોપતિ થયા. પણ એનો જીવ ધર્મિષ્ઠ હતો. લોક કલ્યાણ માટે બને તેટલું કરવાને તેઓ સદા તત્પર રહેતા. એટલે બીજે વર્ષે જેઓ જીવતા રહ્યા હતા, તેમને પડતર ભાવે અનાજ આપવાની યોજના તેમણે જાહેર કરી અને કેટલું કે સડી ગએલું અનાજ તેમણે આ રીતે વાપરીને પૂરા પૈસા ઉપજાવી લીધા.

ગામડાંના ગરીબ ખેડુતો આર્તનાદ કરતા તેમની પાસે આવતા, અને પોતાની કંગાલિયત ગાતા, ત્યારે પ્રેમભાઇનું કોમળ દિલ પીગળી જતું, અને તેમને સૌને વ્યાજે પૈસા ધીરતા. વ્યાજ તો, અલબત્ત, અંગઉધાર એટલે બે ત્રણ ટકા તો હોય જ. આમ ખેડૂતો અને ગરીબોને રાહત આપીને તેઓ ભારે પૂન્ય ઉપાર્જન કરતા.

પ્રેમાભાઇનાં પત્ની પણ એવાં જ ધર્મનિષ્ઠ હતાં. અલબત્ત, કરકસર તો વણિકના જીવનમાં વણાઇ ગઇ જ હોય, છતાં ગરીબ બાઇઓને વાસીદું વળાવી કે છાશ ફેરવાવી, તેઓ વધ્યું ઘટયું અન્ન કે ફાટયું તુટયું કપડું જરૂર આપતાં. બાકી તો પેટે પાંચ દિકરીઓ પડી હતી, એટલે નાણું ઉડાવી દીધે કેમ પાલવે!

પ્રેમાભાઇને જીવનમાં એક જ અગત્યનું કામ બાકી રહી ગયું હતું. વિધિવિજય પાસે લીધેલી પ્રતિજ્ઞા મુજબ તેમણે સંઘ તો કાઢયો હતો, અને પોતે 'સંઘવી'ની પદવી પ્રાપ્ત કરી હતી; તેમ જ વિધિવિજયને બદલામાં આચાર્ય પદવી અપાવી વિજયવિધિસૂરિશ્વરજી બનાવ્યા હતા. પરંતુ સુરિજી કંઇ પ્રેમાભાઇથી ઓછા ઉતરે એવા નહોતા. એમણે પ્રેમાભાઇ પાસે પ્રતિજ્ઞા કરાવી હતી, કે એમની પાસે પચ્ચીસ લાખની મુડી પુરી થયે પાંચ લાખનું એક મંદિર બંધાવવું.

જ્યારે પોતાની પાસે પુરા પાંચ હજાર પણ નહોતા, ત્યારે પચ્ચીસ લાખની મુડી થવાની તેને બહુ આશા નહોતી; અને તેમાંથી પાંચ લાખ વાપરવા એ કંઇ મોટી વાત પણ નહોતી. પણ જ્યારે ખરેખર તેની મુડી પચ્ચીશ લાખે પહોંચવા આવી, ત્યારે એને ચિંતા થવા લાગી. મિલ્કતનો પાંચમો ભાગ આમ ખર્ચી નાખતાં એનો જીવ ચાલ્યો નહિ. જેમ જેમ મુડી પચ્ચીસ લાખ ઉપર વધતી ગઇ તેમ તેમ વધારાની રકમ તે સ્ત્રીના અને દિકરીઓના નામ પર ચડાવતા ગયા. પુત્ર તો તેમને થયો જ નહોતો; અને સૂરિજીના સર્વ આશિર્વાદ પુત્રરત્ન મેળવવા માટે નિષ્ફળ ગયા હતા.

પણ આખરે સૂરિએ વાણિયાની કપટબાજી પિછાની અને તેમને ચેતવણી આપી કે તેણે મંદિર ચણાવવું જ પડશે. નહિતર તેને વિશ્વાસઘાતના પાપે નરકની પીડા આવતે ભવે ભોગવવી પડશે.

પ્રેમાભાઇને ખરેખર ભય લાગ્યો. સ્વર્ગ અને નર્કની ઘણી વાતો તેમણે સાધુઓને મુખેથી સાંભળી હતી; પરંતુ એના પર ખરી શ્રધ્ધા તેમને કદી બેઠી નહોતી. એટલે સુરિની ચેતવણીને પ્રથમ તો તેમણે અવગણી કાઢી. પણ પાછળથી તેમનું મન ઢીલું પડતું ગયું, મનમાં ડર પેસતો ગયો અને તેમને બરાબ સ્વપ્ન આવવા લાગ્યાં. એટલે છેવટે સૂરિને પગે પડી, માફી માગી, મંદિર બંધાવવાની તેમણે કબૂલાત આપી.

કબૂલાતતો આપી; પણ પાંચ લાખની રકમ તેમને ગળે ઉતરે એમ નહોતું. હવે શું કરવું? તેમની વિચક્ષણ બુધ્ધિ માર્ગ શોધવા લાગી; અને ખરેખર તેમણે માર્ગ શોધી પણ કાઢયો.

પચ્ચીશ લાખની મુડી થયે પાંચ લાખની કિમ્મતનું મંદિર બંધાવવાનું તેમણે વચન આપ્યું હતું; પણ પોતાના જ પાંચ લાખ એમાં વાપરવા; એવી સ્પષ્ટતા તો તેણે નહોતી જ કરી. એટલે તેમણે એ ખાતે પાંચ હજારની મુડી જુદી કાઢી, અને બાકીના ચાર લાખ પંચાણું હજારની રકમનો ફાળો કરવાનું શરૂ કર્યું.

આ મહાન ધર્મકાર્ય માટે ગામના બે આગેવાન શેઠીયાને લઇ પ્રેમાભાઇની મોટર કાઠિયાવાડના નગરોમાં ફરતી હતી. જુનાગઢ, પોરબંદર, જામનગર અને રાજકોટ ફરી આવ્યા. મોટર રાજકોટથી વઢવાણ જવા પૂર વેગે દોડતી હતી. મોટર હાંકી હાંકી હાંકનાર થાકી ગયો હતો. સાંજ પડી ગઇ હતી અને રાત્રિ પહેલાં વઢવાણ પહોંચવાનું હતું. પ્રેમાભાઇ હાંકનારને ઝડપ વધારવા સુચના આપ્યે જતા હતા. હાંકનારની કેડ ટટાર રહેવાથી ફાટતી હતી, અને ભુખ્યા આંખે અંધારાં આવતાં હતાં. છતાં શેઠના હુકમો છૂટતા હતા, અને તેણે તે બજાવવાના હતા. તેણે મોટર મારી મુકી. રસ્તો લગભગ નિર્જન હતો.

બામણબોર છોડયું, ને વળાંક આવ્યો. હાંકનારે જોયું—એક ગાડું સામે આવતું હતું—જોયું, ન જોયું, ને મોટર અથડાઇ પડી.

વિશ્વશાન્તિવાદી સંમેલન અને જૈન પરંપરા

(આ સંમેલન ગયા ડીસેંબર માસના પ્રથમ સપ્તાહ દરમિયાન શાન્તિનિકેતનમાં ભરાયું હતું; તેનું ઉત્તર અધિવેશન નવેંબરના અન્તિમ સપ્તાહ દરમિયાન સેવાગ્રામ ખાતે હજુ હમણાં જ પુરું થયું છે. આ પ્રસંગને અનુલક્ષીને પંડિત સુખલાલજીએ જૈન સમાજને ઉદ્દેશીને હિંદી ભાષામાં એક લેખ લખ્યો હતો જે પુસ્તિકાના આકારમાં પ્રગટ થયો છે. એ લેખનો શ્રી તારાબહેન દીપચંદ શાહે અનુવાદ કર્યો છે જેમાંનો અર્ધો વિભાગ અહિં નીચે પ્રગટ કરવામાં આવે છે; અવશેષ ભાગ આગામી અંકમાં પ્રગટ કરવામાં આવશે. આ લેખમાં જૈન ધર્મ એકાન્ત નિવૃત્તિપરાયણ છે કે કેમ એ પ્રશ્નની પંડિતજીએ ભારે વિશદ અને વિચારપ્રેરક ચર્ચા કરી છે. જૈનો આ વિચારણાના મર્મને સમજે અને દુનિયાના આજના પ્રશ્નોનો અહિંસાની દૃષ્ટિએ ઉકેલ શોધવા તરફ પ્રેરાય અને એ દોરણે વિચારતાં પોતાના ભાગે જે કર્તવ્યનું અનુપાલન આવશ્યક લાગે તે કર્તવ્યપંથ ઉપર વિચરતા થાય એ શુભાકાંક્ષાપૂર્વક પ્રસ્તુત લેખ પ્રગટ કરવામા આવે છે.

પરમાનંદ)

ભૂમિકા

૧૯૪૬ માં શ્રી. હોરેસ એલેકઝાન્ડર સહિત અમુક વ્યક્તિઓએ ગાંધીજીની સામે એક પ્રસ્તાવ મૂકયો હતો કે સત્ય અને અહિંસાનાં પૂર્ણ વિશ્વાસ રાખવાવાળા વિશ્વના કેટલાક શાંતિવાદીઓ તેમની સાથે કોઇ શાંત સ્થાનમાં એકાદ અઠવાડિયું ગાળે. તે પછી ૧૯૪૯ના જાન્યુઆરીમાં ડો. રાજેન્દ્રપ્રસાદના પ્રમુખપણા નીચે આ વિચારને માટે એક બેઠક બોલાવવામાં આવી. તેના નિર્ણય અનુસાર ડિસેમ્બર ૧૯૪૯માં વિશ્વભરના ૭૫ એકનિષ્ઠ શાંતિવાદીઓનું સમ્મેલન ભરાઇ રહ્યું છે. આ સમ્મેલનના આમંત્રણદાતાઓમાં પ્રસિધ્ધ જૈન ગૃહસ્થ પણ સામેલ છે.

જૈન પરમ્પરા પોતાના જન્મકાળથી જ અહિંસાવાદી અને જુદા જુદા ક્ષેત્રોમાં અહિંસાના પ્રયોગો કરતી રહી છે. સમ્મેલનના પ્રયોજકોએ અન્ય પરિણામોની સાથે એક આ પરિણામની પણ આશા રાખી છે કે સામાજિક અને રાજકીય પ્રશ્નોને અહિંસાદ્વારા ઉકેલવાનો પ્રયત્ન કરનાર વિશ્વના સ્ત્રીપુરૂષોનો એક સંઘ બને. તેથી આ શાંતિવાદી સમ્મેલન પ્રતિ અહિંસાવાદી રૂપથી જૈન પરમ્પરાનું શું કર્તવ્ય છે એ વિચારવું આપણે જૈનોને માટે આવશ્યક કાર્ય બની રહે છે.

ખ્રિસ્તી શાંતિવાદ હોય કે જૈન અહિંસાવાદ હોય અથવા ગાંધીજીનો અહિંસામાર્ગ હોય, એ સર્વની સામાન્ય ભૂમિકા એ છે કે હિંસાથી અલિપ્ત રહેવું અને લોકહિત માટે વિધાયક પ્રવૃત્તિઓ સંચાલિત કરવી, પરંતુ આ અહિંસા તત્ત્વનો વિકાસ બધી પરમ્પરાઓમાં કેટલેક અંશે જુદે જુદે સ્વરૂપે થયો છે.

ખ્રિસ્તી શાન્તિવાદ

"Thou shalt not kill!" તું હિંસા કરતો ના!- ઇત્યાદિ બાઇબલના ઉપદેશોના આધાર પર ઇશુ ખ્રિસ્તના ચુસ્ત અનુયાયીઓએ જે અહિંસામૂલક વિવિધ પ્રવૃત્તિઓનો વિકાસ કર્યો છે તેનું મુખ્ય ક્ષેત્ર માનવસમાજ છે. માનવસમાજની નાનાવિધ સેવાઓની સાચી ભાવનાઓમાંથી અન્ય દરેક જાતના સામાજિક હિતની જવાબદારીને અદા કરતા છતાં પણ કોઇ પણ પ્રકારના યુધ્ધમાં સશસ્ત્ર ભાગ ન લેવાની વૃત્તિનો ઉદય અનેક શતાબ્દિઓથી થયો છે. જેમ જેમ ખ્રિસ્તીધર્મનો વિસ્તાર થતો ગયો, ભિન્ન ભિન્ન દેશોની સાથે નિકટનો કે દૂરનો સંબંધ બંધાતો ગયો અને સામાજિક અને રાજકીય જવાબદારીઓના વધવા સાથે તેમાંથી જ ઉત્પન્ન થતી અનેક સમસ્યાઓને ઉકેલવાના પ્રસંગો ઊભા થતા ગયા તેમ તેમ શાંતિવાદી મનોવૃત્તિ પણ વિકસિત થતી ગઇ. શરૂઆતમાં વર્ગ-યુધ્ધ (class-war) કે નાગરિક યુધ્ધ (civil war) અર્થાત્ સ્વદેશની અંતર્ગત કોઇ પણ લડાઇ ઝગડામાં સશસ્ત્ર ભાગ નહિ લેવાની મનોવૃત્તિ હતી. ત્યાર બાદ ક્રમશઃ આંતરરાષ્ટ્રીય યુધ્ધમાં પણ કોઇ પણ રીતે સશસ્ત્ર ભાગ નહિ લેવાની મનોવૃત્તિ વિકસવા લાગી. એટલું જ નહિ પરંતુ આ ભાવ પણ સ્થિર થયો કે સંભવિત હોય તેટલા બધા જ શાન્તિપૂર્ણ ઉપાયોથી યુધ્ધને ટાળવાના પ્રયત્નો કરવા જોઇએ અને સામાજિક, રાજકીય તથા આર્થિક ક્ષેત્રોમાં પણ વૈષમ્ય-નિવારક શાન્તિવાદી ઉપાયો હાથ ધરવા જોઇએ. આ અન્તિમ વિકસિત મનોવૃત્તિનો સુચક Pacifism (શાંતિવાદ) શબ્દ લગભગ ૧૯૦૫ થી પ્રસિધ્ધ રૂપમાં અસ્તિત્વમાં આવ્યો. ગાંધીજીના અહિંસક પુરૂષાર્થ પછી તો Pacifism શબ્દનો અર્થ વધારે વ્યાપક અને ઉન્નત થયો છે. આજ તો Pacifism શબ્દદ્વારા આપણે "દરેક પ્રકારના અન્યાયનું નિવારણ કરવા માટે ગમે તેટલી મહાન શક્તિનો પણ સામનો કરવાનું સક્રિય અદમ્ય આત્મબળ" એ અર્થ સમજીએ છીએ, જે વિશ્વ શાંતિવાદી સંમેલન (World Pacifism Meeting) ની ભૂમિકા છે.

જૈન અહિંસા

જૈન પરમ્પરાના જન્મની સાથે જ અહિંસાની અને તન્મૂલક

હાંકનારે બ્રેક મારી, પણ તે મોડો પડયો. કાચ તૂટી પડયો, હાંકનારને થોડી ઇજા થઇ. પણ સામે ગાડું ભુક્કા થઇ ગયું હતું. બળદ કચડાઇ ગયા હતા, જુવાન ગાડાવાળો બેશુધ્ધ બની નીચે પડયો હતો, એની બોપરી તૂટી ગઇ હતી, અને તેમાંથી લોહીની ધાર છૂટી ધડધડ વહેતી હતી, અને ગાડાં પાછળ બાંધેલી ગાય ધવાઇ જઇને છેલ્લાં તરફડિયાં મારતી હતી.

પ્રેમાભાઇને આંચકો લાગ્યો. અને તેમણે અકરમાત થઇ ગયો દીઠો. આંખ સામેનું દૃશ્ય જોઇ એના મનમાં કરૂણા વસી. પણ.....કરૂણા દર્શાવવાનો સમય નહોતો. એણે સમયસુચકતા વાપરી. હાંકનારને મોટર મારી મુકવા તત્કાળ સુચના આપી.

'શેઠ! જુવાનને ખૂબ ઇજા થઇ છે. દવાખાને પહોંચાડયો હોય, તો કદાચ જીવી જાય!' મોટર હાંકનારે કહ્યું.

'જા! મુર્ખા! આ જાહેરાત કરીને શું તારે ફાંસીએ ચડવું છે? ને અમને બધાંને કુચ્ચે મેગાવવાં છે?' પ્રેમાભાઇએ કહ્યું 'સાવધ થા, અને કોઇ આવી પહોંચે તે પહેલાં વઢવાણ ભેળો થઇ જા!'

'પણ, શેઠ!'

'વખત ગુમાવવો અમને પોસાય તેમ નથી. ધરમના કામમાં ઢીલ ન ચાલે. ભગવાનનું મંદિર બંધાવવું છે. પાપ-પુન્ય તો એને માથે છે! ચાલ જલ્દી!'

શેઠનો હુકમ માનવા સિવાય હાંકનાર પાસે બીજો માર્ગ નહોતો. તેણે મોટર ચાલુ કરી. પાછળથી 'ઉભી રાખો!' 'ઉભી રાખો'ના બેચાર અવાજો આવ્યા; પણ સાંભળ્યું ન સાંભળ્યું કરીને મોટર ચાલતી થઇ ગઇ.

ચોટીલા આવ્યું, અને મોટરને રોકવામાં આવી. થોમણુ-બોરથી ચોટીલા પોલીસ થાણે ટેલીફોન પહોંચી ગયો હતો. ફોજદારે મોટરને અટકાવી, હાંકનારને ધમકાવ્યો. શેઠિયાને નીચે ઉતાર્યા. કહ્યું; 'ખૂન કરીને નાસો છો કયાં? પોલીસ ચેકીએ ચાલવું પડશે.'

શેઠીઆ મુંઝાયા. હાંકનાર તો થર થર કાંપવા લાગ્યો. ગુન્હો કર્યો હતો; અને ગુન્હો સંતાડી નાઠા હતા! હવે બચવાનો ઉપાય!

મળી ગયો ઉપાય. પ્રેમાભાઇએ રાજકોટના ફોળામાંથી બે હજારની નોટો ઓછી કરી નાખી; અને મોટર વઢવાણને માર્ગે આગળ વધી.

શ્રી. 'અવિનાશ'

અપરિગ્રહની ભાવના જોડાઈ છે. જેમ જેમ આ પરમ્પરાનો વિકાસ તથા વિસ્તાર થતો ગયો તેમ તેમ તે ભાવનાના પણ ભિન્ન ભિન્ન ક્ષેત્રોમાં જુદા જુદા પ્રકારના ઉપયોગ કે પ્રયોગ થવા લાગ્યા. પરન્તુ જૈન પરમ્પરાની અહિંસક ભાવના, અન્ય કેટલીક ભારતીય ધર્મ પરમ્પરાઓની જેમ પ્રાણીમાત્રની અહિંસા એટલે કે રક્ષામાં ચરિતાર્થ થતી આવી છે. એ ભાવના માત્ર માનવસમાજ સુધી કયારેય સમિત રહી નથી. ખ્રિસ્તી સમાજમાં અનેક વ્યક્તિઓ અથવા અનેક નાના મોટા દળો સમય સમય પર થયા છે તે એવા છે કે જેમણે યુધ્ધની ઉગ્રતમ પરિસ્થિતિમાં પણ તેમાં ભાગ લેવાનો વિરોધ મરણાન્ત કષ્ટ સહન કરીને પણ કર્યો છે ત્યારે જૈન સમાજની સ્થિતિ તેઓના કરતાં નિરાળી જ રહી છે. આપણને જૈન ઇતિહાસમાં એવા કોઇ સ્પષ્ટ ઉદાહરણ નથી મળતા કે જેમાં દેશરક્ષાની સંકટપૂર્ણ ક્ષણોમાં આવતી સશસ્ત્ર યુધ્ધ સુધીની જવાબદારી ટાળવાનો કે તેનો વિરોધ કરવાનો પ્રયત્ન કોઇ પણ સમજદાર અને જવાબદાર જૈન ગૃહસ્થે કર્યો હોય.

ગાંધીજીની અહિંસા

ગાંધીજી જન્મથી જ ભારતીય અહિંસાના સંસ્કારથી રંગાતા આવ્યા છે. પ્રાણીમાત્ર તરફ તેમની અહિંસા અને અનુકમ્પાની વૃત્તિનો સ્રોત સદા વહેતો જ રહ્યો છે, જેનાં અનેક ઉદાહરણોથી તેમનું જીવન ભરેલું છે. ગોરક્ષા અને અન્ય પશુ-પક્ષીઓની રક્ષાની એમની હિમાયત તો એટલી પ્રકટ છે કે જે કોઇથી અજાણ નથી. પરન્તુ સર્વનું ધ્યાન દોરનાર તેમનો અહિંસાનો પ્રયોગ તો દુનિયામાં અજોડ ગણાતી રાજસત્તાની સામે મોટા પાયાપર અશસ્ત્ર પ્રતિકાર અથવા સત્યાગ્રહનો છે. આ પ્રયોગે પુરાણી સર્વે પ્રાચ્ય-પશ્ચાત્ય અહિંસક પરંપરાઓને આત્મા સમર્પ્યો છે, કારણ કે એક બાજુએ આ પ્રયોગમાં આત્મશુધ્ધિપૂર્વક સર્વ પ્રત્યે ન્યાય્ય વ્યવહાર કરવાનો દૃઢ સંકલ્પ છે અને બીજી બાજુએ અન્યના અન્યાયની તરફેણ નહિ કરતા તેનો અશસ્ત્ર પ્રતિકાર કરવાનો પ્રબળ અને સર્વક્ષેત્રકર પુરૂષાર્થ છે. આજ મુખ્ય કારણ છે કે જેથી આજનો કોઇપણ સાચો અહિંસાવાદી અથવા શાંતિવાદી ગાંધીજીની પ્રેરણાની અવગણના કરી શકતો નથી. તેથી જ આપણે વિશ્વશાંતિવાદી સમ્મેલનની પશ્ચાદ્‌ભૂમાં ગાંધીજીનું અનોખું વ્યક્તિત્વ પામીએ છીએ.

નિવૃત્તિ-પ્રવૃત્તિ

જૈન કુળમાં જન્મ લેતા બાળકોમાં કેટલાક એવા સુસંસ્કાર માતૃ-સ્તનપાનની સાથે જ બીજરૂપે આવે છે કે જે પાછળથી મેળવવા અનેક પ્રયત્નો દ્વારા પણ દુર્લભ થાય છે. ઉદાહરણ તરીકે નિર્માંસ ભોજન, મદ્ય જેવી નશો ચડાવનારી ચીજો પ્રત્યે ઘૃણા, કોઇને નહિ સતાવવાની કે કોઇનો પ્રાણ નહિ લેવાની વૃત્તિ તથા માત્ર અસહાય મનુષ્યને જ નહિ પરંતુ પ્રાણીમાત્રને સંભવિત સહાય આપવાની વૃત્તિ. જન્મજાત જૈન વ્યક્તિમાં ઉપર કહેલા સંસ્કારો સ્વતઃ સિધ્ધ હોવા છતાં પણ તેમની પ્રચ્છન્ન શક્તિનું ભાન સામાન્ય રૂપમાં ખુદ જૈનોમાં પણ ઓછું દેખાય છે જ્યારે આ જ સંસ્કારોના પાયા પર મહાવીર, બુદ્ધ, ક્રાઇસ્ટ અને ગાંધીજી જેવાના લોકકલ્યાણકારી જીવનનો વિકાસ થયેલો દેખાય છે. એ માટે આપણે જૈનોએ આપણા સુસંસ્કારોને સમજવાની દ્રષ્ટિનો વિકાસ કરવો એ સૌથી પહેલી આવશ્યકતા છે કે જે આવા સમ્મેલનના અવસર ઉપર અનાયાસે સમ્ભવિત છે. કેટલાય માણસો જૈનપરમ્પરાને સન્યાસપ્રધાન હોવાને કારણે નિવૃત્તિ-માર્ગી સમજે છે અને કેટલાક ઓછી સમજણવાળા ખુદ જૈનો પણ પોતાની ધર્મપરમ્પરાને નિવૃત્તિમાર્ગી માનવા મનાવવામાં ગૌરવ લે છે. આને લીધે નવી પેઢીના મનમાં જાણ્યે અજાણ્યે એક એવો અક્રમણ્યતાનો સંસ્કાર પડે છે કે તે સંસ્કાર તેમના જન્મ-સિધ્ધ અનેક સુસંસ્કારોના વિકાસમાં બાધક બને છે. તે માટે પ્રસ્તુત અવસર પર આ વિચાર કરવો જરૂરી છે કે વાસ્તવમાં જૈનપરમ્પરા નિવૃત્તિગામી જ છે અથવા પ્રવૃત્તિગામી પણ છે? અને જૈન પરમ્પરાની દૃષ્ટિથી નિવૃત્તિ તથા પ્રવૃત્તિનો સાચો અર્થ શું છે? ઉકત પ્રશ્નોનો ઉત્તર આપણને જૈનસિધ્ધાંતમાંથી મળે છે અને જૈન પરમ્પરાના ઐતિહાસિક વિકાસમાંથી પણ મળે છે.

સૈદ્ધાન્તિક દૃષ્ટિ

જૈન સિધ્ધાંત એ છે કે સાધક અથવા ધર્મનો ઉમેદવાર પ્રથમ પોતાના દોષ દૂર કરે, પોતાની જાતને શુધ્ધ કરે ત્યારે જ તેની સત્-પ્રવૃત્તિ સાર્થક બની શકે છે. દોષ દૂર કરવાનો અર્થ છે દોષથી નિવૃત્ત થવું. સાધકનો પહેલો ધાર્મિક પ્રયત્ન દોષ અથવા દોષોથી નિવૃત્ત થવાનો છે. ગુરૂ પણ પહેલા આ બાબત પર જ ધ્યાન આપે છે. તેથી જેટલી ધર્મ-પ્રતિજ્ઞાઓ અથવા જેટલાં ધાર્મિક વ્રતો છે તે મુખ્યપણે નિવૃત્તિની ભાષામાં છે. ગૃહસ્થ હો અથવા સાધુ, તેમની નાની મોટી બધી પ્રતિજ્ઞાઓ, સર્વ મુખ્ય વ્રતો દોષ-નિવૃત્તિથી જ શરૂ થાય છે. ગૃહસ્થ સ્થૂળ પ્રાણહિંસા, સ્થૂળ મૃષાવાદ, સ્થૂળ પરિગ્રહ આદિ દોષોથી નિવૃત્ત થવાની પ્રતિજ્ઞા કરે છે અને આવી પ્રતિજ્ઞા નિભાવવાનો પ્રયત્ન પણ કરે છે, અને સાધુ સર્વ પ્રકારની પ્રાણહિંસા આદિ દોષોથી નિવૃત્ત થવાની પ્રતિજ્ઞા લઇને તેને નિભાવવાનો પ્રયત્ન કરે છે. ગૃહસ્થો અને સાધુઓની મુખ્ય પ્રતિજ્ઞાઓ નિવૃત્તિસુચક શબ્દોમાં હોવાથી તથા સૌથી પહેલો પ્રયત્ન દોષથી નિવૃત્ત થવા માટે કરતા હોવાથી સામાન્ય સમજવાળા માણસોનો ખ્યાલ જૈનધર્મ માત્ર નિવૃત્તિમાર્ગી છે એવો બની જાય એ સ્વાભાવિક છે. નિવૃત્તિના નામ પર આવશ્યક કર્તવ્યોની ઉપેક્ષાનો ભાવ પણ ધર્મ- સંઘોમાં આવી જાય છે. આના હજુ પણ બીજા બે કારણો છે. એક તો માનવપ્રકૃતિમાં પ્રમાદ અથવા પરોપજીવિતારૂપ વિકૃતિ થવી અને બીજું પરિશ્રમ વિના અથવા અલ્પપરિશ્રમથી જીવનની જરૂરિયાતોની પૂર્તિ થાય એવી પરિસ્થિતિમાં રહેવું. પરન્તુ જૈન સિધ્ધાંત આટલામાં જ સીમિત નથી. એ તો સ્પષ્ટ રીતે કહે છે કે પ્રવૃત્તિ કરવી પણ આસક્તિથી નહિ અથવા અનાસક્તિથી દોષના ત્યાગપૂર્વક પ્રવૃત્તિ કરવી. બીજા શબ્દોમાં આ ધર્મ એ કહે છે કે કંઇ પણ કરવામાં આવે એ યતનાપૂર્વક કરવું જોઇએ. યતના વિના કંઇ પણ કરવું નહિ. યતનાનો અર્થ છે વિવેક અથવા અનાસક્તિ. આપણે આ શાસ્ત્રજ્ઞાઓમાં સ્પષ્ટ રીતે એ જોઇ શકીએ છીએ કે એમાં નિષેધ, ત્યાગ અથવા નિવૃત્તિ માટે જે વિધાન છે તે દોષના નિષેધના છે, નહિ કે પ્રવૃત્તિ માત્રના નિષેધના. જો પ્રવૃત્તિમાત્રના ત્યાગનું વિધાન હોત તો યતના-પૂર્વક જીવનપ્રવૃત્તિ કરવાના આદેશનો કોઇ પણ અર્થ રહેતો નથી અને પ્રવૃત્તિ ન કરવી એટલો જ અર્થ થઇ શકે છે.

બીજી બાબત એ છે કે શાસ્ત્રમાં ગુપ્તિ અને સમિતિ-ધર્મના એવા બે માર્ગ છે. બન્ને માર્ગો પર ચાલ્યા વિના ધર્મની પૂર્ણતા કદી સિધ્ધ થઇ શકતી નથી. ગુપ્તિનો અર્થ છે દોષોથી મન, વચન અને કાયાને અલિપ્ત રાખવા અને સમિતિનો અર્થ છે વિવેકથી સ્વપરહિતવાળી પ્રવૃત્તિઓ આચરવી. સત્પ્રવૃત્તિને સત્પ્રવૃત્તિ બનાવવાની દૃષ્ટિથી અસત્પ્રવૃત્તિ અને દોષના ત્યાગ પર જે અધિક ભાર દેવામાં આવ્યો છે તેને ઓછી સમજણવાળા માણસોએ સંપૂર્ણ ગણી એવું માની લીધું છે કે દોષનિવૃત્તિથી આગળ વિશેષ કર્તવ્ય રહેતું નથી. જૈન સિધ્ધાન્ત અનુસાર સત્ય હકિકત એ ફલિત થાય છે કે જેમ જેમ સાધનામાં દોષનિવૃત્તિ થાય અને એ નિવૃત્તિ વધતી જાય તેમ તેમ સત્પ્રવૃત્તિની બાજુ વિકસિત થતી જવી જોઇએ.

જેમ દોષનિવૃત્તિ સિવાય સત્પ્રવૃત્તિ અસમ્ભવ છે તેવી જ રીતે સત્પ્રવૃત્તિની ગતિ સિવાય દોષનિવૃત્તિની સ્થિરતા ટકવી અસંભવ

છે. આમ હોવાથી જ જૈનપરમ્પરામાં જેટલા આદર્શ પુરુષ તીર્થંકરરૂપ મનાયા છે એ સર્વેએ પોતાનો સમગ્ર પુરુષાર્થ, આત્મશુદ્ધિ કર્યા બાદ સત્પ્રવૃત્તિમાં કર્યો છે. એ માટે આપણે જૈનોએ પોતાને જ્યારે નિવૃત્તિગામી કહીએ ત્યારે એટલું સમજી લેવું જોઇએ કે નિવૃત્તિ એ તો આપણી યથાર્થ પ્રવૃત્તિગામી ધાર્મિક જીવનની પ્રાથમિક તૈયારી માત્ર છે.

માનસશાસ્ત્રની દૃષ્ટિથી વિચાર કરીએ તો પણ ઉપરની વાતનું જ સમર્થન થાય છે. શરીરથી મન અને મનથી પણ ચેતના વિશેષ શક્તિશાળી અથવા ગતિશીલ છે. હવે આપણે જોઇએ કે શરીર અને મનની ગતિ દોષોથી રોકવામાં આવે, ચેતનાનું સામર્થ્ય દોષોની પ્રતિ ગતિ કરવાથી રોકવામાં આવે તો તેમની ગતિ–દિશા કઇ રહેશે? એ સામર્થ્ય કદી નિષ્ક્રિય અથવા ગતિશૂન્ય તો રહેશે જ નહિ. અથવા આ સદા સ્ફુરતા સામર્થ્યને કોઇ મહાન ઉદ્દેશની સાધનામાં ઉપયોગમાં લેવામાં ન આવે તો તે ઉર્ધ્વગામી યોગ્ય દિશા ન મળવાને લીધે પુરાણા વાસનામય અધોગામી જીવનની તરફ જ ગતિ કરશે. આ સર્વસાધારણ અનુભવ છે કે જ્યારે આપણે શુભ ભાવના ચિંતવતા છતાં પણ નિષ્ક્રિય રહીએ છીએ ત્યારે અન્તમાં અશુભ માર્ગ પર જ આવી પડીએ છીએ. બૌદ્ધ, સાંખ્યયોગ આદિ સર્વ નિવૃત્તિમાર્ગી કહેવાતી ધર્મપરમ્પરાઓનો પણ એજ ભાવ છે જે જૈન ધર્મ પરમ્પરાનો છે. જ્યારે ગીતાએ કર્મયોગ અથવા 'પ્રવૃત્તિ માર્ગ' પર ભાર દીધો ત્યારે વસ્તુતઃ અનાસકત ભાવ પર જ ભાર દીધો છે.

નિવૃત્તિ પ્રવૃત્તિની પૂરક છે અને પ્રવૃત્તિ નિવૃતિની પૂરક છે. આ જીવનના સિક્કાની જ બે બાજુ છે. પૂરકનો આ અર્થ પણ નથી કે એકની પછી બીજી બાજુ હોય. બે સાથે ન હોય જેમ જાગૃતિ અને નિદ્રા. પણ તેનો યથાર્થ ભાવ એ છે કે નિવૃત્તિ અને પ્રવૃત્તિ એકી સાથે ચાલે છે ભલે પછી કોઇ અંશ પ્રધાનપણે દેખાતો હોય. મનમાં દોષોની પ્રવૃત્તિ ચાલતી હોવા છતાં પણ અનેકવાર સ્થૂળ જીવનમાં નિવૃત્તિ દેખાય છે જે વાસ્તવમાં નિવૃત્તિ નથી. આ રીતે અનેક વાર મનમાં વાસનાઓનું વિશેષ પ્રમાણ ન હોવા છતાં પણ સ્થૂળ જીવનમાં કલ્યાણવાહી પ્રવૃત્તિનો અભાવ પણ દેખાય છે જે વાસ્તવમાં નિવૃત્તિનો ઘાતક સિધ્ધ થાય છે. તેથી આપણે સમજી લેવું જોઇએ કે દોષ નિવૃત્તિ અને સદ્‌ગુણ પ્રવૃત્તિનો કોઇ વિરોધ નથી પણ બન્નેનું સહાચર્ય જ ધાર્મિક જીવનની આવશ્યક શરત છે. વિરોધ છે પણ તે દોષોથી નિવૃત્ત થવામાં અને દોષોમાં જ પ્રવૃત્ત થવામાં. આ રીતે સદ્‌ગુણોથી જ પ્રવૃત્તિ કરવી અને તેનાથી જ નિવૃત્તિ લેવી એ પણ પરસ્પરવિરોધી છે.

અસત–નિવૃત્તિ અને સતપ્રવૃત્તિનો પરસ્પર કેવો પોષ્ય પોષકનો સંબંધ છે એ પણ એક વિચારવા જેવી વસ્તુ છે. જે હિંસા એટલે કે મૃષાવાદથી થોડા અથવા વધારે અંશે નિવૃત્ત થાય છે પણ અવસર આવ્યે પ્રાણીહિતની વિધાયક પ્રવૃત્તિથી ઉદાસીન રહે છે અથવા સત્ય બોલવાની પ્રત્યક્ષ જવાબદારીની ઉપેક્ષા કરે છે તે ધીરે ધીરે હિંસા એટલે કે મૃષાવાદની નિવૃત્તિનું સચિત બળ પણ ગુમાવી બેસે છે. હિંસા એટલે કે મૃષાવાદની નિવૃત્તિની સાચી પરીક્ષા ત્યારે થાય છે જ્યારે અનુકમ્પાની અને સત્ય વચનની વિધાયક પ્રવૃત્તિનો પ્રશ્ન સામે આવીને ઉભો રહે છે. જો હું કોઇ પ્રાણી અથવા મનુષ્યને પીડું નહિ પણ મારી નજર સમક્ષ કોઇ એવું પ્રાણી અથવા મનુષ્ય ઉપસ્થિત થાય જે અન્ય કારણોથી સંકટગ્રસ્ત હોય અને તેમનું સંકટ મારા પ્રયત્નો દ્વારા દૂર થઇ શકતું હોય અથવા હળવું થઇ શકતું હોય અથવા મારી પ્રત્યક્ષ પરિચર્યા અદ્વા સહાનુભૂતિથી તેને આશ્વાસન મળી શકતું હોય છતાં પણ હું કેવળ નિવૃત્તિની બાજુને જ પૂર્ણ અહિંસા માની લઉં તો હું ખુદ પોતાની સદ્‌ગુણાભિમુખ વિકાસ-શીલ ચેતના શક્તિનું ગળું ગુંચવાવી દઉ છું. મારામાં જે આત્મૌપમ્યની ભાવના અને જોખમ ઉઠાવીને પણ સત્ય વચન દ્વારા અન્યાયનો સામનો કરવાની તેજસ્વિતા છે તેનો ઉપયોગ નહિ કરતાં તેને કુણ્ઠિત બનાવી દેવું અને પૂર્ણ આધ્યાત્મિ-કતાના વિકાસના ભ્રમમાં રહેવું તેના કરતાં કોઇ વધારે આધ્યાત્મિક ભ્રમ નથી. (એજ મોટામાં મોટો આધ્યાત્મિક ભ્રમ છે.) આજ રીતે બ્રહ્મચર્યની બે બાજુઓ છે જેનાથી બ્રહ્મચર્ય પૂર્ણ કહેવાય છે. મૈથુનનું વિરમણ એ શક્તિ સંગ્રાહક નિવૃત્તિની બાજુ છે, પણ તેના દ્વારા સંગૃહિત શક્તિ અને તેજનો વિધાય કરીને ઉપયોગ કરવો એ પ્રવૃત્તિની બાજુ છે. જે જે મૈથુનવિરત વ્યકિત પોતાની સંચિત વીર્ય-શક્તિનો અધિકારાનુરૂપ લૌકિક લોકોત્તર ભલાઇમાં ઉપયોગ નથી કરતાં તે અન્તમાં પોતાની એ સંચિત વીર્ય–શક્તિદ્વારા જ કાંતો તાપસવૃત્તિ બની જાય છે અથવા અન્ય અકૃત્યની તરફ ઢળી પડે છે. આજ કારણ છે કે મૈથુનવિરત એવા લાખો બાવા સંન્યાસી અત્યારે પણ મળે છે જે પરોપજીવી ક્રોધમૂર્તિ અને વિવિધ વહે-મોના ઘર જેવા હોય છે.

અપૂર્ણ

મૂળહિંદી : પંડિત સુખલાલજી
અનુવાદક : શ્રી. તારાબહેન શાહ

વીણેલાં ફૂલ

મારી પડોશણો

(આ લેખમાળામાંના બધા કિસ્સા સાચી હકીકત ઉપરથી લીધા છે. માત્ર નામઠામ બદલ્યાં છે.)

નાની બહેનને લઇને મારે ત્યાં આવ્યા પછી શાંતાબહેન મને મળ્યાં નહોતાં, એટલે આજે હું એમને ઘેર ગઇ. શાંતાબહેન હંમેશાં પુરસદને વખતે ઘરમાં હીંચકે બેસી આનંદમગ્ન ચહેરે ગુલતાં હોય. પણ આજે એમની બેઠક ખાલી હતી. એમની મોટી દીકરી મને જોઇ સામે આવી. મેં પૂછ્યું: "શાંતાબહેન કયાં છે?"

તેણે અંદરના ઓરડા તરફ આંગળી કરી કહ્યું: "માસીબા માંદાં થઇને આવ્યાં છેને, તેમની પાસે બેઠાં છે."

"કોણ નાની બહેન?"

"ના, ના, મારાં માસીબા નહિ, બાનાં પોતાનાં માસીબા, તમે અંદર જાઓને, કશી હરકત નથી."

હું અંદર ગઇ તો ખાટલા ઉપર એક વૃદ્ધ થવા આવેલી દૂબળી, શીક્ષા ચહેરાવાળી સ્ત્રી સૂતી હતી. શાંતાબહેન એને પગે હાથ ફેરવતાં બેઠાં હતાં.

મેં બેસતાં કહ્યું: "આ માંદગીના કારણથી હમણાં જણાતાં નહિ હો. શું થયું છે માસીબાને?"

શાંતાબહેન અકળાઇને બોલ્યાં: "થાય શું? ઘણી વિધવા બાઇઓને થાય છે તે–ભૂખમરાનું દરદ. ઘણીની લાખો રૂપિયાની મિલકત, પણ એમને તો કાંકરા બરાબર જ ને?"

"કેમ, એમને તમારા માસા કશું નથી આપી ગયા?"

"આપવા દે કોણ? ઘરમાં બધું ચલણ એમના ભત્રીજાનું હતું. માસીબાને પેટે છોકરું નહિ. એટલે ભત્રીજો ઘણીરણી થઇ બેઠો."

"પણ વડીલોપાર્જિત મિલકત હોય તો તો ભત્રીજો જ વારસ ગણાય ને?"

"બધી માસાજીની આપકમાઇની હતી. પણ ભત્રીજાએ જ એમને અષ્ટપષ્ટ સમજાવી પોતાના દીકરાને ખોળે લેવડાવ્યો. માસીબાના તો એને લેવાની મુદ્‌લ મરજી નહોતી. પણ એમનું ચાલે શું?"

"પણ એમ જોરજુલમથી એમની પાસે દત્તક લેવડાવવાનો અર્થ શો?"

"અર્થ એ કે રખેને માસીબા પીયરિયાંને કાંઇ આપી દે!"

"પણ પોતાના ધણીની મિલકત, ઘરમાં સંભાળી, કરકસર કરી માસીબાએ પોતે પણ ભેગી કરવામાં મદદ કરી હશે, તે તો એમની મરજી હોય તેને આપે. જુઓને, અત્યારે તમે જ મંદવાડમાં ચાકરી કરો છો, તો તમને સંભારીને કાંઇ આપી જાય એમાં ખોટું શું?"

"તમારે મનથી ખોટું નહિ. પણ આપણા લોકોને મનથી તો મિલકતદારનું મોત તાકીને બેઠેલો પિતરાઇ જ ખરો હકદાર. બાઇ ભલે ભૂખે મરે."

"પણ માસીબાને ભરણ પોષણ તો મળતું હશેને?"

શાંતાબહેન તિરસ્કારથી મોઢું મરડી બોલ્યાં: "મળે છે મોટી ગંજાવર રકમ! મહિને ત્રીસ રૂપિયા!"

મૂંગે મોંઢે સાંભળ્યા કરતાં માસીબા બોલ્યાં: "ના, ના, હવે તો મોંઘવારી ખાતે પચાસ કર્યા છે."

શાંતાબહેન બોલ્યાં: "વાહ ભાઇ, મોટી સખાવત કરી તમારા ભત્રીજાએ!"

મેં પૂછ્યું: "તમારા માસાજીની મિલકત કેટલી હશે?"

"વરસ દહાડે દસેક હજારની આવક બધું મળીને થાય છે."

"ઓહોહો! એટલી મોટી મિલકતમાંથી ફકત મહિને પચાસ રૂપિયા જ માસીબાને આપે છે? ત્યારે ભત્રીજાને તો લહેર હશે."

"છેરતો, ને બીજી લહેર પણ કયાં ઓછી છે? એક દેશી રાજ્યમાં દીવાનની નોકરીએ હમણાં સુધી હતો. અમારા માસાજીએ જ પોતાની લાગવગથી સ્ટેટમાં પેસાડેલો. મહિને હજારનો તો પગાર હતો ને મારી ખાતો હશે તે જુદું."

"ત્યારે માસીબાને વધારે ન આપે?"

શાંતાબહેન ચીડાઇને બોલ્યાં: "શું કરવા આપે? વિધવાને વળી વધારે શું કરવા છે?"

"પણ આ દિવસમાં મોટા શહેરમાં પચાસ રૂપિયામાં શું થાય? માસીબાએ તમારા માસાજીના વખતમાં છૂટે હાથે વાપર્યું હશે ને હવે આમ છેક તંગ હાલતમાં શી રીતે ગુજરો કરે?"

'ન કરે તો મરી જાય! એને તો પચાસ રૂપિયા પણ આપવા મટશે. માસીબા બીચારા એક વખત ખાઇને રહે છે. દૂધ ઘીનું તો નામ દેખે જ કયાંથી? શાક પાંદડું પણ સસ્તામાં સસ્તું મળે તે કોઇ દિવસ લાવે. માસાજીને તો રસોઇયા, નોકર, ગાડી ઘોડા બધું હતું. પણ હવે તો આટલી ઉંમરે માંદે સાજે પણ હાથે જ કામ કરવાનું. કહો, પછી શરીર કયાંથી પહોંચે?"

"ને ન પહોંચે તો દવાદારૂના પૈસા પણ કયાંથી કાઢવા?"

"ખાવાનાં સાંસાં ત્યાં દવાદારૂની વાત શી? માસાજીના વખતમાં માસીબા દર સંક્રાંતે તેર ગોરાણીઓને જોડ નવાં લુગડાં દાનમાં આપતાં. હવે પોતે જ થીગડાં મારી મારીને ઘસાયલાં પીસાયલાં લુગડાં પહેરે છે." બોલતાં બોલતાં શાંતાબહેને આંસુ લૂછ્યાં.

માસીબાની આંખમાંથી પણ આંસુ નીકળી પડ્યાં, છતાં હાથની કોણીનો ટેકો દઇ એ મુશ્કેલીથી પથારીમાંથી બેઠાં થઇ શાંતાબહેનને વાંસે હાથ ફેરવી બોલ્યાં: "તું શું કરવા જીવ બાળે છે? જેવી મારી કરણી."

શાંતાબહેન બોલ્યાં "હા, એ તો કરણીને નામે સૌને બધાએ અન્યાય ચલાવવાના. ભત્રીજો પણ કહે છે. કે "જેવી કાકીની કરણી!" છૂટી પડવાનો એ સહેલો રસ્તો જડેલો જ છે ને?"

આંસુ લૂછી માસીબા મારા તરફ ફરીને બોલ્યાં "કહે છે કે હવે નવો કાયદો થવાનો છે તેમાં બાઇના ધણીની મિલકત પર હક રહેશે તે ખરી વાત?"

મેં નિસાસો નાખી કહ્યું: "કાયદો ધારાસભામાં આણ્યો છે પણ પસાર થવાનાં કોઇ ચિહ્ન દેખાતાં નથી."

"કેમ એમ?"

"ઘણા લોકો એથી વિરૂદ્ધ છે."

"હા, એ તો આદમી લોકો તો વિરૂદ્ધ પડે જ ને? બૈરાંને ભાગ આપવો શેનો ગમે? બૈરાંના દુઃખની એમને શી ખબર હોય?"

મેં કહ્યું: "પણ બૈરાં પણ ઘણાં એ કાયદાની વિરૂદ્ધ છે."

માસીબાએ નવાઇ પામી કહ્યું: "હેં! એવું તે હોતું હશે? બૈરાંની લાભની વાત ને બૈરાં જ સામાં થાય?"

"હા. એ લોકો કહે છે કે નવો કાયદો કર્યાથી હિંદુ ધર્મ ડૂબી જાય. ને બૈરાંને મિલકત આપીએ તો ઉલટું નુકસાન થાય."

માસીબાએ કડવાશથી કહ્યું: "ને ભૂખે મરતી ધણીએ જબને બજારમાં બેસે છે તેથી ધરમ સચવાતો હશે!"

શાંતાબહેન બોલ્યાં: "ભર્યા પેટે ધરમનો બધાને ઉપદેશ સૂઝે છે. માસીની પેઠે છતી મિલકતે ભૂખે મરવું પડતું હોય ને ધરમના ઉપદેશ કરે તો જતાવું. નવો કાયદો હોય તો માસીબાને બધી મિલકત મળેને?"

મેં કહ્યું: "તમારા માસાજી વીલ કરીને તો ગમે તેને મિલકત આપી શકે. પણ એમની મિલકતના પ્રમાણમાં કાંઇ નહિ તો મહિને બસો અઢીસો રૂપિયા માસીબાને બાધાબોરાકીના આપવા જ પડે. અને એમની મરજી ઉપરાંત કોઇને દત્તક પણ ન લેવડાવાય."

માસીબા કૂસકાં ખાતા હાથ જોડી બોલ્યાં: "હે ભગવાન! હવે અસ્ત્રીનો અવતાર આપે તો એવો કાયદો થયા પછી જ આપજે."

(ભગિની સમાજ પત્રિકા) સરોજિની મહેતા

ધર્માંતર કરાવીએ મને પાકિસ્તાન લઇ ગયા!

અમદાવાદનો એક નવયુવાન રૂપવતી મુસ્લીમ યુવતીના રૂપનો શિકાર બનીને જીવતરને ઝેર બનાવી મૂકે છે. આજે તે ત્રિશંકુ હાલતમાં દિવસો વીતાવી રહ્યો છે. તેની રંગભરી કથની આ નીચે આપવામાં આવી છે.

હું એક ઉચ્ચ હિંદુ કુટુંબનો જુવાન છું. સાધારણ અંગ્રેજી ભણેલો છું. ઇલેકટ્રીક વીંડીંગનું કામ કરીને સાધારણ કમાતો અને એમ અમારું દંપતીનું જીવનનાવ સુખરૂપ ચાલતું હતું, એણ એમાં એક ઝંઝાવાત આવ્યો. એક દિવસ કાળુપુરમાં...ના રોડ ઉપર આવેલા એક મકાનમાં મારે કામકાજ અંગે જવાનું થયું. આ મકાન એક શ્રીમંત...ગૃહસ્થનું હતું. એમની કરાંચીમાં મોટી પેઢીઓ છે. અમદાવાદ-મુંબઇમાં મોટામોટાં મકાનો છે.

પહેલે દિવસે હું મારું કામકાજ પતાવીને સાંજે ઘેર ચાલ્યો ગયો. અને બીજે દિવસે ફરી પાછો ૧૧ વાગ્યે હું મારા કામ પર ગયો. ત્યારેય ઘરમાં કોઇ જ નહોતું. એક માત્ર ૧૮-૨૦ વર્ષની ખુબ-સુરત છોકરી જ ઘરમાં હતી. એણે મને હસીને આવકાર આપ્યો; પણ એને સહજભાવે માનીને હું તો મારા કામે વળગ્યો. એકાદ બે કલાક એમ ને એમ વીતી ગયા. ત્યાં તો પેલી છોકરી હું કામ કરતો હતો તે રૂમમાં આવી.

'ચ્હા પીશો?' એણે પ્રવેશતાં જ પૂછ્યું. 'ના જી, મને ચ્હા પીવાની ટેવ નથી' કામમાં જ નજર રાખીને મેં જવાબ દીધો.

'તમારું નામ શું?' એક ખુરશીમાં પડતું નાંખતાં તેણે કહ્યું. મેં નામ જણાવ્યું.

'પરણેલા છો કે કુંવારા?' એણે ત્રીજો પ્રશ્ન કર્યો, પછી તો એણે મારી પત્ની વિષે, કુટુંબ વિષે, અમારી કોમના રિવાજો વિષે, એવી ખૂબ ખૂબ વાતો કરી. અને હું માત્ર વાત કરવા ખાતર જ વાત કર્યે જતો હતો. 'તમે કદી કોઇની સાથે પ્રેમ કર્યો છે ખરો?'

એના એ પ્રશ્ને મને સાચે જ ચમકાવી મૂકયો. મારાં રૂંવાડાં ખડાં થઇ ગયાં. અજાણ્યા લત્તામાં અજાણ્યા મકાનમાં એક જુવાન અને ખુબસુરત છોકરી આવો પ્રશ્ન કરે ત્યારે મન કેવી સ્થિતિ અનુભવે તે અનુભવી જ જાણે!

પણ મને પ્રેમ કરવાનું પરવડે તેમ નહોતું. કોઇક આમ વાત કરતાં જોઇ જાય તો યે હાડકાં પાંસળાં ખોખરાં થઇ જવાનો ભય હતો.

એક બાજુ જેમ મારો ગભરાટ વધતો જતો હતો તેમ તેમ એ મારા મનની સ્થિતિને વધારે ને વધારે તંગ કરી રહી હતી.

'બહેન, હું તો સીધો સાદો શ્રમજીવી માનવી છું. અમને એવી બધી પંચાતમાં પડવું ન પાલવે,'—મેં આસપાસ નજર નાંખતાં કહ્યું.

"ગભરાશો નહીં, આ ઘરમાં હાલમાં હું એકલી જ રહું છું. બાપ, ભાઇ બધાં મુંબઇ છે. હું અહીં...હાઇસ્કૂલમાં... ધોરણમાં ભણું છું."

મારા મનની સ્થિતિ કળી ગઇ હોય તેમ તેણે કહ્યું.

'તો હવે ચાહ પીશોને? ના ન કહેશો, મારા હાથની બનાવેલી ચ્હા તમારે આજે પીવી જ પડશે, તે વિના તમને છોડવાની નથી.'

આજીજી, આગ્રહ અને ફરજના મિશ્રભાવોથી એણે એક સામટું કહી નાંખ્યું. તેનાં નયનોનો માર વધુ ઝીરવવાની તાકાત હવે ગુમાવતો જતો હોઉં એમ મને લાગ્યું.

'બોલો તમે કયારેય પ્રેમ કર્યો છે?' ચ્હા પીતાં પીતાં એણે ફરી પ્રશ્ન કર્યો.

'મારી સવિ...'

'નહિ, નહિ, હું તમારી પત્નીની વાત નથી કરતી' એણે મને અધવચ્ચેજ બોલતો અટકાવીને કહ્યું.

'તમે કોઇ સુંદર બાળાના પ્રેમમાં કયારેય પડયા છો?'

'મને તો મારા ધંધા આડે એવો વિચારેય નથી આવ્યો.' મેં કહ્યું.

'પણ કોઇક બાળા તમારી ઉપર મોહી પડે તો?' મારા ઉપર બીજો ઘસારો થયો.

વાત વધતી જતી હતી, મેં સ્થિતિ સમાલી લીધી.

મારાં ઓજારો એકત્ર કરીને સમય થઇ ગયો હોઇને મેં ચાલતી પકડી.

વળી ત્રીજે દિવસે હું પાછો કામ પર ગયો. આજે તો એ ડગલું આગળ વધી. જેવો હું કામ પર ચઢું છું ત્યાં તો તેણે મારાં હાથમાંનું ડીસમીસ છીનવી લઇને દૂર ફેંકી દીધું!

તમારૂં દીલ માનવાનીયે કદાચ ના પાડશે કે એક જુવાન છોકરી આટલું સાહસ કરે!

પણ એના આ કૃત્ય પાછળ કયી પ્રબળ પ્રેરણા કામ કરી રહી હશે તે તો કોઇક માનસશાસ્ત્રી જ કલ્પી શકે.

હું હસી પડયો. મનેય હવે તેનામાં રસ જામવા માંડયો હતો. આ આલીશાન ઇમારત, આ રાજશાહી, વૈભવ સામે ઉભેલું આ તસતસતું જોબન, એની મોહકછટા, આત્મીયતા સાધી લેવાની આવડત, એ બધાંયે મને ધીરે ધીરે પરાજીત યોદ્ધાની પરિસ્થિતિમાં મૂકવા માંડયો હતો. આકાશમાં અટવાયેલું એરોપ્લેન ધુમરીઓ ખાય તેમ મારૂં મન વિચાર વાદળોમાં અટવાઇ રહ્યું.

'ત્યારે અમારી સાથે વાત નહીં કરો ને?' નયનો નચાવતાં એણે કહ્યું.

સ્વર્ગ ધીમે ધીમે મારી નજીક સરતું આવતું હોય તેમ લાગ્યું.

ખુરસી પર બેસતાં મારાથી હસી જવાયું.

તે દિવસે અમે પેટ ભરીને વાતો કરી. હું મને ભૂલી ગયો.

એની બધીયે વાતોનો આ સાર હતો. એણે મને બહેકાવ્યો લક્ષ્મીમાં આળોટતી એક શ્રીમંતની ખુબસુરત કન્યા મારા જેવા એક મામુલી માણુસ પર વારી ગઇ હતી. ક્ષણભર તો મને એ મશ્કરી જેવું લાગ્યું! પણ એ સત્ય હતું. એની ભારે દોલત સાથે અમદાવાદ છોડીને મારી સાથે ચાલી નીકળવાની એણે ઇચ્છા દર્શાવી.

એ દિવસે સાંજે ઘેર ગયો ત્યારે હું છતી આંખે આંધળો ભીંત બની ગયો હતો.

એ છેલ્લી રાત્રે મેં પથારીમાં સુતા સુતાં મારી પ્રેમાળ પત્નીને ઉઠાં ભણાવ્યાં. મેં એને કહ્યું કે "મારે એક શખ્સ સાથે ભયંકર તકરાર થઇ છે અને અહીં રહેવામાં જોખમ છે એટલ હું બહારગામ ચાલ્યો જવાનો છું."

બીજી સવારે, અગાઉથી અમારે થયેલી ગોઠવણ મુજબ, હું ઘરને છેલ્લી સલામ કરીને સ્ટેશને ગયો. હજામરોની રોકડ અને દગદાગીના સાથે એ મારી વાટ જોતી ઉભી જ હતી. મને એનામાં વધારે શ્રદ્ધા બેસી ગઇ, અને સેકન્ડ કલાસની મોજ માણીને અમે સાંજે મુંબઇમાં મહમદઅલી રોડ પર આવેલી....રેસ્ટોરાંના એક રૂમમાં બેગ બિસ્તરા મૂકયા.

'આપણે હવે લગ્ન કરી નાખીએ!' બીજી જ સવારે મેં એને કહ્યું.

'ઉતાવળ શી છે? હજી તો તમારે ધર્મપરિવર્તન કરવું પડશે.' એણે કહ્યું.

હું ચમકયો, મારા માટે આ નવી વાત હતી.

'કેમ, એમાં ધર્મપરિવર્તનની શી જરૂર છે?' મેં પૂછયું.

'તે સિવાય આપણાં લગ્ન કયાંથી થઇ શકે? તમારી ખાતર મેં મારૂં કુટુંબ છોડયું, અને તમે શું મારા માટે એટલોયે ભોગ નહીં આપી શકો?—એ બોલી.

હું એક પગથીયું ઉતરી ચૂકયો હતો, એટલે આ બીજું પગથીયું ઉતારવામાં યે મને વાંધો ન જણાયો.

તરત જ કાફર મારકીટમાં આવેલી મસ્જીદમાં કોઇક કાજી સાથે વ્યવસ્થા કરવામાં આવી. બે ત્રણ દિવસ મને ત્યાં લક્ષ જવામાં આવ્યો. મારૂં નામ બદલવામાં આવ્યું. મને ઇસ્લામની દીક્ષા અપાઇ અને હુંગરી...ખાતે ધામિક વિધિ માટે છ દિવસ રાખવામાં આવ્યો. મારા આ ધર્મપરિવર્તનના સમાચારો તા...ના 'વતન'માં અને તા...ના 'રોઝગાર'માં મોટા મથાળે છપાયેલા છે.

ધર્મ પરિવર્તન કર્યા પછી પેલી ખુબસુરત બલાના આગ્રહથી અમે સ્ટીમર દ્વારા કરાંચી ઉપડી ગયાં. કરાંચીના સ્ટેશનમાં અમે એક ભાડાનું મકાન રાખીને રહેવા લાગ્યાં. થોડાક મહિનાઓ આમ આનંદથી પસાર થયા. ત્યાં તો એક દિવસ હું બપોરના બહારથી આવીને જોઉં છું તો મારૂં ઘર ઉજ્જડ હતું.

'ભાઇ તમે હિંદુ છો કે મુસલમાન?'

નજીકમાં રહેતી એક વૃદ્ધાએ આવીને મને પૂછયું.

'પોલીસ તમને શોધી રહી છે. ભાગી જાવ નહિતર તમારૂં ભાવિ જોખમમાં છે.'—એ ડોસીએ હમદર્દી દાખવતાં કહ્યું.

પણ હું દાદરના પગથીયાં ઉતરૂં ત્યાં તો પાકીસ્તાનની છુપી પોલીસે મને પકડી લીધો. કરાંચીની કોર્ટમાં મારો કેસ ચાલ્યો. પેલી બેવફા ઓરતે કોર્ટમાં સાક્ષીના પીંજરામાં આવીને જણાવ્યું કે, "હું તેને બહેકાવીને મારે દોલત સાથે ભગાડી લાવ્યો છું." મારી વાત ત્યાં કોઇએ સાંભળી નહિ.

મને એક વર્ષની જેલની સજા ઠોકાઇ ગઇ. કરાંચીના કારાવાસમાં હું રડયો, પેટ ભરીને રડયો. પ્રેમાળ પત્ની, સ્વજનો, વતન બધાને યાદ કરીને રડયો, જીવન પર મને ધૃણા આવી. આપઘાત કરવાનું યે મન થઇ આવ્યું. મને જગત પરથી કંટાળો આવ્યો. જીવન પરથી કંટાળો આવ્યો. ધરતી મારેગ આપે તો સમાઇ જવાનું મન થયું!

મારા જીવનની વચ્ચે આવીને ઉલ્કાપાત મચાવી જનારી એ બેવફા છોકરીને આવું કેમ સુઝયું હશે તે કોયડો આજેય મારી સામે પ્રશ્નાર્થ રૂપે જ પડેલો છે.

કરાંચીની જેલમાં પાંચેક માસ કાપ્યા પછી એક ભલા જેલરે કેદીઓની ફેરબદલી દરમ્યાન મને કલકત્તા મોકલી આપ્યો, નહીંતર તો પાકિસ્તાનથી હું દેશમાં પાછો સલામત આવી શકયો હોત કે કેમ તે યે શંકાભરેલું હતું.

કલકત્તાની જેલમાંથી છુટીને હવે હું વતનમાં પાછો આવ્યો છું, મેં પુનઃ હિંદુ ધર્મ અંગિકાર કરી લીધો છે, પણ માતા-પિતાએ તો મારો સદંતર ત્યાગ કરી દીધો છે.

પિતાજીએ કહી દીધું છે કે, "તારે માટે હવે આ ઘરના દ્વાર સંદતર બંધ છે."

અને મારી પત્ની! કયું મોં લઇને એની પાસે જાઉં? એ કદાચ મને સ્વીકારે તોયે હવે એ પવિત્રતાની મૂર્તિના હૃદય-સ્વામિ બનવાની યોગ્યતા મારામાં રહી છે ખરી? કુટુંબ, જ્ઞાતિ, સમાજ, કોઇની યે કને જઇને મારૂં દિલ ખોલી શકું, એવી એકેય દલીલ મારી તરફેણમાં રહી હોય એમ મને નથી લાગતું. મારૂં ભાવિ ઘોર અંધકારમય છે. પશ્ચાતાપના પાવકમાં જીવનભર જલ્યા કરીને હું એકલો અટુલો જ પડયો રહું એમ દિલને લાગ્યા કરે છે. સુખી સંસારમાં હાથે કરીને આગ ચાંપ્યા પછી એને બુઝાવવાની વિનંતિ બીજાઓને કયા મોંએ કરી શકું? [પ્રજ્ઞ અધુ]

સ્થાનકવાસી જૈન કૉન્ફરન્સ

મદ્રાસ અધિવેશન ઉપર દૂરથી દૃષ્ટિપાત

હિંદભરના સ્થાનકવાસી જૈનોની એક અગત્યની સંસ્થા અખિલ ભારત સ્થા. જૈન કૉન્ફરન્સનું ૧૧ મું અધિવેશન ગયે અઠવાડિયે મદ્રાસ મુકામે મળી ગયું. આ અધિવેશનમાં હું જાતે હાજરી આપી શકયો નથી, પરંતુ વર્તમાનપત્ર દ્વારા જે હેવાલો પ્રાપ્ત થયા છે, તેને આધારે આ અધિવેશનની નોંધ આ નીચે લઉં છું. આથી તે અંગે કોઇ ઊંડી વિગતો કે ચર્ચાઓ વિષે હું કંઇ કહી શકું એ સ્થિતિમાં નથી.

અધિવેશનના પ્રમુખ શ્રી. કુંદનમલજી ફિરોદિયાનું ભાષણ કૉન્ફરન્સના છેલ્લાં બે વર્ષનો હેવાલ રજુ કરી જાય છે, જેમાં કોમી તોફાનો વખતે પંજાબ અને સરહદ પ્રાન્તના સ્થાનકવાસી જૈનોને તોફાનગ્રસ્ત વિસ્તારમાંથી ખસેડવાનું કાર્ય, શ્રાવિકા શ્રમની સ્થાપના અને વીરસંઘની યોજના એ ત્રણ બાબતો મુખ્ય હતી. વીરસંઘની યોજનાને મૂર્તિમંત કરવા સાધુઓને એક સમાચારી (આચારના નિયમો) નું પાલન કરાવવાનું કામ કૉન્ફરન્સે ઉપાડયું હતું; જેમાં કૉન્ફરન્સના પ્રયાસોને ઠીક સફળતા મળી ગણાય. આમ છતાં એ દિશામાં હજુ ઘણું કરવાનું બાકી રહે છે.

દરેક સમાજ પોતાની કોમના વિદ્યાર્થીઓ માટે ફંડો, વિધવાઓ માટે આશ્રમો વગેરે કરે જ છે; અને એ એક સર્વમાન્ય કામ છે, જે સંબંધમાં આ કૉન્ફરન્સ પણ એવી જ કોમી દૃષ્ટિએ પ્રયાસ કરી રહેલ છે. આમાં કંઇ નવીનતા નથી, અને અસામાન્યતા પણ નથી.

કોમી તોફાનોમાંથી સ્થાનકવાસી જૈનોને ઉગારી લેવા કૉન્ફરન્સે જે પ્રયાસ કર્યો છે, તે તેની ફરજ હતી; અને તે માટે તેને અભિનંદન પણ આપી શકાય. પરંતુ એ કાર્યમાં કોમી સંકુચિતતા ભરેલી હતી, એ તો કબૂલ કર્યા વિના ચાલે તેમ નથી. હજારો ભૂખે મરતાં માણસોની કતારમાંથી જો જૈનો માત્ર જૈનોને જ અને પારસીઓ માત્ર પારસીઓને જ જુદા વીણી લ્યે, તો જેની કામ પાસે આ કામ માટે નાણાંની સગવડ નથી, એનું કોણ ? એના બાળકોનું, એના વિદ્યાર્થીઓનું અને એની વિધવાઓનું કોણ સગું ? અને રાષ્ટ્રને એક શરીર કલ્પીએ તો તેના કેવળ હાથ અથવા કેવળ પગો મજબૂત થાય, અને આંખો કે દાંત નબળા રહે, તો એ સ્વાસ્થ્યનો શો અર્થ ? જૈન ધર્મ જો માનવધર્મ હોય, તો એના સમાજે માનવ જાતની સમાન સેવા કરવી જોઇએ. પશુની દયા જો એણે સ્વીકારી છે, તો માનવ બંધુઓને એજ દયાનો લાભ આપવા જેટલી ઉદારતા એણે સ્વીકારવી જ રહી.

સાધુ સમાજ એ ગૃહસ્થ વર્ગને પ્રેરણા આપનાર વર્ગ હોઇને એણે પોતાનાં દુષણો દૂર કરી સ્વચ્છ બનવું જોઇએ અને આંતરિક કલેશને મિટાવી પરસ્પર બંધુભાવને વધારવો જોઇએ. આ માટે શ્રી. ફિરોદિયાજીએ પ્રમુખસ્થાનેથી જે વિગતપૂર્ણ વિવેચન કર્યું છે, તે સાધુઓએ લક્ષમાં લેવા જેવું છે. વળી જૈન સમાજના વેપારી વર્ગને પણ નીતિના ધોરણે વેપારી જગતની સાથે જે નીચે ઉતરવાનું બન્યું છે તે પ્રત્યે ખેદ દર્શાવી તેમણે રાષ્ટ્રને સહકાર આપવાની સાચી સલાહ આપી છે.

બાલદીક્ષા સંબંધમાં નિયંત્રણ થવાની જરૂર તેમણે દર્શાવી છે; પરંતુ તેમના જેવા માન્ય નેતાએ જો પોતાના વિચારો બાલદીક્ષા સામે કડકપણે દર્શાવ્યા હોત, તો કૉન્ફરન્સમાં બાલદીક્ષાનો વિરોધ યોગ્ય રીતે થઇ શકત અને સાધુઓએ પણ જરા વિચારવું પડત. પરંતુ એમની ઢીલી નીતિને પરિણામે બાલદીક્ષા ન આપવા સાધુઓને કેવળ વિનતિ કરનારો જ ઠરાવ અને તે પણ મહામુશીબતે થઇ શકયો.

ભીક્ષાબંધીના કાનૂન અંગે પરમીટ લેવાના સરકારી હૂકમને તેમણે અયોગ્ય જણાવ્યો હતો. તેમ જ જૈનોના ફિરકાઓ વચ્ચે સંપ જળવાઈ રહે એવી આશા પ્રદર્શિત કરી હતી. એકંદરે તેમના ભાષણમાં કોઇ નવો વિચાર નહોતો. સમાજ કે સાધુ વર્ગને માટે કોઇ કડક આદેશ નહોતો, કે જૈન સમાજના અગત્યના આર્થિક તથા સામાજિક પ્રશ્નોની છણાવટ નહોતી.

આમ છતાં શ્રી. ફિરોદિયાજી અંગત રીતે એક સુશીલ, સેવાભાવી અને સહૃદયી કાર્યકર્તા છે. સ્થા. જૈન સમાજને માટે યથા શકિત સમય પણ આપે છે. જૈન સમાજમાં તેમની સુંદર છાપ અને રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં મોખરેનું સ્થાન કૉન્ફરન્સને તેની પ્રવૃત્તિઓમાં ઠીક ઉપયોગી થઇ પડે એમ છે.

પસાર થએલા ઠરાવો

અધિવેશનમાં જે કંઇ ઠરાવો પસાર થયા, તે કૉન્ફરન્સના અધિકારી વર્ગ તરફથી આવેલા ઠરાવો હતા. જૈન ધર્મ હિંદુ ધર્મથી સ્વતંત્ર હોવાની વાત, મુંબઇ સરકારના ભિખમંધીના કાનૂનની ખામીઓ, બાળદીક્ષા સંબંધમાં થોડી વિચારણા, શ્રાવિકાશ્રમની સ્થાપના આ બધી જુની થઇ ગએલી, ચવાઇ ગયેલી સામાન્ય બાબતો હતી. આ પ્રકારની પ્રવૃત્તિઓ તો અધિવેશન ભર્યા વિના પણ થઇ શકતી હતી. જો પરિષદ મારફત જનતા પાસે કોઇ નવી વાત રજુ કરવાની ન હોય, તો અધિવેશન ભરીને હજારો માનવીના શ્રમ અને સમયને બગાડવાની કોઇ જરૂર ન હોતી.

નૂતન બંધારણ પસાર થયું છે, તેની ખાસ વિગતો હજુ પ્રાપ્ત થઇ નથી; પરંતુ ઘાટકોપરના છેલ્લા અધિવેશનમાં પસાર થઇ ચૂકેલું બંધારણ અમલમાં આવી ન શકતાં કૉન્ફરન્સને બીજાં આઠ વર્ષ સુધી જૂના બંધારણથી જ ચલાવી લેવું પડયું હતું, તે જોતાં આ નવું બંધારણ પરિષદ દ્વારા પસાર થઇ શકયું, તે પરિષદ વિના ન થઇ શકત, એ ખરૂં છે. અને તેટલે અંશે પરિષદ ભરવાની જરૂર હતી જ. હવે જો આ નવા બંધારણને અમલમાં મૂકી શકાય અને એ મારફતે સંઘો, સંસ્થાઓ અને કાર્યકરો કૉન્ફરન્સના છત્ર નીચે એકત્ર થઇ શકે, તો કૉન્ફરન્સ સમગ્ર સ્થા. સમાજનું પ્રતિનિધિત્વ ધરાવતી સંસ્થા થઇ શકે.

પરંતુ બંધારણ તો એક ખોખું જ છે. જો સંસ્થા પાસે સમાજની પ્રગતી માટે કોઇ સ્પષ્ટ અને આકર્ષક કાર્યક્રમ તથા સેવાભાવી અને ત્યાગશીલ કાર્યકરો નહિ હોય, તો કેવળ સારા, લોકશાહી બંધારણમાત્રથી જ કૉન્ફરન્સ કે સમાજનું હિત થવાનું નથી.

કૉન્ફરન્સ અત્યારે તો એક મેળો બને છે. કાર્યકર્તાઓ સ્વાગત, સરઘસો અને ઠરાવોના કામમાં પ્રવૃત્તિ હોય છે અને મહેમાનો હળવા મળવામાં આનંદ મેળવે છે. સૌ પોતાની જાતના પ્રતિનિધિ તરીકે આવે છે, ચર્ચા કરે છે અને વિખરાય છે. પ્રાન્તે પ્રાન્તમાં કૉન્ફરન્સની લાગવગ હોય, દરેક સ્થળેથી સંઘો, સંસ્થાઓ કે સમાજ સ્પષ્ટ આદેશો સાથે પોતાના કાર્યકર પ્રતિનિધિઓને મોકલી આપે, અને તેઓ બહુ વિચારપૂર્વક સમાજની પ્રગતિ માટેની નકકર યોજનાઓ ઘડી કાઢે તથા તેને અમલમાં મૂકવા પ્રતિજ્ઞાબદ્ધ બને, ત્યારે જ અધિવેશન સફળ બની શકે.

મદ્રાસ અધિવેશનમાં વિરોધપક્ષનો સંપૂર્ણ અભાવ હતો. બાળદીક્ષાના પ્રશ્ન સામે–એ ખૂબ જ નરમ જાતના ઠરાવ સામે–પણ એને પડતો મૂકવા કહેનાર જુનવાણી પક્ષનો વિરોધ હતો. પરંતુ ચાલુ બાબતોને વેગ આપે તેવા પ્રગતિશીલ પક્ષની સંપૂર્ણ ગેરહાજરી હતી. અધિકારી વર્ગે જે વિચાર્યું હતું, તે રજુ કર્યું હતું; અને ત્યાં મળેલા સૌએ વિચાર્યું–વગર વિચાર્યે–સંમતિ આપી હતી.

આમ આઠ વર્ષે ભરાએલું આ અધિવેશન કોઇ જાતના વિરોધ વિના, ગરમી વિના, અથડામણ વિના, શાન્તિથી પાર ઉતર્યું હતું. કાર્યકરોને માથેથી કૉન્ફરન્સ ભરવાનો બોજો ઉતરી ગયો અને પ્રેક્ષકોને જોવાનું અને ફરવાનું મળ્યું. **જયંતિભાઈ મહેતા**

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજી: નં. બી ૪૨૬૬

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ : ૧૧
અંક : ૧૮

મુંબઈ : ૧૫ જાન્યુઆરી ૧૯૫૦ રવિવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

ગુજરાત યુનિવર્સિટી

[ઘાટકોપર સાહિત્ય સભાના ઉપક્રમે, ઘાટકોપરમાં ગઈ તા. ૨૬ મીએ હિંદની પાર્લામેન્ટના સ્પીકર માનનીય શ્રી ગણેશ વાસુદેવ માવળંકરે 'ગુજરાત યુનિવર્સિટી' ઉપર એક મનનીય પ્રવચન આપ્યું હતું. 'ગુજરાત યુનિવર્સિટી'નું બિલ મુંબઇ ધારાસભાએ પસાર કર્યા પછી, 'ગુજરાત યુનિવર્સિટી' પર તેમનું આ પ્રથમ જ પ્રવચન છે, એ આ પ્રવચનની વિશિષ્ટતા છે. તેમાં તેમણે યુનિવર્સિટી વિષેની પોતાની કલ્પના, કેળવણી વિષેના પોતાના વિચારો; શિક્ષણ અને સાહિત્યનો સંબંધ વગેરે ચર્ચ્યું છે. ભાઇશ્રી રસિકલાલ ત્રિવેદીએ પોતાની નોંધ ઉપરથી આ આખું પ્રવચન તૈયાર કરી આપ્યું છે. –સંપાદક]

ઘાટકોપર ગૂજરાતી સાહિત્ય સભા તરફથી યોજાયેલી વ્યાખ્યાનોની હારમાળાના પ્રથમ વક્તા તરીકે ભાઇ ધીરૂભાઇએ ગુજરાત યુનિવર્સિટી ઉપર બોલવા માટે મને આગ્રહ કર્યો; તેને માન આપીને આજે તમારી સમક્ષ આવ્યો છું.

શિક્ષણ અને સાહિત્ય માટેનો મારો પ્રેમ પ્રથમથી જ છે; કારણકે તેઓ બન્ને જીવનમાં અગ્રસ્થાન ભોગવે છે. શિક્ષણ માટેની નવીન વિચારસરણી એક જુદો જ પ્રશ્ન માગી લે છે. શિક્ષણનું જીવનમાં અગ્રસ્થાન છે કારણકે શિક્ષણ જીવનની દરેક બાજુ અને પાસુ વ્યસ્થિત છે કે નહિ તે જોવાની શક્તિ બક્ષે છે. જન્મથી મરણ સુધીના વખતનો ઉત્તમોત્તમ ઉપયોગ કરવો તે જ સાચી કેળવણી છે.

ઇ. સ. ૧૯૧૩ થી જ મારૂં આકર્ષણ શિક્ષણ તથા સાહિત્ય તરફ વધારે. શ્રી દી. બા. અંબાલાલ સાકરલાલનું મંડળ, તેનો ઉદ્દેશ, સર્વ પ્રકારની કેળવણી માતૃભાષા દ્વારા આપવી, તે હતો. તેમાં હું મદદનીશ મંત્રી તરીકે કામ કરતો હતો. દીવાન બહાદુરના અવસાન બાદ તે મંડળનો સર્વ ભાર મારા શિરે પડ્યો. કેળવણી તો માતૃભાષા દ્વારા જ હોઇ શકે એમ અત્યારે આપણે સૌ માનીએ છીએ અને કહીએ છીએ, પણ તે જમાનામાં જુદો જ મત પ્રવર્તતો હતો, અને વિવિધ પ્રશ્નો પૂછાતા હતા કે " તમારી ભાષામાં પારિભાષિક શબ્દો કયાં છે ? " " વિવિધ ક્ષેત્રોના જુદા જુદા ગ્રંથો કયાં છે ? " આમ હોવાથી તે જમાનામાં માતૃભાષા દ્વારા શિક્ષણ આપવું તે તદ્દન અસંભવિત વાત મનાતી હતી; પણ હવે જમાનો પલટાયો છે અને જો મોટામાં મોટી ક્રાન્તિ થઇ હોય તો માતૃભાષા દ્વારા જ શિક્ષણ આપવું તે આંદોલનની છે. તે જમાનામાં ખાનગી પત્રવ્યવહાર પણ અંગ્રેજીમાં થતો, અને વાતચીતમાં પણ અંગ્રેજીનો છૂટથી ઉપયોગ થતો. જ્યારે ગાંધીજી હિન્દમાં આવ્યા ત્યારે મારી ઉંમર ૨૭ વર્ષની. સ્વભાવ તો મૂળે જ શરમાળ. આ વખતે કેટલાક વકીલમિત્રો સાથે ગાંધીજી પાસે અવારનવાર જવાના પ્રસંગો પડતા. આ વખતે સર્વ ભાઇઓ અંગ્રેજીમાં બોલે અને ગાંધીજી સર્વ પ્રશ્નના જવાબ ગૂજરાતીમાં જ આપે. આ સમયે મને ગાંધીજીની આ રીતમાં કંઇક ગાંડપણ લાગતું હતું; પણ અત્યારે સમજાય છે કે એ પ્રમાણેનો ગાંધીજીનો આગ્રહ તે ગૂજરાત વિદ્યાપીઠ અને ગૂજરાત યુનિવર્સિટીનું મૂળ છે.

ઇ. સ. ૧૯૧૪માં એક મત એવો હતો કે ગુજરાતમાં કેળવણીનું કાર્ય કરવું જોઇએ, અને ગાંધીજીએ પણ આ મતને અનુમોદન આપ્યું હતું. અમદાવાદમાં ઇ. સ. ૧૯૨૬ માં શહેર–સુધરાઇના પ્રમુખ થયો ત્યારે નાનીમોટી દરેક બાબતોમાં અને ખાસ કરીને કેળવણીનો પાયો મજબૂત કરવાનો અમારો વિચાર હતો. સ્થાનિક સ્વરાજ્યનો પ્રાણ 'મ્યુનિસિપાલિટી' છે અને 'મ્યુનિસિપાલિટી' દ્વારા શહેરમાં પ્રાથમિક શિક્ષણ અપાય છે. આ ઉપર મારે ખાસ ધ્યાન આપવાનો વિચાર હતો. 'ગુજરાતસભા' નામની એક સંસ્થાના ગાંધીજી પ્રમુખ અને સરદાર વલ્લભભાઇ સભાસદ હતા. તેઓ વિચારતા કે મોટું આંદોલન શરૂ કરવું. આ માટે ગાંધીજી એવી દલીલો કરતા કે શહેરનું સ્વરાજ્ય બરાબર ચલાવો અને યુવાનોને શિખામણ આપો કે તેઓ કરકસર કરે; આમ થશે તો જ દેશની પ્રાંતિક અને મધ્યસ્થ સરકારો પગભર થશે. અને નાની નાની બાબતોમાં પણ બીજાને ઉપયોગી થવાની, જાત તપાસવાની અને નાની નાની સંસ્થાઓની વ્યવસ્થા કરવાની કેળવણી આપીશું તો જ તેઓ ભવિષ્યમાં દેશની સેવા કરી શકશે. આ વાતનું ધ્યાન મને મ્યુનિસિપાલિટીના પ્રમુખ થયા પછી થયું. શ્રી બલુભાઇ ઠાકોર મારા મિત્ર. તેઓ અને હું વિચારતા કે સ્વરાજ્ય ચલાવવું હોય તો મ્યુનિસિપાલિટીનું પ્રથમ કામ, પૂરતી પ્રાથમિક કેળવણી આપવી તે છે.

આ પ્રસંગે એક રમૂજી વાત યાદ આવે છે. અમદાવાદ શહેરના એક લતામાં હું ફરતો ફરતો જઇ ચડ્યો. ત્યાં પાણીના નળની ચકલી ખૂલ્લી જોઇ; આથી મેં તે નળના માલિકને બોલાવ્યો. તેમની સાથે વાત કરતાં મને ખબર પડી કે તેઓ ભણેલાગણેલા સારી કેળવણી પામેલા એક ભાઇ હતા. તેમણે મને આવકાર્યો, તે વખતે મેં તેમને પ્રશ્ન કર્યો કે, " નળની ચકલી વિનાકારણે શાને ખુલ્લી રાખો છો ? " ત્યારે તેમણે જવાબ આપ્યો: " દશ દશ વર્ષ સુધી પાણીવેરો ભર્યો છે અને હવે નળ મળ્યો છે તો તેટલા પ્રમાણમાં પાણી તો વાપરવું જોઇએ ના ?" જો સુધરેલા માણસો પોતે જ કેળવણીને સમજી શકે તો જ બીજાને સમજાવી શકે. કેળવણીમાં સ્વાર્થવૃત્તિ હોવી જોઇએ નહિ, અને જો હોય તો તે કેળવણી નકામી છે.

પ્રાથમિક કેળવણી અત્યારે ફેરફાર માગી લે છે. સાક્ષરતા એ કેળવણીનું લક્ષણ છે. આજે કેળવણીનું માપ સંખ્યા પરથી થાય છે–શાળાની સંખ્યા પરથી, બાળકોની સંખ્યા પરથી તથા શિક્ષકોની સંખ્યા પરથી થાય છે. એટલે ભવિષ્યના નાગરિકોને જે સારી કેળવણી મળવી જોઇએ તે અત્યારે મળતી નથી. નાનપણથી જ પ્રાથમિક શિક્ષણ જીવનને ઉન્નત કરે એવું હોવું જોઇએ.

દેશને નુકસાન ચારિત્રનષ્ટતાથી થાય છે; કેળવણીથી નહિ. સમાજમાં આપણો શો ધર્મ છે તે સમજાવે તે જ કેળવણી. જેને નોકરી ન મળે તે શિક્ષક થાય છે આ પ્રકારની રીત ખોટી છે. જો સરકાર બરાબર ચલાવવી હોય તો સારું અને સાચું શિક્ષણ અપાવું જોઇએ. શહેરોની કે થોડી હવેલીઓની જરૂર નથી; પણ લાખો ભૂખ્યાં, નગ્ન અને નિરક્ષર લોકોને એ સર્વ વસ્તુ મળે તે માટે મહેનત કરવાની જરૂર છે, અને તે જ સાચી કેળવણી છે.

કેળવણીમાં બધું જ આવી જાય છે. જિન્દગીનું સાફલ્ય માપવાનું તે માપ છે. પોતાની વિદ્વત્તાનો ઉપયોગ બીજાંનાં દુઃખ-નિવારણ માટે કરવો જોઇએ. પૈસાથી કેળવણીનું માપ નીકળતું નથી. શ્રી મલબારીનું કાવ્ય–"સગાં દીઠાં મેં શાહઆલમનાં, ભીખ માગતાં શેરીએ" યાદ કરતાં લાગે છે કે, સાચી કેળવણી આગળ ધન ગૌણ છે, અને ધનના પ્રમાણથી સુખનું માપ નીકળી શકતું નથી, કારણ તેમાં અસંતોષ છે, હુંસાતુંસી છે. મારું તો એવું માનવું છે કે જેનાં ઘરમાં મોટર નથી તેના કુટુંબમાં વિખવાદ નથી–તે સુખી છે. જેવા મનમાં ભાવ હોય તેવા જ બહાર આવે.

સાહિત્યકારોએ પણ દેશની ક્રાંન્તિને યોગ્ય માર્ગે લઇ જવી જોઇએ. સાહિત્ય અને શિક્ષણ બન્ને જુદાં નથી; પણ સાહિત્ય શિક્ષણને ઊંચી ભૂમિકાએ લઇ જાય છે. સાહિત્ય અને કલાનો ઉપયોગ દેશની ક્રાન્તિ અને સમાજના ઉત્કર્ષમાં થવો જોઇએ. સમાજના ધડવૈયા શિક્ષકો છે. શિક્ષણ અને સાહિત્ય બન્ને સાથે જ ચાલે છે. વિદ્યાપીઠોનું મુખ્ય કામ ફકત નોકરો જ પેદા કરવાનું નથી, પણ સાચા વેપારીઓ, દાકતરો અને વકીલો, તેમ જ શિક્ષકો ઉત્પન્ન કરવાનું છે, અને તેઓએ પણ સમજવાનું છે કે તેઓ જે કામ કરે તે દેશને માટે જ કરે. લોકના હૃદયમાં પ્રવેશ કરી તેમનો ઉત્કર્ષ થાય એ પ્રકારની ઊંચ દૃષ્ટિ હોવી જોઇએ; તે દૃષ્ટિ આપવાનું કામ વિદ્યાપીઠોનું છે. અમદાવાદની એન્જીનીઅરીંગ કોલેજ માટે શેઠ શ્રી કસ્તુરભાઇ લાલભાઇએ રૂા. ત્રીશ લાખ આપવાનું કબુલ કર્યું છે. આ એન્જીનીઅરો પોતાના જ્ઞાનનો ઉપયોગ બીજાના ઉત્કર્ષ માટે કરે.

લોકો શા માટે ભણવા આવે છે તે ઉપર વિચાર કરીને જ વિદ્યાપીઠે પોતાનો અભ્યાસક્રમ નકકી કરવો જોઇએ. ગાંધીજી કહેતા કે પૈસા પેદા કરવા માટે ભણતર–વિદ્યાની જરૂર નથી. સૌ કોઇનો ઉત્કર્ષ થાય તે પ્રકારની દૃષ્ટિ વિદ્યાપીઠના પાયામાંથી જ હોવી જોઇએ. પ્રાથમિક, માધ્યમિક, અને ઉચ્ચ ભણતર સળંગ હોવું જોઇએ, કારણ કે તે કેળવણીનાં જુદાં જુદાં પગથિયાં છે; અને ભાઇ ધીરુભાઇએ કહ્યું તેમ આપણું એક જ અંતિમ ધ્યેય હોવું જોઇએ–**सा विद्या या विमुक्तये।**

અત્યારે પ્રાથમિક શિક્ષકની સ્થિતિ કફોડી છે; કારણકે તેને ઓછામાં ઓછો પગાર મળે છે, પણ તેમને જો પોતે કંઇક છે તે ભાન આવે, અને તેમની આર્થિક સ્થિતિ સુધરે, તો ફરજિયાત શિક્ષણ માટેની જે આપણી યોજનાઓ છે તે ફળીભૂત થશે. આજના ધાર્મિક પુસ્તકોનું જ્ઞાન જે આપણા માણભટ્ટો આપે છે તે આપણા કેટલાક કેળવણીકારોને હોતું નથી. કોલેજના પ્રોફેસરનું અને પ્રાથમિક શિક્ષકનું સ્થાન સમાજમાં એક જ પ્રકારનું હોવું જોઇએ; યુનિવર્સિટી બિલ ધારાસભામાં રજૂ થયું તે વખતે, પ્રાથમિક શિક્ષકોને પ્રતિનિધિત્વ મળે તે માટે મેં મારા વિચારો રજૂ કર્યા હતા; પણ કમનસીબે એમને પ્રતિનિધિત્વ નથી મળ્યું. એ માટે આપણે યત્ન કરવા જોઇશે. મારે મન લાયકાતનું ધોરણ માણસ પોતાની ફરજ બરાબર અદા કરે છે કે નહિ–પોતાનો ધર્મ બરાબર બજાવે છે કે નહિ–તે હોવું જોઇએ; નહિ કે બુદ્ધિ પૈસો કે ભણતર. પચાસ વર્ષ પહેલાં ગામડામાં પૂછશો તો કહેશે કે આ મારો 'ધર્મ' છે, પણ અત્યારે તરત જ તેઓ કહેશે કે આ મારો 'ધંધો' છે. આ કેળવણીની ક્ષતિ છે.

માનવતાના પાયા પર રચાયેલું મહાત્માજીનું જીવન આપણી કેળવણી માટે એક અગત્યનો ગ્રંથ છે. કેળવણીનાં તમામ અંગો ઊંચાં લાવવાં હોય તો સર્વ અંગોનો યોગ્ય ફેરફાર કરવો જોઇએ. કાર્ય અને કારણ અફર છે; અને પરિણામ દેખાતું નથી એ દલીલ ભૂલભરેલી છે. દા. ત. ગુજરાત વિદ્યાસભાના સ્થાપકને ખબર નહિ હશે કે સભા સો વર્ષ સુધી ચાલશે. ઇ. સ. ૧૯૧૩ માં કોંગ્રેસીઓને ખબર ન હતી કે ઇ. સ. ૧૯૪૭ માં સ્વરાજ્ય મળશે, અને બધા ધારાસભામાં બેસીશું.

કેળવણી માતૃભાષામાં આપવી, આ માટે કેટલાક લોકો દલીલો કરે છે કે પ્રાંતીયવાદ વધશે, પરંતુ મારું તો માનવું એમ છે કે આ પ્રકારની દલીલ કેળવણીની ખામી છે–મનનો મેલ છે. જો બધા જ પોતાના મનનો મેલ કાઢી નાખશે તો ઉપરની દલીલ વજુદ વગરની કરશે. શું અમારી સંસ્કૃતિ એક નથી? મહાભારત–રામાયણ–ગીતા વગેરે દરેકના સર્વમાન્ય ગ્રંથો નથી? પણ આજે વિચારો બદલાયા છે કારણ અધૂરી કેળવણી છે; તેમાં કેળવણીની ખામી છે.

હિન્દની મુખ્ય ભાષાઓનું મૂળ કયાં? મરાઠી, બંગાળી, હિન્દી, ગૂજરાતી વગેરે ભાષાનું મૂળ સંસ્કૃત છે. બસો વર્ષ પહેલાં મરાઠી કે ગુજરાતીના કેટલાક પ્રત્યયો એક હતા; તે વખતે પ્રાંતીયવાદ વધશે એની જરાય ધાસ્તી ન હતી. શિક્ષણનું ધ્યેય સત્તા મેળવવાનું હોય તો તે ખોટું છે; પણ જો સેવા કરવાનું હોય તો તે ઉત્તમ છે.

વિદ્યાપીઠોએ એવા વિદ્યાર્થી પેદા કરવાના છે કે પોતાની વાત સાદી ભાષામાં બીજાઓને સમજાવી શકે. અત્યારના અંગ્રેજી કે ઉચ્ચ શિક્ષણ પામેલા, ગામડાના માણસોને પોતાના વિચારો સમજાવી શકતા નથી. પ્રવાહ સાથે જવું સારું છે, પણ પ્રવાહમાં ખેંચાવું એ યોગ્ય નથી; તેમાંથી બચવા માટે પ્રયાસ કરવો જોઇએ. જો માતૃભાષા દ્વારા શિક્ષણ આપવું હશે તો ઉત્તમોત્તમ પાઠયપુસ્તકો પણ માતૃભાષામાં તૈયાર કરવાં પડશે.

જો જનતાને સાચી કેળવણી અપાઇ હશે તો પુખ્ત મતાધિકાર વખતે ચૂંટણીમાં પણ તેનો બરાબર ઉપયોગ થઇ શકશે. ભરમાવનારા ઉમેદવારોને નહિ ચૂંટતા જનતા સાચા અને સેવાભાવી પ્રતિનિધિઓને જ ચૂંટશે. તંદુરસ્ત લોકશાહી માટે કેળવણી એ મુખ્ય પાયો છે. આપણે તો પ્રગતિ કરવાની છે; એમાં અવરોધો અને વિરોધો હશે જ, પણ એ બધાને દૂર કરવા માટે આપણે હમેશા પ્રયાસ ચાલુ રાખવા પડશે.

મને આશા છે કે, ગુજરાત યુનિવર્સિટી, જેનો પાયો નંખાઇ ચૂકયો છે, ત્યાંથી તૈયાર થઇ નીકળનાર સ્નાતકો—એન્જીનિયરો, વકીલો, ડોકટરો કે વિદ્વાનો ગુજરાતની અને રાષ્ટ્રની સામાજિક તથા આર્થિક ઉન્નતિમાં પોતાનાથી બનતો પૂરેપૂરો ફાળો આપશે; અને માનવતાના વિકાસ માટે પોતાનાથી બનતું બધું કરી છૂટશે.

ઘાટકોપર ગૂજરાત સાહિત્ય સભા તરફથી યોજાયેલ આ પ્રસંગે મને આમંત્રણ આપવા માટે સભાનો હું હાર્દિક આભાર માનું છું; અને આપ સૌનો ગુજરાત યુનિવર્સિટીના વિકાસમાં દરેક પ્રકારે સહકાર માગું છું.

પ્રાસંગિક નોંધ

૧૯૫૧ ની મંગળયાત્રા

ખ્રિસ્તી વર્ષ ૧૯૪૯ પૂરું થયું. શરૂઆત જેટલી ખુશનુમા અને પ્રેરણાદાયી હતી, તેવો તેને અંત નથી જ. યુનોની રાહબરી નીચે, હિંદુસ્તાને વર્ષની શરૂઆતમાં કાશ્મીરના પ્રશ્ન ઉપર, પાકિસ્તાન તરફ સુલેહનો હાથ લંબાવ્યો હતો, વર્ષને અંતે બન્ને રાષ્ટ્રો વચ્ચે ઉત્તરદક્ષિણ જેટલું અંતર વધ્યું છે. પાકિસ્તાનમાં એક પણ હિંદુ નિશ્ચિંત મને રહી શકે એવી શક્યતા હવે નથી રહી. હિંદ અને પાકિસ્તાન વચ્ચેના આર્થિક સંબંધો બગડતા ચાલ્યા છે. કાશ્મીરનો પ્રશ્ન આજે વધુ ગૂંચવણભર્યો બન્યો છે.

છસો ઉપરાંત રાજ્યોનું સરદારની કુશળતાથી એકીકરણ પૂરું થયું છે. હૈદ્રાબાદનો પ્રશ્ન પતી ગયો છે; અને તેણે હિંદી બંધારણનો સ્વીકાર કર્યો છે. હિંદમાં આવેલી પરદેશી વસાહતોમાં ફ્રેન્ચ વસાહત—ચંદ્રનગરમાં મતદાન થઈ ગયું; પ્રજાએ હિંદમાં સમાઈ જવાનો અભિપ્રાય આપ્યો, પણ હજુ વિધિ થવાની બાકી છે. આવા બીજા પરદેશી વસાહતી પ્રદેશોનો પ્રશ્ન બાકી જ છે.

નવું બંધારણ પસાર થઈ ગયું છે: ૨૬ મી જાન્યુઆરીથી તેનો અમલ થશે; અને અત્યારની બંધારણીય સભાના પ્રમુખ શ્રી રાજેન્દ્રબાબુ પ્રજાસત્તાક તંત્રના પ્રથમ પ્રમુખ તરીકે પસંદગી પાત્ર ઠરશે એવો સંભવ છે.

ભાષાની સાઠમારી સમજૂતીમાં પરિણમી છે અને હિંદીનો રાષ્ટ્રભાષા તરીકે સ્વીકાર થયો છે.

આ સાથે જ નવી નવી મૂંઝવણો ઊભી થતી ગઈ છે, અને જે લોકમાન્ય સેવકો ઉચ્ચ સ્થાને છે તેમને માટે નવી નવી મુશ્કેલીઓનું નિરાકરણ કરવાનું આવી પડ્યું છે.

હિંદુ કોડ બીલની તરફેણ કે વિરુદ્ધની વાત જવા દઈએ—આજે તો તે હિંદના મોટા ભાગને ઉશ્કેરનારું બીલ થઈ પડ્યું છે. પંડિત જવાહરલાલ એક બાજુ આ મુદ્દા ઉપર રાજીનામાની વાત કરે છે; તો શ્રી રાજેન્દ્રબાબુ "મોટા ભાગના લોકોની આ બિલને સંમતિ મળવી જોઈએ" એવું જાહેર કરે છે.

અનાજ, કાપડ અને રહેઠાણ એ ત્રણે આવશ્યકતાઓ માટે સરકાર પક્ષેથી ગમે તેટલા ભગીરથ (!) યત્નો કર્યા હોય, છતાં રય હજુ ત્યાં ને ત્યાં જ ઊભો છે. પ્રજા પક્ષે જોઈએ તેટલો સહકાર નહિ મળ્યો હોય; છતાં સરકારી તંત્રની શિથિલતા અને બિનઆવડત તરફ દુર્લક્ષ થઈ શકે તેમ નથી.

પ્રાંતીયવાદે, કોમવાદ જેટલી ઊગ્રતાથી નહિ પણ એટલી હદ સુધી લઈ જઈ શકાય એવા સંભવ સાથે ડોકિયું કર્યું છે અને કર્ણાટકે તેની આગેવાની લીધી છે. ગુજરાત, મહારાષ્ટ્ર, બંગાળ, બિહાર અને ઓરીસા વગેરે સ્થળે આ અગ્નિ ધુંધવાઈને પડ્યો છે.

કોમવાદનું દફન થયું ગયું છે; પણ વર્ષ દરમિયાન નવી કોમોનું મંડાણ મજબૂત થતું ગયું છે. સમાજવાદ અને સામ્યવાદને એક બાજુ મૂકીએ તોય મૂડીવાદ અને મજૂરવાદનાં ધર્ષણે વેગ પકડ્યો છે; અસ્પૃશ્યતાના દફન માટે કાયદાઓ પસાર કર્યા, પણ એ જ અસ્પૃશ્યતાએ નવા સ્વરૂપે જન્મ લીધો છે. મહાસભાવાદીઓએ પોતાના ગંતવ્ય મુજબના વાદમાં નહિ માનનારાઓને નવા અસ્પૃશ્ય વર્ગમાં મૂકવા શરૂ કરી દીધા છે.

જરૂર પડે ત્યારે ઉપયોગ કરવા વિશ્વવંદનીય મહાત્મા ગાંધીજીનું નામ જીભને ટેરવે ચડી ગયું છે; પણ એ જીભને ટેરવે જ રહ્યું છે; તેમની વાતો અને ઉપદેશ તથા રચનાત્મક કાર્યક્રમનો આદેશ, એ બધું હવે હૃદયસ્થ નહિ અંતરસ્થ થવું શરૂ થયું છે.

જનતાની ખરીદશક્તિ ઘટી ગઈ છે, પણ હજુ જોડણી-કોશમાં ઉમેરાયેલા નવા લાક્ષણિક શબ્દો—કાળું બજાર; લાંચરૂશ્વત; પાવડી, પક્ષપાત, અછત, સફેદ સાધુતા—ની લાક્ષણિકતા સમાજ-માંથી ઓછી નથી થઈ.

આ બધાની વચ્ચે જૈન સમાજ ક્યાં? એક વખત સારાય ગુજરાતને દોરવાનું જે જૈનો સામર્થ્ય ધરાવતા હતા; "હિંદના શહેનશાહોને પોતાની વિચારધારાથી, મુત્સદ્દીગીરીથી અને વેપાર વાણિજ્યમાં સાહસિકતાથી મુગ્ધ કરતા હતા તે જૈનોનું સ્થાન અત્યારે ક્યાં?

'જૈનો હિંદુઓમાં સમાય કે નહિ' 'બીખમૂબંધીનો કાયદો જૈન સાધુઓને લાગુ પડશે?' 'ટ્રસ્ટોનું નિયમન કરતું બિલ,' 'જૈન મંદિરોમાં આપણી સત્તા પર સરકારી તંત્ર કયારે કેટલો કાપ મૂકે છે?' આવા આવા પ્રશ્નો પર આપણે આપણી શક્તિ ખૂબ ખર્ચી નાખી છે. આ પ્રશ્નો નાનાસુના છે એવું નથી; જરૂર વિચારવા જેવા છે, પણ જૈન સમાજને એથીય વધુ મૂંઝવતા અને ગૂંચવતા પ્રશ્નો પહેલી વિચારણા માગી લે છે.

જૈન સંસ્કૃતિ અને સાહિત્યના વિકાસ માટે જૈન સમાજ એક પણ આદરણીય પગલું નથી ભરી શક્યું—સિવાય મુનિશ્રી પુણ્યવિજયજીની સંશોધન માટેની જેસલમીરની શરૂ થયેલી પુણ્યયાત્રા.

જૈન સમાજે પોતાની સંસ્કૃતિ ટકાવવી હોય તો સમાજના વિચારકોએ અને કાર્યકર્તાઓએ, રાષ્ટ્રહિતને લક્ષમાં રાખી નવાં વર્ષે ચોકકસ ધ્યેયપૂર્વક કાર્ય કરવું પડશે: યુગની સાથે કદમ મિલાવવા પડશે.

પંડિત જવાહરલાલ નહેરુ અને સરદાર વલ્લભાઈની, રાષ્ટ્રના ઘડતર માટેની ૧૯૫૧ ની મંગળયાત્રાને સફળતા પ્રાર્થીએ: અને જૈન સમાજનો પણ એ યાત્રાની સફળતામાં ગણ્ય ફાળો હોય એવું આકાંક્ષીએ.

'અમારી કાંધે ચડી પાછા આવો'

ગયાં મહિને, મુંબઈ સરકારના ગૃહપ્રધાન શ્રી મોરારજી દેસાઈ સપ્તાહ માટે અમદાવાદ ગયા હતા. એ જ અરસામાં ગુજરાત પ્રાંતિક સમિતિની એક મીટીંગમાં ગુજરાતભરમાંથી કાર્યકરો એકત્ર થયા હતા. એક હોદ્દેદાર તરીકે શ્રી. મોરારજીભાઈ પણ આ મીટીંગમાં હાજર હતા. વર્તમાનપત્રોના અહેવાલ પરથી જણાય છે કે આ મીટીંગનું કામકાજ પાંચથી છ કલાક સુધી ચાલ્યું હતું. શ્રી મોરારજીભાઈએ અનેક પ્રશ્નોના જવાબ તેમની હમેશ મુજબની લાક્ષણિક શૈલીએ આપ્યા હતા. જ્યાં જરૂર જણાઈ ત્યાં સરકારી આંકડા રજૂ કરીને, જ્યાં આવશ્યકતા ઊભી થઈ ત્યાં ગાંધીજીના સિદ્ધાંતોની ઢાલ ધરીને; તો જ્યાં કોઈ દલીલ કારગત નીવડે તેમ નહોતી ત્યાં રોષ વ્યકત કરીને!

ગુજરાતભરમાં શ્રી મોરારજીભાઈ માટે સૌને માન છે. સત્યાગ્રહની લડત દરમિયાન તેમણે જે કાંઈ સહન કર્યું છે, તેની સ્મૃતિ તાજી જ છે. એક કાર્યને વળગી રહેવાનો આગ્રહ, અને તેને પૂરું કરવાની તેમની ચીવટ પ્રશંસનીય છે; પરંતુ પ્રાંતિક સમિતિની મીટીંગમાં તેમણે જે રીતે જવાબો આપ્યા છે, તે જવાબો તંદુરસ્ત લોકશાહીમાં માનનારને જરાપણ નહિ રુચે. મુંબઈ સરકારના વહીવટી-તંત્રમાં તેઓ ગૃહમંત્રી છે; તે માટે સૌને માન છે; પરંતુ પ્રાંતિક સમિતિના તેઓ એક સેવક છે, એક સેવક થઈને જ તેમણે સભ્યોને સંતોષવા જોઈતા હતા. જ્યાંસુધી સભ્યો સંતોષ ન પામે ત્યાંસુધી તેમને સંતોષ થાય તે રીતે જવાબો આપવાની કોશિશ કરવી જોઈતી હતી: અથવા સભ્યો જે કહે તે સૂચન સ્વીકારી લેવાં

જોઇતાં હતાં. સરકારી તંત્ર ચલાવવા માટે વ્યવહારૂ અને કડક થવાની જરૂરત રહેતી હશે ખરી; પણ તેથી કાંઇ આદર્શોને વેગળે મૂકી દઇ ન શકાય.

મુંબઇ પ્રાંતમાં ખાંડની છત હોવા છતાં, જે કૃત્રિમ અછત ઊભી થઇ છે. એ મુંબઇ સરકારના તંત્રની શિથિલતાનો પ્રશંસનીય નમૂનો છે. એક બાજુથી સરકારી હુકમ નીકળે કે જિલ્લાઓને અમુક પ્રમાણમાં ખાંડ વધારી આપો; જ્યારે જિલ્લાઓમાં નકકી કરાયેલા પહેલાંનાં ધોરણ પ્રમાણે આપવા જેટલી ખાંડ જ ન હોય! ખુદ પ્રાંતિક સમિતિના હોદ્દેદારો પ્રાંતિક સરકારને વિનંતિ કરે કે, બાજરીનો પાક સારો છે; સરકારે બાંધેલા ભાવ કરતાં પણ ઓછે ભાવે બજારમાં મળી શકે તેમ છે; માટે બાજરીના રેશનીંગમાં કંઇ બાંધછોડ કરો; હંમેશ સુજ્ઞજનો, સરકાર તરફથી જવાબ મળેઃ 'વિચાર કરીશું.' જો વિનતિથી સરકાર વિચાર કરતી થઇ હોય તો સરકાર પોતાનું સરકાર તરીકે અસ્તિત્વ ટકાવી શકે ખરી?

'પ્રજા, અમને સરકારના—તમારા કાંધિયા તરીકે ઓળખે છે,' એવા એક કથનના પ્રત્યુતરમાં શ્રી. મોરારજીભાઇએ જવાબ આપ્યો—ભલે હસતાં હસતાં જવાબ આપ્યો, પણ જવાબ આપ્યો કે એમાં ખોટું શું છે? તમારી સૌની કાંધ પર બેસીને અમે પ્રાંતની જવાબદારી ઉપાડવા ગયા છીએ; એટલે તમને કાંધિયા કહ્યા છે, તેમાં કંઇક અર્થ છે.

શ્રી. મોરારજીભાઇને ત્યાં કોઇ સભ્યે કહ્યું હોત—વ્યકિતગત નહિ, પણ સામુદાયિક લાગુ પડે તેમ—તો સારૂં થાત કે, "અમને કાંધિયા થવામાં જરા પણ વાંધો નથી. આનંદ થાય છે; કારણકે અમારે લીધે તમે ઊજળા છો; પરંતુ જ્યારે અમે કહીએ ત્યારે, અમારી જ કાંધ પર ચડીને પાછા આવો તો ઘણું સારૂં."

આ સૂર ભલે ત્યાં ન સંભળાયો; પણ અંકલેશ્વરથી સંભળાયો છે. વડાપ્રધાન માનનીય શ્રી ખેરને ત્યાંની મ્યુનિસિપાલિટીએ માનપત્ર આપ્યું. આ માનપત્રમાં શહેરીઓએ, તેમની કાલી ભાષામાં ચોખ્ખી વાત કહી દીધીઃ 'જે રામરાજ્યની અમે અમારી સરકાર પાસેથી આશા રાખી હતી, તેનું હજુ બે વર્ષે એકાદ કિરણ પણ નથી દેખાયું.' શ્રી ખેર, આ માનપત્રનો જવાબ, જોઇએ તે રીતે નથી આપી શકયા; પરંતુ આ પરથી જે જે વ્યકિત મહાસભામાં સક્રિય રસ ધરાવે છે; જે પોતાને મહાસભાવાદી કહેવડાવે છે, તે સૌએ બોધપાઠ લેવાની જરૂર છે. જે અવાજ શહેરમાંથી ઊઠવો જોઇતો હતો, એ અવાજ એક ગામડેથી ઊઠયો છે. એ સૂચવે છે કે મહાસભા આમ જનતાથી દૂર દૂર થતી જાય છે. જો ફરી આ સંપર્ક માટે તાત્કાલિક પગલાં નહિ લેવાય તો જે સંસ્થાએ પચાસ પચાસ વર્ષ દેશની સેવા કરી છે, એ સંસ્થા લોકહૃદયમાંથી પોતાનું સ્થાન દૂર કરી બેસશે.

એક અગ્રગણ્ય મહાસભાવાદી કાર્યકરે, વાતવાતમાં કહેલું તે આજે બરાબર યાદ આવે છે; 'અમે ખૂબ અંકુશો મૂકયાઃ અનાજ ઉપર, કાપડ ઉપર; મકાન ઉપર; દારૂ ઉપર; શરતોનાં મેદાન ઉપર; સિનેમામાં બીડી પીવા ઉપર; પરંતુ એક નિયમન હજુ મુકાવું બાકી છે—અને તે અમારામાં આવી ગયેલા સત્તાના મદ ઉપર; અમારા અહં ઉપર.'

નમ્રતાપૂર્વક કહેવું જોઇએ કે આ કથન અત્યારે તો સત્યની તદ્દન નજીક લાગે છે.

'શિસ્તપાળો કાં છૂટા થાઓ!'

આ હકીકતની સાથે જ આચાર્ય શ્રી કૃપાલાની યાદ આવે છે. તેઓ ગાંધીજીના ચુસ્ત અનુયાયી છે; ગાંધીવાદના પુરસ્કર્તાઓમાંના એક છે. સત્ય અને અહિંસાના ઉપાસક છે. તેમની વિચારધારા ચોટદાર અને મર્માળી છે. લોકશાહીના ભકત અને શિસ્તના હિમાયતી છે. બેએક વર્ષ ઉપર જે પદને કોઇ પણ હિંદી ઝંખે તે પદ—મહાસભાના પ્રમુખપદે તેઓ હતા. અત્યારના સરકારી કાર્યવાહકો સાથે તેમને મતભેદ થતાં, ગાંધીજીની સલાહ લઇ, તેમણે મહાસભાનો તાજ છોડી દીધો હતો. એ જ આચાર્ય આજે બંધારણીય સભાના એક અગ્રગણ્ય સભ્ય છે; મહાસભાપક્ષે ચુંટાઇ આવ્યા છે.

તેઓએ તાજેતરમાં જ બંધારણ સભામાં ખાંડ ઉપર ચર્ચા થઇ ત્યારે સરકારની નીતિની ખબર લઇ નાખતું એક સુંદર ભાષણ કર્યું હતું: 'મારે કડક શબ્દો કહેવા પડે છે, તે માટે હું દિલગીર છું; પણ અમારે એ જોઇએ છે કે આ દેશ ઉપર રાજ હોવું જોઇએ. એના ઉપર કાંતો સરકારે રાજ ચલાવવું અથવા તો તેમણે બીજાઓને માટે જગા કરી આપવી; આ સિવાય કોઇ વિકલ્પ નથી. રાજ ચલાવો અથવા છૂટા થાઓ.'

શ્રી કૃપાલાનીજીના ભાષણમાંના ઘણા મુદ્દાઓ સાથે સંમત થવાય એવું હોવા છતાં, મનમાં વસવસો થઇ આવે છે. આ ભાષણ બંધારણીય સભામાં બરાબર હતું? શ્રી કૃપાલાનીજી મહાસભા પક્ષના એક સભ્ય છે. જ્યાંસુધી એ પક્ષના તેઓ સભ્ય છે ત્યાં સુધી પક્ષની નીતિરીતિને વિઘાતક એવું નિવેદન તેઓ કરી શકે? એનો અર્થ એવો નથી કે, તેઓ આંધળું અનુકરણ કરે; પરંતુ એનો અર્થ એવો પણ નથી કે પક્ષને નુકસાન થાય તેવું તેઓ બેસે કે આચરે. મહાસભા પહેલે ડેકું ધ્રુણાવનારાઓનું અને આંગળી ઊંચી કરનારાઓનું ટોળું જામ્યું છે, તેમાના તેઓ એક નથી; એવા તેઓ બને એવું કોઇ ઇચ્છે પણ નહિ; પરંતુ તેમણે જે કહેવું હતું અને કહ્યું તે પક્ષની મીટીંગમાં જ કહેવું જોઇતું હતું; બારપૂર્વક કહેવું જોઇતું હતું; પક્ષની મીટીંગમાં જ પક્ષ ઊભો કરી, મડાગાંઠ ઊભી કરવી હતી.

લોકશાહી સિદ્ધાંતોના ઉપાસક અને ગાંધીવાદના મર્મજ્ઞ શ્રી કૃપાલાનીજીએ, આ ભાષણ આપી શિસ્તનો ભંગ કર્યો છે. તેમનું આ ભાષણ મહાસભા, જેના ઉપર જનતાની શ્રદ્ધા હજુ ટકી રહી છે, તે શ્રદ્ધાને થોડી શી ઓછી કરવામાં સહાયભુત થયું છે. શ્રી કૃપાલાનીજી શિસ્તનાં ચુસ્ત હિમાયતી છે, છતાં તેમને હાથે જ આવી ભૂલ કેમ થવા પામી હશે એ વિચારવા જેવું છે: મહાસભાના વહીવટીતંત્રથી સૌ કોઇ—ખુદ મહાસભાવાદીઓ પણ કંટાળતા જાય છે, એનું આ આડકતરૂં સૂચન તો નથી ને?

ગમે તે હોય; શ્રી કૃપાલાનીજીના આ રીતના વકતવ્યને આવકારી શકાય તેમ નથી જ. જો વકતાને મહાસભાપક્ષનો નીતિરીતિ પસંદ ન હોય તો તેમણે પોતે જ પક્ષને 'છોડી દેવો જોઇએ, અગર તો પક્ષના શિસ્તનું પાલન કરવું જોઇએ.'

ધીરજલાલ ધનજીભાઇ શાહ

સંસ્થાની પ્રવૃત્તિ

તા. ૬-૧-૫૦ ના રોજ સાંજે ૬ વાગે મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિની ચાલુ વર્ષની પ્રથમ મીટીંગ સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઇના પ્રમુખપદે મળી હતી; જે વખતે ચાલુ વર્ષ માટે કાર્યવાહક સમિતિમાં ચાર સભ્યો ઉમેરવામાં આવ્યા હતા; અને લાયબ્રેરી કમિટી તથા વૈદ્યકીય રાહત સમિતિના સભ્યોની પણ ચૂંટણી કરવામાં આવી હતી.

૧ કાર્યવાહક સમિતિના ચાર નવા સભ્યો

૧ શ્રી પરમાનંદ હરજીવનદાસ કામદાર
૨ શ્રી બચુભાઇ દોશી
૩ શ્રી ધનસુખભાઇ ખીમચંદ પુરિયા
૪ શ્રી ચંદુલાલ સાંકળચંદ વકીલ

૨ લાયબ્રેરી કમિટી

૧ શ્રી જયંતીલાલ સુંદરલાલ કોઠારી (મંત્રી)
૨ શ્રી ધીરજલાલ ધનજીભાઇ શાહ
૩ શ્રી દીપચંદ ત્રીભોવનદાસ શાહ
૪ શ્રી રમણલાલ સી. શાહ

૩ વૈદ્યકીય રાહત સમિતિ

૧ શ્રી રતીલાલ ચીમનલાલ કોઠારી (મંત્રી)
૨ શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા
૩ શ્રી રમણિકલાલ મણિલાલ શાહ
૪ શ્રી જસુમતિબહેન મનુભાઇ કાપડિયા

શ્વેતાંબર સ્થાનકવાસી જૈન કોન્ફરન્સ

[શ્રી અખિલ ભારતવર્ષીય શ્વેતાંબર સ્થાનકવાસી જૈન કોન્ફરન્સનું અગિયારમું અધિવેશન તા. ૨૪-૨૫-૨૬ ડીસેમ્બર ૧૯૪૯ ના રોજ, મદ્રાસ મુકામે મુંબઇ ધારાસભાના સ્પીકાર, શ્રી કુંદનમલજી ફિરોદિયાના પ્રમુખપદે મળી ગયું, આ સાથે ત્યાં યુવક સંમેલન પણ શ્રી દુર્લભજી ખેતાણીના પ્રમુખપદે યોજાયું હતું. બન્નેના વ્યાખ્યાનોમાંથી મહત્વના ભાગ તારવી નીચે આપવામાં આવ્યા છે. —સંપાદક].

મદ્રાસ હિંદનું એક મુખ્ય શહેર છે, આ પ્રાંતમાં જૈન લોકો મોટી સંખ્યામાં વસે છે. વેપાર ખેડવા આ પ્રાંતમાં આવેલા જૈન ભાઇઓ, ઉત્સાહી, કાર્યકુશળ અને સેવાભાવી છે.; ઉપરાંત મદ્રાસ પ્રાંતની તામીલ, તેલુગુ અને કાનડી ભાષામાં જૈન ગ્રંથો અને સાહિત્યનો વિપુલ ભંડાર મોજુદ છે. લગભગ બે હજાર વર્ષ ઉપર જૈન સાધુઓએ આંહી આવી જૈન તત્વજ્ઞાનનો પ્રચાર દક્ષિણ હિંદમાં સારી રીતે કર્યો હતો. તેઓના પ્રયત્નથી દક્ષિણ હિંદના લોકોએ આ તત્વજ્ઞાનને ઠીક ઠીક પચાવ્યું પણ હતું. આ ગ્રંથો અને સાહિત્યનું સંશોધન કાર્ય થવાની ખાસ જરૂર છે.

કોન્ફરન્સનું અનન્ય કાર્ય સ્થાનકવાસી જૈન સમાજમાં જાગૃતિ અને સંગઠન કરવાનું છે. આ કોન્ફરન્સના આશ્રય હેઠળ કન્યાકુમારીથી હિમાચળ સુધીના સ્થાનકવાસી જૈન ભાઇબહેનો એકત્ર થાય છે; એકબીજાનાં સમાગમમાં આવે છે; પોતાની મુશ્કેલીઓ—કઠિનાઇઓ ઉપર વિચારવિનિમય કરે છે અને સમાજની ઉન્નતિની યોજનાઓ ઘડે છે. આથી કોન્ફરન્સની મહત્તા આપણે સમજી શકીશું. આવી પાંચદ સિવાય આવી તક સમાજને મળતી નથી. આ કોન્ફરન્સથી જાગૃતિ અને સંગઠન થયા છે; છતાં જો હજુ વધુ પરિશ્રમ ઉઠાવવામાં આવે તો વધુ ફળ મળી શકે.

સાહિત્યનિર્માણના ક્ષેત્રમાં કોન્ફરન્સે જે કાંઇ કાર્ય કર્યું છે તે પ્રશંસનીય છે. આ કાર્યમાં મહત્વનું કાર્ય અર્ધમાગધી કોષનું પાંચ ભાગમાં પ્રકાશન કર્યું તે છે. અર્ધમાગધી કોષ જૈન સાહિત્યનું દર્પણ છે; અને તે ધર્મગ્રંથોના અભ્યાસમાં ખૂબ ઉપયોગી થઇ શકે છે. આ કોષની પૂર્વ અને પશ્ચિમના વિદ્વાનોએ ખૂબ પ્રશંસા કરી છે.

જૈનસમાજનું અધિષ્ઠાન ચતુર્વિધ સંઘ છે. સાધુ, સાધ્વી શ્રાવક અને શ્રાવિકા આ ચારે તીર્થ તરીકે ઓળખાય છે. આ દરેક તીર્થ શક્તિશાળી—મજબૂત હોવું જોઇએ, એટલું જ નહિ પણ ચારે તીર્થોમાં ખૂબ મેળ હોવો જોઇએ. ત્યારે જ સમાજ બળવાન થશે. આ ચતુર્વિધ સંઘની યોજના દૂરંદેશીથી રચવામાં આવી છે, પણ આ યોજનની વિશિષ્ટતા એ છે કે ચારે તીર્થ એકબીજા પર અવલંબિત છે. ત્યાગમય જીવન હોવાને કારણે સાધુસાધ્વીઓનું સ્થાન ઊંચું છે, છતાં તેની સાથે શ્રાવક-શ્રાવિકાનું સ્થાન પણ એટલું જ મહત્વનું છે.

આપણા સાધુઓનો એક સ્થળેથી બીજે સ્થળે—દૂર દૂર સુધી વિહાર કરવાનો નિયમ પ્રચાર માટેનું ઉત્તમ સાધન છે. સાધુઓ પગપાળા જ વિહાર કરે છે; કારણકે તેમને માટે ઘોડાગાડી, મોટર, રેલ વગેરે વર્જ્ય છે. તેમના આવા વિહારથી શહેર તથા ગામડાંઓની જનતાને તેમના દર્શનનો, સહવાસનો, ઉપદેશનો અને જ્ઞાનનો લાભ મળે છે. જનતાને જાગૃત કરવાનો આ સરસ ઉપાય પણ છે. મહાત્મા ગાંધીજીએ રાજકીય ક્ષેત્રમાં દાંડીકૂચ અને છેવટે નોઆખલીમાં આ સાધનનો ઉપયોગ કર્યો હતો; અને તેનાથી કેટલું ઉત્તમ કાર્ય સધાયું હતું, તેના વાત ઇતિહાસમાં અમર જ રહેશે.

સાધુ સંસ્થા પ્રત્યે મારા હૃદયમાં જે ગૌરવવંતુ સ્થાન છે તેનો અર્થ એવો નથી કે, તેમાં પેસી ગયેલા દોષોનો મને ખ્યાલ નથી. નાની નાની વાતો પર મતભેદ, ઝઘડાઓ, ઇર્ષા, દ્વેષ વગેરે જોઇ મને ખૂબ દુઃખ થાય છે. જેમનું જીવન ત્યાગમય છે એવા સાધુઓ માટે આ શોભારૂપ નથી. સાધુઓનું જીવન આદર્શમય હોવું જોઇએ. ત્યાગ અને આડંબર સાથે સાથે કદી નથી રહી શકતા.

સાધુસંસ્થામાં જે શિથિલતાએ પ્રવેશ કર્યો છે, તેનો વિચાર કરતાં તેમાં મને કારણભૂત જણાય છે શ્રાવક-શ્રાવિકાઓ. શ્રાવક-શ્રાવિકાઓના ટેકાથી જ આડંબર વધ્યો છે. આથી જે શિથિલતા આવી છે, તેમાં તેમનો પણ હિસ્સો છે.

યુદ્ધોત્તર સમયમાં જૈન સમાજની જવાબદારી અને કાર્યક્ષેત્ર વધી જાય છે. અત્યારે વિશ્વને અહિંસાના સંદેશની ખૂબ જરૂર છે. જૈન ધર્મમાં અહિંસાને ખૂબ ઊંચું સ્થાન અપાયું છે. વાસ્તવમાં જૈનધર્મનો મૂળ પાયો અહિંસા પર નિર્ભર છે. પૂજ્ય મહાત્માજીએ અહિંસાના તત્વજ્ઞાનને રાજકીય ક્ષેત્રમાં અપનાવી, અહિંસાનું મૂલ્ય વધાર્યું છે. હિંદુસ્તાનની આઝાદીની યશસ્વી લડત, એ અહિંસાના તત્વજ્ઞાનનો જ વિજય છે. જે રીતે આપણે અહિંસાના તત્વજ્ઞાનની મદદથી ગુલામીમાંથી મુક્તિ મેળવી એ જ રીતે, રાષ્ટ્ર નિર્માણ અને રાષ્ટ્રસંવર્ધનમાં; તથા આમ જનતાની આબાદીમાં એ જ માર્ગને આપણે અપનાવવાની જરૂર છે.

મુંબઇ પ્રાંતમાં ભિક્ષાજીવીનો એક કાયદો કરવામાં આવ્યો છે. આ વિષયમાં હમણાં હમણાં વર્તમાનપત્રોમાં ખૂબ ચર્ચા થઇ રહી છે. વાસ્તમાં આ કાયદો ૧૯૪૫ માં ઘડાયો હતો. તે વખતે ધારાસભાઓ ન હતી, અને અંગ્રેજ ગવર્નરની સત્તા હતી. આ કાયદાનો મુખ્ય ઉદ્દેશ એ છે કે, જે લોકો રસ્તા ઉપર અને સાર્વજનિક સ્થળે ભીખ માંગે છે, તેમના પર પ્રતિબંધ મુકાય. જ્યારે સન ૧૯૪૫ માં આ કાયદો ઘડાઇ રહ્યો હતો ત્યારે સર શાંતિદાસ આસકરણ વગેરે આગેવાનોએ કોશિશ કરીને તેમાં સુધારાવધારા કરાવ્યા હતા. સન ૧૯૪૭ માં આ કાયદાની મુદત પૂરી થતી હતી ત્યારે અત્યારની ધારાસભાએ તેને ફરી પસાર કર્યો. તેમાં થોડા સુધારાવધારા પણ કર્યા. હવે આ કાયદાનો અમલી કરવા માટે નિયમો તૈયાર થઇ રહ્યા છે. સરકારે જનતા પાસેથી સૂચનો પણ મંગાવ્યા છે. આ ઉપર જરૂરથી વિચાર થશે. જ્યાંસુધી હું સરકારી માનસ સમજું છું ત્યાંસુધી આ કાયદાનો ઉપયોગ આત્માર્થી સાધુ અને સમાજસેવકોની વિરૂદ્ધ થવાનો જ નથી. મુંબઇ શહેરમાં આ કાયદો ચાર વર્ષથી અમલમાં છે, પણ કોઇએ જૈન સાધુને વહોરાવતી વખતે અટકાવ્યા નથી. છતાં એ વાતનો પણ હું સ્વીકાર કરું છું કે, બને ત્યાંસુધી કાયદાની દૃષ્ટિએ આ વાતનું સ્પષ્ટીકરણ કરાવી લેવું જોઇએ; અને એ માટે યત્નો પણ કરવા જોઇએ. સાધુઓ માટે પરમીટ લેવાની અથવા પરમીટ પાસે રાખવાની પ્રથા હોવી ન જ જોઇએ એવો મારો અભિપ્રાય છે.

જૈન ધર્મના અહિંસા અને સત્યના સંદેશની સારાય વિશ્વને આજે ખૂબ જરૂરત છે. આપણે સૌ આ તત્વજ્ઞાનના વારસદારો છીએ; અને તેથી આપણું કર્તવ્ય થઇ પડે છે કે, આ સિદ્ધાંતોના પ્રચાર માટે આપણે કાંઇક કાર્ય કરી બતાવીએ. અત્યારે આ સમય આ કાર્ય માટે સાચે જ અનુકૂળ છે. સારૂંય વિશ્વ આજે શાંતિ પ્રાર્થે છે; પરંતુ તેને શાંતિ માટેનો કોઇ માર્ગ સૂઝતો નથી; જ્યારે અહિંસાનો માર્ગ એ જ એક આશાનું સ્થાન છે.

—કુંદનમલજી ફિરોદિયા

[૨]

આજનો જુવાન કોઇ વાડા કે બંધનોમાં માનતો નથી. તેનો માનસપ્રદેશ તો વિશ્વવ્યાપી છે. એને કોઇ સંકુચિત ચોકઠાંઓ ગમતાં નથી. આપણા સમાજમાં જ નહિ પણ સમસ્ત દેશ માટે પણ એની એ જ સ્વપ્નદૃષ્ટિ છે. તો પછી આપણાં જૈન સમાજ પૂરતા વાડાઓ ને ફિરકાઓ કેમ સાંખી શકે ? એક વખત કરોડોની સંખ્યામાં ગણાતો જૈન સમાજ આજે ૧૨–૧૩ લાખની નાનકડી સંખ્યામાં સમાઇ ગયો છે ને એટલા નાનકડા સમાજમાં પણ કેટલા વાડા ? કેટલા ફિરકા ? કેટલા જુદા જુદા સંઘો ને સંગઠનો ? આ રીતે વહેંચાઇ જઇને જૈનસમાજ છિન્નભિન્ન બની રહ્યો છે. તેની સંગઠિત તાકાત નાશ પામી છે. મતભેદ અને વિતંડાવાદમાં એની શક્તિનો હ્રાસ થઇ રહ્યો છે. વધુ ને વધુ વાડા, ફિરકા ને વિભાગો જૈનસમાજને વિનાશને કિનારે ખેંચી જશે એ વિષે શંકા નથી.

આવા આત્મઘાતી પરિણામોથી બચવાનું સાધન આપણાં હાથમાં છે, ને તે સાધન છે 'સંઘઐક્ય'નું. અંતે તો આપણે બધા શ્રી મહાવીર પ્રભુનાં સંતાનો છીએ. એક જ ધર્મના સંતાનો વચ્ચે આવો કુસંપ, અનૈક્ય અને વાડા દુઃખદાયક છે. તે ઘડીભર પણ ચલાવી લઇ શકાય નહિ. આપણી દશા આઝાદી પહેલાંના હિંદનાં પીળા પ્રદેશ જેવી છે. સૌરાષ્ટ્ર જેવા નાનકડા પ્રદેશમાં બસો જેટલી હકૂમતોનો અમલ ચાલતો હતો. એ વખતની યાતનાઓ ને ખાનાખરાબીથી આપણે પરિચિત છીએ. આજે એ હકૂમતો નાશ પામી છે ને સર્વત્ર 'એકમો'ની સ્થાપના થઇ છે. હિંદના રિયાસતી ખાતાની એ ભવ્ય સિદ્ધિ આપણને એક અનુકરણીય દૃષ્ટાંત પૂરું પાડે છે. દેશી રિયાસતોના વિલિનિકરણ માફક આપણા સમાજના ભિન્ન ભિન્ન સંઘો, ફિરકાઓ ને હકૂમતોનો વિલય કરી તેનું એકીકરણ કરવું જોઇએ. રાજકીય ભાષામાં જૈન સમાજનું એક 'એકમ' સ્થાપી દેવું જોઇએ. આ કાર્યમાં જુવાનોની ખાસ જવાબદારી છે ને તેમણે તે સહર્ષ ઉપાડી લેવી જોઇએ.

મારે એક નાજુક પ્રશ્નનો પણ નિર્દેશ કરવાનો છે. એ નિર્દેશ અનિવાર્ય છે. તે પ્રશ્ન છે આપણા સાધુસમાજનો. આ પ્રશ્ન નાજુક છે કારણકે આપણાં દિલમાં આપણાં એ ત્યાગી સંતો પ્રત્યે માન અને પ્રેમ ભર્યાં છે. સંસારમોહ તજીને જીવન-મુક્ત દશામાં અનેક શારીરિક કષ્ટો સહીને, તલવારની ધાર જેવાં આકરાં વ્રતો તથા નિયમો પાળીને બારે મહિના ધર્મની આરાધના, તપ તપશ્ચર્યા કરતાં કરતાં સમાજને ધર્મોપદેશ દેવો ! સાધુજીવનની આવી મહાન કલ્પના અને આદર્શને આજે વિચ્છિન્ન થતાં હું જોઉં છું ત્યારે ઉદ્વેગની લાગણી જન્મે છે. રાગ અને દ્વેષરહિત બનીને જેમણે સંસારનો ત્યાગ કર્યો છે; માયા, મોહ, મમતાને મનનો મેલ ગણીને જેણે દૂર કર્યા છે; સ્વાર્થ, પક્ષપાત, અહંભાવ, ભેદ અને મારા-તારાની ભાવનાને જેણે અસ્પૃશ્ય માન્યા છે તેવા સાધુસમુદાયમાં ઉપરનાં અનિષ્ટ તત્ત્વોનું થોડા કે વધુ પ્રમાણમાં આજે પરિબળ જોવામાં આવે છે. એથી વધુ ખેદજનક તો એ છે કે પ્રભુ મહાવીરના સિદ્ધાંત-નિષેધક સંપ્રદાયો ઊભા કરી સ્વચ્છંદને પોષવામાં આવે છે, એ ખરેખર દુઃખદ છે. ને તેથી જ સાધુસમુદાયમાં હજુયે રહેલાં કેટલાંક મહાન મુનિ મહારાજોને હું વિજ્ઞપ્તિ કરું છું કે જે જૈન સમાજની શુદ્ધિ ને વૃદ્ધિ અર્થે આપ તપસ્વી જીવન ગુજારો છો તેની સાચી અને ખરી રક્ષા કરવી હોય તો સાધુ સમાજમાં જે ક્ષતિઓ આવી ગઇ છે તેને નિર્મૂળ કરો, તથા તેને નિર્મૂળ કરવા માટે સંઘનાં અગ્રણીઓ જે પ્રયત્ન કરી રહ્યા છે તેમાં સાથ આપો.

—દુર્લભજી ખેતાણી

[૩]

[કોન્ફરન્સે ઓગણીસ જેટલા ઠરાવો પસાર કર્યા છે; તેમાંથી કેટલાક અગત્યના નીચે આપ્યા છે.]

૧. શ્રી શ્વે. સ્થા. જૈન કોન્ફરન્સનું આ અધિવેશન કેન્દ્રિય સરકારને પ્રાર્થના કરે છે કે આગામી વસ્તી–ગણતરીમાં હિન્દુ, મુસ્લિમ, પારસી, શીખ, ખ્રિસ્તી જેમ ધર્મવાચક શબ્દ રાખવામાં આવે છે તેમ 'જૈન' પણ ધર્મવાચક શબ્દ હોવાથી, આ ધર્મના અનુયાયીઓની જનસંખ્યાની માહિતી માટે, વસ્તી–ગણતરીમાં 'જૈન'નું કોલમ રાખવામાં આવે અને માહિતીપત્રક ભરનારને આ પ્રકારની ખાસ સૂચના આપવામાં આવે કે તેઓ જનતાને ખાસ પૂછીને, પૃથક ધર્મવાચક જનગણના સિદ્ધાંત પર 'જૈન' હોય તેનું નામ 'જૈન' કોલમમાં ભરે; સાથે જૈન ભાઇઓને સૂચના આપવામાં આવે છે કે આગામી જનગણનામાં 'જૈન' કોલમમાં જ તેઓ પોતાનું નામ લખાવે.

૨. વર્તમાન પ્રજાતંત્રીય ભારતમાં જૈન સમાજને સુદૃઢ અને અખંડિત રાખવાની અતિ આવશ્યકતા છે; કેટલીક સામ્પ્રદાયિક માન્યતાના ભેદોને દૂર રાખીને, જૈનોના ત્રણે ફિરકાઓની સામાન્ય બાબતો અને મૂળ સિદ્ધાન્તો પર એક થઇને, કાર્ય કરવું જરૂરી છે; તેથી આ અધિવેશન આપણા શ્વેતાંબર અને દિગમ્બર ભાઇઓની મહાસભાઓ સાથે સમ્પર્ક રાખીને, સમસ્ત જૈનોના સંગઠનની પ્રવૃત્તિઓમાં જ શાસન-ઉન્નતિ માને છે અને તે માટે સક્રિય પ્રયત્ન કરવાની કોન્ફરન્સ ઓફિસને સૂચના આપે છે.

૩. અખિલ ભારતવર્ષીય શ્વે. સ્થાનકવાસી જૈન કોન્ફરન્સનું આ અધિવેશન ભારતની વર્તમાન પ્રજાતંત્રીય કેન્દ્રિય અને પ્રાંતીય તથા સાંસ્થાનિક સરકારને માનપૂર્વક, પરન્તુ દૃઢતાપૂર્વક સાગ્રહ અનુરોધ કરે છે કે જૈન ધર્મની માન્યતાઓ, સિદ્ધાંતો અને સંસ્કૃતિને બાધા પહોંચે અથવા જૈનોના દિલ દુભાય તેવા નવા નવા કાનૂનો બનાવવામાં આવે નહિ; સરકારની શુભ ભાવના હોવા છતાં અને દિલ દુઃભાવવાની ભાવના ન હોવા છતાં પણ ધાર્મિક માન્યતાઓ અને સિદ્ધાંતોના રહસ્ય પૂરા ન સમજવાને કારણે, ગત વર્ષોમાં કેટલીક એવી બાબતો લોકો સમક્ષ આવેલ છે, જેમકે,

(અ) હિન્દુ શબ્દની વ્યાખ્યા સ્પષ્ટ ન કરતાં, હિન્દુ શબ્દમાં જૈનોનો સમાવેશ કરવો.

નોંધ :–હિન્દી પ્રજાના કોઈ વર્ગના અમુક એક ધર્મના અનુયાયી તરીકે ઉલ્લેખ કરવામાં આવે ત્યારે જૈનોનો સ્પષ્ટ અને સ્વતંત્ર ઉલ્લેખ કરવો જોઇએ.

(બ) એકાર ભિખારીઓમાં અપરિગ્રહી અને આત્માર્થી સાધુ મુનિરાજોને પણ ગણી લેવા;

(ક) દીક્ષાર્થીના અભ્યાસની યોગ્યતાના વિષયોમાં કાનૂની પરાધીનતા લાદવી; વગેરે.

ધર્મ અને સંસ્કૃતિના સંરક્ષણ માટે જૈન ધર્મને સ્વતંત્ર રાખવો જરૂરી છે.

૪. આ અધિવેશન વર્તમાન ભારત સરકાર પ્રતિ શ્રદ્ધા અને આદરની દૃષ્ટિએ જુએ છે, કેમકે ભારત સરકાર મહાત્મા ગાંધીજીના સત્ય અને અહિંસાના સિદ્ધાંતમાં માને છે; તથી અધિવેશન સરકારને સાનુરોધ સાગ્રહ પ્રાર્થના કરે છે કે,

ભારતવર્ષમાં ગોવધ અને દૂધ આપનાર જાનવરોની કતલ કાનૂનદ્વારા રોકવામાં આવે અને ખેતીવાડીની રક્ષા નિમિત્તે વાંદરો, સુવર, રોઝ, હરણ, આદિ પશુઓની હત્યા કરવાનો કોઇ પ્રાંતિય અને સંઘ સરકાર કાનૂન બનાવે છે તેમ કરવામાં ન આવે; તેથી રાષ્ટ્રનું હિત થશે અને ભારતના અહિંસા અને ગોપ્રેમી ભારતવાસીઓના દિલને સંતોષ થશે તેમજ ભારત સરકાર પ્રતિ શ્રદ્ધા વધશે.

સત્તાનો મોહ છોડી સંગઠન સાધો

[શેઠ શ્રી કસ્તુરભાઇએ, હમણાં હમણાં, જૈન સમાજને કેટલીક વાતો સ્પષ્ટતાથી કહેવી શરૂ કરી છે. તાજેતરમાં તેઓ શત્રુંજય ગયેલા, ત્યારે ત્યાંના સંઘ તરફથી તેમનું સન્માન કરવામાં આવેલું. આ સન્માનનો જે જવાબ તેમણે આપેલો, તેની પૂરી વિગત જોકે નથી મળી; પણ જે મળી છે તે ઉપયોગી હોઇ "જૈન"માંથી સાભાર ઉધ્ધૃત કરી નીચે આપી છે. —સંપાદક]

"આપ સૌએ મારૂં જે સન્માન કર્યું છે, તે માટે હું મારૂં અહોભાગ્ય સમજું છું. પરન્તુ કેટલાંક કારણોથી હું આવા સન્માનો અને માનપત્રોમાં માનતો નથી. માણસ જો માનપત્ર માટે કામ કરતો થાય તો તેનું પતન થાય. શત્રુંજય, ગિરનાર વગેરે પ્રશ્નોનું સુખદ સમાધાન થવા પામ્યું છે, તે મારે લીધે નહિ પણ દેશકાળને લીધે. શત્રુંજયના કર માટે સાધુ મુનિરાજો તથા જૈન સમાજ તરફથી મારા પર દબાણ હતું, પણ બંદર સમિતિના કામ માટે હું રાજકોટ ગયો હતો અને સૌરાષ્ટ્રના વડા પ્રધાન શ્રી ઢેબરભાઇએ કોઇ પણ જાતની મહેનત વિના તે વિષે આનંદ-પ્રમાચાર મને જણાવ્યા. અને ગિરનારજીના ઝગડાઓ પતાવવામાં આપણા સરદારશ્રીનો હાથ છે. હું દિલ્હી ગયો ત્યારે સરદારશ્રીએ પોતે આ વિષે પૂછ્યું અને બધા પ્રશ્નોનું સમાધાન થઇ ગયું.

" કેસરિયાજીના દેવદ્રવ્યનો પ્રશ્ન આવ્યો ત્યારે મે દિલ્હીમાં પૂજ્ય બાપુજી પાસે વાત મૂકી અને તેમણે શ્રી મુનશીજીને સમજાવી તે દ્રવ્ય કેળવણીમાં ન વાપરવા ભલામણ કરી.

" પેઢીના સંચાલકોની એ નીતિ છે કે કોઇ પણ જાતનો ઉહાપોહ કર્યા સિવાય શાંતિથી કાયદેસર પગલાં લેવાં અને સમજાવટથી કામ કરવું. હવે તો તીર્થરક્ષા ઉપરાંત શિલ્પ, સાહિત્ય અને જ્ઞાનવિકાસ માટે પણ પેઢી કાર્યો હાથ ધરે છે અને જૈન સંસ્કૃતિને ટકાવવાનું કાર્ય ચાલી રહ્યું છે.

" ધર્માદા ટ્રસ્ટએક્ટના આખા ખરડાનો અભ્યાસ કર્યા પછી તેમાંની બે કલમો સુધારો માગે છે; પણ તેમાં ખાસ હરકત જેવું નથી.

" બેગર્સ એક્ટમાં જૈન સાધુઓ આવી શકતા નથી. મુંબઇ સરકારના મોવડી સાથે વાતો કરતાં તેમણે કહ્યું છે કે અમે સંપૂર્ણ વિનયથી કામ લઇશું.

" હિંદુઓ કરોડોની સંખ્યામાં છે, પણ શિલ્પ અને સ્થાપત્ય તથા કળા માટે આપણા શ્વેતાંબર જૈનોએ જે દાનપ્રવાહથી જૈન સંસ્કૃતિને જીવંત રાખી છે તેવું બીજા કોઇએ કર્યું જણાતું નથી. જગતના ઇતિહાસમાં આપણું કળાવિધાન બેનમૂન છે.

" આપણા પૂર્વજો કીર્તિદાનમાં માનતા નહોતા. અત્યારે પાટિયા અને તકતીઓ માટે પૈસા ખરચાય છે તે બરાબર નથી.

" જૈન સાહિત્ય એક અમૂલ્ય વારસો છે પણ તે ગ્રંથરત્નો ભંડારમાં ભરાઇ ગયેલ છે. તેમાંથી કઢાવવાં માટે ઘણાં શ્રમની જરૂર છે.

" સાચે જ, જૈનસમાજના આગેવાનો માટે સત્તાનો મોહ છોડી સંગઠન સાધી જૈન સમાજ, જૈન સાહિત્ય, જૈન શિલ્પ, જૈન કલા અને જૈન સંસ્કૃતિનો વિકાસ કરવાની તક આવી લાગી છે. માત્ર ક્રિયાકાંડથી સંસ્કૃતિ ટકી શકશે નહિ.

" વિદ્યાર્થીઓ અભ્યાસ કરી ડીગ્રી મેળવી પૈસા ભેગા કરવાના મોહમાં પડી જાય છે, તેને બદલે સમાજના કલ્યાણ અને ઉત્થાન માટે તેમણે ફાળો આપવાની જરૂર છે.

"જનસેવા એ આપણું ધ્યેય હોવું જોઇએ."

(અનુસંધાન પૃષ્ઠ ૧૫૪ નું ચાલુ)

આપી શકશે ? એક કરોડ સિક્કા ના બદલામાં પણ, કોઇ અમર, સ્થાયી ચિરંતન સુંદર વિચાર મારામાં, મારો પોતાનો હોય તેમ, જન્મી શકશે ? અને એક મૂઠી ભરીને રત્નો આપું તોપણ પ્રેમજીવનની એક સાચી પળ મને આમાં કયાંથી મળશે ? અથવા તો આ અસંખ્ય માણસોનાં હૃદયને જોવાની શક્તિ આવી શકશે ?'

'જો એ કાંઇ જ આનામાં ન હોય–તો તો આ ભાર, એ પણ એક નકામી ધમાલ નથી ? અર્થહીન અને અસંગત.'

એને લાગ્યું કે આ જે પળ આજે આવી છે, એવી પળ એને ફરીને પ્રાપ્ત થવાની નથી. પ્રજ્ઞાનો દીપ પ્રગટાવવો હોય તો તેલ પૂરવાનો આ સમય છે. અજ્ઞાનના સંતાન જેવી સંગ્રહવૃત્તિએ એની શાંતિને હણી નાખી છે.

પણ પોતાની રાત દિ ચાલી રહેલી સંગ્રહવૃત્તિની વિચારમાળાએ, એના જીવનની પળેપળને કેવા ભયાનક પડછાયાથી ઘેરી લીધી છે એનો ખ્યાલ તો, એને અકસ્માત એક બીજા પ્રસંગે આપી દીધો; અથવા કહો કે એ પ્રસંગે જ એને ખરો જગાડી દીધો !

એ ફરતો ફરતો આવીને પોતાના દુર્ગની બહારના વીજળીતેજમાં લાંબી દૃષ્ટિ નાખતો ઊભો હતો, ત્યાં એક અકિંચન ભિખારી તેની પાસે આવ્યો.

ભિખારીએ પોતાનો હાથ એની પાસે લાંબો કર્યો, અને પેલા શ્રીમંતને લાગ્યું કે, જે ભૂતકાળને–ગઇ કાલને, એ થોડા વખત પહેલાં નિહાળી રહ્યો હતો, પેલા હોજ પાસે, એ આ ગઇ કાલ જ જાણે, મૂર્તિમંત બનીને, એની આજને કહેવા આવી છે કે આપણે એક એવો દીપ ન પ્રગટાવીએ, જે આવતી કાલને પ્રકાશમાં નવરાવે ? ગઇ કાલ, આજ, અને આવતી કાલ કેવો વિચિત્ર યોગ ?

અને એણે એને આવતી કાલે આવવાનું નિમંત્રણ આપ્યું. એકલાં નહિ; સગાંસંબંધી સાથે–ભાગવા નહિ; જીવવાનું શીખવા.

એના મનમાં એક સુંદર વિચાર આવી ગયો હતો: 'જીવનમાં જે જે વસ્તુ છે તે તમામ સુંદર છે. સોનું પણ સુંદર છે. કંચન એ પણ વાઘ જેવું છે. જેને એ વાપરતાં ન આવડે એને એ કર્કશ સ્વર સંભળાવે. આટલો બધો સંગ્રહ થયો તો, એમાંથી એક નવી વાત મળી. સંગ્રહ તમામ સડો આપે છે. પ્રેમ અને પૈસા બન્નેની રીત એકસરખી છે. જે એને પોતાની પાસે જ રાખે, એને એ ધીમે ધીમે હણી નાખે, પણ જે વિવેકથી વાપરે એને કનકમાં પણ પ્રેમની જેમ જ જીવનસંગીત જડે; જે ન વાપરે, તેને એનો ભાર જ મળે.'

અને આ સુંદર વિચારની હવાને સ્થાયી કરવા એણે પેલાને નિમંત્રણ આપ્યું હતું.

ધૂમકેતુ

[તૈયાર થઇ રહેલ અપ્રકટ પુસ્તક "જિજ્ઞાનની જીવનવાણી"માંથી]

એ પળ ચાલી આવે છે!

સોનાના ભાવ વધતા જતા હતા. લાખ્ખોની લગડીઓને પોતાને ત્યાં કેદ કરનારા શ્રીમંતે, પોતાના દુર્ગસમા ઘરમાં પ્રવેશ કર્યો, ત્યારે પ્રવેશ કરનાર એ એકલો જ ન હતો; ખરી રીતે એ એકલો ભાગ્યે જ રહેતો; એની સાથે એક મોટું ટોળું ભટકતું જ ફરતું; નોકરોનું નહિ; ચિંતાઓનું! ભાવ વધવાની ચિંતા. ઘટવાની ચિંતા. સરભર રહેવાની પણ ચિંતા. સરકારના ધારાની ચિંતા. જકાત આવવાની ચિંતા; ન આવવાની પણ ચિંતા. ચિંતા ચિંતા ને ચિંતા! ચિંતા એની સાથે પડછાયાની જેમ રહેતી, કસાઇખાનામાં ઊડતાં અસંખ્ય ગીધડાંની માફક એના ઉપર પણ અસંખ્ય ચિંતાઓ હમેશાં ઊડ્યા કરતી.

પણ એના એવા દુર્ગસમા મહાલયમાં રંગબેરંગી માછલીઓના પીજળીકૂવારા પાસે આવીને એ ઊભો રહ્યો, અને ત્યાં ઊભેલી જલસુંદરીઓના હાથમાં રહેલા કુંભમાંથી ઢળ્યાં જતાં પાણીને નિહાળી રહ્યો! કેવો અખંડિત પ્રવાહ ચાલી રહ્યો હતો! કલ્પનાના ઘોષ સમું પાણી વહી જતું હતું. વિચારના અબ્ધિ તરંગ સમું, એ હોજમાં ઊછળી રહ્યું હતું.

અને એના પોતાના જીવનમાં ગઇ કાલનાં; ભૂતકાળનાં સંસ્મરણો એને અચાનક યાદ આવી ગયાં!

ગઇ કાલે જ જાણે કે, એ પેલા ખેતરને શેઢે બેઠો બેઠો, પોતાના બળદને ચરતા નિહાળી રહ્યો હતો. ઘોરિયામાં પાણી ચાલ્યું જતું હતું. ઝાડના ઝુંડમાંથી પંખીઓનું ગાન આવતું હતું. હવાની લેરખીઓ સુગંધ લાવી રહી હતી. એવું જીવન એ જીવી રહ્યો હતો. થોડી જરૂરિયાતોનું, પણ થોડી ચિંતાઓનું પ્રમાણમાં શાંત જીવન એ ગાળી રહ્યો હતો!

અને આજે? આજે એણે સોનાને કેદ કર્યું હતું. અને ચાંદી સોનાએ એને કેદ કર્યો હતો! ચિંતા અને હાડમારી એવી ગરીબી એની પાસે હતી! અને છતાં લાખોને પણ આવે એટલું સોનું એની પાસે હતું!

ગઇ કાલે એનો રાહ એ મુક્ત પંખીનો રાહ હતો. એ ઠીક પડે તો પોતે ગાય, ઠીક ન પડે તો ન ગાય. આજ એના રાહ ઉપર નિયમની શૃંખલા પડી હતી. એણે અમુક ગાન અમુક ઢબે ગાવું જ જોઇએ. એ જે સમાજમાં હતો, એ સમાજનું ગાન એ એનું પોતાનું ગાન હતું! અને એનું પોતાનું જે ગાન એ તો કયારનું વિદાય થઇ ગયું હતું! એના મુક્તાત્માએ, હવે ભાર વહેનાર ગધેડાનો વેષ ભજવવાનો હતો. એની પીઠ ઉપર પડેલા સોનાને સાચવવા કાં એણે ગધેડા થવું જોઇએ અથવા તો સોનાની ઢળી જવાં દેવું જોઇએ! રે વિચિત્ર પરિસ્થિતિ!

અને એનો આત્મા સંસ્મરણોની દુનિયાને નિહાળીને વિચારી જ રહ્યો: "પેલાં છુટ્ટાં વહી જતાં ઝરણાં આજે કયાં હતાં? પેલી આમલીની ઘટા કયાં હતી? પંખી, પશુ અને વનનું જીવન એ સઘળાં પણ કયાં હતાં?'

'એ બધાં શું કેવળ આ સોના માટે થઇને મેં ખોયાં?' એનું મંથન આગળ ચાલ્યું: 'અને એ પણ આવા સોના માટે કે, જે મારે વહેવાનું, વહેવાનું ને વહેવાનું જ છે?'

'આજ તો મારી પાસે મારી નિરર્થક એકાંત એકલી જ રહી ગઇ છે! એ એકાંત કે જે એક વખત જીવનનો આનંદ આનંદ ભરીને આવતી, આજે એ જ એકાંત જીવનને ભાર, ભાર, અને ભાર આપી જાય છે! ઓ હો! એકાંત એકાંતમાં કેટલો ફેર છે? એક જીવન આપે છે; બીજી જીવન લઇ જાય છે!'

'હા, એટલું ખરું, મારા જીવનના સ્મશાનમાંથી ઊભા થયેલા એક ભવ્ય મહાલયમાં, હું બે ઘડી, કયારેક કયારેક ગુમાવેલો આનંદ અને ખોયેલું જીવન શોધવા નીકળું છું અને અરે! ત્યારે જ મને સાંભરે છે કે, હું જેને અત્યારે શોધું છું, એ તો એક વખત મારામાં જ હતું! પણ એ તો હતું. આજ હવે નથી. આજ હવે એમાંનું કાંઇ શોધ્યું પણ જડતું નથી.'

'એક વખત એ પણ ન હતો જ્યારે એક માત્ર જોયા તેવા કપડામાં ઢંકાયલી, પેલી વગડાવાસીની નાનકડી રૂપકડી છોકરીનાં છાનાં પગલાં, મારા હૃદયમાં પ્રેમને અને પ્રેમના હૃદયમાં મને, એમ આનંદોર્મિના હિંચોળે હિંચકાવી મૂકતાં? એ તે હીંચકો હતો કે સ્વર્ગ હતું, એની પણ આજ તો કેવળ કલ્પના જ કરવી રહી!'

'અને આજે કેટલી રમણીઓની વચ્ચે હું જાતને હીંચોળું છું અને છતાં એ આનંદ જીવન પણ—આની પેઠે જ યંત્ર જેવું જીવન થઇ ગયું છે! જીવન પ્રભાતે જે મધુરતા એમાંથી મળતી હતી, તેનો એક નાનકડો પણ અંશાંશ એમાં કયાં છે?'

'ગઇ કાલે હું ચિંતામુક્ત હતો. લોકનજરમાં મારે માટે માન ન હોય તો કાંઇ નહિ, પણ ઘૃણા તો ન હતી. આજે હું પોતે કેદી છું. ને સુખી નથી; છતાં હું જ સુખી છું એમ માનીને, મારો તેજોદ્વેષ કરનારાઓની સંખ્યા કેટલા સેંકડોની બની ગઇ છે?'

'અને આ બધું શાને લીધે? સંગ્રહવૃત્તિનો આવો ભયાનક લાંબો પડછાયો પડે છે, એ ખબર જાતી, આજ જીવન સંધ્યાકાલે મને પડી!'

'આ કનકને લીધે મારા જીવનના છિન્નભિન્ન કટકા થઇ ગયા છે. એણે મને કર્કશતાની અને મૂર્ખતાની અંધાર ગુફામાં ધકેલ્યો છે.'

'આજ મને ખબર પડી કે કીર્તિ અને કનક એ બન્ને તો કામનાનાં સંતાન છે.'

હોજની રંગીન માછલીઓને જોતો જોતો અનેક પુલપેઢ્યા કયારાઓ પાસેથી એ ધીમે ધીમે ચાલી નીકળ્યો.

પણ હજી એની વિચારમાળા તો એના મનમાં ચાલી જ રહી હતી: 'લોકો જેને સમૃદ્ધિ કહે છે, જેના નામે લોકો ઘેલા ઘેલા થઇ જાય છે, જેનું નામ સાંભળતાં પાણી પાણી થઇ જાય છે, એ આ સમૃદ્ધિ? આ કનકમાયા? દુનિયામાં આ ભેગું કયું જ કર્યું, ધારો કે આખી દુનિયાનું આંહીં ભેગું કર્યું, તોપણ એ સંગ્રહ મને વીતી ગયેલા કાળની, ભૂતકાળના જીવનની, એક નાનકડી પળને પણ ફરીને પાછી આપી શકશે? અથવા હૃદયમાં આનંદ આનંદ કરી શકશે? જીવનમાં સંતોષ

(અનુસંધાન પૃષ્ટ ૧૫૩ જુઓ)

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન: સુર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજી. નં. બી ૪૨૬૬

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ : ૧૧
અંક : ૧૯

મુંબઈ : ૧ ફેબ્રુઆરી ૧૯૫૦ બુધવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

'માનવતાની સેવા એ જ સાચી અહિંસા'

[શ્રી અખિલ હિંદ શ્વેતાંબર સ્થાનકવાસી જૈન પરિષદનું અગિયારમું અધિવેશન તા. ૨૪ ડીસેમ્બર ૧૯૪૯ના રોજ મદ્રાસ શહેરમાં, મુંબઇ ધારાસભાના સ્પીકર માનનીય શ્રી કુન્દનમલજી ફિરોદિયાના પ્રમુખપદે મળ્યું હતું. આ અધિવેશનનું ઉદ્‌ઘાટન=પ્રવચન, મદ્રાસ પ્રાંતના વડા પ્રધાન માનનીય શ્રી પી. એસ. કુમારસ્વામી રાજાએ કર્યું હતું. જૈન સમાજને કદાચ આ પ્રવચનમાં નાવિન્ય નહિ જણાય, પરંતુ જૈનેતર વ્યકિત, જૈન સમાજ અને સિધ્ધાંતો વિષે શું વિચારે છે, તે જાણવા માટે આ પ્રવચન ઉપયોગી થઇ પડશે. મૂળ પ્રવચન અંગ્રેજીમાં હતું. તેનો આ અનુવાદ શ્રી. કમળાબહેન રતનચંદ ઝવેરીઆએ, જૈન પરિભાષાને પકડીને કરી આપ્યો છે. —સંપાદક]

આ પરિષદમાં મારો સહકાર પ્રાપ્ત કરીને આપ સૌએ મને જે માન આપ્યું છે તે માટે આપ સૌનો આભાર માનું છું. જે પરિષદની મારે ઉદ્‌ઘાટનક્રિયા કરવાની છે, તેમાં અખિલ હિંદના સ્થાનકવાસી જૈનો ભાગ લઇ રહ્યા છે, એ જાણી મને આનંદ થાય છે. આ પરિષદ માટે મદ્રાસ શહેર પર પસંદગી ઊતરે, તે મદ્રાસ માટે પણ ગૌરવ લેવા જેવું છે; અને આથી જ મદ્રાસના વડા પ્રધાન તરીકે, આ પરિષદનું ઉદ્‌ઘાટન કરવાના આમંત્રણનો મેં સ્વીકાર કર્યો છે.

ઇતિહાસના ઊગમ કાળથી, હિંદ ધર્મો અને સંસ્કૃતિનો પ્રદેશ રહ્યો છે. હિંદ જેટલાં ધર્મો અને સંસ્કૃતિનું જન્મસ્થાન છે, તેવું કોઇ પણ દેશના નસીબમાં નથી. મહાન ધર્મો અને સંસ્કૃતિના ફિરસ્તાઓ તરીકે અવારનવાર જન્મ લેનાર પોતાના પનોતા પુત્રોદ્વારા હિંદે, આદિકાળથી આધ્યાત્મિક પ્રકાશ અને સંસ્કૃતિના તેજસ્વી તારક તરીકે પોતાની પ્રતિષ્ઠા જમાવી છે. વિશ્વમાં પ્રાચીનમાં પ્રાચીન ગણાતા ધર્મોનો હિંદની પવિત્ર ભૂમિમાં ઊગમ થયો છે, અને આ ધર્મોમાં વૈદિક ધર્મ જેટલો જ જૂનો, અને આજે પણ હિંદમાં તે એક ચેતનદાયી ધર્મ તરીકે જીવી રહ્યો છે. પોતાની પ્રાચીનતા માટે જૈન ધર્મ ગૌરવ લઇ શકે તેમ છે. ઋષભદેવથી મહાવીર સુધીના પ્રાતઃ સ્મરણીય તીર્થંકરોએ તેમાં પ્રાણ પૂર્યાં છે. સૌ પ્રથમ ભગવાન શ્રી ઋષભદેવનો, આદિ કાળની મહાન વ્યકિત તરીકે હિંદુ પુરાણોમાં પણ ઉલ્લેખ છે.

ભૂતકાળમાં કેટલાક રાજવંશોનો જૈન ધર્મને આશ્રય મળવાથી, તેને સારી મહત્તા વારસામાં મળી છે. જ્યાંથી જ્ઞાન અને સંસ્કૃતિનો પ્રકાશ પથરાયો છે એવાં કેટલાંક વિદ્યાધામોની પણ હિંદભરમાં જૈનોએ સ્થાપના કરી છે, આમાંના ઘણાં સ્થળો યુગના વહેણ સાથે ખોવાઇ ગયાં છે; છતાં ભૂતકાળમાં જનતાનાં પ્રવર્તન અને જીવન પર જૈન ધર્મે કેટલી પ્રબળ અસર કરી હતી તેની યશોગાથા ગાતાં, ન ભૂલી શકાય તેવાં અવશેષો, ચિહ્નો અને શિલાલેખો હજુ પણ આપણી વચ્ચે મોજુદ છે. જૈનધર્મની આધ્યાત્મિક અને સાંસ્કૃતિક મહત્તાએ જેટલી અસર કરી છે, તેટલી જ પ્રબળ અસર તેનાં પવિત્ર સ્થળો અને મંદિરોએ પણ કરી છે, અને આવાં સ્થળોથી દક્ષિણ હિંદ સમૃદ્ધ છે. જૈન ધર્મનો ઉદ્‌ગમ જેટલી સહેલાઇથી થયો, તેટલો જ તેનો પ્રચાર જનતામાં જલદીથી થયો, કારણકે એ ધર્મે સંપ્રદાયનું બંધનત્વ કદી સ્વીકાર્યું નથી; અહિંસા તેનો મૂળ સિદ્ધાંત છે. અહિંસાના ફિરસ્તા મહાત્મા ગાંધીજીએ, હમણાં જ, અહિંસાનો જે નવો અર્થ ઘટાવ્યો, અને તેને જે નવું બળ આપ્યું તે જ અહિંસાનો સંદેશ બહુ જ સરળતાથી, જૈન ધર્મે વિશ્વને આપ્યો હતો.

જૈન ધર્મનો સૌ પ્રથમ–મૂળ સિદ્ધાંત 'અહિંસાની ઉપાસના'નો છે; એટલે કે મનથી, વચનથી કે કાયાથી કોઇ પણ જીવને દુભવવો નહિ, એટલું જ નહિ, પણ કોઇ પણ પ્રાણી કે જંતુને પણ દુભવવું નહિ. જૈન ધર્મે જે સિદ્ધાંતો આપ્યા છે તેમાંના કેટલાંક ખૂબ ધ્યાન ખેંચે તેવા છે, જેમકે અહિંસાનું પાલન, સંચિત કરેલાં કર્મોને સમજપૂર્વક ખપાવવાં, જ્ઞાન અને સંસ્કૃતિના પ્રચાર માટે દાન, ગરીબોને સહાય, વ્યકિતઓમાં અયોગ્ય રીતે સંગ્રહાયેલ જતી મૂડી પર નિયમન. અજ્ઞાનતા, ક્રોધ અને માનને દૂર કરવાનો એક બાજુ ઉપદેશ અપાયો છે; તો બીજી બાજુ માનવતા ઉપર પણ ભાર મુકાયો છે. જૈન ધર્મનો મહત્ત્વનો સંદેશ મોક્ષ–માર્ગનો છે; બીજી રીતે કહીએ તો સમ્યક્ દર્શન, સમ્યક્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્રરત્નત્રયીનો છે. અહિંસા અને મન વચનકાયાનું પાવિત્ર્ય, આ ગુણોને આપણામાં વિકસાવવા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ પણ આગ્રહ રાખ્યો હતો. તેમની રાહબરી નીચે, આ સદ્‌ગુણોએ વિશ્વે કદી ન અનુભવેલી ચમત્કૃતિ સિદ્ધ કરી બતાવી, જેથી હવે એ સબળ શસ્ત્રો તરીકે ગણાય છે. જૈન ધર્મની બીજી બાજુ તે ગાંધીધર્મ, એમ કહેવામાં કંઇ ખોટું છે? જૈન ધર્મમાં અહિંસા અને સાધુત્વનું જેટલી હદ સુધી પાલન કરાયું છે, તે પુનરુત્થાન માટે અગત્યના પાઠ સરખું છે. અને જે વ્યકિતઓએ દેશ તથા જનતાની સેવામાં પોતાની જાત સમર્પી દીધી છે તેમનામાં આ ગુણોની વધુમાં વધુ જરૂર છે.

સામાજિક ઐકય સર્જવામાં, જૈન ધર્મે ખૂબ મહત્ત્વનો ફાળો આપ્યો છે. તેણે જે સિદ્ધાંતો આપ્યા અને જે સંદેશો ફેલાવ્યો, તે સમાજની મૂલ્યવાન થાપણ જેવો છે. સામાજિક અને નૈતિક સિદ્ધાંતોના પ્રચાર માટે મોટી સંખ્યામાં નિસ્વાર્થી કાર્યકરો પૂરા પાડનાર ઉચ્ચ કક્ષાની સાધુસંસ્થા માટે જૈન ધર્મ અભિમાન લઇ શકે તેમ છે. ફિલોસોફીની દૃષ્ટિએ જૈન ધર્મ એક અને અખંડ છે; પણ તે સાધુઓને પાળવાના કેટલાક નિયમો અંગે મતભેદને કારણે દિગંબર અને શ્વેતાંબર એવા બે ફિરકામાં વહેંચાયેલો છે. આ મતભેદોમાં મુખ્ય—દિગંબરો એમ માને છે કે સાધુઓ વસ્ત્ર પહેરી ન શકે, જ્યારે શ્વેતાંબરો એમ માને છે કે પહેરી શકે, એ છે. પ્રાચીન જૈન ધર્મે જ્ઞાતિની પ્રથા પર પ્રતિબંધ મૂકયો હતો, અને અસ્પૃશ્યતાનું તેમાં નામનિશાન ન હતું. પરંતુ જેમ બધાં પ્રાચીન ધર્મો અને સંપ્રદાયોમાં બન્યું છે તેમ, જૈન ધર્મમાં પણ નિષ્ક્રિયતા,

મદ્રાસનું અધિવેશન : મારી દૃષ્ટિએ

શ્રી જટુભાઇએ દૂર બેઠા પણ 'પ્રબુધ્ધ જૈન'ના વાંચકોને સ્થાનકવાસી કોન્ફરન્સના અધિવેશનનો જે ખ્યાલ આપ્યો છે તે ઘણે અંશે યથાર્થ છે. તેમનો ભ્રમ એક જ બાબતમાં છે અને તે એ કે તેમણે જે એમ લખ્યું કે ત્યાં વિરોધ પક્ષનો અભાવ હતો તે બરાબર નથી. વિરોધમાં કટુતા તો એટલી બધી હતી કે એક ભાઈ માટે વિષયવિચારણીમાં ઠપકાનો ખાસ ઠરાવ પસાર કરવો પડયો. કેટલાક વિરોધીઓ માત્ર પ્રાંતીય સંકુચિત ભાવનાને આગળ કરીને વિરોધ કરતા તો કેટલાક માત્ર એ બતાવવા માટે કે ઓફીસના કાર્યકરો અમને માત્ર ઉલ્લુ ન સમજી લે. હવે અમે પણ કાંઇક સમજતા થયા છીએ. તો વળી કેટલાકનો વિરોધ પોતાની ધાર્મિક માન્યતાઓ ઉપર આઘાત થવાથી રખેને ધર્મમહેલ તૂટી પડે એ બીકને કારણે હતો. આમ વિવિધ દૃષ્ટિથી જે વિરોધીઓ ત્યાં એકઠા થયા હતા તેમણે અધિવેશનનો ઠીક સમય લીધો અને સામાન્ય રીતે જે કાર્ય બહુ જ સરળતાથી પતી જશે એવી ધારણા હતી તેવાં કાર્યોમાં પણ બહુ સમયનો વ્યય થયો. આ ઉપરાંત બહુ રમુજી એવો વિરોધ તો બાલદીક્ષાના ઠરાવ વ્યકત થયો. એ પ્રસ્તાવમાં યુવાન પક્ષનો સ્પષ્ટ વિજય હતો છતાં નાનાપ્રકારે મતગણતરી કરાવવામાં અને છેવટે પોલની માગણી કરવામાં વૃદ્ધપક્ષે પાછી પાની કરી નહિ, પણ જ્યારે તેમને લાગ્યું કે કોઇ પણ રીતે આપણો વિજય થાય એમ છે નહિ ત્યારે તેમણે સમાધાનની માગણી કરી અને એવું સમાધાન મંજુર કરી પોતાના આંસુ ભૂસ્યા જે વસ્તુ પ્રસ્તાવક અને સમર્થક સ્વયં પ્રથમથી જ સ્વીકારી લેવાનું કબુલ્યું હતું, પણ વૃદ્ધોએ એ વસ્તુને માની ન હતી. આટલી હઠધર્મી પછી અને બે-ચાર કલાકના સમયના વ્યય પછી જે તેમણે સ્વીકાર્યું તે તો પ્રથમથી યુવાનો આપવા તૈયાર જ હતા.

આમ નાનાં પ્રકારનો વિરોધ છતાં છેવટે તો બધું લગભગ સર્વાનુમતે જ પાસ થયું. અને તે ઠીક થયું; કારણ જે કાર્યો માટે પ્રસ્તાવો થયા છે તે માટે સર્વાનુમતિ આવશ્યક છે.

સંઘઐક્ય અને બાલદીક્ષા વિષેના ઠરાવોમાં જે ભાષણો થયા તેમાં વકતાઓના દિલની જલન સ્પષ્ટ હતી. અને સાધુઓના શિથિલાચારથી હવે બધા ત્રાસી ગયા છે, એ હવે સમાજમાં અસહ્ય છે એ સ્પષ્ટ થયું. એક પણ વકતાએ સાધુઓની પ્રશંસાના શબ્દો ઉચ્ચાર્યા નહિ, એ બતાવે છે કે હવા કઇ દિશામાં વહી રહી છે. સાધુસાધ્વીઓમાં શિથિલાચાર હોવા છતાં કોઇની હિંમત તેમની મુહપત્તિ છીનવી લેવાની નથી થતી એનું દુઃખ વકતાઓએ વિનાસંકોચે વ્યકત કર્યું. આનું કારણ સામ્પ્રદાયિક મમત્વ જ છે. એ મમત્વ જો નષ્ટ થાય તો સમાજમાં શિથિલાચાર નભી ન શકે તેની ખાતરી ત્યાં ઉપસ્થિત સર્વને થઈ અને તેથી જ સૌએ એકમતે સંઘઐક્ય યોજનાને વધાવી લીધી. પણ એ કાર્ય જેટલું દેખાય છે તેટલું સરળ નથી. આપણી અજ્ઞાનતા અને મતાંધતાનો લાભ હજી સાધુઓ લેવાનું ચૂકશે નહિ અને શ્રાવકોને જ આપસઆપસમાં તેઓ લડાવી મારશે એ નિશ્ચિત છે. ખરી રીતે અત્યાર સુધી જે સાંપ્રદાયિક કલહો વધ્યા છે અને થયા છે તેના મૂળમાં ઊંડા ઊતરીએ તો જણાશે કે સાધુઓ પરસ્પર પ્રત્યક્ષ રીતે નથી લડયા પણ શ્રાવકોને જ લડાવ્યા છે; અને તેમ કરી પોતે એક ટોળાના નાયક બન્યા છે. આ ચક્રમાંથી

મુક્ત થવું એ જ સંઘઐક્યનો સાચો માર્ગ છે. આ માર્ગ ઉપર ચાલવાની હિંમત કોઇ સાધુ કરશે નહિ. પણ શ્રાવકોએ જ આ માર્ગ ઉપર ચાલવું રહ્યું. સાધુઓ ઉપર આધાર રાખવો એ જ મોટી ભૂલ છે. સાધુઓ તો આપણા ધર્મના ઉપદેશકો છે, ધર્મના સંચાલકો નથી. ધર્મના સંચાલકો તો શ્રાવકો જ છે

શ્રાવકોએ હવે નીકળવું જ જોઇશે, અન્યથા કોન્ફરન્સમાં જે નિશ્ચય કર્યો છે તે પૂરો નહિ થાય.

આખા ભારતવર્ષમાં અત્યારે પ્રાંતિયતાનું મોજું ફરી વળ્યું છે તેનું પ્રદર્શન આ ધાર્મિક અધિવેશનમાં પણ થયું તે દુઃખદ બીના છે. પણ મારે સ્પષ્ટ કહેવું જોઇએ કે કોન્ફરન્સના કાર્યકર્તાઓએ થોડીક સાવચેતી રાખી હોત અને બધાને વિશ્વાસમાં લેવાનો પ્રયત્ન કર્યો હોત તો શ્રાવિકાશ્રમ જેવાં સર્વોપયોગી કાર્યને આગળ કરીને પ્રાંતિયતાનો જે ઝગડો ત્યાં થયો તે થવા પામત નહિ. ફંડ થયું તેમાં તેના કાર્યકર્તાઓએ ઉત્સાહમાં જુદેજુદે ઠેકાણે જુદું જુદું કહ્યું છે એ ત્યાંની ચર્ચા ઉપરથી સ્પષ્ટ હતું. પ્રતિજ્ઞા કરનાર બહેનોનું મંતવ્ય તેમની પ્રતિજ્ઞામાં સ્પષ્ટ છે. જૂના ઠરાવોમાં પણ મુંબઇમાં જ શ્રાવિકાશ્રમ સ્થાપવાની વાત સ્પષ્ટ છે. આટલી ભૂમિકા હતી તો પછી જો તેમણે સામાન્ય સમિતિની આજ્ઞા લઇને મકાન ખરીદ્યું હોત તો પ્રાંતિયતાને બહાર આવવાનું આ અધિવેશનમાં કારણ રહેત નહિ. એ ગમે તેમ હોય છતાં આપણામાં ઊંડે ઊંડે કેવી પ્રાંતિયતા રહી છે અને તે ધાર્મિક એકતા કરતા પણ બળવાન છે અને તેને નષ્ટ કરવામાં આપણી ધાર્મિક એકતા પણ નિમ્ન કક્ષા છે એ આખી ચર્ચાનો સાર છે: મૂળે તો જૈન કોમ એ વણિક કોમ છે. ધર્મ બધા ભલે એક હોય, પણ આપણા પૈસાનો લાભ આપણી જ આસપાસના આપણા ધર્મના લોકોને મળે એ સંકુચિત દૃષ્ટિ, એ પ્રાંતિય દૃષ્ટિ સામે આપણો સાધર્મિક ભાઇ ગમે ત્યાં હોય તેને તેનો લાભ મળે એવી દૃષ્ટિનો વિકાસ કરવો એ કેટલું કઠણ છે તે શ્રાવિકાશ્રમની ચર્ચા ઉપરથી સ્પષ્ટ થયું. જૈન ધર્મ તો માનવમાત્રની દયા, અરે, પ્રાણી માત્રની દયાનો વિચાર અને આદેશ આપે છે. છતાં આપણે આપણી પ્રાંતિયતામાં એવા અટવાઇ ગયા છીએ કે આપણી એ ભાવના સાધર્મિક સુધી પણ પહોંચી શકતી નથી તો પછી સકલ માનવ સુધી પહોંચવાની વાત અત્યારે તો સ્વપ્નવત્ જણાય છે.

મોટાં ફંડોની આશાએ અધિવેશન મદ્રાસમાં કરવાનું નક્કી થયું હતું એ આશા નિરાશામાં પરિણમી. તેમાં પણ સ્થાનિક લોકોની અનુદારતા જ કારણભૂત હતી. સ્વાગત કરવામાં જરા પણ કમી નહિ રાખનાર એ ભાઇઓએ એ આગ્રહ પકડયો કે ફંડ–ફાળો કે સ્વાગતસમિતિની બચત મદ્રાસની સંસ્થાઓ માટે જ ખર્ચવી જોઇએ. આ તેમની વાત બહારના કોઇ પણ સ્વીકારી શકે તેમ હતું નહિ, એટલે આર્થિક દૃષ્ટિએ આ અધિવેશનથી કોન્ફરન્સને કાંઇ ફાયદો થયો નહિ. અધિવેશનની સ્વાગત સમિતિ સમસ્ત ભારતવર્ષમાંથી રચાઇ હતી, માત્ર મદ્રાસપ્રાંતમાંથી નહિ; તો પછી બચતમાં મદ્રાસનો જ માત્ર હક રહે એ તેમની વાત કોઇને ગળે ઊતરે તેમ હતું નહિ. વળી મદ્રાસના જૈન ભાઇઓ ગરીબ હોત અને ત્યાંની સંસ્થાઓનું સંચાલન અર્થના અભાવે ખોરંભે પડયું હોય તો અધિવેશનની એ ફરજ ગણાત કે તેમને માટે કાંઇક કરે, પરંતુ ત્યાં તો સમૃદ્ધ લોકો વસે છે. અને સંસ્થાઓ પણ ઉત્તરોત્તર સુંદર રીતે વિકાસ પામી રહી છે. એ સ્થિતિમાં આ પ્રસંગે જે સંકુચિત વૃત્તિ તેમણે દાખવી તે શોભાસ્પદ ન હતી. કારણ આગમપ્રકાશન જેવી સર્વોપયોગી યોજના માટે સારું એવું ફંડ કરવાની કાર્યકર્તાઓને આશા હતી તે પર પાણી ફરી વળ્યું. અને સંઘઐક્ય જેવી જે ખર્ચાળ યોજના કોન્ફરન્સે ઉપાડી છે તેના માટે તેમ જ કોન્ફરન્સના નિભાવ માટે પણ કાંઇ ફંડ એકત્ર થઇ શકયું નહિ. આનો અર્થ તો એટલો જ છે કે એ બધું ખર્ચ હવે મુંબઇએ જ કરવું રહ્યું. અગર તો કાર્યકર્તાઓએ પોતાના વ્યક્તિગત પ્રભાવનો ઉપયોગ કરી ગમે ત્યાંથી પૈસા ઉઘરાવી લેવા–આવી ઉઘરાણી આવા અધિવેશનમાં સુકર હોય છે તેનો લાભ તેમને મળ્યો નહિ. આ હકીકતના મૂળમાં લોકોનો સાર્વજનિક અસંતોષ પણ કારણ હોઇ શકે. અને તે એ કે વર્ષો થયાં કોન્ફરન્સ ઓફિસ મુંબઇમાં જ છે અને તેના કાર્યકર્તાઓ પણ મુંબઇમાં જ છે. મુંબઇવાળાઓ પાસેથી મારવાડના કેટલાક સજ્જનો ઓફિસ અન્યત્ર લઇ જવા માગે છે, તેમાં તેઓ પુરી સફળતા મેળવી શકતા નથી. તેનું કારણ બંધારણની જૂની ઘરેડ છે. એટલે તેમણે પ્રતિક્રિયારૂપે કોન્ફરન્સ ઓફિસ પ્રત્યે આર્થિક અસહકાર કરવામાં સાથ આપ્યો હોય એ પણ સંભવે છે. એ ગમે તેમ હો પણ કાર્યકર્તાઓએ હંમેશા ખુરશીનો મોહ જતો કરવો જોઇએ. જે રીતે કાર્યકર્તાઓની ચુંટણી થઇ તેમાં સ્પષ્ટ હતું કે તેઓ પોતાની ખુરશીને છોડવા માગતા નથી. કાર્યકર્તાઓની ચુંટણીનો પ્રસ્તાવ સ્વયં સામા પક્ષ તરફથી જ આવે એટલી ઉદારતા તેમણે કેળવવી જોઇએ, અને પોતાની તટસ્થતાથી સામા પક્ષને જીતી લેવાની કોશિશ કરવી જોઇએ. એ ન બન્યું એટલે સામાપક્ષની પ્રતિક્રિયા વધી અને ઓફિસને ગમે તે કારણે હેરાન કરવાની વૃત્તિને વેગ મળ્યો. જ્યારે ચર્ચા બહુ ગરમાગરમ થાય ત્યારે કાર્યકર્તાઓ દાવ ફેંકતા કે અમે બધું છોડી દેવા તૈયાર છીએ–અને આનું પરિણામ એ જ આવતું જે તેમણે દાવ ફેંકતી વખતે ધાર્યું હોય. સાર એ જ છે કે જો આપણે બધું છોડવા તૈયાર હોઇએ તો એ બધું આપણા ગળામાં આપોઆપ આવી જાય છે.

કોન્ફરન્સના જુના બંધારણમાં અર્થને પ્રાધાન્ય હતું, તેને બદલે નવું બંધારણ જે પસાર થયું તેમાં સમાજને પૂરું પ્રતિનિધિત્વ મળે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. પણ આ બંધારણ તો જ સફળ થશે જો જુદા જુદા પ્રાંતના લોકો સ્વયમેવ તેમાં રસ લઇને સભ્યો બનાવશે. ઓફિસ મુંબઇમાં બેઠા વગર–ચૈત્રે આખા હિન્દુસ્તાનમાંથી સભ્યો બનાવી શકે એ સંભવિત લાગતું નથી. એટલે જે લોકો આવા સંપૂર્ણ પ્રતિનિધિત્વને અવકાશ આપનાર બંધારણ માટે આગ્રહશીલ હતા તેમની ફરજ છે કે તેમણે આ નવા બંધારણને સફળ બનાવવા માટે પ્રયત્ન સ્વયમેવ કરવો જોઇએ. ઓફિસ તો ઘાટકોપરમાં પસાર થયેલ બંધારણ ચલાવવામાં નિષ્ફળ નીવડી છે તે જ પ્રમાણે આ બંધારણ ચલાવવામાં પણ નિષ્ફળ નીવડશે એટલે જેમને લોકશાહી બંધારણ માટેનો આગ્રહ હતો તેમની ફરજ છે કે તેમણે એ બંધારણને સફળ બનાવવા પૂરો પ્રયત્ન કરવો. અન્યથા ઓફિસ તો કહી શકશે કે અમને લોકોનો સાથ ન મળ્યો એટલે અમે તે બંધારણનો અમલ કરવા અસમર્થ નિવડયા.

મદ્રાસમાં મળનારી યુવકપરિષદનું ભવિષ્ય જે શ્રી. જયંતભાઇએ ભાખ્યું હતું તે ત્યાંની તેની કાર્યવાહી જોતાં સ્પષ્ટ જણાયું. કોન્ફરન્સથી વિચારમાં એક પણ ડગલું આગળ વધવાની તેમની તૈયારી હતી નહિ, પણ કોન્ફરન્સમાં જ્યારે સામાજિક સુધારણાના પ્રસ્તાવ ઉપર વિચારણા ચાલતી હતી ત્યારે કેટલાક યુવકો એમ કહેતા સંભળાયા કે એ પ્રસ્તાવ કોન્ફરન્સ શા માટે કરે–યુવકપરિષદ માટે કાંઇક તો બાકી રહેવા દો. આ સાંભળી મને લાગ્યું કે આ યુવકો તે કેવા? વૃદ્ધો પોતે જ આગળ જવા માગતા હોય તો તેમની બેડી કાપવી એ યુવકનું કામ કે તેમને ઊલટી બેડી પહેરાવવી? આનું કારણ એક જ છે કે તે ભાઇઓ સ્પષ્ટ વિચારણા કરતા નથી; હજી યુવાન છતાં વૃદ્ધ છે.

મહિલાપરિષદ પણ વૃદ્ધોના મનનું જ અનુગમન કરનારી હતી. પ્રમુખના ભાષણમાં ક્રાંતિકારક વિચારો ન આવી જાય તેની તકેદારી રાખવામાં આવી હતી. છમાંય કેટલીક બહેનોમાં સંપૂર્ણ ક્રાંતિનો ઉત્સાહ હતો અને તે એક શુભ ચિન્હ હતું.

ભારત જૈન મહામંડળની સ્થિતિ તો 'માન ન માન મૈં તેરા મહેમાન' એવી કાંઇક હતી. એ સંસ્થા ત્રણે ફિરકાની છે છતાં તેનું સંચાલન કોના હાથમાં છે તે બહુ ઓછા લોકો જાણે છે.

વિશ્વશાન્તિવાદી સંમેલન અને જૈનપરંપરા

[તા. ૧-૧-૫૦ નું ચાલુ]

ઐતિહાસિક દૃષ્ટિ

હવે આપણે ઐતિહાસિક દૃષ્ટિથી નિવૃત્તિ અને પ્રવૃત્તિની બાબતમાં જૈન પરમ્પરાનું વલણ શું રહ્યું છે તે જોઇએ. આપણે પહેલાં જોઇ ગયા કે માંસ મદ્ય આદિ વ્યસનત્યાગ, નિરર્થક પાપકર્મથી વિરામ પામવો–અટકવું–એ પ્રકારના નિષેધાત્મક સુસંસ્કાર અને અનુકમ્પા–મૂલક જીવ માત્રનું કલ્યાણ કરવાની વૃત્તિ જેવા ભાવાત્મક સુસંસ્કાર જૈન સમાજમાં વારસાગત છે. હવે જોવું જોઇએ કે આવા સંસ્કારે નું નિર્માણ કેવી રીતે થયું તેમ તેની પુષ્ટિ કેવી કેવી રીતે થતી ગઇ અને આ સંસ્કારોદ્વારા ઐતિહાસિક કાળમાં કઇ કઇ ઘટનાઓ બની.

જૈન પરમ્પરાના આદિપ્રવર્ત્તક ગણાતા ઋષભદેવના સમય જેટલો અંધકારયુગ આપણે છોડી દઇએ તો પણ આપણી સામે નેમિનાથનું ઉદાહરણ સ્પષ્ટ છે, જેને વિશ્વાસપાત્ર માનવામાં કોઇ જાતનું અનિષ્ટ નથી. નેમિનાથ દેવકીપુત્ર કૃષ્ણના પિતરાઇ ભાઇ અને યદુવંશના તેજસ્વી તરણ હતા. તેમણે બરાબર લગ્નના અવસર પર જ માંસભોજનના નિમિત્તે એકત્ર કરાયેલા સેંકડો પશુપક્ષીઓને લગ્નના અસહયોગ દ્વારા જે અભયદાન આપવાનું મહાન સાહસ કર્યું તેનો પ્રભાવ સામાજિક સમારંભોમાં પ્રચલિત ચિરકાલીન માંસભોજનની પ્રથા પર એવો પડયો કે એ પ્રથાનાં મૂળ હલમલી ઊઠયા. એક તરફથી આવી પ્રથા શિથિલ થવાથી માંસભોજનના ત્યાગના સંસ્કાર પડયા અને બીજી બાજુથી પશુપક્ષીઓને મૃત્યુથી બચાવવાની વિધાયક પ્રવૃત્તિ પણ ધર્મ્ય ગણાવા લાગી. જૈન પરમ્પરાના અગાઉના ઇતિહાસમાં આપણે જે અનેક અહિંસાપોષક અને પ્રાણીરક્ષક પ્રયત્ન જોઇએ છીએ તેના મૂળમાં નેમિનાથની ત્યાગ–ઘટનાના સંસ્કાર કામ કરી રહ્યા છે.

પાર્શ્વનાથના જીવનમાં એક પ્રસંગ એવો છે કે જે ઉપલક દૃષ્ટિએ સાધારણ લાગે છે પણ નિવૃત્તિ–પ્રવૃત્તિના વિચારથી જોઇએ તો અસાધારણ છે. પાર્શ્વનાથે જોયું કે એક તાપસ જે પંચાગ્નિ તપ કરી રહ્યો છે તેની આસપાસ બળતા મોટા લાકડામાં સાપ પણ બળી રહ્યો છે. એ સમયે પાર્શ્વનાથ શાંત રહી ન શકયા, પણ તત્કાલીન પ્રથા અને લોકમતની વિરુધ્ધ તેમણે અવાજ ઉઠાવ્યો અને પોતાના પર આવનાર જોખમની પરવા કરી નહિ. તેમણે લોકોને સ્પષ્ટ કહ્યું કે જેમાં નિરપરાધ પ્રાણી મરે છે એવું તપ અધર્મ છે. આ પ્રસંગે પર્શ્વનાથ મૌન રહ્યા હોત તો તેમને કોઇ હિંસાભાગી અથવા મૃષાવાદી કહેત નહિ. તો પણ તેમણે સત્ય બોલવાનો પ્રવૃત્તિમાર્ગ એ માટે અપનાવ્યો કે સ્વીકૃત ધર્મની પૂર્ણતા કેવળ મૌન અથવા નિવૃત્તિમાર્ગ કદી સિદ્ધ થઇ શકતી નથી.

ચાતુર્યામના પુરસ્કર્ત્તા ઐતિહાસિક પાર્શ્વનાથની પછી પંચયામના સમર્થક ભગવાન મહાવીર આવે છે. એમના જીવનની કેટલીક ઘટનાઓ પ્રવૃત્તિમાર્ગની દૃષ્ટિએ બહુ જ સૂચક છે. મહાવીરે સમતાના આધ્યાત્મિક સિધ્ધાંતને માત્ર વ્યકિતગત નહિ રાખતા તેનો ધાર્મિક દૃષ્ટિએ સામાજિક ક્ષેત્રમાં પણ પ્રયોગ કર્યો છે. મહાવીર કોઇ મનુષ્યને જન્મથી ઉચ્ચ અથવા નીચ માનતા નહોતા. સર્વને સદ્‌ગુણ—વિકાસ અને ધર્માચરણના અધિકાર એક સરખા જ છે એવો એમનો દૃઢ સિધ્ધાન્ત હતો. આ સિધ્ધાન્તને તાત્કાલીન સમાજ–ક્ષેત્રમાં લાગુ કરવાનો પ્રયત્ન એ એમની ધર્મમૂળક પ્રવૃત્તિની એક બાજુ છે. અથવા તેઓ કેવળ નિવૃત્તિમાં જ પૂર્ણ ધર્મ સમજતા હોત તો પોતાના વ્યકિતગત જીવનમાં અસ્પૃશ્યતાનું નિવારણ કરીને સંતુષ્ટ રહેત. પણ તેમણે એવું ન કર્યું. તાત્કાલીન પ્રબળ બહુમતની અન્યાયી માન્યતાની વિરુધ્ધ તેમણે સક્રિય પગલાં ભર્યાં અને મેતાર્ય તથા હરિકેશ જેવા સર્વથી નિકૃષ્ટ ગણાતા અસ્પૃશ્યોને પોતાના ધર્મસંઘમાં સમાન સ્થાન આપવાનું દ્વાર ખુલ્લું કર્યું; આટલું જ નહિ પરંતુ હરિકેશ જેવા તપસ્વી અને આધ્યાત્મિક ચાંડાલને, છૂતઅછૂતમાં નખશિખ ડુબેલા જાત્યાભિમાની બ્રાહ્મણોના ધર્મમાર્ગોમાં ઉભો કરીને ગાંધીજી દ્વારા સમર્થિત અસ્પૃશ્ય મંદિરપ્રવેશ જેવા વિચારનું ધર્મબીજ વાવવાનું પણ મહાવીર–અનુયાયી જૈન પરમ્પરાએ કર્યું છે. યજ્ઞયાગાદિમાં અનિવાર્ય મનાતી પશુ આદિ પ્રાણીહિંસાથી સર્વથા દૂર રહ્યા હોત તો ભગવાન મહાવીરને કે તેમના ત્યાગી અનુયાયીને કોઇ હિંસાભાગી લેખત નહિ, પણ તેઓ ધર્મના મર્મને સંપૂર્ણરીતે સમજતા હતા. એટલે જ જયઘોષ જેવા વીર સાધુ યજ્ઞના મહાન સમારંભનો સંકટની કશીપણ પરવા કર્યા વિના વિરોધ કરે છે અને પોતાના અહિંસાના સિધ્ધાંતને ક્રિયાશીલ અને જીવંત બનાવવાનો પ્રયત્ન કરે છે. અને અંતમાં એ યજ્ઞમાં ઉપયોગમાં લેવાના પશુઓને પ્રાણથી અને મારનાર યાજ્ઞિકને હિંસકવૃત્તિથી બચાવી લે છે. આ અહિંસાની પ્રવૃત્તિ–બાજુ નહિ તો બીજું શું છે? ખુદ મહાવીરની સમક્ષ તેમનો પૂર્વસહચારી ગોશાલક આવ્યો અને પોતાની જાતને વાસ્તવિક સ્વરૂપથી છૂપાવવાનો તેણે પ્રયત્ન કર્યો. જો મહાવીર એ સમયે કશુંયે બોલ્યા ન હોત તો કોઇ એમને મૃષાવાદના ત્યાગના મહાવ્રતથી ચ્યુત થયેલા માનત નહિ, પણ એમણે પોતે જ સત્ય જોયું અને વિચાર્યું કે અસત્ય ન બોલવું એટલું જ આ વ્રતને માટે પર્યાપ્ત નથી પરંતુ અસત્યવાદના સાક્ષી થવું એ

અને તેનો પ્રચાર પણ નગણ્ય છે. માત્ર આવા મોટા ઉત્સવોનો લાભ લેવા છેલ્લી ઘડીએ એ તૈયાર થાય છે. એટલે લોકોને તેમાં વિશેષ રસ રહેતો નથી. હવે તેના પ્રમુખ શ્રી ઋષભદાસ રાંકા–વર્ધાવાળા થયા છે તેઓ ઉત્સાહી છે અને સંભવ છે કે મહામંડળની નૈયાને તેઓ વ્યવસ્થિત રૂપે પાર ઉતારે. જૈનોના ત્રણે ફિરકા માટે એક પ્લેટફોર્મની આવશ્યકતા છે, તો તેમાં પ્રાણ લાવીને તેનો ઉપયોગ સમાજે શા માટે ન કરવો?

ત્રણચાર દિવસમાં આટલી બધી કોન્ફરન્સો એક જ પંડાલમાં થાય તેથી એકેયનું કામ પૂરું થતું નથી એ અનુભવે બતાવ્યું છે; છતાં એટલા જ દિવસોમાં વધારેમાં વધારે મંડળોના અધિવેશનો થાય એવો આગ્રહ સેવીએ છીએ એ બતાવે છે કે હજી આપણે કાર્યમાં નહિ પણ પ્રદર્શનમાં માનીએ છીએ. આ સ્થિતિ હવે સ્વતંત્ર થયા પછી–ટળવી જ જોઇએ.

અને આવા મેળા ન થતા હોત તો કાઠિયાવાડી કે મારવાડી બૈરાંઓને સ્વૈરવિહાર કરવાનો અવસર કયારે મળે? એ દૃષ્ટિએ હું તો આવા મેળાઓને પણ આવશ્યક સમજું છું. દેશનો ભલેને સમુચ્ચયભાવે ગમે તેટલો આગળ વધ્યો હોય, પણ હજી સ્થાનકવાસી સમાજમાં યાત્રાનું મહત્ત્વ સમજાયું નથી. એવી સ્થિતિમાં આવા બહાને પર્યટનનો અવસર બહેનોને મળતો હોય તો તે કાંઇ જેવો તેવો લાભ નથી, મેં જોયું છે કે મુંબઇમાં દાદરો ઉતરતાં હાંફી જાય તેવી બહેનો અમારી સાથે પહાડીપ્રદેશની સખત ટાઢમાં પણ ઉલ્લાસભેર અધિવેશન પછીના દિવસોમાં મુસાફરી કરતી હતી. આ લાભ કાંઇ નાનોસૂનો નથી.

મદ્રાસમાં જે સ્વાગત થયું તે સુંદર હતું એ સ્વીકાર્યા છતાં એક વાત તો કહેવાની રહે જ છે કે આવા અનાજની કટોકટીના દિવસોમાં સાદા ભોજનથી ચલાવી લેવાયું હોત તો અવસરને અનુરૂપ ગણાત, અને જે ખર્ચ થયું તેમાં કાંઇક બચત થાત અને તે છેવટે ગમે ત્યાં સારા કાર્યમાં ખર્ચાઇ શકાત.

દલસુખ માલવણિયા.

પણ ભયમૂલક અસત્યવાદની બરાબર જ છે. આ જ વિચારથી ગોશાલકની અતિ ઉગ્ર રોષપ્રકૃતિને જાણતા છતાં ભાવી સંકટની પ્રરવા કર્યા વિના ગોશાલકની સામે તેમણે વીરતાથી સત્ય પ્રકટ કર્યું અને દુર્વાક્ષા જેવા ગોશાલકના રોષાગ્નિના દુસહ તાપના કડવા અનુભવમાં પણ કદી અસત્ય બોલવાનો પ્રયત્ન ન કર્યો.

હવે આપણે સુવિદિત ઐતિહાસિક ઘટનાઓ જોઇએ. નેમિનાથની પ્રાણિરક્ષણની પરમ્પરાને સજીવ કરનાર અશોકે પોતાના ધર્મશાસનોમાં જે અદેશો આપ્યા છે તે સૌ કોઇને વિદિત છે. એવું એક ધર્મશાસન તો ખુદ નેમિનાથની જ સાધનાભૂમિમાં આજ પણ નેમિનાથની ધાર્મિક પરમ્પરાની યાદ આપે છે. અશોકના પૌત્ર સંપ્રતિએ પ્રાણીઓની હિંસા થતી રોકવાની અને તેમને અભયદાન દેવાની–રાજ્યધર્મને અનુરૂપ–પ્રવૃત્તિના માર્ગનું પાલન કર્યું છે.

બૌદ્ધ કવિ અને સન્ત માતૃચેટનો કણિષ્કા લેખ ઇતિહાસમાં પ્રસિદ્ધ છે. કનિષ્કના આમંત્રણથી માતૃચેટ જ્યારે વૃદ્ધાવસ્થાના અંગે તેના દરબારમાં જઇ ન શક્યો ત્યારે તેણે એક પદ્યબદ્ધ લેખ દ્વારા આમંત્રણ દાતા કનિષ્ક જેવા શકનૃપતિ પાસે પશુ–પક્ષી આદિ પ્રાણીઓને અભયદાન દેવાની ભીક્ષા માંગી. હર્ષવર્ધન જે એક પરાક્રમી ધર્મવીર સમ્રાટ હતો તેણે પ્રવૃત્તિ–માર્ગને કેવી રીતે વિકસિત કર્યો એ સર્વવિદિત છે. તે દરેક પાંચ વર્ષે પોતાનું સઘળું દ્રવ્ય લોકોના લાભાર્થે ખર્ચી નાખતો હતો. આનાથી વધારે અપરિગ્રહની પ્રવૃત્તિ–બાજુનું રાજાને ઉચિત ઉદાહરણ ભાગ્યે જ ઇતિહાસમાં હશે.

ગુર્જર સમ્રાટ શૈવ સિદ્ધરાજને કોણ નથી જાણતું ? તેણે આચાર્ય અભયદેવ તથા હેમચન્દ્રસૂરિના ઉપદેશાનુસાર પશુ, પક્ષી આદિ પ્રાણીઓને અભયદાન આપીને અહિંસાની પ્રવૃત્તિ–બાજુનો વિકાસ કર્યો છે. તેનો ઉત્તરાધિકારી કુમારપાળ તો પરમ અર્હત્ જ હતો. તેણે કળિકાળ સર્વજ્ઞ આચાર્ય હેમચન્દ્રના ઉપદેશોને પોતાના જીવનકાર્યમાં એટલી હદ સુધી અપનાવ્યા કે વિરોધી લોકો તેની પ્રાણીરક્ષાની ભાવનાનો પરિહાસ કરવા લાગ્યા. જે કુમારપાળ કર્તવ્યપાલનની દૃષ્ટિથી યુદ્ધોમાં ભાગ લેતો હતો એ જ કુમારપાળ અમારિ–ઘોષણાને માટે પણ એટલો જ પ્રખ્યાત છે.

અકબર, જહાંગીર જેવા માંસભોજી અને શિકારના શોખીન મુસ્લીમ બાદશાહો પાસેથી હીરવિજય, શાન્તિચન્દ્ર, ભાનુચન્દ્ર આદિ સાધુઓએ જે કામ લીધું તે અહિંસાધર્મની પ્રવૃત્તિ બાજુનું પ્રકાશિમાન ઉદાહરણ છે. આ સાધુઓ અને તેમના અનુગામી ગૃહસ્થો પોતાના ધર્મસ્થાનોમાં હિંસાથી અલિપ્ત રહીને અહિંસાના આચરણમાં સંતોષ માની શકે તેમ હતું. પણ તેમની સહજસિદ્ધ આત્મૌપમ્યની વૃત્તિ નિષ્ક્રિય રહી શકી નહિ. એ વૃત્તિએ તેમને વિધર્મી શક્તિશાળી બાદશાહો સુધી સાહસપૂર્વક પોતાનું ધ્યેય સમજાવવા જવાની પ્રેરણા આપી અને અન્તમાં એ વૃત્તિ સફળ થઇ. તે બાદશાહોના શાસનાદેશ આજ પણ આપણી સામે છે જે અહિંસા ધર્મની ગતિશીલતાના સાક્ષી છે. ગુજરાતના મહામાત્ય વસ્તુપાળનું નામ કોણ નથી જાણતું ? તે પોતાના દ્રવ્યનો ઉપયોગ કેવળ પોતાના ધર્મપંથ કે સાધુસમાજ માટે જ કરીને સંતુષ્ટ ન રહ્યો. તેણે સાર્વજનિક કલ્યાણ માટે અનેક કાર્યોમાં અતિ ઉદારતાથી ધનનો સદુપયોગ કરીને દાન–માર્ગની વ્યાપકતા સિદ્ધ કરી. જગડુશાહ જે કચ્છનો એક વેપારી હતો અને જેની પાસે અન્ન, ઘાસ આદિનો બહુ મોટો સંગ્રહ હતો તેણે એ સર્વ સંગ્રહ કચ્છ, કાઠિયાવાડ અને ગુજરાતવ્યાપી ત્રણ વર્ષના દુષ્કાળમાં યથાયોગ્ય વહેંચી આપ્યો અને પશુ તથા મનુષ્યની અનુકરણીય સેવા દ્વારા પોતાના સંગ્રહની સફળતા સિદ્ધ કરી.

નેમિનાથે જે પશુપક્ષી આદિની રક્ષાના નાનાં એવાં ધર્મબીજ વાવ્યાં હતાં અને માંસભોજનના ત્યાગની પ્રથા શરૂ કરી હતી તેનો વિકાસ તેમના ઉત્તરાધિકારીઓએ અનેક પ્રકારે કર્યો છે જેને આપણે ઉપર સંક્ષેપમાં જોઇ ચૂકયા છીએ. પણ અહિંયાં એક–બે વાત ખાસ ઉલ્લેખને પાત્ર છે. આપણે એ કબૂલ કરીએ છીએ કે પાંજરાપોળની સંસ્થામાં સમયાનુસાર વિકાસ કરવાની બહુ જ જરૂર છે અને તેમાં અનેક સુધારાને યોગ્ય ત્રુટિઓ પણ છે. પરન્તુ પાંજરાપોળની સંસ્થાનો સારોય ઇતિહાસ આ બાબતની સાક્ષી આપી રહ્યો છે કે પાંજરાપોળની પાછળ એક માત્ર પ્રાણીરક્ષા અને જીવદયાની ભાવના જ સજીવ રૂપમાં રહેલી છે. જે લાચાર પશુપક્ષી આદિ પ્રાણીઓને તેના માલિક સુધ્ધાં છોડી દે છે, જેને કોઇ પાણી પણ નથી પીવડાવતું એવા પ્રાણીઓની નિષ્કામ ભાવથી આજીવન પરિચર્યા કરવી, તેના માટે લાખો રૂપિયાનો ખર્ચ કરવો એ કોઇ સાધારણ સંસ્કારનું પરિણામ નથી. ગુજરાત અને રાજસ્થાનનું ભાગ્યે જ એવું કોઇ સ્થાન હશે કે જ્યાં પાંજરાપોળ કોઇને કોઇ સ્વરૂપમાં વર્તમાન ન હોય. વાસ્તવમાં નેમિનાથે પિંજરમાં પુરાયેલાં પ્રાણીઓને અભયદાન દેવાનો જે તેજસ્વી પુરુષાર્થ કર્યો હતો એ ઘટનાને ધ્યાનમાં લેતા માલૂમ પડે છે કે તેમની આ ચિરકાલીન ધર્મસ્મૃતિ તેમના જ જન્મસ્થાન ગુજરાતમાં ચિરકાળથી વ્યાપક રૂપમાં ચાલી આવી છે. અને તેમાં આમ જનતાનો પણ સંપૂર્ણ સહકાર છે. પાંજરાપોળની સંસ્થાઓ માત્ર લૂલા લંગડા, લાચાર પ્રાણીઓની રક્ષાના કાર્ય જેટલી જ સિમિત નથી. તે અતિવૃષ્ટિ, દુષ્કાળ આદિ સંકટપૂર્ણ સમયમાં બીજી પણ અનેકવિધ સમ્ભવિત પ્રાણીરક્ષણની પ્રવૃત્તિઓ કરે છે.

અહિંસા અને દયાના વિકાસનો પુરાણો ઇતિહાસ જોઇને તથા નિર્માંસ ભોજનની વ્યાપક પ્રથા અને જીવદયાની વ્યાપક પ્રવૃત્તિ જોઇને જ લોકમાન્ય તિલકે એક વાર કહ્યું હતું કે ગુજરાતમાં જે અહિંસા છે તે જૈન પરમ્પરાનો પ્રભાવ છે. એ ધ્યાનમાં રાખવાની જરૂર છે કે જો જૈન પરમ્પરા કેવળ નિવૃત્તિ બાજુનું પોષણ કરવામાં જ કૃતાર્થતા માનતી હોત તો જે તરફ તિલક જેવાનું ધ્યાન ખેંચાયું છે તેવું–ઇતિહાસનું આવું ભવ્ય રૂપ ન હોત.

આપણે "જીવદયા મંડળી"ની પ્રવૃત્તિને ભૂલી શકીએ નહિ. તે લગભગ ચાલીસ વર્ષથી પોતાના સતત પ્રયત્ન દ્વારા જીવદયાનું કાર્ય કરાવવામાં સફળ થઇ છે, જેનો ઇતિહાસ જાણીને સંતોષ થાય છે. અનેક પ્રાંતોમાં અને રાજ્યોમાં ધાર્મિક મનાતી પ્રાણીહિંસાને તથા સામાજિક અને વૈયક્તિક માંસભોજનની પ્રથાને આ સંસ્થાએ બંધ કરાવી છે અને લાખો પ્રાણીઓને જીવનદાન દેવાની સાથે સાથે લાખો સ્ત્રીપુરુષોમાં આત્મૌપમ્યતા સુસંસ્કારિતાનાં સમર્થ બીજને વવ્યાં છે.

વર્તમાન કાળમાં સંતબાલજીનાં નામની ઉપેક્ષા નહિ કરી શકીએ. તેઓ એક સ્થાનકવાસી જૈન મુનિ છે. તેઓ પોતાના ગુરુ અથવા અન્ય ધર્મ–સહચારી મુનિઓના જેમ અહિંસાની કેવળ નિષ્ક્રિય બાજુનો આશ્રય લઇને જીવન વ્યતીત કરી શકત પરન્તુ ગાંધીજીના વ્યક્તિત્વે તેમના આત્મામાં રહેલી અહિંસાની ભાવાત્મક પ્રેમજ્યોતિને સક્રિય બનાવી. તેથી તે રૂઢ લોકાપવાદની પરવા કર્યા વગર પોતાની પ્રેમવૃત્તિને કૃતાર્થ કરવા માટે પંચ મહાવ્રતોની વિધાયક બાજુ અનુસાર નાનાવિધ માનવહિતની પ્રવૃત્તિઓમાં નિષ્કામ ભાવથી નિમગ્ન રહે છે. જેમનું કામ આજે જૈન જૈનેતર સર્વ લોકનું ધ્યાન ખેંચી રહ્યું છે.

જૈન જ્ઞાન–ભંડાર, મંદિર, સ્થાપત્ય અને કલા

હવે આપણે જૈન પરમ્પરાની ધાર્મિક પ્રવૃત્તિની બાજુનો એક વધારે ભાગ જોઇએ જે ખાસ મહત્વનો છે અને જેને લીધે જૈન પરમ્પરા આજ જીવંત અને તેજસ્વી છે. આ વિભાગમાં જ્ઞાનભંડાર, મંદિર અને કલાનો સમાવેશ થાય છે. સેકડો વર્ષોથી જગ્યાએ જગ્યાએ સ્થપાયેલા મોટા મોટા જ્ઞાનભંડારોમાં માત્ર જૈન શાસ્ત્ર

ના અથવા અધ્યાત્મશાસ્ત્રના સંગ્રહનું જ રક્ષણ કરાયું છે એટલું જ નહિ, પરન્તુ એના દ્વારા અનેકવિધ લૌકિક શાસ્ત્રોનું અસામ્પ્રદાયિક દૃષ્ટિથી સંગ્રહ અને સંરક્ષણ થયું છે. વૈદ્યક, જ્યોતિષ, મંત્રતંત્ર, સંગીત, સામુદ્રિક, ભાષાશાસ્ત્ર, કાવ્ય, નાટક, પુરાણ, અલંકાર, કથાગ્રંથો અને સર્વ દર્શન સંબંધી મહત્ત્વના શાસ્ત્રો– આ સર્વનો જ્ઞાનભંડારોમાં સંગ્રહ થયો છે અને તેનું સંરક્ષણ થયું છે એટલું જ નહિ પરંતુ તેમના અધ્યયન અને અધ્યાપન દ્વારા કેટલાક વિશિષ્ટ વિદ્વાનોએ એવી પ્રતિભામૂલક નવી કૃતિઓ પણ રચી છે જે અન્યત્ર દુર્લભ છે, અને મૌલિક ગણાવાને લાયક છે તથા વિશ્વસાહિત્યના સંગ્રહસ્થાનમાં સ્થાન પામવાને યોગ્ય પણ છે. જ્ઞાનભંડારોમાંથી એવા ગ્રંથો મળ્યા છે જે બૌદ્ધ આદિ અન્ય પરમ્પરાના છે અને આજ દુનિયાના કોઇ પણ ભાગમાં મૂળરૂપમાં હજુ સુધી ઉપલબ્ધ નથી. જ્ઞાનભંડારોનું આ જીવનદાયી કાર્ય કેવળ ધર્મની નિવૃત્તિબાજુથી સિદ્ધ નથી થઇ શકતું.

એમ તો ભારતમાં કલાપૂર્ણ અનેક ધર્મસ્થાનો છે, પરંતુ ચામુંડરાય પ્રતિષ્ઠિત ગોમટેશ્વરની મૂર્તિની ભવ્યતા અને વિમળશાહ તથા વસ્તુપાળ આદિના મંદિરોનું શિલ્પસ્થાપત્ય એવું અપ્રતિમ છે કે જેના પર હરકોઇ મુગ્ધ થાય છે. જેના હૃદયમાં ધાર્મિક ભાવનાની વિધાયક સૌન્દર્યની બાજુ માટે આદરપૂર્ણ સ્થાન ન હોય, જે સાહિત્ય અને કલાનો ધર્મપોષક મર્મ જાણતાં ન હોય તેઓ પોતાના દ્રવ્યને આવી સૌંદર્યની બાજુ માટે ખર્ચી શકે નહિ.

વ્યાપક લોકહિતની દૃષ્ટિ

આજ સુધીમાં અનેક જૈન ગૃહસ્થોએ કેવળ પોતાના ધર્મ અને સમાજના હિતને માટે જ નહિ પરંતુ સાધારણ જન સમાજના હિતની દૃષ્ટિથી એવાં આધ્યાત્મિક કાર્યો કર્યાં છે જે વ્યવહારિક ધર્મના સમર્થક અને આધ્યાત્મિકતાના પોષક થવાથી સામાજિકતાના સૂચક પણ છે. આરોગ્યાલય, ભોજનાલય, શિક્ષણાલય, વાંચનાલય, અનાથાલય જેવી સંસ્થાઓ આવા કાર્યોમાં ગણાવા યોગ્ય છે.

ઉપર આપણે જે પ્રવર્તક ધર્મની બાજુનું સંક્ષેપમાં વર્ણન કર્યું છે તે માત્ર એટલું જ સુચન કરવા માટે કે જૈન ધર્મ જે એક આધ્યાત્મિક ધર્મ અને મોક્ષવાદી ધર્મ છે તે જો ધાર્મિક પ્રવૃત્તિઓનો વિસ્તાર ન કરત અને એવી પ્રવૃત્તિઓથી ઉદાસીન રહેત તો તે ન સામાજિક ધર્મ બની શકત કે ન સામાજિક ધર્મના રૂપથી જીવિત રહી શકત કે ન ક્રિયાશીલ લોકસમાજની વચ્ચે ગૌરવભર્યું સ્થાન પામી શકત. ઉપરના વર્ણનનો ઉદ્દેશ બિલકુલ એ નથી કે અતીત ગૌરવના ગાન ગાઇને આત્મપ્રશંસાના મિથ્યા ભ્રમને આપણે પોષીએ અને દેશકાલાનુરૂપ નવા નવા આવશ્યક કર્તવ્યોથી વિમુખ રહીએ. આપણો સ્પષ્ટ ઉદ્દેશ તો એ જ છે કે જૂની અને નવી પેઢીને હજારો વર્ષના સ્થાયી સુસંસ્કારની યાદ આપીને તેમનામાં કર્તવ્યની ભાવના પ્રદિપ્ત કરીએ તથા મહાત્માજીના સેવાકાર્યો તરફ તેમને દોરીએ.

ગાંધીજીની સૂઝ

જૈન પરમ્પરા પહેલેથી જ અહિંસા ધર્મનો અત્યંત આગ્રહ રાખતી આવી છે. પરન્તુ સામાજિક ધર્મના સંબંધમાં દેશ તથા સમાજના નાનાવિધ ઉત્થાન અને પતનનાં જ્યારે જ્યારે શસ્ત્ર ધારણ કરવાના પ્રસંગ આવ્યા ત્યારે ત્યારે જૈનોએ પોતાનું મોઢું પાછું ફેરવ્યું નહોતું. જો કે શસ્ત્રના ધારણ દ્વારા સામાજિક હિતની રક્ષાના કાર્યનો અહિંસાના આત્યન્તિક સમર્થનની સાથે મેળ બેસાડવો સહેલો નહોતો, પરંતુ ગાંધીજીનો પહેલા એવો કોઇ અશસ્ત્ર યુદ્ધનો માર્ગ ખુલ્લો પણ ન હતો. તેથી જે માર્ગે અન્ય જનતાએ પ્રયાણ કર્યું એજ માર્ગે જૈન જનતાએ પણ અપનાવ્યા. પરન્તુ ગાંધીજીની પછી યુદ્ધનું કર્મક્ષેત્ર સાચું ધર્મક્ષેત્ર બની ગયું. ગાંધીજીએ પોતાની અપૂર્વ સૂઝથી એવો માર્ગ લોકોની સામે મૂકયો છે જેમાં વીરતાની પરાકાષ્ઠા જરૂરી છે અને તે પણ શાસ્ત્ર ધારણ કર્યા વિના. જ્યારે આવો અશસ્ત્ર પ્રતિકારનો અહિંસક માર્ગ જડયો ત્યારે તે જૈન પરમ્પરાના મૂળગત અહિંસક સંસ્કારોની સાથે સવિશેષ સંગત માલમ પડયો. આ જ કારણને લીધે ગાંધીજીની અહિંસામૂલક સઘળી પ્રવૃત્તિઓમાં જૈન સ્ત્રીપુરૂષોએ પોતાની સંખ્યાની તુલનામાં અધિક ભાગ લીધો છે અને આજે પણ દેશના ખૂણેખૂણામાં ભાગ લઇ રહ્યા છે. ગાંધીજીની અહિંસાની રચનાત્મક અમલી સૂઝે અહિંસાના દિશાશૂન્ય ઉપાસકોની સામે એટલો મહાન આદર્શ અને કાર્યક્ષેત્ર મૂકયાં છે કે જે જીવનની સ્વર્ગ અને મોક્ષની આકાંક્ષાઓ આ લોકમાં જ સિધ્ધ કરવાને સમર્થ છે.

અપરિગ્રહ અને પરિગ્રહ–પરિમાણ વ્રત

પ્રસ્તુત શાન્તિવાદી સમ્મેલન જે શાન્તિનિકેતનમાં ગાંધીજીના સત્ય–અહિંસાના સિધ્ધાંતોને વર્તમાન અતિ સંઘર્ષપ્રધાન યુગમાં અમલી બનાવવા માટે વિશેષ પ્રયત્ન કરવા મળી રહ્યું છે તેમાં અહિંસાના સંસ્કારો ધરાવનાર આપણાં જૈનોનું મુખ્ય કર્તવ્ય એ છે કે અહિંસાની સાધનાના દરેક કાર્યોમાં ભાગ લઇએ અને તેના નવીન વિકાસને અપનાવી અહિંસક સંસ્કાર ને ઉર્ધ્વગામી કરીએ. પરન્તુ આ કામ કેવળ ચર્ચા અને બૌધ્ધિક સહાનુભૂતિથી કદી સિધ્ધ થઇ શકતું નથી. તેના માટે જે એક તત્ત્વનો વિકાસ કરવો જરૂરી છે તે છે અપરિગ્રહ અને પરિગ્રહપરિમાણ વ્રત.

ઉકત વ્રત પર જૈન પરમ્પરા એટલો અધિક ભાર દેતી આવી છે કે એ વ્રતના પાલન વિના અહિંસાનું પાલન સર્વથા અસંભવ મનાય છે. ત્યાગી વર્ગ જ્યાંસુધી પોતાના જીવનના અંગ પ્રત્યંગને સ્વાવલંબી અને સાદા ન બનાવે ત્યાંસુધી સ્વીકૃત અપરિગ્રહની પ્રતિજ્ઞાનું તેઓ સાચા અર્થમાં પાલન નથી કરી શકતા. પુરાણી રૂઢિઓના ચક્રમાં પડીને જે ત્યાગ અને સાદગીના નામ પર બીજાના કામનું અધિકાધિક ફળ ભોગવવાની પ્રથા રૂઢ થઇ ગઇ છે તેને ગાંધીજીના જીવંત ઉદાહરણ દ્વારા દૂર કરવામાં અને મહાવીરની સ્વાવલંબી સાચી જીવનપ્રથાને અપનાવવામાં આજે કોઇ પણ જાતનો સંકોચ થવો ન જોઇએ. આ જ અપરિગ્રહવ્રતનું તાત્પર્ય છે.

જૈન પરમ્પરામાં ગૃહસ્થવર્ગ પરિગ્રહ–પરિણામવ્રત પર અર્થાત્ સ્વતંત્ર ઇચ્છાપૂર્વક પરિગ્રહની મર્યાદાને સંકુચિત બનાવવાના સંકલ્પ પર હંમેશા ભાર દેતો આવ્યો છે. પરન્તુ એ વ્રતની યથાર્થ આવશ્યકતા અને તેનું મૂલ્ય જેટલું આજે છે તેટલું ભાગ્યે જ ભૂતકાળમાં રહ્યું હોય. આજનો વિશ્વવ્યાપી સંઘ કેવળ પરિગ્રહમૂલક છે. પરિગ્રહના મૂળમાં લોભવૃત્તિ પણ કામ કરે છે. આ વૃત્તિ પર ઐચ્છિક અંકુશ અથવા નિયંત્રણ ન રાખે તો ન તો વ્યકિતનો ઉધ્ધાર થાય, ન સમાજનો કે ન રાષ્ટ્રનો ઉધ્ધાર થાય. લોભવૃત્તિ અનિયંત્રિત હોવાને લીધે જ દેશની અન્દર તેમ જ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાં ભરચક હુંસાતુંસી અને યુધ્ધની આશંકા નજરે પડે છે, જેના નિવારણનો ઉપાય વિચારવા માટે પ્રસ્તુત સમ્મેલન ભરાઇ રહ્યું છે. એ માટે જૈન પરમ્પરાનું પ્રથમ અને સર્વથી પ્રથમ તો એ કાર્ય છે કે તે પરિગ્રહ–પરિમાણ વ્રતનો આધુનિક દૃષ્ટિથી વિકાસ કરાવે. સામાજિક, રાજકીય તથા આર્થિક સમસ્યાઓને ઉકેલવાનો કોઇ કાર્યસાધક અહિંસક ઇલાજ હોય તો તે ઐચ્છિક અપરિગ્રહ–વ્રત અથવા પરિગ્રહ–પરિમાણ વ્રત જ છે.

પરિગ્રહ–પરિમાણ વ્રતનો ફલિતાર્થ.

અહિંસાને પરમ ધર્મ માનવાવાળા અને વિશ્વશાંતિવાદી

સમ્મેલન પ્રતિ પોતાનું કંઇક કર્તવ્ય સમજીને તેને અદા કરવાની વૃત્તિવાળા જૈનોએ પુરાણા પરિગ્રહ-પરિમાણ વ્રતની નીચે લખેલી માન્યતામાં નવો અર્થ ફલિત કરવો પડશે ને અને અનુસાર જીવનની વ્યવસ્થા કરવી પડશે.

૧. જે સમાજ અથવા રાષ્ટ્રના આપણે અંગો અથવા ઘટક હોઇએ એ આખા યે સમાજ અથવા રાષ્ટ્રના સર્વ-સામાન્ય જીવનધોરણને સમાન હોય એવું જીવન ધોરણ પોતા માટે સ્વીકારીને તે અનુસાર જીવનની આવશ્યકતાઓને ઘટાડવી અથવા વધારવી.

૨ જીવન માટે અનિવાર્ય વસ્તુઓના ઉત્પાદનના નિમિત્તે પોતાનામાં શક્તિ હોવા છતાં કોઇને કોઇ પ્રકારનો ઉત્પાદક શ્રમ કર્યા વિના બીજાના એવા જ શ્રમ પર આધાર રાખી જીવન જીવવું એને પરિગ્રહ-પરિમાણ વ્રતનું બાધક માનવું.

૩. વ્યક્તિની બચાવેલી અથવા સંચિત કરેલી સર્વ પ્રકારની સમ્પત્તિનો ઉત્તરાધિકાર તેના કુટુમ્બ અથવા પરિવારનો એટલો જ હોવો જોઇએ જેટલો સમાજ અને રાષ્ટ્રનો હોય. અર્થાત્ પરિ-ગ્રહ- પરિમાણ વ્રતના નવા અર્થ અનુસાર સમાજ અને રાષ્ટ્રથી પૃથક્ કુટુમ્બ પરિવારને કોઇ સ્થાન નથી.

આ તથા અન્ય જે જે નિયમ સમય સમયની આવશ્યકતા અનુસાર રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય હિતની દૃષ્ટિથી ફલિત થાય તે તે નિયમને જીવનમાં ઉતારીને ગાંધીજીના માર્ગ અનુસાર બીજાની સમક્ષ દાખલો બેસાડવો એ આપણું વિશ્વશાંતિવાદી સમ્મેલન પ્રતિ મુખ્ય કર્તવ્ય છે એવી મારી સ્પષ્ટ સમજ છે.

મૂળ હિંદી : પંડિત સુખલાલજી
અનુવાદક : શ્રી. તારાબહેન શાહ

પ્રાસંગિક નોંધ

લોકસેવક ડો. રાજેન્દ્રપ્રસાદ

તા. ૨૬મી જાન્યુઆરીથી અસ્તિત્વમાં આવેલ ભારતના પ્રજાસત્તાક તંત્રના પ્રથમ પ્રમુખ તરીકે લોકસેવક ડો. રાજેન્દ્ર-પ્રસાદની, ભારતની લોકસભાએ સર્વાનુમતે વરણી કરી છે. લગભગ પાંત્રીસેક વર્ષથી ભારતની એકધારી સેવા કરનાર ડો. રાજેન્દ્રપ્રસાદની સેવાઓનું, તેમને આ માન આપીને, લોકસભાએ યોગ્ય મૂલ્યાંકન કર્યું છે.

પ્રાચીન ભારતમાં મગધ તરીકે સુપ્રસિધ્ધ બિહાર પ્રાંતે ભારત-વર્ષને અનેક સુપુત્રો આપ્યા છે. બુધ્ધ અને મહાવીરની એ જ ભૂમિ. તેમનું લોકસેવાનું ક્ષત્ર પણ એ જ. સત્ય અને અહિંસાની સાચી સમજ બન્નેને આ પ્રદેશમાં જ થયેલી. એ જ પ્રદેશનું રત્ન તે લોકસેવક રાજેન્દ્રપ્રસાદ. ચંપારણ્યના સત્યાગ્રહ વખતે તેઓ મહાત્મા ગાંધીજીના પરિચયમાં આવ્યા; તેમના સાથી બન્યા, અને પોતાની ધીકતી કમાણી છોડી, સર્વસ્વનો ત્યાગ કરી તેમણે ગાંધી ધર્મ-લોકસેવાનો ધર્મ સ્વીકાર્યો. રૉલેટ એક્ટ વખતે તેમણે તેના વિરોધાર્થે ગામે-ગામ ફરી જનતામાં જાગૃતિ આણી બન બિહાર ધરતીકંપની આપત્તિવેળા ખડે પગે રહી બિહારની જનતાની સેવા કરી, લોકસેવક તરીકે જનહૃદયમાં સ્થાન મેળવ્યું. હિંદી રાષ્ટ્રીય મહાસભાના તેઓ ત્રણ ત્રણ વખત પ્રમુખ થયા; એને બેએક વખત તો સંકટ સમયે જ તમણે તે જ તાજ સ્વીકાર્યો.

હિંદુસ્તાનના ભાગલા થયા તે પહેલાંની લીગ સાથેની સંયુકત રખેવાળ સરકારમાં, ખોરાક ખાતા ના પ્રધાન તરીકેના જવાબદારી તેમણે સંભાળી લીધેલી, અને ભાગલા પછી સ્વતંત્ર ભારતના બંધારણ-ઘડતરમાં બંધારણ સભાના પ્રમુખ તરીકે રહી, ત્રણ ત્રણ વર્ષ સુધી લોકસભાને દોરવણી આપી. તેમની દોરવણી નીચે જે બંધારણ તૈયાર થયું, એ જ બંધારણ અનુસાર, પ્રજાસત્તાક તંત્રના પ્રથમ પ્રમુખ તરીકે તેમની વરણી થઇ એ અત્યંત સૂચિત છે, આવકારદાયક પણ છે.

બ્રિટનમાં રાજા રાજ કરે છે; શાસન નહિ: અમેરિકામાં પ્રમુખ શાસન કરે છે; રાજ નહિ : ફ્રાન્સમાં પ્રમુખ રાજ કે શાસન કશું નહિ. હિંદના બંધારણમાં રાજ અને શાસન બન્નેની જવાબદારી પ્રમુખને સોંપાઇ છે-પણ તે લોકસભાની અનુમતિ પછી. જો પ્રમુખ પ્રભાવશાળી હોય તો તે બન્ને કરી શકે છે.

બાહ્ય દૃષ્ટિએ ડો. રાજેન્દ્રપ્રસાદમાં વ્યકિતત્વ નહિ જણાય. નિવૃત્ત થતા ચક્રવર્તી રાજગોપાલાચારીની ચાણુકયબુધ્ધિનાં દર્શન નહિ થાય, પંડિત જવાહરલાલની પારદર્શક દૃષ્ટિ નહિ જોવા મળે, અને સરદારની વહીવટી શકિત અને વ્યવહારકુશળતા પણ નહિ; છતાં જે ગુણો આ બધામાં નથી તે ડો. રાજેન્દ્રપ્રસાદમાં છે; એટલે તેઓ પોતાના સહકાર્યકર્તાઓને પૂરક થઇ પડશે. બુધ્ધિની તેજસ્વિતા અને આમ જનતાના ઉત્કર્ષ માટે પૂરેપૂરું કરી છૂટવાની તેમની ચીવટનો તમનામાં સંયોગ થયો છે. વળી ગાંધીજીએ પ્રાંતે પ્રાંતે પોતાની વિચારસરણીને સમજપૂર્વક આચરનારા કાર્યકરો ઉત્પન્ન કર્યા છે; પણ શ્રદ્ધાપૂર્વક ગાંધીધર્મને વળગી રહેનારા જે ગણ્યાગાંઠયા કાર્યકર્તાઓ છે તેમાંનાં એક ડો. રાજેન્દ્રપ્રસાદ છે.—આ શ્રધ્ધા પંડિત જવાહલાલની શ્રદ્ધા કરતાં પણ વધુ કહી શકાય એવી છે.

પંડિત જવાહરલાલે તેમને પ્રમુખ તરીકેની વરણી બાદ આ શબ્દોમાં તેમની પ્રશંસા કરી હતી કે "મુશ્કેલીના સમયમાં અમને તમારી શકિતશાળી નેતાગીરીનો અનુભવ થયો છે; એટલું જ નહિ, પણ અમારામાંના ઘણાને ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં પાત્રીસેક વર્ષથી તમારો પરિચય છે. તમે સ્વાતંત્ર્ય જંગમાં મોખરે રહ્યા હતા. હવે અમારી સમક્ષ જે મહાન કઠિન કામ આવી રહ્યું છે, તેમાં તમે ડહાપણ અને મુત્સદ્દીગીરીના પ્રતીક તરીકે પ્રજાસત્તાક તંત્રના વડા થઇ અમારી સાથે છો તેથી અમને રાહત રહે છે."

અને ભારતની પ્રજાને પણ એ જ રાહત છે કે, સંપૂર્ણ સ્વતંત્ર થયેલ ભારતની કઠીન સમસ્યાઓના ઉકેલમાં ડો. રાજેન્દ્ર પ્રસાદની દોરવણી અને અનુભવનો લાભ મળ્યા કરશે.
ઇશ્વર તેમને લાંબુ તંદુરસ્ત આયુષ્ય બક્ષો!

શ્રી મણિલાલ મોકમચંદ શાહ

'પ્રબુદ્ધ જૈન'ના તંત્રી અને મુંબઇ જૈન યુવક સંઘના મંત્રી શ્રી મણિલાલ મોકમચંદ શાહ, છેલ્લાં ચારેક વર્ષથી બ્લડ પ્રેશરના વ્યાધિને કારણે બિમારી ભોગવી રહ્યા હતા; છતાં જ્યારે જ્યારે તબિયત ઠીક હોય ત્યારે ત્યારે યુવક સંઘની પ્રવૃત્તિમાં સક્રિય રસ લેવાનું ચૂકતા નહિ. છેલ્લા ત્રણેક મહિનાથી તેઓ હવાફેર માટે અમદાવાદ ગયા હતા. અને ત્યાં વ્યાધિનો સખત હુમલો થવાથી, જિંદગીના છેક કાંઠે પહોંચી ગયા હતા. ડોકટરોએ પણ આશા છોડી દીધી હતી. પરંતુ આનંદની વાત છે કે, ઇશ્વરકૃપાએ, અને તેમના મનોબળને કારણે તેમનું સ્વાસ્થ્ય હવે સુધારા ઉપર છે. જો કે આ સુધારો બહુ જ ધીમો છે, પણ આશા છે કે જૈન સમાજની જે એકનિષ્ઠાથી તેમણે અત્યાર લગી સેવા કરી, સુધારક પ્રવૃત્તિને વેગ આપ્યો છે, એ પ્રવૃત્તિને વધુ પ્રાણવાન બનાવવા તેઓ આપણી વચ્ચે ફરી હરતા ફરતા થઇને, જલદી આવશે.

શ્રી મણિલાલ ચતુરભાઇ શાહ

અમદાવાદ મ્યુનિસિપાલટીના લગભગ દસ કરતાં પણ વધુ વખત પ્રમુખ તરીકે ચૂંટાએલા શ્રી મણિલાલ ચતુરભાઇ શાહની મુંબઇ પ્રાંત તરફથી લોકસભાના સભ્ય તરીકે વરણી થઇ એ બદલ અભિનંદન. તેઓ અમદાવાદના વતની અને જૈન છે.

શ્રી ધૂમકેતુના નવા પ્રગટ થતા પુસ્તક 'જ્ઞાનની જીવનવાણી'માંથી

આત્મા—પરમાત્મા

અને પછી તેમાંના એકે ઊભા થઈને કહ્યું: 'જે ઈશ્વર વિષે અમે આટલું બધું સાંભળીએ છીએ, એ ઈશ્વર વિષે અમને કાંઈક કહો. એ કોણ હશે? કેવો હશે? ક્યાં રહેતો હશે? એનો કાંઈ પત્તો?'

અને તેમની સમક્ષ ઊભા રહીને તેણે, આત્મવિશ્વાસભર્યા સ્પષ્ટ અવાજે પ્રત્યુત્તર આપ્યો: "ભાઈઓ! તમે તમારા બધાનાં હૃદયને સમાવી દે એવું એક મહાન હૃદય કલ્પો, અને તમને ઈશ્વરની કાંઈક ઝાંખી થશે; તમારા બધાના જુદા જુદા પ્રેમ જ્યાં મળી જાય, એવો કોઈ મહાન પ્રેમસાગર કલ્પો, અને તમને ઈશ્વરની કાંઈક ઝાંખી થશે; તમારો શબ્દ, તમારું મૌન, તમારો પ્રાણ જે જ્યાંથી ઉદ્‌ભવે છે, એવા કોઈ અનંતની કલ્પના કરો, અને ઈશ્વરની કાંઈક ઝાંખી થશે.

'દુનિયાના સઘળા જ સુંદર પદાર્થોની સુંદરતામાંથી એક સુંદર પદાર્થ કલ્પનામાં ઊભો કરો—એ ઈશ્વર હશે. જંગલ, સમુદ્ર પર્વત, રણ, મેદાન એમનાં અનંત મધુર ગીતોના કરતાં પણ વધારે મહાન એવું એનું ગીત હશે.

'સૂર્ય એ તો જેને માટે પગ મૂકવાનું પગથિયું છે, એવા કોઈ ભવ્ય સિંહાસન ઉપર બેઠેલ, વિરાટની કલ્પના કરો—એ ઈશ્વર હશે.

'પણ આ બોલવું જેટલું સહેલું છે, તેટલું કલ્પવું સહેલું નથી.'

'તમે ખાવાપીવાનો અને રહેવાના મકાનનો, એ બે વસ્તુઓનો જ, વિચાર કરવાને ટેવાયેલા છો; બહુ બહુ તો તમારાં વસ્ત્રો વિષે. વિચાર કરો છો; અને થોડો ઘણો, સગાંસંબંધીઓ વિષે. પરંતુ એ બધા વિચારના કરતાં, આ વિચારની આખી દિશા જ જુદા પ્રકારની છે.

'જેમને આ શોધખોળની ખરેખરી લગની લાગી હશે, તેમને તો પોતાનામાંથી ઉદ્‌ભવતા પ્રશ્નોની પરંપરા જ, ઈશ્વરના સાન્નિધ્યની કાંઈક ઝાંખી કરાવશે."

એની આ વાણી સાંભળી, અને તે બધા એકદમ મૂગા જેવા બની ગયા. એમને આમાં કાંઈ સમજાયું ન હતું. દયાર્દ્ર ચિત્તે એણે ફરી વાર કહ્યું: 'આપણે હવે ઈશ્વરની ભવ્યતાની વાત છોડી દો. પણ એ પરમાત્માને બદલે આપણે આપણામાં વસી રહેલા એક ઈશ્વરની, આત્માની, વાત કરો. આપણે આત્માઓ વિષે, આપણા પાડોશીઓ વિષે, વાત કરીએ.

'તમે ઊંચી ઊંચી વાદળી જેમ ઊંચે ઊડો છો અને તમને એ ઉત્તુંગ ઉડ્ડયન, વિશાળ સમુદ્ર ઉપર અને અફાટ મેદાનો ઉપર લઈ જાય છે, પરંતુ એ ઉત્તુંગ ઉડ્ડયન કરતાં વધારે ઉત્તુંગ ઉડ્ડયન, જ્યારે એક નાનું સરખું બીજ, તમે ધરતીના પેટાળમાં મુકો છો, ત્યારે કરો છો. અને જ્યારે તમે પ્રેમભરેલા અવાજે તમારા પાડોશીને સુપ્રભાતમ્ કહી શકો છો, ત્યારે પણ તમે કોઈ મહાન અફાટ વિશાળ મેદાન જાણે કે, ઓળંગી જાઓ છો.

'તમે ઘણી વખત ઈશ્વરના અનંત સંગીત વિષે વાતો કરો છો, પણ એના કરતાં ઘરઆંગણે રમતાં બુલબુલના ગાન વિષે કાંઈક બોલતા હો! ઝાડ ઉપરથી ખરતાં ને ખરી રહેલાં પાન કેટલું મધુર સંગીત હમેશાં તમારી પાસે ગાઈ રહ્યા છે! અને મારા મિત્રો! એક વાત આમાં યાદ રાખવા જેવી છે. જ્યારે પાંદડાં વૃક્ષની ડાળીથી છૂટાં પડે છે, ત્યારે એવું મધુરું ગીત એ ગાય છે!

'હું તો એટલા માટે તમને કહું છું કે, આપણે બની શકે તો પરમાત્માની વાતને હમણાં રહેવા દઈએ. એને બદલે આપણે આપણામાંના એક બીજાને, હળીમળીને સમજવાનો યત્ન કરીએ; પાડોશી પાડોશીને સમજીએ તો એ પણ, એક નાનો ઈશ્વર, બીજા ઈશ્વરને ભેટતો હોય, તેવું થાશે.

'એક પંખીની માદાનો વિચાર કરો. પોતાનાં બચ્ચાંને તજીને એને અનંત આકાશમાં વિહાર કરવાનું નહિ ગમતું હોય?

'તમે જ્યારે તમારા નિત્યજીવનની નાનામાં નાની ક્રિયામાં જાતને લુપ્ત કરી દો છો, ત્યારે જ ખરી રીતે તમે, કલ્પનાના વૈભવનું મહાનમાં મહાન ઉડ્ડયન કરી શકો છો. એ જ ઉડ્ડયન, તમને છેવટે પરમાત્માનું સાન્નિધ્ય દેખાડશે. તમારી આવી રીતિ જ, તમારા વિશાળ ઉચ્ચ ઉડ્ડયનને સિદ્ધ કરશે.

'એટલા માટે મિત્રો! આપણે પરમાત્મા વિષે થોડામાં થોડું બોલીએ, અને આત્મા વિષે વધારેમાં વધારે જાણીએ, માણસાઈ, એમાં રહી છે. પરમાત્માને કદાચ આપણે ન પણ સમજીએ. પણ માણસ, માણસને ન સમજે, એવું ભાગ્યે જ બને—જો પૂરેપૂરા પ્રેમથી પ્રયત્ન કરવામાં આવે તો. એમ જ સમજોને કે જાણે પ્રેમ પોતે પ્રયત્ન કરે છે એમ થાય તો. એટલો નિરવધિ વિશુદ્ધ પ્રેમ હોય તો. આવી જાતના પ્રેમ પંથમાં લેશ પણ અધુરપ હોય તો થઈ રહ્યું. એટલા માટે હું કહું છું કે 'પ્રેમ પોતે પ્રયત્ન કરે છે એમ થાય તો.' અને છતાં એક વસ્તુ ઉપરથી તમારું મન ચલિત થવા દેતા નહિ. એ વિષેનો મનદોર ચૂકતા નહિ. આપણામાં, આપણામાંના દરેકમાં, જે પરિમલ છે, જે સુગંધ છે, જે પ્રાણ છે, એ તો એ અનંતની જ પ્રસાદકણિકા છે. એટલે કે, આપણે જ પોતે પાંદડાંમાં, ફૂલમાં, પંખીમાં, ધરતીની સુગંધમાં, આકાશી હવામાં, પ્રભાતના રંગમાં, જલતરંગમાં, અને મધુરતમ સ્વરોમાં, મુક્તપણે વિચરી રહ્યા છીએ. આપણા પોતાના સિવાય બીજું કાંઈ જ નથી!'

—ધૂમકેતુ

૨૮થી તેઓ અમદાવાદ શહેરના વિકાસમાં પૂરો રસ લઈ રહ્યા હતા; અને લગભગ વીસ વર્ષ સુધી શહેરની એકધારી સેવા કરી, એક વહીવટી કાર્યકર તરીકે નામના મેળવી હતી. સરદારશ્રીના હાથ નીચે તૈયાર થઈ, અમદાવાદની રોનક બદલવામાં તેમનો નાનોસૂનો ફાળો નથી. અમદાવાદની જૈન યુવક પ્રવૃત્તિમાં પણ તેઓ અવારનવાર રસ લઈ માર્ગદર્શન આપતા, તેઓની લોકસભાના સભ્ય તરીકેની પસંદગી આવકારપાત્ર હોવા છતાં, મુંબઈ પ્રાંતનાં ધારાસભા માટે જો તેમને પસંદ કરવામાં આવ્યા હત તો વધુ યોગ્ય ગણાત; કારણકે તેમનાં વહીવટ અનુભવને ચમકવાની મુંબઈ પ્રાંતમાં સારી તક મળત.

ધીરજલાલ ધનજીભાઈ શાહ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઈ.
મુદ્રણસ્થાન: સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઈ. ૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજી. નં. બી ૪૨૬૬

પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ : ૧૧
અંક : ૨૦

મુંબઈ : ૧૫ ફેબ્રુઆરી ૧૯૫૦ બુધવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

જૈન શ્વે. મૂ. કોન્ફરન્સે પસાર કરેલા ઠરાવો

(તાજેતરમાં તા. ૨-૨-૫૦ ના રોજ ફાલના ખાતે મળેલ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક કોન્ફરન્સના અધિવેશનમાં જે ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા તેમાંના અગત્યના ઠરાવો નીચે આપવામાં આવે છે. આ ઠરાવોમાં સૌથી વધારે ધ્યાન ખેંચે એવો ઠરાવ અંકયનો થાળા નીચે આપવામાં આવ્યો છે. આ ઠરાવ મુંબઇમાં મળેલા અધિવેશનમાં બહુમતીથી ઉડાડી દેવામાં આવ્યો હતો. એ જ ઠરાવને આ અધિવેશનમાં પાછો રજુ કરવામાં આવ્યો છે અને મોટી બહુમતીથી પસાર કરવામાં આવ્યો છે. જ્યારે બીજાં સંમેલનો અને કોમી પરિષદો આજનો દેશકાળ વિચારીને બે ડગલાં આગળ ભરે છે ત્યારે આ કોન્ફરન્સના કાર્યવાહકોને બે ડગલા પીછેહઠ કરવાની જરૂર ભાસી છે. કોન્ફરન્સના બંધારણમાં પણ કેટલાક મહત્વના ફેરફારો કરવામાં આવ્યા છે. આ ફેરફારો, કોન્ફરન્સના ઠરાવો તેમ જ સમગ્ર કાર્યવાહીની સમાલોચના આવતા અંકમાં કરવામાં આવશે. એ સમાલોચનાની ભૂમિકા યથાર્થ સ્વરૂપે ગ્રહણ કરવામાં આવે એ હેતુથી પ્રસ્તુત કોન્ફરન્સને લગતી જરૂરી માહીતી આ અંકમાં બને તેટલી આપવાનું યોગ્ય ધાર્યું છે. તંત્રી)

સ્વતંત્ર લોકતંત્રને આવકાર

આ અધિવેશન ભારતના સ્વતંત્ર લોકતંત્રને આવકારે છે. મહાત્મા ગાંધીજીએ અહિંસા અને સત્યના પંથે ચાલી ભારતને મુક્ત અપાવવામાં જે મહાન ભાગ ભજવ્યો છે તેને આ અધિવેશન અંજલી અર્પે છે.

જૈન સમાજે ભારતની મુક્તિની ચળવળમાં મોટો હિસ્સો આપ્યો છે અને રાષ્ટ્રિય પ્રગતિમાં સદૈવ સાથ આપ્યો છે અને આપશે એમ આ અધિવેશન જાહેર કરે છે અને આશા રાખે છે કે બંધારણમાં દર્શાવ્યા પ્રમાણે પ્રજાના કોઈ પણ વર્ગના ધર્મમાં વિક્ષેપ થાય, એવા પ્રકારના મધ્યસ્થ અથવા પ્રાંતિય સરકારો કાયદાઓ ન ઘડે એવી તકેદારી રાખશે.

દેવદ્રવ્ય

દેવદ્રવ્ય નિમિત્તે જે રકમો અગર મિલકતો હોય તેમ જ હવે પછી તે માટે આપવામાં આવે તેનો ઉપયોગ માત્ર જિનમૂર્તિ અને જિનમંદિરો માટે જ થઇ શકે તેમ આ કોન્ફરન્સ ભારપૂર્વક જાહેર કરે છે અને જૈન સંઘમાંની કોઇ પણ વ્યક્તિ આનો વિરુદ્ધ મંતવ્ય રજુ કરે અથવા પ્રચાર કરે તે જૈન ધર્મના મૂળભૂત સિદ્ધાંતોને આઘાત કરનાર છે એમ આ કોન્ફરન્સ માને છે.

ધી બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એક્ટ (૧૯૪૯)

અખિલ હિંદ જૈન શ્વેતાંબર કોન્ફરન્સ સમિતિ મુંબઇમાં તા. ૮-૯ સપ્ટેમ્બર ૧૯૪૯ ના રોજ મળેલ. સભામાં ધી બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એક્ટ (૧૯૪૯) સંબંધી થયેલ નીચેના ઠરાવને શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સનું આ અધિવેશન બહાલી આપે છે અને આશા રાખે છે કે મુંબઇની ધારાસભાએ નિમલ સિલેક્ટ કમિટી આ ઠરાવને લક્ષમાં રાખી બિલમાંથી વાંધાભરેલા ભાગ કાઢી નાંખી યોગ્ય સુધારાવધારા કરી જનતાને સ્વીકાર્ય થાય એ સ્વરૂપમાં ધારાસભામાં બિલ રજુ કરશે.

"ધી બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એક્ટ (૧૯૪૯)

મુંબઇની ધારાસભાની પુનાની આગામી બેઠકમાં ધી પબ્લિક ટ્રસ્ટ એક્ટ નામનું બિલ લાવીને ધાર્મિક તથા સખાવતી ટ્રસ્ટોના ઉદ્દેશો Cypres ના સિદ્ધાંતના નામે બદલવા તથા ફેરફાર કરવા નામદાર સરકારે જે પ્રબંધ કર્યો છે, તેનાથી સખાવતના મૂળમાં ઘા થશે, અને જાહેર સખાવતો ઉપર મોટો ફટકો પડશે, કારણ કે દાતાઓને પોતાના ઉદ્દેશો બર આવશે કે નહિ એવી જાતનો ભય ઉત્પન્ન થશે અને સખાવતો કરતા અચકાશે. અને જનતાના હિતને બહુ જ નુકસાન થશે એમ અખિલ હિંદ જૈન શ્વેતાંબર કોન્ફરન્સ સમિતિની આ સભા માને છે અને નામદાર સરકારને ધાર્મિક તથા સખાવતી ટ્રસ્ટો માટેના દાનોને ખતરનાક નિવડે એવા સઘળા પ્રબંધોને એ બિલમાંથી કાઢી નાંખવા વિનંતિ કરે છે. વળી દેવદ્રવ્ય આદિ ધાર્મિક ટ્રસ્ટોની મિલ્કત બીજા કોઇપણ ઉદ્દેશ માટે કોઇ પણ કદી ન વાપરે એવું જૈનધર્મનું ફરમાન છે અને તે સંબંધી શાસ્ત્રીય પુરાવાઓ તપાસ સમિતિ સમક્ષ રજુ કરાયા હતા છતાં જૈન ધાર્મિક ટ્રસ્ટોને પણ કાયદામાંથી બાકાત રાખ્યા નથી તેથી ઉક્ત બિલનો તેના હાલના સ્વરૂપમાં સખ્ત વિરોધ કરે છે. તે ઉપરાંત ચેરીટી કમીશ્નરની નીમણુંક કરી તેને ટ્રસ્ટના હિસાબ, વહિવટ વિગેરે તપાસવાની તથા ટ્રસ્ટીઓની જવાબદારી અંગે નિર્ણય કરવાની જે વિશાળ સત્તાઓ આપવા ઠરાવ્યું છે તેનાથી ટ્રસ્ટીઓને યોગ્ય ન્યાય ન મળે એવો સંભવ છે અને ટ્રસ્ટીઓ ફક્ત ચેરીટી કમીશ્નરના એજન્ટ કે એમના હુકમ ઉઠાવનાર નોકર જેવા થઇ જાય છે. તે ઉપરાંત ચેરીટી કમીશ્નર તથા ડેપ્યુટી ચેરીટી કમીશ્નર અથવા સરકારે નીમેલા અમલદારો પોલીસની માફક સત્વર કરતા હોય તેમ ગમે ત્યારે ટ્રસ્ટીઓને પહેલેથી ખબર આપ્યા વિના ટ્રસ્ટની ઓફીસમાં કે મકાનોમાં જઇ શકે એવી કલમથી વખતોવખત ધર્ષણ થવાનો સંભવ રહે છે અને ટ્રસ્ટીઓનો સ્વમાનભંગ થાય એમ માને છે. આવી જાતની સત્તાઓથી ટ્રસ્ટના વહિવટ કરવા કોઇ સ્વમાનપ્રિય સારા શખ્સો ટ્રસ્ટી તરીકે કામ કરવા આગળ આવશે નહિ એમ માને છે. વળી ટ્રસ્ટી તરીકે ચેરીટી કમીશ્નરને નીમવાથી સદ્ધાના માટે ટ્રસ્ટનો વહિવટ ટ્રસ્ટ અનુસાર નીમાનારા ટ્રસ્ટીઓના હાથમાંથી લઇ લેવામાં આવે છે અને ચેરીટી કમીશ્નર બેરવહિવટ પણ કરે તો પણ તેની સામે દાવો માંડી શકાય નહિ એવી કલમોથી એઓ બીન-જવાબદાર થઇ જશે એમ માને છે.

હાલના કાયદામાં કરવા ધારેલા આવા ફેરફારોથી જનતા કે જેના હિતની ખાતર આ કાયદો કરવાનો ઉદ્દેશ છે તે જનતાનું હિત થવાને બદલે ઘણું જ અહિત થશે અને સખાવતી ભાવનાઓ નષ્ટ થશે એમ આ સભા માને છે, તેથી તેમાં યોગ્ય સુધારા કરવા નામદાર સરકારને આગ્રહપૂર્વક વિનંતિ કરે છે."

જૈન ધર્મ

અખિલ હિંદ જૈન શ્વેતાંબર કોન્ફરન્સ સમિતિની મુંબઇમાં તા. ૮-૯ સપ્ટેમ્બર ૧૯૪૯ ના રોજ મળેલ સભામાં "જૈન ધર્મ"

શિર્ષક નામના થયેલ નીચેના ઠરાવને શ્રી. જૈન શ્વેતાંબર કોન્ફરન્સનું આ અધિવેશન બહાલી આપે છે.

"જૈન ધર્મ"

આજની અખિલ હિંદ જૈન શ્વેતાંબર કોન્ફરન્સ સમિતિની સભા જાહેર કરે છે કે જૈન તેમ જ હિંદુઓ આર્ય જાતિના હોઇ જાતિ તરીકે જુદા નથી, પરંતુ હિંદુ ધર્મ વૈદિક છે અને જૈન ધર્મ અવૈદિક છે. વળી હિંદુ ધર્મ બ્રાહ્મણ સંસ્કૃતિને અનુસરે છે જ્યારે જૈન ધર્મ શ્રમણ સંસ્કૃતિને અનુસરે છે. જે બે જુદી સંસ્કૃતિ તરીકે પુરાતત્વવિદોએ મતભેદ વિના સ્વીકારેલી છે, તેથી જૈન અને હિંદુ ધર્મ એકબીજાથી જુદા છે.

ભીક્ષા પ્રતિબંધક કાયદો

ભીક્ષા પ્રતિબંધક કાયદાનો મુખ્ય ઉદ્દેશ માણસોને પ્રમાદી, નિરૂદ્યમી અને સમાજ ઉપર બોજારૂપ થતાં અટકાવવાનો તથા ભીખ માંગવાનો ધંધો લઇ બેઠા હોય તેવાઓ દુર્બ્યસની થાય છે તેથી તેમને સુધારવાનો છે.

આત્મકલ્યાણ અર્થે જેમણે સંસાર ત્યાગ કર્યો છે તેવી વ્યક્તિઓને દેખીતી રીતે આવો કાયદો લાગુ ન પડે એમ સ્પષ્ટ છે. ભીખ માંગવાનો ધંધો લઇ બેઠા હોય તેવા માણસોથી ત્યાગીઓને જુદા પાડવા કાંઇ મુસીબત નથી. ત્યાગીઓ ભિખારીઓની પેઠે સમાજને કોઇ ઉપદ્રવ કરતાં નથી, એટલું જ નહિ પણ તેમનું સમાજમાં સન્માન છે, તેથી તેમને ભિખારી ગણવા અપમાન બરાબર છે.

જૈન સાધુસાધ્વીઓના આચારો સુવિદિત છે. તેમને આવા હેરાનગતીભર્યા કાયદામાં મૂકવા એ સર્વથા અનુચિત છે, તેથી આ અધિવેશન મુંબઇ સરકારને આગ્રહપૂર્વક વિનંતિ કરે છે કે The Bombay Beggars Act. 23 (1945) (ધી બોમ્બે બેગર્સ એક્ટ ૨૩, ૧૯૪૫) ની કલમ ૨ (I.) B માં યોગ્ય સુધારો કરી ત્યાગી સાધુઓ ખાનગી મકાનોમાં જઇ ભિક્ષા લે તેને Begging–ભીખ માંગવી એ વ્યાખ્યામાં સામેલ કરવામાં ન આવે.

મધ્યમ વર્ગને રાહત

હાલમાં ઉપસ્થિત થયેલી વિષમ પરિસ્થિતિને કારણે જૈન સમાજનો મધ્યમ વર્ગ અને ખાસ કરીને તેના નીચલા થરો ઓછી આવક અને દિનપ્રતિદિન વધતી જતી મોંઘવારીને લઇને અત્યંત મુશ્કેલ સ્થિતિમાં મૂકાયા છે અને તેમને માટે જીવનનિર્વાહ કરવો લગભગ અશક્ય થઇ પડયો છે. તેથી તેમને પગભર કરવા તથા હુન્નર ઉદ્યોગના અનેક ક્ષેત્રોમાં કામે લગાડવા અને તેમની સ્થિતિ સુધારવા તુરત અમલમાં મુકી શકાય તેવી નીચે દર્શાવેલી યોજનાઓ સુચવવામાં આવે છે. આ માટે જૈન સમાજને યોગ્ય કરવા અપીલ કરવામાં આવે છે.

(૧) જીવનનિર્વાહની જરૂરી વસ્તુઓ વગેરે ઓછા દરે (Subsidised rate) થી પૂરી પાડવા સ્ટોર્સો સ્થળે સ્થળે ખોલવા અને તે માટે જરૂરી ફંડ ઉભું કરી સ્થાનિક સમિતિઓ દ્વારા કામ ઉપાડવું.

(૨) નાના નાના હુન્નર ઉદ્યોગને મદદ કરવા સારી કેપિટલ સાથેના સહકારી મંડળો ઉભા કરવા, તેમ જ તેવા ઉદ્યોગો શિખવવા જરૂરી શિક્ષણ સંસ્થા સ્થાપવી.

(૩) તેમ જ ગૃહઉદ્યોગો શિખવવા તથા ચલાવવા ઉદ્યોગમંદિર (ઇન્ડસ્ટ્રીયલ હોમ) સ્થાપવું.

(૪) સ્ત્રી ઉપયોગી ગૃહઉદ્યોગો શિવણ–ભરત–ગુંથણ–ચિત્રકામ આદિનું શિક્ષણ આપનારી સંસ્થા સ્થાપવી.

(૫) તે ઉપરાંત આ કોન્ફરન્સ ઇચ્છે છે કે જૈનોના મધ્યમ વર્ગને ધંધારોજગારમાં સહાય આપવા અને તેમને વ્યાપાર અને ઉદ્યોગના સાધનની અનુકૂળતા કરી આપવા માટે સહકારી અને અન્ય ધોરણે એક મોટી ઔદ્યોગિક અને નાણાંકિય સંસ્થા સ્થાપવી જરૂરી છે. આથી આ અધિવેશન કોન્ફરન્સના પ્રમુખશ્રીને ઉપરોક્ત કાર્ય માટે કમિટિ નીમવા અને યોજના ઘડી કાઢવા અધિકાર આપે છે. તેમજ આ યોજનાને શિઘ્રાતિશીઘ્ર મૂર્ત સ્વરૂપ આપવા આગ્રહ કરે છે

ઐક્ય

જૈન ધર્મ અને સમાજ ઉપર જુદા જુદા ક્ષેત્રોમાંથી જે આક્રમણો હાલ થઇ રહ્યાં છે તેનો પ્રતિકાર કરી જૈનોની સર્વાંગ પ્રગતિ સાધ્ય કરવા કોન્ફરન્સ એ જ એકમેવ કાર્યક્ષમ સંસ્થા છે. તેને સંપૂર્ણ મજબુત બનાવવા માટે બધી જાતના પ્રયત્નો કરવાનું ધ્યેય હોવું જોઇએ. એ ઉદ્દેશને ધ્યાનમાં રાખી ઐક્ય માટે વધુ અનુકુળ વાતાવરણ નિર્માણ કરવું જોઇએ. તે માટેના પ્રથમ પગલાં તરીકે માલેગામ સમિતિએ પસાર કરેલા અને સૂરત મુકામે મળેલી સ્ટેન્ડિંગ કમીટિએ પાસ કરેલા નીચેના ઠરાવો આ કોન્ફરન્સ પસાર કરે છે.

ઠરાવ નં. ૧.

જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક કોન્ફરન્સ સને ૧૯૩૪માં અમદાવાદ મુકામે સાધુ સંમેલને કરેલા દીક્ષા સંબંધી ઠરાવને વધાવી લે છે અને તેણે (કોન્ફરન્સ) અથવા તેની કોઇ પેટા સમિતિએ કરેલા વડોદરા રાજ્યના દીક્ષા સંબંધીના અને બીજા દીક્ષા સંબંધીના ઠરાવો આથી રદ થાય છે.

ઠરાવ નં. ૨

એકય સાંમતિ જૈન સમાજને ભારપૂર્વક ભલામણ કરે છે કે જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ધર્મના સિદ્ધાન્તો અને પ્રચલિત અનુષ્ઠાનો જે પ્રમાણે માન્ય રખાતા આવ્યા છે તે પ્રમાણે જૈન સંસ્થાઓ તેને માન્ય રાખશે એટલું જ નહિ પણ તેના અધિકારી કે ઓધ્ધેદારો તરફથી તેને હિણપત પહોંચે તેવું બોલવામાં કે લખવામાં આવશે નહીં.

ગૌવધ પ્રતિબંધ અને દારૂબંધી માટે સરકારને અભિનંદન

ગૌવધ પ્રતિબંધ અને દારૂબંધી માટે મધ્યસ્થ અને પ્રાંતિક સરકારોએ જે નિયમન કર્યા છે તે બદલ કોન્ફરન્સનું આ અધિવેશન સરકારને અભિનંદન આપે છે, અને જ્યાં જ્યાં આ નિયમન થયેલ નથી ત્યાં કરવા સરકારને આગ્રહભરી વિનંતિ કરે છે.

જૈન ધર્મ સંબંધે આલેખન

જૈન ધર્મ અને જૈન સાહિત્યના ઉંડા અભ્યાસ વિના અને એ સંબંધોના ઇતિહાસને અવલોકયા વિના આજકાલ જે આલેખન કરવામાં આવે છે અને રેડીઓદ્વારા વકતવ્ય વહેતું મુકવામાં આવે છે તે સ્હામે આ અધિવેશન વિરોધ જાહેર કરે છે અને ભારપૂર્વક આગ્રહ કરે છે કે એ સંબંધી લખતાં પૂર્વે જરૂરી જ્ઞાન મેળવાય કે જેથી પરસ્પર મનદુઃખનો પ્રસંગ ભવિષ્યમા પ્રાપ્ત ન થાય.

રાષ્ટ્રભાષા હિંદીને આવકાર

રાષ્ટ્ર ભાષા તરીકે હિંદી ભાષાનો સ્વીકાર થએલ છે તે દૃષ્ટિ સન્મુખ રાખતાં આ અધિવેશન કોન્ફરન્સ કાર્યાલય પ્રથા તથા આગામી અધિવેશનોની કાર્યવાહી હિંદીમાં જ થવાની નિતાંત આવશ્યકતા સ્વીકારે છે, આ અધિવેશન ઉકત દૃષ્ટિકોણને કાર્યરૂપમાં પરિણત કરવા નિર્ણય કરે છે અને આ ઠરાવનો અમલ શીઘ્ર થાય એમ ઇચ્છે છે, પરંતુ કેટલીક વ્યવસ્થાદિ અંગેની મુશ્કેલીઓ ધ્યાનમાં લેતાં ત્રણ વર્ષ સુધી હિંદીની સાથે ગુજરાતી ભાષાનો પણ ઉપયોગ કરવા ઠરાવે છે.

આગામી વસ્તીગણત્રી

આ અધિવેશન મધ્યસ્થ સરકારને આગ્રહપૂર્વક વિનંતિ કરે છે કે ઇસ્લામ, જરથોસ્ત, શિખ અને ખ્રિસ્તી જેમ જુદા ધર્મો છે તેવી જ રીતે જૈન ધર્મ પણ જુદો અને સ્વતંત્ર ધર્મ છે. તેથી આગામી વસ્તીગણત્રીમાં જૈનની ગણત્રીની જુદી કોલમ રાખવી.

(અનુસંધાન પૃષ્ઠ ૧૬૯ જુઓ)

'આપણે સર્વે સાથે બેસીએ : સમભાવપૂર્વક સમાજ અને ધર્મને વિચારીએ'

[બીજી ફેબ્રુઆરીના રોજ, રજપૂતાનામાં આવેલા ફાલના તીર્થમાં, શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક કોન્ફરન્સનું સત્તરમું અધિવેશન મળી ગયું, એ અધિવેશનના પ્રમુખસ્થાનેથી શેઠ શ્રી કાન્તિલાલ ઇશ્વરલાલે આપેલ વ્યાખ્યાનમાંથી કેટલોક મહત્વનો ભાગ તારવીને નીચે આપ્યો છે. —સંપાદક]

કોન્ફરન્સના જન્મથી માંડીને આજ સુધી એટલે લગભગ ૪૯ વર્ષના લાંબા ગાળામાં આપણી મહાસભાનું નાવ ભરતી અને ઓટ વચ્ચે સારી રીતે ઝોલાં ખાતું આવ્યું છે. પંદરેક વર્ષથી તો ઓટમાં એટલું સપડાયું છે કે છેક કિનારે આવીને જ તેનું નાવ પડી રહ્યું છે. પાંચ વર્ષ પહેલાં આપણે મુંબઇ ખાતે તેનું સોળમું અધિવેશન ખૂબ ઉત્સાહ વચ્ચે ભર્યું અને દરેકને આશા હતી કે મહાસભામાં નવા પ્રાણ પુરાશે અને સમાજને યોગ્ય માર્ગદર્શક થઇ પડશે, પણ સમાજના ડહોળાયેલાં વાતાવરણને સ્વચ્છ થવાનો સમય પાક્યો નહિ એટલે તે વખતે પણ કાર્યકર્તાઓના ભગિરથ પ્રયત્નો છતાં આપણે સંતોષકારક પરિણામ લાવી શકયા નહિ. મારવાડના ઉત્સાહી બંધુઓએ આવા કટોકટીના સમયમાં આ અધિવેશન માટે આમંત્રણ આપ્યું અને આજે આપણે એકત્રિત થઇ શકયા છીએ તે તેમને જ આભારી છે.

* * *

સજ્જનો! જે મહાન જવાબદારી ભરેલું સ્થાન આપે મને આપ્યું છે તે સ્થાનને લાયક હું છું કે કેમ તેની ચર્ચા કર્યા વીના એટલું જ કહીશ કે આપના સ્નેહાકર્ષણથી આકર્ષાઇ મેં આ દુઃસાધ્ય ભર ગૃહણ કર્યો છે. જો કે આપે ભાર મને સોંપ્યો છે છતાં હું તો એમ જ સમજું છું કે ખરી જવાબદારી આપને સ્વીકારવાની છે. હું તો એક નિમિત્ત માત્ર છું. દેવને રથ ખેંચવા લાકડાનો ઘોડો જોડે છે ખરા, પણ એ રથને ખેંચે છે ભકત લોકો જ. હું પણ આ અનુષ્ઠાનરૂપી રથનો લાકડાનો ઘોડો છું. ખેંચવાનું આપને જ છે. મને પૂર્ણ શ્રદ્ધા છે કે આપ સર્વના સહકારથી આપણી મહાસભાને આપણે ફરી પ્રાણવંત સંસ્થા બનાવી શકીશું.

* * *

આજે આપણે કંઇ ન કરી શકીએ તો એટલું તો દૃઢ નિશ્ચયથી નકકી કરીને જ ઊઠવાનું છે કે હવે પછી ગમે તેવા મતમતાંતરો ઉપસ્થિત થાય છતાં તે વ્યકિતગત હોય આવી મહાન સંસ્થાની પ્રગતિને તો નહિ જ રોકીએ. હું આ તકે જૈન જનતાને એટલો પાકો વિશ્વાસ આપું છું કે જ્યાંસુધી આ સંસ્થાનું નાવ મને સોંપ્યું છે ત્યાંસુધી તો કોઇ પણ વર્ગનું મન દુભાય તેવા લડાયક પ્રશ્નો કોન્ફરન્સને હાથ ધરવા નહિ દઉં. દરેક વર્ગ તે ગમે તેવો ઉદ્દામવાદી હોય કે જૂનવાણી, તેના વિચારોનો સમન્વય કરાવી માર્ગ કાઢવા પ્રયત્ન કરીશ. હું સમજું છું કે આ મહાસભાને કોઇને પણ ખોવી પાલવે તેમ નથી. છતાં જે વર્ગ ધર્મ, સમાજ અને દેશની પ્રગતિને આડે આવે છે તેવું તમોએ ચૂંટેલ મારી કમિટીને બહુ વિચાર્યા પછી લાગશે તો અદ્દશ્ય વાળીને બેસી રહેવાનું પણ હું પસંદ ન કરી શકું, અને મહાસભાને સ્થગિત સ્થિતિમાં રાખી મુડદાલ હાલતમાં સડવા ન દઉં. મારું તો એક જ ધ્યેય હોઇ શકે કે કોન્ફરન્સ કઇ રીતે આગળ વધી શકે, જનતામાં ભળતી થાય, તેની સેવા કરવાની તકો જતી ન કરે અને આખા દેશ તથા જગતની સાથે જૈન સમાજ એક સરખા માનથી ઊભો રહી શકે. આ દૃષ્ટિબિંદુ ખ્યાલમાં રાખી હું દરેક વર્ગનો સાથ મેળવવા તનતોડ મહેનત કરીશ. હું ફરીથી દરેક જુદા જુદા વિચાર ધરાવનારા સમુહોને ખૂબ આગ્રહપૂર્વક વિનંતિ કરું છું કે કોન્ફરન્સનો આજે નવો જન્મ થયો છે, તે એક નવી સંસ્થા તરીકે જ ઊભી થઇ છે તેમ સમજી તમારો સાથ સાચા હૃદયથી નિઃશંક ભાવે આપજો. દેશ, કાળ એવા તો બદલાઇ ગયા છે કે જેટલા તમે આ મહાસભાથી દુર ભાગશો તેટલા જ તમો જૈન સમાજને પાછા પાડી રહ્યા છો તેમ સમજજો. સાચા હૃદયથી તેમાં જોડાઇ જેટલો સાથ આપીશું તેટલી આપણી પ્રગતિ નજદીક જ સમજશો.

આપણી મહાસભા એટલે આપણો સર્વેનો સમૂહ. આપણે સાથે મળી જો કંઇ કામ ન કરી શકીએ તો તેટલા પ્રમાણમાં આપણી પ્રગતિ અટકી જ પડે. સમાજની સાથે રહ્યા વિના આપણે જીવી શકીએ જ નહિ. આપણે સર્વે સાથે બેસીએ, એક બીજા પ્રત્યે સમભાવપૂર્વક વર્તીએ, સમાજ અને ધર્મની વિચારણા કરીએ, આટલું વાતાવરણ આપણે ઉત્પન્ન કરીશું તો તેને હું એક મોટું રચનાત્મક કાર્ય થયેલું ગણીશ. ભુલો કરવી અને તેને સુધારતા જવું અને નવાં પગલાં ભરવાં તે માટે તો આપણો જન્મ છે. આ એક જ ટેવથી આપણે આપણા અંતિમ ધ્યેયને પણ પહોંચી શકીએ.

ટ્રસ્ટ એકટ બિલ

ગઇ સાલમાં મુંબઇની ધારાસભામાં રજૂ કરાયેલ આ બિલથી જૈન જનતા પૂરેપૂરી વાકેફ છે. તેને લીધે આપણાં પવિત્ર ગણાતાં 'દેવદ્રવ્ય' ની હયાતી ભયમાં આવવાનો પાકો સંભવ છે. આપણી મહાસભાએ તેનુલકર કમિટી આગળ સચોટ રીતે તે બિલની વિરૂધ્ધમાં પુરાવા આપ્યા છે. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રમુખ શેઠ કસ્તુરભાઇ લાલભાઇએ પણ આ અંગે ખૂબ અસરકારક જુબાની આપી છે. સરકાર હિન્દુ ધર્મને લગતા કાયદાઓમાં જૈન ધર્મના માનસને પણ સાથે ભેળવવા પ્રયત્ન કરતી હોવાથી આવી રીતે ઘણી બાબતોમાં ઉદ્દાપોહ થાય છે. હિન્દુ અને જૈન ધર્મ અનેક બાબતોમાં જુદો પડતો હોઇ બંને ધર્મો માટે એક સરખા નિયમો લગાડી શકાય જ નહિ. વળી જે કારણ માટે દાન આપનાર નાણા આપે છે તેના ભાવનાં અને મંતવ્યની આડે આવવાનો કોઇ પણ સરકારને અધિકાર ન હોઇ શકે. દાન આપનાર વર્ગ સરકારને અજ્ઞાન લાગતો હોય તો લોકમત કેળવવા પ્રયત્ન કરે, તેના પ્રશ્નને જો વ્યાજબી લાગશે તો તેની પ્રણાલિકામાં ફેર થયા વિના નહિ રહે. પણ જે મંતવ્ય જૈન ધર્મના અનુયાયીઓના હૃદયમાંથી ખસી શકે તેવું જ ન હોય તેવા મંતવ્યોનો શી રીતે ફેરફાર કરી શકાય? એમ કહેવામાં આવે છે કે જૈન મંદિરો પાસે પુષ્કળ ધન છે માટે ત્યાં એકકું ન થવું જોઇએ. પાંચ પચીસ મંદિરો પાસે તેનો પાસે હોવું જોઇએ તેના કરતાં કદાચ વધારે હશે, પણ આ પાંચ પચીસ મંદિરોનું ધન તેમની પોતાની માલિકીનું નથી. ભારતવર્ષના છત્રીસ હજાર જૈન મંદિરોની માલિકીનું છે, તેનો જિર્ણોદ્ધાર, તેની વ્યવસ્થાનું કામ કોણ માથે લે તેમ છે? આખા હિન્દના જૈન મંદિરોમાં જે મંદિરોના જિર્ણોદ્ધારની ખાસ જરૂર છે તે જો શરૂ કરવામાં આવે તો મારી સાદી સમજ મુજબ અત્યારે આપણી પાસે જે દ્રવ્ય છે તેનાથી ચારગણું વધારે હોય તો પણ પહોંચી શકાય નહિ, આ ગણતરી તો હું વગર મોંઘવારીના ભાવથી કહું છું. અને આજની અસહ્ય મોંઘવારીનો જો વિચાર કરીએ તો મારે કહેવું જોઇએ કે જો એક સાથે બધે જીર્ણોદ્ધાર શરૂ થાય તો કદાચ તે બજેટ દેવાળીયું ગણાય.

જૈન મંદિરોની સ્વચ્છતા, તેની શિલ્પકળા આજે દરેક ધર્મને અનુકરણીય છે. જો મંદિરો પાસે દેવદ્રવ્યની જોગવાઇનો પ્રબંધ આપણા પૂર્વાચાર્યોએ ન કર્યો હોત તો આ જ પ્રદેશમાં અવેલ આખા ભારતવર્ષની કળાને ઉજ્જવળ કરનાર દેવવિમાન જેવાં રાણકપુર તીર્થના જીર્ણોદ્ધાર શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી લાખો રૂપીઆને ખર્ચે શી રીતે કરાવી શકી હોત? અને આ જ પ્રમાણે સમગ્ર ભારતવર્ષની કળાના મુગટ સમા આબુના મંદિરોના ઉદ્ધાર માટે પચીશેક લાખ જોઇશે તેનું શું? આ તો એક બે તીર્થોની વાત કરી. હજી આવાં કેટલાંય કળામય તીર્થોની વાત બાકી છે. આ સમયમાં આપણે એટલા જરૂર નશીબદાર છીએ કે આપણા મહાન તીર્થોનો વહીવટ શેઠ આણંદજી કલ્યાણજી જેવા પેઢીના અને તેના બાહોશ પ્રમુખના હાથમાં છે. દેશમાં કળાને પોષવા માટે જુદી જુદી સંસ્થાઓ ખોલાય, જુદા જુદા શિક્ષણવર્ગ ખોલીએ અને જ્યારે તેના પરિણામરૂપે આવા ફળોને મોટાં થવાં પહેલાં આવા

કાયદા-કાનૂનના ભોગ થવું પડે તે કેટલી અસંગત હકીકત છે! હું ખૂબ નમ્રપણે આ જગ્યાએથી મુંબઈ સરકારને વિનંતિ કરું છું કે આ બિલને કાયદાની ચોપડીએ ચઢાવતાં પહેલાં અમારાંમાંના થોડાકને બોલાવજો, અમારા તીર્થોની એક વખત મુલાકાત લેજો અને ધાર્મિક નહિ તો કલાત્મક દૃષ્ટિથી પણ જૈન ધર્મના ઉપકારી પુરૂષોએ યોજેલ દેવદ્રવ્યની યોજનાનો અભ્યાસ કરી તેને પોષણ મળે તેવાં પગલાં લેજો.

ભિક્ષા બંધી બીલ

આ બિલ અંગે પણ આપ સર્વે સારી રીતે વાકેફ છો. આ બિલ મુખ્યત્વે કરીને તો ભીખનો ધંધો લઈ બેઠેલાઓનું Nuisance અટકાવવા માટે જ ઘડાયેલ છે. છતાં આ બિલનો પૂરો અભ્યાસ કરતાં એમ લાગે છે કે આપણા પૂજ્ય ત્યાગી વર્ગનો પણ આ બિલમાં સમાવેશ થઈ જાય છે. આપણી મહાસભાએ આ બિલ અંગે પોતાનો સખ્ત વિરોધ જાહેર કરી ત્રણે ફિરકાનું એક ડેપ્યુટેશન મુંબઈ સરકારના હોમ સેક્રેટરીને મળ્યું હતું. ત્રણે ફિરકાઓનો એક સરખો મજબૂત વિરોધ હોઇ આપણી પ્રજાકીય સરકાર જરૂર સુધારો કરશે એટલી આશા વધારે પડતી નથી. આપણા પૂજ્ય મુનિમહારાજઓ તથા સાધ્વીજીઓ પોતાનો સંયમ ટકાવવા પૂરતો જ આહાર લે છે તે ભાગ્યે જ કહેવાની જરૂર હોય. આ દેશ ચારિત્રશીલ પુરૂષો ઉત્પન્ન કરવાની મુખ્ય ભૂમિ ગણાય છે. આવા બિલથી તો મહાન આત્માઓના વિકાસમાં અંતરાય ઉભો થશે. માનવજાતનું નૈતિક જીવન ઊંચે આવે તે માટે સરકારને નિયમો ઘડવા પડે છે ત્યારે આપણો ત્યાગી વર્ગ તો પોતાના અનુભવ અને જ્ઞાનદ્વારા આવા બોધપાઠ આપી ભૂલેલાઓને માર્ગ બતાવે છે અને જીવનનું સાચું ધ્યેય સમજાવે છે. આવી મહાન વ્યક્તિઓનો માનમરતબો વધે, તેમને પૂરતી સગવડો અપાય એવા નિયમો ઘડવાની જોગવાઇ કરવાની જરૂર છે. સરકાર જૈન ધર્મને સ્પર્શતી કલમો ઘડતાં પહેલાં કોન્ફરન્સ જેવી સર્વમાન્ય સંસ્થાને પુછાવે, તેની સલાહ લે, તેની સાથે વાટાઘાટ કરે તો બહાર ઉહાપોહ પણ થાય નહિ અને યોગ્ય માર્ગ નીકળે. હવે તો સરકાર આપણી પોતાની જ રહી એટલે એને માટે જરા પણ ટીકાનું સ્થાન નીકળે તો આપણને દુઃખ થાય, પણ જે બાબતો જૈનત્વના હૃદયને સ્પર્શે તેવી હોય તે માટે કોન્ફરન્સ સાથે વિશ્વાસથી કામ લે તો–સમાજ અને સરકાર બંનેનું ધ્યેય સચવાય. આપણે ઇચ્છીશું કે સરકાર હવે પછી જે બાબતો જૈન કોમને લાગુ પડતી હોય તે કોન્ફરન્સને પહેલાં જાણ કરી તેની સલાહ લેશે. સરકારને હું ખાતરી આપું છું કે આવાં સમયે કોન્ફરન્સ કોમવાદની દૃષ્ટિથી નહિ પણ રાષ્ટ્રિય ધ્યેયને ખલેલ ન પડે અને અમારાં ધાર્મિક સિદ્ધાંતોને પુષ્ટિ આપતાં અનુષ્ઠાનો સચવાય એ દૃષ્ટિથી અમારૂં મંતવ્ય રજુ કરશે.

જૈન વિદ્યાપીઠ

શ્રમણ સંસ્કૃતિના નાયક ભગવાન મહાવીરે વિશ્વશાંતિ માટે **અહિંસા** અને વિશ્વના ઐક્ય માટે **અનેકાંતવાદ** આ બે અહિંસક સાધનો જગતને સોંપી માનવસમાજને સાચા કલ્યાણના માર્ગે જવાનું નવું દિશાસૂચન આપ્યું છે. આજે જ્યારે જગતમાં બહુ સૂક્ષ્મતાપૂર્વક પ્રત્યેક વસ્તુની છણાવટ થઈ રહી છે ત્યારે પ્રગતિ કે વિકાસ કર્યા વગર ખાલી ભૂતકાળના ગુણગાન કરવા માત્રથી આપણા તત્ત્વજ્ઞાન અને સંસ્કૃતિની રક્ષા ન જ થઈ શકે. કોઇ પ્રજા ફક્ત પોતાના ભૂતકાળની શોભાને ઉન્નતિ કે રક્ષણના ઉદ્યમ સિવાય યાદ કરવા માત્રથી આગળ વધી શકી નથી. આજે તો સંસારના દરેક ધર્મોનું પણ કેટલાંક વર્ષોથી સ્વતંત્ર દૃષ્ટિએ વિશ્લેષણાત્મક અને તુલનાત્મક અધ્યયન થવા લાગ્યું છે અને એટલા જ માટે વર્તમાન શતાબ્દિને સંસ્કૃતિના સંક્રાતિકાળ અથવા ધર્મમંથનકાળ તરીકે એક વિદ્વાને ઓળખાવેલ છે. જૈન ધર્મ આજે ભારતના જૈનેતરોની અને પાશ્ચાત્ય દેશોની પ્રજા વચ્ચે માનવંત સ્થાન ધરાવતો હોય તો તે તેના મૂલ્યવાન પ્રાચીન સાહિત્ય અને જીવંત તીર્થોની ભાવનામયતા તથા કળા ભંડારથી. આ બેહુ વારસા જો જૈનો પાસે ન હોત તો તેત્રીસ કરોડની ભારતની પ્રજા સમક્ષ આસરે પંદર લાખની જૈન વસ્તી અને જૈન સંસ્કૃતિનો કોઇ ભાવ પણ ન પૂછત. જે વારસાથી આપણે ઉજ્જવળ છીએ તે વારસો જાળવી રાખવાથી જ આપણે તેની ફરજમાંથી મુક્ત થતા નથી; પરંતુ તે વારસાનો ઉપયોગ એવી રીતે કરવો જોઇએ કે જેથી તે વારસો જીવંત રહે અને અનેક મનુષ્યોના આકર્ષણ તથા ઉધ્ધારનું સાધન બને. આ અંગે લગભગ પાંચેક વર્ષ પહેલાં પરાંસલી તીર્થે ભરાયેલ દેશવિરતી આરાધક સમાજના નવમા અધિવેશનમાં મેં મારા વિચારો રજુ કર્યા છે. જૈન વિદ્યાપીઠ સ્થાપ્યા સિવાય આ કાર્યો પૂરેપૂરા સંતોષકારક રીતે પાર પાડી શકાય તેમ નથી. આજે પ્રજા જ્યારે અહિંસાની દિશા તરફ વધુ માનની નજરે જોતા શીખી છે ત્યારે જૈન સિદ્ધાંતો સર્વત્ર સ્વીકારાવવાની આ અનન્ય તક છે. જૈન વિદ્યાપીઠ સ્થાપી, તેમાં આધુનિક કેળવણી સાથે આપણા જ્ઞાનભંડારોમાં ખાલી સંગ્રહ ખાતર જ એકઠાં થતાં પુસ્તકોને બહાર લાવી આપણા વિદ્યાર્થીને શિક્ષણ આપવાની જરૂર છે. આધુનિક દૃષ્ટિએ અને પશ્ચિમની શાસ્ત્રીય પધ્ધતિથી આ શિક્ષણ અપાય તો નવીનરૂપે આપણું તત્ત્વજ્ઞાન આપણો વિદ્યાર્થી મેળવી શકે અને જગત સમક્ષ તેના સાચા સ્વરૂપમાં રજૂ કરવાને શક્તિશાળી થાય.

જગતને અહિંસાનો બોધ આપવાનો ઇજારો અને ફરજ જૈન સમાજની મુખ્યત્વે હોઇ શકે. દુનીઆના એક ખુણામાં પણ જ્યાં સુધી હિંસા વર્તી રહી હોય ત્યાં સુધી આપણો આ અહિંસા ધર્મ પરાજીત છે. એક જ એટમબોમથી જાપાનનું હીરોશીમાં જેવું મોટી વસ્તીવાળું શહેર તદ્દન સાફ થઇ ગયું તે દિલકંપાવનારી હકીકત હજી ગઇ કાલની જ વાત જેવી તાજી છે. એકેંદ્રિય, બેઇંદ્રિય જીવ હણાય જાય તોય આપણે આલોયણા લેનારની શું એટલી જવાબદારી નથી કે ભગવાન મહાવીરના અહિંસાના મુખ્ય સિદ્ધાંતને આપણે જગતના ખૂણે ખૂણે પહોંચાડવા તનતોડ મહેનત કરીએ કે જેના પરિણામે સામાજિક, રાષ્ટ્રિય, આર્થિક કે જાતીય વિગ્રહના અનેક કારણો સ્વતઃ ઓછા અથવા નાબૂદ થઇ જાય અને એને સ્થાને સિશ્વમૈત્રી ભાવનાનો પુનર્જન્મ થાય. આ ધર્મમંથન કાળમાં જો આપણા ગૌરવવંતા તત્ત્વજ્ઞાન, સંસ્કૃતિ અને સાહિત્યને જગતના વિશાળ ચોકમાં પ્રદર્શિત કરવામાં ન આવે તો ભગવાન મહાવીરના એ તત્ત્વજ્ઞાનના વારસદારો આપણા માટે એ બીના બહુ જ આઘાતજનક કહેવાય.

આબુ, રાણકપુર, શત્રુંજયગિરિ અને બીજાં ગનવૂબી તીર્થો આપણા પૂર્વજોએ આપણામાં ત્યાગ, શાંતિ અને વિવેક કેળવવાની પ્રેરણા મળે તે હેતુથી આપણને વારસામાં આપેલ છે. બોધ્યે કે બ્રાહ્મણોની તીર્થભૂમિઓ માફક આપણે પણ આવાં પવિત્ર સ્થળોએ તીર્થધામો સાથે વિદ્યાધામો પણ વસાવીએ જેથી આપણી સંસ્કૃતિ અને ભગવાનના અહિંસા તથા સ્યાદ્વાદના સિદ્ધાંતોને આપણે ખરી રીતે અપનાવતા શીખીએ. આ દિશામાં જો પ્રગતિ સધાય તો ઘર આંગણાના આ મહાન કળામય તીર્થોને તેનું સાચું સ્વરૂપ આપી શ્રમણ સંસ્કૃતિનો ખરો વિકાસ સાધી શકીએ. આનો વિચાર આપણે અત્યારે નહિ કરીએ તો કયારે કરીશું?

સાધુ—સંસ્થા

આ પવિત્ર સંસ્થાનો જૈન સમાજ અને ધર્મ ઉપર મહાન ઉપકાર છે. જૈન ધર્મ તેના મુળ સ્વરૂપમાં અત્યાર સુધી ટકી રહ્યો હોય તો આ પૂજ્ય ત્યાગી વર્ગને જ આભારી છે. રેલવે કે વાહન–વ્યવહારનો ઉપયોગ આવાં દુષમકાળમાં પણ ન કરવાથી નાના ગામડાઓ તથા શહેરોને આપણી સંસ્કૃતિનો ઠીક ઠીક લાભ મળી શકે છે. આ સંસ્થાનું બંધારણ ખૂબ દીર્ઘદૃષ્ટિ અને ચતુરાઇથી આપણા પૂર્વાચાર્યોએ ઘડેલ હોઇ આ સંસ્થા ઠીક

પ્રમાણમાં ટકી રહી છે તેમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી.. છતાં મારું અંગત માનવું છે કે આ પૂજ્ય વર્ગમાં સુશિક્ષિત અને આ કાળની પૂરેપૂરી વ્યવહારિક કેળવણી લીધેલાઓનો તથા સમાજશાસ્ત્ર, માનસશાસ્ત્ર અને સાયન્સનું યોગ્ય શિક્ષણ મેળવ્યું હોય તેવાઓઓનો પણ જો ઉમેરો થાય તો નવીન પ્રજાને ધર્મના માર્ગે વાળવામાં ખૂબ સરળતા પ્રાપ્ત થઈ શકે. અને આ બુદ્ધિવાદના યુગમાં આપણી નવી પ્રજા ઉપર તેની શ્રદ્ધાને દ્રઢ બનાવી જ્ઞાન અને ક્રિયાને યોગ્ય રીતે આચરણમાં મૂકાવી શકાય, અને જૈનેતરોમાં પણ આપણી સંસ્કૃતિ અને તત્ત્વજ્ઞાનનો ફેલાવો કરી શકાય.

સાધુ–સંસ્થામાં હાલ સંગઠનની ખામી આપણા શ્રાવક વર્ગ માફક જ જોવામાં આવે છે અને આ ખામી હાલ તાત્કાલીક પુરાય તેવાં ચીન્હો પણ દૃષ્ટિગોચર થતાં નથી. જ્યાંસુધી આપણા આ ત્યાગી વર્ગમાં સંગઠન ન હોય ત્યાંસુધી આપણું સંગઠન ગમે તેવું મજબૂત કરવા ઇચ્છીએ તોપણ દૃષ્ટિરાગના લીધે તેમાં ઢીલાશ આવ્યા વિના રહે નહિ. આપણે આ પૂજ્ય વર્ગને ખૂબ નમ્રપણે વિનંતી કરવા સિવાય આપણાં માટે બીજો માર્ગ નથી. તેમનામાં પ્રવર્તી રહેલા મતભેદો મુખ્ય સિદ્ધાંતોના પણ નથી એટલે ધારે તો આ કાર્ય મુશ્કેલ છતાં અસંભવિત નથી. દેશકાળને આપણે ભવેંએ સમજ્યે જ છૂટકો છે.

વ્યાપાર

એક વખત આખા દેશના વ્યાપારમાં મોટો હિસ્સો જૈનોનો હતો. કાળના જોરે દિનપ્રતિદિન આપણા હાથમાંથી વ્યાપાર સરી પડવા માંડયો છે. અને આજે તો પ્રજાનું રાજ્ય છતાં આખા દેશની વ્યાપારની સ્થિતિ ખૂબ નિરાશાજનક થવા પામી છે. આના કારણો તપાસવા માટે બહુ ઊંડા ઊતરવાની જરૂર છે, જે માટે આ સ્થાન યોગ્ય નથી. છતાં એટલું તો આપણે જાણવું જોઇએ કે દેશ એક મહાન ક્રાંતિમાંથી પસાર થતો હોઇ એના આંચકા ધાર્મિક, સામાજિક કે આર્થિક બાબતોને લાગ્યા વિના રહી જ ન શકે. આજે આખા જગતમાં મજુરવાદને ઊંચે લઇ જવા પ્રયત્નો થઇ રહ્યા છે એટલે તેની અસર આપણા દેશને પણ થયા વિના ન રહે. મને લાગે છે કે જગતના દરેક દેશના વિચારો અને નિયમો એકબીજાને એકસરખા લાગુ પડી શકે નહિ. મૂડીવાદ અને મજૂર વચ્ચે જે મોટી ખેંચતાણ આપણે ત્યાં હાલ ચાલી રહી છે તેની જો અમુક મર્યાદા નહિ બંધાય તો હજી પણ દેશને મોટી આર્થિક બિમારીમાંથી પસાર થવું પડશે. આપણા વ્યાપારી વર્ગે એક સિદ્ધાંત હવે હંમેશને માટે ભૂલવા જેવો નથી કે, 'મોટા નફે થોડા વ્યાપાર કરતા થોડા નફે મોટો વ્યાપાર' એ સુત્રને હંમેશને માટે આપણે અપનાવ્યે જ છૂટકો છે. આવી ટેવથી વ્યાપારમાં આપણું નૈતિક ધોરણ પણ ઠીક જળવાશે. વ્યાપારમાં એ વ્યક્તિગતનું નહિ પણ સમગ્ર રાષ્ટ્રનું તેમાં હિત છે તેમ સમજીને પોતાનો વેપાર ખેડવાનો છે.

આપણા દેશને વ્યાપારમાં વિકાસનું હજી મોટું ક્ષેત્ર છે. આપણા દેશની વિશાળતા અને મોટી વસ્તી જોતાં ઉદ્યોગોમાં હજી આપણે પ્રાથમિક સ્થિતિમાં છીએ એટલે નવી પ્રજાને ઔદ્યોગિક શિક્ષણ આપવા પાછળ જ વધુ દૃષ્ટિ કેન્દ્રિત કરવાની જરૂર છે. આંધ્રો ગિક માનસ ધરાવનાર વ્યક્તિને જ આ નવા યુગમાં સ્થાન મળે તેમ છે અને આપણે તો સાહસિક અને દીર્ઘદૃષ્ટિથી વેપાર ખેડનારા રહ્યા એટલે આપણી પ્રજાને આવું ઔદ્યોગિક શિક્ષણ અપાય તો તેઓ પોતાનું યોગ્ય સ્થાન લઇ શકે તેમ છે.

આપણો મધ્યમ વર્ગ

મધ્યમ વર્ગની સ્થિતિ અસહ્ય મોંઘવારીને લીધે ન કલ્પી શકાય તેવી ભયાનક થઇ પડી છે. આપણા સમાજના આ પ્રતિનીધિરૂપ ગણાતા, સૌથી બુદ્ધિશાળી અને મહત્ત્વના આ વર્ગ ઉપર આર્થિક બોજો અસહ્ય છે. એમનું જીવન ધોરણ ખૂબ નીચે પડયું છે. એમની શારીરિક શક્તિ ઘટતી જાય છે, એમના મોટા ભાગની બચત વપરાઇ ગઇ છે. અને તાત્કાલિક જરૂરીઆતોને પૂરી પાડવા માટે કુટુંબ તથા વૃદ્ધાવસ્થા અંગે કરેલી જોગવાઇમાં એમને મોટો કાપ મૂકવો પડે છે. કુટુંકમાં સમાજ અને દેશના કરોડરજ્જુ જેવા આ મધ્યમ વર્ગની સ્થિતિ ન કલ્પી શકાય એટલી હૃદયદ્રાવક છે. ફકત જૈન કોમમાં જ નહિ, પણ આખા દેશમાં મધ્યમ વર્ગની આ સ્થિતિ પ્રવર્તે રહી છે એટલે એને ગમે તેટલા થાગડથીંગડ કરવામાં આવે તો પણ સ્થિતિમાં ફરક થવો એકાએક અસંભવિત છે. આના માટે એક જ રસ્તો છે કે સરકાર જીવનની જરૂરીઆતની વસ્તુઓમાં ત્રીસથી ચાલીસ ટકા ભાવ ઘટાડી શકે તો જ આ વર્ગ છુટકારાનો દમ ખેંચી શકે. પણ આવા ક્રાંતિકાળમાં એકાએક બધું સુધરી જવું પણ બહુ સહેલું નથી.

આજે તો મજૂર વર્ગના કુટુંબનો દરેક સભ્ય રોજી કમાઇ શકે છે, જ્યારે આપણે ત્યાં તો કુટુંબમાં એક કમાનારને પાંચ દશ સભ્યોનો બોજો ઉપાડવાનો હોય છે. અત્યાર સુધી આ પ્રણાલિકા ગમે તે કારણોસર ચાલી હોય પણ આમાં હવે ફેરફાર કર્યા વિના છૂટકો નથી. આખો યુગ એવો પલટો લે છે કે નિરૂદ્યમી અને અશિક્ષિત એ બે વર્ગને માટે કોઇ જગ્યાએ હવે જીવવાનું સ્થાન નહિ રહે.

કુટુંબના મુખ્ય સભ્યનો બોજો હળવો કરવા બાકીના સભ્યો ઘરની આવકમાં કઇ રીતે ઉમેરો કરી શકે તેવી પુખ્ત વિચારણા કરીને જેમ બને તેમ સહેલાઇથી તેને અમલમાં જે રીતે લાવી શકાય તેવી યોજના કરવાની જરૂર છે. આપને આશા આપું છું કે આપણી મહાસભા આ રચનાત્મક કાર્ય હાથ ધરશે. આવી યોજનામાં આપ સર્વેનો સંપૂર્ણ સહકાર જોઇશે. બીજા શુભ કાર્યોમાં કરકસર કરી દ્રવ્યનો પ્રવાહ આવી યોજના તરફ વહેતો કરવામાં આવે તો જ આવું કાર્ય પાર પાડી શકાય. એંસીથી વધુ ટકા ભાગ આ મધ્યમ વર્ગમાં આવી જાય છે. આવા મોટા વર્ગનો વિચાર જો આપણે અત્યારથી ન કરીએ તો સમાજની સર્વ સાર્વજનિક, ધાર્મિક કે વ્યવહારિક સંસ્થાઓની સંભાળ ભવિષ્યમાં કોણ લઇ શકશે? શાસનની ખરી જવાબદારી હમેશાં સમાજના આ મોટા વર્ગ ઉપર જ અવલંબે છે, તેને વધુ નીચે પડતો અટકાવવા આપણે ભોગ આપ્યે જ છૂટકો છે. હું આશા રાખું છું કે દરેક શક્તિશાળી આ બાબતમાં પૂરતો સહકાર આપશે.

મૈત્રી, પ્રમોદ, માધ્યસ્થ ને કરૂણા. એ ચાર ભાવનાઓની મર્યાદામાં રહીને આપણું જીવન જીવવાનો આપણને આદેશ છે. એ આદેશનું ઉલ્લંઘન આપણાથી થાય નહિ. જૈન ધર્મમાં મતભેદને સ્થાન નથી, એમાં અપેક્ષા સમજવાની સ્યાદ્વાદ શૈલી છે. એ ધર્મના અનુયાયીઓ સાથે બેસી ન શકે તો અહિંસાધર્મ લાજે; આપણે તો વ્યાપારી રહ્યા; આપણે તોડજોડના રસ્તાના જાણકાર રહ્યાં, આપણે સમયને ઓળખનારા રહ્યા, આપણે ઉન્નતિ માટે, અહિંસા ધર્મના પ્રચાર માટે, આપણી શ્રમણ સંસ્કૃતિની જળવણી માટે આપણે એકતા સાધવી જ રહી. આપણી નાની સંખ્યા અને મોટી જવાબદારી જોતાં આપણે એકતાની ભાવનાને ખીલવવી. જરા બુદ્ધિ, ડહાપણ અને સાદી સમજથી કામ લઇએ તો દરેક તોડ નિકળી શકે. હું યુવક કે રૂઢિચુસ્ત, કોઇ વર્ગને જુદી રીતે આ સ્થાનેથી કંઇ કહેવા નથી ઇચ્છતો. બંને વર્ગના હૃદયમાં ધર્મની ધગશ હું એકસરખી જોઇ રહ્યો છું. જુદી જુદી અપેક્ષાએ બંને વર્ગને ધર્મ પ્રાણવાન રહે તે જ જોવાની ઇચ્છા આ સંસ્થા તમારા સર્વની છે. તમારા દરેકનું ધ્યેય આ સંસ્થા પાર પાડી શકે તેવી તેની વ્યાપકતા છે. જરા વ્યવહાર અને સાદી સમજ વાપરશું તો રસ્તો તદ્દન સરળ થઇ જશે. શાસનદેવ આપણ સર્વેને સીધા માર્ગે વાળે.

સરાક જાતિ

કલકત્તા સુધી જનારને સ્વાભાવિક રીતે થાય કે, ચાલો, શાંતિનીકેતન અથવા સમેતશિખર જઇ આવીએ. બંને યાત્રાનાં સ્થળો છે. શાંતિનીકેતન આજે વિદ્યાનું ધામ છે: સમેતશિખર એક વખત હતું; આજે માત્ર યાત્રાનું સ્થળ રહ્યું છે. છતાં સમેતશિખર પાછળ ત્રણ ત્રણ હજાર વર્ષનો ઇતિહાસ છે. શાંતિનીકેતન સાથે શ્રી રવીન્દ્રનાથ ટાગોરનું નામ સંકળાયેલું છે એટલે ત્યાં જવાની વૃત્તિને દાબી ન રાખી શકાય, તો સમેતશિખર સાથે જૈનોના તીર્થંકર પાર્શ્વનાથ અને મહાવીરનાં નામ સંકળાયેલા છે–આ ભૂમિમાં બન્નેએ વિહાર કર્યો છે; વિહાર કરી આ ભૂમિમાં જ આત્મજ્ઞાન મેળવ્યું છે, અને એ આત્મજ્ઞાનદ્વારા તત્સમાજમાં ક્રાન્તિ પેદા કરી છે. એટલે એ ભૂમિનાં દર્શનની પણ સદ્ભાગ્યે જ ઇચ્છા થાય. ગડબથલ ચાલતી હતી તે વખતે જ આ પ્રદેશમાં કાર્ય કરતી સંસ્થા, શ્રી જૈન ધર્મ પ્રચારક સભાના એક મંત્રી અને કલકત્તાના જાણીતા વેપારી શ્રી. ચુનીલાલ બી. શાહે સમેતશિખર માટે આગ્રહ કર્યો, એટલે એ જ સ્થળ પસંદ કર્યું.

બે દિવસની નિરાંત હતી; વળી કલકત્તાથી જતાં અને આવતાં દસ દસ કલાક રસ્તામાં થાય છે એટલે આ પવિત્ર ભૂમિ વિષે આસાનીથી ખૂબ વાતો થઇ, વાતવાતમાં જે સંસ્થાના તેઓ મંત્રી છે, તેના વિષે પણ તેમણે માહિતી આપી, અને આશ્ચર્ય એ થયું કે, જે કાર્ય જૈન સાધુઓનું છે, જૈન સાધુઓએ કરવાનું છે, તે કાર્ય સાધુ-સંસ્થા ઉપરના આપણા સમાજના કોઇ પણ પ્રકારના નિયમનના અભાવે શ્રાવકસંસ્થાએ કરવું પડે છે.

શ્રી જૈન ધર્મ પ્રચારક સભા, આ સંસ્થા ચૌદ વર્ષથી સ્થપાયેલી છે. તેના સહમંત્રી શ્રી તાજમલ બોથરા છે. પાઠશાળાઓ, શાળાઓ અને છાત્રાલયો આ સંસ્થા ચલાવે છે; સરાક જાતિના ઉત્થાન માટે, ઉત્કર્ષ માટે આ કાર્ય તે કરી રહી છે.

આ સરાક જાતિ વિષે આપણે ખૂબ ઓછું જાણીએ છીએ. 'શ્રાવક' શબ્દનું અપભ્રંશ તે 'સરાક' આ સરાક જાતિના લોકો અત્યારે માનભૂમ, રાંચી, વર્ધમાન, બાંકુરા, મેદનીપુર, અને સંથાલ પરગણામાં પથરાયેલા છે. શ્રી ચુનીભાઇએ આ જાતિ વિષે અને કઇ રીતે આ જાતિમાં તેઓ કાર્ય કરી રહેલ છે તેની પણ માહિતી આપી.

પાર્શ્વનાથ અને મહાવીરની આ વિહાર ભૂમિ. 'વિહાર' ઉપરથી જ 'બિહાર' શબ્દ આવ્યો અને અત્યારે તે 'બિહાર' તરીકે જાણીતો છે. ગૌતમબુદ્ધ પણ આ પ્રદેશમાં વિચરેલા. એટલે આ પ્રદેશમાં એક વખત જૈનો તથા બૌદ્ધોની કેટલી મોટી વસતી હશે! એક સમયના શ્રમણ ભગવાન મહાવીરના ઉપાસકો–શ્રાવકો સંસ્કૃતિ અને સંસ્કારમાં ધસાઇ ધસાઇને છેવટે સરાક થઇ ગયા.

આદિદેવ, ધર્મદેવ, શાંતિદેવ, અનંતદેવ, ગૌતમ વગેરે આ જાતિના ગોત્રો છે. આ ગોત્રો તીર્થંકરોના નામ ઉપરથી જ મેળવેલા છે. છેલ્લું ગૌતમ ગોત્ર મહાવીર સ્વામીના ગણધરના નામ ઉપરથી છે. કુલદેવતા તરીકે તેઓ પાર્શ્વનાથને માને છે.

અમે પહોંચ્યા તે દિવસે મકરસંક્રાંતિ હતી. સમેતશિખરની તળેટી મધુવનનાં આ તહેવારને કારણે દર વર્ષની જેમ આ વર્ષે પણ મોટો મેળો ભરાવાનો હતો, મેળો જોવાની ઇચ્છાએ અમે પર્વત ન ચડ્યા. દિવસ ઊગ્યાથી સરાક જાતિ અને પહાડી લોકોના ટોળેટોળાં—સ્ત્રી પુરુષો મધુવનનાં દહેરાસરોમાં દર્શને આવ્યે જતાં હતાં. પહાડ ઉપરથી, આસપાસથી, ચાના બગીચાઓમાંથી, એમ દૂર દૂરથી લોકો નૃત્ય કરતાં, ગાતાં બજાવતાં આવતા હતાં–રંગબેરંગી વસ્ત્રો પહેરીને; હાથમાં પીંછીઓ જેવી વૃક્ષો।। લાંબી લાંબી કૂણી કૂંપળો લઇને, તેમનો ઉત્સાહ માતો નહોતો. તેમને મત તળેટીના ત્રણે મંદિરોમાં તફાવત નહોતો. શ્વેતાંબરીય, તેરાપંથી કે દિગંબરી મંદિરમાં તેમનાં હૃદયમાં સ્થપાયેલ ભગવાનની મૂર્તિઓ હતી. તે મૂર્તિ નગ્ન હતી કે વસ્ત્રયુક્ત; ઊભી હતી કે બેઠી–કશી તેમને પડી ન હતી. ભક્તિપૂર્વક વંદન કરી તેઓ રસ્તે પડતાં અને મેળાની મોજ ઉડાવતાં. આંહીંના ત્રણે મંદિરના વ્યવસ્થાપકોએ તે દિવસ પૂરતું માથાદીઠ બબ્બે પૈસા મૂકકું, પૈસા કમાવા માટે નાખેલું. તે પૂરેપૂરું પોતાના સમુદનું ગણી ચાપીને જ આ લોકો દર્શન કરતાં, છેતરીને દહેરાસરમાં દર્શને જવાની તેમની દાનત નહોતી.

સરાક જાતનાં લોકો કોઇ પણ કારણે જીવહિંસા કરતાં નથી, તે એટલે સુધી કે જીવાંતવાળા ફળ કે વડના અથવા પીંપળાના ટેટાને પણ ખાતાં નથી. પાંચ 'પ્રકરનો તેઓએ ત્યાગ કર્યો છે.

એક સમયે કોમને માત્ર જ્યારે સંખ્યાનો જ મોહ હતો ત્યારે, જૈન સમાજનું લક્ષ આ જાતિ તરફ કેમ નહિ ગયું હોય એ વિચારવા જેવું છે.

સૌથી પહેલાં આ જાતિ તરફ લક્ષ ગયું મુનિશ્રી મંગલવિજયજીનું. તેમણે ત્યાં જ સ્થિરતા કરી, આ જાતિના ઉદ્ધારમાં પોતાની જાતનું વિલોપન કર્યું, શાળા–પાઠશાળા સ્થાપી; ગામેગામ ફરી ઉપદેશદ્વારા તેમનું જીવન સુધાર્યું અને તેમના દુઃખો દૂર કરવા માટે પણ પ્રયત્ન કર્યો, તેમનાં કાળધર્મ પછી તેમના શિષ્ય શ્રી પ્રભાકરવિજયજીએ આ કાર્ય ચાલુ રાખ્યું. કલકત્તાની જૈન જનતાનું આ કાર્ય તરફ ઘેાડું ઘણું લક્ષ ગયું, અને ત્યાંના સંઘે આ કાર્યને વેગ આપવા ઠીક ઠીક યત્ન કર્યો. સ્વર્ગસ્થ શ્રી બહાદુરસિંહજી સિંધીએ આગેવાની લીધી. આ પ્રયત્નને પરિણામે આજે એ પ્રદેશમાં જૈન સંસ્કૃતિના જડ અને ચેતન અવશેષો આપણે ઠેર ઠેર જોઇ શકીએ છીએ;

પરંતુ આજે આ કાર્યમાં શિથિલતા આવી છે. કેટલાંક કારણોને લઇ મુનિ પ્રભાકરવિજયજી અને કલકત્તાના સંઘ વચ્ચે મતભેદ ઉભો થયો છે. આ મતભેદને કારણે બે સંસ્થાઓ કાર્ય કરતી થઇ છે; કાર્ય વહેંચાઇ ગયું છે. એકબીજાના દોષો શોધવા તરફ બન્ને સંસ્થાનું લક્ષ થતું જણાય છે. સંખ્યાની દ્રષ્ટિએ માત્ર નામના જ જૈનો બનાવવાની વાત એક બાજુ રહેવા દઇએ, પણ જૈન સંસ્કાર અને સિધ્ધાંતોના પ્રચાર માટે; જનતા તેને જીવનમાં ઉતારે તે માટે જૈનસમાજે એકસંપથી અને એકદિલીથી પ્રયત્ન કરવા જરૂરી છે. શ્રી પ્રભાકરવિજયજી પાસે શક્તિ છે; કાર્ય કરવાની ધગશ છે; કલકત્તાના સંઘ પાસે પૈસા છે. એકબીજા એકબીજાથી અલિપ્ત રહી કાર્ય કરવા ઇચ્છશે તો એ કાર્યને વેગ મળવાને બદલે બગડશે; જે કાર્યનાં બીજ રોપાયાં છે તે પણ વણસશે.

શ્રી પ્રભાકર વિજયજી જૈન તીર્થનું એક અંગ છે. જૈન સંઘની આજ્ઞા તેઓ ઉથાપી શકે નહિ. વાતવાતમાં તેમણે કહી પણ લીધું કે, કલકત્તાના જૈન સંઘની આજ્ઞા ઉઠાવવા તેઓ તૈયાર છે. કલકત્તાના જૈન સંઘની હવે જવાબદારી રહે છે—કઇ રીતે તેઓ આજ્ઞા કરે છે.

પરંતુ એ સિવાય પણ જૈન સમાજના ઉત્થાનમાં રસ લેતા કાર્યકરોનું ધ્યાન આ દિશા તરફ ખેંચાવું જરૂરી છે. જૈન સાધુઓ—ગુજરાતમાં જ પડયાપાથર્યા રહેતા સાધુઓએ આ બાજુ વિહાર કરવાની જરૂર છે. સરાક જાતિમાં ઓતપ્રોત થવાની જરૂર છે. ગુજરાતમાં કે મારવાડમાં ફકત માથું ધુણાવી, હાજી હા કરી, ભકત તરીકે ગણાવતાં દંભી જૈનો કરતાં તેમને નિર્દોષ અને સરળ ભક્તોની મોટી સંખ્યા મળી રહેશે—માત્ર તેમણે તકેદારી એટલી રાખવાની કે શિષ્યમોહમાં રખે પડે! સાથે એ પણ ખાતરી કે, જે વર્ધમાનને પોતાના સિદ્ધાંતોનો આંહીં પ્રચાર કરતાં અનેક ઉપસર્ગોનો સામનો કરવો પડયો હતે; એવા પ્રાણાંતક તો શું પણ સામાન્ય ઉપસર્ગોને સામનો પોતાના વિહાર દરમિયાન અત્યારના સાધુઓને નહિ કરવો પડે, ઊલટાનું સરાક જાતિનાં લોકો તેમનો ભાવભીનો સત્કાર કરશે. **વીરજલાલ ધનજીભાઇ શાહ**

શેઠ કસ્તુરભાઈ લાલભાઈનું ઉદ્‌ઘાટન-પ્રવચન

(જૈન શ્વે. મૂ. કૉન્ફરન્સનું સત્તરમું અધિવેશન ખુલ્લું જાહેર કરતાં શેઠ કસ્તુરભાઇ લાલભાઇએ કરેલું પ્રવચન જૈન પત્રમાંથી સાભાર ઉદ્‌ધૃત કરવામાં આવે છે. તંત્રી)

ભાઈઓ તથા બહેનો

તમારા આગ્રહ અને પ્રેમવશ થઇને શ્વેતાંબર જૈન કૉન્ફરન્સનું ૧૭મું અધિવેશન ખુલ્લું મુકવા હું હાજર થયો છું. તમે મારા કરેલા સત્કાર સારૂ હું તમારો આભારી છું.

કૉન્ફરન્સ અસ્તીત્વમાં આવ્યે લગભગ પચાસ વર્ષ થયા છે, પણ મને કહેતા દુઃખ થાય છે કે આજ સુધીમાં કૉન્ફરન્સની મારફત આપણે કાંઇ ખાસ સિધ્ધિ મેળવી શકયા નથી. શરૂઆતમાં જ્યારે કૉન્ફરન્સની બેઠકો ભરાતી ત્યારે તે જૈન વસ્તીઓવાળા શહેરોમાં ભરવામાં આવતી અને જૈન જનતામાં તે અંગે ભારે ઉત્સાહ જામતો. પૈસાદાર વર્ગ પણ સારી સંખ્યામાં હાજરી આપતો અને વિવિધ પ્રકારના દાનની જાહેરાત થતી. પાંચસાત વર્ષ આ રીતે ચાલ્યું અને ત્યાર પછી કૉન્ફરન્સ અંગેનો ઉત્સાહ મંદ પડતો ગયો અને કાળે કરીને આજે એ સ્થિતિ આવી છે કે તેનું અધિવેશન ભરવું પણ મુશ્કેલ બન્યું છે. આના કારણો જો આપણે તપાસીએ તો સહેજે સમજાશે કે કૉન્ફરન્સ પાસે કોઇ જાતનો સંગીન અથવા રચનાત્મક કાર્યક્રમ ન હતો. જૈન જનતાના ગાઢ સંપર્કમાં આવી તેને મદદરૂપ થવા કાંઇ ખાસ કરવામાં આવ્યું નથી. કેટલાક ચર્ચાસ્પદ ધાર્મિક સવાલો ચર્ચી જૈન જનતામાં વૈમનસ્ય ઊભું થયું. આ બધા કારણોને લીધે જે ઉત્સાહ સને ૧૯૦૦ થી ૧૯૧૦ સુધીના મુંબઇ, અમદાવાદ, ભાવનગર વિગેરેના અધિવેશનમાં જોવામાં આવ્યા તે આજે દેખાતો નથી.

તમે સૌ સારી રીતે જાણો છો કે ઇન્ડીયન નેશનલ કૉંગ્રેસની શરૂઆતના વર્ષોમાં જ્યારે તેના અધિવેશનો ભરાતાં ત્યારે ઘણો ઉત્સાહ જનતા પરંતુ તે અધિવેશનોના ત્રણ ચાર દિવસ બાદ કૉંગ્રેસ શું છે એ જનતા ભૂલી જતી. પૂજ્ય મહાત્માજીએ આવીને આ સ્થિતિ બદલી. તેમણે કાર્યકરો ઉભા કર્યા અને ગામડે ગામડે કૉંગ્રેસનો નાદ જગાવ્યો. લોકોના સુખદુઃખના પ્રશ્નો હાથ ધર્યા અને લોકોનો અવાજ જોરશોરથી સરકારમાં રજુ કર્યો. આનું પરિણામ એ આવ્યું કે ઇન્ડીયન નેશનલ કૉંગ્રેસ એક મોટામાં મોટી લોકપ્રિય સંસ્થા બની.

શ્વેતાંબર જૈન કૉન્ફરન્સનું અધિવેશન જુદા જુદા પ્રાંતોના, જીલ્લાઓના અને તાલુકાઓના જૈનોને એકબીજાના પરિચયમાં લાવવાનું સ્થાન બને તે યોગ્ય છે. પણ તેને જૈનોની પ્રિય સંસ્થા બનાવવી હોય તો નીચેના મુદ્દાઓ લક્ષમાં રાખી કાર્યક્રમ રચવો જોઇએ:-

૧ જૈનોની કૉન્ફરન્સ હોઇ, જૈન સિદ્ધાંતોને માન્ય રાખી ચાલનારી સંસ્થા હોવી જોઇએ.

૨ આજની બદલાતી જતી સમાજરચનામાં કોમની આર્થિક સ્થિતિ સુધારવા ઉપાયો યોજી તે અંગેની જરૂરી પ્રવૃત્તિઓ હાથ ધરવી જોઇએ.

૩ ધાર્મીક ચર્ચાસ્પદ વિષયો તેમાં લાવવા જોઇએ નહિ.

૪ સેવાભાવી કાર્યકરો તૈયાર કરી જુદી જુદી જગાઓએ જૈન જનતાના ઉત્કર્ષ સારૂ પ્રબંધ થવો જોઇએ.

ઉપરના મૂળભૂત મુદ્દાઓ ઉપર કૉન્ફરન્સની નિતિ ઘડાશે નહિ ત્યાં સુધી કૉન્ફરન્સ લોકપ્રિય સંસ્થા બનવી મુશ્કેલ છે.

છેલ્લા દશ વર્ષમાં સ્થિતિમાં ભારે પલટો આવ્યો છે. ગામેગામ અને શહેરેશહેરમાં જૈન જનતાનો મોટો ભાગ આર્થિક સંકડામણમાં મુકાઇ ગયો છે. વધુ દુઃખની વાત તો એ છે કે આમાંનાં મોટા ભાગે તો આત્મવિશ્વાસ પણ ગુમાવ્યો છે. જ્યારે દશ વર્ષ પહેલાં એવી સ્થિતિ હતી કે જૈન કોમનો કોઇ પણ છોકરો હાથ લાંબો કરતા શરમાતો એટલું જ નહિ પણ તેવી રીતની મદદ લેવા તૈયાર ન હતો. જ્યારે આજે સેંકડો નહિ પણ હજારો માણસ મદદ માટે ફાંફા મારી રહ્યા છે. આ સ્થિતિ એકલી દુઃખદ નથી પરંતુ જૈનો માટે ભયંકર છે. આમાંથી બચવાનો અને આપણા ભાઇઓને ઉગારવાનો એક જ રસ્તો છે. જે ભાઇઓની કંગાળ હાલત હોય તેમણે તે મીટાવવાને માટે ગમે તે કામે લાગી જવું જોઇએ અને તેમને કામે ચઢાવવા માટે બીજા જૈન ભાઇઓ કે જે સુખી હોય તેમણે મદદ કરવી જોઇએ. જૈનોથી અમુક કામ થાય અને અમુક ન થાય તે માનસ પણ હવે ફેરવવું જોઇએ.

આજે હિંદુસ્તાનમાં ક્રાંતિ આવી રહી છે અને સેંકડો વર્ષથી વણીક વર્ગના હાથમાં અમુક વેપારો હતા તે ચાલ્યા ગયા છે અને એ પણ શંકારપદ છે કે તે વેપારો વણીક વર્ગના હાથમાં પાછા આવશે કે કેમ? આ સ્થિતિમાં આપણે સમયને પિછાનીએ અને કામે લાગી જઇએ તો જ ઉન્નતીને માર્ગે વળીએ.

છેલ્લા વીસ વર્ષમાં એક કામ તો ઘણું સરસ થયું છે, અને તે એ કે મારવાડ જેવા પછાત ગણાતા દેશમાં પણ જૈન વિદ્યાર્થીઓને ભણવા માટેની સગવડ થઇ છે. આવી સગવડો જેટલા વધુ પ્રમાણમાં આપણે આપીશું તેટલા પ્રમાણમાં બેકારીનો સવાલ વહેલો ઉકેલી શકીશું. ઉપરાંત નાના પાયાના ઉદ્યોગોની કામગીરી શીખવવામાં આવે તો ઘણાં ભાઇઓનો આજીવિકાનો પ્રશ્ન સહેલો બને, માટે તે દિશામાં પગલાં લેવા જરૂરી છે.

૧૯૪૭ ની ભયંકર ક્રાંતિમાં લાખો હિંદુઓને પાકીસ્તાન છોડી હિંદુસ્તાન આવવું પડયું. તેઓ તેમના ઘરબાર, રાચરચીલા વિગેરે છોડી ચાલ્યા આવ્યા પણ એ સૌને મગરૂબી લેવા જેવી વાત છે કે તેઓમાંથી એક પણ માણસે લાંબો હાથ કરી પોતાનો નિર્વાહ કરવાનો વિચાર ન કરતાં ગમે તે કામ કરી પોતાનો નિર્વાહ કરવાનું પ્રશંસનીય અને મર્દાનગીભર્યું પગલું ભર્યું છે. તે જ પ્રમાણે આપણામાં આવેલી નિસ્તેજતા દૂર કરી કામે લાગી જઇએ તો આપણો ઉદય સહેજમાં છે.

આજે અધિવેશન ભરાઇ રહ્યું છે તે અંદરઅંદરના મતમતાંતર ભૂલી જઇ કોમમાં ઐક્ય સાધી અનેક જૈન કુટુંબોની આધારભુત સંસ્થા બની રહે તેમ પ્રર્થી આ અધિવેશન ખુલ્લુ મુકું છું.

(અનુસંધાન પૃષ્ઠ ૧૬૪ નું ચાલુ)

(૧૫) તીર્થો, જિન મંદિરો અંગે સરકારી કાનુનો

ભારતવર્ષમાં પથરાયેલા તીર્થો, જિનમંદિરો અને જ્ઞાનભંડારો એ અખિલ જૈન સંઘની માલીકીના હોવાથી તેમજ રથાનિક સંસ્થાઓ માત્ર વહીવટી જવાબદારી ધરાવથી હોવાથી એ અંગે ઉપસ્થિત થતા પ્રશ્નો કે કાનુનોમાં અખિલ જૈન સંઘનું પ્રતિનિધિત્વ ધરાવતી સંસ્થાઓના અભિપ્રાય મેળવવો જરૂરી છે એ તરફ કૉન્ફરન્સનું આ અધિવેશન સકકારનું લક્ષ ખેંચે છે.

જૈન સંસ્કૃતિ કેન્દ્ર

અખિલ ભારતીય જૈન સંસ્કૃતિ કેન્દ્ર નિર્માણ કરી તે દ્વારા શિક્ષણ શાસ્ત્ર અને મનોવિજ્ઞાનશાસ્ત્ર પર અવલંબિત જૈન સાહિત્યના ધાર્મિક, ઐતિહાસિક, સાંસ્કૃતિક વિશાળ ભાવનાથી ભરેવા પાઠય પુસ્તકોનું સંપાદનકાર્ય થવાની આવશ્યકતા છે તે માટે પુજ્ય શ્રમણ સંઘ, જૈન સંસ્થાઓ અને વિદ્વાનો સંપૂર્ણ સહકાર આપે એવી આ અધિવેશનની ભલામણ છે.

બાલદિક્ષા અટકાવ

(થોડા સમય પહેલાં મદ્રાસ ખાતે મળેલ અખિલ ભારતવર્ષીય શ્વેતાંબર સ્થાનકવાસી જૈન કોન્ફરન્સના અગિયારમા અધિવેશનમાં બાલદિક્ષાનો પ્રસ્તાવ કેવા આકારમાં પસાર થયો અને આવો સાદો પ્રસ્તાવ પસાર થતાં તે સામે કેવી કેવી રીતે વિરોધ કરવામાં આવ્યો તેનો ખ્યાલ આવે તે હેતુથી 'જૈન પ્રકાશ'માં તેને લગતો પ્રગટ થયેલો અહેવાલ નીચે પ્રગટ કરવામાં આવે છે. તાજેતરમાં મળેલ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક કોન્ફરન્સે આજ પહેલાં દિક્ષા સંબંધે પસાર કરેલા સર્વ ઠરાવોને ૧૯૩૪માં મળેલ મુનિસંમેલન કે જે મુનિસંમેલનનું આજે કોઇ અસ્તિત્વ નથી કે જેણે પસાર કરેલા પ્રસ્તાવો કોઇ પણ મુનિને બંધનકર્તા નથી તેવા સ્મરણાવશેષ મુનિસંમેલનના મામુલી ઠરાવનું અવલંબન લઇને જ્યારે એક સાથે રદ કર્યા છે ત્યારે આ સ્થાનકવાસી કોન્ફરન્સે આટલો સરખો પણ ઠરાવ પસાર કર્યો છે તે હકીકત કાંઇક રાહત આપે છે.

તંત્રી)

બાલદિક્ષા અટકાવ અંગેનો ઠરાવ રજુ કરતા શ્રી. શાંતિલાલ દુલભજી ઝવેરીએ કહ્યું કે, બાલદિક્ષાનો મોટો ભાગ અયોગ્ય દિક્ષાનો હોય છે અને તેથી તે અંગે પ્રસ્તાવ કરવાની જરૂર છે. શ્રી. ચિમનસીંહજી લોઢા, શ્રી. ઇંદ્રચંદ્રજી શાસ્ત્રો, શ્રી. મોતીલાલજી બરડીયા, વગેરેએ આ પ્રસ્તાવના સમર્થનમાં પોતાના વિચારો રજુ કર્યા હતા, જ્યારે શ્રી. નથમલજી લુંકડ, શ્રી. અનરાજજી જૈન, શ્રી. માણકચંદજી વકીલ, શ્રી. દેવરાજજી સુરાણા, શ્રી. મોહનમલજી ચોરડિયા, વગેરેએ પ્રસ્તુત ઠરાવની વિરુદ્ધમાં પોતાના વિચારો જણાવ્યા હતા; આ પ્રશ્ન રસાકસી ભરેલો બન્યો હતો અને કેટલાંયે ભાઇઓ આ પ્રશ્ન અંગે પોતાના વિચારો દર્શાવવા ઇચ્છતા હતા. અધિવેશનની અત્યાર સુધીની કાર્યવાહી બહુ સંતોષકારક રીતે અને સર્વમાન્ય થઇ હતી; શ્રાવિકાશ્રમ અંગે થોડા મતભેદ હતા, પરન્તુ તે સબજેકટ કમીટીની બેઠકમાં દૂર થઇ ગયા હતા; બંધારણ જેવા પ્રશ્નનો ઉકેલ પણ બહુ સુંદર રીતે આવ્યો હતો, પરન્તુ આ પ્રશ્ને જરા ઉગ્ર સ્વરૂપ પકડ્યું.

આ પ્રસ્તાવ સમયસરનો નલાગવાથી શ્રી. દુલભજીભાઇ ખેતાણીએ, પ્રસ્તુત પ્રસ્તાવ મુલત્વી રાખવાની દરખાસ્ત રજુ કરતાં કહ્યું કે, સમાજ સુધારણા કરવામાં પણ સંયોગો અને વાતાવરણની અનુકૂળતા જોવાવી જોઇએ. અનુકૂળ સંયોગો વિના કરવામાં આવેલ સુધારો વખતે આપણને પાછા ધકેલી દે છે. આ પ્રશ્ન અંગે ઉગ્ર મતભેદ હોવાથી, લોકમત કેળવાય ત્યાં સુધી આ પ્રસ્તાવ મુલત્વી રાખવામાં આવે તે સમાજહિતની દૃષ્ટિએ આવશ્યક છે. શ્રી. અચલસિંહજી જૈને, શ્રી દુલભજીભાઇ ખેતાણીની દરખાસ્તને અનુમોદન આપતાં કહ્યું કે આ પ્રશ્ન અંગે બધા સંઘની રાય જાણવી જરૂરી છે.

શ્રી. જવાહરલાલજી મુણોતે અને શ્રી શાંતિલાલ દુલભજી ઝવેરીએ આ પ્રસ્તાવની અગત્યતા તરફ સભાનું ધ્યાન દોર્યું હતું.

ત્યારબાદ શ્રી પ્રમુખમહાશયે શ્રી. દુલભજીભાઇ ખેતાણીની દરખાસ્ત અંગે મત લીધા હતા—જેમાં પ્રસ્તુત પ્રસ્તાવ મુલત્વી ન રાખવાના મત ૨૫૫ હતા, જ્યારે મુલત્વી રાખવાના મતની ૧૫૮ વ્યકિતઓ હતી. જેથી પ્રસ્તુત પ્રસ્તાવ મુલત્વી ન રાખવાનો બહુમતે નિર્ણય થયો હતો.

ત્યારબાદ પ્રસ્તાવ મંજુર કરવા બાબતમાં મત લેવામાં આવ્યા હતા અને બહુમતે ઠરાવ મંજુર થયો હતો.

શ્રી. મિશ્રીલાલજી કાતરેલાએ પ્રસ્તુત પ્રશ્નનો નિર્ણય 'પોલ' થી કરવાની દરખાસ્ત રજુ કરી હતી. પ્રમુખમહાશયે જનરલ કમીટીની કાર્યવાહી વખતે તા. ૨૩-૧૨-૪૯ ના રોજ એજન્ડા નં. ૧૨ ની ચર્ચા વખતે જાહેર કર્યું હતું કે સામાન્ય રીતે અધિવેશનમાં વિવાદાસ્પદ પ્રશ્નનો નિર્ણય મતગણુત્રીથી થશે, પરન્તુ કોઇ 'પોલ'થી મતગણુત્રી કરવાની દરખાસ્ત રજુ કરશે તો તે મુજબ મતગણુત્રી કરવાની પ્રમુખને સત્તા રહે છે. 'પોલ' ની પદ્ધતિએ મતગણુત્રીમાં પ્રાંતવાર એક મત ગણવામાં આવશે.

આ જાહેરાતની પ્રમુખશ્રીએ યાદી આપી હતી અને શ્રી મિશ્રીલાલજી કાતરેલાની દરખાસ્ત મંજુર કરી હતી.

સ્વાગત પ્રમુખ શ્રી. મોહનમલજી ચોરડિયાએ યોજેલ ગાર્ડન પાર્ટીમાં સૌને જવાનું હોઇ, કાર્યવાહી મુલત્વી રાખવામાં આવી હતી અને ફરી રાત્રે ૭-૩૦ વાગ્યે શરૂ થઇ હતી.

કાર્યવાહી શરૂ કરતાં પ્રમુખમહાશયે કહ્યું કે જે પ્રશ્ન પર અત્યાર સુધી ગરમાગરમ ચર્ચા થઇ હતી તેનો સુખદ અંત આવે તેવું લાગે છે, અમે કેટલો વખત રહેવાનો છીએ? એમ કરીને પ્રમુખ મહાશયે કહ્યું કે આખરે કોન્ફરન્સનું નાવ તો યુવાનોના હાથમાં જ જવાનું છે અને તેથી યુવાનોને છોડવા અમો માગતા નથી; યુવાનોનો સ્વભાવ તેજીથી ચાલવાનો છે, વૃધ્ધોનો સ્વભાવ ઠંડો હોય છે. આજે જે યુવક છે તે કાલે વૃદ્ધ થશે, વય મુજબ દરેકની વિચારસરણી હોય છે તેમાં હર્ષ કે શોક માનવાનું રહેતું નથી.

શ્રી. મિશ્રીલાલજી કાતરેલાએ પ્રસ્તુત ઠરાવમાં સંશોધન (જે ઠરાવમાં મોટા અક્ષરે છાપેલ છે) રજુ કર્યું હતું અને સંશોધન પ્રસ્તાવક તરફથી મંજુર કરવામાં આવે તો 'પોલ' ની માગણી પાછી ખેંચી લેવાની તેમણે ઇચ્છા પ્રદર્શિત કરી હતી.

સંશોધન માન્ય રાખતાં, પોલની માંગણી પાછી ખેંચી લેવામાં આવી હતી અને સંશોધન સહિત પ્રસ્તાવ સર્વાનુમતે મંજુર થયો હતો.

પ્રસ્તાવ નં. ૧૮

દિક્ષા આપવા માટે આ આવશ્યક છે કે જેમને દિક્ષા આપવામાં આવે તે તેને યોગ્ય હોય અને દિક્ષાના અર્થ તેમ જ મર્મને સમજી શકે. સાધુજીવન અંગિકાર કરવાનો નિશ્ચય એટલો મહત્વનો નિર્ણય છે કે બાલ-અવસ્થા વિત્યા બાદ જ થવો જોઇએ. બાલદિક્ષાના કેટલાંક પ્રકારના અનિષ્ટ પરિણામો વર્તમાનમાં જોવામાં આવ્યા છે. તેથી આ અધિવેશન આપણા પૂજ્ય મુનિવરો તેમ જ મહાસતીજીને સાવનય પ્રાર્થના કરે છે કે તે દેશ, કાળ અને સમયની ગતિ, વિધિ, ધ્યાનમાં રાખીને, રાજકીય કાનૂન થાય તે પહેલાં જ ૧૮ વર્ષથી ઓછી ઉમરના કોઇ પણ બાળકને દિક્ષા ન આપવાનો નિશ્ચય કરીને, દેશ સમક્ષ આદર્શ ઉપસ્થિત કરે.

તેમ છતાં કોઇ દિક્ષાર્થી થોડી ના ની ઉમરનો હોય અને સર્વ દૃષ્ટિએ તેની યોગ્યતા માલૂમ પડે તો કોન્ફરન્સના સભાપતિને અપવાદરૂપે તેને દિક્ષા આપવા બાબતની સંમતિ આપવાનો અધિકાર આપવામાં આવે છે.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન: સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજી. નં. બી ૪૨૬૬

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ : ૧૧
અંક : ૨૧

મુંબઈ : ૧ માર્ચ ૧૯૫૦ બુધવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

'ન તો આપણને ધર્મમાં શ્રદ્ધા છે: ન તો એ પ્રકારનું આચરણ'

[તા. ૨૭ ડિસેમ્બર ૧૯૪૯ના રોજ મદ્રાસમાં, શ્રી ભારત જૈન મહામંડળનું ત્રીસમું અધિવેશન મળ્યું હતું. તેના પ્રમુખસ્થાને વર્ધાનિવાસી, મૂકસેવક શ્રી ઋષભદાસ રાંકા હતા. તેમના મનનીય વકતવ્યમાંથી મહત્ત્વના ભાગનો શ્રી ધીરજલાલ ધ. શાહે હિંદીમાંથી કરેલો અનુવાદ નીચે આપવામાં આવ્યો છે.]

સમાજની સ્થિતિ

આજે અમારો સમાજ, નાના નાના સંપ્રદાયમાં વહેંચાઈ ગયો છે. દરેક સંપ્રદાય પોતાની માન્યતા અને આચારમાં એવો ફસાઈ ગયો છે કે, કોઈની દૃષ્ટિ પોતાનાથી આગળ નથી જતી, કોઈ વિચાર કરવાને પણ નથી ઇચ્છતું; આટલું જ નહિ પરંતુ એકબીજાઓ પોતપોતાની માન્યતાઓ એકબીજા પર લાદવા માટે યત્ન કરે છે, અને પોતે જ પરસ્પર સંઘર્ષ ઉત્પન્ન કરે છે. આનું પરિણામ એ આવે છે કે, માન્યતાઓના પ્રચારમાં જ કોઈની શક્તિનો બીજે સ્થળે ઉપયોગ થઈ શકતો નથી. બહુ જ દુઃખની વાત છે કે, અમારી જ્ઞાનગંગા સુકાવા લાગી છે, અને તેમાં કાદવ ઉત્પન્ન થવા લાગ્યો છે. આ કાદવને એકબીજા પર ઉછાળવામાં અમે એટલા બધા ગરક થઈ ગયા છીએ કે, અમારી આ વૃત્તિથી અમને પોતાને જ અને ધર્મને કેટલું નુકસાન થઈ રહ્યું છે. તેનો પણ વિચાર નથી કરી શકતા. સાચે જ, આપણી સ્થિતિ બહુ જ નાજુક અને વિષમ બની ગઈ છે. દુનિયાની પરિસ્થિતિ રોજ-બ-રોજ બદલાઈ રહી છે, અને તે પૂરવેગે આગળ વધી રહી છે; છતાં આપણે ધર્મના નામે રૂઢિઓથી વિકૃત એવા સંસ્કારોથી લપેટાયેલાં જ રહ્યા છીએ.

અહિંસા

મને તો ખ્યાલ પણ નથી કે, ભગવાન મહાવીરે અહિંસાની વ્યાખ્યા, મર્યાદા વગેરે પર જેટલો સૂક્ષ્મ વિચાર કર્યો છે, અને તેને જીવનમાં ઉતારેલ છે, એવો સરળ પ્રયોગ, પ્રાચીન કાળમાં બીજા કોઇએ કર્યો હોય! તો એવું કયું કારણ છે કે, આહિંસાના આ મહાન ઉપાસકનો અન્ય રાષ્ટ્રો અથવા ધર્મો ઉલ્લેખ સરખો પણ નથી કરતા? આમાં કેવળ અન્ય રાષ્ટ્ર કે ધર્મનો દોષ નથી; જો તેમને જૈન તત્ત્વ, મહાવીર તથા અહિંસાનો પરિચય મળી શકે તેવું સહજગમ્ય સાહિત્ય મળી જાય તો તેઓ તેના તરફ આકર્ષાયા વગર રહે જ નહિ. આપણા આચારવિચારની પણ લોકો પર અસર નથી. આપણે સૌએ અહિંસાના ગુણગાન ગાવામાં જરા પણ કસર રાખી નથી, પરંતુ તેને જીવનમાં ઉતારવા માટે જરા પણ પ્રયત્ન કર્યો નથી. એક ગાંધીજી જ એવી મહાન વ્યકિત થઈ ગયા, જેમણે જીવનના અનેક સંઘર્ષપૂર્ણ અવસરોમાં પણ અહિંસાનો સફળ પ્રયોગ કર્યો. આજે આપણી અહિંસા ફકત શાસ્ત્રોમાં જ બંધાઈ રહી છે. જ્યારે આપણે જીવનના દરેક કાર્યમાં અહિંસાનો ખ્યાલ રાખીશું ત્યારે જ દુનિયા સમક્ષ આપણી અહિંસા પ્રતિષ્ઠા મેળવી શકશે.

આચાર-વિચાર

મનુષ્યની ઓળખ બે પ્રકારે થાય છે. એક તેના આચારથી: બીજા તેના વિચારથી. જો આપણા આચાર પવિત્ર અને શુદ્ધ ન હોય, વિચાર સારા અને પરિપકવ ન હોય, આચારવિચાર એક બીજાના પૂરક ન હોય તો આપણે આપણા ઘરમાં ગમે તેટલા મોટા કહેવડાવીએ તોપણ બીજાની દૃષ્ટિમાં આપણી મોટાઇનું કંઇ પણ મૂલ્ય નથી અંકાવાનું. જ્યારે હું વિચાર કરું છું ત્યારે મને સ્પષ્ટ લાગે છે કે, આપણા આચારવિચાર જૈનત્વથી ખૂબ જ દૂર છે. પરલોક અને પુનર્જન્મના સુખની આશામાં આપણે ખૂબ કષ્ટ ઉઠાવીએ છીએ અને તેને ધર્મ સમજીએ છીએ; પરંતુ જો આ જીવનમાં જ કોઇ પ્રકારે આત્મવિકાસ ન થાય, આપણી પ્રવૃત્તિથી બીજાઓને લાભ ન થાય, અને આપણી આસપાસનું વાતાવરણ પ્રસન્ન અને સુખી ન બને તો, મારે મન આ કષ્ટ સહન અથવા દુઃખની સ્વીકૃતિ એ ધર્મ નથી. ધર્મ માત્ર ઘડી બે ઘડીનું સામાયિક, પૂજા, વ્રત, ઉપવાસ અથવા એવી કોઇ પણ પ્રકારની ક્રિયામાં નથી; એ તો જીવનમાં ઉતારવાની ચીજ છે. આમ થાય તો જ ધર્મને 'ઉત્કૃષ્ટ મંગલ' કહી શકાય. આજે આપણે જે ક્રિયાઓ ધર્મ સમજીને કરીએ છીએ તે વિશ્વનું કલ્યાણ કરનારી છે કે નહિ તેનો આપણે સૌ શાન્તિથી વિચાર કરીએ.

ધર્મ અને વેપાર

આપણે દુકાન પર બેસીને શું ધર્મનું બરાબર પાલન કરીએ છીએ? ગ્રાહકોની સાથે શું આપણે આત્મવત્ વ્યવહાર કરીએ છીએ? આપણે માની લીધું છે કે વેપાર સચ્ચાઇથી નથી ચાલી શકતો. ધર્મ ધર્મને સ્થાને છે, વેપારમાં ધર્મને લાવવો તેનો અર્થ એટલો કે, 'ભૂખે મરો અથવા સાધુ બનવાનો રસ્તો ગ્રહણ કરો.' હું આપને વિનમ્રતાપૂર્વક કહેવા ઇચ્છું છું કે, આપણી આ માન્યતા ખોટી છે. વેપાર સચ્ચાઇ અને પ્રામાણિકતાથી જ સારો થઈ શકે છે. સચ્ચાઇ અને ઇમાનદારીથી કામ કરવામાં જે આસાની છે, તેટલી આસાની જૂઠ અને બેઇમાનીમાં નથી. આપ ઘડીભર વિચારો કે, જે વસ્તુ જેવી છે તેવી જ રજૂ કરવામાં આસાની છે કે તેથી વિપરિત રજૂ કરવામાં? સાચું બોલવું એમાં સરલતા છે, પણ આપણા સંસ્કાર એવા રૂઢ થઈ ગયા છે કે, આપણને સત્ય બોલવામાં અને ઇમાનદારીથી ચાલવામાં મુશ્કેલી જણાય. જો કોઇ પોતાની દુકાન પર પાટિયું મૂકે કે, 'અમારે ત્યાં અપ્રામાણિકતા અને અસત્યનો વ્યવહાર રહેશે,' તો તેનું પરિણામ શું આવે? અસત્ય બોલનાર પણ એ પ્રકટ કરવા નથી ઇચ્છતા કે, તેઓ સાચું બોલી રહ્યા નથી. આથી એક તો તેમને અસત્ય બોલવા માટે વિશેષ બૌદ્ધિક કસરત કરવી પડે છે અને વધુમાં સાવધાની પણ રાખવી પડે છે, કે જેથી અસત્ય પ્રકટ થઈ જાય. સાચી વાત તો એ છે કે, આપણે આપણા સ્વાર્થને માટે, પૈસાને માટે અસત્ય બોલીએ છીએ. ભયથી પણ અસત્ય બોલીએ છીએ કે, જેથી આપણને-અપરાધીને કોઇ પ્રકારની સજા ભોગવવી ન પડે! કોઇની આગળ બેવકૂફ બનવું ન પડે! આપણે સૌ ભલે પ્રતિદિન પોપટની માફક રટતા

કરીએ કે, 'ધર્મ' મંગલમય છે; તે અમરૂ તથા વિશ્વનું કલ્યાણ કરનાર છે;' પરંતુ વસ્તુતઃ આપણને ધર્મમાં ન તો શ્રદ્ધા છે, ન તો આપણું એ પ્રકારનું આચરણ છે કે ન તો જ્ઞાન. આ જ કારણોને લીધે જનતા આપણા તરફ વિચારની નજરથી નથી જોતી; પણ ઘૃણાની નજરથી જોઇ રહે છે.

રાષ્ટ્ર અને ધર્મ

હમેશાં સમય એક પ્રકારનો નથી રહેતો; પરિસ્થિતિ બદલાયા જ કરે છે; નવી નવી સમસ્યાઓ ઉત્પન્ન થયા જ કરે છે. આપણે માનીએ છીએ કે ધર્મ મંગલમય છે અને તેનું અસ્તિત્વ જગતના કલ્યાણ માટે છે. આ કારણથી હું કહી શકું છું કે ધર્મમાં રાષ્ટ્રની અને વિશ્વની સમસ્યાઓના ઉકેલનું સામર્થ્ય હોવું જોઇએ. પરિસ્થિતિ અનુસાર ધર્મમાં પણ પરિવર્તન થવું આવશ્યક છે. આજથી બે હજાર વર્ષ પહેલાં જનકલ્યાણને માટે જે નિયમો જરૂરી હતા, તે જ નિયમો આજ પણ જરૂરી છે એવું ન કહી શકાય. જે ધર્મ વ્યક્તિને સંકટ અને મુસ્કેલીમાં મૂકી શકે તે ધર્મ ધર્મ નથી, પણ અધર્મ છે. જૈન શાસ્ત્રોના અભ્યાસીઓ જાણે છે કે, ભિન્ન ભિન્ન કાળમાં શા માટે અને કઇ રીતે નિયમોમાં પરિવર્તન કરવું પડયું. જો આપણા જૈન ધર્મમાં પ્રશ્નોના ઉકેલનું સામર્થ્ય છે—અને છે જ, તો આપણું એ કર્તવ્ય થઇ પડે છે કે આપણા જીવનમાં તેનું આચરણ કરી તે ધર્મને, તેના મંગળ સ્વરૂપને જનતાની સામે રજૂ કરીએ, જેથી તેઓ માર્ગદર્શન મેળવી શકે, અને ધર્મના ગૌરવમાં પણ વૃદ્ધિ થાય.

અપૂર્વ અવસર

આપ સૌ જાણો છો કે, વિશ્વયુદ્ધ ૭ વર્ષ સુધી ચાલ્યું, અને આજે સૌ કોઇ તેની ભયંકરતાથી ત્રાસી ગયું છે. આજે સારીય દુનિયા અહિંસા તરફ મીટ માંડી રહી છે. આજે હું તમારી સમક્ષ અહિંસાની અપૂર્વતાના ગુણગાન ગાઇ રહ્યો છું, ત્યારે ત્યાં સેવાગ્રામમાં વિશ્વના તેત્રીસ રાષ્ટ્રોના પ્રતિનિધિઓ, અહિંસાની તૃષાને કારણે વિચારવિનિમય કરી રહેલ છે. તેમને આશા છે કે, ભારતવર્ષમાંથી તેમને અહિંસાની પ્રાપ્તિ અવશ્ય થશે. આ એક અપૂર્વ અવસર છે જ્યારે તમે તેમના ગળે અહિંસાનું મધુર પાણી ઉતારી શકો. મને નથી ખબર કે, વિશ્વના ઇતિહાસમાં આ કાર્ય માટે આવો સુંદર, અનુકૂળ અને અપૂર્વ અવસર કદી પણ આવ્યો હોય! મારા ખ્યાલમાં તો નથી જ. ભારતના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ પોતાના જીવનથી એ સિદ્ધ કરી બતાવ્યું છે કે હિંસક શસ્ત્રોના ઉપયોગ વગર જ, માત્ર પ્રેમ અને સત્યાગ્રહથી પણ સ્વાધીનતા પ્રાપ્ત કરી શકાય છે. વિશ્વયુદ્ધની ભયંકરતાથી ત્રસ્ત અને વિહ્વળ બની સારૂંય વિશ્વ બાપુની ઝુંપડીનાં અહિંસા પ્રાપ્ત કરવાને દોડી આવ્યું છે. તે લોકો આપણી તરફ આશાભરી નજરે જોઇ રહ્યા છે. આ વખતે જો આપણે આપણી શકિત પરસ્પર લડવામાં અને મતભેદોમાં ખર્ચી નાખી, તો ફરી આવો અવસર સેંકડો વર્ષો પછી પણ મળવાનો નથી. માટે આપ સૌએ આપનું દૃષ્ટિબિંદુ ઉદાર અને વિશાળ બનાવી જીવનવ્યવહાર ચલાવવો જોઇએ.

જૈન સાહિત્યનો પ્રચાર

જૈન સાહિત્ય વિશાળ અને ગહન છે. વિવિધ ભાષાઓમાં અને અનેક વિષયોથી તે એટલું સમૃદ્ધ છે કે, તેમાંથી વિશ્વના પ્રવાહમાં પવિત્રતા લાવી શકાય તેમ છે; વિશ્વની કૃત્રિમતા અને નીરસતા તેનાથી દૂર કરી શકાય તેમ છે. પરંતુ દુઃખની વાત છે કે, આપણે સૌ એકબીજાનાં સાંપ્રદાયિક માન્યતાવાળા ગ્રંથોનો પણ અભ્યાસ કરવા નથી માગતા. એક તો દેશમાં અજ્ઞાનતા છે જ; વિશ્વની ગતિ-રીતિથી સારા સારા શિક્ષિતો પણ અનભિજ્ઞ છે. આવી આપણી અજ્ઞાનદશામાં, બાળપણમાંથી જ આપણામાં એવા સાંપ્રદાયિક બીજ વાવી દેવામાં આવે છે કે, ધર્મના મામલામાં એક પણ ડગ આગળ કે પાછળ જવાની આપણાથી તૈયારી દેખાડાતી નથી; કારણકે એમ કરવામાં 'મિથ્યાત્વ' છે; અને 'મિથ્યાત્વી'નું સ્થાન 'નરક'માં છે, 'મારૂં તે જ સાચું છે'નો દંભ, અહંકાર અને હઠાગ્રહથી આપણને બહુ જ નુકસાન થયું છે. પૂજ્ય બિનોબા ભાવેના પરિચયમાં આવવાનું મને સૌભાગ્ય પ્રાપ્ત થયું છે, અને હું કહી શકું છું કે, જ્યારે તેઓ, જૈન, બૌદ્ધ, ખ્રિસ્તી, પારસી, ઇસ્લામ વગેરે ધર્મોની પ્રાર્થનાઓ કરે છે ત્યારે તેમને કોઇમાં જુદાઇ નથી જણાતી. વિચારો જાણવાને માટે આપણે સર્વ ધર્મોનું અધ્યયન કરવું જોઇએ, અને આપણા ધર્મગ્રંથોને બીજા અભ્યાસીઓ સુધી પહોંચાડવા જોઇએ. જ્યાંસુધી આ રીતે પરસ્પર વિચારોની આપ-લે નહિ થાય ત્યાંસુધી આપણે એકબીજાની નજીક નહિ જઇ શકીએ.

આપણે સૌ, આપણા ઉત્સવો અને મંગલ કાર્યોમાં, પ્રવાસમાં, ફેશનમાં અને યશકીર્તિમાં લાખો રૂપિયા પાણીની માફક ખર્ચી નાખીએ છીએ, પણ સાહિત્ય-પ્રકાશન અને પ્રચાર તરફ બિલકુલ ધ્યાન આપતા નથી. જે બેચાર સંસ્થા છે તે વ્યાવસાયિક દૃષ્ટિથી જ ચાલી રહી છે. આજે ખ્રિસ્તીઓ તથા બૌદ્ધોનું સાહિત્ય ઘેર ઘેર પહોંચી ગયું છે. આશા છે કે, આપ સૌ આ દિશામાં ઉદારતાપૂર્વક વિચાર કરી, કદમ ઉઠાવશો.

પ્રાસંગિક નોંધ

મીઠાં સ્વપ્નાં ઊડી ગયાં

અત્યારના સરકારી તંત્ર સામે, સામાન્ય પ્રજાજનને ખૂબ જ ફરિયાદ કરવાની છે; પણ ખુદ મહાસભાના આગેવાન કાર્યકરો પણ આ તંત્રથી મુંઝાઇ રહ્યા છે, એનો ખ્યાલ આકોલા ખાતે શ્રીમતી સુચેતા કૃપાલાનીએ કરેલા એક ભાષણ પરથી આવે છે. શ્રીમતી સુચેતા કૃપાલાની આચાર્ય કૃપાલાનીનાં પત્ની છે એથી નહિ, પણ કોંગ્રેસ કાર્યવાહક સમિતિના તેઓ એક સભ્ય પણ છે. એથી આ ભાષણમાં તેમણે રજૂ કરેલ સૂરને વધુ મહત્ત્વ મળે છે. હિંદની સર્વોચ્ચ સત્તા એટલે કે કોંગ્રેસની કાર્યવાહક સમિતિ; એના સભ્યોનો પણ સરકારી તંત્ર સુધી અવાજ નથી પહોંચતો, તો આમજનતાની વાત જ કયાં કરવી રહી?

તેઓ કહે છે:—"પ્રધાનો અને સરકારી અધિકારીઓ તો તમારો પગાર ખાઇ, તમારી દુકાનનો વહીવટ કરનારા નોકરો છે. તમે દુકાન તો ખોલી છે પણ તેની ઉપર યોગ્ય દેખરેખ રાખી માલિક તરીકે વર્તતાં તમારે શીખવું જોઇએ. સ્વતંત્રતા પ્રાપ્ત કર્યા પહેલા આપણે તેનાં મીઠાં સ્વપ્નો સેવતાં હતાં, પરંતુ આજે કોઇ સામાન્ય માણસને એમ લાગે છે કે ખરેખર સ્વતંત્રતા આવી છે? અત્યારે પ્રજા અનેકવિધ અંકુશો હેઠળ કચડાય છે. રાજતંત્ર સરખી રીતે ચાલતું નથી અને જનતાની ભાવનાઓ પાર પડતી નથી એવી સર્વત્ર ફરિયાદ સંભળાઇ રહી છે. મહાત્માજીના માર્ગે આપણે ગયા હોત તો આ સ્થિતિ ન આવત. મહાત્માજીએ વિકેન્દ્રીકરણ, અહિંસા, ગ્રામોદ્યોગ વગેરે ઉપર ભાર દીધો હતો, પરંતુ સ્વતંત્ર થયા પછી આપણે કયું ખાસ કામ કર્યું? ખેડુતોના સંબંધી તો આપણે કાંઇ જ ઉત્સાહ દર્શાવ્યો નથી. સેવાને બદલે સત્તા તરફ જ આપણું લક્ષ રહ્યું છે. તેના પરિણામે આજે આપણી આસપાસના ઝગડા તથા અણબનાવ જોવા મળે છે. સામાન્ય જનતાને પેટભર અન્ન, અંગભર વસ્ત્ર, રહેવા માટે જગ્યા, અને કંગાલિયત તથા રોગચાળામાંથી મુકિત એનો જ અર્થ સ્વરાજ્ય છે. પણ એ મળે કઇ રીતે? દેશ માટે નિશ્ચિત સ્વરૂપ આર્થિક આયોજનનો અભાવ છે. કોઇક સ્થળે વિકેન્દ્રીકરણ ઉપર ભાર દેવાય છે, તો કોઇક સ્થળે કેન્દ્રીકરણ ઉપર. ખેડૂતોની આર્થિક સ્થિતિ સુધારવાની તો કોઇ યોજના

જૈન શ્વે. મૂ. કૉન્ફરન્સની પીછેહઠ

ફાલના અધિવેશનની સમાલોચના

એક વખત એવો હતો કે જ્યારે કોઇ પણ સમાજનો સમગ્ર પણે વિચાર કરતાં તે સમાજને બે વિભાગમાં અથવા તો બે વર્ગમાં વહેંચી શકાતો. એક વર્ગ શિક્ષિતોનો–કેળવાયલાનો–અંગ્રેજી ભણેલાનો, બીજો વર્ગ બિનકેળવાયલાનો. કેળવાયલો વર્ગ સાધારણ રીતે સુધારક વિચારનો લેખાતો અને બિનકેળવાયલો વર્ગ રૂઢિ-ચુસ્ત માનસ ધરાવતો. આ સુધારક વલણ જીવનના ધાર્મિક, સામાજિક રાજકીય સર્વ અંગોને સ્પર્શતું. આજે કાળ બદલાયો છે; દેશ આઝાદ બન્યો છે; પ્રજાના પ્રતિનિધિઓના હાથમાં રાજ્ય-સત્તા આવી છે અને ધારાસભાઓમાં પણ ઘણા મોટા ભાગે કોંગ્રેસનું પ્રભુત્વ પ્રવર્તે છે. દેશના રાજકારણી પરિવર્તન સાથે સામાજિક પરિવર્તનના ક્રાન્તિકારી બળો પણ કામ કરવા લાગ્યાં છે અને આનું પ્રતિબિંબ પ્રાન્ત પ્રાન્તની ધારાસભાઓમાં પડી રહ્યું છે. હિંદના સમગ્ર રાજ્યબંધારણની રચના અસાંપ્રદાયિક ધોરણ ઉપર થઇ ચુકી છે. સાથે સાથે સામાજિક પ્રગતિને અવરોધતી અસ્પૃશ્યતા જેવી અનેક રૂઢિઓને નવા કાયદાઓદ્વારા નાબુદ કરવાનો પ્રયત્ન ચોતરફ ચાલી રહ્યો છે. આ કાયદાઓ સાંપ્રદાયિક રૂઢ માન્યતાઓને પણ જ્યાં ત્યાં સ્પર્શી રહ્યા છે અને તેના પરિણામે કેટલાયે ધર્મસંપ્રદાયોમાં થોડોઘણો ક્ષોભ પેદા થયો છે અને કોઇ કોઇ સ્થળે 'ધર્મ જોખ-મમાં'–'Religion in Peril'–ની બુમરાણ ચાલી રહી છે. જેમ સંપ્રદાય નાનો એમ આ ક્ષોભ અને બુમરાણ વધારે મોટું. જૈન સમાજ આજે આ પ્રકારના ક્ષોભમાંથી પસાર થઇ રહેલ છે અને તાજેતરમાં ભરાયેલા સ્થાનકવાસીઓના તેમ જ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનોના સામુદાયિક સંમેલનોએ આ જ વસ્તુસ્થિતિનો ઓછોવધતો પડઘો પાડયો છે. આ વસ્તુસ્થિતિના કારણે કેળવાયલા અને બિનકેળવાયલાને જુદા પાડનારી રેખા ભુંસાઇ ગઇ છે અને બન્ને વર્ગના ઘણો મોટો ભાગ ધાર્મિક બાબતોમાં કટ્ટર રૂઢિચુસ્તોનું વલણ અખત્યાર કરી રહેલ છે અને સામાજિક તેમ જ ધાર્મિક ક્રાન્તિ ઇચ્છતો વર્ગ બહુ નાની લઘુમતીને પ્રાપ્ત થયો છે. ધાર્મિક રૂઢિઓમાં, રીતરસમમાં કશો પણ ફેરફાર કરવાની વાત કરનારને પોતપોતાના સમાજનો આજે ભારેમાં ભારે રોષ નોતરવો પડે છે. આ રીતે ધાર્મિક બાબતોમાં સ્થિતિચુસ્તતાનો–ધાર્મિક ઝનુનનો–આજે નવો જુવાળ આવી રહ્યો છે અને ધાર્મિક ક્ષેત્રે અચલાયતનની પુનઃ પ્રતિષ્ઠા થઇ રહી છે.

જૈન સમાજના અંગે આ જ પરિસ્થિતિનું વિશિષ્ટ રૂપ લક્ષ્યમાં લેવું ઘટે છે. મુંબઇ સરકારે હરિજન મંદિરપ્રવેશને ફરજિ-યાત કરતો કાયદો કર્યો અને તે કાયદો હિંદુઓમાં સમાવિષ્ટ થતા જૈનોને લાગુ પાડયો. આ ઘટનાએ જૈન સમાજના મન ઉપર બે આઘાત પેદા કર્યા. એક તો અમે જૈન છીએ–હિંદુ નથી એમ છતાં અમને હિંદુઓમાં શા માટે ભેગા ભેળવવામાં આવે છે? બીજું શું અમારા મંદિરોને પણ અસ્પૃશ્યો અભડાવશે? કારણકે અસ્પૃશ્યતાની જડ હિંદુઓ જેટલી જ બલ્કે તેથી પણ વિશેષ જૈનોના દિલમાં બેઠેલી છે. આવામાં વળી ડાભીનું બીલ આવ્યું, જેનો આશય હિંદુઓના પેટા વિભાગોને સરકારી નિમણુકોમાં તેમ જ જાહેર જીવનમાં મહત્વશૂન્ય કરવાનો હતો. આ બીલમાં જૈનોની હિંદુઓના પેટાવિભાગ તરીકે ગણતરી કરવામાં આવી હતી. આ બીલ તો પાછું ખેંચી લેવામાં આવ્યું હતું, પણ એ બીલ જ્યાં સુધી ધારાસભામાં રજુ કરવામાં આવનારા બીલોની યાદીમાં ઊભું હતું ત્યાં સુધી અને તે દરમિયાન જૈન સમાજમાં મોટો ખળભ-ળાટ પેદા થયો હતો અને ચારે દિશાઓથી હિંદુત્વના ધનકારનો શોરબકોર થઇ રહ્યો હતો. એવામાં વળી પબ્લીક ચેરીટી ટ્રસ્ટ એકટ ઘડવા માટે મુંબઇ સરકારે એક કમીટી નીમી જે ટેન્ડુલકર

જ નથી. એનો અર્થ એક જ કે જેનું રાજ્ય છે તેને એ સારી રીતે ચલાવવાનો ખ્યાલ નથી. સરકારી અધિકારીઓ તથા પ્રધાનો તમારી કામગીરી બજાવવા માટે છે. તમારા પ્રતિનિધિઓ ઉપર તમે કોઇ દિવસ દબાણ લાવ્યા છો? જ્યાંસુધી તમે મજબૂત અને સંગઠિત થાઓ નહિ ત્યાંસુધી આ પરિસ્થિતિ માટે તમારા સિવાય બીજું કોણ જવાબદાર? લોકશાહીની સફળતા માટે જાગૃત અને પ્રબળ લોકમત જરૂરી છે. તેને માટે જરૂરી પ્રબળ વિરોધ પક્ષ પણ આજે ખાસ કોઇ દેખાતો નથી. વર્તમાનપત્રો ઉપર મૂડીવા-દીઓનો કાબૂ છે. આમ લોકશાહી રાજ્યતંત્ર માટે યોગ્ય પરિસ્થિતિ હિંદમાં ઉપલબ્ધ નથી."

તેમના ભાષણમાંથી જે અગત્યની વાત સૌએ સમજવા જેવી છે તે આ: 'જ્યાંસુધી આપણે મજબૂત અને સંગઠિત નહિ થઇએ ત્યાંસુધી આ પરિસ્થિતિ માટે આપણા સિવાય કોણ જવા-બદાર છે?' ફરિયાદો કરવાને બદલે, સરકારી તંત્રની ટીકા કરવાને બદલે, આપણે સૌ વ્યવસ્થિત થઇ, સરકારી જે જે રીતરસમો બરા-બર ન હોય તેનો સંગઠિત થઇ વિરોધ કરીએ, તો આજે નહિ તો કાલે, સરકારી તંત્રને નમતું આપ્યા સિવાય છૂટકો જ નથી. છેવટે તો તે પ્રજાના નોકરો જ છે–શેઠ નહિ.

સ્વ. શરદચંદ્ર બોઝ

સ્વ. સુભાષચંદ્ર બોઝના મોટાભાઇ શરદચંદ્ર બોઝે, ગયા પખવા-ડિયે આપણી સૌની વચ્ચેથી વિદાય લીધી છે. જે સમયે પૂર્વ અને પશ્ચિમ બંગાળનો પ્રશ્ન ખૂબ જ ઊગ્ર બન્યો છે, ત્યારે શ્રી શરદબા-બુની અકાળ વિદાય, બંગાળ માટે જ નહિ, પણ હિંદુસ્તાન માટે ખોટરૂપ છે. હિંદુસ્તાનના સ્વાતંત્ર્ય જંગમાં તેઓ બંગાળમાં મોખરે હતા, અને પોતાના નાનાભાઇની પ્રતિભામાં પોતાની પ્રતિભા સમાવી દઇ, 'સ્વાતંત્ર્ય દિન' સુધી આગલી હરોળમાં રહ્યા હતા. હિંદુસ્તાનના ભાગલા થયા તે પહેલાં, રચાયેલી વચગાળાની સરકારમાં તેઓ કારખાતું, વીજળી અને ખાણખાતાંના પ્રધાનપદે હતા.

પરંતુ અતિશય લાગણીપ્રદ હોવાને કારણે, બે વર્ષ પહેલાં તેઓ મહાસભાથી છૂટા પડયા, અને મહાસભાના તથા સરકારી તંત્રના કડક ટીકાકાર બન્યા. સાથે એ પણ કબૂલ કરવું જોઇએ કે, તેમનું અંતિમ ધ્યેય રાષ્ટ્રના હિતપક્ષે જ હતું. તેમના નાના ભાઇ શ્રી સુભાષચંદ્ર બોઝની એક કાર્યને વળગી રહેવાની ચીવટ, અને તમન્ના શ્રી શરદબાબુમાં હોત તો તેમની કાર્યવહી દીપી ઊઠત, એટલી તેમનામાં શંકિત હતી. છેલ્લે છેલ્લે બંગાળની પરિસ્થિતિથી તેમને ખૂબ દુઃખ હતું. બંગાળના ભાગલા તેમને પસંદ જ નહોતા, અને પશ્ચિમ બંગાળનું રાજકારણ જે અવનત દશાએ પહોંચ્યું છે, તેનાથી તેમને રંજ હતો. સ્વર્ગસ્થે મધ્યસ્થ ધારાસભામાંથી છૂટા થયા પછી, પશ્ચિમ બંગાળ-માંથી અવ્યવસ્થા દૂર કરવા જે સૂર ઉઠાવ્યો, તેમાં કુશળતા બતાવી વ્યવહારૂ બન્યા હોત તો પશ્ચિમ બંગાળની રાજકીય પરિસ્થિતિ કદાચ કડવાશભરી નહોતા; સુખદ હોત.

બન્ને બંગાળમાં અત્યારે પ્રવર્તી રહેલી અરાજકતા વખતે સ્વર્ગસ્થની વધારેમાં વધારે જરૂર હતી. તે વખતે જ મૃત્યુએ તેમને ઊંચકી લીધા એ હિંદ માટે દુઃખદ છે. તેમના અકાળ અવસાનના શોકમાંથી બંગાળમાં સહકારની ભાવના ઉત્પન્ન થાય તો તે દ્વારા સ્વર્ગસ્થને યોગ્ય અંજલિ આપી ગણાશે.

ધીરજલાલ ધ. શાહ

કમીટીના નામથી ઓળખવામાં આવી. આ કમીટીના રીપોર્ટે શ્વેતાંબર મૂર્તિપૂજક સમાજના દેવદ્રવ્યના ઉપયોગ વિષેના રૂઢ ખ્યાલોને જબરદસ્ત આઘાત પહોંચાડયો. આ રીપોર્ટમાંથી જે બીલ જન્મ્યું તેણે પણ આ જ વિચારનું સમર્થન કર્યું. આવામાં વળી બોમ્બે બેગસ એકટ આવ્યો અને આ કાયદો જૈન સાધુઓને લાગુ પડે કે નહિ અને જો લાગુ પડે તો જૈન સાધુ માટે પોતાનું વ્રતપાલન અશકય થઇ પડે–આ બાબતે જૈન સમાજને મુંઝવતી–અકળાવતી એક નવી પરિસ્થિતિ ઊભી કરી, અને આમ જ્યારે પોતાની માન્યતાઓ ઉપર અણધાર્યા આક્રમણો આવે છે ત્યારે બધાંએ એકત્ર થઇ જવું ઘટે છે અને કોઇ પણ ધાર્મિક સુધારણાની વાતને કે વિચારને અવકાશ આપી શકાય જ નહિ–અમારા ધર્મને એટલે કે અમારી ધાર્મિક માન્યતાઓને કોઇ પણ સરકાર જરા સરખો પણ સ્પર્શ કરી શકશે નહિ–એવું વલણ જૈન સમાજનો ઘણો મોટો ભાગ આજે અખત્યાર કરીને બેઠો છે અને અન્ય કોઇ સંપ્રદાય કરતાં જૈન સમાજની જાહેર સભાઓમાં–સામુદાયિક સંમેલનોમાં–સત્યાગ્રહ, સરકારનો સામનો, ધર્મની ખાતર લોહી રેડીશું, જાન આપીશું આવા પોકારો વધારે પડતા સાંભળવામાં આવે છે.

આ ઉપરાંત બીજી એક નવી પરિસ્થિતિએ પણ જૈન સમાજને ભારે સચિન્ત બનાવી દીધેલ છે. જૈન સમાજ ઘણો મોટા ભાગે જેને મધ્યમવર્ગ કહેવામાં આવે છે તેનો બનેલો છે. નાના-મોટા વ્યાપાર, દલાલી, એજન્સી, ધીરધાર, મહેતાગીરી, કારકુની–આ જૈન સમાજના ઘણા મોટા ભાગના વ્યવસાયો છે. યુદ્ધોત્તર પરિસ્થિતિએ અને નવી સરકારની રાજ્યનીતિએ આજના ઘણાખરા વ્યાપાર ઉપર સંખ્ત ફટકો માર્યો છે, કેટલાયે વ્યાપારો બંધ પડયા છે, અને બેકારી વ્યાપક બની રહી છે. પરિણામે આખા જૈન સમાજની–ગામડામાં તેમ જ શહેરમાં વસતા જૈનોની–સ્થિતિ કરૂણાજનક બનતી જાય છે. આખો સમાજ એકદમ ઘસાતો ચાલ્યો છે અને તેને કેમ બચાવવો, રક્ષણ આપવું, ટકાવવો એ આખા જૈન સમાજને ભારે અકળાવતો પ્રશ્ન બન્યો છે.

તાજેતરમાં ભરાયલા જૈનોનાં સામુદાયિક અધિવેશનના–એક મદ્રાસ ખાતે સ્થાનકવાસી જૈનોનું અને બીજું ફાલના ખાતે શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનોનું અને તેમાં પણ ખાસ કરીને ફાલના અધિવેશનમાં જે કાંઇ બન્યું તેના–હાર્દને સમજવા માટે આટલી પૂર્વભૂમિકા આવશ્યક છે.

અહિં તો ફાલના અધિવેશનની સમાલોચના જ માત્ર પ્રસ્તુત છે. આ અધિવેશનનું ઉદ્ઘાટન શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રમુખ અને આજના અગ્રગણ્ય જૈન ઉદ્યોગપતિ શેઠ કસ્તુરભાઇ લાલભાઇએ કર્યું. એમણે પોતાના ભાષણના પ્રારંભમાં આ કોન્ફરન્સે આજ સુધીમાં કશું મહત્ત્વનું કાર્ય કર્યું નથી એમ જણાવ્યું. આ આક્ષેપ સ્વીકારી લઇએ તોપણ આ કોન્ફરન્સને કમતાકાતવાળી રાખવામાં એમનો પોતાનો કેટલો ફાળો છે એનો તેમણે કદિ વિચાર કર્યો છે ખરો? જૈન શ્વે. મૂ. કોન્ફરન્સ આણંદજી કલ્યાણજીની જાણે કે એક હરીફ સંસ્થા હોય અને જૈન શ્વે. મૂ. સમાજમાં તો માત્ર આણંદજી કલ્યાણજીનું જ પ્રમુખતમ અને બિનહરીફ સ્થાન હોવું જોઇએ–આ તેમના સુપ્રસિધ્ધ વલણે અને તેમની સાથે નાદ પુરાવતા અનેક જૈન આગેવાનોએ તેમ જ જૈનાચાર્યોએ કોન્ફરન્સને આજ સુધી ઊંચું માથું કરવા દીધું નથી. આ હકીકત શું તેમના ધ્યાન બહાર છે? કોન્ફરન્સે તેમનું અનેકવાર બહુમાન કર્યું છે; એક વખત અખિલ હિંદની સ્થાયી સમિતિ તરફથી બોલાવાયલા જૈન કન્વેન્શનમાં તેમને પ્રમુખસ્થાન પણ આપ્યું છે; અનેકવાર કોન્ફરન્સના કાર્યકર્તાઓએ તેમની પાસે માર્ગદર્શન માંગ્યું છે, દોરવણી માંગી છે. આખરે બહુ બહુ વિનવણીના પરિણામે આજથી છ વર્ષ પહેલાં તેમણે બે ઠરાવો ઘડી આપ્યા–એક આગળની કોન્ફરન્સોનું નાક કપતો અને બીજો સર્વ પ્રકારની ધાર્મિક સુધારણાની પ્રવૃત્તિ સામે દીવાલ રચતો–અને આદેશ આપ્યો કે કોન્ફરન્સને તેમનો સહકાર જોઇતો હોય તો આ બે ઠરાવ અક્ષરશઃ પસાર કરે. એ બે ઠરાવો ૧૯૪૫માં મુંબઇ ખાતે મળેલ કોન્ફરન્સના અધિવેશનમાં રજુ કરવામાં આવ્યા, પણ કોન્ફરન્સના કમનસીબે એ બે ઠરાવો બહુમતીએ નામંજુર કર્યા અને શેઠસાહેબનું એતું એ જ અણનમ વલણ ચાલુ રહ્યું. પણ આજે સરકારી કાયદા કાનુનોની દહેશત ઊભી થઇ છે અને આવી બાબતોનો સામનો તો કોન્ફરન્સના આકારની જ અખિલ હિંદવ્યાપી સંસ્થા કરી શકે અને બીજી કોઇ સંસ્થાને સરકાર સ્વીકારે નહિ કે જોઇતું મહત્ત્વ આપે નહિ એમ તેમને હવે સ્પષ્ટપણે લાગવા માંડયું છે અને તેથી જ હાલના અધિવેશનનું ઉદ્ઘાટન કરવાની તેમણે કૃપા કરી છે અને સાથે સાથે જુનવાણી સમાજ પુરેપુરો સંતોષાય એવા ઠરાવો પસાર કરવાની મુખ્ય કાર્યકર્તાઓ તરફથી પુરતી તકેદારી રાખવામાં આવી છે. આ બધું તેમની ઇચ્છા મુજબ થયું છે, તો શેઠ કસ્તુરભાઇ હવે તો યુવકોના–નવા વિચારના–આક્રમણથી સર્વ પ્રકારે સહીસલામત બનેલી–તેમણે મુકેલી સર્વ શરતોને લગભગ મંજુર કરતી–આ કોન્ફરન્સને પુરો ટેકો આપશે અને એમના અપ્રતિમ સ્થાન અને પ્રતિષ્ઠાનો કોન્ફરન્સને પગભર બનાવવામાં પુરો લાભ આપશે એવી આપણે આશા રાખીએ. આમ આવી શુભેચ્છા વ્યકત કરવા છતાં શેઠ કસ્તુરભાઇ ખરેખર કેટલો સાથ આપશે એ સંબંધમાં જવાબદાર કાર્યકર્તાઓના દિલ મને સાશંક માલુમ પડયા છે એટલું અહીં જણાવવું જરૂરી લાગે છે. અને જો એ શંકા સાચી પડે તો તો કોન્ફરન્સની સ્થિતિ ખરેખર દયાજનક બને.

પ્રમુખસ્થાને શેઠ કાન્તિલાલ ઇશ્વરલાલ હતા. તેમનું પ્રમુખ તરીકેનું ભાષણ જૈન સમાજનું શ્રેય સાધવાની ઊર્મિથી ભરેલું હતું; વાણીમાં માધુર્ય તેમ જ પૂરો સંયમ હતો. તેમનું ધાર્મિક બાબતોમાં જે જુનવાણી વલણ છે તે તેમના ભાષણમાં જરૂર દેખાઇ આવે છે, એમ છતાં પણ નવા વિચારપ્રવાહોથી તેઓ કેવળ અજ્ઞાત છે એમ કહી ન જ શકાય. તેમની શુભનિષ્ઠાએ જ આ જવાબદારીભરેલું સ્થાન સ્વીકારવાની તેમને પ્રેરણા આપી છે. તેઓ ચિન્તવે છે તેમાંનું થોડું પણ સિદ્ધ થઇ શકશે તો તેમણે લીધેલી જવાબદારી સાર્થક થશે.

આ કોન્ફરન્સમાં પસાર થયેલા ઠરાવો ઘણાખરા છાપામાં પ્રગટ થઇ ચુકયા છે. આ ઠરાવોમાંના કેટલાકની આપણે ક્રમવાર થોડી થોડી આલોચના કરીએ. પહેલા બે ઠરાવો અવસાન પામેલા આગેવાનો વિષે શોક પ્રદર્શન કરતો અને સ્વતંત્ર ભારતને આવકાર–આપતો ઔપચારિક છે. ત્રીજો દેવદ્રવ્યને લગતો ઠરાવ જણાવે છે કે "દેવદ્રવ્ય નિમિત્તે જે રકમો અગર મિલકતો હોય તેમ જ હવે પછી તે માટે આપવામાં આવે તેનો ઉપયોગ માત્ર જિનમૂર્તિ અને જિનમંદિરો માટે જ થઇ શકે છે અને જૈન સંઘમાંની કોઇ પણ વ્યકિત આની વિરૂદ્ધ મન્તવ્ય રજુ કરે અથવા પ્રચાર કરે તે જૈન ધર્મના મૂળભૂત સિદ્ધાન્તોને આઘાત કરનાર છે એમ આ કોન્ફરન્સ માને છે." આ અધિવેશનમાં બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એકટનો વિરોધ કરનાર ઠરાવ તો આવવાનો જ હતો અને તેમાં દેવદ્રવ્યનો અન્યથા ઉપયોગ કરવાને લગતી કલમનો વિરોધ કરવાનો જ હતો એ જોતાં આ ઠરાવ લાવવાની બિલકુલ જરૂર નહોતી. પણ આ આખા અધિવેશનનો મુખ્ય ઉદ્દેશ જુનવાણી માનસને બને તેટલો સંતોષ આપીને તે વર્ગને કોન્ફરન્સ તરફ આકર્ષવાનો હતો અને તેમ હોવાથી આવો એકાન્ત પ્રત્યાઘાતી ઠરાવ પસાર કરાવવાની કોન્ફરન્સના કાર્યવાહકોને જરૂર ભાસી હોય એમ લાગે છે. કોઇપણ ઇષ્ટ માન્યતાને ખુબ જોર આપવા માટે તેને મૂળભૂત સિદ્ધાંતમાં દાખલ કરી દેવી એ રૂઢિચુસ્ત વર્ગની બહુ જાણીતી ખાસિયત છે અને એ રીતે દેવદ્રવ્યના ઉપયોગને લગતી પ્રચલિત રૂઢિ જેનો અમુક કાળે અમુક સંયોગોમાં જન્મ થયો છે તેને મૂળભૂત સિદ્ધાંતના સિંહાસન ઉપર પ્રસ્થાપિત કરવાનો આ ઠરાવમાં પ્રયત્ન કરવામાં

આવ્યો છે, પણ આવી રીતે પ્રમાણમાં નાની, નજીવી અને પ્રવાહ-પતીત બાબતોને મૂળભૂત સિધ્ધાન્તમાં બેસાડીને મુળભૂત સિધ્ધાન્તના ગૌરવની ભારે હાંસી કરવામાં આવે છે. આ રીતે તો કેસરનો પીળો ચાંદલો કરવો, પૂજા કરતાં રેશમી વસ્ત્ર પહેરવા, શાકભાજીનો ત્યાગ કરવો, માખણ ન ખાવું, મધ ન વાપરવું–આવી અનેક બાબતોને પણ મૂળભૂત સિધ્ધાન્તોમાં દાખલ કરી શકાશે. પરિણામે મૂળભૂત સિધ્ધાન્ત કોને કહેવા એ જ બાબતની ભ્રમણા પેદા થશે અને ધર્મતત્ત્વના પાયા જ અનિશ્ચિત દશાને પામશે.

બોંબે પબ્લીક ટ્રસ્ટ એક્ટ વિષે તો જે ઠરાવ અખિલ હિંદ જૈ. શ્વે. કોન્ફરન્સની સ્થાયી સમિતિમાં પસાર થયો હતો તે જ ઠરાવ આ અધિવેશને પસાર કર્યો છે. એ જ પ્રકારનો જૈન ધર્મના મથાળા નીચે પસાર કરવામાં આવેલો ઠરાવ જણાવે છે કે "જૈન તેમ જ હિંદુઓ આર્ય જાતિના હોઇ જાતિ તરીકે જુદા નથી, પરંતુ હિંદ ધર્મ વૈદિક છે અને જૈન ધર્મ અવૈદિક છે. વળી હિંદુ ધર્મ બ્રાહ્મણ સંસ્કૃતિને અનુસરે છે, જ્યારે જૈન ધર્મ શ્રમણ સંસ્કૃતિને અનુસરે છે જે બે જુદી સંસ્કૃતિ તરીકે પુરાતત્ત્વવિદોએ મતભેદ વિના સ્વીકારેલી છે તેથી જૈન અને હિંદુ ધર્મ એક બીજાથી જુદા છે." આ ઠરાવ 'હિંદુ-ઓથી અમે અલગ છીએ' એ મુજબના આજે જોરશોરમાં ચાલી રહેલા આંદોલનનું પરિણામ છે. આ ઠરાવ પ્રતિપાદન કરે છે કે હિંદુ ધર્મ કેવળ વૈદિક છે અને બ્રાહ્મણ સંસ્કૃતિને જ અનુસરે છે એટલે કે શ્રમણ સંસ્કૃતિ સાથે એને કશો સંબંધ નથી–આ બન્ને વિધાનો સાચાં નથી અને એ રીતે આ ઠરાવ સાચી વસ્તુ-સ્થિતિ રજુ કરતો નથી. વળી આવા ઠરાવો દ્વારા કેળવાતો અલગતાવાદ જૈન પ્રજાને અત્યન્ત અહિતકર્તા નીવડવા સંભવ છે. પણ આ બાબતને ગંભીરતાથી, ઐતિહાસિક દૃષ્ટિએ તેમ જ ભાવી લાભાલાભની દૃષ્ટિએ વિચારવા કોઇ માગતું જ નથી. આ અલગતા-વાદને મુંબઇના કે સારા હિંદના પંતપ્રધાન સ્વીકારે છે એટલે જૈન સમાજ કોઇ મોટી સિધ્ધિ પ્રાપ્ત કર્યાનો આનંદ અનુભવે છે, પણ વાસ્તવિક રીતે પોતાના ભાવી ઉપર આ અલગતાવાદના લીધે જૈન સમાજ એક મોટો કુઠાર પ્રહાર કરી રહેલ છે, જેનું કમનસીબે આજના જૈન સમાજને પુરું ભાન નથી.

ભિક્ષા પ્રતિબંધક કાયદા સંબંધમાં કરવામાં આવેલો ઠરાવ યોગ્ય છે. આ સંબંધમાં મુંબઇ સરકારે સંતોષજનક ખુલાસો તો કરેલ છે એમ છતાં પણ એ ખુલાસાનો ભાવ મૂળ કાયદામાં સ્પષ્ટપણે આવે એટલો એ કાયદો સુધારી લેવાની જરૂર છે.

આગળ જતાં છેલ્લા અધિવેશનમાં ઊડી ગયેલા ઐક્યના નામ નીચેના જે બે ઠરાવો આ અધિવેશનમાં બહુમતીથી પસાર કરવામાં આવ્યા છે તે નીચે મુજબ છે :—

૧. શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક કોન્ફરન્સ સને ૧૯૩૪ માં અમદાવાદ મુકામે સાધુ સંમેલને કરેલા દીક્ષા સંબંધી ઠરાવને વધાવી લે છે અને તેણે (કોન્ફરન્સે) અથવા તેની કોઇ પેટા સમિતિએ કરેલા વડોદરા રાજ્યના દિક્ષા સંબંધીના અને બીજા દીક્ષા સંબંધીના ઠરાવો આથી રદ કરે છે.

૨. ઐક્ય સમિતિ ભારપૂર્વક ભલામણ કરે છે કે જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ધર્મના સિધ્ધાન્તો અને પ્રચલિત અનુષ્ઠાનો જે પ્રમાણે માન્ય રખાતા આવ્યા છે તે પ્રમાણે જૈન સંસ્થાઓ તેને માન્ય રાખશે એટલું જ નહિ પણ તેના અધિકારી કે હોદ્દેદારો તરફથી તેને હિણપત પહોંચે તેવું બોલવામાં કે લખ-વામાં આવશે નહિ.

આ ઠરાવો અક્ષરશઃ આપવાનો હેતુ એ છે કે સમભાવપૂર્વક કોઇ પણ વાંચનારને આ બન્ને ઠરાવો કટલા કઢંગા, સમજશુ-વિહોણા અને પ્રત્યાઘાતી છે તેનો યથાસ્વરૂપે ખ્યાલ આવે. આ અધિવેશનમાં આ બે ઠરાવો પસાર થયા તે વિષે કોઇને લેશ માત્ર આશ્ચર્ય થાય તેમ છે જ નહિ; કારણકે આ ઠરાવો કશા પણ વિરોધ વિના પસાર થઇ શકે એવું સ્થળ પસંદ કરવામાં આવ્યું હતું, અને એવા સંયોગો ખાસ ઊભા કરવામાં આવ્યા હતા. મારવાડમાં ફાલના મુકામે આ અધિવેશન ભરાય ત્યાં સ્થાનિક વિરો-ધનો તો કોઇ સંભવ જ નહોતો કારણકે એ તો બોડી બામ-ણીનું ક્ષેત્ર છે એમ માની લેવામાં આવ્યું હતું અને તેનો વિરોધ કરવા માટે મોટી સંખ્યામાં મુંબઇ તેમ જ ગુજરાતમાંથી યુવકો ઊતરી આવે એ પણ લગભગ અશક્ય હતું. આ ઉપરાંત આ ઠરાવ સામે નાનો સરખો પણ વિરોધ ઊભો ન થવા પામે એ હેતુથી સૂરીશ્વર શ્રી વિજયવલ્લભસૂરિનો પુરો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ ઠરાવ રજુ થયા બાદ વિશેષ ચર્ચા થવા પામે એ પહેલાં શ્રી. વિજયવલ્લભસૂરિને વ્યાખ્યાન આપવા નિમંત્રણ આપવામાં આવ્યું હતું અને તેમણે દોઢ કલાક સુધી એક સરખું પ્રવચન કર્યું હતું જેમાં આવા ઠરાવની સામે વિરોધ કરનારા યુવકોને ઉદ્દેશીને મહારાજ-શ્રીએ જણાવ્યું હતું કે "જૈન સમાજની એકતા ખાતર તમે તમારા વિચારોનો એકવાર ભોગ આપો!" જ્યાં બાંધછોડને ગમે તેટલો અવકાશ હોય એવા સમાજના આચાર્ય જ આવો ઉપદેશ આપે! નહિ તો વિચારોનો ભોગ આપવો એટલે સ્વત્વનુ બલિદાન આપવું, સત્યનો ઇનકાર કરવો એથી એ વાકયનો બીજો કોઇ અર્થ હોઇ ન જ શકે. આવા આચાર્યશ્રી જૈન સમાજને બીજા ગમે તે પાઠ શીખવી શકશે, પણ સત્યનિષ્ઠાની પ્રેરણા કોઇ કાળે આપી નહિ જ શકે. બીજું ગમે તે હોય પણ આવા એક સુપ્રતિષ્ઠિત, વયોવૃધ્ધ અને સર્વમાન્ય આચાર્યશ્રીએ પોતાનો આવો ઉપયોગ થવા દીધો અને કોન્ફરન્સના મુખ્ય સંચાલકોએ તેમનો આવો ઉપયોગ કર્યો એ બન્ને બાબત અત્યન્ત શોચનીય છે એમ કોઇ પણ તટસ્થ રીતે જોનારને લાગ્યા વિના નહિ રહે.

આ ઠરાવો સંબંધે વધારે દુઃખદ તો એ છે કે આ ઠરાવો કોઇ પણ રીતે પસાર કરાવી લેવા એ આ અધિવેશન ભરવાના બીજા હેતુઓમાં એક મુખ્ય હેતુ હતો અને એ સમજુતી ઉપર તો શેઠ કસ્તુરભાઇના હાથે થનાર ઉદ્ઘાટન વિધિ ગોઠવવામાં આવી હતી. આમ છતાં પણ વિષય વિચારિણી સમિતિ સમક્ષ રજુ કરવાના ઠરાવોની હારમાળામાં આ ઠરાવો સામેલ કરવામાં આવ્યા નહોતા અને એ ઠરાવો માલેગાંવવાળા શેઠ મોતીલાલ વીરચંદ તરફથી અંગત રીતે એકાએક અને અણધાર્યા રજુ કરવામાં આવે છે એવો દેખાવ કરવામાં આવ્યો હતો. અહીં જણાવ-વાની જરૂર છે કે આવું આક્ષેપક વિધાન હું કોઇ કળવા હિસે કરતો નથી. તેની પાછળ કેટલાક જવાબદાર કાર્યકર્તાઓ પાસેથી મળેલી માહિતીનો પુરો આધાર છે, અને આવી ગેરસમજણનો હેતુ સહેજે સમજી શકાય તેમ છે. આ ઠરાવોનો ખરડો તો કોન્ફરન્સનું અધિવેશન ભરાય તે પહેલાં પ્રગટ કરવો જ રહ્યો અને આગામી અધિવેશનમાં આ વાંધા પડતા ઠરાવો આવવાના છે એ બાબતની પહેલાંથી જો જાણ થાય તો સંભવ છે આ ઠરાવોનો વિરોધ કરનારો વર્ગ મોટી સંખ્યામાં ફાલના દોડી આવે એવો ભય હતો, જ્યારે મુરાદ તો આ ઠરાવો બને ત્યાંસુધી સર્વાનુમતે પસાર કરાવી લેવાની હતી. આ એક પ્રકારની મેલી રમત રમવામાં આવી છે અને એ કોન્ફરન્સ જેવી સંસ્થા માટે શોભાસ્પદ નથી.

જ્યાં કેવળ એકધારું વાતાવરણ હશે અને જ્યાં શ્રી વિજય-વલ્લભસૂરિની લાગવગ અને પ્રતિષ્ઠાનો આવો ઉપયોગ થવાનો છે ત્યાં જઇને આ ઠરાવોનો વિરોધ કરવો એ કેવળ અરણ્યરૂદન કરવા જેવું જ હશે એમ સમજીને આ ઠરાવો વિરૂદ્ધ જેમના દિલમાં તીવ્ર બળતરા હતી તેમાંના ઘણાખરાએ ફાલના જવાનો વિચાર માંડી વાળ્યો હતો. આમ છતાં પણ જણાવતાં આનંદ થાય છે કે આવા સુરક્ષિત સ્થળમાં અને આ બધી તજવીજ અને પેરવી કરવા છતાં તળ મારવાડમાંથી જ આ ઠરાવોનો સખ્ત વિરોધ કરવા

કેટલાયે યુવકો નીકળી આવ્યા. તેમને તો આ બાજુની પરિસ્થિતિની ખબર જ નહિ એટલે આ ઠરાવો વિષયવિચારિણી સમિતિમાં એકાએક ફુટી નીકળતા જોઇને તેમને ભારે આશ્ચર્ય અને આઘાત થયા. એવામાં જ્યારે વળી એ જ પ્રસંગે અધિવેશનના પ્રમુખસાહેબે જણાવ્યું કે આ ઠરાવો સંબંધમાં હું આ અધિવેશનનું ઉદ્‌ઘાટન કરનાર આપણા કસ્તુરભાઇ શેઠને મળ્યો હતો અને તેમણે પણ ખાસ કહ્યું છે કે આ ઠરાવો તો કૉન્ફરન્સે પાસ કરવા જ જોઇએ ત્યારે તેમની તેમ જ અન્ય અનભિજ્ઞ સભ્યોની અજાયબીનો પાર ન રહ્યો. આ યુવકોએ આ ઠરાવોનો સખ્ત વિરોધ કર્યો અને ત્યાં હાજર રહેલા જવાબદાર આગેવાનોના કહેવા મુજબ જો મહારાજશ્રીનો આ પ્રશ્ન પરત્વે આવો ઉપયોગ કરવામાં ન આવ્યો હોત તો આ ઠરાવો જાહેર અધિવેશનમાં આટલી આસાનીથી તો કોઇ કાળે પણ પસાર થઇ શકયા ન જ હોત. આ પ્રત્યાઘાતી ઠરાવોનો વિરોધ કરનાર મારવાડના યુવકોને ખરેખર ધન્યવાદ ઘટે છે.

આગલી જ કૉન્ફરન્સમાં જે ઠરાવો ઊડી ગયા હતા તે જ ઠરાવો–પ્રસ્તુત ઠરાવોને અંગે વચ્ચગાળે કશી પણ નવી પરિસ્થિતિ ઊભી નહિ થયેલી હોવા છતાં પણ–આ કૉન્ફરન્સમાં લાવવામાં આવ્યા અને પસાર કરવામાં આવ્યા આ ઘટનાએ કૉન્ફરન્સના ઠરાવોનું મૂલ્ય બહુ હળવું બનાવ્યું છે અને એ જ ઠરાવો આગામી કૉન્ફરન્સમાં રદ કરાવવાની અને આ ઝગડો ચાલુ રાખવાની પ્રગતિશીલ અને અયોગ્ય દીક્ષાના વિરોધી યુવકોને પ્રેરણા આપી છે અને જો ખરેખર આ વિષમ ચક્ર ચાલ્યાં જ કરે તો તેની બધી જવાબદારી આ ઠરાવોને ફરીથી જીવતા કરનારા આગેવાનોને શિરે રહેશે. આ બે ઠરાવો આગળની કૉન્ફરન્સમાં પસાર થયા હોત તો તેમાંના પહેલા ઠરાવના કારણે પહેલાંની બે કૉન્ફરન્સોનું જ માત્ર નાક કપાયું હોત, પણ આ કૉન્ફરન્સે તો આ ઠરાવો પસાર કરીને પહેલાંની બે કૉન્ફરન્સો ઉપરાંત છેલ્લી કૉન્ફરન્સનું પણ નાક કાપ્યું છે.

કૉન્ફરન્સના બંધારણમાં કેટલાક સુધારા કરવામાં આવ્યા છે તેમાં સૌથી મહત્ત્વનો સુધારો એ છે કે જુના બંધારણ મુજબ કોઇ પણ ગ્રેજ્યુએટ ગ્રેજ્યુએટ હોવાના કારણે કૉન્ફરન્સમાં પ્રતિનિધિ તરીકે ભાગ લઇ શકતો હતો. ગ્રેજ્યુએટનો આ હકક નવા ફેરફારના પરિણામે લઇ લેવામાં આવ્યો છે. એક રીતે આવી કૉન્ફરન્સમાં પ્રતિનિધિ–ડેલીગેટ–તરીકે જે કોઇ આવે તે પ્રમાણભૂત સમિતિ તરફથી ચુંટાઇને આવે એ વધારે ઇચ્છવા યોગ્ય છે, અને એ દૃષ્ટિબિન્દુથી અને આવી રચના કરીને આ હક્ક લઇ લેવામાં આવ્યો હોત તો તેમાં કશું ખોટું નહોતું. પણ જ્યાં કોઇ પણ સંઘ, સભા, મંડળ કે સંસ્થા પાંચ પાંચ પ્રતિનિધિઓ મોકલી શકે છે અને જ્યાં સ્થાનિક સંઘ આ બાબતમાં ગતિમાન ન થાય ત્યાં આ હેતુ માટે બોલાવેલી જૈનોની જાહેર સભા પણ પાંચ પ્રતિનિધિ મોકલી શકે છે ત્યાં ગ્રેજ્યુએટોનો આ હકક છીનવી લેવામાં સંસ્થાના સંચાલકોએ ડહાપણ કર્યું નથી. આમાં પણ જુનવાણી વિચારના લોકોની લાંબા વખતની–અંગ્રેજી ભણેલા સામેની ધૃણામાંથી પેદા થયેલી–માંગણીને સ્વીકારીને તેમને ખુશ કરવાનો જ પ્રયત્ન કરવામાં આવ્યો છે અને એ રીતે આ પ્રશ્ન ઉપર પણ એક મોટી પીછેહઠ કરવામાં આવી છે.

હિંદીને નવા રાજ્યબંધારણમાં રાષ્ટ્રભાષા તરીકે સ્વીકારવામાં આવી છે તે બાબતને આવકાર આપતાં ત્રણ વર્ષ બાદ માત્ર હિંદી ભાષાનો જ કૉન્ફરન્સની સમગ્ર કાર્યવહીમાં ઉપયોગ કરવાનો ઠરાવ કરવામાં આવ્યો છે. મુંબઇમાં જ્યાંસુધી કૉન્ફરન્સનું મુખ્ય કાર્યાલય છે ત્યાંસુધી આ ઠરાવનો અમલ શકય બનવાનો નથી તેમ જ આવા ઠરાવની એવી કોઇ ખાસ આવશ્યકતા પણ નહોતી.

આ કૉન્ફરન્સે મધ્યમ વર્ગને રાહત આપવાને લગતો એક બહોળો અને પહોળો ઠરાવ કર્યો છે આ ઠરાવમાં જૈન સમાજ જે મોટા ભાગે મધ્યમ વર્ગ અને તેથી નીચલા થરનો બનેલો છે તેની વર્તમાન પરિસ્થિતિ રજુ કરીને નીચે મુજબની યોજનાઓ સૂચવવામાં આવી છે.

(૧) જીવનનિર્વાહની જરૂરી વસ્તુઓ વગેરે ઓછા દરેથી પુરી પાડવા સ્ટોરો સ્થળે સ્થળે ખોલવા અને તે માટે જરૂરી ફંડો ઊભાં કરી સ્થાનિક સમિતિઓ દ્વારા કામ ઉપાડવું.

(૨) નાના નાના હુન્નર ઉદ્યોગને મદદ કરવા સારી કેપીટલ સાથેના સહકારી મંડળો ઉભા કરવાં તેમ જ તેવા તેવા ઉદ્યોગોને શીખવવા જરૂરી શિક્ષણ સંસ્થા સ્થાપવી.

(૩) નાના નાના હુન્નર ઉદ્યોગો તેમ જ ગૃહ–ઉદ્યોગો શીખવવા તથા ચલાવવા ઉદ્યોગ–મંદિર સ્થાપવું.

(૪) સ્ત્રી–ઉપયોગી ઉદ્યોગો શિવણ–ભરત–ગુંથણ–ચિત્રકામ આદિનું શિક્ષણ આપનારી સંસ્થા સ્થાપવી.

(૫) તે ઉપરાંત કૉન્ફરન્સ માને છે કે જૈનોના મધ્યમ વર્ગને ધંધારોજગારમાં સહાય આપવા અને તેમને વ્યાપાર ઉદ્યોગના સાધનની અનુકૂળતા કરી આપવા માટે સહકારી અને અન્ય ધોરણે એક મોટી ઔદ્યોગિક અને નાણાંકીય સંસ્થા સ્થાપવી જરૂરી છે અને તેથી આ અધિવેશન કૉન્ફરન્સના પ્રમુખશ્રીને ઉપરોકત કાર્ય માટે કમીટી નીમવા અને યોજના ઘડી કાઢવા અધિકાર આપે છે તેમ જ આ યોજનાને સત્વર મૂર્ત સ્વરૂપ આપવા આગ્રહ કરે છે.

આ ઠરાવનું મૂલ્ય ઠરાવમાં દર્શાવેલી યોજનાઓમાં રહેલું નથી પણ એ યોજનાઓને કેટલું મૂર્ત સ્વરૂપ અપાય છે તેમાં જ રહેલું છે. આ યોજનાઓ કાર્યકર્તાઓના એક સારા દળની તેમ જ જૈન શ્રીમાનો પાસેથી લાખો રૂપીઆની અપેક્ષા રાખે છે. આ ઠરાવને રજુ કરનાર જાણીતા કૉંગ્રેસ–કાર્યકર શ્રી નાથાલાલ પરીખ છે; અનુમોદન આપનાર જાણીતા અગ્રગણ્ય વ્યાપારી શ્રી રતિલાલ મણિલાલ નાણાવટી છે. કૉન્ફરન્સના પ્રમુખ શ્રી. કાન્તિલાલ ધનેશ્વરલાલે પણ પોતાના ભાષણમાં આ બાબત ઉપર સૌથી વધારે ભાર મૂકયો છે. વળી જેમના શુભ હસ્તે આ અધિવેશનનું ઉદ્‌ઘાટન થયું છે તે શેઠ કસ્તુરભાઇ લાલભાઇએ સૂચવેલા બન્ને ઠરાવો કાયદે આઝમ ઝીણાના ૧૪ મુદ્દા માફક અક્ષરશઃ પસાર થયા છે એટલે તેઓ પણ કૉન્ફરન્સના આ નિરૂપદ્રવી કાર્યને તન મન અને ધનથી પુરો ટેકો આપશે એવી આશા અસ્થાને નહિ ગણાય. જો આ ચાર મહાશયો ખરેખર કમર કસે અને જૈન સમાજમાં ચોતરફ ઘુમી વળે, મન મૂકીને ધન આપે અને તન મૂકીને સેવા આપે તો આજે અલગ રહેતા અનેક આગેવાનો જરૂર કૉન્ફરન્સમાં જોડાય અને બધી રીતનો સાથ આપે અને મધ્યમ વર્ગને રાહત આપવાના દિશાએ જરૂર કાંઇક મહત્ત્વનું કાર્ય નીપજે અને આ અધિવેશનમાં કૉન્ફરન્સે સ્વીકારેલી પીછેહઠોના બદલામાં કાંઇક તો મેળવ્યું એમ કહેવાય. પણ એ દિન કહાં કે કૉન્ફરન્સ–કે પાંઉમે જુતિયા ?

જૈન સમાજમાં પ્રવર્તતું વાતાવરણ જોતાં આ અધિવેશને હરિજન મંદિર પ્રવેશનો તેમ જ હિંદુ કોડ બીલનો વિરોધ કર્યો નથી એ આશ્ચર્ય પમાડે તેવું છે. જાણવા મળે છે તે મુજબ હરિજન મંદિર પ્રવેશનો વિરોધ કરનારા ઠરાવો તો કેટલીયે વ્યકિતઓ તરફથી પ્રમુખ તરફ મોકલવામાં આવેલા, પણ પ્રમુખ સાહેબે કુનેહથી તે ઠરાવોને અધ્ધર રાખેલા અને છેવટે સમયના અભાવે બીજા કેટલાક ઠરાવો માફક એ ઠરાવો પણ ઠેકાઇ ગયા. હિંદુ કોડ બીલ જૈનોને પણ લાગુ પડવાનું જ છે એમ છતાં આ અતિ

ગાંધીજીના નામને કાં વટાવીએ ?

વર્ધા ખાતે ભરાયેલ શાંતિવાદી પરિષદના બ્રિટિશ પ્રતિનિધિ શ્રી રેજિનોલ્ડ, જેઓ ગાંધીજી સાથે સંપર્કમાં આવ્યા હતા, તેમણે દિલ્હી રેડિયો ઉપરથી 'સાબરમતી ખાતે ગાંધીજી' એ વિષય પર વાર્તાલાપ કરતાં જણાવ્યું હતું કે, 'લોકો જે રીતે મહાત્મા ગાંધીજીની ખુશામત કરી રહ્યા છે, અને આ હેતુ માટે તેઓ જે વધારે પડતી શબ્દાળુ ભાષાનો ઉપયોગ કરી રહ્યા છે, તે સાંભળીને મને દુઃખ થયું છે; કારણકે હું જાણું છું ત્યાંસુધી ખુશામત અને કૃત્રિમતા મહાત્મા ગાંધીજીને વધુમાં વધુ નાપસંદ હતા.'

હિંદની આમજનતા કેટલાક સમયથી જે કહેવા માટે તલપાપડ થઇ રહી હતી તેનો બરાબર સાચો પડઘો શ્રી રેજિનોલ્ડે તેમના આ વકતવ્ય દ્વારા પાડયો છે. ગાંધીજી પ્રત્યે સારાયે વિશ્વને માન છે; હિંદને સૌથી વિશેષ છે, અને હોવું જોઇએ. હિંદી જનતા છેલ્લાં પાંત્રીસ વર્ષથી તેમના સંપર્કમાં આવી હતી; અને ગાંધીજી તેમનું મોં થઇ રહ્યા હતા. હિંદી જનતાના સુખદુઃખની વાણી તેમની પાસેથી સાંભળવા મળતી હતી. તેઓ જે કહેતા—પોતાના દેશબંધુઓને ઉપદેશતા, તે કદાચ, કદાચ શું કામ, સાચે જ આપણે જીવનમાં ઉતારી શકયા નથી. પરંતુ તેમના કહેવાનું તાત્પર્ય જનતા ન સમજી શકે એટલી અબૂઝ તો નહોતી જ. આપણે જાણીબૂજીને કે અજાણ્યે સમજતા હતા કે ગાંધીજી હિમાલયની ટોચે હતા—આપણે છેક તળેટીએ.

પરંતુ આજકાલ જાણે ગાંધીજીના સિદ્ધાંતોને હિંદની પ્રજા સમજી જ ન હોય તે રીતે ગાંધીજીના શબ્દો પર ભાર દઇ દઇને ઉપદેશ અપાય છે. રાજકીય, સામાજિક, આર્થિક, કે કોઇ પણ ક્ષેત્રે, જ્યાં જ્યાં મુશ્કેલી જણાય, જરૂર જણાય, લોકોનો સહકાર મેળવવાની વૃત્તિ હોય ત્યાં ત્યાં, મહાત્મા ગાંધીજીના નામનો અને તેમના કથનનો ઉપયોગ થઇ રહ્યો છે. મહાસભાવાદીઓ ઉપયોગ કરે છે; સરકારી તંત્રવાહકો પણ ઉપયોગ કરવાનું ચૂકતા નથી; પરંતુ વિરોધી પક્ષ પણ મનફાવતો અર્થ કરી ગાંધીજીના નામનો પૂરેપૂરો ઉપયોગ કરે છે. 'ચૂંટણી' જેવા પવિત્ર કાર્યમાં પણ ગાંધીજીના નામનો અપવિત્ર રીતે ઉપયોગ થાય છે.

'સત્ય અને અહિંસા' ચટણી જેવા શબ્દો થઇ ગયા છે—બોલતાં કે સાંભળતાં રસ ઉત્પન્ન થાય—અસર કંઇ નહિ. 'રચનાત્મક કાર્યક્રમ' એ બે શબ્દો માત્ર એક પ્રયોગ તરીકે વપરાય છે; ગાંધીજીએ ધરેલ રચનાત્મક કાર્યક્રમમાં લગભગ શિથિલતા આવી ગઇ છે. 'સત્યાગ્રહ'ની જગાએ 'દુરાગ્રહે' પ્રવેશ કર્યો છે—છતાં ઓળખાવાય છે સત્યાગ્રહને નામે. 'ઉપવાસ' ની નજીક વસવાની હાલતાચાલતા ટેવ પડી ગઇ છે.

જેટલા પ્રાંતો છે તેના મુખ્ય પ્રધાનો અથવા પ્રધાનો પોતાના પ્રવચનમાં ગાંધીજીનું નામ લાવવાનું કદી ચૂકતા નથી; છતાં એકે એક પ્રાંતમાં ગાંધીજીના સિદ્ધાંતોનું એક યા બીજી રીતે ખૂન થઇ રહ્યું હોય એમ ઉપરથી તો જણાય જ છે. 'ખાદી' પહેરવાની પ્રતિજ્ઞા લેવાય છે, પણ એ પ્રતિજ્ઞા શબ્દબદ્ધ રહી છે. 'ખાદી' ને આપણે સાવ વિસરી ગયા છીએ. 'ગૃહઉદ્યોગોને' ઉત્તેજન આપવાની ગાંધીજીની મનોવૃત્તિ જાણીતી હતી; પરંતુ આજે સાર્વત્રિક હિંદ એથી અવળી દિશાએ જઇ રહ્યું છે—અને તેમ ગાંધીજીનું નામ આગળ કરીને. કદાચ કોઇ આગેવાનને પુછાઇ જાય તો તુરત જવાબ મળે—ગાંધીજી હયાત હોત તો આમ જ થાત, અથવા તેઓ આમ જ કરત.

મહાસભા, જેણે વર્ષો સુધી ગાંધીજીનું અનુસરણ કર્યું છે; અથવા કહો કે, ગાંધીજીને લીધે જે સંસ્થા શોભી રહી છે; એ જ સંસ્થાના કાર્યવાહકો ગાંધીજીના ઉપદેશને સાવ વિસરી ગયા છે એમ કહીએ તો અતિશયોકિત નહિ કરી કહેવાય. સત્તા, અહં, અજ્ઞાન, સ્વાર્થપરાયણતા વગેરેએ તેમને ઘેરી લીધા છે, અને આ હકીકતનો તેઓ ગાંધીજીના શબ્દોથી ઢાંકપીછોડો કરે છે.

પરંતુ એક વાત સાચી છે—ગાંધીજીના વિચારોને આ રીતે રજૂ કરવાથી જનતા હવે છેતરાય તેમ નથી. માનને ખાતર વકતાઓને જનતા સાંભળે છે; પણ એક કાનથી સાંભળી બીજા કાનથી તુરત દૂર કરે છે.

પંડિત નહેરૂએ એક વકતવ્યમાં કહ્યું છે: "લોકોનો ઘણો મોટો ભાગ ચોકકસ બાબતોમાં ગાંધીજીના ઉપદેશને અનુસરવાની વૃત્તિ ધરાવે છે, પણ તેઓ ગાંધીજીના મૂળભુત સિદ્ધાંતોને વીસરી જાય છે. પ્રજાએ યાદ કરવું ઘટે કે ગાંધીજીનું સ્મરણ કરવાની એ રીત નથી. ગાંધીજીની કેવળ પ્રશંસા કરવાથી અર્થ નહિ સરે; મહાન આગેવાનની પ્રશંસા કરવાથી ફરજ પૂરી થાય છે એમ નથી. લોકોએ ગાંધીજીના સંદેશાના સાચા અર્થ અને મહત્વ વિશે શાંતિપૂર્વક વિચારણા કરવી ઘટે."

જેટલું પ્રજા માટે આ વકતવ્ય સાચું છે, તેટલું જ આગેવાનો માટે પણ બોધક છે. ગાંધીજીનાં વચનોને કે કથનને ખુશામત કે કૃત્રિમતા દ્વારા આપણે ન વટાવીએ તોય આપણે 'સત્ય'ની કંઇક અંશે ઉપાસના કરી ગણાશે.

ધીરજલાલ ધ. શાહ

મહત્વની બાબત તરફ કોઇનું ધ્યાન સરખું પણ ખેંચાયું નહિ એ નવાઇ જેવું છે. આવી કોન્ફરન્સે આ વિષય ઉપર પોતાનો વિગતવાર અભિપ્રાય પ્રગટ કરવો જોઇતો હતો.

આ અધિવેશને આ કોન્ફરન્સને આત્યન્તિક જૂનવાણી રૂપ આપ્યું છે અને હવે અહિં આપણું કાંઇ કામ નથી અને સ્થાન નથી એવી મનોદશા પ્રગતિશીલ ક્રાન્તિકારી યુવકોના દિલમાં પેદા કરી છે અને આવી કોન્ફરન્સને સાથ આપવો યોગ્ય છે કે કેમ તે પ્રશ્ન તેમની સામે ઊભો કર્યો છે. આજે કોઇ પણ પ્રકારની કોમી પ્રવૃત્તિ સામે કેટલાક યુવકોના દિલમાં વિરકિત ફેલાઇ રહી છે અને કોઇ પણ કોમી પ્રવૃત્તિ આખરે સમગ્ર રાષ્ટ્રહિતની વિસંવાદી જ નીવડવાની એવી માન્યતા આજે ચોતરફ ઊભી થઇ રહી છે. આમ છતાં પણ પોતપોતાની કોમ સાથે કેટલાયે યુવકો જન્મકાળથી સંકળાયલા હોઇને રાષ્ટ્ર સાથે પોતાની કોમનું—સમાજનું—શ્રેય સધાય તો સારૂં એમ તેઓ ઇચ્છે છે અને એવા કાર્યમાં સાથ આપવાની ઇન્તેજારી ધરાવતા હોય છે. કોન્ફરન્સની વિચારપ્રગતિના ક્ષેત્રમાં થયેલી આવી મોટી પીછેહઠ જોવા છતાં આવા યુવકોએ કેવળ નિરાશ બની બેસવાની જરૂર નથી. પોતાને જે સત્ય લાગે તે સ્પષ્ટપણે તેમ જ નિડરપણે જાહેર કરતા રહેવું, પોતાને જે ખોટું લાગે તેનો એટલી જ નિડરતાથી વિરોધ કરવો અને પોતાના મન્તવ્યોને પ્રતિકુળ ન હોય એવી કોઇ પણ રચનાત્મક પ્રવૃત્તિમાં તેટલો સાથ આપવો એ જ માત્ર આજના યુવકોનો—પ્રગતિશીલ બંધુઓ તેમ જ બહેનોનો—ધર્મ બને છે. વળી કોન્ફરન્સનું આજનું સ્વરૂપ એ હંમેશનું છે નહિ, હોઇ જ ન શકે એ શ્રદ્ધાપૂર્વક કોન્ફરન્સની અંદર તેમ જ બહાર સમાજના વિચારોમાં ઇષ્ટ પરિવર્તન પેદા કરવા માટે સદા પ્રવૃત્ત રહેવું એ પણ એટલું જ આવશ્યક છે.

પરમાનંદ

આંબેલ તપનો ખોરાક અને આરોગ્યની પુનઃ પ્રાપ્તિ

[એક મુખ્ય ખાદીપ્રેમી તરીકે જેમનું નામ આજે હિંદભરમાં જાણીતું છે અને જેઓ આજે વજ્રેશ્વરી પાસે આવેલ અકલોલી ગામમાં સ્થાયી નિવાસ સ્વીકારીને ગામડાંની જનતા સાથે તાદાત્મ્ય સાધી રહ્યા છે તે શ્રી. વિઠ્ઠલદાસ જેરાજાણીએ પોતાનું ગુમાવેલું આરોગ્ય સુધારવાના હેતુથી તેમનાં એક સુપરિચિત બહેનની પ્રેરણાથી આંબેલ વ્રતમાં જે ખોરાક લેવામાં આવે છે તે ખોરાકને અનુપાન તરીકે સ્વીકારીને જે પ્રયોગ કરેલો તેનો અનુભવ નીચેના નિવેદનમાં તેઓ રજુ કરે છે. આ અનુભવ તેમની સમાન નાદુરસ્ત તબિયતવાળા અનેક ભાઇબહેનોને માર્ગદર્શક નિવડશે એવી આશા છે. —સંપાદક]

સપ્ટેમ્બર ૧૯૪૯ ની અંદર મારું સ્વાસ્થ્ય ઠીક ઠીક બગડયું હતું. સામાન્ય રીતે આવું થાય ત્યારે ડોકટરી સલાહ લેવાનું સૂઝે. મેં પણ તેમ કર્યું. ડોકટરોએ અભિપ્રાય આપ્યો કે પેટ ઠીક ઠીક બગડયું છે અને અમુક ઉપચારોથી એ સારું કરી શકાશે જેમાં ઇન્જેકશન વગેરેનો સમાવેશ થતો હતો.

કોણ જાણે કેમ આ વખતે ડોકટરી ઉપચાર કરતાં કુદરતી ઉપચાર કરી લેવા મને ઇચ્છા થતી હતી. મારાં એક સુપરિચિત બહેન જૈન હોવાથી જૈનોનાં ધર્મ આચરણ પ્રમાણે ઉપવાસ અને તપ ઇત્યાદિ તેઓ કરે છે. એટલે સ્વભાવિક રીતે મેં એમની પાસે મારી તબિયતની હકીકત મૂકી. ડોકટરોએ જે નિદાન કર્યું હતું એ મેં તેમને કહ્યું અને ઉપવાસ અથવા ખોરાકના કોઇ ફેરફારથી આનો ઇલાજ થાય એવી ઇચ્છા મેં એમની પાસે વ્યકત કરી. હું એટલો તો નબળો પડી ગયો હતો કે ઉપવાસ મને અનુકૂળ ન આવે એવો અભિપ્રાય તેમનો થયો. પણ ખોરાકનો ફેરફાર કરીને તબિયત સુધારવા માટે–પ્રયત્ન કરી લેવા તેમણે વિચાર્યું, અને ઠરાવ્યું કે બીજે દિવસે મારે એમની સાથે જમવું.

બીજે દિવસે હું એમને ત્યાં જમવા ગયો અને મારે માટે એમણે જે રસોઇ તૈયાર કરી હતી તે જમ્યો. એમણે જણાવ્યું કે જૈનોમાં આંબેલ તપ કરતી વખતે અમુક જાતનું ભોજન જ માત્ર લઇ શકાય છે. તે અનુસાર આજની રસોઇ થોડા ફેરફાર સાથે મેં તમારા માટે કરી છે. એ રસોઇ મને અનુકૂળ છે એમ લાગ્યું, એટલે એમણે નિર્ણય લીધો કે પહેલા પંદર દિવસ અખતરા તરીકે આપણે આ ઉપાય અજમાવીએ.

બચપણથી તે ૬૮ વર્ષની વૃધ્ધાવસ્થા સુધી ચા, કોફી, ઇત્યાદિ હું લેતો હતો એ એમને ખબર હતી એટલું જ નહિ પણ ગળપણ પર મને સારો ભાવ છે એ તેઓ જાણતાં હતાં, એટલે તેમણે મને કહ્યું કે સાકર, ગોળ, ચા, કોફી કે કોકો એમાનું કંઇ જ તમારાથી લઇ શકાશે નહિ. હું સહમત થયો, ત્યારે તેમણે મને સમજણ આપી કે જમવાની જે વસ્તુઓ રાંધી તે માત્ર બાફેલી હોય, તળેલી કે વઘારેલી ન હોય. મસાલામાં માત્ર મીઠું અને હિંગ વપરાય. એમની એ સુચના મુજબ ખોરાક લેવો. તા. ૧૪–૯–૪૯ને રોજ મેં એ મુજબ ખોરાક લેવો શરૂ કર્યો. આ પ્રયોગ મારે મારા ગામડામાં રહીને કરવો, પણ જો કુટુંબીજનો અથવા સ્નેહી ઇત્યાદિ કોઇ આવે અથવા હું પાર્લા ઘરે જાઉં ત્યારે સામાન્ય રસોઇ જમી શકાય એમ ઠરાવ્યું.

શરૂઆતના અઠવાડિયામાં ચારેક દિવસ વધુ પ્રમાણમાં પેશાબ થતો તેમ જ દિવસમાં ત્રણેક વખત મારે પાયખાને જવું પડતું. ઝાડામાં દુર્ગંધ આવતી. મારી ભૂખ જે લગભગ મરી ગઇ હતી તેને બદલે શરૂઆતના દિવસોમાં ભૂખ લાગવા માંડી અને પંદરમો દિવસ જેમ જેમ નજદીક આવતો ગયો તેમ તેમ ભૂખ ઊઘડી. સવારસાંજ ગરમ પાણી સાથે લીંબુ અને મીઠું લેવાની તેમણે સૂચના આપી હતી. આ રીતે પહેલા પંદર દિવસ પૂરા કર્યા.

ખોરાકમાં ફેરફાર કર્યો તે વખતે મારા આખા શરીરે ખંજવાળ ઊપડી હતી અને ઝીણીઝીણી ફોડકીઓ શરીર ઉપર થતી. હું એટલો તો અશકત હતો કે સામાન્ય વાતચીત કરતાં પણ હું થાકી જતો. પ્રાર્થના કે ભજન પણ સામાન્ય અવાજે કરી શકાતા નહિ. શરૂઆતના પખવાડીઆમાં મને થોડી શકિત મળી હતી એટલે બોલવામાં જે તકલીફ પડતી હતી તે ઓછી થતી ચાલી અને શરીરે જે ખંજવાળ ઊપડી હતી તે પણ હળવી થતી હોય એમ લાગ્યું. કોપરેલ તેલમાં કપુર મેળવીને હું આખા શરીરે માલિસ કરતો.

બીજું પખવાડિયું

પહેલા પંદર દિવસમાં મારા ઉપર પ્રયોગની જે અસર થઇ તે કારણે સ્વાસ્થ્ય સુધારી શકાશે એમ લાગ્યું અને પ્રયોગ વધુ લંબાવવા નકકી કર્યું. અને હવે પછીનાં પખવાડિયા માટે ખોરાકની અંદર મસાલા તરીકે મીઠું અને હિંગ લેતો તે ઉપરાંત ધાણાજીરાનો હવેજ, હળદર અને મેથી એટલા મસાલા વધ્યા. અને ગરમ પાણીમાં મીઠાને બદલે ગોળ લેવા શરૂઆત કરી. પહેલે જ અઠવાડીએ પેશાબ જે છૂટથી આવતો તે રોકાયો, ભૂખ ઓછી થતી ચાલી અને પેટ ભારે રહેવા લાગ્યું.

ત્રીજું પખવાડિયું

ગોળ છોડી ફરીને મીઠું શરૂ કર્યું. આનું પરિણામ સરસ આવ્યું.

ચોથું પખવાડિયું

વર્ષો થયાં મારો ખોરાક અલ્પ પ્રમાણમાં રહ્યો છે, એ વધતો ચાલ્યો, ભૂખ વધુ લાગવા માંડી એટલે સવારનાં નાસ્તો લેવો શરૂ કર્યો. સાંજનું હલકું ભોજન છ વાગ્યા પહેલાં જમી લેતો. આ ઢબથી રાત્રે સૂતી વખતે ખોરાક પાચન થઇ ગયો હોય એવી લાગણી થતી. ભૂખ ગજબની ઊઘડી. તંદુરસ્તી દિન પર દિન સુધરતી ચાલી.

પાંચમું અને છઠ્ઠું પખવાડિયું

આ પખવાડિયામાં બહુ ભૂખ લાગતી. સવારનો નાસ્તો તો ગયા પખવાડિયાથી શરૂ કરવો પડયો હતો; તે ઉપરાંત બપોર પછીનો નાસ્તો લેવો પડયો. શરીરમાં નવું લોહી આવતું હોય તેવું લાગવા માંડયું, મોઢા પરના અને છાતીનાં હાડકાં પાંસળાં દેખાતા હતા તે પુરાતાં ચાલ્યા. આખા શરીરની ચામડી જે બળી થઇ ગઇ હતી તે સુધરતી ચાલી અને ફરીને ચામડી સુંવાળી થઇ ગઇ. પ્રયોગ શરૂ કરતી વખતે મારું વજન ૯૩ રતલ હતું તે ૯૬ રતલ થયું.

કુદરતી ઉપચારના કારણે બગડેલું પેટ સારું થયું. ભૂખ ઊઘડી, મળમુત્રની શુદ્ધિ થઇ તેમજ ચિત્તશુદ્ધિ પણ થતી હોય એમ સમજાયું. પ્રાર્થનામાં વધુ રસ જામતો લાગ્યો. કોઇ પણ જાતની દવા વગર ખોરાકમાં જે ફેરફાર કર્યો તેના આ પરિણામ પછી મને લાગે છે કે જો શરીર સારું તંદુરસ્ત રાખવું હોય તો ઓછામાં ઓછા પંદર દિવસ પોતાના ખોરાકમાં આ ઢબનો ફેરફાર કરવાથી શરીર તંદુરસ્ત રાખી શકાશે. તેની સાથે આજની ખાનપાન પદ્ધતમાં મોટો ફેરફાર કરવો રહે છે. એ ફેરફાર કરી લેવાય તો કરકસરના પંથે જવાશે એ બીજો ફાયદો છે. ઘણી વસ્તુઓની જરૂરીઆતો આપમેળે ઓછી થાય છે. આવો એક પ્રત્યક્ષ દાખલો મેં અનુભવ્યો. સાકરની તંગી પડી પણ મને સાકરની જરૂર જ નહોતી એટલે તંગી કે અછતની કોઇ અસર મારા પર ન થઇ.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાનઃ સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજી. નં. બી ૪૨૬૬

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ : ૧૧
અંક : ૨૨

મુંબઈ : ૧૫ માર્ચ ૧૯૫૦ બુધવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

શ્રી કાનજી મુનિનો નવો પંથ

આ મહિનામાં, રાજકોટ શહેરમાં શ્રી કાનજી મુનિની રાહબરી નીચે, શ્રી. સિમંધર પ્રભુની પ્રતિમા અને શ્રી પ્રવચનસારની પ્રતિષ્ઠા થયાં. પ્રતિષ્ઠા માટે તેર દિવસનો કાર્યક્રમ યોજાયો હતો, અને તેમાં 'પરમ પૂજ્ય સત્પુરૂષ આત્મજ્ઞ' 'શ્રી કાનજી મુનિનો રાજકોટમાં પ્રવેશ' થી લઇ શાંતિયજ્ઞ સુધીની યોજના હતાં. આ તેર દિવસમાં જલયાત્રાઓ, વરઘોડાઓ, પંચકલ્યાણક ઉત્સવો, નંદીશ્વર મંડળ વિધાન વગેરેની રચના હતી. જૈન સમાજના નબીરાઓએ આ પ્રસંગને અનુરૂપ નાટક ભજવવાનું હતું. આ નાટકનાં પાત્ર થવામાં તેમને મન કૃતકૃત્યતા હતી.

ઇન્દ્ર અને ઇન્દ્રાણીઓ, સૌધર્મિક દેવો અને દેવાંગનાઓ, તીર્થંકરનાં માતાપિતા, અને કુટુંબકબીલાઓ, કુબેરો વગેરેનો પાઠ અપાયાં, રજવાડાંઓ સૌરાષ્ટ્રમાં વિલીન થયા એટલે હાથી મળવા મુશ્કેલ : તે કાગળનાં ઊભા કરાયાં; તેમનામાં જીવ ન મુકાયો પણ શ્રી કાનજી મુનિએ પ્રતિષ્ઠા તો કરી જ! ગર્ભકલ્યાણની પૂર્વક્રિયા, પશ્ચાતક્રિયા, ઝુલા, રાજતિલક, તપકલ્યાણ, આહારદાનક્રિયા, જ્ઞાનકલ્યાણક, સમવસરણ, નિર્વાણકલ્યાણ વગેરે પ્રસંગે ભજવાયા.

આ મંદિર પાછળ શ્રી કાનજી મુનિના ઉપદેશથી તેના ભક્તોએ બેથી અઢી લાખ રૂપિયા ખર્ચ્યા છે; અને આ ઉત્સવ પાછળ અધ'લાખ ઉપરાંત ખર્ચ થયો. જે સમયે આર્થિક સંકડામણ વધુ ને વધુ ભીંસ કરી રહી છે, ત્યારે જૈનેતર ભાઇઓને માટે ઠીક, પણ સાધર્મિકભાઇઓ તરફ મીઠી નજર નાખી તેમને ટેકો આપવો જોઇએ ત્યારે તે તરફ દુર્લક્ષ સેવી જૈન સમાજનો સાધુ વર્ગ જૈનોને આવા ખોટા ભભકાઓ અને ઉત્સવ તરફ દોરે એ ભારે ખેદની હકીકત છે. આ બુદ્ધિવાદના યુગમાં, સમજદાર વ્યકિતઓના સહકારથી, બુદ્ધિવાદીઓ અને કુશળ ગણાતી વ્યકિતઓના ટેકાથી આ લીલા ભજવાઇ એ વધુ ખેદની વાત છે. જે કુટુંબને ત્યાં મહાત્મા ગાંધીજી ઊતરતા; જે જસાણી કુટુંબનાં સભ્યો મહાત્મા ગાંધીજીના અનુયાયી કહેવરાવવામાં ગૌરવ લેતાં, એ જ કુટુંબની લગભગ મોટા ભાગની વ્યકિતઓએ રસપૂર્વક આમાં ભાગ લીધો, તનમનધનથી પૂરો સહકાર દીધો અને શ્રી કાનજી-મુનિની આ જમાનાને જરા પણ નહિ અનુકૂળ એવી પ્રવૃત્તિને વેગ આપ્યો. ગાંધીજીનો થોડી ક્ષણોનો પણ સંપર્ક કોઇ પણ વ્યકિત માટે પારસસ્પર્શ ગણાતો : આ કુટુંબ પર ગાંધીજીની કંઇ અસર જાણે કે નથી રહી એ જાણી આશ્ચર્ય થાય તેમ છે.

આજના યુગનો મુખ્ય રોગ તે નેતાગીરી મેળવવાનો. ધર્મ અને રાજકારણનાં ક્ષેત્રમાં આ રોગે ચેપીરોગની ઝડપથી પ્રગતિ સાધી છે. રાજકારણના ક્ષેત્રે આ રોગની વ્યાપક અસર સમજી શકાય; કારણકે તેમાં વ્યકિતગત લાભાલાભનો સવાલ છે; પરંતુ ધર્મ જેવા ક્ષેત્રે, જ્યાં સર્વસ્વનો ત્યાગ કરી, રાગદ્વેષ છોડી, માયાનાં બધાં બંધનોથી મુકત થવા, આંતરમુકિત મેળવવા, આત્માનો વિકાસ સાધવા વ્યકિત પ્રવેશે, ત્યાં પણ નેતાગીરીનો રોગ પ્રવેશે એ આ યુગનો મહિમા છે.

થોડાં વર્ષોથી શ્રી કાનજી મુનિએ સોનગઢમાં એક નવો પંથ શરૂ કર્યો છે. વર્ષોનાં વીતવા સાથે એ પંથે નવા સંપ્રદાયનું સ્વરૂપ પકડયું છે. જ્યારે વિચારકો રાષ્ટ્રમાંથી પંથો અને ઉપપંથો દૂર કરવાનો વિચાર કરી રહ્યા છે, ત્યારે આ નવા પંથથી એકનું ઉમેરણ થાય છે. શ્રી કાનજી મુનિના વિચારો આત્માર્થીના હશે; પરંતુ તેમની કેટલીક પ્રવૃત્તિઓએ સોનગઢમાં જ તેમને માટે એક નવો સંસાર ઊભો કર્યો છે. તેઓએ સોનગઢમાં એક મોટો આશ્રમ સ્થાપ્યો છે; કારણકે આશ્રમ સિવાય ભકતો બેસી ચાહને આવે નહી. જૈન સાધુઓ એક સ્થળે સ્થિરતા કરી જ ન શકે છતાં તેમણે એક જ સ્થળે સ્થિરતા રાખી છે; જેથી ભકતોને સ્થાયી વસવાટ કરવાની અનુકૂળતા રહે.

નેતાગીરી સરળતાથી નથી સ્થપાતી, કંઇક નાવિન્ય જોઇએ. શ્રી કાનજી મુનિ વિચક્ષણ છે. તેમણે નવો રસ્તો ગ્રહણ કર્યો છે. સમાજની નબળી કડીઓ તેમણે જોઇ લીધી છે, અને એ નબળી કડીઓનો ઉપયોગ કર્યો છે. શ્રીમદ્ રાજચંદ્રના ભકતો અને પ્રશંસકોને આકર્ષવા શ્રીમદ્ રાજચંદ્રનો તેમણે આશ્રય લીધો, તો દિગંબરોને આકર્ષવા 'પ્રવચનસાર'ને મહત્ત્વ આપ્યું.

અહિંસાના ઉદ્ઘોષક શ્રી મહાવીરને બધા જ જૈન સંપ્રદાયો માને છે છતાં તેમણે, જેમના વિષે કલ્પના સિવાય કોઇ હકીકત નથી; જેઓ મહાવિદેહક્ષેત્રમાં જ વિરાજે છે અને જે મહાવિદેહ ક્ષેત્ર કયાં છે તેની કોઇને ખબર નથી ત્યાંના, જૈન શાસ્ત્રમાં ઉલ્લેખાયેલા શ્રી સિમંધર સ્વામીને પ્રતિષ્ઠા આપી. 'દુનિયા ઝૂકતી હૈ; ઝુકાનેવાલા ચાહીએ' શ્રી કાનજી મુનિએ નવો સંપ્રદાય શરૂ કર્યો. દિગંબરોને લાગ્યું: આ નવી વિચારસરણીમાં આપણો વિજય છે એટલે તેમણે કાનજી મુનિને મહત્ત્વ આપ્યું : રાજચંદ્રભકતોને શ્રીમદ્ રાજચંદ્રના વિચારોના પ્રચાર માટે આંહીં યોગ્ય ભૂમિકા જણાઇ; તેઓ આકર્ષાયા. ભગવદ્ગીતાના પરમ ઉપાસક ગણાતા શ્રી વિદ્યાનંદજીએ અમદાવાદમાં અને પછી સ્થળે સ્થળે 'ગીતાજી'ની પ્રતિમા સ્થાપી : તેમ શ્રી કાનજી મુનિએ 'પ્રવચનસાર'ની પ્રતિષ્ઠા કરી.

શાને માટે આ બધું? ફકત શ્રી કાનજી મુનિની પ્રતિષ્ઠાની સ્થાપના માટે. નહિ તો પૈસા ખર્ચવા માટે—ખર્ચાવવા માટે શું બીજા રસ્તાઓ નહોતા? સુધારકોને મન માન્ય હોય એવી રીતરસમો તેઓ ન સ્વીકારે, પણ જેને તેઓ ધર્મ સમજે છે, જેને તેઓ ક્રિયા કહે છે, એને માન્ય હોય એવા બીજા રસ્તા ઘણા હતા. પરંતુ એવા રસ્તાઓથી સોનગઢમાં ભવ્ય આશ્રમ ન બાંધી શકાય, રાજકોટમાં જિનાલય ન ચણાવી શકાય; અને એ ન રચાય, તો શ્રી કાનજી મુનિની પ્રતિષ્ઠા પરલોક પૂરતી જ મર્યાદિત રહે; આંહીંનું શું?

પરંતુ જનતાએ હવે સમજવાની જરૂર ઊભી થઇ છે. નવા મંદિરો, મઠો કે ઉપાશ્રયો સ્થાપવાનો યુગ વીતી ગયો છે. હવે સ્થાવર નહિ પણ જંગમ આશ્રમ સ્થાપવાનો યુગ આવી પહોંચ્યો છે. શ્રી રવિશંકર મહારાજ, શ્રી પુણ્યવિજયજી મુનિ, શ્રી સંતબાલજી, શ્રી કવે, શ્રી કિશોરલાલ મશરૂવાળા, શ્રી વિનોબા ભાવે, વગેરેનો આ જમાનો છે. સાચા અર્થમાં સાધુઓ તે છે. યુવકોએ —જસાણી કુટુંબના વિચારશીલ યુવક જેવા યુવકોએ—ક્ષણભર

(અનુસંધાન પૃષ્ઠ ૧૮૬ જુઓ.)

પ્રાસંગિક નોંધ

'જૈનો'ની અલગ નોંધણી

તા. ૭ માર્ચના રોજ ભારતની પાર્લામેન્ટમાં, પ્રશ્નોત્તરીના સમય દરમિયાન, શ્રી બળવંતસિંહ મહેતાએ પૂછેલા એક પ્રશ્નના જવાબમાં, નાયબ પ્રધાન સરદારશ્રી વલ્લભભાઇ પટેલે જણાવ્યું હતું કે, "હવેથી વસતીગણતરીમાં 'ધર્મ'એ શિર્ષક નીચે, જૈનો અને હિંદુઓની નોંધણી અલગ અલગ થશે."

સરદારશ્રીના આ ટૂંકા જવાબથી એક વાત ચોકકસ થાય છે કે જૈનો અને હિંદુઓની નોંધણી 'ધર્મ' એ શિર્ષક નીચે અલગ અલગ થશે; પણ એથી વધુ સ્પષ્ટતા તેમાંથી મળતી નથી. કદાચ આમ પણ હોય: હિંદુ ધર્મમાં જૈન, વૈષ્ણવ, સ્વામીનારાયણ વગેરે અલગ અલગ સંપ્રદાયની ગણના થાય, પણ સામુદાયિક રીતે 'હિંદુ'માં જ ગણના કરવાની હોય. ભારત સરકાર, જે વખતે સાંપ્રદાયિક અને કોમી માનસ દૂર કરવાનો નિર્ણય કરીને બેઠી છે ત્યારે તે નીતિને અનુરૂપ સરકારી પગલું હશે એ માનવું વધારે પડતું નહિ કહેવાય.

ગરીબ વર્ગને શી રાહત?

હિંદી સરકારનું નવું અંદાજપત્ર, જે સરળતાપૂર્વક તાત્કાલિક પ્રશંસા મેળવી શકયું હતું, એ પ્રશંસા હવે ઓસરતી જણાય છે. જે સભ્યોએ પ્રથમ નજરે તેને આવકાર્યું હતું, એ જ સભ્યોને તેમાં આંકડાની રમત દેખાવી શરૂ થઇ છે. આવકવેરામાં ઘટાડો, સુપરટેક્ષમાં વધારો, ધંધા પરના કરમાં રાહત, સ્થાનિક પોસ્ટ-કાર્ડ અને કવરના દરમાં ઘટાડો, વગેરે મથાળાંથી ડો. જહોન મથાઇએ સારું અંદાજપત્ર રજૂ કર્યું છે એવો ભ્રમ ઊભો થયો હતો; અભ્યાસ પછી અર્થશાસ્ત્રીઓને જણાવા લાગ્યું છે કે, એમાં આંકડાની ધન્દ્રજાળ છે. જે રાહત અપાઇ છે તેનાથી પૈસાદાર વર્ગને જ ફાયદો થયો છે; ગરીબ અને મધ્યમ વર્ગને જરાય નહિ. સરકારે જો ધાર્યું હત તો માત્ર નજીવા ફેરફારથી આ બન્ને વર્ગને સાંત્વન આપી શકાયું હોત.

અવિભકત હિંદુ કુટુંબોની કરમુકત આવકની વધુમાં વધુ મર્યાદા પાંચ હજારથી વધારીને છ હજાર રૂપિયા કરવાની દરખાસ્ત મૂકવામાં આવી છે; આની સાથે વ્યકિતગતની મર્યાદા પણ આટલી જ કરાઇ હોત તો મધ્યમ વર્ગને ઘણી રાહત રહેત.

સ્થાનિક વહેંચણી માટેનાં કવર અને પોસ્ટકાર્ડનો દર ઘટાડીને અનુક્રમે એક આનો અને અડધો આનો કરવાનું સૂચવવામાં આવ્યું છે. સ્થાનિક અને બહારગામની ટપાલ વચ્ચે આ રીતે ભેદ પાડવામાં આવ્યો છે. પરંતુ આનાથી વધુમાં વધુ ફાયદો થશે શહેરોને અને તેમાંય ખાસ કરીને ધંધાદારીઓને. જે દર વધારાયો હતો એ વિમાની સગવડને કારણે; તેનો લાભ શહેરને જ મળ્યો છે; ગામડાને નહિ. હિન્દુસ્તાન સાત લાખ ગામડાંઓથી રચાયેલું છે; ત્યાં વિમાની સગવડ નથી; ત્યાં સ્થાનિક પત્રવ્યવહારની જરૂર નથી, એ નાણામંત્રીના ખ્યાલ બહાર શાથી રહી ગયું હશે એ સમજવું મુશ્કેલ છે. શહેરમાં રહેનારને સ્થાનિક દરના ઘટાડાથી ખૂબ જ ફાયદો થયો છે; કારણકે નહિ તો જે દર રખાયા છે તેનાથી ત્રણચારગણી રકમ ખર્ચતાંય સંપર્ક સાધવામાં વખત જતો. જે શહેરોમાં 'કોલ પદ્ધતિ' છે તેને તો આ દરના ઘટાડાથી રાહત મળી છે: એટલે કે 'ગામડાને ભોગે શહેરો સમૃદ્ધ થયા છે' એવી જે દલીલ ગ્રામ-કાર્યકરો તરફથી થયા કરે છે, અને જેમાં તથ્ય છે, એ દલીલને નાણામંત્રીએ સમર્થન આપ્યું છે.

હજુ પણ, ગામડાંઓને રાહત આપવા માટે, પોસ્ટકાર્ડ અને કવરના દર બહારગામ માટે પણ સ્થાનિક જેટલા કરવાની જરૂર છે. આની પાછળ ખોટ બહુ નજીવી આવશે. ટૂંક કોલમાં છૂટછાટ આપી ચુમ્માલીસ લાખની આવક ઓછી કરી છે—શહેરોને સગવડ આપવા માટે; તો વધુ ખોટ સહન કરી ગામડાંઓને અને એ રીતે ગરીબોને શા માટે રાહત નહિ?

ગાંધીજીના આત્માને જરૂર સંતોષ થાત

પૂર્વ બંગાળમાંની લઘુમતી કોમ, એટલે કે લગભગ સવા કરોડ હિન્દુ વસતી પર, ત્યાંના મુસ્લિમ વતનીઓએ ગુજારેલા અત્યાચારથી હિંદની એક પણ વ્યકિત રોષે ભરાયા વગર નહિ રહી હોય. હિન્દુઓના મકાનની તારાજી, મિલકતની લૂંટ, સ્ત્રીઓ અને બાળાઓ પર અમાનુષી અત્યાચાર, બાળકો અને પુરૂષોની કતલ, અને એનાથીયે ચડે તેવા જંગલી અત્યાચારોના સમાચારો સાંભળી જેનામાં જરા સરખું ચેતન છે તેનાય રૂંવા ખડા થઇ જાય; અને સારાય શરીરમાં અગ્નિ પ્રકટી ઊઠે.

સિંધ, પંજાબ અને સરહદ પ્રાંતમાંથી હિંદુઓને વીણી વીણી પાકિસ્તાનની સરકારે દૂર કર્યા; હવે રહ્યું હતું —પૂર્વ પાકિસ્તાન, એટલે કે પૂર્વ બંગાળ. ત્યાં પણ એક હિંદુ ન જોઇએ! પોલિસ, પોલિસ-અફસરો, કોઇ કશું કરી શકે નહિ; ગુંડાઓને પકડી શકે નહિ; શાંતિના ફિરસ્તા તરીકે જાણીતા થયેલા શહીદ સુહરાવર્દી પણ જાનકુરબાની માટે આગળ આવે નહિ; દરરોજ હજારોની સંખ્યામાં નિરાશ્રિતોની સંખ્યા આડેઅવળે રસ્તે પશ્ચિમ બંગાળમાં આવે; આવનારાઓ માટે રેલ્વે, હોડી, ધોરી રસ્તો સલામત નહિ—વિચાર કરીએ અને અંગ અંગ ક્રોધ વ્યાપી જાય એવી સ્થિતિ! શી રીતે આ સાંખી શકાય? પડોશમાં તોફાન થયું હોય તો વહારે ચડાય; મદદ કરી શકાય: ગૂંડા તત્ત્વને જેર કરી શકાય; પૂર્વ બંગાળના સહોદરો આપણાં ભાઇબહેનો—ભાગલા પડયા એટલે એ તદ્દન જુદાઃ તેના દુઃખમાં ભાગ ન લઇ શકાય; તેમને પરેશાન કરનારને આંગળી ન અડકાડી શકાય; કદાચ એમ થાય તો આંતરરાષ્ટ્રીય સમસ્યા ઊભી થાય—અરે, શું શું થાય અને શું શું ન થાય એ વિચાર જ મુંઝવી દે. અને વેર લેવાની મનોવૃત્તિ સતેજ થાય; આ વૃત્તિને કેટલાક આપણાં જ વર્તમાનપત્રો વધુ કાતીલ કરે. આવા સંયોગોમાં હિંદુસ્તાને જે શાંતિ જાળવી છે, તે અભિનંદનને પાત્ર છે. આવી શાંત રહી શકે એ વાત કલ્પનાતીત કહી શકાય.

હિંદ અને પાકિસ્તાનના સંબોધો, અત્યારની પરિસ્થિતિના હિસાબે કદી સુધરે એમ નથી; હિન્દુઓ પાકીસ્તાનમાં સુખે રહી શકે તેમ પણ નથી. એ ગમે તેમ થાય, પરંતુ આ અસાધારણ સંયોગો વચ્ચે હિંદે જે શાંતિ રાખી છે, અને પોતાની જ એક લઘુમતિ કોમ-મુસ્લિમ તરફ વૈરવૃત્તિ કેળવ્યા વગર જે સમભાવ દાખવ્યો છે, તેનાથી આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી આપણી વચ્ચે હોત તો તેમને જરૂર સંતોષ થાત.

ગાંધીજીની હયાતી દરમિયાન આપણે સૌ જે ન કરી શકયા, તે તેમના અવસાન બાદ જીવનમાં ઉતારી શકયા એ માટે રાષ્ટ્રે ગૌરવ લેવા જેવું છે.

ટૂંકી દૃષ્ટિએ આપણી આ અહિંસક મનોવૃત્તિ કદાચ નુકસાનકારક લાગે, પણ લાંબે ગાળે, આ વૃત્તિ રાષ્ટ્રની પોષક અને રક્ષક બની રહેશે એ નિર્વિવાદ છે. કાળ અને અંતરને ટૂંકા કરનાર આ વૈજ્ઞાનિક યુગમાં ઝનૂની ધર્મત્વના આશ્રયે કોઇ રાજ્ય નભી શકે નહિ; ટકી શકે નહિ: તેનો વહેલે કે મોડે નાશ થયે જ છૂટકો. પાકિસ્તાન આ હકીકત વહેલી સમજે તો સારું.

ધીરજલાલ ધ. શાહ

મહાગુજરાત સાધુસંઘનું બીજું અધિવેશન : તેની સમીક્ષા

ગયા ડિસેમ્બરની છેલ્લી તારીખે વૈષ્ણવોનાં પવિત્ર ધામ ડાકોરમાં મહાગુજરાત સાધુસંઘનું બીજું અધિવેશન સ્વામીશ્રી ભાગવતાનન્દજી મહામંડલેશ્વરના પ્રમુખપદે મળી ગયું. આ અધિવેશને ઓગણીશ ઠરાવો પસાર કર્યા છે, જેમાંના અઠેક ઠરાવો કોઇ પણ સમાજનું ધ્યાન ખેંચે તેવા છે. (જે આ અંકમાં અન્યત્ર આપ્યા છે.)

સાધુ-સંસ્થા—કોઇ પણ સંપ્રદાયની સાધુ-સંસ્થા તે તે સંપ્રદાયનું ગૌરવ છે—જો તેમાં પ્રાણ હોય તો. અને શરૂ શરૂમાં આવી સંસ્થાઓ પ્રાણવંતી હોય છે, એ પણ હકીકત છે, કારણકે એ સિવાય એ ટકી પણ શકે નહિ. પરંતુ છેલ્લાં ચારસો વર્ષનો ઇતિહાસ, એટલે હિંદની ગુલામીનો ઇતિહાસ; એટલા જ વર્ષનો કોઇ પણ સાધુ-સંસ્થાનો ઇતિહાસ એટલે સાધુઓની શિથિલતાનો ઇતિહાસ. દરેક સાધુસંસ્થાને પોતપોતાનું આગવું, દેશકાળને અનુકૂળ બંધારણ હતું, પરંતુ એ બંધારણની વાતો શાસ્ત્રોમાં જ રહી ગઇ છે—ફકત મુખેથી બોલવા માટે; અંધશ્રદ્ધાળુ ભકતોને આકર્ષવા માટે; સાધુના કડક આચારવિચારની માત્ર વાચના માટે. વૈષ્ણવ, શૈવ, બૌદ્ધ સંપ્રદાયની જ સાધુ-સંસ્થામાં નહિ, પણ જૈન સંપ્રદાયની સાધુસંસ્થામાંય ધીમે ધીમે સડો પેસતો ચાલ્યો છે, જે જૈન સંપ્રદાયે મહાવીર, ગૌતમ, ભદ્રબાહુ, સ્થુલિભદ્ર, હરિભદ્ર, સિદ્ધસેન દિવાકર, હેમચંદ્ર જેવા સમર્થ સાધુઓ સમાજને આપ્યા છે, એ જ સંપ્રદાયના ફકત છેલ્લા સો જ વર્ષનો ઇતિહાસ જુઓ તો એકેય એવી વિશિષ્ટ વ્યકિત નજરે નહિ ચડે.

જૈન સાધુ-સંસ્થા હજાર હજાર વર્ષ જીવંત રહી તેનું કારણ હતું. દેશકાળની નાડ ઝીલી, પરિવર્તન કરવાની અથવા પરિવર્તનને અનુકૂળ થવાની તેનામાં તાકાત હતી. એ તાકાત જેમ બીજા સાધુ-સમાજમાંથી નષ્ટ થઇ, તેમ જૈન સાધુ-સમાજમાંથી પણ નષ્ટ થઇ. છેલ્લા પચાસ વર્ષનો જ ઇતિહાસ લો. દેશમાં પ્રગતિનો જુવાળ ચડતો હતો; સામાજિક સુધારાઓની ભૂખ ઊઘડતી જતી હતી; વૈજ્ઞાનિક દૃષ્ટિ ખીલતી જતી હતી; આ સર્વની સાધુ-સંસ્થા પર જાણે કે કશી જ અસર ન હતી; ઊલટાનું કેટલીક વખત એમ જણાતું હતું કે, સાધુ-સંસ્થાઓ પીછેહઠ કરી રહી છે કે શું? કેટલીક વખત વિચારકોને એમ પણ લાગતું હતું કે, સમાજને ભારરૂપ થતી જતી આવી સાધુ-સંસ્થાઓ વહેલામાં વહેલી તકે નામશેષ થાય તો સારું. જે સાધુ-સંસ્થાઓએ એક સમયે સમાજને તંદુરસ્ત રાખવાનું કાર્ય કર્યું હતું એ જ સાધુ-સંસ્થાઓ પ્રાણવિહીન થઇ ગઇ હતી, અથવા થયે જતી હતી.

પરંતુ આનંદની વાત છે કે, રાષ્ટ્રે સ્વાતંત્ર્ય મેળવ્યા પછી, નિષ્ક્રિય દેખાતી આ સાધુ-સંસ્થાઓ પર જુવાળની અસર થયા વગર રહી નથી. એ સંસ્થામાં પણ સળવળાટ શરૂ થયો છે. બાઝી ગયેલી લીલ નીચે નવાં પાણીનું વહેણ શરૂ થયું છે. આ એક શુભ ચિહ્ન છે. જોકે જે ઝડપથી તે સંસ્થા પર અસર થતી જોઇતી હતી, એ ઝડપથી નથી થઇ. પણ સાધુ-સમાજ સમયને પારખવાની તત્પરતા ધરાવતો થયો છે એ હકીકત જ આશાસ્પદ છે. આ દૃષ્ટિએ વિચારતાં આ સાધુસંઘે પસાર કરેલા ઠરાવો, ઘડીભર આશ્ચર્યમાં મૂકી દે તેવા છે; અને પ્રશ્ન થાય છે કે, આજ સુધી જડ જણાઇ રહેલ સાધુસમાજે આ ઠરાવો પસાર કર્યા છે શું?

આ અધિવેશનમાં ગુજરાતના જુદા જુદા સંપ્રદાયના સાધુઓ અને મહંતોએ ભાગ લીધો હતો: જૈન સમાજના પણ કેટલાક સાધુઓએ સંદેશાઓ દ્વારા અધિવેશનને સફળતા ઇચ્છી હતી અને સૂચનો કર્યાં હતાં. એ દૃષ્ટિએ ગુજરાતની જુદી જુદી સાધુસંસ્થાઓનો તેને સારો સહકાર મળ્યો ગણાય. જૈન સાધુ સંસ્થાના અગ્રણીમાંના એક મુનિશ્રી પુણ્યવિજયજીની આ સંઘના ઉપપ્રમુખ તરીકે વરણી થઇ છે, એ પણ સૂચક ગણાય.

અધિવેશનની કાર્યવહી જોતાં મંત્રીથી પ્રમુખ સુધી અને બીજા વકતાઓનાં ભાષણો અને વકતવ્યમાંથી એક વાત ફલિત થાય છે કે, સાધુસમાજને પોતાની અગત્યતા-આ વિષમ કાળમાં પોતાના અસ્તિત્વને ટકાવી રાખવાની જરૂર જણાઇ છે, અને એ અસ્તિત્વ માટે જેમ વેપારીઓ, કારીગરો, ધંધાદારીઓ વગેરે પોતપોતાની સંસ્થાઓ સ્થાપી, પોતાનો અવાજ સરકાર અને સમાજ સમક્ષ રજૂ કરી, પોતાની મુશ્કેલીઓ જણાવે છે, મુશ્કેલીઓ દૂર કરવા સૌનો સહકાર માગે છે; તેમ તેની કાર્યવહી અને બંધારણ જોતાં, સાધુસંસ્થાને પણ પોતાના અસ્તિત્વની ભીતિ પેઠી હોય એમ જણાય છે; અને તેથી તેને ટકાવવા સરકાર અને સમાજનો તે સહકાર માંગે છે; પોતાના જ સંપ્રદાય બંધુઓને 'ઉત્તિષ્ઠ જાગૃત'ની ભેરી સંભળાવે છે. સ્વાગતાધ્યક્ષ મહંત શ્રી રામનારાયણદાસજી સાધુ-સમાજની નાડ પારખીને કહે છે: "આપણો શાસ્ત્રભંડાર જગતમાં અમૂલ્ય ગણાય છે, છતાં તેનો જોઇએ તટલો અને જોઇએ તે રીતે અભ્યાસ ના કરતાં આપણે પ્રમાદ સેવી બેઠા છીએ; પરિણામે જનસમાજમાં જનતાના મનથી ઊતરી ગયા છીએ, અને આમ ને આમ રહીશું તો થોડા સમયમાં નાશ પામીશું. માટે આપણે આપણા સંકુચિત, વ્યકિતગત લાભ છોડી, સંપ્રદાય અને વાડા અને તડાની સાંકડી વાતો મૂકી સનાતન ધર્મના નામે બધા ભેદાભેદ તજી સંગઠિત થઇ જાનમાલ ન્યોચ્છાવર કરવા તૈયાર થવું જોઇએ." અને પ્રમુખશ્રી સૌનું ધ્યાન દોરે છે: "જ્યાં સાધારણ જનતા પણ વ્યવસ્થિત થઇ રહી છે, ત્યાં સાધુસમાજ, જેના ઉપર બનેતૃત્વનો બોજો છે, તેણે તો વિશેષરૂપથી વ્યવસ્થિત થવું જોઇએ. આપણી પાછળ તો દેશની આમજનતા—મોટો ભાગ અનુસરી રહ્યો છે." ટૂંકા વકતવ્યોમાં બન્ને મહંતોએ પરિસ્થિતિને યથાતથ સમજાવી દીધેલ છે.

સાધુસંસ્થા—જેનું પાણી પણ ન હાલે એ પ્રકારની પરિસ્થિતિ તેમાં તાત્કાલિક આ પરિવર્તન થવાનાં કારણો પણ છે. ૧. રાષ્ટ્રનું સ્વાતંત્ર્ય. અત્યાર સુધી સાધુસંસ્થા ધર્મને નામે સરકાર પાસે દોડી જતી, અને વિકટોરિયા રાણીનો ઢંઢેરો આગળ ધરી ધા નાખતી કે, અમારા ધર્મમાં હસ્તક્ષેપ ના કરો. પરદેશી સરકારને પોતાનું અસ્તિત્વ ટકાવી રાખનાર વળીઓ જોઇતી હતી, એટલે તે સાધુ-વર્ગને સંતુષ્ટ રાખી ધર્મને બંધિયાર થવા દેતી હતી. રાષ્ટ્ર સ્વતંત્ર થતા એ વસ્તુ નીકળી ગઇ. જે ધર્મ કે સંપ્રદાય અમુદાયની પ્રગતિમાં અવરોધ કરતાં હોય તેમાં કાયદાદ્વારા પણ સુધારા કર્યે જ છૂટકો, નહિ તો રાષ્ટ્ર અને સમાજના ચક્રો થંભી જાય. અસ્પૃશ્યતા નિવારણ બિલ, હરિજનમંદિરપ્રવેશ બિલ, જ્ઞાતિબહિષ્કાર નિવારણ બિલ વગેરે બિલોની સામે સાધુસમાજે ધમપછાડા કરી લીધા, પણ પરદેશી સરકાર સમક્ષ તેમનો જે પોકાર સંભળાતો હતો, તેની સોમાં ભાગની પણ અસર પ્રજાકીય સરકાર પર ન થઇ, એથી તેમની વર્ષોની ઊંઘ ઊડી.

૨. જ્ઞાનની અભિવૃદ્ધિ—સાધુ સંસ્થાના સભ્યોનું જ્ઞાન પરિમિત હતું; જ્યારે સમાજનું જ્ઞાન તુલનાત્મક અને વૈજ્ઞાનિક દૃષ્ટિવાળું થયે જતું હતું. સાધુઓના કથન ઉપર જે જૂની પેઢીને શ્રદ્ધા અને ભક્તિ હતાં, તે નવાં જ્ઞાનથી સમૃદ્ધ યુવકોમાં ન હતાં. તેઓ દરેક વાતને વૈજ્ઞાનિક ધોરણે ચકાસ્યા પછી તેનો સ્વીકાર કરતા. સાધુઓએ પણ, છાને ખૂણે આ વૈજ્ઞાનિક દૃષ્ટિને કેળવવી શરૂ કરી.

૩. સાધુસંસ્થામાં નૂતન લોહીનો પ્રવેશ—જોકે બહુ જ ઓછા વિચારક યુવાનોએ સાધુસંસ્થામાં પ્રવેશ કર્યો છે; પરંતુ છેલ્લાં થોડાં

વર્ષોમાં જે જે યુવાનો દિક્ષિત થયા છે, તેમાંના આંગળીને વેઢે ગણી શકાય તેટલાય વિચારકો અને સુધારક વલણના છે. આ વર્ગે મેળવણ જેવું કાર્ય કર્યું છે.

આ સિવાય પરદેશી મિશનરીઓની સન્માગ પ્રવૃત્તિ, હિન્દુસ્તાનના ભાગલા, ત્રીજું વિશ્વયુદ્ધ વગેરેએ પણ સાધુસંસ્થા પર ફરી વળેલી રાખને ઉડાડી દીધી છે. આ સર્વ અસરની કંઇક પ્રતીતિ આ અધિવેશને કરેલા ઠરાવો પરથી થાય છે. જો સાધુસંસ્થા આ રીતે વિચાર કરતી થાય તો, ફરી એક વખત, તે સમાજને ઉપયોગી સંસ્થા થઇ શકે.

મુંબઇ સરકારે 'ધર્માદા ટ્રસ્ટ તથા ધાર્મિક સંસ્થાઓ' સંબંધી જે ખરડો તૈયાર કરી પ્રસિદ્ધ કર્યો છે તેને આ અધિવેશને પસાર કરેલો પહેલો ઠરાવ આવકારે છે. ખૂબ જ આશ્ચર્યની વાત છે કે, જે ખરડાએ ખૂબ ખળભળાટ મચાવ્યો છે, જેની સામે ટેંડુલકર સમિતિ સમક્ષ કેટલાક પ્રતિષ્ઠિત ગૃહસ્થોએ પ્રત્યાઘાતી જુબાનીઓ આપેલી છે, એ જ ખરડાને આ સાધુસંઘ આવકારે છે, એટલું જ નહિ પણ તેને સ્વીકારે છે. 'આ સંઘ બિલ-ખરડાના સિદ્ધાંતનો વિરોધ કરતો નથી, યાને સ્વીકારે છે.' જે મહંતો આ અધિવેશનમાં મળ્યા છે તેમની મિલકત નાનીસૂની નથી; છતાં સમયને ઓળખી તેઓએ આ ઠરાવ કરીને ખૂબ જ ડહાપણભર્યું પગલું ભર્યું છે. જૈન સાધુસંસ્થા અને સમાજે તો આ ખરડાનો વિરોધ કરવાનું ચાલુ જ રાખ્યું છે: 'અમારા વહીવટમાં સરકારી ડખલગીરી ન જોઇએ; ધર્માદા ટ્રસ્ટોને હાથ ન અડાડો' તેણે આવી ધૂમરાણ મચાવી દીધી છે, ત્યારે આ મહંતો અને સાધુઓ ખરડાના સિદ્ધાંતને સ્વીકારી સરકારને યોગ્ય સૂચન કરે છે. સરકારે આ ખરડામાં ટ્રસ્ટોના વહીવટની માત્ર આર્થિક દૃષ્ટિએ વિચારણા કરી છે, જ્યારે સાધુસંઘ સરકારનું ધ્યાન દોરે છે કે, માત્ર આર્થિક વિચારણા જ શા સારૂ? 'સાંસ્કારિક દૃષ્ટિએ પણ સુવ્યવસ્થા કરવાનું વિચારો.' 'સ્થાનોનો વહીવટ એટલે સ્થાનોનાં માત્ર નાણાં કે મિલકતનો વહીવટ નહિ, પણ સંસ્કાર તથા પ્રચારનાં કેન્દ્રોનો વહીવટ, એ દૃષ્ટિનો સ્વીકાર કરી, ધાર્મિક સંસ્થાઓને સંસ્કારના કેન્દ્રો બનાવી દેશના આધ્યાત્મિક અને નૈતિક જીવનના વિકાસમાં સાધુસમાજની સેવા કઇ રીતે લઇ શકાય તેનો પણ વિચાર કરો.' આ માટે માત્ર ભલામણ જ નથી કરી, પણ અધિવેશને રસ્તોય બતાવ્યો છે: 'સંસ્કાર અને ભાવનાપોષક કેન્દ્રો સમી આવી સંસ્થાઓનો વહીવટ ઉદાર મતવાદી સાધુઓ તેમ જ ગૃહસ્થો મારફત થવો જોઇએ,' એટલે કે ચેરીટી કમિશનરની નિમણુંક બરાબર નથી. એક દૃષ્ટિએ વિચારતા વાત સાચી પણ છે કે, ચેરીટી કમિશનર એ જ સર્વસત્તાધીશ થવાનો અને કમિટીના સભ્યો તેને પ્રસન્ન રાખતા થવાના. અત્યારે મંદિર કે ધાર્મિક સંસ્થાના પૂજારીને કે પુરોહિતને પ્રસન્ન રાખવો પડે છે, તેને બદલે આ નવા પ્રકારના પુજારીની પૂજા કરવાનું પછી શરૂ થશે. સાધુસંસ્થા કહે છે, સાધુઓને પણ સમિતિમાં રાખો. અને તેય ઉદાર મતવાદી-રૂઢિચુસ્ત નહિ. એની અસર પણ સાથે જણાવી દીધી છે: 'સામાન્ય જનતામાં જે વહેમ ઉત્પન્ન થયો છે કે સરકાર ધાર્મિક નાણું લઇ લેવા માગે છે તે દૂર થશે.' અજ્ઞાન પ્રજાને હિત ધરાવતો વર્ગ જે રીતે સમજાવી રહ્યો છે, અને 'દાનનો પ્રવાહ સુકાઇ જશે' એવી બીક બતાવી રહ્યો છે, તે આ સૂચનના સ્વીકારથી દૂર થઇ શકે તેમ છે.

બીજો ઠરાવ સાધુઓની વસતીગણતરી સંબંધી છે. ઠરાવમાં સાધુઓએ પોતાને 'અનુત્પાદક વર્ગ' નીચે પોતાને ગણવાને બદલે 'સાધુ'ના અલગ ખાનામાં જુદી ગણતરી થાય એવું ઇચ્છ્યું છે. ત્રીજા ઠરાવમાં 'સાધુ' અને 'ભિખારી' વચ્ચેનો ભેદ સ્પષ્ટ કર્યો છે.

છેલ્લાં કેટલાંય વર્ષોથી સાધુઓની સ્થિતિ અનુત્પાદક વર્ગમાંની જ રહી છે. ભણવું અને ભણાવવું, વિચારવું અને ઉપદેશ આપવો, આત્માનું હિત સાધી સમાજનો પણ ઉત્કર્ષ સાધવો, આ વાતો, ફકત ભૂતકાળની સ્મૃતિરૂપે રહી ગઇ છે. વિચાર અને આચારનો કોઇ સુમેળ નથી જણાતો. છેલ્લાં ચારસો વર્ષનો રાષ્ટ્રનો ઇતિહાસ જુઓ. ગણ્યાગાંઠ્યા-આંગળીને વેઢે ગણી શકાય તેટલા સાધુઓ સિવાય છપ્પન લાખની આ ફોજે રાષ્ટ્ર અને સમાજનું કયું હિત સાધ્યું છે? તેના વિકાસમાં કેટલો ફાળો આપ્યો છે? ઊલટાનું આ છપ્પન લાખની સેનાએ સમાજમાં તંડ પાડયા છે, ભંકતો વધાર્યા છે, પોતપોતાની મહત્વાકાંક્ષાઓ પોષી છે; પોતપોતાનાં પૂતળાં ઊભા કર્યાં છે; પાદુકાઓ સ્થાપી છે; અને માટીનાં તીર્થો ખડાં કર્યાં છે. અને બદલામાં? સમાજના રોટલાં વગરપરસેવે ખાધાં છે. સ્વામી રામકૃષ્ણ પરમહંસ, ચૈતન્ય, દયાનંદ સરસ્વતી, સહજાનંદ, યશોવિજય એવા સાધુઓ સિવાય, કોઇ પણ સંપ્રદાયની સાધુસંસ્થા રાષ્ટ્ર અને સમાજની સેવામાં તેણે આપેલ ફાળાની ગણના કરાવી શકશે? સ્વામી રામકૃષ્ણ પરમહંસના સેવકો, છેલ્લાં પચ્ચાસ વર્ષથી દુકાળમાં કે સુકાળમાં જનતાની સેવા જે ધગશથી કરી રહ્યા છે, એ પ્રકારની સેવા બીજી કઇ સાધુસંસ્થા કરી રહી છે?, હરદ્વારનો મેળો, કુંભમેળો, કાર્તિકપૂર્ણિમાની યાત્રા, દીક્ષા મહોત્સવો, અન્નકુટો, શિષ્યમુંડનના ઉત્સવો, વગેરે સિવાય સાધુસંસ્થાની કાર્યવહી બીજા કયા પ્રકારની રહી છે? શ્રીનાથદ્વારા અને કાંકરોલીમાં રાજ સેંકડો રૂપિયાનો અન્નની પાછળ ખર્ચ થાય; જે ભગવાને વસ્ત્રો તો ઠીક, પણ મુકુટનીય કલ્પના નહિ કરેલી તેવા મુકુટને સાચવવા માટે ઉપરથી ખર્ચ રાખવો પડે; જે ભગવાનની પાસે આપણા રક્ષણની પ્રાર્થના કરીએ, તેમની રક્ષા માટે આપણે જ પોલીસ પહેરા રાખવા પડે: અને તે ફકત સાધુ-સંસ્થાના ઉપદેશ દ્વારા જ બને! સાધુઓનું મુખ્ય કાર્ય કેળવણી આપવાનું; જેમાંથી પણ આ વર્ગ ચૂકયો છે. હિંદની નિરક્ષરતા દૂર કરવા સાધુસંસ્થાએ જો મિશનરીના ઉત્સાહથી કાર્ય શરૂ કર્યું હોત તો, આજે એ ભગીરથ કાર્યમાં સફળતા મળી હોત. જાપાનના બૌદ્ધ સાધુઓ ચોખાનો કણ પણ બિનજરૂરી રીતે વેડફાવા નથી દેતા; મહેનત કર્યા વગર ખાવાને નથી ઇચ્છતા: આપણે ત્યાં એવી મનોવૃત્તિ કેટલા સાધુમાં? પછી અંગ્રેજ સરકારે 'પાગલખાનાનાં પાગલો, વેશ્યાઓ, ભટકતા ભામટાઓ, ભિખારીઓ અને સદાવ્રત ઉપર નભનારા વગેરે'ની સાથે તેમને ગણવાનો શિરસ્તો પાડયો તેમાં ખોટું શું છે? સમાજ જે સાધુઓને પોષે છે, અને રક્ષે છે તેનો બદલો સાધુસમાજ કઇ રીતે આપે છે? છતાં જો સાધુસંસ્થા સંગઠિત થતી હોય, અને પોતાને તેમ જ બીજાને ઉપયોગી થવાની મનોવૃત્તિ કેળવાતી હોય તો 'સાધુ' તરીકે અલગ ગણવામાં વાંધો ન હોઇ શકે. એક રીતે સમાજની તે પાયારૂપ સંસ્થા હતી, અને હજુ ધારે તો થઇ શકે તેમ છે.

'ભિક્ષુ' અને 'ભિખારી'માં ભેદ છે જ, પણ છપ્પન લાખમાંની મોટી સંખ્યા ભિખારી તરીકે જ જીવી રહી છે. શ્રી કિશોરલાલ મશરૂવાળાએ એક સ્થળે કહ્યું છે કે, આ બેમાં હવે ભેદ જ નથી રહ્યો. બન્નેનું ધ્યેય એક જ રહ્યું છે-સહેલાઇથી આજીવિકા નભાવવી. ભિખારી ભીખ માગીને નભાવે છે; ભિક્ષુઓ દંભ કરીને. પહેલાનાં ભિક્ષુઓ અપરિગ્રહી હતા; સંયમી હતા. આજના ભિક્ષુઓએ મિલકતો ઊભી કરી છે; અને કોર્ટ સુધી જાય છે. અમદાવાદની જ્ઞાનશાળા ખાલીખમ પડી રહે તોપણ તેનો ઉપયોગ ન થઇ શકે; બીજા ગચ્છનો જૈન સાધુ પણ ત્યાં ઊતરી ન શકે; ડહેલાના ઉપાશ્રયમાં એ માટે કોર્ટ સુધી જવું પડે. ડાકોરમાં મણના હિસાબે વધતાં દૂધનો ગેરઉપયોગ થાય, પણ દિક્ષિત બ્રહ્મચારી સિવાય, શાળાના બ્રહ્મચારી બાળકને તે દૂધ ન

પિવાડાય; વડતાળ જેવા મંદિરમાં સેંકડો સાધુઓ ખાઈપી પડયા પાયર્યા મોજ કરે; આ બધાં કઈ જમાતના ભિક્ષુઓ? જીવનની સગવડો અને જીવનનો બાહ્ય આનંદ એ જ તેમનાં ધ્યેય: તેમને સુખરેલા ભિખારી કહી શકાય. હવે તો 'મહેનત વગર રોટી નહિ' એ સૂત્રને ભિક્ષુઓએ પચાવવું જોઇએ. 'समयं मा पमायए' કથન પાછળ ભગવાન મહાવીરનો કયો આશય હશે તે પણ વિચારવું જોઇએ. સરકારે આવા 'અનુત્પાદક વર્ગ' અને 'ભિક્ષુ' વર્ગ પર વહેલે કે મોડે નિયમન મૂકયા સિવાય છૂટકો નથી. જે ભિક્ષુ 'સંસ્કારી હોઇ સમાજના આદરપાત્ર, સમાજનો સીધો સેવક તેમ જ સંસ્કાર અને ઉચ્ચ ભાવનાનો પોષક હોય તેની જ ગણતરી 'સાધુ' તરીકે થવી જોઇએ.

સાધુસંઘના આ ત્રણે ઠરાવો પર સરકારે શાંતિથી વિચારણા કરવાની જરૂર છે; આ સૂચનોને આવકારી-સત્કારી સાધુસંસ્થાને ઊંચી સપાટીએ લઇ જઇ શકાય તેમ છે. જે કાર્ય સરકાર કાયદાથી નહિ કરી શકે, એ કાર્ય સાધુસંસ્થાના સહકારદ્વારા સાતકાલિક થઇ શકશે. એટલે આ સંઘે કરેલા ઉપયોગી સૂચનો સ્વીકારી રાષ્ટ્ર તથા સમાજના ઘડતરમાં આ સંસ્થાનો ફાળો લેવા યોગ્ય છે.

ચોથો ઠરાવ દરેક સંપ્રદાયને, પ્રમાણિત, દિક્ષિત સાધુઓની નોંધવહી રાખવા, તથા તે નોંધ પ્રમાણે દરેક સાધુને પરિચયપત્ર આપવા તથા સરકારમાં માન્ય કરાવવા આગ્રહ કરે છે. અન્ય સંપ્રદાયની સાધુસંસ્થાનું બંધારણ ઢીલું છે, એથી આ સૂચના તેમને માટે યોગ્ય હશે. પરંતુ જૈન સાધુસંસ્થા માટે આ આગ્રહ વધારે પડતો છે. જૈન સાધુસંસ્થાનું બંધારણ મૂળે કડક અને શિસ્ત માગનારું છે. એકલવિહારી સાધુને આ સંસ્થામાં સ્થાન નથી. તેના નિયમો ભલભલાનું પાણી ઉતારવે તવાં છે; છતાં દિક્ષાત સાધુઓની નોંધ રાખે જૈન સમાજ રાખે એ અગત્યનું ખરું.

પાંચ, છ અને સાતમો ઠરાવ સાધુ-સંસ્થા માટેનાં સૂચનો છે. આ સૂચના સમયને પારખ્યાનું નિશાન છે.

આઠમો ઠરાવ પણ ધ્યાન ખેંચે તેવો છે. 'અંગ્રેજી હકુમત દરમિયાન ધાર્મિક સંસ્થાની સ્થાવરજંગમ મિલકતોની માલિકી પોતાની હોવાની માન્યતા જે તે સંસ્થાના અધ્યક્ષો સેવતા થઇ ગયા છે. (જે પહેલાં કદી નહોતી)' આથી 'આ અનિષ્ટમાં'થી બચવા આ સંઘ દરેક ધાર્મિક સ્થાનપતિને નમ્રતાપૂર્વક પ્રાર્થના કરે છે કે પોતાના વહીવટ તેમ જ કબ્જા તળેની સંસ્થાઓ તથા તે અંગેનું સર્વ કાંઇ સમસ્ત સનાતન ધર્મીઓના લાભાર્થે જે તે સંપ્રદાયની માલિકીકબ્જાનું છે અને પોતે તેનાં સ્વતંત્ર રક્ષક અને વહીવટદાર છે, એવું જાહેર કરે.' અત્યારસુધી ધાર્મિક ટ્રસ્ટો અને મિલકતોનો ગેરરીતિએ થતા વહીવટ થઇ રહ્યો છે, એની સાધુસંસ્થા જ કબૂલત આપે છે; અને તે સાથે ચેતવણી આપે છે; પરંતુ તેનો વહીવટ શા ઉપયોગ માટે થવો જોઇએ, તેનું સ્પષ્ટીકરણ આ ઠરાવમાં નથી.

સારાય અધિવેશન પર નજર ફેરવતાં સાધુસમાજ હવે જાગૃત થયો છે; તેની બગાસ ઊડવી શરૂ થઇ છે, એનાં એમાં એંધાણ છે. આ ચિહ્નો સાધુસંસ્થા માટે અને સમાજ માટે શુભ છે. આમાં જૈન સાધુસંસ્થા ક્યાં, એ પ્રશ્ન તરત ઊભો થાય છે દિલગીરી સાથે કહેવું પડે તેમ છે કે, આ સાધુસંસ્થાથી તે કર્યાય હજુ દૂર છે. પોતાની મૂર્તિઓ ઘડાવવી, ભકતો પાસે સાચા મોતીએ સ્વાગત કરાવવું, માત્ર ગુજરાતના શહેરોનાં ઉપાશ્રયોમાં રહી અંધભકતો વધારવા, સમાજના પૈસાનો વરઘોડા, પ્રતિષ્ઠા વગેરેમાં દુરૂપયોગ કરાવવો આદિમાંથી હજુ તે ઊંચે આવેલ નથી. 'મહાવીરે પ્રરૂપેલ' પુરૂષાર્થ'માં નહિ, પણ 'કર્મ'માં તેને અનન્ય શ્રદ્ધા છે. વિચારકો તેને જાગૃત કરવા ગમે તેટલું કરે તોય તેનું પાણી હાલે તેમ નથી. એટલે જ્યારે કાળની નોબત બાજશે, ત્યારે તેની ઊંઘ ઊડશે; ત્યારે તે જાગૃત થશે, અને ત્યારે કદાચ ઘણું મોડું થયું હશે.!

આજે તો તે કાયરોની 'અહિંસા'ને વીંટી, પ્રમાદી અવસ્થામાં પડેલ છે. તેને કાળના પડઘા જેટલા વહેલાં સંભળાય, તેટલું જૈનસમાજનું વધુ ઉજ્જવળ ભાવિ છે. જૈન સાધુસંસ્થાએ જીવવું હશે તો કાળને ઓળખ્યાં સિવાય, કાળને પારખ્યા સિવાય ચાલે તેમ નથી. એક સમયે જૈન જ્યોતિર્ધરો યુગને સર્જતા હતા; આજે યુગ સર્જવાની તેનામાં તાકાત ન હોય તોપણ, યુગને સમજવાની અને અનુસરવાની શકિત મેળવે એય અગત્યનું છે.

ધીરજલાલ ધનજીભાઈ શાહ

માનવસ્વભાવની આ તે કેવી વિકૃતિ?

કેટલાક સમય પહેલાં વોશીંગ્ટનથી આવેલો એક તાર અહીંના સામયિકોમાં પ્રગટ થયો હતો:

"અહીંના એક જંગલી જાનવરોના પ્રદર્શનમાં એક જબ્બરદસ્ત કાળા દીપડા અને ૨૯૧ રતલના ગોરીલા વચ્ચે યુદ્ધ ગોઠવવામાં આવ્યું હતું, અને આ યુદ્ધ જોવા માટે ૪૦૦ પ્રેક્ષકો એકઠા થયા હતા. જે પાંજરામાં દીપડો હતો તે પાંજરું ખોલવામાં આવતાં દીપડો સામે ઊભેલા ગોરીલા ઉપર કૂદી પડયો અને બન્ને વચ્ચે બે કલાકથી વધારે સમય સુધી યુદ્ધ ચાલ્યું. દીપડાએ ગોરીલાનો જમણો હાથ તોડી નાંખ્યો અને પોતાના શિકારના ભોગ બનેલ ગોરીલાને ચોતરફ નહોરથી વીંધી નાંખ્યો અને અંગઉપાંગ તોડીને ચાવવા લાગ્યો. ગોરીલાની વેદનાની ચીસો અને દીપડાના આક્રમણ-આવેગની ઘૂમો એક માઇલથી વધારે દૂર સુધી સંભળાતી હતી. આખરે આસપાસના અનુચરોએ ગોરીલાને બંદુકથી ઠાર કર્યો. ત્યારબાદ દીપડો અહીંથી તહીં ઘુમવા લાગ્યો અને તેના ઘાને મલમપટા કરવાના પ્રયત્નોનો સામનો કરવા લાગ્યો."

આ વર્ણન વાંચતાં કોઇ પણ દયાપ્રેરિત માનવીના દિલમાં ઘૃણા જુગુપ્સા પેદા થયા વિના રહે તેમ નથી. આવાં યુદ્ધોને ગોઠવવામાં આમ એક બળવાન પ્રાણી, પ્રમાણમાં બીજા નિર્બળ પ્રાણીનો જીવ લે તે જોવામાં, તેની વેદનાની ચીસો સાંભળવામાં એકઠા થયેલા પ્રેક્ષકોને કેમ આનંદ આવતો હશે એ આપણી કલ્પનામાં આવતું નથી. સુધારાની ઉચ્ચતમ કોટિએ પહોંચ્યા હોવાનો દાવો કરતી પ્રજાનું આ નર્યું જંગલીપણું નહિ, તો બીજું શું સમજવું? વસ્તુસ્થિતિ એમ છે કે આ તો અસાધારણ વિકૃતિનું એક દૃષ્ટાંત છે, પણ હિંસક દ્રશ્યો જોવાનો આનંદ માનવ પ્રકૃતિમાં કંઇ કાળથી વ્યકત થતો જોવામાં આવે છે. બે કુકડાની લડાઇ, બે આખલાની સાઠમારી, એક મદમસ્ત આખલાને આસપાસના અનુચરોના ભાલાઓથી કલાકના કલાક સુધી વીંધાતો, લોહીલુહાણ થતો જોવો અને માણવો-આવા જાહેર સમારંભો દેશ દેશની પ્રજામાં ગોઠવાય છે અને મોટી સંખ્યામાં લોકો જોવાને ભેગા થાય છે. આનો અર્થ જ એટલો કે જે સભ્યતા સાંસ્કારિતા, માનવતા, દયાળુતાની આપણે વાતો કરીએ છીએ અને જે વિષે આપણે ગૌરવ ચિન્તવીએ છીએ તેનો ખરો રંગ આપણને લાગ્યો નથી. આ સત્ય હકીકત આપણે ઉપર વર્ણવ્યા તેવાં જાહેર પ્રદર્શનો દ્વારા નજરે નિહાળીએ છીએ. માનવીપ્રકૃતિને દયાનો-અહિંસાનો સાચો અને સુદૃઢ સંસ્કાર આપવાનું કાર્ય હજુ અનેક અંશમાં અધૂરું જ છે.

મહાગુજરાત સાધુસંઘે પસાર કરેલા ઠરાવો

[તા. ૩૧-૧૨-૪૯ ના રોજ, ડાકોર મુકામે મહાગુજરાત સાધુસંઘનું બીજું અધિવેશન મળેલું. આ સંઘે પસાર કરેલા અહાર ઠરાવોમાંથી અગત્યના આઠ ઠરાવો શબ્દશઃ નીચે આપ્યા છે. —સંપાદક]

ઠરાવ ૧. મુંબઈ સરકારના (મુલ્કી ખાતાના) ઠરાવ નં. LC ૫૮/૪૬ તા. ૧૫ મી જાન્યુઆરી ૧૯૪૮ અનુસાર 'ધર્માદા ટ્રસ્ટ તથા ધાર્મિક સંસ્થાઓ" માં ગેરરીતિઓ ગોલમાલ તથા ખામી જણાતી હોય તેની સુવ્યવસ્થા કરવા માટે કાયદાનો જે ખરડો તૈયાર કરી તા. ૧૬ જુલાઈ ૧૯૪૯ ના સરકારી ગેઝેટમાં પ્રસિદ્ધ કર્યો છે, તે વિષે મહાગુજરાત સાધુ-સંઘનું મંતવ્ય અને અભિપ્રાય નીચે મુજબઃ—

(ક) આ સંઘ બિલ-ખરડાના સિદ્ધાન્તનો વિરોધ કરતો નથી યાને સ્વીકારે છે છતાં તેમાં નીચે પ્રમાણે ફેરફાર કે ઉમેરો કરવા સૂચના આગળ ધરે છે. સંઘની સૂચનાઓ માત્ર હિંદુ ધાર્મિક સંસ્થા માટે જ છે.

(ખ) તપાસસમિતિ નીમતી વખતે આવી સંસ્થાઓની સુવ્યવસ્થા આર્થિક તેમ જ સાંસ્કારિક બન્ને દૃષ્ટિએ કરવાની ભલામણ સરકારે કરેલી છે; જ્યારે ખરડામાં કેવળ આર્થિક દૃષ્ટિએ જ વિચાર કર્યો છે.

(ગ) સ્થાનોનો વહીવટ એટલે સ્થાનોનાં માત્ર નાણાં કે મિલકતનો વહીવટ નહિં પણ સંસ્કાર પ્રચાર તથા પ્રસારનાં કેન્દ્રોનો વહીવટ. એ દૃષ્ટિનો સ્વીકાર કરી ધાર્મિક સંસ્થાઓને સંસ્કારના કેન્દ્રો બનાવી દેશના આધ્યાત્મિક અને નૈતિક જીવનના વિકાસમાં સાધુસમાજની સેવા કઈ રીતે લઈ શકાય તેનો પણ વિચાર કરવો જોઈએ.

(ઘ) ખરડામાં જે ભલામણો કરી છે તેનાથી તપાસસમિતિ નીમતી વખતે સરકારે રાખેલો ઉદ્દેશ બર આવી શકે તેમ લાગતું નથી.

(ઙ) સંસ્કાર અને ભાવનાને પોષણ આપનાર કેન્દ્રો સમાન આવી સંસ્થાઓનો વહીવટ માત્ર એક સરકારી ખાતુ ઊભું કરી તેને હસ્તક મૂકવો તે ઉચિત નથી. પરંતુ સંસ્કાર અને ભાવનાપોષક કેન્દ્રો સમી આવી સંસ્થાઓનો વહીવટ તથા નિયમન સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની મારફત જનતાના પ્રતિનિધિઓ (ઉદાર મતવાદી સાધુઓ તેમ જ ગૃહસ્થો) મારફત થવા ગોઠવણ થવી જોઈએ, તેમ થવાથી જ સાધુવર્ગ તથા આમજનતાની સહાનુભૂતિ સરકાર મેળવી શકશે, હેતુ અને તંત્ર વધુ કાર્યક્ષમ થશે તેમ જ સામાન્ય જનતામાં જે વહેમ ઉત્પન્ન થયો છે કે સરકાર ધાર્મિક નાણું લઈ લેવા માગે છે તે દૂર થશે.

(ચ) ઉપરોક્ત કારણોને લીધે જ આ સંઘ ભલામણ કરે છે કે દરેક સ્થાનની તપાસ માટે એસેસર્સ નીમવાની પદ્ધતિ રાખવાને બદલે મધ્યમાં એક સ્થાયી સલાહકાર સમિતિ (ઉદાર મતવાદી સાધુ તેમ જ ગૃહસ્થોની) નીમવી તથા વહીવટની સુવ્યવસ્થા માટે ઉપરના ધોરણે બીજી પ્રાદેશિક સમિતિઓ નીમવી.

(છ) પબ્લિક-જાહેર શબ્દની વ્યાખ્યા એવી સ્પષ્ટ થવી જોઈએ કે જેથી પાછળથી લિટિગેશનમાં ઊતરવા અને સંસ્થાઓનાં નાણાં બરબાદ થવા સંભવ ન રહે.

ઠરાવ ૨. દેશના અત્યાર સુધીના જૂના વસ્તીપત્રકમાં સાધુઓની ગણતરી અનુત્પાદક વર્ગના મથાળા નીચે જેલના ગુનેગાર કેદીઓ, પાગલખાનાના પાગલો, વેશ્યાઓ ભટકતા ભામટાઓ, ભિખારીઓ અને સદાવ્રત ઉપર નભનારાઓ વગેરેની સાથે ગણવાનો શિરસ્તો અંગ્રેજી અમલથી પડયો છે, અને તે રીતે છપ્પન લાખનું તિરસ્કારણિય સંબોધન તેને ચોટાડવામાં આવ્યું છે.

આ સંઘના મંતવ્યાનુસાર આ પ્રથા સમાજના ધર્મ, નીતિ અને સદાચારના પરમ આવશ્યક વર્ગને ઘોર અન્યાય કરે છે તેમ જ સાધુઓની સાચી સંખ્યાનો ખ્યાલ આપતી નથી તેથી નવી વસ્તી-ગણતરીમાં સાધુસમાજની 'સાધુ' શિર્ષક નીચે અલગ ગણતરી થવા જરૂરી પ્રબન્ધ કરવા આ સંઘ ભારત સરકારને વિનંતિ કરે છે.

ઠરાવ ૩. આ સંઘ ઘોષણા કરે છે કે સાધુ 'ભિક્ષુ' છે, પણ 'ભિખારી' નથી. અંગ્રેજીમાં મૂળ વિચાર કરી તેનું ભારતીય ભાષામાં ભાષાંતર કરવાના રિવાજ માંથી જે અનેક ગેરસમ જ તેમ જ અનિષ્ટ ઉત્પન્ન થાય છે તેમાંનું આ એક છે. સાધુ 'ભિક્ષુ' છે, પણ 'ભિખારી' નથી. 'ભિક્ષુ' સંસ્કારી હોઈ સન્માનનીય, આદરપાત્ર, સમાજનો સેવક તેમ જ સંસ્કાર અને ઉચ્ચ ભાવનાનો પોષક છે. 'ભિખારી' અસંસ્કારી હોઈ ઉપદ્રવકારી સમાજમાંથી ટાળવા જેવું અનિષ્ટ છે.

ઠરાવ ૪. દરેક સંપ્રદાયના મુખ્ય ચાલકોને સંઘ નમ્રભાવે પ્રાર્થના કરે છે કે, પોતપોતાના સંપ્રદાયના પ્રમાણિત, દિક્ષિત સાધુઓની નોંધવહી રાખવી તથા તે નોંધ પ્રમાણે દરેક સાધુને પરિચયપત્ર આપવાં તથા સરકારમાં તે માન્ય કરાવવું જેથી ઠેકાણા વિનાનો સાધુવેશધારી ભિખારીવર્ગ અલગ પડી શકે, સાચા સાધુને સહેલાઈથી ઓળખવાનું સાધન થતાં સામાન્ય વર્ગમાં તે પ્રતિષ્ઠા પામે. ચાલુ દેશકાળમાં આ રીત અંગીકાર કરવી ઉચિત છે એવો આ સંઘનો અભિપ્રાય છે.

ઠરાવ ૫. દરેક સંપ્રદાય અને તેમના સાધુઓ પ્રત્યે પરસ્પર માન તેમ જ સદ્‌ભાવ તથા સમભાવની વૃત્તિ કેળવવી તેમાં સાધુતાની શોભા અને સિદ્ધિ છે એમ આ સંઘ માને છે તેના અમલની શરૂઆત કરવા—

(ક) હરકોઈ સંપ્રદાયના સાધુ સામા મળતાં યોગ્યતા પ્રમાણે પરસ્પર વંદના કરવી અને સંપર્ક સાધવો.

(ખ) અન્ય સંપ્રદાયના સાધુઓને પોતાના સ્થાનોમાં આવકારી, રહેવા ઊતરવાની સગવડ આપવા દરેક સંપ્રદાયના સાધુમહાત્માઓ તથા ગૃહસ્થોને ભલામણ કરે છે. તેમાં જે સંપ્રદાયનું સ્થાન હોય તે સંપ્રદાયના નિયમોનું પાલન અતિથિ સાધુ તેમ જ ગૃહસ્થોએ કરવું જોઈએ અને કોઈને અડચણરૂપ ન થવાય તેની કાળજી રાખવી જોઈએ.

ઠરાવ ૬. આ સંઘ જનસમાજની સાંસ્કૃતિક અને સામાજિક અભિવૃદ્ધિ માટે જ છે. ભિન્નભિન્ન રાજકીય પક્ષોની (કોંગ્રેસ, સમાજવાદ આદિ) પ્રવૃત્તિઓ સાથે તેને સંબંધ નથી.

ઠરાવ ૭. આ સંઘ જનસમાજને આગ્રહ કરે છે કે, દેશ, કાળ, પાત્રતા જોઈને જ દાન કરે.

અદ્યતન સમયમાં સાધુસમાજ પ્રત્યે જે ઘૃણાત્મક ભાવના સામાન્ય રીતે જોવામાં આવે છે, તેના મૂળમાં વિવેકહીન દાનની પ્રથા જ માત્ર છે એવું આ સંઘનું માનવું છે.

ઠરાવ ૮. અંગ્રેજી હકુમત દરમિયાન ધાર્મિક સંસ્થાની સ્થાવરજંગમ મિલકતોની માલિકી પોતાની હોવાની માન્યતા જે તે સંસ્થાનના અધ્યક્ષો સેવતા થઈ ગયા છે. (જે પહેલાં કદી નહોતી.) તેમ જ અંગ્રેજી રીત રસમોને કારણે સાંપ્રદાયિક પંચાયતો નિર્બળ બનતાં કેટલાંક સ્વેચ્છાનુસાર અધાર્મિક કે ધર્મ વિરુદ્ધ કાર્યોમાં તેનો વ્યય કરતા થઈ ગયાના દાખલા જોવામાં આવે છે તેમ જ સરકારી દફ્તરે નોંધાયા છે. પરિણામે જનતામાં સાધુઓ અને ધાર્મિક સ્થાનો તરફ અરુચિ પેદા થઈ રહી છે તે એટલે સુધી કે સરકાર તેના નિયમના કાયદા કરવા પ્રેરાઈ છે. આ અનિષ્ટમાંથી બચવા આ સંઘ દરેક ધાર્મિક સ્થાનપતિને નમ્રતાપૂર્વક પ્રાર્થના કરે છે કે પોતાના વહીવટ તેમ જ કબજા તળેની સંસ્થાઓ તથા તે અંગેનું સર્વ કાંઈ, સમસ્ત સનાતનધર્મીઓના લાભાર્થે જે તે સંપ્રદાયની માલિકીકબજાનું છે અને પોતે તેના સ્વતંત્ર રક્ષક અને વહીવટદાર છે, એવું જાહેર કરે. તેમ કરવાથી જ પોતાની તેમ જ સમસ્ત સાધુસમાજની તથા સનાતન ધર્મીઓની પ્રતિષ્ઠા વધશે અને ધાર્મિક સંસ્થાઓનું રક્ષણ થઈ તેની અભિવૃદ્ધિ થશે, એવો આ સંઘનો દૃઢ અભિપ્રાય છે.

જૈન-દર્શનને અભ્યાસક્રમમાં સ્થાન મળવું જોઈએ

[હિંદ, બર્મા અને સિલોનની યુનિવર્સિટીઓ માટે એક 'આંતર-યુનિવર્સિટી' બોર્ડ રચાયું છે. આ બોર્ડ ઉચ્ચ કેળવણીના અભ્યાસક્રમ અંગે સંયુક્ત વિચારણા કરે છે. તેના પ્રમુખ તથા સભ્યોને સંબોધીને જૈન-દર્શનના અભ્યાસીઓએ એક વિજ્ઞપ્તિપત્ર મોકલેલ છે. આ વિજ્ઞપ્તિપત્ર હિંદ, બર્મા અને સિલોનની યુનિવર્સિટીઓના ઉપકુલપતિઓને પણ મોકલાયું છે. બનારસ હિંદુ યુનિવર્સિટીના કેટલાક અધ્યાપકો તથા કેટલીક જૈન સંસ્થાઓની પ્રમુખ વ્યક્તિઓએ તેના પર સહી કરી છે. આ અઢાર સહી કરનારાઓમાં મુખ્ય અખિલ હિંદ જૈન એસોસિયેશન-વર્ધાના પ્રમુખ શ્રી ઋષભદાસ રાંકા, બનારસ હિંદુ યુનિવર્સિટીના સંસ્કૃત અને પાલીના અધ્યાપક ડો. પી. એલ. વૈદ્ય, આચાર્ય શ્રી કૈલાસચંદ્ર શાસ્ત્રી, શ્રી દલસુખ માલવણિયા, વગેરે મુખ્ય છે. આ વિચારકોએ જે રીતે પ્રશ્ન રજુ કર્યો છે, તેના પર નજર નાખતાં પ્રથમ દૃષ્ટિએ તેમાં સંકુચિત દૃષ્ટિ જણાય; પરંતુ આ સહી કરનારાઓમાં જૈનેતર વિદ્વાનો છે; એટલું જ નહિ, તેઓ ભાષાશાસ્ત્રી, દર્શનશાસ્ત્રી અને પ્રાચીન હિંદની સંસ્કૃતિ અને ઇતિહાસના અભ્યાસી છે. જૈન અને બૌદ્ધ સંસ્કૃતિનો અભ્યાસની દૃષ્ટિએ, તેણે હિંદની સંસ્કૃતિમાં અપેક્ષિત મહત્ત્વના ફાળા વિષે સંશોધનાત્મક અભ્યાસ થવાની જરૂર છે જ; અને તે માટે યુનિવર્સિટીઓ અર્ધમાગધી અને પાલી ભાષાને બીજી ભાષાઓ જેટલું જ મહત્ત્વનું સ્થાન આપે એ આવશ્યક છે. પરંતુ એ તરફ કેટલું દુર્લક્ષ અપાઇ રહ્યું છે અને જ્યાં દુર્લક્ષ નથી અપાયું ત્યાં કયા કયા પ્રકારે તેને ઉત્તેજન મળ્યું છે તેનો આ નિવેદનમાં ટૂંક ઇતિહાસ છે; અને છેલ્લે કેટલાક ઉપયોગી સૂચનો છે. આ સૂચનોમાં, 'માધ્યમિક શાળાઓમાં બીજી ભાષાઓ સાથે અર્ધમાગધી અને પાલી ભાષાની ઐચ્છિક વિષય તરીકે દરેક યુનિવર્સિટીએ સગવડ કરી આપવી જોઇએ,' એ સૂચનની જરૂરત હતી. યુનિવર્સિટીનું આ વિષયો પ્રત્યે 'સાવકી મા' જેવું વલણ રહ્યું છે અને કયાં સુધી હજુ રહેશે તે કહી શકાય નહિ. ગમે તેમ પણ આ વિદ્વાનોએ જે અવાજ ઉઠાવ્યો છે, તે સમયસરનો છે-સાંપ્રદાયિક દૃષ્ટિએ જરા પણ નહિ; પરંતુ સાંસ્કૃતિક દૃષ્ટિએ. અને તેથી સત્તાધારીઓનું આ હકીકત તરફ ધ્યાન દોરવા માટે આ વિદ્વાનો અભિનંદનને પાત્ર છે. આ આખુંય નિવેદન અંગ્રેજીમાં છે, પણ તેનો અનુવાદ નીચે આપવામાં આવ્યો છે.

—સંપાદક]

અમે જુદી જુદી સંસ્થાઓના અને હિંદી સંસ્કૃતિના જુદા જુદા પ્રવાહના અભ્યાસીઓ, આપની વિચારણા માટે નીચેની હકીકત સાદર રજુ કરીએ છીએ.

હિંદની સંસ્કૃતિના મુખ્ય મુખ્ય પ્રવાહોમાં જૈન સંસ્કૃતિ એ એક મુખ્ય પ્રવાહ છે. તેનો આપણા સાંસ્કૃતિક વારસામાં ગણનાપાત્ર ફાળો છે. હિંદી સંસ્કૃતિની એવી એક પણ શાખા નથી જેના ઉપર આ સંસ્કૃતિએ અમૂલ્ય ગ્રંથો આપ્યાં ન હોય. શિલ્પ અને સ્થાપત્યના અપ્રતિમ નમૂનારૂપ જૈન મંદિરો અને મૂર્તિઓ માટે હિંદ ખૂબ ગૌરવ લઇ શકે તેમ છે. પ્રાકૃત અને અર્ધમાગધીમાં રચાયેલ જૈન સાહિત્ય ભાષાશાસ્ત્રીઓ માટે ખૂબ અગત્યનું છે. પ્રાચીન હિન્દની આમજનતાના જીવનની તેમાં વિશ્વસનીય નોંધ છે. જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મ બન્ને હિંદી ન્યાયશાસ્ત્રના મધ્યયુગના જનક છે. જાણીતા વિદ્વાનોએ આ બન્ને ધર્મે દર્શનશાસ્ત્ર અને ધર્મમાં આપેલ ફાળાની મુકતકંઠે પ્રશંસા કરી છે.

પરંતુ કમનસીબી એ છે કે, આ હકીકત હોવા છતાં, તેના તરફ દુર્લક્ષ જ સેવાયું છે. જ્ઞાનની કોઇ પણ શાખા તરફ પૂર્વગ્રહ રાખ્યા સિવાય જ્ઞાન પ્રસરાવનાર આપણી યુનિવર્સિટીઓ મહત્ત્વના કેન્દ્રોરૂપ છે; પરંતુ ગમે તે કારણે આ કેન્દ્રો, હજુ સુધી જૈન દર્શન અને સાહિત્યના અભ્યાસ માટે નોંધવાલાયક ઉત્તેજન આપી શકયા નથી.

કલકત્તા, મુંબઇ અને બનારસની યુનિવર્સિટીઓએ આ અભ્યાસનું મહત્ત્વ પિછાન્યું છે; પોતપોતાના અભ્યાસક્રમમાં થોડું મહત્ત્વ આપ્યું પણ છે; અને તેનો લાભ પણ લેવાત્વ છે. આ વાતનો અમે આભાર સાથે સ્વીકાર કરીએ છીએ. મુંબઇમાં મેટ્રિકમાં અને ઉચ્ચ કેળવણીમાં એમ. એ. સુધી અર્ધમાગધીને ઐચ્છિક વિષય તરીકે સ્થાન મળ્યું છે; અને જે સંખ્યામાં વિદ્યાર્થીઓ તેનો લાભ લઇ રહ્યા છે તે આશાજનક છે. 'બંગાળ સંસ્કૃત એસોસિયેશન' હસ્તક થતી પરીક્ષાઓમાં જૈનવ્યાકરણ અને ન્યાયનો સમાવેશ કરવામાં આવ્યો છે, અને દર વર્ષે વિદ્યાર્થીઓની સારી એવી સંખ્યા તેનો લાભ લે છે. કલકત્તા યુનિવર્સિટીએ હિંદની બીજી દર્શનપદ્ધતિઓ સાથે જૈન દર્શનને પણ ઐચ્છિક વિષય તરીકે સ્થાન આપ્યું છે, અને ઘણા જૈન-જૈનેતર વિદ્યાર્થીઓ સ્વેચ્છાએ આ વિષયને પસંદ કરે છે. ઘણા વિદ્યાર્થીઓએ ઉચ્ચ ડીગ્રી મેળવવા માટે જૈન દર્શન પર સંશોધન કર્યું છે, અને પોતપોતાના સંશોધન માટે હિંદ અને હિંદની બહારથી પણ ખૂબ પ્રશંસા મેળવી છે. બનારસ હિંદુ યુનિવર્સિટીએ હિંદની બીજી દર્શનપ્રણાલીઓ સાથે જૈન દર્શનને પણ ઐચ્છિક વિષય તરીકે પસંદગી આપી છે, અને સાથે સાથે પૌર્વાત્ય અભ્યાસક્રમમાં તેની 'ચેર' પણ સ્થાપી છે. ત્યાં કેટલાક અભ્યાસી વિદ્યાર્થીઓ છે, જેમણે પોતાના સંશોધનના વિષય તરીકે 'જૈન દર્શન'ને પસંદ કરેલ છે. હિંદી સંસ્કૃતિના અભ્યાસ માટે જાણીતું જૂનામાં જૂનું કેન્દ્ર, બનારસની સરકારી સંસ્કૃત કોલેજે પણ જૈન દર્શનને અભ્યાસક્રમમાં યોગ્ય સ્થાન આપ્યું છે. જયપુર સંસ્કૃત કોલેજે પણ પોતાના હસ્તક લેવાતી સંસ્કૃત પરીક્ષાઓમાં તેનો સમાવેશ કર્યો છે.

આથી અમે નમ્રતાપૂર્વક વિનંતિ કરીએ છીએ કે, હિંદ, બર્મા અને સિલોનની યુનિવર્સિટીઓનાં અભ્યાસક્રમમાં જૈન દર્શન અને બૌદ્ધ દર્શનને સ્થાન મળે. બૌદ્ધ રાષ્ટ્રોમાં પણ જૈન દર્શનને અભ્યાસમાં વિશિષ્ટ સ્થાન મળવું જોઇએ; કારણકે આ બન્ને પ્રવાહ વચ્ચે પરસ્પર વિચારોની આપ-લે અને અસર પુષ્કળ થયાં છે. એકના અભ્યાસ વગર બીજાનો અભ્યાસ અધૂરો ગણાય.

આથી અમે નીચેનાં સૂચનો કરવાની રજા લઇએ છીએઃ—

૧. જૈન દર્શન અને બૌદ્ધ દર્શનને હિંદુસ્તાનનાં બીજાં દર્શનોની સાથે અભ્યાસક્રમમાં સરખું સ્થાન મળે.

૨. પ્રાકૃત અને પાલી ભાષાનો બધી પરીક્ષાઓમાં ઐચ્છિક વિષય તરીકે અને 'એમ. એ.'માં પૂર્ણ વિષય તરીકે સ્વીકારાય.;

૩. જૈન સાહિત્યના આધારે ઐતિહાસિક અન્વેષણને ઉત્તેજન અપાય.

૪. 'પ્રાચીન હિંદનો ઇતિહાસ અને સંસ્કૃતિ'ના અભ્યાસક્રમમાં જૈન શિલ્પ અને સ્થાપત્યનો એક વિષય તરીકે સ્વીકાર થાય.

૫. બીજાં ધર્મશાસ્ત્રો સાથે જૈન ધર્મશાસ્ત્રની પણ ઐચ્છિક પસંદગી હોય; અને

૬. જ્યાં જ્યાં હોય ત્યાં ત્યાં પૌર્વાત્ય દર્શનશાસ્ત્રોનાં અભ્યાસક્રમમાં, બીજાં દર્શનશાસ્ત્રો અને ધર્મના અભ્યાસ સાથે જૈન દર્શન અને જૈન ધર્મના અભ્યાસની ઐચ્છિક વિષય તરીકે જોગવાઇ હોય.

અમને આશા છે કે, આપણા દેશમાં નવા યુગના મંડાણ સાથે, દરેક પ્રકારની વિચારસરણીને તેના વિકાસ માટે એકસરખી તક અને પ્રોત્સાહન આપવામાં આવશે જેથી કોઇને કોઇ પ્રકારનો અંદેશો રહે નહિ.

પ્રજાઘડતરની વાત

એક ગ્રીક શિલ્પીની વાત છે. એ એક પ્રતિમા ઘડી રહ્યો હતો. જ્યારે પ્રતિમા પૂરી થઈ ત્યારે એને નિરાંતની નિદ્રા આવી ગઈ. એ લાંબી નિદ્રામાંથી જ્યારે એ જાગ્યો ત્યારે પોતે જ ઘડેલી સુંદર પ્રતિમાની સામે એ જોઈ રહ્યો. એને આશ્ચર્ય થયું : આવી આ સુંદર પ્રતિમા કોણે ઘડી હશે!' મોડે મોડે એને સાંભર્યું કે, એ તો એણે પોતે જ ઘડી છે! પણ પછી એ વિચારમાં પડી ગયો: 'આ પ્રતિમાં ઘડનારો શું હું હોઈશ? મારામાં આટલી બધી સુંદરતા ક્યાં છૂપાણી હશે? ન છુપાણી હોય તો આ આવી ક્યાંથી?'

એ વિચારમાં ને વિચારમાં એ ઊંડો ને ઊંડો ઊતરતો ગયો. એમાંથી પછી એ પૂતળાં ઘડનારો શિલ્પી મટી ગયો: પોતાની જાતને ઘડનારો શિલ્પી થઈ ગયો, અને પોતાની કલાને જીવન-દૃષ્ટિએ સમજતો થયો. તમામ કલાનો અંત જાત-ઘડતરમાં રહ્યો છે. એ જે સમજે છે, તે જ કલાનું ખરું રહસ્ય સમજે છે. માત્ર કલા જ નહિ, માણસની હરેક હરેક નાની ક્રિયા પણ એટલા માટે જ છે. એ દૃષ્ટિએ તો આ આખી સૃષ્ટિ એક રીતે કલાથી જ ભરપૂર છે, ને માણસની હરેક નાની ક્રિયામાં પણ કલા જ વસી રહી છે. એ કલાને માણસ સમજે, માટે છેક નાનપણથી એણે સુંદર અસુંદરનો ભેદ સમજવો જોઈએ. કલાનું જીવનમાં સ્થાન એ ખરી રીતે અપૂર્ણ ખ્યાલ છે. માણસનું જીવન કાં તો કલામય હોય, અથવા તો એ કાંઈ જ ન હોય. એક સત્ય શબ્દને સુંદર રીતે કહેવો એ કલા જ છે. સુરુચિનો ભંગ ન થાય તેવી રીતે ચાલવું એમાં પણ કલા છે. આ દેશમાં જ્યાં કલા ને ધર્મ—એ બન્ને લગભગ પર્યાય જેવા શબ્દો મનાતા હતા, ત્યાં આજે કલાને જીવનમાં સ્થાન અપાવવા માટે આકાશપાતાળ એક કરવાં પડે છે. એ જ બતાવે છે કે, મુસલમાનોનાં વર્ષોના હુમલા અને અંગ્રેજોની વર્ષોની ગુલામીએ આ દેશના આત્માને જ હણી નાખ્યો છે. આજે વધારે વ્યાપક રીતે અસર કરી શકે તેવાં તમામ સ્થળો જો આ કલાના પુનરુદ્ધારની તાત્ત્વિક યોજના ઘડે, તો એમાંથી ફરીને પ્રજામાં એક સમર્થ પ્રાણ પ્રગટશે. આપણી તમામની દૃષ્ટિ ગુપ્તયુગના ભવ્ય આર્યજીવન ઉપર કેન્દ્રિત થવી જોઈએ. એની ભવ્ય પ્રણાલિકાને અત્યારના યુગપ્રશ્નો સાથે ઘડીને, વિશ્વને સમર્થ શાંતિ આપે, એ આપણો સૌનો પ્રશ્ન છે.

અત્યારનું વ્યવહારજીવન છેતરપીંડી ઉપર, નોકરજીવન લાંચો ઉપર, અને રાષ્ટ્રજીવન ગુપ્ત ભયંકર શસ્ત્રોની તૈયારી ઉપર ચાલી રહ્યું છે. એનું પરિણામ સર્વનાશ વિના બીજું કાંઈ જ ન હોય. એ સર્વનાશમાંથી ઊગરવું હોય તો એકડેએકથી નવજીવન ઘડવું જોઈએ. શાળા મહાશાળાઓ, નાટકગૃહો, મનોરંજન કાર્યક્રમો, રેડિયો ઉપરની વાતો, લોકમેળાઓ, તમામ ઠેકાણે એ પ્રજાઘડતરની વાતને દૃષ્ટિવાન બનાવવામાં આવશે તો જ આ શક્ય બનશે. આપણી પાસે એક સ્થિર દૃષ્ટિ નથી. ઘડીક આ વાત સારી લાગે; ને ઘડીક પેલી વાત સારી લાગે; એવી અસ્થિર મનોદશામાંથી પ્રજાએ બહાર નીકળી જઈને, પોતાની એક વખતની ભવ્યતાને અત્યારના યુગપ્રશ્નો સાથે શી રીતે મેળ મેળવતી કરવી, એ જ ખરું યુગદર્શન છે: ને એ જ કલાદર્શન પણ છે. એવું દર્શન જ આપણને પ્રાણવાન બનાવે.

ધૂમકેતુ

સાબુનો શોખ કે ડોશીની હિંસા?

તમે નહાવા અને હાથ મોં ધોવા સુગંધી હમામ કે એવો કોઈ સાબુ વાપરો છો. તમે ઊંડા ઊતરીને જોતા નથી એટલે તેમાં રહેલી હિંસા દેખતી નથી. એક વાર દક્ષિણ ભારતમાં પ્રવાસ કરતાં મેં એક સુંદર નાળિયેરીની વાડી જોઈ. તેની છાયામાં મેં બે ઝૂંપડીઓ જોઈ. હું ત્યાં ગયો. એક ઝૂંપડીમાં એક ડોશી હાંલ્લીમાં કંઈક રાંધતી હતી. તેણે ચોખા રાંધવા ચડાવ્યા હતાં. મેં પૂછપરછ કરી તો તેની પાસે ખાવાને માત્ર ચોખા હતા અને તે પણ રેશનના ચોખા હોઈ પાલીસ કરી નાખેલા નિઃસત્ત્વ હતા. તેમાં નાખવાની કોઈ પૌષ્ટિક વસ્તુ એની પાસે નહોતી. મેં ઉપરનાં નાળિયેર બતાવી પૂછ્યું: 'આ કેમ વાપરતાં નથી?' ડોશી કહે: 'એ કોન્ટ્રેક્ટરની વાડી છે ને તે તેમાંથી અમને લેવા ન દે.'

વધારે પૂછપરછ કરતાં ડોશી પાસેથી જાણવા મળ્યું કે તેના નાનપણના દિવસોમાં આવું દુઃખ નહોતું. તે વખતે આ જમીનમાં બધી ડાંગરની કયારીઓ હતી, અને જમીન એ લોકોની પોતાની હતી. તેમાં તેઓ ડાંગર ઉપરાંત શાકભાજી વગેરે બધું પકવતાં અને ખાઈપીને સુખમાં રહેતાં. ત્યાર પછી ધીમે ધીમે ગરીબ ખેડૂતો પાસેથી કોઈએ જમીનો ખરીદી લીધી અને ડાંગરની કયારીઓને બદલે નાળિયેરની વાડી કરવામાં આવી.

મેં ગામના તલાટીને જઈ પૂછ્યું કે ડોશી કહે છે તે ખરું છે? તેણે કહ્યું, હા એક કંપનીએ તેલ અને સાબુનું મોટું કારખાનું કાઢ્યું હતું. તેમાં કાચા માલ તરીકે ખાંડીબંધ નાળિયેર જોઈએ એટલે ગરીબ માણસોને તેમની જમીનોમાંથી હડસેલી નાળિયેરની વાડીઓ કરવી જ પડે ને?

આમપ્રજાનું પોષણ કરનાર ચોખાને ભોગે તમારો સુગંધી સાબુ બનાવવામાં આવે છે. આપણે સાબુનો શોખ પૂરો કરીએ તેટલા ખાતર આવી કેટલીયે ડોશીઓને ભૂખે મારવામાં આવે છે.

આ સાચું અર્થશાસ્ત્ર છે. પાઠયપુસ્તકોમાં ભલે તેમ લખ્યું નહોય પણ ગાંધીજીના વિચારો સમજીએ તો આ જ ખરું અર્થશાસ્ત્ર છે. આપણે પણ સુગંધી સાબુનો શોખ કેળવીએ ત્યારે પેલી ભૂખે મરતી ડોશીને યાદ કરવી જોઈએ. તેની અને તેનાં બાળકોની હિંસા કરવાનું પાપ સુગંધી સાબુ વાપરનારાઓને માથે છે.

કુમારપ્પા

[વેડછી આશ્રમમાં કરેલ એક પ્રવચન : 'હરિજન બંધુ'માંથી]

(અનુસંધાન પુષ્ઠ ૧૭૯ નું ચાલુ)

બુદ્ધિપૂર્વક વિચાર કરી, સત્ય સમજી, જ્યાં જ્યાં સમાજને બિન-ઉપયોગી ઇમારતો ચણાતી હોય, સમાજનું વિભાજન કરે એવી પ્રવૃત્તિ થતી હોય, તેનો, વિનયપૂર્વક વિરોધ કરવો જોઈએ. એવી પ્રવૃત્તિને સાથ ન આપવો જોઈએ; અટકાવવી જોઈએ.

શ્રી કાનજી મુનિ સમાજ માટે લાલબત્તીરૂપ છે. તેમની હયાતી બાદ, જ્યારે આપણે ઐક્યની વાત કરીએ છીએ ત્યારે, તેઓ સમાજને શિરે એક નવો પંથ લાદતા જશે. જે પોતાને વિચારક કહેવરાવે છે તેઓ, આ પ્રવૃત્તિ તરફ આંખમિંચામણાં ન કરતાં સમાજનું એ તરફ લક્ષ ખેંચે. એટલી પણ તેણે સમાજની સેવા કરી ગણાશે.

ધીરજલાલ ધનજીભાઈ શાહ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઈ.
મુદ્રણસ્થાન: સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઈ. ૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજી. નં. બી ૪૨૬૬

પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ : ૧૧
અંક : ૨૩

મુંબઈ : ૧ એપ્રીલ ૧૯૫૦ શનિવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

'મેં મારી ફરજ અદા કરી છે?'

[૨૬ જાન્યુઆરી–પ્રજાસત્તાક દિને, હિંદુસ્તાનના એકેએક વર્તમાનપત્રે સ્વાતંત્ર્ય પૂર્તિઓ પ્રકટ કરેલી. મુંબઇથી પ્રસિદ્ધ થતાં 'ટાઇમ્સ ઓફ ઇન્ડિયા'એ પણ આવી એક માહિતીથી તથા લેખોથી સમૃદ્ધ પૂર્તિ પ્રકટ કરેલી. તેમાં આચાર્ય શ્રી એસ. એન. અગરવાલનો ' Have I Done My Duty? ' એ શિર્ષક લેખ પ્રકટ થયેલો : તેનો **શ્રી ધીરજલાલ ધ. શાહે** કરેલો અનુવાદ નીચે આપવામાં આવ્યો છે. આપણે પણ એ લેખ વાંચ્યા પછી આપણી જાતને પૂછીએ કે, 'મેં મારી ફરજ અદા કરી છે?' —સંપાદક]

સેંકડો વર્ષની રાજકીય ગુલામી પછી હિંદ પ્રજાસત્તાક બન્યું છે. મહાત્મા ગાંધીજીના ભવ્ય નેતૃત્વે અને સત્ય તથા અહિંસાના શસ્ત્રોદ્વારા મેળવાયેલા સ્વાતંત્ર્યે, સારાય વિશ્વમાં હિંદ માટે માન ઉત્પન્ન કર્યું છે; અને ઘણાંય દેશો દોરવણી અને નેતૃત્વ માટે આપણા તરફ મીટ માંડી રહ્યા છે. યુદ્ધ અને હિંસાથી જગત ત્રાસી ગયું છે; અને ત્રીજા વિશ્વયુદ્ધના ભણકારા વચ્ચે માત્ર મહાત્મા ગાંધી શાંતિ અને પ્રેરણા માટે એક આશાના કિરણરૂપે દીવાદાંડીરૂપ થઈ રહ્યા છે.

ઔદ્યોગિક ક્ષેત્રમાં, ઘણા દેશોને લાગે છે કે, માણસજાતમાં પ્રવેશી ચૂકેલી અનેક વિકૃતિઓના વ્યવહારૂ ઉપયોગ તરીકે, ગાંધીવાદના સિદ્ધાંત પર રચાયેલ અર્થકારણના વિકેન્દ્રીકરણનો સિદ્ધાંત અગત્યનો છે. રાજકીય વહીવટમાં કાર્ય કરી રહેલા પશ્ચિમના આગળપડતા વિચારકો વધુ ને વધુ સ્પષ્ટતાથી માની રહ્યા છે કે, વિશાળ સહકારી ધોરણે રચાયેલાં કોમનવેલ્થના અંગ તરીકે સ્વાયત્ત શહેરો અને પોતાનો વહીવટ પોતે જ કરી રહેલા ગામડાંઓમાં વિકેન્દ્રિયત લોકશાહીની રચના એ અગત્યની હકીકત છે.

નૈતિક અને આધ્યાત્મિક સુધારણાના ક્ષેત્રમાં, સર્વ કોઇએ એ માન્ય રાખ્યું છે કે, જેવું સાધન તેવું સાધ્ય. હિંસા અને યુદ્ધનું ફળ તેના જેવું જ આવવાનું. આથી ગાંધીવાદનો સત્યાગ્રહનો આદર્શ એ 'એટમ બોમ્બ'ની સામે અસરકારક ઉપાય તરીકે છે. આ દૃષ્ટિએ હિંદુસ્તાન સારાય જગતને દોરવણી આપી શકે તેમ છે; કારણકે જેને આપણે રાષ્ટ્રપિતા કહીએ છીએ તે મહાત્મા ગાંધીજીએ અજોડ એવો સાંસ્કારિક વારસો આપણને આપ્યો છે. પરંતુ પ્રશ્ન એ થાય છે કે, સાચે જ, હિંદ, તેના ગુરુને અનુસરે છે?

આપણે આપણું રાજકીય સ્વાતંત્ર્ય અહિંસક શસ્ત્રદ્વારા મેળવ્યું, પણ એ જ આપણે, આપણું સ્વાતંત્ર્ય સાચવવા માટે લશ્કરની જોગવાઇ કરી રહ્યા છીએ. જોકે આપણે આ વર્ષો દરમિયાન ખાદી પહેરવાની અને ગૃહઉદ્યોગોને ઉત્તેજન આપવાની પ્રતિજ્ઞા લઇ રહ્યા છીએ, છતાં સ્વરાજ મેળવ્યા પછી હિંદનું આર્થિક તંત્ર યુરોપ કે અમેરિકાની વિચારસરણીવાળું જ રહ્યું છે. આપણા નવા બંધારણમાં, વહીવટી તંત્રના મૂળભૂત સિદ્ધાંત તરીકે ગ્રામ–પ્રજાસત્તાકો સ્થાપવાની ઇચ્છા એક કલમદ્વારા જરૂર કરાઇ છે, પરંતુ રાજકીય સત્તાનું કેન્દ્રિયકરણ કરવાની વધતી જતી મનોવૃત્તિ પણ એટલી જ સ્પષ્તાથી બીજી કલમોમાં જણાઇ આવે છે.

આપણા જાહેર જીવનમાં, લાંચ, રૂશવત અને પક્ષપાતની બૂમ હમેશાં સંભળાય છે, પણ જરા પણ સુધરવાના અવકાશ સિવાય દરેક જણ ઘરાઇ ઘરાઇને સરકારની, ' મહાસભાની અને બીજી સંસ્થાઓની ટીકા કરે છે, અને આ દોષોનો બોજો બીજાના ખભા પર મૂકી દે છે. આપણા સદ્‌ભાગ્યે પંડિત જવાહરલાલ નહેરૂ, સરદાર વલ્લભભાઇ પટેલ, ડૉ. રાજેન્દ્રપ્રસાદ તથા શ્રી રાજગોપાલાચારી જેવી પ્રતિભાસંપન્ન અને પ્રભાવશાળી વ્યક્તિઓ, નેતા તરીકે હિંદ પાસે છે. અમેરિકા, બ્રિટન કે બીજા કોઇ પણ દેશમાં આવા વિશિષ્ટ અને સર્વમાન્ય નેતા મળવા મુશ્કેલ છે. અમેરિકન પ્રમુખ મિ. હેરી ટ્રુમેન ન્યુયોર્કના લત્તાઓમાં ફરવા નીકળશે તો આપણા નેતાઓની જેમ જનસમુદાયને ખેંચી નહિ શકે; અને વડાપ્રધાન મિ. એટલી ૧૦ ડાઉનીંગ સ્ટ્રીટથી પાર્લામેન્ટ જવા પગપાળા જશે તોપણ પ્રશંસકોથી વીંટળાઇ નહિ જાય; પરંતુ પંડિત જવાહરલાલ નહેરૂને દિલ્હીના કોઇ પણ લત્તામાં જ્યારે બીજે ક્યાંય જનતાથી વીંટળાઇ વળેલા કલ્પવા જરાય અશકય નથી.

રાજકીય સ્વાતંત્ર્ય મળ્યા પછી અઢી વર્ષે પણ, આવી ઉમદા નેતાગીરી દેશમાં હોવા છતાં કેમ આપણે ચોક્કસ સિદ્ધિઓ પ્રાપ્ત કરી શકયા નથી? આ વિરોધી દેખાતા પ્રશ્નનું કારણ દૂર શોધવા જવું પડે તેમ નથી. ચીન સહિત પૂર્વના મહત્ત્વના રાષ્ટ્રોની સાથે હિંદ પણ ' વધુ પડતા વ્યક્તિતવવાદ'ની ધૂનથી પીડાઇ રહ્યું છે. આપણે હમેશાં આપણા સ્વાર્થની વસ્તુઓને વધુ પડતું મહત્ત્વ આપીએ છીએ અને રાષ્ટ્રની જરૂરિયાતો તરફ ઓછામાં ઓછું. આપણે સમાજ તરફની આપણી ફરજો અને જવાબદારીઓ તરફ ધ્યાન આપવાને બદલે, આપણા હકો માટે વધુ ભાર દઇએ છીએ. આપણે વ્યક્તિઓને વધુ મહત્ત્વ આપીએ છીએ, અને સારાય કોમની સુધારણા અને ઉત્કર્ષ તરફ જરા પણ નહિ. રાજકીય પરાધીનતા અને ગુલામીની સાંકળ તોડયા પછી પણ, સામાજિક ભાવના અને જાહેર જવાબદારીની ઊણપને કારણે હિંદુસ્તાન દેશનો જોઇએ તેટલો ઉત્કર્ષ અને ઉન્નતિ નથી થયાં.

આજે હિન્દુસ્તાનમાં સામાજિક, આર્થિક, કેળવણીવિષયક અને રાજકીય ક્ષેત્રમાં જે સ્થિતિ પ્રવર્તી રહી છે તેનાથી, લગભગ દરેક જણ તદ્દન અસંતોષ અનુભવી રહ્યું છે. આપણામાંનો દરેક જણ, સરકારી ખાતાની કોઇ વ્યક્તિની, મહાસભાની, અથવા સ્થાનિક સંસ્થાની સતત ટીકા કરી રહેલ છે. દરેક જણે એમ માની લીધું છે કે દેશની અત્યારની અવનત દશા માટે પોતાના સિવાય બીજા બધા જવાબદાર છે.

આની સાથે મને, પોતાનું ગામ છોડી યાત્રાર્થે નીકળનાર દસ મૂર્ખાઓની જાણીતી વાત યાદ આવે છે. એક નદીને પાર કર્યા પછી, તેઓ પોતાની સંખ્યા ગણવા લાગ્યા. દરેક જણ બીજાને ગણી પોતાને ગણવાનું ભૂલી જવા લાગ્યો, આથી પરિણામ એ આવ્યું કે દસને બદલે દરેક જણ નવની જ સંખ્યા ગણી શકયું. રડવાનું અને શોક કરવાનું શરૂ થયું. આ દરમિયાન એક શાણો માણસ ત્યાં થઈને નીકળ્યો. જ્યારે આ મૂર્ખાઓને ભાર દઈને સમજાવવામાં આવ્યું કે તેઓ નવ નહિ પણ દસ છે, ત્યારે જ તેઓ ઈશ્વરનો આભાર માનતા ગીતો ગાતાં અને નૃત્ય કરતાં આનંદપૂર્વક યાત્રાર્થે આગળ વધ્યા. આજે હિંદમાં આપણે સૌ વધતે ઓછે અંશે આ મુર્ખાઓનો પાઠ ભજવી રહ્યા છીએ. જવાબદારી આપણે બીજા પર છોડીએ છીએ, અને સ્વસ્થતાપૂર્વક આ પ્રદર્શનમાંથી આપણી જાતને અલગ રાખીએ છીએ. જો વ્યકિતગત રીતે આપણે સૌ સજ્જન હોઈએ તો, સમાજમાં આ અવ્યવસ્થા ક્યાંથી હોઈ શકે? કારણકે છેવટે સમાજ પ્રમાણિક અને કુશળ ગણાવી રહેલ આપણામાંના દરેકથી રચાયેલો છે. જો દરેક જણ સજ્જન થવા કે પ્રમાણિક થવાનું નકકી કરે; બીજાની ટીકા કરવાનું છોડી દે અને પોતાની નબળાઈઓ તરફ લક્ષ આપે તો સારૂંયે રાષ્ટ્ર ટૂંક સમયમાં જાહોજલાલી અને સાંસ્કારિતાના શિખરે પહોંચે.

અમેરિકા અને યુરોપનાં બીજા દેશોમાં મહાન નેતાઓ નથી, પણ નાગરિક તરીકે સજ્જન સ્ત્રી-પુરૂષો છે. હિંદુસ્તાન પાસે મહાન નેતાઓ છે; પણ અજડ નાગરિકો. જો આપણી પાસે મહાન નેતાઓની સાથે સજ્જન સ્ત્રી-પુરૂષો હોત તો હિંદુસ્તાન જલદી નશીબવંતો અને આબુમોલ તકોનો દેશ બન્યો હોત. તેથી હવે આજથી આપણું સૂત્ર આ હોવું જોઈએ કે, 'મેં મારી ફરજ અદા કરી છે?'

આજથી આપણું રાષ્ટ્ર આશા અને પ્રતિજ્ઞાના યુગમાં પ્રવેશે છે. પ્રજાસત્તાક હિંદ દરેક શહેરી પાસેથી પૂરે પૂરી સહૃદયતા અને પ્રામાણિકતા ઈચ્છે છે, આ પવિત્ર દિવસે આનંદોત્સવની વચ્ચે ચાલો, આપણે આપણી જાતને આ પ્રશ્ન પૂછીએ: 'મેં મારી ફરજ અદા કરી છે?'

જ્યારે વ્યકિત પરિવર્તન પામે છે, ત્યારે રાષ્ટ્ર પણ પરિવર્તન પામે છે; જ્યારે રાષ્ટ્રો પરિવર્તન પામે છે, ત્યારે વિશ્વ પણ. અને ત્યારે જ તે જીવવા યોગ્ય બને છે.

પ્રાસંગિક નોંધ

પ્રજ્ઞાચક્ષુ પંડિત શ્રી સુખલાલજી

આ અંકમાં ઈજીપ્તના કેળવણી પ્રધાન પ્રજ્ઞાચક્ષુ 'ડૉ. તાહા હુસેન બે' વિષે જાણવા જેવી માહિતી અપાઈ છે. આ વાંચતાની સાથે જ જૈન સમાજના પ્રખર વિચારક અને સુધારક પંડિતશ્રી સુખલાલજી યાદ આવે છે.

માત્ર એક વખત અવાજ સાંભળ્યા પછી વર્ષો પછી પણ અવાજથી પારખનાર પંડિત શ્રી સુખલાલજીના પરિચયમાં જેઓ આવ્યા હશે, તેમનું મસ્તક થોડીક પળોમાં જ તેમની પાસે નમી જવાનું. પારદર્શક વિચારધારા, સૂક્ષ્મ દૃષ્ટિ, તુલનાત્મક અભ્યાસ અને ઊંડું અવગાહન અને નિરીક્ષણ; જરા સરખી પણ સાંપ્રદાયિકતા નહિ, અને નિર્ભિક. જૈન સમાજના આંગળીને વેઢે ગણી શકાય તેટલા વિદ્વાનો, તેમાં પંડિતજીનું સ્થાન અગ્રિમ કહી શકાય.

ડૉ. તાહા હુસેન બેની સાથે અનેક રીતે તેમની સરખામણી પણ થઈ શકે તેમ છે. સામાન્ય જીવનમાંથી પ્રખર પંડિતાઈ સુધી વિકાસ, બન્ને કેળવણીકાર, બન્નેના ચોકકસ પ્રકારના રાજકીય વિચારો, અને બન્ને અખંડ અભ્યાસીઓ. ફેર માત્ર એટલો કે એક વ્યકિતનું ઈજીપ્તની સરકાર અને પ્રજા કદર કરી તેને કેળવણીખાતાનું દફ્તર સોંપે તો બીજી વ્યકિત તરફ સરકાર તો ઠીક, પણ જૈન સમાજની પણ દૃષ્ટિ નથી.

ગાંધીજીએ સ્થાપેલી ગુજરાત વિદ્યાપીઠના 'પુરાતત્ત્વ' વિભાગના મુખ્ય સંશોધનકારોમાંના એક; બનારસ હિંદુ યુનિવર્સિટીમાં 'જૈન-ચેર'ના આચાર્ય, ભગવાન મહાવીર અને મહાત્મા ગાંધીજીના વિચારોના મર્મજ્ઞ અને વિવેચક, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન પછી હિંદના દર્શનશાસ્ત્રીઓમાં આગળ પડતું સ્થાન ધરાવનાર પંડિતશ્રી સુખલાલજી આજે અમદાવાદમાં, આ ઉમરે પણ અધ્યયન-અધ્યાપનનું જ કાર્ય કરે છે. તેમની પાસે એવાં સાધનો નથી, નહિ તો કદાચ—કદાચ તેઓ નિરક્ષરતા-નિવારણની કાર્યવહીમાં મુખ્ય કાર્યકર્તા હોત. એ સાધનો અને વધુમાં તક સમાજે તેમને આપ્યાં નથી; સરકારે પણ નહિ.

જૈનસમાજને આ સમર્થ વ્યકિતત્વની કલ્પના જ નથી. પોતાને ત્યાં એક અમૂલુ રત્ન છે તેનું, પોતાની જાતને ઝવેરી કહેવરાવતા જૈનોને પારખું પણ નથી. 'જૈન સાહિત્ય અને સંસ્કૃતિ'ના સંશોધન અને વિકાસ માટે તેમણે કરેલી સેવા માત્ર થોડા શબ્દોમાં કહી શકાય તેમ નથી.

આપણા માટે-હિંદીઓ માટે એક સામાન્ય ટીકા થઈ પડી છે—જોકે બીજાઓ માટે પણ એ વાત સાચી છે કે, પ્રજા પોતાની વચ્ચે રહેલી વિશિષ્ટ વ્યકિતની કદર તેની હયાતી દરમિયાન નથી કરતી; પાછળથી કરે છે. તેની ઉપયોગિતાનું મૂલ્યાંકન તેના અસ્તિત્વ દરમિયાન નહિ, પણ તેના મૃત્યુપછી કરાય છે. જૈન સમાજને આ ટીકા અક્ષરશઃ લાગુ પડે તેમ છે.

પંડિતજી બહુ બહુ તો આપણી વચ્ચે દસ વર્ષ-વીસ વર્ષ; એટલો સમય કાંઈ ઓછો ન કહેવાય. આ વર્ષો દરમિયાન જ જૈન સમાજ પોતાના ઉત્કર્ષ માટે તેમનો સમજપૂર્વક લાભ ઉઠાવે એ હજુ મોડું થયું નહિ ગણાય.

જૈન સમાજ જેમની કદર નથી કરી શકયો, તેમની કદર રાષ્ટ્ર—હજુ ગઈ કાલે જ સ્વતંત્ર થયેલ રાષ્ટ્ર ઈજીપ્તની માફક કયાંથી કરી શકે? હજુ તો તે ઉત્ક્રાન્તિ કાળમાંથી પસાર થઈ રહ્યું છે. વળી, ગમે તેમ તોય રાષ્ટ્ર આપણું જ પ્રતિબિંબ પાડે નાં?

આવાં રત્નો રાષ્ટ્ર અને સમાજના આભૂષણરૂપ છે, એવું જેટલું વહેલું આપણને સૌને સમજાય તેટલુ સારૂં. એ સમજ એ પણ આવી વ્યકિતઓનું એક રીતે થોડું ઘણું સંમાન જ છે.

સભ્યો તથા ગ્રાહકબંધુઓને

મુંબઈ જૈન યુવક સંઘના મોટા ભાગનાં સભ્યો પાસે, સંઘનું ચાલુ વર્ષનું વાર્ષિક લવાજમ બાકી છે. તો તેમને વિનંતિ કરવાની કે, વહેલામાં વહેલી તકે તેઓ સંઘની ઓફિસે પોતપોતાનું લવાજમ મોકલી આપે; સંઘના કાર્યકર ભાઈને લવાજમ માટે મોકલવામાં તો આવે જ છે, પણ જો લવાજમ પહોંચતું કરવામાં આવે તો એ સમયનો બીજી રીતે સદુપયોગ કરાવવામાં પણ સૌનો સહકાર મળ્યો ગણાય.

આ જ રીતે 'પ્રબુદ્ધ જૈન'ના ગ્રાહકોનું પણ ધ્યાન ખેંચવામાં આવે છે. જેમનું લવાજમ પૂરૂં થતું હોય છે તેમને એક મહિના પહેલા ખબર આપવામાં આવે છે; તે છતાંય વી. પી. તે તે ગ્રાહકની જાણ બહાર પાછું ફરે છે; અને ઉપરથી અંક નહિ મળ્યાની ફરિયાદ થાય છે. આમાં ગ્રાહકને શિર ખર્ચનો બોજો વધે છે. એટલે કાં તો પોસ્ટકાર્ડ લખી પોતે ગ્રાહક તરીકે ચાલુ રહેવા ઈચ્છે છે કે નહિ તેની ખબર આપે, અથવા વી. પી. ને પાછું ન વાળે.

ધીરજલાલ ધ. શાહ

હિંદુ, જૈન અને હરિજન મંદિરપ્રવેશ

(મુંબઇ સરકારે હરિજન મંદિરપ્રવેશ ધારો જૈનોને લાગુ પાડ્યો ત્યારથી હિંદુ ધર્મ અને સમાજમાં જૈન ધર્મ અને જૈન સમાજ અન્તર્ગત છે કે તેથી અલગ છે એ પ્રશ્ન ભારે ચર્ચાસ્પદ બન્યો છે. આ આખા પ્રશ્નની ભિન્ન ભિન્ન બાજુઓ વિષે શ્રી પૃથ્વીરાજ જૈને હિંદી ભાષામાં એક માહિતીપૂર્ણ લેખ લખ્યો છે અને પુરી તટસ્થતાપૂર્વક પોતાનાં મન્તવ્યો રજુ કર્યા છે. આ લેખ કાશીના જૈન સંસ્કૃતિ સંશોધન મંડળ તરફથી એક નાની પુસ્તિકાના આકારમાં પ્રગટ થયેલ છે અને તેના શ્રી. તારાબહેન શાહે કરી આપેલ અનુવાદને બે વિભાગમાં વહેંચીને પહેલો વિભાગ નીચે પ્રગટ કરવામાં આવે છે. શ્રી પૃથ્વીરાજ જૈન એમ. એ. છે અને કોટાવાળા રીસર્ચ ફેલો છે. તેમની વિદ્વત્તાનો વિશેષ પરિચય આ લેખ જ આપે તેમ છે. હિંદુ શબ્દની ઐતિહાસિક તેમ જ ભૌગોલિક આધારો ઉપર કરવામાં આવેલી અર્થમિમાંસા બહુ જ માર્ગદર્શક છે. સંપાદક)

સમસ્યાનું રૂપ

મુંબઇ સરકારે ૧૯૪૭ માં હરિજન મન્દિર પ્રવેશનો કાયદો સ્વીકાર્યો હતો. ૧૯૪૮ માં તેમાં સંશોધન કરવામાં આવ્યું અને કાયદાના એ સંશોધિત રૂપનો પણ સ્વીકાર કરવામાં આવ્યો. એક વર્ષથી આ કાયદો મુંબઇ પ્રાન્તમાં લાગુ કરવામાં આવ્યો છે. આ કાયદામાં જૈનોને હિન્દુઓમાં જ ગણવામાં આવ્યા છે. ઇસાઇ, મુસલમાન, યહૂદી, પારસી અને શીખ આ કાનુનની મર્યાદામાં નથી આવતા. આ વિષયમાં જૈનોમાં એક જબરજસ્ત આંદોલન, ઊભું થયું છે. એક પક્ષના કેટલાક લોકોનું કહેવું છે કે જૈન સમાજ અને જૈનધર્મ હિન્દુ સમાજ અને હિન્દુ ધર્મથી ભિન્ન નથી. જૈનધર્મ પ્રાણીમાત્રની સમતામાં માને છે તેથી માનવ માનવ વચ્ચે ઉત્પન્ન કરવામાં આવેલી ભેદરેખાને તે સ્વીકારતો નથી. તેનાં દ્વાર સર્વને માટે ખૂલ્લા છે. બીજો પક્ષ કહે છે કે જૈનધર્મ હિન્દુ ધર્મથી સર્વથા સ્વતંત્ર ધર્મ છે, જૈનધર્મમાં હરિજન સમસ્યા છે જ નહિ, હરિજનો જૈન ધર્મમાં માનતા નથી તેથી હિન્દુ મંદિરો માટે બનાવવામાં આવેલા કાનૂન જૈનો પર લાગુ કરવા એ રાષ્ટ્રીય સરકારની જોહુકમી અને આપણી ધાર્મિક બાબતોમાં હસ્તક્ષેપ છે. દિગમ્બર આચાર્ય શ્રી શાંતિસાગરજીએ તો આ કાનૂનના વિરોધમાં તા. ૪-૮-૪૮ થી અન્નનો ત્યાગ કર્યો છે. જૈન કોમના અમુક વીભાગ તરફથી રજુ કરવામાં આવેલા વાંધાઓનો ઉત્તર મુંબઇ સરકારે તા. ૧૯-૮-૪૯ ના પોતાના નિવેદનમાં આપ્યો છે. એ જવાબથી પણ વિરોધી પક્ષને સંતોષ થયો નથી. જૈન પત્રોમાં આ બાબતમાં પક્ષ અથવા પ્રતિપક્ષના મંતવ્યો પ્રકાશિત થયા છે. આપણે પણ આ સમસ્યા પર વિવિધ દૃષ્ટિકોણથી વિચાર કરી એ નિર્ણય કરવાનો છે કે જૈનો હિન્દુ છે કે નહિ.

ભ્રામક દૃષ્ટિકોણ

અત્યારસુધી જૈન પત્રોમાં આ વિષય પર જે કંઇ લખવામાં આવ્યું છે તેના આધાર પર એમ કહી શકાય તેમ છે કે આ સમસ્યાને વાસ્તવિક રૂપમાં સમજવા માટે યથોચિત પ્રયત્નો કરવામાં નથી આવ્યા. જે લોકો કાનૂનના પક્ષમાં છે અથવા હરિજનોને જૈનોના ધાર્મિક સ્થાનોમાં પ્રવેશવાના બાબતને સમર્થન આપે છે તેઓમાંથી કેટલાકે સમર્થનના આવેશમાં સમ્ભવતઃ એ વિચાર કરવાનો પ્રયત્ન નથી કર્યો કે જૈનધર્મનો હિન્દુ ધર્મમાં જ સમાવેશ થાય કે નહિ. આને માટે હિન્દુ શબ્દનાં પ્રાચીન અને અર્વાચીન અર્થનું સ્પષ્ટીકરણ અનિવાર્ય છે. બીજી તરફ આ કાનૂનના વિરોધીઓએ જૈનધર્મ એક સ્વતંત્ર ધર્મ છે એ મંતવ્ય રજૂ કરીને આ બાબતની ઉપેક્ષા કરી છે કે હરિજનોના જૈન મંદિરમાં પ્રવેશનો નિષેધ કરીને આપણે જૈન ધર્મના જ મૂળ સિદ્ધાંતોનું ભ્રામક રૂપ જનતાની સામે ઉપસ્થિત કરી રહ્યા છીએ. મારી માન્યતા પ્રમાણે બન્ને પક્ષે ભેગા મળી સમસ્યાનું વિશ્લેષણ કરી તેનો ઉકેલ લાવવો જોઇએ. પહેલો આપણે એ વિચાર કરીએ કે જૈનો હિન્દુઓમાં સમ્મિલિત છે કે નહિ. તે પછી એ વિચાર કરીએ કે જૈન ધર્મસ્થાનોમાં જઇને ઇશ્વરની આરાધના કરવાનો અધિકાર જૈનદૃષ્ટિકોણથી હરીજનોને છે કે નહિ. પ્રસ્તુત લેખમાં આ જ બાબતોને મુખ્યત્વે લક્ષમાં રાખીને આ સમસ્યા પર વિચાર કરવામાં આવશે.

'હિંદુ' શબ્દનો ઇતિહાસ

આ તથ્યનો તો સર્વ સ્વીકાર કરે છે કે જે 'હિન્દુ' શબ્દનો આજે આપણને આટલો મોહ છે અથવા જેનો આપણે આટલો ગર્વ લઇએ છીએ તે શબ્દ આ રૂપમાં અપણા દેશની પ્રાચીન ભાષાઓમાં મળતો નથી. આપણા વિદેશી પડોશીઓએ આપણને આ નામપ્રદાન કર્યું છે. પારસીઓના પવિત્ર ધર્મગ્રંથ ઝિન્દાવસ્તાના વેન્દીદાદના પ્રથમ અધ્યાયમાં એવા દેશોના નામોનો ઉલ્લેખ છે જેને અહુરમઝદાએ નકકી કર્યા હતા. તેમાં ૧૫ મું નામ 'હપ્તહિન્દુ' છે જેનો અર્થ સાત નદીઓનો પ્રદેશ છે. ઋગ્વેદ મંડલ ૮ સૂ. ૨૪ મં. ૨૭ માં 'સપ્તસિંધુષુ' એ શબ્દ આવ્યો છે. ત્યાં ઇન્દ્રને વિષે કહેવામાં આવ્યું છે કે તે સાત નદીઓની ભૂમિમાં રહેનારને સમૃદ્ધ કરે છે. 'સપ્ત સિંધુ' અને 'હપ્તહિંદુનું' સામ્ય સ્પષ્ટ જ છે. ઇતિહાસ આ બાબતનો સાક્ષી છે કે ઇરાનીઓની સાથે ભારતીય આર્યોનો સંબંધ અતિ પ્રાચીન કાળમાં પણ હતો. એવું માલુમ પડે છે કે બન્નેના પૂર્વજ કયારેક એક જ સ્થાનમાં રહેતા હતા. પછીથી પરિસ્થિતિના પલટાની સાથે જુદા જુદા સ્થાનોમાં વસવા લાગ્યા. ઝિન્દાવસ્તા અને ઋગ્વેદની ભાષામાં ખૂબ સામ્ય છે. દેવતાઓના નામ અને સ્વરૂપના વિષયમાં પણ કેટલાયે દૃષ્ટિકોણથી એકરૂપતા છે. આ વિષયમાં અધિકારી વિદ્વાનોએ સારી રીતે ચર્ચા કરી છે.

ઇરાની સમ્રાટ સાઇરસે (૫૫૮ થી ૫૩૦ ઇ. પૂ.) ભારતના કોઇ પણ પ્રદેશ પર આક્રમણ કર્યું હતું કે નહિ એ નિશ્ચયપૂર્વક કહેવું અઘરું છે. એ નિશ્ચિત છે કે વર્તમાન અફઘાનિસ્તાન અને બલુચિસ્તાનની સીમા સુધી તેની સેનાઓ અવશ્ય પહોંચી હતી. હિન્દુકુશ અને કાબુલની ઘાટીમાં રહેવાવાળી કેટલીક જાતિઓને તેણે પોતાને આધીન કરી હતી. સમ્રાટ ડેરિયસ (ઇ. પૂ. ૫૨૨ થી ૪૮૬) સિંધ સુધી વધ્યો, એ ઐતિહાસિક ઘટના સર્વસમ્મત છે. તેના સમયના શિલાલેખ મળ્યા છે જેમાં તેણે જીતેલાં દેશોના નામોનું વર્ણન છે. તે નામોમાં 'હિ (ન્) દુ' પણ છે જેનો અર્થ પંજાબ થાય છે. આ બાબતની પુષ્ટિ એ વાતથી પણ થાય છે કે યૂનાની ઇતિહાસકાર હિરોડોટસે ઇરાની સામ્રાજ્યના વીસ પ્રાંતોમાં હિન્દનું નામ પણ ગણાવ્યું છે. તેણે તો એમ પણ કહ્યું છે કે હિન્દની જનસંખ્યા વિશાળ છે અને આ પ્રાંતમાંથી ઇરાની સમ્રાટને સૌથી વધારે આવક છે.

આથી સિદ્ધ થયું કે સિંધુ અને તેની સહાયક અન્ય નદીઓ દ્વારા સિંચિત પ્રદેશમાં રહેવાને કારણે ભારતના લોકોને પારસી 'હિન્દુ' અથવા 'હિંદુ' કહેતા હતા. તેઓની ભાષામાં સંસ્કૃતનો 'સ' 'હ' થઇ જાય છે, જેવી રીતે સોમ=હોમ, સપ્ત=હપ્ત, અસુર=અહુર આદિ શબ્દોમાં થાય છે. યહૂદી ભારતવાસીઓને હાન્ડુ કહેતા હતા. ફારસી ભાષામાં હિન્દ શબ્દ છે જેમાંથી હિન્દી શબ્દ બન્યો. તેનો અર્થ પણ હિન્દનો નિવાસી થાય છે. જો કે

બહારના લોકો ભારતવાસીઓને હિન્દુ નામથી ઓળખતા હતા તો પણ ભારતીય લોકો પોતાને આર્ય કહ્યા કરતા હતા. ઇશુની સાતમી શતાબ્દિના પ્રસિદ્ધ ચીની યાત્રી ઇત્સિંગે પોતાની યાત્રાના વર્ણનમાં લખ્યું છે કે "ઉત્તરની જાતિઓ એટલે કે મધ્ય એશિયાના લોકો ભારતવર્ષને 'હિન્દુ' કહેતા હતા પણ આ નામ પ્રચલિત નથી.....ભારતને માટે ઉપયુક્ત નામ તો 'આર્ય' દેશ' છે."

'હિન્દુ' નો વ્યાપક અર્થમાં પ્રયોગ

ઇત્સિંગના કથનથી આ સ્પષ્ટ છે કે સાતમી શતાબ્દી સુધી ભારતવર્ષની અંદર હિન્દુ શબ્દનો ઉપયોગ ઘણે ભાગે નહોતો થતો. મુસલમાન આક્રમણકારીઓએ પણ સિન્ધુને હિન્દુ એવું નામ આપ્યું અને આપણા દેશનું નામ હિન્દોસ્તાન અથવા હિન્દુસ્તાન રાખ્યું. આ બન્ને શબ્દ ફારસી ભાષાના છે. મુસલમાનો સાથે ભારતીય લોકોનો સંપર્ક વધતો ગયો અને ધીરે ધીરે અહીંયા મુસલમાન રાજ્યની સ્થાપના થતી ગઇ. એ વખતે આપણા દેશમાં વૈદિક અથવા બ્રાહ્મણ, જૈન અને બૌદ્ધ, આ ત્રણે ભારતીય તથા આર્ય ધર્મની શાખાઓ વિકસિત રૂપમાં હતી. મુસલમાનોને માટે તો ત્રણે કાફર હતા. તેમણે પોતાની પૃથક સત્તા જમાવવા માટે ભારતના સઘળા નિવાસીઓને 'હિન્દુ' કહેવાનું શરૂ કર્યું. હવે આપણે પણ પોતાને હિન્દુ સમજવા અને કહેરાવવા લાગ્યા. તે વખતે આ નામ નિઃસંદેહ ભૌગોલિક હતું. દાસ વંશની સ્થાપનાના સમયથી જ બૌધ્ધોનો તો અહીંથી લોપ થયો. મુસ્લિમ સેનાપતિઓએ બૌદ્ધ વિહારોને નષ્ટભ્રષ્ટ કરી નાખ્યા અને તેમાંથી બચેલા ભિક્ષુઓ એશિયાના એવા દેશો અને દ્વિપોની તરફ ચાલ્યા ગયા જ્યાં બૌદ્ધ ધર્મનો પ્રચાર થઇ ચૂક્યો હતો. બૌદ્ધ ગૃહસ્થોની સંખ્યા નગણ્ય જ હતી. જૈનોની સંખ્યા પણ અધિક નહોતી અને જૈન ગૃહસ્થોનું સામાજિક જીવન ઘણે ભાગે વૈદિક ધર્માનુયાયિઓની સમાન જ હતું. તેથી જૈનો તેમની સાથે જ હળતા મળતા રહ્યા. ફારસીમાં હિન્દુ શબ્દના અર્થો 'ડાકુ' 'સેવક' 'દાસ' 'નાસ્તિક' 'પહેરેદાર' કરવામાં આવ્યા છે, જે પશ્ચિમ-ઉત્તર સીમા પરના હિન્દવાસીઓ અને મુસલમાનોના સંઘર્ષના દ્યોતક છે. કોઇ કોઇ વખત અહીંના લોકો પણ મુસલમાનો પર આક્રમણ કરીને તેમની સંપત્તિ લૂંટી લાવતા હતા તેથી તેમને ડાકુ કહેવામાં આવતા હતા. જ્યારે તેઓ મુસલમાનોને આધીન થઇ ગયા ત્યારે તેમણે કેટલાક ભારતવાસીઓને દાસ બનાવ્યા તો કેટલાકને સીમાની રક્ષાને માટે પહેરેદાર પણ નીમ્યાં અને તેમના ધાર્મિક વિચાર અને આચાર મુસલમાનોથી ભિન્ન હતા તેથી તેમને કાફર કહેવામાં આવતા. ફારસીમાં ડાકુ અથવા સેવક આદિને માટે હિન્દુ શબ્દ નથી. પણ હિન્દુઓ પર આ નામોનું પણ આરોપણ કરવામાં આવતું. તેથી એ પ્રતીત થાય છે કે આ શબ્દો ઐતિહાસિક ઘટનાઓની સાથે જ સંબંધ ધરાવે છે. મુસ્લિમ કાળથી જ આ દેશમાં હિન્દુ શબ્દનો વ્યાપક ઉપયોગ થવા માંડ્યો.

ભારતીય સાહિત્યમાં હિન્દુ શબ્દ

પ્રાચીન સંસ્કૃત અને પ્રાકૃત કોષોમાં 'હિન્દુ' શબ્દ દૃષ્ટિગોચર થતો નથી. રામદાસ ગૌડ લખે છે કે સર્વપ્રથમ 'મેરુતન્ત્ર' માં આ શબ્દ જોવામાં આવે છે. ત્યાં તેની વ્યુત્પત્તિ "**हीनं च दूषयत्येव हिन्दूरित्युच्यते**" એ રીતે કરવામાં આવી છે. પં. જવાહરલાલ નહેરૂ લખે છે કે "આ ગ્રંથ આઠમી શતાબ્દિનો ગણવામાં આવે છે અને તેમાં હિંદુનો અર્થ કોઇ વિશેષ ધર્મના અનુયાયી ન થતાં એક જાતિ અથવા સમાજના સર્વ મનુષ્યો થાય છે." એક વિચિત્ર વાત તો એ છે કે મેરૂતંત્રના ૨૩ માં પટલમાં જ્યાં હિન્દુ શબ્દનો ઉલ્લેખ છે, ત્યાં અંગ્રેજ, ફિરંગી, લંડન આદિ શબ્દ પણ છે. તેમાં કહેવામાં આવ્યું છે કે અંગ્રેજ, લંડન શહેર અને શાહ (મુસલમાન બાદશાહ અથવા સુલતાન) હિન્દુ ધર્મનો વિલોપ કરવાવાળા છે. તેથી આ શ્લોકોને કોઇપણ રીતે પ્રાચીન કહી શકાય નહિ. અંગ્રેજોના આવ્યા પછી એ શ્લોકો એ ગ્રંથમાં લખવામાં આવ્યા છે.

'પ્રાકૃત પૈંગલ' પ્રાકૃત છન્દ શાસ્ત્રનો એક પ્રસિદ્ધ ગ્રંથ છે. તેનો સમય પણ નિશ્ચિત નથી. પરન્તુ તેમાં તુર્કો અને હિન્દુઓના યુદ્ધોના વર્ણન છે. મુસ્લિમકાળ સાથે સંબંધ ધરાવતા કેટલાક શબ્દો તેમાંથી મળે છે. રાણા હમીરનું નામ પણ તેમાં મળે છે તેથી આ ગ્રંથના ઘણા અંશો તેરમી કે ચૌદમી શતાબ્દિ અથવા તેના પછીના માનવા પડશે. આ ગ્રંથમાં ઝુલ્લન છંદનું ઉદાહરણ આપતા શ્લોક ૧૫૭ માં 'હિંદૂ' શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે જેનો અર્થ 'હિન્દુ' છે. શ્લોકનું તાત્પર્ય એ છે કે "હજારો મદોન્મત્ત હાથીઓ તથા લાખો ઘોડાઓને વારવાણુથી સજ્જ કરીને અને તૈયાર થઇ બે બાદશાહો દડાથી રમે છે. હે પ્રિય! તમે ત્યાં પ્રકોપિત થઇને જાઓ અને પૃથ્વી પર યશ મેળવો! તમને કાંઇ પણ તુરૂષ્ક અથવા હિન્દુ જીતશે નહિ."

ફલિતાર્થ

આટલી ચર્ચાથી આપણે એ પરિણામ પર પહોંચીએ છીએ કે મુળ રૂપમાં હિન્દુ શબ્દ કોઇ વિશેષ ધર્મ, સંપ્રદાય અથવા જાતિનો વાચક નથી. ઝિન્દાવસ્તામાં મળતો હોવાથી શબ્દની પ્રાચીનતા સ્વતઃ સિધ્ધ છે. આ શબ્દનો ઉપયોગ સિંધુ તથા તેની સહાયક નદીઓ દ્વારા સિંચિત ભૂમિ અને તેના નિવાસીઓને માટે કરવામાં આવ્યો. વિદેશી લોકો ભારતમાં નિવાસ કરનારને આ નામથી સંબોધતા હતા અને મુસલમાનોના આગમનની પહેલાં આ શબ્દ ભારતમાં પ્રચલિત નહોતો. મુસલમાનોએ આ શબ્દનો વ્યાપક પ્રયોગ કર્યો અને તેમની દૃષ્ટિમાં એ વખતે હિન્દમાં રહેનાર બ્રાહ્મણધર્માનુયાયી, બૌધ્ધ અને જૈન સર્વ હિન્દુઓ જ હતા. જજિયા વેરો નાખવામાં, ધર્મસ્થાનો અથવા ધાર્મિક ગ્રંથોને નષ્ટ કરવામાં કે બાળવામાં મુસલમાનોએ આ ત્રણેમાં ભેદભાવ રાખ્યો નહોતો. તેમને માટે બધા જ કાફર હતા; કારણ કે હિન્દમાં રહેવાવાળા ખુદા અને તેમના પયગમ્બર હઝરત મહમદ પર વિશ્વાસ નહોતા રાખતા. આ રીતે હિન્દુ વસ્તુતઃ શુદ્ધ ભૌગોલિક શબ્દ છે. કહેવાય છે કે મક્કા મદિનામાં ભારતીય મુસલમાનોને પણ જાતિના કોષ્ટકમાં હિન્દુ અથવા હિન્દી લખવામાં આવે છે અને અમેરિકનો સર્વે ભારતીપારસીઓને હિન્દુ કહે છે.

જૈનોનું સામાજિક જીવન

જૈન ધર્મ ગમે તેટલો પ્રાચીન હોય અને જૈન સંસ્કૃતિનો બ્રાહ્મણ અથવા વૈદિક સંસ્કૃતિ સાથે કેટલીક બાબતોમાં સ્પષ્ટ ભેદ ભલે સહેલાઇથી પ્રતીત થાય તો પણ આ તથ્યનો અસ્વીકાર થઇ શકે તેમ નથી કે જૈનોના સામાજિક જીવનમાં વૈદિક ધર્મનો ઊંડો અને વ્યાપક પ્રભાવ છે. જૈન સમાજના સામાન્ય જીવનવ્યવહારમાં કોઇ એવી વિશેષ બાબત હજુ સુધી નજરમાં નથી આવી જે તેને વૈદિક ધર્મીઓથી જુદા પાડે. જૈનો બ્રાહ્મણ પુરોહિત દ્વારા વૈદિક વિધિથી લગ્ન કરાવે છે. જૈન મંદિરોમાં બ્રાહ્મણ પુજારી પૂજા સેવાનું કાર્ય કરે છે. જૈનો અને વૈદિક ધર્મીઓમાં વૈવાહિક સમ્બન્ધ પણ પ્રચલિત છે. જાતિભેદથી ઉત્પન્ન થયેલા ઉંચનીચ ભાવ અસ્પૃશ્યતાનો ભાવ, સાંસારિક ધંધાઓને માટે કેટલાક દેવ દેવીઓની માન્યતા, મંતર જંતરમાં વિશ્વાસ, કેટલાક બ્રાહ્મણ તહેવારોને માનવા, (વૈચિત્ર્ય તો એ છે કે જૈનો પાક્ષિક પ્રતિક્રમણ કરતી વખતે સમ્યક્ત્વના અતિચારોમાં વૈદિક દેવતાઓ અને તહેવારોની માન્યતાઓને મિથ્યાત્વ પણ ગણે છે પરંતુ રોજના વ્યવહારમાં તેમનું પાલન પણ કરે છે.) ઇત્યાદિ એવી બાબતો છે કે જે જૈનોના સામાજિક જીવનમાં મોટે ભાગે એ જ રૂપમાં વિદ્યમાન છે જે

રૂપમાં બ્રાહ્મણધર્મીઓમાં છે. જૈનોમાં કોઇ વિશિષ્ટ અંત્યેષ્ટિ સંસ્કાર પણ નથી.

સામાજિક અને આર્થિક કાનૂનોની દૃષ્ટિથી પણ જૈનો અલગ નથી. જે ધર્મશાળા, કુવા, તળાવ, સાર્વજનિક સ્થાન, ભોજનાલય, ઔષધાલય ઇત્યાદિ જૈનો અથવા હિન્દુઓ માટે છે તેમનો ઉપયોગ બન્ને કરે છે. જનસાધારણના હિતાર્થે સ્થાપિત સંસ્થાઓનો બન્ને લાભ લે છે અને બન્ને આ સંસ્થાઓને મદદ પણ કરે છે. સામ્પ્રદાયિક લડતોમાં પણ જૈનોના હાનિલાભ હિન્દુઓની સાથે જ જોડાયેલા હોય છે. અધુનિક કાળમાં તો આચાર, ભાષા, વેશભૂષામાં પણ બન્નેમાં વિશેષ અંતર નથી. મારો એ પણ ખ્યાલ છે કે બ્રાહ્મણોના એવા ક્રિયા-કાંડો કે જેમાં હિંસા અથવા પશુબલિનો આશ્રય લેવામાં ન આવ્યો હોય અને એવા સહભોજનો કે જેમાં માંસમદિરાનો ઉપયોગ ન થતો હોય એવા પ્રસંગોમાં ભાગ લેવામાં મોટે ભાગે જૈનો સંકોચ નહોતા રાખતા. ગમે તે કારણ હોય પણ વસ્તુસ્થિતિ તો એ છે કે જૈનોએ સામાજિક જીવનમાં વૈદિક ધર્મથી ભિન્ન કોઇ પણ પ્રકારની મૌલિકતાનો આશ્રય લીધો નથી, જે કે તેઓ સરળતાથી એવું કંઇક કરીને વૈદિક ધર્મના સામાજિક દોષોથી વિશેષતઃ જાતિભેદ અને અસ્પૃશ્યતાના કલંકથી બચી શકતા હતા.

હિન્દી કાનૂન અને જૈન

સર મુલ્લાના Principles of Hindu Law માં પૃ. ૫-૬ માં હિન્દુ કાનૂન કઇ કઇ વ્યક્તિઓને લાગુ પડે છે એ બતાવવામાં આવ્યુ છે તેમાં (V) ક્રમમાં લખવામાં આવ્યું છે કે "રિવાજને કારણે કાનૂનથી ભિન્ન હોવાના અપવાદને છોડીને જૈનો, શીખો અને નંબુદરી બ્રાહ્મણો પર" વળી પૃષ્ઠ ૬૧૩ પર પણ ઉલ્લેખ છે કે "હિન્દુ કાનૂનથી ભિન્ન વિશેષ, રીતિ રિવાજ અને વ્યવહારની સાબિતીના અભાવે આમ હિન્દુ કાનૂન જૈનોને લાગુ પડે છે." આથી એ નિશ્ચિત થાય છે કે કેટલાક અપવાદો સાથે હિન્દુ કાનૂન જૈનો અને શીખોને લાગુ પડે છે. જૈનોને માટે અપવાદ ઉત્તરાધિકાર, વિધવાની સમ્પત્તિ, પુત્ર દત્તક લેવાનો વિધવાનો અધિકાર, અનાથ બાળકને દત્તક લેવો તથા દત્તક લેવાની વિધિ વગેરેના સંબંધમાં છે.

પૃષ્ઠ ૬૩૩ પર બ્રાહ્મણ ધર્મથી જૈન ધર્મનો ભેદ બતાવતા સર મુલ્લા લખે છે કે "ધર્મના સંબંધમાં જૈનોની સ્થિતિ બુધ્ધ અને બ્રહ્મને માનવાવાળાની વચ્ચેની છે. તેઓ વેદોને ધાર્મિક ગ્રંથ માનતા નથી, અન્ત્યેષ્ટિ ક્રિયા સંબંધી બ્રાહ્મણ ધર્મના સિધ્ધાન્ત, શ્રાધ્ધ અને મૃત પુરૂષોના આત્માની મુક્તિ માટે પિંડદાન દેવાની પ્રથાનો સ્વીકાર કરતા નથી. તેમને એમાં પણ શ્રધ્ધા નથી કે દત્તક લીધેલો પુત્ર પિતાનું આધ્યાત્મિક હિત સાધી શકે. મૃત્યુ સંબંધી વિધિવિધાનના વિષયમાં પણ બ્રાહ્મણ ધર્મ સાથે તેમનો મતભેદ છે.

"શબ્દને બાળી નાખ્યા પછી કે દાટી દીધા પછી કોઇ પણ પ્રકારની અન્ત્યેષ્ટિ ક્રિયા તેઓ કરતા નથી. છતાં પણ તેમનામાં કેટલીક એવી જાતિઓ છે કે જે આજે પણ હિન્દુ રીત રિવાજોને માને છે અને મૃત્યુ પામેલાની પાછળ માસિક, છમાસિક અથવા વાર્ષિક શ્રાધ્ધ કરે છે....જાતિભેદ આદિ અન્ય વિષયોમાં જૈનો હિન્દુઓ સાથે સહમત છે."

જૈનો પર હિન્દુ કાનૂન લાગુ પડવો જોઇએ નહિ

જૈનો પર હિન્દુ કાનૂન લાગુ ન કરવામાં આવે એવો અવાજ શું આજે પહેલાં કદિ પણ ઉઠાવવામાં આવ્યો હતો ખરો? આ વિષયમાં Principles of Hindu Law ના ૬૩૪માં પાના પર એક મહત્વપૂર્ણ ઉલ્લેખ છે. ૧૯૨૭માં મદ્રાસમાં એક મુકદ્દમામાં જૈન વિધવાઓ પોતાના પતિની અધિકૃત આજ્ઞાના અભાવે પુત્ર દત્તક લેવાનો અધિકાર છે કે નહિ એ પ્રશ્ન ઉભો થયો હતો. તે વખતે કુમારસ્વામી શાસ્ત્રી Ag. C. J. એ કહ્યું હતું "આધુનિક જોડાણે સિધ્ધ કરી આપ્યું છે કે જૈનો વિચારભેદને લીધે હિન્દુઓથી એક કાળે અલગ થયા હતા એ સ્વીકારવાને હું તૈયાર નથી હકીકત આવી નથી. જૈનધર્મનો પ્રાદુર્ભાવ તથા ઇતિહાસ, સ્મૃતિઓ અને સ્મૃતિઓની ટીકાઓ જેને હિન્દુ કાનૂન અને રીતરિવાજના સંબંધમાં અધિકૃત સમજવામાં આવે છે તેથી અત્યન્ત પ્રાચીન છે.

.....વસ્તુતઃ જૈનધર્મ વેદોના પ્રમાણને સ્વીકારતો નથી અને વેદ હિન્દુ ધર્મના મુખ્ય સ્તંભ છે. એવા ઘણાં ક્રિયાકાંડો છે જેને હિન્દુઓ આવશ્યક સમજે છે ત્યારે જૈનધર્મ તેમની ફળદાયિની શક્તિનો અસ્વીકાર કરે છે. જ્યાંસુધી જૈન કાનૂનનો સંબંધ છે ત્યાં સુધી જૈનોને પણ પોતાના કાનૂન સંબંધી ગ્રંથો છે જેમાં ભદ્રબાહુ સંહિતાનું વિશેષ મહત્ત્વ છે. જૈનાચાર્ય હેમચંદ્રની વર્ધમાન નીતિ તથા અર્હન્ નીતિમાં પણ જૈન કાનુનનું પ્રતિપાદન છે. એમાં સંદેહ નથી કે વસ્તીગણત્રીમાં અતિ અધિક સંખ્યાવાળા હિન્દુઓના ચિરકાલીન સહવાસથી જૈનધર્મે હિન્દુઓના ઘણા સંસ્કારો અને રિતરિવાજોને અપનાવી લીધા છે; પરન્તુ આ આધાર પર વિજ્ઞાનેશ્વર તથા અન્ય ટીકાકારો દ્વારા વિકસિત હિન્દુ કાનૂનને સંપૂર્ણતઃ જૈનો પર લાગુ કરવા એ ઉચિત નથી, જ્યારે આ વિજ્ઞાનેશ્વર તથા અન્ય ટીકાકારોની ટીકાઓ જૈનધર્મના નિજના ધાર્મિક સંસ્કારો તથા વિધિ વિધાન સહિત સ્વતંત્ર અને પૃથક રૂપે અસ્તિત્વમાં આવ્યાના સમય પછી કેટલીક શતાબ્દિ બાદ લખવામાં આવી છે."

આ કથનથી એ ફલિત થાય છે કે જૈનોએ સામાજિક જીવનમાં ન પોતાની પૃથક્ સત્તા કાયમ કરી કે જૈન કાનૂન અનુસાર ન્યાય મેળવવા ઉપર ન કદી ભાર દીધો. આપણે એ માનવું પડશે કે જૈનો પર કયા કાનૂન લાગુ પાડવામાં આવે એ બાબતની ઉપેક્ષા જૈનો તરફથી કરવામાં આવી અને વૈદિક વિધિ વિધાન અને સ્મૃતિઓનું એટલું પ્રાબલ્ય હતું કે જૈનો પર અધિકતર તેમનો પ્રભાવ પડયો અને કેટલીક નાની નાની બાબતોને છોડીને હિન્દુઓના સામાજિક આચાર અનુસાર તેમણે પોતાનું જીવન શરૂ કર્યું. તો પણ એ નિશ્ચિત છે કે જૈનાચાર્યો એ પક્ષમાં નહોતા કે શ્રુતિસ્મૃતિના આધાર પર બનેલા વિધાન જૈનો પર આરોપિત કરવામાં આવે. જૈન સમાજ સંભવતઃ આ સ્થિતિને સમજવા અથવા કેટલાક કારણોને લીધે એ સ્થિતિને કાર્યના રૂપમાં પરિણત કરવા અસમર્થ નીવડયો. પરિણામે જૈન કાનૂન ન તો વ્યવહારિક રહ્યો, ન તો એનો વિકાસ થયો. વૈદિક ધર્મ તથા જાતિભેદનો જૈન ધર્મે વિરોધ કર્યો હતો પણ વેદોના જ આધાર પર બનાવેલા કાનૂનોનો જૈનો સ્વીકાર કરતા રહ્યા. છેલ્લે છેલ્લે ઇસ્ટ ઇન્ડીઆ કમ્પનીના રાજ્યકાળમાં જ્યારે હિન્દુ કાનૂન અને મુસ્લિમ કાનૂન ઘડવામાં આવ્યા ત્યારે જૈનો પર હિન્દુ કાનૂન જ લાગુ પાડવામાં આવ્યા.

(અપૂર્ણ)

મૂળ હિંદી: **શ્રી. પૃથ્વીરાજ જૈન,**
અનુવાદક: **શ્રી. તારાબહેન શાહ**

વૈદ્યકીય રાહત

મુંબઇ અને પરાંઓમાં વસતાં જે જૈન ભાઇ યા બહેનને વૈદ્યકીય રાહતની, દવા કે ઇન્જેક્શનોની તેમ જ ડોકટરી ઉપચારની જરૂર હોય તેમણે ધનજી સ્ટ્રીટમાં આવેલ મુંબઇ જૈન યુવક સંઘના કાર્યાલયમાં તપાસ કરવી.

રતિલાલ ચીમનલાલ કોઠારી
મંત્રી, વૈદ્યકીય રાહત સમિતિ

ભગવાન મહાવીર કહેતા હવા

('સુત્ર કૃતાંગ' નામના જૈન આગમમાંથી ઉદ્ધૃત કરવામાં આવેલ ભગવાન મહાવીરનો અહિંસાલક્ષી ઉપદેશ):

લોકો આ જીવનનાં સત્કાર, માન અને પૂજન માટે કે જન્મમરણમાંથી મુક્તિ મેળવવા માટે કે દુઃખનો પ્રતિકાર કરવા માટે વિવિધ પ્રવૃત્તિઓ કરે છે. પોતાની તે પ્રવૃત્તિઓ દ્વારા તે આતુર લોકો સર્વત્ર બીજા પ્રાણોની હિંસા કરતા હોય છે કે તેમને પરિતાપ આપતા હોય છે. એ વસ્તુ તેમને માટે અહિતકર છે, અને સાચું જ્ઞાન પ્રાપ્ત થવામાં આડે આવનારી છે.....વિવિધ જીવોનો ઘાત કરવો એ બંધન છે, મૃત્યુ છે તથા નરક છે.

પ્રત્યેક પ્રાણીની શાંતિનો વિચાર કરીને તથા તેને બરાબર સમજીને હું (ભગવંત મહાવીર) કહું છું કે, બધાં ભૂત પ્રાણીઓને પીડા, અશાંતિ કે ભય એ દુઃખરૂપ છે. માટે મેધાવી પુરૂષે તેમની હિંસા ન કરવી કે ન કરાવવી. જે માણસ વિવિધ પ્રાણોની હિંસામાં પોતાનું જ અનિષ્ટ અને અહિત જોઇ શકે છે, તે તેનો ત્યાગ કરવા સમર્થ થઇ શકે છે. જે માણસ પોતાનું દુઃખ જાણે છે, તે બહારનાનું દુઃખ જાણે છે.....મનુષ્યે અન્ય જીવોની બાબતમાં બેદરકાર ન રહેવું. જે અન્ય જીવોની બાબતમાં બેદરકાર રહે છે, તે આત્માની બાબતમાં પણ બેદરકાર રહે છે; તથા જે આત્માની બાબતમાં બેદરકાર રહે છે, તે અન્ય જીવની બાબતમાં પણ બેદરકાર રહે છે.....જે શ્રમણ બ્રાહ્મણો એમ કહે છે તથા ઉપદેશે છે કે, બધા ભૂત પ્રાણોને મારવાં જોઇએ, તેમની પાસે બળાત્કારે કામ કરાવવું જોઇએ, કે તેમને રિબાવવાં જોઇએ, તે બધા ભવિષ્યમાં પણ એ જ રીતે છેદભેદ તથા જન્મ-જરા-મરણ પામશે અને અનેક યોનિઓમાં ભટકતા ભટકતા ભવપ્રપંચના કકળાટ ભોગવશે. તેમને માતૃમરણ પિતૃમરણ ભ્રાતૃમરણ તથા એ જ પ્રમાણે ભાર્યા, પુત્ર, પુત્રી, તથા પુત્રવધુનાં મરણનું દુઃખ ભોગવવું પડશે; તથા દારિદ્રય, દૌર્ભાગ્ય, અપ્રિયપ્રાપ્તિ, અને પ્રિયવિયોગ વગેરે બહુ પ્રકારનાં દુઃખ દૌર્મનસ્ય ભોગવવાં પડશે. તેમને સિધ્ધિ કે બોધ પ્રાપ્ત થવાં અશકય થશે, તથા તેઓ સર્વ દુઃખોનો અંત લાવી શકશે નહી.

સદ્‌ગુરૂનું શરણ સ્વીકારી, સધ્ધર્મનું જ્ઞાન પામેલો ભિક્ષુ જોઇ શકે છે કે, આ જગત સ્થાવર અને જંગમ એ બે પ્રકારે વિભકત થયેલું છે. તેમાં પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને હાલતાં ચાલતાં (ત્રસ) પ્રાણીઓ એમ છ પ્રકારના જીવોના વર્ગો પોતપોતાનાં કર્મ અનુસારે આવી રહ્યા છે. એ છ વર્ગો જ એક બીજામાં આસકિતથી, પરિગ્રહથી, તથા પરિણામે થતાં હિંસાદિથી કર્મબંધનનાં નિમિત્ત બને છે. પરંતુ જેમ મને કોઇ લાકડી વગેરેથી મારે અથવા પીટે અથવા કોઇ મારો તીરસ્કાર કરે કે બીજી રીતે મને રિબાવે અથવા મારી નાંખે-અરે માત્ર મારા વાળ ઉખાડે તો પણ મને દુઃખ થાય છે, તેમ જ બધા જીવોને પણ થાય છે. માટે કોઇ પણ જીવની હિંસા ન કરવી, તેમ જ કોઇ પણ પ્રાણીને મારવું નહીં, રિબાવવું નહીં, બળાત્કારથી તેની પાસે કામ કરાવવું નહીં કે તે ઇચ્છાથી તેને પાળવું નહીં. જે કોઇ અરિહંત ભગવાનો થઇ ગયા છે, હાલમાં છે કે ભવિષ્યમાં થશે, તે બધા આમ જ કહે છે તથા આમ જ ઉપદેશે છે. એ ધર્મ ધ્રુવ છે, નિત્ય છે, તથા શાશ્વત છે અને સમગ્ર લોકનું સ્વરૂપ જાણીને, અનુભવી તીર્થંકરોએ કહેલો છે.

પરંતુ જ્યાં સુધી મનુષ્યમાંથી સર્વ પ્રકારના દોષો દૂર થયા નથી; ત્યાં સુધી તે મન-વાણી-કાયાથી સંપૂર્ણ અહિંસા પાળી શકવાનો નથી. મહાપ્રજ્ઞાવાળા બુધ્ધિશાળી મનુષ્યે જિતેંદ્રિય થઇ, વિષય ભોગોથી નિવૃત્ત થવું અને સંયમાદિમાં પરાક્રમી બની વિચરવું; તેણે અતિ માન-માયા-ક્રોધ-લોભથી દૂર રહેવું. ટુંકમાં તેણે સર્વ સારા કર્મ આચરવાં અને પાપ કર્મો ત્યાગવાં. તેણે તપાચરણમાં પરાક્રમી બની, નિર્વાણને નક્ષત્રોમાં ચંદ્રમાની પેઠે શ્રેષ્ટ માની તેને સાધવામાં પુરૂષાર્થી થવું. જેમ આ જગત સર્વ ભૂત પ્રાણીઓનું આધારસ્થાન છે, તેમ જે બુધ્ધો થઇ ગયા છે ને હજી થવાના છે, તેમનું પણ નિર્વાણ એ જ આધારસ્થાન છે, માટે તેણે ઇંદ્રિયોનું દમન કરી, તે નિર્વાણ જ પ્રાપ્ત કરવા પ્રયત્નશીલ થવું.

મુંબઇના પંતપ્રધાનનો સંદેશો

તા. ૩૧-૩-૫૦ શુક્રવારની સવારે મુંબઇની ધારાસભાના પ્રમુખ. માન્યવર શ્રી કુંદનમલ ફીરોદિયાના પ્રમુખસ્થાને મુંબઇમાં વસતા જૈનોની એક જાહેર સભા ગોડીજીના ઉપાશ્રયની વ્યાખ્યાનશાળામાં મળી હતી. શારીરિક અસ્વસ્થતાના કારણે આ જ સભાનું પ્રમુખસ્થાન શોભાવવાને અશકત બનેલા મુંબઇ પ્રાન્તના મુખ્ય પ્રધાન માન્યવર બાળાસાહેબ ખેરે આ પ્રસંગે નીચે મુજબ સંદેશો મોકલ્યો હતો :—

"આજના મંગળ દિવસે હું આપ સર્વની વચ્ચે ઉપસ્થિત થઇ શકયો હોત તો મને કેટલો બધો આનંદ થાત? પણ કમનસીબે એ પ્રમાણે બનવા સર્જાયું નહોતું!

"બહાદુરી-શૂરવીરતા-વિષેનો સામાન્ય ખ્યાલ એવો છે કે જે અન્ય કરતાં વધારે નાશ કરી શકે, નુકસાન કરી શકે તે બહાદુર કહેવાય. જે પોતાના પ્રતિપક્ષીનો નાશ કરવાને ઉત્સુક હોય, તત્પર હોય અને શકિતમાન હોય તેને શુરવીર લેખવામાં આવે છે. આ બાબતનો વધારે વિચાર કરતાં માલુમ પડે છે કે બીજું એક એવું વીરત્વ છે કે જે આ સ્વીકૃત વીરત્વ કરતાં પણ વધારે ઉચ્ચ કોટિનું છે. હિંસા ભયમાંથી જન્મે છે. જે દુશ્મનોને આપણે નજરોનજર નિહાળી શકીએ છીએ તે કરતાં પણ અગોચર એવા અન્તરશત્રુઓને જીતવા વધારે મુસ્કેલ છે, આ યુદ્ધ અવિરતપણે ચાલ્યા જ કરે છે. પોતાના નિશ્ચયને અડગપણે વળગી રહેવા માટે દુઃખ અને વાતના સહન કરવાની અમર્યાદિત તૈયારીની અપેક્ષા રહે છે. બહારના ક્રોધ કે ભયનો સામનો કરવા માટે જે બળની જરૂર પડે છે તે કરતાં આન્તરશત્રુઓનું દમન કરવા માટે ઘણા વધારે બળની આવશ્યકતા રહે છે. ભગવાન મહાવીરના ઉપદેશમાંથી આ સત્ય આપણને પ્રાપ્ત થાય છે. દુનિયાના મહાનમાં મહાન સન્તપુરૂષોને અનન્ત શકિતનું દર્શન થયું હતું. સત્યનું દર્શન થવા બાદ તેનો તેમણે પ્રચાર કરવા માંડયો હતો અને દુનિયાના લોકોને ઉપદેશ દેવાનું શરૂ કર્યું હતું. આની પાછળ દુઃખદલિત માનવજાત માટે તેમના દિલમાં અનંત પ્રેમ અને કરૂણા રહેલાં હતાં. આજ માત્ર અહિંસાનો સિધ્ધાન્ત છે. દુનિયાની કોઇ પણ પ્રજાએ હજુ સુધી અહિંસાને ધ્યેય તરીકે સ્વીકારેલ નથી. મહાવીરના અનુયાયીઓની પ્રજા જો ઉભી કરી શકાય તેમ હોય તો માત્ર તે જ પ્રજા અહિંસાને પોતાના ધ્યેય તરીકે જાહેર કરી શકે તેમ છે.

"આવા કલ્પનાશિખર ઉપરથી જ્યારે જેઓ પોતાને મહાવીરના અનુયાયીઓ કહેવરાવે છે તેમણે ઇશુખ્રીસ્તના અનુયાયી તો ભાડૂક પોતાને મળેલ અમૂલ્ય વારસાની જે અવદશા કરી છે તે જ્યારે આપણે નિહાળીએ છીએ ત્યારે આપણું હૃદય અત્યન્ત વેદના અનુભવે છે. આપણને મળેલા સત્યની આજે અને હમણા ઘર ઘરના છાપરે છાપરેથી આપણે ઘોષણા કરવી જોઇએ અને તદનુસાર આચરવાનો જીવન જીવવાનો નિષ્ટાપૂર્વકનો પ્રયત્ન કરવો એકજ આપણા ઉધ્ધારનો સાચો માર્ગ છે. એ યાદ રાખો કે સ્વતંત્ર ભારતે सत्यमेव जयते એ સુત્રને પોતાના જીવનસિદ્ધાન્ત તરીકે સ્વીકારેલ છે. મહાવીરના અનુયાયીઓ પાસેથી ઘણી ઘણી બાબતોની આશા રાખવામાં આવે છે. ભગવાન મહાવીર આપણને સદા પ્રેરણા આપતા રહે, અને આપણા ઉપર આશીર્વાદ વરસાવતા રહે અને તેમનો ધર્મોપદેશ આજના વેદનાવિહ્વળ જગતમાં સદા સર્વત્ર પ્રસરતો રહે!"

પ્રજ્ઞાચક્ષુ ડૉ. તાહા હુસેન બે

['ફ્રી પ્રેસ જર્નલ'ના ૨૬મી ફેબ્રુઆરીના અંકમાં ' ડૉ. ગીલ્બર્ટ સેક્બોન'નો 'Not Seeing with eyes, yet seeing far...' એ શિર્ષક માહિતીપૂર્ણ અને પ્રેરક એક લેખ પ્રકટ થયેલો. ઇજીપ્તની નિરક્ષરતાને દૂર કરવા માટે ત્યાંના એક પ્રજ્ઞાચક્ષુ પંડિતે કેવી કમર કસી છે તેનો તેના પરથી ખ્યાલ આવે છે. હિંદની પણ, નિરક્ષરતાની બાબતમાં એ જ પરિસ્થિતિ છે, એ વખતે 'પ્રબુદ્ધ જૈન'ના વાચકોને આ લેખ વિચારણીય થઇ પડશે. તેનો અનુવાદ **શ્રી કમળાબહેન રતનચંદ સુતરિયાએ** કર્યો છે. —સંપાદક]

એક પ્રજ્ઞાચક્ષુ વ્યકિત, ખેડૂતના ઝૂંપડામાં જન્મી, મહાન બને, ઇજીપ્તના સાહિત્યમાં પ્રભાવશાળી બને, અને ઇજીપ્તના કેળવણીના ધોરણને ઊંચું લાવવા પ્રયત્ન કરે, તેમ જ ઇજીપ્તમાંથી અજ્ઞાનતાને દૂર કરવા માટે જેહાદ જગાવે, એ આશ્ચર્યજનક બીના છે, પરંતુ આ હકીકત છે—સાચી હકીકત છે. અત્યારે આ વ્યકિત ઇજીપ્તના કેળવણી ખાતાના પ્રધાનપદે છે. તેનું નામ છે ડૉ. તાહાહુસેન બે.

ડૉ. તાહા હુસેન અલ-અઝહર અને સોરબોની (પેરીસ) વિદ્યાપીઠના સ્નાતક છે. વળી તેઓ સર્જક, કવિ અને દર્શનશાસ્ત્રી છે. તેમની મહત્ત્વાકાંક્ષા, જે સ્થળેથી હજારો વર્ષ પહેલાં નાઇલની સંસ્કૃતિ જન્મી અને વિકસી, એ જ સ્થળે કેળવણીનો પૂરેપૂરો વિકાસ કરવાની છે.

દરેક ગામડે પ્રાથમિક શાળા, દરેક મોટા ગામમાં અને શહેરમાં માધ્યમિક શાળા, પ્રાંતના દરેક મુખ્ય શહેરમાં ખેતી, હુન્નર ઉદ્યોગ અને વ્યાપારની શાળા, અને રાજ્યમાં બે નવી અદ્યતન વિદ્યાપીઠો સ્થાપવાની તેમની યોજના છે. તેઓ પોતે પૂર્વ અને પશ્ચિમની સંસ્કૃતિથી રંગાયેલા છે, અને તેથી પૂર્વ અને પશ્ચિમ વચ્ચે આ રીતે તેઓ સાંસ્કૃતિક સંબંધ કેળવવા ઇચ્છે છે.

રાજકીય સ્વાતંત્ર્ય મેળવ્યા પછી ઇજીપ્તે કેળવણીના ક્ષેત્રમાં ખૂબ પ્રગતિ કરી છે. ૧૯૨૦માં ત્યાં ૯ માધ્યમિક શાળાઓ, ૨૦૦ શિક્ષકો અને ૩૦૦૦ વિદ્યાર્થીઓ હતા. તેની પાછળ વાર્ષિક ખર્ચ દસ લાખ પાઉન્ડનું હતું. અત્યારે નવા અંદાજપત્ર મુજબ વીસ કરોડ પાઉન્ડનું કેળવણી પાછળ ખર્ચ છે. તે રકમનો રાજ્યની બે વિદ્યાપીઠો, ૯૭ શાળાઓ, ૩૦૦૦ શિક્ષકો અને ૮૦૦૦૦ વિદ્યાર્થીઓ લાભ લેશે. આમ છતાં કુલ ઇજીપ્તવાસીઓમાંથી અત્યારે ૮૫ ટકા નિરક્ષર છે.

લાખો બાળકો અને બાલિકાઓ શાળાઓમાં દાખલ થવા માટે આજે તલપાપડ થઇ રહ્યાં છે, પરંતુ તેમને માટે પૂરતી શાળાઓ નથી; એટલા શિક્ષકો પણ નથી. આ પ્રજ્ઞાચક્ષુ પ્રધાન સમક્ષ અત્યારે આ એક વિકટ પ્રશ્ન આવી ઊભો છે. પરંતુ જે વ્યકિતએ પોતાના જીવનની કઠિનાઇઓ ગમે તે ભોગે દૂર કરી તેના પર વિજય મેળવ્યો, એ જ વ્યકિત, આ મુશ્કેલ જણાતી નવી પરિસ્થિતિને પણ પહોંચી વળશે એવી એકેએક ઇજીપ્તવાસીને શ્રદ્ધા છે.

ડૉ. તાહા હુસેન બે, પાતળા બાંધાની, મધ્યમ ઊંચાઇની, પ્રચાસ વર્ષની ઉમરે પહોંચેલ વ્યકિત છે, અને ઇજીપ્તમાં તે પ્રગતિશીલ કેળવણીકાર તરીકે જાણીતા છે. અરેબિક સાહિત્યને વિજ્ઞાનની દૃષ્ટિએ ચકાસનાર તે સૌ પ્રથમ ઇજીપ્તવાસી છે. દુનિયાની મોટામાં મોટી મુસ્લિમ વિદ્યાપીઠ—અલઅઝહરના રેકટર સાથે, અરેબિક શાસ્ત્રો અને ગ્રંથોના પોતાના સ્વતંત્ર વિવેચન અને સંશોધન માટે તેમને ભારે વિવાદ થયેલો, અને તેનો સામનો તેમણે હિંમતપૂર્વક કરેલો.

સહશિક્ષણના પુરસ્કર્તા તરીકે ઇજીપ્તમાં તેઓ જાણીતા છે. તેઓ એક નવલકથાકાર, ઇતિહાસકાર અને નિબંધકાર છે. વળી તેઓ એક રાજદ્વારી લેખક પણ છે. વફદપક્ષના સ્થાપક અને રાષ્ટ્રપિતા તરીકે માન્ય શ્રી સાદ ઝઘલૂલની રાજકીય પ્રવૃત્તિની કડક સમીક્ષા તેમણે જરા પણ ડર રાખ્યા વગર કરેલી. વળી તે સમયની સરકારની કેળવણીની નીતિની પણ કડક આલોચના કરવાનું તેમણે છોડયું નહોતું.

ખેડૂત કુટુંબમાં જન્મ અને નાનપણથી અંધાપો, આથી શરૂઆતથી જ તેમને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડયો. ધીમે ધીમે પોતાની આસપાસના વાતાવરણમાં અભ્યાસદ્વારા મુશ્કેલીઓનો સામનો કરવાનો તેમણે નિર્ણય કર્યો, અને 'કુતુબ'—ગામઠી શાળામાં પોતાને ભણવા મોકલવા માટે માબાપ પાસે ખૂબ આગ્રહ કર્યો.

'કુરાન'નો અભ્યાસ કરી તેર વર્ષની ઉમરે, તેઓ તેમના ભાઇ સાથે કેરોની 'અલ-અઝર' વિદ્યાપીઠમાં જોડાયા. ત્યાં ઝળકીને, પેરિસની 'સોરબોની વિદ્યાપીઠ'માં વધુ અભ્યાસાર્થે સરકારી ખર્ચે ફ્રાન્સ ગયા. ત્યાં લેટિન સંસ્કૃતિનો અભ્યાસ કર્યો. એક ફ્રેન્ચ યુવતી સાથે પરિચયમાં આવ્યા, અને ૧૯૧૭ માં તેની સાથે લગ્ન પણ કર્યું.

ત્યાંથી પાછા ફર્યા પછી, ઇજીપ્તમાં 'ફૌદ અવલ' ખાતે આવેલી વિદ્યાપીઠમાં કલાવિભાગના ' ડીન ' તરીકે નિમાયા; પછી સંસ્કૃતિ વિભાગના ડાયરેકટર જનરલ; કેળવણી વિભાગના ઉપમંત્રી; અને પછી ફૌદ વિદ્યાપીઠના પ્રથમ રેકટર. તેમની સાહિત્યકૃતિઓ માટે તેમને ' બે 'ની ઉપાધિ એનાયત કરવામાં આવી. પરંતુ પોતાના પ્રગતિશીલ વિચારો અને પ્રજાપક્ષ—વફદ પક્ષની સામેના તેમના વલણે તેમને ઉચ્ચ પદવીએ જતા રોકયા અને ૧૯૪૪ માં ફરજિયાતપણે તેમને સરકારીપદેથી રાજીનામું આપવું પડયું.

વફદ પક્ષે આ વર્ષે સત્તા પર આવતાની સાથે જ, તે પક્ષના મુખ્ય મોવડી અને રાષ્ટ્રના મુખ્ય પ્રધાન શ્રી નહાશ પાશાએ તેમને કેળવણી-પ્રધાન તરીકે પસંદ કર્યા. આખા દેશે, તેમ જ જ્ઞાન મેળવવા ઉત્સુક યુવક-યુવતીઓએ તેમની આ પસંદગીને આવકારી.

ડૉ. તાહ હુસેને દસ કરોડ પાઉંડના ખર્ચવાળી કેળવણીની પંચવર્ષીય યોજના તૈયાર કરી છે, અને ઇજીપ્તને મૂંઝવતા નિરક્ષરતાના પ્રશ્નનો મક્કમ હાથે સામનો કરવાની તેમની મુરાદ છે: શહેરોમાં ઉચ્ચ કેળવણીની સુધારણા પાછળ ધ્યાન કેન્દ્રિત કરવાને બદલે, તેઓ ગ્રામવિસ્તારોમાં કેળવણીની વધુ સગવડ આપવામાં માને છે. પ્રાથમિક અને માધ્યમિક કેળવણી વચ્ચે અત્યારે જે અંતર છે તે તેઓ દૂર કરવા ઇચ્છે છે, અને રાજદ્વારી-તેમાંય રાજદ્વારી પક્ષની પકડમાંથી કેળવણીને સંરક્ષવા ઇચ્છે છે. તેઓ કહે છે: 'ઇજીપ્તની વિદ્યાપીઠોમાંની રાજદ્વારી પ્રવૃત્તિ, કેળવણીનું વાતાવરણ બગાડે છે એટલું જ નહિ, પણ, તેનાથી, વિદ્યાર્થીઓ વર્ગમાં ધ્યાન આપવાને બદલે સરઘસો કાઢવાનું પસંદ કરે છે.'

અભ્યાસક્રમ, પાઠયપુસ્તકો, પરીક્ષાઓ, શાળાઓનો આંતરિક વહીવટ, એ બધામાં તેઓ સુધારણા માગે છે. ખેતીયોગ્ય પ્રદેશમાં ખેતીનું જ્ઞાન આપતી શાળાઓ, અને ઔદ્યોગિક વિસ્તારમાં તેનું જ્ઞાન આપતી શાળાઓ સ્થાપવાનો તેમનો કાર્યક્રમ છે, અને તે દ્વારા યોગ્ય 'વિદ્યાર્થીઓને' અનુકૂળ રીતે તૈયાર કરવાની તેમની ભાવના છે.

પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ખામણાં ખૂબ જ તંગી છે. આ તંગી દૂર કરવા માટે તેઓ શિક્ષકની પદવી નહિ ધરાવતા વિદ્યાપીઠના સ્નાતકોને પણ શિક્ષક તરીકે રોકી

જૈન ધર્મના પ્રચારનો સુઅવસર

[ડૉ. કાલીદાસ નાગ, એમ. એ. પીએચ. ડી.—તેઓ કલકત્તા વિશ્વવિદ્યાલયના દર્શનશાસ્ત્રોના પ્રાધ્યાપક, અને જૈન સંસ્કૃતિના પ્રશંસક વિદ્વાન છે. થોડા વખત પહેલા દિલ્હીના દિગંબર ભાઇઓ સમક્ષ તેમણે એક પ્રવચન આપ્યું હતું. એ પ્રવચનમાંના કેટલાક ફકરાઓ સાપ્તાહિક 'જૈન'માંથી નીચે ઉધ્ધૃત કરવામાં આવ્યા છે. —સંપાદક]

જૈન ધર્મ કોઇ એક વિશેષ જાતિ કે સમ્પ્રદાયનો ધર્મ નથી, પણ એ સંસારના બધાંય પ્રાણીઓનો આન્તરરાષ્ટ્રીય તથા સાર્વભૌમિક ધર્મ છે.

*

છેલ્લાં બે વર્ષ થયાં પરદેશના ઘણા પ્રતિષ્ઠિત નાગરિકો અને વિદ્વાનો તેમ જ શોધકો ભારતમાં આવવા અને ભારતની સંસ્કૃતિનું જ્ઞાન હાંસલ કરવા ચાહે છે. એમને જૈન સંસ્કૃતિનો કશો જ પરિચય કરાવવામાં નથી આવતો. તેઓ તો ફકત પોતાની સાથે અહીંથી જૈન તીર્થંકરોની જુદા જુદા પ્રકારની અને જુદી જુદી ધાતુઓની મૂર્તિઓ પોતાની સાથે લઇ જાય છે અને તેને બીજી અપૂર્વ વસ્તુઓના સંગ્રહની જેમ રાખે છે. પણ ખરી રીતે આપણે એમ તો નથી જ ઇચ્છતા કે આપણા આ જૈન ધર્મની—એક અજબ વસ્તુની જેમ—પ્રદર્શન કે અજાયબઘર. (મ્યુઝીયમ) માંની વસ્તુની જેમ—ગણના કરવામાં આવે. આમ થવાનું કારણ એ જ છે કે આપણે જૈન ધર્મ અને એના સિધ્ધાંતોનો પ્રચાર જ કર્યો નથી. આપણું બધુંય સાહિત્ય આપણી પોતાની જ ભાષા—નાગરી, સંસ્કૃત, પ્રાકૃતમાં છે. આપણા સાહિત્યનો સોમો ભાગ પણ દુનિયાની અત્યારની પ્રચલિત ભાષામાં નથી.

જૈન ધર્મ આખી દુનિયાનો એક લોકપ્રિય ધર્મ છે અને એનો પ્રારંભ પણ આપણા તીર્થંકરોએ એ જ ભાવનાથી કર્યો હતો. તીર્થંકરોના મહાન આત્માઓએ દુનિયાનાં રાજ્યો ઉપર વિજય મેળવવાની ચિંતા કરી ન હતી. રાજ્યો ઉપર વિજય મેળવવો એ કંઇ મુશ્કેલ કામ નથી. સેંકડો રાજ્યો સ્થપાય છે અને નાશ પામે છે. મારી પોતાની નજર સામે દુનિયામાં પહેલું મહાયુદ્ધ ખેલાયું અને આપ સહુની સામે બીજું મહાયુદ્ધ થયું. કેટલાય રાજા—મહારાજા, બાદશાહો, પ્રમુખો અને બીજા સત્તાધારીઓને આ દુનિયામાંથી ઉઠાડી મૂકવામાં આવ્યા. જૈન તીર્થંકરોનું અને જૈન ધર્મનું ધ્યેય રાજ્યો ઉપર વિજય મેળવવાનું નહિ—પોતાની જાત ઉપર વિજય મેળવવાનું છે. આ ધ્યેય, એક મહાન ધ્યેય છે અને માનવજીવનની સાર્થકતા એમાં જ છે. જૈન ધર્મ બાહ્ય વસ્તુઓનો સ્વીકાર કરવાનું નથી શીખવતો, પણ એથી ઊલટું એ માનવીની આંતરિક ભાવનાઓ અને આંતરિક જીવનને સ્પર્શ કરે છે.

*

આ (પહેલા, બીજા વગેરે) બધાંય યુદ્ધોએ દુનિયામાં કશું જ મહાન પરિવર્તન નથી કર્યું. જો દુનિયામાં આજે કોઇ વસ્તુએ મહાન પરિવર્તન કરી બતાવ્યું હોય તો એ છે અહિંસાનો સિદ્ધાંત. અહિંસાના સિદ્ધાંતની શોધ દુનિયાની તમામ શોધો અને પ્રાપ્તિઓથી ચઢિયાતી છે—એ ન્યુટનના ગુરૂત્વાકર્ષના નિયમની શોધ કરતાં પણ ઘણી જ ચઢિયાતી શોધ છે. મનુષ્યનો સ્વભાવ છે કે નીચાણ તરફ ગતિ કરવી, પણ સૌથી પહેલાં જૈનોના તીર્થંકરોએ એ બતાવ્યું કે અહિંસાનો સિદ્ધાંત માનવીને ઊંચે ચડાવે છે. એમણે બતાવ્યું કે અહિંસા જ સત્ય છે અને દુનિયાનું કલ્યાણ અહિંસાથી જ થઇ શકે એમ છે.

પણ (આમ હોવા છતાં) આજની દુનિયામાં બધાનો એ જ મત છે કે અહિંસાના સિદ્ધાંતનો સર્વથી પહેલો પ્રચાર આજથી પચીસસો વર્ષ પહેલાં મહાત્મા બુદ્ધે કર્યો હતો. કોઇ પણ ઇતિહાસના જાણકારને એ વાતની બિલકુલ જાણ નથી કે ભગવાન બુદ્ધની પહેલાં એક નહિ પણ અનેક જૈન તીર્થંકરોએ આ અહિંસાના સિદ્ધાંતનો પ્રચાર કર્યો હતો. પણ દુનિયા આ બધી વાતો જાણતી નથી. એને એ વાતનો બિલકુલ ખ્યાલ નથી કે જૈન ધર્મ બુદ્ધ ધર્મ પહેલાનો ધર્મ છે. ખરી રીતે આમાં એમનો કશો જ દોષ નથી. જૈનોએ આ વિષયમાં કશો જ પરિશ્રમ નથી કર્યો. ઇતિહાસના ક્ષેત્રમાં તો જૈન ધર્મની કશી હસ્તી જ નથી.

મેં મારા મિત્ર કલકત્તાનિવાસી શ્રી છોટાલાલજી જૈનના સહકારથી પ્રાચીન જૈન ક્ષેત્રો અને શિલાલેખોની સ્લાઇડો તૈયાર કરીને એ વાતને સાબિત કરી છે કે જૈન ધર્મ એક પ્રાચીન ધર્મ છે કે—જેણે ભારતીય સંસ્કૃતિને ઘણું આપ્યું છે. પણ આજે હજુ સુધી દુનિયાની દૃષ્ટિમાં જૈન ધર્મનું મહત્ત્વ દેખાતું નથી—એમના વિચાર પ્રમાણે તો એ એકવીસ લાખ માનવીઓનો નાનો સરખો ધર્મ છે, પણ જો આપ વિચાર કરશો તો આપને લાગશે કે આપનો જૈન ધર્મ એક વિશાળ ધર્મ છે અને આપણને—જૈનોને એ મહાન ધર્મ આપણા પૂર્વજો તરફથી મળ્યો છે. અહિંસા ઉપર જૈનોનો સંપૂર્ણ હક (Copy-right) છે, પણ આપણું બધું સાહિત્ય આજે નાગરી, સંસ્કૃત તથા કાનડી ભાષામાં છે. એ સાહિત્યને દુનિયાની બધી ભાષાઓમાં પ્રકાશિત કરવાની અને એને જનતાની સામે રજૂ કરવાની જરૂર છે.

*

આજનો યુગ તો એવો છે કે જેમાં 'અહિંસા' શબ્દની એક અપૂર્વ મહત્તા છે. એક શબ્દની પાછળ આખી દુનિયા તમને સહકાર આપવા તૈયાર છે—આ એક શબ્દ જ તમને સંસારમાં સજ્જન રાખવા પૂરતો છે. આપણે સહુએ તો પૂજ્ય સ્વર્ગસ્થ બાપુનો મોટો આભાર માનવો જોઇએ કે એમણે આ અહિંસાના સિદ્ધાંતની ભુલાઇ ગયેલી મહત્તાને દુનિયામાં પ્રકાશિત કરી દીધી. આજે દુનિયાના લાખો પ્રાણીઓ દુનિયામાં ચારેકોર ફેલાયેલ અશાંતિથી ત્રસ્ત થઇને અહિંસા તરફ વળી રહ્યા છે.

*

આપે એ વિચાર કરવાનો છે કે આપ શું કરવા માગો છો—આપે કઇ રીતે અહિંસાના સિદ્ધાંતનો પ્રચાર કરવો છે ? અહિંસાના મહાન સિદ્ધાંતને જાતીય સિદ્ધાંતનું રૂપ ન આપતાં આપ વિશ્વસિદ્ધાંતની જેમ એનો પ્રચાર કરતાં શીખશો.

આ સિદ્ધાંતના પ્રચાર માટે કંઇક ત્યાગની ભાવનાને શીખવાની જરૂર છે. જૈનોનો બીજો મુખ્ય સિદ્ધાંત 'અપરિગ્રહ'—ત્યાગ—ભાવના છે. પણ ખેદની વાત છે કે આપણે જીવનમાં ત્યાગની ભાવનાને નથી અપનાવી. જે સમયે આ ત્યાગની ભાવનાને અપનાવીને અહિંસાના સિદ્ધાંતનો પ્રચાર કરવા કટિબદ્ધ થઇ જશું એ સમયે આખી દુનિયા આ બન્ને સિદ્ધાંતોને કારણે, જૈન ધર્મની શ્રદ્ધાળુ બની જશે.

લેવાના છે. ઇજીપ્તના શિક્ષકોને માર્ગદર્શક બને, એ માટે ફ્રાન્સ, ઇગ્લેન્ડ, જર્મની અને ઇટલીથી પણ શિક્ષકોને નિમંત્રવાના છે.

ડૉ. તાહા હુસેનની 'કળા'ના ક્ષેત્રને વિકસાવવાની પણ યોજના છે. આ માટે કૈરોના 'રોયલ ઓપેરા હાઉસ થિએટર'ને મદદ આપી 'નેશનલ થિયેટર'નું ધોરણ ઊંચું લાવવાની તેમણે વિચારણા કરી છે, અને તેઓ, ઇજીપ્તના વિશાળ સમુદાય સમક્ષ પ્રજાને તૈયાર કરવા, સારામાં સારા નાટકો ભજવવા માટે, યુરોપની શ્રેષ્ઠ નાટક-કંપનીઓને પણ નિમંત્રવાના છે.

પ્રજાનો અને રાજ્યનો—બન્નેનો તેમને સહકાર છે. એટલે, ટૂંક સમયમાં, ડૉ. તાહા હુસેન પોતાની પ્રજ્ઞા ચક્ષુદ્વારા ઇજીપ્તને સ્થૂલ અને સૂક્ષ્મ દૃષ્ટિ આપી શકશે, એ નિઃશંક છે.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાનઃ સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજી. નં. બી ૪૨૬૬

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ : ૧૧ અંક : ૨૪ | મુંબઈ : ૧૫ એપ્રીલ ૧૯૫૦ શનિવાર | વાર્ષિક લવાજમ રૂપિયા ૪

હિન્દુ, જૈન અને હરિજન મંદિરપ્રવેશ

(ગતાંકથી ચાલુ)

હિન્દુ શબ્દનો પ્રચલિત સંકુચિત અર્થ

હિન્દુ શબ્દના ઇતિહાસ પર વિચાર કરતાં આપણે એ જોઇ ગયા છીએ કે કેવી રીતે વિદેશીઓ દ્વારા યોજાયેલો એક ભૌગોલિક શબ્દ મુસલમાન રાજ્ય-કાળમાં ભારતવર્ષ અથવા આર્ય દેશના વ્યવહારમાં પ્રચલિત થઇ ગયો. શરૂઆતમાં તો બ્રાહ્મણ, જૈન તથા બૌદ્ધ એ ત્રણ ધર્મોના અનુયાયીઓ માટે આ શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો. બૌદ્ધોનો તો ભારતમાં હ્રાસ થયો. જૈનોની સંખ્યા વિશેષ નહોતી. વળી તેમનું સામાજિક જીવન પણ કોઇ એવી વિશેષતા વાળું નહોતું કે તેઓને બ્રાહ્મણધર્મીઓથી અલગ સમજવામાં આવે. જૈનોએ પોતાના અલગ કાનૂનો અપનાવ્યા હોય એ કહેવું પણ અધરૂં છે. આ સર્વ બાબતોનો સાર એ નીકળ્યો કે 'હિન્દુ' શબ્દ વૈદિક અથવા બ્રાહ્મણ ધર્મના અનુયાયીઓને માટે રૂઢ થતો ગયો અને આ જ અર્થમાં તે એટલો પ્રસિધ્ધ થઇ ગયો કે મૂળ અર્થ લુપ્ત થઇ ગયો. જૈનો પણ પોતાના જીવનમાં અધિકતર વૈદિક ધર્મીઓ જેવું જ આચરણ કરતા હતા. કોઇ કોઇ બાબતમાં અન્તર પણ હતું. આમ હોવાથી સાધારણ જનતા જૈનોને વૈદિક ધર્માવલમ્બીઓની એક શાખા જ માનવા લાગ્યા અને જૈન ધર્મને વૈદિક ધર્મનું એક અંગ અથવા સુધરેલું રૂપ લેખવા લાગ્યા, જે કેટલીક બાબતોમાં મતભેદને કારણે જૈનધર્મના પૃથક્ નામથી ઓળખાવા લાગ્યું. મને લાગે છે કે જો વસ્તીપત્રકમાં હિન્દુ, જૈન, પ્રસાઇ, મુસલમાન, શીખ ઇત્યાદી ભિન્ન ધર્મોના અલગ અલગ કૉષ્ટક ન હોત તો સંભવતઃ જૈન અને શીખ કદિ એ વિચાર પણ ન કરત કે તેઓ વૈદિક મતવાળાઓ કરતાં જુદા છે. આજે હિન્દુ શબ્દના સંકુચિત અર્થનો જ અધિક પ્રચાર છે એનું પ્રત્યક્ષ પ્રમાણ શબ્દકોષ તથા વિશ્વકોષ (Encyclopaedia) છે. તેના કેટલાંક ઉદાહરણ અહીંયા લઇએ :—

'હિન્દી વિશ્વકોષ ૨૫ મો ભાગ પૃ. ૭૯-૮૦ હિન્દૂ (સં. પુ.) આર્યાવર્તવાસી વર્ણાશ્રમ ધર્મી.....મુસલમાન તથા બીજી વિદેશી અને અનાર્ય જાતિઓને બાદ કરતાં ભારતવાસી માત્ર હિન્દુ કહેવાય છે..... વર્તમાન કાળમાં ભારતવાસી આર્યસંતાન જૈનો અને બૌદ્ધો પોતાને હિન્દુઓ નથી કહેવડાવતા એમ છતાં મુસલમાન રાજ્યકાળ દરમ્યાન તેઓ પોતાને હિન્દુ કહેવડાવતા હતા. હવે આર્ય શબ્દની જેમ હિન્દુ શબ્દ પણ પારિભાષિક થવા માંડયો છે. જે લોકો વેદ અથવા વેદોદિત ધર્મગ્રન્થ અને પરલોક પર વિશ્વાસ કરે છે તથા ગોમાંસને અડતા પણ નથી તે લોકો જ આજ કાલ કટ્ટર હિન્દુ કહેવાય છે.

'હિન્દી શબ્દસાગર' ૪થો ભાગ પૃ. ૩૮૧૪ 'હિન્દૂ' (સં. પુ.) (ક્રા) " ભારતવર્ષમાં વસનાર આર્યજાતિના વંશજ જે ભારતમાં પ્રવર્તિત અથવા પલ્લવિત આર્યધર્મ, સંસ્કાર અને સમાજ વ્યવસ્થાને માનતા આવ્યા હોય, વેદ, સ્મૃતિ, પુરાણ-આદિમાંથી કોઇ એક અનુસાર ચાલવાવાળા ભારતીય આર્ય ધર્મના અનુયાયી."

Chamber's T. C. Dictonary: "Hindu:— a native of Hindustan: now more properly applied to native Indian believers in Brahmanism as opposed to Mohammedans and etc (હિન્દુસ્તાનનો નિવાસી. આજકાલ અધિકતર ભારતના એવા નિવાસીઓને માટે વપરાય છે જે મુસલમાન તથા અન્યથી સર્વથા ભિન્ન બ્રાહ્મણ ધર્મમાં માને છે.")

Encyclopaedia Britanica Vol. XI p. 570.....From Persian 'Hind' is derived another word 'Hindi' which means 'of or belonging to India' while 'Hindu' now means a person of the Hindu Religion. (ફારસીના 'હિન્દૂ' શબ્દમાંથી એક અન્ય શબ્દ 'હિન્દી' બન્યો છે, જેનો અર્થ હિન્દુસ્તાનનો નિવાસી થાય છે જ્યારે હિન્દુનો અર્થ આજકાલ હિન્દુધર્માવલંબી થાય છે.) આ ભાગમાં પૃ. ૫૭૭ થી હિન્દુધર્મનું વર્ણન છે જેમાં વૈદિક અથવા બ્રાહ્મણ ધર્મની રૂપરેખા છે.

Ency of Religion & Ethics: Vol. VI p. 686 Hinduism is the title applied to that form of religion which prevails among the vast majority of the present population of the Indian Empire. Brahmanism (9. v.) which is the term generally used to designate the higher & more properly restricted to that development of the faith which under Brahman influence, succeded to Vedism or the animistic worship of the greater powers of Nature. (હિન્દુધર્મ એ ધર્મ છે, જે ભારતીય સામ્રાજ્યની વર્તમાન જનતાના એક વિશાળ ભાગમાં પ્રચલિત છે. આધુનિક હિન્દુધર્મના અધિક ઉન્નત અને દાર્શનિક રૂપને પ્રદર્શિત કરવા માટે 'બ્રાહ્મણ ધર્મ' એ શબ્દ વપરાય છે. આ શબ્દ (બ્રાહ્મણ ધર્મ) વધારે પ્રમાણમાં ધર્મના એ વિકાસ સુધી મર્યાદિત છે, જે બ્રાહ્મણોના પ્રભાવથી વૈદિક ધર્મ અથવા પ્રકૃતિની મહાન શક્તિઓમાં ચૈતન્યનું આરોપણ કરી પૂજા કરવાની રીત પછી પ્રગટ થયો.)

'અભિધાનરાજેન્દ્ર' :— હિંદુ હિંદુ-પુ-" વ્યવહારથી હિન્દુ શબ્દ દેશવાચક હોવા છતાં એ દેશમાં રહેવાવાળા આર્ય મનુષ્યોનો વાચક બની ગયો. ક્રમશઃ આ દેશમાં પ્રસિધ્ધ વેદના આધાર પર બનેલાં આગમોનું અનુસરણ કરવાવાળાની ઓળખ હિન્દુ શબ્દથી થવા લાગી. "

આ ઉદાહરણોથી સ્પષ્ટ થાય છે કે કોશકાર હિન્દુને આર્યાવર્ત-નિવાસી અથવા આર્યધર્મના અનુયાયી તરીકે રજુ કરે છે અને સાથે

સાથે વૈદિક બ્રાહ્મણ અથવા શ્રુતિ-સ્મૃતિ પર આધાર રાખવાવાળી ધાર્મિક પરમ્પરાઓને માનવાવાળા હોવાનું પણ જણાવે છે. આવી સ્થિતિમાં જૈનોએ વિચાર કરવો જોઇએ કે શું એ હિન્દુ કહેવડાવીને વર્ણાશ્રમધર્મી કહેવરાવવું ઉચિત સમજે છે? હિન્દુની આ પરિભાષા અત્યધિક પ્રચલિત છે. મોટા મોટા વિદ્વાનો અને નેતાઓ પણ કેટલેક સ્થળે આ અર્થને મહત્ત્વ આપે છે. સર રાધાકૃષ્ણન લખે છે કે "આપણે માટે હિન્દુ એ વ્યકિત છે જે પોતાના જીવન અને આચારમાં કોઇ પણ એવી ધાર્મિક પરમ્પરાનું પાલન કરે છે કે જે વેદોના આધાર પર ભારતમાં વિકસિત થઇ હોય. હિન્દુ માતા પિતાથી જન્મેલા જ નહિ પરંતુ એવી વ્યકિત પણ હિન્દુ છે કે જે માતૃ અથવા પિતૃ પક્ષે હિન્દુ કુળ પરમ્પરાના હોય, ઇસાઇ અથવા મુસલમાન પરમ્પરાના ન હોય. (A Hindu for our purpose, is one who adopts in his life & conduct any of the religious traditions developed in Indian on the basis of the Vedas. Not only those who are born of Hindu parents, but those whose trace Hindu ancestory on either side & do not belong to Islam or Christianity, are Hindus)

મહાત્મા ગાંધીજી એક ઠેકાણે લખે છે, "હું માનું છું કે જે મનુષ્ય હિન્દુસ્તાનમાં હિન્દુ કુળમાં જન્મ લઇને વેદ, ઉપનિષદ, પુરાણાદિ ગ્રન્થોને ધર્મગ્રન્થના રૂપમાં માને છે, જે મનુષ્ય અહિંસા, સત્યાદિ પાંચ યમોમાં શ્રધ્ધા રાખે છે અને તેમનું યથાશકિત પાલન કરે છે, જે મનુષ્ય આત્મા છે, પરમાત્મા છે, આત્મા અજર અમર છે તો પણ દેહના નાશથી સંસારમાં અનેક યોનિઓમાં આવ્યા કરે છે, આત્માનો મોક્ષ છે, મોક્ષ પરમ પુરુષાર્થ છે, એવું માને છે, જે વર્ણાશ્રમ અને ગોરક્ષામાં માને છે તે હિન્દુ છે."

પં. જવાહરલાલ નહેરૂનો સ્પષ્ટ મત છે કે આજકાલ હિન્દુ શબ્દ સંકુચિત અર્થને પ્રગટ કરે છે. તેઓ લખે છે. "મારી સમજમાં નથી આવતું કે આ શબ્દોને (હિન્દુ ધર્મ અને હિન્દુપ્રભાવિત) આ રીતે પ્રયુકત કરવા ઉચિત છે જ્યાં સુધી તેનો વ્યવહાર ભારતીય સંસ્કૃતિના અતિ વ્યાપક અર્થમાં નથી કરવામાં આવતો. આજ આ શબ્દોથી ભ્રાંતિ ઉપજે છે જ્યારે એનો સંબંધ અધિક સંકુચિત અને વિશિષ્ટ ધાર્મિક વિચારો સાથે છે.....ભારતમાં ધર્મને માટે સર્વ સમાવેશક શબ્દ આર્યધર્મ હતો." આગળ લખતા પૃ. ૭૩ પર પંડિતજીનું કહેવું છે, "બૌધ્ધધર્મ અને જૈનધર્મ નિશ્ચયપૂર્વક હિન્દુધર્મ નહોતા અને વૈદિક ધર્મ પણ નહોતા. તો પણ તેમનો ઉદય ભારતવર્ષમાં થયો અને તેઓ ભારતીય જીવન, સંસ્કૃતિ અને તત્ત્વજ્ઞાનના અખંડ અંશ હતા. ભારતવર્ષના જૈન અને બૌધ્ધો હિન્દુધર્મના ન હોવા છતાં ભારતીય વિચારધારા તથા સંસ્કૃતિનું સો એ સો ટકા પરિણામ છે. તેથી ભારતીય સંસ્કૃતિને હિન્દુ સંસ્કૃતિ કહેવી એ નિતાંત ભ્રામકતા છે."

પંડિતજીના શબ્દોનું તાત્પર્ય એ નીકળે કે બૌધ્ધ અને જૈન પૂર્ણતઃ ભારતીય છે, પરન્તુ તેમને હિન્દુધર્મમાં ગણી શકાય નહિ. હાલમાં હિન્દુ ધર્મનો અર્થ એટલો મર્યાદિત થઇ ગયો છે કે એ બ્રાહ્મણ અથવા વૈદિક ધર્મનો પર્યાયવાચી જેવો બની ગયો છે. હિન્દુ શબ્દના મૂલાર્થના આધાર પર જૈન, બૌદ્ધ અને પછીથી શીખ પણ હિન્દુ કહેવાય. ત્યાં હિન્દુ શબ્દનો અર્થ સીમિત થઇ ગયો. તેના ફલસ્વરૂપ આ સર્વને હિન્દુઓના સુધારક સમજવામાં આવ્યા. જૈન ધર્મ એક સર્વથા સ્વતંત્ર અને પ્રાચીન ધારાનો પ્રતિક છે એ બાબત માનવામાં આજે કેટલાયે વિદ્વાનોને સંકોચ થાય છે.

શું શીખ હિંદુ છે?

પ્રસંગવશ એ ચર્ચા પણ લાભપ્રદ થશે કે શીખ હિંદુ છે કે નહિ. શીખોના પ્રથમ ગુરૂ શ્રી નાનકદેવજી ૧૪મી શતાબ્દિમાં થયા. તેમનો ઉપદેશ હિન્દુ અને મુસલમાન બન્નેને માટે હતો. છતાં પણ તેમના અધિકતર અનુયાયી હિન્દુ બન્યા. ગુરૂ નાનકે પણ જાતજાતનો જબરજસ્ત વિરોધ કર્યો અને સર્વમાં એકતાનો મંત્ર ફુંકયો; વૈદિક ક્રિયાકાંડ અને બ્રાહ્મણ્યરને સ્થાને ચિત્તની શુધ્ધિ પર તેઓ અધિક ભાર આપતા હતા અને અકાલ પુરૂષની ભકિતમાં લીન થવાનો અનુરોધ કરતા હતા. "माटी एक सकल संसारा। बहु विधि मांडे कढे कुम्हारा॥" એ ગુરૂની વાણી છે. ગુરૂ ગોવિન્દજી કહે છે:—

"हिन्दू औ तुरक कोऊ राफजी इमाम साफी
मानसकी जाति सबै एकै पहिचानबो॥
देहुरा मसीत साईं पूजा औ निमाज ओही.
मानस सबै एक पै अनेक को प्रभाओ है॥
देवता अदेव जक्ष गन्धर्व तुरक हिन्दू,
न्यारे न्यारे देशन के भेस को सुभाओ हैं।
एकै नैन एकै कान एकै देह एकै बान,
खाक[1] बाद[2] आतिश[3] औ आब[4] को रुलाओ[5] हैं॥

મારા એક શીખ મિત્ર પાસેથી જાણવા મળ્યું છે કે બ્રાહ્મણ ધર્મના જાતિવાદના પ્રભાવથી શીખો પણ બચી શકયા નથી. તેમના સામાજિક જીવનમાં જાતિવાદની જડ બરોબર બેઠેલી છે. શીખ હરિજન મજહબી શીખ કહેવાય છે. આપણી બંધારણ સભા એ સ્વીકારી ચૂકી છે કે અન્ય હરિજનોની જેમ શીખ હરિજનોના સ્થાન પણ ધારાસભાઓમાં સુરક્ષિત રાખવામાં આવે. પરંતુ આજે જ્યારે હિન્દુનો અર્થ વેદધર્માવલમ્બી રહી ગયો છે ત્યારે શીખ પણ પોતાને હિન્દુ કહેવાને તૈયાર નથી. લગભગ ૨૦ વર્ષ પહેલાં ભાઇ કાન્હસિંહ નાભાએ "हम हिन्दू नहीं" નામની પુસ્તિકા લખી હતી. પ્રો. તેજસિંહના Essays On Sikhism પણ આ વિષય પર પ્રકાશ નાખે છે. જ્યાં શીખ ગુરૂદ્વાર છે ત્યાં હરિજનોનો પ્રવેશ નિષિધ્ધ નથી. મુંબઇ સરકારના કાનૂનમાં શીખ ધર્મને પૃથક્ ગણવામાં આવ્યો છે. ૧૯૧૯ થી તેઓને અલગ રાજનૈતિક અધિકાર પ્રાપ્ત થયો છે. પણ નવા બંધારણમાં સાંપ્રદાયિક વિભાજનનો અંત આવનાર છે.

હિન્દુ શબ્દની એક વધારે પરિભાષા

કેટલાક વર્ષોથી હિન્દુ શબ્દની એક બીજી વ્યાખ્યા પણ કરવામાં આવી છે. તેમાં એ બાબત માટે પ્રયત્ન કરવામાં આવ્યો છે કે જૈનો, બૌદ્ધો અને શીખોમાં પોતાને હિન્દુઓથી પૃથક સમજવાની જે ભાવના હિન્દુ શબ્દના પ્રચલિત સંકુચિત અર્થના કારણે ઘર કરી ગઇ છે, તેનું નિવારણ કરવામાં આવે અને આ સૌ ભારતના પ્રાચીન નિવાસી હોવાને કારણે આ દેશ પ્રતિ સર્વમાં એક સામુહિક ચેતના તથા અહીંની સંસ્કૃતિ પ્રતિ શ્રધ્ધાની ભાવના પેદા કરવામાં આવે. આ પ્રયત્ન સ્તુત્ય છે અને આપણને વાસ્તવિકતા તરફ દોરી જાય છે. આ નવી પરિભાષા વીર સાવરકરની આપેલી છે તેમનું કહેવું છે કેઃ—

'आसिंधोः सिंधुपर्यन्ता यस्य भारतभूमिका।
पितृभूः पुण्यभूश्चैव स वै हिन्दुहिति स्मृतः॥

"સિંધુ નદીથી શરૂ કરી સમુદ્ર પર્યંત આ ભારતભૂમિ જે વ્યકિતની પિતૃભૂ (જન્મભૂમિ) તથા પુણ્યભૂ (ધાર્મિક દૃષ્ટિયા પવિત્ર ભૂમિ) છે, તે જ નિશ્ચયપૂર્વક હિન્દુ છે." રામદાસ ગૌડના શબ્દોમાં "ભારતની પ્રાચીનતમ આર્ય પરંપરાને પોતાની

૧ પૃથ્વી ૨ વાયુ ૩ અગ્નિ ૪ જલ ૫ સમ્મીશ્રણ

ઉમ્મરથી તેઓ પરંપરા તરીકે સ્વીકારતા જે ભારતની સંસ્કૃતિ અને ભારતના ધર્મને પૂર્ણરૂપે અને અંશરૂપે અપનાવે તે જ ભારતી ઓને માટે હિન્દુ છે," (હિન્દુત્વ) પં. સુખલાલજીએ પોતાના એક લેખમાં સૂચન કર્યું છે કે સ્વ. શ્રી આનંદશંકર બાપુભાઇ ધ્રુવ હિન્દુ શબ્દમાં વૈદિક, બૌદ્ધ અને જૈન ત્રણને સમાવિષ્ટ કરતા હતા. તેમનો વિચાર હિન્દુ વૈદિક ધર્મ, હિન્દુ બૌદ્ધ ધર્મ તથા હિન્દુ જૈન ધર્મ પર પુસ્તકો લખવાનો હતો.

આ પરિભાષાઓ વ્યાપક છે અને ઓછામાં ઓછું ભારતની ભૂમિ પર ઉદય પામેલી તથા પલ્લવિત થયેલી સર્વ ધાર્મિક પરમ્પરા ઓને એક સૂત્રે બાંધવામાં સમર્થ છે. પરંતુ એ કહેવું અઘરું છે કે આપણી કેન્દ્રીય અથવા કોઇ પણ પ્રાન્તીય સરકાર આ વિશાળ અર્થમાં હિન્દુ શબ્દનો પ્રયોગ કરે છે કે સંકુચિત અને સીમિત અર્થમાં જેમાં તે અધિક રૂઢ થઇ ચૂક્યો છે.

મુંબઇ સરકારની તા. ૧૬-૮-૧૯૪૯ની યાદી.

આ યાદીમાં બતાવવામાં આવ્યું છે કે હરિજન મંદિર પ્રવેશ કાનૂનમાં આપેલી હિન્દુની વ્યાખ્યામાં જૈનોનો સમાવેશ કરવાના વિરુધ્ધ કેટલાક જૈનોએ જાવા ઉઠાવ્યા છે તેમાં મુખ્ય આ છેઃ-

(૧) ઇસાઇ, શીખ અને પારસી ધર્મની જેમ જૈન ધર્મ હિન્દુ ધર્મથી બિલકુલ સ્વતંત્ર ધર્મ છે.

(૨) આ કાનૂનની મર્યાદામાં જૈનોને સમાવિષ્ટ કરવાનો સરકારનો મૂળ આશય ન હતો.

(૩) કાનૂન નિર્માણના ઇતિહાસમાં જૈનોને પ્રથમ વાર હિન્દુઓમાં સામીલ કરવામાં આવ્યા છે.

(૪) હરિજનોને જૈન મંદિરોમાં પ્રવેશાધિકાર દેવાવાળા ધારાઓ જૈન ધર્મશાસ્ત્રોની વિરુધ્ધ છે.

સરકારનું કહેવું છે કે આમાંથી કોઇ પણ દલીલ ટકી શકે તેવી નથી. પહેલી દલીલના વિષયમાં કહેવામાં આવ્યું છે કે હજુ સુધી ઇસાઇ અથવા પારસી ધર્મને જે અર્થમાં હિન્દુ ધર્મથી અલગ ગણવામાં આવ્યા છે એ અર્થમાં જૈન ધર્મનો હિન્દુ ધર્મથી સ્પષ્ટતઃ પૃથક સ્વીકાર નથી કરવામાં આવ્યો. હું માનું છે કે આ ઉત્તર સર્વથા અસન્તોષજનક તથા ભ્રમપૂર્ણ છે. સરકારે પહેલી દલીલનો ઉત્તર આપતા ઇસાઇ અને પારસી ધર્મનો ઉલ્લેખ કર્યો પણ દલીલમાં લખવામાં આવેલા શીખ ધર્મના વિષયમાં કંઇ પણ ન કહ્યું. સરકારને સ્પષ્ટ કરવું જોઇતું હતું કે તે હિન્દુ ધર્મનો શો અર્થ કરે છે અને જે અર્થમાં જૈન ધર્મ હિન્દુ ધર્મથી જુદો નથી તો એ જ અર્થમાં શીખ ધર્મ કેવી રીતે જુદો છે? હિન્દુની પરિભાષાનો નિશ્ચય કર્યા વિના જૈન તેમાં સમાવિષ્ટ છે કે નહિ એ કેવી રીતે કહી શકાય? હિન્દુધર્મના પ્રચલિત સંકુચિત અર્થમાં જૈનધર્મ કદાપિ સમાવિષ્ટ થઇ શકે નહિ. જૈન ધર્મ એક સ્વતંત્ર ધર્મ છે અને વૈદિક, બ્રાહ્મણ અથવા વર્ણાશ્રમ ધર્મથી તેનો સ્પષ્ટ ભેદ છે. એ ઠીક છે કે આત્માનું અસ્તિત્વ, કર્મ, પુનર્જન્મ આદિ વિષયોમાં અમુક હદસુધી સમાન માન્યતાઓ છે પરન્તુ આ માન્યતાઓ હિન્દુઓ અને જૈનોને જ સ્વીકૃત છે એમ નથી. શીખ પણ તેના સ્વીકાર કરે છે. ઇસાઇ, ઇસ્લામ આદિ ધર્મોમાં પણ આ માન્યતાને કોઇને કોઇ રૂપે આ સ્વીકારવામાં આવી છે. સમન્વયની દૃષ્ટિથી હિન્દુ અને જૈન જ શા માટે, મોટા ભાગે સંસારના સર્વ ધર્મમાં મૌલિક એકતા છે. નૈતિક નિયમોમાં અત્યન્ત સામ્ય છે. સત્ય એક છે, કેવળ દેશ અને કાળના ભેદના કારણે ભિન્ન ભિન્ન ભાષાઓ દ્વારા ભિન્ન ભિન્ન ભાષાઓમાં તેનો સંદેશ આપવામાં આવ્યો છે. આ વિષયમાં કેટલાયે વિદ્વાનોએ મહત્ત્વપૂર્ણ ગ્રન્થો લખ્યા છે.

હિન્દુ અને હિન્દુ ધર્મની સ્પષ્ટ વ્યાખ્યા કર્યા વિના જૈન ધર્મને હિન્દુ ધર્મથી જુદો અને સ્વતંત્ર માનવો એ જ જૈનોમાં અસંતોષ ફેલાવાનું મૂળ કારણ છે. બીજું દલીલોના વિષયમાં જે ઉત્તર દેવામાં આવ્યા છે તેની સાથે મોટે ભાગે આપણે સહમત છીએ. આપણે એ સ્વીકારીએ છીએ કે સામાજિક ન્યાય અને સમાનતાના અધિકારની પ્રાપ્તિ સર્વ નાગરિકોને માટે સરખી હોવી જોઇએ. આજના યુગમાં જો ધર્મશાસ્ત્ર તેમાં વિઘ્ન નાખે તો સન્માનપૂર્વક તેની પણ ઉપેક્ષા કરવી જોઇએ. સમય અને પરિસ્થિતિની માંગ સર્વોપરી છે.

પરન્તુ પક્ષ એ છે કે આપણી રાષ્ટ્રીય સરકાર ધર્મનિરપેક્ષ રાજ્ય (Secular State) સ્થાપિત કરવાનો દાવો કરે છે. આવી સ્થિતિમાં ઉચિત એ છે કે તે ભિન્ન ધર્મોની પૃથકતા અથવા અપૃથકતાની ભાંજગડમાં ન પડે. સ્પષ્ટ ઘોષણા કરવી જોઇએ કે સર્વ સંપ્રદાયોના ધાર્મિક સ્થાન સર્વ નાગરિકો માટે ખુલ્લા છે. સ્વચ્છતા, વ્યવસ્થા, શાંતિ આદિની નિર્દિષ્ટ સૂચનાઓનું પાલન કરતાં કોઇ પણ નાગરિકને તે અમુક જાતિનો છે અથવા અમુક વ્યવસાય કરનાર છે એ આધાર પર કોઇ પણ ધાર્મિક સ્થાનમાં પ્રવેશ કરતાં ન રોકી શકાય. જો સરકારની એ ધારણા હોય કે હરિજનને કેવળ જૈન અને હિન્દુ સ્થાનોમાં પ્રવેશનો નિષેધ ન હોય તો એમ કહી શકાય કે આ કાનૂન હિન્દુઓ અને જૈનો પર લાગુ પડશે. તે માટે જૈનોને હિન્દુઓમાં સમાવિષ્ટ કરવામાં આવ્યા ન હોત. આ બેમાંથી કોઇ એક માર્ગ અપનાવવામાં આવે તો અશાંતિ ફેલાવાનો સંભવતઃ અવસર ન આવત એવો મારો વિશ્વાસ છે.

જૈન સમાજ અને હરિજન

મુંબઇ સરકાર દ્વારા સ્વીકૃત કાનૂન તથા કેટલાક જૈનો દ્વારા તેની સામે ઉઠાવવામાં આવેલા વાંધાઓની થોડા સમય માટે ઉપેક્ષા કરીએ અને આપણે જૈનો પોતાના જ વિષયમાં કંઇક વિચાર કરીએ. જાતિભેદને આપણા સામાજિક જીવનમાં સ્થાન આપીને આપણે જૈનધર્મના હૃદયને નથી સમજ્યા. જૈન ધર્મ અને સંસ્કૃતિનું સમ્પૂર્ણ ઘડતર પ્રાણિ માત્ર પ્રતિ મૈત્રી ભાવના અથવા અહિંસા અને સમતાના દૃઢ પાયા પર સ્થિર છે. આપણા વ્યવહારથી આપણે લોકોએ તેને કમજોર કરી નાખ્યું છે. સાક્ષાત તીર્થંકર દેવના સમવસરણમાં સર્વ પુરુષ અને સ્ત્રીઓ, દેવ, પશુ તથા પક્ષી લેશ માત્ર ભેદભાવ વિના આવીને અરિહન્ત દેવની મધુર વાણીનું પાન કરીને પોતાને ધન્ય સમજે અને આત્મકલ્યાણ કરી શકે તો પછી કયું કારણ છે કે એ જ તીર્થંકરની મૂર્તિનો દર્શનના અધિકારથી તેમાંથી કોઇને પણ વંચિત કરવામાં આવે? જન્મથી જાતિનું અભિમાન આપણે માટે શોભાપ્રદ નથી. ઉત્તરાધ્યયનમાં ભગવાન વીરનો એ સિંહનાદ કે કર્મથી બ્રાહ્મણ, કર્મથી ક્ષત્રિય, કર્મથી વૈશ્ય, કર્મથી શુદ્ર થવાય છે-શું આપણને એ આદેશ આપે છે કે આપણે વ્યવહારિક જીવનમાં જન્મથી જાતિ ભેદને માનીએ? જૈન ધર્મમાં આચારની પ્રધાનતા છે, આત્મશુધ્ધિનું સર્વોપરી સ્થાન છે, વ્યક્તિનું નહિ, વેશનું નહિ, પ્રત્યુત ગુણોની પૂજાનું વિધાન છે. શું એક હરિજનના આત્મામાં તે અનન્ત શક્તિ નથી જે બ્રાહ્મણ, ક્ષત્રિય અથવા વૈશ્યના આત્મામાં છે? શું નિમિત્ત ઉપલબ્ધ હોવાને કારણે શુદ્ર તથા હરિજન પણ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ન કરી શકે?

આપણા આગમોમાં એવા ઉદાહરણો મોજુદ છે જેમાંથી જાણવા મળે છે કે શુદ્રોએ પણ જૈનધર્મનો આશ્રય લઇ આત્મકલ્યાણનો માર્ગ અપનાવ્યો હતો. હરિકેશી મુનિ, મેતાર્ય મુનિ, કુંભકાર સદ્દાલપુત્ત, અર્જુનમાલી આપણા ગૌરવને વધારે છે. કયા જૈનની એ ભાવના નહિ હોય કે હું એની કોટિનો શ્રમણ અથવા શ્રમણો-

પાસક બનું! પદ્મચરિત્રમાં લખ્યું છે કે 'વ્રતધારી ચાંડાલ પણ બ્રાહ્મણ કહેવાય છે. વર્ણોની વ્યવસ્થા ગુણોના આધાર પર છે. ચારે વર્ણ તથા ચાંડાલ આદિ વિશેષણ આચારભેદને કારણે પ્રસિધ્ધ થયા" ન્યાયકુમુદચંદ્રમાં શ્રી પ્રભાચન્દ્ર કહે છે કે બ્રાહ્મણાદિ સકલવ્યવહારક્રિયા વિશેષના આધાર પર જ છે. આપણે જાણીએ છીએ કે અનાર્ય આર્યકુમારે અભયકુમાર દ્વારા મોકલેલ ભગવાન પ્રતિમા દ્વારા બોધિલાભ કર્યો હતો.

પ્રાચીન કાળની વાત જવા દઇએ. આજ કાલ પણ નિમિત્ત અને સંસર્ગ મળવાથી હરિજનોને જૈન ધર્મ પ્રતિ શ્રધ્ધા રાખતા જોવામાં આવે છે. સ્વ. મહારાજ બુધ્ધિસાગરજીએ ધીન્જાપુરમાં કેટલાયે હરિજન કુટુંબોને જૈન બનાવ્યા હતા. ઇ. ૧૯૪૦ ના પર્યુષણમાં શ્રી આત્માનન્દ જૈન ગુરૂકુળ પંન્જાબ ગુજરાંવાલા (જ્યાં હું એ સમયે અધ્યાપક હતો) ના ભંગીએ લગાતાર આઠ દિવસના ઉપવાસ કર્યા હતા. ગુરૂદેવ (જૈનાચાર્ય શ્રી શ્રી ૧૦૦૮ શ્રીમદ્વિજયવલ્લભ સૂરીશ્વરજી) નું ચતુર્માસ એ વર્ષે ત્યાં હતું. કેટલાક દિવસો સુધી એ ભંગી વ્યાખ્યાન સાંભળવા પણ જતો હતો ત્યારે તે ગુરૂદેવ પાસે જ ઉપવાસના પચ્ચખાણ લેતો હતો. કહેવાનું તાત્પર્ય એ છે કે વાતાવરણ અને સંયોગ મળવાથી હરિજન પોતાની રહેણીકરણીમાં પરિવર્તન કરી શકે છે, પરંતુ જો આપણે તેને અસ્પૃશ્ય, ઘૃણિત તથા કુત્સિત સમજીને સારા વાતાવરણથી દૂર જ રાખીએ તો તેઓ પ્રગતિ કઇ રીતે કરી શકે? તેઓને ધાર્મિક સ્થાનોમાં આવવાની તથા વ્યાખ્યાન આદિ સાંભળવાની સગવડ આપવી આવશ્યક છે. પ્રજાતંત્રના યુગમાં માનવ માનવની અમાસનતાનો અન્યાય ટકી નથી શકતો. સ્થાનની પવિત્રતા, સ્વચ્છતા, વ્યવસ્થા આદિના નિયમ સર્વ મનુષ્યોને માટે એક સરખા હોવા જોઇએ. ધાર્મિક સ્થાનોમાં પ્રવેશની શર્તો કોઇ વ્યકિતની જાતિ, વર્ણ અથવા વ્યવસાયના ભેદને કારણે ભિન્ન ન થઇ શકે. શાસ્ત્રોની આણ દઇને આભડછેટ જીવિત રહી શકે નહિ. જૈન ધર્મના મૂળ સિધ્ધાંત આપણને એ પ્રેરણા આપે છે કે આપણે ઉંચ નીચની દીવાલો તોડી નાખીએ. જૈનોને હરિજન મંદિર પ્રવેશ પ્રતિ કોઇ પણ દ્રષ્ટિએ વાંધો ન હોવો જોઇએ. આવી અવસ્થામાં વર્તમાન આચાર્ય વિજયનેમિસૂરિ દ્વારા શત્રુંજયની પાસે કદમ્બગિરિના નાના પહાડ પર બનાવેલા જૈન મંદિરોના પ્રવેશ દ્વાર પર કોતરેલો શિલાલેખ વાંચી આપણને મહાન આશ્ચર્ય થાય છે. એ શિલાલેખમાં કહેવામાં આવ્યું છે કે "આજ કોઇ અસ્પૃશ્ય જૈન નથી, પરન્તુ હવે પછી કોઇ અસ્પૃશ્ય જૈન થઇ જાય તો પણ તે આ મંદીરમાં પ્રવેશ પામી શકશે નહિ." મારો ખ્યાલ છે કે એ સમય શિઘ્ર આવનાર છે જ્યારે આપણા વ્યવહારમાં અસ્પૃશ્ય શબ્દ જ અસ્પૃશ્ય થઇ જશે. એ દશામાં આવા લેખનું મહત્વ સ્વયમેવ સમાપ્ત થઇ જશે.

ઉપસંહાર

હિન્દુ શબ્દ મૂળથી ફારશી ભાષાનો છે. સિંધુ નદીના પ્રદેશમાં રહેવાને કારણે વિદેશી ભારતવર્ષ તથા તેના નિવાસિને હિન્દુ, હિંદુ, હિન્દી, હોંડુ આદિ નામોથી સંબોધિત કરતા હતા. મુસ્લિમ રાજ્યકાળમાં તેનો ઉપયોગ વ્યાપક રૂપમાં થવા લાગ્યો અને ત્યારથી જ આ દેશના નિવાસી પોતાને આર્યના સ્થાને હિન્દુ સમજવા લાગ્યા. એ સમયે જૈન અને બૌધ્ધ પણ આ જ નામથી ઓળખાતા હતા. ધીરે ધીરે હિન્દુ શબ્દનો અર્થ સંકુચિત થતો ગયો અને એ સંકુચિત અર્થ જ અત્યારે અધિકતર પ્રચલિત છે. આ અર્થઅનુસાર હિન્દુ એ છે કે જે વર્ણાશ્રમ ધર્મને માનતા હોય તથા વેદ, સ્મૃતિ, શ્રુતિ, પુરાણાદિ ગ્રંથોમાંથી મૂળ ધાર્મિક વિચારોની પ્રેરણા મેળવતા હોય. તેથી આવશ્યકતા એ બાબતની છે કે હિન્દુ શબ્દની એક સર્વસમ્મત અથવા અધિકૃત પરિભાષા નિશ્ચિત કરવામાં આવે. એ પરિભાષા અનુસાર જ એ નિર્ણય કરી શકાય કે જૈનો હિન્દુ છે અથવા નથી.

જો સાવરકરની પરિભાષા માન્ય રાખવામાં આવે તો શીખ અને બૌધ્ધ પણ હિન્દુ છે. એ અવસ્થામાં શીખ ધર્મને જુદો માનવો ઉચિત નથી.

જો શુધ્ધ અને મૂળ ભૌગોલિક અર્થ પર વિચાર કરવામાં આવે તો હિન્દમાં રહેનાર સર્વ હિન્દુ કહેવાવા જોઇએ. ત્યારે આપણે મુસલમાનો, ઇસાઇઓ તથા પારસીઓને આહિન્દુ નહિ કહી શકીએ. આ સર્વ શબ્દ અલગ અલગ ધાર્મિક સંપ્રદાયોના રૂપમાં જ માનવામાં આવશે.

જો વર્ણાશ્રમધર્મી અને વેદ ધર્માનુયાયી જ હિન્દુ છે તો જૈન, બૌદ્ધ અને શીખોને હિન્દુ નહિ કહી શકાય. એ વાત અલગ છે કે કોઇ કાનૂન સામાજિક દૃષ્ટિથી તેઓ પર પણ લાગુ કરવામાં આવે. પરંતુ તે એ આધાર પર ન હોય કે તેઓ હિન્દુ છે. આજની પરિસ્થિતિમાં આર્ય ધર્મ અથવા ભારતીય ધર્મમાં સર્વનો સમાવેશ થશે પરન્તુ હિન્દુ શબ્દમાં નહિ.

જ્યાંસુધી હરિજનોનો જૈન ધાર્મિક સ્થાનોમાં પ્રવેશ સાથે સંબંધ છે, આપણે સમજીએ છીએ કે તેઓને એ બાબતથી રોકવા એ જૈન ધર્મ અને સંસ્કૃતિથી સર્વથા વિરૂધ્ધ છે. જૈન ધર્મનો આધાર જ સમતાની ભાવના છે. તેથી વિષમતાને દૂર કરવી એ જૈનોનું સર્વપ્રથમ કર્તવ્ય છે.

(સમાપ્ત)

મૂળ હિંદી શ્રી પૃથ્વીરાજ જૈન

અનુવાદક: શ્રી. તારાબહેન શાહ

કેટલાક સમાચાર અને નોંધ

ડૉ. હરિપ્રસાદ દેસાઇ

તા. ૩૧-૩-૫૦ ના રોજ પરલોકવાસી બનેલા ડૉ. હરિપ્રસાદ દેસાઇના દુઃખદ અવસાનથી આખા ગુજરાતને એક કાર્યનિષ્ઠ પ્રજાસેવકની અને મારી જેવા અનેકને એક નિકટવર્તી મિત્રની અને અનેક અંશોમાં એક સમાનધર્મી આત્માની ખોટ પડી છે. આઝાદીની લડતના જે જે તબક્કાઓ આવ્યા અને ગયા તે દરેક તબક્કા દરમિયાન તેમના નસીબે લાંબા લાંબા ગાળાનો જેલવાસ આવેલો અને એ જેલવાસ દરમિયાન રાષ્ટ્રના અનેક કાર્યકર્તાઓને તેમના નિકટ પરિચયમાં આવવાનું બનેલું. તે સૌ કોઇ કંઇ કાળ સુધી ડૉ. હરિપ્રસાદ દેસાઇને ઉંડા સ્નેહપૂર્વક સંભારતા જ રહેવાના. આનાં કારણોમાં તેમનું ઉત્કૃષ્ટ સૌજન્ય, સરલતા, ઉંડા દિલનો સ્નેહ અને વ્યાપક સહાનુભૂતિ–આ તેમના વિશિષ્ટ ગુણો જરૂર ગણાવી શકાય; પણ આ ઉપરાંત તેમનામાં જે વિનોદશીલતા હતી–વાત વાતમાં એવા ટુચકા સંભળાવે કે તમને હસવું આવ્યા વિના ન જ રહે અને ગમે તેવી ઘેરી ગમગીની પણ જોતજોતામાં ઓસરી જાય અને પ્રસન્નતાનું વાતાવરણ ફેલાઇ રહે–આ તેમના વિશિષ્ટ ગુણોએ અનેક વ્યકિતઓ સાથે તેમની જાતને સાંકળવામાં બહુ મહત્વનો ભાગ ભજવ્યો છે. ૧૯૩૨ ની સાલ દરમિયાન તેમની સાથે નાસીક સેન્ટ્રલ જેલમાં છ સાત મહીના ગાળવાનું મને સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયેલું. તે સુખદ સહવાસનાં સ્મરણો આજે પણ ભુંસાયા નથી. જ્યારે પણ અમદાવાદ જવાનું બને તો ડૉ. હરિપ્રસાદને મળવાનું મન થયા વિના ન રહે. અનેક વિષયોમાં સમાન રસ હોવાના કારણે તેમની સાથે વિચારવિનિમય થશે અને સાથે સાથે પાંચ પંદર વિનોદ ઉકિતઓનો લાભ મળશે–તેમને મળવાની પાછળ માત્ર આ જ વૃત્તિ કારણભૂત બનતી.

તેમનો અર્થવ્યવસાય ડાકટરનો હતો પણ તેમના સમગ્ર જીવનવ્યવસાયમાં અર્થવ્યવસાયને બહુ જ ગૌણ સ્થાન હતું. ઉગતી

જાહેર જીવનમાં પડેલા. વ્યાયામ તરફ તેમને નાનપણથી આકર્ષણ થયેલું. પોતે પણ જીવનના અન્ત ભાગ સુધી નિયમિત વ્યાયામ કરતા અને પોતાની આખી ડાકટરી પ્રેકટીસ સાયકલના વાહનદ્વારા તેમણે ચલાવેલી. દર્દીઓ દવા લેવા આવે અને વ્યાયામના બોધપાઠ લઇને જાય અને દવાના ઉપયોગથી બને ત્યાં સુધી તેમને પાછા વાળે. અમદાવાદ શહેરની આજ સુધીની વ્યાયામ પ્રવૃત્તિના વિકાસમાં તેમનો બહુ મહત્વનો ફાળો છે.

અમદાવાદની મ્યુનીસીપાલીટી એ તેમની સેવાનું એક બીજું મહત્વનું ક્ષેત્ર હતું. અમદાવાદને સ્વચ્છ બનાવવું, સુઘડ બનાવવું, રૂપાળું બનાવવું–આ એક તેમના જીવનની તમન્ના હતી. આ તમન્નાને વશ થઇને તેમણે જાતે ઝાડુ લઇને અમદાવાદની શેરીઓ અને પોળો સાફ કરી છે અને લોકોને સ્વચ્છતા તરફ આકર્ષ્યા છે.

સાહિત્યના તેઓ એક અભ્યાસનિષ્ટ ઉપાસક હતા. અમદાવાદની સર્વ સાહિત્ય પ્રવૃત્તિમાં તેમનો અગ્રભાગ રહેતો. આજ સુધીમાં તેમણે અનેક લેખો લખ્યા છે અને અનુવાદો કર્યા છે. 'નાના હતા ત્યારે,' રસદર્શન, આરોગ્યઃ તનનું, મનનું, દેશનું, જીવનસંગીત, ઉચ્ચ જીવન, પાપીની દશા, સ્વાધ્યાય, હિંદના આચાર્યો, કળાને ચરણે,–આ પુસ્તકો તેમની ગુજરાતી સાહિત્યની નક્કર સેવાને રજુ કરે છે.

તેઓ સૌન્દર્યના, કળાના, ભારતીય સંસ્કૃતિના ભક્ત અને આરાધક હતા. ભિન્ન ભિન્ન લેખો, વાર્તાલાપો તેમ જ વ્યાખ્યાનો દ્વારા લોકોમાં–ગુજરાતી પ્રજામાં રસવૃત્તિ જાગૃત કરવી, સૌન્દર્યદૃષ્ટિને ખીલવવી અને દેશની સંસ્કૃતિ વિષે આદર કેળવવો–આ તેમની એક મુખ્ય પ્રવૃત્તિ રહેતી. મુંબઇ જૈન યુવક સંઘની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં તેઓ અનેક વાર વ્યાખ્યાન આપવા આવ્યા છે અને દરેક વખતે તેમણે આ જ સંદેશ સંભળાવ્યો છે.

નબળાને બળવાન બનાવવા, રડતાને હસાવવા, શુષ્કતા હોય ત્યાં રસસીંચન કરવું, જડમાં ચૈતન્ય પ્રેરવું, સ્વાર્થપરાયણ લોકોને સેવા તરફ આકર્ષવા અને દંભ અને પાખંડ ચાલતા હોય તેને ખુલ્લા પાડવા–આ તેમની જીવનવૃત્તિ હતી–આ તેમની જન્મજાત પ્રકૃતિ હતી. ૬૯ વર્ષ સુધી તેમણે લગભગ અખંડ આરોગ્ય ભોગવ્યું, શિષ્ટ જનોના સાથી બન્યા, જનતાના સેવક બન્યા, અને નાની સરખી માંદગી સાથે તેમણે આપણી દુનિયાની છેવટની વિદાય લીધી, અને ચિરસ્મરણીય સુવાસ મુકતા ગયા, અને मित्ति मे सव्व भुएसु, वैरं मज्झं न केणइ–સર્વ ભૂતપ્રાણી વિષે મારી મૈત્રી છે, કોઇની પણ સાથે મને વૈર નથી–એવો આદર્શ વિશ્વબંધુત્વની કાંધક ઝાંખી પોતાના અપૂર્વ સૌહાર્દભર્યા અને અતિવ્યાપક સહાનુભૂતિથી ભરેલા જીવન દ્વારા આપણને કરાવતા ગયા.

નહેરૂ-લીયાકત કરારનામું

પૂર્વબંગાળામાં હિંદુ લઘુમતી વર્ગ ઉપર જે અમાનુષી આક્રમણ શરૂ થયું, તેનો પડઘો પશ્ચિમ બંગાળમાં પડવા લાગ્યો, પૂર્વ બંગાળમાંથી હજારો હિંદુ કુટુંબોએ માલ મીલ્કત છોડીને હિંદ તરફ ભાગનાશ શરૂ કરી અને આ બાજુએ કેટલાયે મુસલમાન કુટુંબોએ પાકીસ્તાન તરફ પ્રયાણ આદર્યું. પરિણામે બન્ને રાષ્ટ્રો વચ્ચે એક એવી કટોકટીભરી પરિસ્થિતિ પેદા થઇ કે જો આ પરિસ્થિતિનો બીજી કોઇ રીત ઉકેલ લાવવામાં ન આવે તો વિગ્રહ સિવાય બીજો કોઇ વિકલ્પ રહેશે નહિ એમ સૌ કોઇને લાગતું હતું. શરૂઆતમાં આ સંબંધે પાકીસ્તાનના સત્તાધીશોને ઘણી રીતે કહેવરાવવામાં આવ્યું પણ તેઓ કોઇ રીતે મચક આપતા જ નહોતા. પંડિત જવાહરલાલ નહેરૂએ માંગણી કરી કે આપણે સાથે બેસીને આખી સમસ્યાનો વિચાર કરીએ અને કંઇ તોડ કાઢીએ આ ચાલુ માંગણી અને નિમંત્રણનો છેવટની ઘડીએ પાકીસ્તાનના મુખ્ય પ્રધાન નવાબઝાદા લિયાકતઅલીખાને સ્વીકાર કર્યો, દીલ્હી આવ્યા, બન્ને પંતપ્રધાનોએ મળીને સાત દિવસ સુધી આખા પ્રશ્નની સર્વ બાજુઓની ચર્ચા કરી, અને સંયુકત સહીથી એક વિગતવાર કરારનામું બહાર પાડયું. આ કરારનામાની વિગતો દૈનિક છાપાઓમાં પ્રગટ થઇ ચુકી છે. આ કરારનામું બન્ને સરકારના માથે અનેક પ્રકારની ફરજો નાંખે છે. અને એ કરારનામાનો બન્ને પક્ષે સાચો અમલ થશે તો બંગાળા અને આસામના પ્રશ્નો તો નિકાલ આવશે જ, પણ હિંદ–પાકીસ્તાન વચ્ચેનાં બીજા પણ અનેક ઘર્ષણોનાં કારણોનો પણ ઉકેલ લાવવાનો માર્ગ એકદમ સરળ થઇ જશે એવી આશા સેવવામાં આવે છે.

પણ આ કરારનામાની જ્યાં જ્યાં ચર્ચા કરવામાં આવે છે ત્યાં ત્યાં સૌ કોઇના મોઢે એક જ પ્રશ્ન આવીને ઉભો રહે છે કે પાકીસ્તાન આ કરારનામાનો અમલ કરશે ખરૂં કે ? પાકીસ્તાન સાથેનો આજ સુધીનો અનુભવ એટલો બધો કડવો છે કે આ કરારનામા સંબંધમાં પાકીસ્તાન વિશે શ્રધ્ધા અનુભવવાનું અત્યન્ત મુશ્કેલ લાગે છે. આ બાબતમાં આ કરારનામા અંગે બે ત્રણ મુદ્દાઓ વિચારવા યોગ્ય લાગે છે.

ધારો કે આ કરારનામાનો પાકીસ્તાને અમલ ન કર્યો–અહિં એ તો ગૃહિત જ છે કે હિંદ પોતા પક્ષે આ કરારનામાનો સંપૂર્ણ પણે અમલ કરવાનું છે જ–અને હિંદને આખરે બીજો કોઇ વિકલ્પ ન રહેતાં યુધ્ધ તરફ જવાની ફરજ પડી તો એ યુધ્ધના વ્યાજબીપણા વિષે કોઇના પણ દિલમાં લેશમાત્ર શંકાને કારણ નહિ રહે. બીજું યુધ્ધનો પ્રલાપ કરવો બહુ જ સહેલો છે પણ યુધ્ધનાં સીધાં અને આનુષંગિક પરિણામો એટલાં બધાં ભયંકર અને વિનાશવાહી છે કે જેના માથે રાષ્ટ્રના વહીવટની જવાબદારી છે તેણે યુધ્ધનો વિચાર કરતાં પહેલાં સમજુતીના સર્વ કોઇ ઉપાયો હાંસલ કરી છુટવું જ જોઇએ. આજની દુનિયાની રચના એવી છે અને આન્તરરાષ્ટ્રીય સંબંધો એટલા બધા જટિલ છે કે બે દેશો વચ્ચેના નાના સરખા ભડકામાંથી વિશ્વવ્યાપી દાવાનળ સળગી ઉઠતાં વાર લાગે તેમ નથી. આ દૃષ્ટિએ જોતાં આ સમજુતી એક ભારે આવકારદાયક પગલું લાગે છે.

બીજું છેલ્લા ત્રીશ વર્ષના ઇતિહાસમાં આ પહેલો જ પ્રસંગ છે કે જેનો ગઇ કાલ સુધી હિંદમાં જ સમાવેશ થતો હતો અને જે ગઇ કાલ સુધી હિંદની મુસલમાન કોમના આગેવાન હતા તે પાકીસ્તાનના આજના અગ્રણી સાથે આ વિષમ અને કટોકટીના પ્રસંગે હિંદના અગ્રણીને આટલા એખલાસપૂર્વક અને આટલી લાંબી વાટાઘાટ કરવાની તક મળી હોય અને પાકીસ્તાનના સૂત્રધારે આપણી સાથે સમાધાની ઉપર આવવાની આતુરતા અને અનુકુળતા દર્શાવી હોય. પંદર દિવસ પહેલાં પાકીસ્તાનમાં જેઓ આપણને પગ સરખો મૂકવા દેવા માંગતા નહોતા, તેઓ સંયુકત તપાસ સમિતિઓ સ્વીકારે, લઘુમતીના પ્રતિનિધિત્વવાળું કમીશન સ્વીકારે, લઘુમતીના હિતોને સંભાળવાની જવાબદારી ધરાવતા લઘુમતી કોમના જ કોઇ પ્રતિનિધિને પૂર્વ બંગાળના પ્રધાનમંડળમાં પ્રધાન તરીકે લેવાનું સ્વીકારે–આ બધી કોઇ અણચિન્તવી જ ઘટના કહેવાય. સંભવ છે કે પાકીસ્તાને આજ સુધી અખત્યાર કરેલી હિંદવિરોધી નીતિ પાકીસ્તાનને માટે પણ કેટલી ખતરનાક છે તેનું લિયાકતઅલીખાનને આજ સાચું ભાન થયું હોય. આજ સુધીનાં અનેક કરારનામાઓ જે વાતાવરણ વચ્ચે અને જે તંગદિલી સાથે થયેલાં છે અને આજના કરારનામાંના ઘડતર પાછળ જે સૌહાર્દની સુવાસ દેખાય છે–પહેલાં તો આજે તુટયું કે આવતી કાલે તુટશે એવા ભણકારા વાગતા જ હોય અને એમાં પણ કોઇ કરારનામું થવા પામે તો તે કેવળ થીગડીયું જ હોય, જ્યારે આ વખતની વાટાઘાટો દરમિયાન એક પણ બેસુર સાંભળવામાં આવ્યો નથી

અને આ એક કરારનામામાંથી બીજા અનેક કરારનામાની સંભાવના ઉભી થતી સ્પષ્ટ દેખાય છે–આ બે અત્યન્ત ભિન્ન પરિસ્થિતિનો આપણે આ કરારનામાનું મુલ્યાંકન કરતાં ભેદ તારવવો જોઇએ.

આ બધી બાબતો ધ્યાનમાં લેતાં આ કરારનામું પંડિત જવાહરલાલની રાજનીતિનું એક ભવ્ય પરિણામ છે અને તે પાછળ ગાંધીજીની વિચારસરણી જ એકસરખું કામ કરી રહી છે એમ આપણે કબુલ કરવું જોઇએ. આજે બન્ને પક્ષે દ્વેષવિદ્વેષના થર જામેલા છે, એ કાંઇ આવા એક કરારનામાથી ઓગળી જવાના છે એવા આશાવાદી આપણે બની ન જ શકીએ. પણ ઘણી વખત આવા બનાવોમાંથી રાષ્ટ્ર રાષ્ટ્રના સંબંધોમાં મોટા ક્રાન્તિકારી ફેરફારો નીપજે છે. રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચેની મૈત્રી કે વૈર આજે જેમ છે તેમ હંમેશા ચાલ્યા જ કરશે એમ માનવું તે દુનિયાના આજ સુધીના ઇતિહાસ વિષે અજ્ઞાનતા દાખવવા બરોબર છે. આ જ રીતે પાકીસ્તાન અને હિંદ વચ્ચે આજે ભારે તંગદીલી છે અને એ તંગદીલી વધતાં વધતાં તેમાંથી યુધ્ધ જ પરિણમે એમ આપણને ઘણાખરાને લાગે છે, અને તે માટે પાકીસ્તાનની રાજ્યરચના અને ત્યાંની પ્રજાની મનોદશા ઘણા મોટા અંશે જવાબદાર છે એ પણ આપણી પ્રતીતિ છે–આમ છતાં પણ આખરે યુધ્ધથી પાકીસ્તાનનો પણ વિનાશ જ થવાનો છે એ દીવા જેવું સત્ય તેમને કદી પણ નહિ જ દેખાય એમ આપણે કેમ માની લઇએ ? અને એ સત્ય દેખાવા સાથે આજ સુધીનું હિંદ પ્રત્યેનું વૈમનસ્ય ભરેલું વળણ બદલવામાં પોતાનું જ વાસ્તવિક શ્રેય રહેલું છે એ પણ તેમને કેમ નહિ ભાસે ? અને એક વખત દૃષ્ટિકોણ બદલાય તે સાથે આખી પરિસ્થિતિમાં એવો મોટો પલટો શરૂ થાય છે કે જ્યાં એક વખત નિરાશા, વિગ્રહ અને વિનાશ જ દેખાતો હોય ત્યાં પ્રેમ, સહકાર અને ઉત્કર્ષનો ઉદય થવા લાગે છે. એ શુભ આશાવાદ સાથે આ કરારનામાને આપણે વિચારીએ અને હિંદ સામે કોઇ નાનો સરખો પણ આક્ષેપ ન કરે એવી રીતે એ કરારનામાનું આપણે પાલન કરીએ !

મુંબઇ પ્રાન્તમાં મદ્યપાન નિષેધ

એપ્રીલ માસની છઠ્ઠી તારીખથી મુંબઇ પ્રાન્તની સરકારે સર્વવ્યાપી મદ્યપાન નિષેધની નીતિ સ્વીકારી છે અને મુંબઇ પ્રાન્તને મદ્યપાનથી આમૂલ મુકત કરવાની પ્રતિજ્ઞા લીધી છે. હિંદના સર્વ પ્રાન્તોમાં આ રીતે મદ્યનો સાર્વત્રિક–નિષેધ કરવાની દિશાએ મુંબઇ પ્રાન્તે પહેલ કરી છે અને એ માટે મુંબઇ સરકારને ખરેખર ધન્યવાદ ઘટે છે. મુંબઇ સરકારનું આ એક ઘણું મોટું સાહસ છે અને તેની સફળતાનો મોટો આધાર પ્રાન્તની પ્રજા આ દિશાએ સરકારને કેટલો સહકાર આપે છે તે ઉપર જ રહેલો છે.

આખા હિંદને મદ્યના વ્યસનથી મુકત કરવાની ગાંધીજીના દિલમાં જવલન્ત ભાવના હતી. અસ્પૃશ્યતાનિવારણ, અને મદ્યપાન નિષેધ એ બે બાબતોને ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમમાં અતિ મહત્વનું સ્થાન હતું. આ બન્ને બાબતો હિંદમાં કેટલાય સમયથી ચાલી આવતી હતી. અસ્પૃશ્યતા હિંદુ સમાજની કાળજુની પ્રથા હતી. મદ્યપાનનું વ્યસન પણ કંઇ કાળથી પ્રજાજીવનમાં ઘર ઘાલી બેઠું હતું પણ અંગ્રેજ સરકારે તે વ્યસનને એક મોટી કમાણીનું સાધન બનાવીને અને તે ખાતર જ મદ્યપાનનો ચોતરફ ખુબ પ્રચાર કરીને દારૂની વપરાશ ખૂબ વધારી દીધી હતી. આ બન્ને બાબતોની આપણા જીવનમાં એટલી ઉંડી જડ બેઠેલી હતી કે બૌધ્ધિક દૃષ્ટિએ તેના અનૌચિત્ય અને અનર્થકારિત્વને સ્વીકારવા છતાં આપણા ચાલુ જીવનના એ સ્વાભાવિક અંગો છે અને એ ટાળ્યાં કદિ ટળે એમ નથી એમ માનીને આપણે એ બન્ને બાબતો સ્વીકારી લીધી હતી અને તેનો વિરોધ કરવો જોઇએ–તેનું નિવારણ કરવું જોઇએ એવી કોઇ અગત્ય આપણે તે વિષે કદિ ચિન્તવતા જ નહોતા. અસ્પૃશ્યતા કેટલી અમાનુષી છે તેનું ભાન કરાવનાર અને તે સામે જોરદાર બંડ ઉઠાવનાર ગાંધીજી જ સૌથી પહેલા હતા. આવી જ રીતે મદ્ય સેવન પ્રજાની–આમ પ્રજાના જીવનની–કુટુંબસુખની કેવડી મોટી પાયમાલી કરી રહેલ છે તેનું પણ આપણને ખરૂં ભાન ગાંધીજીએ જ કરાવ્યું. કાયદાની દૃષ્ટિએ, બંધારણની દૃષ્ટિએ હિંદમાંથી અસ્પૃશ્યતા સાવ નાબુદ થઇ ચુકી છે અને પ્રજાજીવનમાંથી પણ એ દૂષણ જોસભેર ઓસરતું ચાલ્યું છે એ સંતોષજનક છે. મદ્યપાન ઉપર પણ કુઠારપ્રહાર શરૂ થયા છે. એમ છતાં તેની સર્વતોમુખી નાબુદી અસ્પૃશ્યતાનિવારણ કરતાં ઘણી વધારે કઠણ છે. કેટલાકનું એમ કહેવું છે કે આવી કાયદાબંધી છુપી રીતે દારૂ બનાવવાની પ્રવૃત્તિને વધારે વેગ આપશે અને સાથે સાથે પોલીસની લાંચરૂશ્વત પણ ખૂબ વધશે. કાયદાબંધીના આ જોખમો સ્વીકારવા છતાં જે મોટા પાયા ઉપર છડે ચોક દારૂ પીવાતો હતો તે તો આવી કાયદાબંધીથી ઘણા મોટા પ્રમાણમાં બંધ થવાનો જ અને જે ગરીબ–મજુર વર્ગના કલ્યાણ અર્થે આ બધી કરવામાં આવી છે તેમને તો મોટો ઉગારો થવાનો જ. અને આટલું થાય તો પણ હાલ તુરતને માટે ઘણું છે. એ જાણવું જરૂરી છે કે 'મુંબઇ સરકાર મદ્યપાન બંધીથી જ માત્ર અટકવાની નથી. ગરીબ સામાન્ય લોકોનું જીવન રસમય બને, તેમના કલ્યાણના બીજાં અનેક કેન્દ્રો ખોલાય, જે દ્વારા તેમને રમત ગમત તથા આનંદ વિનોદનાં અનેક સાધનો સુલભ બને–આને લગતો મુંબઇ સરકારે એક મોટો કાર્યક્રમ ઘડેલો છે જેનો ઉત્તરોત્તર અમલ થતાં ગરીબોનાં અને મજુરોનાં મન મદ્યપાનથી સહેજે વિમુખ કરી શકાશે એવી આશા રહે છે.

જૈન સમાજને મન આ ઘટના અત્યન્ત આવકારદાયક હોવી જોઇએ. જૈન આચારના ધોરણે અભક્ષ્ય લેખાતી વસ્તુઓમાં મદ્ય-માંસ મોખરે છે. અને તેથી મદ્યમંધીને બને તેટલી અમલી બનાવવી–એટલે પોતે પીતા અટકવું એમ માત્ર નહિ પણ બીજાને પીતા બને તેટલા અટકાવવા–એ દરેક જૈનનો ખાસ ધર્મ છે. આ દિશાએ કાયદેસરની મદ્યમંધી કરીને મુંબઇ સરકારે જૈન સમાજનું આ કાર્ય ઘણું સરળ બનાવ્યું છે. મદ્યમંધી વિષે સૌથી વધારે આનંદ જૈન સમાજને થવો ઘટે છે.

સદ્‌ગત ઉત્તમચંદ શાહ

વડોદરા ખાતે થયેલા જૈન સમાજના જાણીતા કાર્યકર્તા શ્રી ઉત્તમચંદ શાહના અવસાનની નોંધ લેતાં દિલગીરી થાય છે. આજથી વીશેક વર્ષ પહેલાં જ્યારે બાલદીક્ષા અટકાયતની હીલચાલ મુંબઇ, ગુજરાત તથા કાઠિયાવાડમાં જોસભેર ચાલતી હતી અને એક બાજુ શ્રી વિજયરામચંદ્રસૂરિ (તે વખતના મુનિ રામવિજયજી) અને તેમના મતના અન્ય આચાર્યો, સાધુઓ તથા શ્રાવકો અને બીજી બાજુએ જૈન યુવકો વચ્ચે દીક્ષાના પ્રશ્ન ઉપર તીવ્ર ધર્ષણ ચાલી રહ્યું હતું ત્યારે શ્રી ઉત્તમચંદભાઇએ વડોદરાના જૈન યુવકોની આગેવાની લીધી હતી, બાલદીક્ષા વિરૂધ્ધ તુમુલ આન્દોલન ઉભું કર્યું હતું અને વડોદરા રાજ્યે બાલદીક્ષાના વિરોધમાં જે કાયદો કર્યો તે કાયદો કરાવવામાં ઘણો મહત્વનો ફાળો આપ્યો હતો. તે દિવસોમાં તેમની સાથે પ્રથમ પરિચય થયેલો, અને પ્રસ્તુત હીલચાલના કારણે તેમની સાથે સારો સંપર્ક રહેતો હતો. ત્યાર બાદ તેમની સાથે એ સંપર્ક તો રહી શકયો નહોતો પણ જાણવા મળે છે કે જીવનના અન્ત સુધી જૈન સમાજના શ્રેયની અનેક પ્રવૃત્તિઓમાં તેઓ સક્રિય ભાગ લઇ રહ્યા હતા. લાંબું સેવાપરાયણ જીવન જીવીને તેઓ માર્ચ માસની આખરમાં વિદેહ થયા. તેમના આત્માને પરમ શાન્તિ પ્રાપ્ત થાઓ !

પરમાનંદ

સંઘ સમાચાર

'શ્રમણ'ના તંત્રી શ્રી ઇન્દ્રચંદ્રને આવકાર

તા. ૪-૪-૫૦ મંગળવારના રોજ શ્રી. મુંબઇ જૈન યુવક સંઘ તરફથી 'શ્રમણના' તંત્રી શ્રી ઇન્દ્રચંદ્રને આવકાર આપવા માટે શ્રી. ચીમનલાલ પી. શાહના પ્રમુખપણા નીચે એક નાનું સરખું સ્નેહસંમેલન યોજવામાં આવ્યું હતું. બનારસ હિન્દુ યુનીવર્સીટીની બાજુએ આવેલ પાર્શ્વનાથ જૈનાશ્રમ તરફથી ૧૯૪૯ ના નવેંબર માસથી 'શ્રમણ' નામનું હિન્દી માસિક શરૂ કરવામાં આવ્યું છે. આ માસિકના આજ સુધીમાં પાંચ અંક નીકળી ચુકયા છે. શ્રી. ઇન્દ્રચંદ્ર શાસ્ત્રી તે માસિકના તંત્રી છે. તેઓ એમ. એ.ની ઉપાધિ ધરાવવા ઉપરાંત શાસ્ત્રાચાર્ય વેદાન્ત વારિધિ, તથા ન્યાયતીર્થની પણ ઉપાધિઓ ધરાવે છે. પૂર્વપંજાબમાં ભીવાની શહેરમાં આવેલી કોલેજમાં તેઓ સંસ્કૃતના અધ્યાપક છે. હાલ 'Jain Epistomology' 'જૈન જ્ઞાનસિધ્ધાન્ત' એ વિષય ઉપર નિબંધ તૈયાર કરીને પી એચ. ડી. ની ડીગ્રી મેળવવાના હેતુથી થોડા સમય માટે તેઓ કાશીના પાર્શ્વનાથ જૈનાશ્રમમાં રહે છે. મહાવીર જયન્તીના નિમિત્તે તેમનું મુંબઇ આવવાનું બનતાં તેમને મુંબઇ જૈન યુવક સંઘમાં આવવાનું નિમંત્રણ આપવામાં આવ્યું હતું અને તે પ્રસંગે ઉપર જણાવ્યા મુજબ એક નાનું સરખું સ્નેહસંમેલન ગોઠવવામાં આવ્યું હતું. પ્રારંભમાં શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ તેમનો પરિચય આપતાં જણાવ્યું કે "શ્રી ઇન્દ્રચંદ્રજી સાથેનો મારો પરિચય બે ત્રણ દિવસનો જ છે, પણ તે થોડા પરિચયમાં જ મને માલુમ પડયું કે જે વિશિષ્ટ વિચારસરણિ અખ્તયાર કરીને મુંબઇ જૈન યુવક સંઘ વર્ષોથી કામ કરી રહેલ છે એવી જ વિચારસરણિ આજના આપણા માનવંતા મહેમાન સર્વાંશે ધરાવે છે. સર્વ પ્રકારે સમાન દૃષ્ટિકોણ ધરાવતા સ્વજનને મળતાં જેવો આનંદ થાય તેવો આનંદ તેમને મળતાં મને થયો અને તેથી આવી વિશિષ્ટ વ્યકિતનો સંઘની કાર્યવાહક સમિતિના સભ્યોને પરિચય થાય એ હેતુથી આજનું સંમેલન યોજવામાં આવ્યું છે અને સંઘ તરફથી તેમને આવકાર આપવામાં આવે છે." આ પ્રસંગે, અહિં કેટલાએક સમયથી ઉભું કરવામાં આવેલ પંજાબ જૈન મિત્ર મંડળના આગેવાન સભ્યો અને શ્રી ઇન્દ્રચંદ્રના મિત્રો સંઘના નિમંત્રણને માન આપીને ઉપસ્થિત થયા હતા. તેઓમાંથી શ્રી. શાદીલાલ જૈને ભાઇશ્રી ઇન્દ્રચંદ્રનો વિશેષ પરિચય આપ્યો હતો અને સાથે સાથે પોતાના મંડળ તરફથી મુંબઇ જૈન યુવક સંઘને બને તેટલો સાથ અને સહકાર આપવાની અભિલાષા વ્યકત કરી હતી. આ આવકારનો ઉત્તર આપતાં અને તે માટે આભાર વ્યકત કરતાં શ્રી ઇન્દ્રચંદ્રે શ્રમણ માસિક પાછળ રહેલી કલ્પના અને ધ્યેયની સવિસ્તર સમજ આપી હતી. માત્ર ભગવાન મહાવીર અને બુધ્ધના જ ઉપદેશ અને કાળનેજ અતુલક્ષીને નહિં પણ વેદકાળથી માંડીને ઉપનિષદ, ગીતા, જૈન દર્શન, બૌધ્ધ દર્શન, આગળ ચાલતાં સોળમી સદીમાં થયેલા કબીર, નાનક, દાદુ વગેરે સન્તો અને અર્વાચીન કાળમાં મહાત્મા ગાંધીજી સુધીની લાંબી પરંપરાવાળી શ્રમણસંસ્કૃતિનું કશા પણ સાંપ્રદાયિક પક્ષપાત વિના નિરૂપણ કરવું એ હેતુથી શ્રમણ માસિકની શરૂઆત કરવામાં આવી છે એમ તેમણે જણાવ્યું. ત્યાર બાદ પ્રસંગોચિત ચર્ચા, વાર્તાવિનોદ તથા અલ્પ ઉપહાર બાદ સંમેલન વિસર્જન કરવામાં આવ્યું હતું.

શ્રી. ધીરજલાલ ધનજીભાઇ શાહને શુભવિદાય

શ્રી ધીરજલાલ ધનજીભાઇ શાહ પોતાના વ્યાપાર અર્થે તા. ૮-૪-૫૦ના રોજ યુરોપના પ્રવાસે ગયા. તેમને શુભવિદાય ઇચ્છવા માટે તા. ૭-૪-૫૦ના રોજ મુંબઇ જૈન યુવક સંઘ તરફથી એક સભા ગોઠવવામાં આવી હતી. આ સભામાં સંઘની કાર્યવાહક સમિતિના સભ્યો ઉપરાંત શ્રી. ધીરજલાલ ધનજીભાઇ શાહના કેટલાક અંગત મિત્રો તથા વ્યાપારીઓ સંઘના નિમંત્રણને માન આપીને ઉપસ્થિત થયા હતા. પ્રમુખસ્થાને શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ બીરાજ્યા હતા. પ્રારંભમાં શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ ધીરૂભાઇના આગામી પ્રવાસ અંગે અંતરની શુભેચ્છાઓ વ્યકત કરતાં પોતાના વ્યવસાય સાથે તેઓ આજ સુધી બીજી કઇ કઇ પ્રવૃત્તિઓમાં રસ લઇ રહ્યા છે, તેનો ખ્યાલ આપ્યો હતો. અમદાવાદમાં યુવક સંઘનું જે કાંઇ કાર્ય ચાલે છે તેના તેઓ જ મુખ્ય પ્રણેતા છે. એ ઉપરાંત સાહિત્ય તેમ જ કેળવણી તેમના રસના વિષયો છે, અમદાવાદની અનેક સંસ્થાઓ સાથે તેઓ નિકાનો સંબંધ ધરાવે છે. વ્યવસાયના કારણે મુંબઇ તેમનું અવાર નવાર ઠીક ઠીક રહેવાનું થતાં જૈન યુવક સંઘની પ્રવૃત્તિમાં પણ તેઓ સક્રિય ભાગ લઇ રહ્યા છે અને છેલ્લા ત્રણેક માસથી પ્રબુધ્ધ જૈનનું તેઓ સંપાદન કરી રહ્યા છે. આવી વ્યકિત પોતાના વ્યાપારના વિકાસના હેતુથી યુરોપ જતી હોવા છતાં તે ઉપરાંત ત્યાંથી બીજું ઘણું લઇ આવશે એમાં શંકાને સ્થાન હોઇ નજ શકે અને એનો લાભ સંઘને તેમજ સમાજને મળશે એવી આશા વ્યકત કરવા સાથે તેમને તથા તેમની સાથે જતા તેમના ભાગીદાર શ્રી ત્રીકમલાલ મહાસુખલાલના પુત્ર શ્રી કલ્યાણભાઇને સર્વ પ્રકારે સફળ સફર ઇચ્છી હતી. અને તેના અનુમોદનમાં શ્રી ચીમનલાલ પી. શાહે, શ્રી જટુભાઇ મહેતાએ શ્રી તારાચંદ કોઠારીએ, શ્રી ચુનીલાલ કામદારે, શ્રી. જસુમતી બહેને તથા ડો. છોટુભાઇ પટેલે પ્રસંગોચિત વિવેચનો કર્યાં હતાં, અને એ રીતે શ્રી ધીરૂભાઇ પ્રત્યે સૌ કોઇએ દિલમાં રહેલો સ્નેહભાવ એક યા અન્ય આકારમાં રજુ કર્યો હતો. ત્યાર બાદ સર્વ વિવેચનોનો ઉપસંહાર કરતાં પ્રમુખસ્થાનેથી શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહે ધીરૂભાઇ સાથેના પોતાના પરિચયનો, તેમના વ્યકિતત્વની વિશેષતાઓનો તથા તેમની ઇતર પ્રવૃત્તિઓનો ખ્યાલ આપ્યો હતો અને પ્રબુધ્ધ જૈનના આજ સુધીના તેમના કુશળ સંપાદન અંગે સંતોષ વ્યકત કર્યો હતો અને યુરોપનો પ્રવાસ તેમની જ્ઞાનવૃધ્ધિનું કઇ કઇ રીતે નિમિત્ત બની શકે તે સંબંધે કેટલાંક વિનોદવાકયો સંભળાવી સૌ કોઇને હસાવ્યા હતા. આ સર્વ શુભેચ્છાઓ અને સદ્‌ભાવ માટે આભાર માનતાં શ્રી. ધીરૂભાઇએ પોતાના ભાગીદાર શ્રી ત્રીકમલાલ મહાસુખલાલ અને સંઘના મંત્રી શ્રી મણિલાલ મોકમચંદ શાહ (જેઓ શારીરિક નાસાજીના કારણે આ પ્રસંગે હાજર રહી શકયા નહોતા) તે બન્ને વ્યકિતઓના તેઓ કેટલા ઋણી છે તે વિષે ઉંડા ભાવભર્યો અંગત ઉલ્લેખ કર્યા બાદ જણાવ્યું હતું કે " મારા વ્યાપારનું કામ કરતાં મને જેટલો જેટલો અવકાશ મળશે તે આવકાશનો તેમ જ કામ વહેલું પુરું થશે અને ત્યાર બાદ હું ત્યાં થોડો સમય રહી શકીશ તો તે સમયનો ઉપયોગ ત્યાંની કેળવણી અને યુવક પ્રવૃત્તિનો અભ્યાસ કરવા પાછળ જ કરીશ. સાહિત્યમાં મને અવશ્ય રસ છે, પણ મારૂં લક્ષ્ય તો ઑકસફર્ડ અને કેંબ્રીજ તરફ છે, ઠેકોસ્લાવેકીઆ માં આજે જે યુવકપ્રવૃત્તિ નવનિર્માણ કરી રહી છે તે તરફ છે. તે બધું જોઉં, સમજું અને તે દ્વારા અહિં પાછો આવું ત્યારે આપણા દેશને, સમાજને કાંઇક ઉપયોગી થઇ શકું એવી મારી ભાવના છે." ત્યાર બાદ વિનોદપૂર્ણ વાર્તાલાપ અને અલ્પ ઉપાહાર અને સદ્‌ભાવ અને શુભેચ્છાઓના વાતાવરણ વચ્ચે સભા વિસર્જન થઇ હતી.

ભગવાન મહાવીરનો સંદેશ

(મહાવીર જયન્તીના દિને મુંબઇ સ્ટેશન ઉપરથી રજુ કરવામાં આવેલ આ સંદેશ ઓલ ઇન્ડીઆ રેડીઓની અનુમતિથી અહિં પ્રગટ કરવામાં આવે છે. સંપાદક)

ભગવાન મહાવીરના સંદેશની ઝાંખી કરવાની જેને ઇચ્છા હોય, તે સજ્જનો અને સન્નારીઓ શ્રીમદ્ હેમચંદ્રાચાર્યના મહાવીરચરિત્રમાંથી કરી શકે છે.

વીર ભગવાનને ૨૫૦૦ વર્ષ ઉપરાંત સમય થયો–છતાં તેમની વાણીનું હાર્દ મેળવવાની ઝંખના આજે પણ કેમ રહે છે? વિચાર કરીશું, તો સમજાશે કે પોતે પોતાના જીવનમાં જે જે વિચારી આચરણ કરી ચૂકયા તેનું જ પ્રતિપાદન તેમની વાણીમાં આવ્યું. અનેક ભવમાં પણ સત્યને જ તેમણે પ્રિય ગણ્યું, અને તેમની વાણીમાં સત્ય ઝરતું રહ્યું. સત્ય બોલવું અને પ્રિય એવું સત્ય બોલવું એ તો મહાવીર ભગવાનની વાણીનો રણકાર હતો જ. કોઇને માટે પણ કર્કશ ભાવના હતી નહિં અને સર્વ જીવો માટે ઉદાર બુધ્ધિ ભગવાનમાં હતી એટલે સર્વને આનન્દ કરનારી તેમની વાણી હતી. પોતાને રાગ નહિ, દ્વેષ નહિ, મમતા નહિ, અપેક્ષા નહિ, આગ્રહ નહિ; એ બધાં પોતાના જીવનમાં ગુંથાઇ રહેલાં તત્ત્વો ભગવાનની વાણીમાં ઝરતાં આવ્યાં. જે જાતનું જીવન હોય તે જ પ્રકારની ભાવના થતાં તેને અનુસરતી વાણી થાય. આજે આપણે તેવી વાણી સાધુ–સંતપુરૂષ સિવાય બીજે કયાંથી મેળવી શકશું?

મહાવીર ભગવાનની ભાવના જેના જીવનમાં ઓતપ્રોત થઇ ગઇ છે તેને તેમની વાણી સિવાય બીજી કઇ રીતે ઓળખીશું? ભગવાન પોતે સ્વાવલંબી હતા. પોતાના જ જ્ઞાન, દર્શન તથા ચારિત્ર્યના સામર્થ્યથી કર્મ ખપાવતા હતા. તેમની વાણીમાં પણ તે જ ઉપદેશ આવે ખરોને? ભગવાન બધાને કહે કે સૌએ પોતપોતાનાં કર્મના બન્ધનથી છૂટાં થવાનું છે, અને તે માટે પોતાની જ આત્મશકિત અને ગુણસંપત્તિનો ઉત્કર્ષ સાધવો જોઇએ અને તે દરેક જણે પોતાને માટે પ્રાપ્ત કરવાનો છે. જેને તે પ્રાપ્ત થાય, તે બીજાને દીપકની જેમ વગર બોલ્યે માર્ગદર્શક થાય. પ્રાપ્ત કરવામાં પણ પુરૂષાર્થ શકિત વધે, તેમ તેમ કર્મની નિર્જરા થાય જ. તે માટે ભગવાનનો સંદેશ શાંતિ ધારણ કરવાનો, સુખદુઃખમાં સરખું મન રાખી, કર્મની નિર્જરા કરવાનો છે. ભગવાને પોતે અનેક ભવોમાં તે રીતે જ કર્મનો ક્ષય કર્યો, અને પોતાની વાણીમાં પણ તે જ માર્ગનું દર્શન મહાવીર ભગવાન કરાવે છે.

આ માર્ગમાં, મન–વચન–કાયાથી, સત્ય અને અહિંસા સાથે, અદત્તાદાન–અપરિગ્રહ આવે છે. પરિગ્રહ વધતાં મનનો ભાર વધે અને મનના પ્રદેશો વિસ્તાર પામી અનેક અથડામણોમાં આવે અને ત્યાર પછી, પરિગ્રહને મર્યાદા રહે નહિ. આમ આત્મગુણથી દૂર દૂર જતાં મન પરિગ્રહોથી બંધાઇ બંધાઇને ઘસડાય. તેમાંથી હળવા થવા, ભગવાન મહાવીરનો સંદેશ, પરિગ્રહને હળવો કરી તેને નહિવત્ કરવાનો છે. તેમ થતાં જ સત્ય અને અહિંસા સુલભ થાય તેમ છે. બીજાનું મન–દુઃખ થાય તેવું કશું ન કરવા જેટલી કરૂણાનો આરંભ થાય ત્યાર પછી તેમાંથી પરમ કરૂણા જન્મે અને તેથી અહિંસા સિધ્ધ થાય. કરૂણામય જીવન થતાં સ્વ માટેનો આગ્રહ હળવો થઇ શૂન્યવત્ થાય અને તે રીતે સંત પુરૂષના જીવનમાં કરૂણા નીતરે, તે તેમની વાણીમાં પણ નીતરે. ભગવાનનો સંદેશ સાંભળી સર્વ જનો શાંતિ, આહ્લાદ તથા સંતોષ મેળવે. તે ઝરણાં પરમ કરૂણામાંથી ફૂટે છે; અને મહાવીર ભગવાનનો સંદેશ એ તેમના જીવનનો આવો વિવિધ પણ મૃદુ રણકાર છે.

શરીર–મન–આત્મા એમ ઉત્તરોત્તર આ દ્રવ્યોના ગુણો તેજવાળા થાય તે માટે જેમ સત્ય–અહિંસા–કરૂણા–અપરિગ્રહ ઇત્યાદિ ગુણોનો વિકાસ થતો જાય તેવી જ જીવનપધ્ધતિ અને સમાજપધ્ધતિ થવી જોઇએ; એને તે માટે મહાવીર ભગવાનના સંદેશમાં આવશ્યક અંગ બ્રહ્મચર્ય પણ છે. સુદૃઢ દેહમાં સ્વસ્થ ચિત્ત રહે અને તેવા ચિત્તમાં વૃત્તિઓ શાન્ત રહે ત્યારે તેજનો ઉદ્ભવ અને રંગ આવે! અને તે ગુણો બ્રહ્મચર્યથી આવે છે તેમ મહાવીર ભગવાનનો સંદેશ છે. સાધુમાર્ગને આ સર્વ ગુણો અંગ રૂપ થાય અને ગૃહસ્થ વર્ગીઓને આ ગુણો માટે મમત્વ રહે–આદર થાય–અને તદનુસાર ચારિત્ર્ય રહે તે માટે ભગવાનનો સંદેશ છે.

આજે વાતાવરણ અને સમાજ દેશપરદેશનાં વમળો વચ્ચે, તથા પરિવર્તન પામતાં યુગબળો વચ્ચે, ક્ષોભ પામેલાં અને વિકૃત થયેલાં છે. તેમાંથી માર્ગ શોધવા માટે પાત્ર ગણાય તેવી યોગ્ય વ્યકિતઓ મહાવીર ભગવાનના સંદેશને અનુસરે તો સમાજને કલ્યાણકારી થાય.

જમાનાના ને વાતાવરણનાં બળો પર કાબુ મેળવવાની તાકાત આવ્યા વિના સમાજમાં આત્મગુણો વૃધ્ધિ પામે નહિં અને ટકે નહિ. પરંતુ કાબુ મેળવ્યા પછી જો ભગવાન મહાવીરના સંદેશાના તત્ત્વોને યાદ કરીને અમલ ન કરીએ તો હાલાકીનો છેડો જ ન આવે. એટલું સમજાય તો આજે શુધ્ધ રીતે પુરૂષાર્થ કરવાનો, સત્યમય જીવન કરવાનો, બીજાનું કલ્યાણ ઇચ્છી પરસ્પરને મદદરૂપ થવાનો, પોતાનો સંચય હોય, સાધનસંપત્તિ હોય તેનો લાભ વિસ્તૃત કરી, બીજાના જીવનના ભાર હળવા કરી, કરૂણામાર્ગ પ્રત્યક્ષ કરવાનો આજનો સમય છે અને તેમ કરવાથી ભગવાન મહાવીરનો સંદેશ ચિરકાળ આપણને જીવંત દેખાશે ને મહાવીર ભગવાને દર્શાવેલ ધર્મની વૃધ્ધિ થશે.

ભગવાનના પૂર્વ ભવનું ચરિત્ર વાંચશું તો તેમાં બીજા માટે પરમ અનુકંપા દેખાશે. નયસારના પૂર્વકાળના ભવમાં અપોરે જંગલમાં ભૂલા પડેલા સાધુવૃંદને જાણને જે જે ભાવના ઉપજી તેનું અતિ સુંદર વર્ણન શ્રીમદ્ હેમચંદ્રાચાર્યજીએ કર્યું છે. આ અનુકંપા આગળ પોતાની સાધનસંપત્તિ આગન્તુકોના લાભ માટે ધરતાં જે અનુમોદના કરી તેમાં ઉત્તરોત્તર વિકાસનો અને તીર્થંકરપદનો પ્રથમ અંક નયસારે બાંધ્યો. આવી કરૂણા અર્થે મહાવીર ભગવાનનો સંદેશ છે. પોતપોતાના કર્તવ્યક્ષેત્રમાં કરૂણા–દર્શન દેતાં વ્યકિતનું અને સમાજનું શ્રેય વૃધ્ધિ પામે તેમ છે. ભગવાન મહાવીરના સંદેશા માટે આજે આગ્રહ ધરી તેમની કરૂણા ઝીલવા અને કરૂણામય જીવન કરવા સંકલ્પ કરીએ તો આજે પણ સમાજને મહાવીર ભગવાનનો સંદેશ પ્રાપ્ત થાય છે.

હીરાલાલ અમૃતલાલ શાહ

વૈદ્યકીય રાહત

મુંબઇ અને પરાંઓમાં વસતાં જે જૈનો ભાઇ યા બહેનને વૈદ્યકીય રાહતની, દવા કે ઇન્જેકશનોની તેમ જ ડોકટરી ઉપચારની જરૂર હોય તેમણે ધનજી સ્ટ્રીટમાં આવેલ મુંબઇ જૈન યુવક સંઘના કાર્યાલયમાં તપાસ કરવી.

રતિલાલ ચીમનલાલ કોઠારી
મંત્રી, વૈદ્યકીય રાહત સમિતિ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન: સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજી. નં. બી ૪૨૬૬

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ : ૧૨
અંક : ૧

મુંબઈ : ૧ મે ૧૯૫૦ સોમવાર

વાર્ષિક લવાજમ રૂપિયા ૪

શ્રમણોની સમસ્યા

[દિવસાનુંદિવસ શ્રમણોની સમસ્યા વધારે ને વધારે જટિલ અને ગુંચવાળી બની રહી છે. આ લેખના વિદ્વાન લેખક પોતે શ્રમણપરંપરાના એક સુપ્રસિધ્ધ પ્રતિનિધિ છે. તેઓ પ્રસ્તુત સમસ્યાની બહુ સમીપ રહયાં છે, એ સમસ્યા એમને સીધી રૂપશી રહી છે અને એ સંજોગોમાં અધિકારપૂર્વક તેમણે જે લખ્યું છે તે જૈન અને બૌધ્ધ બન્ને પરંપરાના ગૃહસ્થો અને શ્રમણોએ ગંભીરતાપૂર્વક વિચારમાં લેવું ઘટે તેવું છે. જૈન ધર્મના સર્વ સંપ્રદાયોની સાધુપરંપરામાં ભાવનાના સ્થાને જે નિયમોની પ્રધાનતા જડ ઘાલીને બેઠી છે તેમાં સમયના વહેવા સાથે જો પરિવર્તન કરવામાં નહિ આવે તો પરિણામે કકળતા, ગ્લાનિ અને વિદ્રોહ જ પેદા થવાનો. રાષ્ટ્રની આર્થિક તથા સામાજીક પરિસ્થિતિઓ જોતાં આધ્યાત્મિકતાની ઓટ વિષે નિષ્ક્રિય બની રહેવું એ લાંબો વખત ચાલી શકશે નહિ. આશા રાખવામાં આવે છે કે આ લેખને અંગુલીદર્શક સમજીને વિષયની ગંભીરતાની ઉપેક્ષા કરવામાં નહિ આવે તેમ જ શ્રધ્ધાની અતિશયતાના કારણે તે વિષે રોષ પણ નહિ ચિન્તવવામાં આવે. શાન્તચિત્તે તથા જિજ્ઞાસુ બુધ્ધિથી આ વિષય ઉપર વિચાર કરવો આવશ્યક છે.

તંત્રી]

આર્ય સંસ્કૃતિમાં સામાન્યતઃ જૈન તથા બૌદ્ધ પરિવ્રાજક જ 'શ્રમણ' કહેવાય છે. આર્ય સંસ્કૃતિની જો બે શાખાઓ—વૈદિક અને અવૈદિક—માનવામાં આવે તો જૈન તથા બૌદ્ધ 'શ્રમણ' જ અવૈદિક સંસ્કૃતિના પ્રતિનિધિઓ છે.

જે રીતે અવૈદિકોને પક્ષે વૈદિક થવું એ ઉપહાસનો વિષય છે એ જ રીતે વૈદિકોને પક્ષે અવૈદિક થવું એ નિંદા તથા નિન્દાનો વિષય છે.

'વૈદિક' ધર્મનો સંન્યાસમાર્ગ સંભવતઃ શ્રમણ સંસ્કૃતિની જ ભેટ છે. એ માટે જ્યારે આપણે 'શ્રમણોની સમસ્યા'ની ચર્ચા કરી રહ્યા છીએ ત્યારે વિવિધ પ્રકારે સર્વ શાસ્ત્રસિદ્ધ પરિવ્રાજકોની સમસ્યા નજર સમક્ષ ઉપસ્થિત થાય છે. 'શ્રમણ' અને 'સંન્યાસી' માં ભેદ કરવાનો આપણને આગ્રહ પણ નથી.

એવા પણ વિચારકો છે જે સન્યાસઆશ્રમને માત્ર અપ્રાકૃતિક માને છે. તેમની દૃષ્ટિએ કોઇએ પણ 'શ્રમણ' અથવા સંન્યાસી બનવું જોઇએ નહિ. આવા વિચારકોની વાતો અત્યારે જવા દઇએ.

સામાજિક, આર્થિક અને નૈતિક અથવા આધ્યાત્મિક કારણોથી આજથી અઢી હજાર વર્ષોથી પણ પહેલાં શ્રમણ સંસ્થાનાં બીજ રોપાયાં હશે. ત્યારથી તેણે લગભગ બધા ધર્મોમાં કોઇને કોઇ રૂપે સ્થાન મેળવ્યું છે.

દરેક સંસ્થામાં કોઇને કોઇ નિયમ કે શિસ્ત હોય છે. શ્રમણ સંસ્થામાં પણ તેના પોતાના નિયમો છે. જૈન શ્રમણોને પણ છે અને બૌદ્ધ ભિક્ષુઓને પણ નિયમો છે. હિન્દુ સન્યાસીઓને પણ જૈન યા બૌદ્ધ જેટલા વ્યવસ્થિત નહિ એમ છતાં પણ ચોક્કસપ્રકારના નિયમો અને શિસ્તની પરંપરા છે.

આજે આપણે 'શ્રમણોની સમસ્યા' પર કોઇ એવી સામાજિક દૃષ્ટિથી વિચાર નથી કરતા કે જે રીતે આપણે ભિખારીઓની સમસ્યા' પર વિચાર કરીએ છીએ. આપણે આ પ્રશ્ન શ્રમણોની પોતાની દૃષ્ટિથી વિચાર કરવા માગીએ છીએ.

શ્રમણોની સમસ્યા અટપટી છે. તેનો 'ધર્મ' અને 'જીવન' સાથે સંબંધ છે એ માટે એ થોડે અંશે પણ તેમને માટે તો બહુ મહત્વપૂર્ણ છે. હું મારા જૈન 'શ્રમણ' અને બૌદ્ધ 'ભિક્ષુ' મિત્રોના જીવનમાંથી એક બે ઉદાહરણ આપી એ સમસ્યાની તરફ અંગુલીનિર્દેષ કરવા માંગું છું.

સારનાથ (બનારસ) બૌદ્ધ તીર્થ તો છે જ, પણ તીર્થંકર શ્રેયાંસનાથની જન્મભૂમિ હોવાને કારણે જૈનતીર્થ પણ છે. ત્યાં એક જૈન મંદિર છે. મોટે ભાગે કેટલાય લોકો બૌદ્ધમંદિરની સાથે જૈનમંદિરના દર્શનાર્થે પણ આવે છે. મેં સારનાથમાં લાંબો સમય ગાળ્યો છે અને અત્યારે પણ હૃદયનો સંબંધ તો તે સ્થળ સાથે બંધાયેલો જ છે. તે 'તથાગત'ની ધર્મ—ચક્ર—પરિવર્તનની ભૂમિ હોવાથી કોઇ પણ 'ભિક્ષુ' નો જ નહિ, કોઇ પણ ભારતીયનો જ નહિ, વિશ્વના કોઇ પણ નાગરિકનો તેનાથી સંબંધ તોડી પણ કેવી રીતે શકાય? જ્યારે હું સારનાથમાં રહેતો હતો ત્યારે લગભગ રોજ આસપાસના પ્રદેશોમાં ફરવા જતો હતો. એક દિવસ સાંજના હું પસાર થતો હતો ત્યારે ત્યાં એક જૈન મુનિને આવતા જોયા. તેમણે પૂછયું.

"સારનાથ મંદિર કેટલું દૂર છે?"

'મંદિર' એ સ્થાનથી એક માઇલ પણ દૂર નહિ રહ્યું હોય છતાં થાકી ગયેલાને યોજન જેટલું લાંબું જણાય છે. મેં વિચાર કર્યો કે જો હું તેમની સાથે પાછો ફરું તો તેમને સાથ મળશે અને મને તેમની સાથેની વાતચીતદ્વારા તેમની ચર્યાના સંબંધમાં કંઇને કંઇ નવી જાણવા મળશે. તેમનો રસ્તો કપાશે અને મારું જ્ઞાન વધશે.

મુનિજીથી થોડેક દૂર બે માણસો કેટલોક સામાન લઇને આવી રહ્યા હતા. તેમની તરફ સંકેત કરીને મેં પૂછયું.

"આ માણસો આપની સાથે છે?"

"હા!"

"તો આપ જ્યારે યાત્રામાં જાવંછો ત્યારે આપની ભિક્ષાની વ્યવસ્થા કેવી રીતે કરો છો? અમે સાંભળ્યું છે કે જૈન મુનિઓને ઠંડા, ગરમ પાણીની પણ મર્યાદા હોય છે."

"અમે જ્યાં જઇએ છીએ, ત્યાં ભિક્ષા માંગી લઇએ છીએ."

"આપ આજની સાથેના આ બે માણસો પાસે ભોજન શા માટે નથી બનાવરાવતા?"

"અમે અમારા માટે તેઓ પાસે ભોજન બનાવી શકાયે નહિ, હા; તેઓ પોતાના માટે ભોજન બનાવે છે. તેમાંથી અમે ભિક્ષા લઇ લઇએ છીએ."

હવે આપ જરા વિચાર કરો કે આ દ્રવિડપ્રાણાયમનો શું અર્થ છે? મુનિમહારાજ 'ભિક્ષા' ગ્રહણ કરે છે, તે આ જ બે

માણસોએ બનાવેલી 'ભિક્ષા' ગ્રહણ કરે છે. તે બન્ને માણસો જ્યાં જ્યાં મુનિમહારાજ જાય છે ત્યાં સામાન લઇને તેમની સાથે જાય છે. કોઇને કોઇ શ્રદ્ધાળુ શેઠે મુનિમહારાજને માટે જ આ વ્યવસ્થા કરી છે. આ બધું છતાં ભોજન તેમને માટે બને છે એ વાત સ્વીકારવામાં મુનિમહારાજને અનૌચિત્ય દેખાય છે.

આપ આ બાબતને કદાચ મુનિમહારાજનો 'ઢોંગ' કહેશો, કોઇના પણ આચરણને માટે સહસા 'ઢોંગ' શબ્દનો ઉપયોગ કરવો એનાથી સરળ બીજું કોઇ કામ નથી. પરંતુ આપણે આ બાબતને સમજવાનો પ્રયત્ન કરવો જોઇએ.

મારી સમાજમાં મુનિમહારાજ 'ઢોંગી' નહોતા. તે લાચાર હતા તેથી તેમ કરવું પડતું હતું. જેવા તેમના માનસિક સંસ્કાર હતા અને જેવી તેમની આર્થિક અથવા ભૌતિક પરિસ્થિતિ હતી તે જોતાં એ સિવાય તેઓ બીજું કશું કરી શકે તેમ નહોતા.

તે મુનિ હતા. ભિક્ષા તેમણે માંગવી જ જોઇએ. શ્રમણ સંસ્કૃતિએ ભિક્ષુક સંસ્થાની જે કલ્પના કરી અને તેનો જે વિકાસ કર્યો તેમાં મૂળ બાબત એ જ છે કે સન્યાસી સમાજને માટે ભારરૂપ ન થાય. તેનો સમાજ ઉપર ઓછામાં ઓછો ભાર હોય. તે એટલે સુધી કે કોઇને પણ 'તેને માટે' ભોજન બનાવવું ન પડે. ગૃહસ્થ જે પોતાને માટે બનાવે તેમાંથી જ મધૂકરી વૃત્તિથી સાધુ ચાર ઘેરથી થોડું થોડું લઇને પોતાનો જીવનનિર્વાહ કરી લે. આ દૃષ્ટિથી જૈન શ્રમણોની ચર્યામાં એ ઉત્કૃષ્ટ નિયમ છે કે તે એ જ ભોજન કરે જે તેને માટે બનાવવામાં ન આવ્યું હોય. હવે આ નિયમનું પાલન કરતા મુનિરાજ 'પોતાને માટે' તે બે માણસો પાસે ભોજન તૈયાર કરાવવાનું શરૂ કરે તો તેમાં અને બે નોકરોને સાથે લઇને ફરતા કોઇ પણ શેઠ-શાહુકારમાં શું તફાવત પડે?

પ્રશ્ન એ થાય છે કે, તેઓ જ્યાં જાય છે ત્યાં જ 'ભિક્ષા' શા માટે નથી માંગી લેતા? આજે તો ભિખારી જ 'ભિક્ષુક' બની ગયો છે. ભિખારીઓને જેવું ભોજન જે રીતે મળે છે તેથી કોણ શ્રમણ ગ્રહણ કરવા આજ તૈયાર થાય છે? અને એ સાચી વાત છે કે શ્રમણને જે ભિક્ષા મળે છે તે પૂજ્યબુદ્ધિથી જ મળવી જોઇએ, કોઇ જાતની દયાબુદ્ધિથી નહિ. શ્રમણ અપરિગ્રહી છે, તે દરિદ્ર નથી. તે ભિક્ષુ છે, ભિખમંગો નથી. જે દિવસે શ્રમણ ભિખમંગો થઇ જશે તે દિવસે તેની તેજસ્વિતા પણ નષ્ટ થઇ જશે.

વળી મુનિમહારાજને પાણી પણ એવું પાકું પાણી જોઇએ કે જે એમને માટે ગરમ કરવામાં આવ્યું ન હોય! તેથી તે ઘરે ઘરે ભિક્ષા જ કેવી રીતે માંગી શકે? પરિણામ એ જ આવે કે જેનું ઉકત મુનિની ચર્યામાં આપણને દર્શન થયું છે.

હવે હું મારા જ એક સ્નેહી શ્રમણ મહિન્દ્રજીનું ઉદાહરણ આપું છું. જૈન શ્રમણોની જેમ જ બૌદ્ધ શ્રમણો પાસે પણ પૈસા ન રાખવાની આજ્ઞા રાખવામાં આવે છે. શ્રમણોના બન્ને 'વિનયો' (આચારશાસ્ત્ર) માં જ નહિ પણ સર્વ પરિવ્રાજકોને માટે પૈસા રાખવા એ વર્જ્ય ગણાય છે. શ્રમણ ભિક્ષા-જીવી છે. રોજે રોજ ભિક્ષા માંગીને ભોજન કરે છે, પૈસાની એને શી જરૂર? પૈસા રાખે તો તો સંગ્રહ જ થઇ જાય. તેથી તેનો, નાશ થવાનો ભય રહે અને તેને સુરક્ષિત રાખવાની ચિન્તા રહે.

કોઇ પણ ભિક્ષુ અથવા શ્રમણને એવી શી જરૂર હોય કે તે 'નવાણું'ના ફેરા'માં પડી વ્યર્થ હેરાન થાય? આ માટે શ્રમણ સંસ્થામાં પ્રત્યેકને માટે 'અપરિગ્રહી' રહેવું એવો શ્રેષ્ઠ નિયમ ઘડવામાં આવ્યો છે.

શ્રમણ મહિન્દ્ર બ્રહ્મદેશથી બૌદ્ધદીક્ષા લઇને આવ્યા છે. નવો મુલ્લો અલ્લા અલ્લા બહુ જ બોલે છે એ એક સર્વવ્યાપક સિધ્ધાંત છે. બિચારો જેટલું જ્ઞાન છે તે અનુસાર શ્રધ્ધાપૂર્વક નિયમપાલન કરવાની પૂરી ચેષ્ટા કરે છે. પૈસા નહિ રાખવાનો નિયમ તો એક અત્યન્ત સીધો સાદો નિયમ છે, જે સારીયે શ્રમણ પરમ્પરાને માન્ય છે. આ પંક્તિઓના લેખક સ્વયં વર્ષો સુધી પૈસા રાખવા કે નહિ રાખવાની વિટંબણામાં પડીને આજે કોઇ પણ સામાન્ય માણસની માફક પૈસાનો વ્યવહાર કરવા લાગી ગયા છે. તે દિવસે સારનાથમાં મહિન્દ્રજીએ કહ્યું હતું કે.

"મારા થોડાક પૈસા અમુક.....માણસ પાસે છે. તેઓ જઇ રહ્યા છે. આપની સાથે કોઇ માણસ હોય તો તેને અપાવી દઉં."

"આપના પૈસા હું પણ લઇ શકું છું" કહીને મેં તેને મારા સાથી ગુણાકરને અપાવી દીધા.

બીજે દિવસે તેમને માટે દિલ્હીની પાસેની એક નાનકડી જગ્યાએ જવાનો બંદોબસ્ત કરવાનો હતો. મેં તેમના પૈસા લઇને આ વ્યવસ્થા કરી આપવાનું માથે લીધું. સ્ટેશન પહોંચ્યો. બાબુને પૂછ્યું-"આપ એક ટિકીટ કાઢી આપશો?"

"હજુ ગાડી આવવાને વાર છે એક કલાક પછી મળશે."

"ટિકીટ તો મારે આ સ્વામીજીને માટે, જોઇએ છે, તેઓ પાસે પૈસા રાખતા નથી. હું તેમને ટિકીટ અપાવીને હમણાં જ ચાલી જવા માંગુ છું."

"તો લાવો, પરન્તુ જાઇએ છે; કયાંની?" સ્ટેશનનું નામ બતાવ્યું. એ નાનું સરખું સ્ટેશન! બાબુની રેલ્વેગાઇડમાં મળતું નહોતું. હું અઢી રૂપીયાનું એક નવું ટાઇમટેબલ ખરીદી લાવ્યો, તેમાં સ્ટેશનનું નામ બતાવીને કહ્યું કે—"આ સ્ટેશન છે."

એ નાનકડું સ્ટેશન! તેની માઇલ-સંખ્યા આપવામાં આવી નહોતી. ખબર નહોતી શું ભાડું આપવું પડે? તેમ જ ત્યાં ગાડી ઉભી રહે છે કે નહિ? આ બે પ્રશ્નોને લીધે સારી પેઠે હેરાનગતી ઉભી થઇ. અંતમાં બાબુએ બબ્બે સ્વામીઓના પ્રભાવથી પ્રભાવિત થઇને ટિકીટ કાઢી આપી.

હું ચાહતો હતો કે મહિન્દ્રજીને રાત્રે સુવા માટે અલાયદી જગ્યા પણ મળી જાય, એ સ્થાન નક્કી કરનાર કલાર્કને મળ્યો. તેણે કહ્યું;

"ગાડી આવ્યા પછી જ અમે કંઇક કરી શકીએ ગાડી અહીંથી જ ઉપડતી હોત તો અત્યારે જ કંઇક સગવડ કરી આપત."

"આ સ્વામીજી પૈસા રાખતા નથી. હું અત્યારે જવા માંગુ છું. આપ પૈસા લઇ લો. ગાડી આવ્યા પછી જગ્યાની સગવડ કરી આપજો."

"જો ગાડીમાં સ્થાન ન મળે તો આ પૈસા આમને પાછા આપી દઉં?"

"અરે! એ પૈસા રાખતા હોત તો આ પરિસ્થિતિ જ શું કામ ઉભી થાત? આપ એમ કરો, આ પૈસા રાખી લો. હું ફરીથી આવી જઇશ. જો એમને સ્થાન ન મળે તો આપ આ પૈસા મને પાછા આપી દેજો."

મહિન્દ્રજી સાથે સાથે આ બધું જોઇ, સાંભળી રહ્યા હતા. હવે એમનાથી ન રહેવાયું. તેઓ કંઇ નાના બાળક નહોતા! તેઓ ગૃહસ્થજીવનમાં હતા ત્યારે લશ્કરમાં મોટા હોદ્દા પર હતા. તેમના મનમાં છૂપાયેલા બુધ્ધિવાદે તેમની ભાવના પર આકરી ચોટ લગાવી. તે ચોટ આંસુ બનીને વહેવા લાગી. "ભન્તે! મને ક્ષમા કરો? મારી સમજમાં નથી આવતું કે આ શીલપાલન છે કે દુઃશીલતા છે.? આપને મારે લીધે કેટલું કષ્ટ થયું?"

મેં તેમને ધીરા પડવા કહ્યું:

"મામુલી બાબત છે. કોઇ પણ નિયમપાલનમાં થોડી અગવડતા આવે જ છે. દરેક નિયમપાલનની એકથી વધારે બાજુઓ છે, આપને આ એક બાજુ જોવા મળી રહી છે. એ સારું જ થાય છે."

અત્યારે પણ મહિન્દ્રજી પૈસા નહિ રાખવાના નિયમને પાળી રહ્યા છે, પરંતુ હું જાણું છું કે તેમના હૃદયમાં એક સ્થાયી સંદેહ ઘર કરી રહ્યો છે કે આ શીલપાલન છે કે દુઃશીલતા!

શ્રમણ સંસ્કૃતિના બે સામાન્ય પ્રતિનિધિઓના જીવનમાંથી લેવામાં આવેલી આ બે સામાન્ય ઘટનાઓ કઇ વાત તરફ ધ્યાનો કરે છે? તે કયા પ્રશ્નો આપણી સામે ઉભા કરે છે?

પ્રશ્ન સીધો સાદો છે. એ પ્રશ્ન કોઇપણ ચારિત્ર્યહીન ઢોંગી શ્રમણને હેરાન નથી કરતો, પરન્તુ જેના જીવનમાં સચ્ચાઇ છે, જેના જીવનમાં શ્રદ્ધા છે તેની સામે ખરેખર આ એક અગત્યનો પ્રશ્ન છે કે આખરે વર્તમાન સમયમાં તેમના ધર્મ-જીવનનો માપદંડ કયો હોય?

હમણાં જ કાલ પરમદિને જમ્બુમુનિજી મહારાજ તથા તેમના ગુરૂજીએ મને મળવા આવવાની કૃપા કરી હતી. ગુરૂજીએ જે પ્રશ્નો મને પૂછયા તે આવા જ હતા. "ગાડીમાં બેસી શકીએ કે નહિ? સાંજના ભોજન લઇ શકીએ કે નહિ."……ઇત્યાદિ.

તેમના આ પ્રશ્નો મહત્ત્વપૂર્ણ છે. તેઓ બતાવે છે કે આજના અનેક ચિન્તક શ્રમણોને માટે આ એક બહુ અગત્યની સમસ્યા છે કે તેઓ ગાડીમાં બેસી શકે કે નહિ? સાંજના ખાય શકે કે નહિ!

પરન્તુ હું તેને બીજી દૃષ્ટિથી જોઉં છું. મારી જિજ્ઞાસા એ છે કે શું એક મુનિ ગાડીમાં બેસવાથી મુનિ નથી રહેતો? અને જો તે ગાડીમાં બેસી ન શકે તો એ શું એવી વિશેષ વાત છે કે જેને કોઇના પણ ધાર્મિક જીવનનો ઉંચો માપદંડ માનવામાં આવે?

'વિનય' (આચારશાસ્ત્ર) ના સર્વ નિયમ સાધન છે, સાધ્ય નથી. શું દેશકાળના પરિવર્તન સાથે સાધ્યની સિદ્ધિને માટે મોટે ભાગે સાધન બદલવા નથી પડતા? કેટલાક લોકોનું કહેવું છે કે જો કોઇ શ્રમણ 'વિનય'નું પાલન નથી કરી શકતો તો તેને શ્રમણ બનવાની આવશ્યકતા શી છે? મને થાય છે કે શું જીવનના ધર્મરૂપનું પ્રતિનિધિત્વ માત્ર આ નિયમોના પાલનમાં જ રહેલું છે? શું એ ન બની શકે કે દેશકાળની તરફ ધ્યાન ન આપતાં જડવત્ કોઇ પણ નિયમોનું પાલન કરતા રહેવું એ અધર્મનું જ દ્યોતક હોય? પ્રશ્ન નિયમોનું પાલન કરી શકાય કે ન કરી શકાય એ નથી, પ્રશ્ન નિયમોનું પાલન કરવામાં ઔચિત્ય તથા અનૌચિત્યનો છે.

'નિયમો'નું પાલન કરવું અને વર્તમાન યુગના સામાન્ય જીવનના માપદંડ અનુસાર કૌતુકનો વિષય બનીને પડયું રહેવું એ એક માર્ગ છે. 'નિયમો'નું પાલન કરવું એ ઉચિત નહિ સમજવાને કારણે દીક્ષાનો જ ત્યાગ કરી દેવો એ બીજો માર્ગ છે.

'નિયમો' ની પાછળ જે ભાવના છે. તેને ગ્રહણ કરી દેશકાળ અનુસાર તે નિયમોનું નવી રીતે પાલન કરવું એ ત્રીજો માર્ગ છે.

શ્રમણોનું ભવિષ્ય આ ત્રણ માર્ગોમાંથી એક યોગ્ય માર્ગ નક્કી કરવા પર નિર્ભર છે. જો 'સંઘ' આ નક્કી ન કરી શકે તો પછી વ્યકિતએ જ નક્કી એ કરવો રહ્યો.

જોઇએ શ્રમણસંસ્થાનું ભવિષ્ય ઇતિહાસકાર શું લખવાનો છે?

(જૈન જગતમાંથી સાભાર ઉધ્ધૃત)

મૂળ હિંદી લેખક : **ભદન્ત આનન્દ કૌસલ્યાયન**

અનુવાદક : **તારાબેન શાહ**

હિંદુ, જૈન અને હરિજન મંદિર પ્રવેશઃ પરિશિષ્ટ

ઉપરના મથાળાના હિંદી લેખનો અનુવાદ પ્રસ્તુતતામાં પ્રબુધ્ધ જૈનના છેલ્લા બે અંકોમાં પ્રગટ થયો છે. એ લેખના લેખક શ્રી પૃથ્વીરાજ જૈન મૂળમાં રહેલ એક ભૂલ સુધારી લેવા સૂચવે છે 'શું શિખ હિંદુ છે?' એ મથાળા નીચે ગુરૂશ્રી નાનકદેવજી ૧૪મી શતાબ્દિમાં થયા એમ જણાવ્યું છે તેના બદલે ૧૫મી શતાબ્દિમાં થયા એમ જોઇએ. એ ઉપરાંત પ્રસ્તુત લેખ પુસ્તિકાના આકારમાં પ્રગટ થયા બાદ કેટલીક મહત્વપૂર્ણ હકીકતો તેમના જાણવામાં આવી છે તે તેઓ નીચે આપેલ પરિશિષ્ટના આકારમાં પ્રગટ કરવા વિનંતિ કરે છે :—

ભારતીય સાહિત્યમાં 'હિંદુ' શબ્દ

જૈન આગમોમાંના છેદસૂત્રમાં અન્તર્ગત 'નિશીથ' સૂત્ર પણ છે. તેની ચૂર્ણીમાં (દશમો ઉદ્દેશ) શ્રી કાલકાચાર્યની કથા છે. એ પ્રકરણમાં 'हिंदुगदेस' શબ્દ આવેલો છે. કાલકાચાર્ય દુષ્ટ રાજા ગર્દભિલ્લની કેદમાંથી પોતાની સાધ્વી બહેનને મુકત કરવા માટે સૈનિકસહાય મેળવવા માટે 'પારસકુલ' ના રાજા પાસે ગયા હતા. એ વખતે ત્યાં 'साही' નામનો રાજા રાજ્ય કરતો હતો. આચાર્યશ્રીએ નિમિત્ત આદિથી તેને વશ કર્યો અને એ પ્રસંગે કહ્યું કે "एहि हिंदुग देसं गच्चामो" "ચાલો હિંદુક દેશમાં જઇએ."

નિશીથ ચૂર્ણીનો રચનાકાળ વિ. સં. ૭૩૩ ની લગભગ માનવામાં આવે છે. મેરૂતંત્રનો સમય નિશ્ચિત રૂપમાં કહી શકાય તેમ નથી, કારણ કે તેમાં અંગ્રેજોના સમયના ઘણા શબ્દો માલુમ પડે છે. તેથી આપણને એ પરિણામ પ્રાપ્ત થાય છે કે સંભવતઃ હિંદુ શબ્દનો પ્રાચીનમાં પ્રાચીન ઉલ્લેખ જૈન સાહિત્યમાંથી જ મળે તેમ છે. અને તેમાં તે શબ્દોનો પ્રયોગ શુધ્ધ ભાગોલિક અર્થમાં કરવામાં આવ્યો છે. એક વિદેશી રાજાને એ નામથી ભારતવર્ષનો પરિચય કરાવવામાં આવ્યો છે.

હિંદુ શબ્દનો પ્રચલિત સંકુચિત અર્થ

લોકમાન્ય તિલકના અભિપ્રાય મુજબ હિંદુ ધર્મનું લક્ષણ આ પ્રમાણે છે:—

"प्रामाण्यबुद्धिर्वेदेषु, साधनानामनेकता।
उपास्यानाम नियम, एतद्धर्मस्य लक्षणम्॥

આથી પણ પ્રગટ થાય છે કે વેદોને પ્રમાણભૂત માનવાવાળાને જ માત્ર આજકાલ હિંદુ કહેવામાં આવે છે.

શ્રી વિનોબા ભાવેજી 'કલ્યાણ' ના સંસ્કૃતિ અંક (પૃષ્ઠ ૬૩) માં જણાવે, છે કે વર્ણ અને આશ્રમોની વ્યવસ્થામાં નિષ્ઠા રાખવાવાળા, ગોસેવક શ્રુતિઓને માતાની માફક પૂજ્ય માનવાવાળા તથા સર્વ ધર્મોનો આદર કરવાવાળા, જે પુનર્જન્મમાં માને છે અને તેથી મુકત થવાનો મનોરથ સેવે છે, તથા જે સર્વ જીવો સાથે અનુકુળ વર્તાવ રાખે છે તેને હિંદુ ગણવામાં આવેલ છે. હિંસાથી એનું ચિત્ત દુઃખી થાય છે, અને તેથી તેને હિંદુ કહેવામાં આવે છે.

આ રીતે વિચારતાં પ્રચલિત સંકુચિત અર્થની વ્યાપકતામાં કોઇ સંદેહ રહેતો નથી. આમ હોવાથી આ સમસ્યાનો ઉકેલ લાવવાનો ઉપાય એ છે કે કેન્દ્રિય સરકાર હિંદુ શબ્દની નિશ્ચિત પરિભાષા જાહેર કરે.

હિંસાનું દૂધ અને અહિંસાનું દૂધ

"તમે રોજ દૂધ પીતા હશો. તે દ્વારા તમે સત્યને અહિંસાનું પાલન કરો છો કે તેનો નાશ કરો છો એ કોઇ દિવસ વિચાર્યું છે? તમારૂં દૂધ મૂળ કયાંથી આવે છે તે વિચારી જુઓ. તમે દૂધ વેચાતું લેતા-હશો. ગાયોનો માલિક ધંધા અર્થે ગાય રાખતો હશે. પૈસાના લોભથી તે વાછરડાને માટે પૂરૂં દૂધ રહેવા દેતો નહીં હોય એટલું જ નહીં, પોતાનાં બાળકોને પણ પાતો નહીં હોય. આમ તે પોતાના વાછરડાંઓને ભૂખે રાખી મારી નાંખે છે; પોતાનાં બાળકોનાં આરોગ્ય અને આયુષ્યને પણ ક્ષીણ કરે છે. આ હિંસા માટે તેની પાસે દૂધ ખરીદી તમે વાપનારાઓ જવાબદાર છો. સત્ય અને અહિંસાના પાલનપૂર્વક તમારે દૂધ પીવું હોય તો તમારે ગાય પાળવી જોઇશે, તેને સુખી અને તંદુરસ્ત રાખવી જોઇશે, તેના વાછરડાંનું પોષણ કરવું જોઇશે અને તેમ કરતાં વધે તેટલું જ દૂધ પોતે ઉપયોગમાં લેવું જોઇશે.

"જે કંઇ આપણે વાપરીએ તેમાં સત્ય અને અહિંસા છે કે નહીં તે જોવાનો આપણો ધર્મ છે.

[શ્રી કુમારપ્પાએ વેડછી આશ્રમમાં કરેલા એક પ્રવચનમાંથી]

બૉંબે પબ્લીક ટ્રસ્ટ એકટ

સાઇપ્રેના સિધ્ધાન્તનું વિવરણ

મુંબઇ પ્રાન્તની કરોડો રૂપીઆની ધાર્મિક તેમ જ સામાજિક સખાવતોનું નિયમન કરતો 'બૉંબે પબ્લીક ટ્રસ્ટ એકટ' નામનો ધારો મુંબઇની સરકારે મુંબઇની ધારાસભાની આગલી બેઠકમાં રજુ કરેલો અને તે કેટલાક ફેરફારો સાથે આ વખતની ધારાસભાની બેઠકના અન્તભાગમાં પસાર કરવામાં આવ્યો છે. આવો સામાજિક દૃષ્ટિએ અતિ મહત્વનો કાયદો ઘડવા તથા પસાર કરવા માટે મુંબઇ સરકારને ધન્યવાદ ઘટે છે. આ કાયદો જેવો પસાર કરવામાં આવ્યો છે તેમાં અનેક ત્રુટિઓ છે; તેમાં ચેરીટી કમીશનરને કેટલીક વધારે પડતી સત્તાઓ આપવામાં આવી છે. તેટલી સત્તા આપવામાં આવી ન હોત તો કાયદાનો અમલ વધારે સરળ બનત અને સરકાર-પ્રજા વચ્ચે ઘર્ષણના નિમિત્તો પણ ઓછાં ઉભાં થાત. આ કાયદામાં એવા પણ કેટલાક નિયમો છે કે જે સામે કેટલાક વિભાગો અને વર્ગોનો ઠીક ઠીક વિરોધ થયો છે. પણ સામાજિક બાબતો-ને લગતા જ્યારે કાયદાઓ કરવામાં આવે ત્યારે જેને કશો ફેરફાર જ પસંદ નથી અને જેને ધાર્મિક કે સામાજિક બાબતોમાં કશું સરકારી નિયમન જ ખપતું નથી તેવા સ્થિતિચુસ્ત વર્ગનો તો વિરોધ હંમેશાં રહેવાનો જ. પણ આજે આપણે ત્યાં સખાવતી ટ્રસ્ટોની તેમ જ ધાર્મિક સંસ્થાઓની જે ગેરવ્યવસ્થા ચાલે છે, નાણાંનો જે દુરૂપયોગ પ્રવર્તે છે, અને ટ્રસ્ટીઓ જાણે કે મલીક હોય એવી રીતે ટ્રસ્ટોનો વહીવટ કરે છે-આવી અનવસ્થાનો અન્ત આણવા માટે આવા કાયદાની અને તેમાં સુચવેલ ચેરીટી કમીશનરની નીમણુકની ખાસ જરૂર હતી. આ નવી વ્યવસ્થાના અમલથી ટ્રસ્ટીઓના ગેરવહીવટ ઉપર સ્વાભાવિક રીતે અંકુશ મુકાશે અને નિરર્થક પડેલાં ટ્રસ્ટોનો સદુપયોગ થવા માંડશે.

આ વિષયને જ્યારે મુંબઇ સરકારે હાથ ધર્યો અને તે સંબંધમાં તપાસ કરી રીપોર્ટ કરવા માટે ટેન્ડુલકર કમીટીની નીમણુંક કરી ત્યારે હિંદુ ચેરીટી ટ્રસ્ટો પુરતું જ સરકારી નિયમન ઉભું કરવાનો મુંબઇ સરકારનો ઇરાદો હતો અને ટેન્ડુલકર કમીટીનો રીપોર્ટ પણ હિંદુ અને જૈન ટ્રસ્ટોને અનુલક્ષીને જ કરવામાં આવ્યો હતો. પણ એ ઉપરથી જે બીલ ઘડવામાં આવ્યું તેનું કાર્યક્ષેત્ર હિંદુ, મુસલમાન, પારસી-સૌ કોઇ વર્ગોના ચેરીટી ટ્રસ્ટો સુધી વિસ્તારવામાં આવ્યું. અને કાયદો પણ એ જ આકારનો રચાયો. આ કાયદામાં જેને સાઇપ્રેનો સિધ્ધાન્ત કહેવામાં આવે છે તેના અમલ સંબંધમાં ચોકકસ કલમ અન્તર્ગત કરવામાં આવી છે. અને આ કાયદા સામે જે વિરોધ કરવામાં આવ્યો હતો અને ખાસ કરીને જૈન સમાજ તરફથી જે ઉગ્ર આન્દોલન ઉભું કરવામાં આવ્યું હતું. તે ખાસ કરીને આ કલમને અનુલક્ષીને હતું. સાઇપ્રેના સિધ્ધાન્તનો અર્થ એ છે કે જ્યારે કોર્ટને એમ લાગે કે અમુક ચેરીટીનો અમલ મૂળ ટ્રસ્ટની કલમો મુજબ શકય નથી, વ્યવહારૂ નથી અથવા તો જાહેર હિતની દૃષ્ટિએ ઇષ્ટ નથી ત્યારે કોર્ટ મૂળ ટ્રસ્ટના હેતુઓ અને ટ્રસ્ટ કરનારનો ઇરાદો ધ્યાનમાં રાખીને ટ્રસ્ટની મીલ્કત કે આવકને મૂળ હેતુની સમીપ એવા જ બીજા કોઇ સામાજીક કે ધાર્મિક કાર્યમાં વાપરવાની ટ્રસ્ટીઓને રજા આપે કે આજ્ઞા કરે. દરેક કોર્ટને આ સત્તા હતી અને છે જ; અને જ્યારે જ્યારે ઉપર જણાવેલા ટ્રસ્ટની મીલ્કત કે આવ-કના ઉપયોગને લગતા પ્રશ્નો કોર્ટ આગળ રજુ કરવામાં આવ્યા છે ત્યારે કોર્ટે ઉપરના ધોરણે મૂળ ટ્રસ્ટના હેતુઓમાં ફેરફાર કરવાની ટ્રસ્ટીઓને અનુજ્ઞા આપી છે અથવા તો આજ્ઞા કરી છે. આજ સુધી આવા ફેરફારો બે રીતે થઇ શકતા હતા. (૧) જ્યારે ટ્રસ્ટીઓ આવા ફેરફારની માંગણી કરે (૨) જ્યારે ટ્રસ્ટમાં હિત ધરાવનાર વ્યકિત સરકારી વકીલ કે એડવોકેટ જન-રલનું ધ્યાન ખેંચે અને સરકારી વકીલ કે એડવોકેટ જનરલ કોર્ટની સમક્ષ આવા ફેરફારની માંગણી કરે. આ નવા કાયદાની રૂઇએ આ બધી ચેરીટીઓની સંભાળ રાખવા માટે અને તેનું યોગ્ય નિયમન કરવા માટે ચેરીટી કમીશનરની નીમણુંક કરવામાં આવનાર છે. હવે ઉપર જણાવેલ સાઇપ્રેનો સિધ્ધાન્ત આ નવા કાયદાની રૂઇએ કઇ રીતે લાગુ પાડવામાં આવશે તે સંબંધમાં આ કાયદામાં એક ખાસ કલમ ઘડવામાં આવી છે, જેનો સંખ્યાંક ૫૫ છે. આ કલમમાં સાઇપ્રેનું ધોરણ લાગુ પાડવા યોગ્ય ચાર સંયોગો કલ્પવામાં આવે છે. આ કલમ નીચે મુજબ છે.

"૧. જ્યારે કોઇ પણ વખતે ચેરીટી કમીશનરનો એવો અભિપ્રાય થાય કે—

(ક) જે મૂળ ઉદ્દેશથી પબ્લીક ટ્રસ્ટ ઉત્પન્ન થયું હોય તે મૂળ ઉદ્દેશ નિષ્ફળ ગયો છે.

(ખ) કોઇ પણ પબ્લીક ટ્રસ્ટની આવક અથવા વધારાની પુરાત (surplus balance) ઉપયોગમાં લેવાઇ નથી અથવા તો ઉપયોગમાં લેવાય તેવો સંભવ નથી.

(ગ) કોઇપણ પબ્લીક ટ્રસ્ટ કરનાર વ્યકિતના મૂળ ઇરાદાનો અથવા તો જે હેતુથી એ ટ્રસ્ટ ઉભું કરવામાં આવ્યુ હોય તે હેતુનો અમલ અલ્પાંશે કે સર્વાંશે જાહેર હિતમાં નથી, સલાહ-ભર્યો નથી, શકય નથી, વ્યવહારૂ નથી, ઇચ્છનીય નથી, જરૂરી નથી, અથવા તો ઉચિત નથી.

(ઘ) કલમ ૧૦ થી ૧૩ સુધીમાં જણાવેલા કોઇ પણ પ્રસં-ગોમાં અથવા તો ૫૪મી કલમ મુજબ ટ્રસ્ટરૂપે રહેલી 'ધર્માદા' રકમોના ઉપયોગ અંગે કોર્ટનું માર્ગદર્શન મેળવવાની જરૂરિયાત ઉભી થઇ છે. આ ચારમાંથી કોઇ પણ સંયોગમાં ચેરીટી કમીશનર નિયત કરેલા સમયમાં માર્ગદર્શન મેળવવા માટે કોર્ટને અરજી કરવા ટ્રસ્ટીઓને લેખિત નોટીસ આપશે.

૨. પેટા કલમ (૧) મુજબ અરજી કરવામાં જો ટ્રસ્ટીઓ નિષ્ફળ નીવડયા હોય અથવા ચેરીટી કમીશનર પોતે જ ટ્રસ્ટી હોય અથવા જાહેર ટ્રસ્ટનો કોઇ ટ્રસ્ટી ન હોય તો ચેરીટી કમીશનર પોતે કોર્ટને અરજી કરશે."

આ પછી ૫૬ મી કલમમાં કોર્ટ આવી અરજીનો કેવી રીતે નીકાલ કરશે અને જરૂર જણાયે સાઇપ્રેના સિધ્ધાંતનો અમલ કરશે તેનો પ્રબંધ સુચવવામાં આવેલ છે અને કોર્ટના આ ચુકાદા ઉપર હાઇકોર્ટમાં અપીલ થઇ શકશે એમ જણાવવામાં આવ્યું છે. આ કલમ નીચે મુજબ છે.

૧. આવી અરજી કર્યા પછી ભિન્નભિન્ન પક્ષોને સાંભળીને અને જરૂરી તપાસ કરીને કોર્ટ અરજીમાં જણાવેલી બાબતનો નિર્ણય કરશે અને ભલામણો કરશે. આ ભલામણો કરતી વેળા જાહેર ટ્રસ્ટ કરનારના મૂળ ઇરાદાને અમલમાં મૂકવાનું જેટલા અંશે શકય હશે, વ્યવહારૂ હશે અથવા તો જાહેર જનતાના હિતમાં ઇચ્છનીય અને જરૂરી હશે તેટલા અંશમાં અમલમાં મૂકશે. જો કોર્ટને એમ લાગશે કે આ ઇરાદાનો અથવા તો હેતુનો અમલ અલ્પાંશે સર્વાંશે શકય નથી, વ્યવહારૂ નથી, અથવા તો જાહેર જનતાના હિતમાં ઇચ્છનીય કે જરૂરી નથી તો કોર્ટ સાઇપ્રેનું ધોરણ સ્વીકારીને જાહેર ટ્રસ્ટની આવક, મીલકત કે તે બન્નેમાંથી કોઇનો પણ અમુક ભાગ બીજા ધાર્મિક કે સામાજિક કાર્ય પાછળ વાપરવાનો હુકમ કરી શકશે. આવો હુકમ આપતાં કોઇ પણ નકકી કરેલી યોજના (Scheme) માં

અથવા તો પબ્લીક ટ્રસ્ટને લગતી આગળ ઉપર કરવામાં આવેલી ડીક્રી કે હુકમના અંગઉપાંગમાં અથવા તો પબ્લીક ટ્રસ્ટમાંની કોઇ પણ સરતોમાં કોર્ટ ફેરફાર કરી શકશે.

૨ પેટાકલમ (૧) નીચે કરવામાં આવેલ કોઇ પણ ચુકાદો કે હુકમ તે કોર્ટની ડીક્રી સમાન લેખાશે અને હાઇકોર્ટમાં તે સામે અપીલ થઇ શકશે."

હવે ઉપર આપેલ કલમ ૫૫મી માં સાધ્વપ્રેના ધોરણના અમલ માટે જે ચાર સંયોગો રજુ કરવામાં આવ્યા છે તેનો જરા વિગતવાર વિચાર કરીએ. પહેલા સંયોગમાં કોઇ પણ પક્ષે કશા પણ વાંધાવિરોધ જેવું છે જ નહિ. બીજો સંયોગ અન્ય સંસ્થાઓ સાથે એવા દેવમંદિરોનો પ્રશ્ન ઉપસ્થિત કરે છે કે જે દેવમંદિરની આવક કે મીલ્કત ચાલુ જરૂરિયાત કરતાં વધારે હોય અને એ વધારાની આવક કે મીલ્કતનો બીજો કશો ઉપયોગ કરવામાં આવતો ન હોય અને જે મંદીરના ટ્રસ્ટીઓ મંદિરની મીલ્કત એક યા બીજી રીતે વધાર્યે જ જતાં હોય. આવી જ્યાં પરિસ્થિતિ હોય ત્યાં ચેરીટી કમીશનર વચ્ચે પડી શકે છે અને આ વધારાની મીલ્કત કે આવકના ઉપયોગના પ્રશ્નને પોતે સીધી રીતે કે ટ્રસ્ટીઓ દ્વારા કોર્ટ સમક્ષ નિર્ણય માટે રજુ કરી શકે છે. આવા સંયોગોમાં કોર્ટ સાધ્વપ્રેના ધોરણને અનુસરીને આ મંદિરના ટ્રસ્ટીઓને કાં તો એ જ સંપ્રદાયનાં અન્ય મંદિરો કે જેના રીપેર કે ટકાવ માટે દ્રવ્યની જરૂર હોય તેવા મંદિરો પાછળ આ વધારાની મીલ્કત કે આવક ખરચી નાંખવાનો હુકમ કરી શકે છે અથવા તો તે સંપ્રદાયની અન્ય કોઇ સ્થાનિક ધાર્મિક કે સામાજિક પ્રવૃત્તિ પાછળ એ વધારાની પુરાંતનો ઉપયોગ કરવાની ફરજ પાડી શકે છે. આ રીતે વધારાના દેવદ્રવ્યનો સામાજિક ઉપયોગ કરવાનું કાયદાની દિશાએ એક નાનું સરખું દ્વાર ખુલે છે અને એ ખરેખર આવકારદાયક છે. જો ટ્રસ્ટીઓ અને તે પાછળનો સમાજ વિશાળ વિચારના હોય તો આ સગવડનો બહુ જ સહેલાઇથી લાભ લઇ શકાય તેમ છે. જો એ બન્ને પ્રતિકુળ હોય તો ચેરીટી કમીશનરની દરમિયાનગીરી વડે એકઠા થતા દેવદ્રવ્યને સામાજિક કાર્યમાં ઉપયોગમાં લેવાનું શકય બને છે, જો કે આ એટલું સરળ બનવાનું નથી.

ત્રીજો સંયોગ મૂળ બીલમાં જે રીતે રજુ કરવામાં આવ્યો હતો તે આ મુજબ હતો:-

"જે હેતુઓ માટે જાહેર ટ્રસ્ટ ઉભું કરવામાં આવ્યું હોય તે હેતુઓ ઉપરાંત અથવા તો તે હેતુઓના સ્થાને સામાન્યતઃ જાહેર જનતાના હિતને ધ્યાનમાં લઇને બીજા હેતુઓ માટે ટ્રસ્ટની મીલ્કત કે આવક વાપરવાની જરૂર ઉભી થઇ છે."

આ સંયોગ ભારે વ્યાપક હતો અને આ સંયોગ નીચે ચેરીટી કમીશનર કોઇ પણ ચેરીટીના સ્વરૂપમાં પોતાને ફાવે તેવો પલટો લાવવા માટે ટ્રસ્ટીઓને નોટીસ આપી શકતો હતો અને કોર્ટ સુધી આખા મામલાને ઘસડી જઇ શકતો હતો. આ સામે ચોતરફથી ખુબ વાંધો ઉઠાવવામાં આવ્યો હતો અને પરિણામે એ પેટા કલમને મૂળમાંથી પલટાવી નાંખવામાં આવી હતી. આ પેટાકલમનું સ્વરૂપ ઉપર જણાવેલ ત્રીજા સંયોગમાં આપવામાં આવેલ છે.

કોઇ પણ ટ્રસ્ટડીડમાં ટ્રસ્ટના હેતુઓ અથવા તો તેના લાભ લેનાર વર્ગ વિષે અસ્પષ્ટતા હોય, તેના હેતુઓમાં કેટલાક ધાર્મિક કે જનસેવાલક્ષી હોય અને કેટલાક એથી તદ્દન અન્ય પ્રકારના હોય, એ ટ્રસ્ટનો વહીવટ કોણે કરવો એ વિષે અસ્પષ્ટતા હોય, ટ્રસ્ટના ચોકકસ હેતુનો અમલ અશકય બન્યો હોય અથવા તો જે વર્ગ માટે અમુક ટ્રસ્ટ કરવામાં આવ્યું હોય તે વર્ગની હસ્તી નાબુદ થઇ હોય-આ બધી બાબતનો તેમ જ ધર્માદા મીલકતોનો ચોથા સંયોગમાં સમાવેશ થાય છે અને એ સંબંધમાં કોર્ટનો જરૂરી હુકમ મેળવવાનું ચેરીટી કમીશનરને આવશ્યક લાગે તો આ પબ્લી કલમ નીચે તે પગલાં લઇ શકે છે.

બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એકટમાં અન્તર્ગત કરવામાં આવેલ સાધ્વપ્રેનું આ ધોરણ-જેણે જૈન સમાજમાં તુમુલ ચર્ચા જગાડી હતી તે સાધ્વપ્રેના ધોરણ સાથે સંબંધ ધરાવતી કલમોની વિગતવાર આલોચના-એ કલમોના હાર્દને યથાસ્વરૂપે જૈન સમાજ સમજે એ હેતુથી અહિં કરવી આવશ્યક ભાસી છે. દેવદ્રવ્યના સામાજિક ઉપયોગને આ નવા કાયદાથી અમુક પ્રકારની સરળતા મળી છે, અને એ રીતે ટ્રસ્ટીઓ આ દિશાએ આગળ વધવા ધરાવે તો પણ ચાલુ કાયદો તેમને જરા પણ આગળ વધવા દે તેમ નહોતું; આવી કાયદાની આડખીલ આથી જરૂર દૂર થઇ છે. પણ આ બાબતમાં ધાર્યો હેતુ આટલા માત્રથી સિધ્ધ થવાનો નથી. દેવદ્રવ્યના સામાજિક ઉપયોગ સામે જૈન સમાજના મોટા ભાગના દિલમાં જે ઉંડી જડ બેઠેલી છે તે ઉખડવી જોઇએ અને તે ઉખેડવાનો ઉપાય એક જ છે કે તેમના વિચારોને કેળવવા અને દેવદ્રવ્યના સામાજિક ઉપયોગનું મહત્ત્વ તેમને સમજાવવું.

સાધ્વપ્રેના ધોરણનો અંગીકાર એ તો બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એકટની એક બાજુ છે. આજની ચેરીટીઓનું કેમ નિયમન કરવું અને ટ્રસ્ટીઓને કેમ સચેત અને જાગૃત રાખવા, અને ટ્રસ્ટની મીલ્કત તથા આવકનો કેમ વ્યવસ્થિત વહીવટ કરાવવો-આ સંબંધમાં અનેક નિયમો અને પેટા નિયમો આ કાયદામાં સમાવિષ્ટ કરવામાં આવ્યા છે. આ દિશાએ જૈન સંસ્થાઓના ટ્રસ્ટીઓએ કશું પણ બીવાનું કે ચિન્તા ધરવાનું કારણ નથી, કારણ કે જૈન ટ્રસ્ટો મોટા ભાગે સુવ્યવસ્થિત સ્વરૂપમાં ચાલે છે. અન્ય સંપ્રદાયોના અનેક મઠો, હવેલીઓ, અને ધર્મસંસ્થાઓ છે કે જેની પાસે લાખો રૂપિયાની મીલ્કતો છે અને જેના વહીવટનું કશું ઠેકાણું નથી; અને જે મીલ્કતનો હાથમાં તેના મોંમાં એમ ઉપયોગ થઇ રહ્યો છે. મુસલમાનોની પણ એવી અનેક ધાર્મિક તેમ ચેરીટેબલ સંસ્થાઓ છે કે જેને વ્યવસ્થિતતા સાથે શુધ્ધ શત્રુવટ છે. આ બધી સંસ્થાઓ આ એકટના નિયંત્રણ નીચે આવે છે અને આ એકટનો જો ખરેખરો અમલ કરવામાં આવશે તો અનેક ટ્રસ્ટો સુવ્યવસ્થિત થશે અને લાખો રૂપિયા જે કેવળ બંધિયાર દશામાં પડી રહેલ છે; તે છુટા થશે અને તેમાંથી અનેક લોકોપયોગી કાર્યો અને પ્રવૃત્તિઓ નિર્માણ પામશે. જૈન સમાજે આ વિશાળ દૃષ્ટિથી આ કાયદાને નિહાળવો જોઇએ છીએ; એને દેવદ્રવ્ય સરકાર પોતાને ફાવે તેવા ઉપયોગ માટે ઝુંટવી લેશે એવી કેવળ પાયા વિનાની ભડકથી મુકત થવું ઘટે છે. **પરમાનંદ**

'પ્રબુધ્ધ જૈન' બારમા વર્ષમાં પ્રવેશ કરે છે.

આ અંકથી પ્રબુધ્ધ જૈન ૧૧ વર્ષ પુરાં કરીને ૧૨માં વર્ષમાં પ્રવેશ કરે છે. પ્રારંભના ૧૦ વર્ષ પ્રબુદ્ધ જૈનનું સંપાદન એકસરખું શ્રી. પરમાનંદ કુંવરજી કાપડિયાના હાથે થયું હતું. તેમના કુશળ સંપાદનદ્વારા પ્રબુદ્ધ જૈને ચોકકસ પ્રકારનું વ્યકિતત્વ અને વિશિષ્ટતા પ્રાપ્ત કરી હતી અને આજના અનેક સામયિકોમાં સારી પ્રતિષ્ઠા મેળવી હતી. ત્યાર બાદ કેટલાક મહીના શ્રી જયંતિલાલ મહેતાએ પ્રબુદ્ધ જૈન સંભાળ્યું હતું અને જાન્યુઆરી માસથી આ પત્રના સંપાદનની જવાબદારી શ્રી ધીરજલાલ ધનજીભાઇ શાહે સ્વીકારી છે. આ બન્ને સહકાર્યકર્તાઓએ પણ પ્રબુદ્ધ જૈનનું સ્વરૂપ એકસરખું જાળવી રાખવા પ્રયત્ન કર્યો છે અને સાથે સાથે પોતપોતાના વ્યકિતત્વની છાપથી પ્રબુધ્ધ જૈનને અંકિત કર્યું છે. નવા વર્ષમાં પ્રવેશ કરતાં પ્રબુધ્ધ જૈનને આજ સુધી જે જે વિદ્વાન લેખક લેખિકાઓનો સાથ મળતો રહ્યો છે તે સર્વનો સાથ હવે પછી પણ મળતો રહે અને સમાજને સ્પર્શતા ધાર્મિક, સામાજિક, રાજકીય, તેમ જ આર્થિક-આવા અનેક પ્રશ્નો પર સાચું માર્ગદર્શન પ્રબુધ્ધ જૈન કરાવતું રહે એવી અમારી અન્તરની પ્રાર્થના અને આકાંક્ષા છે. પ્રબુધ્ધ જૈનના ટકાવ અર્થે જૈન સમાજના સહકારની પણ એટલી જ અપેક્ષા રહે છે. સત્ય અને સમાજશ્રેયની દિશાએ આ એક નાનોસરખો પણ સાચા દિલનો પ્રયત્ન છે એ ધ્યાનમાં લઇને જૈન સમાજ અમને પુરતો સાથ આપશે એવી અમારી આશા છે.

મણિલાલ મોકમચંદ શાહ
તંત્રી, 'પ્રબુદ્ધ જૈન'

સ્યાદ્વાદ—સાપેક્ષવાદ

એક માણસ એક વસ્તુ એક રીતે વિચારે છે, બીજો બીજી રીતે, તેમ વળી ત્રીજો ત્રીજી રીતે. આમ દરેક માણસને પોતપોતાની ખાસ દૃષ્ટિ હોય છે, એથી એ વસ્તુને પોતાની રીતે જ મૂલવે છે. જેમ વિચારણામાં તેમ પ્રત્યક્ષ વસ્તુદર્શનમાં પણ ચોકસ સ્થાન, સંયોગ તથા અન્ય ભૌતિક કારણોને અંગે એક ને એક વસ્તુ અમુકરૂપે દેખાય છે તો બીજાને વળી બીજી રીતે જણાય છે. આમ વિચારભેદો કે સ્વરૂપભેદો પાડવાનું કારણ કયી ઉપપત્તિઓ પર આધાર રાખે છે એ એક જુદો પ્રશ્ન છે પણ આવા ભેદો તો પડે જ છે.

માનવસમાજ જ્યારે જંગલી હતો, એનામાં બુદ્ધિ, તર્ક, સમજ કે લાગણી બરાબર ખીલી નહોતી તેમ જ એ બહુધા એક જ જૂથમાં રહેતો ત્યારે એની દૃષ્ટિમાં આજના જેટલા વિચારભેદો કે રૂપભેદો નહિ હોય, પણ જેમ જેમ એનો બુદ્ધિના પ્રદેશમાં વિકાસ થતો ગયો તેમ જ બાહ્ય સંયોગો પણ એના જીવનને સ્પર્શતા ગયા તેમ તેમ એનામાં વિચારભેદો કે સ્વરૂપભેદો પણ પ્રગટતા ગયા.

કુટુંબ કે સમાજમાં આમ જીવનમાં આવા વિચારભેદો કે સ્વરૂપભેદો ઊઠતા ગયા તેમ તેમ એક બાજુ કલેશઝગડા, એમાંથી આગ્રહ ને એને પરિણામે અસહિષ્ણુતા પણ વધતી ગઇ તો બીજી બાજુ જીવનમાં ડગલે અને પગલે ઘરમાં કે બહાર આવા વિચારભેદોને કારણે એક બીજાને નભાવવાની, એને સહવાની અને એનો વ્યવહારિક ઉકેલ લાવવા જેટલી આવડત, ઉદારતા અને તેને પરિણામે સહિષ્ણુતા પણ પોષાતી ગઇ. જીવનની ઉપલી સપાટી પર વિગ્રહ દેખાતો પણ ખાનગી જીવનમાં સુમેળ હતો. આમ એક બાજુ વાતાવરણમાં ઉગ્રતા વધતી દેખાતી તો બીજી બાજુ હૃદયના ઊંડાણમાં સમાધાનવૃત્તિની ઝંખના પોષાતી.

ખાસ કરીને દાર્શનિક ક્ષેત્રમાં આજથી ૨૫૦૦ વર્ષ પહેલાં આવી ઉગ્રતા પરાકાષ્ટાએ પહોંચી હતી. એ સમયમાં વિચારના જુદા જુદા ૩૬૩ મત પંથો પ્રવર્તતા હતા, જેના આચાર્યો પોતાનું જ મન્તવ્ય સાચું છે એમ કહી અન્યોને અધર્મિક, પાખંડી અને શઠ કહી તિરસ્કારતા હતા.

આ જ સમયે સર્વસંગ પરિત્યાગી એક ક્ષત્રિય રાજકુમાર પોતાની સાધના પૂર્ણ કરી દાર્શનિક ક્ષેત્રમાં પ્રવેશ કરવાની તૈયારી કરી રહ્યો હતો. એણે સેંકડો મત, પંથો, તેમની વચ્ચેના વિવાદો, ધર્ષણો અને કલહો જોઇ લીધા. એણે જોઇ લીધું કે એમાં કેટલાક પાખંડી છે, પોતાના જ સુખસગવડને શોધનારા પણ છે, તેમ જ કેટલાક ત્યાગીઓ પ્રત્યેના રાગને કારણે ત્યાગી બનેલા દંભીઓ પણ છે. છતાં એમાંનો મોટો ભાગ સત્યશોધનવૃત્તિ ધરાવનારો, જનકલ્યાણની ભાવનામાં રમનારો અને પોતાની સાધના માટે અપાર કષ્ટો વેઠી ત્યાગભાવના કેળવનારો પણ વર્ગ છે એ પણ એ કુમારે જાણી લીધું. "આ બીજા વર્ગના સંતો સાચા ત્યાગીઓ છે, જગકલ્યાણની ભાવનાવાળા પરમ કારુણિકો છે તેમ જ સત્યની સાધના અર્થે જ જેમનું જીવન છે એવા તપસ્વીઓ પણ છે છતાં એ બધાના તત્વકથનમાં તેમ જ આચારવિચારમાં આવો ભેદભાવ કેમ? શું એ બધા જ અપૂર્ણ હશે? અજ્ઞાનીઓ હશે? અને તેમ હોય તોપણ આટલું બધું અન્તર શા કારણે?" આવા પ્રશ્નો એને ઉઠવા લાગ્યા "મને જે રહસ્ય સમજાયું છે તે બધાથી જુદું પડે છે, તો પછી મારી જ દૃષ્ટિમાં તો કંઇ દોષ નહિ હોય ને! અને જો મારું જ દૃષ્ટિબિંદુ સાચું છે તો પણ એથી એમનું કહેવું ખોટું છે એ હું કેવી રીતે કહી શકું? કદાચ મારામાં જ અપૂર્ણતા રહી ગઇ હોય તો! અને તેમ હોય તો હું બીજાને અન્યાય જ કરી બેસું અને તેથી બીજાના સત્યને જૂઠું કહેવા માટે હું જ સત્યનો દ્રોહી ગણાઉં"

આવી વિચારધારાના પ્રેરાયા એ ક્ષત્રિયકુમાર—ભગવાન મહાવીર, ઊંડા આત્મમંથનમાં ઊતરી ગયા. એક દિવ્ય એમનામાં જ્ઞાનસૂર્યનો પ્રકાશ થયો અને જીવનની બધી જ કૂટ સમસ્યાઓનો નિકાલ થઇ ગયો. ભિન્નભિન્ન વિચારસરણીઓ પાછળની ભેદદૃષ્ટિનું કારણ પણ એમને સમજાઇ ગયું. એમને લાધેલી આ દિવ્ય દૃષ્ટિ સ્યાદ્વાદની—સાપેક્ષવાદની નૂતન ખોજ હતી.

ભગવાને એ દૃષ્ટિદ્વારા જોયું કે દરેક આત્માની સત્યની શોધ ભિન્ન ભિન્ન પ્રકારની હોય છે. એ માટેના એમના માર્ગો પણ ભિન્ન ભિન્ન હોય છે. જેમ દિલ્હી જવું હોય તો અનેક માર્ગો અને જુદા જુદા વાહનો દ્વારા પહોંચી શકાય છે તેમ સત્યની પ્રાપ્તિ અર્થેના માર્ગો અને એથી દરેકના દૃષ્ટિબિંદુઓ જુદા પડે એ સ્વાભાવિક છે, પણ જ્યારે એઓ પોતાનો જ માર્ગ સાચો અને પોતાનું જ વાહન શ્રેષ્ઠ એવો આગ્રહ પકડી સત્યને એકાંતિક મનાવે છે ત્યારે જ દોષ ઉપન્ન થાય છે. કલહ—વાદવિવાદ અને પક્ષભેદનું કારણ પણ આને અંગે જ છે.

જો કે કેટલાક ઉંટવૈદોય હશે, કેટલાક અપૂર્ણ પણ હશે જેથી એમના નિદાન ચિકિત્સામાં અપૂર્ણતા પણ હશે; બાકી મુખ્યત્વે તો સંતો એ ભવરોગ મટાડનારા વૈદ્યો છે, જનતાની નાડ જોઇને જ દરદીઓ મુજબ એ દવા આપે છે. દર્દ પ્રમાણે જ દવા અપાય એમાં કશું ખોટું પણ નથી. પણ અમારી દવા જ બધાએ વાપરવી જોઇએ એવો જ્યાં આગ્રહ બંધાય છે ત્યાં જ આ બધો ગોટાળો પેદા થાય છે.

ઢાલની બે બાજુની જેમ દરેકનું દૃષ્ટિબિંદુ સાચું છે, પણ એમાં બીજાનાં દૃષ્ટિબિંદુઓનો ઇન્કાર હોય એ એકાંગી સત્ય છે. વિવિધ પાસાંઓની જેમ ભિન્નભિન્ન દૃષ્ટિબિંદુઓ દ્વારા વસ્તુની બહુવિધરૂપે તપાસણી કરવામાં જ સાચો અને ન્યાયી નિર્ણય પ્રાપ્ત થઇ શકે એમ છે અને એથી એવો નિર્ણય જ સત્યની વધુ સમીપ આવી શકે છે.

આમ ભગવાન મહાવીરે વિરોધી વિચારસરણીનું ખંડન નહિ કરતાં અમુક અપેક્ષાએ એનું મંડન કરવાની જે નૂતન કલહશમનકારી તત્ત્વપદ્ધતિ શોધી કાઢી એ 'સ્યાદ્વાદ' યા 'સાપેક્ષદૃષ્ટિ' કહેવાય છે.

એમાં એકાંત આગ્રહ નહિ હોવાથી તેમ જ બીજાઓની દૃષ્ટિઓને પણ પૂર્ણ ન્યાય આપવાની વ્યવસ્થા હોઇ એ 'અનેકાન્ત દૃષ્ટિ' પણ કહેવાય છે. પ્રવર્તતા ભિન્ન ભિન્ન વાદો, કલહો અને વિતંડાવાદની હદ સુધી પહોંચતી ચર્ચાઓ વચ્ચે સમન્વયદ્વારા એકરાગતા લાવવાનું એમાં જે ઉમદા તત્ત્વ સમાયેલું છે એથી અનેકાંતદૃષ્ટિનો જગતના તત્વચિંતનમાં ઉમદા ફાળો ગણાયો છે.

એકાંગીદૃષ્ટિ વસ્તુના એક જ ધર્મને પકડી બેસી જાય છે, જ્યારે સ્યાદ્વાદદૃષ્ટિ વસ્તુ માત્ર અનંત ધર્માત્મક હોઇ એના શક્ય હોય એટલાં પાસાંઓને ભિન્નભિન્ન દૃષ્ટિબિંદુદ્વારા તપાસી વધારે યોગ્ય નિર્ણય પર આવે છે. એથી વસ્તુમાત્રમાં રહેલા સત્યાંશોને એ પૂર્ણ ન્યાય આપે છે. આપણે ખાદીનું ઉદાહરણ લઇ આ વાત વિચારીએ.

૧. એક માણસ એનો રાજદ્વારી ભૂમિકા પર પ્રચાર કરે છે.
૨. બીજો સ્વદેશીને કારણે એને ટેકો આપે છે.
૩. તો ત્રીજો વળી એને ધાર્મિક સ્વરૂપ આપે છે.
૪. કોઇ એનું અહિંસાના પાયા ઉપર સમર્થન કરે છે.
૫. તો કોઇ 'સફેદ કપડે શકિત વધે છે, શા માટે રંગી થઇ સડો' એ સૂત્રના આધારે આરોગ્યનું એમાં આરોપણ કરે છે.
૬. કેટલાક ઉચ્ચનીચના ભેદભાવને નાશ કરવાની એમાં

શકિત રહેલી માને છે.

૭. કોઇ એવા પણ હોય જે ગરીબોને રોટી મળે એવી દયાવૃત્તિથી એને અપનાવતા હોય છે.

સ્યાદ્વાદ દૃષ્ટિ એ બધાનાં જ મન્તવ્યો સાચા છે એવું પ્રતિપાદન કરે છે. એ કોઇની પણ એકાંગી દૃષ્ટિને જ મહત્તા આપવાની સંકુચિતતા ધરાવતી નથી.

દાર્શનિક ક્ષેત્રનો એક બીજો દાખલો લઇ આ પ્રશ્ન વધારે સ્પષ્ટતાથી વિચારીએ.

૧. આપણે જોઇએ છીએ કે સેંકડો નદીઓ સમુદ્રમાં મળી પોતાનો પ્રવાહ એમાં ઠાલવે છે.

૨. છતાં ખારવાઓ કહે છે કે એ પ્રવાહો સમુદ્ર સાથે એકરૂપ થવા છતાં માછલો સુધી જુદા પણ દેખાય છે.

૩. કોઇ ડાહ્યો એમ પણ કહે છે કે નદીઓ કે સમુદ્ર એ છેવટે તો જલના હિંદુઓ જ છે. સમુદ્ર જેવી કોઇ સ્વતંત્ર વસ્તુ જ નથી.

૪. તો કોઇ ફિલોસોફર કેવળ જલતત્ત્વ સિવાય એ કશું જ નથી એમ પણ કહે તોય ખોટું શું છે?

૫. વળી આજનો વિજ્ઞાની, જલ એ તો H_2O હાઇડ્રોજન બે ભાગ અને ઓકસીજન એક ભાગ હવાના મિશ્રણનું પરિણામ છે; વસ્તુતઃ જલ જેવી વસ્તુ જ નથી એમ સાબિત કરી શકે એમ છે.

૬. તો કોઇ અનુભવી એ બધાની જ વાતમાં તથ્ય છે એમ કહી એકબીજાનાં મન્તવ્યોને સ્વીકારવામાં જ સત્ય નિર્ણય પર અવાય છે એમ કહે છે.

દાર્શનિક ક્ષેત્રમાં જીવ–ઇશ્વરની આવી જ કલ્પનાઓ એકાંગી દૃષ્ટિબિંદુને કારણે વર્તે છે.

૧. ખ્રિસ્તી મુસ્લિમ તેમ જ હિંદુ ધર્મની અનેક શાખાઓ નદી–સમુદ્રની જેમ જીવશિવની એકતા સ્વીકારે છે.

૨. રામાનુજ, જેમ નદીઓના જલપ્રવાહો સમુદ્ર સાથે એકરૂપ બન્યા છતાં જુદા પણ દેખાય છે. તેમ, જડ–ચૈતન્ય જગત બ્રહ્મમાં એકાકાર હોવા છતાંય ઉત્પત્તિ કાળે વિખુટું પડી શકે છે એમ માને છે; તેમ જ એકાકાર સ્થિતિમાં પણ અંતર્ગત જુદાઇ રહે છે તેમ પણ સ્વીકારે છે.

૩. પ્રાચીનસાંખ્ય, મિમાંસક આદિ નિરીશ્વરવાદી પંથીઓ સમુદ્રની જેમ સ્વતંત્ર ઇશ્વર હોવાનો જ ઇન્કાર કરે છે. જલબિંદુઓના સમુહરૂપ પુરૂષસમુહને જ 'ઇશ્વર' માનવામાં એમને વાંધો નથી.

૪. અદ્વૈતવાદીઓ વિશ્વને કેવળ જલતત્ત્વની જેમ બ્રહ્મરૂપ જ માને છે.

૫. જ્યારે બૌધ્ધદર્શન આત્મતત્વનો જ ઇન્કાર કરે છે. H_2O ની જેમ આલયવિજ્ઞાનની અને પ્રવૃત્તિજ્ઞાનની જ એ એમાં કરામત જુએ છે.

૬. મહાવીર ભગવાન એ બધાના મન્તવ્યોને મંજુર રાખે છે. એમની સ્યાદ્વાદદૃષ્ટિ ભિન્ન ભિન્ન અપેક્ષાએ દરેકના મન્તવ્યો કબુલ રાખવામાં કશો જ દોષ જોતી નથી. એથી એ પૂર્ણસત્યની વિશેષ નજીક જઇ પહોંચે છે. એકાંગી મર્યાદિત સત્યમાં એની દૃષ્ટિ બધ્ધ નથી એથી એ ઉદાર દૃષ્ટિથી દરેકના મન્તવ્યોને સમજી એમની વચ્ચે એકરાગ કરાવવા પ્રયત્ન કરે છે કલહશમન કરનારી આવી ભવ્યોદાત્ત દૃષ્ટિ કોને ન આકર્ષે? એથી એ સમયમાં ચાલતા કેટલાયે બ્રાહ્મણ–શ્રમણ પંથોએ એનો સ્વીકાર કરી લીધો હતો. જનતા પણ તેનામાં રહેલા આવા ઉદાત ગુણોને કારણે એ તરફ ઝૂકી રહી હતી. આથી થોડા સમયમાં જ આ દૃષ્ટિ સર્વસામાન્ય બની ગઇ, અને મહાવીરનો પ્રભાવ સર્વવ્યાપક બનાયો.

પણ જેમ એક બાજુથી એનો સ્વીકાર થતો ગયો તેમ બીજી બાજુથી એની સામે વિરોધ પણ ઉઠયો. એક દિવસ એ ઘર ઘર કબજે કરી લેશે એવી શંકાથી તત્કાલીન સાંપ્રદાયિકોએ રાગાંધ બની એની સામે માથું ઉંચકયું, એનો વિરોધ કર્યો, એની અપ્રમાણિકતા ઠરાવવા તર્કવાદ અને વિતંડાવાદનો પણ આશ્રય લીધો અને એ રીતે એની સામે જબ્બર પ્રચાર પણ શરૂ થયો.

બાદરાયણવ્યાસથી માંડી શંકર, રામાનુજ તથા આજ સુધીના પંડિતો તથા આચાર્યો સુધી એ વિરોધરેખા લંબાતી આવી છે, બીજી બાજુ જૈન આચાર્યો તથા પંડિતોએ એનું રક્ષણ તથા પ્રચાર કરવા જે ભગીરથ પ્રયત્નો કર્યા એના પરિણામે સપ્તભંગીવાદ, નયવાદ તથા સમન્વયવાદ જેવા નુતન તત્ત્વો ઉપરાંત સ્યાદ્વાદનો વિકાસ પણ થતો રહ્યો છે. સિધ્ધસેન અને હરિભદ્ર, વિદ્યાનંદ અને અકલંક, હેમચંદ્ર અને યશોવિજય વગેરે આચાર્યોને હાથે એમાંથી જે વિશાળ સાહિત્ય ઊપજી આવ્યું છે તે આજે કેવળ જૈન સમાજની જ નહિ પણ મૌલિક વિચારસરણી પૂરી પાડતી ભારતીય તત્ત્વજ્ઞાનની અણમોલ મૂડી છે. સત્યના બળ પર એ પ્રતિષ્ઠિત હોઇ એની સામે પ્રચંડ વિરોધ અને ઘર્ષણ થવા છતાંય એણે પોતાનો એવો પ્રભાવ પાથર્યો છે કે પ્રતિસ્પર્ધીઓને પણ એક યા બીજા નામે એનો સ્વીકાર કરવો જ પડયો છે.

સ્યાદ્વાદનું તત્ત્વ આજે જીવનમાં એવું વણાઇ ગયું છે કે જીવનના એકે એક ક્ષેત્રમાં ભિન્ન ભિન્ન દૃષ્ટિબિંદુઓ Different points of view" નો આપણે ડગલે અને પગલે ઉપયોગ કરવો પડે છે.

ભગવાનનો સાપેક્ષવાદ કઇ ઉપપત્તિઓ પર ઘડાયો છે એનું સ્પષ્ટ સ્વરૂપ વ્યવસ્થિત રૂપે મૂકવામાં આવ્યું હોય તો પણ આપણે જે કારણોથી આપણા દૃષ્ટિબિંદુઓમાં તેમ જ વસ્તુના રૂપદર્શનમાં તફાવત પડે છે એ કારણો સહેલાઇથી આજે શોધી શકીએ તેમ છીએ. જેમકે—

૧. એક ઠેકાણે દિવસ હોય છે તો બીજે ઠેકાણે રાત્રિ હોય છે.

૨. એકે ઠેકાણે સૂર્ય ઉગતો દેખાય છે તો બીજે આથમતો.

૩. એકને સૂર્યોદય એક દિશાએ તો અન્યને અન્ય દિશાએ.

૪. એકને ચંદ્રબિંબ સવળું દેખાય છે તો બીજાને અવળું.

૫. એક ભાગમાં વસંત બીજે છે તો બીજે શરદની બિમારી ચાલતી હોય છે.

૬. એક જગ્યાએ મહાત્માજી ભુલાતા જાય છે તો બીજે રથળે એમની દાંડીકૂચ પ્રત્યક્ષ જોઇ શકાય છે.

૭. એક જગ્યાએ માણસ ચાલીસ પુટ કૂદે, દશ મણ વજન પણ ઉપાડી શકે તો બીજી જગ્યાએ એ પાંચ પુટ પણ નથી કૂદી શકતો, અધમણ વજન પણ એને ભારે લાગે છે.

૮. એક જગ્યાએ લાકડી ચાર પુટ લાંબી જણાય છે, બીજી જગ્યાએ ટુંકી ને વાંકી.

ભૂગોળનું પ્રાથમિક જ્ઞાન ધરાવનાર એક સામાન્ય વિદ્યાર્થી પણ આ બધા ભેદોના કારણો જાણી શકે છે. પૂર્વ–પશ્ચિમ ગોળાર્ધ, ઉત્તર દક્ષિણ કટિબંધ, ધ્રુવપ્રદેશ, પ્રકાશવર્ષ દૂરના તારા તથા પ્રકાશના વક્રીભવનને અંગે આ બધા તફાવતો નજરે પડે છે. અથવા સાચી રીતે કહીએ તો પૃથ્વ્યાદિ ગૃહોનું ભ્રમણ, પ્રકાશની રમત અને ગુરૂત્વાકર્ષણને અંગે જ આ બધી લીલા ઉભી થાય છે.

બાહ્ય દૃષ્ટિએ જોઇએ તો સવારસાંજનો સમય, દિવસ રાત, ગ્રહણ, ધુમસ, વાદળ, પ્રદેશ, વરસાદ, આંખ પર થતા દબાણથી ઉત્પન્ન થતી દિનજર, લઘુદૃષ્ટિ (short sight) લંબ દૃષ્ટિ (long sight) દુરબિન, ભિન્ન ભિન્ન પ્રકારના કાચમાંથી નિરીક્ષણ રેડાયો' તાર, ટેલીફોન, ટેલીવીજન, વિ. અનેક કારણોને અંગે વસ્તુદર્શનમાં ફેર પડે છે.

એ ઉપરાંત દૃષ્ટાના આંતરસ્વભાવાદિ કારણો જેવાં કે બુદ્ધિ, તર્ક, કલ્પના, સમજ, અનુભવ, વિવેક, આત્માનુભવ, યૌગિક ચમત્કાર, ધર્મમાન્યતા, વહેમ, અંધશ્રધ્ધા, ચમત્કાર, શિક્ષણ, બિમારી, વૃધ્ધાવસ્થા, ચિત્તભ્રમ, ગાંડપણ, જ્ઞાનતંતુની નબળાઇ તથા હિપ્નોટીજમ, મેસ્મેરીજમની અસરો તે અંગે પણ ભિન્ન ભિન્ન માન્યતાઓ ઉભી થાય છે.

આમ આંતર તથા બાહ્ય કારણોને અંગે જોવા જોવાની રીતમાં ફેર પડે છે. સ્યાદ્વાદદૃષ્ટિ એ બધાને સંપૂર્ણ ન્યાય આપી 'આપણું સાચું છે' 'તે પણ સાચું છે' એમ કહે છે એથી એ કોઇ પણ વસ્તુ પર એકનિશ્ચયાત્મક નિર્ણય નથી. આપતી એવો એના પર આરોપ મૂકી ઘણા એને અનિશ્ચયવાદ કહે છે. વિશ્વવિખ્યાત પંડિત રાધાકૃષ્ણન્ પણ સ્યાદ્વાદ દૃષ્ટિને અનિશ્ચયાત્મક કહી અર્ધસત્યોનો સમુહ કહે છે ત્યારે ભારે આશ્ચર્ય થાય છે. ખરી રીતે તો સ્યાદ્વાદ સાપેક્ષવાદની દૃષ્ટિ અનેક નિશ્ચયોનો સમુહ છે. જે ઉપરોકત દૃષ્ટાંતોથી વાચક પોતે જ નિર્ણય કરી શકે છે. દરેકના મન્તવ્યો પોતાની દૃષ્ટિએ શું નિશ્ચયાત્મક વસ્તુ નથી?

સાપેક્ષવાદનું વૈજ્ઞાનિક સ્વરૂપ

સાપેક્ષવાદ આપણા જીવન સાથે વણાઇ ગયેલી વસ્તુ હોવા છતાં જ્યાંસુધી છેલ્લા ૧૫૦ વર્ષમાં થયેલાં વિજ્ઞાનના અવિષ્કારો અને તેના ચમત્કૃતિ ધરાવતા પરિણામોનું જ્ઞાન નહોતું થયું ત્યાંસુધી એના તરફ આપણું લક્ષ્ય ગયું નહોતું. એનું ક્ષેત્ર કેવળ દાર્શનિક મર્યાદા પુરતું જ રહ્યું હતું. પણ વૈજ્ઞાનિક વિકાસ તથા છેલ્લે આઇન્સ્ટાઇને વૈજ્ઞાનિક પાયા પર કરેલી સાપેક્ષવાદની શોધ પછી તો જીવનના એકે એક ક્ષેત્રમાં એનું મહત્વ વધી રહ્યું છે. દાર્શનિક તેમ જ આધ્યાત્મિક ક્ષેત્રમાં એને વેગ આપનારાઓમાં મહાત્મા ગાંધીજીનો ફાળો પણ નાને સૂનો નથી.

આઇન્સ્ટાઇનના સાપેક્ષવાદ અનુસાર (૧) કાળનું અસ્તિત્વ નિરપેક્ષ નથી પરંતુ ગતિમાન નિરીક્ષકની ઝડપ પર તે આધાર રાખે છે. (૨) નિરપેક્ષ સમવર્તન (Simultaneity) નિરર્થક છે નિરપેક્ષ દિક્ નિરર્થક છે. (૪) નિરપેક્ષ ગતિ નિરર્થક છે. (૫) માત્ર સાપેક્ષ ગતિ જ વાસ્તવિક છે વિ. અલબત આ નિયમો 'લોરેન્ટ્ઝ' થતા જાય છે કારણ કે એથી પૃથક્કરણ સાચું પડે છે. ખરેખર આઇન્સ્ટાઇનનું ગાણિતિક નિર્માણ ભવ્યોદ્ગાત છે—એને સંપૂર્ણતયા સમજનારા જગતમાં બહુ જ ઓછા પુરુષો નીકળ્યા છે.

દિક્કાળની સામાન્ય સમજ એ હતી કે એ બન્ને એક બીજાથી ભિન્ન અને નિરપેક્ષ હતાં. લંબાઇ, પહોળાઇ અને ઉંચાઇ એ ત્રણ પરિણામો જ સંપૂર્ણતઃ દિક્‌નિર્ણાયક હતાં. અને દિક્ એ પદાર્થ સંબિધ્ધ અથવા તો સંવેદ્ય હતી. કાળનો પ્રવાહ સતત અને નિત્ય હતો અને અનાદિકાળથી સ્વતંત્ર અસ્તિત્વ ધરાવતો હતો. આઇન્સ્ટાઇને એની સામે દિક્કાળના પરસ્પરાવલંબનનો ક્રાન્તિકર સિધ્ધાંત મૂકયો અને નવા 'Space-time Continuam' ના ચોથા પરિણામરૂપે કાળને ઘટાવ્યો. આમ ત્રણ પરિમાણ દિક્કાળને સ્થાને એણે ચતુઃ પરિમાણ દિક્કાળની પ્રતિષ્ઠા કરી. સાપેક્ષવાદનો એનો સામાન્ય સિધ્ધાંત ત્રણ ઉપપત્તિઓ પર જ અવલંબેલો છે. (૧) ગ્રહોની કક્ષામાં 'પેરીહેલિયોન' (સૂર્યથી દુરમાં દુરની ગ્રહની સ્થિતિ)ની પ્રગતિપર; (૨) તારાઓ માંથી આવતા પ્રકાશના સૂર્યનાં ગુરુત્વાકર્ષણ ક્ષેત્ર દ્વારા વિચલન. (deflection) પર; (૩) વર્ણપટની વર્ણરેખાઓનું લાલ છેડા તરફનું સ્થાનાંતર." (બુધ્ધિ પ્રકાશ–માર્ચ. ૧૯૪૪)

આમ તો આઇન્સ્ટાઇનનો સાપેક્ષવાદ સમજવો બહુ કઠણ છે. પણ સાદી ભાષામાં કહીએ તો એને મતે દિક, કાળ, ગતિ; જગ્યા વિ. સાપેક્ષ ભાવે જ સમજાય છે. એને મતે કોઇ વસ્તુ નિરપેક્ષ ભાવે નથી, હોય તો તે નિરર્થક છે. આ સિધ્ધાંતાનું સાર ગતિ અને કાળ એક રૂપે જોડાઇ જાય છે. કાળની અપેક્ષા એ જ ગતિ છે અને ગતિની અપેક્ષા એ કાળ છે. કાળ જેવી કોઇ સ્વતંત્ર વસ્તુ નથી. એથી એ ભૂતકાળને પણ ભાવિ કે વર્તમાનરૂપે ગતિની અપેક્ષાએ સિધ્ધ કરી બતાવે છે. એ કહે છે કે રામાયણકાળને થયા ૧૦૦૦૦ વર્ષ લાગ્યાં હોય તો ૧૦૦૦૦ પ્રકાશવર્ષ દૂરના તારા ઉપરથી ત્યાંના લોકો આજે પણ રામાયણ યુગને યાંત્રિક સાધનો દ્વારા જોઇ શકે. ૧૦૦૦૦ વર્ષ પહેલા જે પ્રકાશકિરણો અહીંથી છૂટેલા તે હજુ ત્યાં આજે પહોંચતા હશે. જો આપણી પાસે પ્રકાશ કિરણોથી ઝડપી ગતિએ ત્યાં પહોંચી જવાની શકિત હોય તો આપણે પોતે જ પ્રત્યક્ષ રામાયણયુગને જોઇ શકીએ. આમ ભૂતકાળ કોઇ જગ્યાએ વર્તમાન કે ભાવી રૂપે પણ એ બતાવી શકે છે. આપણે પોતે પણ સૂર્ય ઉગ્યા પછી ૮ મીનીટે એને ઉગતો જોઇએ છીએ તેમ જ આથમ્યા પછી પણ ૮ મીનીટ પછી જ આથમતો જોઇએ છીએ, જ્યારે વાસ્તવિક રીતે એ તો આપણાથી આઠ મીનીટ આગળ જ દોડતો હોય છે.

દુકમાં આઇન્સ્ટાઇનનો સાપેક્ષવાદ ભ્રમણ, ઘર્ષણ, પ્રકાશ અને ગુરુત્વાકર્ષણ જેવા નિયમો ઉપર અવલંબે છે છતાં વસ્તુતઃ રૂપદર્શનમાં એણે નવી જ દૃષ્ટિ આપી છે જેથી વૈજ્ઞાનિક ક્ષેત્રમાં આ કારણે એણે નવી ક્રાન્તિ જન્માવી છે અને જગતનું આ નૂતન તત્વના અભ્યાસ તરફ ધ્યાન દોર્યું છે.

આજે વૈજ્ઞાનિક ક્ષેત્રમાં 'સાપેક્ષવાદ'ની શોધ કરી એણે ખળભળાટ મચાવ્યો છે તેવો જ એક કાળે દાર્શનિક ક્ષેત્રમાં સ્યાદ્વાદ અને સાપેક્ષવાદના કારણે મોટો ખળભળાટ મચેલો. આઇન્સ્ટાઇનના હાથે થયેલી આ શોધ આપણને એ બતાવે છે કે સત્ય કદિ કચડયું કચડાતું નથી. ગમે તેટલા પ્રહારો અને વિરોધો થવા છતાં ફરી કોઇને કોઇ ઠેકાણે એક યા બીજે રૂપે પણ માથું ઉંચકયા વિના રહેતું જ નથી.

વૈજ્ઞાનિક સાપેક્ષવાદથી રોજીંદા જીવનમાં કશો જ ફેર પડે એવો સંભવ નથી, છતાં એણે વૈજ્ઞાનિક દ્રષ્ટિએ સાપેક્ષવાદના રહસ્યને સિધ્ધ કરી અનેકાન્ત દૃષ્ટિનું સમર્થન તો કર્યું જ છે અને તે ઉપરાંત જગતને પણ એનો અભ્યાસ અને, ખુબીઓ જાણવાની પ્રેરણા આપી છે, આજના યુગમાં સ્યાદ્વાદદૃષ્ટિનું વહત્વ સમજી જે સમન્વયદ્વારા જગતમાં પ્રવર્તતા ભિન્ન ભિન્ન વાદો માન્યતાઓ અને વિચારભેદો વચ્ચે એકરાગતા સ્થાપવાનો પ્રયત્ન થાય તો જ જગતમાં શાન્તિ, સુખ અને આનંદનો ફરી દૈવી યુગ સ્થપાય અને જગતને જો શાન્તિ જોઇતી હશે તો વહેલા મોડા આ માર્ગે ગયા વિના છુટકો પણ નથી.

રતિલાલ મફાભાઇ શાહ

વૈદ્યકીય રાહત

મુંબઇ અને પરાંઓમાં વસતાં જે જૈનો ભાઇ યા બહેનને વૈદ્યકીય રાહતની, દવા કે ઇન્જેકશનોની તેમ જ ડોકટરી ઉપચારની જરૂર હોય તેમણે ધનજી સ્ટ્રીટમાં આવેલ મુંબઇ જૈન યુવક સંઘના કાર્યાલયમાં તપાસ કરવી.

રતિલાલ ચીમનલાલ કોઠારી
મંત્રી, વૈદ્યકીય રાહત સમિતિ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાનઃ સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

ગાંધીજી : ઉંમર ૭૫-૭૬ વર્ષ

ફોટોગ્રાફર : મનુ ગાંધી

ફોટોગ્રાફ : ૧૯૪૬-૪૭

ગાંધીજીનાં ૧૬

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજી. નં. બી ૪૨૬૬

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ : ૧૨
અંક : ૨

મુંબઈ : ૧૫ મે ૧૯૫૦ સોમવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

કેટલાક સમાચાર અને નોંધ

પુણ્યપુરૂષ રમણ મહર્ષિનું નિર્વાણ

તા. ૧૪મી એપ્રીલના રોજ પુણ્યપુરૂષ રમણ મહર્ષિનું અવસાન થયું અને ચોતરફ શીતળતા અને પ્રકાશ ફેલાવતો એવો એક પુણ્ય પ્રદીપ હંમેશાને માટે ઓલવાયો. હિંદમાં કંઈ કાળથી જેને સ્વપરનો ભેદ નથી, જેણે સ્થિતપ્રજ્ઞની દશા સાધી છે, અને જેની પ્રત્યેક ક્રિયા જગકલ્યાણની સાધક હોય છે, જેના રાગદ્વેષ શમી ગયા છે અને જેની જીવનજ્યોત જગતના ખુણે ખુણાને અજવાળ્યા કરે છે, આવા સંતોની અતૂટ પરંપરા ચાલતી જ આવી છે. સૈકે સૈકે આવા સન્તો આ ભૂમિ ઉપર પાકેયા છે અને જનતાને અવનવું જીવનદર્શન આપતા રહ્યા છે. આ પેઢીના એક રમણ મહર્ષિ હતા. તેઓ ભારતીય સંસ્કૃતિનું, ધર્મમયતાનું, આધ્યાત્મિકતાનું મૂર્તિમન્ત સ્વરૂપ હતા. તેમના દર્શનથી અનેક લોકો અભૂતપૂર્વ સમાધાન અનુભવતા અને તેમના પરિચયથી પાવનકારી જીવનદૃષ્ટિ મેળવતા. કમનસીબે તેમના દર્શન કે પરિચયનો હું લાભ પામી શકયો નહોતો પણ જે કોઇ સ્નેહી કે સ્વજન ત્યાં જંતું તે દરેક રમણ મહર્ષિ વિષે ચિરસ્મરણીય મધુર છાપ લઇને આવતું. તેમાં પણ તેમના દર્શને જનારા જૈનધર્માનુયાયી હોય તો તેઓ પોતાનો અનુભવ એક જ રીતે વર્ણવતા કે જાણે કે કોઈ જૈન વયોવૃધ્ધ આચાર્ય ન હોય એમ જ રમણ મહર્ષિને જોતાં આપણને લાગે! રમણ મહર્ષિ અને જૈન સાધુમાં આમ અનેક પ્રકારનું સામ્ય દેખાતું. પંચમહાવ્રતધારી અને શીલના તેજોવિશેષથી અને આત્મદર્શનની ઝળકથી ભવ્ય લાગતા કોઇ વીતરાગ શ્રમણસમ્રાટ જેવી જ શાન્તિ, સમભાવ, પ્રસન્નતા, તેજસ્વીતા, અને પ્રભુતાનો અનુભવ રમણ મહર્ષિમાં સૌ કોઇને થતો. જ્યાં પોતાને સાક્ષાત્કાર થયો હતો તે જ સ્થળની સમીપમાં તેમણે પોતાના જીવનનો મોટો ભાગ વ્યતીત કર્યો હતો. તેમને મળવું સૌ કોઇ માટે સહેલું હતું; અને એટલી જ સહેલાઈથી તેમની સાથે વાર્તાલાપ થઇ શકતો. સાથેના સૌ કોઇ ખાય તે તેઓ ખાતા અને ઉમ્મર કે અધિકારના કારણે કોઇ પણ વિશિષ્ટ સગવડ તેઓ સ્વીકારતા નહિ. આપણી જ જેવા દેહ ધારી માનવી છતાં કેટલા મહાન સત્વશીલ, લોકોત્તર! જાણે કે કોઇ મહાન તેજોરાશિ! પરમજ્યોતિમાંથી અલગ પડેલો જ્યોતિપુંજ પાછો પરમજ્યોતિમાં સમાઇ ગયો! આપણાં તેમને અનેકાનેક વન્દન હો!

શાન્તિવાદી ફ્રેડરીક જોલીઓ કયુરી અને ફ્રેંચ સત્તાધીશોનું આપખુદ પગલું

અમેરિકાએ એટમ બોંબની શોધ કરી અને હીરોશીમાનો નાશ કર્યો ત્યાર બાદ કેટલાયે સમય સુધી અમેરિકાના રાજકારણી સૂત્રધારોના મગજમાં કોઇ જુદા જ પ્રકારની ખુમારી રહેતી હતી. એટમ બોંબના લીધે આ દુનિયામાં અમેરિકા પોતાની રીતે અને પોતાની મરજે દુનિયાની સુલેહશાન્તિ જાળવી શકશે અને જે કોઇ તેની સામે માથું ઉંચકશે તેને પોતે ઘડિના છઠ્ઠા ભાગમાં પરાસ્ત કરી શકશે–આવો અહંકાર અમેરિકાના રાજપુરૂષો આન્તરરાષ્ટ્રીય રાજકારણમાં દાખવી રહ્યા હતા. એટમ બોંબની ગુપ્તતા જાળવવા માટે તેઓ આકાશ પાતાળ એકઠા કરી રહ્યા હતા અને અન્ય કોઇ રાષ્ટ્ર એટમ બોંબ શોધી જ નહિ શકે એમ તેઓ માનતા હતાં. આ તેમનો સુલેહશાન્તિનો અને એટમ બોંબનો ધંજારો રશીઆએ આખરે તોડયો અને પોતાના પ્રતિપક્ષી રશીઆને હવે એટમ બોંબથી ખીવરાવી નહિ શકાય એ પરિસ્થિતિ અમેરિકાને સ્વીકારવી પડી. આમ છતાં એટમ બોંબની રહી સહી ગુપ્તતા જાળવવા માટે અમેરિકા અને તેની સાથે જોડાયેલું ઇંગલાંડ અને તે પાછળ ચાલતું ફ્રાન્સ તરેહ તરેહના ઉપાયો અજમાવ્યા કરે છે અને 'ન્યુકલીઅર ફીઝીકસ' અને અણુસંશોધનમાં રસ લેતા વિજ્ઞાનવેત્તાઓની એક યા બીજી રીતે ચોકી કર્યા કરે છે. આજ સુધી વિજ્ઞાનશાસ્ત્રીઓએ પોતાની શોધો અને તેમાંથી નિષ્પન્ન થતી સંહારક શકિત, અને તેના ઉપયોગના ઔચિત્ય–અનૌચિત્યનો કશો પણ વિચાર કર્યો જ નહોતો. રાજકારણી સુત્રધારો તેમને જરૂરી સંશોધનકાર્ય પાછળ રોકતા અને તે સંશોધનના પરિણામે નવાં નવાં સંહારક શસ્ત્રો મોટા પાયા ઉપર નિર્માણ કરવામાં આવતા. અણુ બોંબની વિરાટ ભયાનકતાએ વૈજ્ઞાનિકોમાં એક નવી ધર્મબુધ્ધિ જાગૃત કરી છે અને દુનિયાના સંહારકાર્યમાં પોતપોતાના રાષ્ટ્રને સાથ આપવાનો ઇનકાર કરવાની પ્રેરણા પેદા કરી છે અને પોતાના સર્વ સંશોધનકાર્યનો ઉપયોગ દુનિયામાં સુલેહશાન્તિ સ્થાપવામાં અને આબાદી લાવવામાં જ થવો જોઇએ–એવો આગ્રહ તેઓ જાહેર રીતે દાખવવા લાગ્યા છે. આના પરિણામે જે મહાન વિજ્ઞાનશાસ્ત્રીઓનું રાષ્ટ્રના સુત્રધારો બહુમાન કરતા હતા અને જેમને સંશોધન ખાતામાં બહુ મહત્વના સ્થાનો ઉપર નિયુક્ત કરવામાં આવતા હતા તે જ વિજ્ઞાનશાસ્ત્રીઓની તેમણે અવજ્ઞા અને અપમાનના કરવાનું શરૂ કર્યું છે, કેટલાક ઠેકાણે તેમને સોંપાયલા અધિકારો ઝુંટવી લેવામાં આવે છે તો બીજા કેટલાક ઠેકાણે રશીઆ પ્રત્યેની સહાનુભૂતિના આરોપસર તેમના ઉપર રાષ્ટ્રની અદાલતોમાં કામ ચલાવવામાં આવે છે. જાણીતા વિજ્ઞાનશાસ્ત્રી આલ્બર્ટ આઇન્સ્ટીનની એક વખત અમેરીકામાં સર્વત્ર પૂજા થતી હતી. આજે તે અમેરિકનું ગાણું ગાવાની ના કહે છે અને એટમ બોંબ જેવા અત્યન્ત વિનાશક શસ્ત્રોના ઉપયોગનો વિરોધ કરે છે એટલા ખાતર જ તેમના તરફ અમેરિકાના રાજપુરૂષોના વલણમાં એકા-એક ફેરફાર થવા લાગ્યો છે. તાજેતરમાં ફ્રાન્સનો જાણીતો વિજ્ઞાનશાસ્ત્રી ડો. ફ્રેડરીક જોલીઓ કયુરી જે ત્યાંના અણુસંશોધન ખાતાનો 'હાઇ કમીશનર' હતો તેને રશીઆ પ્રત્યે સહાનુભૂતિ હોવાના અંદેશા ઉપર હાઇ કમિશનરના હોદ્દા ઉપરથી એકાએક બરતરફ કરવામાં આવેલ છે. 'રેડીઓ 'એકટીવીટી' વિષેના સંશોધનના કારણે ૧૯૩૫ માં

જોલીઓ ક્યુરીને નોબેલ પ્રાઇઝ મળ્યું હતું. ગયા ડીસેમ્બર માસમાં પૂના ખાતે મળેલી સાયન્સ કૉંગ્રેસમાં તે તથા તેમનાં પત્ની ઇરીન ક્યુરી(રેડીયમની શોધ કરનાર મેડમ ક્યુરીની પુત્રી) ભાગ લેવા માટે હિંદ આવ્યા હતા અને હિંદના અનેક વૈજ્ઞાનિકોને તેમના પ્રતિભાયુકત વ્યકિતત્વનો પરિચય થયો હતો. તેઓ અહિં આવ્યા ત્યારે પણ "અમે અમારા વૈજ્ઞાનિક સંશોધનોનો જનસેવા અર્થે જ ઉપયોગ થવા દઇશું, સંહારોત્પાદક શસ્ત્રો ઉભા કરવા પાછળ અમારી શકિતનો અને સંશોધનોનો હરગીજ ઉપયોગ થવા નહિ દઇએ," આવી પોતાની પ્રતિજ્ઞા તેમણે જાહેર કરી હતી. એપ્રીલ માસની શરૂઆતમાં ફ્રેંચ કોમ્યુનીસ્ટ પાર્ટીની નેશનલ કૉંગ્રેસ સમક્ષ ભાષણ કરતાં તેમણે જણાવેલું કે "કોઇ પણ પ્રગતિશીલ વિજ્ઞાનવેત્તા સોવિયેટ યુનીયન સામે પોતાના સંશોધનકાર્યનો ઉપયોગ થવા દઇ શકે નહિ" આ વાત ઉપર ત્યાંના છાપાઓમાં ખુબ ચર્ચા ચાલી, ઉહાપોહ થયો, અને આ તો રશીઆનો જ કોઇ એક પક્ષકાર છે એવો જોસભેર પ્રચાર ચાલ્યો અને પરિણામે ફ્રેંચ સરકારે તેમને એકાએક હાઇ એટમિક કમીશનરના હોદ્દા ઉપરથી બરતરફ કર્યા. તેમની પત્ની ઇરીન ક્યુરી પણ એટલાં જ નામાંકિત વિજ્ઞાનશાસ્ત્રી છે. તે અમેરિકા વ્યાખ્યાન-પ્રવાસ ઉપર ગયેલાં-ત્યાં ન્યુયોર્કના હવાઇ બીમાનના મથકે તે ઉતર્યાં અને તરત જ તેમને પરહેજ કરવામાં આવેલા. પણ આ પગલા સામે પ્રજાનો સખ્ત વિરોધ થવાથી થોડા વખત પછી તેમને મુકત કરવામાં આવેલ છે. આ રીતે શાન્તિવાદનો પક્ષ કરતા વૈજ્ઞાનિકોનો કસોટીકાળ શરૂ થયો છે. એટમ બોંબ-હાઇડ્રોજન બોંબ-નો વિરોધ કરતા, અને પોતાની શકિતનો સંહારક દિશાએ ઉપયોગ થવા દેવાનો ઇનકાર કરતા અને તે ખાતર પોતાની 'કેરીયર' પ્રતિષ્ટા અને આઝાદીનો ભોગ આપતા આઇન્સ્ટીન, જોલીઓ ક્યુરી અને એવા અન્ય વિજ્ઞાન શાસ્ત્રીઓને જગતની પ્રજાના ધન્યવાદ ઘટે છે. એટમ બોંબનો ઇજારો નષ્ટપ્રાય થવા છતાં નામાંકિત વિજ્ઞાનશાસ્ત્રીઓને પોતાના કબજા નીચે રાખવાનો આગ્રહ ધરાવતા અમેરિકા, ઇંગ્લાંડ અને ફ્રાન્સના રાજકારણી સત્તાધીશો જગતની સુલેહશાન્તિને સુરક્ષિત બનાવવાને બદલે વધારે ને વધારે જોખમાવી રહ્યા છે. સત્તાની સામે આવું અણનમ વલણ દાખવી રહેલા શાન્તિવાદી વિજ્ઞાનશાસ્ત્રીઓ ગાંધીજીની દિશાએ સત્ય અને અહિંસાની આરાધનાનું એક નવું પ્રકરણ નિર્માણ કરી રહ્યા છે. શાન્તિવાદી સર્વ પ્રજાજનોએ જગતના સત્તાધીશોના આ આપખુદ વલણ સામે સખ્તમાં સખ્ત વિરોધ રજુ કરવો ઘટે છે.

શાન્તિવાદીઓનું જાહેરનામું

ડો. ફ્રેડરીક જોલીઓ ક્યુરી જેમના વિષે આ અંકમાં અન્યત્ર એક લાંબી નોંધ આપવામાં આવી છે તેમણે તા. ૧૫-૩-૫૦ના રોજ સ્ટોકહોમ ખાતે મળેલી વિશ્વશાન્તિ પરિષદમાં પ્રવચન કરતાં નીચે મુજબના વિચારો જણાવ્યા હતા:-

"એક બાજુએ સુલેહશાન્તિના પક્ષને મજબુત કરે એવી કેટલીક મહત્વની ઘટનાઓ બની રહી છે. દાખલા તરીકે (૧) ચીનની વિજયપ્રાપ્તિ, (૨) અમેરિકાના અણું બોંબના ઇજારાનો અન્ત (૩) જર્મન ડેમોક્રેટિક રીપબ્લીકની સ્થાપના (૪) યુધ્ધ માટે તૈયારી કરતા રાજ્યોને ધ્યાનમાં લેવાની ફરજ પડે એવી જોર પકડતી જતી શાન્તિસ્થાપનાની હીલચાલ. બીજી બાજુએ શાહીવાદનું વધતું જતું દબાણ, બેઠી લડાઇ (cold war) ને વેગવાન બનાવી રહેલ છે. બજેટમાંની ઘણી મોટી રકમો વધારે ને વધારે શસ્ત્રો ખરીદવા પાછળ અને અંદરથી સડેલા રાજ્યતંત્રોને ખરીદી લેવા પાછળ ખરચાઇ રહેલ છે. સ્વતંત્ર રાષ્ટ્રોની સ્વાધીનતા એક પછી એક ઝુંટવી લેવામાં આવે છે અને તેના વફાદાર અધિકારીઓની દેશભકિતની કસોટી થઇ રહેલ છે, આ રીતે યુધ્ધનો ભય ટોચ ઉપર આવીને ઉભો છે.

આપણી સુલેહશાન્તિની હીલચાલ પૂર્વનિયોજિત આક્રમણના પ્રયત્નોને ગંભીરપણે ખાળી રહેલ છે, એમ છતાં પણ આક્રમણને મૂળમાંથી દાબી દેવાને હજુ પૂરું સમર્થ નીવડી શકેલ નથી. તો પછી જેઓ અંગત સ્વાર્થ ખાતર કે અજ્ઞાનવશાત્ થોડાના લાભ ખાતર આખી માનવજાતને યુદ્ધમાં ધકેલવા તૈયાર થઇ રહ્યા છે તેઓ શું કલ્પના કરી રહ્યા હશે ? તેમનું જીવનદર્શન અંધકારથી ભરેલું છે અને અનેક માનવીઓના મડદાંઓથી અને ખંડિયેરોથી આચ્છાદિત છે. અન્ય પક્ષે આપણું જીવનદર્શન શાન્તિ અને ન્યાય ખાતર ચલાવવામાં આવતી લડાઇને વધારે જોરદાર બનાવવાની પ્રેરણા અને બળ આપી રહ્યું છે. યુદ્ધ અનિવાર્ય છે એવી લાગણી પેદા કરવાના જે પ્રયત્નો ચાલી રહ્યા છે તેનો સુલેહશાન્તિના પક્ષકારો દૃઢતાપૂર્વક સામનો કરી રહ્યા છે. લડાઇ માટે એકઠી કરવામાં આવતી પુષ્કળ સામગ્રીના સંચય સામે મજુરો અને બંદરમાં કામ કરનારાઓ એક નવી હરોળ ઉભી કરી રહ્યા છે. વિજ્ઞાનશાસ્ત્રીઓના મંડળો, 'ન્યુકલીઅર' સંશોધનમાં જોડાયેલા કાર્યકર્તાઓ સૌ કોઇ લડાઇના હેતુઓ માટે અણુશકિતનો ઉપયોગ કરવાને લગતા કામકાજમાં સાથ આપવાની ના ભણી રહ્યા છે. ફ્રેંચ કોમીસેરિયટના કાર્યકરો અને વિજ્ઞાનશાસ્ત્રીઓ જાહેર કરી ચુકયા છે કે જેવું તેમને અણુંશસ્ત્રો તૈયાર કરવાનું કહેવામાં આવશે કે તરત જ તેઓ પોતપોતાને સોંપાયલું કામ છોડીને બહાર નીકળી આવશે.

આપણે જગતની પ્રજા સમક્ષ બે માંગણીઓ કરી રહ્યા છીએ. (૧) અણુંશસ્ત્રોનો પ્રતિબંધ-અટકાયત (૨) અન્ય શસ્ત્ર સંચયમાં ઉત્તરોત્તર ઘટાડો. ભિન્ન ભિન્ન પ્રજાની પરિષદો સમક્ષ આ માંગણીઓ રજુ કરવા માટે આપણે પ્રતિનિધિઓ મોકલ્યા છે અને તેમને ભિન્ન ભિન્ન પ્રજાઓ તરફથી હાર્દિક આવકાર મળતો રહ્યો છે. દુનિયામાં સુલેહશાન્તિની સ્થાપના માટે લડતા સર્વ કોઇ માનવીઓને આન્તરરાષ્ટ્રીય ભૂમિકા ઉપર એકત્ર કરે એવું અને અતિ મહત્વની રાજકારણી ઘટનાઓ નિર્માણ થાય એવી શકયતાવાળું એક નવું બળ-ચેતનાસામર્થ્ય-પેદા થઇ રહ્યું છે.

આપણને પ્રતીતિ થઇ ચુકી છે કે અમેરિકાની પ્રજાનો ઘણો મોટો ભાગ લડાઇને બીલકુલ ઇચ્છતો નથી. આમ છતાં પણ તેમને યુધ્ધના માર્ગે ધસડી જવામાં આવે છે. દેશની ખરી રાજ્યસત્તા વ્યાપારીઓ અને શરાફોના હાથમાં છે અને દુનિયા ઉપર પોતાની સત્તા જમાવવાની તેઓ મનમાં સતત ઇચ્છા સેવી રહ્યા છે, અને નવું વિશ્વયુધ્ધ નોતરવાનું જોખમ ખેડીને પણ બે પ્રકારની વિચારસરણીનું સહ-અસ્તિત્વ અટકાવવાનો પ્રયત્ન કરી રહ્યા છે.

આમ હોવાથી અણુંશસ્ત્રોના ઉપયોગ ઉપર સદન્તર પ્રતિબંધ મુકાય અને આક્રમણના અને સામુદાયિક સંહારના શસ્ત્રોની પણ આમૂળ અટકાયત થાય એવી અમે માંગણી કરીએ છીએ. આ પ્રતિબંધ અને અટકાયતની ગેરન્ટી આપે એવા કડક આન્તરરાષ્ટ્રીય નિયંત્રણની સ્થાપનાની અમે માંગણી કરીએ છીએ. જે સરકાર અન્ય કોઇ રાજ્ય સામે સૌથી પહેલાં અણુશસ્ત્રોનો ઉપયોગ કરશે તે યુધ્ધગુનેહગાર ગણાશે. આપણે સુલેહશાન્તિના પક્ષકારો સત્યનો પ્રચાર કરવાનું અને જનતાની બુદ્ધિને તે માર્ગે વાળવાનું ચાલુ રાખીશું અને કાર્ય માટે કટિબદ્ધ થવા આહ્વાહન કરીશું અને કોઇનો પણ ધાકધમકીથી કે ગુંડાગીરીને કદી પણ નમતું આપીશું નહિ. દુનિયાની દરેક પ્રજા કુદરતના તત્વોના ઉપયોગ વડે શાન્તિપૂર્વક આબાદીના માર્ગે પ્રગતિ કરે એમ અમે અન્તરથી ઇચ્છીએ છીએ. જે કોઇ પ્રજા સંહારના બળવાનમાં બળવાન સાધનોનો પોતાનો ઇજારો છે એમ સમજીને દુનિયા ઉપર પોતાનું શાસન જમાવવાનાં સ્વપ્નાં સેવતી હોય તે પ્રજા સમજી લે કે સુલેહશાન્તિના પક્ષકારોની સતત વધતી

જતી તાકાત તે પ્રજાના દુષ્ટ ધરાદાને કદી પાર પડવા નહિ દે અને તેની સર્વ યોજનાને જમીનદોસ્ત કરી નાંખશે."

સવાઈશ્રીમન્તોને ત્યાં ઉજવાતા લગ્નસમારંભો

ગયા એપ્રીલ માસ દરમિયાન ૨૨મી તારીખે અંધેરી ખાતે ઝવેરી ભોગીલાલ લહેરચંદને ત્યાં અને ૩૦મી તારીખે વીલેપારલે ખાતે શ્રી. રતિલાલ મણિલાલ નાણાવટીને ત્યાં–એમ બે ભવ્ય લગ્નસમારંભો ઉજવાયા અને બન્ને પરાંઓની તવારીખમાં પૂર્વે કદિ પણ આવા મોટા પાયા ઉપર લગ્નસમારંભો જોવામાં આવ્યા નહોતા–આ બન્ને શ્રીમાનોની સ્થાનિક જનતામાં વાહ વાહ બોલાઈ ગઈ. શેઠ ભોગીલાલ લહેરચંદને ત્યાંના લગ્નસમારંભમાં અન્ય શ્રીમાનોને ત્યાં જે ધામધુમ અને ભભકાથી સાધારણ રીતે લગ્નો ઉજવવામાં આવે છે તે કરતાં કોઇ ખાસ વિશેષતા નહોતી, પણ આ લગ્નપ્રસંગના અનુસંધાનમાં એક મોટું ઉજમણું કરવામાં આવ્યું હતું, અઠ્ઠાઇમહોત્સવ ઉજવવામાં આવ્યો હતો, એક ભવ્ય વરઘોડો કાઢવામાં આવ્યો હતો, અને ભારે ઠાઠમાઠથી અષ્ટોત્રીસ્નાત્ર ભણાવવામાં આવ્યું હતું. આ બધાં ધાર્મિક અનુષ્ટાનો અને લગ્નસમારંભ પાછળ લાખેક રૂપીઆનો ખર્ચ કરવામાં આવ્યો હશે એમ એ ઉત્સવસત્રમાં ભાગ લેનારાઓનું સામાન્ય અનુમાન છે. તેમણે યોજેલા ઉજમણામાં જ ઘણી મોટી રકમ ખરચવામાં આવી હતી. ઉજમણું એટલે મંદિર તેમ જ સાધુઓને ઉપયોગી થાય તેવા ઉપકરણો. તેમ જ સાહિત્યનો મોટા પાયા ઉપર સંગ્રહ અને પ્રદર્શન. આ ઉજમણા માટે દરેકની રૂા. ૫૦૦ થી ૧૦૦૦ સુધીની કીંમત એમ સાત છોડ તૈયાર કરાવવામાં આવ્યા હતા. એ ઉપરાંત બીજા કેટલાયે છોડો તથા બીજી પણ કેટલીયે પારવિનાની સામગ્રી પ્રદર્શિત કરવામાં આવી હતી.

શ્રી રતિલાલ મણિલાલ નાણાવટીને ત્યાં પણ લગ્નસમારંભ સાથે ઉજમણા સિવાયનાં લગભગ બીજાં સર્વ ધાર્મિક અનુષ્ટાનો યોજવામાં આવ્યા હતા, અને તે ઉપરાંત વીલેપારલેએ કદિ ન જોયા હોય કે જાણ્યા હોય એવા શાનદાર લગ્ન કરી બતાવવા એ જ જાણે કે પ્રેરક હેતુ હોય એવા ધોરણ ઉપર લગ્નસમારંભની મંડપશણગારથી માંડીને અન્ય સર્વ રચના કરવામાં આવી હતી અને ભવ્ય પાયા ઉપર આખો કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો. લગ્નમંડપના શણગાર પાછળ જ પચ્ચીશથી ત્રીશ હજાર રૂપીઆનો વ્યય કરવામાં આવ્યો હશે એમ ઘણાનું અનુમાન છે. આ લગ્નસમારંભ અને ધાર્મિક અનુષ્ટાનો પાછળ પણ સવા દોઢ લાખનો સહેજે ખર્ચ થયો હશે એમ ઘણા ખરાનું માનવું છે. કુટુંબજીવનમાં લગ્નપ્રસંગ એક વિશિષ્ટ ઘટના છે. ગૃહસ્થાશ્રમની દૃષ્ટિએ લગ્નપ્રસંગનું કોઇ જુદું જ મહત્ત્વ છે. આવા પ્રસંગે કોઇ પણ ગૃહસ્થને પોતાને ત્યાં સ્વજન સંબંધીઓને બોલાવવાનું અને પોતાના આનંદમાં ભાગીદાર બનાવવાનું અને તેમનું એક યા બીજા પ્રકારે આતિથ્ય અથવા મનરંજન કરવાનું મન થાય અને એ રીતે આવા પ્રસંગે બે પૈસા ખરચવાની ઇચ્છા થાય એ તદ્દન સ્વાભાવિક છે. સાથે સાથે આવા પ્રસંગનો લાભ લઇને પાંચ પૈસા ખરચીને પોતાની સામાજિક પ્રતિષ્ઠા વધારવી–આવું પ્રલોભન પણ સમાજ વચ્ચે રહેતા અને સમાજની હુંફે જીવતા કોઇ પણ માનવીને માટે અનિવાર્ય છે એ પણ સમજી શકાય તેવું છે. આવા પ્રસંગે સાધારણ લોકો–પોતાને ત્યાંનો પ્રસંગ સામાન્ય રીતે ઉજવે તો શ્રીમાન ગૃહસ્થ પોતાના મોભા અને સંપત્તિ પ્રમાણે પોતાને ત્યાં આવતા લગ્નસમારંભની વધારે મોટા પાયા ઉપર યોજના કરે એ એટલું જ સ્વાભાવિક છે. પણ આવા કોઇ પણ સમારંભની ઉજવણીને દેશકાળના ખ્યાલને સંગત એવી એક મર્યાદા હોય છે અને જ્યારે આવા લગ્નસમારંભો ઔચિત્યની મર્યાદાનું ઉલ્લંઘન કરતા માલુમ પડે છે ત્યારે તેની નોંધ લેવાની–તેનો વિરોધ કરવાની–કોઇ પણ પત્રકારની સમાજહિતચિન્તકની–ફરજ થઇ પડે છે. ઉપર જણાવેલ બન્ને લગ્નસમારંભો અને તેની પાછળ કરવામાં આવેલ દ્રવ્યવ્યયનો આ દોરણે વિચાર કરવાની જરૂર જાસે છે.

જેને નવા વિચારનો સ્પર્શ સરખો થયો નથી, જે જુનવાણી વાતાવરણમાં જ ઉછરેલા હોય છે અને એકઠા થયેલા દ્રવ્યનો પોતાને ત્યાં આવતા આવા કોઇ વિશિષ્ટ પ્રસંગે ભભકો, શણગાર, નાટારંભ અને ધામધુમ પાછળ અને સામાજિક દૃષ્ટિએ જેમાંથી કોઇ ખાસ લાભ સંભવતો નથી એવા ક્રિયાકાંડી ધાર્મિક અનુષ્ટાનો પાછળ શકય તેટલો વ્યય કરવામાં જ જે કૃતિકર્તવ્યતા સમજતા હોય છે તેવી કોઇ વ્યકિતને ત્યાં ઉપર મુજબ લગ્નસમારંભ ઉજવાયો હોત–તો આ પણ એક પ્રકારની અજ્ઞાનલીલા છે એમ સમજીને તે વિષે ઉપેક્ષાભાવ ચિન્તવવાનું ઉચિત લેખાત. પણ પ્રસ્તુત સમારંભ સાથે જોડાયલી બન્ને વ્યકિતઓ જૈન સમાજમાં આગેવાન સ્થાન ધરાવે છે, મુંબઇની વ્યાપારી આલમમાં અગ્રસ્થાન ભોગવે છે, વ્યાપાર અને ઉદ્યોગના કારણે દેશપરદેશ સાથે બહોળો સંબંધ ધરાવે છે, અને તેમનાં સંતાનોને ઉચ્ચ કેળવણીનો પુરો લાભ આપવામાં આવ્યો છે. આમાં પણ નાણાવટી કુટુંબની એક આગળ પડતા અને સુખરેલા કુટુંબ તરીકે લાંબા વખતની ઘણી મોટી ખ્યાતિ છે. અને આમ છતાં પણ લગ્ન જેવા સર્વસાધારણ પ્રસંગે તેમના તરફથી ધર્મના નામે, કળાના નામે, કારીગીરીના નામે, ઉત્સવના નામે આટલો બધો દ્રવ્યવ્યય કરવામાં આવે–એ ભારે વિસ્મયજનક છે.

તેમાં પણ વળી જ્યારે દેશની સમગ્ર પરિસ્થિતિનો, જ્યાં ત્યાં ઉભી થતી આફતોનો, દુઃખતા જતા મધ્યમ વર્ગની મુંઝવણોનો, આપણી જ આસપાસ વસતા નિર્વાસિતોની પાર વિનાની દુર્દશાનો વિચાર આવે છે ત્યારે લગ્નનું નિમિત્ત લઇને, ધર્મનું બહાનું આગળ ધરીને કરવામાં આવતું વૈભવ અને સમૃધ્ધિનું પ્રદર્શન ચિત્તમાં એક પ્રકારનો ક્ષોભ–જુગુપ્સા ઉપજાવે છે.

એક વખત એવો હતો કે જ્યારે શ્રીમાનોને ત્યાં આવા પ્રસંગે કરવામાં આવતો ભભકો અને રાતને દિવસમાં પલટાવી નાંખે એવો રોશનીનો ઝળહળાટ જોઇને સામાન્ય જનસમુદાય આભો બની જતો અને તેમની અને પોતાની જીવનદશા વચ્ચે રહેલું મહદ્ અન્તર જોઇને શરમાતો, દીન બની જતો. ધાર્મિક દૃષ્ટિએ આ બાબતનો વિચાર કરતાં ભોળા શ્રદ્ધાળુ માનવીઓ આવી સંપત્તિ અને ભોગવિલાસને પૂર્વભવના પુણ્યનું ફળ ચિન્તવી શ્રીમાનો વિષે આદરભાવ અનુભવતા અને તેમનો કૃપાકટાક્ષ પ્રાપ્ત થતાં પોતાને કૃતકૃત્ય લેખતા. પણ આજે તો આ શણગારલીલા અને વૈભવપ્રદર્શન સામાન્ય જનતામાં કોઇ જુદો જ પ્રત્યાઘાત પેદા કરે છે. લોકો આ બધું જુએ છે અને એક પ્રકારનો અણગમો અનુભવે છે. શ્રીમાનોની પાદપૂજાનો યુગ હવે સદાને માટે ગયો છે એ ધ્યાનમાં લઇને આમજનતાની આ રીતે આંખે ચઢવાનું જોખમ ખેડવામાં નથી ડહાપણ, નથી શાણપણ, નથી સહીસલામતી–એ આજના શ્રીમાનો કેમ સમજતા નહિ હોય?

પોતાની સ્થિતિ સારી હોય અને પોતાને ત્યાં સારો પ્રસંગ આવ્યો હોય ત્યારે પોતાથી ઉતરતી સ્થિતિના બંધુઓને યાદ કરવા, તેમની અસહ્ય જીવનપરિસ્થિતિ સુસહ્ય બને તેવી તેમને કાંઇક રાહત પહોંચાડવી, પોતાને ત્યાં આનંદનો–ઉત્સવનો પ્રસંગ આવ્યો છે તો કાંઇક એવું કરવું કે જેથી સંકટ, સંકડામણ અને હાડમારીઓથી સતત વ્યાકુળ રહેતા એવા પોતાનાં જ સ્વજનોના ચાલુ જીવન ઉપર એકાદ આનંદની, પ્રસન્નતાની,

રાહતની લહરિ ફરકી જાય–આ વ્યક્તિગત શુભપ્રસંગના અનુસંધાનમાં શ્રીમાનોને પ્રાપ્ત થતો સહજ સામાજિક ધર્મ છે. આ બન્ને શ્રીમાન બંધુઓને પૂછવાનો આપણને અધિકાર છે કે "આપને ત્યાં છેલ્લાં વિશ્વયુધ્ધે અને ત્યાર પછીના ઉત્તરોત્તર વિષમતર સંયોગોએ અઢળક ધનનો વરસાદ વરસાવ્યો છે એ તો અમે જાણીએ છીએ. આપને ત્યાં લગ્નપ્રસંગ આવ્યો તો આપે આપની સમકક્ષાના અનેક સ્વજનો–સંબંધીઓ–મિત્રોનું આતિથ્ય કર્યું, મનરંજન કર્યું" એ પણ અમે જાણીએ છીએ; ક્રિયાકાંડી ધાર્મિક અનુષ્ઠાનો વડે આપે ભગવાનને પણ નવાજ્યા, રીઝવ્યા એની પણ અમને ખબર છે; પણ સાથે સાથે જેને ખાવા પીવા તથા રહેવાના ફાંફા છે, જેને જીવવા અને ટકવાનો સવાલ છે તેવા–આપની અપેક્ષાએ નીચલા થરના અને એમ છતાં આપના સ્વજનસમા અગણિત કુટુંબોને આ આખા ઉત્સવસત્ર દરમિયાન આપે યાદ કર્યા હતા ખરા ?

અધુરામાં પુરં આવા લગ્નપ્રસંગે ધર્મના નામે જે અનુષ્ઠાનો યોજવામાં આવે છે તે તો અત્યન્ત વિચિત્ર અને અસંગત લાગે છે. જૈન ધર્મનું સમગ્ર ધ્યેય ત્યાગ વૈરાગ્ય અને સંયમની સાધનાને પોષવાનું છે. ગૃહસ્થાશ્રમની માંડણી અને જૈન ધર્મની આરાધના બન્ને એકમેકથી વિરૂધ્ધ માર્ગો છે. લગ્નપ્રસંગ ઐહિક જીવનમાં આગળ લઇ જનારી એક સામાજિક ઘટના છે. આવે પ્રસંગે ધાર્મિક અનુષ્ઠાનો યોજવા એ જૈન ધર્મની જ એક પ્રકારની વિડંબના છે. કોઇ મહાન વ્રત કે તપની પૂર્ણાહુતિ થઇ હોય, કોઇ આત્મસાધના નિર્વિઘ્નપણે પાર પડી હોય ત્યારે એ પૂર્ણાહુતિના આનંદમાં કોઇ પણ પ્રકારનું ધાર્મિક અનુષ્ઠાન યોજવામાં આવે તો તે જરૂર સંગત ગણાય. કોઇ વયોવૃધ્ધ સ્વજનના અવસાન બાદ તેના પારલૌકિક શ્રેયની કલ્પના કરીને યોજાતા ધાર્મિક અનુષ્ઠાનોનું ઔચિત્ય પણ ગ્રાહ્ય બને છે. પણ જેની દિશા જૈન ધર્મના મૂળ સિધ્ધાંતથી તદ્દન અન્ય પ્રકારની છે તેવા લગ્ન જેવા પ્રસંગે યોજાતા ધાર્મિક અનુષ્ઠાનોની સંગતિ કોઇ પણ રીતે સમજી જ શકાતી નથી. પણ આટલી ઝીણવટથી આ બાબતનો વિચાર કરવાની કોને ફુરસદ છે ? સંગતિ–અસંગતિનો પણ શું કામ કોઇ વિચાર કરે ? ધન ભરપુર થયું છે, ઘેર લગ્નનો પ્રસંગ આવે છે; ભારે શણગારપૂર્વક મંડપ સજાવાય છે; રાત્રે પારાવાર રોશની વડે દિગન્તો ઝબકી ઉઠે છે; ધાર્મિક અનુષ્ઠાનોનો કાર્યક્રમ યોજાય છે; આવે પ્રસંગે ધર્મ ભુલાયો નથી એમ ચિત્તને સંતોષવામાં આવે છે; સમાજમાં આ રીતે સવિશેષ પ્રતિષ્ઠા મેળવવાની તકનો પુરો લાભ લેવાય છે; લગ્નનાં નગારાં શરૂ થાય છે; સાથે ધર્મની નોબત શરણાઇ પણ સંભળાવી શરૂ થાય છે; નવી દૃષ્ટિવાળા લોકો શેઠસાહેબના કળામય શણગારની પ્રશંસા કરે છે; જુનવાણી લોકો શેઠ સાહેબની ઉંડી ધર્મિકતા જોઇને રાજી થાય છે; ચોતરફથી વાહવાહનો વરસાદ વરસવા લાગે છે; પોતાની શ્રીમન્તાઇ ચરિતાર્થ થતી લાગે છે; કોઇને ત્યાં નહોતું એવું આપણે ત્યાં થયું–આ રીતે પોતાને ત્યાં થયેલા સમારંભનું અજોડપણું વારંવાર યાદ કરીને આનંદના–આત્મસંતોષના–કંઇ કાળ સુધી ઘુંટડા પીવાયા કરે છે; સમય સમયનું કામ કર્યા કરે છે; દૈવની અનુકુળતા હોય ત્યાં સુધી ધનસંપત્તિનો ગુણાકાર વધતો જ ચાલે છે; વળી પાછો કુટુંબમાં બીજો લગ્નપ્રસંગ આવીને ઉભો રહે છે. આગળ કરતાં આ વખતે સવાયું કરવું છે એવા ખ્યાલપૂર્વક નવી યોજના–નવો કાર્યક્રમ રચાય છે; આમ વળી પાછો વધારે મોટા પાયા ઉપર લગ્નસમારંભ, ધાર્મિક અનુષ્ઠાનોનો ભવ્યતર કાર્યક્રમ અને દ્રવ્યનો અનગળ વ્યય. આ હોય છે શ્રીમન્તોના–લગ્નસમારંભોની કહાણી ! કાળ બદલાય છે પણ આ કહાણી તો એના એ જ સ્વરૂપે પુનરાવર્તન પામ્યા કરે છે ?

જૈન સમાજના મધ્યમ વર્ગને રાહત આપવાની યોજના

થોડા સમય પહેલાં ફાલના મુકામે શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનોની કોન્ફરન્સ મળી હતી. આ અધિવેશનમાં જૈન સમાજના એકદમ ઘસાતા જતા મધ્યમ વર્ગને કેમ ટકાવવો અને રાહત આપવી એ પ્રશ્ન બહુ ઉગ્રપણે ચર્ચાયો હતો અને પરિણામે એક વિગતવાર ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો અને તેનો અમલ કરવા માટે ૧૪ શક્તિશાળી અને સુસંપન્ન વ્યક્તિઓની એક સમિતિ નીમવામાં આવી હતી. આ સમિતિએ લાંબી વિચારણા અને ચર્ચા કરીને એક મહિના બાદ નીચે મુજબ ઠરાવ કર્યો હતો.

"મધ્યમ વર્ગને તાત્કાલિક રાહત આપવા માટે ફંડ એકઠું કરવું અને તેમાંથી કેળવણી અંગે તેમ જ નાના ગૃહઉદ્યોગો જેવા કે શિવણ-ભરત-ગુંથણ વિગેરે જે જે કેન્દ્રોમાં શિખવી શકાય એમ હોય ત્યાં તે શિખવવા યોજના કરવી અને તે પ્રમાણેનું કાર્ય કરવામાં તે પ્રકારની કાર્ય કરતી સંસ્થાઓનો તેમ જ સ્થાનિક કાર્યકરોનો સહકાર મેળવવો. તદુપરાન્ત મધ્યમવર્ગની રાહત અંગે બીજી મોટી કાયમી યોજના કરવાની જે વિચારણા ચાલે છે તેમાં પણ કોન્ફરન્સ તરફથી ફાળો આપવો."

૧૪ નિષ્ણાતોની સમિતિ તરફથી એક વ્યવસ્થિત યોજના રજુ કરવામાં આવશે એવી આશા રાખવામાં આવેલી અને કોઇક કાર્યની પણ નાની સરખી શરૂઆતની પણ અપેક્ષા રાખવામાં આવેલી તેના બદલે આવી એક મોગમ ઠરાવ જૈન શ્વે. મૂ. કોન્ફરન્સની સ્થાયી સમિતિ ઉપર મોકલવામાં આવ્યો. તે વિષે વિચાર કરવા માટે સ્થાયી સમિતિની સભા તા. ૨૫-૩-૫૦ ના રોજ મળી અને એ સમિતિએ પણ એવી જ શુભેચ્છાઓથી ભરપુર એક લાંબો ઠરાવ પસાર કર્યો જે નીચે મુજબ છે.

૧. આ કાર્ય અંગે સારામાં સારૂં ફંડ એકત્ર થાય તો જ મધ્યમવર્ગને રાહત આપવાનું આ કાર્ય હાથ ધરવું.

૨. (અ) આ ફંડનો ૨૫% ભાગ કેળવણી અંગે મદદ આપવા-ફી, પુસ્તકો આપવામાં ખર્ચવો અને તે માટેની યોજના હાલ કોન્ફરન્સ કેળવણી પ્રચાર કેન્દ્રસ્થ સમિતિ કરે છે તે પ્રમાણે કરવી.

(બ) આ ફંડનો ૫૦% ભાગ યોગ્ય કેન્દ્રોમાં જૈન ભાઇઓ તથા બહેનોને સહેલાઇથી શીખવી શકાય એવા ગૃહ ઉદ્યોગો શિખવવામાં તથા શિખવા આવનાર ભાઇ-બહેનોને શરૂઆતથી જ તેમની મહેનતના પ્રમાણમાં મહેનતાણું આપવાનો પ્રબંધ કરવો.

ખાસ કરીને બહેનોને ફુરસદના વખતમાં શિવણકામ શિખવવાના વર્ગો ચાલુ કરવા પ્રબંધ કરવો અને શરૂઆતમાં શિખવા આવનાર બહેનોને પ્રોત્સાહન આપવા ખાતર તેમજ તેમને મદદ કરવા ખાતર મહેનતાણું પણ આપવું. આવા મોટા કાર્યને માત્ર કોન્ફરન્સના ફંડમાંથી જ મદદ આપવાનું બની શકશે નહિ. એટલે જે વિભાગમાં આવા કેન્દ્રો ખોલવામાં આવે એ વિભાગના શક્તિસંપન્ન ભાઇઓએ પણ આ કેન્દ્ર અંગેના ખર્ચમાં વધારેમાં વધારે ૫૦% ફાળો આપવો અને તેવો ફાળો જ્યાં મેળવવાનો પ્રબંધ થઇ શકે ત્યાં આવા ઉદ્યોગિક કેન્દ્રો ખોલવા તાત્કાલિક પ્રબંધ કરવો. બની શકે ત્યાં સુધી આવા કેન્દ્રને ચલાવવાની બધી જવાબદારી સ્થાનિક કાર્યકરો ઉપર રાખવી પરંતુ આવી સંસ્થાનું નિરીક્ષણ કોન્ફરન્સ મારફતે વખતોવખત થયા કરે તે જરૂરનું હોવાથી તેનો પણ પ્રબંધ કરવો.

જૈન ભાઇઓને માટે પણ હેંડલૂમ્સમાં વણી શકાય એવા કપડાં-ચારસા-શેતરંજી વિગેરે તથા અન્ય બાબતો શિખવવાનો પ્રબંધ થઇ શકે અને તે માટે પણ ઉપર બહેનોને માટે જે યોજના

સુચવવામાં આવી છે તે પ્રમાણે યોજના કરવા જ્યાં જ્યાં શક્ય હોય ત્યાં ત્યાં તેવા કેન્દ્રો ખોલવા.

જે જે શહેરોમાં જૈન બહેનો તથા ભાઇઓની જાહેર સંસ્થાઓ હોય તેઓનો પણ આ કાર્યમાં બની શકે તેટલો સહકાર લેવો.

મુંબઇ જૈન મહિલા સમાજ આ અંગે મુંબઇ શહેરમાં ઘણું ઉપયોગી કાર્ય કરી રહેલ છે અને મધ્યમ વર્ગની ઘણી બહેનોને પોતાના પગ પર ઉભી રહેવા સમર્થ તે સંસ્થાએ કરી છે એટલે મુંબઇ બહાર બહેનોને માટે ગૃહઉદ્યોગ માટે કેન્દ્ર ખોલવામાં જૈન મહિલા સમાજ પાસે સહકાર માંગવો. અને એ સંસ્થા આ અંગે જે કાર્ય ઉપાડી લેવા ઇચ્છા બતાવે તે કાર્ય એ સંસ્થાને સોંપવા અમો ભલામણ કરીએ છીએ. તેમાં જે આર્થિક મદદની જરૂર હોય તે મદદ કોન્ફરન્સના આ કાર્ય માટેના ભંડોળમાંથી આપવી.

(ક) આ ઉપરાંત નહાના નહાના ગૃહઉદ્યોગો મશીનરીની મદદથી શિખવવા માટે એક તદ્દન સ્વતંત્ર કો–ઓપરેટીવ સોસાયટી ઉભી કરવાની વિચારણા ચાલી રહી છે. અને જો આવી સોસાયટીની યોજના અમલમાં મુકાય તો તે સોસાયટીના શેરો લેવા માટે અને તેમાં સક્રિય સાથ આપવા માટે આ ભંડોળમાંથી રૂપીયા પચ્ચીસ હજાર આપવા.

(ડ) તદુપરાંત બાકીના ફંડની વ્યવસ્થા ઉપરોકત કલમ ૨ (અ) (બ) માં દર્શાવેલ યોજનાના વિકાસાર્થે વાપરવી.

તાત્કાલિક રાહત માટે અમોએ જે યોજના ઉપર રજુ કરી છે, તે જ્યાં જ્યાં યોગ્ય અને સારા કાર્યકરો મળે અથવા જાહેર સંસ્થાઓનો તેમાં સાથ મળે ત્યાં અમલમાં મુકવાની અમો ભલામણ કરીએ છીએ.

શ્રી વીરચંદ પાનાચંદ શાહ તેમના વતન વીરનગરમાં આવી એક સંસ્થા ચલાવે છે. તે તથા તેવી અન્ય સંસ્થાઓનું કાર્ય કઇ ઢબે ચાલે છે તે અંગેની સંપૂર્ણ માહિતી તેમની પાસેથી મેળવવા પ્રબંધ કરવો.

આ ઠરાવનો પ્રારંભ જ ભારે વિચિત્ર છે. "આ કાર્ય અંગે સારામાં સારૂં ફંડ એકત્ર થાય તો જ મધ્યમ વર્ગને રાહત આપવાનું આ કાર્ય હાથ ધરવું" અને એ કાલ્પનિક ફંડ એકઠું થાય તો તેમાંથી ૨૫ ટકા અમુક પ્રવૃત્તિમાં, ૫૦ ટકા અમુક પ્રવૃત્તિમાં વાપરવા ઇત્યાદિ તરેહતરેહની આ યોજનાસૂચક ઠરાવમાં ભલામણો કરવામાં આવી છે.

જે ઉત્સાહ અને શૌરમકારથી આ કાર્ય હાથ ધરવાનું કોન્ફરન્સના અધિવેશનમાં ઠરાવવામાં આવ્યું હતું અને તેના પરિણામે મધ્યમ વર્ગના દિલમાં રાહતની જે એક પ્રાણદાયી આશા ઉભી થઇ રહી હતી તે ધ્યાનમાં લેતાં આ ઠરાવ અને યોજના એક પ્રકારની નિરાશા ઉભી કરે તેવા છે. આ યોજના વાંચતાં તત્કાળ તો કશું જ થવા સંભવ નથી એમ કોઇને પણ લાગે તેમ છે, કારણ કે બધી બાબતોને આધાર સારામાં સારૂં 'ફંડ' થવા ઉપર રહેલો છે અને કેટલી રકમ એકઠી થાય તો સારામાં સારૂં ફંડ થયું કહેવાય અને તે કેટલી મુદતમાં થાય તે બન્ને બાબતો વિષે કરી સ્પષ્ટતા જોવામાં આવતી નથી.

મધ્યમ વર્ગની મુંઝવણ ઘણી તીવ્ર છે અને તે દિનપ્રતિદિન વધતી જાય છે અને કોઇને કોઇ પ્રકારની રાહતની, ટેકાની અપેક્ષા રાખે છે એ વિષે બે મત છે જ નહિ. આ કાર્યની જે ગૃહસ્થોને જવાબદારી સોંપવામાં આવી છે તેમની શુભનિષ્ઠા વિષે પણ બે મત છે જ નહિ પણ આ તો દાવાનળ સળગ્યો છે તેને બહોપાશે ઠારવા માટે પણ ઉગ્ર ઉપાયો હાથ ધરવા ઘટે છે. જો આ બાબતની ખરેખરી તમન્ના હોય તો આમ આરામખુરશી ઉપર બેઠે બેઠે કશું પણ કામ થઇ શકવાનું નથી. ફંડનું કામ તો અધિવેશન બાદ તુરત જ હાથ ધરવું જોઇતું હતું. બીજું કોઇને કોઇ પ્રવૃત્તિ પણ જાતજોખમે શરૂ કરવી જોઇતી હતી અને કામ સારૂં છે તો ધન મળવાનું જ છે એવી શ્રધ્ધાપૂર્વક કાર્યનો પ્રારંભ કરવો જોઇતો હતો. સમિતિના ઘણા ખરા સભ્યો ખમતીધર છે. તેઓ કોઇ પણ જોખમ ખેડી શકે તેમ છે. કોઇ બાબતનું જોરદાર આન્દોલન ઉભું થાય છે, ઠરાવ થાય છે, તેને અમલી બનાવવા માટે થોડી ઘણી રકમો પણ ભરાય છે એ જ અરસામાં આવા કાર્યને અંગે ઉભી થયેલી ઉષ્માનો તરતમાં જ લાભ લેવામાં આવે છે અને પ્રતીક રૂપે કાંઇને કાંઇ કામ શરૂ કરવામાં આવે છે તો એ કામ એકદમ જોર પકડે છે, જોઇતા ધનનો પ્રવાહ પણ વહેવા માંડે છે, અને એ દિશાએ નવી નવી યોજનાઓ પણ ફુટવા માંડે છે. પણ એમાં જો વિલંબ થાય છે તો ગરમી ઉતરી જાય છે, ઉત્સાહ ભાંગી જાય છે, ધન મળતું નથી, અને જે કાંઇ થાય છે તે રગશીયા ગાડાં જેવું હોય છે.

અલબત્ત, મધ્યમ વર્ગને રાહત આપવાનું કામ અત્યન્ત જટિલ છે; તે એટલા બધા ધનની તથા કાર્યકર્તાની અપેક્ષા રાખે છે કે તેને પહોંચીવળવું એ સાધારણ આદમી અને સાધારણ શ્રમ માટે અશક્ય છે. પણ પ્રસ્તુત કાર્યની આ વિકટતા જોઇને કાં તો એ દિશાએ પ્રયાણ જ ન કરવું અને સૌને ભાગ્યાધીન લેખી છોડી દેવું. પણ જો રાહતનો ઢોલ પીટયો છે તો પછી જેના જેના માથે આ કાર્યની જવાબદારી છે તેમણે પોતાથી બનતું કરી છૂટવાની તૈયારી દાખવવી જોઇએ. આપણે હજુ પણ આશા રાખીએ કે આ કાર્ય વિશેષ વેગ પકડશે અને આકાશી વાતોમાંથી કોઇ ને કોઇ અમલી યોજના સત્વર મૂર્તિમન્ત થશે.

અહિં એક બીજો મુદ્દો વિચારવા જેવો છે. આ મધ્યમ વર્ગનો પ્રશ્ન માત્ર જૈન શ્વે. મૂ. સમાજનો જ છે એમ નથી. આખા જૈન સમાજનો છે. જ્યાં સુધી જૈન શ્વે. મૂ. કોન્ફરન્સને લાગેવળગે છે ત્યાં સુધી આ આખી પ્રવૃત્તિ શ્વે. મૂ. સમાજ પુરતી જ સીમિત રહેવાની–આવી યોજના જૈન સમાજના ઇતર વિભાગો સાથે મળીને શા માટે વિચારવામાં ન આવે? અન્ય વિભાગમાં એટલા જ શક્તિશાળી અને સુસંપન્ન ગૃહસ્થો છે. તે વિભાગ પણ સારા પ્રમાણમાં પોતાનો ફાળો આપશે. મધ્યમ વર્ગ તરીકેની મુંઝવણ સૌની એકસરખી છે. જ્યાં સમાન પ્રશ્ન છે ત્યાં જૈનો બધા એકત્ર કેમ ન થાય અને જે કાંઇ થાય તેનો લાભ બધા જૈનોને કેમ ન મળે? આના આડકતરા પરિણામ રૂપે જૈન સમાજના ઐકયને સારૂં સમર્થન મળશે અને આવા સુદૃઢ ઐકયની આજે અત્યન્ત આવશ્યકતા છે. આ પ્રશ્ન આ દૃષ્ટિએ વિચારવા પ્રસ્તુત સમિતિના સભ્યોને પ્રાર્થના છે.

દેવદ્રવ્ય ઉપર સાધારણ દ્રવ્યનો લાગો (Surcharge)

માર્ચ માસના અન્ત ભાગમાં કેટલાક મિત્રોના પ્રેમભર્યા આમંત્રણના પરિણામે બે દિવસ માટે માલેગાંવ જવાનું બન્યું હતું. તે મિત્રો સાથેના બે દિવસનાં મીઠાં સ્મરણોની વિગતવાર નોંધ કરવાનો અહિં ઉદ્દેશ નથી. અહિં તો માત્ર ત્યાંના જૈન મંદિરમાં બોલાતી બોલીના આવકની ત્યાંના શ્રી સંઘે જે વ્યવસ્થા કરી છે અને જેનો કેટલાય સમયથી અમલ થઇ રહયો છે તેની જૈન સમાજના મૂર્તિપૂજક વર્ગને જાણ કરવાના હેતુથી આ નોંધ લખવામાં આવે છે.

દેવદ્રવ્ય સંબંધે ચલુ માન્યતા છે કે તેની આવકનો મંદિર તથા મૂર્તિ સિવાય અન્ય કાર્યમાં ઉપયોગ થઇ ન જ શકે તે બહુ જાણીતી હકીકત છે. સાધારણ રીતે જ્યાં જ્યાં જૈન સમાજ વસતો હોય છે ત્યાં ત્યાં તે સમાજને વ્યવસ્થિત રાખવા માટે તેમ જ તે સમાજના સુખશ્રેયની સંભાળ લેવા માટે સંઘની

સંસ્થા ઉભી કરવામાં આવે છે. અને આવા દરેક સ્થળમાં આવેલાં જૈન મંદિરોનો વહીવટ આવો સંઘ તેને લગતી સમિતિ અથવા તો ટ્રસ્ટીમંડળ દ્વારા કરતો હોય છે. આવા દરેક સમાજ માટે એક સામુદાયિક મીલનસ્થાન તરીકે મંદિર નિર્માણ કરવામાં આવેલ હોય છે અને તે મંદિરનો નીભાવ તેમ જ સંઘની ભિન્ન ભિન્ન પ્રવૃત્તિઓ મંદિરમાં રાખવામાં આવેલ સાત પ્રકારના ખાતાઓમાં થતી આવક દ્વારા ચલાવવામાં આવે છે. આ સાત ખાતાઓ નીચે મુજબ હોય છે- ૧ ચૈત્ય, ૨ જ્ઞાન, ૩ સાધુ, ૪ સાધ્વી ૫ શ્રાવક, ૬ શ્રાવિકા, ૭ સાધારણ અને આ દરેક ખાતાની આવકને લગતો એવો નિયમ છે કે નીચેના ખાતાની આવક ઉપરના ખાતામાં વાપરી શકાય પણ એથી વિપરીત ક્રમ મુજબ કોઇ પણ એક ખાતાની આવક બીજા ખાતામાં વાપરી ન શકાય. આમાં દેવદ્રવ્ય મથાળે છે. સાધારણ દ્રવ્ય સૌથી નીચે છે, અને તેનો ઉપયોગ સંઘની કોઇ પણ પ્રવૃત્તિઓમાં અને જૈન ભાઇ બહેનોને મદદ કરવામાં પણ થઇ શકે છે. પરિણામે આ ખાતાના દ્રવ્યની માંગ સૌથી વધારે હોય છે, પણ કમનસીબે આ ખાતામાં આવક ઘણી ઓછી હોય છે. આને લીધે ઘણા મંદિરોની એવી સ્થિતિ હોય છે કે દેવદ્રવ્યના નામે મોટી રકમ જમે બોલતી હોય છે અને સાધારણ ખાતે મોટી રકમ ઉધાર બોલતી હોય છે.

માલેગાંવમાં જૈન શ્વે. મૂ. સંઘના આશરે ૧૫ ઘર છે અને આમ સંખ્યા નાની હોવા છતાં ધંધાપાપે સૌ કોઇ સુખી છે. આ માલેગાંવમાં એક ભવ્ય જિનાલય છે. જૈન મંદિરોમાં પહેલી પ્રક્ષાલન પૂજા, કેસરપૂજા વગેરે કોણ કરે, આરતી કોણ ઉતારે એ સંબંધમાં થતી હરીફોઇનો તોડ કાઢવા માટે ઉછાણી બોલવાની પ્રથા સર્વત્ર પ્રચલિત છે. આ ઉછાણી અમુક મણ ઘીની પરિભાષામાં બોલાય છે. આ એક મણ ઘીનો કેટલાક સ્થળે રૂા. ૪ નો ભાવ હોય છે, કેટલાક સ્થળે રૂા. ૨૫ નો ભાવ હોય છે. અને આ રીતે થતી આવક દેવદ્રવ્યમાં જાય છે. માલેગાંવના સંઘે પ્રચલિત માન્યતાને ધક્કો ન પહોંચે અને સાધારણ ખાતા માટે પણ ચાલુ આવક થતી રહે એ હેતુથી એવો પ્રબંધ કર્યો છે કે એક મણ ઘીનો ભાવ રૂા. ૨૫ સ્વીકારીને ઘીની ઉછાણી બોલનારે દર મણ ઘીના રૂા. ૨૫ સાથે સાધારણ ખાતામાં રૂા. ૧૫ આપવો જ જોઇએ. પરિણામે દર મણ ઘીના રૂ. ૩૫ ના હિસાબે બોલાયલી ઉછાણીનો હીસાબ ચુકવવો પડે છે અને સાધારણ ખાતામાં સહજપણે સારી આવક થતી જ રહે છે. આવો સુન્દર પ્રબંધ યોજવા માટે માલેગાંવના સંઘને ધન્યવાદ ઘટે છે અને આ પ્રબંધનું અન્ય મંદિરના સંચાલકોને અનુકરણ કરવાનો અનુરોધ કરવામાં આવે છે. ઘણાં મંદિરના કાર્યવાહકોની સાધારણ ખાતાની આવકને લગતી ચાલુ મુંઝવણનો આમાંથી એક સુન્દર તોડ મળી આવે છે. મૂર્તિપૂજક જૈન આ પ્રબંધનો દીર્ઘદૃષ્ટિપૂર્વક વિચાર કરે એવી પ્રાર્થના છે.

અલગતાવાદનું માઠું પરિણામ

મનમાડથી માલેગાંવ જતાં 'કવળાના' નામનું એક ગામડું આવે છે. સદ્‌ગત શ્રીમન્ત સયાજીરાવ ગાયકવાડની જન્મભૂમિ તરીકે એક ગામની વિશેષ મહત્તા છે. એ ગામની વસ્તી ૩૦૦ થી ૪૦૦ માણસોની છે, જેમાં પાંચ કુટુંબ દિગંબર જૈનોનાં પણ છે. ગયે વર્ષે દિગંબર સાધુ શાન્તિસાગરનું ત્યાં ચાતુર્માસ હતું અને તેમના ઉપયોગ માટે એક કામચલાઉ જૈન મંદિર ઉભું કરવામાં આવ્યું હતું. મુંબઇ સરકારના હરિજન મંદિર પ્રવેશ ધારાનો દિગંબર જૈનોમાં શ્વેતાંબર મુર્તિપૂજક સમાજ કરતાં પણ વધારે ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો હતો. એ 'ધર્મવિરોધી' કાયદા સામે મુનિ શાન્તિસાગરજીએ અન્નત્યાગ જાહેર કર્યો હતો જે સંભવ છે કે હજુ સુધી પણ ચાલ્યા કરે છે. (આ અન્નત્યાગ એટલે ઉપવાસ નહિ, પણ રાંધેલા અનાજનો ત્યાગ-છાશ કે એવું પ્રવાહી લઇ શકાય) આ અન્નત્યાગ સાથે તેમણે પોતાના પ્રવચનોમાં હરિજનો સામે, તથા હિંદુધર્મ સામે આવેશભર્યો પ્રચાર શરૂ કર્યો, અને જૈનધર્મ હિંદુધર્મથી કેવળ અલગ ધર્મ છે અને હિંદુધર્મ કરતાં અનેક રીતે ચડિયાતો ધર્મ છે-એ અભિપ્રાયનું જોરદાર સમર્થન કરતાં પરસ્પર વિદ્વેષને ખુબ વેગ આપ્યો. ગામના લોકોને તો ભાન સરખું પણ નહોતું કે ગામમાં વસતા જૈનો પોતાથી જુદા ધર્મના અને જુદા સમાજના છે. શાન્તિસાગરજી તો ચાતુર્માસ પુરું થયે ચાલતા થયા પણ ગામની વસ્તીમાં મોટો ઝગડો મુકી ગયા. ગામના લોકોનાં દિલ જૈનો સામે ખુબ ઉશ્કેરાયા. આ જૈન કુટુંબો પણ ખેતી ઉપર જ નભતા હતા. આસપાસના લોકોએ આ જૈનો સાથે બધી રીતનો અસહકાર શરૂ કર્યો અને તેમને ભારે ત્રાસ આપવા માંડયો અને તેમને ગામમાં રહેવું લગભગ અશક્ય બનાવી મુકયું. માલેગાંવના જૈન આગેવાનો વચ્ચે પડયા, પરસ્પર સમાધાનીની વાટાઘાટ શરૂ કરી અને બહુ મુશ્કેલીએ એ ઝગડા અને અસહકારને શમાવ્યા. સમાજમાં આજે ફેલાઇ રહેલો અલગતાવાદ અને કેવળ સાંપ્રદાયિક મનોદશાથી ઘેરાયલા સાધુઓના ધર્મઝનુની પ્રવચનો દ્વારા તેને મળતું સતત પોષણ કેવા કેવા અનર્થો ઉભા કરી શકે તેમ છે તેનો ઉપર જણાવેલ એક નાની સરખી દુઃખદ ઘટના ઉપરથી સહેજે ખ્યાલ આવી શકે તેમ છે.

ટુંકામાં ટુંકું માનપત્ર

ભારતના રાષ્ટ્રપતિ માન્યવર બાબુ રાજેન્દ્રપ્રસાદ ગયા એપ્રીલ માસમાં મુંબઇ આવી ગયા તે દરમિયાન તે માસની છઠ્ઠી તારીખે બોરીવલીની બાજુએ શિંપવલી નામના એક નાના ગામડામાં 'કોરા ગ્રામોદ્યોગ કેન્દ્ર' નામની એક સંસ્થા ત્રણ વર્ષથી કાર્ય કરે છે અને કેટલાક ગ્રામોદ્યોગોને પુનર્જીવિત કરી રહેલ છે. તે સંસ્થાની મુલાકાતે બાબુ રાજેન્દ્રપ્રસાદ ગયેલા. અને ત્યાં યોજવામાં આવેલ સર્વોદય સપ્તાહનું ઉદ્‌ઘાટન કરેલું. આ પ્રસંગને અનુલક્ષીને તે સંસ્થાના સંચાલકોએ બાબુ રાજેન્દ્રપ્રસાદને એક માનપત્ર અર્પણ કરેલું. આ માનપત્ર એક રેશમના ટુકડા ઉપર છાપવામાં આવેલું. કેન્દ્રમાં જ બનાવેલા ચામડાનાં સાધનોમાંથી માનપત્રને મૂકવા માટે એક નાની સરખી પેટી તૈયાર કરવામાં આવેલી. આપણે ત્યાં અપાતા માનપત્રમાં સાધારણ રીતે જે વ્યક્તિનું સન્માન કરવાનું હોય છે તેના ગુણ વિશેષતની લાંબી બીરદાવલી બીચેબીચ ભરેલી હોય છે. માનપત્રના પ્રસંગે આ પરંપરાથી કોઇ પણ સંસ્થા મુક્ત રહી શકતી નથી અને એમાં પણ માનપત્રનું પાત્ર જ્યારે કોઇ આ સાધારણ વ્યક્તિ હોય છે ત્યારે માનપત્રોનાં લખાણો ભારે હાસ્યાસ્પદ અને ધૃણાજનક લાગે છે. ઉપર જણાવ્યા મુજબ કોરા ગ્રામોદ્યોગ કેન્દ્રના સંચાલકો તરફથી બાબુ રાજેન્દ્રપ્રસાદને અપાયલા માનપત્રનું લખાણ અત્યન્ત ટુંકું, અને એમ છતાં પુરા ઔચિત્ય અને આદરથી ભરેલું હોઇને ચાલુ માનપત્રો કરતાં કોઇ જુદી જ ભાત પાડતું હતું. તે માનપત્રનું લખાણ નીચે મુજબ હતું.

"માનનીય રાષ્ટ્રપતિજી

આપ જેવા સન્તપુરૂષનું અમારા નાના સરખા પ્રયોગ-કેન્દ્રમાં સ્વાગત કરવાનો અવસર અમને પ્રાપ્ત થયો એ અમે અમારૂં પરમ ભાગ્ય સમજીએ છીએ. પૂજ્ય બાપૂજી જે વિચાર-શ્રેણી અને જીવનદર્શનનો વારસો આપણા માટે મૂકી ગયા છે તે નજર સામે રાખીને અમે એક આદર્શ પ્રયોગ અને તાલીમી-કેન્દ્રની રચના કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. અમારા આ પ્રયાસોમાં આપના આગમનથી અમને ખૂબ પ્રોત્સાહન મળ્યું છે, અને આપના આશીર્વાદથી પૂજ્ય બાપૂજીએ બતાવેલા માર્ગ ઉપર ચાલવાનો અવસર અને બળ અમને મળતા રહે એટલી જ અમારી પ્રાર્થના છે.

લી.

કોરા ગ્રામોદ્યોગ કેન્દ્ર — **વિઠ્ઠલદાસ વ. જેરાજાણી**

તા. ૬. એપ્રીલ, ૧૯૫૦ — અધ્યક્ષ ટ્રસ્ટી મંડળ

મુંબઇ ઉપરનગર જીલ્લા ગ્રામોદ્યોગ સંઘ"

ટૂંકું તથા કેટલું સમુચિત અને ભાવવાહી!

પરમાનંદ

ચીની-હિંદી સંસ્કૃતિમાં અહિંસાનું સ્થાન

[શાન્તિનિકેતન ખાતે આવેલ વિશ્વભારતીના ચીના-ભવનના આચાર્ય શ્રી ટાન-યુન-શાન થોડાક માસ પહેલાં જયપુર ગએલા અને તેમના ત્યાંના નિવાસ દરમિયાન તા. ૧૬-૧૦-૪૯ ના રોજ ત્યાંની 'પબ્લીક લાયબ્રેરી' માં તેમણે ઉપર જણાવેલ મથાળાવાળો એક નિબંધ વાંચ્યો હતો. અહિંસાપ્રેમી સમાજને રસદાયી નીવડશે એ હેતુથી એ અંગ્રેજી નિબંધનો અનુવાદ અહિં પ્રગટ કરવામાં આવે છે.]

ચીની-હિંદી સંસ્કૃતિ

ચીની-હિંદી સંસ્કૃતિ-Sino Indian culture એવો નવો શબ્દપ્રયોગ આજથી પંદર વર્ષ પહેલાં મેં પ્રચલિત કર્યો છે, અને ઇ. સ. ૧૯૩૪માં તેમ જ ૧૯૩૫માં એ બન્ને દેશોમાં Sino-Indian Cultural Society-ચીની-હિંદી સાંસ્કૃતિક સમાજ-ની સ્થાપના કરવામાં આવી ત્યારથી એ શબ્દપ્રયોગ ચાલુ વપરાશમાં આવવા લાગ્યો છે. મારા નમ્ર મત પ્રમાણે માનવ-જીવનની સાર્વત્રિક સુધારણા એ 'સંસ્કૃતિ' શબ્દનો સાદો અને સીધો અર્થ છે અને તે પણ સામાન્ય રીતે સમજવામાં આવે છે તે મુજબ કેવળ નૈતિક બાજુને લગતી સંસ્કૃત એટલા સંકુચિત અર્થમાં નહિ. સંસ્કૃતિ એ માનવસમાજની પ્રગતિનો આંક બતાવતું સાધન છે એટલું જ નહિ પણ માનવસમાજનું નિયમન કરતું સુકાન પણ છે. એ મનુષ્યજીવનની મહત્તાને બહાર આણીને તેને વનસ્પતિ તેમ જ પ્રાણી જીવનથી જુદું તારવે છે. વળી એ માનવીને મનુષ્યજીવનનું સાચું મહત્ત્વ અને મૂલ્ય સમજાવે છે, અને જ્યાં શાશ્વત શાંન્તિ, પ્રેમ, આનંદ, સ્વતંત્રતા અને કલ્યાણ ભર્યાં છે એવા જીવનના પરમ અને અંતિમ ધ્યેયને પહોંચવામાં મદદરૂપ થાય છે. ઉપરની સઘળી બાબતોમાં હિંદ અને ચીનની સંસ્કૃતિમાં કેવળ સામ્ય જ નહિ, તાદાત્મ્ય પણ છે. અહિંસાની માન્યતામાં આ બંને સંસ્કૃતિની એકતા વધારે આગળ તરી આવે છે.

અહિંસાનું લક્ષણ

અહિંસાનું શાબ્દિક રૂપ નિષેધાત્મક છે. પણ એનો અર્થ વિધેયાત્મક છે. મહાત્મા ગાંધીજીએ અંગ્રેજીમાં 'નોન-વાયોલન્સ' એ રીતે એ શબ્દને અનુવાદિત કર્યો છે. અને ચીનના પ્રાચીન બૌધ વિદ્વાનોએ એને ચીની ભાષામાં 'પુ-હાઇ' (Pu-hai) એટલે અશિકાર (non-hunting) એ રીતે ઘટાવ્યો છે. તેનો વિધેયાત્મક ભાવ પ્રેમ-વિશ્વપ્રેમ-એ શબ્દથી સૂચિત થાય છે, જેનો સંસ્કૃતમાં પર્યાય શબ્દ મૈત્રી છે. અને ચીની ભાષામાં પર્યાય શબ્દ 'જેન' (jen) છે. અહિંસા અને મૈત્રી-'નોન-વાયોલન્સ' અને 'યુનિવર્સલ-લવ' અથવા પુ-હાઇ (Pu-Hai) અને જેન (jen)-આ દ્વંદ્વો જન્મથી જ સંલગ્ન હોય તેમ નિર્માણ થયાં છે. અને તેમને કોઇ કાળે છૂટાં પાડી શકાય તેમ નથી. એ બધા શબ્દપ્રયોગો એક સાથે એક જ સંદેશાનું વહન કરે છે. પરન્તુ ચીન, નિષેધાત્મક સ્વરૂપ કરતાં વિધેયાત્મક સ્વરૂપ વધારે પસંદ કરે છે. અને આથી જ ચીન અને હિંદ કદી વિખુટાં પડી ન શકાય એવાં એક સંસ્કૃતિનાં બે પાસાં બન્યાં છે.

'હિંદીઓ અહિંસાના આ નિષેધાત્મક સ્વરૂપને કેમ સ્વીકારે છે?' તેના જવાબમાં ગાંધીજીએ જણાવ્યું હતું કે "હિંસાને કારણે જ જગતનું અસ્તિત્વ છે. અને તેથી જ ધર્મની ઉત્કૃષ્ટ વ્યાખ્યા નકારાત્મક અ-હિંસા શબ્દથી જ કરવામાં આવી છે. જગત વિનાશની અનિવાર્ય પરંપરાથી બધ્ધ છે એટલે કે શરીરમાં પ્રાણ ટકાવવા માટે હિંસા અનિવાર્યપણે આવશ્યક બનેલી છે. અને આથી જ અહિંસાનો પુરસ્કર્તા હંમેશાં શરીરના બંધનથી શાશ્વત મુક્તિ માગે છે."

(મહાત્મા ગાંધીના વિચારો)

ચીની મહાપુરૂષનું મન્તવ્ય

ચીની સાધુ મેન્શીઅસ આ જ વાતને બીજી રીતે રજૂ કરે છે. એ કહે છે કે "માનવી પહેલાં, પોતે શું નથી કરવા માગતો એનો મક્કમ નિરધાર કરી લે તો પછી એણે શું કરવું જોઇએ તેનો વધારે સ્પષ્ટતાથી નિર્ણય કરી શકે. જો માનવીએ ભલું જ કરવું હોય તો પહેલાં એણે કોઇનું બૂરું નહિ કરવાની પ્રતિજ્ઞા લેવી જોઇએ. એ જ પ્રમાણે એણે બીજાને ચાહવા હોય તો તેણે એમને ઇજા નહિ પહોંચાડવાની તકેદારી રાખવી જોઇએ." માણસ પ્રેમ, મૈત્રી કે જેન (Jen)નો ઉપદેશ આપતો હોય અને ખુદ અહિંસા, નોન-વાયોલન્સ કે પુ-હાઇ ન અપનાવતો હોય તો તેનો ઉપદેશેલ પ્રેમ સાચો નથી. એ તો કેવળ પ્રેમની જૂઠી રજૂઆત અને દંભ છે. આ કારણથી દુનિયાના સર્વ ધર્મો પોતાના અનુયાયીઓના માર્ગદર્શન અને નિયમન માટે ચોક્કસ પ્રકારના જીવનસિદ્ધાન્તોનું વિધાન કરે છે. અથવા તો ગાંધીજીએ કહ્યું છે તેમ (હરિજન, ૨૮-૩-૧૯૩૬) "સત્ય અને અહિંસા પર્વતો જેટલાં પુરાણાં છે." હિંદમાં લગભગ સર્વ ધર્મો, સંપ્રદાયો અને દર્શનપરંપરાઓના સિધ્ધાંતો અને ધર્મનિયમોમાં અહિંસા સૌથી વધારે અગત્યનું સ્થાન ધરાવે છે. ઐતરેય બ્રાહ્મણ, શતપથ-બ્રાહ્મણ, છાંદોગ્યઉપનિષદ વામનપુરાણ અને મનુસ્મૃતિ જેવાં પ્રાચીન ધર્મશાસ્ત્રોમાં ઋષિમુનિઓએ તેનો વારંવાર ઉપદેશ કર્યો છે અને તેનું સ્પષ્ટપણે પ્રતિપાદન કર્યું છે. તેથી જ મહાભારતમાં જાહેર કરવામાં આવ્યું છે કે 'અહિંસા પરમો ધર્મ:' અને ગાંધીજી પણ આ જ શબ્દો અનેકવાર કહેતા આવ્યા છે.

પણ અહિંસાનો સૌથી પહેલો ઉપદેશ જૈનોના ચોવીસમા તીર્થંકર ભગવાન મહાવીરે કર્યો છે. અને તેને લગતી વિચારસરણી તેમણે બહુ વ્યવસ્થિત રીતે રજુ કરી છે. ત્યાર બાદ ભગવાન બુધ્ધે પણ અહિંસાધર્મનું સમર્થન કર્યું છે. અને છેવટે મહાત્મા ગાંધીજીના વિચાર,વાણી અને કર્મમાં આ અહિંસાધર્મ ભારે ભવ્યતાપૂર્વક મૂર્તિમંત થયો છે. જેવી રીતે હિંદુસ્તાનના સર્વ ધર્મોમાં અને તત્વદર્શનમાં અહિંસાનો સિધ્ધાંત સહુથી વધારે મહત્વનું સ્થાન ધરાવે છે. એ જ પ્રમાણે ચીનમાં પણ છે. ઉપર જણાવ્યું તેમ બંનેમાં ફરક માત્ર એટલો જ છે કે અહિંસા જેવો નિષેધાત્મક શબ્દ વાપરવાને બદલે ચીની લોક 'જેને' જેવો વિધેયાત્મક શબ્દ વાપરવાનું વધારે પસંદ કરે છે. 'જેન' શબ્દના પણ અનેક અર્થો થાય છે. અને તેનું નિરૂપણ પણ વિવિધ રીતે કરવામાં આવે છે. ભિન્ન ભિન્ન વિચાર ધરાવતા ભિન્ન ભિન્ન પંડિતોએ જુદે જુદે વખતે તેનું વિવરણ કર્યું છે.

કોન્ફ્યુશિયસ

ચીનના સૌથી મહાન સન્ત કોન્ફ્યુશિયસે પણ જુદે જુદે પ્રસંગે જુદા જુદા માણસો આગળ અહિંસાની પુષ્કળ વ્યાખ્યાઓ આપી છે. તેમના શિષ્ય ફાન-ચીહે એક વખત પ્રશ્ન કર્યો કે "જેન એટલે શું?" તેનો ગુરૂદેવે જવાબ આપેલો કે "જેન એટલે સર્વ લોકોને ચાહવું" યેન-યુવાન નામના કોઇ બીજા શિષ્યે કોઇ બીજા પ્રસંગે એવો જ પ્રશ્ન કરેલો તેના જવાબમાં કહેલું કે "જેન એટલે પોતાની જાત ઉપર સંયમ કરવો અને ઉચિત માર્ગનું અનુપાલન કરવું" વળી પાછું ચુંગ-કુંગ નામના બીજા શિષ્યે કરેલા એ જ પ્રશ્નનો ઉત્તર આપતાં ગુરૂદેવે જણાવેલું કે "તમારી જાત સાથે અન્ય કોઇ જે રીતે વર્તે એમ તમે ન ઇચ્છો એ જ રીતે અન્ય સાથે તમે વર્તો નહિ.' વળી બીજા કોઇ પ્રસંગે ઝુ-ચેન નામના શિષ્યે ગુરૂદેવ પાસે આ જ પ્રશ્નની ચર્ચા ઉપસ્થિત કરેલી ત્યારે ગુરૂદેવે જવાબ આપતાં કહેલું કે 'જેન એટલે પાંચ બાબતો આચારમાં મૂકવાને શકિતમાન થવું.' પછી કોન્ફ્યુશિયસે પણ બીજા અનેક પ્રસંગોએ પણ જણાવ્યું

છે કે 'જૈન' પરાયણ મનુષ્ય સદ્‌ગુણની પરાકોટિને પ્રાપ્ત કર્યા પછી જ જંપવાણીને બેસશે.'' ''જૈન-પરાયણ માણસ જ હંમેશાં જનતાને ચાહી શકશે.'' ''જૈન તરફના વલણવાળા માણસમાં કદી દ્વેષને અવકાશ હશે નહિ.'' (ઉપરના બધા ઉતારા 'કોન્ફ્યુશિયન એનેલેક્ટ' નામના ગ્રંથમાંથી લેવામાં આવ્યા છે.)

'ધ-ચીંગ' (ક્ષણિકવાદ) જેને ચીનના લોકો વેદ જેટલું મહત્વ આપે છે એ ગ્રંથમાં જણાવવામાં આવ્યું છે કે પ્રાણધારણ એ જ સ્વર્ગ અને પૃથ્વીની મોટામાં મોટી વિશિષ્ટતા છે' 'પ્રતિષ્ઠા એ કોઇ પણ સન્તની વિશિષ્ઠતા છે.' આ પ્રતિષ્ઠા કઇ રીતે જાળવી શકાય? તે માત્ર 'જેન'થી જ જાળવી શકાય.'' શુ-ચીન નામના પુરાણ ગ્રંથમાં લખેલું છે કે ''લોકો ભિન્ન ભિન્ન વળણોને આધીન હોય છે એમ છતાં પણ સૌ કોઇનાં મનનું ચિન્તન જેનની વિશેષતાઓ સમજવા પાછળ ઢળેલું હોય છે.'' મધ્યમ પ્રતિપદા માર્ગનું પ્રતિપાદન કરતા યુંગ-યુંગ નામના ગ્રંથમાં જણાવ્યું છે કે ''જૈન માનવજાતની લાક્ષણિક વિશેષતા છે. અને બધા લોકોને અને ખાસ કરીને સગાસંબંધીઓને ચાહવામાં તેનું સાચું અનુપાલન રહેલું છે.''

ચીનના પુરાણા ધર્મશાસ્ત્રોમાંથી આવાં સંખ્યાબંધ અવતરણો તારવી શકાય એમ છે. સામાન્યતઃ સર્વવ્યાપી પ્રેમ એ જૈન શબ્દનો અર્થ થાય છે. કેટલાક યુરોપના વિચારકો જૈન શબ્દનો અંગ્રેજીમાં Benve-Volence and perfect virtue (અનુકંપા અને પરિપૂર્ણતાને પામેલી સદ્‌ગુણસંપન્નતા) એવો અર્થ કરે છે. અહિંસા એટલે હૃદયનો સદ્‌ગુણ એમ પણ એનું વિવરણ કરવામાં આવ્યું છે. બુધ્ધ ધર્મના તત્વજ્ઞાનમાં જે રીતે સમજવામાં આવ્યું છે તે રીતે સંસ્કૃત ભાષનો મૈત્રી શબ્દ જૈનની સાથી વધારે નજીકનો છે એમ મને લાગે છે.

આજથી ૨૫૦૦ વર્ષ પહેલાં ચીનનાં સૌથી મોટા સન્ત કોન્ફ્યુશિયસે (ક્રાઇસ્ટ પહેલાં ૫૫૧ થી ૪૭૯) 'જૈન'નો સૌથી પહેલાં ચીનમાં ઉપદેશ આપ્યો હતો અને તેનો પ્રચાર કર્યો હતો, ત્યાર પછી ચીનના મહાન સાધુપુરૂષ મેન્શીઅસે (ક્રાઇસ્ટ પહેલાં ૩૭૨-૨૮૯) તેનું વધારે ઉંડાપણથી અને વ્યવસ્થિત રીતે વિવરણ કર્યું હતું. ત્યાર બાદ ચીનના સર્વ કોઇ પૌરાણિક પંડિતોએ આ જ સંદેશનો પ્રચાર અને ફેલાવો કર્યો હતો. પણ દરેકે તેનું નિરૂપણ પોત-પોતાની રીતે કર્યું હતું. આધુનિક કાળમાં પ્રજાસત્તાક ચીનના પિતા ડો. સુન-યાટ-સેને ચીનની આઝાદી માટે અને ચીનની સંસ્કૃતિના પુનરૂધ્ધાર માટે ચાલી રહેલ રાષ્ટ્રીય લડતના અનુસંધાનમાં 'સેન-મીન-ધ' (રત્નત્રયી) નામનું પુસ્તક પ્રગટ કર્યું હતું તેમાં જૈન ની ઉંચી ભાવનાનું વૈજ્ઞાનિક પધ્ધતિએ વિવેચન કર્યું હતું.

મેન્શીઅસ

આ સર્વ મહર્ષિઓમાં મેન્શીઅસ સહુથી પહેલા હતા કે જેમણે અહિંસાના ભવ્ય સિધ્ધાંતને વ્યવહાર રાજકારણ ઉપર લાગુ પાડવાનો પ્રયત્ન કર્યો હતો. જ્યારે લીઆંગ રાજ્યના રાજા હુધને તેઓ પહેલીવાર મળ્યા ત્યારે રાજાએ તેમને પૂછ્યું 'મહારાજ જ્યારે આપે બે હજાર માઇલ જેટલું અંતર કાપીને અહીં સુધી આવવાની તકલીફ લીધી છે ત્યારે મારા રાજ્યને લાભ થાય એવી કોઇ પણ વાત તમારે કહેવાની હશે એમ હું ધારી લઉં છું'' તેમણે જવાબ આપેલો કે ''તમારા રાજ્યને લાભ થાય એવી વાતો? તમારે 'લાભ' શબ્દ શા માટે વાપરવો જોઇએ? મારે તો જેન અને થી એટલે કે મૈત્રી અને સત્યનિષ્ઠા એ બે બાબત ઉપર તમારૂં ખાસ ધ્યાન ખેંચવું છે. આ જ માત્ર મારા ચિંતનના વિષયો છે. જો તમે એમ કહો કે મારા પોતાના કુટુંબને લાભ થાય એવું મારે શું કરવું અને નીચેના અધિકારીઓ પણ જો એમ કહે કે અમારી જાતને લાભ થાય એવું શું કરવું,' તો ઉપરના અને નીચેના બંને એકબીજા પાસેથી આ લાભ ઝુંટવવાનો પ્રયત્ન કરશે અને રાજ્ય જોખમમાં આવી પડશે. જેન અથવા તો મૈત્રીની જેને સાચી તાલીમ મળી છે તે કોઇ દિવસ પોતાના માતા-પિતા વિષે બેદરકાર બની શકતો નથી. અને થી અથવા તો સત્યનિષ્ઠાની જેને સાચી તાલીમ મળી છે એ પોતાના રાજ્યકર્તાને ગૌણ સ્થાને મૂકી શકતો નથી. તમે એવી જાહેરાત કરો કે જેન અને થી-મૈત્રી અને સત્યનિષ્ઠા-આ બે જ તત્વો મારી ચિંતાનાં વિષય બનશે. નફા કે લાભનો તમારે વિચાર સરખો પણ શા માટે કરવો જોઇએ?'' આ બંને તત્વના પ્રચાર માટે મેન્શીઅસ એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં ગયા અને એકપછી એક બધા રાજાઓને ઉપદેશ આપ્યો અને તેમની સાથે ચર્ચા કરી. જો કે તેમની સલાહ મુજબ અક્ષરસઃ તેમાંના કોઇએ પણ આચરણ કર્યું નહિ, તેમ જ તેમની હયાતીનો ખરો લાભ પણ કોઇએ લીધો નહિ. તો પણ આજ સુધીની અનેક સદીઓ દરમિયાન ચીની રાજકારણમાં દયા અને મૈત્રીનો કદી પણ ભૂંસી ન શકાય તેવો આદર્શ તેઓ મૂકી ગયા છે. જુદા જુદા રાજ્યના મુખ્ય અધિકારીઓને તેમણે જે કાંઇ ઉપદેશ આપેલો અને પોતાના શિષ્યો સમક્ષ એમણે જે પ્રવચનો કરેલાં તેમાંથી તેમની ઉદાત્ત ભાવનાઓ રજૂ કરે એવાં થોડાંક અવતરણો અહીં હું રજૂ કરૂં છું.

'જેનને વરેલા માણસને કોઇ દુશ્મન હોતો નથી.'

'તમારા પોતાના કુટુંબમાં વડીલો પ્રત્યે પૂરા આદર અને બહુમાન-પૂર્વક વર્તો કે જેથી બીજા કુટુંબના વડીલો પણ બહુમાનને પામે. તમારા કુટુંબમાંના નાના સ્વજનો પ્રત્યે પૂરા માયાળુપણાથી વર્તો કે જેથી અન્ય કુટુંબનાં નાની ઉમરનાં સ્વજનો પ્રત્યે પણ એવો જ વર્તાવ કરવામાં આવે.'

'જો રાજાનું હૃદય વાત્સલ્ય અને માયાળુપણાથી ધબકતું હશે તો પોતાની હકૂમતમાં આવેલ સૌકોઇનો તે પ્રેમ મેળવી શકશે અને સૌકોઇનું રક્ષણ કરી શકશે. અને જો એમ નહિ હોય તો પોતાની સ્ત્રી અને બાળકોનું પણ તે રક્ષણ નહિ કરી શકે. જેન અથવા તો મૈત્રી ઇશ્વરની સૌથી મોટામાં મોટી બક્ષિસ છે. અને શાંતિ પ્રાપ્ત કરવાનું મોટામાં મોટું વિરામસ્થાન છે.'

'માણસ માટે મૈત્રી એ જ શાંતિ પામવનું ખરેખરૂં નિવાસસ્થાન છે અને સત્યનિષ્ઠા એ તેનો સીધો માર્ગ છે.'

'મૈત્રીપરાયણ માણસ બીજાને ચાહે છે. વ્યવહારદક્ષ માણસ બીજાઓ પ્રત્યે સદ્‌ભાવ દાખવે છે.'

'જેન અથવા મૈત્રી એ માણસનું હૃદય છે અને સત્ય એ માણસનો સાચો માર્ગ છે.'

'જેવી રીતે પાણી આગને ઠરે છે તેવી રીતે મૈત્રી દ્વેષ મત્સરને શાંત પાડે છે. આમ છતાં પણ આજના વિષમ દિવસોમાં જેઓ મૈત્રીની ભાવનાને ઉપર ઉપરથી અમલમાં મૂકવાનો પ્રયત્ન કરે છે તેઓ એક મોટી લાકડાની વખારમાં લાગેલી આગને પાણીના એક પ્યાલા વડે ઠારવાનો પ્રયત્ન કરે છે. અને એ રીતે આગ જ્યારે બુઝાતી નથી ત્યારે એમ ફરિયાદ કરે છે કે 'પાણીથી આગ બુઝાતી નથી.' આવા અર્ધદગ્ધ આચરણના પરિણામે જેઓ મૈત્રી તરફ ઢળેલા નથી તેમને વધારે જોર મળે છે.

(મેન્શીઅસના લેખસંગ્રહમાંથી). (અપૂર્ણ)

મૂળ અંગ્રેજી: **શ્રી ટાન-યુન-શાન**

અનુવાદક: **શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા**

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન: સુર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજી. નં. બી ૪૨૬૬

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ : ૧૨
અંક : ૩

મુંબઈ : ૧ જુન ૧૯૫૦ ગુરૂવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

ચીની–હિંદી સંસ્કૃતિમાં અહિંસાનું સ્થાન

(ગતાંકથી ચાલુ)

લાઓ–ત્સુ

ચીનના બીજા મોટા સન્ત લાઓ–ત્સુ જ એક એવા ચીની ધર્મોપદેશક હતા, કે જેમણે પોતાના સિદ્ધાન્તોનું નિરૂપણ કરવામાં વિધેયાત્મકને બદલે નિષેધાત્મક વાક્યરચનાનો પ્રયોગ કરવાનું વધારે પસંદ કર્યું હતું. તેઓ વસ્તુઓની સક્રિય બાજુને બદલે અકર્મક અથવા તો નિષ્ક્રિય બાજુઓ ઉપર જ વધારે ભાર મૂકતા હતા. દા. ત. કોન્ફ્યુશીઅસે કહ્યું હતું કે સ્વર્ગના હૃદયમાં દયા અને પ્રેમ ભરેલાં છે,' જ્યારે લાઓ–ત્સુએ એમ કહ્યું કે 'સ્વર્ગમાં અને પૃથ્વીમાં કશી પણ રહેમદિલી નથી. આપણે જેવી રીતે યજ્ઞમાં રખડતા કૂતરાઓનું બલિદાન આપીએ છીએ તેવી જ રીતે બંને સર્વ સર્જાયેલી વસ્તુઓ પ્રત્યે વર્તાવ કરે છે.' 'કોઇ ઋષિ દયાળુ હોતો નથી. તે પણ લોકોને પ્રત્યે એવી જ નજરથી નિહાળે છે.' (લાઓ–ત્સુ, તાઓ–તે–ચીન)

વળી તેણે કહ્યું હતું કે 'તાઓ' (પરમ પુરૂષ) અનાદી કાળથી નિષ્ક્રિય હોય છે, અને છતાં તે કશું કર્યા વિના રહેતો નથી. જો રાજાઓ અને મહારાજાઓ આ સિદ્ધાંતને દૃઢપણે વળગીને ચાલે તો દરેક વસ્તુમાં પોતાની મેળે જરૂરી પરિવર્તન થયા વિના રહેશે નહિ. આ પ્રમાણે સુધારો કર્યા પછી પણ જો તેઓ સક્રિય રહેવા ઇચ્છે તો અનામી 'તાઓ'ની અનાસક્તિનો દાખલો આપીને તેમને પ્રવૃત્તિપરાયણ થતાં હું અટકાવું. અનામી 'તાઓ'ની અનાસક્તિમાંથી ઇચ્છામાત્રનો અભાવ જન્મે છે. ઇચ્છામાત્રના અભાવમાંથી શાન્તિ પેદા થાય છે. આવી રીતે આખી શહેનશાહત પોતાની મેળે સુધરી જાય છે."

લાઓ–ત્સુ માત્ર ચાઇનામાં જ નહિ, પણ આખી દુનિયામાં એક એવા પહેલા જ મહાપુરૂષ હતા કે જેમણે પશુબળ અને શસ્ત્રોના ઉપયોગનો જાહેર રીતે અને સખત રીતે વિરોધ કર્યો હતો. આ લાઓ–ત્સુ કોન્ફ્યુશીઅસ કરતાં ઉમરમાં મોટા હતા. તેમણે લડાઇને ધુત્કારી નાંખતાં કહ્યું હતું કે જે 'તાઓ'ની સાથે મેળ મેળવીને કોઇ પણ રાજામહારાજાની સેવા કરે છે, તે શહેનશાહતને શસ્ત્રોની બળજોરી વડે દબાવવાનો પ્રયત્ન કદી નહિ કરે. આવો માર્ગ ગ્રહણ કરનારને એને અનુરૂપ જ પ્રાયશ્ચિત કરવું પડે છે. જ્યાં લશ્કરોની વ્યૂહરચના કરવામાં આવે છે ત્યાં થોર અને બાવળ ઉગે છે. જે પ્રદેશમાં મોટાં લશ્કરો પસાર થાય છે ત્યાં મોટો દુષ્કાળ આવે છે. ધર્મપરાયણ માનવી વિજય પ્રાપ્ત કરે છે, અને ત્યાં અટકે છે. તે હિંસાના કાર્યો કર્યે જતો નથી. જીતતો હોવા છતાં પણ તે કદી બડાઇ મારતો નથી; કે કોઇ પણ જાતની શેખી કરતો નથી. તે જીતે છે, કારણ કે તેના માટે જીત અનિવાર્ય હોય છે. વિજયપ્રાપ્તિ પછી તે કદી માયાભારે થઇને ચાલતો નથી. શસ્ત્રો તો અપશુકનથી ભરેલાં સાધનો છે, જેને સૌ કોઇ ધિક્કારની નજરે જૂએ છે. તેથી જેણે 'તાઓ' પદ પ્રાપ્ત કર્યું છે તે શસ્ત્રો સાથે કદી વ્યવહાર કરતો નથી."

એમણે એટલી હદ સુધી કહેલું છે કે "હિંસાપરાયણ અને અક્કડ થઇને ચાલનારા માણસ કુદરતી મોતથી કદી મરતા નથી. ઉંચી કોટિના સૈનિકો યુદ્ધપરાયણ હોતા નથી. ઉંચી કોટિના લડવૈયા મિજાજ ગુમાવતા નથી. જેઓ પોતાના દુશ્મનને લડયા સિવાય પરાસ્ત કરી શકે છે એ જ સાચા વિજેતા છે."

મો–ત્સુ

એક બીજા ચીની મહાપુરૂષ કે જેમણે લાઓ–ત્સુની અહિંસાનો તેમ જ કોન્ફ્યુશીઅસ અને મેન્શીઅસની મૈત્રીનો ઉપદેશ આપ્યો હતો, પણ જેની કહેવાની રીત બધાં કરતાં જુદા પ્રકારની હતી તેનું નામ મો–ત્સુ હતું. આ મો–ત્સુ લાઓ–ત્સુ અને કોન્ફ્યુશીઅસ પછી થોડા વખતે, પણ મેન્શીઅસની પહેલા થઇ ગયા હતા. ક્રાઇસ્ટથી લગભગ ૫૦૦ વર્ષ પહેલાં તેમનો જન્મ થયો હતો. તેમની રહેણીકરણી, વિચારો, ભાવનાઓ અને આચરણ પુરાણા હિન્દના બોધિસત્વ ક્ષિતિગર્ભ જેવા અથવા તો ગાંધીજી જેવા હતા. આમ હોવાથી હું ઘણી વખત મો–ત્સુને ચીનના પ્રાચીન ગાંધી તરીકે અને ગાંધીજીને હિંદના અર્વાચીન મો–ત્સુ તરીકે ઓળખાવું છું. મેન્શીઅસે મો–ત્સુને આ રીતે અંજલિ આપી હતી.

"જો દુનિયાનું ભલું થતું હોય તો પોતાના શરીરના કટકેકટકા કરાવી નાખતાં તે કદી પાછી પાની ન કરે એવા તે સાધુપુરૂષ છે." મો–ત્સુએ અહિંસાનો ઉપદેશ આપ્યો હતો અને યુધ્ધનો માત્ર શબ્દોથી નહિ, પણ આચરણથી વિરોધ કર્યો હતો. એક વખત જ્યારે એમને ખબર પડી કે ચીનનું રાજ્ય સુંગના રાજ્ય ઉપર હુમલો કરવાનું છે ત્યારે તે પોતાના વતન 'લુ' થી એકદમ ઉપડયા. દશ દિવસ અને દશ રાત સતત ચાલ્યા, ચીનના રાજાને મળ્યા અને આ પ્રકારનું આક્રમણ નહિ કરવા તેને સમજાવ્યો અને પોતાના પ્રયત્નમાં તેઓ સફળ થયા.

મો–ત્સુના તત્વજ્ઞાન પ્રમાણે દરેક પ્રજાએ એકમેકને ચાહવું જોઇએ. કદી લડવું ન જોઇએ, અને કોઇને બળ કરવી ન જોઇએ. ઇશ્વરની આ ઇચ્છા છે. લોકો એકમેકને ચાહે અને એકમેકની સેવા કરે એમ ઇશ્વર ઇચ્છે છે. અને લોકો એકમેકનો તિરસ્કાર કરે અને કોઇ કોઇને બળ કરે એમ એ કદી પણ ઇચ્છતો નથી. આમ શા માટે? કારણ કે તે સૌને ચાહે છે, અને સૌનું ભલું કરે છે, ઇશ્વર સહુને ચાહે છે 'અને સહુનું ભલું કરે છે' એમ આપણે કેમ કહી શકીએ? કારણ કે તે સૌનો માલિક છે અને સૌનું ભરણપોષણ કરે છે.' ઇશ્વરની ઇચ્છાને કેવી

રીતે અનુસરવું? તેના છત્ર નીચે આવેલા સૌ લોકોને ચાહવું તે જ તેનો ખરો માર્ગ છે."

તેઓ માનતા હતા કે "દ્વેષ એ જ અનવસ્થા અને આફતનું મોટું કારણ છે. અને કોઈ પણ દેશ ઉપર ચડાઈ કરવી અને લોકોની કતલ કરવી તે આ દુનિયામાં મોટામાં મોટું પાપ છે."

તેમણે આ પ્રમાણે જણાવ્યું છે કે "આ દુનિયામાં અનવસ્થા અને આફતો કઈ રીતે પેદા થયાં? એકમેકને નહિ ચાહતા લોકોથી જ આવાં અનિષ્ટો પેદા થયાં છે. એક ચોર પોતાના ઘરને ચાહે છે અને બીજાના ઘરને ચાહતો નથી. તેથી પોતાના ઘરના લાભ ખાતર બીજાના ઘરમાંથી તે ચોરી કરે છે. એક ખૂની પોતાના શરીરને ચાહે છે અને બીજાના શરીરને ચાહતો નથી તેથી પોતાના શરીરના લાભ ખાતર બીજાના શરીરનું ખૂન કરે છે. અધિકારીઓમાંથી દરેક પોતાના કુટુંબને ચાહે છે અને બીજાના કુટુંબને ચાહતો નથી તેથી પોતાના કુટુંબના લાભ ખાતર બીજાના કુટુંબનું તે શોષણ કરે છે. દરેક રાજા પોતાના દેશને ચાહે છે અને બીજાના દેશને ચાહતો નથી, તેથી પોતાના દેશના લાભ ખાતર બીજાના દેશો ઉપર ચડાઈ કરે છે. જો સૌ બીજાના ઘરને પોતાના ઘર જેવું લેખે તો કોણ કોની ચોરી કરશે? જો સૌ બીજાના શરીરને પોતાના શરીર જેવું લેખે તો કોણ કોનું ખૂન કરશે? જો સૌ બીજાના કુટુંબને પોતાના કુટુંબ જેવું લેખે તો કોણ કોનું શોષણ કરશે? જો સૌ બીજાના દેશને પોતાના દેશ સમાન લેખે તો કોણ કોની ઉપર ચડાઈ કરશે? તેથી જ જો સૌ એકમેકને ચાહશે તો તેમાંથી શાન્તિ જ પેદા થશે. અને જો સહુ એકમેકને ધિક્કારશે તો તેમાંથી અનવસ્થા અને આફત જ પેદા થશે."

વળી તેમણે જણાવ્યું કે "એક માણસનું ખૂન કરવું એ પાપ છે. અને તેના બદલામાં એવા ખૂનીને એક મૃત્યુ-શિક્ષા મળવી જોઈએ. તે પ્રમાણે દસ જણનાં ખૂન કરવાં તે દસગણું પાપ છે અને એમ કરનારને દસગણી મૃત્યુ-શિક્ષા મળવી જોઈએ. અને સો માણસને મારવા એ સોગણું પાપ છે અને એમ કરનારને સોગણી મૃત્યુ-શિક્ષા કરવી જોઈએ. તો પછી કોઈ દેશ ઉપર હુમલો કરવો એ તો મોટામાં મોટું પાપ ગણાય અને તેની શિક્ષા ન મળે એ કેમ બની શકે?" વળી તેમણે જણાવેલું કે "આ દુનિયાનાં પાપોમાં સૌથી મોટામાં મોટા પાપો કયાં? મોટા દેશો નાના દેશો ઉપર હુમલા કરે છે, મોટાં કુટુંબો નાનાં કુટુંબોની શાન્તિનો ભંગ કરે છે, બળવાન નબળાને લૂંટે છે, અને મોટી સંખ્યાતું ટોળું નાની સંખ્યાના ટોળા ઉપર ત્રાસ વર્તાવે છે, અને હોંશિયાર માણસ મૂર્ખને છેતરે છે, અને ઉંચી કક્ષાનો માણસ નીચી કક્ષાના માનવીનો તિરસ્કાર કરે છે. દુનિયાનાં આ સૌથી મોટાં પાપો છે."

આ રીતે આપણને ચીની સન્તોએ અને સાધુજનોએ જે સંદેશાઓ આપેલ છે અને જે ભાવનાઓ રજૂ કરી છે તેનું આપણે સવિસ્તર અવલોકન કર્યું, હવે હિંદુસ્તાન તરફ આપણી દૃષ્ટિ ફેરવીએ.

પંચમહાવ્રત

હિંદુસ્તાનમાં ભગવાન મહાવીર અને ભગવાન બુદ્ધ આ બંનેએ એકસરખો ઉપદેશ આપ્યો હતો અને એકસરખી રીતે આપ્યો હતો. એ બંનેએ પ્રરૂપેલા પાંચ શીલ અથવા તો પાંચ નિયમો લગભગ એકસરખા જ છે. ભગવાન બુધ્ધના આ પ્રમાણે છે :-૧. અહિંસા૨ ૨. સત્ય ૩. અસ્તેય. ૪. બ્રહ્મચર્ય ૫. શૌચ. ભગવાન મહાવીરના આ પ્રમાણે છે :-૧ અહિંસા, ૨ સત્ય, ૩ અસ્તેય, ૪ બ્રહ્મચર્ય અને ૫ અપરિગ્રહ.

જૈનોનાં ત્રિરત્નો આ મુજબ છે. ૧. સમ્યગ દર્શન એટલે કે સાચી શ્રધ્ધા ૨. સમ્યગ્ જ્ઞાન ૩. સમ્યગ્ ચારિત્ર્ય. આની આ જ બાબત ભગવાન બુધ્ધના અષ્ટાંગ માર્ગમાં સમાવવામાં આવી છે. જે આ મુજબ છે :-૧. સમ્યગ દૃષ્ટિ ૨. સમ્યગ્ સંકલ્પ ૩. સમ્યગ્ વાણી. ૪. સમ્યગ્ કર્મ ૫. સમ્યગ્ આજીવ ૬. સમ્યગ્ વ્યાયામ, ૭ સમ્યગ્ સ્મૃતિ, ૮. સમ્યગ્ સમાધિ. આ બંનેનો આશય મોક્ષને પ્રાપ્ત કરવાનો છે.

આ ઉપરાંત ભગવાન મહાવીર અને ભગવાન બુધ્ધ બંને કર્મ અને ભવભ્રમણના સિધ્ધાન્તમાં માનતા હતા. તે બંનેએ સર્વશક્તિમાન અને સર્વજ્ઞ એવા ઈશ્વરનો ઇન્કાર કર્યો હતો અને માણસ પોતાના પ્રયત્ન વડે જ પોતાનો મોક્ષ સાધી શકે છે એમ તેમણે પ્રતિપાદન કર્યું હતું.

જૈન ધર્મ અને બુધ્ધ ધર્મ

આ બે ધર્મો વચ્ચે એટલું બધું સામ્ય છે કે કેટલાક પશ્ચિમના પંડિતો આ બંને એક જ ધર્મ છે એમ માનતા હતા. સત્ય હકીકત એ છે કે ધાર્મિક દૃષ્ટિબિંદુ બંનેનું સરખું છે, પણ તત્વની દૃષ્ટિએ બંને વચ્ચે ઘણો તફાવત છે. આમ છતાં પણ આ બંને ધર્મનું સૌથી વધારે ધ્યાન ખેંચે એવું તત્વ તો એ છે કે બંને ધર્મો વિધેયાત્મક તેમ જ નિષેધાત્મક બંને અર્થમાં અહિંસાના સિધ્ધાંતના ઉપર જ એકસરખો ભાર મૂકે છે. અહિંસાની નિષેધાત્મક બાજુ એટલે સર્વ જીવન્ત પ્રાણીઓને કોઈ પણ જાતનો ઉપદ્રવ ન થાય એ રીતનું વર્તન. અને વિધેયાત્મક બાજુ એટલે સર્વ ઉપદ્રવ જીવો વિષે મૈત્રીની ભાવના અને તેમના કલ્યાણની એકાન્ત કામના.

જેવી રીતે પ્રેમ એ અહિંસાનો, ઉપર જણાવ્યું છે તેમ, અનન્ય સહચારી ગુણ છે તેવી જ રીતે સત્ય પણ અહિંસાનો એવો જ બીજો અનન્ય સહચારી ગુણ છે. ગાંધીજીએ જણાવ્યું છે તે મુજબ "અહિંસા અને સત્ય એકમેકમાં એવી રીતે વીંટળાયેલાં છે કે તે બંનેને છૂટાં કરવાં અને જુદાં કરવા એ લગભગ અશક્ય છે. તે એક સિક્કાની બે બાજુ જેવાં છે. અથવા તો જેના ઉપર કશી પણ છાપ નથી મારવામાં આવી એવી ચકરડીની બે બાજુ જેવાં છે. આમાં કઇ બાજુ ચત્તી અને કઇ બાજુ ઉંધી એ કોણ કહી શકે એમ છે?" અહિંસા, પ્રેમ, સત્ય તે જેને આપણે સર્વશ્રેષ્ઠ પરમેશ્વર, બ્રહ્મ અથવા તો અનન્ય ચૈતન્ય અથવા બીજા જે કોઇ નામથી ઓળખીએ તે એક તત્વનાં જ ત્રણ સ્વરૂપો છે. જગકલ્યાણનો પોતાનો હેતુ પાર પાડવામાં આ ત્રિપુટીના જ્ઞાન, આત્મભોગ, નિસ્વાર્થતા, નિર્ભયતા, ક્ષમા વગેરે અનેક સાથીઓ છે. આ સંબંધમાં ગાંધીજીએ આ પ્રમાણે કહ્યું હતું:- "વિધેયાત્મક સ્વરૂપમાં અહિંસા એટલે અનન્ત પ્રેમ, અનન્ત કરૂણા. જો હું અહિંસાનો ઉપાસક હોઉં તો મારે મારા દુશ્મનને પણ ચાહવું જ જોઇએ. જેવી રીતે અયોગ્ય કાર્ય કરતા મારા પિતા કે પુત્ર સાથે હું વર્તું તેવી જ રીતે અયોગ્ય રીતે વર્તતા મારા દુશ્મન પ્રત્યે કે મને અપરિચિત વ્યકિત પ્રત્યે મારે વર્તવું જોઇએ. આ સક્રિય અહિંસામાં સત્ય અને નિર્ભયતાનો સમાવેશ થાય છે."

"ક્ષમાની પરમ સીમા એટલે અહિંસા. પણ ક્ષમા વીરનું ભૂષણ છે. નિર્ભયતા સિવાય ક્ષમા અશક્ય છે."

"અહિંસાના મૂળ સ્વરૂપને આપણે તપાસીએ. અહિંસાનું મૂળ સ્વરૂપ એટલે અત્યંત નિસ્વાર્થતા. અત્યંત નિસ્વાર્થતા એટલે શરીર પ્રત્યેની કશી પણ આસક્તિનો સંપૂર્ણતયા અભાવ. જો માણસને આત્મસાક્ષાત્કાર કરવાની, એટલે કે સત્યનો સાક્ષાત્કાર કરવાની ઇચ્છા હોય તો શરીર વિષે સંપૂર્ણ રીતે અનાસક્ત બનીને જ, એટલે કે પોતા પૂરતી સર્વ જીવોને નિર્ભયતા અર્પીને જ તે સત્યનો સાક્ષાત્કાર કરી શકે. અહિંસાનો આ જ માર્ગ છે."

અહિંસાનું રહસ્ય

હવે અહિંસાનું રહસ્ય શું છે? તે રહસ્ય આ છે. આ દુનિયામાં દરેક જીવન્ત પ્રાણીઓમાં એકસરખા પ્રાણ છે. અને એકસરખો આત્મા છે. તેથી તેઓ એક જ માટીના બનેલા છે, એક જ તત્ત્વમાંથી આવ્યા છે અને એ જ તત્ત્વમાં પાછા સમાઇ જવાના છે. જીવની સૃષ્ટિ એક વૃક્ષ જેવી છે. કે જેનું થડ, ડાળીઓ પંદડાં, ફળો અને ફૂલો બધાંય એક જ મૂળમાંથી આવે છે, અથવા તો એક મહાસાગર જેવી છે કે જેમાંના વ્યક્તિગત જીવો તેના માત્ર છૂટાં છૂટાં ટીપાંઓ સમાન છે. આમ હોવાથી આપણે સૌના છીએ અને સહુ આપણાં છે. ચીની ઋષિઓએ આ તત્ત્વને આ રીતે વ્યકત કર્યું હતું. "સ્વર્ગ, પૃથ્વી અને હું ત્રણે એક સાથે જનમ્યાં હતાં અને સર્વ જીવો એક છે અને મારી સાથે સમાન છે."

"સર્વ પદાર્થો એક છે"

"દરેક જીવોને ચાહો. સ્વર્ગ, પૃથ્વી એક છે."

"દરેક વસ્તુ મારામાં પૂર્ણપણે સમાયેલી છે."

"દરેક લોકો મારા ભાઇઓ છે. અને દરેક વસ્તુઓ મારી સાથી છે."

"આ રીતે આપણે માત્ર બધા લોકોને જ નહિ, પણ સમસ્ત સૃષ્ટિને ચાહવું જોઇએ. એ સર્વને આપણે આપણી સમાન લેખવા જોઇએ. અને તેમાંથી કોઇને પણ આપણે ઇજા કરવી ન જોઇએ."

આ સંબંધમાં હિંદના પ્રાચીન ઋષિમુનિઓએ જે સુવર્ણ નિયમ દર્શાવ્યો છે તે આપણે ધ્યાનમાં રાખવો જોઇએ.

"એવું વર્તન બીજા પ્રત્યે ન કરો કે જે વર્તન તમારી પ્રત્યે કરવામાં આવે તો તમને દુઃખ થાય." ઇસુખ્રીસ્તે અને કોન્ફ્યુશીઅસે પણ બરાબર આ જ સંદેશો આપ્યો છે. ઇસુએ પોતાના ગિરિપ્રવચનમાં કહ્યું છે કે. "બીજા માણસો જે રીતે તારી સાથે વર્તે એમ તું ઇચ્છે તેવી જ રીતે તું તેમના પ્રત્યે વર્તજે" "માણસે પોતાના આખા જીવન દરમિયાન અનુસરવા યોગ્ય લેખાય એવો સૌથી સાદો નિયમ શું છે" આ પ્રમાણેના પોતાના એક અનુયાયીના પ્રશ્નનો જવાબ આપતાં કોન્ફ્યુશીઅસે કહેલું કે "જેવા વર્તનની તું તારી જાત પ્રત્યે આકાંક્ષા રાખે છે તેવું જ વર્તન તું બીજાઓ પ્રત્યે રાખ." ભગવાન મહાવીરે આ જ સંદેશને વધારે સુંદર રીતે નીચેના વાકયોમાં રજૂ કરેલ છે.

"જે માણસ ગૃહસ્થાશ્રમી છે, તેણે પોતાની અહિંસાને લગતી માન્યતાને અનુસરીને દરેક જીવ પ્રત્યે દયાળુ બનવું જોઇએ. આપણે સૌ સાથે ન્યાયપૂર્વક અને સમાનભાવે વર્તવું જોઇએ."

"તારા સહજીવી પ્રાણીઓ પ્રત્યે કદી શત્રુવટ દાખવતો નહિ. જેણે સંયમનું ધન ઉપાર્જન કર્યું છે તેનો આ જ ધર્મ છે."

"દરેક જીવને દુઃખનો અણગમો હોય છે, તેથી કોઇની હિંસા કરવી જોઇએ નહિ."

"જે બીજાનું અપમાન કરશે અને દુઃખ આપશે તે આ ભવાટવીમાં લાંબો વખત સુધી ભટકયાં કરશે."

"બીજાને દોષ દેવો એ સારું નથી."

"હિંસાપરાયણ માણસ હિંસક કાર્યો કરે છે. અને તેમાંથી બીજાં અનેક હિંસક કાર્યો જન્મે છે. સર્વ પાપ-વ્યાપાર છેવટે અત્યન્ત દુઃખમાં અને સુખમાં આનંદમાં અને ગ્લાનીમાં આપણે સર્વ જીવોને આપણી જાત સરખાં જ ગણવા જોઇએ અને તેથી જ જે ઇજા આપણને પહોંચાડવામાં આવે તો આપણને ન ગમે તેવી ઇજા બીજા કોઇને આપણે પહોંચાડવી જોઇએ નહિ."

આ જ કારણથી ઘણાખરા હિંદુઓ અને ખાસ કરીને જૈનો અને બૌધ્ધો માંસાહારથી હંમેશાં દૂર રહે છે. જૈનો તાજાં શાકપાંદડાં પણ લેતા નથી. કારણ કે તેમાં જીવ હોય છે અને કોઇ પણ જીવને દુઃખ આપવું તે જૈન ધર્મ પ્રમાણે ભયંકર પાપ લેખાય છે. એ લોકોમાંના ધર્મચુસ્ત માણસો ઉકાળેલું પાણી પીવાની હદ સુધી જાય છે. અને તેમના સાધુઓ રખેને કોઇ જીવની હાનિ ન થાય એટલા માટે પોતાના મોં આડે લુગડાનો ટુકડો બાંધે છે, અથવા રાખે છે. વળી રખેને કોઇ જીવાત કચરાઇ ન જાય તે માટે તેઓ પોતાને ચાલવાનો રસ્તો પણ રજોહરણથી સાફ કરતા રહે છે. એમને અહિંસાના ધર્મ મુજબ જીવજંતુઓને મારવાની પણ મના કરવામાં આવી છે અને અપંગ પ્રાણીઓને મારી નાખવાને બદલે તેમના માટે પાંજરાપોળ જેવી સંસ્થાઓ ઉભી કરવામાં આવે છે.

કેટલાક લોકો એમ ધારશે કે જૈનો જે પ્રકારની અહિંસાનો ઉપદેશ કરે છે અને અનુસરે છે તે વ્યવહારૂ તેમ જ બુદ્ધિપૂર્વકની નથી. આ ખોટો ખ્યાલ છે. તે કદાચ અવ્યવહારૂ હશે પણ તદ્દન બુદ્ધિવિહોણી તો નથી જ. તે અવ્યવહારૂ એટલા માટે છે કે માનવજાત હજી એટલી આગળ વધી નથી. જયારે માનવજાત પૂરતી આગળ વધશે અને અમુક કોટિએ પહોંચશે ત્યારે અહિંસાનો ધર્મ સૌકોઇ સ્વીકારશે અને તેને અનુસરશે.

ઉપરની સમાલોચના ઉપરથી ચીની-હિંદી સંસ્કૃતિમાં વ્યાપી રહેલી અહિંસાની ભાવનાની રૂપરેખા આપણને જોવા મળે છે, એમાં જે હકીકતો આપી છે અને જે અવતરણો ટાંકયાં છે એ તો તે જ હકીકતનાં અવતરણો છે કે જે આ લેખ તૈયાર કરતાં કરતાં મને સહેજપણે યાદ આવ્યાં. ચીની-અને હિંદી સાહિત્યમાં અને ધર્મશાસ્ત્રોમાં આવી હકીકતો અને ઉલ્લેખો પાર વિનાનાં પડેલાં છે. તેમાંથી વ્યાજબી પસંદગી કરવી એ પણ ઘણું મુશ્કેલ છે. આ હકીકતો અને ઉલ્લેખો માત્ર ધાર્મિક ભાવનાઓ અને નૈતિક સિધ્ધાંતો રજુ કરે છે એટલું જ નહિ, પણ ઇતિહાસમાં બનેલ સાચી અને વાસ્તવિક ઘટનાઓ ઉપર આ હકીકતો અને ઉલ્લેખો રચાયેલા છે. હિંદ અને ચીનનો પ્રાચીન કાળથી આજ સુધીનો ઇતિહાસ જોતાં માલુમ પડે છે કે આ બંને દેશો ઉપર બહારની લડાયક પ્રજાઓએ અનેકવાર આક્રમણ કર્યું છે અને શોષણ પણ કર્યું છે. તો પણ આ બંને દેશોએ કોઇ પણ અન્ય દેશ ઉપર કદી ચડાઇ સરખી પણ કરી નથી. વળી જે પ્રજાઓએ હિંદ અને ચીન ઉપર હુમલો કર્યો છે તે પ્રજા પણ હિંદની અને ચીનની સંસ્કૃતિમાં સમાઇ ગઇ છે અને એકરૂપ બની ગઇ ગઇ છે અને તે તે પ્રજાએ હિંદ અને ચીની લોકો સાથે રાષ્ટ્રજીવનનું એકસૂરિલાપણું અનુભવ્યું છે.

હિંદે અને ચીને એકત્ર થવું જોઇએ

આ ઉપરથી મારી સુદૃઢ માન્યતા છે અને મારા જીવનનું એક મહાન પ્રયોજન છે કે દુનિયાની સૌથી મહાન બે પ્રજા-એવા આપણે ચીનીઓએ અને હિંદીઓએ અહિંસાના પાયા ઉપર જ ચીની-હિંદી સંસ્કૃતિના નામધ્યેયવાળી એવી એક સમાન સંસ્કૃતિ નિર્માણ કરવા અને સંવર્ધિત કરવા માટે એકત્ર થવું જોઇએ. આવી સંસ્કૃતિ ઉભી કરીને આપણે એ જ પાયા ઉપર આખી દુનિયાને વ્યાપીવળતી એવી એક સર્વસામાન્ય સંસ્કૃતિ ઉભી કરી શકીશું. અને એવી વિશ્વવ્યાપી સંસ્કૃતિ ઉભી કરીને આપણે આખી દુનિયાનું એકીકરણ સાધી શકીશું. અને એ એકીકરણ દ્વારા આજની દુનિયાને આપણે સાચી અને સ્થાયી શાન્તિ, પ્રીતિ, સંવાદિતા અને સુખમયતા તરફ દોરી શકીશું.

મૂળ અંગ્રેજી : **શ્રી ટાન-યુન-શાન**

અનુવાદક : **શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા**

કેટલાક સમાચાર અને નોંધ

આગમોદ્ધારક શ્રી સાગરાનંદ સૂરિનો કાળધર્મ

જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગના એક સુવિખ્યાત આચાર્ય શ્રી સાગરાનંદ સૂરિ ૭૫ વર્ષની ઉમ્મરે તા. ૬-૫-૫૦ ના રોજ સુરત મુકામે કાળધર્મને પામ્યા. તેઓ એક એ પરંપરાના જૈનાચાર્ય હતા કે જેમણે શબ્દોપાસનાને જીવનના એક મુખ્ય વ્યવસાય તરીકે સ્વીકાર્યો હતો. જીવનના અન્ત સુધી વાંચન, લેખન અને પ્રકાશન–એ જ તેમની મુખ્ય પ્રવૃત્તિ રહી હતી. આગમપ્રકાશન એ તેમના જીવનનું સૌથી મહત્વનું કાર્ય હતું. જૈન આગમોની ભિન્ન ભિન્ન પ્રતો–હસ્તલિખિત ગ્રંથો–તેમણે એકઠા કર્યા; પાઠાન્તરોના નિર્ણય કીધા અને સૌ કોઇને સુલભ બને એ રીતે જૈન આગમો પ્રકાશિત કીધા. આ કાર્ય પાછળ તેમણે અથાગ પરિશ્રમ લીધો હતો. સ્થળે સ્થળે તેમણે આગમની વાંચના કરી હતી. શ્રી. શત્રુંજ્ય તીર્થની તળેટીમાં તેમની આગમસેવાને ચિરસ્મરણીય બનાવે તેવું એક ભવ્ય આગમ મંદિર તેમણે ઉભું કરાવ્યું છે અને ત્યાં આગમોના મૂળ પાઠો આરસમાં કોતરાવ્યા છે. તેવું જ એક બીજું આગમ મંદિર તેમણે સૂરતમાં ઉભું કરાવ્યું છે અને ત્યાં આગમપાઠો તામ્રપત્રમાં કોતરવામાં આવ્યા છે. આગમની આવી એકધારી ઉપાસનાના કારણે જૈન સમાજમાં તેમને 'આગમોદ્ધારક' તરીકે ઓળખવામાં આવે છે. આવી એકધારી શબ્દોપાસનાના કારણે આજના સમગ્ર સાધુસમાજમાં તેમનું સ્થાન અદ્વિતીય, અજોડ હતું. તેમનું વાંચન અતિ વિશાળ હતું; તેમની સ્મરણશક્તિ અદ્‌ભુત હતી. કયો ઉલ્લેખ કયા પુસ્તકના કયા પાને છે એ બાબતની પારવિનાની ચોક્કસ માહિતી તેમના જીવ્હાગ્રે હતી. આ રીતે તેઓ અનેક વિદ્વાનો અને સંશોધકોના હાજરજવાબ માહીતીસ્થાન હતા. તેમના કાળધર્મથી જૈન સમાજને જલ્દિ ન પુરાય એવા એક અજોડ શ્રુતસ્વામીની ખોટ પડી છે.

તેમનાં જીવનનાં સર્વ વળણો એક કટ્ટર સ્થિતિચુસ્તનાં હતાં. તેમનું માનસ અત્યન્ત સાંપ્રદાયિક હતું. આગમપ્રકાશન બાદ કરીએ તો જેને પ્રગતિશીલ કહેવાય એવી એક પણ પ્રવૃત્તિનું નિર્માણ તેમના હાથે થયેલું નજરે પડતું નથી. તેઓ કટ્ટર જૈન અને તેમાં પણ શ્વેતાંબર મૂર્તિપૂજક સંપ્રદાયના કટ્ટર અનુયાયી હતા. તેઓ કેવળ એકાંગી સાહિત્યોપાસક નહોતા. જેવો તેમનો જ્ઞાનયોગ તેવો જ તેમનો કર્મયોગ હતો. જૈન સમાજના અને ખાસ કરીને શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગના પચાસ વર્ષના ઇતિહાસનિર્માણમાં તેમણે અનેક રીતે બહુ મહત્વનો ભાગ ભજવ્યો હતો. એ ગાળા દરમિયાનની એવી એક પણ મહત્વની ઘટના નથી કે જેની સાથે તેઓ સીધી કે આડકતરી રીતે સંકળાયલા ન હોય. લાલન શિવજી પ્રકરણ, સમેતશિખર પ્રકરણ, કેશરીયાજીનો હત્યાકાંડ, અન્તરીક્ષજીનો ઝગડો, દેવદ્રવ્યનો પ્રશ્ન, બાળદીક્ષા વિરોધક હીલચાલ, તિથિચર્ચા પ્રકરણ–આવા અનેક પ્રકરણોમાં તેમણે એક ઉગ્ર અને સ્થિતિચુસ્ત પક્ષકારનો પાઠ ભજવ્યો હતો. તેમના અનેક પૂર્વગ્રહો, સાંપ્રદાયિક સંકીર્ણતા અને ધાર્મિક ઝનુનને લીધે સમાજમાં કાં તો અનેક ઝગડાઓ પેદા થયા હતા અથવા તો ચાલુ ઝગડાઓને નવું જોશ મળ્યું હતું. ઝગડાઓ, સામાજિક ધર્ષણ, કે સાંપ્રદાયિક કલહોથી તેઓ કદિ ડરતા નહોતા. પોતાના મન્તવ્યોને તેઓ સુદૃઢપણે વળગી રહેતા હતા અને એ રીતે વર્તતાં ગમે તેવાં પરિણામો આવે તેની તેઓ કદિ દરકાર કરતા નહોતા. જુનવાણી વલણ વાળા, સ્થિતિસુસ્ત પ્રકૃતિના, સત્યાસત્યવિવેકને જેમાં બહુ સ્થાન નથી એવા સાંપ્રદાયિક ઝનુનથી ભરેલા–એમ છતાં પણ તેમનામાં કોઇથી પણ ઉપેક્ષા થઇ ન શકે એવા એક સુદૃઢ વ્યક્તિત્વની પ્રતિભા હતી. અને તેઓ જ્યાં જાય, જે કોઇ પ્રશ્નને સ્પર્શે, જે કોઇ બાબત હાથ ધરે તેના ઉપર તે પ્રતિભાની છાપ પડયા વિના રહેતી નહિ. આ વ્યક્તિત્વમાં ત્રુટિઓ અને નબળાઇઓ અનેક હતી અને સાથે સાથે અનેક એવી વિશિષ્ટતાઓ હતી કે જે ભાગ્યે જ અન્યત્ર નજરે નિહાળવા મળે. આજે જ્યારે તેઓ પંચત્વને પામ્યા છે ત્યારે તેમની વિભૂતિઓનું જ આપણે સ્મરણ કરીએ અને તેમની અખંડિત શબ્દોપાસના, આગમની આરાધના, પોતાના વિચારોને વળગી રહેવાની ટેક, નિડરતા અને સતત કર્મપરાયણતાનું અનુકરણ કરવા આપણે પ્રયત્ન કરીએ અને તેમના હાથે જે જ્ઞાનજ્યોત–આગમજ્યોત–પ્રગટી છે તેનો પ્રકાશ ચોતરફ વિસ્તરતો રહે એવી પ્રવૃત્તિઓ આપણે હાથ ધરતા રહીએ!

દેવાનાં પ્રિય પ્રજ્ઞાચક્ષુ શેઠ દાલમીયા

આપણે સર્વ છદ્મસ્થ જીવો છીએ; આપણી દૃષ્ટિ સ્થુળ છે; આપણે ચર્મચક્ષુથી જોનારા પામર પ્રાણીઓ છીએ. આપણા દર્શનને દિશા અને કાળની અત્યન્ત સાંકડી મર્યાદા છે. આપણે નથી પાછળ બહુ જોઇ શકતા, નથી આગળ જોઇ શકતા, નથી બહુ દૂર નજર નાંખી શકતા. અંગત પ્રશ્નો આડે વિશ્વપ્રશ્નોની આપણને કોઇ સુઝ હોતી નથી. અને તેથી કર્તવ્યાકર્તવ્યનો આપણને સાચો વિવેક પ્રાપ્ત થતો નથી. સદ્‌ભાગ્યે આપણા જગતમાં સુદૂરદૃષ્ટિ, ક્રાન્તદર્શી મહાપુરૂષો, ચિન્તકો, વિચારકો અને પયગંબરો પાકતા રહે છે જેઓ આપણને નવું જીવનદર્શન આપતા રહે છે, આપણને ન દેખાતું હોય તેવું દેખાડે છે અને ન સમજાતું હોય તેવું સમજાવે છે. વિશ્વપ્રશ્નોના તેઓ મહાન ચિકિત્સક હોય છે; કોઇ ધુંચનો તેઓ સહજ નિકાલ લાવી શકે છે. જ્યાં આપણા માટે કેવળ અંધકાર હોય છે ત્યાં તેઓ જાગૃત પ્રજ્ઞાના બળે પ્રકાશને પામે છે, અને એ પ્રકાશ વડે જગતને અજવાળે છે. આવું કારણ દુકમાં કહેવું હોય તો એમ કહી શકાય કે આપણે ચર્મચક્ષુ છીએ જ્યારે આવી વિશિષ્ટ વ્યક્તિ પ્રજ્ઞાચક્ષુ હોય છે. વ્યવહારમાં જેવી રીતે આપણે કોઇ પણ અસ્પૃશ્યને હરિજન શબ્દથી પીછાનીએ છીએ તેવી રીતે જેઓ આંખે દેખી ન શકતા હોય તેમને આપણે વ્યવહારમાં પ્રજ્ઞાચક્ષુ વિશેષણથી ઓળખીએ છીએ, પણ પ્રજ્ઞાચક્ષુનો આ અર્થ સંકેતજન્ય છે; વાસ્તવિક અર્થ તો ઉપર સમજાવ્યો તે જ છે.

આવા પ્રજ્ઞાચક્ષુ કેવળ સન્ત સાધુ કે ત્યાગી જ હોવા જોઇએ એવું કશું જ નથી. ભગવાન મહાવીર અને બુધ્ધ જેવા ત્યાગી પુરૂષોએ જો જગતને નવું જીવનદર્શન આપ્યું છે તો રામ અને કૃષ્ણનું આવા મહાન કાર્ય માટે જગત્ એટલું જ ઋણી છે. રાજ્ય ચલાવતા અને સંસારના ભોગ ભોગવતા જનકવિદેહીને આપણે કયાં નથી જાણતા?

મહાત્મા ગાંધીના અકાળ અવસાન બાદ આપણી ગૂઢ સમસ્યાઓ કોણ ઉકેલશે, વિશ્વને સાચું માર્ગદર્શન કોણ આપશે, ભારતના પ્રજાજનોને નાની મોટી કટોકટીના પ્રસંગે સાચો રાહ કોણ દાખવશે એ આપણા જેવા અનેકને મુંઝવી રહેલી મુંઝવણ હતી. પણ સદ્‌ભાગ્યે આજે આપણે ત્યાં એક એવી પ્રજ્ઞાચક્ષુ વિભૂતિનો ઉદય થયો છે કે જે પોતાના અનેકવિધ વ્યવસાયના ભોગે પણ આપણને અવનવું માર્ગદર્શન આપી રહેલ છે અને ત્રીજા વીશ્વયુધ્ધના આરે ઉભેલ જગતને શાન્તિનો–સુલેહનો–માર્ગ દાખવી રહેલ છે. અને તે છે આજના સુવિખ્યાત ઉદ્યોગપતિ શેઠ દાલમિયા. તેઓ કેટલો બધો પરિશ્રમ વેઠી અમેરિકા ગયા અને ત્યાંની યુધ્ધોન્મુખ પ્રજાને one-world એક દુનિયાનો સંદેશો સંભળાવ્યો અને જગતને વિશ્વયુધ્ધની આંધીમાં ડુબી જતું બચાવ્યું! જગતને પોતાનો સંદેશો સંભળાવવા માટે, ભારતની પ્રજાને સત્યના રાહે દોરવા માટે તેમણે કેટલી મોટી મીલ્કતનો ભોગ આપીને છાપાઓ ખરીદ્યા છે જે ભોગની પુરી કદર હજુ ભારતવર્ષની પ્રજાએ કરી

નથી. હિંદભરમાં ગોવધ અટકાવવા માટે તેમણે હજુ થોડા સમય પહેલાં એક મહાન આંદોલન ઉભું કર્યું હતું અને આ સંબંધમાં સત્યાગ્રહની યોજનાઓ તેઓ વિચારી રહ્યા હતા. આ વર્ષની શરૂઆતમાં પૂર્વબંગાળમાંથી જ્યારે સંખ્યાબંધ હિંદુ કુટુંબોએ પશ્ચિમ બંગાળ બાજુ હિજરત શરૂ કરી હતી ત્યારે હિંદી રાજ્યતંત્રને હિંદુધર્મપ્રધાન બનાવવા–secular માંથી theocratic સ્વરૂપમાં પલટાવવાની શેઠ સાહેબે અનુપમ સલાહ આપી હત અને સંભવ છે કે એ સલાહનો વખતસર અમલ કરવામાં આવ્યો હોત તો ત્યાર પછીના હિંદનો ઇતિહાસ ખરેખર કોઇ જુદા જ પ્રકારનો ઘડાયો હોત. વળી શેઠ દાલમીયા માત્ર ઉપદેશ આપે છે અને અમલમાં કશું મૂકતા નથી એવો આક્षેપ થઇ શકે તેમ નથી. નિર્વાસિતોને રાહત આપવા માટે પોતા થકી એક લાખ રૂપિયાના દાનની શુભ શરૂઆત કરીને તેમણે આદરણીય દાખલો બેસાડયો છે. આવા મહાપુરૂષો જેટલા બહિર્મુખ હોય છે તેટલા જ અન્તર્મુખ હોય છે અને તેનું દૃષ્ટાન્ત તો તાજેતરમાં ગાંધીસ્મારક ફાળામાં પોતે કેવું દ્રવ્ય અને કેવી સમજપૂર્વક આપ્યું છે તેને લગતાં હજુ હમણાં જ તેમણે બહાર પાડેલા નિવેદનદ્વારા પુરૂં પાડયું છે. તેમના નજીકના સ્વજનોએ આ નિવેદનમાં રજુ કરવામાં આવેલી હકીકતનો ઇનકાર કર્યો છે એમ છતાં પણ જેણે જગતના અને ભારતવર્ષના શ્રેય વિષે આજ સુધી આટલી બધી ચિન્તા દાખવી છે તેવા શેઠ દાલમીયાને જ આપણે સ્વીકારવા રહ્યા અને તેમની નિડરતા અને દિલની ચોખ્ખટ માટે આપણે ધન્યવાદ આપવાના રહ્યા. તેઓ અનેક પત્નીઓના પતિ છે. એ હકીકત કેટલાક લોકોને બહુ ખુંચે છે. એક છાપાવાળાએ શેઠ સાહેબ વિષે એવો કટાક્ષ કરેલો કે શેઠ દાલમીયા એક દુનિયામાં, એક દેશમાં, એક ધર્મમાં માને છે અને સાથે સાથે અનેક પત્નીઓમાં માને છે. તેમનું અનેકપત્નીત્વ આપણા ગળે સહજ ઉતરે તેવું નથી પણ આવા લોકોત્તર પુરૂષને આપણા માપે બધી બાબતમાં માપવા એ યોગ્ય નથી. નવનિર્માણ અને સર્જન એ આવા પુરૂષોનો વિશિષ્ટ ધર્મ છે. 'એકોઽહં બહુ સ્યામ્' એ લોકોત્તર પુરૂષોની સુપ્રસિધ્ધ વિશેષતા છે. તે મહાન સૂત્રનો તેમને આ રીતે અમલ કરવો યોગ્ય લાગ્યો હશે. જગતનો ઉધ્ધાર કરવાની અને દુનિયાને ઉગારવાની જે તમન્ના તેમને આટલી બધી આકુળવ્યાકુળ કરી રહી છે તે જ તમન્ના તેમની આ વિવાદાસ્પદ પ્રવૃત્તિને પ્રેરી રહી હશે–એવી શ્રધ્ધાપૂર્વક શેઠ દાલમીયાને આ બાબતમાં આપણે શા માટે સ્વીકારી ન લઇએ ? હજુ હમણાં જ એક નિવેદનમાં શેઠ દાલમીયા જણાવી રહ્યા છે કે "દેશની આ કટોકટીની પળે આગેવાની લેવાની અને જાહેર જનતાને તેમ જ સરકારને પોતપોતાની ફરજનું ભાન થાય એ માટે અવાજ ઉઠાવવાની અન્તરના આદેશદ્વારા હું પ્રેરણા અનુભવી રહ્યો છું. ભૂતકાળમાં મેં ગમે તેવી ભુલો કરી હોય પણ અત્યારે તો દેશની સેવામાં હવે પછીનું જીવન અર્પણ કરવાની હું ઇચ્છા સેવી રહ્યો છું. વ્યાપારઉદ્યોગના ક્षેત્રમાં મારા માથા ઉપર અનેક જવાબદારીઓ હોવાના કારણે મારા શુભેચ્છકો આ પગલું ભરતાં મને અટકાવી રહ્યા છે અને આર્થિક તેમજ બીજી અનેક ગંભીર ઉપાધિઓમાં હું ફસાઇ પડીશ એમ તેઓ મને ચેતવી રહ્યા છે. પણ જે દેશમાં હું જન્મ્યો છું તે દેશનું રૂણ હું અદા ન કરૂં તો મારા ધર્મમાંથી હું ચુકું એમ મને લાગે છે. દુન્યવી વ્યવહાર અને વ્યવસાયમાં હું રોકાયલો રહું અને ચીનને બાદ કરતાં જે દેશના ભુખે મરતા બંધુઓની સંખ્યા અન્ય કોઇ પણ દેશ કરતાં ઘણી વધારે છે તે પ્રત્યેની ફરજ બજાવતાં હું ચુકું તે કરતાં હું છું દાઇ જવાનું–નષ્ટપ્રાય થઇ જવાનું–વધારે પસંદ કરીશ. આવો અંગત વિનાશ મારે મન મારો મોટો વિજય જ હશે. જે લાખો માણસોને આઝાદી મળવા બદલ ઘણું મોટું દામ ચુકવવાની ફરજ પડી છે તેમના પ્રત્યેની જવાબદારીનો આપણા રાજ્યશાસકોએ પુરો ખ્યાલ ધરવો ઘટે છે. એ માટે સમય ખુબ પાકી ગયો છે. એક બાજુએ આપણે યાતના, ભુખમરો અને જેનો કોઇ ઉપાય નથી એવી વેદના જોઇ રહ્યા છીએ, ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને કંગાળીયત તરફ હડસેલાતા અને નિર્વાસિતોને ધીમે પગલે આવતા મૃત્યુ સામે તરફડિયા મારતા નિહાળી રહ્યા છીએ અને બીજી બાજુએ મયાળા ઉપર ધનના ઢગલા ઉપર ઢગલા ખડકતા શ્રીમાનોને અને ગરીબ પ્રજાની અધમુઆ જેવી સ્થિતિ પ્રતિ જરા પુરતું પણ લક્ષ્ય નહિ આપતી સરકારને આપણે જોઇ રહ્યા છીએ. ..... આવાં નિવેદનો કરવામાં મને કોઇ આનંદ આવતો નથી પણ મારો દુઃખદ ધર્મ મને આમ કરવાની ફરજ પાડે છે." કેટલું ઉદાત્ત, કેટલું કરૂણપૂર્ણ નિવેદન ! હિંદે હવે જરા પણ નિરાશ થવાની જરૂર નથી. આવો એક આદર્શ પ્રજાસેવક ધંધાપાને ઠોકર મારીને પ્રજાસેવાના કાર્યક્ષેત્રમાં ઝંપલાવે છે ! જાણે કે ગાંધીજીનો જ બીજો અવતાર ! જ્યાં શેઠ દાલમીયા છે, અને જ્યાં તેમનું સતત માર્ગદર્શન છે ત્યાં પ્રજાનું શ્રેય સુનિશ્ચિત છે, કલ્યાણ નિર્ભર છે, મંગળ સદા વર્ધમાન છે. આનંદો, ભારતનાં પ્રજાજનો ! આનંદો, ધર્મમૂર્તિ, ત્યાગમૂર્તિ શેઠ દાલામિયાની જય ! તેમનાં શબ્દપ્રચુર નિવેદનોની જય !!

એક ભુલ સુધારણા

પ્રબુધ્ધ જૈનના તા. ૧૫–૫–૫૦ ના અંકમાં કેટલાક સમાચાર અને નોંધના મથાળાની નીચેની 'દેવદ્રવ્ય ઉપર સાધારણ દ્રવ્યનો લાગો' એ નોંધમાં સામાન્યતઃ જૈન મંદિરમાં રાખવામાં આવતા સાત ક્षેત્ર નીચે મુજબ વર્ણવવામાં આવ્યા છે. ૧ ચૈત્ય, ૨ જ્ઞાન ૩ સાધુ, ૪ સાધ્વી, ૫ શ્રાવક, ૬ શ્રાવિકા, ૭ સાધારણ અને આ દરેક ખાતાની આવકને લગતો એવો નિયમ છે કે નીચેના ખાતાની આવક ઉપરના ખાતામાં વાપરી શકાય પણ એથી વિપરીત ક્રમ મુજબ કોઇ પણ એક ખાતાની આવક બીજા ખાતામાં વાપરી ન શકાય." આ સાત ક્षેત્રની નામાવલિ રજુ કરવામાં મારી થોડીક ભૂલ થઇ છે. એ સાત ક્षેત્ર ધર્મશાસ્ત્રોમાં નીચે મુજબ આપવામાં આવેલ છે. ૧ જિનમંદિર, ૨ જિન પ્રતિમા, ૩ જિન આગમ, ૪ સાધુ, ૫ સાધ્વી, ૬ શ્રાવક, ૭ શ્રાવિકા. આ સાત ક્षેત્રને ત્રણ વિભાગમાં વહેંચવામાં આવે છે. ૧ જિનમંદિર અને જિનપ્રતિમા, ૨ જિન આગમ ૩ સાધારણ ક્षેત્ર જેમાં સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાનો સમાવેશ કરવામાં આવે છે અને આ ત્રણ વિભાગની આવકને લગતો પ્રચલિત નિયમ એ છે કે ઉપરના વિભાગની આવકનો ઉપયોગ નીચેના વિભાગ માટે થઇ ન શકે. સાત ક્षેત્રના નિરૂપણમાં પ્રમાદવશાત્ થઇ ગયેલી આટલી ક્षતિ માટે હું દિલગીર છું. **પરમાનંદ**

સુશ્રૂષાનું મહાત્મ્ય

ભગવાન બુધ્ધના જીવનનો આ એક પ્રસંગ છે. એકવાર એ તથાગત ભિક્ષુઓના મઠમાં આવી ચડયા. ત્યાં તેમણે એક બાજુ એથી દર્દભરી ચીસો આવતી સાંભળી. જઇને જુએ છે ત્યાં એક કરૂણ દૃશ્ય નજરે પડયું. ચીતરી ચડે એવી દશામાં રકતપિત્તથી પીડાતો એક ભિક્ષુ ખુણામાં નિઃસહાય પડયો છે. એની વેદનાનો પાર નથી. કોઇ એની પાસે જતું નથી. એની આ દુર્દશા જોઇને તથાગતનું હૈયું ભરાઇ આવ્યું. શિષ્યને ગરમ પાણી લાવવા આજ્ઞા કરી, ને અનુકંપાના એ સાગરે આ મહારોગીની સુશ્રૂષાનું કામ જાતે જ ઉપાડી લીધું. ઘૃણાજનક વાસ મારતા ને લોહી–પરુ નીંગળતા એ દરદીનું શરીર કોમળ સ્પર્શથી ભગવાને સાફ કર્યું. પછી શિષ્યોને સુશ્રૂષાનું મહાત્મય સમજાવતો ઉપદેશ આપ્યો: **योऽमं उपट्ठाति सो मं पूजेतिः** "આની–વ્યાધિગ્રસ્તની, જે સેવા–સુશ્રૂષા કરે છે તે મને જ ભજે છે."

[મહાબોધિ સોસાયટી, સારનાથ, બનારસના 'Life of Buddha in Frescoes' ના આધારે]

ઇસ્પિતાલ વિચાર

[સર હરકીસનદાસ હોસ્પીટલના 'રજત પ્રકાશન'માંથી સાભાર ઉદ્ધૃત]

સર હરકીસનદાસ નરોત્તમદાસ હોસ્પિટલ સાથેનો મારો સંબંધ એના પ્રારંભકાળથી જ છે. શરૂઆતથી અત્યાર સુધીના દરદી તરીકે કે દરદીઓના સગા કે સ્નેહી તરીકે કેટલાયે મહિનાઓ મારે વારંવાર એ ઇસ્પિતાલમાં ગાળવા પડયા છે. કેટલા યે નાના-નાના કાર્યકર્તાઓને મારે એમાં દાખલ કરાવવા પડયા છે. ઇસ્પિતાલનો મૂળ ઉદ્દેશ મુંબઇ શહેરના ગુજરાતીઓની જ સેવા કરવાનો ભલે રહ્યો હોય, છતાં પ્રસંગ આવ્યે એની સેવા શરૂઆતથી જ વધારે વિશાળ વર્ગને મળતી આવી છે, અને જે મિત્રોની સારવાર માટે હું એ ઇસ્પિતાલમાં રહ્યો છું, કે મારી ઓળખાણના એમાં દાખલ થયા છે તેમાં મહારાષ્ટ્ર, યુકતપ્રાન્ત, સિંધ, પંજાબ વગેરે અનેક પ્રાન્તના લોકોનો સમાવેશ થાય છે. ગુજરાત, સૌરાષ્ટ્રના કાર્યકર્તાઓમાંથી તો કેટલાએ એનો લાભ લીધો હશે, એ ગણી કાઢવા મુશ્કેલ છે. અને મારી માફક જ બીજાઓએ પણ કેટલાયે ગરીબ કાર્યકર્તાઓને આ ઇસ્પિતાલમાં વખતોવખત દાખલ કરાવ્યા છે. કદાચ એમ કહી શકાય કે સરેરાશ એક ખાટલો તો સદાયે આ ઇસ્પિતાલમાં રાષ્ટ્રિય કાર્યકર્તાઓએ જ રોકેલો હશે.

ઇસ્પિતાલની લોકપ્રિયતા એટલી બધી જાણીતી છે કે એ વિષે વધારે લખી બતાવવાની જરૂર નથી. કોઇ વ્યકિતઓને એને વિષે કાંઇક અસંતોષ થયો હોય તો તે એવો અપવાદરૂપ ગણાય છે કે સાધારણ રીતે એમ જ લાગે કે એ વ્યકિતઓનો યે એમાં દોષ હશે. મુંબઇમાં કે મુંબઇ બહાર પણ હિંદુસ્તાનમાં આટલી લોકપ્રિયતા કોઇ ઇસ્પિતાલે મેળવી હોય એવું જાણમાં નથી. એની સેવાવૃત્તિ, સ્વચ્છતા, સર્વ પ્રકારના દરદીઓ પ્રત્યે બને તેટલી સમદૃષ્ટિ, રખમાણ વગેરેના કશા ભેદ વિના સર્વેની સારવાર, અને એ બધાંની સાથે એની અતિશય સગવડવાળા લત્તામાં હરતી-ફરતી-એ બધા માટે એણે મોટામોટાની પ્રશંસા મેળવી છે.

ઇસ્પિતાલના કલેવરમાં તેમ જ તેનાં સેવાક્ષેત્ર, સાધનો અને ઉપયોગિતામાં જે ઉત્તરોત્તર વિકાસ થયો છે, તે સૌનો હું શરૂઆતથી સાક્ષી છું. સર હરકીસનદાસના બે જમાઇઓ શ્રી તુલસીદાસ ત્રીભોવનદાસ વાધ, તથા શ્રી. નગીનદાસ પ્રાણજીવનદાસ મહેતા બન્ને બહુ વિશાળપણે જ વિચાર કરનારા ભાઇઓ હતા. કંઇક નાનું કરીને બેસી જવું, અલ્પસંતોષ એમના સ્વભાવમાં જ નહોતો. શ્રી નગીનદાસ મહેતાની વિશાળપ્રિયતા લગભગ બાદશાહી કહી શકાય, પણ વિશાળતામાં રસ ધરાવતા છતાં તેની સાથે શ્રી તુલસીદાસમાં વિલક્ષણ દીર્ઘદૃષ્ટિ, વ્યવસ્થાશકિત અને વ્યવહારચાતુર્ય હતાં. તત્કાળ પગલું ભરવાની પોતાની શકિત અને આગળ વધવા માટે પૂરતો અવકાશ એ બે વચ્ચે એ બરાબર મેળ સાધતા. એટલે કામ શોભે અને સુંદર થાય, છતાં પૈસો વેડફાય નહીં, પહોંચી ન વળાય એટલી ચિંતા વધી ન પડે, જેટલું થાય તેટલું સંગીન અને સૌને સંતોષ આપનારું થાય, વ્યવસ્થામાં ઢીલાપણું પણ ન ચાલે અને એવી કડકાઇ પણ ન આવે કે દરદીઓ, દાકતરો, નર્સો વગેરે અકળાઇ જાય. એ બધાંનો સમન્વય સાધવાની એમની શકિત વિલક્ષણ હતી. એક બાજુથી એમની અટક પ્રમાણે 'વાધ' અને બીજી બાજુથી વૈષ્ણવની કોમળતા; 'સર'ના નામને શોભે એવી ભવ્યતા રાખવા સાથે વાણિયાની હિસાબી દૃષ્ટિ; નોકરો પર નિયંત્રણ અને સાથે જ તેમની કદર અને તેમની મુશ્કેલીઓ અને મુસીબતોનો સહાનુભૂતિભર્યો ખ્યાલ; જુદાજુદા સ્વભાવના દાકતરોને સાચવવાની એમની કળા; એ બધા એમના અસાધારણ ગુણોએ ઇસ્પિતાલને પ્રતિષ્ઠા આપવા અને જમાવવામાં ભારે ફાળો આપ્યો છે. મિશનરીની દીક્ષા લીધેલી ન હોવા છતાં શ્રી તુલસીદાસ આ ઇસ્પિતાલના પ્રારંભના કાળથી બરાબર એના મિશનરી જેવા સેવક ન બન્યા હોત તો ઇસ્પિતાલે પચ્ચીસ વર્ષમાં જે પ્રગતિ કરી તે થવી મુશ્કેલ હતી.

ઇસ્પિતાલના અને પ્રજાના સદ્ભાગ્યથી શ્રી તુલસીદાસ પછી શ્રી ગોરધનદાસભાઇએ એમનો ભાર બરાબર ઉપાડી લીધો અને એને લોકપ્રિય બનાવવામાં વધારે ફાળો આપ્યો. એમને વિષે મારે કહેવું એટલે મારા સગા ભાઇનાં મારે વખાણ કરવા જેવું થાય. ઉપરાંત તે કહી બતાવવાની જરૂર જેવું યે નથી. એમની જોહે દાદા, બાપા, કાકા વગેરેનો સંબંધ બાંધી ગએલા ઇસ્પિતાલના સેંકડો દરદીઓને એમના ગુણો વર્ણવી બતાવવા પડે એમ નથી.

પણ વ્યવસ્થાપક ગમે તેવા સારા અને મહેનતુ હોય, જો એમને તેવા જ સેવાભાવી દાકતરોનો સાથ ન મળ્યો હોત તો તેઓ પણ શું કરી શકત? નામાંકિત ગુજરાતી દાકતરોએ ઇસ્પિતાલને પોતાની સેવાઓ અર્પણ કરી તેને મુંબઇની એક મૂલ્યવાન સંસ્થા બનાવી છે. ડૉ. સાંગાણીએ પોતાનું જીવન જ ઇસ્પિતાલની સેવામાં કાઢયું છે. આમ નામે મિશનરી ન હોવા છતાં આ સંસ્થા એક ગુજરાતની મિશનભાવે કામ કરનારી ઇસ્પિતાલ થઇ છે.

શરૂમાં ઇસ્પિતાલ ભોંયતળિયું અને ઉપરના એક માળવાળું મકાન હતી. નર્સોને રહેવાની વ્યવસ્થા યે તેમાં જ હતી. તે પછી એ બે માળની થઇ, અને તે પછી વળી ત્રણ માળની થઇ. નર્સોની જગ્યા પણ દરદીઓએ રોકી. ઓપરેશન માટે પણ ઘણા ઓરડા વધ્યા. એકસ-રે, લોહી વગેરેનો તપાસવિભાગ દાંત વગેરેના અનેક વિભાગો વધી ગયા, છતાં એક બિછાના માટે યોજેલી જગ્યામાં ત્રણ બિછાનાં કરવાં પડે એટલી ભીડ એમાં રહેવા લાગી. પહેલા વર્ગના મોટા ઓરડામાં પડદો ભરી બબ્બે કરી નાંખવા પડયા. પડોશનું કપોળ નિવાસનું મકાન ઇસ્પિતાલ માટે લઇ લેવું પડયું, અને હમણાં જ ઇસ્પિતાલ જેવી જ બીજી ઇમારત પડોશના જન્માષ્ટમી બિલ્ડિંગની જગ્યાએ બાંધવાની હવે યોજના છે. પચ્ચીસ વર્ષમાં ઇસ્પિતાલ કેટલી વધી ગઇ તેનું આ સ્થૂળ માપ છે.

એની સૂક્ષ્મ અને વૈજ્ઞાનિક પ્રગતિનું માપ તો દાકતરો બતાવી શકે. પણ મોટી દૃષ્ટિએ જોઇએ તો અમુક સાધન આ ઇસ્પિતાલમાં ન હોવાથી દરદીને બીજી ઇસ્પિતાલમાં જવાનો પ્રસંગ આવે અથવા જવા સલાહ આપવી પડે એવું ભાગ્યે જ બન્યું હશે.

સ્વચ્છતા

ઇસ્પિતાલને શરૂઆતથી ઘણા મોટા માણસોએ સંતોષના પ્રમાણપત્ર આપ્યાં છે. એની સ્વચ્છતાનાં ઘણાઓએ વખાણ કર્યાં છે. સ્વચ્છતા માટે આંહી કેટલી કાળજીથી પ્રયત્ન થાય છે, તે મેં પોતે જોયું છે. છતાં, ઘણી નજીકથી અને રાતદિવસ અંદર રહીને જોયેલું હોવાથી એની ખામીઓ પણ મારી નજર બહાર ગઇ નથી. આપણા લોકોના વપરાશમાં આવતાં મકાનોમાં સ્વચ્છતા સાચવવી એ ગમે તેટલી કાળજી રાખ્યા છતાં કેટલી બધી કઠણ વસ્તુ છે તે અહીં બરાબર જોવા મળે છે.

આપણી આભડછેટને લીધે આપણે ગંદકી નિભાવવાવાળી પ્રજા બની ગયા છીએ. માણસો રહે, નહાય, જમે, ફળો ખાય, વાસણ ધૂએ, સંડાસ-મોરીઓ વાપરે, પાન ખાય, બીડી પીએ, ગળફા કાઢે, ત્યાં ગંદકી તો થવાની જ. ગંદકી કરવી એ સમૂહજીવનની અનિવાર્ય આપત્તિ છે. પણ તે સાથે જ જો ગંદકી કાઢવી એ દરેક માણસનો અનિવાર્ય ધર્મ છે એમ ન સમજીએ, અને તેનો બોજો થોડા નોકરો કે મહેતરો ઉપર જ લાદીએ તો વ્યવસ્થાપકો અને દાકતરો ગમે તેટલી મહેનત કરે, અને ગમે તેટલાં જંતુનાશક દ્રવ્યો વાપરી નાંખે, છતાં ગંદી ખાળકુંડીઓ, મોરીઓ, બજબજીઓ, નહાવાની ઓરડીઓ અને લબાચા રાખવાના ઓરડાઓ ગંદા રહ્યા જ કરવાનાં.

આપણે આભડછેટ અને સૂગનો એક એવો સંસ્કાર જમાવ્યો છે કે આપણને ગંદકી કાઢવામાં ભાગ લેતાં શરમ આવે છે, સૂગ લાગે છે, તેને નભાવી રાખવા આપણી આંખ અને નાક ટેવાઇ ગયાં છે. આપણને એ વિચાર ન આવે કે ચાનાં કોતરાં, રસ કઢયા પછી રહેલા મોસંબીના કૂચા, થાળીમાંનું એઠું, ખાળકુંડીમાં

કે નહાવાની ઓરડીના નળ આગળ નાખીએ તો એ કુંડી ભરાઇ ગયા અને વાસ મારી વિના રહે જ નહીં. ફલશના જાજરૂમાં પાટાના રૂના ડૂચા નાખીએ તો એ જાજરૂ ભરાઇ જ જાય. નહાવાની ઓરડી આગળ સીગરેટ ફૂંકતા ફૂંકતા જઇએ અને ડૂંડું ભીત પર ચાંપીને હોલવી ગમે ત્યાં ફેંકીએ તો ભીંત પર ડાઘ પડે અને પગ તળે ડૂંડું આવીને પગને લપસાવે. આમ ગંદકી કરનારા તો વિચાર ન જ કરે, પણ તેની પછીના માણસને એ જોઇને સૂગ ચડે, પણ ઉપાડી લેવાનું કે સાફ કરી નાખવાનું ન સૂઝે; કોઇ માણસને કહી સાફ કરાવી નંખાવવાનું યે ન સૂઝે. ગંદા જાજરૂમાં આપણે નાકે રૂમાલ બાંધી બેસી આવીએ, વાસ મારતી અને પાણી ભરાઇ ગયેલી ઓરડીમાં આપણે ગમે તેમ નહાઇ આવીએ, પણ હાથમાં ઝાડૂ લઇને જાતે સાફ કરી નાખીએ, તો આપણે નહીં.

આ આપણા ભણેલા ગણેલા, ડાક્તર-વકીલ થયેલા, મરજાદ પાળનાર બ્રાહ્મણ વાણિયાની ટેવો છે. તો પછી વેાડ'રા અને મહેતરોની ગંદકીની દૃષ્ટિ કેવળ વ્યવસ્થાપકોની આંખે ન ચડે એટલી જ હદે ગંદકી દૂર કરવાની હોય એમાં નવાઇ નથી. ગંદકી શી રીતે રોગ ફેલાવનારી વસ્તુ છે તેનો એમને ખ્યાલ જ કયાંથી હોય ? ડાક્તરોના યંત્રોને બરાબર ઉકાળવાં જોઇએ એવું એને કહેવામાં આવ્યું છે માટે એટલું તો એ ચીવટાઇથી સાચવે છે. પણ મોરીની જાળી પર કચરો ભરાવાથી પાણી ભરાઇ ગયું હોય તો પોતાના પગથી જ એ ખસેડી નાખે અને હાથેથી ફેંકે, પછી એ હાથ પગ ધોયા-ન ધોયા કરી આખી ઇસ્પિતાલમાં ફરે, ત્યારે પોતે કોઇ ગંદકી વળગાડીને રોગ નોતરે છે અને બધે ફરે છે તેનું એને શું ભાન હોય ?

મને લાગે છે કે ઇસ્પિતાલો જેમ નવા ડાક્તરોને અનુભવ લેવાને અને નર્સોને શિક્ષણ આપવાને માટે શાળાનું કામ કરે છે, તેમ એમાં વેાડ'રા, મહેતરો, દરદીઓ અને તેમનાં સગાવહાલાંઓને પણ કેટલીક તાલીમ આપવાની યોજના થવી જોઇએ. અણકેળવાયેલા વેાડ'રા, મહેતરો, દરદીઓ અને સગાઓ, ડાક્તરો અને નર્સોની કેટલી મહેનત બરબાદ કરતાં હશે તેનો આપણને બરાબર ખ્યાલ નથી.

અલોપથી

આધુનિક વૈદકમાં શસ્ત્રક્રિયા અને અનેક પ્રકારનાં ઇંજેકશનો અને નવી નવી દવાઓનોએ ઘણો વધારો થયો છે. શસ્ત્રક્રિયાની પ્રગતિ અદ્‌ભૂત ગણી શકાય એવી છે. ઇંજેકશનો અને દવાઓની વૃદ્ધિ અદ્‌ભૂત ગણાય, પણ એને પ્રગતિ કહેવી કે કેમ એ ઠરાવવું મુશ્કેલ છે. એથી દવાદારૂનું ખર્ચ તો વધ્યું જ છે એમાં શક નથી. આરોગ્ય કેટલું વધ્યું છે અને આરોગ્ય જાળવવાના નિયમોનું કેટલું જ્ઞાન વધ્યું છે; રોગો કેટલા ઘટયા છે, અને નવા રોગો વધ્યા નથી એ સમજાતું નથી. પ્રજાને દવાઓ પ્રત્યે એવી જ એક વહેમી શ્રધ્ધા ઉત્પન્ન થઇ છે, જેવી ગામડાંઓમાં ભૂવાના દોરામંત્ર માટે હોય છે. નિરામિષાહારી હિન્દુ તો ભાગ્યે જ કોઇ રહ્યા છે એમ કહીએ તો ચાલે. ઘેર ગાળ્યા વિના પાણી ન પીનારા જૈન, વૈષ્ણવો, ડાક્તરોને હાથે ઇંડા, કોડલિવર ઓઇલ, વિવિધ ગ્લાન્ડના અર્ક, વિટેમીનો વગેરે અનેકરૂપે માંસાહારની દીક્ષા લે છે. અને ડાક્તરોયે જૈન-વૈષ્ણવો જ હોય છે !

પણ માંસાહારની બાબત જવા દઇએ, તો યે પૈસાની, આરોગ્યની અને શોધખોળની દૃષ્ટિએ આ વિષય મને, ઇસ્પિતાલોયે પણ વિચાર કરવા જેવો લાગે છે. આપણા દેશનું આરોગ્યખાતું હજુ મુખ્યત્વે અલોપથીની નેતાગીરી પર જ ચાલે છે. અલોપથી શાસ્ત્ર, રોગની પરીક્ષાની બાબતમાં વૈજ્ઞાનિક પદ્ધતિએ અને બાકીના શાસ્ત્રીય પાયા પર રચાયું છે એમ કહેવાને હરકત નથી. પણ ચિકિત્સા-ઔષધીના પ્રયોગોનો વિચાર કરીએ છીએ, ત્યારે ઉપચારો શોધવાને બહાને અગણિત મૂંગા જીવો પર જે પ્રયોગો થાય છે અને તેમનો સંહાર થાય છે અને પછી જાણ્યે-અજાણ્યે માણસો ઉપર પણ અખતરા થાય છે, તે તરફ જોઇએ તો એ પદ્ધતિથી ત્રાસ છૂટયા વિના રહેતો નથી. એના પ્રમાણમાં એ એટલી યશસ્વી છે એમ પણ દેખાતું નથી. એટલે કે રોગીને લાંબા વખતને માટે આરોગ્યને માર્ગે ચડાવી દઇ શકે છે એવું નથી. એનું દવાઓ પરનું અવલંબન વધતું જ જાય છે; ઘટી શકતું નથી. વળી આરોગ્યની ચાવીઓ તો મળતી જ નથી. ઉલટું દવા પરની શ્રદ્ધાથી એ આરોગ્યના નિયમો, આહાર-વિહારની શુધ્ધિ, સંયમોની જરૂર વગેરે વિષે બેપરવા થતાં શીખે છે.

એ ઉપચારો માટે જોઇતાં નાણાંનો વિચાર કરીએ તો દિવસે નહીં તેટલો રાતે, અને રાતે નહીં તેટલો દિવસે તેનો આંકડો વધતો જ જાય છે. મોંઘવારીને લીધે દવાઓના ભાવોનો જે વધારો થયો હોય તે કાઢી નાંખીએ તોયે મને લાગે છે કે અમુક એક રોગના દરદીઓના ઉપચાર માટે માથા દીઠ ખર્ચ પહેલાં કરતાં ઘણું વધારે આવતું હોવું જોઇએ. ઇસ્પિતાલ થઇ એટલે છેલ્લામાં છેલ્લી જાહેર થયેલી દવાનો પ્રયોગ ઘણું ખરૂં ઇસ્પિતાલોમાંથી જ થાય. નવી હોવાથી અને તાત્કાલિક સારી અસરનાં પરિણામો વિષે મોટા મોટા ડાક્તરોએ ઘણાં ઘણાં વખાણ કરેલાં હોવાથી તે વખતે એ દવાઓની કિંમત વધારેમાં વધારે હોય. જે ઇંજેકશનો પાંચ વર્ષ પછી એક રૂપીએ અપાતાં હોય, તેના શરૂઆતમાં પાંચ-દશ કે પચ્ચીસ રૂપીઆ પણ લાગતા હોય; અને ગરીબ દદી પાછળ તેટલું ખર્ચ કરવાનું ગજું બહુ જ સારી ઇસ્પિતાલને યે ભાગ્યે જ પોષાય.

આપણા વિશાળ ગામડાંપ્રધાન દેશમાં સાર્વજનિક દવાખાનાં અને ઇસ્પિતાલો વધારવાની જરૂર તો વધતી જ જાય છે. નાનાં ગામડાંનાં દવાખાનાં ગમે તેટલાં નાનાં હોય, એમાં મોટી ઇસ્પિતાલોનું જ અનુકરણ હોવાનું. એટલે એના ખર્ચના આંકડાને પહોંચી વળવાનો પ્રશ્ન કોઇ પણ નાણાંમંત્રી કે આરોગ્યમંત્રીની શક્તિને બહારનો બનતો જાય છે.

એક બાજુથી દેશમાં ઉપચારસ્થાનો વધારવાની જરૂરિયાતનો વિચાર કરીએ, અને બીજી બાજુએ એની આધુનિક પદ્ધતિના ખર્ચાળપણાનો વિચાર કરીએ, ત્રીજી બાજુએ એટલો ખર્ચ કરીને યે આરોગ્ય ઘણું સારૂં પ્રાપ્ત થાય છે એવા સંતોષના અભાવનો વિચાર કરીએ, અને ચોથી તરફથી પૂરો ખોરાક પણ જે દેશમાં મળતો નથી એવી આપણી ગરીબાઇ અને લોકસંખ્યાનો વિચાર કરીએ તો અલોપથીની ઉપચારપદ્ધતિ ગમે તેટલી સુધરેલી હોય તો યે આપણા દેશને પાલવે એવી નથી એમ લાગ્યા વિના રહેતું નથી.

સ્વાભાવિક રીતે જ ડાક્તરોને અને મોટી ઇસ્પિતાલોના વ્યવસ્થાપકોને એવી હોંશ રહેવાની કે પોતાની ઇસ્પિતાલમાં છેલ્લામાં છેલ્લી દશનાં સાધનો, અને છેલ્લામાં છેલ્લી શોધાયેલી નવી દવા વસાવવામાં આવે. એમાં જે ખર્ચ થાય તે તરફ જોવું ન હોય. વળી એમને એ પણ કર્તવ્યરૂપ લાગે કે એ સાધનોના ઉપયોગમાં ગરીબ-તવંગરનો ભેદ ન કરવો ઘટે. એટલે કે તવંગરને માટે મોંઘી દવા પરવડે અને ગરીબને માટે ન પરવડે એવો ખ્યાલ ન રાખવો ઘટે. આદર્શ ઇસ્પિતાલની આ એક બાજુ છે.

પણ આપણા જેવા ગરીબ દેશને માટે આદર્શની એક બીજી બાજુનો વિચાર કરવાની જરૂર છે. તે એ કે ઉપચારનો લાભ તો મળે, આરોગ્યના નિયમો અને દૃષ્ટિ પણ મળે, છતાં આપણાં સાધનો આપણી ગરીબાઇને પરવડે અને ગામેગામ જેની સ્થાપના થઇ શકે એ દૃષ્ટિએ દવાખાનાં તથા ઇસ્પિતાલનો આદર્શ શોધવો.

દેશી વૈદક અને હોમિયોપથી

આ દૃષ્ટિએ જોતાં અલોપથી કરતાં દેશી વૈદક અને હોમિયોપથી ઉપચારપદ્ધતિઓનો પણ મોટી ઇસ્પિતાલોએ વિભાગ રાખવો જોઇએ એમ મારો નમ્ર મત છે. દેશી વૈદકમાં હું આયુર્વેદ અને યુનાનીનો અને હોમિયોપથીમાં બાયોકેમિસ્ટ્રીનો યે સમાવેશ કરી લઉં છું. આ ઉપરાંત આ ચારેને વ્યાપક એવી કુદરતનો આશ્રય પણ વધારે મોટા પ્રમાણમાં લેવો ઘટે છે. અર્થાત્ ઉત્તમ ઇસ્પિતાલ એ આપણા દેશમાં સમગ્રોપચાર ઇસ્પિતાલ હોવી જોઇએ.

અલોપથીનો મેં ઘણો આશ્રય લીધો છે, અને હજુ યે મોટે ભાગે અલોપથીની દવાઓ લઉં છું, અને મોટે ભાગે મને અલોપથીના મોટા મોટા દાકતરો સાથે જ સંબંધ છે. છતાં એ દાકતરો વિષે એક વાત મને બહુ કઠે છે, તે એમનું બીજી 'પથીઓ' વિષેનું બેદરકારીભર્યું અજ્ઞાન. આજના કાળના કોઇ નામાંકિત વૈદ્ય કે હોમિયોપાથ કે નિસર્ગોપચારક પાસે જાઓ, અને તેમને તમે કરેલા દાકતરી ઇલાજોની વાતો કહો, તો એવો કોઇ નહીં મળે કે જેને એ દવાઓના પ્રયોગો વગેરે વિષે કશી માહિતી ન હોય કે એમાં અમે નથી સમજતા એમ કહે. પણ કોઇ મોટા એમ. ડી. પાસે જાઓ અને કહો કે મેં અમુક માત્રા કે અમુક ભ્રસ્મ કે હોમિયોપથીની અમુક અમુક દવાઓ લીધી છે, તો તે એ વિષે કશું જ ન સમજતો હોય એમ બનશે. આ મને દયામણી સ્થિતિ લાગે છે. રોગી એક મોટા નામાંકિત દાકતર પાસે જાય, દાકતર એના બચપણથી અત્યાર સુધીનો બધો ઇતિહાસ જાણવા પ્રયત્ન કરે, તેમાં એણે લીધેલા કુદરતી, વૈદક કે હોમિયોપથીના ઇલાજોને અને તેના અસરને વણવે, પણ એ ઇલાજો વિષે દાકતર કશું સમજી જ ન શકે એ કેવું જ્ઞાન કહેવાય ? ભલે અલોપથી સિવાયના બીજા ઉપચારોમાં શ્રદ્ધા ન હોય, પણ જો એના દરદીએ હોમિયોપથીની કોઇ દવા લીધી હોય, અને તેનાં પરિણામોથી એ હેરાન થતો હોય, તો એ પરિણામ કઇ દવાનું છે એટલું તો એને સમજાવું કે શીખતાં આવડવું જોઇએ. એમ તો નહીં જ કહી શકાય કે વૈદક અને હોમિયોપથીમાં એવી દવાઓ જ નથી જેનાં શરીર પર સારાં-માઠાં તીવ્ર પરિણામો નથી આવતાં.

ઉપરાંત, એ પણ જાણીતી વાત છે કે કેટલાક રોગ અલોપથીથી નથી સુધરતા અને વૈદક કે હોમિયોપથીથી સુધરે છે. એથી ઊલટું કેટલાક વૈદક અને હોમિયોપથીને દાદ નથી આપતા અને અલોપથીથી સુધરે છે. અને ઘણાક જીર્ણ રોગો એવા ય છે કે જેને માટે દવાની એકેય પદ્ધતિમાં સફળ ઇલાજ જ નથી. કાં તો રાહત પૂરતા જ કાંઇક ઇલાજો બતાવી શકાય છે, અથવા તેટલું યે નથી બતાવી શકાતું, અને અંત આવે ત્યાં સુધી કુદરતની સાથે મેળ બેસાડી લેવાનું અને વેદના ઓછી કરવાપણું જ હોય છે.

આ સ્થિતિમાં બીજી પદ્ધતિઓ સાથે અસહકારની અને ઉપેક્ષાની વૃત્તિ રાખવી અને તેનાં મૂળભૂત તત્ત્વો વિષે અણસમજણ હોવી એ મને અવૈજ્ઞાનિક અને મતવાદીપણું લાગે છે.

દેશને જે લાખો દવાખાનાં અને હજારો ઇસ્પિતાલોની જરૂર છે, તે જોતાં કેવળ ખર્ચની દૃષ્ટિએ વિચાર કરીએ તોયે વૈદક અને હોમિયોપથીનો બહુ મોટા અંશમાં આશ્રય લીધા વિના છૂટકો નથી અને અલોપથીના શિક્ષણ અને ઇસ્પિતાલો માટે જે કાળજી લેવામાં આવે છે, વિશાળ યોજનાઓ ઘડાય છે, અને છેલ્લામાં છેલ્લી ઢબની બનાવાય છે, તેટલી જ કાળજી આયુર્વેદ અને હોમિયોપથીની પાછળ લેવાનીયે જરૂર છે.

કુદરતી ઉપચારો

કુદરતી ઉપચારોનું મેં નામ જ નથી લીધું, એ એની ઉપેક્ષા માટે નહીં, પણ એ તો બધા, પદ્ધતિઓની સાથે વ્યાપકપણે જ હોવા જોઇએ. આપણે સારી પેઠે જાણીએ છીએ કે ઘણા રોગો તો કુદરતી રીતે જ મટી જાય એની શરીરમાં શક્તિ છે, ભલકે રોગનું દર્શન એટલે કુદરતનો શરીરમાં પેઠેલા બગાડને કાઢવાનો પ્રયોગ, એમ પણ કહી શકાય. એમાં શુશ્રૂષા અને દવાદારૂ કેવળ કુદરતને મદદ કરવા માટે અને શરીર સહન કરી શકે તેથી કુદરતનો પ્રયત્ન વધારે વેગવાન ન બની જાય અને આડકતરો ન ફંટાઇ જાય તેવો અંકુશ જાળવવા પૂરતો હોય. બધા જ રોગો દવાદારૂ વિના મટી જ જઇ શકે એવું હું કહેવા ઇચ્છતો નથી. કોઇ વાર માટે પણ છે, પણ તે શરીરને અતિશય અશક્ત કરી નાંખીને અને રિબાવી રિબાવીને. દા. ત. મેલેરિયા. કેટલાક કુદરતી અને હોમિયોપથીના ઇલાજોથી મેલેરિયા મટવાના દાખલા હું જાણું છું. મારા પોતાના પર મેં એક પ્રયોગ કર્યો છે. પણ મારો અભિપ્રાય બંધાયો છે કે તે કરતાં શરૂઆતમાં જ બે-ત્રણ દિવસ ક્વિનીન લઇને એમાંથી છૂટી જવું વધારે સારું ગણાય; તેમ જ રોગીને ઉપવાસ કરાવવા કે કેટલાક રોગોમાં દૂધ વિનાના આહાર પર રાખવો સારો, પણ મારા જેવાને લાંબા ઉપવાસ કરાવવા કે પાંચ રતલ વજન ઓછું થઇ જાય એવો પ્રયત્ન કરવો, એટલે ઘણા મહિના સુધી અશક્ત કરી નાખવા જેવું થાય આમ કુદરતી ઉપચારનો જ સર્વત્ર પ્રયોગ થાય એવો મત પ્રગટ કરવાની મારી હિંમત નથી.

વળી આજના કુદરતી ઇલાજો ગરીબ માણસોને પોષાય એવા પણ હજુ નથી. ઘણી વાર એ અલોપથી કરતાં યે મોંઘા પડે છે, અને પૈસાદાર અને પુરસદ ધરાવનાર માણસોને જ પાલવે એવા છે. જેને તાવવાળે શરીરે પણ નોકરીએ હાજર રહેવાની જરૂર પડે એવી સ્થિતિ હોય તે દાકતરની બાટલી ગજવામાં મૂકી કામે જઇ શકે, પણ એ શી રીતે જાતજાતના આથા અને બબ્બે કલાકે દૂધ કે ફળના રસના ઘૂંટડા ભરી શકે ?

છતાં, ઇસ્પિતાલમાં દાખલ થનારને દવાથી જ સારો કરી નાખવાની વૃત્તિ પણ અંકુશમાં રાખવા જેવી છે. દવા કરતાં વધારે મહત્ત્વની વસ્તુ નર્સિંગ-યોગ્ય શુશ્રૂષા છે, આરામ છે, ખોરાકનું નિયમન છે. મોટે ભાગે તો કેવળ આરામથી સૂવાનું મળે, અને ઉપરથી એનીમા, શેક, નિયમિત રપંજ અને ખોરાકનું નિયંત્રણ થાય તો ઘણા રોગો મટી જાય છે, ઘા રૂઝાય છે, અને નરતરના પ્રયોગોની જરૂર પણ ઘટી જાય છે. ગાંધીજીના બીજા રોગો મટાડવાના પ્રયોગો વિષે બહુ ખાતરી ન આપું તોયે સેવાગ્રામમાં ટાઇફોઇડના ઘણા કેસ થઇ ગયા, તેમાંથી એમને હાથે એક પણ કેસ બગડયો નહોતો. ઘા અને પેટનાં દરદોમાં માટીના પ્રયોગોથી જ ઘણો લાભ થતો એટલું તો હું કહી શકું જ.

ગાંધીજીનો કુદરતી ઉપચારો વિષેનો શોખ પ્રખ્યાત છે. રાજકારણમાંથી નિવૃત્ત થઇ શકત, તો તેમની ઉમેદ કુદરતી ઉપચારોના વિજ્ઞાન પાછળ અને તે ગરીબ ગામડાને પાલવે એવી રીતે એની શોધખોળ પાછળ અને મનુષ્ય ૧૨૫ વર્ષ જીવવાની ઉમેદ રાખે એટલો તંદુરસ્ત બનાવવા પાછળ પોતાનું જીવન ગાળવા ઇચ્છા રાખતા હતા. એ કામ આજે તો અધુરું જ રહ્યું છે.

પણ આ તો કાંઇક આડો ઉતર્યો. કહેવાની વાત એ કે રોગી ઇસ્પિતાલમાં આવે કે એની પાછળ દવાઓ વળગાડી દેવામાં અતિરેક થતો લાગે છે. ઘણીવાર તો નર્સો અને દાકતરોના ઇલાજોની એવી હારમાળા લાગી જાય છે કે દરદીને આરામ લેવાને સમય જ ન હોય. માંદો માણસ સવારના સાત સાડાસાત સુધી પડી રહેવા ઇચ્છે કે રાતના આઠ પછી સૂઇ જવા ઇચ્છે, પણ નર્સોની થર્મોમીટરો, રપંજ વગેરેની ધમાલ એને શાનો ઊંઘવા દે ?

આમાં દાકતરોયે નાઇલાજ છે, એ હું જાણું છું. એવા યે દર્દીઓ આવે છે જે દવા અને ઇંજેકશનો માટે અધીરા હોય છે, અને જો એની અપેક્ષા પ્રમાણે ઇંજેકશન ન અપાય તો માને છે કે મારી દરકાર લેવામાં આવતી નથી. આવા દરદીઓને એમના વહેમમાંથી છોડાવવાની અને દવાઓનું આલંબન ઓછું રાખતાં શિખવવાની જરૂર છે.

ખોરાક

ખોરાકની અસર ઉપર દાકતરોનું બહુ ઓછું ધ્યાન ગયું છે. ભલકે, હાલ એવો મત હોય એમ જણાય છે કે ટાઇફોઇડ, ન્યુમોનિયા કે ગમે તે રોગ હોય, હંમેશનો ખોરાક લેતા રહીને યે કેવળ દવાના બળે રોગ મટાડવાની સિદ્ધિ મેળવવા તરફ પ્રયત્ન છે. આ બાબતમાં દેશી વૈદકમાંથી ઘણું શીખવા જેવું, અને તેમાં સંશોધન કરવા જેવું છે. વિટામીનો, ક્ષારો, કેલોરીઓનો આજે ઘણો મહિમા ગવાય છે પણ દરેક ખોરાકની જુદી જુદી તાસીરો પર પૂરતું ધ્યાન અપાયું નથી. એને વહેમમાં કાઢી નાખવા પ્રત્યે વલણ છે. આ વૃત્તિ વિજ્ઞાનને છાજનારી લાગતી નથી.

આમ સર દરકીસનદાસ હોસ્પિટલને મુબારકબાદી આપવાને નિમિત્તે આટલા વિચારો સૂઝયા તે સેવામાં અર્પણ કરી, ઇસ્પિતાલના ઉત્કર્ષની ઇચ્છા કરી, પુરું કરું છું.

વર્ધા,
તા. ૧૦-૧૧-૪૯

કિશોરલાલ ઘ. મશરૂવાળા

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ખનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

પ્રબુદ્ધ જૈન

તંત્રી : અનિલાલ મો. મહેતા શાહ

વર્ષ ૬૮ અંક ૭ } મુંબઈ : ૧૬ જુન ૧૯૧૮ ગુરુવાર { છુટક નકલના રૂપિયા ૪

પ્રાચ્યવિદ્યા સંશોધન અને સાંસ્કૃતિક પુનર્નિર્માણ

[illegible] પ્રાચ્યવિદ્યા પરિષદના પ્રમુખસ્થાને આપવામાં આવેલું ભાષણ

આપણી ભાષાકીય અને સાહિત્યના ઉંડા અભ્યાસ માટે અનેકાનેક ગ્રંથો પ્રભુત્વને ગાદીએ વિશેષ આદરણીય છે તેમાં શંકા નથી અને પ્રાચીન ગ્રંથોની ભવ્યતા વિદ્વાને પણ ભુલી જવા જેવી નહિ. છતાં પણ આપણે પ્રગતિ સાધવી હશે તો આપણે ચોતરફ સમકાલીન પરિસ્થિતિ અને ભવિષ્યની સ્થિતિ તરફ નજર નાખવી જ જોઈશે. આ જમાનામાં એ બાબત ઉપર ખાસ ભાર મુકવાની જરૂર છે કે સમુચિત સાધનોના અભાવે આપણે અજ્ઞાનમાં રહેવું જોઈશે, વધારેમાં અંધારે અથડાવું જોઈએ એવું નથી. દરેક પરરાષ્ટ્રોથી આવતો દરેક પણ વિચાર આપણને સ્વીકારવા જ

ઐતિહાસિક અને વિવેચનાત્મક દૃષ્ટિએ પ્રાચ્ય વિષયોના અધ્યયનનું માન એકવાર અમુક અંશે યુરોપીય વિદ્વાનોના ફાળે જાય છે. જો આજે ઇંગ્લંડ અને અમેરિકામાં પ્રાચ્ય વિદ્યાભ્યાસનો પ્રવાહ પૂર જોશમાં ન વહેતો હોય તો હિંદમાં એ પ્રવાહને યોગ્ય નહેરમાં વાળી તેને સતત વહેતો રાખવા માટે અને તેનું વહેણ કદીયે ખૂટી ન જાય એ માટે યોગ્ય પ્રયત્નો કરવા એ શું ઇચ્છવાયોગ્ય નથી? ગુફાઓ, મંદિરો અને મસ્જિદોથી ભરચક આ દેશ પ્રાચ્યવિદ્યાભ્યાસનું કુલભવન બને એ સ્વાભાવિક છે, અને આ યોગ્ય ધ્યેયને સિદ્ધ કરવું એ કેવળ આપણા ઉપર અવલંબે છે.

આ વિષયના અનુસંધાનમાં શિષ્ટ સાંસ્કારિક શિક્ષણ (Classical Study)ની ઘણા મોટા પ્રમાણમાં આપણા હાથે થયેલી અવગણનામાંથી ઉભા થતાં એક મહત્વના પ્રશ્ન પરત્વે આપ સર્વનું ધ્યાન ખેંચું છું. આ શિક્ષણનું મૂલ્ય માત્ર સંશોધનના વિષય તરીકે જ નહિ પણ સમાજ અને શિક્ષણના પ્રદેશમાં તેના વિશિષ્ટ સ્થાનને લીધે અતિ મહત્ત્વનું છે. આ પરિષદના છેલ્લા પ્રમુખ ડો. આર. સી. મજુમદારે આ પ્રશ્નને સ્પર્શ્યો હતો અને તેના ઉપાય તરીકે સૂચવ્યું હતું કે આપણા શિક્ષણમાં પ્રાચ્ય વિષયોને મહત્ત્વનું સ્થાન આપવું જોઇએ. એમના આ સૂચનમાં ઘણું સત્ય રહેલું છે. છતાં યુનિવર્સિટી, કોલેજો અને શાળાઓના અભ્યાસક્રમમાં પૌરસ્ત્ય વિષયોનો સમાવેશ કરવામાં આવે તેટલા માત્રથી આ પ્રશ્ન ઉકલવાનો નથી. આ પ્રશ્નનું મહત્ત્વ એથી ઘણું વધારે છે. ખરેખર એતો આપણી સૈક્ષાજીની શિક્ષણપદ્ધતિનું સમગ્રપણે સંસ્કરણ કરવાનો પ્રશ્ન છે. આ પ્રશ્નની સમગ્રપણે છણાવટ કરવાનો અત્યારે સમય નથી. છતાં પૌરસ્ત્ય વિદ્યાના ઉત્કર્ષમાં આ પરિષદનું આત્યન્તિક હિત સમાયું છે. માટે આપ સર્વ આ વિષય પરત્વે સંક્ષેપમાં બોલવાની મને પરવાનગી આપશો એવી આશા રાખું છું.

એ જાણીતું છે કે આપણા આધુનિક અભ્યાસક્રમમાં સંસ્કૃત, અરબી અને પર્શીયન ભાષાનો અભ્યાસ દાખલ કરવામાં આવ્યો છે છતાં તે ભાષાઓએ અગાઉના જેટલું માન અને મહત્ત્વ નથી સાચવ્યું તેમ જ ઉત્સાહપૂર્વક તેમનો અભ્યાસ પણ નથી થતો. તેની અવગણનાના અનેક કારણોમાંનું આધુનિક જીવનના ગુંચવણભરેલા પ્રશ્નોની બહુલતા એ એક કારણ હોઇ શકે છે. અને આ પ્રશ્નોનો સંતોષજનક ઉકેલ માત્ર સાહિત્યના શિક્ષણદ્વારા આવી શકે તેમ નથી. પ્રાચીન ભાષા અને સાહિત્યનું શિક્ષણ તો આ બાબતમાં બહુ ઓછું મદદરૂપ થઇ શકે. આમ, કાળના પ્રવાહ સાથે બદલાતા જતા આજના અભ્યાસક્રમમાં શિષ્ટ સાંસ્કારિક વિષયના અભ્યાસની ઘણે અંશે ઉપેક્ષા કરવામાં આવી છે એ વિશે બે મત છે જ નહિ. જીવન સામે ઝૂઝવામાં આજે માણસને જેને ઉપયોગી જ્ઞાન લેખવામાં આવે છે તે ઉપર ફરજિયાત વધારે ધ્યાન આપવું પડે છે અને કદાચ તે તેની અવગણના નહિ કરતો હોય તો પણ દેખીતી રીતે નિરુપયોગી જણાતી પ્રાચીન વિદ્યાના અભ્યાસ તરફ તે બેદરકાર રહે છે. તે સમજે છે કે આધુનિક જીવન માટે પ્રાચ્યવિદ્યાનું જ્ઞાન અનુકૂળ નથી.

જો આપણે આધુનિક પરિસ્થિતિ બરાબર ધ્યાનપૂર્વક તપાસીએ તો ઉપરના દૃષ્ટિબિંદુની તરફેણમાં ઘણું કહેવાય તેમ છે. જે હિંદમાં બની રહ્યું છે તે જગતભરમાં પ્રવર્તી રહેલી શિષ્ટ સાંસ્કારિક અભ્યાસની અવગણનાનો જ એક આવિર્ભાવ છે. પણ આજે આવા અભ્યાસ પ્રત્યે જે ઉપેક્ષા દાખવવામાં આવે છે તેનો આ એક જ ખુલાસો નથી. આજની દુઃસ્થિતિનો પ્રારંભ તો છેલ્લો સૈકાથી શરૂ થયો હતો, જ્યારે તત્કાલીન રાજ્યનીતિનું સ્વરૂપ પ્રાચ્યવિદ્યા પરત્વે તિરસ્કારનું અને પાશ્ચાત્ય વિદ્યા પરત્વે પુરા મમત્વનું સ્વીકારવામાં આવ્યું હતું. મેકોલેની ૧૮૩૫ની સુપ્રસિધ્ધ નોંધ કે જેમાંથી આ પરિસ્થિતિ ઉભી થવા પામી છે તે નોંધે જ ભવિષ્યની ભાષાના માધ્યમ તરીકે પર ભાષાને અપનાવી અને પાશ્ચાત્ય સંસ્કૃતિના આધિપત્ય માટે સરળ માર્ગ કરી આપ્યો. આને લીધે ભૂતકાળ સાથેનો આપણો સંબંધ તૂટ્યો અને વર્તમાનને અનુલક્ષીને જ આપણે જીવવા લાગ્યા. સાચી દૃષ્ટિ તો વિચિત્ર રીતે એકમેકની પાસે આવી ઉભેલી પૌરસ્ત્ય અને પાશ્ચાત્ય સંસ્કૃતિનો યોગ્ય સમન્વય કરવામાં રહેલી હતી, પણ તેને બદલે અંગ્રેજી શિક્ષણને માધ્યમ તરીકે રાખી તે દ્વારા પશ્ચિમની સંસ્કૃતિનું આધિપત્ય સ્થાપવાની નીતિ સ્વીકારવામાં આવી. આ ઘટનાએ પૌરસ્ત્ય સંસ્કૃતિના પાયાને મૂળમાંથી જ હચમચાવી નાખ્યો અને પૌરસ્ત્ય વિદ્યાને ઉત્તરોત્તર ઉતરતી કક્ષાએ મૂકી. એ ખરૂં છે કે મેકોલેએ ૧૮૩૫ માં પોતાની નોંધ લખી તેના ૧૮ વર્ષ પહેલાં સરકારે નહિ પણ કલકત્તાના પ્રતિષ્ઠિત નાગરિકોએ જ અંગ્રેજી કેળવણીની માંગણી કરી હતી, જેને પરિણામે ૧૮૧૭માં પ્રખ્યાત હિંદુ કોલેજની સ્થાપના થઇ હતી. આ રીતે લોકલાગણીનું માપ મેકોલે બરાબર કાઢી શકયો હતો. રાજકીય સંયોગોને આધીન બનીને જેની લોકો માંગણી કરી રહ્યા હતા તે અંગ્રેજી જ્ઞાનથી લોકોને વંચિત ન રાખવાનું પગલું તેણે ભર્યું તેમાં મેકોલેએ કશું ખોટું કર્યું છે એમ કહી જ ન શકાય. પણ આમ કરવા જતાં તેણે પૌરસ્ત્ય વિદ્યાને મૂળમાંથી બહિષ્કૃત કરી નાખી તેમાં જ તેની ગંભીર ભૂલ થવા પામી હતી. જ્યારે તેણે ખૂબ વિશ્વાસપૂર્વક જાહેર કર્યું (કદાચ ઉપયોગી જ્ઞાનના એક માત્ર સાધનની દૃષ્ટિએ હશે) કે "સંસ્કૃત અને અરબીના જ્ઞાન કરતાં અંગ્રેજીનું જ્ઞાન વધારે લાભદાયક છે" ત્યારે તેણે માત્ર ઉપયોગિતાના સંકુચિત દૃષ્ટિબિંદુથી જ સિક્ષણનો વિચાર કર્યો હતો. તે જોઇ શકયો નહોતો કે સંસ્કૃત અને અરબીનો અભ્યાસ આ દેશમાં વિશિષ્ટ અને મહત્ત્વના સ્થાનનો અધિકારી છે.

પણ છેલ્લા સૈકામાં પાશ્ચાત્ય કેળવણીની ઉપયોગિતા એટલી મહત્ત્વની બની છે કે મેકોલે જેવા પરદેશીની તો વાત જ શું પણ કેળવણી પામેલા હિંદીઓને પણ બીજો કશો ખ્યાલ કરવાનું સૂઝયું નહિ. રામમોહન રોય જેવા સંસ્કૃતના સમર્થ પંડિતે પણ જાહેર કર્યું હતું કે સંસ્કૃતનો અભ્યાસ પુરાણા પૂર્વગ્રહોને પોષશે અને નિષ્પ્રાણ થયેલા વિચારોનો પ્રચાર કરશે. નવીન કેળવણીના ઝળકારથી સૌ એવા અંજાઇ ગયા હતા કે હિંદમાં પ્રાચીન વિદ્યાનું વિશિષ્ટ સ્થાન અને ઉપયોગિતા છે તેના વિના આપણી કેળવણી વિકળ અને અપૂર્ણ રહેશે–એ દલીલપૂર્વક રજુ કરવાનું કોઇને સૂઝયું નહિ. અંગ્રેજી કેળવણીના પક્ષકારોની સામે પ્રાચ્ય વિદ્યાના મનોતા ઉપાસકોએ ભારતીય સાહિત્ય અને તત્ત્વજ્ઞાનની શ્રેષ્ઠતાની નબળી દલીલ ઉપર ભાર મૂક્યો હતો પણ તેના પ્રત્યુત્તરરૂપે કહેવામાં આવતું હતું કે અંગ્રેજી સાહિત્ય અને તત્વજ્ઞાન ગુણવત્તાની દૃષ્ટિએ જરાયે ઉતરતું નથી અને એ રીતે પ્રાચ્યવિદ્યોપાસકોનો વિચારપક્ષ ટકી શકતો નહોતો. એ દિવસોમાં પ્રાચ્ય સાહિત્યની જુદી જુદી શાળાઓનું યોગ્ય અન્વેષણ થયું નહોતું અને પૌરસ્ત્ય વિદ્યાનો અભ્યાસ પણ વિવેચનાત્મક દૃષ્ટિએ વિકાસ પામ્યો નહોતો તેમ જ તેવા અભ્યાસ માટે એવા અનુકૂળ સંજોગો ઉપસ્થિત થયા નહોતા કે જે વખતે માણસ વધારે ઉંડો સમજણથી પ્રેરાઇને સાહિત્યક કે ભાષાકીય પ્રશ્નોની મૂલવણી કરી શકે કે ઐતિહાસિક, ધાર્મિક, નૈતિક અને સામાજીક ક્ષેત્રમાં પૌરસ્ત્ય વિદ્યાનાં સંસ્કૃતિ નીતિ કે વિજ્ઞાનની દૃષ્ટિએ મૂલ્યો સમજાવી શકે. એ વખતે તો નહોતું સમજાયું અને અત્યારે પણ સંપૂર્ણપણે સમજાતું નથી કે પૌરસ્ત્ય વિદ્યા આપણી પોતાની સંસ્કૃતિ અને પ્રણાલિકાઓ, આપણા જીવનના વિવિધ પાસાઓ અને વિચારસરણીઓ, આપણી રીતભાત અને નૈતિક મૂલ્યો–સમગ્રપણે આપણી પોતાની જાતને જ સમજવાની એક ચાવીરૂપ છે. આ અપરિપકવ સમજણને લીધે જ આપણી પ્રાચીન વિદ્યામાં રહેલાં મહાન અને મૂલ્યવાન તત્ત્વને આપણે ન્યાય આપી શકયા નહિ. તેના પરિણામે

સર હરકીસનદાસ હોસ્પીટલનો રજત મહોત્સવ

તા. ૨૦–૫–૫૦ ના રોજ સરદાર વલ્લભભાઇ પટેલના અધ્યક્ષપણા નીચે સર હરકીસનદાસ નરોત્તમદાસ હોસ્પીટલનો રજત મહોત્સવ ઉજવાયો. આજથી ૪૨ વર્ષ પહેલાં ૧૯૦૮ માં સર હરકીસનદાસનું મૃત્યુ થયું અને તેમણે પોતાના વીલમાં પેડર રોડ ઉપરનો પોતાનો બંગલો હિંદુઓના લાભાર્થે પોતાના નામનું એક હોસ્પીટલ સ્થાપવા માટે આપ્યો. જેને વેચતાં અઢી લાખ રૂપીઆ ઉપજ્યા અને તેમનાં પત્નીએ એ જ કાર્યમાં વાપરવા માટે પોતાને મળેલી મીલકતમાંથી પોણાચાર લાખ રૂપીઆની રકમ આપી– તે બે સખાવતમાંથી આ હોસ્પીટલની ઉત્પત્તિ થઇ. આ હોસ્પીટલનો પ્રારંભ ૪૦ બીછાના વડે ૧૯૨૫ માં કરવામાં આવ્યો. આ ૪૦ બીછાનામાં ૨૦ માફી અને ૮ અર્ધ માફી હતા. તેનો વિકાસ થતે આજે આ હોસ્પીટલ ૨૮૦ બીછાના ધરાવે છે, જેમાં ૧૮૦ માફી બીછાનાં છે. આ ઉપરાંત આ હોસ્પીટલ સાથે એકસ–રે વિભાગ, પ્રસૂતિવિભાગ, પેથોલોજીકલ વિભાગ તથા દંત વિભાગ જોડાયલા છે. આ સંસ્થાના ઉત્તરોત્તર વિકાસમાં બે વ્યક્તિઓનો ફાળો અત્યન્ત મહત્વનો છે. એક શેઠ તુલસીદાસ ત્રીભોવનદાસ જેમણે હોસ્પીટલનો ૧૯૧૮ માં પાયો નખાયો ત્યારથી ૧૯૩૨ માં તેમનું સવસાન થયું ત્યાં સુધી હોસ્પીટલની પાયાની સેવા કરી અને તેમની સેવા અને પુરૂષાર્થથી આ હોસ્પીટલ ફાલી ફુલી અને પાંગરી. તેમના અવસાન બાદ આ હોસ્પીટલના સંચાલનની મુખ્ય જવાબદારી શેઠ ગોરધનદાસ ભગવાનદાસે લીધી. તેઓ આજ સુધી આ હોસ્પીટલને પોતાની શક્તિ અને સેવાનું અનન્ય ક્ષેત્ર બનાવીને કાર્ય કરી રહ્યા છે. આટલાથી તૃપ્ત નહિ થતાં ૧૯૪૪માં તેમણે આ હોસ્પીટલને રૂપીઆ એક લાખનું દાન કર્યું છે. આ હોસ્પીટલને શેઠ દેવકરણ મૂળજીના ટ્રસ્ટીઓ તરફથી નાતજાતના કશા પણ ભેદભાવ સિવાય સૌ કોઇને એકસરખી સેવા આપતું પેથોલોજીકલ ડીપાર્ટમેન્ટ ખોલવા માટે બે લાખ રૂપીઆનું દાન આપવામાં આવ્યું છે જે જૈન સમાજ માટે ગૌરવપ્રદ છે. આ હોસ્પીટલ ગુજરાતી હિંદુઓ માટે ઉભું કરવામાં આવ્યું છે અને તે મુજબ તેનો લાભ પણ તે વર્ગને જ ઘણા મોટા ભાગે મળે છે. એમ છતાં પણ અન્ય કોમ અને વર્ગની અનેક વ્યક્તિઓને તેમ જ રાષ્ટ્રસેવકોને–પછી તે ગમે તે કોમ કે વર્ગના હોય–પણ આ હોસ્પીટલનો લાભ અવારનવાર મળતો રહ્યો છે. અને કોઇ પણ તોફાન, હુલ્લડ કે કોમી અથડામણના પ્રસંગે જરૂરી તાત્કાલિક સારવાર માટે તો આ હોસ્પીટલનાં દ્વાર સૌ કોઇ માટે ખુલ્લાં મુકી દેવામાં આવે છે. આ સંસ્થામાં સુપ્રીન્ટેન્ડન્ટ અથવા તો ચીફ રેસીડન્ટ મેડીકલ ઓફીસર તરીકે ડો. પી. એમ. સાંગાણી કેટલાયે વર્ષોથી કામ કરે છે અને આજે આ હોસ્પીટલ જે કક્ષાએ પહોંચ્યું છે–વિસ્તારમાં અને વિવિધ પ્રવૃત્તિઓમાં–તે કક્ષાએ પહોંચાડવામાં એક કુશળ વ્યવસ્થાપક તરીકે ડો. સાંગાણીનો ઘણો મોટો ફાળો છે.

આ હોસ્પીટલ સાથે મુંબઇમાં વસતા આપણામાંના અનેકનાં સ્મરણો એક યા બીજી રીતે જોડાયલાં છે. આપણામાંના કેટલાયે સ્વતઃ દરદી તરીકે આ હોસ્પીટલનો લાભ લીધો હશે, તો કેટલાકના નિકટવર્તી સ્વજનો આ હોસ્પીટલમાં સારવાર યા ઓપરેશન માટે ગયા હશે, એ રીતે આ હોસ્પીટલ આપણુ સર્વના મમત્વ અને સદ્ભાવનું અધિકારી છે. આ હોસ્પીટલે આજ સુધી પુષ્કળ વિકાસ સાધ્યો છે. એમ છતાં પણ આજની ગુજરાતી હિંદુ સમાજની જરૂરિયાતને આ હોસ્પીટલ બહુ જ ઓછા પ્રમાણમાં પહોંચી શકે છે. આ માટે આ હોસ્પીટલનો શક્ય હોય તેટલો વિકાસ કરવાની જરૂર તો છે જ. પણ તે ઉપરાંત જુદા જુદા કેન્દ્રમાં આ ઢબનાં નવાં નવાં હોસ્પીટલો ઉઘાડવાની પણ એટલી જ જરૂર છે.

આ રજત મહોત્સવ, હોસ્પીટલની આજ સુધીની કારકીર્દીમાં એક સીમાચિહ્ન ગણાય. આ સંસ્થા આજ સુધીની સાધનાને પોતે શરૂ કરેલા કાર્યનું અન્તિમ સીમાચિહ્ન નહિ લેખે એ વિષે કોઇ સંશય છે જ નહિ. તેની પાસે પ્રાણવાન કાર્યકર્તાઓ છે અને શક્તિશાળી ડાકટરોનું એક સારૂં જુથ છે. વળી હોસ્પીટલે પોતે પણ ગુજરાતી સમાજમાં એક સારી શાખ જમાવી છે. હવે પછી કેમ આગળ વધવું તેને લગતા કાર્યક્રમમાં બીછાના વધારવા, સારવાર અને ઉપચારનાં નવાં નવાં ખાતાઓ ખોલવા, આ બધા માટે નવાં મકાનો બંધાવવા અને છે તેને મોટાં કરવાં–આ બધું તો હશે જ પણ એ બધી આખરે હોસ્પીટલની સ્થુળ સંપત્તિ છે. આ ઉપરાંત દરદીઓની સારવાર અને ડાકટરોના ચાર્જીસ–બે દિશાએ આજે હોસ્પીટલ જે કક્ષાએ ઉભું છે તેમાં ઘણો સુધારો થવાની જરૂર છે. ગમે તેટલી સુવ્યવસ્થાનો ગરીબોની સંભાળ અને કાળજીનો દાવો કરવામાં આવે તો પણ આજના હોસ્પીટલોમાં ગરીબ પૈસાદારનો ભેદ ટળતો જ નથી અને સામુદાયિક ખાતાઓમાં પુષ્કળ ભેદકારી–બેપરવાઇ ચાલ્યા જ કરતી હોય છે. અને કોઇ કોઇ વખત તો જાણે કે દરદી મરવા માટે જ હોસ્પીટલમાં જતો હોય એ હદની ગેરસંભાળનો દરદી ભોગ બનતો જોવામાં કે સાંભળવામાં આવે છે. આનાં અનેક કારણોમાં પુરતા સ્ટાફનો અભાવ એ પણ એક મહત્ત્વનું કારણ હોય છે. સારવાર પાછળ કુણા હૃદયનો અભાવ–જે કાંઇ થાય તે યાંત્રિક રીતે થયાં કરતું હોય–આવો પણ ઘણીવાર અનુભવ થાય છે. સારવાર અને ઉપચારમાં ગરીબ પૈસાદારનું અન્તર કેમ કરીને ઓછું થાય અને ગરીબ દર્દીને શારીરિક તેમ જ માનસિક રાહત ઉભય પુરતા પ્રમાણમાં કેમ મળે–જવાબદાર કર્મચારીઓની રીતભાતમાં સભ્યતા અને નરમાશનું પ્રમાણ કેમ વધે–એ બાબત હોસ્પીટલના મુખ્ય સંચાલકોએ વધારે ચીવટ અને ચિન્તાપૂર્વક ધ્યાનમાં લેવી ઘટે છે. બીજી બાબત ડાકટરોના ચાર્જીસ ઉપર જરૂરી નિયમન અને નિયંત્રણ મુકવાની જરૂર છે. આજે માંદા પડવું–ઓપરેશન કરાવવું–એ ગરીબ માણસને માટે એક મોટામાં મોટી આફતરૂપ લેખાય છે. માંદગી કે ઓપરેશનની આર્થિક બાજુને પહોંચીવળવા જતાં તેના પગ ભાંગી જાય છે. આ બે દિશાએ જેટલી વધારે રાહત આપી શકાશે તેટલું હોસ્પીટલનું કાર્ય વધારે સાર્થક થયું લેખાશે. સર હરકીસનદાસ હોસ્પીટલ આ રીતે એક આદર્શ અને ગરીબ જનતાને આશીર્વાદરૂપ સંસ્થા નીવડે એવી અન્તરની પ્રાર્થના છે.

પરમાનંદ

પ્રાચ્ય વિદ્યાનો અભ્યાસ જે નિષ્પ્રાણ સ્થિતિમાં ટકી રહ્યો હતો તેને પ્રારંભથી જ અંધારણ અને વલણમાં કેવળ પરદેશી બનતા જતા શિક્ષણના ક્ષેત્રમાં યોગ્ય સ્થાન મળી શકયું નહિ.

છેલ્લા સૈકામાં પાશ્ચાત્ય કેળવણી લેવાના અદમ્ય ઉત્સાહમાં આપણે ભૂલતા જતાં હતા કે આ જાતનું વલણ એ રાષ્ટ્રીય જીવનને અનુરૂપ રાષ્ટ્રીય શિક્ષણના મૂળમાં જ ઘા કરી રહેલ છે. એમાં શંકા નથી કે પાશ્ચાત્ય વિદ્યાએ આપણી પ્રજાને જે ચેતના આપી હતી તેની તે કાળે જરૂર હતી. એ ચેતના મેળવવી અને તેનો ઉપયોગ કરવો એ પણ અનિવાર્ય હતું. પાશ્ચાત્ય વિદ્યાથી આપણને અનેક ફાયદા થયા છે તે નકારી શકાય તેમ નથી. તેના વિના આ પ્રગતિશીલ દુનિયામાં આપણે ઘણાંએ પછાત પણ રહી ગયા હોત. પણ છેલ્લા સૈકામાં જે શૈક્ષણિક નીતિનો સ્વીકાર કરવામાં આવ્યો હતો તેમાં પરિવર્તન પામતાં સામાજિક કે રાજકીય નૈતિક સંયોગો સાથે પ્રાચ્ય વિદ્યાના શિક્ષણને અનુકૂળ કરવાનો કે રાષ્ટ્રીય ભાવના અને રાષ્ટ્રીય દર્શન સાથે નવા શિક્ષણનો મેળ મેળવવાનો કદી પ્રયત્ન કરવામાં આવ્યો નથી. (અપૂર્ણ)

મૂળ અંગ્રેજી :—ડો. **સુશીલકુમાર દે.**

અનુવાદક :—**તારાબહેન શાહ.** બી. એ. (ઓનર્સ)

સંસ્કૃતિ અને કળા

('આજકાલ'ના ૧૯૪૯ ના વાર્ષિક અંકમાં પ્રગટ થયેલ હિંદી લેખનો અનુવાદ)

મને કહેવામાં આવ્યું છે કે સંસ્કૃતિ અને કળા વિષે મારે કંઈ કહેવું. આજે આપણે એ બે શબ્દોને અંગ્રેજી 'આર્ટ' અને 'કલ્ચર'ના પર્યાય તરીકે કામમાં લઇએ છીએ. આપણા પૂર્વજોએ સાહિત્ય, સંગીત અને કલાની ત્રિપુટી માની હતી. સાહિત્ય અને સંગીત બન્ને વાણીના વિષયો છે. શુક્રાચાર્યે કલાની વ્યાખ્યા કરતાં એક જગાએ કહ્યું છે કે 'મુંગા માણસને પણ જે સાધ્ય હોય તેને કળા કહેવી જોઇએ.'

આજે આપણે કલા શબ્દનો એટલો સંકુચિત અર્થ નથી કરતા અને સંસ્કૃતિ તો આપણી ભાષા માટે એક નવો જ શબ્દ છે. એમ તો સંસ્કાર, સંસ્કૃત અને સંસ્કૃતિ એ ત્રણે શબ્દો આપણી સાથે હંમેશાં છે જ, જો કે સંસ્કૃતિ શબ્દ 'કલ્ચર'ના અર્થમાં હમણાં હમણાં આપણે વાપરવા લાગ્યા છીએ.

પુરાણા જમાનામાં 'કલ્ચર'નું બધું કામ 'ધર્મ' શબ્દથી ચાલતું હતું. ધર્મમાં શું શું નથી સમાતું ? આપણું જીવન ધર્મને અધીન હતું. ધર્મ આપણા જીવનની પ્રેરણા હતી. ધર્મ જ આપણા જીવનની વ્યવસ્થા કરી આપતો હતો. આપણા જીવનને સંસ્કારી કરવા માટે અને મનુષ્ય-મનુષ્યનો સંબંધ શુભ અને કલ્યાણકારી બનાવવાને માટે આપણે ધર્મનો આશરો લેતા હતા.

પરંતુ બધા લોકોના સમસ્ત જીવનને બાંધી રાખવાની કોશિષમાં ધર્મ પોતે જ અનેક બંધનોમાં ફસાઇ ગયો. પહેલું બંધન થયું શાસ્ત્રોનું. બીજું જબરદસ્ત બંધન થયું રૂઢિઓનું. ધર્મસંસ્થાપકો અને પયગંબરોના અભિપ્રાયો, એમની આજ્ઞાઓ અને એમણે બતાવેલા રિવાજો પણ બંધનરૂપ થવા લાગ્યા. આટલેથી જ બસ ન થયું એટલે ધર્મે પરલોકના ઇતિહાસ ભૂગોળની થોડી કાલ્પનિક વાતો કરી. આ રીતે એક પછી એક અનેક બંધનોમાં આવીને ધર્મ જકડાઇ ગયો, એની પ્રેરક શક્તિ ઘટી ગઇ; વળી ધર્મે અનેક બુરી વાતોને પણ આશરો આપવો શરૂ કર્યો.

ધર્મના આ દુરૂપયોગથી જે લોકો અકળાયા એમણે આવી બધી ચીજોથી બચવાને માટે સંસ્કૃતિનો સહારો લીધો. સંસ્કૃતિ એક એવી ચીજ છે જે પોતાની ખૂબી રાખવા છતાં અને બધાને પોતાના પ્રભાવમાં લાવ્યા છતાં પણ કોઇને બંધનમાં લાવતી નથી. ધર્મે હંમેશાં પોતાનું મકાન બાંધવા માટે દિવાલો ઉભી કરી છે. એમાં પોતાને સુરક્ષિત માને છે. સંસ્કૃતિ એક વાયુમંડળ છે. સહુના ફેફસા સુધી પહોંચે છે અને સહુને એના પ્રાણવાયુથી પ્રાણિત કરે છે.

જેમ આપણે કોઇ કુદરતી વસ્તુને કાટછાટ કરીને, બહારીને અને ઘસી ઉટકીને સાફ-સ્વચ્છ અને અધિક ઉપયોગી બનાવીએ છીએ અને એમ કરતાં એમાં આપણો જીવ પરોવીએ છીએ એ રીતે કુદરતી જીવનને બહારવું, કેળવીને વધારે નરમ બનાવવું, મુલાયમ બનાવવું, વધારે કાર્યકારી અને પ્રભાવશાળી બનાવવું અને એમાં સંગીત અને સુગંધ પેદા કરવી, એ સંસ્કૃતિ. વાંસની એક નળીને લઇને એમાંથી વાંસળી બનાવી દેવી એ સંસ્કૃતિનું કામ. હજારો અને લાખો વરસોના પુરૂષાર્થથી મનુષ્ય જાતિએ જે કાંઇ મેળવ્યું છે તે એની સંસ્કૃતિ.

પશુ-પક્ષિ આદિ જાનવરોમાં પ્રકૃતિ પોતાનું કર્મ કરે છે. એમના જીવનમાં કાંઇ બગાડો કે સુધારો થતો નથી. પ્રકૃતિમાં કોઇ બગાડ થાય તો એને વિકૃતિ કહે છે અથવા સુધારો થાય તો એ સંસ્કૃતિ કહેવાય છે. પશુ-પક્ષી આદિ જાનવરોને પ્રકૃતિએ જેવાં બનાવ્યાં છે તેવાં રહે છે અને તેવાં જ મરે છે. એમને માટે ન તો કોઇ વિકૃતિનો ડર છે, ન તો કોઇ સંસ્કૃતિની આશા.

એથી ઉલ્ટું મનુષ્ય જ પ્રકૃતિનું એક એવું બાલક છે કે જેને માટે પ્રાકૃતિક જીવન જેવું કશું રહ્યું નથી. એ કયાં તો વિકૃતિ તરફ ચાલ્યો જશે અથવા પ્રયત્નપૂર્વક સંસ્કૃતિ તરફ આગળ જશે. દુધને જ લ્યો. એને એવું ને એવું રાખવાથી એ થોડા વખતમાં બગડવા માંડે છે. એને ગરમ કરીને એમાં મેળવણ નાખવાથી બગડી જવાને બદલે એનું દહીં થાય છે. દુધ પ્રકૃતિ છે, બગડેલું દુધ વિકૃતિ છે અને દહીં સંસ્કૃતિ છે. એ દહીંમાંથી આગળ ચાલીને આપણે માખણ કાઢીએ છીએ એ પણ સંસ્કૃતિનું જ કામ છે. માખણ બગડી ન જાય એ માટે એને તાવીને એનું ઘી બનાવીએ છીએ. એ પણ સંસ્કૃતિનો વધારો છે. મનુષ્યે પોતાના માટે અને આખા સમાજના ભલા માટે જે કાંઇ વિચાર્યું છે, કર્યું છે, ટાળ્યું. છે બદલ્યું છે એ બધું જ સંસ્કૃતિ છે. આપણો ધર્મ, આપણું સાહિત્ય, આપણા રીતરીવાજ, આપણી નગરરચના, વેશભૂષા, શિષ્ટાચાર, તહેવાર, આમોદપ્રમોદના સાધન, આ લોક અને પરલોકની કલ્પનાઓ બધું મળીને આપણી સંસ્કૃતિ થાય છે. આપણું જ્ઞાન, આપણી વિદ્યા, કલાઓ, આપણી જીવનદૃષ્ટિ, આપણાં જીવનની રચના અને વ્યવસ્થા-બધું મળીને આપણી સંસ્કૃતિ થાય છે. જે કાંઇ કામ આગલા વખતમાં ધર્મોએ કર્યું એ કામ નવા રંગથી આજે જુદી જુદી સંસ્કૃતિઓ કરી રહી છે. ન્યાય, નિષ્ઠા, સદાચાર, પરોપકાર, સત્ય, અહિંસા, પરસ્પર સહયોગ, સંયમ અને આત્મબલિદાન એ બધાં હવે સંસ્કૃતિનાં જ અંગ છે. વ્યક્તિના સ્વાર્થને દબાવીને અને વાસનાઓને કાબુમાં લાવીને બધાના ભલાને માટે કોશિષ કરતા રહેવું એ સંસ્કૃતિનું પ્રધાન લક્ષણ છે. કુદરતને ઓળખવી, એના પર વિજય મેળવવો અને પાકૃતિક શક્તિઓનો લાભ લઇને માનવજાતિનું કલ્યાણ કરવું એ સંસ્કૃતિનો પુરૂષાર્થ છે.

આજે આપણે જેને કળા કહીએ છીએ એ પણ આ સંસ્કૃતિનું જ એક અંગ છે. કલા સંસ્કૃતનું પ્રધાન અંગ હોય કે ન હોય એનું મહત્ત્વ ઓછું નથી. એમ જોઇએ તો સમગ્ર સંસ્કૃતિને જ જીવનની કલા કહી શકીએ. પરંતુ સામાન્ય રીતે કળાને શોભાની, આનંદની, કોમળતાની ચીજ માનવામાં આવે છે. સખત તાપની ગરમીથી માથાને બચાવવા માટે આપણે ટોપી કે પાઘડી પહેરીએ છીએ; એ થઇ એની ઉપયોગીતા. ટોપી અથવા પાઘડી બનાવવાની ઉપયોગી કળાને હુન્નર કહેવામાં આવે છે. આપણાં શિરોવેષ્ટનની ઉપયોગીતા ઉપરાંત આપણે એમાં આકૃતિની, રંગની, અને દેખાવની બીજી જે ખૂબીઓ લાવીએ છીએ એ બધું કળા છે. એને લલિતકળા પણ કહે છે. જ્યાં ઉપયોગીતા પૂરી થઇ ત્યાંથી કળાનો પ્રારંભ થયો.

આપણા મનમાં જે વિચાર આવે છે અને આપણે ભાષા દ્વારા બીજાઓ આગળ પ્રગટ કરીએ છીએ, પરંતુ જ્યારે એ વિચારોની સાથે આપણે આપણી ભાવનાઓને મેળવી દઇએ છીએ અને બન્નેને વ્યક્ત કરવાને માટે આપણી ભાષાને છંદોબદ્ધ કરીએ છીએ ત્યારે એ કળા થાય છે, જેને કવિતા કહે છે.

એ કવિતાના શબ્દ પર જ્યારે આપણે વિચાર કરીએ છીએ અને એની ભાવનાઓને આપણે આલાપોદ્વારા બીજાઓના હૃદય સુધી પહોંચાડીએ છીએ અને એનાથી જ્યારે નિરાશા-અલ્હાદ ઉત્પન્ન કરીએ છીએ, ત્યારે એ થાય છે સંગીત કળા.

શરીરની નગ્નતા ઢાંકવા માટે અને ઠંડીથી એનું રક્ષણ કરવાને માટે ધોતીયું અથવા સાડી પહેરવામાં આવે છે,

એ છે એની ઉપયોગીતા. હવે એ સાડી ઉપર આપણે જ્યારે રંગ ચઢાવીએ છીએ, ફૂલપત્તીની શોભા એના પર વણીએ છીએ, કિનારીમાં જૂદી જૂદી ભૂખ્મી બતાવીએ છીએ અને પાલવમાં ભાતભાતની શોભાની બીછાવટ કરીએ છીએ ત્યારે એ સાડીની ઉપયોગીતા તો પહેલાંના જેટલી જ રહે છે, અથવા કદાચ ઘટતી પણ હશે. પણ જ્યારે એ સાડી એની સુંદરતાથી આપણને પ્રસન્ન કરે છે ત્યારે એ છે કલાની ખૂબી. ઉપયોગીતા ઉપરાંત એમાં જે કાંઇ આવે છે તે છે કળા.

બાળકો જ્યારે નિરોગી અને પ્રસન્ન હોય છે ત્યારે સ્વાભાવિકપણે તેઓ નાચકૂદ કરે છે. પણ જ્યારે એ નાચકૂદમાં આપણે જૂદા જૂદા તાલનિયમો દાખલ કરીએ છીએ અને એમાં વળી અંગોપાંગનું સૌષ્ઠવ અને ભાવનાઓની ગૂઢતા વ્યકત કરીએ છીએ ત્યારે એ થાય છે નૃત્યકલા. નૃત્યકલામાં અનેક કલાઓનો સંગમ થાય છે. અને મનુષ્યનું સંપૂર્ણ અને સંસ્કારી વ્યકિતત્વ એમાંથી પ્રગટ થાય છે. આપણા દેશની નૃત્યકલાથી મનુષ્યની ચિત્તવૃત્તિમાં એક પ્રકારની કોમળતા, રસિકતા આવી જાય છે. ઉચ્ચકોટિના સાત્વિક નૃત્યદ્વારા આદરયુકત સંયમ અને પ્રસન્નતાનો પણ વિકાસ થાય છે.

અહિં એક વાત સમજવી જોઇએ કે કલા અને વિલાસિતા એક ચીજ નથી. કલામાં પણ આનંદ છે અને વિલાસિતામાં પણ આનંદ માનવામાં આવ્યો છે. પરંતુ કલા દૈવી ચીજ છે, વિલાસિતા પાર્થિવ. ખાવુંપીવું, આહારવિહાર વિગેરેમાં જે સુખ છે તે શરીરનું સુખ છે. એ જેટલું જરૂરી છે અને યોગ્ય છે તે ભલે મનુષ્યો આનંદથી સ્વીકારી લે, પણ એમાં અતિશયતા કરવાથી મનુષ્યની બધી શકિત ઘટે છે, એટલે સુધી કે સુખ પામવાની ધુનમાં એ વિલાસિતામાં ડુબી જાય છે. કળાનું એવું નથી. કલાનો આનંદ તટસ્થ હોય છે. શુધ્ધ કળા મનુષ્ય કદી પણ પતન કરતી નથી, એટલું જ નહીં પણ મનુષ્યે ઉત્કટ ભાવથી કલાની ઉપાસના કરી હોય તો કલા મનુષ્યને રસેશ્વર, સકલકલાના અધિપતિ ભગવાન તરફ લઇ જાય છે. મોક્ષની સાધનામાં સાચી કલા દૂર સુધી મદદગાર થાય છે. કલાનો સાચો આનંદ જેમણે મેળવ્યો છે તેમની અભિરુચિ કયારે પણ ગ્રામીણ વિલાસિતા તરફ જશે નહિ. દુરાચારને રોકવામાં કલાએ ઘણી વખત સાધકોને મદદ કરી છે. કલાદ્વારા જ સમાજની સર્વોચ્ચ રસિકતા અને સંસ્કારિતા વ્યકત થાય છે. ખ્રીસ્તી સંતોએ એને આપણા ભકતોએ પણ ધર્મપ્રચાર માટે નાટયકલાનો ખૂબ ઉપયોગ કર્યો છે. એટલે સુધી કે એક શાસ્ત્રીને મેં કહેતા સાંભળ્યા છે કેઃ–નાટકં નામ ભજન વિશેષઃ કલામાં ચિત્રકલા અને મૂર્તિવિદ્યાનું સ્થાન બહુ ઉંચું છે. ચિત્રકળામાં કેવળ ફોટો ખેંચવાની વાત નથી. ફોટોગ્રાફમાં મહાવરની શીકલ જેવી દેખાય છે તેવી જ બતાવવામાં આવે છે. પરંતુ સાચી ચિત્રકલાનો મર્મ એ હોય છે કે શિકલ તો જેવી હોય તેવી જ રહે પરંતુ જેનું ચિત્ર છે તેનો સ્વભાવ અને એના હૃદયનું અને એના આત્માનું પ્રતિબિંબ વિશેષરૂપે ચિત્રમાં પ્રગટ થાય. આપણા ચિત્રકાર અને મૂર્તિકાર જ્યારે સિંહનું ચિત્ર દોરતા હોય અથવા મૂર્તિ ઘડતા હોય છે ત્યારે એને કુદરતના સિંહની આંખો નહોતા આપતા. કુદરતે પોતાના સિંહની આંખો કુતરાની આંખો જેવી આપી છે તે સિંહની ભવ્યતા સાથે બીલકુલ બંધબેસતી નથી. આપણા કલાકારોએ સિંહને બળદની મોટી મોટી આંખો આપીને સર્જનહારની ભૂલ દૂર કરી છે. શ્રીકૃષ્ણની છબીમાં લીલારસિક મોહન કૃષ્ણ પણ દેખાય અને સામ્રાજ્ય વિધ્વંસક યોગેશ્વર શ્રીકૃષ્ણ પણ દેખાય ત્યારે જ એ શ્રીકૃષ્ણની છબી થઇ શકે.

મહાત્માજીની મૂર્તિ જ્યારે આપણે બનાવીશું ત્યારે આપણે એને ફોટોગ્રાફથી નહીં બનાવીએ પરંતુ આખા રાષ્ટ્રના હૃદયમાં અજાતશત્રુ વીર સત્યાગ્રહી વાત્સલ્યકોમલ રાષ્ટ્રપિતાની જે છબી પ્રતિબિંબિત થઇ છે એને મૂર્તિમંત કરીશું. જેવી આપણી સંસ્કૃતિ એવી આપણી કલા પણ હશે.

અન્નપૂર્ણાની મૂર્તિમાં કોઇ વિલાસિતાની શોભા બતાવાતી નથી પરંતુ એ મૂર્તિ પોતાના દુધથી ત્રણે લોકનું પોષણ કરાવવાવાળી પ્રૌઢ અને વત્સલ માતાને પ્રતિબિંબિત કરતી હોય છે.

પાકૃતિક દૃશ્યો અથવા તો કુદરતી દેખાવો પણ જેવા સ્થુળદૃષ્ટિએ દેખાતા હોય તેવા આપણા ચિત્રોમાં આલેખવામાં નથી આવતાં. આપણો ચિત્રકાર હૃદયનો કવિ હોય છે. જે દૃશ્ય તે જુએ છે તે ભકત અથવા યોગીની દૃષ્ટિથી જુએ છે અને જ્યારે તેનું ચિત્ર દોરે છે ત્યારે એના હાર્દને–આત્માને–આપણી નજર સામે રજુ કરે છે. પુરાણા ચિત્રકારોની વાત છોડી દઇએ. રશિયન ચિત્રકારો પિતા–પુત્ર શેરિકને લઇએ. પુત્રનાં ચિત્રોમાં સૌંદર્ય વધારે છે, સફાઇ અસાધારણ છે, પરંતુ પિતા શેરિકે હિમાલયમાં રહીને હિમાલયના દિવ્ય આત્માનું ધ્યાન કર્યું છે. એનાં દોરેલાં ચિત્રોમાં આપણે ગેબી વાયુમંડળ જોઇએ છીએ અને એમાં આપણા માટે હિમાલયનું ચૈતન્ય પ્રગટ થાય છે.

અશોકના સ્તંભ પર જે સિંહ મુકવામાં આવ્યો છે એ કોઇ જંગલનું જનવર નથી; પરંતુ હિંદુસ્તાનની આર્યતાનું પ્રતીક છે. સ્વતંત્ર હિન્દુસ્તાનનાં અહિંસક તેજ અને વિશ્વકલ્યાણકારી સંસ્કૃતિને વ્યકત કરવા માટે જેણે એને પસંદ કર્યો, એ પંડિત જવાહરલાલ નહેરુનું હૃદય સાચા કલાકારનું હૃદય છે અને એમાં હિંદુસ્તાનની સંસ્કૃતિનો ગંભીર ભૂતકાળ, વિશાળ વર્તમાન અને ઉજ્જવલ ઉત્તુંગ ભવિષ્યકાળ ત્રણે સમાયા છે. **કાકાસાહેબ કાલેલકર**

શ્રી. મ. મો. શાહ સાર્વજનિક વાંચનાલય અને પુસ્તકાલય.

યુવક સંઘની રચનાત્મક પ્રવૃત્તિ.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી જે જે રચનાત્મક પ્રવૃતિઓ ચલાવવામાં આવે છે; તેમાં વાંચનાલય અને પુસ્તકાલયની આ પ્રવૃતિ મૂખ્ય છે. સંસ્થાના કાર્યાલયમાં જ આ કાર્ય ચાલે છે. વાંચનાલય સવારના ચાર કલાક અને સાંજના બે કલાક ખુલ્લું રહે છે. સવારનાં અંગ્રેજી અને ગુજરાતી પાંચ દૈનિક પત્રો અને સાંજના બે ગુજરાતી દૈનિક પત્રો નિયમીત આવે છે. તે ઉપરાંત કેટલાંય અંગ્રેજી; હીંદી ગુજરાતી વિ. અઠવાડીક, પાક્ષિક અને માસિક પત્રો આવે છે. રોજના સવાર–સાંજના મળી બસોથી અઢીસો વાંચકો લાભ લ્યે છે.

પુસ્કાલય બપોરના અઢી કલાક ખુલ્લું રાખવામાં આવે છે. ધાર્મિક, સામાજિક તેમ જ ઐતિહાસિક પુસ્તકો, જીવનચરિત્રો, બાળકો–કિશોરો–યુવાનો સર્વેને વાંચવા લાયક લગભગ સાડાચાર હજાર પુસ્તકો છે. ગુજરાતી ભાષાનાં કોઇ પણ વિષયનાં ઘણાખરાં પુસ્તકો રાખવામાં આવ્યા છે. અને સારી સંખ્યામાં વાંચકવર્ગ એનો લાભ લ્યે છે. પરંતુ આ પ્રવૃત્તિઓને હજુ પણ અમારે વિસ્તૃત કરવી છે; અને તે માટે જનતાના સહકારની જરૂર છે. પુસ્તકાલયને પુસ્તકો તથા રોકડ રકમ આપી અને વાંચનાલયમાં નવાં સામયિકો મોકલીને આપને મદદરૂપ થવા વિનંતી છે. જ્ઞાનની આ પરબનો વિકાસ કરવામાં તમારો ફાળો મોકલી આપી આભારી કરશો.

જયંતિલાલ સુંદરલાલ કોઠારી
મંત્રી. શ્રી. મ. મો. શાહ. સા. વાં. અને પુ.

સરકાર અને વ્યકિત

જ્યારે આપણે સરકાર શબ્દનો ઉપયોગ કરીએ છીએ ત્યારે એક એવા વિશાળ ભૌગોલિક રાષ્ટ્રની આપણે કલ્પના કરીએ છીએ કે જેના ઉપર ચોક્કસ પ્રકારના રાજ્યતંત્રની હકુમત સ્થપાયલી હોય. આ રાજ્યતંત્રનું સ્વરૂપ રાજાશાહી હોય, લોકશાહી હોય, સમાજવાદી હોય કે સામ્યવાદી હોય ગમે તે હોય પણ આ તંત્રનું અસ્તિત્વ પ્રજાનાં ઘણા મોટા ભાગની સીધી યા આડકતરી સંમતિ તથા ચાલુ સહકારને આભારી હોય છે. પોતાની હકુમત નીચે આવેલા પ્રજાગણનું રાષ્ટ્રની બહારના કોઈ પણ આક્રમણથી રક્ષણ કરવું, રાષ્ટ્રની અંદર સુલેહશાન્તિ એકસરખી જળવાઈ રહે એવી વ્યવસ્થા ઉભી કરવી, પ્રજાના વ્યકિતગત જાનમાલને પુરું રક્ષણ આપવું, પ્રજાના સ્વાસ્થ્યની સંભાળ લેવી, પ્રજાનો શારીરિક, આર્થિક, બૌદ્ધિક તથા નૈતિક ઉત્કર્ષ થાય તેવી યોજનાઓ અમલમાં મૂકવી–આ પ્રત્યેક સરકારની મુખ્ય જવાબદારીઓ લેખવામાં આવે છે. અન્ય પક્ષે આવી સરકારને વફાદાર રહેવું અને બને તેટલો સહકાર આપવો એ દરેક પ્રજાજનોનો ધર્મ બને છે. આ રીતે રાજા અને પ્રજાના–રાજ્ય કરતી સંસ્થા અને શાસિત વ્યકિતઓના સાથ અને સહકાર વડે રાજ્યવહીવટ ચાલે છે અને એ દ્વારા પ્રસ્તુત રાષ્ટ્રના તેમ જ પ્રજાજનોનાં સુખ, સ્વાસ્થ્ય તેમ જ ઉત્કર્ષ સધાય છે.

આગળ જણાવ્યું તેમ આવી સરકાર પ્રત્યેની વફાદારી એ દરેક વ્યકિતનો વિશિષ્ટ ધર્મ બને છે. અને તેવી જ રીતે દરેક વ્યકિત પોતપોતાનો વ્યવસાય નિરાબાધ રીતે ચલાવી શકે, પોતાના વિચારો છુટથી પ્રગટ કરી શકે, અને કોઇ પણ કાર્ય, પ્રવૃત્તિ કે યોજના, વિચારવા તેમ જ અમલી બનાવવા માટે અન્ય પ્રજાજનો સાથે છુટથી મળી શકે–આવા વ્યકિતગત સ્વાતંત્ર્યનું રક્ષણ કરવું એ દરેક સરકારનો વિશિષ્ટ ધર્મ બને છે. પણ આ બન્ને નિયમોને ચોક્કસ અપવાદો છે અને આ અપવાદોને યથાસ્વરૂપે ગ્રહણ કરવામાં ન આવે ત્યાં સુધી સરકાર અને વ્યકિતના પરસ્પર સંબંધનો સાચો ખ્યાલ આવવો શકય નથી. સરકાર પ્રત્યેની વફાદારી એ સર્વસાધારણ ધર્મ છે, પણ જ્યારે સરકાર પોતાની જવાબદારીઓથી અને ધર્મથી ચ્યુત થઈ રહી છે, અથવા તો જે માર્ગે સરકાર જઈ રહી છે એ પ્રજાશ્રેયનો માર્ગ નથી અથવા તો સરકારને હાથે કોઇ ચોક્કસ પ્રકારનો અન્યાય થઈ રહ્યો છે એમ કોઇ પણ વ્યકિતને સ્પષ્ટપણે ભાસે ત્યારે તે વ્યકિતએ શું કરવું ? તેણે જે કાંઇ થતું હોય તે મૌનભાવે જોયા જ કરવું અને સરકાર પ્રત્યે એકસરખી વફાદારી દાખવતા રહેવું એ જ માત્ર એનો ધર્મ રહે છે ? કે સરકારના હાથે થતા અન્યાય અથવા અશ્રેય પ્રત્યે વિરોધ દાખવવા માટે અને ધર્મવિચલિત સરકારને ઠેકાણે લાવવા માટે એ શાસિત વ્યકિતને કોઇ વિશિષ્ટ ધર્મ પ્રાપ્ત થાય છે ખરો ? આવી જ રીતે વ્યકિતના સ્વાતંત્ર્યની રક્ષા કરવી એ દરેક સરકારનો ધર્મ છે પણ જ્યારે કોઇ પણ વ્યકિત એવી રીતે વર્તે કે જેના પરિણામે રાષ્ટ્રના સુલેહ શાન્તિ જોખમાય, સામુદાયિક અહિત થાય, સ્થાપિત સત્તાની સ્થિરતાને ધક્કો લાગે, પ્રજા ઉન્માર્ગે દોરાય એવા વિચારોનો ફેલાવો થવા પામે ત્યારે સરકારે એ બધું શું જોયા જ કરવું અને વ્યકિતને યથેચ્છપણે વર્તવા દેવી કે વ્યકિતની પ્રવૃત્તિ ઉપર જરૂરી અંકુશ મૂકવો આ પ્રશ્ન સરકારપક્ષે પણ વિચારવા જેવો બને છે.

આ બન્ને સમસ્યાઓનો ઉકેલ વિચારીએ તે પહેલાં જ્યાં સરકાર પ્રજાકીય હોય છે એ પરિસ્થિતિમાં અને જ્યાં સરકાર પ્રજાકીય હોતી નથી એ પરિસ્થિતિમાં સરકાર અને વ્યકિત વચ્ચેના સંબંધધર્મો પરત્વે બહુ મોટો ફરક રહે છે એ બાબત આપણે સંક્ષેપમાં વિચારી લઇએ. અપ્રજાકીય સરકાર પ્રત્યેની વફાદારી ગુલામીપ્રિયતામાં પરિણમે છે અને તેથી એવી સરકાર પ્રત્યે વફાદારી કરતાં બીનવફાદારી એ શાંસિત પ્રજાનો એક વિશિષ્ટ ધર્મ બને છે. હિંદને ૧૯૪૭ માં આઝાદી મળી એ પહેલાંના ૩૦ વર્ષનો ઇતિહાસ આ બાબત સ્પષ્ટપણે રજુ કરે છે. હિંદી રાજકારણમાં ગાંધીજીએ પ્રવેશ કર્યો અને હિંદી રાજકારણની ધુરા ગાંધીજીએ પોતાના હાથમાં લીધી ત્યાર પહેલાં હિંદી પ્રજા મોટા ભાગે વફાદારીપરાયણ હતી, અંગ્રેજી શાસનને ઇશ્વરના આશીર્વાદ સમાન માનતી હતી અને તેની છત્રછાયા નીચે જ હિંદ આગળ વધી શકશે એવી માન્યતા સાધારણ લોકોમાં ઘર કરીને બેઠી હતી. પરદેશી શાસન દ્વારા હિંદનો કેવો સર્વતોમુખી હ્રાસ થઇ રહ્યો છે અને એ શાસન ચાલુ રહે તો હિંદનો કેવો ભારે આર્થિક, નૈતિક અને આધ્યાત્મિક વિનાશ થાય તેનું ગાંધીજીએ આપણને સ્પષ્ટ ભાન કરાવ્યું અને સ્વાતંત્ર્યનું–સ્વાધીનતાનું–સાચું મૂલ્ય સમજાવ્યું અને એ ખાતર પ્રાણાર્પણ કરવા સુધીની આપણામાં ભાવના જાગૃત કરી. પરિણામે સ્થાપિત સત્તા સામે અસહયોગ અને સત્યાગ્રહના કાર્યક્રમો ગોઠવાયા અને અંગ્રેજી હકુમતનો આખરે અન્ત આવ્યો. એ આઝાદીની આપણી હીલચાલ સરકારી તંત્ર સારૂં છે કે ખરાબ એ ખ્યાલ ઉપર નહિ પણ સરકારી તંત્ર પરદેશી છે, અપ્રજાકીય છે અને તેથી કોઇપણ પ્રકારની વફાદારીને યોગ્ય નથી આવા ખ્યાલના પાયાઉપર રચાઇ હતી અને તેથી તેવી સરકાર સામે આપણા માટે અસહયોગ અને સત્યાગ્રહ સ્વાભાવિક અને સહજસાધારણ ધર્મ થઇ પડયા હતા.

આજે આપણે ત્યાં પ્રજાકીય સરકાર સ્થપાઇ છે. તેને અનેક વિપરીત પ્રતિકુળ સંયોગો વચ્ચે ટકાવવાની છે. આપણી બાજુએ જ પાકીસ્તાન આપણી કોઇ પણ અગવડ, મુંઝવણ કે નબળાઇનો લાભ લેવા તાકીને બેઠું છે; આન્તરરાષ્ટ્રીય સંયોગો અનેક ભયાનક શકયતાઓથી ભરેલા છે, રાષ્ટ્રનું અર્થતંત્ર અત્યન્ત નાજુક સંયોગો વચ્ચે પસાર થઇ રહ્યું છે, આવી આન્તરબાહ્ય વિષમ પરિસ્થિતિ વચ્ચે એક બાજુ સરકાર રાજ્યવહીવટ ચલાવી રહી છે; બીજી બાજુ પ્રજાના અસંતોષની કોઇ સીમા નથી. આ અસંતોષના ચાર કારણ છે (૧) આન્તરરાષ્ટ્રીય વિષમ પરિસ્થિતિ (૨) સરકારી તંત્રમાં વ્યાપક બનેલી ઇશ્વતખોરી (૩) કાળા બજાર (૪) સર્વવ્યાપી નૈતિક અધોગતિ. આવા સંયોગો વચ્ચે રાજ્યશાસન અત્યન્ત વિકટ બન્યું છે અને પ્રજાની વફાદારીની પણ ભારે કસોટી થઇ રહી છે. દેશમાં એવા અણધાર્યા સંયોગો ઉભા થયા કરે છે કે જ્યારે રાજ્યસત્તાને વ્યકિતસ્વાતંત્ર્યનો સખ્તમાં સખ્ત અવરોધ કરવો પડે છે અને તેમાં ઘણી વખત સુકા સાથે લીલું પણ બળે છે. બીજી બાજુ પ્રજાસમુદાય પણ ઘણી વખત માઝા મુકે છે, ભાન ભુલે છે, અને સરકારની સહીસલામતીને જોખમાવે છે. ભૂતકાળમાં જે શસ્ત્રોનો ઉપયોગ પરદેશી શાસન સામે આપણે સહજભાવે કરતા હતા તે જ શસ્ત્રો આજે આપણી સરકાર સામે પણ અજમાવવા આપણામાંના કેટલાક લલચાય છે. તે કાળમાં ગાંધીજી આપણા નેતા હતા અને તેની હાક વાગતી હતી. અહિંસાના માર્ગ ઉપર પ્રજાને ટેકાવી રાખવાનો તેઓ ભગીરથ પ્રયત્ન કરી રહ્યા હતા, પ્રજા પણ તેમની દોરવણી નીચે અમુક અંશે ભારે સંયમ દાખવતી હતી. આજે ગાંધીજી નથી. નથી તેમની દોરવણી સરકારને સુલભ નથી પ્રજાને સુલભ. આવા સંયોગો વચ્ચે સરકારને હાથે ભુલો થવાનો અને સુલેહ, શાન્તિ અને સહીસલામતીની રક્ષાના કારણે વ્યકિતસ્વાતંત્ર્યનો વધારે પડતો અવરોધ થવાનો સંભવ રહે છે. આમ છતાં પણ આપણી સરકાર રાષ્ટ્રીય છે, તેના સૂત્રધાર તરીકે પ્રજાનો જેમણે આજસુધી અપ્રતિમ વિશ્વાસ પ્રાપ્ત કર્યો છે એવા દેશનાયકો રાજ્ય કરી રહ્યા છે, આખો રાષ્ટ્ર અસાધારણ વિષમ સંયોગોનાંથી પસાર થઇ રહ્યો છે અને તેમાં મહાપ્રયત્ને મેળવેલી આપણી સ્વાધીનતા આપણે રખેને ગુમાવી ન બેસીએ–એ આપણ સર્વની એકસરખી ચિન્તાનો વિષય છે. આવી અસાધારણ પરિસ્થિતિ વચ્ચે પણ જ્યારે જ્યારે સરકાર ભૂલ કરતી,

પ્રજાનું અશ્રેય કરતી, કોઇ કોઇ પ્રસંગે ભારે અન્યાય કરતી માલુમ પડે ત્યારે સૌ કોઇએ મૌન ધારીને બેસી રહેવું એમ તો કહેવાય જ નહિ. અને પ્રસંગે જે વ્યક્તિને જે સ્પષ્ટ ભાસતું હોય તે તેણે કહેવું જ જોઇએ, અસાધારણ સંયોગમાં વ્યક્તિગત કે સામુદાયિક સત્યાગ્રહનું પણ અવલંબન લેવું જરૂરી લાગે તો તે પણ લેવું રહ્યું. પણ એ સત્યાગ્રહ કે અસહયોગના માર્ગે જતા અથવા તો આજે જ્યાં ત્યાં સંભળાય છે તે ઉપવાસના માર્ગે જતાં દરેક વ્યક્તિએ પુષ્કળ પૂર્વવિચાર કરવો ઘટે છે. કારણ કે આ બધાં ઉપાયો દેખાવમાં સૌમ્ય અને સાત્વિક હોવા છતાં તેનું વાસ્તવિક સ્વરૂપ ફક્ત રાજસી બની જાય છે. કારણ કે તેને આચારમાં મૂકનાર વ્યક્તિ કેવળ રજોભાવપ્રેરિત હોય છે; જેને લીધે આવા સત્યાગ્રહ અને ઉપવાસો શરૂઆતમાં સ્થાનિક પણ ઘણીવાર આગળ વધતા રાષ્ટ્રમાં અશાન્તિ પેદા કરવામાં અને સહીસલામતી જોખમાવવામાં પરિણમે છે. વળી આજે જરૂર છે વિશેષ અને નિશેષ એકતાની, સંગઠ્ઠનની, દેશની સર્વ શક્તિઓને વધારે ને વધારે સુગ્રથિત કરવાની. તેના સ્થાને અનૈક્ય પેદા થાય અને પ્રજાજીવન વધારે ને વધારે બેસુર બને એવું કશું પણ કરવું એ રાષ્ટ્રની મોટામાં મોટી કુસેવા કરવા બરાબર છે. આજે ભિન્ન ભિન્ન પ્રશ્નો ઉપર ગમે તેટલા મતભેદો હોય તો પણ તે મતભેદોમાંથી પ્રજાભેદ ન થાય, રાષ્ટ્રભેદ ન થાય એ સંભાળ રાખવાની દરેક વ્યક્તિની ફરજ છે. કોઇ પણ મતભેદ ઉપસ્થિત કરીને પણ છેવટે તેનો સમાધાનીભર્યો નિકાલ લાવવા તરફ દરેકનું લક્ષ્ય કેન્દ્રિત થવું જોઇએ. બીજું આજે જે ભાંગફોડની, કોઇ પણ સંસ્થામાં વફાદારીના શપથપૂર્વક પ્રવેશ કરીને ભેદવૃત્તિ ઉત્પન્ન કરવાની, જે વૃત્તિ વ્યાપક બની રહી છે, સર્વ નૈતિક મૂલ્યોને અવગણીને ધારેલું ધ્યેય સિદ્ધ કરવા ખાતર ગમે તેવા સાધનોનો ઉપયોગ કરવાનું વલણ પોષાઇ રહ્યું છે એ આપણા રાષ્ટ્ર માટે અત્યન્ત વિઘાતક છે. આ વ્યક્તિગત સ્વચ્છંદ નહિ અટકે તો પ્રજાનું આખું નૈતિક અને સામાજિક સમધારણ નષ્ટ થશે અને અરાજકતા પેદા થશે અને એ સ્થિતિમાં ચોતરફ બેઠેલા સત્તાભુખ્યા વરુઓ આપણા હિંદને ફોલી ખાશે. આ સર્વ ચર્ચાનો સાર એ છે કે જે વ્યક્તિસ્વાતંત્ર્ય બહુજનહિતની અવગણના કરીને આગળ વધે છે તે છેવટે સ્વચ્છંદનું રૂપ જ ધારણ કરે અને સ્વપર વિનાશમાં જ અવસાન પામે છે. આ તથ્ય લક્ષ્યમાં રાખીને સરકાર સાથેના આપણા સર્વ વ્યવહારનો વિચાર કરીએ, જ્યારે જ્યારે અયોગ્ય બનતું દેખાય ત્યારે ત્યારે જાહેર જનતાનું એ તરફ સ્પષ્ટ રીતે ધ્યાન ખેંચીએ અને બળવાન લોકમત પેદા કરીએ: એમ છતાં પણ ધ્યેય ફેરફાર ન થાય તો પુરી સમજણ અને સાવધાનીપૂર્વક સ્થાનિક સંયોગને અનુરૂપ અને એ જ ધોરણે મર્યાદિત અસહયોગ કે સત્યાગ્રહનો વિચાર કરીએ. ગાંધીજીએ આ દિશાએ આપણને જે કાંઇ શિખવ્યું છે તેનો પુરી સમજણપૂર્વક ઉપયોગ કરીએ. આ બધું સ્વીકાર્ય હોવા છતાં પણ આપણી એવી કોઇ પ્રવૃત્તિ હોવી ન જોઇએ કે જેને લીધે પ્રજાકીય સરકારની આપણી ઇમારતના પાયાને નુકસાન પહોંચે. આ જ કારણે આજે અસહયોગ અને સત્યાગ્રહનો આપણે હળવા દિલે ઉચ્ચાર કરી નથી શકતા. સરકારના કોઇ પણ અયોગ્ય કાર્ય સામે આપણામાંના કોઇનો સખ્ત વિરોધ હોય તો પણ તેની ભાષામાં પુરો સંયમ હોવો ઘટે છે. એક બાજુએ સરકારે પોતાને મળેલી અસાધારણ સત્તાનો પુરી કરકસરપૂર્વક ઉપયોગ કરવો ઘટે છે; બીજી તરફ પ્રજાએ સ્થાપિત સત્તા સાથે પુરી વફાદારીની ભાવના પોતાના સર્વ વ્યવહારનું નિર્માણ કરવું ઘટે છે. ઉભય પક્ષે આ સંયમ નહિ જળવાય તો આપણે કરેલી કમાણી ધુળ મેળવી દઇશું અને જ્યાં આપણે સુલેહ, શાન્તિ અને આબાદીનાં સ્વપ્નાં સેવી રહ્યા હતા ત્યાં અનવસ્થા અશાન્તિ અને આર્થિક બરબાદી આવીને ઉભી રહેવાની છે.

પરમાનંદ

જેસલમેરના જ્ઞાનભંડારો

[પંડિત બેચરદાસ જીવરાજ દોશીએ શ્રી. પરમાનંદભાઇ ઉપર લખેલા એક પત્ર પ્રબુદ્ધ જૈનના વાંચકોને રસદાયી નીવડશે એમ ધારીને નીચે પ્રગટ કરવામાં આવે છે. તંત્રી.]

જેસલમેર (રાજસ્થાન)
જૈન ધર્મશાળા
તા. ૨૭-૫-૫૦

સ્નેહી ભાઇશ્રી પરમાનંદભાઇ
સપ્રેમ પ્રણામ

કુશળ હશો. આ પત્રનો પ્રબુદ્ધજૈનમાં ઉપયોગ કરી શકાય એ રીતે લખું છું.

જેસલમેર લગભગ આઠમાં નવમાં સૈકામાં સ્થપાયું, તે વખતે સંભવ છે કે જનોની વસ્તી મોટા પ્રમાણમાં હશે. લગભગ અહીં પંદરસોળ જૈન મંદિરો છે. અહીંનો કિલ્લો કે જ્યાં અહીંના રાજા (ભૂતપૂર્વ રાજા હવે તો સાલિયાણું લેતા એક જાગીરદાર) રહે છે. તે સ્થળે મોટાં મોટાં છ આપણાં દેરાસરો છે. એમ છતાં પણ કિલ્લામાં જૈનનું એક પણ ઘર નથી અને હાલ તો ગામમાં પણ જૈનોની વસ્તી માત્ર સત્તાવીશ ઘરની છે. ગામમાં નાનાં નાનાં ઘરદેરાસરો છે, ઉપાશ્રયો પણ આઠ દસ છે, અત્યારે તો તેમાંના કેટલાક વખારો માટે ભાડે અપાયા છે. જૈન વસ્તી તદ્દન સાધારણ છે, જેમાંના કેટલાક વેપારી છે અને કેટલાક રાજ્યમાં કર્મચારી છે. જેસલમેરનાં મંદિરોમાં મૂર્તિઓ ઘણી વધારે સંખ્યામાં છે, જેમાંની કેટલીક તો અતિશય મનોહર છે. મંદિરોનું શિલ્પ ઘણું જ ઉત્તમ પ્રકારનું છે. તોરણો તો ઘણા જ સરસ છે અને તોરણોનું કોતરકામ આબુની કારણીની આટે એવું છે. મંદિરોની બહારની ભીંતો ઉપરનું શિલ્પ પણ અત્યંત આકર્ષક છે. કેટલીક તો એવી પૂતળીઓ છે કે જે હમણાં જ બોલશે એમ જણાય છે. અહીં જે જે ઉપાશ્રય છે તેની નિશાની એ હોય છે કે દરેક ઉપાશ્રયના બારસાખ ઉપર બે સામસામા નાના નાના હાથી અને વચ્ચે સરસ કોતરેલું તોરણ હોય છે. આમાંથી એક સમયસુંદર સૂરિના ઉપાશ્રય તરીકે ઓળખાય છે. તેમાં તેઓનો રહેવાશ હશે એમ આ ઉપરથી અનુમાન થાય છે. બારસાખ ઉપર જે હાથી હોય છે તે જીવતા નાના કૂતરા જેવડા મોટા હોય છે અને સરસ રીતે કંડારીને જોડેલા હોય છે. અહીં મકાનો તમામ, પત્થરનાં હોય છે. લાકડકામ બારણા પૂરતું કે મેડા પૂરતું હોય છે. તમે કોઇ પણ નાનું કે મોટું ઘર જુઓ તો તેની બાળીઓ, ગોખ, કઠેરા વગેરેની કોરણી જોઇને એકવાર તો થંભી જ જાઓ. અમદાવાદમાં લાલદરવાજા પાસે જે બાળી છે તે તો અહીંની કોરણી પાસે પાણી ભરે એવી છે. જ્યાં હું ઉતર્યો છું તે જૈન ધર્મશાળાની પાસે એક મોટી પટવાની હવેલી છે. તેની કોરણી તો ભારે અદ્‌ભુત છે. કમનસીબે એ આખી હવેલી અત્યારે ખાલી પડી છે, પણ તેની કોરણી જોતાં તેનો ભૂતકાળ ભારે ગૌરવવંતો હશે એમ જણાયા વિના રહે એવું નથી.

આવે ખરે ઉનાળે જ્યાં ભારે ગરમી પડે છે એવે સ્થળે હું માત્ર પ્રાચીન ગ્રંથભંડારોને જોવાની દૃષ્ટિએ આવેલ છું. કૉલેજમાં રજાઓ છે એથી તેનો આથી વધારે સદુપયોગ શો હોઇ શકે ? તમને ખબર જ હશે કે મુનિરાજ શ્રી પુણ્યવિજયજી અને શ્રી રમણીકવિજયજી વગેરે મુનિઓ એ ભંડારોની પ્રવૃત્તિ માટે અહીં આવેલા છે. મુનિરાજ શ્રી પુણ્યવિજયજીની પ્રવૃત્તિ આગમોનું સંશોધન સંપાદન કરીને તેમને પ્રામાણિક આવૃત્તિ તરીકે પ્રગટ કરવાની છે એટલે એમને ઘણા વખતથી એમ થયા કરતું હતું કે જૂનામાં જૂની પોથીઓ સાથે આગમોની નકલોને મેળવીને બરાબર શુદ્ધ કરીને પાઠાંતરો સાથે પ્રગટ કરવી એ માટે તેઓ પાટણ, ખંભાત

વગેરેની પોથીઓનો ઉપયોગ કરી જેસલમેર જવાની ઝંખના કર્યા કરતા હતા. તેવામાં ગયા વરસે જેસલમેરના જૈન સંઘના આગેવાનો તેમને જેસલમેર આવવાની વિનંતી અમદાવાદમાં આવીને કરી ગયા એટલે તેઓ બીજાં બધાં કામ ગૌણ કરીને આ તરફ રવાના થઇ ગયા અને ગુજરાત મારવાડમાં વિહાર કરતા કરતા અહીં ઝપાટાબંધ પહોંચી ગયા. તેઓ મહાશુદી ૧૨ ને રોજ અહીં આવી ગયા. ભંડારના રક્ષકોએ તેમને માટે ભંડારો ઉઘાડ્યા. અહીં તાડપત્રનાં અને કાગળનાં પુસ્તકો છે. બીજાં ઘણાં જૂનાં સમયનાં લખાયેલાં છે. કેટલાંક પુસ્તકો તો એવાં છે કે જ્યારે જેસલમેર વસ્યું પણ ન હતું. પુસ્તકો બ્રાહ્મણધર્મનાં, બૌદ્ધધર્મનાં અને જૈનધર્મનાં છે. એમાંના કેટલાક તો અન્યત્ર મળે એવાં જ નથી. આચાર્ય પાદલિપ્તની જ્યોતિષ્કરંડક નામના પયન્ન ઉપરની એક વૃત્તિ અહીં મળી છે, જે આખા દેશમાં બીજે કયાંય ઉપલબ્ધ નથી. દશવૈકાલિક ચૂર્ણિનું છેલ્લું પાનું મળતું જ ન હતું જેમાં ચૂર્ણિકારે પોતાનું નામ વગેરે લખેલ છે. વિશેષાવશ્યક ભાષ્યની એક ઘણી જ જૂની પ્રતિ મળી છે જેની લિપિ જોતાં જે સાતમા-આઠમા સૈકામાં લખાઇ હોય એમ લાગે છે. એટલે ભાષ્યકારે જ્યારે ભાષ્ય લખ્યું તે પછી ઘણા પાસેના સમયમાં આ પ્રતિ લખાયેલી ગણાય અને તેથી જ ઘણી કિંમતી કહેવાય. ગીતાની અને યોગદર્શનની પ્રતો ૧૧૬૯ માં લખાયેલી અહીં મળી છે. એકંદર અહીંના ભંડારનાં પુસ્તકો ઘણાં જ પ્રાચીન સમયમાં લખાયેલાં છે, છતાં તેના તાડપાનાં કે કાગળો જાણે ગઇ કાલે જ લખ્યા હોય એવા સરસ છે અને અક્ષરો પણ તાજા જ લખ્યા હોય એવી ચમક આપે છે. આપણા સમાજના આગેવાનો કે જેઓ શાસ્ત્રપૂજા માટે ભારે ધમાલ કરે છે અને સાહિત્યની રક્ષા માટે મોટા મોટા પોકારો વારે વારે કર્યા કરે છે તેઓની ઊંઘ કયારે ઉડશે ? અહીં તો ભંડારોની વ્યવસ્થા કોઇએ કરી હોય એવું જણાતું નથી. અહીં ઘણા ઘણા આચાર્યો પધારી ગયા અને બીજા પણ કેટલાક નામાંકિત લોકો આવી ગયા, પણ તેમાંના કોઇએ આ ભંડારોને વ્યવસ્થિત કરવાની તકલીફ લીધી જ નથી. આપણા ઘરના કોઠારમાં બાજરી, મઠ, રાઇ અને મેથી વગેરે એકબીજાં જેમ સેળભેળ થઇ જાય તેમ અહીંના કેટલાંક પુસ્તકોનાં પાનાં બધાં એવાં જ સેળભેળ થઇ ગયાં છે. એ બધાં તાડપત્રનાં પાનાં છે એટલે હાલ તુરત તો તે પાનાઓનું નિરીક્ષણ ચાલે છે. એક એક પાનું જોવાય છે અને તે પાનું કયા ગ્રંથનું હોવું જોઇએ એવું તેના વિષય ઉપરથી વાંચીને નક્કી થાય છે. એ રીતે એ પાનાંઓમાંથી કેટલાક આખા ગ્રંથો મળી આવ્યા અને બાકીનાં કેટલાંક પાનોને એમનેએમજ રાખવા પડયાં. આ કામ કેટલી બધી જહેમતનું છે તે તો એ જ જાણી શકે કે જે બાજરી મઠ રાઇ અને મેથી જે બધાં એકમેક મળી ગયેલાંને જુદા કરી જાણે. આ કામ માટે શ્રી પુણ્યવિજયજી ભારે સાવધાનીથી ઘણો શ્રમ લે છે અને તે માટે તેમણે યોગ્ય કાર્યકરો પણ અહીં જ ગોઠવેલા છે, જેઓ ગુજરાતથી આવેલા છે. તેમાંના કોઇ ભાઇ નકલ કરે છે તો કોઇ ભાઇ સંશોધન કરે છે. અહીં એક વિશુદ્ધાનંદવિજય નામના જતિજી છે. તેઓ પણ પોતાની યથાશકિત આ કામમાં સહાય કરે છે. માનું છું કે આ કામ હજુ આવતા ફાગણ સુધી ચાલશે; તે દરમિયાન અહીંના ભંડારોની તમામ સુવ્યવસ્થા થવા ઉપરાંત આગમોના સંશોધનનું પણ કેટલુંક કામ થાળે પડી જશે. તેમના આ કામમાં ઉપયોગી થઇ શકું અને હું જે સંપાદનસંશોધનનું કામ કરું છું તે સારું પણ અહીંના ગ્રંથો જોઇ શકું એ માટે હું અહીં આવેલ છું.

જેસલમેરની આબોહવા એકદમ સૂકી છે, આ બાજુ સાધારણ રીતે પાણીની તંગી હોય અને આવા ઉનાળામાં તો એ તંગી ઘણી વધારે માલુમ પડે છે. અને જે કામ કરનારાઓ છે તેઓને માટે મહિને લગભગ પચ્ચીશ-ત્રીશ ઉપિયા પાણીના જ ખર્ચવા પડે છે. તે ઉપરથી તમે અહીંની પાણીની તંગ હાલતને બરાબર સમજી શકશો. શાકપાદડું તો ભાગ્યે જ મળે. સાંગર કે કેરડાંનો વધારે ઉપયોગ કરવામાં આવે છે. કોઇ કોઇ વાર વળી શાક મળી જાય છે. સારેનસીબે થોડું ઘણું દૂધ મળે છે; તે પણ વિનામુશીબતે નહીં જ, એક ભાઇ ઘરેઘરે લેવા-જાય ત્યારે જ. શહેરની ચારે બાજુ નર્યા પથ્થરો અને રેતીના ઢોરા પડેલા છે. આંખને ઠારે એવું એક પણ વૃક્ષ ગામબહાર ભાગ્યે જ દેખાય. અમદાવાદથી જોધપુર અને જોધપુરથી ગોકરણ સુધી રેલગાડી છે અને ત્યાર પછી આઠ માઇલ સુધી મોટરની સગવડ છે. રસ્તો સારો નહીં એટલે મોટરમાં બેઠા બેઠા પછડાવાનું તો વારંવાર હોય જ. આપણા દેશમાં લીંબડી ખંભાત અને અમદાવાદ વગેરે સ્થળે પણ આવા ગ્રંથભંડારો છે, પણ ત્યાં હજુ ભંડારોને વ્યવસ્થિત કરવાની, તેનાં સવિસ્તર સૂચિપત્રો તૈયાર કરાવીને પ્રગટ કરવાની અને એ ગ્રંથોને પ્રકાશમાં લાવવાની જાગૃતિ આવે ત્યારે ખરી. થોડા સમય પહેલાં પાટણમાં શ્રીમાન મુનશીજીની અધ્યક્ષતામાં હેમસારસ્વતસત્ર પાટણમાં ઉજવાયેલું તે વખતે ત્યાં હેમાચાર્યજ્ઞાનમંદિરની સ્થાપના થયેલી. તસ્થાપના થયા પછી એ જ્ઞાનમંદિરે આજલગી કશી જ પ્રવૃત્તિ નથી કરી, એ પણ એક આશ્ચર્યકારક ઘટના છે. કામ કરનારા અધ્યાપકો આપણા સમાજમાં તૈયાર થતા જાય છે ત્યારે આવી સંસ્થાઓ સ્થાપિત થઇને નિષ્ક્રિય પડી રહે છે એ પરિસ્થિતિ ભારે દુઃખદ છે પણ શું થાય ? અહિંની જે મૂર્તિઓ અને જે પુસ્તકો છે તે સુરક્ષિત સ્થળે રાખવા માટે જ અહીં લાવવામાં આવ્યાં હોય એમ જણાય છે. આટલાં બધાં પુસ્તકોમાં ભાગ્યે જ બે કે ત્રણ એવાં પુસ્તકો હશે જે અહીં જ લખાયાં હોય, સંભવ છે કે જ્યારે પાટણના ભંડારો જોખમમાં આવી ગયા હોય-અજયપાળનો વખત એ ભંડારો માટે ભારે જોખમરૂપ હતો-તે વખતે જેટલાં પુસ્તકો અહીં ખસેડી શકાયાં હશે તેટલાં ખસેડયાં હશે એમ જણાય છે. આ પુસ્તકોની પાછળ જે પ્રશસ્તિઓ આપેલી છે તેમાંથી ઘણી ઘણી ઇતિહાસની સામગ્રી મળે એમ છે. કોઇ ચિત્રનો શોખીન જેસલમેરનું એક ચિત્રપુસ્તક તૈયાર કરે તો તે ઘણું ઉપયોગી થાય એમ છે. એ માટે ભંડારો, મંદિરે ઉપરાંત અહીંના ઘરોની કોરણીના નમૂનાની પણ પુષ્કળ સામગ્રી પડેલી છે. તેમાંથી એક સરસ આલ્બમ તૈયાર થઇ શકે એમ છે. સાડીઓ ઉપર જુદી જુદી ભાતો મેળવવા સારૂ અહીંની કોરણીના નમુના ભારે ઉપયોગી થાય તેમ છે પણ આ સાહસ કરે કોણ? આ શહેરમાં વિજળી આવી ગઇ છે એટલે અમારે રાત્રે વાંચવાની વિશેષ સગવડ થઇ છે. અહીંની પ્રવૃત્તિમાં કામ કરનારાઓ ભારે ઉત્સાહી અને અથાક પરિશ્રમ કરનારા છે. ભાઇ કૃતેહચંદ બેલાણી, પંડિત અમૃતલાલ, ભાઇ લક્ષ્મણ પાટણવાળા વગેરે નામો ખાસ ઉલ્લેખયોગ્ય છે.

બની શકે તો તમે આ પત્ર ભાઇશ્રી હીરાલાલભાઇને વંચાવશો. આખો મે મહિનો અહીં રહેવાનો છું. યોગ્ય લખશો. **ચરદાસ**

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાનઃ સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજી. નં. બી. ૪૨૬૧

પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ : ૧૨
અંક : ૫

મુંબઈ : ૧ જુલાઇ ૧૯૫૦ શનીવાર

વાર્ષિક લવાજમ રૂપિયા ૪

પ્રાચ્યવિદ્યા સંશોધન અને સાંસ્કૃતિક પુનર્નિર્માણ

(ગતાંકથી ચાલુ)

વીસમી સદીની રાષ્ટ્રીય જાગૃતિ સાથે સાથે આપણે મોટા પ્રમાણમાં માનસિક સંમતુલા પ્રાપ્ત કરી લાગે છે અને પરદેશી સંસ્કૃતિ આપણી સંસ્કૃતિ કરતાં મહત્તર છે એવી માન્યતા આપણામાંથી બહુ જલ્દીથી ઓસરતી જાય છે. પણ આપણા અધુરા ખ્યાલો અને અભિપ્રાયોની સમીક્ષા અને પૃથક્કરણ કરવા માટે આપણે કદી પુરસદ મેળવી છે ખરી ? કમીટી અને કમીશનો રચવા છતાં રાષ્ટ્રીય હિતની દૃષ્ટિએ પણ આ પ્રશ્નને એના સંપૂર્ણ સ્વરૂપમાં નિહાળવાનો આપણે કદી પ્રયત્ન કર્યો છે ? કે લબડધક્કે અસ્તિત્વમાં આવેલી જૂની પદ્ધતિને જ થીગડાંગાડ કરીને આપણે આજ સુધી ચલાવ્યા કર્યું છે ? રાષ્ટ્રીય વિચાર અને સંસ્કારનાં ઊંડા મૂળ સંપૂર્ણ રીતે જમાવનાર તત્ત્વને દૂર રાખીને કોઇ પણ રાષ્ટ્રીય શિક્ષણની પદ્ધતિ સફળ ન થાય એ આપણે ગંભીરતાથી કદી વિચાર્યું છે ? ઇતિહાસના ઉપદેશની વિરૂદ્ધ જઇ હું એમ નથી સૂચવવા ઇચ્છતો કે કોઇ પણ દેશ સૈકાઓ પહેલાંનું પોતાનું ભૂતકાલીન જીવન ફરીથી જીવી શકે. આધુનિક હિંદમાં આપણને શ્રધ્ધા છે અને આપણે પુરાણા મંતવ્યોથી છૂટકારો મેળવ્યો છે અને અર્વાચીન ઢબે જીવવા પ્રયત્ન કરીએ છીએ એમ માનીએ, છતાંયે આપણા માનસિક અને સામાજિક ઉન્નતિના પાયારૂપ રહેલી પરંપરાપ્રાપ્ત અને દૃઢમૂલ માન્યતાઓ અને રૂઢિઓનો આપણે વિચ્છેદ કરી શકીએ નહિ. ૧૮૯૧ થી આજ સુધીના હિંદમાં અંગ્રેજ કેળવણીનો ઇતિહાસ અને ભાવિ વિષે લખનાર પ્રો. એફ. ડબલ્યુ. થોમસ ૧૯૩૭ માં સંસ્કૃતના અભ્યાસ પરત્વે પોતાનાં વિચારો જણાવતાં કહે છે કે: " માનવતાલક્ષી ઉચ્ચતર કેળણીના ક્ષેત્રમાં હિંદ માટે સંસ્કૃતની અગત્ય અત્યન્ત મહત્વની છે " .....અલબત, આજના રાજકીય, સામાજિક તેમજ રંજનને લગતા આધુનિક આન્તરરાષ્ટ્રીય જીવનને અનુરૂપ શિક્ષણ આપવાનું અંગ્રેજીની મદદ વડે મોટા શહેરોમાં શક્ય છે ખરૂં, પણ બધી જ બાબતમાં બહારની પ્રેરણા ઉપર જ આધાર રાખતા અને બહારના ભાષાસાહિત્ય ઉપર જ અવલંબન ધરાવતાં શિક્ષણનાં મૂળ પોતાની ધરતીમાં ઉંડા બેસી શકે નહિ અને એવું શિક્ષણ આસપાસનાં વાતાવરણમાં સહાનુભૂતિને બદલે ધર્ષણનું નિમિત્ત બનવાનું.

આપણે માનીએ છીએ કે નવનિર્માણકારી યુગનું પ્રભાત આજે ઉગ્યું છે. નવસંસ્કૃતિના લાભો વિશે આપણામાં અંધશ્રદ્ધા નથી. આપણને વારસામાં જે સંસ્કારધન મળ્યું છે તેની પણ આપણે મન મોટી કિંમત છે તો પછી એવો સમય નથી આવ્યો કે બન્ને સંસ્કૃતિ માટે એક સમાન ભૂમિકા આપણી કેળવણીના ક્ષેત્રમાં આપણે સર્જવી જોઇએ ? આપણા અભ્યાસક્રમમાં બને તેટલા વધારે પૌરસ્ત્ય વિષયો ઉમેરવાથી આ કાર્ય નહિ સરે, પણ સમગ્ર સામાજિક માનસને યોગ્ય દિશામાં વાળે એની સમૂળી ક્રાન્તિ રાજ્યે જ કેળવણીના ક્ષેત્રમાં નિર્માણ કરવી જોઇશે. સો વર્ષ પહેલાં એ વખતના સંજોગોને આધીન થઇ ભવિષ્યનો વિચાર કર્યા વગર રાજ્યે નક્કી કરેલી પાશ્ચાત્ય કેળવણીને આપણે સ્વીકારી હતી, પરંતુ અત્યારે સંજોગો પલટાયા છે ત્યારે આજની કેળવણીની નીતિનું એવું પુનર્નિર્માણ કરવાની જરૂર છે કે જેથી રાષ્ટ્રીય સભાનતાના મજબુત પાયા પર પ્રાચીન અને અર્વાચીન કેળવણીની સમાન કક્ષા ઉપર પ્રતિષ્ઠા કરી શકાય.

તમારા પ્રમુખ તરીકે મારે નિર્દેશ કરવો પડે છે કે રાધાકૃષ્ણન્ કમીટીએ આ પ્રશ્નને ઉપર બતાવેલા દૃષ્ટિબિંદુથી અવલોકયો નથી. એકવાર ઇંગ્લાંડમાં પણ પ્રાચીનભાષા-સાહિત્યના અભ્યાસ વિષે મંદતા પ્રસરી હતી ત્યારે " કેળવણીના ક્ષેત્રમાં પ્રાચિન ભાષા-સાહિત્યનું યોગ્ય સ્થાન નક્કી કરવા " શ્રી લોઇડ જ્યોર્જ ૧૯૧૬ માં આવી જ એક કમીટી સ્થાપી હતી. અર્વાચીન ભાષાઓ અને વિજ્ઞાનશાસ્ત્રોના સ્થાનનું પણ નિરૂપણ કરવા માટે સમિતિઓ તીમાઇ હતી. જો કે અહિં આપણે જે પ્રશ્નની ચર્ચા કરી રહ્યા છીએ તે કાંઇક અંશે જુદા પ્રકારનો છે તો પણ આ સમિતિઓએ જે ભલામણો કરી છે તે હિંદમાં મહત્વના બનતા જતા પ્રશ્નને વધારે સચોટપણે લાગુ પડે છે. પ્રાચીન ભાષા-સાહિત્ય માટેની — સમિતિ તેમ જ બીજી બધી જ સમિતિઓ નિઃસંદેહ એ નિર્ણય પર આવી હતી કે જુદી જુદી વિચારસરણી ધરાવતા માણસો માને છે કે જો આપણી કેળવણીમાંથી પ્રાચીન ભાષા-સાહિત્યના અભ્યાસને સદંતર નાબુદ કરવામાં આવશે અથવા તો બહુ જ મર્યાદિત રીતે શીખવવામાં આવશે તો દેશને માટે મહાન આપત્તિરૂપ થશે. હિંદમાં રાષ્ટ્રીય શિક્ષણને માટે જવાબદાર વ્યકિતઓ આ નિર્ણયની તદ્દન ઉપેક્ષા કરે છે એ મોટે વિચિત્ર ઘટના છે. કારણ કે ભાષા અને સંસ્કૃતિ—એ બન્નેની દૃષ્ટિએ જોતાં જે સંબંધ ગ્રીક અને લેટિનને અંગ્રેજી સાથે છે તેના કરતાં અદ્યતન હિંદી ભાષાઓ સાથે સંસ્કૃત અને અરબીનો સંબંધ વધુ ગાઢ છે. એ આશ્ચર્યજનક છે કે ઇંગ્લાંડમાં જે વસ્તુસ્થિતિ રાષ્ટ્રની એક મહાન આકૃતરૂપ લેખવામાં આવે છે એવી જ વસ્તુસ્થિતિ જાણે કે કશા પણ મહત્વની ન હોય તેમ હિંદમાં તેની પ્રત્યે દુર્લક્ષ્ય દાખવવામાં આવ્યું છે. આપણે આપણા રાષ્ટ્રીય વારસા માટે અભિમાનભરી વાતો કરીએ છીએ પણ તેના સંરક્ષણ માટે આપણે કશું જ વિચરતા નથી.

ભાષણ પુરૂ કરૂં તે પહેલા પરિષદના ભવિષ્યને લગતું એક દૃષ્ટિબિંદુ રજુ કરી દઉં. જ્યારે ત્રીસ વર્ષ પર આ પરિષદ અસ્તિત્વમાં આવી ત્યારે તેના કાર્યનું ક્ષેત્ર માત્ર હિંદ પૂરતું જ મર્યાદિત રાખ્યું હતું તે યોગ્ય જ હતું. પણ વચગાળામાં પ્રાચ્યવિદ્યાના પરિશીલકોની પ્રવૃત્તિએ એક નવી જ દિશામાં પ્રયાણ કર્યું છે તેથી આજે ભારતીય વિષયો ભૌગોલિક સીમાની મર્યાદાઓને સ્વીકારતા નથી. ભારતીય સંસ્કૃતિ દક્ષિણ તેમ જ મધ્ય એશિયાની

સીમાઓ સુધી વિસ્તરેલી હોવાથી ભારતેતર દેશોમાં તેનો વિકાસ તેમ જ ત્યાંની પ્રાગ્‌ભારતીય અસરને આજે આપણે અવગણી શકીએ નહિ. જુદે જુદે વખતે મેસોપોટેમિયાની, ઇરાનની, ગ્રીસની, તુર્કમોંગોલની ઇસ્લામી અને કેટલ સંસ્કૃતિઓએ ભારતીય સંસ્કૃતિ પર અસર કરી છે. તેમ જ આપણી સંસ્કૃતિમાંથી ઉદ્‌ભવેલી અગ્નિ એશિયાની સંસ્કૃતિઓ પર આપણે લક્ષ આપવું જોઇએ. આ પરિષદના કાર્યક્ષેત્રમાં આપણે અમુક અંશે આ બાબતનો સ્વીકાર કરીએ છીએ. અલબત્ત, સંસ્કૃત ભાષા અને સંસ્કૃતોદ્‌ભવ ભાષાઓને પ્રાધાન્ય અપાય છે પરંતુ એશિયાઇ સંસ્કૃતિઓમાં ઇસ્લામી સંસ્કૃતિનો ઉદ્‌ભવ સૌથી છેલ્લો થયો છે અને ઇરાની સંસ્કૃતિ તથા ભારતીય સંસ્કૃતિ કે જેમાં દ્રાવિડી સંસ્કૃતિનો સમાવેશ થાય છે તે બન્ને સૌથી વધારે પ્રાચીન છે તેથી આ બધી સંસ્કૃતિઓનો આપણા કાર્યક્ષેત્રમાં સમાવેશ થાય છે. પણ આપણને સબળ પ્રેરણા મળે તે માટે આસપાસના સર્વ એશિઆઇ દેશો જેનાથી હિંદ કદી પણ અળગું રહ્યું નથી તેમની સાથે આપણે ગાઢ સંબંધ સ્થાપવો જોઇએ એમ હવે સર્વત્ર સ્વીકારાવા લાગ્યું છે.

એક બે ઉદાહરણો સાથે મારા વિચારોને વધારે વિશદતાથી સમજાવવા આપ સર્વની રજા માગું છું. માત્ર સંસ્કૃત અને પાલીનું જ્ઞાન ધરાવનાર વિદ્વાન બૌદ્ધ-ધર્મનો અભ્યાસ સંપૂર્ણ પણે કરી શકે નહિ. તેને માટે તિબેટની, ચીનની ને ઇતર દેશની ભાષાઓનો અભ્યાસ આવશ્યક છે તથા બૌદ્ધ ધર્મ સ્વીકારનાર ભારતેતર દેશો સાથેનો સંપર્ક સાધવો ખાસ જરૂરી છે. એ જ રીતે પ્રાકૃતના અભ્યાસને માટે પણ મધ્ય એશિયામાંથી મળી આવેલા પ્રાકૃતમાં લખેલા ખરોષ્ઠિ દસ્તાવેજો હિંદ બહાર નજર નાખવાનું આવશ્યક બનાવે છે. વૈદિક અભ્યાસ માટે અવસ્તાનું જ્ઞાન જરૂરી છે. પ્રાગૂઐતિહાસિક સંશોધન અને તેની સાથે સંબંધ ધરાવતા ઓરસ્સરીયા, સુમેર ઇલામ અને પશ્ચિમ તરફના બીજા દેશોના સંશોધન માટે મોહન-જો-ડેરોના સંશોધને વિશાળ ક્ષેત્ર ખુલ્લું કર્યું છે. આ અભ્યાસને માટે હિંદમાં હજુ સુધી પૂરતી સગવડો નથી. આ દેશો સાથે સીધો સંપર્ક સાધવામાં આવે તો તેના પરિણામરૂપે સંશોધનને માટે અપૂર્વ રસ જાગ્રત થાય. અને પરિણામે હિંદમાં જ પૂરતી સગવડો આપવાનું શકય બને.

માત્ર અભ્યાસ ઉપરાંત પણ આના બીજા લાભો છે. છેલ્લા વિશ્વયુદ્ધના અંત પછી એશિયાઇ દેશો વચ્ચેનો સંબંધ વધુ નિકટનો બન્યો છે, વ્યવહારના માર્ગો વધુ સરળ બન્યા છે ત્યારે આશા બંધાય છે કે હિંદ અને એશિયાઇ દેશો વચ્ચે સાંસ્કૃતિક સંબંધોનું પણ પુનરુત્થાન થશે. એ દેશોના વિદ્વાનોને નિમન્ત્રણ આપીને પરિષદ આ કાર્ય કરી શકે તેમ છે. કાર્યનું સ્વરૂપ ભારતીય રાખીને પણ આ પરિષદ પૌરસ્ત્ય વિદ્યાની એશિયાઇ પરિષદનું સ્વરૂપ અવારનવાર ધારણ કરી શકે. આ કાર્યમાં સંપૂર્ણ સહકાર મળી શકે તો આમંત્રણદ્વારા ભારતેતર દેશોમાં પણ તેના અધિવેશનો ભરી શકાય. દેશ અને કાળની દૃષ્ટિએ જ્યારે ક્ષિતિજની સીમા ઉત્તરોત્તર અભાપ વિસ્તાર પામી રહી છે અને આંતરજાતીય અને આંતરદેશીય સંસ્કૃતિઓના સંબંધોનું બહોળું નિરૂપણ થતું ચાલ્યું છે ત્યારે સ્વતંત્ર ભારત એક મહાન એશિયાઇ રાજ્ય બનવા આશા સેવી રહ્યું છે. પણ સ્વતંત્રતા એટલે સંબંધશૂન્યતા નહિ. આપણે રાજનીતિજ્ઞ નથી એમ છતાં પણ આપણે આશા રાખીએ કે પૌરસ્ત્ય સંસ્કૃતિના ઉધ્ધારઅર્થે સમસ્ત એશિયાઇ પરિષદ સ્થાપીને હિંદ પોતાની પ્રતિભાના બળે આગેવાની લે. વિદ્યાના સંબંધો વિશ્વસમાં વિશાળ છે. વિદ્યાના ઉત્તેજનાર્થે ભારતના આંગણે એક જ પરિષદના આશ્રયે એશિયાના જુદા જુદા દેશોના વિદ્વાનોને એકઠા કરવાનું કાર્ય બિરાદરી અને શુભેચ્છાનું પ્રતીક ગણાશે માનવઇતિહાસ બોલે છે કે જુદે જુદે સમયે માનવજાતે એકબીજાને ઉત્તમોત્તમ તત્ત્વો આપ્યાં છે અને અપનાવ્યાં છે, આજે માનવે મેળવેલું જ્ઞાન-રાશિ ભૂત અને વર્તમાન, નાના અને મોટા અનેક દેશોના જ્ઞાનના ભંડોળરૂપ છે. આ ભંડોળમાં પૂર્વનો અને ખાસ કરીને હિંદનો ફાળો ઘણો મોટો છે અને તે માટે આપણે અભિમાન લઇએ તે યોગ્ય છે. જો પ્રાચીનકાળમાં આપણા ધાર્મિક અને વ્યાપારી સાહસોએ દૂર સુદૂર સાંસ્કૃતિક સંબંધો સ્થાપી ઇતિહાસમાં અનોખું સ્થાન મેળવ્યું છે તો અર્વાચીન કાળમાં વિદ્યા માટેના આપણા પ્રયત્નો એ જ કાર્ય ન કરી શકે? એશિયાઇ દેશોએ એકબીજાથી ગાઢ સંપર્કમાં આવવું જોઇએ. એ કાર્ય માટે સર્વ દેશોને આવકારતી વિદ્યાની એક સર્વસ્વીકાર્ય પરિષદ સિવાય બીજું કયું યોગ્ય સ્થાન હોઇ શકે? એ દ્વારા જ પ્રાચીન સાંસ્કૃતિક સંબંધોને પુનઃ જીવન્ત બનાવતી એક નવી પ્રણાલિ ઉભી કરી શકાશે. મેં જે યોજના રજુ કરી છે તે બેશક મારે મહાત્વાકાંક્ષી છે અને આજે જ્યારે પૌરસ્ત્ય વિદ્યા પોતાના કાર્યપ્રદેશને વિસ્તારવા ઝંખી રહી છે ત્યારે એશિયાના વિદ્વાનોના બૌધ્ધિક સહકાર માટે અથાક પ્રયત્ન કરવા અને તે માટે આપણા નવા શાસન-તંત્રનો સહકાર મેળવવા આ પરિષદને હું ખૂબ ભારપૂર્વક વિનંતિ કરું છું.

કારણ કે, આજના જગતમાં પ્રાચ્યવિદ્યોપાસક એકલો અટુલો ઉભો નથી પણ તેણે ખૂબ મહત્ત્વનો ભાગ ભજવવાનો છે. આજે જ્યારે દુનિયા ત્રાસતમથી સળગેલ ધરાતળમાં અને દુઃખદારિદ્રયના ઝંઝાવાતમાં અટવાઇ મૃત્યુના મહાસાગરમાં લોહી નીગળતે હૃદયે આર્ત નાદ કરી રહી છે અને માનવને યન્ત્ર તરીકે ગણનાર અને પશુબળને દેવ ગણીને પૂજનારે અર્થપ્રધાનવાદોથી આધ્યાત્મિક મૂલ્યો કચડાઇ રહ્યાં છે ત્યારે આ પરિષદ નિષ્પક્ષપણે અને પૂર્વગ્રહ વિનાની સત્યની અન્વેષણાદ્વારા માનસિક સમતોલપણું ઉત્પન્ન કરવા આધ્યાત્મિક મૂલ્યોનું ઔચિત્ય સમજાવવા અને વર્તમાનને સમૃદ્ધ કરવા માટે ભૂતકાલીન સુભગ તત્ત્વોમાં રસ ઉદ્દીપન કરી ખૂબ કિંમતી સહાય કરી શકે છે. કલેશ-કંકાસથી વીંટળાયેલા જગતમાં આ એક જ સ્થાન છે કે જ્યાં માનવજાત શાંતિ અને શુભેચ્છા માટે ઉન્નત હૃદયે, હિંદુઓ પવિત્ર પ્રસંગે વૈદિક પ્રાર્થના ઉચ્ચારે છે તે જ શબ્દોમાં પ્રાર્થી શકે :—

यदिह घोरं यदिह क्रूरं यदिह पापं
तच्छान्तं तच्छिवं सर्वमेव शुभमस्तु नः ॥

"આંહિયા જે ક્રૂરતા છે, ભયંકરતા છે, પાપ છે તેનું શમન થાવ અને દરેક તત્વ ઉચ્ચજીવન માટે કલ્યાણકારી થાવ."

આ પરિષદના બીજા પ્રમુખે ફ્રેન્ચ વિદ્વાન પ્રો. સીલવેઇન લેવીએ આપ સર્વનું જે સરસ્વતીગોત્રના વંશજો તરીકે બહુમાન કર્યું હતું તે સરસ્વતીગોત્રને હું પ્રણામ કરું છું અને આપ સર્વને ભારપૂર્વક કહું છું કે વિદ્યાભ્યાસનું કાર્ય અનાદિ હોવા છતાં જરાય ઓછી અગત્યનું નથી. અને સાંસ્કારિક વિષયોનો અભ્યાસ એ કેવળ વંધ્ય પાંડિત્ય નથી. બ્રાઉનિંગના વૈયાકરણની માફક જો તમે કોઇ પ્રાચીન વ્યાકરણની ગુંચો ઉકેલતા હો તો સાથે સાથે તમે એવી કૂંચીઓ શોધી કાઢો છો કે જેની મદદ વડે, પ્રાચીન વિચારોના ભંડાર ખૂલ્લા થઇ શકે છે. આજની દુનિયામાં જે પારાવાર મુશ્કેલીઓ અને નિરાશાઓ તમારા માર્ગમાં આવીને ઉભી રહે છે તે સર્વની સામે તમારે એ ખ્યાલથી ટક્કર ઝીલવી જોઇએ કે તમે જે ઉદ્દેશ માટે કામ કરી રહ્યા છો તે કોઇ ક્ષણજીવી વસ્તુઓ નથી, પણ ચિરસ્થાયી અને અતિ મહત્ત્વની છે. માનવીની જ્ઞાનસમૃધ્ધિમાં અને સુખમાં તમારા કાર્યોથી વૃધ્ધિ થઓ.

सं गच्छध्वं सं वदध्वं सं वो मनांसि जानताम् ॥

મૂળ અંગ્રેજી ડો. સુશીલકુમાર દે.
અનુવાદક : તારાબહેન શાહ બી. એ. (ઓનર્સ)

શ્રી. જ્યોર્જીસ સાથેની મુલાકાત

[આજકાલ પાશ્ચાત્ય સંસ્કૃતિએ હિંદ અને એશિયા ઉપર પાડેલી વ્યાપક અસરની વાતો ઠેરઠેર થાય છે. પરંતુ આપણે એ ભૂલી ન શકીએ કે આજથી સેંકડો વર્ષો પૂર્વે મધ્યકાલીન અને પ્રાચીન યુગમાં હિંદે પોતાના આધ્યાત્મિક જ્ઞાનની ઉત્કૃષ્ટતાને અંગે સારાયે એશિયામાં તેમ જ મધ્યપૂર્વમાં પોતાની સંસ્કૃતિ, કલા અને જીવનદૃષ્ટિનો જોરશોરથી ડંકો વગાડયો હતો. એશિયામાં પ્રચલિત બે મહાન ધર્મોનું ઉત્પત્તિ સ્થાન હિંદ જ છે. હિંદુધર્મ અને બૌદ્ધ ધર્મ. આજની સામાન્ય પ્રજા ભલે આપણી સંસ્કૃતિ અને ફિલ્સુફીથી વંચિત હોય છતાં તે જ્ઞાનના અવશેષો હજુ હિંદમાં કેટલીક જગ્યાએ રહેલા છે; અને એ અવશેષો આજે પણ પરદેશના કેટલાયે જીજ્ઞાસુઓને આકર્ષી રહ્યા છે. આવા એક જીજ્ઞાસુને મળવા કપોળ અને કપોળમિત્ર તરફથી શ્રી. નગીનદાસ સંઘવી તેમજ શ્રી. ચંદ્રકાંત સંઘવી ગયા હતા અને તેમની સાથેની મુલાકાતનો અહેવાલ અત્રે રજુ કરવામાં આવ્યો છે. આ પુન્યશાળી આત્મા લૌકિક રીતે શ્રી. જ્યોર્જીસના નામથી ઓળખાય છે અને તે સ્વીટ્ઝરલેંડના પ્રજાજન છે. આજે લગભગ બાર વર્ષથી તે હિંદના આધ્યાત્મિક જ્ઞાનનો અભ્યાસ કરી આત્મકલ્યાણનો માર્ગ શોધી રહ્યા છે. જૈનાચાર્ય શ્રી શાંતિવિજયજીના શિષ્ય તરીકે સતત ત્રણ વર્ષ રહીને તેમણે યોગની સાધનાઓનો અભ્યાસ કર્યો છે. અમને આશા છે કે તેમના અનુભવો અને તેમનું વિચારમંથન અમારા વાચકોને બોધપ્રદ થઈ પડશે. શ્રી. જ્યોર્જીસની આર્ષદૃષ્ટિ તથા આપણા આધ્યાત્મિક જ્ઞાન પ્રત્યેનો તેમનો અધિકતર પ્રેમ હરકોઇને મગરૂબી ઉપજાવે તેવો છે.—તંત્રી.]

મલબાર હીલ પરના શાંત અને નૈસર્ગિક વાતાવરણમાં થઈને 'રીજ રોડ' પર આવેલી શ્રી આદેશ્વરનાથની જૈન ધર્મશાળામાં જ્યારે શ્રી જ્યોર્જીસ પાસે અમે પહોંચ્યા ત્યારે અમારું મન તેમની સાથેના ગંભીર અને બોધપૂર્ણ વાર્તાલાપ માટે આપોઆપ તૈયાર થઈ ગયું હતું. તેમની રૂમના બારણા પર અમે બે ત્રણ ટકોરા કર્યા કે તરત જ બારણું ખુલ્યું અને શ્રી જ્યોર્જીસની પડછંદ કાયા અમારી નજરે પડી. તેમને મળતાંની સાથે જ તેમના પવિત્ર આત્માની સુગંધ આપણા હૃદયને પ્રફુલ્લિત કરી દે છે. છ ફુટથી પણ ઉંચી સશક્ત કાયા, આકાશગંગી વેધક આંખો અને સદાયે હસતું તેજસ્વી મુખ, તેમના પ્રતિભાશાળી વ્યક્તિત્વનો આપણને પરિચય કરાવે છે અને તેમને જોતાં આપણું મન રહેજે પ્રસન્ન થઈ જાય છે.

" આખરે તમે આવ્યા ખરા. " તેમણે અમને સાકારતાં કહ્યું. બે હાથ જોડી તેમણે અમને નમસ્કાર કર્યા અને સામે પડેલી ચટાઇ પર બેસવા કહ્યું. શ્રી જ્યોર્જીસનો બાહ્ય દેખાવ દરેક રીતે એક જૈન સાધુ જેવો જ છે. અને તેમની રહેણીકરણી પણ અત્યારે મુખ્યત્વે જૈન ધર્મના સિદ્ધાંતોને અનુસરીને ઘડાયેલી છે. ૧૦'×૮'ની તેમની નાની ઓરડીમાં એક બેઠા ઘાટની ખાટલી, નાનીશી બેગ, તથા પાણી પીવાના વાસણ સિવાય બીજું કશું જ નજરે પડતું નહોતું. સ્વીટ્ઝરલેંડમાં જન્મી ત્યાંની રહેણીકરણીમાં ઉછરેલી વ્યક્તિ આવી પૂર્ણ સાદાઇ આટલા આનંદપૂર્વક સ્વીકારી લે એ વાત આપણને રહેજે તેમના દૃઢ મનોબળનો અને તેમણે કરેલા ઉંડા વિચારમંથનનો ખ્યાલ આપે છે.

આપણા માસિકના પ્રજાસત્તાક અંકની એક પ્રત અમે તેમની સમક્ષ મૂકીને માસિક વિષેની સાધારણ માહીતી તેમને આપી. મસીકના મુખપૃષ્ઠ પર તેમની નજર પડતાં જ તેઓ બોલ્યા, "આ તો તમારા પ્રજાસત્તાક હિંદના પ્રથમ પ્રમુખ છે. તમે હિંદીઓ તમારા પ્રમુખને બાપુ કહી ખરેખર બહુ જ નિકટતાથી બોલાવો છે. તમારે તેમની ડોક્ટરની પદવી ભૂલવી ન જોઇએ." થોડીવાર ચંભીને તેમણે જ કહ્યું; "હા, પણ કદાચ તેમના નમ્ર સ્વભાવને એ જ વધુ ઉચિત લાગતું હોય! આવા પવિત્ર અને સેવાભાવી આત્માના હાથમાં તમારા દેશનું સુકાન બહુ જ સહિસલામત છે એમ મને લાગે છે."

થોડી વાર શાંત રહ્યા બાદ અમે અમારી મુલાકાતના મુખ્ય મુદ્દા પર આવતા તેમને પૂછ્યું: "આપને હિંદ આવવાનું કેમ બન્યું તે આપ કહી શકશો?"

"હા, જરૂર" તેમણે કહ્યું અને કંઇક વિચારને અંતે બોલ્યા, "મારા હિંદ આવવામાં એક મહાન પુસ્તક કારણરૂપ છે. આજથી લગભગ પંદરેક વર્ષ પહેલાં હું ઇજીપ્તમાં હતો ત્યારે પોલ બ્રન્ટનનું જગવિખ્યાત પુસ્તક Search in Secret India (સર્ચ ઇન સીક્રેટ ઇન્ડિયા) અચાનક મારા વાંચવામાં આવ્યું અને તેણે મને હિંદ આવવા પ્રેર્યો. આ પુસ્તકે મારા સમગ્ર જીવનમાં એક મહાન પલટો આણ્યો છે. તે વખતે હું જગતના જુદા જુદા દેશોની મુસાફરી કરી ઇજીપ્તમાં કાયમી વસવાટ માટે રહી જવાનો વિચાર કરી રહ્યો હતો. પણ આ પુસ્તક વાંચીને મારા હૃદયમાં આધ્યાત્મિક જ્ઞાનની જે તૃષ્ણા જાગી તે છીપાવવા મારે હિંદ આવવું જરૂરી હતું અને તેથી ઇજીપ્તમાં રહેવાનો મારો નિર્ણય મેં ફેરવ્યો. આમ ૧૯૩૬ ના નવેમ્બર માસમાં પી. એન્ડ ઓ કંપનીની 'કોરફેયુ' નામની સ્ટીમર દ્વારા હું મુંબઇ આવી પહોંચ્યો. તે દિવસ પછી હજુ સુધી મેં હિંદનો કિનારો છોડયો નથી. હિંદ આવવા પાછળનો મારો આશય તમારા મહાત્માઓ, યોગીઓ અને અન્ય સાધુઓનો સમાગમ સાધી તમારા દેશના અજોડ આધ્યાત્મિક વારસાનો પરિચય સાધવો એ જ હતો. આથી અહીં આવ્યા બાદ, એ જ્ઞાનનો પરિચય કરાવી જીવન-કલ્યાણના માર્ગે મને દોરી શકે એવા કોઇ ગુરૂની શોધમાં હું પડયો.

" પહેલવહેલો તો શ્રી રમણ મહર્ષિને મળવા હું અરૂણાચલમ્ ગયો. તેમના આશ્રમમાં લગભગ ત્રણેક અઠવાડિયાં રહ્યો. પરંતુ ત્યાં મને બરાબર ન ગોઠયું અને હિંદના બીજા સ્થળોની-આધ્યાત્મિક જ્ઞાનના ઘામોની-સફરે હું નીકળ્યો."

" તમે શ્રી અરવિંદ ઘોષને મળ્યા છો?" શ્રી નગીનભાઇએ એક સહજ પ્રશ્ન પૂછ્યો.

" હું પોંડીચેરી ગયો હતો. પરંતુ શ્રી અરવિંદ ઘોષના દર્શન કરવાનું મને સદ્‌ભાગ્ય પ્રાપ્ત ન થયું કારણ કે તેઓશ્રી તો વર્ષમાં માત્ર એક કે બે વાર જ દર્શન આપે છે."

" તમારા ગુરુ શોધવાનું કાર્ય તમે કેવી રીતે પાર પાડયું?" મેં વિશેષ માહિતી માગતો પ્રશ્ન પૂછ્યો.

" મારા ગુરૂ સાથેનો મારો પ્રથમ પરિચય એ એક અકસ્માતનું જ પરિણામ છે." તેમ કહી તેઓ થોડીવાર શાંત રહ્યા અને પછી ધીમેથી બોલતાં કહ્યું, " ઇશ્વરપ્રેરિત એવો કોઇ સંકેત જ હશે એમ હું માનું છું. દક્ષિણ હિંદની મુસાફરી કરીને હું મુંબઇ આવ્યો હતો અને અહીંથી જોધપૂર જવાના ઇરાદે હું ટ્રેનમાં બેઠો. રસ્તામાં અમદાવાદ સ્ટેશન ઉપર ગાડી બદલવા ઉતર્યો ત્યારે થૈ મસ કુકની ગાઇડ વાંચતાં વાંચતાં મારું ધ્યાન તેમાં આપેલા દેલવાડાના જૈન મંદિરોના એક સુંદર ચિત્ર પર પડયું. તે ચિત્રે મારા મન ઉપર બહુ જ ઉંડી છાપ પાડી, અને મને તે જગ્યા પ્રત્યે કોઇ અનોખું આકર્ષણ જાગ્યું. મને ત્યાં જવાની એટલી જોરદાર પ્રેરણા થઇ કે મેં મારો જોધપુરનો પ્રવાસ મુલતવી રાખ્યો અને આબુ જતી ગાડી પકડી લીધી. આબુ પહોંચી એક ભોમિયાની સાથે દેલવાડાનાં દેરાં જોવા હું ઉપડયો. તે સમયે ત્યાંના દરવાજા આગળ એક જીવનકદની ભવ્ય પ્રતિમા મેં જોઇ અને તે વિષે પ્રશ્ન કરતાં મારા ભોમિયાએ જણાવ્યું કે "એ તો એક મોટા જૈન આચાર્ય છે.

અને તેમનું નામ શ્રી શાંતિવિજયજી છે. તેઓ આ મંદિરના સૌથી વડા આચાર્ય છે. તમારે એમને મળવું છે?" 'હા, જરૂર' મહાત્માઓને મળવા તો હું દિલ આપ્યો છું. હું જરૂર એમને મળીશ. અને તે રીતે દેરાંઓનું નિરીક્ષણ કરી લીધા બાદ હું શાંતિવિજયજીના દર્શને ગયો. તેઓ એક ઓરડામાં એકલા જ બેઠા હતા. મને જોઇને તેઓશ્રી એકદમ ઉભા થયા અને મને હર્ષભેર આવકાર આપ્યો.

"તમે આધ્યાત્મિક જ્ઞાન મેળવવા અહીં આવ્યા છો?" તેમણે મને પૂછ્યું. મને બહુ જ આશ્ચર્ય થયું. કારક કે તેમણે મને જોવાની સાથે જ મારું હૃદય વાંચી લીધું હતું. અને વર્ષોથી મને ઓળખતા હોય તેમ મારી સાથે તેમણે વાતચીત શરૂ કરી હતી. મેં કહ્યું "યોગ શિખવા માગું છું. આપ મને શિખવશો?" "તમારી ઉત્કંઠા હશે તો હું જરૂર શિખવીશ" અને મને શિષ્ય તરીકે સ્વીકારવા તૈયાર થયા. હું તેમની પ્રતિભાથી ખુબ જ અંજાયો અને તેમના પ્રેમે મને વશ કર્યો. મને લાગ્યું કે મારું ગુરૂ શોધવાનું કાર્ય હવે પુરું થયું છે. વસ્તુતઃ આંતરિક પ્રેરણાની દૃષ્ટિએ મને સંપૂર્ણ સંતોષ થયો હોવા છતાં મારા બુદ્ધિવાદે મને થોડો સંશયગ્રસ્ત કર્યો અને હું હજુ આગળ જવા માટે તૈયાર થયો. નિખાલસ રીતે કહું તો શ્રી. શાંતવિજયજીની આધ્યાત્મિક શક્તિની કલ્પના મારા તેમની સાથેના પહેલા પરિચયે મને ન આવી. મને કંઇક એવા ખ્યાલો હતા કે ખરેખરો યોગી તો માત્ર એક કૌપીનધારી માનવી જંગલોમાં જ રખડતો હશે. અને તે દૃષ્ટિએ સોનાના છત્ર હેઠળ બેઠેલા શ્રી. શાંતિવિજયજી મોટા વૈભવથી રહેતા હોય એમ મને લાગ્યું. આથી માત્ર ત્રણ દિવસ આબુ રહી મારા અધુરા રહેલા જોધપુરના પ્રવાસે હું નિકળ્યો. ત્યાંથી કાશ્મીર, હરદ્વાર, દાર્જીલીંગ, જગન્નાથપુરી વગેરે સ્થળોએ ખુબખુબ ફર્યો અને ત્યાં મહાત્માઓ તથા સાધુઓનો પરિચય સાધ્યો, પરંતુ આ બધા સ્થળોમાં મને કોઇ જગ્યાએ શ્રી શાંતિવિજયજી મહરાજ કરતાં વિશેષ પ્રભાવશાળી અને પવિત્ર આત્માનો પરિચય ન થયો અને મેં મારા ધ્યેયની સિદ્ધિ અર્થે શ્રી શાંતિવિજયજી પાસેથી જ માર્ગદર્શન મેળવવાનું નક્કી કર્યું. આ નિર્ણય કર્યા બાદ મેં તેને લગતી પ્રાથમિક તૈયારીઓ તરતજ કરી લીધી. દુન્યવી બંધનોમાંથી મુક્ત થવા મેં મારી પાસેનું બધું જ દ્રવ્ય ખર્ચી નાખ્યું અને બીજો સરસામાન પણ મારા નોકરને આપી દીધો. મારા બેચાર કપડાંઓ અને જરૂર પુરતા પૈસા રાખી, હું આબુ ગયો. શ્રી શાંતિવિજયજીએ મને કહ્યું, "તમારે યોગનો અભ્યાસ કરવો હશે તો સતત ત્રણ વરસ સુધી મારી સાથે રહેવું પડશે. અને હું કહું તે મુજબની તપશ્ચર્યા કરવી પડશે."

"હું તો તે માટે તૈયાર જ હતો. આત્મસાક્ષાત્કારના મારા ધ્યેયની સિધ્ધિ અર્થે હું કોઇપણ મુશ્કેલી ઉઠાવવા તૈયાર હતો, આથી મેં તેમના ચરણોમાં માથું ઝૂકાવી તેમનું ગુરૂપદ સ્વીકાર્યું. તમને જાણીને નવાઇ થશે કે એ ત્રણ વર્ષ દરમ્યાન એક પણ દિવસ મેં આબુની સીમાઓ છોડી નહોતી. ગુરૂજી તરફથી સોંપવામાં આવતું દરેક કાર્ય હું આનંદપૂર્વક કર્યે જતો હતો. અને એ રીતે મેં મારા ત્રણ વર્ષનો યોગાભ્યાસ ૧૯૪૧ ના જાન્યુ. માસમાં પુરો કર્યો."

"આ સમય દરમ્યાન તમને થયેલા કોઇ ચમત્કારિક કે અસાધારણ અનુભવનું બ્યાન તમે કરી શકશો?" મનમાં કયારનો ઘોળાઇ રહેલો પ્રશ્ન મેં પૂછી નાંખ્યો. આ પ્રશ્નથી તેમને જરા મુંઝવણ થઇ હોય એમ લાગ્યું. થોડો સમય તેઓ બીલકુલ શાંત બેસી રહ્યા અને પછી આસ્તેથી કહ્યું; "તમે એટલું તો સમજી શકશો કે યોગીક શક્તિઓ એ કોઇ જાહેરાતનો વિષય નથી. માત્ર ચમત્કાર કરી બતાવવાની દૃષ્ટિએ તે શક્તિનો ઉપયોગ કરવો કદાપિ ઇષ્ટ લેખાતો નથી. આમ છતાં તમારા મનના સમાધાન માટે હું તમારી સમક્ષ એકાદ બે પ્રસંગોનું આલેખન કરીશ. બીજું વિશ્વ-યુધ્ધ ફાટી નિકળ્યું તે પહેલાં અમે કેટલાક શિષ્યો શ્રી શાંતિવિજયજી સાથે જંગલની કોઇ એકાંત જગ્યાએ ફરવા નિકળી ગયા હતા. ત્યાં શ્રી શાંતિવિજયજીએ અમને કહેલું તે મને આજે પણ બરાબર યાદ છે કે "થોડા વખતમાં જ આખું જગત એક ભયંકર વિશ્વ-યુધ્ધની જવાળાથી ઘેરાઇ જશે. દુઃખ અને દારિદ્ય માનવજાતને ભરખી જશે. જર્મની દ્વારા લડાઇની શરૂઆત થશે, પણ આખરે તે હારશે. અને જાપાન આ લડાઇ દરમ્યાન અવર્ણનીય પાયમાલી વહોરશે." આજે આપણે રહેજે જોઇ શકીએ છીએ કે તેમના કથનમાં સંપૂર્ણ સત્ય સમાયેલું હતું.

એક પ્રસંગે મારા ગુરૂની આજ્ઞાનું ઉલંઘન કરી હું કેરીઓ ખાવા જંગલમાં ગયો હતો. ત્યાં કેરીના ઝાડની ડાળી તુટી ને હું નીચે પડયો. મારા પગ ઉપર ખુબ ઇજા થઇ. ગુરૂઆજ્ઞાના ઉલ્લંઘન માટેની કદાચ આ શિક્ષા જ હોય. લોહીથી ખરડાયેલા અને લંગડાતા પગે હું ગુરૂજી પાસે પહોંચ્યો. મને દૂરથી જ જોઇ તેઓ ખડખડ હસવા લાગ્યા. અને મને શું થયું તે વિષે પૂછ્યું. અને જવાબની અપેક્ષા રાખ્યા વિના જ તેમણે પોતાને હાથે મને સારો પાટો બાંધી આપ્યો. ચિંતા ન કરવાનું કહી મને આરામ લેવા મોકલ્યો. બગર દવાએ બીજે જ દિવસે મારો આ સખ્ત ઘા જે સાધારણ રીતે પંદરેક દિવસ પહેલાં રૂઝાય નહીં તે સંપૂર્ણ રીતે રૂઝાઇ ગયો હતો.

શ્રી શાંતિવિજયજી મહારાજ કદી પણ તેમની શક્તિઓનો ઉપયોગ દેખાવ કરવા ખાતર કરતા નહિ. પણ હા, જો માનવ કલ્યાણનું કોઇ કાર્ય કરવાનું હોય તો તેઓ જરૂર તેનો ઉપયોગ કરતા. મેં સાંભળ્યું છે કે શીરોહીની બાજુના હુંગરાળ અને નિર્જળ પ્રદેશમાં એક વખત જૈન સાધુઓના મેળામાં પાણી ખુટયું હતું. ત્યારે શ્રી શાંતિવિજયજી મહારાજે તેમના શિષ્યોને બોલાવીને કહ્યું જાઓ, થોડે દૂર જઇ દસ ફુટ ખોદશો તો તમને પાણી મળશે' અને ખરેખર આ શુષ્ક પ્રદેશમાં પાણીનો મોટો પ્રવાહ તરત જ શિષ્યોને હાથ લાગ્યો હતો. ગુરૂની કૃપા સિવાય આવું કદી બની શકે ખરું? અને હા આવા ચમત્કારના પ્રસંગોને બાજુ પર કરતાં મારે એટલું જરૂર કહેવું જોઇએ કે ગુરૂશ્રીની દોરવણી હેઠળ મારા જીવનનાં આ ત્રણ વર્ષો સૌથી વધુ સુખકારી અને આનંદદાયક હતા. તે દરમ્યાન મારો આત્મા હમેશાં કોઇ અપૂર્વ શાંતિ અનુ-ભવતો હતો. અને તે વખતે જ મેં મારા જીવનને ભયમુક્ત બનાવ્યું. ગુરૂજીની આજ્ઞાથી લગભગ ૭ માસ સુધી અચળગઢ (આબુ) ઉપર આવેલી રાજા ગોપીચંદની ગુફામાં મારે એકલા રહેવાનું થયું હતું અને તે દેખીતી રીતે ભયાનક લાગતું કાર્ય હું લેશ પણ મુશ્કેલી વગર પાર પાડી શકયો હતો. ત્યાં અવારનવાર આવતા સાપ, વીંછી, વાઘ, સિંહ, કે બીજાં ભયાનક જંગલી પ્રાણિઓ મને કદી સતાવતા નહિ, તેમજ મને તેનો ડર પણ લાગતો નહી. જ્યારે મનુષ્યનો આત્મા દુન્યવી સંસ્કારોથી મુક્ત બની સારીએ પ્રાણીસૃષ્ટિ સાથે એકતા અને પ્રેમ અનુભવે છે ત્યારે આપોઆપ તે ભયમુક્ત બને છે. આત્મા તો સર્વે પ્રાણીઓમાં એક જ રહેલો છે ને!"

"આ યોગાભ્યાસના સમય દરમ્યાન તમે તમારા આત્મસાક્ષાત્કારના ધ્યેયને પ્રાપ્ત કર્યું?"

"ના, ના, હજુ તો તે માટે મારે વધુ કઠિન તપશ્ચર્યા કરવી પડશે. આત્મસાક્ષાત્કાર તો ત્યારે જ થઇ શકે જ્યારે આત્મા સંપુર્ણ રીતે પવિત્ર બની દુન્યવી વાસનાઓમાંથી મુક્તિ મેળવે. હા, પણ એટલું જરૂર કે આ ત્રણ વર્ષની તપશ્ચર્યાને પરિણામે મારા ધ્યેયને પહોંચવા માટે જરૂરી એવી પુર્વભૂમિકા હું બરાબર તૈયાર કરી શકયો છું. શ્રી શાંતિવિજયજી મહારાજની પ્રેરણાના બળે મેં પંચેન્દ્રિય ઉપર કાબુ મેળવ્યો છે. અને હું મારા મનને સંપૂર્ણ

રીતે એકચિત્ત કરી શકું છું, અને તે જ આત્મકલ્યાણના માર્ગે માનવીને દોરી જવા માટેનું પ્રથમ પગથિયું છે. મને આશા છે કે મારા ગુરુની કૃપા મને મારા ધ્યેય સુધી દોરી જશે. હજુ પણ મારા ગુરુજી દેવલોકમાંથી મને આધ્યાત્મિક પ્રેરણા આપી રહ્યા છે."

આગળ ચાલતાં તેમણે કહ્યું. "મારા કમનસીબે હું ગુરુજીની અંતિમ ઘડીએ તેમની પાસે હાજર નહોતો. નહિતર કદાચ તેમની બીજી સિદ્ધિઓ–જેવી કે કુંડલિની શક્તિ–મેળવવાનું સદ્‌ભાગ્ય હું પ્રાપ્ત કરી શક્યો હોત કે જેથી મોક્ષનો માર્ગ મારે માટે વધારે સરળ બની જાત."

"શ્રી શાંતિવિજયજી મહારાજના મૃત્યુ વખતે આપ ક્યાં હતા?" શ્રી નગીનભાઇએ સવાલ કર્યો.

"મારો યોગાભ્યાસ પુરો થયા બાદ હું અવારનવાર આબુ છોડી બીજી જગ્યાઓએ જતો હતો. ૧૯૪૭ ના જુલાઇ માસમાં તેવા જ એક પર્યટને હું આબુથી નિકળ્યો. ફરતાં ફરતાં શ્રી રમણ મહર્ષિના આશ્રમમાં જઇ ચઢયો ને ત્યાં જ રોકાયો. અચાનક એક દિવસ સવારે શ્રી રમણ મહર્ષિએ મને બોલાવ્યો ઓને કહ્યું, "જ્યોજ, તમારા ગુરુનો વિચાર સંદેશ [ટેલીપેથીક મેસેજ] મને મળ્યો છે. તેઓ તમને ત્યાં બનતી ત્વરાએ બોલાવે છે. માટે તમારે તરત જ આબુ માટે રવાના થવું જોઇએ." શ્રી રમણ મહર્ષિના કહેવાથી હું તેમનો આશ્રમ છોડી રવાના તો થયો, પણ તેમણે આપેલા સંદેશાનું ગાંભીર્ય સમજી ન શક્યો હોવાથી સીધો આબુ પહોંચવાને બદલે બેનારસ પાલીતાણા વગેરે સ્થળોએ ફરીને મેં આબુ જવાનો નિશ્ચય કર્યો. આજે મારે કબુલ કરવું જોઇએ કે સીધા આબુ નાજવાનો મારો નિર્ણય એ મારા જીવનની એક મહાન ભૂલ હતી. કારણ તેથી જ હું મારા ગુરુના અંતિમ દર્શન ન પામી શક્યો. અને તે વાતનો મને આજે પણ ખુબ પશ્ચાત્તાપ થાય છે. બનારસ થઇને હું પાલીતાણા પહોંચ્યો ત્યાં રાત્રે મને એક ધણું ભયાનક સ્વપ્ન આવ્યું. તેમાં મેં મારા ગુરુનું ધડ જમીન પર ચત્તું પડેલું જોયું અને તેમનું શિર હવામાં અધ્ધર લટકતું નિહાળ્યું. આ સ્વપ્ને મારા મનમાં ઘણી કુશંકાઓ જગાડી અને સવારના મેં પાલીતાણા મંદિરના આચાર્યને તે વિષે વાત કરી અને શ્રી શાંતિવિજયજીના સમાચાર મેળવી આપવા કહ્યું. ત્યાં આગલે જ દિવસે આબુના થોડા ઉતારૂઓ આવ્યા હતા તેમણે શ્રી શાંતિવિજયના કુશલ સમાચાર કહ્યા ને ચિંતા ન કરવાનું જણાવ્યું. કોણ જાણે કેમ પણ મારા મનને તેથી શાંતિ ન થઇ અને હું આબુ જવા માટે તલપાપડ થઇ રહ્યો, પણ તેટલામાં બીજે જ દિવસે મને શ્રી શાંતિવિજયજી મહારાજના દેવલોક પામ્યાના દુઃખદ સમાચાર મળ્યા. મારા હૃદયને સખ્ત આઘાત લાગ્યો. મારા ગુરુજીને અંતિમ વેળાએ ન મળી શકવા માટે મને મારા કર્મનો જ દોષ દેખાયો."

આમ કહી તેઓ એકદમ ગંભીર થઇ ગયા. શ્રી જ્યોજીસે વર્ણવેલા આ હૃદયસ્પર્શી પ્રસંગે અમને બનેને શાંત કરી દીધા.

"વાહ તો શ્રી જ્યોજીસ! આપને એક અંગત સવાલ પુછી શકું?" શ્રી નગીન ભાઇએ વાર્તાલાપને જુદો વળાંક આપતો પ્રશ્ન કર્યો.

"હા, જરૂર ખુશીથી પૂછો." તેમણે હસીને જવાબ આપ્યો. "તમો હિંદ આવ્યા તે અગાઉના તમારા જીવન અંગે તમે કંઇ કહી શકશો? તમારા જીવનમાં કયા બળોએ તમને અધ્યાત્મવાદ તરફ જવા પ્રેર્યા તે વિષેની માહિતી અમારા વાચકોને કદાચ માર્ગદર્શક થઇ પડશે."

ત્યાર પછી તેમણે અમને તેમના પુર્વજીવનની વિગતો આપી. એ અંગત જીવનની બધી જ વિગતો અત્રે રજુ કરવાની ઇચ્છા રોકી તેમાંના કેટલાક નોંધપાત્ર પ્રસંગોનું જ અત્રે આલેખન કરીએ છીએ.

"હું એક તવંગર પિતા અને અતિ પ્રેમાળ માતાનું એક જ સંતાન છું. પરંતુ કેટલાક પ્રતિકુળ સંજોગોને લઇને મારો બાલ્યકાળ મારા મામાને ત્યાં સ્વીટઝર્લેંડના એક નાના ગામડામાં વીત્યો હતો. મારા આત્માના પુર્વ સંસ્કારોને લઇને કે બીજા કોઇ કારણોથી મને નાનપણથી જ પાદરી (ધર્મગુરૂ) થવાની ઇચ્છા જાગી હતી. પણ મારી માતાના આગ્રહને માન આપી મેં તે ઇચ્છા બાજુ પર રાખી અને મારો અભ્યાસ પુરો થયા બાદ એક હોટેલમાં–તે અમારા દેશનો મોટો ઉદ્યોગ છે તે આપને વિદિત હશે જ–નોકરી સ્વીકારી. મારૂં કાર્ય ત્યાં આવતા મુસાફરોને આવકારી તેમને યોગ્ય વ્યવસ્થા કરી આપવાનું હતું. એક વાર એ હોટેલમાં અતિ તવંગર ગણાતાં એક અંગ્રેજ બ્હેન રહેવા માટે આવ્યાં. મારા આશ્ચર્ય વચ્ચે મને જોઇને તેમણે તુરત જ કહ્યું 'અરે, તારા જેવા શક્તિશાળી અને ઉત્સાહી નવજુવાન માટે આ હોટેલનું કાર્ય સરજાયેલું નથી. તારે તો બીજા જ કોઇ ક્ષેત્રમાં જવું જોઇએ" મેં તેમને મારા સંજોગે વિષેની માહીતી આપી અને તેઓ હોટલમાં રહ્યાં ત્યાં સુધી તેમની બનતી સેવા કરી. તેઓ ત્યાંથી ગયાં ત્યારે મને કશી મદદ મોકલવાનું કહી ગયા અને તેમણે શું મદદ મોકલી હશે તેની કલ્પના તમે કરી શકો છો? તમે જાણીને કદાચ અચંબો પામશો કે તે અંગ્રેજ બ્હેને ઇંગ્લાંડ પહોંચ્યા[દસ હજાર પૌંડ (લગભગ ૧ લાખ ૪૦ હજાર રૂપીઆ) નો ચેક મને મોકલી આપ્યો.. આ અણધારી મદદ મારા જીવનપલટાના એક સોપાન રૂપ હતી. મેં હોટેલની નોકરી તરત છોડી દીધી અને જગતના પ્રવાસે નીકળી પડયો. મારે તો જગતભરના સૌંદર્યધામો નિહાળવાં હતાં, જુદા જુદા દેશના લોકોનો પરિચય સાધવો હતો અને ત્યાંની સંસ્કૃતિ અને કલાનો અભ્યાસ કરવો હતો. આવી રીતે મેં બે વાર જગતના લગભગ બધા દેશોનો પ્રવાસ કર્યો અને છેવટે જ્યારે હું ઇજીપ્તમાં રહી જવાનો નિશ્ચય કરતો હતો ત્યારે મેં તે લાક્ષણિક અને રહસ્યમય પુસ્તક–Search in Secret India–વાંચ્યું અને મેં અગાઉ કહ્યું તેમ ફરી એક વાર મારા સમગ્ર જીવને પલટો લીધો.

ધડિયાળ તરફ જોતાં અમને માલમ પડયું કે અમને આવ્યાને લગભગ બે કલાક થઇ ગયા હતા અને શ્રી જ્યોજીસ પણ સતત બોલવાથી થાકી ગયા લાગતા હતા; એટલે એક બે અગત્યના પ્રશ્નોની ચર્ચા કરી તેમની રજા લેવાનો અમે નિશ્ચય કર્યો.

"મનુષ્ય જીવનનું ધ્યેય શું હોવું જોઇએ અને તે ધ્યેય કેવી રીતે પ્રાપ્ત કરી શકાય એ વિષે આપનું મંતવ્ય અમે જાણવા ઇચ્છીએ છીએ." નગીનભાઇએ પૂછ્યું.

"આત્મસાક્ષાત્કાર–જીવનમરણના ફેરામાંથી મુક્તિ એટલે કે મોક્ષ–એ જ મનુષ્ય જીવનનું અંતિમ ધ્યેય છે એવું મારૂં માનવું છે. ધ્યેયને પહોંચવા સારૂ, મને તો જૈનધર્મમાં સુચવાયેલો માર્ગ ઉત્તમ લાગે છે અને તેથી તે જ માર્ગે જવાનો હું પ્રયત્ન કરી રહ્યો છું. સત્ય તો દરેક ધર્મમાં આપવામાં આવ્યું છે, પરંતુ સંપૂર્ણ સત્ય–નગ્ન–સત્ય–(પુરાણકથાઓથી મુકત)–તમને જૈનધર્મમાં જ જોવાનું મળશે. મને તો એવી ખાત્રી થઇ છે કે શ્રી મહાવીર સ્વામીએ અનંત પ્રકાશની ઝાંખી કરી સંપૂર્ણ સત્ય જોયેલું અને તે જ તેમણે જૈનધર્મદ્વારા સમજાવવા પ્રયત્ન કરેલો છે. જૈનધર્મમાં અહિંસા અને ત્યાગને જે મહત્વ આપવામાં આવ્યું છે તે મને બહુ જ યોગ્ય અને આવશ્યક લાગે છે. આમ હું એમ કહેવાને સહેજે પ્રેરાઉં છું કે જૈનધર્મ એ મોક્ષ મેળવવાનું ઉત્તમોત્તમ સાધન છે." (Jainism is the Science of Salvation Par-excellence)

"વાહ, તો જૈનધર્મની દૃષ્ટિએ દુન્યવી વ્યકિતએ પોતાના અંતિમ ધ્યેયને પ્રાપ્ત કરવા કયા પ્રકારનું જીવન જીવવું જરૂરી છે?" સામાન્ય માનવીને માર્ગદર્શક થઇ શકે એવો પ્રશ્ન મેં પૂછ્યો.

"પવિત્ર જીવન!" તેમણે તરત જ જવાબ આપ્યો. "જીવનના એકેએક ક્ષેત્રમાં પવિત્રતા આણવાની જરૂર છે. તો જ તમારો આત્મા સત્યની-ઝાંખી કરી શકશે. તે માટે સંપૂર્ણ રીતે શાકાહારી ખોરાક બીલકુલ આવશ્યક છે. શરીર અને મન ઉપર એવા સાદા ખોરાકની જે સુંદર અસર થાય છે તે છેલ્લા બાર વર્ષોથી હું અનુભવી રહ્યો છું. તે ઉપરાંત અહિંસા, સત્ય અસ્તેય, અપરિગ્રહ, બ્રહ્મચર્ય આ પાંચ વ્રતનું પાલન જેટલા પ્રમાણમાં કરી શકશો તેટલા પ્રમાણમાં તમે પ્રગતિ સાધી શકશો. જગતમાં રહીને પાપમુક્ત રહેવાનો બનતો પ્રયત્ન કરવો. બાકી તો હું માનું છું કે ઈશ્વરની પ્રાર્થના કરવાનો સર્વોત્તમ માર્ગ ઈશ્વર જેવા બનવાનો પ્રયત્ન કરવો એ જ છે He honours god best who seeks to be god-like"

"જૈન ધર્મને તમે એક સ્વતંત્ર ધર્મ તરીકે માનો છો કે હિંદુ ધર્મની એક શાખા તરીકે લેખો છો?"

"મને તો તે હિંદુ ધર્મની એક શાખારૂપ લાગે છે. અને હિંદુ ધર્મના કેટલાક મૂળભૂત સિદ્ધાંતો ઉપર જ તે રચાયેલો છે."

અને આખરે દરેક મુલાકાતને અંતે પુછવામાં આવતો સામાન્ય પ્રશ્ન અમે પણ શ્રી જયેાજિ'સને પુછ્યો, "હિંદની યુવાન પ્રજાને માટે તમારો શો સંદેશો છે?"

"એક પ્રજાને ઉદ્દેશવા જેટલી શક્તિ અને સામર્થ્ય મેં હજુ મેળવ્યાં નથી." તેમણે હસીને કહ્યું. "પણ હું હિંદી યુવાનોને લગતા મારા કેટલાક વિચારો આપને જણાવું. યુવાનોએ નાના નાના વિખવાદોમાં તેમની શક્તિ વેડફી ન નાંખતાં દેશની ઉન્નતિ માટે સતત કાર્યશીલ રહેવું જોઇએ. તમે સૌ તો નસીબદાર છો કે તમને જ્ઞાન અને સંસ્કારનો મહાન વારસો મળેલો છે. અને હવે તમારા દેશમાં રાજકીય સ્વતંત્રતા આવ્યાથી તમને તે જ્ઞાન અને પ્રાચીન સંસ્કૃતિનું પુનરુત્થાન કરવાની સુંદર તક મળી છે. તમારી ફરજ તો તમારા દેશના આ અમૂલ્ય જ્ઞાનને વિકસાવી તેની રજુઆત જગત સમક્ષ કરવી એ જ છે. મને પુરી શ્રદ્ધા છે કે હિંદ આધ્યાત્મિક ક્ષેત્રમાં જગતનું માર્ગદર્શક અને દ્રષ્ટા જરૂર બની શકશે. પરંતુ જો તમો પાશ્ચત્ય સંસ્કૃતિની અસર હેઠળ આવી જઇ તેનું અનુકરણ કરવાનો પ્રયત્ન કરશો તો કદી સફળ નહિ થશો. તે જ સંસ્કૃતિમાં ઉછરીને આવેલી વ્યક્તિ તરીકે હું તમને કહી શકું છું કે તમારે તો તમારી આધ્યાત્મિક જીવનદૃષ્ટિને ફરી જાગૃત કરી તે જ રીતે તમારું જીવન ઘડવું જોઇએ. તમારા દેશમાં આજે હોલીવુડની જે મજબુત અસર થઇ રહી છે તે જોઇને મને દુઃખ થાય છે. પણ મને આશા છે કે તમારી નસોમાં જે આર્યન લોહી વહે છે તે તમને વિનાશના માર્ગે જતાં અટકાવશે અને તમારું ભાગ્ય જરૂર ઉજ્વલ કરશે. મને પોતાને તો તમારા પ્રાચીન ઋષિમુનિઓના દેશમાંથી જે કંઇ મળ્યું છે, તમારા દેશમાં આધ્યાત્મિક જ્ઞાનનો જે ખજાનો છે તે બીજે કયાંયે નથી. મનુષ્યના જીવનનું શાશ્વત સુખ પ્રાપ્ત કરવાનો ખરો માર્ગ તમારા ઋષિમુનિઓએ જ શોધી કાઢયો છે અને તમે તેની મગરૂબી લઇ શકો છો. જાઓ,-તમારા દેશબાંધવોને જઇને કહો કે પશ્ચિમથી આવેલો આ આતમા તમારા દેશના ચૈતન્યથી સંપૂર્ણપણે વશ થયો છે અને આ જ દેશમાં રહી એની જીવનસફર પુરી થાય ત્યાં સુધી આત્મકલ્યાણનો માર્ગ ઢુંઢવા માગે છે."

અમે શ્રી જયોજી'સનો આભાર માની ધર્મશાળાની બહાર નીકળ્યા. હેંગીંગ ગાર્ડનથી નીચે ઉતરતાં અમે સૂર્યને દૂર દૂર ક્ષિતિજમાં ડુબતો જોયો. અમારું ચિત્ત કોઇ અનેરી શાંતિ અને પ્રસન્નતા અનુભવતું હતું. આત્મકલ્યાણની આવી કોઈ પણ પ્રવૃત્તિનું એ એક શુભ પરિણામ જ હોય છે. અમે બંને છુટા પડયા ત્યારે વર્ષો પહેલાંનો એક લાક્ષણિક પ્રસંગ યાદ આવ્યો. અને મેં સંતોષની લાગણી અનુભવી. લગભગ દસ વર્ષ પહેલાં નિશાળમાં શિક્ષકે એક પ્રશ્ન પુછેલો "હિંદમાં જન્મ થવા બદલ તમે મગરૂબી લો છો? અને તે શા માટે?"

આ પ્રશ્નનો ઉત્તર મને આજ સુધી સાંપડયો નહોતો. પણ શ્રી જયોજિ'સ સાથેના વાર્તાલાપે એ પ્રશ્નનો ઘણોજ સંતોષકારક ઉકેલ મને આપોઆપ મેળવી આપ્યો.

ચંદ્રકાન્ત સંઘવી.

('કપોળ મિત્ર'માંથી સાભાર ઉધ્ધૃત.)

ભુલ સુધારણા

'જેસલમેરના જ્ઞાનભંડારો' એ મથાળાના ગતાંકમાં પ્રગટ થયેલા લેખમાં ૩૨ મા પાને પેલા કોલમમાં ૧૨ મી લીટીમાં 'પયન્ના'ને બદલે 'પયન્ના' વાંચવું, બીજા કોલમમાં ૧૫ મી લીટી ઉપર 'ગોકરણ'ને બદલે 'પોકરણ' અને ૧૬ મી લીટી ઉપર 'આહ'ને બદલે 'સાહ' વાંચવું. છપાણમાં રહી ગયેલી આ અશુધ્ધિઓ માટે દિલગીરી દર્શાવવામાં આવે છે.

તંત્રી, પ્રબુદ્ધ જૈન

મૃત્યુને તેઓ જાણતા નથી

મૃત્યુને તેઓ જાણતા નથી—
—જો કે તેઓ શૂન્યમાં વિલીન થઇ ગયા છે;
અને એમના ઝુંપડામાં કાળી નિરાશાના
ઓળાઓ ફરી વળ્યા છે,
અને છતાં મૃત્યુને તેઓ જાણતા નથી.
વાત સાચી કે સ્વપ્ન રહિત નિદ્રામાં
તેઓ પોઢી ગયા છે.
એમના શરીરો ધવાયા છે—એમના હાડકા
પાંસળા તૂટેલા છે—
અને છતાં મૃત્યુને તેઓ જાણતા નથી.
આશાથી તેઓ ભરેલા હતા—
નિડરતાથી તેઓ આગળ ધપી રહ્યા હતા;
પ્રયાણ સમયે-એમના વદન પર સ્મિત—
હાસ્ય ફરકતું હતું—
—એમના અંતરમાં ભક્તિગીતો ગુંજતાં હતાં.
એ પ્રયાણમાંથી એઓ પાછા ન વળ્યા
દૂર દૂર એઓ ચિર નિદ્રામાં કયારે પોઢી ગયા
—તેની ખબર પણ કોઇને ન પડી.
એમાંના કોઇકને માટે વ્હાલસોઇ
જનેતા ઝુંપડાના ખૂણામાં
વેદનાના આંસુ સારે છે.—
ભૂતકાળનાં સ્મરણો જનેતાના
હૃદયમાં ઝબકી ઉઠે છે—
એના વદનનું એ તેજસ્વી હાસ્ય—
—એના કંઠના એ મધુર સ્વરો
ઝુંપડીમાં દાખલ થતા સંભળાતા
—એ ચિરપરિચિત પગલાંઓ—
અરે રામ-એ બધાં હવે ભૂતકાળમાં જ
સમાઇ ગયાં.
અને જનેતાની એ વેદના પાછી ઝબકી ઉઠી.
પરંતુ એમાંથી પરમ શાંતિની 'હાશ'
હવે નીકળી પડી.
મારો દીકરો આખરે તો મારા દેશ માટે જ
ચાલ્યો ગયો છે—
ભગવાન! અમારી આટલી પ્રાર્થના તો સાંભળજે!
આ ઘનઘોર અંધારા કયારે ઓસરશે?
મંગળ પ્રભાતનાં કિરણો કયારે પ્રગટશે?
ભાવિનું નિર્માણ કરવાનું બળ
હે પ્રભુ! તું અમને આપજે!
અમારા દર્દો-અમારાં રૂધિર અને
અમારા પરિશ્રમો ભલે સ્વપ્નવત્ થઇ જાય,
છતાં અમારું ભાવિ
એ દર્દના-એ રૂધિરના-એ
આંસુના ખંડો પર જ
રચાશે એવી અમારી શ્રધ્ધા
પ્રભુ! તું અચળ રાખજે! †

સંપાદક. દલસુખ અ. દિવાનજી

† એક અંગ્રેજ કાવ્ય પરથી સૂચિત

ધર્માન્તર વિવાહ

તા. ૨૪-૫-૫૦ના દિવસે ગોપીપુરામાં શ્રી. વિનોબાના આશીર્વાદ સાથે એક ધર્માન્તર લગ્ન કરવામાં આવ્યું. વર શ્રી લક્ષ્મીચંદ ગોસર સેંધવા મધ્ય ભારતના જૈન છે. કન્યા શ્રીમતી ફાતિમા ઇન્દોરનાં મુસલમાન બહેન છે. તેના ભાઇ શ્રી અમીનસાહેબ ઇન્દોરના એક સારા કાર્યકર્તા છે. લગ્ન માટે બહેન ફાતિમા ધર્મ-પરિવર્તન કરવા તૈયાર નહોતી. તેથી લગ્ન પછી પણ તે મુસલમાન જ રહેશે. બંનેએ લગ્ન પહેલાં એકબીજાના ઘર પર કેટલાક દિવસો ગુજાર્યા અને જ્યારે બન્નેએ આ સંબંધ અનુકૂળ લાગ્યો ત્યારે લગ્નબંધનમાં જોડાયાં. આ મંગળ પ્રસંગે વરકન્યાને આશીર્વાદ આપતાં શ્રી વિનોબા ભાવેએ નીચે મુજબનું એક લાક્ષણિક પ્રવચન કર્યું હતું. :—

"આજે આપણે એક જવાબદારીભર્યું પગલું ભર્યું છે. બહેન ફાતિમા મુસલમાન ધર્મની છે અને ભાઇ લક્ષ્મીચંદ જૈન ધર્મના છે. આ રીતે આ એક આંતરધર્મ વિવાહ છે. તે માટે વરકન્યા બન્ને વિચારપૂર્વક તૈયાર થયાં હતાં, તેથી તેઓ અભિનંદનને પાત્ર છે. પણ તેથીયે વધારે અભિનંદનને પાત્ર તો તેમના માનપિતા અને સગાંસંબંધીઓ છે, જેઓએ અહીં આવી ખુલ્લા દિલથી આ લગ્નને આશીર્વાદ આપ્યા છે. જો કે આમાં કાંઇ અભિનંદનની જરૂર નથી, સારાં કામનાં ફળ તેની સાથે જ જોડાયેલાં હોય છે. પણ, આ કામ સારું હોવા છતાં આજના સમયમાં તે માટે એક ખાસ હિંમતની જરૂર હતી અને વરવધૂએ જે હિંમત બતાવી છે, તે માટે તેઓ અભિનંદનને પાત્ર છે.

"આપણે જોયું કે આ પ્રસંગે અનેક ધર્મોમાંથી વચનો બોલાયાં. એથી આ લગ્નને બધા ધર્મ તરફથી આશીર્વાદ મળ્યા. ઘણા લોકોનો એવો ખ્યાલ હોય છે કે એક ધર્મનાં વચનોને બીજા ધર્મનાં વચનોની આભડછેટ લાગે છે. આવો ખોટો ખ્યાલ બંધાવાનું કારણ એ છે કે આ વચનો જે ભાષાઓમાં હોય છે તેનો અર્થ સર્વસામાન્ય જનતા સમજી શકતી નથી. કુરાન અરબીમાં બોલાય છે. ઘણુંખરું તેને બોલનાર કે સાંભળનાર એકેય સમજતા નથી. એ જ સ્થિતિ વેદના મંત્રો, પારસી ગાથાઓ તેમ જ અન્ય ગ્રંથોની હોય છે. કાનને માત્ર જુદા જુદા અવાજોનો પરિચય થાય છે. અને તેમાં રહેલા ભેદોને લીધે ભેદભાવ બનેલો જ રહે એમ આપણે જો ઇચ્છતા હોઇએ તો ભલે આ પ્રથા ચાલુ રહે, પણ બધા ધર્મોનાં વચનોને આપણે આપણી માતૃભાષામાં કહીશું તો જોશું કે બધાય ધર્મો સત્ય અને ભલાઇનો જ ઉપદેશ કરે છે.

"હમણાં જે વચનો બોલાયાં તેમાં કુરાનનું એક વચન હતું. તેમાં પ્રાર્થના કરી છે કે, 'ભગવાન, અમને સીધો રસ્તો બતાવ.' મને એમ લાગે છે કે આજનું પગલું સીધા રસ્તા પર છે. પણ આપણા દેશના કેટલાક લોકો આને ખોટું પગલું માનશે. આ દશામાં આપણે આપણી જવાબદારી સમજી લેવી જોઇએ. તેવા લોકો સાથે ચર્ચામાં ન ઊતરતાં જેમણે આ પગલું ભર્યું છે તેમણે પોતાનાં કામોથી સાબિત કરી આપવું જોઇએ કે તેમાં તેમનો ઉદ્દેશ ધર્મની શુદ્ધ સેવાનો જ હતો. તે પોતાના જીવનમાં ડગલે ને પગલે સેવા-ધર્મ અને સંયમનું દર્શન કરાવે, તો જેઓ આને ખોટું પગલું માને છે તે લોકો પણ કબૂલ કરશે કે આ પગલું સાચે રસ્તે હતું.

"હું જ્યારે હિન્દુસ્તાનભરમાં ફરતો હતો ત્યારે મારી સામે એ પ્રશ્ન આવતો કે જુદા જુદા ધર્મોનાં પ્રેમભાવ શી રીતે વધે? મારું પોતાનું ચિંતન ચાલતું જ હતું. લોકો જુદા જુદા ઉપાયો બતાવતા. કેટલાક મિત્રો એમ પણ કહેતા કે જુદા ધર્મોવાળાઓ વચ્ચે લગ્નસંબંધ શરૂ કરી દેવો જોઇએ, જેથી વેરભાવ અને દૂરપણાનો ભાવ દૂર થઇ પ્રેમસંબંધ વધે. હું કહેતો કે એ તો જરૂર બનવું જોઇએ. છતાં તે સિવાય પણ પ્રેમભાવ સ્થાપિત થવો જોઇએ. વેરભાવ કે દૂરપણાનો ભાવ તો વિચારપૂર્વક જ દૂર થવો ઘટે. અને તે થઇ શકે છે. અને તેથી પ્રેરાઇ પછી લગ્નસંબંધો પણ બંધાઇ શકે છે. આવાં લગ્નોને પ્રેમભાવ વધે તેની યુક્તિ રૂપે હું સ્વીકારી નથી શકતો. પણ વિચારપૂર્વક જે પ્રેમભાવ સ્થપાય તેની નિશાનીરૂપે તેનું સ્થાન કબૂલ કરું છું.

"ઇસ્લામ ધર્મ હિન્દુસ્તાનમાં બારસો વર્ષથી આવ્યો છે. બીજા પણ કેટલાક ધર્મો અને પંથો અહીં હજારો વર્ષથી આવેલા છે. અહીંની જમીનનો રંગ તે બધા પર ચઢ્યો છે. આપણી આ ભૂમિ પ્રેમ અને સમન્વય સ્થાપવાવાળી છે. તેણે બધા સમાજોને સ્થાન આપ્યું છે, એટલું જ નહીં પણ પ્રેમથી આમંત્રણ પણ આપ્યું છે. આપણે જેમ જેમ શુદ્ધ માનવતાનો વિચાર કરીશું તેમ તેમ આ બધા ધર્મો એક બીજાને પુષ્ટિ આપનારા સાબિત થશે. હું તો જુદા જુદા ધર્મોને ફક્ત ઉપાસનાભેદરૂપે જ માનું છું. દરેક ઉપાસનામાં કંઇને કંઇ ખૂબી હોય જ છે. જ્યાં આ બધી ઉપાસનાઓ એકત્ર થાય ત્યાં તેની બધી ખૂબીઓ પણ ભેગી મળે છે.

"હું આશા રાખું છું કે જેમણે આ વિવાહનું નિમિત્ત રાખી બન્ને ધર્મોને જોડયા છે તે એ બન્ને ધર્મોના અને બધા ધર્મોના ગુણોનો સંગ્રહ કરે. ભગવાન તેમને તે માટે બળ આપે!"

('હરિજનબંધુ'માંથી સાભાર ઉધ્ધૃત)

આ લગ્ન સમાજિક દૃષ્ટિએ એક વિશિષ્ટ ઘટના ગણાય. આજે વર્ણાન્તર તેમ જ ધર્માન્તર લગ્નના અનેક કીસ્સાઓ બની રહ્યા છે. આજની કેળવણી તેમ જ વિચારવાતાવરણનું આ સ્વાભાવિક પરિણામ છે. અનેક યુવક યુવતીઓ ચાલુ લગ્નક્ષેત્રની રૂઢિપ્રાપ્ત સીમા બહાર જઇને લગ્ન સંબંધથી જોડાઇ રહ્યા છે. આમ છતાં પણ જે બે વર્ગો વચ્ચે કંઇ કાળથી વૈમનસ્યની પરંપરા વહેતી આવી છે—અને આ વૈમનસ્યે આખરે અખંડ ભારતવર્ષના ભાગલા કરાવ્યા છે અને એમ છતાંપણ તેનો હજુ અન્ત આવ્યો નથી—તે બે વર્ગમાંથી કોઇ પણ એક યુવક અન્ય વર્ગની યુવતી સાથે ચોકકસ આદર્શ અને ધર્મની ભાવનાપૂર્વક લગ્નસંબંધથી જોડાય ત્યારે આપણા દિલને ખુશ આનંદ થાય છે અને આવી ઘટનાને આવકારવા આપણે પ્રેરાઇએ છીએ, કારણ કે આવી ઘટનાઓથી આપણી વચ્ચે પડેલી તડો સંધાશે, આપણી વચ્ચે રહેલી જુદાઇની-ઉચ્ચ નીચની-ભાવના નષ્ટ થશે અને આપણે બધા એક જ પિતાના પુત્રો છીએ અને એક જ માતાનાં સંતાન છીએ એ સત્યને સવિશેષ અનુમોદન મળશે એવી આપણને આશા બંધાવા લાગે છે.

આજે કોઇ હિંદુ યુવક કોઇ યુરોપીઅન યુવતી સાથે લગ્ન કરે એ ઘટના પ્રમાણમાં જેટલી સહજ સંભવનીય લાગે છે તેટલો સંભવનીય હિંદુ મુસલમાનનો લગ્નસંબંધ નથી લાગતો, જો કે બીજી અનેક રીતે એક યુરોપીઅન કરતાં એક મુસલમાન હિંદુની ઘણી વધારે સમીપ છે. આનું કારણ બન્ને કોમો વચ્ચે કંઇ કાળથી ચાલી રહેલા ધર્મોએ પેદા કરેલી માનસિક વિકૃતિ અને એકમેક વિષેની અવમાનનાબુધ્ધિ છે. હિંદના ભાગલા થયા અને પાકીસ્તાન જુદું પડયું એમ છતાં હિંદુ મુસલમાન એકતા આપણા માટે પહેલાં જેટલો જ જીવતો પ્રશ્ન છે. આવા લગ્નસંબંધો આ પ્રશ્નના ઉકેલને વધારે સરળ બનાવે છે. આ દૃષ્ટિએ ચાલુ પ્રણાલિની સામે થઇને જે યુવક યુવતી આવું સાહસ ખેડે છે તેમને હીંદી પ્રજાના ધન્યવાદ ઘટે છે.

ઉપર જણાવ્યું તે પ્રમાણે પ્રસ્તુત લગ્નસંબંધમાં વર શ્રી. લક્ષ્મીચંદ ગોસર મધ્યપ્રાંતમાં આવેલ સેંધવાના જૈન છે. આવું સાહસ એક જૈન યુવાન કરે છે અને તેને તેના સર્વ વડિલજનો અનુમતિ આપે છે અને સન્તપુરૂષ વિનોબા પણ અભિનન્દે છે—આ હકીકત જૈન સમાજ માટે ગૌરવપ્રદ લેખાવી જોઇએ.

એક વખત એવો હતો કે ભિન્ન ધર્મીઓ વચ્ચે લગ્ન-સંબંધ કદી કલ્પી શકાતો નહોતો, કારણ કે ધર્મના બાહ્ય આકારનું આપણે મન ઘણું મોટું મહત્વ હતું, એટલું જ નહિ પણ સાંપ્રદાયિક અસ્મિતાનું પણ આપણા ચિત્ત ઉપર એટલું જ પ્રભુત્વ વર્તતું હતું. આજે ધર્મના બાહ્ય આકાર ઉપર મૂકાતો ભાર આપણા મનમાંથી બહુ ઓછો થયો છે અને સાથે સાથે સાંપ્રદાયિક અસ્મિતાની પકડમાંથી નવી ઉગતી પ્રજા છુટતી જાય છે. અને તેથી એક વખતે બે જુદા જુદા ધર્મના સ્ત્રી-પુરૂષોનું સહજીવન શક્ય જ નહોતું લાગતું તેના બદલે આજે એકમેકના ધર્મો જુદા હોય તો પણ શું એમ આપણાં લગ્ન-સંબંધો આપણને વ્યવહારૂ અને આવકારદાયક લાગવા માંડયા છે. આનું કારણ એ છે કે વિચારપ્રદેશમાં આપણે પહેલા કરતાં વધારે ઉદાર બન્યા છીએ અને બધા ધર્મોને સ્પર્શતાં એવા એક સર્વ-સામાન્ય માનવધર્મનું આપણને વધારે સ્પષ્ટ અને સચોટ દર્શન થઇ રહ્યું છે અને એ કારણે ધર્મના નિમિત્ત ઉભા થતા ઉચ્ચનીચના ખ્યાલો લય પામી રહ્યા છે. આ પ્રકારની ઉદારતા અને ચિત્તની વિશાળતા રાષ્ટ્રના ઉજ્જવળ ભાવીની આગાહી આપે છે. નવ વરવધૂને આપણા અન્તરની અનેક શુભેચ્છાઓ છે.

શિકારી પાર્ટીઓ બંધ કરો !

તા. ૨૮-૬-૫૦ ના રોજ મળેલી શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિની સભાએ મુંબઇ સરકાર તરફથી ખેતીની રક્ષાના હેતુથી યોજાયલી શિકારી પાર્ટીઓ સંબંધમાં નીચે મુજબ ઠરાવ કર્યો હતો :—

"મુંબઇ સરકાર તરફથી ખેતરોમાં પાકને નુકસાન થતું અટકાવવાના હેતુથી તા. ૧૭-૩-૪૯ થી શિકારી પાર્ટીઓને મુંબઇ પ્રાન્તમાં સ્થળે સ્થળે ફરતી મૂકવામાં આવી છે અને આ શિકારી પાર્ટીઓ વાંદરા, હરણ, રોઝ, ભુંડ, આદિ અનેક અવાયક પ્રાણીઓનો વિવેકશૂન્ય રીતે સામુદાયિક સંહાર કરી રહી છે. કેટલાયે સ્થળના ખેડુતો આ સામે સખ્ત વિરોધ કરી રહ્યા છે અને પોકાર ઉઠાવી રહ્યા છે એમ છતાં પણ આ શિકારી પાર્ટીઓ પોતાનું સામુદાયિક હિંસાનું કાર્ય કર્યે જ જાય છે. ખેતીની રક્ષાની આવશ્યકતા વિષે બેમત હોઇ શકે જ નહિ, એમ છતાં પણ આ જગતમાં માનવજાતને જીવવાનો જેટલો અધિકાર છે એટલો જ જીવવાનો અધિકાર હરકોઇ પ્રાણીને છે એ સિધ્ધાન્ત ધ્યાનમાં લઇને આ પ્રકારનું આત્યન્તિક ઘાતકીપણું એકદમ અટકાવવાની જરૂર છે એવો આ સભા મુંબઇ સરકારને અનુરોધ કરે છે અને સૌરાષ્ટ્ર, મધ્યભારત તથા પૂર્વ પંજાબની સરકારે જેવી રીતે આવી શિકારી પાર્ટીઓ રદ કરી છે અથવા તો ઉભી કરવાનો વિરોધ કર્યો છે તેવી રીતે મુંબઇ પ્રાન્તની શિકારી પાર્ટીઓ વિખેરી નાંખવા મુંબઇ સરકારને આ સભા આગ્રહ કરે છે અને એ પ્રમાણે ન કરવામાં આવે ત્યાં સુધી કોઇ પણ ખેડુતની ઇચ્છા વિરૂધ્ધ તેના ખેતરમાં આવી હિંસા થઇ ન જ શકે એવો અટકાયતી હુકમ તુરતમાં બહાર પાડવા મુંબઇ સરકારને આ સભા આગ્રહપૂર્વક વિનંતિ કરે છે."

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

મહામાનવ સાને ગુરૂજી

મહારાષ્ટ્રના આધુનિક સંત શ્રી. સાને ગુરૂજીનું ગઇ તા. ૧૧ મી જૂને મુંબઇમાં અણધાર્યું અવસાન થયું: કોઇએ ધારેલું નહિ કે સાને ગુરૂજી આટલી ઝડપથી ચાલ્યા જશે. મહારાષ્ટ્રમાં નાનાં મોટાં સૌ કોઇ શોકમાં ડૂબી ગયાં.

પૂજ્ય સાને ગુરૂજીનો જન્મ રત્નાગિરી જિલ્લામાં દાપોલી તાલુકામાંના એક ગામડામાં ૧૮૯૯ ની ૨૪ મી ડિસેંબરે થયેલો. બાળપણ કોંકણમાં વીતાવીને દાપોલી ને ઔંધમાં તેમણે માધ્યમિક કેળવણી લીધી. પૂનાથી એમ. એ. (પ્રથમ વર્ગ) થઇને ૧૯૨૩ થી ૩૦ સુધી ૮ વર્ષ એમણે પૂર્વ ખાનદેશમાં અમલનેર ગામમાં એક શાળામાં શિક્ષક તરીકે કાર્ય કર્યું. આ વખતથી તેઓ "સાને ગુરૂજી" તરીકે ઓળખાવા લાગ્યા. ૧૯૩૦ની રાષ્ટ્રીય લત્તામાં એમણે ઝંપલાવ્યું, અને ત્યારથી તેમણે પોતાનું સર્વસ્વ રાષ્ટ્રકાર્ય માટે અર્પણ કર્યું. મહારાષ્ટ્રમાં અને તેમાંય ખાસ કરીને ખાનદેશમાં ગામડે ગામડે પગપાળા ફરીને એમણે કોંગ્રેસનો સંદેશો નાનાં નાનાં ઝુંપડાંઓમાં પણ પહોંચાડયો. એ માટે એમણે અનેક વાર કારાવાસ ભોગવ્યો, ભૂખ તરસની કશી પરવા ન કરી, પોતાની જાતને ચંદનની જેમ ઘસીને લોકોમાં નવવિચારની, નવજીવનની સુવાસ ફેલાવી. ૧૯૪૨ ની ક્રાંતિમાં સાને ગુરૂજી ઘણો વખત ભૂમિગત રહ્યા. એ દરમિયાન મહારાષ્ટ્રના યુવાનોને સાને ગુરૂજીની પ્રજ્વલિત ક્રાંતિકારી દૃષ્ટિનો ઉત્તમ પરિચય થયો. બહારથી શરમાળ, નમ્ર ને કદાચ કમજોર જેવા દેખાતા આ પુરૂષમાં કેટલું મહાન સામર્થ્ય છે એનો અનુભવ સૌને થયો. છેલ્લે છેલ્લે સાને ગુરૂજી કોંગ્રેસના વિરોધી થયા હતા. એમનું વળણ સમાજવાદી પક્ષ તરફ હતું, પણ પક્ષના સભ્ય તેઓ કદી ન બન્યા; કારણ સાને ગુરૂજીનું પિંડ રાજકારણી હતું જ નહિ. ન છૂટકે તેઓ એમાં ઘસડાયા હતા. દેશની ગુલામી ગરીબાઇ વિગેરે દૂર કરવાને એમને રાજકારણી બનવું પડયું. બાકી એમની વૃત્તિ મુખ્યતઃ આધ્યાત્મિક હતી. માનવતાની અહર્નિશ સેવા કરવામાં એમણે આધ્યત્મિક આનંદ મેળવ્યો. દરેક માણસમાં તેઓ ઇશ્વર જોતાં તેથી જ, નાનામા નાનો ને દલિત ગણાતો માણસ પણ એમને મન પૂજનીય હતો. હરિજનો ને દબાયેલા માનવી પ્રત્યે એમને અપાર સહાનુભૂતિ હતી. પંઢરપૂરના વિખ્યાત વિઠોબા મંદિરમાં હરિજનોને પ્રવેશ મળે તે માટે એમણે આમરણ ઉપવાસ આદરેલા, ને એમાં સફળતા મેળવી. રાષ્ટ્રપિતા ગાંધીજીનું અવસાન એક મહારાષ્ટ્રીય ભાઇની ગોળીથી થયું એથી એમને ખૂબ જ વેદના થયેલી; અને "મહારાષ્ટ્રના પાપપ્રક્ષાલનાર્થે" એમણે ૨૧ દિવસના ઉપવાસ કરેલા. છેલ્લા દોઢ પોણા બે વર્ષથી તેઓ 'સાધના' નામનું સુંદર, ધ્યેયવાદી મરાઠી સાપ્તાહિક મુંબઇથી ચલાવતા હતા. સાને ગુરૂજીનું લખાણ હંમેશ જીવંત ને ભાવનાપૂર્ણ હતું. એમણે નાના મોટાં ૧૫૦ પુસ્તકો લખ્યાં. એમાં "શ્યામચી આઇ" "ભારતીય સંસ્કૃતિ" "આસ્તિક" "સોન્યામારુતિ" વગેરે તો ખૂબ જ પ્રસિદ્ધ ને સૌને ઘણાં ગમેલાં ગ્રંથો છે. પોતાના સાહિત્ય વડે તેમજ કાર્યો વડે સાને ગુરૂજીએ મહારાષ્ટ્રના લાખ્ખો હૃદયોમાં માનભર્યું ને વહાલસોયું સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

આચાર્યશ્રી વિનોબાજી ભાવેએ એમના મૃત્યુ બાદ કહ્યું કે "હું નિઃશંકપણે સાને ગુરૂજીની ગણના સંત તુકારામ આદિ સંતપુરૂષોમાં કરૂં છું." આવા મહાન ને ઉદાત્ત સંત-સાહિત્યિકની ખોટ એ માત્ર મહારાષ્ટ્રની કે ભારતવર્ષની જ નહિ, પણ સમગ્ર માનવજાતની ખોટ છે. કારણ, સાને ગુરૂજી સાચે જ મહામાનવ હતા.

પુરૂષોત્તમ ગણેશ માવળંકર

વૃક્ષારોપણ

ભારત સરકારના કૃષિમંત્રી શ્રી કનૈયાલાલ માણેકલાલ મુનશીની વૃક્ષારોપણને લગતી સાર્વત્રિક સૂચનાને લક્ષ્યમાં લઇને શ્રી. ભારત જૈન મહામંડળના અધ્યક્ષ શ્રી. રૂષભદાસજી રાંકાએ પોતાની જમીન ઉપર ૫૦૦ વૃક્ષ રોપવાનો નિશ્ચય કર્યો છે. આ માટે તેમને અનેક ધન્યવાદ ઘટે છે.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી, મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.

મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઇ જન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજી. નં. બી. ૪૨૬૧

(૭)

પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોહનચંદ શાહ

વર્ષ : ૧૨
અંક : ૬

મુંબઈ : ૧૫ જુલાઇ ૧૯૫૦ શનીવાર

વાર્ષિક લવાજમ રૂપિયા ૪

હિંદુ કાયદામાં સુધારો

(તા. ૨-૪-૧૯૫૦ ના હરિજનબંધુમાંથી સાભાર ઉદ્ધૃત.)

પ્ર૦ ૧ — હાલની ધારાસભાનો હિંદુ કોડ બિલ બનાવવાનો અધિકાર માની શકાય ખરો?

ઉ૦ — જેટલે અંશે આ પ્રશ્ન કાયદાનો છે, તેટલે અંશે હું ચોકકસ નિર્ણય બાંધવાની યોગ્યતા નથી ધરાવતો. હું જોઉં છું કે જુદા જુદા કાયદાના પંડિતો વચ્ચે પણ આ વિષય પર મતભેદ છે. આ વિષે જે નિર્ણય ધારાસભા અથવા (આગી શકાતો હોય તો) સર્વોચ્ચ ન્યાયમંદિર આપશે તે માનવો પડશે. જો પાર્લામેન્ટને જ આ બિલ હાથમાં લેવાનો અધિકાર નહીં હોય તો પછી તે હાથમાં લઇ શકતી નથી એટલે છોડી દેશે. પણ જો અધિકાર હશે તો બિલના મૂળમાં જે સુધારાની દૃષ્ટિ છે તેને મેં માન્યતા આપી છે.

અગર કાયદાની મુશ્કેલી ન હોય તો પછી મને એ દલીલ યોગ્ય નથી લાગતી કે આજના પ્રતિનિધિઓની ચૂંટણી વખતે આ બિલ નજર સામે નહોતું તેથી આ પાર્લામેન્ટને તેના પર વિચાર કરવાનો નૈતિક અધિકાર નથી. અગાઉની ધારાસભા જ્યારે તોડી નાખી અને તેનું બધું કામ કરવાનો અધિકાર બંધારણસભાને સોંપ્યો ત્યારે અગાઉની ધારાસભા જે કંઇ કામ કરી શકતી તે બધું કરવાનો અધિકાર તેને સોંપાયો છે એમ સમજવું જોઇએ. એ ધારાસભા સામે આ બિલ નહોતું એમ પણ કહી શકાય એમ નથી.

પ્ર૦ ૨—તમે લખ્યું છે કે, "ધર્મની પસંદગી કેવળ સત્યની ઉપાસના અને શોધની પધ્ધતિ અંગે નિર્ભેળ અંગત વાત હોવી જોઇએ." તો પછી પોતાને ધર્મથી પર રહેવાનો દાવો કરનાર રાજ્ય કોઇ એક ખાસ ધર્મ માટે આવો કાયદો બનાવી શકે ખરું? લગ્ન વગેરે સંસ્કારોને તો લગભગ બધા ધર્મોનાં એક ધાર્મિક સંસ્કાર માનેલો છે ને તે ધાર્મિક વિધિથી જ થાય છે. જેનો તેમાં વિશ્વાસ નથી તેને માટે એ વિષે એક જુદો જ કાયદો બનાવેલો છે.

ઉ૦—'ધર્મ' શબ્દ હિંદની ભાષાઓમાં અનેક ભાવ ધરાવે છે. પ્રાચીન કાળમાં **રિલિજિયન** કે **મજહબ**ના અર્થમાં તે કદી વપરાતો નહોતો. તે વખતે એ અર્થમાં સંપ્રદાય, મત, પંથ, માર્ગ, અનુગમ વગેરે શબ્દ પ્રચલિત હતા અને તે જ વધારે યોગ્ય પણ છે. પણ કેટલાક વર્ષોથી સંપ્રદાયના અર્થમાં આપણે ધર્મ શબ્દ વાપરવા લગ્યા છીએ. ઉપરના પ્રશ્નમાં જે જગ્યાએ ધર્મ શબ્દનો ઉપયોગ કર્યો છે તે સંપ્રદાયવાચક છે. સંપ્રદાયના અર્થમાં તો હિંદુ ધર્મ જેવી કોઇ વસ્તુ જ નથી. જો સંપ્રદાયનો અર્થ છોડી દઇએ તો જ આપણે સનાતની, જૈન, શીખ, બુદ્ધ, બ્રાહ્મો વગેરેનો હિંદુ ધર્મમાં સમાવેશ કરી શકીએ. તે જ પ્રમાણે શિયા અને સુન્ની તથા રોમન કેથોલિક અને પ્રોટેસ્ટન્ટ વગેરેને જ્યારે 'ઇસ્લામ ધર્મ' કે 'ઇસાઇ ધર્મ'ના નામમાં સમાવેશ કરીએ છીએ ત્યારે ત્યાં ધર્મનો અર્થ સંપ્રદાયથી વિશાળ બને છે. એ જગ્યાએ હિંદુ ધર્મથી કોઇ ખાસ સંપ્રદાય એટલે વેદ, આગમ, ગ્રંથ વગેરે શાસ્ત્રોની માન્યતાનો સંબંધ નથી હોતો, પણ આચાર-વિચાર, રૂઢિ, આદતો, સંસ્કાર, સાહિત્ય, કલા વગેરેમાં મોટે ભાગે સમાનતા ધરાવનારા એક ખાસ સમાજનો સંબંધ હોય છે. જ્યારે હિંદુ ધર્મથી વૈદિક મતનો જ અર્થ કરવામાં આવે છે ત્યારે જૈન, બૌદ્ધ, શીખ વગેરે પોતાને હિંદુ કહેતાં સંકોચ પામે છે. હાલમાં મત, પંથ, માર્ગ વગેરે શબ્દોનો ઉપયોગ છુટી ગયેલો હોવાથી અને બધે 'ધર્મ' શબ્દનો ઉપયોગ ચાલુ થઇ ગયેલો હોવાથી કોણ હિંદુ છે અને કોણ નથી તેનો ભ્રમ અને તેથી ભરેલો વાદવિવાદ ચાલે છે.

હિંદુ ધર્મ એટલે હિંદુસ્તાનનો એક ખાસ સમાજ એમ સમજો તો ઉપલા બધાયે પંથોના લોકો છે એમાં શંકા ઊભી ન થાય. વિશાળ અર્થમાં આજે 'ધર્મ'ના સ્થાન પર સંસ્કૃતિ શબ્દનો વ્યવહાર શરૂ થયો છે. સનાતની, જૈન, શીખ વગેરે બધાંની સંસ્કૃતિ લગભગ સરખી છે. ભારતની રાજ્ય દૃષ્ટિ ધર્મથી પર છે એનો અર્થ કે એ અસંપ્રદાયી છે, નહીં કે સંસ્કૃતિહીન અથવા અસંસ્કારી છે. અર્થાત્, ભલે કોઇ વેદને માને યા તો કુરાન, બાઇબલ, ગ્રંથ, આગમ, અવસ્તા વગેરેમાંથી કોઇને માને, પણ તેમાં રાજ્ય તરફથી કોઇ અટકાવ ન નાખે. પણ લગ્ન, વારસાહક વગેરે સામાજીક વાતોમાં નવી વ્યવસ્થા કરવી એ એક જુદી વસ્તુ બને છે. તે સમાજના નિયમન માટે થાય છે.

લગ્ન વગેરે સંસ્કાર 'ધાર્મિક વિધિ'થી થાય છે એમ જ્યારે આપણે કહીએ છીએ ત્યારે તેના આટલા ભાવાર્થ થાય છે: (૧) બધા હિંદુ સંપ્રદાયોમાં કેટલીક એવી વિધિઓ છે જે સાંસ્કૃતિક સમાનતા જાળવે છે. તે જ વસ્તુ મુસલમાન અને ખ્રિસ્તી સંપ્રદાયોમાં પણ છે. (૨) આ સમાન ભાગો સિવાય પણ દરેક સંપ્રદાય, જાતિ, ગોત્ર, ગામ વગેરેની કેટલીક ખાસ વિધિઓ હોય છે, જે જનતાની દૃષ્ટિએ તો 'ધાર્મિક' એટલે પવિત્ર ને ખાસ કરવા જેવી ગણાય છે; પણ કાયદાની દૃષ્ટિએ કયારેક તો તે લગ્નવિધિનો જરૂરી ભાગ મનાય છે અને કયારેક નથી પણ મનાતો. આમાં કંઇ પ્રકારના સુધારકો પણ પેદા થયા છે. દાખલા તરીકે આર્યસમાજ, બ્રહ્મોસમાજ વગેરે. ગાંધીજીએ પોતે પણ તેમાં સંશોધન કર્યું છે અને છેવટ સુધી કરતા રહ્યા. તેમની પ્રેરણાથી શ્રી કાકાસાહેબ અને શ્રી વિનોબાની બનાવેલી પણ એક વિધિ છે અને તે ઘણી જગ્યાએ ચાલી પણ રહી છે. તેમાં પણ ગાંધીજીએ પાછળથી ઠીક ઠીક સંશોધન કર્યું છે. આ રીતે હિંદુ સમાજમાં આ વિષયમાં એક પ્રકારની અવ્યવસ્થા જ છે. આ પરિસ્થિતિમાં હિંદુ કોડ બિલનો બીજો

ભાગ આ અવ્યવસ્થાની જગ્યાએ વ્યવસ્થા લાવનારો સમજવો જોઇએ. તેમાં કંઇ સંશોધનની જરૂર હોય તો તે થઇ શકે. મને આ પ્રયત્ન આવકારલાયક લાગે છે. તે જ રીતે સંસ્કાર વગેરેમાં પણ. આમાં સંપ્રદાયની કોઇ ખાસ રૂઢિઓને ગેરકાયદેસર નથી બતાવી એટલે એમ ન કહી શકાય કે સંપ્રદાયોમાં હસ્તક્ષેપ કર્યો છે.

વારસાહક વગેરેમાં પણ બધા માટે એકસમાન કાયદો થવો ઇષ્ટ છે. તેમાં હિંદુ, મુસલમાન, ખ્રિસ્તી કે પારસીનો પણ ભેદ ન કરવો જોઇએ એ દલીલનો હું સ્વીકાર કરું છું.

મારા સાંભળવા મુજબ ચીનમાં (એટલે કે ચાંગ-કાઇ-શેક સુધીના સમયમાં) વારસાહક માટે ફેન્કફૂશિયસનો કાયદો બધા ચીનાઓ માટે એકસરખો છે. તે મુસલમાન અને ખ્રિસ્તી પદ્ધતિથી જુદો છે. આથી જો કોઇ કુટુંબ અરસપરસ સમજીને મુસ્લિમ કે ખ્રિસ્તી પધ્ધતિથી દોલતની વહેંચણી કરવા ઇચ્છે તો તે કરી શકે છે. પણ જો તે કોર્ટમાં જાય તો ચીનના કાયદા પ્રમાણે જ તે બધાંને ભાગ કરી આપશે.

પ્ર૦ ૩ — શું 'ધર્મ-સંસ્કાર' વિધિ અને 'કાનુની રજિસ્ટ્રી' વિધિમાં ફરક નથી? ધર્મવિધિઓમાં ફેરફાર કરી નવી પદ્ધતિ નિર્માણ કરવાની આધુનિક કાયદાશાસ્ત્રીની યોગ્યતા માની શકાય ખરી?

ઉ૦ — આપણે જો પરોક્ષને પૂજનાર તથા વર્તમાનને છોડી ભૂતકાળનો વધારે મહિમા ગાનાર ન બનીએ તો સંપત્તિની લેવડ-દેવડ, વારસાહક, લગ્ન વગેરેનાં નિયમન વગેરે પ્રશ્ન માટે જ્યારે જરૂર પડે ત્યારે સમય સમય પર નિયમો ઘડવાના આપણા હકમાં શંકા નહીં ઉઠાવીએ. એક સમય એવો હતો કે જ્યારે જમીન-મકાનની લેવડદેવડ પંચની સામે યજ્ઞ વગેરે વિધિ સાથે થતી; તે જ પ્રમાણે લગ્ન, દત્તક વગેરે ખાસ મહત્ત્વના વહેવારો પણ થતા. તેનો અર્થ એ કે આવા વહેવારો ગુપ્ત કે એકાંતમાં ન થતાં, વધારે જાહેર રીતે, ગંભીરતાપૂર્વક પૂરો વિચાર કરીને કરવા જોઇએ. દસ્તાવેજ કરી તેની પર મહોર મારવી, તે પછી સાક્ષીઓ સામે હસ્તાક્ષર કરવા ને પછી રજીસ્ટ્રાર પાસે કબૂલ કરી તેને રજિસ્ટર કરાવવું એ આ જ કારણને લઇને બનેલી વર્તમાન વિધિઓ છે. જૂની વિધિઓમાં ગોર, કાજી, પંડિત વગેરે સમાજમાન્ય અને રાજ્યમાન્ય અધિકારી હતા. તે જ પ્રમાણે આજે મેજિસ્ટ્રેટ, રજિસ્ટ્રાર વગેરે અધિકારી ગોર, કાજી છે. મનુ વગેરેની સ્મૃતિઓ, ધર્મનિબંધ, નિબંધસિન્ધુ, મિતાક્ષરા, વ્યવહાર-મયૂખ વગેરે જુદા જુદા સમયના અને કાયદાના ગ્રંથો છે. અનેક સ્મૃતિગ્રંથ અને ભાષ્યો એટલા માટે થયાં કે તેમાં સંશોધનની જરૂર દેખાતી રહી. આ ગ્રંથોના રચનાર મોટા ત્રિકાળજ્ઞાની હતા અને આજના બધા લોકો પામર—સાધારણ છે, એ 'ઘરનો જોગી જોગટો' ના જેવી બુદ્ધિને લઇને છે. અનેક નાસ્તિકતાઓમાં એક નાસ્તિકતા વર્તમાન સમયમાં અશ્રદ્ધા અને ભૂતકાળની પ્રશંસા કરતા રહેવાની ટેવ છે. જે પંડિતો આપણી પાસે લગ્ન-વિધિ કરાવે છે તે બધા ચરિત્રવાળા, વિદ્વાન અને અધિકારી હોય છે જ એમ હમેશાં નથી હોતું. તેઓ શુદ્ધ ઉચ્ચાર અને વિધિથી કરાવે છે એમ પણ નથી. શુદ્ધ કે અશુદ્ધ ઉચ્ચાર સાથે સંસ્કૃત ભાષામાં કેટલીક પૂજાવિધિ કરાવે છે તેની સાથે આપણે ધાર્મિક સસ્કાર જોડી દીધો છે, પણ એ કાયદાની વિધિ સાથે આપણે જોડવા તૈયાર નથી થયા તેથી જ આ શંકા ઉઠાવાય છે. પોતાની શ્રદ્ધા પ્રમાણે ઇશ્વરપૂજન અને મિત્રોની સામે કરેલાં રજિસ્ટર લગ્નની વિધિનો પણ તેટલો જ મહિમા સમજવો જોઇએ, જેટલો સ્થાવરજંગમ મિલકત અને દસ્તાવેજના રજિસ્ટરનો છે. ત્યારે જ રજિસ્ટર લગ્ન આપણા દિલમાં ધર્મલગ્ન જેવું બનશે. જેને પવિત્ર લગ્નનો મહિમા અને ગંભીરતા નથી લાગતાં તેને પંડિતે કરાવી આપેલા લગ્નમાં પણ શો આદર હશે, અને સાચી નિષ્ઠાથી તેનું પાલન પણ શું કરશે? આપણે આપણા વિચારોને સૂક્ષ્મ, શુદ્ધ અને સ્વતંત્ર બનાવી વિચારીએ એ બહુ જરૂરનું છે.

પ્ર૦ ૪—શું તમને ખબર નથી કે ઘણા મોટા નેતાઓ, ન્યાયાધીશો, વકીલો વગેરેએ આ બિલનો વિરોધ કરી તેની અનાવશ્યકતા પ્રગટ કરી છે?

ઉ૦ — હા. અને તેટલા જ મોટા નેતાઓ, ન્યાયાધીશો, વકીલો વગેરેએ સમર્થન પણ કર્યું છે. જ્યારે બન્ને બાજુ મોટા મોટા લોકો છે ત્યારે દરેકે પોતાની વિવેકબુદ્ધિને પ્રમાણભૂત માનવી જોઇએ. વાચકવર્ગને મારી સલાહ છે કે તે મને પણ પ્રમાણ ન માને, પણ બધા પર વિચાર કરી પોતે જ વિવેક વાપરી મત બાંધે.

કિશોરલાલ મશરૂવાળા

'પરમ આર્હત' સદ્‌ગત શેઠ કુંવરજી આણંદજી

ભાવનગર ખાતે તા. ૮-૭-૫૦, શનિવારના રોજ શ્રી જૈન ધર્મ પ્રસારક સભા તરફથી તૈયાર કરવામાં આવેલ સદ્‌ગત શેઠ કુંવરજી આણંદજીની આરસપ્રતિમાનું શેઠ કાન્તિલાલ ઇશ્વરલાલના શુભ હસ્તે અનાવરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જૈન સમાજના મધ્યમ વર્ગને રાહત અને માર્ગદર્શન આપવાના હેતુથી સૌરાષ્ટ્રના પ્રવાસે નીકળેલું જૈન શ્વે. મૂ. કોન્ફરન્સના પ્રતિનિધિ-મંડળના સભ્યો તેમ જ ભાવનગરના રાજ્યાધિકારીઓ અને સંભાવિત ગૃહસ્થોએ સારા પ્રમાણમાં હાજરી આપી હતી. પ્રારંભમાં શ્રી જૈન ધર્મપ્રસારક સભાના પ્રમુખ શ્રી જીવરાજ ઓધવજી દોશીએ સદ્‌ગત શેઠ કુંવરજી આણંદજીની જીવનપ્રતિભાનો પરિચય કરાવ્યો હતો તેમ જ તેમની પ્રતિમાના અનાવરણ નિમિતે ઉપસ્થિત થયેલા શેઠ કાન્તિલાલ ઇશ્વરલાલની આવા શુભકાર્યમાટેની યોગ્યતા વિષે કેટલુંક વિવેચન કર્યું હતું. ત્યાર બાદ તેમના અનુ-મોદનમાં કેટલાક ગૃહસ્થોએ પ્રસંગોચિત ભાષણો કર્યાં હતાં. પ્રસ્તુત પ્રતિમાનું અનાવરણ કરતાં શેઠ કુંવરજી આણંદજીને અંજલિ આપતાં જણાવ્યું હતું કે " મારા જીવનનાં આજના દિવસને હું હંમેશા યાદગાર તરીકે ગણીશ. આ યુગના પ્રથમ શ્રાવક શેઠ કુંવરજીભાઇ આણંદજીનો પ્રાતમામાંથી જૈન ધર્મે ફરમાવેલ જ્ઞાન અને ક્રિયા પરત્વે શ્રાવક વર્ગને અનેક પ્રેરણાઓ મળશે. જૈન સમાજના ચરણે ભાવનગરનો જૈન સંઘ એક મહાન અને પરમ આર્હત શ્રાવક ધરી શક્યો તે માટે ભાવનગરના શ્રી સંઘને ખરેખર ધન્યવાદ ઘટે છે. આદર્શ સધુ જૈન સમાજ ઘણા મેળવી શકે, પણ આદર્શ શ્રાવક મારી સમજ મુજબ સમાજમાંથી મેળવવા બહુ કઠણ છે; કારણ કે શ્રાવક સંસ્થામાં રહીને સાધુજીવન પાળવું એ તો આખા જીવન દરમ્યાન મોહરાજા સાથે સતત યુધ્ધ ચલાવવા બરાબર છે. સ્વ. શેઠ કુંવરજીભાઇને તો મૂળ સ્વભાવે જ 'અકષાયી' જીવનની ટેવ પડી ગયેલી, એટલે તેમના માટે શ્રાવક તરીકે રહ્યાં છતાં સાધુજીવન સ્વાભાવિક બની ગયેલું. શ્રી જૈન ધર્મ પ્રસારક સભાના નામને ખરેખર શોભાવે એવા જ પ્રમુખ સભા પ્રાપ્ત કરી શકી એ સભાનું જ નહિ, ભાવનગરના જૈન સંઘ એકલાનું જ નહિ, પણ સમગ્ર જૈન સમાજનું સદ્‌ભાગ્ય હતું. એમની ખોટ સભાને જેટલી સાલતી હશે તેનાથી અનેકગણી વધારે ખોટ જૈન સમાજને સાલે છે.

જે કાળમાંથી આપણે હાલ પસાર થઇ રહ્યા છીએ તેના કાળમાં સ્વ. શેઠ કુંવરજીભાઇ જેવા ચારિત્રશીલ તથા શ્રુતજ્ઞાનના

અઠંગ અભ્યાસી અને પોતાનું એ જ્ઞાન ચતુર્વિધ સંઘને નમ્રભાવે અને વિવેકપૂર્વક અર્પણ કરનાર આવા સાચા સેવકોની આપણને કેટલી મોટી જરૂર છે તે જ્યારે કુંવરજીભાઈના જીવનને યાદ કરીએ છીએ ત્યારે વધારે સચોટતાપૂર્વક માલુમ પડે છે. આવી ખોટ આપણે શી રીતે પુરી કરી શકીએ ? આ વિચાર અને આને અંગે યોગ્ય કાર્ય આપણે હાથ ધરીએ તો જ સ્વર્ગસ્થને આપણે સાચી રીતે સમજી શકયા ગણાઈએ, એટલું જ નહીં પણ એમની પ્રતિમાને આપણે મૂર્ત સ્વરૂપ આપ્યું ગણાય.

"આજે આખું જગત જડવાદના ચકકરમાં એવું તો વિંટળાઇ ગયું છે કે તેમાંથી તેને શાન્તિનો ખરો માર્ગ મેળવવાને બદલે વધુ ને વધુ અશાન્તિના માર્ગે જવું પડે છે. અધ્યાત્મવાદને જગત જ્યાં સુધી અપનાવવાનું નહી શીખી શકે ત્યાં સુધી ચાલુ અશાન્તિનો કોઇ દિવસ અન્ત આવે તેમ નથી. અને અધ્યાત્મવાદની જૈન ધર્મમાં જે સરળતા અને ઝીણવટથી છણવટ થઇ છે, તે જોતાં આપણો જૈન ધર્મ જગતને જરૂર માર્ગદર્શક થઇ શકે એમ આપણને લાગ્યા વિના રહેતું નથી. આખા જગતનાં કોઇ પણ દેશની સામાજિક રાષ્ટ્રીય કે આર્થિક ગુંચો જૈન ધર્મના સિધ્ધાન્તો અપનાવ્યા સિવાય ઉકેલી શકાય તેમ નથી. અહિંસા અને સ્યદ્વાદ આ બે મહાન સિધ્ધાન્તોદ્વારા જગતશાન્તિ અને પ્રેમભાવ તરફ ઢળી શકે તેમ છે. આપણે એક સ્વતંત્ર જૈન વિદ્યાપીઠ સ્થાપી શકીએ તો તેમાં આધુનિક શિક્ષણ સાથે જૈન શાસ્ત્રોનો પાશ્ચિમની શાસ્ત્રીય પધ્ધતિથી અભ્યાસ કરાવી શકાય અને આ રીતે આપણા તત્ત્વજ્ઞાનમાં નિષ્ણાત બનેલા વિદ્વાનો રાજમાર્ગ જેવા ધર્મથી વંચિત રહેલા જગત સમક્ષ જૈન ધર્મના તત્ત્વોને સાચા સ્વરૂપમાં રજુ કરી શકે. આવું રચનાત્મક કાર્ય જો આપણે હાથ ધરીએ તો જ સ્વ. કુંવરજીભાઇને આપણે ખરી અંજલિ આપી ગણાય."

ત્યાર બાદ આભારનિવેદનની ઉપચારવિધિ સાથે આ સંમેલન વિસર્જિત થયું હતું.

કાળજુની શ્રાવક પરંપરાના છેલ્લા પ્રતિનિધિ

(ઉપરોકત પ્રસંગને અંગે ઉપસ્થિત થયેલા–શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ આપેલા ભાષણમાં રજુ કરેલા મુખ્ય મુદ્દાનું તેમણે જ કરી આપેલ સવિસ્તર નિરૂપણ)

મારા પિતાના જીવનનો ઘણો મોટો ભાગ જાહેર જીવન સાથે સંકળાયેલો હોઇને તેમ જ તત્કાલીન જૈન સમાજના ઉત્થાનમાં પણ તેમણે અમુક ફાળો આપેલો હોઇને તેમની સાથેના અંગત સંબંધને બાજુએ રાખીને તેમના વિષે તટસ્થપણે હું વિચાર કરું છું તો મને લાગે છે કે આપણા જૈન સમાજમાં કંઇ કાળથી ચોક્કસ પ્રકારની શ્રાવક પરંપરા ચાલી આવતી હતી તે કાળજુની પરંપરાના મારા પિતા એક પ્રતિનિધિ સમાન હતા. એ પરંપરા તે શાસ્ત્રોના સારા જાણકાર–વાંચન તેમ જ શ્રવણ દ્વારા જૈન આગમોનો તેમ જ અન્ય ધર્મગ્રંથોનો ખુબ પરિચય ધરાવતા હોય તેવા–ગૃહસ્થાશ્રમી શીલસંપન્ન શ્રાવકોની છે. એક કાળ એવો હતો કે જ્યારે સ્થળે સ્થળે આવા કોઇને કોઇ શ્રાવકવિશેષ વસતા જ હોય કે જે પોતપોતાનો દ્રવ્યોપાર્જક વ્યવસાય ચલાવવા સાથે બાકીનો સર્વ સમય સાધુઓના સત્સંગમાં, ધર્મશાસ્ત્રોના અવગાહનમાં, અનેક નાના મોટા વિદ્યાર્થીઓને ભણાવવામાં, તરેહ તરેહના જિજ્ઞાસુઓનાં શંકા–સમાધાન કરવામાં, પોતાની સરખી કોટિના અન્ય સાધર્મીઓ સાથે ધર્મચર્ચામાં વ્યતીત કરતા હોય. મારા પિતાશ્રી હયાત હતા અને હું બહુ નાનો હતો એ સમયને સંભારતાં મને યાદ આવે છે કે એ કાળે આવા એક ગૃહસ્થ 'અનોપચંદભાઇ કરીને ભરૂચમાં વસતા હતા. કેટલાંક વર્ષો પહેલાં એવાં જ એક વયોવૃદ્ધ અને જ્ઞાનવૃદ્ધ ગૃહસ્થ સદ્‌ગત મેચરભાઇ મુંબઇમાં વસતા હતા. મુંબઇ આવવાનું થાય ત્યારે મેચરભાઇ પાસે મારા પિતાશ્રી અમને લઇ જતા અને તેમની સાથે તેઓ ધર્મચર્ચામાં કલાકોના કલાક ગાળતા. આજે જેમના સ્મરણ વડે જૈન સમાજ ગૌરવ અનુભવે છે તે શ્રીમદ્ રાજચંદ્ર–જેઓ એ કાળે રાયચંદભાઇના નામથી ઓળખાતા હતા તે પણ–આ જ પરંપરાના એક ઉચ્ચ કોટીના શ્રાવક હતા. સદ્‌ગત મેચરભાઇના પુત્ર શ્રી. ભગતભાઇએ પણ જીવનના અન્ત સુધી પોતાના પિતાની પરંપરા જ ચાલુ રાખી હતી. આ પ્રકારના શ્રાવકો કેવળ શબ્દપંડિતો નહોતા. સ્વધર્મ વિષે, જિનેશ્વર ભગવાનના વચન વિષે તેમના દિલમાં ઉંડી અટળ શ્રધ્ધા હતી; યમનિયમોના કડક અનુપાલન વડે સંયમબધ્ધ તેમનું જીવન હતું. જેટલો તેમનો જ્ઞાનવ્યાસંગ તેટલો જ તેમને ક્રિયાકાંડ માટે આગ્રહ રહેતો. સમયના કોઇ પણ પ્રકારના અપવ્યયને તેમના જીવનમાં કશો અવકાશ જ દેખાતો નહોતો. તેમનું શીલ પણ એટલું જ ઉચ્ચ કોટિનું જોવામાં આવતું. ધર્મચર્ચા તેમના જીવનનો મુખ્ય વ્યવસાય રહેતો. તેમનું જ્ઞાન એટલું બધું વિશાળ અને પારવિનાની પ્રમાણભૂત માહીતીઓથી ભરેલું હોય કે માત્ર શ્રાવકો જ નહિ પણ સાધુઓ પણ તેમની પાસે અધ્યયન કરતા અને કોઇ પણ બાબતની શંકા પડતાં તેમને પુછાવતા અને ખુલાસો મેળવતા. ધર્મશાસ્ત્રો અને સાંપ્રદાયિક પરંપરાના તો તેઓ જીવતા જ્ઞાનકોષ જેવા હતા. જૈન સંસ્કૃતિના પરમ રક્ષક અને અખંડ ચોકીદાર. ધર્મની, શાસ્ત્રની આમન્યાનો નાનો સરખો પણ લોપ તેઓ સહી ન જ શકે. અત્યન્ત પાપભીરૂ તેમનો સ્વભાવ હતો અને નીતાન્ત નિરૂપદ્રવી તેમનું જીવન હતું. ઓછું ભણેલાને તેઓ ભણાવે અને વધારે ભણેલા શ્રાવકો કે સાધુઓ પાસે એટલી જ સરળતાથી તેઓ ભણવા બેસી જાય. સૌજન્ય અને નમ્રતાની મૂર્તિ. આવા શ્રાવકવિશેષોની પરિપાટી આપણે ત્યાં કંઇ કાળથી ચાલી આવતી અને આના અનુસંધાનમાં મારા પિતાશ્રીનો હું જ્યારે વિચાર કરૂં છું ત્યારે તેઓ પણ આ પરિપાટીના જાણે કે છેલ્લા વારસદાર, એ કાળજુની પરંપરાના જાણે કે છેલ્લા પ્રતિનિધિ હોય એમ મને લાગે છે. તેમને છેલ્લા પ્રતિનિધિ તરીકે એ કારણે ઓળખાવું છું કે આ આખી પરિપાટી અથવા તો પરંપરા આજે લુપ્ત થઇ રહી હોય એમ મને લાગે છે. ધાર્મિક શંકાઓનાં સમાધાન કરે એવા કોઇ શ્રાવકવિશેષ આજે દૃષ્ટિગોચર થતા નથી. એક તો આપણા સમાજમાં શાસ્ત્રવિદ્યા પ્રત્યે અભિરૂચિ ધરાવનાર વ્યકિત ભાગ્યે જ પેદા થાય છે. બીજું ધર્મશાસ્ત્ર વિષે આગમવાકય વિષે જે ઉંડી અને અટળ શ્રધ્ધાનું આપણને એક કાળે દર્શન થતું હતું તે શ્રધ્ધાની તીવ્રતા આજના કાળમાં કે જ્યારે અનેક ધર્મો, સંપ્રદાયો અને ભિન્ન ભિન્ન વિચારસરણી અને રહેણીકરણી ધરાવનાર માનવસમુદાયો એકમેકની અત્યન્ત નજીક આવી રહ્યા છે અને એકમેકના વિચારો ઉપર બળવાન અસર પાડી રહેલા છે એવા આ કાળમાં અસંભવનીય બનતી જાય છે. વળી વિજ્ઞાનવિચાર પણ આજે પૂર્વકાળની અનેક ધાર્મિક માન્યતાઓને મર્મસ્પર્શી આઘાત પહોંચાડી રહેલ છે. આ કારણે શ્રદ્ધાપૂર્વકનું શાસ્ત્રપાંડિત્ય આજે વિરલ બની રહેલ છે. આવું પાંડિત્ય ધરાવનાર કદાચ જૈન સાધુ મળશે. પણ શ્રાવક મળવો અત્યન્ત કઠણ છે. આ કોટિના શ્રાવકો આજે મળવા દુર્લભ છે તેનું બીજું પણ કારણ છે. એ કાળે જીવનનિર્વાહ સાધવો બહુ કઠણ નહોતો. જરૂરિયાતો બહુ ઓછી હતી. અને એથી વિશેષ તો જરૂરી બાહ્ય પ્રવૃત્તિ હોવા છતાં આજે જેની સહજ સંભાવના થઇ શકતી નથી એવી ચિત્તની સ્વસ્થતા–જીવનની નિવૃત્તિપ્રધાનતા–હતી. સાંસારિક બાબતો વિષે અમુક પ્રકારની ઉદાસીનતા વડે અને વૈરાગ્યના રંગ વડે તેમનું જીવન રંગાયલું રહેતું. આવી નિવૃત્તિપરાયણતા, સ્વસ્થતા, નિશ્ચિન્તતા આજના વિષમ સંયોગોમાં દુર્લભ બની રહેલ છે.

મારા પિતાશ્રીનો વિદ્યાવ્યાસંગ–અથવા તો શાસ્ત્રોપાસના માત્ર પઠન પાઠન પુરતી મર્યાદિત નહોતી પણ તેમના હાથે પ્રકાશનકાર્ય પણ ભારે વિપુલ પ્રમાણમાં થયું હતું. ૧૬ કે ૧૭ વર્ષની ઉમ્મરે તેમણે જૈન ધર્મ પ્રસારક સભાની સ્થાપના કરી અને બે ત્રણ વર્ષ બાદ 'જૈન ધર્મ' પ્રકાશ નામનું માસિક શરૂ કર્યું. આ સભાનું મુખ્ય કાર્ય જૈન સાહિત્યના પ્રકાશનનું હતું અને આ માસિકનું મુખ્ય ધ્યેય જૈન ધર્મના પ્રચારનું હતું. આ બન્ને પ્રવૃત્તિને તેઓ જીવનની આખર સુધી વળગી રહ્યા હતા.

આ ઉપરાંત શહેરના જાહેર જીવનમાં તેઓ અગ્રભાગ લેતા હતા અને રાજા–પ્રજા વચ્ચે મીઠો સંબંધ કેમ જળવાય અને પ્રજાની અગવડો કેમ દૂર થાય અને સગવડો કેમ વધે એ ધ્યેયપૂર્વક અનેક પ્રવૃત્તિઓમાં તેઓ ભાગ લેતા હતા. આમ શહેરી-જીવનના વિકાસમાં તેમનો સારો ફાળો હોવા છતાં તેમની સર્વ પ્રવૃત્તિઓમાં અને શક્તિઓના ઉપયોગનું કેન્દ્રસ્થાન તો જૈન સમાજ જ હતો અને એ સમાજને સાહિત્યસેવા ઉપરાંત બીજી પણ અનેક સેવાઓ તેમણે આપી હતી, પાંજરાપોળનો વહીવટ વર્ષો સુધી સંભાળ્યો હતો અને સ્વભાવથી સ્થિતિચુસ્ત હોવા છતાં જૈન સ્વે. કોન્ફરન્સ, આધુનિક શિક્ષણપ્રચાર જેવી અનેક પ્રાગતિક પ્રવૃત્તિઓને પણ તેમણે સક્રિય સહકાર આપ્યો હતો.

મારા પિતાશ્રી વિષે આ તો મેં કેટલીક આનુષંગિક બાબતો જણાવી, પણ મારો મુખ્ય આશય તો તેઓ જે અમુક કોટિના શ્રાવકોની પરંપરાના પ્રતિનિધિ હતા, જે પરિપાટીના પ્રતીકસમા હતા તે પરંપરા–તે પરિપાટી–કેવી હતી તેનું સ્વરૂપ રજુ કરવાનો અને એ પરિપાટી આજે શા કારણોને અંગે ગુપ્ત થઇ રહી છે તે વિગતથી સમજાવવાનો હતો. આજના વિષમ કાળમાં એ કોટિના શ્રાવકો પેદા થવા લગભગ અશક્ય લાગે છે, *આમ છતાં પણ એ પૂર્વપુરૂષોમાં જે વિશિષ્ટ ગુણો હતા જેવા કે અખંડ જાગૃત અપ્રમાદી જીવન, જ્ઞાનની અવિરત આરાધના, થાક શું, કંટાળો શું તે તો જાણે જ નહિ એવી કર્તૃત્વશક્તિ, ઉંડો વિદ્યાવ્યાસંગ, લોકકલ્યાણની સદેહિત તમન્ના, માત્ર જ્ઞાનવૈભવ નહિ પણ તત્સદૃશ ઉચ્ચ કોટિનું શીલ અને સત્યનિષ્ઠા, નિર્લોભ વૃત્તિ અને પ્રમાણિક દ્રવ્યોપાર્જનનો આગ્રહ, સાધર્મી બંધુઓ વિષે ઉંડું વાત્સલ્ય અને પ્રબળ પુરૂષાર્થપરાયણતા–આ ગુણો આજની નવી પેઢીએ–જો રાષ્ટ્ર અને સમાજની ખરેખર ઉન્નતિ સાધવી હોય તો–પોતાના જીવનમાં ઉતારવા જ છુટકો છે. આ ગુણોની આપણામાં અભિવૃદ્ધિ થાય એવી તાકાત તેમના સ્મરણમાંથી, તેમની વીરોચિત જીવનકથાના પરિશીલનમાંથી આપણે મેળવતા રહીએ અને એ રીતે તેમની સાથેના આપણા સંબંધને ચરિતાર્થ કરીએ એ જ આપણા દિલની સદા ભાવના–આપણા અન્તરની સદા પ્રાર્થના–હો! **પરમાનંદ**

કેટલાક સમાચાર અને નોંધ

યુસફ મહેરઅલીનું અકાળ અવસાન

તા. ૨–૭–૫૦ ના રોજ શ્રી યુસફ મેહરઅલીના અવસાનથી દેશને એવી એક વ્યકિતની ખોટ પડી છે કે જેની જોડ મળવી મુસ્કેલ છે. વિદ્યાર્થીજીવન પુરૂં થયું ન થયું ત્યાંતામાં જ તેમણે જાહેર જીવનમાં ઝંપલાવેલું અને જોતજોતામાં તેમણે અગ્રસ્થાન પ્રાપ્ત કરેલું. તે અગ્રસ્થાન તેમણે જીવનની અન્તિમ ક્ષણ સુધી શોભાવેલું. તેમની નીડરતા, અદમ્ય ઉત્સાહ અને આશાવાદ, પ્રેમ-વાત્સલ્ય, અમાપ કાર્યશક્તિ, પ્રકૃતિક પ્રસન્નતા અને વિશાળ જ્ઞાનવૈભવ–આ તેમના વિશિષ્ટ ગુણો હતા. મહેરઅલી અમુક રીતે પંડિત જવાહરલાલની એક નાની સરખી આવૃતિ સમા હતા. ભય શું, થાક શું, એ તેમણે જાણ્યું નહોતું. રાજકારણ એટલે ચોકકસ પક્ષ અને ચોકકસ વિચારસરણિ તો સ્વીકારવી જ રહી એમ છતાં પક્ષભેદ તેમણે કદિ જાણ્યો નહોતો. સમાજવાદી નેતા હોવા છતાં તેઓ કોંગ્રેસનાં કદિ મટયા જ નહોતા. ઉગ્ર કાર્યનિષ્ટ હોવા છતાં વિચાર કે આચારમાં લેશ માત્ર કડવાશ નહિ. તેઓ સૌના મિત્ર હતા, સૌના સાથી હતા. ત્રસ્ત કે પીડિતનો હાથ પકડવામાં તેઓ સદા તત્પર રહેતા. આજે રાષ્ટ્રમાં જે નવી વિચારક્રાન્તિ પેદા થઇ રહી છે, તેના પ્રતિભાસંપન્ન પુરસ્કર્તા, અને યુવકોના અગ્રેસર નેતા. આવા એક દેશદીપક વીર યોધ્ધાને આટલી નાની ઉમ્મરે આપણી વચ્ચેથી ઝુંટવી લઇને વિધાતાએ આપણને ખરેખર દરિદ્ર બનાવ્યા છે. શીલ અને પુરૂષાર્થનો આવો સુયોગ આપણને ભાગ્યે જ સાંપડવાનો છે. ૧૯૪૨ ના કારાવાસ દરમિયાન હૃદયરોગની ઉપાધિ શરૂ થઇ ત્યારથી જ તેમની જીવનજ્યોત જોખમાવા લાગી હતી. એમ છતાં ત્યારબાદ આજ સુધી તેઓ અખંડ સેવા આપી શકયા તે તેમની અપૂર્વ આત્મશકિતને જ આભારી છે. આજે તેમનો આત્મા વિનશ્વર દેહનો ત્યાગ કરીને અનન્ત બ્રહ્મમાં વિલીન થયો છે અને અસાધારણ શૌર્ય, ત્યાગ, અને સેવાથી ભરેલા જીવનના અનેક પ્રેરણાદાયી સ્મરણો પાછળ મુકી ગયેલ છે.

ત્રીજા વિશ્વયુદ્ધની પૂર્વભૂમિકા

ભિન્ન ભિન્ન રાષ્ટ્રના આગેવાનો તેમ જ આપણા મહામાત્ય પંડિત જવાહરલાલ નહેરૂ પણ તત્કાલ વર્તમાનમાં કોઇ પણ યુદ્ધની સંભાવના કલ્પતા નહોતા. એમ છતાં પણ છેલ્લા બે ત્રણ અઠવાડીઆથી કોરીઆમાં પ્રગટેલો જવાળામુખી ત્રીજા વિશ્વયુધ્ધ માટેની અનેક શકયતાઓ પેદા કરી રહેલ છે. બાહ્ય દેખાવ તો એવો છે કે ઉત્તર કોરીયાના રાજ્યે આખા કોરીઆને એક રાજ્યતંત્ર નીચે લાવવા માટે દક્ષિણ કોરીઆ ઉપર તૈયારી-પૂર્વકનું લશ્કરી આક્રમણ કર્યું છે અને દક્ષિણ કોરીઆને બચાવવા અમેરિકા અથવા તો યુનાઇટેડ સ્ટેઇટ્સ મદદ મોકલી રહેલ છે, પણ પૂર્વાપર ઇતિહાસ ધ્યાનમાં લેતાં કોરીઆ દેશ પૂરતું મર્યાદિત રાખીને રશીઆ અને યુનાઇટેડ સ્ટેટ્સ જ સીધા આ પરસ્પર યુદ્ધ ખેલી રહ્યા છે એમ કહેવામાં જરા પણ અતિશયોકિત નથી અને આ પ્રમાણે દુનિયાની બે મહાન રાજ્યસત્તાઓના બળાબળનો પ્રશ્ન આ યુધ્ધમાં ગુંચવાયલો હોઇને આ યુધ્ધનો જલ્દિથી નીકાલ આવે એવો સંભવ નથી. એક વખત શસ્ત્રો ઉગામ્યા પછી એ શસ્ત્રયુધ્ધ ચોક્કસ પ્રદેશ પૂરતું મર્યાદિત રહેશે જ એમ માનવાને કશું કારણ નથી. કારણ કે જે બે પ્રતિપક્ષો આજે લડી રહ્યા છે તે બન્નેએ માનવતાને તો બાજુએ જ મૂકી છે. પોતપોતાના પૂર્વગ્રહો, અને મહત્વાકાંક્ષાને અનુસરવામાં કેટલી જાનમાલની હાનિ થશે કે થઇ રહી છે તેની બેમાંથી એકેકને પરવા નથી. અને પરિણામે બે નરશાર્દુલોની અથડામણમાં–બે મહાકાળ હાથીઓની સાઠમારીમાં–આખું કોરીઆ રગદોળાઇ રહ્યું છે, છુંદાઇ રહ્યું છે, ચોતરફ સળગી રહ્યું છે. અમેરિકાએ દક્ષિણ કોરિઆની વહારે ધાવાની બહાદુરીભરી જાહેરાત તો કરી હતી, પણ પુરી પૂર્વતૈયારી વિના ઝંપલાવનાર અમેરિકાનું સૈન્ય આજે તો દક્ષિણ કોરીઆમાં સખત માર ખાઇ રહ્યું છે અને ચાલુ પીછેહઠ કરી રહ્યું છે. દુનિયાના અનેક દેશોનો સાથ હોઇને અમેરિકા એકાએક મહાત થાય એવો સંભવ છે જ નહિ. ઉલટી આ પીછેહઠો વર્તમાન યુદ્ધના આયુષ્યને વધારે લંબાવે છે અને આન્તરરાષ્ટ્રીય પરિસ્થિતિને વધારે જોખમાવે છે. કારણ કે જે પક્ષ તત્કાળ હરખાતો હોય છે તે પક્ષ પ્રતિપક્ષને અન્ય કોઇ રથળે ગુંચવવાના પ્રલોભનથી મુકત રહી શકતો જ નથી અને આ શકયતામાં જ ત્રીજું વિશ્વયુદ્ધ પેદા થવાનું જોખમ રહેલું છે. આ ઉપરાંત આજે આત્મરક્ષણના હેતુથી અમેરિકાએ ફોર્મોસાનો કબજો લીધો છે. આ ફોર્મોસામાં આજે ચાંગ–કાઇ–શેકની હકુમત પ્રવર્તે છે એમ છતાં પણ આ ફોર્મોસા મૂળ તો ચીનનો જ તાબાનો મુલક છે અને

તેથી સામ્યવાદી ચીન ફ્રેમોસા ઉપર કોઇ પણ વખતે આક્રમણ કરે એવો સંભવ છે. ઉપર જણાવ્યું તેમ અકળાતું અમેરિકા બર્લીન બાજુ રશીઆને મુંઝવવાનો વિચાર કરે તો અસંભવિત નથી. આ ઉપરાંત પ્રેસીડન્ટ ટ્રુમેનના હાથમાં એટમ બોંબ, હાઇડ્રોજન બોંબ સળવળાટ કરી રહેલ છે અને એટમ બોંબ વડે રશીઆને હંમેશાને માટે છુંદી નાંખવાની વૃત્તિ આજે પણ એટલી જ જીવતી છે. અસાધારણ કટોકટીના વખતે એ એટમબોંબ વાપર્યા સિવાય કેમ ચાલે? આવું પ્રેસીડેન્ટ ટ્રુમેનનું માનસ હોઇને અને આખા રશીઆની ચાલ એકસરખી ભેદી અટપટી અને સામ્રાજ્ય વિસ્તારને જ સદા શોધતી હોઇને અને તેની પાસે પણ એટમ બોંબ છે જ એમ માનવાને ઘણા કારણો હોઇને આખી દુનિયા ત્રીજા વિશ્વયુદ્ધ ના ચારે બેઠી છે એમાં લેશ માત્ર શંકા નથી અને ત્રીજું વિશ્વયુદ્ધ એટલે સર્વતોમુખી વિનાશ અને કોઇ પણ દેશ ગમે એટલું ધ્રુજે છે તો પણ તટસ્થ રહી ન શકે એવી જટિલ આન્તરરાષ્ટ્રીય પરિસ્થિતિ. આવા ભયાનક વડવાનળ તરફ ધસી રહેલી દુનિયાને શું કોઇ અટકાવી નહિ શકે? સંહાર-ભૂખ્યા સત્તાધીશો અને તેના પ્રમુખ સૂત્રધારોના દિલમાં સન્મતિનો કોઇ ઉદય જ નહિ થાય? આજના ધતધોર વાતાવરણમાં આવું કોઇ આશાનું ચિહ્ન હજુ સુધી તો જરા પણ દૃષ્ટિગોચર થતું નથી, બાકી આવતી કાલની કોને ખબર છે?

આન્તર્દેશીય વિવાહો

ડો. યોધના પુત્રી બહેન મેધાએ તાજેતરમાં અમેરિકા ખાતે સ્વીડનના વતની શ્રી. કાર્લ ફ્રાન્કોઇ વોન એસન નામના યુવક સાથે લગ્ન કરેલું અને તેને લગતો એક ભવ્ય સન્માન સમારંભ થોડા દિવસ પહેલાં ડો. યોધ તરફથી મુંબઇમાં યોજવામાં આવેલો. બહેન મેધા સંસ્કારી માતાપિતાની સંસ્કારસંપન્ન પુત્રી છે. તે અહિંના અભ્યાસના અનુસંધાનમાં વિશિષ્ટ અભ્યાસ માટે અમેરિકા ગઇ હતી. ત્યાં આ ભાઇ પણ અભ્યાસ નિમિત્તે રહેતા હતા. બન્નેને ત્યાં જ પરિચય થયો જે વધારે પરિપક્વ થતાં આખરે લગ્નમાં પરિણમ્યો.

આવા લગ્નસંબંધો હજુ બહુ વિરલ હોઇને સમાજહિત-ચિન્તકોનું તે તરફ સહજ ધ્યાન ખેંચાય છે અને તે સંબંધમાં જુદી જુદી દિશાઓથી અનુકુળ યા તો પ્રતિકુળ વળણ દાખવવામાં આવે છે. કેટલાકને આવી ઘટના પાછળ આજની યુવક પ્રજાની સ્વચ્છંદી મનોદશાનું દર્શન થાય છે તો કેટલાકને આમાં સામાજિક પ્રગતિનું એક મોટું સીમાચિહ્ન દેખાય છે. આજની આપણી વિચારકક્ષાએ અને સામાજિક પરિસ્થિત વચ્ચે, સંભવિત છે કે, આવા સંબંધ-નિર્માણ આપણામાંના ઘણાને ન ગમે. એમ છતાં પણ આવા લગ્ન સંબંધોનો વિરોધ કરવાનો તો કશો અર્થ જ નથી એટલું જ નહિ પણ જે પ્રકારની ઘટનાઓ અનિવાર્ય બની રહી છે, જે કેવળ અપવાદરૂપ નહિ પણ સામાન્ય નિયમરૂપ બનતી જવાની છે એમ લાગતું હોય તેને અપનાવવામાં જ સાચું શાણપણ રહેલું છે એમ શાન્તિથી વિચાર કરતાં માલુમ પડયા વિના નહિ રહે.

આજે મોટા શહેરોમાં વસતા સમાજના ઉપલા વર્ગની પરિસ્થિતિમાં છેલ્લા પચ્ચાસ વર્ષ દરમિયાન મોટો ફેરફાર થઇ રહ્યો છે. આજથી પચાસ વર્ષ પહેલાં સંતાનોને યોગ્ય વિવાહ સંબંધથી જોડવા એ માબાપના અધિકારનો જ વિષય ગણાતો હતો. માબાપ પોતપોતાનાં સંતાનનાં નાનપણમાં વેવીશાળ કરતા અને બહુ મોટી ઉમર ન થાય એ પહેલાં પરણાવી દેતા. આ સંબંધો સાધારણ રીતે પોતપોતાની જ્ઞાતિઓમાં અને નકકી કરેલા ઘોળોમાં જ નકકી થતા. કોઇ ઘોળ તોડીને વિવાહસંબંધ બાંધે તો તેણે મોટું સાહસ કે પરાક્રમ કર્યું લેખાતું. એ સંયોગોમાં આન્તરજ્ઞાતીય કે આન્તર્દેશીય વિવાહસંબંધની તો કલ્પના પણ સંભવતી નહોતી.

આજે કાળ બદલાયો છે; છોકરા છોકરીઓ ઉચ્ચ શીક્ષણ લેવા લાગ્યા છે; વિવાહસંબંધમાં માબાપની પસંદગીને બદલે વિવાહિત થનારની પસંદગીને સ્થાન મળવા માંડયું છે; મોટી ઉમ્મર સુધી કુંવારા રહેવાનું સ્વાભાવિક બનવા લાગ્યું છે; કોલેજમાં અનેક જ્ઞાતિ, જાતિ અને વર્ણનાં કુમારકુમારીઓ એકઠા થવા લાગ્યા છે; અભ્યાસાર્થે પરદેશગમન ઉત્તરોત્તર વધવા લાગ્યું છે. એમાં પણ આજના સરળ અને ઝડપી આકાશઉડ્ડયને દેશ-દેશ વચ્ચેની, ખંડ ખંડ વચ્ચેની સીમાઓ ભુંસી નાખી છે. પરદેશો અને પરપ્રજાઓ સાથે સંબંધ વધવા લાગ્યો છે. ઉંચી નીચી જ્ઞાતિના ખ્યાલો અર્થશૂન્ય બનવા લાગ્યા છે; કારણ કે નીચી જ્ઞાતિના ગણાતા યુવકો ઉંચા સ્થાન અને અધિકાર ઉપર આવવા લાગ્યા છે અને ઉંચી જ્ઞાતિના ગણાતા લોકોની સામાજિક કક્ષા ઉતરવા લાગી છે. એક વખત માબાપ છોકરા છોકરીને પરણાવે છે એ જ વાસ્તવિક સ્થિતિ હતી તેના સ્થાને માબાપનું સ્થાન આ વિષયમાં આજે ગૌણ બનવા લાગ્યું છે અને છોકરો છોકરી અથવા તો યુવક યુવતી પોતે સ્વતઃ એકમેકને પસંદ કરીને પરણે છે એવી વાસ્તવિક સ્થિતિ સ્થળે સ્થળે ઉભી થઇ રહી છે. જેઓ આજે શિક્ષણના પ્રદેશમાં આગળ વધી રહ્યા છે અને પરદેશ જવું આવવું એ જેમના માટે સહજ છે તેમના દિલમાંથી ધર્મના, સંપ્રદાયના, આચાર વિચારના, ખાન-પાનના અનેક પૂર્વગ્રહો ઢીલા પડવા લાગ્યા છે અને પશ્ચિમી રહેણી કરણી તરફ આવા યુવકયુવતીઓનો ઝોક વધતો ચાલ્યો છે. આમ પલટાયલી પરિસ્થિતિમાં ઉપર જણાવ્યા તેવા આન્તર્દેશીય લગ્ન-સંબંધો આગામી સમાજરચના દ્યોતક હોઇ આવકારવાયોગ્ય લાગવા જોઇએ. કારણ કે જે વાસ્તવિકતાને નહિ સ્વીકારે અને આવા ઉત્તરોત્તર બનતા જતા બનાવોમાં કેવળ સામાજિક અધઃપતન અને ઉગતી પ્રજાનો સ્વચ્છંદ જ જોયા કરશે તેના નસીબે અરણ્યરૂદન સિવાય બીજો કશો વિકલ્પ રહેવાનો નથી.

સમાજના કેટલાક અગ્રગણ્ય વિચારકો એમ બોલતા ઘણી-વાર સંભળાયા છે કે (જો તેઓ જૈનો હોય તો) આપણે હવે લગ્નક્ષેત્રની મર્યાદા વિસ્તારવી જોઇએ. ઘોળ અને જ્ઞાતિનાં બંધનો તોડવાં જોઇએ અને જૈનો જૈનોમાં ગમે ત્યાં વિવાહસંબંધ સહેલાઇથી થઇ શકે એવી વ્યવસ્થા નિર્માણ કરવી જોઇએ. આવી રીતે વૈષ્ણવ, બ્રાહ્મણ કે નાગર પણ પોતપોતાના કન્યાની લેવડદેવડના ક્ષેત્રને વિસ્તારવાની વાતો કરતા હોય છે અને એમાં પણ જ્યારે કોઇ પણ હિંદુ છોકરો કોઇ પણ હિંદુ છોકરીને પરણી શકે છે એમ કહેવાને જ્યારે કોઇ તૈયાર થાય છે ત્યારે તો વિશાળતા અને ઉદારતાની પરમ સીમાએ તે પહોંચી ગયેલ છે એમ માનવામાં આવે છે.

પણ આ બધી વાતો, વિચારણા અને યોજનાઓ પોતપોતાના સંતાનોને પરણાવવાના અધિકારનો દાવો કરનાર માબાપોના ધોરણ ઉપર જ રચાયલી હોય છે, જ્યારે વસ્તુતઃ માબાપના આ અધિકારનો આજની ઉછરતી પ્રજા ધીમેધીમે ઇન્કાર કરી રહી છે. તેમની અદ્યતન વિચારસૃષ્ટિમાં નાતજાત અને સંપ્રદાયની મર્યાદાને કોઇ સ્થાન, કે અવકાશ રહ્યો નથી અથવા તો ઘટતો ચાલ્યો છે. અને યૌવન તો નાતજાત, ધર્મ સંપ્રદાય, કાળો કે ગોરો કોઇને ઓળખતું જ નથી. પરસ્પર આકર્ષણ થયું, મનનું અનેક રીતે મળતાપણું અનુભવાયું, ભાવના અને વિચારોમાં, વળણો અને વૃત્તિઓમાં સરખાપણું દેખાયું--આવા ઉહાપોહ અનુભવમાંથી જ લગ્નનો વિચાર ઉદ્ભવે છે અને ઘણીવાર લગ્નની હકીકતમાં પરિણમે છે.

આવા સંબંધોનો વિચાર કરતાં એક બાબત ધ્યાન ઉપર આવ્યા વિના રહેતી નથી અને તે એ કે પ્રાથમિક આવેગની અસર નીચે આવું લગ્ન ભલે અત્યન્ત આકર્ષક અને આવકારદાયક લાગે

પણ પરણનાર બે વ્યક્તિ વચ્ચે જેટલું વધારે સાંસ્કૃતિક અને સામાજિક અન્તર તેટલું જ વધારે તેમને ચાલુ વ્યવહાર જીવનમાં એકમેક સાથે ગોઠવાવાપણું રહેવાનું, અને લગ્ન થયા બાદ જેમ જેમ પ્રાથમિક આવેગ અને ઉષ્મા ઓસરતા જાય તેમ તેમ આ ગોઠવણી, સંભવ છે કે, વધારે મુશ્કેલ બનતી જાય અને અથડામણીના સંયોગો વધારે ને વધારે ઉભા થતા જાય. આવા બધા કીસ્સાઓમાં આવું બને જ એમ માની-લેવાને કશું કારણ નથી, કારણ કે પ્રેમ અનેક અથડામણોને અને વળ-ણોની ભિન્નતાને ગાળી નાખનાર અદ્‌ભુત રસાયણ છે. વળી ઉપરનું જોખમ આવી રીતે વિવાહિત થનાર વ્યક્તિઓના તદ્દન ધ્યાન બહાર હોય છે એમ પણ નથી હોતું. પણ એવી અથડામણો, અગ-વડો અને મુસીબતોને તરી જવાની તેમનામાં શ્રદ્ધા હોય છે અને જોખમ ખેડવાની સાહસવૃત્તિ જ તેમને આવા આજે અપવાદરૂપ લેખાતા કાર્ય તરફ પ્રેરે છે. પરિણામે આવું કોઇ લગ્ન નિષ્ફળ પણ નીવડે. આવી શક્યતા સ્વીકારીને પણ આપણે તો સમીપસ્થ સામાજિક રચના યથાસ્વરૂપે ઓળખી લેવી ઘટે છે અને તેને અનિવાર્ય ગણી કેમ પચાવવી અને આવી ઘટનાથી ડોલાયમાન થતી સમા-જને કેમ સમધારણ ઉપર સ્થાપિત કરવી—આ રીતે જ આપણે આવા લગ્નોનો વિચાર કરવાનો રહે છે. આટલી પર્યાલોચના બાદ એક વિદેશી સહાધ્યાયી સાથે જેણે પુરી સમજણપૂર્વક લગ્ન-જીવન ખેડવાનું સાહસ કર્યું છે એવી બહેન મેધાને આપણા અન્તરના આશીર્વાદ આપીએ અને સામાન્ય લોકોના પૂર્વગ્રહો નિર્મૂળ પૂરવાર થાય એવું સુખી, સુન્દર, સમૃધ્ધ અને સફળ દંપ-તીજીવન તેને પ્રાપ્ત થાય એમ આપણે અન્તરથી ઇચ્છીએ!

'જઇન' ની વિપરીત વાણીનો એક નમુનો

મુનિશ્રી પુણ્યવિજયજી શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગના એક જાણીતા વિદ્વાન સાધુ છે અને ગ્રંથસ્થ જૈન સાહિત્યના એક નિષ્ણાત સંશોધક છે. પાટણમાં કેટલાયે વર્ષોથી તેઓ આ કાર્ય કરી રહ્યા હતા અને તેમના પરિશ્રમના પરિણામે કેટલુંયે સાહિત્ય અને હસ્તલિખિત ગ્રંથોને લગતી વિપુલ માહીતી આજ સુધીમાં પ્રગટ થઇ ચુકેલ છે. રાજપુતાનામાં આવેલ જેસલમેરમાં હસ્તલિખિત ગ્રંથોના મોટા મોટા જ્ઞાનભંડારો વગુશોધાયલી સ્થિતિમાં પડેલા છે. તે ભંડારોમાં પુષ્કળ જૈન તેમ જ જૈનેતર સાહિત્ય ભરેલું છે. આ દિશાએ આજ સુધી કોઇએ સંશોધન કર્યું નથી. આ મહાભારત કાર્ય મુનિશ્રી પુણ્યવિજયજીએ માથે લીધું છે અને તદર્થે કેટલા-એક મહીનાઓથી તેઓ જેસલમેર તરફ વિહાર કરીને વસ્યા છે અને કેટલાએક સાથીઓ સાથે તેઓ આ કાર્ય વ્યવ-સ્થિત રીતે સંભાળી રહ્યા છે. આ કાર્યના વિસ્તાર તેમ જ મહત્વનો ખ્યાલ તા. ૧૫-૬-૫૦ ના પ્રબુદ્ધ જૈનમાં પ્રગટ થયેલ પંડિત મેઘરદાસ જીવરાજ દોશીએ પોતાના વિગતવાર પત્રમાં બહુ સુંદર રીતે રજુ કર્યો છે. મુનિ પુણ્યવિજયજીની સર્વ પ્રવૃત્તિ પોતાના સંશોધનકાર્યમાં જ સદા મર્યાદિત રહી છે અને તેથી તેઓ નવા વિચારના છે કે જુના વિચારના છે એવું કોઇ પણ લેબલ તેમના નામ સાથે જોડી શકાય તેમ છે જ નહિ. જૈન સમાજના અન્ય સુવિખ્યાત વિદ્વાન આચાર્યો તેમ જ સુધારક વિચારના લેખાતા વિદ્વાનો ઉભય તેમના વિષે પુરો સદ્‌ભાવ અને આદર ધરાવે છે. આવા એક વિદ્વાન સાધુના આવા એક પવિત્ર કાર્ય પરત્વે મુંબઇ સમાચારમાં દર શનિવારે 'જઇન' તખલ્લુપ નીચે પ્રગટ થતી જૈન ચર્ચામાં કેવી કઢંગી રીતે અને કેવાં ભાતભાતનાં સીધાં તેમ જ આડકતરાં સુચનો પૂર્વકનું લખાણ કરવામાં આવ્યું છે તે નીચેના અવતરણ ઉપરથી માલુમ પડે તેમ છે. તા. ૨૪-૬-૫૦ ના મુંબઇ સમાચારની ઉપર જણાવેલ જૈન ચર્ચામાં "જેસલમેરમાં આગમોના સંશોધનનું કામ કેવી રીતે ચાલે છે?" તે મથાળાં નીચે લખતાં તેઓ જણાવે છે કે:—

"શ્રી. પુણ્યવિજયજી મહારાજ, આચાર્ય દેવ શ્રી. વિજય વલ્લભ સુરીજીની આજ્ઞામાં છે. અને તેમની સૂચના પ્રમાણે તેઓ જેસલમેરમાં કામ કરી રહ્યા છે એવી લોકવાયકા છે. જૈન આગમોનું સંશોધન અત્યાર અગાઉ સ્વર્ગસ્થ આગમોદ્ધારક શ્રી. સાગરાનંદ સુરીજીએ કર્યું છે. અને તે અનુસાર તેઓએ તૈયાર કરેલાં આગમોના પત્થર પર કોતરાયેલા અને તામ્રપત્ર પર ઉતારાયેલા સુર્ય, ચંદ્ર કાયમ રહે ત્યાં સુધી ટકે એવા લેખો અંકિત થઇ ચુકયા છે. એ સિવાય એ આગમોના પુસ્તકો પણ આગમ મંદિરમાં છે અને બીજા ભંડારોમાં મોકલાયા હશે જ. આટલું બધું થઇ ચુકયું છે ને લાખો રૂપીયા ખર્ચાઇ ગયા છે ને પછી જેસલમેરમાં નવું સંશોધન કરવાની મહેનત લઇ શા માટે તે પાછળ સમય અને પૈસાની બરબાદી કરવી જોઇએ એમ કેટલાકો શંકા ઉઠાવે છે. શાસ્ત્રમાં લખાયેલા લખાણમાં એક કાનો (।) કે એક માત્ર (ે) નો ફેરફાર કરનાર સંસારમાં અનેક ભવભ્રમણ કરે છે એવી શાસ્ત્રોની આજ્ઞા છે એમ પણ ઘણા વિદ્વાનો કહે છે. તો શ્રી. પુણ્યવિજયજી મહારાજને આગમોનું સંશોધન કરવાનું કામ કોણે સોંપ્યું અને તેમાં કયા જૈનાચાર્યોની સંમતિ છે તે જાહેર થવાની જરૂર છે. શ્રી. પુણ્યવિજયજીને અમદાવાદમાં મળેલા મુની સંમેલને નીમેલી કમિટિનો ટેકો છે કે કેમ અને કલ્પસૂત્રમાં જે પ્રકારનું મહાવીર ચરિત્ર છે તે પ્રકારના મહાવીર ચરિત્રમાં તેમને શ્રધ્ધા છે કે કેમ? તે પણ જાહેર થવાની જરૂર છે. કેમકે ઘણા એવી શંકા રાખે છે કે પુણ્યવિજયજી મહારાજ જુદા જ વિચાર ધરાવે છે. અને તેઓ મુંબઇ જૈન યુવક સંઘના પંડીતોની અને પંડીત શ્રી. સુખલાલજી, પંડીત શ્રી. બેચરદાસજી, પંડીત શ્રી. ફતેચંદ બેલાણી અને શ્રી. જીનવિજયજીની પ્રણાલિકા અનુસાર કામ કરી રહ્યા છે અને બીજા વિદ્વાન જૈનાચાર્યોની તેઓ સૂચના સ્વીકારતા નથી. આ બધી બીનાઓનો ખુલાસો પુણ્યવિજયજી મહારાજ, શ્રી ગોડીજી મહારાજ જ્ઞાન ભંડારના ટ્રસ્ટીઓ, શ્રી કોન્ફરન્સ અને સ્વયંસેવક પરિષદના પ્રચારકો અને બીજા વિદ્વાનો બહાર પાડશે તો આગમ સંશોધનના કાર્યમાં લાખો રૂપિયા મળી રહેશે અને હવે પછી પ્રગટ થનાર આગમો સર્વમાન્ય થઇ પડશે."

મુનિ પુણ્યવિજયજી માત્ર આગમોના સંશોધન માટે જ જેસ-લમેર ગયા છે એમ નથી અને આગમોની સંશોધનની દિશાએ સદ્‌ગત સાગરાનંદ સૂરિએ જે કાંઇ કાર્ય કર્યું છે તે કાંઇ છેવટનો આંક છે એમ પણ નથી. આગમોનું સંશોધન એવડું મોટું મહા-ભારત કાર્ય છે કે તેમાં અનેક વિદ્વાનો તરફથી કેટલેયે નવો પ્રકાશ પડવાનો સંભવ છે. જેસલમેરના ભંડારોનું સંશોધન કાર્ય કેવળ આગમો પુરતું પર્યાપ્ત નથી. આ હકીકત સુવિદિત હોવા છતાં એક વિદ્વાન મુનિની આવી અપૂર્વ સેવાની કદર કર-વાને બદલે તેમને તથા તેમના કાર્યને એક યા બીજી રીતે હીણપત પહોંચાડવાનો ઉપરના ઉલ્લેખમાં જે પ્રયત્ન કરવામાં આવ્યો છે તે અત્યન્ત શોચનીય છે. જૈન ચર્ચાના મથાળા નીચે આજ સુધીમાં પ્રગટ થયેલી અનેક નોંધોમાં આવી વિચિત્ર નીતિ અખત્યાર કરવામાં આવેલી જોવામાં આવે છે. આનું પરિણામ જૈન સમાજને લાભરૂપ નીવડવાને બદલે સામાન્યતઃ નુકસાનકર્તા નીવડતું આવ્યું છે. 'જૈન ચર્ચા' ને ચલાવનાર મુંબઇ સમાચારના તંત્રીના દિલમાં જૈન સમાજના ઉત્કર્ષ વિષે ખરેખર ધગશ હોય તો કાંતો તેઓ આ ચર્ચા બંધ કરે અથવા તો કોઇ સમ્યગ્‌દૃષ્ટિ અને અદ્યતન માહીતી ધરાવનાર લેખકને આ કાર્યમાં સંયોજિત કરે એવી મુંબઇ સમાચારના તંત્રીને સાદર વિનંતિ છે.

પરમાનંદ

સ્વ. યુસફ મહેરઅલી

રાષ્ટ્રના સ્વાતંત્ર્ય સંગ્રામના સૈનિકો તેની ભાવિ રચનાના પ્રશ્ન ઉપર બે ભાગમાં વહેંચાઈ ગયા છે. દેશના દુર્ભાગ્યે એ બે ભાગો કોંગ્રેસ અને સમાજવાદી પક્ષો વચ્ચેનું અંતર અને વૈમનસ્ય વધી રહ્યું છે. આ વધતા જતા અંતર વચ્ચે પુલ સમાન બની રહેલા તથા બંને પક્ષોમાં આદર ધરાવતા જે થોડા ઘણા કાર્યકરો બંને પક્ષે જણાય છે તેમાં સ્વ. મહેરઅલીના અવસાનથી ભારે ખોટ પડી છે. નાની વયમાં દેશના અગ્રણી લોકનાયકોમાં અગત્યનું સ્થાન પ્રાપ્ત કરનાર; ગુલામી, અન્યાય અને જનતાની કંગાલીઅતના નિવારણ અર્થે જીવનભર જુઝનાર; ભાગ્યેજ કોઇ રાજકીય નેતા ધરાવતા હશે એટલું બહોળું મિત્ર-મંડળ ધરાવનાર; મુંબઇની જનતાના લાડીલા સ્વ. મહેરઅલી ગઇ તા. ૨-૭-૫૦ના રોજ જીવનનાં ચુમાલીસ વર્ષ પણ પુરાં કર્યા પહેલાં, લાંબા સમય સુધી બિમારી સામે ઝુઝીને આ જીંદગીનો ત્યાગ કરી ગયા છે. રાષ્ટ્રપતિ રાજેન્દ્રબાબુ અને પંડિત જવાહરલાલજીથી માંડીને નાના મોટા અનેક કાર્યકરો અને સેંકડો સંસ્થાઓ તથા સભાઓ દ્વારા તેમને અપાઇ રહેલી અંજલી તેમની મહત્તા છતી કરે છે.

સ્વ. મહેરઅલીનો જન્મ ૨૩ સપ્ટેમ્બર ૧૯૦૬ ના રોજ એક સુસંપન્ન ખોજા કુટુંબમાં થયો હતો. તેમનું માધ્યમિક શિક્ષણ સેંટ ઝેવિયર્સ હાઇસ્કુલમાં અને કોલેજ શિક્ષણ એલ્ફીન્સ્ટન કોલેજમાં થયેલું. ગાંધીજીના આગમન અને અસહકારની ચળવળથી જ તેઓ રાષ્ટ્રિય પ્રવૃત્તિ તરફ ખેંચાયા, ખાદી ધારણ કરી, કોલેજ-જીવન દરમ્યાન જ તેઓ વિદ્યાર્થીઓની પ્રવૃતિના આગેવાન જેવા બની ગયા. બોમ્બે સ્ટુડન્ટસ બ્રધરહુડના મંત્રી ચુંટાયા. એ સમયે આપણા દેશની મંદ પડેલી રાષ્ટ્રિય પ્રવૃત્તિમાં પુનઃ પ્રાણસંચાર કરનારી યુવક ચળવળનો સમય આવી પહોંચ્યો. ૧૯૨૭ માં વીર નરીમાનના પ્રમુખપણા હેઠળ મુંબઇ પ્રાંતિક યુથલીગનું અધિવેશન ભરાયું. આ પ્રવૃત્તિના પ્રાણરૂપ જો કોઇ હોય તો તે શ્રી. મહેર-અલી હતા. દેશભરના યુવક અગ્રણીઓમાં તેમની ગણના થવા લાગી. વિદ્યાર્થીઓ અને યુવાનો વચ્ચે જવાહર, સુભાષ, નરીમાન અને મહેરઅલીનાં નામો આદરપાત્ર અને પ્રેમણાત્મક બની ગયાં.

દેશની રાજકીય મંદી હઠાવવા માટે જ કેમ હોય નહિ તેમ બ્રીટીશ સરકારે હિંદી બંધારણ તથા સુધારાઓ સુચવવા બધા જ ગોરાઓના બનેલા એક કમીશનની નિમણુંક કરી. એ સાયમન કમીશનની જાહેરાત સાથેજ દેશમાં બ્રીટીશ સત્તા સામેના વિરોધનું પ્રચંડ વાવાઝોડું ફરી વળ્યું. એ કમીશનના બહિષ્કારની પ્રવૃત્તિ જોરદાર બની. એ અણગમતા પરોણાઓએ હિંદને કાંઠે પહેલ-વહેલો પગ મૂક્યો ત્યારે બંદર પર તેમના બહિષ્કારનું નિદર્શન કરતાં શ્રી. મહેરઅલીની છાતી ઉપર ગોરા સાર્જન્ટોની લાઠીઓ પડી. શ્રી. મહેરઅલીને એ લાઠીઓએ રાષ્ટ્રિય પ્રવૃત્તિમાં અગ્રણી બનાવવામાં અગત્યનો ભાગ ભજવ્યો.

તેઓએ કાયદાની પરીક્ષા પસાર કરી. તેમણે સનદ માટે અરજી કરી. પરંતુ તેમની આ પ્રવૃત્તિઓએ તેમને પરદેશી રાજકર્તાઓની "કાળી યાદી" માં અગ્રસ્થાન અપાવી દીધેલું હોઇ એ વિદેશી સરકારના અંગ જેવી હાઇકોર્ટે તેમને સનદ આપવાનો ઇનકાર કર્યો, તેમના મૃત્યુનો શોક વ્યકત કરવા મળેલી મુંબઇના નાગ-રિકોની સભાના પ્રમુખસ્થાનેથી તેમના કાયદાના અભ્યાસના ગુરૂ અને આજે હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ ચાગલાએ જણાવ્યું હતું તેમ સમય પલટાયા બાદ ફરીવાર સનદનો માગણી કરવા કંઇકવાર કહેણમાં આવેલું પણ એમણે તો દેશની વકીલાત કર-વાનું કયારનુંયે શરૂ કરી દીધેલું હતું એટલે ફરીવાર એ અદાલ-તના ઉંબરે પગ મૂકવાનું નજ સ્વીકાર્યું.

૧૯૨૯નું વર્ષ રાષ્ટ્રની આગામી સ્વાતંત્ર્ય સંગ્રામની તૈયારીનું હતું. એ તૈયારી જોઇને સેનાપતિ ગાંધીજી આગેકુચનો આદેશ આપવાના હતા. આગેકુચ માટે વતનની રહેલા યુવાનોના નેતા મહેરઅલીએ દેશભરમાં ઘુમીને વિદ્યાર્થીઓ અને યુવાનોને એ લડત માટે તૈયાર કરવા માંડયા. યુવાનોના બૌધિક વિકાસ તથા રાજકિય જ્ઞાનની વૃદ્ધિ માટે તેમણે Vanguard નામનું અંગ્રેજી સાપ્તાહિક પણ શરૂ કર્યું. ૧૯૨૮-૨૯ના એ વર્ષોમાં પ્રત્યેક યુવાનના હાથમાં એ જોવા મળતું. ટુંક સમયમાં એ પત્ર ખુબ જ આદર અને પ્રચાર પામેલું.

લાહોર કોંગ્રેસે પૂર્ણસ્વરાજ અને તેની પ્રાપ્તિ માટેનો ઐતિહાસિક ઠરાવ પસાર કર્યો. મુંબઇની લડતની જવાબદારી શ્રી. નરીમાન અને શ્રી. મહેરઅલી ઉપર આવી. એ માટે ઝડપી તૈયારી તેઓ કરવા લાગ્યા. ૨૬ જાન્યુઆરી ૧૯૩૦ ના દિવસે પહેલો સ્વાતંત્ર્ય દિન ઉજવાયો. મુંબઇએ તેના ઇતિહાસમાં પહેલી જ વાર વિશાળ અને ભવ્ય સરઘસ કાઢયું. એની તૈયારી માટે રાત દિવસ ખાખી પહેરણ અને અર્ધપાટલુનમાં ઘૂમતા મહેરઅલી આજે પણ સ્મરણે ચઢે છે.

જેના માટે વર્ષોથી ઝંખતા હતા તે લડત આવી પડતાં મહેરઅલીએ પુરી તાકાતથી તેમાં ઝંપલાવ્યું. કેટલીકવાર જેલવાસ વેઠયો. જેલોમાં પણ જેલસત્તાવાળાઓના અયોગ્ય વર્તાવનો સતત મુકાબલો કરતા જ રહ્યા. નાસીક જેલમાં જેલ સત્તાવાળાઓ સાથે અથડામણ થતાં તેમને મદ્રાસ ધલાકામાં બદલવામાં આવ્યા ત્યારે સ્વેચ્છાએ એ હુકમોને તાબે થવાનો તેમણે ઇન્કાર કરતાં તેમને ઉંચકીને જેલમાંથી લઇ જવા પડેલા. એ લડતના સંચાલનમાં યુવાન કાર્યકરોનું જે એક જુથ જામેલું તેમાં શ્રી. મહેરઅલી મુખ્ય હતા. મુંબઇમાં King-makers ના નામે ઓળખાતું એ જુથ ૧૯૩૦-૩૨ ની બંને લડતોમાં અગત્યનો ભાગ ભજવી ગયું. બંને લડત વખતે કોંગ્રેસ ગેરકાદેસર બનતાં, તેનું અખિલ હિંદ સંચાલન અશકય બનતું ત્યારે મુંબઇના આ જુથના કાર્ય-ક્રમો જ રાષ્ટ્રના પ્રત્યેક વિભાગને લડતની દોરવણી આપતા.

૧૯૩૨ની લડતમાં ભાગ લઇ મહેરઅલી નાસીક જેલમાં "બ" વર્ગમાં બે વર્ષની સજા ભોગવી રહ્યા હતા ત્યાં શ્રી જયપ્રકાશનારાયણ, શ્રી અચ્યુત પટવર્ધન, શ્રી મીનુ મસાણી, શ્રી અશોક મહેતા, વગેરે સાથીઓ સાથે વિચારવિનિમય કરતાં આપણી આઝાદીની લડતની સફળતા અર્થે તેમાં આમ જનતાને રસ ઉત્પન્ન કરવા માટે અને તેના ભાવનાત્મક સ્વરૂપની સાથોસાથ આર્થિક સ્વરૂપ આપવાનો વિચાર જન્મ્યો. "કોંગ્રેસ સમાજવાદીપક્ષ" નાં વિચાર-બીજ ત્યાં વવાયાં. એ બધા કાર્યકરો જેલમુકત બનતાં અને કોંગ્રેસ ઉપરનાં સરકારી બંધનો દૂર થતાં "કોંગ્રેસ સમાજવાદી પક્ષ" ની સ્થાપનાનો નિર્ણય લેવાયો. ત્યારબાદ ઓકટોબર ૩૪ ની સાલમાં કોંગ્રેસ અધિવેશનની સાથોસાથ પરિષદ પણ મળી અને તેણે કોંગ્રેસ સમાજવાદીપક્ષની સ્થાપના કરી. શ્રી મહેરઅલીનું સ્થાન એમાં અગ્રણી હતું. ૧૯૩૪ના નવેમ્બરમાં વરલીના સાગરતટે મળેલી કોંગ્રેસની બેઠકની સફળતામાં પણ શ્રી. મહેરઅલીનો હિસ્સો નાનોસુનો ન હતો. લશ્કરી શીસ્ત અને તાલીમમાં માનનાર શ્રી મહેરઅલીના નેતૃત્વ નીચે સેંકડો યુવક યુવતીઓનું સ્વયંસેવક દળ એ અધિવેશનના માટે ઉભું કરવામાં આવેલું. ઘડીકમાં તંબુઓમાં મહાસમિતિની ચર્ચાઓમાં, ખાખી ગણવેશમાં સજ્જ થઇને હાથમાં સોટી સહિત સેનાપતિની અદાથી ઘુમતા મહેરઅલી આજે પણ નજરે પડે છે!

૧૯૩૫ થી ૩૮ નાં વર્ષો પછીના પ્રચાર અને સંઠનગ પાછળ દેશભરમાં ઘૂમવામાં તેમણે કાઢયાં. ખુબ ખુબ પ્રવાસ કરતા રહ્યા. સાથોસાથ પક્ષના મુખપત્ર તરીકે શરૂ થયેલા The Congress Socialist પત્રના સંચાલનમાં પણ અગ્રભાગ લેતા રહ્યા. રાજકા-રણના અભ્યાસીઓએ શું વાંચવું એ માટે What to read? અને Our Leaders નાં પુસ્તકો પ્રસિદ્ધ કર્યાં. ૧૯૩૭ની શરૂઆ-તમાં પક્ષના કાર્ય અર્થે મલબાર ગયેલા. ત્યાં તેમની સામે મૂકવા-માં આવેલ પ્રતિબંધનો ભંગ કરી છ માસનો કારાવાસ પ્રાપ્ત કર્યો. પાછળથી સ્થપાયેલી કોંગ્રેસ સરકારના વડા પ્રધાન શ્રી રાજાજીએ તેમને સત્તા ઉપર આવતાં જ છુટા કર્યા.

સમાજવાદી પક્ષ માટેની અવિરત પ્રવૃત્તિ ઉપરાંત તેમને મુંબઇનગરીઓના હૃદયમાં કાયમી સ્થાન અપાવનાર એક બીજી પ્રવૃત્તિ આવી પડી. મુંબઇના ગુમાસ્તાઓ તે સમયે બુરી દશામાં સપડાયેલા હતા. તેમનું સંગઠન ન હતું. સવારના ૭ થી રાતના બાર સુધી કામ કરવું પડતું હોય એવાઓની સંખ્યા પણ કમી ન હતી. ૧૯૨૮ થી ૩૦ સુધી હું જ્યારે આવો જ એક ગુમાસ્તો હતો ત્યારે ગુમાસ્તા પ્રવૃત્તિ અને ગુમાસ્તા કાયદાનાં સ્વપ્નો સેવેલાં. ૧૯૩૬ ના વર્ષમાં હિંદના રાજકારણમાં આવતા પલટાને નજર સમક્ષ રાખી એ મધ્યમવર્ગને જાગૃત કરવા એક લેખમાળા મેં "જન્મભૂમિ" માં લખેલી. ગુમાસ્તાઓમાં રાહત અને પરસ્પર સહકારની પ્રવૃત્તિ કરતાં કાપડ બજાર ગુમાસ્તા હિતવર્ધક મંડળ અને ઇસ્ટ ઇન્ડીઆમાં કામ કરતાં કેટલાક ગુમાસ્તા ભાઇઓએ આ વાંચી તેવી પ્રવૃત્તિ શરૂ કરવા વિચાર્યું. ગુમાસ્તાપ્રવૃત્તિ શરૂ થઇ. પરંતુ તેમાં જોઇતો જોશ પૂરાતો ન હતો. અચાનક એ પ્રવૃત્તિને શ્રી મહેરઅલીનો સાથ મળી ગયો. પછી તો તેમાં વિજળીની ઝડપ આવી ગઇ. સભાઓ સરઘસો વગેરે થવા લાગ્યાં. એ વખતની ગુમાસ્તાઓની પ્રવૃત્તિ એટલે રાતના દસથી એક કે બે વાગ્યાનો સમય. આમ છતાં શ્રી મહેરઅલી દરરોજ રાત્રે એક બે સભાઓ વગેરે કાર્યક્રમો પાર પાડતા હતાં. તેમનો જે ઝડપ, ત્વરા, ચીવટ વગેરે ૧૯૨૯-૩૦ માં જોવાયેલાં તે ફરીવાર જોવા મળ્યાં. પહેલી ગુમાસ્તા પરિષદ માધવબાગમાં સ્વ. જમનાલાલજીના પ્રમુખસ્થાને મળી, અને તેનું ઉદ્‌ઘાટન શ્રી ગુલઝારીલાલ નંદાએ કર્યું. તેના સ્વાગત પ્રમુખ શ્રી મહેરઅલી હતા. એ પરિષદ અને ત્યારપછી સ્થપાયેલ ગુમાસ્તા મહામંડળ એ શ્રી મહેરઅલીનો સર્જન હતાં. આજે પણ મુંબઇનો ગુમાસ્તા વર્ગ પોતાને એ ભયંકર ગુલામીમાંથી મુક્ત કરાવનાર તરીકે મહેરઅલીને જ ગણે છે અને ગણતો રહેશે.

૧૯૩૯ ના સપ્ટેમ્બરમાં બીજું વિશ્વયુદ્ધ શરૂ થયું અને આપણા દેશના રાજકારણમાં એક પલટો આવ્યો. કોંગ્રેસ સરકારોએ રાજીનામાં આપ્યાં અને હિંદની ઇચ્છા વિરૂદ્ધ લડાઇમાં ધસડનાર બ્રીટન સામે લડતનો નાદ ચારે બાજુ ગાજી ઉઠ્યો. ૧૯૪૦ ના સપ્ટેમ્બરમાં મુંબઇમાં મહાસમિતિની બેઠક મળી. મહાત્માજીએ વ્યક્તિગત સત્યાગ્રહ શરૂ કરવાની દરખાસ્ત રજુ કરી. એને સમાજવાદી પક્ષ તરફથી ટેકો આપવાનું શ્રી. મહેરઅલીને ભાગે આવ્યું હતું. ત્યારપછી ટુંક સમયમાં એ લડત શરૂ થઇ અને મહેરઅલી તેમાં ભાગ લઇ નાસીક જેલમાં સ્થાનબધ્ધ થયા.

૧૯૪૧ ના ડીસેમ્બરમાં જેલમાંથી છુટીને આવ્યા બાદ પક્ષના કામે પંજાબ ગયેલા. સર સીકંદરની બ્રીટીશ સરકારને અતિ વફાદાર સરકારે તેમને કાંઇક પ્રતિબંધ ફરમાવ્યો અને તેનો ભંગ કરી ૬ માસનો કારાવાસ સ્વીકાર્યો.

શ્રી. મહેરઅલી સને ૧૯૩૫ ની સાલથી મુંબઇ મ્યુ. કોર્પોરેશનના સભ્ય હતા. એ સમયે કોર્પોરેશનના મેયરની ચુંટણી દસ વરસે જુદી જુદી કોમોમાંથી થતી. સને ૧૯૪૨ નો સાલમાં મુસ્લીમ કોમનો મેયરપદમાટેનો વારો હતો. કોંગ્રેસપક્ષમાં એ પદને લાયક એવા એકમાત્ર મુસ્લીમ સભ્ય શ્રી. મહેરઅલી જ હતા. આમ છતાં તેઓ સમાજવાદી હોવાને કારણે તેમને એ સ્થાને ન મૂકતાં શ્રી. મહમદભાઇ રવજીને એ સ્થાને મૂકવા મુંબઇના કોંગ્રેસ અગ્રણી શ્રી પાટીલ પ્રવાસ કરી રહ્યા હતા. શ્રી. મહેરઅલી એ સમયે પંજાબની જેલમાં હતા, એ વાતનું એમને એ સ્થાને ન મૂકવા માટે બહાનું લેવાયું હતું, જો કે એ સ્થાને ચુંટાવા માટે ઉમેદવારની હાજરીની મુદલ જરૂર ન હતી. મેં આ પ્રશ્ન ઉપર લોકમત ઉભો કરવા તે વખતનાં અગ્રણી ગુજરાતી મરાઠી દૈનિકોના તંત્રીઓને મળી શ્રી. મહેરઅલીને જ મેયર-નગરપતિ ચુંટવા જોઇએ એવા અગ્રલેખો લખાવ્યા. પછી તો તેમને જ એ સ્થાને મૂકવા એ કોંગ્રેસી અગ્રણીઓ માટે જીવતી માખી ગળવા જેવું આકરું બની ગયું. કદાચ સરદાર સાહેબનો સાથ મળે એ આશાએ શ્રી. પાટીલ તે વખતે સરદાર સાહેબ વર્ધા હોઇ તેમને મળવા ત્યાં ગયા. પરંતુ સરદાર સાહેબ અને મહાત્માજીએ પણ શ્રી મહેરઅલીનું જ નામ સુચવ્યું, અને લગભગ તે જ અરસામાં કોઇક કાનુની મુદ્દા ઉપર તેમની જેલમુક્તિ પણ થઇ. આમ હિંદના ઇતિહાસમાં અમર બનેલ ૧૯૪૨ ના વર્ષના નગરપતિપદે તેઓ ચુંટાયા. ટુંક સમયમાં જ પોતાની તેજીલી કાર્યપદ્ધતિ અને ચીવટને પરિણામે લોકપ્રિય નગરપતિ થઇ પડયા. પરંતુ એ સ્થાને રહી નગરજનોની વધુ સેવા કરે તે પહેલાં તો માતૃભૂમિની આઝાદીનો સાદ પડયો અને તા. ૯મી ઓગષ્ટની વહેલી પ્રભાતે મહાત્માજી અને અન્ય આગેવાનો સાથે તેઓ પણ પકડાઇને યરોડા જેલમાં ધકેલાઇ ગયા. ત્યાંથી જ તેઓ ભયંકર હૃદયરોગનો ભોગ બની બહાર પડયા, અને આખરે મૃત્યુપર્યંત સાત સાત વર્ષો સુધી એ રોગ સામે ઝૂઝતા રહ્યા.

એમના જાહેરજીવનનાં આ સાત વર્ષોમાં બહારની દુનિયાને મન તેઓ પથારીમાં પડેલા જ જણાશે. પરંતુ પથારીમાં પડયા પડયા પણ તેઓ જંપીને બેસતા ન હતા. આદર્શના દિવાનાઓને વળી જંપ કેવો? ઇતિહાસના એ અભ્યાસીએ ભાઇ કિસન મહેતા અને બીજા થોડાક યુવાનોની મદદથી "રાષ્ટ્રવિકાસ ચિત્ર પ્રદર્શન" તૈયાર કર્યું. આઝાદીના આગમન પહેલાં, લડતના પછડાટથી થાકેલી પ્રજામાં નવીન સ્ફુર્તિ સંચારવાનું કાર્ય એ પ્રદર્શને કર્યું. તેનું એકેએક ચિત્ર શ્રી મહેરઅલીને સંપુર્ણ સંતોષ ન થાય ત્યાં સુધી ચિત્રકારે ફરી ફરીને બતાવવું પડેલું. એમાનાં કેટલાંક ચિત્રોની કિંમત તો સેંકડો રૂપીઆમાં આંકી શકાય એવાં સુંદર હતાં.

વર્ષો વીતવા લાગ્યાં અને માંદગી લંબાતી જ ગઇ. ઉપચારાર્થે અમેરીકા ગયા. સમય હિંદ જ્યારે આઝાદીની ઉષાનું સ્વાગત કરી રહ્યું હતું ત્યારે તે આઝાદીના આ અનન્ય ઉપાસકને માતૃભૂમિથી હજારો માઇલ દૂર દવાખાનાં કે સેનીટોરીઅમોમાં દિવસો કાઢવા અસહ્ય લાગતા હતા. ૧૯૪૮ ના પાછલા ભાગમાં તેઓ હિંદ પાછા ફર્યા. પરંતુ તબીયત જોઇએ તેવી ન જ સુધરી.

આવી તબીયતે પણ સમાજવાદી પક્ષનો અવાજ ને માન આપી મુંબઇ ધારાસભાની ખાલી પડેલી એક મુસ્લીમ બેઠક માટે તેઓ ઉભા રહ્યા. શરૂમાં તો કોંગ્રેસે તેમની સામે ઉમેદવાર ઉભો કર્યો. પરંતુ પાછળથી તે ઉમેદવારને ખેંચી લઇ શ્રી મહેરઅલીને વિના હરિફાઇએ ધારાસભામાં જવા દેવાનું ડહાપણ મુંબઇ કોંગ્રેસના આગેવાનોએ દાખવ્યું.

ધારાસભાની તેમની કારકીર્દી બહુ થોડા જાણે છે. પરંતુ તેની છેલ્લી બેઠકમાં વિરોધપક્ષ જે કાંઇ દેખાવ કરી શકયો હોય તેનું મુખ્ય શ્રેય શ્રી મહેરઅલીને જાય છે એ મારો જાતિ અનુભવ છે. બૃહદ મુંબઇનો ખરડો આવવાનો હતો. અને તેમાં ઉપનગરોના પ્રતિનિધિત્વના પ્રમાણ અને પ્રકારમાં ઉપનગર વિસ્તારોને અને ખાસ કરીને પારલે-અંધેરી વિભાગને અન્યાય થતો હતો. એક દિવસ સવારના દશ વાગ્યે મેં તેમને ફોન કર્યો. તેમણે જણાવ્યું કે આજે જ એ બીલ આવવાનું અને અમે તો તેને બીનચર્ચાપદ્ધ માનીએ છીએ તેથી ૫-૧૦ મીનીટમાં પસાર થઇ જશે. તેમણે મને અમારૂં દૃષ્ટિબિંદુ સમજાવવા કહ્યું. તેમની પાસે પહોંચવા જેટલો સમય પણ ન હતો. તેજ દિવસે "જનશક્તિ" માં પ્રસિદ્ધ થયેલો મારો એ પ્રશ્ન અંગેનો લેખ વાંચી જવા મેં તેમને જણાવ્યું. ઘરેથી નીકળી ધારાસભ ગૃહ સુધી પહોંચતાં સુધીમાં તેઓ એ વાંચી ગયા. વિરોધપક્ષના ૨-૪ સભ્યોને મળી એ બીલ ઉપર ચર્ચા કરવા સૂચવ્યું. પોતે જ એ ચર્ચાની શરૂઆત કરી. પછી તો સાત દિવસ સુધી એના ઉપર ચર્ચા ચાલી. કોંગ્રેસના જ એક મહારાષ્ટ્રીય સભ્યે એમાં સંયુકત મહારાષ્ટ્રનો વિરોધ દેખાતું ભાષણ કર્યું અને સ્થાનિક સ્વરાજ ખાતાના પ્રધાન શ્રી વર્તકને પોતાનું આ બીલ ખતરામાં પડવાનો ડર લાગ્યો. એક દિવસ રાહને સમયે તેઓ શ્રી. મહેરઅલીને મળ્યા, પોતાની ભૂમિકા સમજાવી, પાલે-અંધેરીને એક બેઠક ઓછી મળતી હોવાનો સ્વીકાર કર્યો. પરંતુ ફેરફાર માટે સમય રહ્યો નથી અને ચર્ચા લંબાશે તો પ્રાંતિય રવરૂપ પકડશે, માટે

તે સંકેલી લેવા વિનંતી કરી, અને વ્યાપક હિતોને નજર સામે રાખનાર શ્રી મહેરઅલીએ એ ચર્ચાને વિરોધપક્ષ તરફથી આગળ ન લંબાવી.

આ પશ્નને અંગે એક દિવસ હું તેમના ઘરે મળવા ગયેલો એ બીલ ઉપર મૂકવાના સુધારાઓના મુસદ્દો કરવાનો હતો. તે વખતે કઇ રીતે પોતે વિરોધપક્ષને સાથે રાખી રહ્યા છે તે માટે તેમને કેવા કેવા પ્રયાસો કરવા પડે છે, સત્તાવાળા પક્ષને જ ઉપલબ્ધ બાતમી તથા વિગતો તેમના જ મોઢેથી કઢાવવા કેવી રીતે ચર્ચા અને રજુઆત કરે છે, કેવી રીતે કોઇક સભ્યનું ભાષણ તો કોઇકને માટે બોલવાના મુદ્દા તૈયાર કરી આપી ચર્ચા ચાલુ રખાવે છે, વગેરે વાતો તેમણે કરેલી. મોટરમાંથી ઉતરી બીજાના ખંભે હાથ મૂકી ધારાગૃહમાં જતા એ સુકલકડી અને માંદા દેહમાં કેવી શક્તિઓ ભરેલી હતી તેનું ભાન તે વખતે કંઇક ધારાસભ્યોને થયું. તેઓ તંદુરસ્ત સ્થિતિમાં ધારાસભામાં હોત તો ? તેમની કારકીર્દી કેવી ઝળકી ઉઠી હોત ? ધારાસભાની તેમની ટુંક કારકીર્દી તેઓ કેવા સફળ "પાર્લામેન્ટરીઅન" હતા તે પુરવાર કરી જાય છે.

તેઓ માત્ર રાજદ્વારી ન હતા. ઇતિહાસના ઉંડા અભ્યાસી તો હતા જ. પરંતુ સાહિત્યના પણ ભારે શોખીન. તેમનો જેવા અંગ્રેજીમાં જ શિક્ષણ લઇ ઉછરેલા કંઇક આપણી દેશી ભાષાઓના સાહિત્યથી સંપૂર્ણ રીતે અજ્ઞાન જ હોય છે. પરંતુ મહેરઅલીનું તેથી કેટલું જ હતું. આપણી ભાષાઓના સાહિત્યનો પણ તેમનો સંપર્ક ગાઢ અને નિકટનો હતો. ગુજરાતીમાં સ્વ. મેઘાણીભાઇના તેઓ ખાસ ચાહક હતા. સ્વ. સાને ગુરૂજીની સુચનાથી ગયા તા. ૧૧ મી માર્ચે મેઘાણીભાઇની ત્રીજી પુણ્યતિથીએ તેમનો અને તેમના સાહિત્યનો પરિચય આપતો એક લેખ મેં "સાધના" માટે લખેલો. હું ભાઇ મહેરઅલીને મળવા ગયો ત્યારે કહે કે આ મરાઠીભાષામાં કયારથી લખતા થઇ ગયા ? મેં કહ્યું મેં તો ગુજરાતીમાં લખ્યો છે અને ગુરૂજીએ તેનું મરાઠી કર્યું છે. તે કહે કે મને એ લેખ ખુબ ગમ્યો છે. બીજી ભાષાનાં આપણાં સારાં માસિકો માટે પણ તે આપવો જોઇએ. મને તેની હસ્તપ્રત મોકલજો. ગુરૂજી પાસેથી મંગાવી મેં તેમને એ મોકલી અને તેમણે હૈદ્રાબાદથી પ્રગટ થતા એક હિન્દી માસિકને તે આપેલી.

૧૯૪૨ ની લડત દરમ્યાન દેશભરની જેલોમાં પડેલા અને ખાસ કરીને નીચલા વર્ગમાં સબડતા રાજકીય કેદીઓની વધુમાં વધુ સેવા જો કોઇ એક વ્યકિતએ કરી હોય તો તે ભાઇ મહેરઅલી હતા. દરેક જેલમાં કોઇને કોઇ ઓળખીતો હોય અને તેની ઉપર સત્યાગ્રહી કેદીઓના ઉપયોગ માટે તેઓ વિવિધ પુસ્તકો પહોંચાડતા જ રહ્યા. જે જેલમાં જાઓ ત્યાં મહેરઅલીનાં પુસ્તકો જોવા મળેજ. જેલમાં ખોરાક પછી સત્યાગ્રહીની સૌ પહેલી જરૂરીઆત વાંચનની હોય છે. અને તે જરૂરીઆત શ્રી. મહેરઅલીએ પુરી પાડી તેવી બીજા કોઇ મોટા નેતા કે "શ્રીમંત દેશભકતો" એ પણ પુરી પાડી ન હતી.

દુનિયાભરના અદ્યતન સાહિત્ય સાથે તેમનો નિકટનો સંપર્ક હતો. બ્રીટન, અમેરિકા વગેરેના કંઇક અગ્રણી પ્રકાશકો સાથે તેમને સંપર્ક હતો. કોઇપણ નવુ પ્રકાશન થાય કે તેમની પાસે આવ્યું જ હોય. કંઇક બુકસેલરો તો પોતાનાં પ્રકાશનો તેમની ઉપર વેચવા માટે જ મોકલી આપે. અને ઘણે દેશસેવક છતાં ભાઇ મહેરઅલી એ પુસ્તકો પ્રચારહેતુથી વેચી પણ આપે. મારા જેવા કોઇ મિત્રને ભેટ આપવી હોય ત્યારે શ્રી મહેરઅલી પાસે જાય અને ભેટ જેમને આપવાની હોય તેને અનુરૂપ પુસ્તક મળ્યું જ હોય ! મારા કંઇક મિત્રોની લગ્નભેટો માટેનાં પુસ્તકો મેં તેમની પાસેથી જ મેળવેલાં.

તેમનું મિત્રમંડળ ખુબ જ વિશાળ હતું. સર્વપક્ષો સર્વ વર્ગો અને સર્વ પ્રાંતોમાં એ વિસ્તરેલું છે. મિત્રો બનાવવાની અને મૈત્રી નિભાવવાની કોઇ અદ્‌ભુત શકિત કુદરતે તેમને અર્પી હતી. કોઇ મિત્ર લાંબે સમયે મળે કે તુરત જ તેના તથા તેના વતુંલના સર્વ કોઇના ખબર અંતર પુછ્યા જ હોય અને મિત્રો ખાતર ગમે તે કરી છુટતાં પણ ન અચકાય. મૃત્યુ પહેલાં પંદરેક દિવસની જ વાત છે. તેઓ માંદગીને નહિ પણ મૃત્યુને બીછાને પડયા હતા. એક મિત્ર સહેજ મુશ્કેલીમાં આવી પડયા. મહેરઅલીને વાત કરી. મારો તેમાં ઉપયોગ હતો. રાતના બીજા મિત્રોને ફોન કરી મારૂં સરનામું મેળવ્યું અને તેમના નાના ભાઇને વહેલી સવારે મારે ત્યાં મોકલી મને મળવા બોલાવ્યો. તેમની સાથેનું મારૂં એ છેલ્લું જ મિલન તેમને મળી મહાપ્રયાસે જે ૫-૭ વાકયો તે બોલી શકયા તે સમજી મેં વિદાય લીધી ત્યારે જ મનમાં થઇ આવ્યું કે આ મિત્રને ફરીવાર જોવા પામવાનો નથી. અને બન્યું પણ તેમજ. મારે તત્કાળ બહારગામ જવું પડયું અને પાછા ફરતાં પુના સ્ટેશને તેમના અવસાનના સમાચાર વાંચ્યા.

તેમના જીવનનાં અનેક પાસા હતા. તે સંબંધી લખતાં પાનાના પાનાં ભરાય. ઘણું લખાયું છે અને લખાશે પણ ખરૂં. પરંતુ તેમના જીવનના એક શોખ–અત્યાસ અંગે આ સ્થાને લખવું જ જોઇએ. તે હતો તેમનો હિંદુ કથાનકો, ભૂગોળવધાન અને શીલ્પનો તેમનો ઉંડો અભ્યાસ. તેરચૌદ વર્ષ પહેલાંની વાત છે. એક મિત્રે એલીફન્ટાની સ્ટીમર કાઢેલી. મને તથા મહેરઅલી જેવા કેટલાક મિત્રોને આગ્રહ કરી સાથે લીધેલા. પૂર્વ આફ્રીકાના હિંદીઓનું એક પ્રતિનિધિમંડળ હિંદી સરકાર પાસે કોઇક રજુઆત કરવા આવેલું તે ભાઇઓ પણ અમારી સાથે હતા. શ્રી. મહેરઅલીએ તે પ્રતિનિધિમંડળના ભાઇઓ અને અમને એલીફન્ટાની ગુફાઓની એ પ્રત્યેક મૂર્તિની સમજ આપી ત્યારે તેમના આ જ્ઞાનનો પ્રથમ પરિચય થયો. તેમના જેટલું એ વિષયનું જ્ઞાન ધરાવતો કોઇ હિંદુ આજ સુધી તો મેં જોયો નથી. તો પછી મુસ્લીમ કોમમાં હોવાનો તો પ્રશ્ન જ કયાં ? ગયા એપ્રીલમાં હું આબુ ગયેલો. દેલવાડાનાં વિશ્વવિખ્યાત મંદિરોનું શીલ્પ નિરખતા સતત ભાઇ મહેરઅલીની યાદ આવતી. મનમાં થયું કે પાછો જઇ ભાઇ મહેરઅલીને કહીશ કે તમે આ મંદિરો જોયાં છે કે નહીં ? ન જોયાં હોય અને તબીયત બરાબર રહે તો જરૂર જોઇ આવો, યા સાથે જોવા જઇએ. પરંતું હું પાછો ફર્યો ત્યારે તો ભાઇ મહેરઅલીનો હૃદય રોગ જોર પકડી ચૂકયો હતો.

તેમનું સુયોગ્ય સ્મારક રચવાની વિચારણા તેમના સમાજવાદી અને કોંગ્રેસી મિત્રોએ કરી છે. પંડિત જવાહરલાલજી પાસે એ વિચારણા અને યોજના રજુ થવાની છે. આશા રાખીએ કે ભારતમાતાના અને હિંદી સંસ્કૃતિના "પ્રથમપંકિતના આ સેવકનું સુયોગ્ય સ્મારક જરૂર થશે. પરંતુ તેમના સ્મારકની મારી કલ્પના આ સ્થળે રજુ કરવાનું મન થઇ આવે છે.

છેલ્લીવાર તેમને મળ્યો ત્યારે તેમનો જીવનદીપ બુઝાઇ રહ્યાનું સ્પષ્ટ જણાતું હતું. તેમને મળી થોડીક મીનીટો તેમના ઓરડા બહાર બેઠો હતો ત્યારે સુંદર અને કિંમતી પુસ્તકોથી ખીચોખીચ ભરાયેલાં કબાટો ઉપર નજર પડી. મનમાં થયું કે જીવનભર અવિવાહિત રહી વિદ્યાભ્યાસને વરેલા જીવનભરના વિદ્યાર્થી ભાઇ મહેરઅલીનું સાચું સ્મારક તો સુંદર પુસ્તકાલય જ થઇ શકે. મુંબઇ શહેરની જનતા, મુંબઇ મ્યુ. કોર્પોરેશન, અને બીજી અનેક સંસ્થાઓ જેમનીદ્વારા ભાઇ મહેરઅલીએ સેવા કરી છે તેમની પાસે આ વિચારણા રજુ કરૂં છું. બીજું રાષ્ટ્રપુરૂષ મહત્વનું સ્મારક ભલે થાય, પરંતુ મુંબઇ શહેર પુરતું આવું કાર્ય થાય તો જરૂર ઉપયુકત ગણાશે.

વીરચંદ શેઠ

છુટાછેડા માટે કાનુની જોગવાઈ

[મુંબઇ સરકારે હિંદુ દંપતીને કેટલાક અસાધારણ સંયોગોમાં છુટાછેડા મેળવવાની જોગવાઇ આપતો એક કાયદો કર્યો છે. આ કાયદા વિષે બહુ જ ઓછા લોકોને પુરી માહીતી હોય છે અને પતિપત્ની હવે તો ફાવે ત્યારે છુટા થઇ શકે છે એવી ભ્રમણા ચોતરફ પોષાતી રહે છે. આ સંબંધમાં પ્રમાણભૂત અને માર્ગદર્શક માહીતી આપતો લેખ જન્મભૂમિના તા. ૧૫-૪-૫૦ના અંકમાંથી સાભાર ઉધ્ધૃત કરવામાં આવે છે. —તંત્રી]

હિંદુ સમાજમાં છુટાછેડા આજ સુધી માન્ય ન હતાં. હિન્દુ કાયદા પ્રમાણે લગ્ન એ કરાર નથી પણ એક પવિત્ર ક્રિયા છે. કરારનો વિચ્છેદ થઇ શકે. પવિત્ર બંધન કેવી રીતે તુટી શકે?

'હિન્દુ કાયદો' જેને આપણે કહીએ છીએ તે કોઇ ધારાસભાએ પસાર કરેલો કાયદો નથી, ભારતવર્ષમાં એવી કોઇ ધારાસભા હતી નહી. કોઇ ચક્રવર્તી રાજાએ વટહુકમ દ્વારા સ્થાપિત કરેલો એ કાયદો નથી. 'હિન્દુ કાયદા'નો ઇતિહાસ એ એક રોમાંચક ઇતિહાસ છે. આજે જ્યારે કાયદાની કલમોથી માનવજીવનના સર્વ વહેવારનું નિયમન કરવા પ્રયત્ન થાય છે ત્યારે સ્વેચ્છાએ અને માત્ર નૈતિક બંધનને કારણે જ સ્વીકારાયેલાં ને અમલમાં મૂકાએલા 'હિન્દુ કાયદા'ની રસભરી ને ગૌરવાંકિત તવારીખનું અવલોકન એક વખત કરીશું.

સામાજિક સમતુલા

હિન્દુ કાયદામાં છુટાછેડાની છૂટ નથી, પરંતુ આજના એક બાજુ રૂઢ અને બીજી બાજુ કૃત્રિમ જીવનમાં સામાજિક સમતુલા જળવાઇ નથી ને સંસાર જીવન કટુ ને અસહ્ય બન્યાં છે. તેવે વખતે બહુ દુઃખી જીવનને મુકિત મળે તે હેતુથી મુંબઇની ધારાસભાએ અમુક સંયોગોમાં છુટાછેડા મળી શકે તેવો કાયદો ૧૯૪૬માં પસાર કર્યો છે.

આ કાયદો હિંદુ, જૈન, શીખો, બુધ્ધધર્મીઓ ને બ્રહ્મોઓ કે આર્યસમાજના અનુયાયીઓ કે પરધર્મમાંથી હિંદુ ધર્મમાં વટલેલાને લાગુ પડે છે.

આ કાયદા નીચે પતિ અગર પત્ની એકબીજા સામે છુટાછેડા મેળવવા માટે નીચેનાં કારણોસર દાવો માંડી શકે છેઃ

છુટાછેડાંના કારણો

(૧) પતિ અગર પત્નિ લગ્ન સમયે જ પુરૂષત્વ કે સ્ત્રીત્વમાં ન હોય અને દાવો કરતાં સુધી તે સ્થીતિ ચાલુ હોય.

(૨) પતિ અગર પત્ની સાત વર્ષથી કોઢથી પીડાતા હોય—સિવાય કે આ રોગ એકબીજાએ એકબીજાને આપ્યો હોય.

(૩) પતિ અગર પત્ની સાત વર્ષથી ગુમ થયાં હોય ને જે લોકોને સામાન્ય રીતે તેમની ભાળ હોય તેઓએ સાત વર્ષ સુધી તેમનાં વિષે કશુ સાંભળ્યું ન હોય.

(૪) પતિ અગર પત્ની ૪ વર્ષથી એકબીજાને ત્યજી ગયાં હોય. ત્યજી જવાનો અર્થ એમ નકકી કરવામાં આવ્યો છે કે અન્યની સંમતિ વિના અને તેની મરજી વિરૂધ્ધ જુદા રહેતા હોય.

(૫) બીજી વારના લગ્નનો પ્રતિબંધ કરનાર કાયદો અમલમાં આવ્યા પહેલાં પતિએ બીજા લગ્ન કર્યા હોય કે રખાત રાખી હોય અગર પત્ની બીજાની રખાત તરીકે રહેતી હોય.

(૬) પતિ અગર પત્ની દાવો કરવાની તારીખ પહેલાંથી સાત વર્ષ સુધી ગાંડપણ કે ચિંત્તભ્રમનો ભોગ બન્યા હોય.

છુટાછેડા ન માગવા હોય તો પત્ની અગર પતિથી કાયદેસર રીતે જુદા રહેવાનો હકક માગી શકે છે. એટલે કે લગ્ન કાયમ રહે છે ને તે છતાં બન્ને કાયદેસર રીતે જુદા રહી શકે. આ માટેનાં કારણો નીચે પ્રમાણે હોવાં જોઇએ.

૧. પત્ની અગર પતિ કોઢથી પીડાતાં હોય.

૨. પતિ દ્વિતીય લગ્નપ્રતિબંધક કાયદા પહેલાં બીજી પત્ની પરણ્યો હોય કે રખાત રાખતો હોય.

૩. પતિ પત્ની તરફ ક્રુરતા દાખવતો હોય તો પણ પત્ની જુદા રહેવાનો દાવો કરી શકે છે.

આ મુજબનો દાવો થોડા વખત પહેલાં મુંબઇમાં ચકચાર પામેલાં નંદિની ભગવાનદાસ કેસમાં થયો હતો.

ભરણપોષણ

છુટાછેડા કે કાયદેસર રીતે જુદા રહેવાનો દાવો ચાલતો હોય તે દરમ્યાન અને તે પછી પણ કોર્ટ પત્નીને ભરણપોષણ માટે પતિની આવક તથા કુટુંબનો સામાજિક દરજ્જો જોઇને યોગ્ય રકમ આપવાનો હુકમ કરી શકે છે. આ રકમ પતિની આવકમાંથી પાંચમા ભાગથી વિશેષ ન હોવી જોઇએ. આ હુકમ પતિને તો જ બંધનકારક ગણાય, જો પત્ની પવિત્ર અને અપરિણિત રહે. સંતાનોના કબજા તથા સાચવણી અંગે પણ સંયોગો પ્રમાણે કોર્ટ હુકમ કરી શકે છે.

આ કાયદા નીચે છુટાછેડાનો દાવો મુંબઇમાં હાઇકોર્ટમાં તથા જીલ્લામાં ડીસ્ટ્રીકટ કોર્ટમાં થઇ શકે છે. આ દાવો ગમે ત્યાં લગ્ન થયાં હોય તો પણ પ્રતિવાદી જે કોર્ટની હકુમતમાં રહેતો હોય તે કોર્ટમાં થઇ શકે છે. અને જો બન્ને પક્ષો ન રહેતા હોય તો પણ જ્યાં બંને જણા છેલ્લી વખત પતિ પત્ની તરીકે રહ્યાં હોય ત્યાં આ દાવો થઇ શકે છે. પતિ કે પત્ની પ્રાંત બહાર ચાલ્યાં ગયાં હોય અગર કયાં છે તે ખબર ન હોય તો જ્યાં વાદી રહે ત્યાં અગર તો જ્યાં બંને છેલ્લાં પતિ પત્ની તરીકે રહ્યાં હોય ત્યાં થઇ શકે છે. પણ તે માટે કોર્ટની મંજુરી મેળવવી પડે છે.

છુટાછેડાનો દાવો ૨૦ વર્ષના લગ્નજીવન પછી થઇ શકતો નથી. પરંતુ તેમાં બે અપવાદ છે—એક તો જો પતિ કે પત્ની એક બીજાને તજી ગયાં હોય કે પતિ રખાત રાખતો હોય કે પત્ની કોઇની રખાત હોય—તો ૨૦ વર્ષના લગ્નજીવન પછી પણ દાવો થઇ શકે છે.

આ કાયદા નીચે કરેલા દાવામાં જે ચુકાદો આવ્યો હોય તેના સામે ત્રણ મહિનામાં અપીલ થઇ શકે છે.

આ કાયદા નીચે છુટાછેડા મેળવેલાં પતિ—પત્ની ચુકાદા પછી અગર અપીલ થઇ હોય તો અપીલમાં ચુકાદા પછી છ મહીના વીત્યા બાદ ફરીથી લગ્ન કરી શકે છે.

આ કાયદા નીચેનો કેસ બંનેમાંથી એક પક્ષ કરે તો બંધ બારણે ચલાવવો જોઇએ. કોર્ટ પોતાની મેળે પણ તેને બંધ બારણે ચલાવવાનું ઠરાવી શકે છે.

આ કાયદો સ્પેશીયલ મેરેજ એકટ નીચે જેણે લગ્ન કર્યા હોય તેને લાગુ પડતો નથી. એ કાયદો જેને સામાન્ય રીતે રજીસ્ટરથી લગ્ન કર્યા તેમ કહે છે તે છે. તેની નીચે છુટાછેડાની જુદી જોગવાઇ છે.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાનઃ સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજી. નં. બી. ૪૨૬૬

પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ : ૧૨
અંક : ૭

મુંબઈ : ૧ ઓગષ્ટ ૧૯૫૦ મંગળવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

વનસ્પતિ ઘી

[આજે જેને ' વનસ્પતિ ઘી ' તરીકે ઓળખવામાં આવે છે તેનું ઉત્પન્ન આખા દેશમાંથી એકાએક બંધ કરાવવાના હેતુથી તૈયાર કરવામાં આવેલ પંડિત ઠાકુરદાસ ભાર્ગવનું બીલ અથવા તો કાયદાનો ખરડો મધ્યસ્થ ધારાસભાની આગામી બેઠકમાં રજુ થનાર છે. આ બીલના પક્ષમાં આજે દેશભરમાં એક પ્રચંડ આંદોલન ચાલી રહેલ છે. એ બીલનું સમર્થન કરતો તેમ જ એ બીલને પ્રતિકુળ એવું દૃષ્ટિબિંદુ રજુ કરતો–એવો બે લેખો વાંચકોની વિચારણા માટે નીચે ક્રમશઃ પ્રગટ કરવામાં આવે છે. તંત્રી]

બ્રિટિશ શાસનના સમય દરમ્યાન આ દેશને મળેલાં અનિષ્ટોમાંનું વેજીટેબલ–ઘી પણ એક અનિષ્ટ છે. જ્યારે ભારતમાં વેજીટેબલ–ઘીનું એકે કારખાનું નહોતું ત્યારે વૈદ્યકલ્પતરૂમાં એક લેખ આવેલો જેનો ઉતારો નીચેના ફકરામાં અહીં પ્રથમ જોઇએ.

" અમેરિકા, યુરોપ અને એવા બીજા દેશોમાં વેજીટેબલ ઘી શહેરની પ્રજાની આરોગ્યતાને હાનિ પહોંચાડનાર વસ્તુ તરીકે ગણવામાં આવે છે. અને આવું ઘી બજારમાં વેચાતું નજરે પડે તો તે શહેરની સુધરાઇ તે વેચનાર ધણી ઉપર કાયદેસર પગલાં લઇને તેનો અટકાવ કરાવે છે... ...જ્યારે આપણે ત્યાં હમણાં હમણાંમાં તો વેજીટેબલ-ઘીનો સારો પ્રચાર થવા માંડયો છે. તેની જાહેર ખબરો તથા સિનેમામાં પણ ફિલ્મો મૂકવામાં આવે છે...આપણા દેશના વેપારીઓને તો અરજ કે વિનંતી કરવી જોઇએ કે તમે તમારા સાધારણ–ધંધાના–સ્વાર્થની ખાતર આખા દેશની આરોગ્યતાનો નાશ કરો છો. (તેમ ન કરવું જોઇએ.) ...આ વેજીટેબલ–ઘી બીજા ઘી સાથે સહેલાઇથી ભળી જવાને કારણે અત્યારે લગભગ બધાં ગામડાંમાં પણ ઘીવાળાઓ બન્ને જાતના ઘીને મિશ્ર કરીને જ વેચવા આવે છે અને શહેરનાં ભાણસોને લૂંટે છે. "

વનસ્પતિ–ઘીને નામે આ મગફળીનું ઠારેલું તેલ દાખલ થયાનો અને કુદકે ને ભૂસકે વધવાનો આ પ્રારંભકાળ. પછી તો આ દેશમાં જ કારખાનાં થવા લાગ્યાં અને આઝાદી મળ્યા પછી ઉદ્યોગને નામે એને ભરપૂર વેગ મળ્યો. આજે છે વનસ્પતિ–ઘીનો મધ્યાહ્નકાળ.

આપણે લોકો છેલ્લા ઘણા કાળથી દરેક બાબતમાં ઉપરના ભભકાથી અંજાતા આવ્યા છીએ. વનસ્પતિ–ઘીમાં અંજાવાનું (૧) એક એ કારણ છે કે; તે દેખાવે ધોળું છે. (૨) વળી તેમાં સારી કે ખરાબ કોઇ ગંધ નથી. (૩) એની કિંમત સાચા ઘી કરતાં ઘણી ઓછી છે. (૪) એનાથી હાથમાં ચીકાશ લાગતી નથી. ઊંડાણથી જોઇએ તો અંજાવામાં ગણાવેલાં ચારે કારણો વાસ્તવિકતાથી ઊલટાં છે. દા૦ ત૦ યંત્રથી પાણીનો બરફ બને છે ત્યારે એ ખૂબ ઉજળો લાગે છે; પરંતુ તરસ છિપાવવા માટે આપણે પાણીનો ઉપયોગ જ પસંદ કરીએ છીએ; કારણ તેમાં સ્વાભાવિકતા છે. તેમ તેલમાં જે પ્રવાહીપણું છે, તે સારૂ જ આપણે તલ અથવા મગફળીને પીલી હતી અને ખોળને બળગો કર્યો હતો. હવે ફરી જમાવીએ તેના કરતાં મગફળી કે તલ જ પલાળીને ખાઇએ તો શું ખોટું ? આર્યાવર્તના લોકોએ ખોરાકના વિકાસમાં વાસ્તવિક તત્ત્વોનો એમાંથી નાશ ન થાય–અને પાચનક્રિયામાં અનુકૂળ થાય, એ ખાસ લક્ષ્યમાં રાખ્યું છે. અને એ કારણે જ ઝડપી ગતિવાળાં યંત્રોમાંથી નહિ, પરંતુ બને તેટલાં ધીમી ગતિવાળાં સરળ તેમજ માનવીય સ્વતંત્રતા જળવાય તેવાં સાદાં સાધનોનું સામાજિક મહત્ત્વ આંકયું છે. ઘંટી, હળ, વલોણું, ઘાણી, રેંટિયો, હાથશાળ, ચૂલો, ખાંડણિયો, ચાકડો, વગેરે એને દર્શાવતા નમૂનાઓ છે. (૨) સાચા ઘીને આપણે એની સોરમ હોય, તો જ લેવું પસંદ કરીએ છીએ અને એટલા સારૂ તો નિષ્ણાત લોકો ઘી ખરીદતાં પહેલાં એને ચાખવા કરતાંય પ્રથમ એની ગંધ તપાસે છે. સુગંધવાળો પદાર્થ વાસી થાય તો તેની સુગંધની દુર્ગંધ બને, તેમાં નવાઇ નથી અને આથી જ આપણે ત્યાં તાજેતાજાં તેલ–ઘી વાપરવા માટે ઘાણીઓ અને ગાયો નજીક રાખવામાં આવતી. (૩) આ ઠારેલા તેલની કિંમત પ્રવાહી તેલ કરતાં તો ઊલટી વધુ છે, એટલે ઓછી કિંમતની દલીલ વાહિયાત ઠરે છે. સાચા ઘીની કિંમત સાથે આ ઠારેલા તેલની માત્ર દેખાવને જ કારણે સરખામણી કરીએ તો તો સમાન રંગ અને આકારને કારણે ગધેડીની સાથે ગાયની સરખામણી કે પીતળ સાથે સોનાની સરખામણી શા માટે ન કરવી ? (૪) ચરબીનપર્યંક પદાર્થ ઓછો હોય એટલે સ્નિગ્ધતા ઓછી હોય તેમાં નવાઇ જ શી છે ?

આરોગ્ય અંગે તેલ કરતાં વધુ સ્વાસ્થ્યદાયક હોવાનો દાવો જાહેર ખબરોમાં–કારખાનાંવાળાઓ–ખૂબખૂબ કરે છે. છેલ્લે છેલ્લે ડો. ગિલ્ડરના અભિપ્રાયનો જોરશોરથી પ્રચાર થયો છે. પણ કોઇ એમ સીધેસીધું કેમ નથી કહેતું કે મૂળ મગફળી કરતાં આ ઠારેલા તેલમાં કયું પોષક તત્ત્વ વધ્યું અને શી રીતે વધ્યું ? આપણે ઉપર જોઇ ગયા છીએ કે બીજા દેશોમાં આ વનસ્પતિ–ઘીને એવા ને એવા વનસ્પતિ–ઘી રૂપે પણ વેચવાની મનાઇ કરવામાં આવે છે, જ્યારે આપણા ખેતી પ્રધાન અને ગોપૂજક દેશમાં ગાયોનો કટ્ટો દુશ્મન અને તેથી ખેતી પર આડકતરો ફટકો મારનાર એમ અનેક રીતે હાનિકર પદાર્થને શા માટે પ્રોત્સાહન મળવું જોઇએ ? શહેરના લોકો દલીલ કરશે કે ચોખ્ખા ઘીમાં મિશ્ર થયેલું ઘી વધુ ભાવે ખાવું, તેના કરતાં આ ઠારેલું ઘી ખાવું શું ખોટું ? ગામડાના લોકો ભેગ કરીને આવતા પૈસાથી લોભાઇને કદાચ કહેશે કે હવે ચાલવા જ દો ને ! અમે તો ચોખ્ખું ઘી ઘરમાં ખાવા પામીશું જ, કારણ કે ઘેર ગાયો/ ભેંસો પાળીએ છીએ અને શહેરીઓને મિશ્ર આપીશું. આમ જોતાં તો સરકાર પણ કરેશે કે લોકોની

બહુમતી માગે છે તો અમે પ્રતિબંધક બિલ કઈ રીતે પસાર કરીએ ? બહારથી વનસ્પતિ–ઘી આવે તેના કરતાં અહીં કારખાનાં થાય તેમાં શી હાનિ ?

બસ, આ જાતની અવળી દલીલોના ચક્કરમાં પડયા તો આપણી પ્રજાના અને આપણા બાર જ વાગવાના; પણ આપણે એક જ નિશ્ચય પર આવીએ કે જો ઠારેલા ઘીમાં મૂળ વનસ્પતિ કરતાં કોઇ પોષક તત્ત્વ ઉમેરાતું નથી, તો તુરત જ એને સદંતર તિલાંજલિ આપવાનો અડગ નિર્ધાર કરીએ; એવો નિર્ધાર હોય તો બહુ થોડા સમયમાં એની નાબૂદી થાય. ગામડાંવાળાઓ સમજી લે કે પોતાનો દગો ફરીફરીને પોતાને માથે જ વાગવાનો છે. પોતે જે દગો ઘીમાં રમે છે એના કરતાં અનેકગણો દગો બીજી પોતાને ખરીદવાની વસ્તુઓમાંથી ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે એને ભરપાઇ કરવો પડે છે જ ને ? અને હવે તો દગો રમવાનું એ રથળેય હાથથી ગયું છે. કારણ કે, ગામડાંનો ઉજળિયાત વર્ગ પણ હવે નથું" આ ઠારેલું તેલ ઘીની અવેજીમાં વાપરતો થઇ ચૂક્યો છે.

શહેરીઓ પણ ચેતે ! હાથઘાણીના તેલ કરતાં ઠારેલા આ તેલમાં બનાવટને કારણે કોઇ જ વિશેષતા નથી. કદાચ એમાંની પાચકતા ઓછી થવાને કારણે એમનાં કેટલાંક દ્રવ્યો ઝાડામાં નીકળી જતાં હોય તોય ના નહિ. યંત્રઘાણીના તેલ કરતાં ખોરાકમાં અને બીજી બાબતોમાં ભલે આ ઠરેલું તેલ હરીફાઇ કરે ! એક બીજી વાત પણ શ્રી કુમારપ્પાના જૂના એક લેખમાંથી જોવામાં આવી છે. તેઓ કહે છે કે વિદેશોમાં સરકારની આજ્ઞા મળે તેવા કોઇ વનસ્પતિ–ઘીમાં વિટામિન નાખવું અનિવાર્ય" છે. આપણે ત્યાં વિટામિન ઉમેરવાનો કોઇ નિયમ નથી. વિટામિન ઉમેરાતું હોય તો વૈજ્ઞાનિકો દ્વારા જનતાની સમક્ષ તેનો ફોડ આવતો નથી કે એ વિટામિન કયા પદાર્થમાંથી કાઢીને તેલમાં ઉમેરવામાં આવે છે. જો જનતાને ખબર પડી જાય કે એ વિટામિન માછલીનું તેલ નાંખીને વનસ્પતિ–ઘીમાં દાખલ કરવામાં આવે છે, તો લોકોનો મોટો ભાગ એવા ઘીને હાથ પણ લગાડે નહિ, પછી ખાવાની તો વાત જ દૂર રહી !"

અંતે આ બધું જોયા જાણ્યા પછી શહેરો અને ગામડાં બન્ને પોતપોતાનો સાચો નિશ્ચય જાહેર કરે. દિવસો પર દિવસો વીતતા જાય છે અને વનસ્પતિ–ઘીના ઉત્પાદન અને આયાત ઉપર પ્રતિબંધ મૂકવા દાખલ કરાયેલા બિલ ખરડાને મત આપવાની મુદત ભરાતી જાય છે. આપણા આ વિશાળ પથરાયેલા દેશની જંગી બહુમતી ગામડાઓમાં છે. ગામડાની પ્રજા આ ઠારેલા તેલને આજે કોઇ સંયોગોમાં આવકારતી નથી, ઊલટી ધિક્કાર છે; પરંતુ એ બધાના ખરા મતો નોંધનારા સાચા સેવકો ગામડે ગામડે ઘૂમે અને આ અવાજ પહોંચાડે તો જ એ બને. આજે જ એક ભાઇ લખે છે કે ગામડે ગામડે રખડીને મેં લગભગ એક લાખ સહીઓ મેળવીને મોકલી દીધી છે. હું એને ધન્યવાદ પાઠવું છું. આ ભાઇની જેમ આખા ભારતમાં એક હજાર માણસો નહિ મળે ? મને આશા છે કે મળશે જ. **સંતબાલ**

* * *

વનસ્પતિ ઘીની બનાવટ અને વેચાણ અટકાવવા ધારાસભામાં બિલ આવવાનું છે. એટલે આપણે તે વિષે કાંઇક વિચાર કરવો પડશે. લાગણીવડાથી દોરવાઇને કે, સસ્તી લોકપ્રિયતા મેળવવાના લોભથી એકદમ આ આપણા જીવનની જરૂરિયાત થઇ ગયેલી ચીજનો તિરસ્કાર કરવાથી કશો અર્થ સરતો નથી.

શુધ્ધ ઘીનું સ્થાન વનસ્પતિ ઘી કદિ પણ લઇ શકે નહિ એમાં કોઇ જાતનો શક નથી. પણ સાડાત્રણ રૂપિયે રતલનું શુધ્ધ ઘી ખાવાની અત્યારે કોની શક્તિ છે ? એટલે જો વનસ્પતિ બંધ કરવામાં આવે તો માત્ર તેલ જ ખાવાનું રહે અને તેલમાં આપણા ખોરાકની બધી ચીજો બનાવવાનું શક્ય છે ? વારતહેવારે વરસમાં બે ત્રણ વાર તો મીઠાઇ બનાવવાનું મન થાય જ અને તે વનસ્પતિ ઘીમાં બનાવ્યા વગર વસ્તીના મોટા ભાગનો તો છુટકો જ નથી. સ્ત્રીઓને તો મિષ્ટાન્ન કરતાં ફરસાણ વધારે ભાવે છે તો તેલમાં તૈયાર કરેલાં ફરસાણ ખાય, મિષ્ટાન્ન બનાવવાની શી જરૂર છે ? એવી પણ દલીલ કરવામાં આવે છે. પણ સ્ત્રીઓ કાંઇ સ્વાર્થબુદ્ધિથી પોતાને માટે જ રસોઇ કરતી નથી–આખા કુટુંબ માટે કરે છે. ખાસ કરીને બાળકો માટે તો માતાઓ તેમની ભાવતી ચીજો બનાવવાની કાળજી રાખેછે જ. અને બાળકોને મીઠાઇ ખાવાનું મન થયા વગર રહે જ નહિ. સાડાત્રણ રૂપીયે રતલના શુદ્ધ ઘીની મીઠાઇ કયાંથી બનાવવી ?

બાળકોના નાસ્તા માટે બે ચાર દિવસ રાખી મૂકવાની પૂરી, શકરપારા વિગેરે જો તેલમાં બનાવી હોય તો તે લગભગ જેટલી કડવી થઇ જાય છે. વનસ્પતિ ઘીમાં આ લાક્ષતી નથી.

ખોરાક માત્ર પુષ્ટિની જ દૃષ્ટિએ ખાવાનું મહાત્માજી જેવી વિરલ વ્યકિત સિવાય બાગ્યે જ કોઇને માટે શક્ય છે. પુષ્ટિ અને સ્વાદ બન્ને જોવાનાં હોય છે. મગફળી, સિંગતું તેલ કદાચ વનસ્પતિ ઘી જેટલું કે એથી વધારે ગુણકારી હોય છતાં રોટલી પર એ તેલ ચોપડીને ખાનારા કેટલાં નીકળે ? ત્યારે વનસ્પતિ ઘી લગાડીને કોઇ પણ ખાઇ શકે.

વનસ્પતિ ઘી સામે મોટામાં મોટી દલીલ એ છે કે એને શુધ્ધ ઘીમાં ભેળસેળ કરવાનું બહુ સહેલું પડે છે. આપણા પડોશી સિલોન દેશમાં પ્રજા સામાન્ય રીતે કોપરેલ વાપરે છે. આને લઇ શુદ્ધ ઘીમાં કોપરેલનો ભેગ વેપારીઓ કરે છે. આ ભેગ અટકાવવાનો ઉપાય શું સામાન્ય પ્રજાના ખોરાકનું એકનું એક ચરબી તત્વ–કોપરેલ–તેનો ઉપયોગ બંધ કરવો તે છે ?

સીલોન સુધી જવાની જરૂર નથી. આપણા ખોરાકની અત્યંત અગત્યની ચીજ–દૂધ–તેમાં અનાદિ કાળથી આખી દુનિયામાં પાણીનો ભેગ થતો આવ્યો છે. નિર્ભેળ દૂધ મેળવવા માટે શું પાણીનો વપરાશ બંધ કરીશું ? ઘી તો થોડા પૈસાદારોનો ખોરાક છે. દૂધની જરૂર તો વૃદ્ધ, માંદા, બાળક એ સોને બહુ જ વધારે છે. વનસ્પતિ ઘીની પાછળ થતા ધૂમબરાડા દૂધને શુધ્ધ કરવા પાછળ થતા હોય તો બહુ વધારે જરૂરી કામ થાય.

આપણી ધારાસભામાં આપણા પ્રધાન ડો. ગિલ્ડરે સ્પષ્ટ જણાવ્યું હતું કે વનસ્પતિ ઘી તુકસાનકારક નથી. તો ગૃહિણીઓને આશીર્વાદ રૂપ થઇ પડેલી આ ચીજ પુરૂષોના દૃષ્ટિબિંદુથી તપાસી બંધ કરવાની જરૂર છે ?

વનસ્પતિ ઘી નહોતું ત્યારે ઘીમાં ચરબીનો ભેગ કરવામાં આવતો. વનસ્પતિ બંધ થતાં પાછો એ પ્રયોગ શરૂ થશે, એમાં શક નથી. ચરબી વનસ્પતિ કરતાં વધારે આવકારદાયક છે ?

શુધ્ધ ઘીનું ઉત્પાદન મોટા પાયા પર થાય અને પ્રજાનો મોટો ભાગ એ ખરીદી ખાઇ શકે ત્યાં સુધી વનસ્પતિ ઘીનો વપરાશ ચાલુ રહે તો સ્ત્રીઓ જરૂર આશીર્વાદ દેશે. વનસ્પતિ ઘી બંધ થતાં શુધ્ધ ઘીની કિંમત ત્રણ ચાર ગણી થઇ જશે અને આજે શુધ્ધ ઘી વાપરી શકનારા મોટા ભાગને તો એ બંધ જ કરવું પડશે. *

સરોજિની મહેતા

* (ભગિની સમાજ પત્રિકામાંથી સાભાર ઉધ્ધૃત.)

કેટલાક સમાચાર અને નોંધ

પશુદયાનો થઇ રહેલો આત્યન્તિક લોપ

બ્રીટીશ યુનીયન ફોર ધી એબોલીશન ઓફ વીવીસેક્શન (મુંગા જીવો પર થતા પ્રયોગો અટકાવવા માટેનો સંઘ) નામની ઇંગ્લાંડની સુપ્રસિધ્ધ સંસ્થાના મંત્રી શ્રીયુત વીલફ્રેડ ટીલ્ડેસ્વી હરિજનના તંત્રી શ્રી કિશોરલાલભાઇ ઉપરના પત્રમાં જણાવે છે કેઃ– "ભારતના છાપાઓમાં એવા સમાચાર આવ્યા છે કે બાળલકવાના રોગ અંગે પ્રયોગો કરવાના હેતુથી દર માસે ૧૦૦૦ વાંદરા અમેરિકા મોકલવાની ગોઠવણ કરવા માટે એક અમેરિકન તમારા દેશની મુલાકાતે આવ્યો છે. બ્રિટિશ અખબારોમાં પણ સમાચાર આવ્યા છે કે અમેરિકાની સંશોધન પ્રયોગશાળાઓ આવતા ત્રણ વર્ષની અંદર ૩,૦૦,૦૦૦ વાંદરાઓની આયાત કરવા ધારે છે. એ નક્કી છે કે ભારતમાંથી મોટી સંખ્યા આવશે અને બાકીના બીજા દેશોમાંથી. કેટલાક વાંદરાઓને હમણા વિમાન દ્વારા બ્રિટન પણ લાવવામાં આવે છે. થોડાક દિવસ પહેલાં એવી ખબર મળી હતી કે ત્રીશ વાંદરાઓ વચમાં મરડાથી મરી ગયા. આ ત્રીશ ભાગ્યશાળી હતા, કારણ કે બાકીનાને અમેરિકાની પ્રયોગશાળામાં તે કરતાં વધારે યાતના ભોગવવી પડવાની છે. હિંદમાં વાહનવહેવારમાં આ બિચારાં પ્રાણીઓને ભારે વેઠવું પડે છે, ખાસ કરીને ઉનાળામાં અને તેમાં કેટલાક મરી જાય છે.

"હિંદ, બ્રિટન અને અમેરિકાના ભૂતદયાવાદીઓના અનેક વિરોધ છતાં આ ભંયકર વેપાર વરસો થયાં ચાલી રહ્યો છે. એક વરસ અગાઉ મેં પંડિત જવાહરલાલ નહેરૂને વિરોધનો એક પત્ર લખ્યો હતો, પણ એનો મને જવાબ મળ્યો નથી. એમ લાગે છે કે મહાત્મા ગાંધીજીની ભાવનાઓ એમના વારસામાં ઉતરી નથી.

"બીજાં પ્રાણીઓને છોડી દઇ, કેવળ વાંદરાનો જ વિચાર કરીએ તો તેમના પર વરસો થયાં અખતરા કર્યા છતાં બાળલકવાને રોકનાર કે મટાડનાર કોઇ ઉપાય જડ્યો નથી. તેમ જડે એવું દેખાતું પણ નથી. કૃત્રિમ રીતે ચેપ લગાડેલા વાંદરાઓ માટે ઉપાય શોધાય તો પણ માણસોના રોગને સુધારવામાં એ ઉપયોગી થશે એવો ઝાઝો સંભવ નથી; આ રોગ સામે સફળ થયેલો સિરટર કેનીનો એક જ ઉપાય જાણીતો છે અને એને પ્રાણી ઉપર અખતરા કરવા સાથે કશો સંબંધ નથી.

"હું આશા રાખું છું કે વાંદરાઓના ક્રૂર વેપાર સામે ભારત પોતાનો વિરોધનો અવાજ ઉઠાવશે. પ્રાણી ઉપરના પ્રયોગના આધાર પર રસી મુકાવવાની જે પધ્ધતિ છે તેનાં નુકસાન અને નિરર્થકતા વિષે તમારા વાચકોને માહિતી જોઇતી હશે તો હું એ ઘણી ખુશીથી પૂરી પાડીશ."

વાંદરાઓની આપણા દેશમાંથી બહુ મોટા પ્રમાણમાં નીકાસ થાય છે એ હકીકત ઘણા લાંબા વખતથી જાણીતી છે. તે સંબંધમાં હિંદના મહામાત્ય પંડિત જવાહરલાલ નહેરૂએ થોડા સમય પહેલા સંતોષ પણ વ્યકત કર્યો હતો કે વાંદરાઓની આવડી મોટી નિકાસ પ્રજાજનોના કશા પણ વિરોધ વિના થઇ શકે છે. આ હકીકતથી જેના દિલમાં પશુપ્રાણી માટે દયાભાવ છે એવા કેટલાયે લોકો ખુબ દુભાય છે પણ આજના વાતાવરણમાં તેવા લોકોની કેવળ હાંસી જ કરવામાં આવશે એ ભયથી તેઓ પોતાનો અવાજ ઉઠાવવાની હીંમત ધરતા નથી. હમણાં હમણાં સામાન્ય પ્રજાજનોમાં તેમ જ કેળવાયલા તરીકે લેખાતા વર્ગમાં પશુપ્રાણીઓ સંબંધમાં માત્ર ઉદાસીનતા જ નહિ પણ એક પ્રકારની નિષ્ઠુરતા ઘણા મોટા પ્રમાણમાં પ્રવર્તતી જોવામાં આવે છે અને મિત્તિ મે સવ્વ ભૂએસુ અથવા તો સર્વભૂતહિતે રતઃ। એ સર્વવ્યાપી પ્રેમ, દયા અને કરૂણાના પાયા ઉપર જે ધર્મનો પાયો રચાયો છે તે જ ધર્મના અનુયાયીઓ એવી રીતે માનવાને ટેવાતા લાગે છે કે જે કોઇ પશુ કે પ્રાણી માણસજાતના સુખ, સગવડ, સંગ્રહ કે સ્વાસ્થ્યની જરા પણ આડે આવે તેને આ પૃથ્વી ઉપર જીવવાનો જરા પણ અધિકાર નથી અને પશુસૃષ્ટિ કેવળ માણસ જાતના ઉપયોગ અને ઉપભોગ માટે જ સરજાયેલી છે. મુંબઇ સરકારે ચોક્કસ કરેલી શિકારી પાર્ટીઓનો દાખલો વિચારીએ. આ શિકારી પાર્ટીઓ ખેડુતોના ખેતરોમાં પાર વિનાની કતલ કર્યે જ જાય છે. તેમાં નથી જળવાતો કશો વિવેક, પ્રમાણ કે મર્યાદા. આમ છતાં પણ એ તો જાણે કે એમ જ થવું જોઇએ એ રીતે આ બાબતમાં આપણા પ્રધાનો કશું સાંભળવાને બીલકુલ તૈયાર નથી એવો અનુભવ થઇ રહ્યો છે.

આ આજની પરિસ્થિતિ અત્યન્ત દુઃખદ અને દિલ કંપાવનારી છે. અલબત્ત માનવસમાજ અન્ય પશુસમાજના ભોગે પણ પોતાનો જીવવાનો અધિકાર અખત્યાર કરતો જ રહેવાનો, એમ છતાં પણ સાથે સાથે અન્ય પશુ પ્રાણીઓને આ જગતમાં જીવવાનો અને સુખે વિચરવાનો માનવીઓ જેટલો જ અધિકાર છે એ આપણે ન્યાય અને સત્યની ખાતર સ્વીકારવું જ જોઇએ અને તેથી જયાં જર્યા અસાધારણ સંયોગોમાં પશુહિંસા અનિવાર્યપણે આવશ્યક બને ત્યાં પણ ઓછામાં ઓછી હિંસાથી ઇષ્ટ હેતુ કેમ સરે એ રીતે હિંસાનો ઉપયોગ થવો જોઇએ. આ દિશાએ અલ્પમતીમાં હોવા છતાં પણ અહિંસાપરાયણ સમાજે તેમ જ વ્યકિતઓએ પોતાનો વિરોધ જાહેર રીતે અને સ્પષ્ટ રીતે પ્રગટ કરવો જ જોઇએ. આપણે કદિ ન ભૂલીએ કે માનવતાની ભાવનાના વિકાસનો આધાર પશુદયા ઉપર જ રહેલો છે અને આજે આપણે ત્યાં માનવતાની ભાવનાનો જે હ્રાસ થઇ રહેલો જોઇએ છીએ તેનું કારણ પણ હિંસક વૃત્તિની ઉત્તરોત્તર વધતી અને વિસ્તરતી જતી આવૃત્તિઓ જ છે. આ દૃષ્ટિએ વિચારતાં વાંદરાઓની નીકાસ તેમ જ શિકારી પાર્ટીઓની અનગળ હિંસાદ્વારા વ્યકત થતી સરકારની તેમ જ સામાન્ય પ્રજાજનોની નિશ્ચેષ્ટતા તથા હૃદયશૂન્યતાની ઉપેક્ષા કરવાને બદલે તેનો સર્વ પ્રકારે વિરોધ કરવાની અત્યંત આવશ્યકતા ઉભી થઇ છે.

આવી આજની પરિસ્થિતિનું નિદાન કરતાં શ્રી કિશોરલાલભાઇ જણાવે છે કે "આધુનિક યંત્રોદ્યોગવાદ અને વિજ્ઞાને જેમ દરેક દેશના લોકો ઉપર અસર કરી છે તેમ આ દેશ ઉપર પણ કરી છે અને ગાંધીજીના કેટલાક વિચારોના અસ્વીકારના મૂળમાં આ કારણ રહ્યું છે. આ ક્ષેત્રમાં પશ્ચિમની પ્રજાએ આ દેશને દોરવણી આપી છે. અને તેમની હિંદીઓના દિલ ઉપર મજબૂત અસર છે." અંગ્રેજોની લાંબા ગાળાની હકુમતનું આ પરિણામ હોય એ સ્વાભાવિક છે. પણ હવે એ વિચારોની ગુલામી અને આંધળા અનુકરણમાંથી દેશે છૂટવું જ જોઇએ અને અહિંસાના આદર્શ અને ભાવનાને મધ્યસ્થાને સ્થાપીને આપણા આચારવિચાર, વર્તન અને વ્યવસાયનું પુનઃ સંશોધન કરવું જોઇએ અને વ્યવહાર ચલાવવામાં તેમ જ વિજ્ઞાન વિકસાવવામાં હિંસા અનિવાર્ય હોવા છતાં આપણી વૃત્તિ સતત હિંસાભીરૂ રહેવી જોઇએ અને જીવનવ્યવહારમાં હિંસાને વધાર્યે જવાને બદલે બને તેટલી સંકોચતા રહેવાનો આપણો સતત પ્રયત્ન હોવો જોઇએ.

એમ છતાં આજે આપણે જે હિંસા–હિંસાની સતત મૂર્છામાંથી પસાર થઇ રહ્યા છીએ તે વચગાળાની સ્થિતિનો નિર્દેશ કરતાં શ્રી કિશોરલાલ યથાર્થ રીતે જણાવે છે કે "વચગાળાના વખતની સ્થિતિ કરૂણ છે. એમાં અસંખ્ય નિર્દોષ જીવોની હિંસા થાય છે. એથી દુઃખ થાય છે, જે કે નવાઇ નથી લાગતી. માણસ પૃથ્વી ઉપરનું સૌથી વધારે ક્રૂર અને જડ પ્રાણી છે. અત્યન્ત ઘોર પાપ અને હિંસક કૃત્યો કર્યા પછી એ કાંઇક ભલમનસાઇ શિખ્યો છે. ઇંગ્લાંડના રાજા પહેલા જેમ્સ વિષે એમ કહેવાતું કે તે ઇંગ્લાંડનો

'સૌથી વિદ્વાન મુખ' હતો. સૌ બુધ્ધિવાળા અને ભણેલા ગણેલા માણસોને કદાચ એ લાગુ કરી શકાય."

મધ્યમવર્ગ શ્રમજીવીના પંથે

ભાવનગર ખાતે થોડા સમયથી શ્રી જૈન મધ્યમ વર્ગ શુભેચ્છક મંડળ નામની એક સંસ્થા ઉભી કરવામાં આવી છે. ભાવનગરના કેટલાક પ્રતિષ્ઠિત જૈન આગેવાનો આ સંસ્થાના અગ્રસ્થાને છે અને તેના સંચાલનમાં સારો રસ લઇ રહ્યા છે. આ સંસ્થાનો આશય જૈન સમાજના-ખાસ કરીને શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગના-ભાઇ બહેનોને આજના કપરા કાળમાં બને તેટલી રાહત પહોંચાડવાનો અને હુન્નર ઉદ્યોગદ્વારા થોડું ઘણું દ્રવ્યોપાર્જન કરાવવાનો છે. આ મંડળદ્વારા ચાલતી પ્રવૃત્તિઓનો ખ્યાલ આપતી એક પત્રિકા તાજેતરમાં બહાર પાડવામાં આવી છે. તેમાં જણાવવામાં આવ્યું છે કે :—

"તા. ૨૭-૪-૫૦ થી મંડળની ઓફીસનું મકાન હાલ તુરત કસ્તુરસાગરજીના ઉપાશ્રયમાં રાખેલ છે. જ્યાં આગળ સમાજના ભાઇ બ્હેનોને પોતાની જરૂરીયાત નોંધાવવાની સગવડતા રાખેલ છે.

"વિદ્યાર્થી ભાઇઓને ખૂબ જ ઉપયોગી થાય તે માટે મંડળે વેકેશનમાં તા. ૧-૫-૫૦ થી એક કલાસ દેશી નામું શીખવવાનો તથા એક કલાસ અંગ્રેજી નામું (બુકકીપીંગ) કોરસપોન્ડન્સ શીખવવાનો સેવાભાવી માસ્તર સૌભાગ્યચંદભાઇ મહુવાવાળાના સહકારથી શરૂ કરેલ છે, જે કલાસમાં દેશી નામું શીખવા ૭૫ તથા અંગ્રેજી નામું તથા પત્રવહેવાર શીખવાનો ૪૦ વિદ્યાર્થી ભાઇઓ લાભ લે છે. વેકેશન પછી નાઇટ કલાસીઝ શરૂ કરવા મંડળે નિર્ણય કરેલ છે. તે નાઇટ કલાસીઝમાં ઉપરનાં બંને કલાસ ઉપરાંત ટાઇપ, શોર્ટ હેન્ડ તથા સ્કુલમાં ચાલતાં વિષયોમાં અધરા વિષયો શીખવવાનો પ્રબંધ કરેલ છે. કેળવણીનું કામ નિયમિત ચાલુ રહે તે માટે શીક્ષણપ્રેમી ભાઇઓની મંડળે એક કમીટી નીમેલ છે.

"ગૃહ ઉદ્યોગ તરીકે હાલ-તુરત બ્હેનોને ઘેર બેઠા રોજી મળે તે ખાતર પાપડ બનાવવાનો પ્રયોગ શરૂ કરેલ છે જે કામથી ૧૦ થી ૧૨ બ્હેનો નિયમિત થોડી રોજી મેળવે છે. કાગળની થેલીઓ બનાવવા માટે ક્રાફ્ટ પેપર બહારગામથી મંગાવેલ છે જે આવ્યેથી તુરત તે કામ શરૂ કરી સમાજના થોડાક ભાઇ બ્હેનોને ઠુંઠી રોજી મળે તેવો પ્રબંધ કરવા ધારણા છે. નાના નાના ગૃહ ઉદ્યોગ કાયમ ચાલુ રહે તે માટે ગૃહ ઉદ્યોગમાં રસ ધરાવનાર ભાઇઓની કમીટી નીમેલ છે.

"હુન્નર ઉદ્યોગ તરીકે હાલ તુરત શ્રી વૃધ્ધિચંદ્રજી જૈન પાઠશાળાના મકાનમાં સવારના ભાઇઓ માટે જેન્ટ્સ (પુરૂષના) કપડાં વેતરવાનું અને શીવવાનું કામ શીખવવાનો કલાસ સેવાભાવી ભાઇ ચંદુલાલ ઇન્જનેરના સહકારથી શરૂ કરેલ છે, જેમાં ૩૦ ભાઇઓ લાભ લે છે, જયારે બપોરના તે જ સ્થળે બ્હેનો માટે એક કલાસ બાળકો તથા બહેનો માટેના કપડાં વેતરતા અને શીવવાનું કામ તદ્ઉપરાંત ભરત, ગુંથણ વીગેરે કામ બ્હેનોને જે શીખવું હશે તે કામ શીખવવાની વ્યવસ્થા મંડળે કરાંચીવાળા બ્હેન તથા બીજા બે બ્હેનોને રોકીને શરૂ કરેલ છે. હાલ તુરત ૪૦ બ્હેનો લાભ લે છે, વધુ બ્હેનો લાભ લે તે ખાતર પ્રચારકાર્ય શરૂ છે. આ કલાસમાં હવેથી રેંટીઆ, તથા દડા બનાવવાના સંચાઓ મુકવાનો મંડળે નિર્ણય કરેલ છે. તે કામ શીખનાર બ્હેનોને તે કામ પણ શીખવવામાં આવશે. હુન્નર ઉદ્યોગનું કામ સારી રીતે ચાલે તે માટે સેવાભાવી સદ્ગૃહસ્થો તથા બ્હેનોની મંડળે એક હુન્નર ઉદ્યોગ કમીટી નીમેલ છે.

"મોટા હુન્નર ઉદ્યોગ શીખી ભવીષ્યમાં આપણા ભાઇઓ સ્વાવલંબી બને તે ખાતર મંડળે ૧૧ ભાઇઓને મીલમાં તથા ૫ ભાઇઓને છાપખાનામાં કામ શીખવા મોકલેલ છે. આ બંને કામ માટે શીખવા જનાર ભાઇઓને ઉત્તેજન આપવાની વ્યવસ્થા કરેલ છે.

"નોકરી ઇચ્છતા દરેક ભાઇઓને હાલ તુરત તમામ ધંધા રોજગાર ઠંડા ચાલતા હોવાથી નોકરી અપાવી શકયા નથી છતાં ત્રણ ભાઇઓને નોકરી મેળવી અપાવવામાં ભલામણ કરી સાથ આપેલ છે, જ્યારે આ કામ માટે પણ મંડળે એક વેપારી ભાઇઓની વગદાર કમીટી નીમેલ છે.

"નાના નાના ધંધા કરનાર ૬ ભાઇઓને મંડળે ટુંકી લોન ધીરી ધંધે લગાડેલ છે. કેટલાક ભાઇ બ્હેનોની અરજીમાં હાલના કટોકટીભર્યા સંજોગને લઇને માત્ર મદદની જ માગણીની આવે છે પરંતુ માત્ર મદદ આપવા માટે હાલ તુરત અમારી પાસે કોઇ ભંડોળ નહી હોવાથી તે કામ શરૂ કરેલ નથી. જ્યારે અમારી પાસે મોટી રકમનું ફંડ એકત્રીત થશે ત્યારે તે કામ પણ શરૂ કરવા ઇચ્છા રાખેલ છે. મંડળે લોન તેમજ મદદ આપવાની તે કાર્યમાં રસ લેનાર ભાઇઓની એક કમીટી નીમેલ છે.

"વિદ્યાર્થી ભાઇઓ માટે સ્કોલરશીપ અને પુસ્તકો અંગે તે કામ કરનાર સંસ્થાઓ તથા આગેવાનોને ભલામણ કરી યોગ્ય પ્રબંધ કરી આપવામાં આવે છે."

મધ્યમ વર્ગને માટે કાર્ય કરવાની આ સાચી દિશા છે અને આવી શુભ શરૂઆત માટે આ મંડળને ધન્યવાદ ઘટે છે. આ દિશાએ આ મંડળ પોતાનો વિકાસ સાધ્યા કરે, પ્રવૃત્તિઓ વિસ્તારતું રહે, અને તેનું અનુકરણ કરીને અન્ય સ્થળોએ પણ આવાં મંડળો ઉભા થાય, અને સ્થળ સ્થળના શ્રીમાનો પોતાથી બનતી આર્થિક મદદ પુરી પાડવામાં જરા પણ પાછી પાની ન કરે એવી શુભેચ્છા વ્યકત કરતાં આનંદ થાય છે. સૌથી વધારે અગત્ય કોઇ પણ પ્રકારની હાયમજુરીનું કામ કરવામાં લાગતી શરમને સદ્ધાને માટે તિલાંજલિ આપવામાં રહેલી છે. આ દૃષ્ટિએ શીવણ બહુ જ આદરણીય ઉદ્યોગ છે. તેવા બીજા ઉદ્યોગો પણ આજના સમાજમાં વહેતા કરવાની ખાસ જરૂર છે. હીણપત કોઇ પણ પ્રકારનું કામ કરવામાં, ઉદ્યોગ આચરવામાં નથી રહેલી, પણ પેટ ખાતર હાથ લંબાવવામાં, અથવા તો અનીતિમય જીવન જીવવામાં રહેલી છે—આ આપણે બરોબર સમજીએ અને એ રીતે જીવન અને વ્યવસાયનાં જુનાં મૂલ્યોને નવો સંસ્કાર આપીને મધ્યમ વર્ગને શ્રમજીવીના માર્ગ તરફ જેમ બને તેમ જલ્દિથી વાળીએ. મધ્યમ વર્ગે ટકવું હોય તો એક કમાય અને દશ ખાય એવી આપણી જીવનપધ્ધતિનો ત્યાગ કરવાની અને બીજા મજુરી કરે અને આપણે માત્ર મગજ ચલાવી ધન રળી લઇએ એવી મનોદશાથી મુકત થવાની સૌથી વધારે આવશ્યકતા છે.

પરમ અર્હત

ગુર્જર સમ્રાટ કુમારપાલને મૌર્ય સમ્રાટ અશોક સાથે સરખાવતાં મુનિ જિનવિજયજી એક સ્થળે જણાવે છે કે :—

"કુમારપાળનું રાજજીવન કેટલીક વાતોમાં મૌર્યસમ્રાટ અશોકની સાથે મળતું છે. રાજગાદી પર આરૂઢ થઇને જે પ્રમાણે સમ્રાટ અશોકને અનિચ્છાએ પ્રતિપક્ષી રાજાઓની સાથે લડવું પડયું હતું, તે પ્રમાણે કુમારપાળને પણ અનિચ્છાએ પ્રતિપક્ષી રાજાઓની સાથે લડયા વિના ચાલ્યું નહોતું. રાજસિંહાસનારોહણ પછી ત્રણ વર્ષ સુધી અશોકનું શાસન અસ્તવ્યસ્ત રહ્યું હતું. એ જ સ્થિતિ કુમારપાળની પણ હતી. જે પ્રમાણે અશોક ૭-૮ વર્ષ સુધી શત્રુઓને જીતવામાં વ્યગ્ર રહ્યો હતો, તે પ્રમાણે કુમારપાળને પણ એટલા જ સમય સુધી શત્રુઓની સાથે યુદ્ધ કરવામાં

મંડયા રહેવું પડયું હતું. એ રીતે આઠ–દસ વર્ષના યુધ્ધઉપરાન્ત જીવનના શેષભાગમાં જે પ્રમાણે અશોક પ્રજાની નૈતિક અને સામાજિક ઉન્નતિને માટે કેટલીક રાજાજ્ઞાઓ કાઢી હતી અને રાજ્યમાં શાન્તિ તથા સુવ્યવસ્થા જાળવવાનો પ્રયત્ન કર્યો હતો, તે પ્રમાણે કુમારપાળે પણ કર્યું હતું. જેવી રીતે અશોક પહેલાં શૈવ હતો અને પછી બૌદ્ધ થઈ ગયો હતો, તેવી રીતે કુમારપાળ પણ પહેલાં શૈવ હતો અને પછી જૈન થઈ ગયો હતો. અશોકની પેઠે કુમારપાળે પણ જૈન ધર્મના પ્રચારને માટે પોતાની બધી શક્તિઓને કામે લગાડી હતી. જેમ અશોકે બૌદ્ધ–ધર્મ પ્રતિપાદિત શિક્ષાઓ તથા ઉચ્ચ ધાર્મિક નિયમોને સ્વીકારી 'પરમ સુગતોપાસક' ની પદવી ધારણ કરી હતી, તેમ કુમારપાળે પણ જૈનધર્મપ્રતિપાદિત ગૃહસ્થના જીવનને આદર્શ બનાવવા માટે આવશ્યક અણુવ્રતાદિ નિયમોનો શ્રદ્ધાપૂર્વક સ્વીકાર કરીને 'પરમાર્હત' નું પદ પ્રાપ્ત કર્યું હતું. અશોકની પેઠે જ પ્રજાને દુઃખસંકટોમાંથી છોડાવવાને માટે કુમારપાળે કેટલીક રાજાજ્ઞાઓ કાઢી હતી. અશોકના બૌદ્ધ સ્તૂપોની જેમ કુમારપાળે પણ કેટલાક જૈન વિહારોનું નિર્માણ કરાવ્યું હતું."

તાજેતરમાં ગાંડીવ સાહિત્ય મંદિર તરફથી પ્રગટ થયેલ સુપ્રસિધ્ધ સાહિત્યકાર શ્રી ચુનિલાલ વર્ધમાન શાહ રચિત 'પરમ આર્હત' (કીમત રૂા. ૪॥)માં ગુર્જરસમ્રાટ કુમારપાળની આવી ઉત્કૃષ્ટ જીવનપ્રતિભાનો આપણને સુન્દર પરિચય થાય છે. પોતે જૈન ધર્મી હોવા છતાં વેદધર્મી જનસમુદાય સાથે તેનો કેટલો ઉંચી પ્રતિનો, ઉદારતાનો જ માત્ર નહિ પણ 'તાદાત્મ્યભર્યો વ્યવહાર હતો અને જૈન–જૈનેતર પ્રત્યે તેની કેવી ભવ્યતાભરી સમાન દૃષ્ટિ હતી તેનો આ પુસ્તક વાંચતાં આપણને બહુ સચોટ ખ્યાલ આવે છે. સોમનાથના સુપ્રસિધ્ધ મંદિરનો રાજા કુમારપાળે ઉધ્ધાર કરાવ્યો હતો અને તે પાછળ લાખો રૂપીઆ રાજ્ય તરફથી ખરચવામાં આવ્યા હતા–આ માહિતી ઘણા વાંચકોને કદાચ આ પુસ્તક દ્વારા પહેલી જ વાર મળે છે અને તેથી 'પરમ આર્હત' તરીકે ઈતિહાસપ્રસિધ્ધ બનેલા રાજા કુમારપાળ 'પરમ આર્હત' પદને વધારે યોગ્ય છે કે 'પરમ માહેશ્વર' પદને–એ પ્રશ્ન આ પુસ્તક વાંચતા આપણી સામે પણ ઉભો થયા વિના રહેતો નથી. આ ઐતિહાસિક નવલ–કથા જૈન સમાજના સવિશેષ આદર અને આવકારને પાત્ર છે.

આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળા

દર વર્ષની માફક આ વર્ષે પણ પર્યુષણ વ્યાખ્યાનમાળાનો તા. ૮–૯–૫૦ થી તા. ૧૫–૯–૫૦ સુધી પ્રબંધ કરવામાં આવ્યો છે. શરૂઆતની સાત સભાઓ વીઠ્ઠલભાઈ પટેલ રોડ ઉપર આવેલ આનંદ ભવનમાં ભરવામાં આવશે. અને આઠમા દિવસની સભા રોકસી થીએટર કે એવા કોઈ અન્ય વિશાળ સ્થળે ગોઠવવામાં આવશે

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

સાભાર સ્વીકાર

શ્રી ગુજરાત વિદ્યાસભા–અમદાવાદ તરફથી નીચે જણાવેલ પુસ્તકો અવલોકન અર્થે મળ્યાં છે.

ભૂમંડલીય સ્વયંગ્રહણ–ગણિત, મણિલાલના ત્રણ લેખો, દલપત્તકાવ્ય નવનીત, અલંકારાદર્શ, ઉમર ખય્યામ, વાર્ષિક વ્યાખ્યાનો, શતાબ્દિ વ્યાખ્યાનમાળા, ગુજરાતનો ઇતિહાસ, ભાગ ૧–૨, દવાઓ અને રોગો, વીટામીન્સ અને પેનીસિલિન.

આ ઉપરાંત શ્રી ભારત જૈન મહામંડળ તરફથી નીચેનાં પુસ્તકો અવલોકન અર્થે મળ્યાં છે.

ઉજ્જ્વળ–પ્રવચન; બુધ્ધ ઔર મહાવીર.

તંત્રી, પ્રબુધ્ધ જૈન

સ્વ. સાને ગુરૂજીનાં સંસ્મરણો

૧૯૪૨ ની ક્રાન્તિ ચાલુ હતી. એ વખતે પુનાની રેફરમેટરી સ્કુલ પહેલા વર્ગના અટકાયતીઓની જેલ તરીકે વપરાતી હતી. હું પણ એ જેલમાં હતો. મારા ઓરડામાં એક સહકેદી હતા, પચાસેક ઉપરની ઉમરના મહારાષ્ટ્રમાંથી પકડાઈને આવેલા એક મારવાડી શેઠ ચુનીલાલજી. ખુબ જ મોટા શ્રીમંત. તેઓ જેલમાં છતાં બહાર તેમનો ૨–૪ લાખની કમાણી તુકશાનીનો વ્યાપાર તો ચાલુ જ હતો. પરંતુ શેઠ મનના ખુબ જ સાંકડા. ભારે લોભી. દેખાઈ આવે અને ઉપહાસને પાત્ર બને તેવો. તેમનો લોભ અને કંજુસાઈ. લોભની જો સાક્ષાત પ્રતિમા ઘડવાની હોય તો શેઠને તેના પ્રતીક તરીકે સ્વીકારી શકાય. એક દિવસ રાતના મને કહે "વીરચંદભાઈ, આજ તો મારી આંખમાંથી આંસુ ખર્યાં." હું ચમકયો. એવું તો શું ગંભીર બન્યું હશે? કારણ ઘણા મોટા પ્રમાણમાં ધનહાની સિવાય તેમના દીલને હલાવી મૂકે તેવું કોઈ તત્વ મેં તેમના સાથેના એ સહવાસ દરમ્યાન જોયેલું નહિ. મેં પુછ્યું શેઠજી શું બન્યુ? તે કહે "બીજું કાંઈ નથી બન્યું પરંતુ મેં 'શ્યામચી આઈ' વાંચ્યું, અને મારી આંખોમાંથી આંસુ ખર્યાં."

"શ્યામચી આઈ" એ સાને ગુરૂજીનું સૌથી પ્રથમ પ્રસિધ્ધ થયેલ પુસ્તક. નવલકથા છતાં તેમાંનાં પાત્રો બધાં જ સાચાં. તેનો મુખ્ય નાયક 'શ્યામ' એટલે ગુરૂજી પોતે જ. આજે મહારાષ્ટ્રમાં અનેકવિધ નામાંકિત સાક્ષરોનાં પુસ્તકો કરતાં 'શ્યામચી આઈ' વધુ વંચાય છે. તેણે જ ગુરૂજીને સાહિત્યજગતમાં સ્થાન આપ્યું. આબાળવૃધ્ધ સૌ કોઈનાં દીલ એ પુસ્તક હલાવી મૂકે છે. ભારોભાર માનવતા અને માતૃપ્રેમની એ કથા છે. ગુજરાતીમાં પણ શરૂમાં શ્રી ભીમજીભાઈ સુશીલે તેમાંથી "હું અને મારી માતા" નામે પુસ્તકમાં તેના કેટલાક ભાગોનો અનુવાદ કરેલો. પાછળથી ભારતિ સાહિત્ય સંઘે "શ્યામની માતા" નામે સમગ્ર પુસ્તકનો અનુવાદ પ્રસિધ્ધ કર્યો છે. હિન્દીમાં પણ તેનો અનુવાદ થયો છે. "શ્યામચી આઈ" ના અધિકારો સ્વ. ગુરૂજીએ એ પુસ્તક લખ્યું ત્યારે જ પુનાના અનાથ વિદ્યાર્થી ગૃહને આપી દીધેલા છે. એ સંસ્થા હિંદુ મહાસભાવાદીઓના હાથમાં હોઇ એ પુસ્તકનો ધરાદાપૂર્વક જોઇએ તેવો પ્રચાર થયો નથી. નહિતર આજે હિંદની પ્રત્યેક ભાષામાં તેનો બહોળો પ્રચાર થયો હોત. દાયકાઓ સુધી એ પુસ્તક તેનું સ્થાન ટકાવી શકશે.

૧૯૪૨ ની લડત સુધી ગુરૂજીનું સાહિત્ય મહારાષ્ટ્ર બહાર બહુ જાણીતું ન હતું. મેં પણ એ પુસ્તક વાંચેલું નહિ. ગુરૂજીનાં લખાણોમાં આટલી ભારે શક્તિ છે તેનો પહેલો ખ્યાલ એ ચુનીલાલ શેઠજીનાં આંસુઓએ આપ્યો.

ગુરૂજી સાથેનો મારો પહેલો પરિચય સને ૧૯૩૨ ની સત્યાગ્રહની લડત દરમ્યાન નાસીક જેલમાં થયો હતો.

૧૯૩૨ ની લડત દરમ્યાન નાસીક સેંટ્રલ જેલમાં એવા અધિકારીઓ સત્તા ઉપર હતા કે જેઓ સત્યાગ્રહીઓનું લોખંડ ભયંકર દમનનીતિની ભઠ્ઠીમાં તાવીને ગાળી નાંખવા માંગતા હતા. કઈક નબળા પોચા એથી દબાઈ પણ જતા. પરંતુ બીજાઓ એ દમનનીતિ, ડગલેને પગલે થતાં અપમાનો, ગાળો, માર વગેરેનો ઉંચે માથે મુકાબલો કરતા. પરિણામે મારીકપાત, પત્રવ્યવહાર બંધ, હાથકડી, ડંડા બેડી, ચુણીકપડાં, મીઠાંની કાંજીનો ખોરાક, અને આંદામાનના ભયંકરમાં ભયંકર કેદીઓને થાય છે તેવી રીવીટબેડી સુધીની શિક્ષાઓનો મુકાબલો કરતા હતા. એ લડતમાં સૌરાષ્ટ્રના યુવાનોનું જુથ મોખરે હતું. ૧૯૩૨ ના ઓકટોબરના અંતમાં હું સાબરમતીથી બદલાઈને ત્યાં ગયો ત્યારે એ લડત પુરજોશમાં ચાલુ હતી. જેલના વણાટના કારખાનાની ઓસરી

બહાર જેલના કામ તરીકે અમને સોંપાએલ મુંઝની દોરી વણવાનું કામ અમે સમુહમાં બેસીને કરતા. એ ઓશરીના એક ખૂણે, બત્રીસેક વર્ષની ઉમરના, શ્યામ વર્ણના, ગાંડા જેવું મ્હોં ધરાવતા એક ભાઇ દંડાબેડી અને ગુણીકપડાંમાં વિભૂષિત થઇ મુંઝાતા જોવામાં આવતા. કોઇની સાથે બોલવું ચાલવું નહિ. જેલના કેદીઓનાં બીજાં તોફાન મસ્તી કે હળવી પ્રવૃત્તિઓથી તદ્દન અલિપ્ત રહેવું, કામ પુરું થાય ત્યારે ચોપડીમાં મ્હોં ઘાલી કોઇક પુસ્તકનું વાચન કરવું એ જ તેમનો જીવનક્રમ. સેંકડો કેદીઓ વચ્ચે આ વિચિત્ર જણાતી વ્યક્તિ કોણ છે તેનો ભાવ પણ કોણ પુછે ? પરંતુ તેમની આ વર્તણુંક ઘણાને વિસ્મય પમાડતી. આ 'બાવાજી' જેવા ભાઇ કોણ હશે ? એ પ્રશ્ન થતો. અમારી સાથેના ખાનદેશનાં બીજા વ્યવહારડાહ્યા આગેવાનો હતા તે કહેતા કે "અમલનેરની હાઇસ્કુલના એ શિક્ષક છે. એમ. એ. થયેલા છે. ખુબ વિદ્વાન છે. પરંતુ ધુની અને ગાંડા જેવા માણસ છે. એક દિવસ રેલના પાટા ઉપર સુઇ જઇ પોતાનો પ્રાણ આપી દે તો પણ આશ્ચર્ય નહિ !" એ વખતે સાને ગુરૂજી મહારાષ્ટ્રના ગુરૂજી બન્યા ન હતા. તેઓ હતા માત્ર અમલનેરના વિદ્યાર્થીઓના ગુરૂજી. મહારાષ્ટ્રમાં શિક્ષકને ગુરૂજી કહે છે તે જ રીતે લોકો તેમને પણ સાને ગુરૂજી કહેતા. તેમનું જે વિશાળ સાહિત્ય ત્યારપછી મહારાષ્ટ્ર અને દેશને પ્રાપ્ત થયું તે લખવાની શરૂઆત ત્યાંથી જ થઇ હતી.

મારા જેવા સ્વભાવે લડાયક, ચળવળીયા અને સંગઠનપ્રેમી માણસને એવા એકાંતિક અને બાવા જેવા લાગતા માણસ પ્રત્યે શાને આકર્ષણ થાય ? પરિણામે મહિનાઓ સુધી સાથે રહેવા છતાં અમારો પરસ્પર પરિચય ખાસ ન જ થયો. ધીરેધીરે બહારની લડત મંદ પડવા લાગી. મહાત્માજીના ઉપવાસોએ જનતાનું ધ્યાન લડત પરથી હરિજન પ્રવૃત્તિ તરફ દોર્યું. જેલમાં નવા આવનારા બંધ થયા. જુના એક પછી એક છુટવા લાગ્યા. બેરેકોમાં રહેલાઓની સંખ્યા ઓછી થઇ જતાં જે અમે ૪૦-૫૦ બાકી રહ્યા તેમને કોટડીઓમાં ફેરવવામાં આવ્યા. ગુરૂજી પણ બેએક વર્ષની સજા લઇ આવેલ હોઇ તેઓ પણ અમારી સાથે જ બેરેકમાંથી કોટડીઓમાં ફેરવાયા. એવામાં જન્માષ્ટમી આવી. જન્માષ્ટમી સંબંધી તે વખતે અમારા "ક" વર્ગના રાજકેદીઓમાં સ્વામી આનંદ વગેરે જે ૨-૩ ભદ્ર પુરૂષો હતા તેમનાં વ્યાખ્યાનો રખાયાં, તેમાં સાને ગુરૂજીનું વ્યાખ્યાન પણ રખાયેલું. સ્મરણ છે ત્યાં સુધી તેમનું વ્યાખ્યાન ત્રીજે-છેલ્લે રખાયેલું. પરંતુ તેમણે જે વિદ્વતાપૂર્ણ વ્યાખ્યાન આપ્યું તેણે તેમની પ્રતિભા છતી કરી. ત્યારે જ અમને સૌને લાગ્યું કે આપણી વચ્ચે આવો વિદ્વાન પુરૂષ વસતો હોવા છતાં ન તો આપણે તેને પીછાની શકયા કે ન તો તેનો લાભ ઉઠાવી શકયા. મારા પુરતો તો તે પછી તેમનો પરિચય કેળવવાનો સમય જ રહ્યો ન હતો. ત્યાર પછી ચાર દિવસે હું છુટનાર હતો.

ગુરૂજીને જેલ-કામ તરીકે પાછળથી જેલની ઓફીસમાં કામ આપવામાં આવેલું. સવારના જેલ પોલીસ આવી તેમને ઓફીસે તેડી જાય, સાંજે પાછા મૂકી જાય. જે કોઇ કેદીઓ છુટવાના હોય તેમને પણ એજ સમયે, સવારના, ગુરૂજી સાથે જ દરવાજે પોલીસ લઇ જાય. મારા છુટવાના દિવસે પણ એમજ થયું. પરંતુ મારા વિભાગમાંથી બહાર નીકળી હું ચક્કરમાં ઉભો હતો, ત્યાં સામે "બ" વર્ગના વિભાગમાંથી શ્રી અમૃતલાલ શેઠ તેમના વિભાગના દરવાજે આવ્યા. નીકળતાં નીકળતાં અમે સામાન્ય ખુશીખબર પુછી રહેજ વાર્તા કરી. જેલમાં ફરવા આવેલા જેલરે દૂરથી એ જોયું. જેલના નિયમો મુજબ અમે બન્નેએ દુરથી એ ગુન્હો કર્યો હતો. જેલમાંથી દરેક કેદીને છોડતાં પહેલાં જેલ સુપ્રીન્ટેન્ડેન્ટ સમક્ષ રજુ કરવામાં આવે. સુપ્રીન્ટેન્ડેન્ટ તેનાં શરીર પરનાં નિશાનો વગેરે મેળવી જુએ, તેનો સરસામાન સોંપી સહી લ્યે અને પછી જ તેને છુટો કર્યાના કાગળો ઉપર સહી કરે એ નિયમ. સુપ્રીન્ટેન્ડેન્ટ આવ્યા, અને મને તેની સમક્ષ રજુ કર્યો કે તુરત જ જેલરે કહ્યું કે " આ કેદી સામે ખટલો છે. " જેલમાંથી છુટતી વખતે કોઇનો ખટલો થાય એ ભાગ્યે જ બને. કારણ છુટનાર બહાર જવાની આતુરતા સેવતો હોઇ તે વખતે ભાગ્યે જ નિયમભંગ કરે છે. અને જેલસત્તાવાળાઓ પણ બહાર જતા કોઇ તરફ ભાગ્યે જ કડક હોય છે. આથી મારી સામે ખટલાની રજુઆત કરતાં જ સુપ્રીન્ટેન્ડેન્ટ અને હાજર રહેલા સૌને આશ્ચર્ય થયું. જેલર કહે તેણે " બ " વર્ગના કેદી શ્રી અમૃતલાલ શેઠ સાથે વાત કરી છે. ગુરૂજી સાથે હતા તેમને પુછો. " સુપ્રીન્ટેન્ડેન્ટે ગુરૂજીને બોલાવ્યા અને જેલરની આ ફરીયાદ સાચી છે કે કેમ એ પુછ્યું ? ગુરૂજી મુંઝવણમાં પડી ઉભા રહ્યા. પોતાના સહકેદી વિરૂધ્ધ જુબાની કેમ અપાય ? બીજી બાજુ બોલું તો બોલાય જ કેમ ? હું એ વાત સમજી ગયો અને ગુરૂજીએ કાંઇ જવાબ આપવો પડે તે પહેલાં જ મેં કહ્યું કે "હા જેલર કહે છે તે વાત સાચી છે. અમે વાર્તા કરી છે." ચક્કરના પોલીસ હવાલદારને પણ ભેગો ન સંડોવે એ માટે કહી દીધું કે "હું બહાર આવ્યો ત્યારે તેઓ આકસ્મીક તેમની બેરેકના ઝાંપે કાંઇ કામે આવેલા હતા. અમે એક બીજાને જોયા. એક જ ક્ષેત્રમાંથી આવતા હોઇ સાહજીક રીતે જ બહાર જતાં મળવાનું મન થાય તેથી મળ્યા છીએ." ગુરૂજીની મુંઝવણ ટળી. હું આઠ દિવસની મળેલી માફી કપાવી પાછો જેલમાં ગયો.

૧૯૩૪ ની શરૂઆતમાં કે ૧૯૩૩ ના અંતમાં ગુરૂજી જેલ-મુકત બન્યા. ફરી પાછા ત્રણેક વર્ષ માટે તેઓ જનતાની દૃષ્ટિએ અંધકારમાં ગયા એમ કહીએ તો ચાલે. કારણ તેઓ રાજકારણના માણસ ન હતા. સમિતિઓ, સભ્યપદ, હોદ્દા, સત્તા વગેરેની મારામારીથી સો જોજન દૂર રહેનારા તેમને મોટી પ્રવૃત્તિ સિવાયના કાળમાં શિક્ષક અને માતા થવું જ ગમતું. પુનામાં એક ઓરડીમાં રહી, ખાનદેશના ૨-૪ ગરીબ વિદ્યાર્થીઓ જે પુના કોલેજમાં ભણતા તેમને મદદ કરવી. રસોઇ કરી જમાડવા અને પોતાનું લેખનકાર્ય કર્યે જવું એ જ તેમની પ્રવૃત્તિ બની રહી. તેમનું શરૂઆતનું સાહિત્ય એ સમયે સર્જાયું.

૧૯૩૭ ની સાલ આવતી હતી. હિંદમાં નવું બંધારણ અમલમાં આવવાનું હતું. મહાત્માજીની કલ્પના પ્રમાણેની પહેલી ગ્રામ્ય કોંગ્રેસ ભરવાનું બીડું મહારાષ્ટ્રે ઝડપ્યું. કોંગ્રેસનું અધિવેશન ભરવું હતું, ગ્રામ્ય વિસ્તારમાં કોંગ્રેસ ભરવાનો આ નવો અને ખુબ જવાબદારીભર્યો પહેલો જ અખતરો સફળતાથી પાર પાડવો હતો. ત્યાં સુધી મહારાષ્ટ્રમાં બહુ ઉંડાં મૂળ ન ઘાલી શકેલી કોંગ્રેસને વધુ ઉંડે લઇ જવી હતી, આગામી ચુંટણીઓની તૈયારી કરવી હતી. મહારાષ્ટ્રની બધી જ શકિતઓ કામે લાગી. આ ગંભીર જવાબદારીઓ પાર પાડવાના કામમાં મંડી પડી ગુરૂજીએ ખાનદેશ કે જે ભાગમાં આ કોંગ્રેસ અધિવેશન ભરવાનું હતું તેને જગાડવાનું માથે લીધું. દસ હજાર કોંગ્રેસ સભ્યો બનાવવા, અમુક ફંડ અને સ્વયંસેવકો એકઠાં કરવા વગેરેનો સંકલ્પ કરી ખાનદેશના ગામડે ગામડે ઘૂમી વળ્યા. ફૈઝપુરતી એ પહેલી ગ્રામ્યકોંગ્રેસને 'ફૈજેતપુર' ન થતાં 'ફત્તેહપુર' બનાવવામાં ગુરૂજીએ શૌ હિસ્સો આપેલો તેની નોંધ ભલે વર્તમાનપત્રોના પાને ન થઇ હોય, પરંતુ જાણકારો સ્વીકારે છે કે એની સફળતાનો યશ જે ૨-૪ વ્યક્તિઓ વચ્ચે વહેંચી શકાય તેમાં પ્રસિધ્ધિથી દૂર ભાગતા ગુરૂજીનો હિસ્સો ઘણો મોટો હતો.

અપૂર્ણ

વીરચંદ શેઠ

સકરૂખાંનો કૂવો

એક દિવસ ગોશાળાના કૂવા પર થોડું કામ ચાલી રહ્યું હતું તેની પર કડિયા સકરૂખાં કામ કરી રહ્યા હતા. તેમની સાથે શ્રી બદ્રીનારાયણ સોઢાણીએ અમારો પરિચય કરાવ્યો અને કહ્યું કે એ ભાઈ ઘણા મહેનતુ અને ધાર્મિક વૃત્તિના છે. તેમણે આખા જીવનની કમાણી ખર્ચી એક સુંદર કૂવો બનાવ્યો છે, તે સમય મળ્યે જોઈ આવજો. મેં આ વાત સાંભળવામાં કંઈ ખાસ ધ્યાન ન આપ્યું. સાંભળી લીધું અને કહી દીધું, જોઈશ. આ સાંભળી મેં એમ માન્યું કે બનતા સુધી તે એકલા હશે અને પાસે કંઈ પૈસા પડયા હશે તેથી કૂવો બનાવ્યો હશે. એક દિવસ સન્નારે સકરૂખાં મારી પાસે આવ્યા અને કહેવા લાગ્યા કે, 'તમે મારા કૂવો જોવાનો કહ્યો હતો તો ચાલો.' તે વખતે મારી પાસે બીજું કામ હતું, પણ તેમના પ્રેમભર્યા આગ્રહથી મારે તેમની સાથે જવું પડયું. મેં જઈ કૂવો જોયો. તેની બાંધણી, પાણીની વ્યવસ્થા અને સગવડ જોઈ. મને ખૂબ હર્ષ થયો. કૂવાની ઊંડાઈ ૯૯ ફૂટ હતી. તેની ઉપર ચારે તરફ પાણી ખેંચવાની સુંદર વ્યવસ્થા હતી જેની પર ગરગડી લગાવેલી હતી. તેની ઉપર ચારે તરફના ચબૂતરાના ઘેરાવાનું ક્ષેત્રફળ ૩૬×૩૬ ફૂટ હતું. આ ચબૂતરો જમીનથી એટલો ઊંચો હતો કે એની નીચે ત્રણ બોલી અને એક પાણીનું ટાંકું પણ બનાવેલું હતું. ચબૂતરાની બનાવટ એવી છે કે જેથી વરસાદનું પાણી પોતાની મેળે ટાંકામાં ભેગું થાય, અને પાણી વધારે વરસે તો પછી પાણી કૂવામાં ન જતાં બહાર ચાલ્યું જાય. તે પર એક પ્રસંગ કહી સંભળાવ્યો. "કૂવો તૈયાર હતો, ટાંકું ભરેલું નહોતું. હું સંશયમાં હતો કે હું તે ભરાવું કે નહીં, ને પ્રારંભ શી રીતે કરું? એકાએક વાદળાં આવ્યાં, વરસાદ પડયો. જોઉં તો અડધું ટાંકું ભરેલું છે. બીજે દિવસે પણ તેમ થયું ને પૂરું ટાંકું ભરાઈ ગયું. આ પ્રમાણે ભગવાને જ મારી પરબ ભરવાની શરૂઆત કરી." પાણીના ટાંકાની લંબાઈ ૧૧', પહોળાઈ ૭'-૪" અને ઊંડાઈ ૫'-૬" છે. તેમાં દરરોજ ચોખ્ખું પાણી ભરેલું રહે છે. તેની બે હવાડા (પશુઓને પાણી પીવા માટે) બનેલો છે. બે હવાડા છે, જેથી એકમાં પાણી રહે તે બીજો સાફ થાય. શ્રી સકરૂખાં પોતે પાણીનો ગાળીને સાફ કરતા રહે છે અને તેને સદા પૂરેપૂરું ભરેલું રાખે છે, જેથી બકરીઓ પણ વધારે ડોકાળ્યા સિવાય સરળતાથી પાણી પી શકે. પોતે જ તેને સાફ કરી તેમાં ચૂનો લગાવે છે. આ કૂવો એ જ તેમની ઈશ્વરભક્તિનું સ્થાન છે. પશુઓને પાણી પીતાં જોઈ તથા ગરીબ હરિજનોના ટોળાંને પાણી ભરતાં જોઈ તેમનો આનંદ સમાતો નથી.

સકરૂખાંના કુટુંબમાં ચાર માણસો છે. પતિ, પત્ની, એક છોકરો અને ૮૩ વર્ષની વૃદ્ધ મા. મા અત્યારે પણ પોતાનું કામ કરી લે છે તથા બકરીઓને ચરાવવા લઈ જાય છે. સકરૂખાંની પોતાની ઉંમર ૬૩ વર્ષની છે, છતાં આ જ કામ કરવાની એટલી જ લગન છે. કડિયાકામ કરે છે, રોજના બે રૂપિયાની આસપાસ પડી જાય છે. છતાં યુવાનો જેવી લગન, તત્પરતા અને કાર્યકુશળતા જણાઈ આવે છે. કૂવો બનાવવા તેમણે રૂ. ૪,૦૪૫ ખર્ચ કર્યું. ચણતર બધું પોતાને હાથે કર્યું. આ બધા રૂપિયા એવી જ રીતે જાતમહેનતથી પેદા કર્યા છે. ૩૩ વર્ષ સુધી લાગલગાટ મહેનત કરી ખાવાપીવામાં કરકસર કરી એક એક પાઈ બચાવી આ રૂપિયા બચાવ્યા હતા. સંવત ૧૯૬૨ માં મજૂરી કરવા નીકળ્યા, ૧૯૯૫ માં કૂવાના કામની શરૂઆત કરી, ૧૮ દિવસમાં પાણી નીકળ્યું અને બાકીનું બધું કામ ચાર મહિનામાં પૂરું કર્યું ત્યાર પછી આજે ૧૧ વર્ષ થયાં. બળદ, કોસ વગેરે કંઈ પણ પાણી કાઢવાનું સાધન નથી, છતાં ભાડું આપીને હવાડો ભરાવે છે. અને પોતાના પરસેવાની કમાણીમાંથી આ રીતે બીજા રૂ. ૨,૭૦૦ પાણી કાઢવા પાછળ ખર્ચ કરી દીધા છે.

તેમના ઘરમાં જઈ જોયું તો અપરિગ્રહની સાક્ષાત મૂર્તિ. બધો મળી ઘરમાં માંડ ૨૭ રૂપિયાનો સામાન હશે. મહેનત કરી જે કમાય તે પુણ્યકામમાં ખર્ચી નાખે છે. પછી પૈસા તો ક્યાંથી જ ભેગા થયા હોય? એક તૂટેલો ખાટલો, એક ગોદડી, એક ધરી અને કેટલાંક છાણાં — આ જ તેમનું કીમતી ધન હતું ને તેમાંથી તે બધી સંસારની ચિંતાઓથી મુક્ત હતા. કૂવા સિવાય બીજી કોઈ અભિલાષા, આકાંક્ષા કે ચિંતા નથી. સકરૂખાંનો છોકરો એક મુસલમાન પાસે દરજીનું કામ શીખતો હતો. જ્યારે તે દરજી પાકિસ્તાન જવા લાગ્યો ત્યારે આ છોકરાને પોતાનું મશીન, કબાટ વગેરે જે પાંચસોનો માલ હતો તે એકસોમાં આપવા લાગ્યો. છોકરાએ પોતાના બાપને વાત કરી તો બાપે જણાવ્યું કે, પાંચસોનો માલ સોમાં આપણે કેવી રીતે લઈ શકીએ? તે હજમ પણ કેવી રીતે થાય? જો એ સામાન લેવો હોય તો પૂરા પૈસા આપીને જ લેવો જોઈએ. છેવટે તે માલ ન લીધો. આ પ્રસંગ મને છોકરાએ દુઃખી હૃદયે કહી સંભળાવ્યો, કારણ કે તે સકરૂખાંની દૃષ્ટિ સમજી શકતો નહોતો. સકરૂખાંની નિષ્ઠા તો પોતાના પરસેવાની કમાયેલી વસ્તુ પર છે. આમ માલ પડાવી લેવો તેમને ચોરીનો માલ ખરીદવા જેવો લાગ્યો એટલે સાફ ના પાડી દીધી. અસ્તેય વ્રતવાળા માટે આ સુંદર દાખલો પૂરો પાડે છે.

મેં સકરૂખાંને પૂછયું કે, "આ કૂવો બાંધવાની તમારા મનમાં કલ્પના કેવી રીતે આવી?" જવાબમાં કહ્યું "જ્યારે હું નાનો હતો ત્યારે બકરી ચરાવવા જતો હતો. ત્યાં તાપમાં તરસ બહુ લાગતી ત્યારે પાણી માટે તડપતો. જ્યારે પાણી પીતો ત્યારે એટલું પીતો કે પેટા ફાટું ફાટું થઈ જતું. તે વખતે મને લાગ્યું કે કૂવો બનાવવો એ સહુથી મોટામાં મોટું પુણ્યકામ છે. હું જો પૈસા કમાઈ શકીશ તો જરૂર કૂવો બનાવીશ. પણ તે વખતે તો તે એક કલ્પના જ હતી, કારણ કે હું બાળક હતો. ત્યાર પછી હું બહાર ગયો, ઘણી દુનિયા જોઈ. જોયું કે હિન્દુઓ તરફથી પરબો બંધાય છે, ધર્મશાળાઓ બંધાય છે. શું મુસલમાનોનું એ કર્તવ્ય નથી? શું અમે પણ આવી ધાર્મિક અને સાર્વજનિક લાભની વસ્તુ ન બનાવી શકીએ? એ વિચારોમાં હું સીકર આવ્યો. એ જ વખતમાં એક ઘટના બની. મારી પાડોશમાં કુંભાર, ચારણ, દારોગા, સ્વામી વગેરે ગરીબ અને અછૂત જેવા મનાતા લોકો રહેતા હતા. તેમને પાણીનું ઘણું દુઃખ હતું. એક વખત કૂવામાંથી પાણી ભરતાં ઉચ્ચ ગણાતી હિન્દુ જાતિએ તેમનું સારી રીતે અપમાન કર્યું. મને દુઃખ થયું. મેં કહ્યું, 'આ લોકોને પણ ભરી લેવા દો તો.' તે લોકો મારી પર ગરમ થઈ ગયા અને એક કહ્યું કે, 'મોટા શેઠ થઈ ગયો હોય તો એમને માટે એક કૂવો કેમ નથી બંધાવી આપતો?' મને આઘાત લાગ્યો અને ખુદાની બંદગી કરી કે, 'હે ખુદા! મને એટલું બળ આપ જેથી હું એક કૂવો બંધાવી શકું!' સં. ૧૯૬૨ માં હું મુંબઈ માટે નીકળી પડયો. રોજના સાડાત્રણ આનાને હિસાબે કડિયાના હાથ નીચે મેં મજૂરી કરવી શરૂ કરી. થોડા વખતમાં હું કડિયાનું કામ શીખી ગયો. દિવસે કડિયાનું કામ કરતો, ને રાત્રે પહેરો ભરતો. દિવસે મળતું તે ભેગું કરતો ને રાતની મજૂરીથી ગુજરાન ચલાવતો આ બધી રકમ હું એક વિશ્વાસપાત્ર શેઠને ત્યાં જમા કરાવતો ગયો. કેટલીક ખટપટ ને મુશ્કેલીઓ પછી મને સીકર દરબારે કૂવા માટે ૩૬×૩૬નો ચોરસ જમીનનો ટુકડો આપ્યો. સંવત ૧૯૯૫માં હું સીકર આવી કૂવો ખોદવાના કામમાં લાગી ગયો. લોકોએ મારી ઠેકડી કરવા માંડી કે આવી જમીનમાં કૂવો ખોદવો આકાશમાંથી તારા પૃથ્વી પર લાવવા જેવું કામ છે. તેને પૂરો નહીં કરી શકું. પણ ખુદાએ મને મદદ કરી અને મારો સત્ય સંકલ્પ પૂરો કર્યો. જ્યારે કૂવો બનીને તૈયાર થયો ત્યારે મારા જ્ઞાતિભાઈ કેટલાક મુસલમાનોએ હલકી ગણાતી હિન્દુ કોમના ભાઈઓને પાણી ભરવા દેવા માટે વિરોધ કર્યો, અને એ દાવો રજૂ કર્યો કે મુસલમાન સંપત્તિ પર મુસલમાનનો જ અધિકાર હોઈ શકે. મેં તેનો વિરોધ કર્યો અને કહ્યું, 'મારો કૂવો ખુદાની દુનિયામાં બધાંને માટે સરખી રીતે ખુલ્લો રહેશે. અને આ જ ઉદ્દેશથી મેં તૈ બનાવ્યો છે. જેમને બીજાઓ સાથે પાણી ભરવાનું પસંદ હોય તે જ પાણી ભરે, જેમનો વિરોધ હોય તે અહીંથી પાણી ભરવાનું છોડી દઈ શકે છે.' જ્યારે આ મુસલમાનો વધારે

ઝઘડા માટે તૈયાર થઇ ગયા ત્યારે મેં સીકર દરબાર પાસે ફરિયાદ કરી. દરબારે વચમાં પડી ફેંસલો આપ્યો કે ત્રણ તરફ હિંદુ લોકો પાણી ભરે અને એક તરફ મુસલમાન, કારણ કે વસ્તીના પ્રમાણમાં મુસલમાનોનાં ત્રણ જ ઘર હતાં, જ્યારે હિંદુઓનાં ૫૦-૬૦ લગભગ. હવે તો બધાય ત્યાં પ્રેમથી પાણી ભરે છે."

તે કૂવા પર ન તો કોઇ સ્નાન કરી શકે છે, ન કપડાં ધોઇ શકે છે, કે ન તો ટાંકામાંથી પાણી લઇ શકે છે. કારણ કે તે પશુઓ માટે સુરક્ષિત છે. નીચેની ઓરડીઓમાં સ્નાન વગેરેની વ્યવસ્થા છે. સકરખાંએ બતાવ્યું કે એક વખત બીજા મુસલમાનોએ એમને એટલા સતાવ્યા કે તેથી દુઃખી થઇને પોતે પાણી ભરાવવાનું બંધ કરી દીધું. એક દિવસ એક તરસી ગાય આવી અને હવાડામાં પાણી ન મળવાથી પાસે પડેલા સકરખાંના ખાટલાને પોતાનાં શીંગડાંથી ઉલટાવી નાખ્યો. સકરખાં ચેત્યા અને ગાયની ભાષા સમજ્યા કે તે તરસી છે તેથી પોતાની સાથે તકરાર કરવા આવી છે. તે દિવસથી ફરી પાણી ભરાવવાનું કામ શરૂ કરી દીધું જેમાં પછી કોઇ દિવસ ફરી ભૂલ નથી થવા દીધી.

તેમની એક અભિલાષા એ રહી છે કે તેમના મૃત્યુ બાદ આ હવાડો ભરાવવાનું કામ ચાલુ જ રહે. તે કહે છે કે જો રાજ્ય તરફથી થોડી જમીન વેચાતી પણ મળી જાય તો તે કોઇ માળીને આપી દે જે જમીનને સીંચે અને પોતાના મર્યા પછી હવાડો પણ ભરતો રહે. પોતાના છોકરા પર તેમને પૂરો વિશ્વાસ નથી કે તે આ કામ કરશે તેથી દુઃખ કરતા હતા. આંગળીયા ઇસારો કરી મને બતાવ્યું કે અમારૂં કબ્રસ્તાન તો પાસે જ છે ત્યાં એક દિવસ તો મારે જવું જ પડવાનું છે. ત્યાં સુધી આ શરીરથી મૂક પશુઓ અને ગરીબોની જેટલી સેવા બની શકે તેટલી કરતો રહીશ.

તેમનું આ સુંદર કામ જોઇ દરબાર અને બીજા પણ કેટલાક સારા લોકો ઘણા ખુશ થયા અને આ પુણ્યકાર્ય માટે કંઇ પૈસાની મદદ કરવા પ્રયત્ન કર્યો, પણ સકરખાં કંઇ પણ લેવા તૈયાર ન થયા. મેં સાંભળ્યું છે તે પ્રમાણે આ નમૂનાનો કૂવો આખા સીકરમાં તો શું પણ આગળ પાછળ મોટા મોટા જિલ્લાઓમાં પણ નથી. આવા રણપ્રદેશમાં આવો કૂવો બનાવવો એ કેટલું મોટું પરોપકારનું કામ છે તેની બીજા લોકોને કલ્પના આવવી પણ મુસ્કેલ છે.

આ બધું જોઇ, સાંભળી મારૂં હૃદય તેમના પ્રતિ શ્રદ્ધા અને આનંદથી ભરાઇ આવ્યું. જોકે હું આ શરીરથી તેમનો ચરણસ્પર્શ કરત તો તે ગભરાઇ જાત, પણ મનમાં જ તેમના ચરણોમાં મારૂં મસ્તક નમી પડયું. ઘણા લોકો માને છે કે ધર્મકાર્ય કરવાનું ગૌરવ તો હિંદુ જાતિને જ છે. મુસલમાનો માટે લોકોના દિલમાં ઘણી ઊલટી ભાવના બની ગઇ છે. આ પ્રમાણે પોતાના પરસેવાની કમાણી સાર્વજનિક હિત માટે વાપરનાર ને ત્યાર પછી પણ તેમાં જ તલ્લીન રહેનાર આજ સુધી કોઇ હિંદુ યા તો કોઇ અન્ય ધર્મીને મેં જોયા નથી. લોકો લાખો કમાય છે, કાળાં બજાર કરે છે, સટ્ટો ખેલે છે, તેમાંથી કંઇક દાન પુણ્ય પણ કરે છે, પણ સકરખાંની સાથે ઊભો રહી શકે એવો એક પણ માણસ મારી જાણમાં નથી. માનવતા કોઇ જાતિ કે ધર્મની ઇજારો નથી. ખુદાની બનાવેલી દુનિયામાં બધાંની સાથે એકસરખો પ્રેમ કરનાર મુસલમાનોમાં પણ કોણ જાણે કેટલાય સપૂતો હશે. આવા પરોપકારી, પુણ્યશાળી જીવોથી જ ધર્મની રક્ષા થાય છે. સકરખાંનું દિલ, શ્રમનિષ્ઠા, શુભ સંકલ્પ માટે લગન, અને સર્વધર્મસમભાવની ભાવના બધા હિંદુ, મુસલમાનોને આપે એવી ઇશ્વર પ્રત્યે મારી પ્રાર્થના છે. અમરૂં ધનભાગ્ય છે કે ગોસેવાશ્રમનો પાયો તેમના હાથથી નંખાયો છે.

સીકર, ૨૭-૬-'૫૦ બળવંતસિંહ
(હિંદી પરથી) ગોસેવાશ્રમ, સીકર
(હરિજન બંધુમાંથી સાભાર ઉદ્ધૃત) (રાજસ્થાન)

અણુવ્રત

જૈનોમાં 'તેરાપંથી' નામનો એક સંપ્રદાય છે. જૈન ધર્મના સિદ્ધાન્તોની બાબતમાં તેની માન્યતા અને દૃષ્ટિ અંતિમ સ્વરૂપનાં છે. તેના અનુયાયીઓની સંખ્યા લાખ-બે લાખની કહેવાય. તેમાં મોટે ભાગે રજપૂતાનાનો વેપારી વર્ગ છે.

શ્રી તુલસી નામે એક પ્રભાવશાળી વ્યક્તિ હાલમાં તેરાપંથીના આચાર્યપદે છે. જનતામાં યુદ્ધ પછી નૈતિક પતન થયું છે. તેમાં કાળાબજાર, ભેળસેળ વગેરે અપ્રમાણિકતા માટે વેપારી વર્ગ મુખ્યત્વે જવાબદાર છે. તેથી છેલ્લા કેટલાક વખતથી શ્રી તુલસીજી આ નૈતિક પતન પ્રત્યે સામાન્યપણે જનતાનો અને ખાસ કરીને તેમના અનુયાયીઓનો આત્મા જાગ્રત કરવા પાછળ પોતાનું ધ્યાન આપી રહ્યા છે.

તાત્ત્વિક દૃષ્ટિએ જૈન સિદ્ધાંતોની સંપૂર્ણ સિદ્ધિ માટે સંસારી જીવનના સંપૂર્ણ સંસાર ત્યાગની અપેક્ષા રહે છે. પરંતુ મોટા ભાગના માણસો માટે ત્યાગ શકય નથી. તેથી સંસારી માણસોને ધર્મમાં દાખલ થવાનું સરળ કરવા માટે 'અણુવ્રત'ની પદ્ધતિ યોજાઇ છે. 'અણુવ્રત' એટલે વ્રતોનું મર્યાદિત રીતે પાલન કરતાં આગળ વધવું. માનો કે એક માણસને અહિંસા કે અપરિગ્રહમાં શ્રદ્ધા છે, પરંતુ એનું સંપૂર્ણ પાલન કરવાની શકિત નથી. અણુવ્રતની પદ્ધતિ પ્રમાણે તે ક્રમશઃ વ્રતના પાલનમાં આગળ વધે. એ મર્યાદા બાંધે કે અમુક પ્રકારની હિંસા તે નહીં કરે; કે અમુક હદથી વધારે કે અમુક રીતે ધનનું ઉપાર્જન નહીં કરે. આવાં વ્રતોને 'અણુવ્રત' કહે છે. એક વખતે જૈનોમાં આ પ્રથા ઘણી પ્રચલિત હતી એમ જણાય છે.

જનતામાં આ વ્રતોને ફરીથી લોકપ્રિય કરવા માટે આચાર્ય તુલસીએ 'અણુવ્રતી સંઘ' નામની એક સંસ્થાની સ્થાપના કરી છે. તેમાં જાતિ, વર્ણ, દેશ, ધર્મ કે સ્ત્રીપુરૂષના ભેદભાવ વિના દરકોઇ દાખલ થઇ શકે છે. સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય, અસ્તેય, અપરિગ્રહ, સાધના, આત્મચિંતન વગેરે વ્રતોનું અમુક દરજ્જે પાલન થાય જ તે માટે નિયમોપનિયમ બનાવ્યા છે. કેટલાક નિયમ એવા સ્પષ્ટ છે કે સૌ કોઇ પોતેથી એના પાલનની અપેક્ષા રાખવામાં આવે. કેટલાકને હજુ વધારે કડક કરવાનીયે જરૂર ગણાય. પરંતુ હકીકત એ છે કે યુદ્ધ પછી માણસ સમાજ પ્રત્યેના પોતાના કર્તવ્યના પાલનમાં ઘણો પડયો છે; તેથી સ્પષ્ટ ફરજોને પણ વ્રત તરીકે ગણાવવી પડે છે. જોકે દરેક ધર્મના અનુયાયીઓ માટે આ સંઘ ખુલ્લો રાખવામાં આવ્યો છે, અને અહિંસા સિવાયના બીજા વ્રતોના નિયમો સામાજિક અને અસાંપ્રદાયિક દૃષ્ટિથી ઘડાયા છે; પરંતુ અહિંસાવ્રતના નિયમો એક ધાર્મિક સંપ્રદાયની ચુસ્ત દૃષ્ટિથી ઘડાયા છે; દાખલા તરીકે, શુદ્ધ શાકાહાર ચાહે તેટલો ઇષ્ટ હોય તોયે હિંદમાં પણ માત્ર જૈન અને વૈષ્ણવના અમુક નાના વર્ગ સિવાય બીજાઓ ઇંડાં, માંસ અને માછલાંનો આહાર કે એની સાથે સંકળાયેલો ધંધો છોડવાની પ્રતિજ્ઞા લેવા તૈયાર ન થાય. એ પ્રમાણે જ રેશમનો ઉપયોગ અને તેના વેપારની વાત છે. (એ નોંધવા જેવી વાત છે કે તેમાં મોતી અને મોતીના વેપારનો નિષેધ કરાયો નથી; તેમાંયે રેશમ જેટલી જ જીવહિંસા સમાયેલી છે, અને એનો વેપાર જૈનોમાં વ્યાપક છે.)

વ્રતોના નિયમોની વિગતો જવા દેતાં, અપ્રમાણિક અને અશુદ્ધ જીવનવહેવાર સામે જનતાનો આત્મા જાગ્રત કરવાનો આ પ્રયાસ પ્રશંસનીય છે. મે માસના પહેલા અઠવાડિયામાં અણુવ્રતી સંઘની પહેલી સભા મળી હતી, અને એવા સમાચાર મળ્યા છે કે પાંચસો જેટલા વેપારીઓએ સંઘના નિયમોપનિયમ પ્રમાણે વ્રતોના પાલનની પ્રતિજ્ઞા લીધી હતી. હું આશા રાખું છું કે પ્રતિજ્ઞા કરનારાઓ વ્રતનાં શબ્દ અને હાર્દનું પાલન કરશે અને સમગ્ર સમાજનું નૈતિક ધોરણ ઊંચે ઉઠાવવા માટે પ્રેરણારૂપ નીવડશે.

વર્ધા, ૯-૫-'૫૦ કિશોરલાલ મશરૂવાળા
(હરિજન બંધુમાંથી સાભાર ઉદ્ધૃત)

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજી. નં. બી. ૪૨૬૬

પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ : ૧૨
અંક : ૮

મુંબઈ : ૧૬ ઓગસ્ટ ૧૯૫૦, મંગળવાર

પાર્સિક લવાજમ
રૂપિયા ૪

બર્નાર્ડ શૉ સાથે એક મુલાકાત

લિંકન (ઇન્ગ્લેન્ડ)માં મેસર્સ રસ્ટન હોર્નબીનું ડીઝલ એન્જીન બનાવવાનું કારખાનું જોવાનું આમંત્રણ મળ્યું ત્યારે કલ્પના પણ નહોતી કે, જગતના એક શ્રેષ્ઠ સાહિત્યકારને મળવાનું તે જ દિવસે સદ્‌ભાગ્ય પ્રાપ્ત થશે. લંડનથી લિંકન બરાબર એકસોત્રીસ માઇલ દૂર; એટલે સવારમાં વહેલા તૈયાર થઈ રસ્તો ટૂંકો કરવાનું શરૂ કર્યું. લંડનથી વીસેક માઇલ દૂર ગયા પછી ઘેરી રસ્તો ગ્રામવિસ્તાર અને ખેતરોમાં થઈ પસાર થતો હતો. ઉનાળાના દિવસો હતા. લંડનવાસીઓને મન ગરમી અસહ્ય હતી, છતાં આકાશ સ્વચ્છ ન કહી શકાય. રડીખડી વાદળીઓમાં સૂર્ય સંતાકૂકડીની રમત રમ્યા જ કરતો હતો.

લંડનની હદ છોડ્યા પછી ગમે તે બાજુ નજર નાંખો–ચારે બાજુ લીલુંછમ હરિયાળું જ હરિયાળું. આંખને ઠારે અને દિલને બહેલાવે એવા કુદરતનો રમણીય દૃશ્યો. ઊંચીનીચી ટેકરીઓને લીધે જમીનનાં આકર્ષક વળાંકો અને તેમાં પગલાં પાડી રહ્યાં હોય એવા નાના મોટા લીલોતરીથી સમૃદ્ધ અને ધાન્યથી પ્રફુલ્લ ખેતરો. રસ્તાની બન્ને બાજુ વૃક્ષો અથવા નાનાં છોડવાઓની હારની હાર. નજર ઠરીને એક સ્થળે બેસતી ત્યાં બીજું દૃશ્ય રજુ થઇ જતું. આંખ થાકતી નહોતી; દિલ ધરાતું નહોતું–જોયા જ કરો; જોયા જ કરો.

અચાનક, મારી સાથેના અંગ્રેજ ભાઇએ કહ્યું: "જુઓ આ બાજુ આઘીથી થોડે દૂર બર્નાર્ડ શૉ રહે છે."

"આંહીં?" નજરને એ દિશાએ ઠેરવતાં મેં પૂછ્યું.

"હા, માઇલેક દૂર. મળવા જવાનું તમને ગમશે?" મારા મનની વાત તેમણે જાણી લીધી હોય એમ મને સીધો પ્રશ્ન કર્યો.

બર્નાર્ડ શૉને મળવાનું કોને ન ગમે? કલ્પના ગમી; પણ ખોટીપો પોસાય તેમ નહોતું. લિંકનમાં નિયત સમયે પહોંચવું જોઇએ, જ્યારે લિંકન હજુ ખૂબ દૂર હતું. આથી ટૂંકમાં જ જવાબ આપ્યો: "જરૂર ગમે, પણ વખત રહે તો વળતા વાત."

જવાબ આપતા આપી દીધો; પછી ઠીક ઠીક ગડમથલ ચાલી. આટલે સુધી આવ્યો, શૉના ઘર પાસેથી નીકળ્યો અને તેમને મળવાની તકને જવા દીધી? જતો હતો લિંકન તરફ, પણ મન પાછું ફરી રહ્યું હતું શૉના નિવાસસ્થાન તરફ.

લિંકનમાં કામ પતી રહ્યા પછી વાતોએ ચઢ્યા એટલે કારખાનાના મુખ્ય વ્યવસ્થાપકને કહ્યું: "ડીઝલ એન્જીનના ઉત્પાદકને મળી આનંદ થયો, પણ હવે અમને નાટક અને નવલકથાના સર્જક (manufacturer of plays and novels) ના દર્શન કરવાની ઇચ્છા છે, તો વહેલા રજા આપશો?" વ્યવસ્થાપકને વાત જાણ્યા પછી ખૂબ આનંદ થયો. પણ સાથે સાથે શૉ કોઇને જ મળતા નથી; ભલભલાને પણ સાફ ના સુણાવી દે છે, એમ વાત કહી દીધી.

સાંજે પાંચ વાગે લિંકનથી નીકળ્યા. મોડું થયે જતું હતું, અને શૉને મળવાની ઉત્સુકતા સુકાયે જતી હતી. નજીક પહોંચતા ગયા તેમ તેમ રસ્તો જાણે કે લંબાતો ગયો. બટર કપ'ના પીળાં ફૂલોથી રળિયામણાં લાગતા ભર્યા ભર્યા ખેતરો અને ડોઇઝીથી અલંકૃત રસ્તાની બન્ને બાજુઓ તરફ લક્ષ પણ ચોંટતું નહોતું.

અમારી સાથેના અંગ્રેજ ભાઇએ કહ્યું: "સામે છે તે ડીગ્બેવેલ. એચ. જી. વેલ્સનું તે નિવાસસ્થાન" ટેકરીઓની વચ્ચે ખીણમાં "લીલી નાધેર" જેવો એ પ્રદેશ છે. ત્યાં જવાનું મન થયું, પણ મનને બાંધી રાખ્યું. આમ ધીરજને ખુટાડતાં ખુટાડતાં છેવટે 'એયોટ સેંટ લોરેન્સ'ના પાટિયા પાસે આવી પહોંચ્યા. શૉના નિવાસસ્થાને જવાનો રસ્તો ત્યાંથી જ.

પરંતુ અમારી ધીરજ ખુટી ગઇ હતી. શૉના સ્વભાવની જાણ હતી જ; તેની વિચિત્રતાઓનો પણ ખ્યાલ હતો; એટલે કે તે મળશે કે કેમ તેની શંકા મનમાં રહ્યા જ કરતી હતી.

ઊંચી ટેકરી પરથી નીચે વળ્યા, સોએક કદમ દૂર ગયા અને જોયું તો સારૂંય વાતાવરણ–દૃશ્ય તદ્દન બદલાઇ ગયેલ. જુદા જુદા દેશોના ગ્રામવિસ્તાર જોયેલ, પણ આ વિસ્તારમાં શરૂથી જ નાવિન્ય જણાયું. માત્ર એક મોટી મોટર જઇ શકે એટલી સાંકડી નેળ હતી, પણ તે પાકી બાંધેલી. નેળમાં જરા પણ કસ્તર નહિ—જાણે હમણાં જ રસ્તો વાળી સાફ કરીને મૂક્યો હશે! 'કાબ્ઝ પાસલી'ની બંને બાજુ ઊંચી લીલીછમ વાડ. જમીનમાંથી સુગંધી આવી રહી હોય તેવું ભભકભર્યું વાતાવરણ. રાતના નવ વાગવા આવ્યા હતા, ઝાંખું અજવાળું અંધારા સામે બાથ ભીડી રહ્યું હતું. વાંકીચૂકી નેળ, તદ્દન શાંતિ–નીરવ શાંતિ કહીએ તો ચાલે. સારે રસ્તે ત્રણેક માઇલના ગાળામાં ત્રણ ચાર દંપતી ફરવા નીકળ્યાં હતાં તેમના સિવાય કોઇ મળ્યું નહિ એટલી શાંતિ.

ગામની ભાગોળે અધેં સુધી જઇ પૂછ્યું ત્યારે જવાબ મળ્યો; "પહેલા ડાબા વળો; પછી જમણાં ખૂણા પર નજર નાખજો. જે મકાન પર 'શૉ–કોનર' લખેલું જણાય તે જ શૉનું મકાન."

ઠીક ઠીક ખુલ્લી જગા રોકતું શૉનું મકાન હતું. જૂની ઢબની બાંધણીનું કહી શકાય. એક માળવાળું અને બેઠા ઘાટનું. મુખ્ય દરવાજાની લોખંડની જાળી ઉઘાડી જોઇ તો બગીચો નજરે ચડ્યો. એની સારી રીતે જાળવણી થઇ રહી હોય એમ લાગ્યું. વસંતઋતુના રંગબેરંગી ફૂલોથી એની શોભા વધતી હતી. મકાન પર વેલોને ચઢાવી દીધી હતી.

મકાનના મુખ્ય બારણે જઇ ઘંટડી દબાવી. 'શૉ' ઉંઘી ગયા હશે તો ફેરો ફોગટ, એ બીક પણ હતી. 'શૉ' કોઇને મળતા જ નથી, એની પહેલેથી ખબર હતી, છતાં આ જોખમ લીધું હતું. તર્કવિતર્કથી મન ક્ષુબ્ધ થવા લાગ્યું. ઘંટડીના અવાજ સાથે શૉની સંભાળ રાખનાર બાઇએ બારણું ઉઘાડ્યું; પૂછ્યું: "કોનું કામ છે?"

"બર્નાર્ડ શૉના દર્શને આવ્યા છીએ." મેં જવાબ આપ્યો, મારી સાથે બીજા બે ભાઇ પણ હતા.

"દિલગીર છું: તમને તેઓ નહિ મળી શકે." બાઇનો જવાબ મળ્યો.

શોને મળવાની મેં ફરી આતુરતા બતાવી.

"તેમની તબિયત બરાબર નથી, પથારીવશ છે, એટલે અત્યારે નહિ મળી શકે." બાઇએ કહ્યું.

"અમે તેમની સાથે વાત કરવા ઇચ્છતા નથી. તેઓ જો સૂઇ ન ગયા હોય તો, બારણેથી તેમનાં દર્શન કરી પાછા ફરવાના છીએ. તેમને જરા પણ તકલીફ નહિ આપીએ એની ખાતરી રાખજો" મેં ધીમેથી કહ્યું.

બાઇ ક્ષણભર થોભી, વિચાર કરી જોયો, મારા રાષ્ટ્રીય પોશાક–ગાંધી ટોપી અને શેરવાણી સામે જોયું, કહ્યું: "અંદર આવો; હું પૂછીને તમને કહું." જે બાઇને વર્તમાનપત્રના ખબરપત્રીઓ કડકમાં કડક વિશેષણથી નવાજે છે, તેણે અમારો સૌમ્ય ભાષાદ્વારા સત્કાર કર્યો.

અમને એક ઓરડામાં સ્થાન મળ્યું. નાનકડું વાંચનાલય જ કહી શકાય. બર્નાડ શોનું દીવાનખાનું કે વાંચવા માટેનો જ તે ઓરડો હતો. ઓરડાની સામસામેની બન્ને દીવાલો નાનાં નાનાં ઘોડાઓથી શોભતી હતી. તેમાં પુસ્તકો પણ ઠાંસી ઠાંસીને ભર્યાં હતાં. સામેની દીવાલ પર, કબાટમાં નીચે, કેટલીક ચીજો વ્યવસ્થિત રીતે મુકાઇ હતી. તેના ઉપરના ભાગમાં શેકસપિયરની કાચની નાનકડી આકૃતિ હતી, અને બાજુમાં "શો"ની પ્લાસ્ટરથી બનાવેલી નાની પ્રતિકૃતિ. પાછળની દીવાલ કાચની જ હતી. તેમાંથી બહારનું પ્રકૃતિસૌન્દર્ય આસાનીથી નિહાળી શકાતું હતું; તેમ જ પ્રકાશ પણ પૂરતા પ્રમાણમાં ત્યાંથી જ આવતો હતો. દીવાલને અડીને કેટલાંક કુંડાઓ પડયા હતા. એની એક બાજુ 'શો' ની પ્લાસ્ટરની પ્રતિકૃતિ—ઠીક ઠીક મોટી સમચોરસ પ્રતિકૃતિ ધ્યાન ખેંચતી હતી. ઓરડો ભર્યો ભર્યો લાગતો હતો. વચ્ચે 'ફાયરપ્લેસ'ની સામે મોટી ત્રણ ખુરશીઓ—આરામથી બેસી શકાય તેવી—અને બે નાની ખુરશી પડી હતી, તો નાનાં ટેબલ પણ બાજુમાં હતાં, તેમના વાંચવાના ઘોડા પર બે પુસ્તકો જલ્દી ધ્યાન ખેંચતાં હતાં: "Days and Nights", અને "What Every One wants to know About Money."

આરામથી બેસી શકાય એવી મખમલ મઢી ખુરશી પર બેસવા અમને ઇશારત થઇ. જે ખુરશી પર બર્નાડ શો દરરોજ બેસતા હશે તેની પર બેસતાં કંઇ કંઇ કલ્પનાઓ સળવળવા લાગી. બાઇને આવતાં થોડી વાર થઇ એટલે મન ઊંચુંનીચું થવા લાગ્યું. 'શો'ને મળવાની આશા નહોતી જ, પણ બાઇના મમતાળુ વલણથી જે આશા ઉત્પન્ન થઇ હતી તે નિરાશામાં પલટાવા લાગી. પણ વધુ નિરાશા થાય તે પહેલાં બાઇએ પ્રવેશીને કહ્યું: "બર્નાડ શો તમને મળવા આવે છે."

'બર્નાડ શો મળવા આવે છે,' એ સાંભળી ક્ષણભર વિચાર કરવાની શક્તિ પણ કુંઠિત થઇ ગઇ. જગતનો ઉત્તમ સાહિત્યકાર, તબિયત બરાબર ન હોવા છતાં મળવા આવે છે? અમારા માન્યામાં ન આવ્યું. અમે એકબીજા સામે જોવા લાગ્યા, અને આશ્ચર્ય વ્યકત કરીએ તે પહેલાં, ઓરડાની બહારથી લાકડીનો 'ટીક ટીક' અવાજ સંભળાયો. અમે ત્રણે ઊભા થઇ ગયા. બર્નાડ શોએ બારણું ઉઘાડી, ઓરડામાં પ્રવેશ કર્યો.

જૈફ ઉમર, ચાલતાં પણ શ્રમ પડે, નેજવું કરીને જોવું પડે એટલી ક્ષીણ થયે જતી દૃષ્ટિ, પણ તેમની આંતરશકિત ઓછી ક્ષીણ થઇ હતી? એમના ઊભા રહ્યા પછી, એમ ન લાગે કે તેઓ માંદા હશે. અવાજમાં રણકાર અને એટલી જ સ્પષ્ટતા—કયાંય શિથિલતા નહિ.

લાકડીના ટેકે ઊભા રહી, બીજે હાથે નેજવું કરી, અમને જોઇ, હાથ લંબાવી તેમણે અમારો સત્કાર કર્યો: "Well Gentlemen, Good Evening!"

અમે વારાફરતી તેમની સાથે હાથ મિલાવ્યા, અને હિંદી ઢબે તેમને નમસ્કાર કર્યા.

"કયા દેશમાંથી આવો છો?" તેમણે સૌથી પહેલો પ્રશ્ન પૂછ્યો.

"હિંદુસ્તાન."

"કયો ભાગ?"

"ગુજરાત–મુંબઇ."

"ઠીક ઠીક, આંહીં કયાંથી?"

"લિંકનથી પાછા ફરતા રસ્તામાં જાણ થઇ કે, આપ આંહીં જ રહો છો એટલે મન થઇ આવ્યું કે, આપનાં દર્શન કરી પાછા ફરીએ. આપનાં પુસ્તકો દ્વારા અમારા હૃદયમાં આપનું સ્થાન હતું જ, પણ આજે આપને મળી અમે કૃતકૃત્ય થયા."

આ સાંભળી તે વધુ ટટ્ટાર થયા. તેમના મોં પરની કરચલીઓમાં લોહી વહેવા લાગ્યું. મારે ખભે હાથ મૂકી તે બોલ્યા: "ભાઇ હવે હું બર્નાડ શો નથી. એક વખત હું હતો; આજે નહિ. હવે તો હું એક પ્રાણી છું (I am an animal.)"

"ના ના." મેં કહ્યું.

"હું કહું છું ને!" તેમણે કહ્યું.

"આપની વાત એક રીતે કબૂલ." મેં જવાબ આપ્યો. "આપણો વિકાસ નાનાં જંતુમાંથી અને છેવટે પ્રાણીમાંથી થયો છે, એ દૃષ્ટિએ આપણે સૌ પ્રાણી જ છીએ. આ પ્રાણીઓમાં તમે વધુ વિકસિત; વધુ બુદ્ધિશાળી."

"ના! ના!" તેમણે મારા વાકયને પૂરું ન થવા દીધું. "ઘરડામાં ઘરડું પ્રાણી!" વળી તરત જ તેમણે ઉમેર્યું. "ઘરડું નહિ; મરેલું પ્રાણી, હવે તમે માનો કે બર્નાડ શો મરી ગયો છે. (Show is dead.)"

"એમ શી રીતે મનાય? ત્રાણુમે વર્ષે હજુ પણ આપ લખી શકો છો; ફરી ફરી શકો છો; પછી એમ શી રીતે મની શકાય?" મારે તેમની સાથે વાત કરવી જ હતી એટલે મેં લંબાવ્યું. "હવે આ સાથે જ પ્રશ્ન પૂછી શકું? મને સો વર્ષ જીવવાની ઇચ્છા છે; આપ ત્રાણું વર્ષનાં છો. આપ વધુ જીવવા વિષે શી સલાહ આપશો? સો વર્ષ જીવવું ઇચ્છનીય છે?"

"શા માટે નહિ? હું ત્રાણું વર્ષનો છું. હજુ હું જીવું છું અને મારે મન સો વર્ષના થવું એમાં દુઃખ નથી. સો વર્ષ જીવવા ઇચ્છું પણ છું." તેમણે સ્પષ્ટીકરણ કર્યું.

"તો આ ઉમરે ત્રાણું વર્ષના લાંબા ગાળાની–પહેલાંનાં, સુખની કે દુઃખની સ્મૃતિ–આનંદ કે શોક આપને સતાવતા નથી?" મેં વિનયપૂર્વક પૂછ્યું.

"જરા પણ નહિ." તેમણે ભારપૂર્વક કહ્યું. "તમને પણ એ ઉમરે કશું સતાવશે નહિ. મને કોઇ પણ પ્રકારે દુઃખ નથી. વાસ્તવિક રીતે દરેક માણસે ત્રણસો વર્ષ જીવવું જોઇએ, પણ દુઃખ એ છે કે જીવાતું નથી નાં?"

કેટલીક આનુષંગિક વાત પછી વાતને મેં જુદો વળાંક આપ્યો: "આપ જાણતા હશો કે ગાંધીજી એકસોપચીસ વર્ષ જીવવા ઇચ્છતા હતા."

"એ માનવાને હું તૈયાર નથી (I could not belive it)" આ વાકય ઉચ્ચારતાં તેમનો અવાજ વધુ સ્પષ્ટ થયો. તેમનો કહેવાનો આશય એ હતો કે જો ગાંધીજીને એકસો પચીસ વર્ષ જીવવું હોત તો આટલી સહેલાઇથી તેમણે તેમની જાતને શહીદ થવા દીધી નહોત. ગાંધીજીના અવસાન પ્રસંગે તેમણે તેમના જ 'જોન ઓફ આર્ક' નાટકમાં મૂકેલા એક વાકયથી ગાંધીજીને અંજલી આપેલી–It is dangerous to be too good. એ વાકય આ ક્ષણે યાદ આવ્યું. સીધી રીતે કોઇ વાત કહે તો તે બર્નાડ શો હોય જ નહિ!

પછી એમણે મારી સાથેના ભાઇઓની માહિતી પૂછી, અને કહ્યું: "તમારે આવવું હોય ત્યારે પહેલાં લખવું જોઇએ."

(અનુસંધાન પૃષ્ઠ ૬૬ જુઓ.)

કેટલાક સમાચાર અને નોંધ

ઓગસ્ટની ૧૫મી તારીખ

આજથી ત્રણ વર્ષ પહેલાં આ દિવસે સમસ્ત હિંદ-માંથી અંગ્રેજી હકુમતે વિદાય લીધી હતી અને સંપૂર્ણ સ્વરાજ્યનો પ્રારંભ થયો હતો. એ આઝાદી મળ્યાને આજે ત્રણ વર્ષ થયાં એમ છતાં એ દિવસે આપણું આકાશ જેવાં વાદળાંઓથી ઘેરાયલું હોતું તેવો જ વાદળઘેરાવો આજે પણ આપણે અનુભવી રહ્યા છીએ અને સ્વાયત્ત શાસનના અનેક લાભો પ્રાપ્ત થયા છતાં અને પ્રજાજનો માટે પોતાની શક્તિ દાખવવાનાં અનેક દ્વારો ખુલવા છતાં પ્રજાનાં અધિ વ્યાધિ કે ઉપાધિમાં જરા પણ ઘટાડો થયો દેખાતો નથી. ઊલટો વધારો થયો હોય એવા પણ નવા કેટલાક સંયોગો ઉભા થયા છે અને પ્રજાના સુખચેન કરતાં આઝાદી–સ્વતંત્રતા–સ્વાધીનતાનું મૂલ્ય કોઇ જુદું જ છે એ પ્રતીતિ ન હોત તો આજની પરિસ્થિતિ અંગ્રેજી હકુમત દરમિયાન જે પરિસ્થિતિ પ્રવર્તતી હતી તે કરતાં જરા પણ વધારે આવકારદાયક ન લાગત. આઝાદી મળ્યા બાદ હજુ સુધી આપણા કમનસીબે આપણે સુખનો દહાડો જોયો નથી અને આપણા પુરૂષાર્થની પુરેપુરી કસોટી કરે એવી નવી નવી સમસ્યાઓ ઊભી થયે જ જાય છે, અને અનેક જુની સમસ્યાઓ હજુ અણઉકલી એમની એમ ઉભેલી જોવામાં આવે છે. આઝાદી મળ્યા બાદ પાકીસ્તાનનું કાશ્મીર ઉપરનું આક્રમણ શરૂ થયું તેનો હજુ કોઇ ઉકેલ આવ્યો નથી. વળી પાકીસ્તાન સાથે બીજી બાજુએ ધપાવું વધતાં જ ચાલ્યા છે અને હજુ છ મહિના પહેલાં તો બન્ને વચ્ચે લડાઇ ફાટું ફાટું થઇ રહી હતી એવામાં વળી બન્ને રાષ્ટ્રો વચ્ચે કાંઇક સમાધાની થઇ અને પ્રજાએ થોડી રાહત અનુભવી. આમ છતાં પણ પૂર્વ બંગાળમાંથી નિર્વાસિત હિંદુઓનો પ્રવાહ અખંડિત આ બાજુ વહ્યા જ કરે છે અને પાકીસ્તાન સાથેના આપણા સંબંધોને અનેક રીતે જોખમાવી રહેલ છે. છેલ્લાં વિશ્વયુધ્ધે કાંળા બજાર અને સરકારી રૂશ્વતખોરી સરજેલી તે બન્ને આજે એના એજ સ્વરૂપે ફાલી ફુલી રહેલ છે અને પ્રજાજીવનને કોરી રહેલ છે. મોંઘવારીમાં કશો પણ ઘટાડો થવાને બદલે વધારો જ થતો ચાલ્યો છે અને નિર્વાસિતોના અણકલ્પ્યા પ્રશ્નને એટલી બધી જટિલ પરિસ્થિતિ ઉભી કરી છે અને સરકારી આર્થિક ગુંચને એવી વધારી મૂકી છે કે તેમાંથી કેમ ઉંચે આવાશે એની ખરી રીતે કોઇને સુઝ જ પડતી નથી. માથે વળી કોરીઆનું યુદ્ધ શરૂ થયું છે સમીપ લાવી મુક્યું અને જાણે કે ત્રીજા વિશ્વયુદ્ધને તેણે બહુ હોય એમ લાગે છે, અને એ જો ખરેખર આવીને ઉભું રહે તો આપણા દેશની કેવી દુર્દશા થાય તેની કોઇ કલ્પના જ થઇ શકતી નથી. આવા વિષમ સંયોગો વચ્ચે આપણી રાજકીય નૌકા ચાલી રહી છે, પોતનો માર્ગ કરી રહી છે. કયારે કયા ખડક ખરાબા સાથે આપણે અથડાઇ પડશું, એવા ભયથી કોઇ પણ મુકત નથી. એક રીતે આજ આપણો કસોટી કાળ છે. એમાં ટકી રહેવામાં, આગળ કરવામાં, આગળ વધવામાં ખરો પુરૂષાર્થ રહેલો છે. આપણા સરકારી વહીવટમાં અવ્યવસ્થાનો કોઇ પાર નથી; લાંચરૂશ્વતે આખા તંત્રને દૂષિત કરી નાખ્યું છે. આમ છતાં આ સરકાર આપણી છે; તેને સુધારવી કે ફેરવવી તે આપણા હાથની વાત છે. સરકાર સામે યદ્વાતદ્વા બોલવાથી નથી સરકાર સુધરવાની, નથી આપણો ઉદ્ધાર થવાનો. આ સરકારને સુધારવી હોય તો તેને આપણે પુરો સાથ આપવો ઘટે છે. લાંચ રૂશ્વત કે કાળા બજાર સામે પોકારો કરવાને બદલે તે અટકાવવા માટે આપણે પોતે જ કમર કસવી ઘટે છે. આમ પ્રજા જો કૃત-નિશ્ચયી બને તો સ્વરાજ્ય સુરાજ્યમાં જરૂર પલટો પામે અને જ્યાં ચોતરફ નિરાશા, નિરૂત્સાહ અને અંધકાર જોવામાં આવે છે ત્યાં આશા અને ઉત્સાહ પ્રગટે અને આબાદીના માર્ગે આપણું શુભ પ્રયાણ શરૂ થાય.

વ્યક્તિસ્વાતંત્ર્ય અને કેન્દ્રસ્થ સંગઠન

પ્રજાજીવનનું કેન્દ્રસ્થ સંગઠન અને વ્યકિતસ્વાતંત્ર્ય એ બન્ને વચ્ચે કોઇ સમન્વય શકય છે કે નહિ એ આજના લોકશાસન-પ્રણિત રાજકારણની એક કૂટ સમસ્યા છે. એક બાજુએ પ્રજાજીવનમાં વ્યકિત સ્વાતંત્ર્યનું મહત્ત્વ નાનુંસુનું નથી. કારણકે વ્યકિત સ્વાતંત્ર્ય વિના પ્રજાજીવનનો સાચો અને આધારભૂત વિકાસ શકય જ નથી. બીજી બાજુએ રાજ્યવહીવટનું કેન્દ્રીકરણ અને ઉદ્યોગોનું સમાજીકરણ સુવ્યવસ્થા, યોજના મુજબની પ્રગતિ સાધના, અને રાષ્ટ્રની આન્તર બાહ્ય સુરક્ષા માટે વધારે ને વધારે આવશ્યક અને અનિવાર્ય બનતાં લાગે છે. થોડા દિવસ પહેલાં બનારસ હિંદુ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સમક્ષ પ્રવચન કરતાં હિંદના મહાઅમાત્ય પંડિત જવાહરલાલ નહેરૂએ આ સમસ્યાનો ઉકેલ કરતાં જણાવ્યું કે, "વ્યકિતગત સ્વાતંત્ર્ય અને વેગવાન સામાજિક પ્રગતિ–ઉભય વચ્ચે કેવી રીતે સમન્વય સાધવો એ આજનો મુખ્ય પ્રશ્ન છે. વ્યકિતગત સ્વાતંત્ર્ય અને સાથે કેન્દ્રી-કરણનો કોઇ મેળ બેસી શકે એમ છે કે નહિ ? હું સામાજિક ન્યાયરચનામાં ખુબ માનવાવાળો છું, પણ સાથે સાથે મને એ બાબતની પણ પુરી પ્રતીતિ છે કે જેમાં વ્યકિત સ્વાતંત્ર્યનો ઉચ્છેદ કરવામાં આવ્યો હોય અને તેના વિકાસને કશો અવકાશ આપવામાં આવ્યો ન હોય એવી કોઇ પણ સમાજરચના કે રાજ્યવ્યવસ્થા લાંબો વખત ટકી શકવાની નથી અને આખરે નાશ પામવાની છે. આમ હોવાથી વ્યકિત સ્વાતંત્ર્યના ખ્યાલને હું કોઇ પણ સંયોગમાં તિલાંજલિ આપવા નથી માંગતો. પ્રશ્ન તો એ છે કે વ્યકિત સ્વાતંત્ર્યના બહોળા પ્રમાણને કેમ જાળવવું અને સાથે સાથે સામાજિક તેમ જ આર્થિક પ્રગતિ કેવી રીતે સાધવી ? આ બન્ને બાબતોનો આપણે જો મેળ મેળવી શકીશું તો આપણે આ સમસ્યાનો સાચો ઉકેલ આણ્યો લેખાશે.

"લોકશાસનમાં સૌ કોઇ સરખા છે અથવા તો સૌ કોઇનું સ્થાન સરખું છે એમ કહેવું એ દેખીતી રીતે ખોટું છે. એક ડાહ્યો હોય છે, બીજો બેવકુફ હોય છે. શારીરિક લક્ષણો કે માનસિક દશનમાં એક અન્યથી જુદો પડતો હોય છે. લોકશાસનનું રહસ્ય એમાં રહેલું છે કે શિક્ષણ, અન્નોપાર્જન, આરોગ્ય-સાધના અને જીવનની એવી અન્ય સર્વ જરૂરિયાતો પ્રાપ્ત કરવા માટે સૌ કોઇને સરખી તક મળવી જોઇએ. હું જરૂર માનું છું કે રાજકીય પ્રશ્નોનો સમગ્ર પ્રજાના હિતની દૃષ્ટિએ અને લોકશાસનના ધોરણે વિચાર કરવો જોઇએ, પણ સાથે સાથે એમ કહેવાને હું બિલકુલ તૈયાર નથી કે સો બેવકુફ લોકોનો અભિપ્રાય એક ડાહ્યા માણસના અભિપ્રાય કરતાં વધારે કીંમતી અને આદરણીય છે. લોકશાસનમાં હંમેશાં મુશ્કેલીઓ રહેલી છે. પણ લોકશાસિત પદ્ધત્તિ દ્વારા સારા અને યોગ્ય માણ-સોના હાથમાં સર્વ અધિકારો સ્થાપિત થાય એવી તક હું શોધતો રહું છું અને એવી અપેક્ષા હું ધરાવું છું. આવી મારી અપેક્ષા એટલા માટે છે કે જે બેવકુફ અને નાલાયક માણસો –આવા માણસો કેવળ બેવકુફ હોય છે એમ નથી હોતું, તેઓ દુષ્ટ પણ હોય છે–આવા બેવકુફ લોકો અને સ્થાપિત હિત ધરાવતા વર્ગોના હાથમાં જો સત્તા આવીને પડે તો તેઓ બીજા લોકોને કામ કરવાનો જરા પણ અવકાશ આપતા જ નથી."

આવી રીતે એક બાજુ કેવળ વ્યકિતસ્વાતંત્ર્યવાદ અને બીજી બાજુએ સામાજિક કેન્દ્રીકરણ આ બે વચ્ચે રહેલો મધ્યમ

માર્ગ જો આપણે શોધી શકીએ તો જ વ્યક્તિના જીવનમાં અવનવી કાર્યપ્રેરણા અને સામાજિક શ્રદ્ધા જન્મ પામે અને જે ધ્યેય સમીપ પહોંચવાનું આપણા સર્વનું સમાન લક્ષ્ય છે તે ધ્યેય સમીપ પહોંચવાની અનેકવિધ સાધનામાં દરેક વ્યક્તિ પોતાથી શકય તેટલો ફાળો આપવા પ્રેરાય.

એકની હયાતીમાં અન્યની સાથે
શ્રી પી. ટી.એ માંડેલા પ્રભુતામાં પગલાં

સમસ્ત શિષ્ટ દુનિયાને આ સમાચાર જાણીને સખ્ત આઘાત લાગશે કે જાણીતા સમાજવાદી આગેવાન શ્રી પુરૂષોત્તમ ત્રીકમદાસે લગભગ ૫૫ વર્ષની ઉમ્મરે આશરે ૩૫ વર્ષ સુધી જેની સાથે એકસરખો ઘરસંસાર ચાલી રહ્યો હતો તેવાં એક સુશીલ અને સમકક્ષાની પત્નીની હયાતીમાં દક્ષિણ હિંદુસ્તાનની એક અન્ય બાઇ સાથે લગ્ન કર્યું છે. આ બાઇએ પોતાની આગળના સંસારથી પ્રાપ્ત થયેલ દંશથી બાર વર્ષની પુત્રી સાથે નવા સંસારમાં પ્રવેશ કર્યો છે. આ બાઇ કેટલાંક વર્ષથી મુંબઇમાં રહે છે અને પીપલ્સ મોબાઇલ હોસ્પીટલની એક મુખ્ય કાર્યકર્તા છે. શ્રી પુરૂષોત્તમ ત્રીકમદાસ જાણીતા બેરીસ્ટર છે અને મુંબઇની હાઇકોર્ટમાં 'પ્રેકટીસ' કરે છે. દેશની આઝાદીની લડતો દરમિયાન તેમણે અવારનવાર જેલવાસ ભાગવ્યો છે. તેઓ મુંબઇની કોંગ્રેસના એક વખત અગ્રગણ્ય કાર્યકર્તા હતા અને સમાજવાદી પક્ષ કોંગ્રેસથી જુદો પડયા બાદ તે પક્ષમાં પણ તેઓ પ્રભુત્વભર્યું સ્થાન ધરાવી રહ્યા છે. થોડા સમય પહેલાં સમાજવાદી પક્ષના એક અધિવેશનનું તેમણે પ્રમુખસ્થાન શોભાવ્યું હતું. કેટલાક સમય પહેલાં બેતાણી બંધુઓ તરફથી મુંબઇ શહેરમાં પીપલ્સ મોબાઇલ - હોસ્પીટલની શરૂઆત કરવામાં આવેલી, આને લગતી કમિટીના તેઓ પ્રારંભથી પ્રમુખ છે. નંદિની ભગવાનદાસના સુપ્રસિદ્ધ કેસમાં તેઓ નંદિની પક્ષે ઉભા રહ્યા હતા અને નંદિની માટે ન્યાય મેળવવા તેમણે તનતોડ મહેનત કરી હતી. તેઓ મિત્રવર્ગમાં તેમ જ નજીકના સ્નેહીસંબંધીઓમાં પી. ટી.ના ટુંકા નામથી ઓળખાય છે. જેઓ તેમને અંગત રીતે જાણતા હશે તેમાંથી ભાગ્યે જ કોઇ એવું મળશે કે જે તેમના આગળનાં પત્નીને ન જાણતા હોય, કારણકે તે બહેને પી. ટી.ના ખાનગી તેમ જ જાહેર જીવનમાં એક સરખો સાથ અને સહકાર આપ્યો છે, અને અનેક પ્રકારના ટાઢ તડકા ખમેલ છે. તેઓ પોતે કોઇવાર જેલમાં ગયાં છે કે નહિ તેની મને ખબર નથી પણ ૧૯૩૦-૩૨ માં દેશસેવિકા તરીકે તેમણે સારૂં કામ કર્યું હતું. પતિના જેલવાસો દરમિયાન અનેક પ્રકારની તંગીઓ વચ્ચે હસતા મોઢે તેમણે મહિનાના મહિના પસાર કર્યા છે. આવા દીર્ઘકાલીન લગ્નજીવનને ઠોકર મારીને શ્રી. પુરૂષોત્તમ ત્રીકમદાસે આ ઉમ્મરે અન્ય કોઇ સ્ત્રી સાથે સંસારયાત્રાનો પ્રારંભ કરવાનું યોગ્ય વિચાર્યું છે, અને નંદિનીની વહારે જનાર બેરિસ્ટરે પોતાના જ જીવનમાં એક બીજી નન્દિની નિર્માણ કરી છે. આ જેટલું આઘાતક છે તેટલું જ વિસ્મયજનક છે.

વિસ્મયજનક એટલા માટે કે આ તે કેવા પ્રકારની ભોગલાલસા સમજવી કે જે ચિરન્તન જીવનસાથીના સર્વ હકક અધિકારો અને તેના તરફની ફરજોનું બલિદાન આપવા તરફ ધસડી જાય છે અને એકના જીવનમાં હોળી પ્રગટાવીને અન્ય સાથે જીવન-વસન્ત માણવા પ્રેરે છે અને આ અનર્થ એવી કોઇ વ્યકિતના હાથે થતો હોય જે કેવળ મૂઢ ધનપતિ હોય અને ખાવું-પીવું અને ખેલવું એટલું જ જેને જીવનદર્શન હોય, તો આ એક પ્રકારની અજ્ઞાનલીલા છે એમ સમજીને આપણે સમાધાન ચિન્તવીએ. પણ જો ભણતર, જ્ઞાન, અનુભવ, ઉમ્મર-એ પરિપકવ સાંસ્કારિતાના અનુમાપક તત્વો હોય તો શ્રી. પુરૂષોત્તમમાં આમાંની એક પણ બાબતની ઉણપ કલ્પી શકાતી નથી. આ દૃષ્ટિએ જોતાં આવું અનર્થપૂર્ણ લગ્ન એક ન ઉકેલી શકાય તેવો કોયડો બને છે.

મુંબઇની સરકારે બહુપત્નીત્વ-પ્રતિબંધક કાયદો કર્યો છે. શ્રી પુરૂષોત્તમ પ્રખર ધારાશાસ્ત્રી છે. આમ છતાં પણ એક સ્ત્રીની હયાતીમાં બીજી સ્ત્રી સાથે લગ્ન કરીને શ્રી. પુરૂષોત્તમે મુંબઇની સરકારના કાયદાને છડેચોક ઠોકરે માર્યો છે, અલબત્ત પોતે કુશળ વકીલ હોઇને આ કાયદાની ચુંગાલમાંથી છટકી જવાની બારી શોધીને જ તેમણે આ કાર્ય કર્યું હશે એવું ઘણાનું અનુમાન છે. આમ છતાં પણ મુંબઇ સરકારે આ કિસ્સો તરત જ હાથ ધરવો ઘટે છે, અને જો તેમણે કાયદાનો ભંગ કર્યો છે એમ માલુમ પડે તો તેમને આ સંબંધમાં સખ્ત શિક્ષા થવી ઘટે છે અને તેમના આ કાર્ય પાછળ કાયદાની ચુંગાલમાંથી છટકવાની કોઇ બારી રહેલી છે એમ માલુમ પડે તો મુંબઇ સરકારે પહેલી તકે ચાલુ કાયદામાં રહી ગયેલી આવી છટકબારી દૂર કરવી ઘટે છે.

પણ આવું લગ્ન કરીને શ્રી પુરૂષોત્તમે મુંબઇ સરકારના કાયદાનો ભંગ કર્યો છે કે નહિ એ આખરે એક ગૌણ બાબત છે. નૈતિક તેમ જ સામાજિક દૃષ્ટિએ આ તેમનું કાર્ય અતિ નિન્દનીય છે. સામાન્યતઃ કોણે કોની સાથે લગ્ન કરવું યા ન કરવું એ અંગત બાબત લેખાય છે, પણ જ્યારે સમાજનો એક આગેવાન નેતા પોતાના ચાલુ લગ્નજીવનનો દ્રોહ કરીને, પોતા સાથે જોડાયેલ વ્યકિત પ્રત્યે ભારેમાં ભારે અન્યાય આચરીને અન્ય સાથે લગ્ન સંબંધથી જોડાવાની ધૃષ્ટતા કરે છે ત્યારે તે લગ્ન કેવળ એક વ્યકિતગત અંગત ઘટના નથી રહેતી, પણ એક મહત્ત્વની સામાજિક ઘટનાનું સ્વરૂપ ધારણ કરે છે અને આવા લગ્નના ઔચિત્ય-અનૌચિત્યની ચર્ચા વિચારણા કરવાનો સૌ કોઇને હકક પ્રાપ્ત થાય છે.

એક વિશેષ આશ્ચર્યજનક બીના તો એ છે કે આ લગ્નની હકીકત મુંબઇના આગેવાન લોકોથી કે છાપાવાળાઓથી હજુ અજાણી છે એમ છે જ નહિ. આમ છતાં પણ આ બાબતમાં નથી મુંબઇ સરકાર કશા પગલાં ભરતી કે નથી કોઇ છાપામાં નાનો સરખો વિરોધ દર્શાવવામાં આવતો. આજ બનેલા બનાવનો આવતી કાલે ન્યાય તોળવાની તરલ વૃત્તિ સેવતા અને કોઇ પણ અપવાદજનક સામાજિક ઘટના સામે કોલાહલ મચાવી મૂકવાની આદતવાળા પત્રકારોનું આ બાબતને લગતું મૌન ન સમજી શકાય તેવું છે. શું આપણે એટલા બધા નિશ્ચેષ્ટ બની બેઠા છીએ કે આવો સ્વચ્છંદ આપણી નજર સામે બની રહેલો જોવા છતાં આપણું રૂંવાડું પણ ફરકતું નથી ?

માનસશાસ્ત્રની દૃષ્ટિએ વિચારતાં એમ જરૂર કહી શકાય કે આવા લગ્નસંબંધો કેવળ આકસ્મિક હોતા નથી. આની પાછળ ઘણી વખત આગળના લગ્નજીવનમાં ઉત્તરોત્તર સંગ્રહિત થયેલો અસંતોષ ભારે કામ કરી રહેલો હોય છે. એમ પણ બને છે કે કંઇ વર્ષો સુધી ઘણીવાર આવા કોઇ અસંતોષને પોતાના જીવનમાં જરા પણ સ્થાન નથી હોતું, પણ અન્ય કોઇ નવી વ્યકિત સાથે વધતી જતી મહોબતમાંથી આવો અસંતોષ એકાએક પેદા થાય છે અને ઉત્તરોત્તર વધતો જાય છે, જેનું પરિણામ કદી કદી એકના પરિત્યાગમાં અને અન્ય સાથેના જોડાણમાં આવે છે. શ્રી પુરૂષોત્તમનો કિસ્સો કેવા પ્રકારનો છે તે આપણે જાણતા નથી તેમ જ તેમની આવી કોઇ અંગત હકીકતમાં માથું મારવાની આપણને જરૂર પણ નથી. તેમાં માથું મારવાનો આપણને હક પણ નથી. અંગત સંયોગો ગમે તે હોય, એક સ્ત્રીની હયાતીમાં બીજી સ્ત્રી સાથે લગ્ન કરવું એ સિદ્ધાન્તની દૃષ્ટિએ તો વાંધાપડતું છે જ, એટલું જ નહિ પણ જે કક્ષાએ શ્રી પુરૂષોત્તમનું આજ સુધીનું સુગ્રથિત લગ્નજીવન

આવીને ઉભું છે તે કક્ષાએ તેમનું આ કાર્ય કેવળ અક્ષમ્ય અને નીતિન્યાયનું ઉલ્લંઘન કરનારું છે.

સહેસાવનનો ઝગડો

થોડા દિવસ પહેલાં જન્મભૂમિમાં એવા સમાચાર પ્રથટ થયા હતા કે ગિરનારમાં આવેલ સહેસાવનમાં પ્રભુપગલાંની જે દેરીઓ છે તે સંબંધમાં શ્વેતાંબર અને દિગંબર જૈનોમાં ઝગડો પડયો છે અને બન્ને પક્ષોએ સૌરાષ્ટ્ર સરકાર સમક્ષ પોતપોતાનો દાવો નોંધાવ્યો છે અને આ બાબતની જાતતપાસ કરવા માટે સૌરાષ્ટ્રના મુખ્ય સચિવ શ્રી. ઢેબરભાઈ ૧૧ મી તારીખે ગિરનાર જવાના છે અને આ પ્રસંગે બન્ને પક્ષના પ્રતિનિધિઓને હાજર રહેવાનું કહેવરાવવામાં આવ્યું છે. આવા કોઈ ઝગડા વિષે ઘણા ખરા લોકો અજાણ્યા છે અને તેથી આ બાબત વિષે થોડી માહિતી આપવી તે સ્થાને લેખાશે.

હજુ ગયા મે માસની આખરમાં જ મને સહકુટુંબ ગિરનાર જવાનું બન્યું હતું. સૌરાષ્ટ્રમાં શત્રુંજય અને ગિરનાર જૈન મૂર્તિપૂજક સમાજના અને ખાસ કરીને શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગના પ્રમુખ તીર્થસ્થળો છે. આ બન્ને સ્થળોએ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનો બહુ મોટી સંખ્યામાં અને દિગંબર જૈનો પણ ઠીક ઠીક સંખ્યામાં યાત્રાએ જાય છે. શત્રુંજય ઉપર તેમ જ ગિરનાર ઉપર શ્વેતાંબર મૂર્તિપૂજકોનાં સંખ્યાબંધ ભવ્ય દેવાલયો છે અને પ્રત્યેક સ્થળે દિગંબર જૈનોનું પણ એક એક ભવ્ય જિનાલય છે. ગિરનાર ઉપર જ્યાં જૈન મંદિરોનો સમુચ્ચય આવેલો છે ત્યાંથી થોડુંક ઉપર ચઢીને આગળ ચાલીએ અને પછી ભેરવજપની બાજુએથી પાછળના ભાગમાં કેટલુંક ઉતરીએ એટલે સહેસાવન નામનું એક વન આવે છે. એ વનમાં દાખલ થતાં કમસર એક નાની સરખી ધર્મશાળા અથવા તો વિરામ સ્થાન, પછી એક દેરી જેમાં નેમનાથ ભગવાનના પગલાંની સ્થાપના કરવામાં આવી છે, પછી એક રામમંદિર અને પછી નીચાણમાં એક બીજી દેરી આવે છે. આ દેરીમાં પણ ભગવાન નેમનાથના પગલાં છે. સહેસાવનમાં ભગવાન નેમનાથને કેવળજ્ઞાન થયું હતું, એવી માન્યતા પ્રવર્તે છે અને એ રીતે આ સ્થળનો એક કલ્યાણક ભૂમિ તરીકે બહુ મોટો મહિમા છે. આ બન્ને દેરીઓની જાણે કે ચોકી કરતા હોય એવા એક કે બે ચોકીદારો મેં ત્યાં જોયા અને અહીંના ચોકીદારો શા માટે એમ મને પ્રશ્ન થયો. તેમને પૂછતાં માલુમ પડયું કે તેમને શ્વેતાંબર મૂર્તિપૂજકોની ગિરનાર તીર્થની વહીવટી પેઢી તરફથી રોકવામાં આવ્યા છે અને ઉપર જણાવેલ બન્ને દેરીઓમાં કોઈ દિગંબર જૈન પૂજા ન કરે એની સંભાળ રાખવાનું અને ચોકી કરવાનું કામ તેમને સોંપવામાં આવ્યું છે. આ જાણીને મને ભારે આશ્ચર્ય થયું. અહીં પણ શ્વેતાંબર દિગંબરનો કોઈ ઝગડો ચાલતો લાગે છે એમ સહેજ અનુમાન થયું. વધારે પૂછપરછ કરતાં તેમનું એમ કહેવું થયું કે આ બન્ને દેરીઓ શ્વેતાંબરોની જ છે અને કંઈ કાળથી આ દેરીઓની સંભાળ અને વહીવટ શ્વેતાંબરો પેઢી કરે છે અને તેથી અહીં શ્વેતાંબરો સિવાય બીજા કોઈને પૂજા કરવાનો હક્ક નથી. સહેસાવન નથી ઉપર ગયો અને પહેલી ટુંકમાં જ્યાં જૈન મંદિરોની વહીવટી ઓફીસ છે ત્યાંના અધિકારીને પૂછતાં વિશેષ માહીતી મળી કે કેટલાંક વર્ષ પહેલાં જુનાગઢ રાજ્યનો વહીવટ કેડલ સાહેબ ચલાવતા હતા તેમણે પણ સહેસાવનની દેરીઓ ઉપર શ્વેતાંબર જૈનોનો જ અધિકાર છે એમ સ્પષ્ટ લખાણ કરી આપ્યું છે. ધરો કે આ હકીકત આપણે કબુલ રાખીએ તોપણ મને પ્રશ્ન થયો કે દિગંબરો આ પગલાંની પૂજા કરે તેમાં શ્વેતાંબરોને શું વાંધો હોય? ત્યાંના જાણકારો તરફથી જવાબ મળ્યો કે દિગંબરો પૂજા કરતા નથી પણ પગલાંની આશાતના કરે છે. શ્વેતાંબરોએ ચંદન કેસર પુષ્પ ચઢાવેલ હોય તે દિગંબરો આવીને સાફ કરી નાંખે છે.' સહેજે પ્રશ્ન થયો કે ખરેખર શ્વેતાંબરોની લાગણી દુભવવા ખાતર જ દિગંબરો શું આમ વર્તતા હશે? તપાસ કરતાં વિશેષ માહિતી એમ મળી કે દિગંબરો માત્ર પ્રક્ષાલન-પૂજામાં જ માને છે અને કેસર ચંદન કે પુષ્પની પૂજામાં માનતા નથી. પરિણામે દિગંબરો પોતાની રીતે પૂજા કરે છે અને શ્વેતાંબરોનાં દિલ દુખાય છે, તેથી તેમને ઉપર જણાવ્યા મુજબ ચોકીદારો રાખવાની જરૂર પડી છે. આમાંથી ઉભી થયેલી તકરારે ઝગડાનું સ્વરૂપ પકડયું છે. અહીં બીજી બે બાબત પણ લક્ષ્યમાં લેવા જેવી છે. આ સહેસાવન કલ્યાણક ભૂમિ છે અને તેથી જેટલું શ્વેતાંબરોને મન તેટલું જ દિગંબરોને મન આ સ્થળનું સરખું માહાત્મ્ય છે. બીજું દિગંબર તેમ જ શ્વેતાંબરોને માન્ય મૂર્તિઓના વિધાનમાં ચોકકસ પ્રકારનો તફાવત હોય છે અને તે ઉપરથી આ મૂર્તિ કોની છે તે નકકી કરવું મુશ્કેલ પડતું નથી. પણ પગલાંમાં આવો કોઈ તફાવત હોતો નથી. તેથી આ પગલાં શ્વેતાંબરો કહે છે કે અમારા સંપ્રદાયના છે અને દિગંબરો કહે છે કે અમારા સંપ્રદાયના છે. ઉપર જણાવેલ બે દેરીઓમાં એક દેરી આસપાસ પતરા બાંધી લેવામાં આવેલ છે અને ત્યાં તો ઘણું ખરું પુજારી સિવાય અન્ય કોઇ પૂજા કરી શકતું નથી. બીજી દેરી તો એક વિશાળ ચોતરાની લગભગ મધ્યમાં છે અને ચોતરા આસપાસ દીવાલ બાંધવામાં આવી છે અને ઉપર તેમ જ આસપાસ સુંદર વૃક્ષોની ઘટા હોઇને આ સ્થળ ઉપર આવતાં ચિત્ત કોઇ જુદી જ પ્રસન્નતા અનુભવે છે અને આ સ્થળ સાથે સંકળાયલા ભગવાન નેમનાથના જીવનપ્રસંગો યાદ કરતાં મનમાં એવી વિચારશ્રેણીએ ચઢે છે કે ત્યાંથી ખસવાનું દિલ જ થતું નથી. ગિરનાર ઉપરના વસવાટ દરમિયાન સાંપ્રદાયિક આચારવ્યવહારને સ્વીકારીને ચાલવાવાળા અને એમ છતાં પણ સુવિચારસંપન્ન અને સદ્અસદ્ વિવેક વિષે અભિરુચિ ધરાવતા એક સ્નેહી સાથે આ ઝગડાની વાત નીકળતાં તેમણે સ્વાભાવિક રીતે જણાવ્યું કે, "મૂળ હકીક સંબંધે શ્વેતાંબરોનો દાવો સાચો છે એમ માની લઇએ તોપણ આવી નજીવી બાબતને આવા ઝગડાનું સ્વરૂપ શા માટે આપવામાં આવતું હશે એ સમજી જ શકાતું નથી. આપણે શા માટે એમ માની લઇએ કે દિગંબરો આપણું દિલ દુભાવવા માટે જ આમ કરે છે? તેઓ તેમની રીતે પૂજા કરે છે, આપણે આપણી રીતે પૂજા કરીએ છીએ, અને બન્નેના દિલમાં જિનેશ્વર ભગવાનની ભકિત કરવાનો જ હેતુ રહેલો છે એમ આપણે શા માટે ન સ્વીકારીએ અને આ કલ્યાણક ભૂમિ હોઇને તેમ જ આ પગલાંને શ્વેતાંબર કે દિગંબર સંપ્રદાય સાથે જોડવાનું શકય નથી એવા સંયોગોમાં આ દેરીઓમાંના પગલાંની પૂજા કરવાનો જેટલો શ્વેતાંબરોનો તેટલો જ દિગંબરોનો હક્ક છે આમ કબુલ કરવાની આપણે ઉદારતા કેમ ન દાખવીએ? અને એ રીતે બન્ને વચ્ચે વધતા જતા વિખવાદનું મૂળ કાં ન છેદીએ?" આ મિત્રની વાત તદ્દન વાજબી અને સુસંગત છે. પણ પ્રસ્તુત પ્રશ્ન પરત્વે તેમના અને લડતા બે પક્ષોના અભિગમમાં જ મોટો ફરક છે. આવા પ્રશ્ન ઉપર લડતા બે પક્ષો કાયદા, કાનૂન, મૂળ હકકો, લેખો અને લખાણપટ્ટીમાં માનતા હોય છે અને કાનૂની ફરજ ન પડે ત્યાંસુધી નમતું આપવાને કોઇ પણ પક્ષ તૈયાર હોતો નથી, જ્યારે અન્ય પ્રકારના વલણ પાછળ સમભાવ, ઐકતાની બુદ્ધિ, ઉદારતા અને આવી ક્ષુલ્લક બાબતો ઉપર લડવું અને કોર્ટે ચઢવું, પૈસે ટકે ખુવાર થવું અને પરસ્પર વિખવાદ વધારવો–એમાં નથી ડહાપણ કે જૈન ધર્મની સાચી સમજણ–આવી ધર્મભાવના રહેલી છે. શ્રી ઢેબરભાઇની ગિરનારની મુલાકાતનું શું પરિણામ આવ્યું તે હજુ પ્રગટ થયું નથી, પણ એ ઝગડાની ભૂમિકા શું છે તેનો આ નોંધ ઉપરથી વાંચકોને સ્પષ્ટ ખ્યાલ આવશે એવી આશા રાખવામાં આવે છે.

પરમાનંદ

'ગાંધીજીને કાં ન અનુસરો ?'

"જેટલી ગંભીર જવાબદારી મેં ધારણ કરી છે, એટલી જ ગંભીર લાચારી મારે વેઠવી પડે છે. કેન્દ્રના હાથમાં વસતી અત્યારની સત્તાઓ અનુસાર નિરનિરાળાં રાજ્યોનાં ખેતીખાતાંઓને પોતાની ઇચ્છાનુસાર દોરનારો કેન્દ્રનો અધિકાર હું કયાંય જોતો નથી. વધુ અનાજ ઉગાડવાને લગતી નિરનિરાળાં રાજ્યોની નીતિની પોતાને ફાવતી દોરવણી કરવાનો અધિકાર પણ ભારત સરકારના હાથમાં વસતો નથી. મારા અંગત ખાતા માટે હિંદી ભાષા જાણતો એક કારકુન મેળવતાં પૂરો દોઢ મહિનો મને લાગી ગયો, અને જે અધિકારીઓ સામે લાંચરૂશવતને લગતા આરોપો હતા, એ અધિકારીઓને બરતરફ કરવાની પણ મારી અશક્તિનો હું અનુભવ કરું છું."

આ શબ્દો કોઇ સરકારી સામાન્ય અમલદારના નથી, પણ અમલદારોના અમલદાર એવા મધ્યસ્થ તંત્રના પ્રધાન–અન્નસચિવ શ્રી કનૈયાલાલ મુનશીના છે. આ શબ્દો તેમના માટે યોજાયેલ કોઇ સન્માન–સમારંભ સમયના નથી, પણ પ્રજાનાં પ્રતિનિધિઓની બનેલી મધ્યસ્થ ધારાસભામાં પુછાયેલા એક પ્રશ્નના જવાબ વખતના છે. આ જવાબમાં, સ્વરાજ મેળવ્યા પછી પણ સરકારી તંત્ર કઇ રીતે ચાલી રહ્યું છે; અને તે તંત્ર ચલાવવામાં કેવી તદ્દન સામાન્ય મુશ્કેલીઓ રહેલી છે, તેનો સારો એવો ખ્યાલ છે.

શ્રી મુનશીનું ઉપરોકત વિધાન વાંચ્યા પછી પ્રશ્ન એ થાય છે કે શ્રી મુનશી, આ જાણ્યા પછી એ સ્થાનને વળગી રહ્યા હશે શા માટે ? શ્રી મુનશીને પિછાણનારાઓ કહી શકે એમ છે કે, તેઓ આ પ્રકારની શિથિલતા કદી પણ ન ચલાવી લે. તો સમજ નથી પડતી કે શ્રી મુનશીની કાર્યપદ્ધતિમાં એકાએક ફેર કાં ? તેમણે 'જવાબદારીભર્યું' આ સ્થાન સ્વીકાર્યું તે પહેલાં, અનાજની સરકારી વહેંચણીની પદ્ધતિ સામે તેમનો વિરોધ હતો; અમલદારો જ સરકારી તંત્રને કઇ રીતે શિથિલ બનાવે છે, તેની તેઓ કડક સમીક્ષા કરતા; આજે એ જ શ્રી. મુનશી રેશનીંગ તથા કંટ્રોલ માટે વધુમાં વધુ આગ્રહ કરે છે. તો શું તેઓ પ્રધાનમંડળમાં ચાલતી ગાડીએ બેસી ગયા ? કે સરકારી આંકડાઓની ઇંદ્રજાળમાં તુરત જ અટવાઇ ગયા ?

સરકારી તંત્ર તો જે છે તે જ હતું. અંગ્રેજો જે તંત્ર મૂકી ગયા હતા, એ બાહ્યદૃષ્ટિએ સારું અને સ્વચ્છ હશે, પણ પ્રસંગનો લાભ લેવાનું તે ચૂકયું નહોતું. આથી તેમાં શિથિલતા અને સ્વચ્છ ઠીક ઠીક પ્રમાણમાં વધી ગયા. પરંતુ પ્રધાનો–પ્રજાનાં જ પ્રતિનિધિઓ, તેમાં કોઇ પ્રકારે તાત્કાલિક ફેરફાર ન કરી શકે, એ ઘડીભર માન્યામાં નથી આવતું. કોઇ પણ લોકશાહી યા સરકારી તંત્ર આટલું જડબેસલાટ હોય તેવું સાંભળ્યું નથી, જોયું નથી. છતાં ક્ષણભર માની લઇએ આ ચોકઠામાં પરિવર્તન કરવું કઠિન છે, તો પ્રધાનથી એ ચોકઠામાંથી બહાર નીકળવાનું જરાય મુશ્કેલ નથી. પ્રજાને સાચી હકીકતનો ખ્યાલ તો જ આવે ને ? ગુજરાતે જેને 'મુંજાલ' તરીકે ઓળખ્યા છે, અને જેની પાસેથી મુંજાલની કાર્યવહીની અપેક્ષા રાખી છે, એ 'મુંજાલ' સાચે જ નવલકથામાં જ મુંજાલ તરીકે શોભી શકે એમ છે શું ? નહિ તો એની હકુમત દરમિયાન બિહારના ભૂખમરાના, મદ્રાસની અનાજની તંગીના અને બંગાળ પર ઊતરતા દુષ્કાળના ઓળાના સમાચાર સાંભળવાના હોય ખરા ?

જ્યાંસુધી શ્રી મુનશીને મધ્યસ્થ પ્રધાનમંડળમાં સ્થાન નહોતું મળ્યું ત્યાંસુધી મનમાં રહ્યા કરતું હતું કે, એક શકિતશાળી અને પ્રતિભાસંપન્ન વ્યકિતને જવાબદારીભરી જગા કાં નહિ ? ત્રણ મહિના જેવા ટૂંકા ગાળામાં, તેમને એવી એક જગા મળ્યા પછી, તેઓ જરૂર ચમત્કાર ન કરી શકે, પણ 'શાકભાજી સારાં પ્રમાણમાં ઉગશે' એવી પૂર્વ ભૂમિકાય તેઓ પ્રજાના હૃદયમાં ઉગાડી શકે.

ગાંધીજીની જરૂર કોઇ દિવસ નહોતી એટલી આજે લાગે છે. આજે જો ગાંધીજી આપણી વચ્ચે હોત તો, આવી એક નહિ, પણ એક કરતાં વધારે મુશ્કેલીઓનો આપણે સહેલાઇથી સામનો કરી શકયા હોત. આજે પ્રજાનો એકમત રજૂ થાય તો પણ સરકારી તંત્રની રીતરસમ ફેરફાર થવાની સંભાવના દેખાતી નથી; અને બચાવ એમ કરાશે કે, પ્રજાના હિતને ખાતર જ બધું થાય છે. ગાંધીજીનો એવો પ્રભાવ હતો કે, એમની દલીલ "સામે–હૃદયપૂર્વકની સાચી દલીલની સામે–સામાની દલીલ પાંગળી થઇ જતી, અને એમની દલીલમાં કદીક વિશ્વાસ ન બેસે તો પણ તેમના કથનને અમલમાં મૂકવાની તૈયારી કરવી પડતી.

શ્રી મુનશી પોતે કહે છે કે હું ગાંધીજીને અનુસરું છે. સ્વાભાવિક રીતે એ પ્રશ્ન થાય છે કે, હિંદના અનાજના પ્રશ્ન ની બાબતમાં તેઓ ગાંધીજીની વિચારસરણીને અનુસરે છે ખરા ? ત્રણ મહિના કે છ મહિના તેઓ આ પ્રયોગ થવા દે; પ્રજાની ભૂલ હશે તો પ્રજાને આપમેળે એ સમજાઇ જશે. આજે કલકત્તામાં, અમદાવાદમાં કે મુંબઇમાં વધુ રકમ ખર્ચે જોઇએ તેવું અને તેટલું સારું અનાજ–ઘઉં, ચોખા વગેરે મળી શકે છે, જથ્થાબંધ સફેદ દાણાદાર ખાંડ પણ મળે છે. છતાં બીજી બાજુ બિહાર, મદ્રાસ અને બંગાળમાંથી અનાજની તંગીના સમાચાર આવે છે. એનો અર્થ એ કે વહીવટમાં કયાંક જબરજસ્ત ખામી છે; વહીવટમાં કયાંક સુમેળ નથી; એકવાકયતા નથી.

એક કારકુન રાખવા માટે શ્રી મુનશીને બે હાથ જોડી લાંબા વખત સુધી બેસી રહેવું પડે, લાચારી વેઠવી પડે, એવા તંત્રમાં અગાઉના અન્નસચિવ શ્રી જયરામદાસ દોલતરામ જેવાનું તો ગજું શું ? હિંદ બાહ્ય રીતે એક સૂત્રે ગૂંથાયેલું ભલે લાગતું હોય, છતાં દરેક રાજ્ય અને પ્રાંત પોતપોતાની ઇચ્છાનુસાર સ્વતંત્ર રીતે વર્તે અને મધ્યસ્થ તંત્રને તેનો સામનો કરતાં વિચાર કરવો પડે; લાંચરૂશવતખોરોને નસ્યત કરતાં એક પ્રધાનને અશકિત અનુભવવી પડે—આ પરિસ્થિતિ આપણા રાષ્ટ્રની હોય તો, આપણે કયાં જઇ અટકીશું તેની કલ્પના કરવી મુશ્કેલ નથી. એ કલ્પના સાથે જ 'સરમુખત્યારશાહી'ની વિચારણા–અળખામણી અને અનિચ્છનીય છે છતાં– ઊપસી આવે છે. એક વ્યકિતના મંજબૂત હાથે, એક વખત સરકારી તંત્રની શિથિલતા અને સ્વચ્છંદતા દૂર થાય; વહીવટી કચરો સાફ થઇ જાય તો, ભવિષ્યમાં તંદુરસ્ત લોકશાહીના વિકાસને કોઇ નહિ અવરોધી શકે.

શ્રી. મુનશીની આ લાચારી જાણ્યા પછી, તેમને એક વાત કહ્યા વગર નથી રહેવાતું. જો આ જ પરિસ્થિતિમાં શ્રી. મુનશીને રહેવાનું હોય, અને તેઓ કંઇ પણ કાર્ય કરી શકે તેવી સ્થિતિમાં ન હોય તો વધારે સારું એ છે કે, તેઓ પ્રધાનમંડળમાંથી નીકળી પ્રજા વચ્ચે આવી રહે. એથી પ્રજાને પણ ખ્યાલ આવશે કે, પ્રધાનમંડળમાં યોગ્ય વ્યકિતનું સ્થાન નથી. અને જો શ્રી. મુનશીને શ્રદ્ધા હોય તો એ જ સ્થાને રહી પ્રયોગને ખતર પણ, વ્યવસ્થિત રીતે, નફાખોરોને તક ન મળે એ રીતે, ધીમે ધીમે પણ મકકમ હાથે અનાજ–વહેંચણીની આજની પદ્ધતિને દૂર કરે; અને પ્રજાને સાચી પરિસ્થિતિનો ખ્યાલ આવવા દે. જે માટે ગાંધીજી કહી કહીને થાકી ગયા હતા, એ માર્ગે જવામાં શ્રી. મુનશીએ નાનપ અનુભવવાની જરૂર નથી; તેઓ કહી શકે એમ છે કે, હું "ગાંધીજીને અનુસરું છું."

ધીરજલાલ ધનજીભાઇ શાહ

સાને ગુરૂજીનાં સંસ્મરણો

(ગતાંકથી ચાલુ)

ફૈઝપુર અધિવેશન સફળતાથી પાર પડયું અને તુરત જ ધારા-સભાની ચુંટણીઓ આવી પડી. આ વાતાવરણે મદદ પણ કરી, આમ છતાં એ ચુંટણીઓમાં કોંગ્રેસને સફળતા અપાવવા ભારે શ્રમ કરવો પડયો. અબ્રાહ્મણો. રૂઢિચુસ્ત અને બંધારણીય મનોદશાવાળા બ્રાહ્મણ નેતાઓ, હિંદુ મહાસભા, અને બીજાં અનેક તત્ત્વોનો મુકાબલો મહારાષ્ટ્રમાં થયો હતો. ગુરૂજીએ ભારે ઉત્કટતાપૂર્વક ચુંટણીપ્રચારમાં ઝંપલાવ્યું, અને મહારાષ્ટ્રમાંથી કોંગ્રેસને વિજયી બનાવવામાં મોટો હિસ્સો આપ્યો.

ચુંટણીઓ પૂરી થઇ. ત્રણ મહિના મડાગાંઠ ચાલી અને આખરે કોંગ્રેસ સત્તારૂઢ થઇ. સત્તા ઉપર આવેલી કોંગ્રેસ તરફ ગુરૂજીએ જે અપેક્ષા રાખેલી તે તેમને પુરી થતી ન જણાઇ. કોંગ્રેસ સરકારો ઉપર ગરીબો, શ્રમજીવીઓ અને કિસાનો કરતાં મિલમાલિકો શ્રીમંતો અને મૂડીવાદીઓની જ વધુ અસર પડતી તેમને જણાઇ. તેમનું નિઃસ્વાર્થી, સેવાભાવી અને ગરીબોના દુઃખે દ્રવતું હૃદય આ જોઇ અકળાવા લાગ્યું. કોઇ કોઇ પ્રસંગે એ ગરીબો-કામદારો અને કિસાનોનો પક્ષ લઇ સરકાર કે સરકારી અધિકારીઓ સાથે અથડામણમાં આવવાના પ્રસંગો પણ બનવા લાગ્યા. તેમણે એ શ્રમજીવી વર્ગનો અવાજ રજુ કરવા "કોંગ્રેસ" નામનું એક સાપ્તાહિક પણ શરૂ કર્યું. પરંતુ કોંગ્રેસ કમિટીઓનો કબજો લઇ બેઠેલા મારવાડી શેઠીઆઓ તથા તેમના મિત્રોએ ગુરૂજીના આ "કોંગ્રેસ" સાપ્તાહિકને તે કોંગ્રેસવિરોધી હોવાનું જાહેર કર્યું.

પરિસ્થિતિનો અને વ્યક્તિઓનો લાભ ઉઠાવવામાં કાબેલ કોમ્યુનિસ્ટોએ આ પરિસ્થિતિનો લાભ લેવાનું શાને ચૂકે? તેઓ ગુરૂજી આસપાસ વીંટળાવા લાગ્યા. ગુરૂજીના હૃદયની ગરીબો માટેની ઉત્કટતાનો લાભ લેવા લાગ્યા. લોકોને લાગ્યું કે ગુરૂજી કોમ્યુનિસ્ટોના હાથમાં જઇ રહ્યા છે, પરંતુ ગુરૂજીને માટે તેવું કાંઇ ન હતું. તેમને તો ગરીબોનું કામ કરનાર સૌ કોઇ સાથે સહકાર્ય કરવામાં વાંધો ન હતો. તેમનો આરાધ્યદેવ હતા દરિદ્રનારાયણ. આખરે મહાયુદ્ધ આવી પહોંચ્યું. કોંગ્રેસ સરકારોએ સત્તા છોડી. યુદ્ધવિરોધી પ્રચારને બહાને મહારાષ્ટ્રના ઉદ્યમ તથા સમાજવાદી કાર્યકરોને એક પછી એક જેલની પાછળ ધકેલવામાં આવ્યા. ગુરૂજી પણ તેમાંથી શાને બચે? તેઓ પંચુ બે વર્ષની સજા લઇ જેલમાં પહોંચ્યા. જે ધુળીઆ જેલમાં ૧૯૩૨માં પોતે હતા, અને જ્યાંથી પોતાના ઉપર જેની સૌથી વધુ અસર છે એમ કહેતા તે પૂ. વિનોબાજીનો પરિચય થયેલો તે જ ધુળીઆ જેલમાં ફરીવાર પૂરાયા. ત્યાં તેમને શ્રી. મધુ લિમયે જેવા સમાજવાદી યુવાનોનો ભેટો થયો. તેમની પાસેથી કોમ્યુનિસ્ટોની નીતિરીતિઓ વગેરેનો ખ્યાલ આવ્યો. દરમિયાન રશિયા યુદ્ધમાં પડતાં કોમ્યુનિસ્ટોએ ગુલાંટ મારી. "શાહીવાદી યુદ્ધ" રાતોરાત "જનતાનું યુદ્ધ" બની ગયું, અને હિંદની આઝાદી માટે તરફડતા ગુરૂજીના હૃદયમાંથી એ તકસાધુઓનું સ્થાન સદાને માટે ભુંસાઇ ગયું. ૧૯૪૨ ના ઓગષ્ટની ૯ મીએ "હિન્દ છોડો"ની લડત શરૂ થઇ ત્યારે પણ તેઓ જેલમાં જ હતા. તે જ દિવસે તેઓ છુટયા અને બહાર તેમનો ઉપયોગ હોઇ શ્રી. એસ. એમ. જોષી વગેરે ભાઇઓ તેમને જેલમાંથી જ સીધા અજ્ઞાતવાસમાં લઇ ગયા. કારણ સરકાર તો તેમને ચોવીસ કલાક પણ બહાર રહેવા દે તેમ જ ન હતું. પાછળથી શ્રી. રાવસાહેબ પટવર્ધનને જેમ સજા પુરી થતાં જેલમાંથી જ અટકાયતી કરેલા તેમ ગુરૂજીને અટકાયતી ન કરવાની ભૂલ સરકાર કરી બેઠી. કદાચ ગુરૂજીમાં કરેલી એ ભુલ સરકારે પાછળથી રાવસાહેબમાં સુધારી લીધી.

અજ્ઞાતવાસ દરમિયાન લાંબો ડગલો અને ખાદીની કાળી ટોપી પહેરી વેપારીના વેશમાં ફરતા ગુરૂજીને જોઇ ભાગ્યે જ કોઇ સહેલાઇથી તેમને ઓળખી શકે તેમ હતું. પત્રિકાઓ, પ્રચાર-પુસ્તિકાઓ વગેરે લખવાનું તથા યુવાનોને કાર્યપ્રવૃત્ત બનાવવાનું તથા પ્રેરણા આપવાનું કાર્ય તેઓ કરતા રહ્યા. આખરે ૧૯૪૩ ના એપ્રીલમાં ઔચિંતા બીજા સંખ્યાબંધ કાર્યકરો સાથે તેમની પણ ધરપકડ થઇ. થોડાક દિવસો ચોલીસ 'લોકઅપ'માં રાખ્યા બાદ તેમને પ્રથમ વર્ગના અટકાયતી તરીકે પુનાની રેફરમેટરી જેલમાં બસેડવામાં આવ્યા. તેઓ રેફરમેટરીમાં પહોંચ્યા પછી થોડાક દિવસે હું પણ ત્યાં ફેરવાયો. આમ ફરીવાર અમે સહકેદી બની ગયા.

રેફરમેટરી જેલમાં મુંબઇ, મહારાષ્ટ્ર અને થોડાક ગુજરાતના મળી ૨૨૫-૨૫૦ જેટલા રાજકેદીઓ એકઠા કરાયેલા હતા. પ્રથમ વર્ગના તેઓ હોઇ મોટા ભાગના પોતપોતાના પ્રાંત અગર જિલ્લાના અગ્રણીઓ જેવા હતા. બીજા તદ્દન નવા અને લડતની ગરમીમાં પહેલી જ વાર અંદર બેચાંર આવેલા છતાં જીવસટોસટનાં સાહસો અને લડતો કરી આવેલા જુવાનો પણ હતા. આ વખતે દરેક જેલોમાં પણ સ્વભાવિક રીતે જ બે વર્ગો પડી ગયેલા. એક વર્ગ જૂના નેતાઓનો હતો કે જેઓ પહેલા જ દિવસે આ લડતની શરૂઆતમાં જ કાંઇ પણ કર્યા વિના માત્ર સરકારી દફતરે તેમનાં નામ હોવાને કારણે પકડાઇ આવેલા. આ લોકો પાછળથી લડતમાં બનેલાં ભાંગ-ફોડ વગેરેના ઉગ્ર પ્રકારનો વિરોધ, અને છુટયા પછી કોણે કયાં ગોઠવાવું, કોને કયાં બેસાડવા તેની ગોઠવણો કરનારા; અને હંમેશાં છુટકારા માટે આતુરતા સેવનારાઓનો હતો. તેમને આશા હતી કે ગાંધીજી કાંઇક ચમત્કાર-એ ચમત્કાર મરણાંત ઉપવાસથી માંડીને લડત પાછી ખેંચવા સુધીનો ગમે તે હોઇ શકે-કરીને એક દિવસ તેમને છોડાવી દેશે. દેશના સ્વાતંત્ર્ય કરતાં પોતાની જેલમુક્તિની જ કિંમત તેમને વધુ હતી. આ વર્ગ પેલા નવા આવેલા જુવાનો તરફ કાંઇક તિરસ્કાર, ઉપેક્ષા અને ભાવિ હરીફોની દૃષ્ટિએ જોતો.

આ સમયે ગુરૂજીએ પોતાનું સ્થાન પેલા યુવાનો વચ્ચે લીધું. તેઓ સાથે સંપૂર્ણ એકરસ થઇ ગયા. તેઓને સહેજ પણ ઓછું ન આવે તે ખાતર તેઓ સાથે પત્તાં રમવા સુધીનું કાર્ય પણ કરવા લાગ્યા. તેમના મનમાં એક જ ચિંતા કે, "માથું હાથમાં લઇ ઝૂઝીને આવેલા આ યુવાનો જ ભાવિ હિંદની એક માત્ર આશા છે. તેમને એમ ન લાગવું જોઇએ કે અમે એકલા પડી ગયા છીએ અને માન્ય ગણાતા નેતાઓ અમારી વિરૂદ્ધ છે." અને એનું પરિણામ પણ સુંદર આવ્યું. એ યુવાનો પૈકીના કંઇક આજે દેશના પોતાનો પૂરો સમય આપનારા સેવકો બની ગયા છે.

ગુરૂજી સાત્ત વાર્તાકાર હતા. તેમણે લખેલું બધું જ સાહિત્ય મુખ્યત્વે બાળકોને નજર સામે રાખી લખ્યું છે. અને હજુ દાયકાઓ સુધી મહારાષ્ટ્રના બાળકોના પ્રિય લેખક તરીકે તેમનું જ સ્થાન રહેવાનું છે, એ સારા સારા વિદ્વાનો પણ કબૂલે છે. જેલમાં પણ તેમની આ વાર્તાકાર તરીકેની શક્તિઓનો લાભ લેવામાં આવતો. દર અઠવાડિયે એકવાર તેમની વાર્તાનો કાર્યક્રમ ગોઠવાયેલો. તેમના મુખેથી વાર્તા સાંભળવા માત્ર યુવાનો જ નહિ પણ કાકાસાહેબ ગાડગીલ જેવા પીઢ નેતાઓ પણ એકઠા થતા. એક દિવસ હું પુનાની બેરેકમાં બેઠો હતો. ગુરૂજીની વાર્તા સાંભળી પુના જિલ્લાના એક પીઢ કાર્યકર પાછા ફર્યા. તેમણે કહ્યું કે, "આજે તો ગુરૂજી પણ રડયા અને અમને સૌને પણ રડાવ્યા." તે દિવસે તેમણે કહેલી વાર્તા "બબ્બીનું બલિદાન" કાલ્પનિક નહિ પરંતુ સત્ય ઘટના હતી. ગુરૂજી અમલનેરમાં શિક્ષક હતા ત્યારે એક ગુજરાતી કુટુંબની બબ્બી નામની બાળકી તેમની પાસે ભણતી. ગુરૂજીએ અમલનેર છોડયા પછી પણ

બબ્બીનો ગુરૂજી સાથેનો સંબંધ ચાલુ રહેલો. તેને ગુરૂજી તરફ ખૂબ ભક્તિભાવ. ૧૯૪૨ ની લોકક્રાંતિમાં આ બબ્બીએ ઝંપલાવ્યું. બે ત્રણ વાર પકડાઈ. પરન્તુ તેનું કુટુમ્બ ઉમરલાયક થયેલી આ બાળા લડતમાં ભાગ લે તેમ ઇચ્છતું નહિ હોઈ મારી માગી તેને છોડાવી લાવે. ગુરૂજી જેવાની શિષ્યા. બબ્બી કર્તવ્યનું ઉચ્ચ ભાન ધરાવતી હોઈ તેને આ અસહ્ય લાગે. આખરે આ આત્મમંથનને પરિણામે તેણે જાતે સળગી જઈ આત્મહત્યા કરેલી. આ સમાચાર તે જ દિવસોમાં ગુરૂજી પાસે આવેલા. તેમના જેવા લાગણીપ્રધાન હૃદય ઉપર તેની ભારે અસર થઈ અને "બબ્બીનું બલિદાન" વાર્તા લખાઈ. અને તે રાત્રે શુદ્ધ બલિદાનની વાર્તા કહેતાં લાગણીવશ ગુરૂજી પણ ખૂબ રડ્યા અને તેમના એકે એક શ્રોતા પણ રડ્યા.

પ્રત્યેક રાષ્ટ્રના જીવનમાં કેટલાક દિવસો અગત્યનું સ્થાન મૂકી જાય છે. આપણા દેશમાં એવું સ્થાન તારીખ નવમી ઓગષ્ટ મૂકી ગઈ છે. તે દિવસે જ મહાત્માજીના "કરો યા મરો." મંત્રની પ્રેરણા લઈ હિંદી રાષ્ટ્રે હિંદમાંથી અંગ્રેજી સત્તાની નાબૂદી માટેની આખરી અને મરણીઓ જંગ માંડ્યો. દુર્ભાગ્યે સત્તાના રાજકારણમાં પડેલા આપણા નેતાઓ હિંદનાં લાખો માનવીઓનાં અપૂર્વ બલિદાનોની કથા સાથે સંકળાયેલા આ દિવસને જનસ્મૃતિમાંથી ભુંસી નાંખવા મથી રહ્યા છે અને તેમાં સફળ પણ થયા છે; પરંતુ ઇતિહાસને ચોપડે લાખો અનામી સ્ત્રી, પુરૂષ અને બાળકોનાં અપૂર્વ અને ઉદાત્ત બલિદાનોની યાદ આપતા એ દિવસનું મહત્ત્વ કમી થવાનું નથી. જેલમાં એનો પહેલો વાર્ષિક દિવસ આવી પહોંચ્યો. તા. ૮–૯ ઓગસ્ટ માટેનો કાર્યક્રમ ગોઠવાયો. એમાં સૌથી મુખ્ય હતો ગુરૂજીએ રચેલ ઓગસ્ટ ક્રાંતિ સમયે જનતાએ વિદેશી રાજસત્તા સામે આપેલી મહાન લડતનાં ચિત્રો અને પ્રસંગો. સહ્યાદ્રિના પહાડોમાં રહી ગેરીલા લડત કરતાં કરતાં સિંધગઢ ઉપર પોલીસની ગોળીથી માર્યા ગયેલા શહીદ કોતવાલ અને તેમની મંડળીએ કરેલાં સાહસોનું તેમાં મુખ્ય નિરૂપણ હતું. તા. ૭–૮ ઓગસ્ટે મળેલી મહાસમિતિનું એક મૂક છાયાચિત્ર પણ રચેલું. આ કાર્યક્રમ બહારનાં સંપૂર્ણ સાધનોવાળાં નાટયગૃહો કરતાં પણ સુંદર રીતે પાર પડ્યો. એને અંતે ગુરૂજીનું વ્યાખ્યાન રખાયેલું. એ ક્રાંતિયુદ્ધ દરમિયાન બનેલા બનાવોની ટીકા કરનારાઓને જવાબ આપતું વ્યાખ્યાન તેમણે કર્યું. નેતાઓએ લોકોના દિલમાં જગાવેલ ગુલામી સામેની પ્રચંડ આગને માર્ગ આપવા માટે જે બન્યું એ: બધું જરૂરી હતું તેનું તેમણે પ્રતિપાદન કર્યું. અંતમાં તેમણે કહેલાં વાક્યો આજે પણ સ્મરણે ચડે છે–તેમણે દિલના આવેગ અને દુઃખપૂર્વક કહ્યું કે, "અમને શ્રદ્ધા છે કે કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ ઉત્પન્ન થયેલી એ ગંભીર પરિસ્થિતિમાં અમે જે કર્યું છે તેનો અસ્વીકાર નહિ કરે. કદાચ તેઓ તેમ કરશે તોપણ મહાત્માજી તેમ નહિ કરે. પરંતુ માનો કે મહાત્માજીએ પણ અમારાં આ કૃત્યોનો અસ્વીકાર કર્યો તોપણ હિંદમાતા અમને છેહ દેશે નહિ. કારણ અમે જે કાંઈ કર્યું છે તે હિંદમાતાને નજર સમક્ષ રાખીને તેની મુક્તિ માટે જ કર્યું છે."

ગુરૂજી પ્રખર વક્તા હતા, એટલું જ નહિ પણ પોતાના વિષયને એટલો લોકભોગ્ય બનાવી શકતા હતા કે તેમનાં વ્યાખ્યાનો ગમે તે વિષય ઉપરનાં અને ગમે તેવાં લાંબાં હોય તોપણ કોઇને કંટાળો ન આવે. તેમનું વ્યાખ્યાન પૂરું ન જ થાય તો સારું એમ શ્રોતાઓને લાગ્યા કરે. જેલમાં જન્માષ્ટમીના દિવસો આવ્યા. ગીતારહસ્ય ઉપર તેમનાં ત્રણ દિવસનાં વ્યાખ્યાનો રખાયાં. હું જે ઓરડામાં રહેતો હતો તે ચાર ઓરડાઓની ઓસરી ખૂબ મોટી અને પાંચસો ઉપરાંત માણસો બેસી શકે તેવી હોઈ અગત્યની સભાઓ, વ્યાખ્યાનો વગેરે ત્યાં થતું. હું રહ્યો સ્વભાવે નાસ્તિક. ધાર્મિક બાબતોમાં સહેજ પણ રસ વિનાનો. મને થયું કે ગીતા જેવા વિષયમાં મને શું સમજ પડશે? એથી એ સમય દરમિયાન બીજી બેરેકમાં જઈ વાંચવાનો વિચાર કરેલો. પરંતુ જતા પહેલાં પાંચેક મિનિટ બેઠો. પછી તો એમનાં વ્યાખ્યાનમાં એટલો રસ પડ્યો કે ત્રણે દિવસનાં પૂરાં કરવાં જ પડ્યાં. પાછળથી તેમની સાથેના યુવાનોએ તેમને એ લખી નાંખવાનું કહ્યું. એક જ દિવસમાં તેમણે એ લખી આપ્યાં અને બહાર મોકલી છાપવાની વ્યવસ્થા કરી. તેમણે લખેલું એ "ગીતાહૃદય" ગુજરાતીમાં પણ અનુવાદિત થયું છે અને ખૂબ વંચાય છે.

ગુરૂજીની વિનમ્રતા અને જે વિષયના પોતે અધિકારી નથી એમ લાગતું હોય તેમાં માથું ન મારવાની વૃત્તિ સ્વાભાવિક હતી. ગાંધીજયંતિ આવી પહોંચી. મહાત્માજી સંબંધી જુદા જુદા વક્તાઓનાં વ્યાખ્યાનો ગોઠવાયાં. પહેલાં આઠ દિવસ માટે આચાર્ય જાવડેકર "ગાંધીવાદ" ઉપર વ્યાખ્યાનો આપવાના હતા. છેલ્લે દિવસે જુદા જુદા વક્તાઓ મહાત્માજી સંબંધી બોલે એમ ઠર્યું હતું. તેમાં ગુરૂજીનું નામ પણ નક્કી થયેલું. આચાર્ય જાવડેકર ગાંધીવાદના ઉત્તમ અને વિશદ ભાષ્યકાર છે. બે દિવસ તેમનાં ભાષણ સાંભળ્યા પછી ગુરૂજીએ કહી દીધું કે "હું ગાંધીજી સંબંધી બોલીશ નહિ, કારણ હું મારી જાતને ગાંધીવાદી ગણાવી શકું તેમ નથી. એટલે મને તેમના સંબંધી બોલવાનો અધિકાર નથી."

[અપૂર્ણ]

વીરચંદ્ર શેઠ

(અનુસંધાન પૃષ્ઠ ૬૦ નું ચાલુ)

"કબૂલ, પણ અમે અચાનક જ આવી ચઢ્યાં છીએ. આજે સવારે અમને આપને મળવાની કલ્પના પણ નહોતી." અને ફરી મળવાની તક મળે તો સારું એમ વિચારી પૂછ્યું: "હવે લખીને સમય લઉં?"

"ના. ના. હવે હું બર્નાડ શૉ નથી; એ મરી ગ્રૂએલ છે."

તેમનો વધુ સમય લેવો અમને યોગ્ય ન લાગ્યું. ફરી વખત તેમની સાથે હાથ મિલાવ્યો. હિંદી રીતે તેમને નમસ્કાર કર્યા અને કહ્યું: "એક હિંદી તરીકે આપને વંદન કરૂં છું."

તેમણે જોરથી હાથ દબાવી પ્રેમપૂર્વક કહ્યું: "હું હૃદયથી તેનો સ્વીકાર કરૂં છું. (I heartily accept it.)"

અમે વિદાય લીધી; ઓરડાની બહાર આવ્યા: અમને જગતના એક શ્રેષ્ઠ પુરૂષને મળવાની સહેલાઈથી તક આપનાર બાઈ–શ્રીમતી લેઇડન–ત્યાં ઊભી હતી તેનો આભાર માન્યો. પાછું વળી જોયું તો શૉ હજુ ત્યાં ને ત્યાં જ ઊભા હતા–જે સ્થિતિમાં ઊભા હતા, એ જ સ્થિતિમાં. દૂરથી એમને ફરીને હૃદયથી વંદન કર્યું. પંદર મિનિટ સુધી તેમને પરેશાન કર્યા એ બદલ જરા દુઃખ પણ થયું; પરંતુ તેમને મળ્યાનો આનંદ પણ અનેરો હતો.

અડધી રાત્રે વેસ્ટહેમ્પરટેડ–ઘેર પહોંચ્યા. મોડા થયા એટલે ઘરનાં સૌ રાહ જોઈ રહ્યાં હતાં. બર્નાડ શૉને મળી આવ્યા એ હકીકત સાંભળી ધરધણી અને તેમનાં પત્ની અત્યંત આશ્ચર્ય પામ્યાં અને શૉ વિષે અનેક પ્રશ્નો પૂછી નાખ્યા. અમે શૉને આટલી સહેલાઈથી મળી શકયા એ માટે અમને અભિનંદન પણ આપ્યાં.

મોડી રાત્રે સૂવા ગયો ત્યારે એકદમ ઊંઘ ન આવી. બર્નાડ શૉનું એક વાક્ય મનમાં ખૂબ જ ઘોળાયા કર્યું. ગાંધીજીએ જીવવા ધાર્યું હોત તો વધુ જીવી શકયા હત? કે સાચે જ શૉ કહે છે તેમ, આ દુનિયામાં બહુ ભલા થવું એ પણ યોગ્ય નથી? ઉત્તર ન મળ્યો–કયાંય સુધી ન મળ્યો. છેવટે એટલેથી સંતોષ માન્યો કે, મહાન માણસોની ગતિ અકળ હોય છે; એમ એમનાં કથન પણ.

ધીરજલાલ ધનજીભાઈ શાહ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.

મુદ્રણસ્થાન: સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજી. નં. બી. ૪૨૬૬

પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ : ૧૨ / અંક : ૯ મુંબઈ : ૧ સપ્ટેમ્બર ૧૯૫૦ શુક્રવાર વાર્ષિક લવાજમ રૂપિયા ૪

આઝાદી દિન અને જિબ્રાનની પયગંબરી વાણી

હિંદની આઝાદીની ચોથી જન્મજયંતી ગયા ઓગસ્ટ માસની ૧૫મી તારીખે દેશભરમાં ઉજવાઇ અને એ પ્રસંગને અંગે પ્રમુખ દેશનેતાઓના ભાતભાતનાં નિવેદનો પ્રગટ થયાં. આ બધું હું જોતો હતો એ દરમિયાન ભારતી સાહિત્ય સંઘ તરફથી પ્રગટ થયેલ શ્રી ધૂમકેતુ-અનુવાદિત 'જિબ્રાનની જીવનવાણી'માંનાં 'મારા દેશબાંધવોને' અને 'દયાપાત્ર દેશ' એ બે પ્રકરણો મારા વાચવામાં આવ્યાં અને એની અંદર આપણા દેશની અદ્યતન પરિસ્થિતિનું જ જાણે કે વાસ્તવિક ચિત્ર આપવામાં આવ્યું હોય અને આપણા ઉદ્ધારમાર્ગનું પણ તેમાં બહુ ઉપયોગી દિશાસૂચન હોય એમ મને લાગવાથી એ બન્ને પ્રકરણો અહિં સાદર ઉદ્ધૃત કરવામાં આવ્યા છે.

પરમાનંદ

દયાપાત્ર પ્રજા

અલ્ મુસ્તફા સ્વદેશ આવ્યા. પોતાના માતાપિતાની વાટિકામાં તેણે પ્રવેશ કર્યો. તેણે ઝાંપો બંધ કર્યો કે જેથી કોઇ તેના એકાંતવાસમાં આવે નહિ.

અને ચાળીસ રાત અને ચાળીસ દિવસ તેણે એ વાટિકામાં અને તે ઘરમાં એકાંતવાસ કર્યો.—એટલો વખત ત્યાં કોઇ આવ્યું નહિ. ઝાંપા પાસે પણ કોઇ ફરકયું નહિ. ઝાંપો અંદરથી બંધ હતો અને સૌને ખબર હતી કે તે એકાંતવાસમાં છે.

જ્યારે ચાળીસ દિવસ પૂરા થયા ત્યારે અલ્ મુસ્તફાએ બારણું ઉઘાડયું કે જેથી તેઓ અંદર આવી શકે.

અને નવ માણસો, તે વાટિકામાં તેના અંતેવાસી બનવાને આવ્યા. ત્રણ એના વહાણના ખલાસીઓ હતા. ત્રણ એના નોકરો. અને ત્રણ લંગોટિયા ભાઇબંધો. અને આ તેના શાગિર્દો હતા.

સવારે શાગિર્દો તેની આસપાસ બેઠા હતા અને એની આંખમાં દૂરદૂરના સ્વપ્નાં અને સંસ્મરણો ભર્યાં હતાં.

હાફીઝ નામના શાગિર્દે પ્રશ્ન પૂછયો :

'ગુરુદેવ! આપે જ્યાં બાર વર્ષ નિવાસ કર્યો છે એ ઓર્ફલીઝ શહેર વિષે અમને કંઇક કહો.'

અને અલ્ મુસ્તફા ધરીભર શાંત બની ગયા. અનંત આકાશની સામે અને દૂરદૂરની ટેકરીઓ સામે તેણે મીટ માંડી. એના મૌનમાં મંથન હતું.

પછી તેણે કહ્યું.

'મારા મિત્રો અને પંથવાસીઓ! જે પ્રજા સૂત્રો સ્વીકારે છે, પણ ક્રિયામાં ધર્મશૂન્ય રહે છે, તે દયાપાત્ર છે.'

'જાતે નહિ વણેલું એવું કાપડ જે પહેરે છે, જાતે પેદા નહિ કરેલું એવું અનાજ જે પ્રજા ખાય છે, અને પોતાના દેશનું નહિ એવું પીણું જે પ્રજા પીએ છે, તે પ્રજા દયાપાત્ર છે!'

'સિદ્ધાન્ત વિનાના વિજયી શઠને જે પ્રજા વીર માને છે, તે દયાપાત્ર છે. ચમકતા વિજયીને—દાદાગીરી કરનારને—જે પ્રજા ઉદાર ગણે છે, તે પ્રજા દયાપાત્ર છે.'

'જે પ્રજા સ્વપ્નમાં વિકારને ધિક્કારે છે, પણ જાગ્રત અવસ્થામાં ને જીવનમાં એને વશ થાય છે, તે પ્રજા દયાપાત્ર છે.'

'ડાહ્યુ બનીને જવાનું હોય તે પ્રસંગ સિવાય, જ્યાં માણસો ઊંચા અવાજ કાઢતા નથી, પોતાના જર્જરિત ભૂતકાલિન ખંડેરો સિવાય બીજા કશા માટે અભિમાન લેતા નથી, અને તલવારની અણી નીચે ગરદન મૂકાય તે સ્થિતિ સિવાય જ્યાં લોકો સામે થવાનું શીખ્યા નથી, તે પ્રજાનું જીવન દયાપાત્ર છે.'

'જે પ્રજાના રાજદ્વારી પુરુષો બહુબહુ તો શિયાળ જેવા છે, કે જેમની બહાદુરી એમની લુચ્ચાઇમાં સમાપ્ત પામે છે, જ્યાં તત્ત્વજ્ઞો શબ્દનું ડુગડુગીયું વગાડનારા મદારીઓ જેવા છે, અને જેની કલા કાં થીગડાં મારે છે અને કાં હાસ્યાસ્પદ અનુકરણ કરે છે, તે પ્રજા દયાપાત્ર છે.'

'ઢોલ ત્રાસા ને શરણાઇથી જે પ્રજા પોતાના નવા નવા રાજકર્તાઓને વધાવે છે, અને 'હુરરે હુરરે' બોલીને એમને અભિનંદન આપે છે, અને પાછું એવું જ સન્માન બીજા રાજકર્તાઓને પણ આપે છે, કોઇ પણ જાતના વિવેક વિના, એ પ્રજા દયાપાત્ર છે.'

'જેના વૃદ્ધો વયભારને લીધે મૂક બન્યા છે, ને જેના મજબૂત કહેવાય તેવા માણસો હજી ઘોડીયામાં સૂતા છે, એ પ્રજા દયાપાત્ર છે.'

'જે પ્રજા અનેક જથ્થામાં વહેંચાયેલી છે, અને તે દરેક જથ્થો, પાછો પોતાને પ્રજા માને છે, એ પ્રજા દયાપાત્ર છે."

મારા દેશબાંધવો!

મારા દેશબાંધવો! તમારી શી શી આકાંક્ષા, આશા અને ઇચ્છા છે એની જાણ મને કરો!

શું તમારી ઇચ્છા મહાન વિદ્યાલયો, વિખ્યાત ગુમ્બજો, વિશ્વપ્રસિદ્ધ ઇમારતો અને ભવ્ય યોજનાઓ દેશમાં પથરાવવાની છે, કે જે જુઠ્ઠી રાજનીતિએ અને હલકટ જુલમગારોએ, આપણામાંના અનેકાનેકને માણસાઇ વિનાના અને સચ્ચાઇ વિનાના બનાવ્યા છે, એમના આત્માને પહેલા જાગ્રત કરવાનો છે, એ વિષે પહેલા નિર્ણય કરો. જો માણસાઇ ને સચ્ચાઇ પહેલા ફેલાવવામાં આવશે, અને ત્યાર પછી ભવ્ય યોજનાઓ હાથમાં લેવાશે, તો તમારો દેશ ઘણી ધીમી પ્રગતિ કરશે. પણ જે પ્રગતિ કરશે તે એટલી નક્કર હશે કે પછી એને ફેરવવાપણું નહિ હોય.

તમારી પાસે મોટી યોજનાઓની વાતો આવતાં તમે રાજી થઇ જાઓ છો, એ મને ખબર છે. મને એ ખબર છે કે, કોઇ પણ જાતના સંકટ વિષેનો ઉલ્લેખ ન હોય એવી આશાનો સિંહનાદ તમને પ્રસન્ન કરી મૂકે છે. પણ મારા દેશબાંધવો! તમને ખબર લાગતી નથી, દેશમાંથી શું શું ચાલ્યું ગયું છે ને હવે શું બાકી રહ્યું છે. દેશનો આત્મા જ મૂર્છા પામ્યો છે. જ્ઞાનની સાચી ભૂખ વિના કોઇ પણ શક્તિ આવે તેમ નથી.

તમને તૃષા પીડી રહી છે, લક્ષ્મીના અસંતોષની; એ તૃષાને શાંત કરવાની શક્તિ કેવળ તમારા પોતાનોમાં વસી રહી છે. બહારની કોઇ લક્ષ્મીના વરસાદે તમારી ભૂખ ભાંગે તેમ નથી. એ ભૂખ ટાળવાનો એક જ ઉપાય તમારી કામ કરવાની ઉત્સાહશક્તિમાં રહ્યો છે; તમારી સંઘશક્તિમાં રહ્યો છે; તમારી વ્યવસ્થામાં રહ્યો છે.

સમુદ્રને ભરતી ને ઓટ આવે છે. સૂર્યોદય સૂર્યાસ્તની આગાહી આપે છે. પુનમનો ચંદ્ર અમાસની શરૂઆત છે. માણસના અને પ્રજાના જીવનમાં પણ એવા ભરતી ઓટ આવે એ કુદરતી રચનાકૌશલ્યમાં જ વસેલું સનાતન સત્ય છે. એને કોઇ ટાળી શકતું નથી. એને ટાળવું એ અસત્ય છે. ઓટ છે તો ભરતી છે. અપકર્ષ છે તો ઉત્કર્ષ છે. માત્ર એકે જ વસ્તુ એવી છે જેને ભરતી નથી, ઓટ નથી, સત્ય. માનવતા. માણસાઇ. દુનિયામાં એની ભરતી ભાગ્યે જ આવે છે, પણ એના વિનાની દુનિયા કોઇ દિવસ હોતી નથી, હોઇ શકે નહિ. માણસાઇ વિનાની પ્રજા હોય એના કરતા કેવળ જંગલ હોય એ કુદરતને તેમ જ ઇશ્વરને વધુ ગમે. મારા દેશબાંધવો! આપણે સોનું, રૂપું, જરજવાહીર, હીરા માણેક, મોતી તો શું ખોયાં છે, એ સમૃધ્ધિ તો પાછી વાળી વળે તેમ છે, પણ આપણે જે ખોઇ દીધું છે એ તો પછી મેળવી શકાતું નથી. માણસાઇ વિનાની આખી પ્રજાને થઇ જતી જોવી, એક માણસ જોતો હોય ને એક માણસ મળે નહી, એટલી બધી ગરીબી હોવી, મારા દેશજનો! આ તો કેવળ શાપિત ભૂમિમાં બને છે. સત્ય અને માણસાઇ વિષે પણ ઢોંગ થઇ શકે, એટલી હદે જ્યાં બુદ્ધિની નફટતા કામ કરી શકતી હોય, ત્યાં-ત્યાં તો દેશબાંધવો! વૃધ્ધ ઇતિહાસાચાર્ય પટ્ટણ દટ્ટણની આગાહી આપતો રહ્યો છે!

મેં તમને કેટલી વખત કહ્યું છે કે આ દેશમાંથી સઘળું હરાઇ ગયું છે, પણ એની નિર્મળ કૌમુદીને કોણ ઉપાડી ગયું છે? એના નદીતટો કયાં ચાલ્યા ગયા છે? એના વનોપવન હજી પણ કેવા પ્રફુલ્લિત શોભી રહ્યા છે? એની આકાશચુંબક પર્વતમાળા કોણ લઇ ગયું છે? પણ તમે સમૂહજીવનને નવેસરથી ઘડીને આ કુદરતી રસાયનનો લાભ લેવાનું કરતા નથી, પછી પ્રજામાં યૌવનની તાજગીનો સંચાર શી રીતે થાય? અસહ્ય ગરીબીમાં ને અસહ્ય ઠંડીમાં જે પાસે પાસે આવે છે તે બચે છે. તમે કેવળ તમારું અંતર ઘટાડવાથી જ બચી શકો તેમ છો. એ અંતરને કૃત્રિમ જીવનપ્રેણાલિકાએ હદપારનું બહેકાવ્યું છે. તમે સાદામાં સાદી જીવનરીતિઓ ધારો ને એ અવશ્ય અદૃશ્ય થઇ જશે

દેશબાંધવો! પોતાની પ્રિય ભાષાભૂમિને ન ચાહે એવો કોણ શઠ હોય? પણ ભાષાભૂમિની હરેક નિર્બળતા એના ચાહનારને દુઃખ આપે છે, અને એના હૃદયને નિરાધારી આપે છે. પ્રજાની જ સમૂહ નિર્બળતા એક એક વ્યક્તિમાં આવે ને વસે છે; અને વ્યકિતની જે સબળતા તે પ્રજામાં પ્રસરે છે. એટલે તો હું કહું છું દેશજનો! તમે એક એક જણ સંસ્કારને અપનાવો. અને સમૂહ સંસ્કારી થશે.

તમારો આત્મા, દેશબાંધવો! કનકના પિંજરામાં પૂરાયેલો છે. એમાંથી મુકત થવા એ મંદિરના ઘંટ વગાડે છે. તમે સ્વતંત્ર છતાં સ્વતંત્રતાની લહરી માણી શકતા નથી. કારણ કે દરેકને સ્વતંત્રતા માણવી છે–પણ પોતાના સ્વાર્થની સોનેરી સાંકળ વડે બંધાઇને. તમારો મંદિરનાદ કેટલો ખોટો બની ગયો છે? ધર્મ કેવો વેવલો થઇ ગયો છે? કનકલોભ કેવો માણસાઇ વિનાનો થયો છે? અરે! તમારો સેવાધર્મ સેવિંગ બેંકની કેટલી બધી બ્યાજકોથળીની નિર્ભરતાને આધારે, સભારંજની સિંહનાદ કરે છે!

કેવળ મૃત્યુ વડે જ જીવનને નવપલ્લિત કરી શકાય એવી આ પરિસ્થિતિને નિહાળીને દેશબાંધવો! હું કવિ નથી પણ કવિ હોઉં તો મૃત્યુની પ્રશસ્તિનું એક મહાકાવ્ય રચું. મૃત્યુ પથ્થરને પણ નવજીવનની આશાનો સંચાર આપી શકે છે, એટલો એ એક જ આશાનો તંતુ આવી મહાન નિરાશામાં પણ આશ્વાસનરૂપ છે!

જીવન તો દેશબાંધવો! તમે માની રહ્યા છો તેમ, કોઇ મહાલયમાં વસનારૂં પ્રાણી નથી. એને એના પોતાના નિયમો છે. જીવન તો નવજુવાનીને આધારે રહેનારો કૃતનિશ્ચયી પ્રાણ છે. એ પ્રૌઢ અવસ્થાને વળગેલો વિવેક પણ છે. અને વળી શિશુની નિર્દોષતા પણ છે. કેટલાક જન્મે છે જ વૃધ્ધ. એને બીજી કોઇ અવસ્થા મળતી જ નથી.

જ્ઞાન, દેશબાંધવો! જીવનનો પ્રાણ છે, પણ એ માનવતાની આનંદલહરીનો સ્પર્શ પામે તો.

જેની પાસે જ્ઞાન છે, માનવતા છે અને શ્રદ્ધા છે, એની પાસે જીવનની અનેકાનેક શકયતાનો મહાસાગર રેલાય છે.

દેશબાંધવો! સ્વતંત્ર દરેક વ્યકિત, પરતંત્રમાં પણ પરતંત્ર છે, જ્યારે એ જ્ઞાનવિહોણી છે, માનવતા વિહોણી છે, શ્રદ્ધા વિહોણી છે.

[૨]

મારા દેશબાંધવો! મેં તમને પ્રેમથી નવરાવ્યા. પ્રેમમાર્ગનો કાંટાળો પણ અંતે સુખમય એવો માર્ગ બતાવ્યો, પણ આજ હું જોઉં છું કે તમે કેવળ મોહમાં હતા; મારી અને તમારી વચ્ચે પણ કેવળ મોહનો સંબંધ હતો. પ્રેમનો નહિ.

એટલે જ તમે મારા નામનો વારંવાર ઉપયોગ કરો છો, પણ મેં ચીંધેલા માર્ગની એમ માનીને ઉપેક્ષા કરો છો કે, એ તો એક મારી ધૂન હતી. એ વસ્તુમાં તથ્યાંશ ઓછો હતો અને અવ્યવહારૂ તત્ત્વ ઘણું હતું. આ તમારો મનનો મત બની રહ્યો છે. વાણીવ્યાપારનો–વ્યવહારનો મત જુદો છે.

આજ મારા અવ્યવહારૂ માર્ગને તમે પ્રિચ્છતા નથી. ભલે એ એમ હો. પણ મારા નામનો ઉપયોગ કરી અને તમે તમારી સત્તાને ચાલુ રાખવા ઇચ્છો છો એ વસ્તુ અંતે ભયંકર થવાની છે. તમારા કરતાં વધારે સારા માણસ દેશમાં નહિ હોય એ હું પણ જાણું છું. પણ તમારા સ્વાર્થત્યાગની હવે તમે પોતે જ આકરી કિમ્મત લેવા માંડયા છો, એ તમને, તમારા દેશબાંધવોને, સેંકડો અને હજારો નિર્દોષ નારીઓને, કુમળા બાળકોને અને આખા દેશને કોઇ લોહીનીગળતી ક્રાન્તિ તરફ પણ નહિ, કેવળ પશુના તરફ દોરી જશે. મારા દેશબાંધવો! કાં તમે થોડું આત્મનિરીક્ષણ કરો અથવા થોડું બીજા પાસેથી લેતાં શીખો. તમે તમારા જ પોતાના બંધનમાં બંધાયા છો. ભાષાવૈભવને કાર્ય સમજો છો. વિલાસી મુસાફરીને સેવા સમજો છો. પ્રવચનોને પુરૂષાર્થની પરાકાષ્ઠા ગણો છો. ખુલાસાઓને સિધ્ધાંત કહો છો. મારા નામના ઉપયોગને તમારી પવિત્રતા સમજો છો. અને આગામી જે ભયંકર અંધકારભરેલું ભવિષ્ય હું જોઇ રહ્યો છું એને જોવાની ના પાડો છો. દેશબાંધવો! તમે એક વખત તમારા ભૂતકાળ તરફ દૃષ્ટિ કરો, સો વર્ષ પહેલાં તમારે ત્યાં ઠગ લુટારૂ પીંઢારા ને ચોરનાં ટોળાં હતાં. એ ઇતિહાસનું પુનરાવર્તન આવતું હું દુઃખી હૃદયે જોઇ રહ્યો છું.

મને તમારી આ નબળાઇની દયા આવે છે. પણ આ દયા તમારી નિર્બળતા વધારે છે. અત્યારે તમારી અનિશ્ચિતતા આ નિર્બળતાનું જ બાળક છે. તમારી આ પતનદશા અને વિનિપાત એ પણ એ મોહનાં સંતાન છે.

મારા દેશબાંધવો! તમને અત્યારે એક લગની લાગી છે, કાયદાઓ ઘડવાની. પણ હું તમને એમ પૂછું છું કે જે દેશ માટે તમે કાયદા બાંધો છો એ દેશમાં તમારામાંથી કોઇ ઝુંપડું જોવા ગયો છે ખરો? તમારા કાયદા એ ઝુંપડાંને સ્પર્શે એટલું

(અનુસંધાન પૃષ્ઠ ૭૪ જુઓ.)

પર્યુષણ વ્યાખ્યાનમાળા

આ વર્ષની પર્યુષણ વ્યાખ્યાનમાળા તા. ૮-૯-૫૦ શુક્રવારથી શરૂ થશે અને તા. ૧૫-૯-૫૦ શુક્રવારના રોજ પુરી થશે. શરૂઆતની સાત વ્યાખ્યાનસભાઓ વીઠ્ઠલભાઇ પટેલ રોડ ઉપર આવેલ આનંદભવનના સભાગૃહમાં ભરવામાં આવશે અને સવારના ૮॥ થી ૧૦॥ સુધી ચાલશે. છેલ્લા દિવસની સભા ગામદેવી ઉપર આવેલ ભારતીય વિદ્યાભવનમાં સવારના નવ વાગે ભરવામાં આવશે. આ વ્યાખ્યાનમાળાનો કાર્યક્રમ નીચે મુજબ નક્કી કરવામાં આવ્યો છે.

તારીખ	વ્યાખ્યાતા	વ્યાખ્યાનવિષય
તા. ૮-૯-૫૦ શુક્રવાર	માન્યવર કુન્દનમલ ફિરોદિયા	જૈન ધર્મનું સ્થાન
તા. ,, ,,	ડૉ. એરચ્ જહાંગીર તારાપોરવાળા	સાચી સાધુતા
તા. ૯-૯-૫૦ શનીવાર	શ્રી. પુરૂષોત્તમ કાનજી (કાકુભાઈ)	આચાર સંશોધન
,, ,,	રાવસાહેબ પટવર્ધન	આપણી ધાર્મિકતા ?
તા. ૧૦-૯-૫૦ રવિવાર	અધ્યાપક શ્રી. ગૌરીપ્રસાદ ઝાલા	ઉપનિષદ્ વિચાર
,, ,,	શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહ	જૈન ધર્મ
તા. ૧૧-૯-૫૦ સોમવાર	પંડિત સુખલાલજી	ભગવાન મહાવીર
,, ,,	શ્રી. કેદારનાથજી	વ્યવહારશુદ્ધિ
તા. ૧૨-૯-૫૦ મંગળવાર	શ્રી. જમુ કાણી	પાયાનો કાન્તિકાર
,, ,,	શ્રી. પિનાકિન ત્રિવેદી	ભજનો
તા. ૧૩-૯-૫૦ બુધવાર	શ્રી. કેશવદેવ પોદ્દાર	શ્રી. અરવિંદનું તત્ત્વદર્શન
,, ,,	શ્રી. મધુભાઈ પટેલ	લોકગીતો અને ભજનો
તા. ૧૪-૯-૫૦ ગુરૂવાર	શ્રી. ઉમાશંકર જોષી	ઉત્તરરામચરિત
,, ,,	પ્રો-સીપાલ એસ. એસ. દેશનવી	ભારતીય સંસ્કૃતિની ગંગાજમના
તા. ૧૫-૯-૫૦ શુક્રવાર	ભદન્ત આનંદ કૌશલ્યાયન	શ્રમણ સંસ્કૃતિ
,, ,,	કાકા સાહેબ કાલેલકર	વિશ્વશાન્તિ

આ કાર્યક્રમમાં સંયોગવશાત્ કોઈ પણ પ્રકારના ફેરફારો થવાની શક્યતા રહેલી છે, જે બાબતની જાહેરાત વ્યાખ્યાનસભાઓ દરમિયાન વખતો વખત કરવામાં આવશે. પ્રસ્તુત વ્યાખ્યાનમાળાના અધ્યક્ષસ્થાને પંડિત સુખલાલજી બીરાજશે. આ વ્યાખ્યાનમાળાનો લાભ લેવા જૈન જૈનેતર સર્વે ભાઇબહેનોને સાદર નિમંત્રણ છે, તેમજ આ વ્યાખ્યાનસભામાં વખતસર હાજર રહેવા અને વ્યાખ્યાનો ચાલતાં હોય તે દરમિયાન પુરેપુરી શાન્તિ અને શિસ્ત જાળવવા અને સંચાલકોને સર્વ પ્રકારનો સાથ આપવા તેમને વિનંતિ છે.

તા. ક. આનંદભવનના સભાગૃહ બહાર ઉતારવા પડતા બુટ-ચંપલો ચોરાઇ જવાનો સંભવ રહે છે. આ માટે કાગળની થેલીઓ પુરી પાડવાની ખાસ વ્યવસ્થા રાખવામાં આવી છે.

મણિલાલ મોકમચંદ શાહ
દીપચંદ ત્રિભોવનદાસ શાહ
રમણલાલ સી. શાહ
મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

પર્યુષણ વ્યાખ્યાનમાળામાં ભાગ લેતા ભાઇબહેનોને

આપ જાણો છો કે દર વર્ષે નિયમિત રીતે આ વ્યાખ્યાનમાળા ચોજાઇ રહી છે અને તે ઉત્તરોત્તર વધારે ને વધારે લોકપ્રિય થઇ રહી છે. આ વ્યાખ્યાનમાળામાં માત્ર સ્થાનિક જ નહિ પણ દૂર દૂર વસતા વિદ્વાનોને પણ વ્યાખ્યાનો આપવા માટે નિમંત્રણ આપવામાં આવે છે. આ ઉપરાંત પરચુરણ ગાડીભાડું, સભાગૃહનું ભાડું, છપાઇ, વગેરે બીજો પણ કેટલોક ખર્ચ થાય છે. પરિણામે આ યોજના મુંબઇ જૈન યુવક સંઘ માટે ઠીક ઠીક ખર્ચનો વિષય બને છે. આ પ્રવૃત્તિને જેઓ આવકારદાયક લેખતા હોય અને આ વ્યાખ્યાનમાળામાં જેઓ રસપૂર્વક ભાગ લેતા હોય તેમનો, આ બાબતમાં સંઘને ચિન્તામુક્ત બનાવવાનો, ખાસ ધર્મ બને છે.

આનંદભવન જેવા સભાગૃહમાં મોટી સંખ્યામાં આવતા શ્રોતાસમુદાયનો સમાવેશ કરવાનું અશક્ય બને છે અને ઘણા ભાઇબહેનોને નિરાશ થઇને પાછું જવું પડે છે. આ આપણો ચાલુ અનુભવ છે. છેલ્લા દિવસે પણ ગમે તેટલી મોટી જગ્યા મેળવીએ તો પણ શ્રોતાજનો માટે ટુંકી પડે છે. આ માટે કોઇ ખુલ્લી જગ્યામાં મંડપ બાંધવામાં આવે અને ગમે તેટલી સંખ્યામાં આવતા શ્રોતાજનોનો સમાવેશ થઇ શકે એવો પ્રબંધ કરવામાં આવે– એવી સૂચના તેમજ માંગણી કેટલીએક દિશાઓથી કરવામાં આવે છે. વિશાળ મંડપ બાંધવો અને તે પણ વર્ષાઋતુથી સુરક્ષિત હોય અને તે સાથે બીજી જરૂરી વ્યવસ્થા કરવી એ ઘણો મોટા ખર્ચનો અને સંઘની અદ્યતન આર્થિક તાકાતની બહારનો વિષય છે. પણ વ્યાખ્યાનમાળાના શ્રીમાન ગ્રાહકો આ પ્રકારની આર્થિક સરળતા જો કરી આપે તો મુંબઇ જૈન યુવક સંઘ આ વ્યાખ્યાનમાળાને આવા મોટા પાયા ઉપર ગોઠવવા જરૂર તત્પર છે.

સંઘ તરફથી પ્રબુદ્ધ જૈન નામનું એક પાક્ષિક પત્ર ચલાવવામાં આવે છે. આ પત્રે પોતાની અસાંપ્રદાયિકતા, રાષ્ટ્રીયતા અને સંસ્કારપ્રચુરતાના કારણે આજના સામાયિકોમાં એક જુદા જ પ્રકારની ભાત પાડી છે. આ પત્ર જૈન સમાજ અને જૈન ધર્મના અનેક પ્રશ્નો ઉપર નિડર અને સ્પષ્ટ માર્ગદર્શન આપતું રહ્યું છે તેમ જ રાષ્ટ્રની અનેક સમસ્યાઓ ઉપર વિચારપ્રેરક લેખો તેમજ સમાલોચનાઓ પ્રગટ કરી રહેલ છે. તદુપરાન્ત આ સંસ્થા તરફથી એક સાર્વજનિક વાંચનાલય તથા પુસ્તકાલય ચલાવવામાં આવે છે અને સામાન્ય જનતા આનો બહુ મોટી સંખ્યામાં લાભ લે છે. આ બન્ને પ્રવૃત્તિઓના સંચાલન પાછળ સંઘના માથે આશરે રૂ. ૪૦૦૦) ના ખર્ચ યા ખોટ ની જવાબદારી રહેલી છે. આ જવાબદારીનો ભાર બને તેટલો હળવો કરવા માટે પર્યુષણ વ્યાખ્યાનમાળામાં ભાગ લેતા ભાઇ બહેનોને પોતાથી બને તેટલો ફાળો આપવા તથા પ્રબુદ્ધ જૈનના ગ્રાહક બનવા આગ્રહપૂર્વક વિનંતિ છે. ફાળા માટે રૂ. ૨૫, ૫૦ તથા ૧૦૦ ની પાવતીની ચોપડીઓ રાખવામાં આવી છે. સૌ કોઇ પોતાથી બનતું કોઇને કોઇ જરૂર આપે એવી પ્રાર્થના કરવામાં આવે છે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

"આપણે ત્યાં બધી શકયતાઓ છે: માત્ર માળી નથી"

ગુજરાત સાહિત્ય સભા–અમદાવાદના મંત્રી અને મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિના એક સભ્ય શ્રી. ધીરજલાલ ધનજીભાઇ શાહ, ગયા એપ્રિલ મહિનામાં, પોતાના ધંધાર્થે યુરોપ ગયેલા. ગયા પખવાડિયે ત્યાંથી પાછા ફર્યા બાદ, તા. ૧૨–૮–૫૦ ના રોજ મુંબઇ જૈન યુવક સંઘના ઉપક્રમે યોજાયેલ એક સભામાં, શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાનાં પ્રમુખપદે તેમનો વાર્તાલાપ યોજાયેલ. આ વાર્તાલાપ પરથી શ્રી ભોગીલાલ ડગલીએ ટૂંકી નોંધ તૈયાર કરેલી, તે નીચે આપવામાં આવી છે. તંત્રી]

"યુરોપનાં બાર દેશો ઇન્ગ્લેન્ડ, ફ્રાન્સ, બેલ્જિયમ, હોલેન્ડ, ડેન્માર્ક, સ્વીડન, નોર્વે, સ્વીટ્ઝર્લેન્ડ, જર્મની ઝેકોસ્લોવેકિયા, ઇટલી, ગ્રીસ અને એ ઉપરાંત ઇજીપ્ત જોવાની, પ્રવાસ દરમિયાન મેં તક લીધી. સાડાત્રણ મહિનામાં આ બધા દેશો, પૂરેપૂરા જોઇ ન શકાય; તેમના વિષે પૂરો અથવા ઝીણવટભર્યો અભ્યાસ પણ ન થઇ શકે; છતાં મારા ટૂંકા રોકાણ દરમિયાન જેટલું જાણવાનું–જોવાનું મળે તે જાણવા–જોવાની એકે તકને જવા નથી દીધી..

"દરેક દેશ પોતાની સંસ્કૃતિની જાળવણી માટે અને કલાના ઉત્તેજન સારૂ, મ્યુઝિયમ અને આર્ટગેલેરી રાખે છે. આવાં મ્યુઝિયમો અને આર્ટગેલેરી લગભગ દરેક દેશનાં જોયાં. જુદા જુદા દેશોની ઔદ્યોગિક પ્રગતી કેટલી થઇ છે, એ જાણવા માટે મોટામાં મોટા પાંચેક ઔદ્યોગિક પ્રદર્શનો જોયા. આ બધું જોયાં પછી મનમાં એમ થયા જ કરે છે કે હિંદ સમૃદ્ધ છે, પણ એ સમૃદ્ધિ દટાયેલી પડી છે. આપણી પાસે માનવ–બળ છે; ખનીજ સંપત્તિ છે; સોના જેવી જમીન છે; પણ તેનો યોગ્ય દોરવણીને અભાવે જોઇએ તેવો ઉપયોગ થતો નથી. એક જ વાત લઇએ. ત્યાંના ઐતિહાસિક સ્થળો અને કુદરતનાં રમણીય દૃશ્યો જોવા માટેની પૂરેપૂરી અવગડ હોય છે; અને સહેલાઇથી દરેક સ્થળે જઇ શકાય છે, ત્યારે ઐતિહાસિક અને કુદરતી સ્થળોમાં હિંદ વધુ સમૃદ્ધ હોવા છતાં, યોગ્ય વાહનવ્યવહાર તથા બીજી સગવડના અભાવે એનો આનંદ આપણે નથી લઇ શકતા.

"પરંતુ આ તો બીજી વાત થઇ. મારે આજે જે કહેવું છે તે આ કે, આ દેશો કયા ગુણોમાં આપણા કરતાં વધારે સમૃદ્ધ છે, અને કયા ગુણોને અપનાવવાથી આપણે વધુ સમૃદ્ધ થઇ શકીએ. અથવા એમ કહો કે, જુદા જુદા દેશોમાં તેના કયા વિશિષ્ટ ગુણોએ મને આકર્ષ્યો. આ પાંચ ગુણો તે આ.

"૧. રાષ્ટ્રીય ભાવના–દરેક દેશની પ્રજામાં પોતાના રાષ્ટ્ર માટે ખૂબ જ અભિમાન છે. રાષ્ટ્ર પ્રત્યેની વફાદારી હોય એ સ્વાભાવિક છે, પણ રાષ્ટ્રને ખાતર સર્વસ્વ ન્યોચ્છાવર કરવાની પ્રજા પોતાની ફરજ સમજે છે. પોતાના દેશમાં ભલે કોઇ પણ પક્ષ સત્તા પર હોય, છતાં રાષ્ટ્ર પર જો આપત્તિ આવવાનો સંભવ દેખાય કે, આપત્તિ આવી હોય તો ગમે તે પક્ષને પોતાનો સંપૂર્ણ સહકાર આપે છે. ઇટલી અને ગ્રીસ જેવા યુરોપમાં પછાત ગણાતા રાષ્ટ્રોમાં પણ ત્યાંની પ્રજામાં આ ભાવના તમે હાલતાં ચાલતાં જોઇ શકશો. પોતાના દેશનું વાકું બોલાતું કદી સાંભળી નહિ શકે. આ ભાવના તેમને જાણે ગળથૂથીમાંથી જ મળી હોય એમ લાગે.

"૨. શિસ્ત—યુરોપનાં કોઇ પણ દેશમાં શિસ્તનું પ્રમાણ વધતેઓછે અંશે સારી રીતે જોવા મળશે. ટ્રામ, ટ્રેઇન, મોટર–બસ દરેક સ્થળે બધું વ્યવસ્થિત. પાર્લામેન્ટ જોવા જવું હોય, મ્યુઝિયમમાં જાઓ; રસ્તો ઓળંગતા દરેકને જુઓ–બધું જ હારબંધ. જવાની ઉતાવળ હોય, છતાં ધક્કામૂકી નહિ–એક પછી એક. પાર્લામેન્ટમાં પ્રવેશ મેળવવા માટે ચાર ચાર કલાક ઊભા રહે, છતાં બીજાની આગળ જવા મહેનત નહિ. નાટકશાળા. સિનેમા, શાળાઓ–દરેક સ્થળે તમને આ ગુણ જોવા મળે. શાળાનાં બાળકોને રસ્તા પર હારબંધ ચાલતા જુઓ અને લશ્કરી શિસ્તનો ખ્યાલ આવે.

"૩. નાગરિકત્વ—દરેક શહેરીમાં, નાગરિકત્વના ગુણ ઓછાવત્તા પ્રમાણમાં જોવા મળશે. મોટેથી બોલવાથી કે અવાજ કરવાથી બીજાઓને ખલેલ પહોંચે તેની કાળજી રાખવાના, બીજાને રસ્તામાં નડતા શરીરથી ધક્કો લાગી ગયો હોય તો માફી માગી લેવામાં; જાહેર સ્વચ્છતા માટે પૂરતી સંભાળ લેવાની. બીજા વિશ્વયુદ્ધ પછી સ્વચ્છતાનો ગુણ ઘટતો ઓછો થતો ગયો છે; છતાં આપણે તો તેમનાથી કંઇ ગણ્યા! લંડનમાં રસ્તા પર થૂંકનારનો પાંચ પાઉન્ડ–લગભગ પચાસ રૂપિયા દંડ થાય છે; એનો પર ડોક્ટરિયાદ કોઇ નહિ. રસ્તા પર ગમે ત્યાં ગુટખા ઊડતા નહિ જુઓ

મોટર–બસમાં બસની ટિકિટ ગમે ત્યાં નહિ ફેંકાય; મોટર–બસની પાછળની ઉતરવાની જગાએ પેટી હશે. તેમાં વપરાયેલી ટિકિટ નાખવાની. મ્યુનિસિપાલિટીઓ, શહેરીઓનું આરોગ્ય જળવાઇ રહે એની તકેદારી રાખે છે; છતાં શહેરીઓ પણ પોતાનો ધર્મ ચૂકતા નથી.

'૪ પ્રમાણિકતા—આ બધા દેશમાં રાજકીય કાર્યકર્તાઓને લઇ લો; તમને મોટા ભાગના લોકો પ્રમાણિક જણાશે–ધંધામાં કે સામાન્ય વ્યવહારમાં. ધંધામાં તેમની પ્રમાણિકતાને લીધે અંગ્રેજોની આંટ આજે દુનિયાભરમાં બંધાઇ ગયેલ છે; જર્મની સિવાય બીજા દેશો વિષે આટલા ભારપૂર્વક ન કહી શકાય; પણ સામાન્ય વ્યવહારમાં આ ગુણને તેઓએ અપનાવી લીધો છે. ગ્રીસ અને ઇટલીમાં ટ્રામમાં તમે પુષ્કળ ગિરદી જુઓ, પણ ભાગ્યે જ કોઇ ઉતારને, તેની ચોકસ કરેલી રકમ આપ્યા સિવાય ઉતરતો જોશો. કન્ડકટર પણ એટલો જ પ્રમાણિક. આપણે ઘણી બાબતોમાં ઇન્ગ્લેન્ડનું અનુકરણ કર્યું છે; આપણી માળવાળી મોટર–બસો ત્યાંનું જ અનુકરણ છે. ત્યાં એક કન્ડકટરથી ચાલી શકે છે; આંહી એની જરૂર પડે છે. પણ ત્યાંના કન્ડકટર જુઓ! ઉતારૂ ઉતરશે ત્યારે નિયત કરાયેલી રકમ, મોટરની પાછળની જગાએ મૂકી જશે; કન્ડકટર ઉપરથી ઉતરી આ રકમ જોશે કે, તરત એટલી જ રકમની ટિકિટ ફાડી નાખશે. ઇન્ગ્લેન્ડમાં પચેંઝ ટેકસ ત્રીસ ટકાથી સો ટકા સુધી છે, પ્રજાનો એ કર સામે વિરોધ છે; છતાં તે છુપાવવા માટે ઇચ્છશે નહિ. કહેશે કે, 'અમને આ કર ગમતો નથી, પણ છેટે સરકાર તો અમારી જ છે નાં? અમારા જ ભલા માટે છે; એટલે એમાં અપ્રમાણિક તો નહિ જ થઇએ.'

"૫. જીવનનો આનંદ—અંદાજિયામાં છ દિવસ કામ કરશે; પણ સાતમે દિવસે તેઓ તદ્દન મુક્ત વાતાવરણમાં ફરવા નીકળી પડશે. ઇન્ગ્લેન્ડમાં શનિ–રવિ બે દિવસ રજા હોય છે; તો બીજા દેશોમાં રવિવારની જ. પણ આ દિવસોએ દરેક શહેરની મોટા ભાગની વસ્તીને શહેરની બહાર નીકળી ગયેલી જોશો. પતિ–પત્ની, ભાઇબહેન, મા દીકરો–આખું કુટુંબ, પોતાની શક્તિ મુજબનાં સાધનદ્વારા–છેવટે પગે ચાલીને પણ રવિવારને ઊજવવા બહાર નીકળી ગયેલ હશે. ધંધાની, કુટુંબની,–કોઇ પણ પ્રકારની તે દિવસે ઉપાધિ નહિ. લોકો કમાવા માટે મહેનત કરે છે; કમાય છે; અને ખર્ચી પણ જાણે છે. કર્તવ્ય–પરાયણતાને જેમ જીવનમાં સ્થાન આપે છે, તેમ આનંદને પણ.

આ પાંચ ગુણોથી દરેક દેશ રાષ્ટ્ર તરીકે ટકી શકયો છે. આ બધા દેશોની બીજી બાજુ પણ છે; તેની કડકમાં કડક ટીકા પણ થઇ શકે તેમ છે; પરંતુ આપણે એ તરફ નજર કાં નાખીએ? આ પાંચ ગુણોને જ જો આપણે જીવનમાં ઉતારવા યત્ન કરીએ તો આપણો દેશ ટૂંક સમયમાં જ સમૃદ્ધ બને. દુઃખની વાત છે કે, આપણામાં એક ગુણનો વિકાસ નથી થયો.

દરેક દેશ જોયા પછી, લંડનમાં ત્યાંની ન્યૂઝ–એજન્સીના પ્રતિનિધિએ જ્યારે મને પૂછયું ત્યારે મેં જે જવાબ આપેલો એ જવાબ આંહી કહું તો અસ્થાને નથી. એ અભિપ્રાય બીજા દેશોને લાગુ પડે જ છે; પણ ઇન્ગ્લેન્ડને તો ખાસ "તમારે ત્યાં કૂલો છે; વિવિધરંગી પુષ્કળ કૂલો છે; માળી છે; પણ તેમાં સુવાસ નથી. અમારે ત્યાં વિવિધરંગી પુષ્કળ કૂલો છે; સુંદર ખુશબો છે; પણ દુઃખની વાત છે કે, માળી નથી." આપણે સૌ બગીચાના માળી થવા યત્ન કરીએ; તો હિંદ એશિયામાં જ નહિ, પણ વિશ્વમાં એક અદ્વિતીય રાષ્ટ્ર તરીકે સ્થાન લઇ શકે એટલી શકયતાઓ આપણે ત્યાં પડેલી છે.

કેટલાક સમાચાર અને નોંધ

સંઘના સભ્યોને વિનંતિ

ચાલુ વર્ષ દરમિયાન સંઘના ઘણા સભ્યોનાં વાર્ષિક લવાજમો હજુ વસુલ થવા બાકી છે. ચાલુ વર્ષ માટે તા. ૮-૯-૫૦ થી તા. ૧૫-૯-૫૦ સુધી યોજાયલી પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન જે જે સભ્યોએ લવાજમ આપ્યાં ન હોય તેમને ભરી દેવા આગ્રહપૂર્વક વિનંતિ છે. આ લવાજમો વસુલ કરવા માટે સભાગૃહની બહાર જરૂરી વ્યવસ્થા રાખવામાં આવી છે. સંઘના સભ્યોને આ બાબતમાં પ્રમાદ નહિ સેવવા પુનઃ પુનઃ વિનંતિ છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

કોંગ્રેસ પ્રમુખની ચુંટણી

રાષ્ટ્રીયમહાસભાના આગામી અધિવેશનના પ્રમુખની ચુંટણીના પ્રશ્ને તાજેતરમાં ખૂબ રસાકસી પેદા કરી છે. પ્રબુધ્ધ જૈનના વાચકોના હાથમાં આ અંક પહોંચશે તે પહેલાં આ ચુંટણીનો નિર્ણય થઇ ગયો હશે અને આચાર્ય કિરપલાણી, શ્રી. પુરૂષોત્તમદાસ ટેન્ડન તથા શ્રી. શંકરરાવ દેવ–ત્રણ ઉમેદવારોમાંથી કોઇ એકની પસંદગી જાહેર થઇ ચુકી હશે. આ પરિસ્થિતિમાં ત્યાં ત્રણ ઉમેદવારોની અલ્પ યા અધિક યોગ્યતાની ચર્ચા હવે અસ્થાને જ ગણાય. પણ આ પ્રશ્નના પાયામાં રહેલો મુખ્ય મુદ્દો ત્યારબાદ પણ એટલો જ મહત્વનો અને પહેલી તકે નિર્ણય કરવા યોગ્ય રહે છે: અને તે એ કે કોંગ્રેસ પક્ષનું જ્યાં સુધી રાજ્યશાસન ચાલે ત્યાં સુધી કોંગ્રેસના પ્રમુખ અને રાજ્યક્ષેત્રમાં સર્વસત્તાધીશ લેખાતા મુખ્ય પ્રધાન બન્ને વચ્ચેના સંબંધનું સ્વરૂપ કેવું હોવું જોઇએ? જ્યારથી કોંગ્રેસ સત્તા ઉપર આવી અને કોંગ્રેસના મુખ્યતમ આગેવાનો રાજ્યસત્તાનિયુક્ત બન્યા ત્યારથી કોણે કોને અધીન રહીને ચાલવું–આ સમસ્યાનો જન્મ થયો છે. ત્યાર બાદ જ્યારે ભારત અધિવેશનના પ્રમુખ આચાર્ય કિરપલાણીજીને પંડિત જવાહરલાલ અને સરદાર વલ્લભભાઇ પટેલ સાથે અથડામણ શરૂ થઇ અને પરિણામે કિરપલાણીજીને પ્રમુખપદનો ત્યાગ કરવો પડ્યો અને બાબુ રાજેન્દ્રપ્રસાદની તેમના સ્થાને નિમણુક કરવામાં આવી ત્યારે પણ આ જ પ્રશ્ન નિરાકરણ માંગી રહ્યો હતો અને કોંગ્રેસની કારોબારીએ અથવા તો અખિલ હિંદ મહાસભા સ્વમતિએ આ બાબતનો નિર્ણય કરવો જોઇતો હતો. પણ કમનસીબે એ સમસ્યાનો સામનો કરવાનું હજુ સુધી કોઇને સુઝ્યું નથી. આજે વળી જ્યારે કોંગ્રેસના પ્રમુખસ્થાન માટે ત્રણ ઉમેદવારો બહાર પડ્યા છે ત્યારે આ ત્રણમાંથી વ્યક્તિગત રીતે કોણ વધારે યોગ્ય છે એટલા માત્ર દૃષ્ટિબિન્દુથી આ બાબતનો નિર્ણય થઇ શકે તેમ નથી. આ ત્રણમાંથી કોનો આજના કોંગ્રેસી પ્રધાનમંડળ સાથે અને તેમાં પણ અગ્રતમ સ્થાન ધરાવતા પંડિત જવાહરલાલ અને સરદાર વલ્લભભાઇ સાથે મેળ ખાય તેમ છે–આ દૃષ્ટિબિન્દુ પણ આ ચુંટણીનો નિર્ણય કરતાં મતદારો સામે અનિવાર્યપણે આવીને ઉભું રહ્યું હોવું જ જોઇએ. જેનો સત્તાધીશો સાથે મેળ નથી એવી વ્યક્તિ જો પ્રમુખ સ્થાને નિયુક્ત થશે તો બન્ને વચ્ચે અથડામણ થયા વિના રહેશે જ નહિ અને તેનું પરિણામ આખરે કોંગ્રેસને જ વધારે જર્જરિત બનાવવામાં આવવાનું. આજના સંયોગોમાં તો કોંગ્રેસી સત્તાધીશો સાથે જેનો પુરો મેળ હોય એવા પ્રમુખની ચુંટણી જ સરવાળે વધારે શ્રેયસ્કર નીવડવાની, પણ આવા અનુકુળ પ્રમુખની ચુંટણીમાં પણ એક જોખમ રહેલું છે. કોંગ્રેસના પ્રમુખનું સ્થાન બંધારણીય દૃષ્ટિએ સૌથી વધારે મહત્વનું છે. આજનું પ્રધાનમંડળ કોંગ્રેપક્ષનું હોઇને તેણે કોંગ્રેસની કારોબારીને અધીન રહીને દેશનો રાજ્યવહીવટ ચલાવવો જોઇએ અને તેથી કોંગ્રેસના મુખ્ય પ્રધાને કોંગ્રેસના પ્રમુખનું વર્ચસ્વ સ્વીકારવું જોઇએ. આજના ત્રણ ઉમેદવારો જે કક્ષાના છે તે ધ્યાનમાં લેતાં તેમાંના કોઇનું પણ વર્ચસ્વ અને દોરવણી આજના મુખ્ય પ્રધાન અને સરદાર વલ્લભભાઇ સ્વીકારે અથવા તો અંગતપણે રાજકારણી મુદ્દાઓમાં કોંગ્રેસના પ્રમુખની સલાહ લઇને તેઓ ચાલે એ શક્ય જ નથી. પરિણામે પ્રતિકુળ પ્રમુખના હાથે કોંગ્રેસમાં અથડામણ અને વિસંવાદ ઉભા થવાનો સંભવ રહેવાનો અને અનુકુળ પ્રમુખ કોંગ્રેસની અત્યારની શિથિલ દશામાં કોઇ પણ પ્રકારનો નવો પ્રાણસંચાર કરી નહિ શકે–આવી વિષમ સ્થિતિ આપણી સામે આવીને ઉભી રહી છે.

ત્યારે કોંગ્રેસને સર્વથા શ્રેયસ્કર હોય એવું પ્રમુખની ચુંટણીને લગતું કયું ધોરણ હોઇ શકે એ જ આપણે વિચારવાની જરૂર ઉભી થાય છે. આ ધોરણ બે પ્રકારનાં હોઇ શકે. એક તો જે પક્ષની રાષ્ટ્રમાં બહુમતી હોય અને પરિણામે જે પક્ષે રાજ્યવહીવટની જવાબદારી સ્વીકારી હોય તે પક્ષનો આગેવાન મુખ્ય પ્રધાન તે જ તે પક્ષનો પ્રમુખ બને. વ્યવહારપક્ષે આની વિરૂદ્ધમાં એમ કહી શકાય જેના માથે આખા દેશના રાજ્યવહીવટનો અને આન્તરરાષ્ટ્રીય જવાબદારીનો ભાર હોય તેના માટે કોંગ્રેસના વહીવટનો ભાર ઉપાડવાનું કામ અત્યન્ત મુશ્કેલ અથવા તો અશક્ય જ બનવાનું. આ મુશ્કેલી વિચારવાયોગ્ય છે અને તેનો નીકાલ એક જ રીતે થઇ શકે કે કોંગ્રેસને લગતી ચાલુ જવાબદારીઓ અને કામકાજને પહોંચી વળવા માટે આવા પ્રમુખ પોતાને અનુકુળ હોય એવા ઉપપ્રમુખની પસંદગી કરે અને માત્ર અગત્યની બાબતો જ પોતે સંભાળે. આવી ગોઠવણ સ્વીકારવામાં આવે તો પ્રમુખ અને મુખ્ય પ્રધાન વચ્ચે અથડામણનો કોઇ સવાલ જ કદિ ઉભો થવા ન પામે. આ રીતે વિચારતાં આગામી અધિવેશનનું પ્રમુખસ્થાન પંડિત જવાહરલાલે જ સ્વીકારવું જોઇતું હતું. પણ કમનસીબે આ દરખાસ્તનો તેમણે ઇનકાર કર્યો અને પ્રમુખપદ માટે ત્રિપક્ષી રસાકસી ઉભી થઇ.

બીજું ધોરણ એ છે કે કોંગ્રેસના પ્રથમ કક્ષાના આગેવાન રાજ્યવહીવટના અધિકાર ઉપર આવે જ નહિ અને એ અધિકાર સંભાળવા બીજી હરોળના આગેવાનોને નિયુક્ત કરવામાં આવે અને આ પ્રકારના સત્તાધીશો ઉપરના આગેવાનોની સૂચનાઓ અને દોરવણી મુજબ રાજ્યવહીવટ ચલાવે. આવી પરિપાટી સ્વીકારવામાં આવે તો પક્ષનો પ્રમુખ એ જ આડકતરી રીતે સર્વસત્તાધીશ બને અને મુખ્ય પ્રધાનનું સ્થાન સાધારણ રીતે ગૌણ અને તેને આધીન બને. પાર્લામેન્ટરી પદ્ધતિએ જ્યાં રાજ્યકારભાર ચાલે છે તેવા કેટલાક દેશોમાં આ ધોરણ પ્રમાણે જ નિમણુકો અને ચુંટણી થાય છે. પહેલો વિકલ્પ સ્વીકાર્ય ન હોય તો આ બીજો વિકલ્પ કોંગ્રેસે સ્વીકારવો ઘટે છે. પણ આ બાબતની ત્વરિતતા–સંદિગ્ધતા–ચાલુ રહે તે બીલકુલ ઇચ્છવાયોગ્ય નથી. બન્ને સંયોગોમાં કોંગ્રેસના પ્રમુખનું સ્થાન અને મોભો–બન્ને ઝળાંઝળાં થતાં ચાલ્યાં છે અને આ પરિસ્થિતિ કોંગ્રેસ માટે કે રાજ્યવહીવટ માટે–બન્ને માટે જરા પણ ઇચ્છવાયોગ્ય નથી.

અલબત્ત આજની કટોકટિ ભરેલી પરિસ્થિતિમાં જ્યાં સુધી કોંગ્રેસ સત્તારૂઢ છે ત્યાં સુધી ઉચ્ચ કક્ષાના આગેવાનોને રાજ્યસત્તા ઉપરથી નિવૃત્ત કરવા એ શક્ય જ નથી. આજે પંડિત જવાહરલાલના સ્થાને અન્ય કોઇ આગેવાનને મુકી શકાય તેમ છે જ નહિ. આજની આન્તર્ગત તેમ જ આન્તરરાષ્ટ્રીય પરિસ્થિતિ એટલાં બધાં ભયસ્થાનોથી ભરેલી છે અને જ્યાં ત્યાં નાનાં મોટાં જ્વાળામુખીઓ તો સળગી જ રહ્યા છે એટલું જ નહિ પણ વિપ્લવ પણ આપણી સામે ડોકીયાં કરી રહ્યું છે–આવા સંયોગોમાં ઉચ્ચ કક્ષાના આગેવાનોને સત્તા સ્થાન ઉપર ટકાવી રાખવા સિવાય કોઇ છૂટકો નથી અને તેથી ઉપર સૂચવેલું પ્રમુખની ચુંટણીને લગતું બીજું ધોરણ આજના તબક્કે વિચારી શકાય તેમ જ નથી.

પણ આ વખતની ચુંટણી ત્રણ ઉમેદવારોમાંથી કોઇ એકની તરતમાં આ મુદ્દાનો નિર્ણય કરવાની જરૂર નથી. પણ આ ત્રણ વર્ષના ગાળામાં આ મુદ્દાનો પુરો ઉકેલ લાવીને અને આ બાબતમાં હંમેશને માટે માર્ગદર્શક નિર્ણય લેવાની ખાસ જરૂર છે.

સહેસાવનનો પ્રશ્ન

'પ્રબુદ્ધ જૈન'ના છેલ્લા અંકમાં 'સહેસાવનનો ઝગડો' એ મથાળા નીચે કરવામાં આવેલી નોંધ સંબંધમાં એક દિગંબર જૈન મિત્ર જણાવે છે કે "એ નોંધમાં આપે લખ્યું છે કે કેડલ સાહેબે સહેસાવનની દેરીઓ ઉપર શ્વેતાંબર જૈનોનો જ અધિકાર છે એમ સ્પષ્ટ લખાણ કરી આપ્યું છે એમ બીજા અધિકારીએ આપને જણાવ્યું છે. પણ એ વાત ખોટી છે, ઉલટું કેડલ સાહેબે બન્નેનો સમાન હક્ક કબુલ કર્યો છે." કેડલ સાહેબનો મૂળ ચુકાદો મારા જોવામાં આવ્યું નથી. ઉપરના લખાણ ઉપરથી એમ અનુમાન થાય છે કે કેડલ સાહેબે જે લખી આપ્યું છે તે બન્ને પક્ષને કબુલ હોવા છતાં તેના અર્થ અથવાતો ભાવાર્થ વિષે બન્ને વિષે મતભેદ પ્રવર્તે છે. આ અનુમાન બરોબર હોય તો આ અર્થનિર્ણય કરવાનું કામ બન્નેને માન્ય હોય એવી કોઇ તટસ્થ વ્યક્તિને સોંપવું, એ નિર્ણય આપે એ બન્ને પક્ષે સ્વીકારી લેવો અને આ રીતે આ તકરારનો અન્ત લાવવો એ સાદો અને સરળ માર્ગ છે. સાથે સાથે ગીરનારના પ્રશ્ન ઉપર કેડલ સાહેબે આપેલો ચુકાદો જેમની પાસે હોય તેમને તે ચુકાદો જાહેર જનતાની જાણ માટે પ્રગટ કરવા વિનંતિ કરવામાં આવે છે. આ ચુકાદાની વિગતો જાણવામાં આવતાં આ ઝગડાને લગતી ઘુંચનો જૈન સમાજને તરત જ ખ્યાલ આવશે.

આસામનો ધરતીકંપ

આસામમાં થયેલા ધરતીકંપે નીપજાવેલી વિનાશપરંપરાની હૃદયદ્રાવક હકીકતો દૈનિક પત્રોમાં પ્રગટ થઇ રહી છે અને હજુ પણ આ ભૂપ્રકંપો અવારનવાર થયા જ કરે છે એમ સમાચાર આવે છે. કુદરતના આ ભયંકર પ્રકોપ અને તેથી વરસી રહેલો—સંકટો અને આફતોનો—અનર્ગળ વરસાદ, સંખ્યાબંધ પ્રજાજનોની હાલબેહાલ પરિસ્થિતિ, માલમીલ્કત તથા પાકની પારાવાર ખુવારી—આ વિષે શું લખવું, શું વિચારવું અને લોકોને શું કરવા કહેવું—તેની કાંઇ સુઝ પડતી નથી. દેશના એક ખુણે પ્રમાણસરની આફત આવી હોય તો અન્ય વિભાગોમાં વસતા પ્રજાજનોને આ આફતગ્રસ્ત પ્રદેશની જરૂરિયાતોને પહોંતી વળવાની અને આવી પડેલા સંકટનો ભાર હળવો કરવાની અપીલ કરવામાં આવે અને તે અપીલને પુરો જવાબ મળે અને આવી પડેલા દુઃખનો ભાર જરૂર હળવો બની જાય. ભૂતકાળમાં આવી રીતે જ્યારે જ્યારે જળસંકટ, અગ્નિસંકટ કે ભૂકંપના બનાવો બન્યા છે ત્યારે ત્યારે દેશમાં વસતા પ્રજાજનોએ ઘણી મોટી મદદો પહોંચાડી છે અને રાહતની યોજનાઓ સફળતાપૂર્વક અમલમાં મૂકવામાં આવી છે. આજે આસામની આફત વિષે લોકોને શી રીતે મદદ કરવાનું કહેવું એ સવાલ છે. આમ ફાટે ત્યાં થીગડાં કેટલાં દેવાશે—એવો વિરાટ અને વિકટ આ પ્રશ્ન દેખાય છે. વળી અન્ય પ્રાન્તોમાં પણ કોઇ નિરાંત નથી. હજુ હમણાં જ થોડા સમય પહેલાં સૌરાષ્ટ્રમાં અતિવૃષ્ટિએ ઘણું ગંભીર નુકસાન પહોંચાડયું હતું. આજે બીહારમાં તેમ જ ઉત્તર પ્રદેશમાં નાના મોટા જળવિપ્લવોના સમાચાર આવ્યા જ કરે છે. પૂર્વ બંગાળના નિર્વાસિતોની હાડમારીઓ સીમા વગરની છે એ સૌ કોઇ જાણે છે. આફતોનો પંજો અસીમ પ્રદેશો અને સંખ્યાબંધ માનવીઓ ઉપર નિષ્ઠુરપણે ફેલાઇ રહ્યો છે. માનવીના નસીબે જાણે કે આ વિનાશતાંડવ અસહાયપણે જોતા રહેવાનું જ લખાયલું હોય—એવી કરૂણાજનક સ્થિતિ આપણે સૌ અનુભવી રહ્યા છીએ. આમ છતાં પણ આપણાથી હાથ જોડીને બેસી રહેવાય જ નહિ. જેનાથી જેટલું સરખું પણ દુઃખ હળવું થઇ શકે તેણે તેટલું કરી છુટવું જ રહ્યું. જે કાંઇ થઇ શકે તે કરી છૂટવાની તત્પરતા દાખવવામાં આવશે તો તેનો સરવાળો જરૂર થોડી ઘણી પણ સંગીન રાહત પેદા કર્યા વિના નહિ રહે. આફતનું બાહુલ્ય જોઇ અસહાયતા સ્વીકારી લેવી—એ માનવતા નથી. આમ વિચારી આસામ માટે કે અન્ય પ્રદેશો માટે જે કોઇ સામુદાયિક યોજનાઓ અમલમાં મૂકવામાં આવે તેમાં આપણે દરેક પોતપોતાનો ફાળો આપવાનું ન ચુકીએ! પરમાનંદ

સાને ગુરૂજીનાં સંસ્મરણો

(ગતાંકથી ચાલુ)

યરોડાથી તેઓને નાસીક જેલમાં ફેરવવામાં આવ્યા હતા. આ સમય દરમ્યાન બહાર કોમ્યુનીસ્ટોએ યુદ્ધસહકાર અને રાષ્ટ્રિય પ્રવૃત્તિની વિરોધની ભૂમિકા સ્વીકારેલી. એકવાર ગુરૂજીનું જે કાર્યક્ષેત્ર હતું તે અમલનેરના મીલકામદારો કોમ્યુનીસ્ટોની અસર હેઠળ આવતા જતા હતા. તેમને એ રાષ્ટ્રદ્રોહી પ્રવૃત્તિથી દૂર રાખવા ગુરૂજીએ જેલમાં પણ એકવીસ ઉપવાસ કરેલા અને તેની સારી અસર થઇ હતી.

જેલમુકત બન્યા પછી તેઓ સમાજવાદી પક્ષની સાથે કાર્ય કરવા લાગ્યા. તેઓ સ્વભાવે રાજકારણના માણસ ન હતા. પરંતુ દેશની આજની અને એ વખતની પરિસ્થિતિ કોઇ પણ સહૃદયી માનવીને રાજકારણથી દૂર રહેવા દે તેમ જ ન હતી.

૧૯૪૬ની શરૂઆતમાં એકાએક ગુરૂજીએ જાહેર કર્યું કે "હરિજનોની સાથે સમાનતાનો વર્તાવ થવો જોઇએ અને તેના પ્રતીક તરીકે મહારાષ્ટ્રના કાશી સમાન પંઢરપુરનું શ્રી. વિઠોબાનું મંદિર હરિજનો માટે ખુલ્લું થવું જોઇએ. એમ નહિ બને તો પોતે પ્રાણાંતિક ઉપવાસ કરી દેહ છોડશે. કારણ જે સમાજમાં આવી ભયંકર અસમાનતા અને માનવતા વિહોણી રૂઢીઓનું અસ્તિત્વ હોય તેમાં પોતાને જીવવા જેવું લાગતું નથી" પછી તો જેમ ૧૯૩૪માં પૂ. બાપુજીએ હરિજન ઉદ્ધાર અને અસ્પૃષ્યતા નિવારણ માટે દેશભરમાં પ્રવાસ ખેડેલો તેમ ગુરૂજીએ શ્રી. સેનાપતી બાપટની સાથે સમસ્ત મહારાષ્ટ્રનો પ્રવાસ કરી લોકમત જાગૃત કરવા પ્રયાસ કર્યો. તેમના એ પ્રવાસમાં રાષ્ટ્ર-સેવાદળનું કલાપથક પણ જોડાયું. એ કલાપથક ગુરૂજીના વ્યાખ્યાનની સાથોસાથ કાર્યક્રમો રજુ કરી અસ્પૃષ્યતા વિરોધી અને રાષ્ટ્રિય ભાવનાઓનો પ્રચાર કરતું. એ પથકમાં એક મુસ્લીમ સ્વયંસેવક પણ હતો. ગુરૂજીના હૃદયમાં હિંદુ-મુસ્લીમ ભેદભાવ ન હતો, તો પછી તેમના શિષ્યોમાં પણ એ કેમ જ સંભવે? મહારાષ્ટ્ર ભરમાં સેંકડો સભાઓમાં લાખો માનવીઓને તેમણે પોતાનો સંદેશો પહોંચાડયો. એ લાખો માનવીઓએ પંઢરીનાં હરિનાં દ્વાર હરિજનો માટે ખુલ્લાં કરવા માંગણી કરી. પરંતુ પંઢરપુરના મંદિરના પૂજારી બડવાઓનાં હૃદયનાં દ્વાર ખુલ્યાં ન હતાં. તેમણે જનતાની એ માગણીની અવગણના કરી. ગુરૂજીના આમરણાંત ઉપવાસ શરૂ થયા. તે દિવસે સમસ્ત મહારાષ્ટ્ર ભરમાં સેંકડો સભાઓ થઇ અને એ મંદિર ખુલ્લું કરવાની માંગણી દશે દિશામાં ગાજી ઉઠી. આ સમયે મુંબઇ પ્રાંતમાં કોંગ્રેસ સરકાર સત્તા ઉપર આવી ચૂકેલી હતી. તેણે મંદિર પ્રવેશનો કાયદો કરવાની પોતાની વિચારણા પણ જાહેર કરેલી હતી. પરંતુ ગુરૂજીની આ પ્રવૃત્તિથી મંદિર ખુલ્લું થાય તો રખેને પોતાની આબરૂ ઓછી થાય એ ભયે શરૂમાં તો તેઓએ આ ઉપવાસનો વિરોધ કર્યો. મહાત્માજી પાસે પણ એવી જ એકતરફી રજુઆત થઇ અને તેમણે પણ આ ઉપવાસ છોડી દેવા ગુરૂજીને લખ્યું. પરંતુ ગુરૂજીએ પોતાની ભૂમિકા મહાત્માજીને સમજાવી કે કાયદાથી ગમે તે કરો પણ જ્યાં સુધી હૃદયપરિવર્તન થયું નથી ત્યાં સુધી તેનો ઝાઝો અર્થ સરતો નથી. મારા ઉપવાસ હિંદુ કોમ અને મંદિરના પૂજારીઓના હૃદયપરિવર્તન માટે છે, સરકારને મુંઝવવા માટે નહિ જ. અને મહાત્માજીએ પણ તેમના આશીર્વાદ આપ્યા. આખરે બડવાઓ—પૂજારીઓ—પૈકીના કેટલાકના હૃદય ઉપર અસર થઇ અને ગુરૂજીની માગણી માન્ય થઇ. સેંકડો વર્ષોથી હરિજનો માટે બંધ રહેલાં એ દ્વાર ખુલ્યાં અને ગુરૂજીના ઉપવાસની પણ પૂર્ણાહુતિ થઇ. લાંબા પ્રવાસ અને શ્રમ પછીના આ ઉપવાસ તેમના શરીર ઉપર કાયમી અસર મૂકી ગયા.

૧૯૪૭ માં દેશ આઝાદ થયો. પરંતુ આઝાદ હિંદ માટેની પોતાની અપેક્ષા સત્તા ઉપરના કોંગ્રેસ પક્ષ તરફથી પુરી ન થતી નિહાળીને ગુરૂજીને સંતાપ થવા લાગ્યો. આખરે તેમણે કોંગ્રેસ છોડી અને સમાજવાદી પક્ષ સાથે કાર્ય કરવા લાગ્યા. એ પક્ષનું નાસીક અધિવેશન તેમાં પક્ષે કોંગ્રેસથી છુટા થવાનો નિર્ણય લીધેલો તેમાં હાજર રહી પોતાના આશીર્વાદ આપ્યા.

૧૯૪૮ ના ૩૦ મી જાન્યુઆરીનો દિવસ હિંદના ઇતિહાસમાં હજારો વર્ષ લગી 'કાળા' દિવસ તરીકે નોંધાઇ રહેશે. તે વખતે દેશના તારણહાર રાષ્ટ્રપિતાનું ખુન થયું. ગુરૂજી જેવા લાગણી–પ્રધાન માણસ ઉપર આ ઘટનાની કેટલી ગંભીર અસર થઇ હશે તે સમજી શકાય તેવું છે. પોતાના જ પ્રાંતના એક માણસના હાથે આ દુષ્કૃત્ય થયું છે એ વાતે ગુરૂજીના હૃદયમાં અસહ્ય વેદના જન્માવી, અને તેના પ્રાયશ્ચિત્ત તરીકે, લોકોના હૃદયમાં પ્રવેશેલા વેરઝેર; હિંસા વગેરે લાગણીઓની નાબુદી અર્થે એકવીસ દિવસના ઉપવાસ કર્યા. કોમીવાદ નાબુદ કરવાનો પોતાનો સંદેશ જનતાને પહોંચાડવા "કર્તવ્ય" નામનું સાપ્તાહિક શરૂ કર્યું. પરંતુ ઉપવાસને પરિણામે ઘટી ગયેલી શક્તિઓ એ બોજો ઉઠાવી શકી નહિ અને બંધ કરવું પડયું. ૧૫ ઓગષ્ટ ૧૯૪૮ ના તેમણે "સાધના" સાપ્તાહિક શરૂ કર્યું. અને આજે મહારાષ્ટ્રમાં ગણના યોગ્ય સાપ્તાહિક તરીકેનું સ્થાન તેને પ્રાપ્ત થયું છે.

ગુરૂજીએ ૧૯૪૫ માં જેલમુક્તિ બાદ મહારાષ્ટ્રભરના રાષ્ટ્રવાદી યુવાનોમાં કોમીવાદી વિરોધી અને સત્યાગ્રહી સમાજવાદની તેમ જ સેવાની ભાવના દ્રઢ કરતી સંસ્થા રાષ્ટ્રસેવા દળને પોતાનો પુરો સાથ આપ્યો. તેમના ટેકાથી રાષ્ટ્રસેવા દળનો ખુબ વિકાસ થયો. પોતાની ગમે તેવી નાદુરસ્ત તબીયત હોય તો પણ રાષ્ટ્રસેવા દળના કોઇ પણ કામે તેઓ ખડે પગે તત્પર રહેવા લાગ્યા. મહાત્માજીના અવસાન બાદ બીજી સેવાસંઘ જેવી કોમવાદી સ્વયંસેવક સંસ્થાઓની સાથો સાથ કોંગ્રેસ સરકારે પક્ષવાદી સંકુચિત મનોવૃત્તિથી પ્રેરાઇ આ સંસ્થા ઉપર કેટલાંયે અણછાજતાં બંધનો મૂકી તેની પ્રવૃત્તિને રૂંધી નાંખી. ગુરૂજીને એથી ભારે દુઃખ થયું. એવામાં સને ૧૯૪૯ ના છેલ્લા મહીનાઓમાં સરકારી કેળવણી–ખાતાએ એક પરિપત્ર કાઢયો. તે મુજબ કોઇ પણ વિદ્યાર્થી કોઇ રાજકિય ગણાતી પ્રવૃત્તિમાં ભાગ લઇ શકે નહિ. અને તેમ કરે તો તેની શિક્ષા તેના શિક્ષકને થાય. આ હુકમ અમલમાં રહે તો શિક્ષકોએ જેલરનું કામ કરવું પડે. પંડિત જવાહરલાલજી કે સરદાર પટેલની સભામાં પણ વિદ્યાર્થીથી જઇ શકાય નહિ કારણ કે તે રાજકિય પ્રવૃત્તિ બની જાય. આ હુકમ એવો વિચિત્ર હતો કે સેવાદળ જેવી રાષ્ટ્રિય પ્રવૃત્તિને જ તે લાગુ પડે અને આર. એસ. એસ. જેવી હડહડતી કોમવાદી છતાં બહારથી બીન રાજકીય ગણાતી સંસ્થાને વાંધો ન જ આવે. આઝાદી લઇ આપવામાં જે વર્ગે સૌથી વધુ ભોગો આપ્યા છે, પ્રત્યેક બલિદાનો માટે જે મોખરે રહ્યો છે એવા યુવાન વિદ્યાર્થી વર્ગ ઉપરનાં આ બંધનોએ ગુરૂજીના આત્માને કકળાવી મૂક્યો. આ હુકમ રદ ન થાય તો તેની સામે પ્રાણાંતિક ઉપવાસ કરવાનો નિર્ણય જાહેર કર્યો. આ ઉપવાસ તા. ૨૪ ડીસેમ્બર ૧૯૪૯ તેમના એકાવનમા જન્મ દિવસથી શરૂ થવાના હતા. પરન્તુ આ રીતે તેમને મરવા દેવાની હિંમત કોંગ્રેસ સરકાર કરી શકી નહી અને આખરે તા. ૨૩ ના રોજ તેણે એ હુકમ પાછો ખેંચતા એ ઉપવાસ બંધ રહ્યા. ખેલદીલીથી ગુરૂજીએ સરકારને એ માટે કાંઇજ કહ્યું વગર ન કહેતાં અંતઃકરણનાં અભિનંદન આપ્યાં.

દેશમાં વધતી જતી હિંસા, સ્વાર્થવૃત્તિ, લોકોનાં દુઃખદારિદ્રય, જનતાની કહેવાતી સરકારોની એના નિવારણ માટેની અશક્તિ, સત્તારૂઢ થયેલાઓનું ભૂતકાળ ભૂલી જઇ જનતાનાં હિતો વિરોધી વર્તન કરવું, સત્તા લાલસા, સેવાને બદલે સ્વાર્થની મારામારી, વગેરેએ ગુરૂજીના દીલમાં લાંબા સમયથી ભારે દુઃખ પેદા કરેલું. આ માનસિક પરિતાપ, અને અવારનવાર ઉપવાસો દ્વારા કરેલાં શરીર કષ્ટો અને એ પરિસ્થિતિમાં સતત પ્રવાસો અને કામગીરી–આ બધાંના પરિણામે તેમના શરીર ઉપર પણ ભારે અસર કરી હતી. છેલ્લા કેટલાક મહિનાઓ થયાં તેમની શરીર પ્રકૃતિ પણ સારી નહોતી રહેતી. અનિદ્રાનો રોગ પણ લાગુ પડેલો. ડોકટરો તેમને પૂર્ણ આરામ લેવાની સલાહ પણ અવારનવાર આપતા, પરંતુ મિત્રો અને યુવાનોના પ્રેમનાં બંધને બંધાયેલા ગુરૂજીને આરામ કેવો?

મારી અને તેમની છેલ્લી મુલાકાત આવા જ સંયોગોમાં થઇ. પાર્લે–અંધેરી મ્યુ.સીપાલીટીની જવાબદારી સમાજવાદી પક્ષ તરફથી મેં અને મારા મિત્રોએ ઉઠાવેલી. એ જવાબદારી સમાજવાદીઓએ ઉઠાવતાં જ ત્રેવીસ વર્ષોથી અમરાઇમાં પડી પડી ઉપાધ બની રહેલી ભૂગર્ભ ગટરોની યોજના તત્કાળ અમલમાં આણવા મુંબઇ સરકાર અને સુધરાઇ એકમત થઇ ગયાં. દશ જ મહિના એ જવાબદારી ઉઠાવ્યા પછી સુધરાઇ મુંબઇને સોંપી દેવાનો દિવસ નજીક આવી રહ્યો હતો. આમારે સમયની સાથે દોડીને બને તેટલાં કામો પુરાં કરી જવાનાં હતાં. આવું છેલ્લું કાર્ય અંધેરીમાં મ્યુ. હરિજન કામદારો માટેનાં રહેઠાણોનો પાયો નાંખતા જવાનું હતું. એ માટે કોઇક લાયક વ્યક્તિની શોધમાં હતા. રાજકારણી નેતાઓ કે પ્રધાનોને બોલાવવા અમે ઇચ્છતા ન હતા. ગુરૂજી સ્મરણે ચડયા. એમનાથી વધુ અધિકારી આ કાર્ય માટે કોણ હોઇ શકે? સાધનામાં તેમની સાથે કાર્ય કરતા ભાઇ આંબેને મેં કહ્યું. તેમણે કહ્યું કે ડોકટરોએ ગુરૂજીને ત્રણ મહિના સંપૂર્ણ આરામની સલાહ આપી છે. મેં તેમના આરામમાં ખલેલ ન પાડવા વિચારી બીજા કોઇની શોધ કરવા માંડી. પરંતુ કોઇ યોગ્ય વ્યક્તિ આ કામ માટે મેળવી શકાય નહિ. ફરીવાર ભાઇ આંબેને કહ્યું કે "ગુરૂજીને કહેજો કે અમારે તમારા આશીર્વાદની જ જરૂર છે. તમે ભાષણ ભલે ન કરતાં. પણ પાંચ મીનીટ પણ આવી જવું પડશે." આંબેએ સંદેશો પહોચાડયો. જ્યાં સારું કાર્ય થતું હોય ત્યાં જવાની ના પાડવાની હિંમત ગુરૂજીમાં કદી ન હતી. ગમે તેવી તબીયતની પણ તેમને પરવા ન હતી. તેઓ સંમત થયા; આવ્યા. અને પછી તો પોણો કલાક સુધી તેમની હંમેશની રીતે અત્યુત્તમ ભાષણ કર્યું. તેમને પહેલીજવાર સાંભળતી અંધેરીની જનતા આશ્ચર્યચકિત થઇ. ગરીબોને આકાશની છત્રછાયા અને ભૂમિ માતાને ખોળે સુવાડી લાખો રૂપીઆનાં સ્નાનઘરો બાંધવાની યોજનાઓ કરતી મુંબઇ સુધરાઇની સખ્ત ઝાટકણી કાઢી; ઉપલા વર્ગોને ઉદ્દેશીને કહેલું તેમનું એક વાકય કદી નહિ ભૂલાય કે "શુદ્રો રૂદ્ર બનશે ત્યારે તમને કાકડીની જેમ ખાઇ જશે."

તા. ૯ જુન ૧૯૫૦ ને શુક્રવારનો દિવસ આવી પહોંચ્યો. શુક્રવાર મહાત્માજીના મૃત્યુનો વાર પોતે પણ એ જ વાર પસંદ કર્યો. આગળ જણાવ્યું છે તેમ આજની પરિસ્થિતિથી સંતપ્ત તેમના આત્માએ આ દેહનો ત્યાગ કરવાનો નિશ્ચય કર્યો. આગલા દિવસ સુધી તેમણે પોતાના કાર્યક્ષેત્ર સાધના પ્રેસમાં કામ કર્યું હતું. પોતાના લખાણો અને પ્રવૃત્તિઓ સંબંધે ચર્ચા વિચાર વિનિમય કર્યા હતા. અમુક પ્રકાશનો સંબંધે સુચનાઓ આપી હતી. પોતાની એક ભત્રીજી સુધાને તેઓ છેલ્લા એક વર્ષથી દર અઠવાડીએ પત્રો લખતા. સુધા દ્વારા એ પત્રો મહારાષ્ટ્રના લાખો બાળકો માટે જ લખાતા અને ભારે રસપૂર્વક વંચાતા. પત્રોના સાહિત્યમાં તેનું ચિરંજીવ સ્થાન રહેશે. એ છેલ્લો પત્ર એ અંકમાં પ્રસિદ્ધ થયો. આ બધી પ્રવૃત્તિમાં તેઓના આ દેહનો ત્યાગ કરી જવાના નિર્ણયનાં ચિન્હો પાછળથી ઓળખાયાં. સુધાના પત્રમાં લખેલું કે હાલ તો આ છેલ્લો જ પત્ર છે. તા. ૧૦ મીએ પોતાના

અંતેવાસીઓને પત્રો લખ્યા. સૌ કોઇને જમાડી વિદાય આપી, નિદ્રા આવવાની ગોળીઓ લઇ કાયમની નિદ્રા સ્વીકારી. આ ગોળીઓ કાયમી નિદ્રા આણશે કે કેમ એની શંકા તેમના એ છેવટના પત્રોમાંથી જણાઇ આવે છે પરંતુ પોતે તો કાયમી નિદ્રા માટે જ એ ગોળીઓ લીધી અને ઇચ્છિત પ્રાપ્ત કર્યું.

'સાધના'માં કોઇ પણ મિત્ર, સેવક કે મહાન પુરૂષના અવસાન સંબંધી લખવાનું આવે ત્યારે તેઓ લખતા કે તેમને "પ્રભુના ઘરનું નિમંત્રણ આવ્યું છે." પોતાના આ પ્રિય શબ્દોમાં જ પોતાં માટે લખતાં, ભાઇ મધુ લીમયે ઉપર લખેલા પત્રમાં શરૂમાં (પણ પાછળથી ઉમેર્યું હોય તેમ) લખ્યું છે કે "મને ઘણું કરીને પ્રભુનું નિમંત્રણ આવ્યું છે." પોતાની રાજકીય નિષ્ઠા આ છેવટના પત્રોમાં પણ તેમણે વ્યકત કરી છે. ખાનદેશને અને મહારાષ્ટ્રને તેમણે આખરી સંદેશો આપ્યો છે કે "લોકશાહી સમાજવાદી પક્ષમાં સામેલ થાઓ. બીનકોમી અને અહિંસક, લોકશાહી અને સત્યાગ્રહી દૃષ્ટિ સ્વીકારો. રકતપાત વિના સમાજવાદ આવો. વ્યકિતસ્વાતંત્ર્ય ઉપર સમાજવાદ વિકસો." સેવાદળ અને સમાજવાદી પક્ષ સંબંધી તેમની ભાવના તેમના છેવટના આ શબ્દોમાં વ્યકત થઇ છે. "સાધના પ્રેસ કર્જ રહિત થાય અને સૌ કોઇને પુરતું જીવનવેતન આપ્યા બાદ જો કાંઇ બચત થાય તો સેવાદળ અને સમાજવાદી પક્ષને મદદ કરવી."

ગુરૂજીની છેલ્લી પ્રવૃત્તિ હતી "પ્રાંત ભારતી"ની, જેને તેમણે ચિરનિદ્રાની ગોળીઓ લેતા પહેલાં આગલે દિવસે "આંતર ભારતી" નામ આપેલું. દેશ આઝાદ થયા પછી ભાષાવાર પ્રાંતરચનાની પ્રવૃત્તિ વેગ પકડી રહી છે. સિદ્ધાંતિક રીતે તેમાં કાંઇ ખોટું નથી એટલું જ નહિ પણ ઇષ્ટ છે. કોંગ્રેસે ત્રીસ વર્ષ થયાં એ સિદ્ધાંત સ્વીકાર્યો છે–પરંતુ અત્યારે તો એ શુભ સિદ્ધાંત પણ દેશની એકતાનો ભંગ કરે એટલી હદે વિકૃત સ્વરૂપ લઇ રહ્યો છે. કોમીવાદીઓના ઝનુનથી દેશની થયેલી ખાનાખરાબી હજુ તો પુરી થઇ નથી ત્યાં એવી જ ઉગ્ર વિઘાતક પ્રવૃત્તિ પ્રાંતવાદના સ્વરૂપે વિકસી રહી છે. મહારાષ્ટ્રમાં પ્રાંતિક ભાવના વધુ પડતી છે એમ કહીએ તો ભાગ્યે જ ખોટું ગણાશે. આ પ્રવૃત્તિની ગુરૂજીના મન ઉપર ખરાબ અસર થયા વિના કેમજ રહે? એટલે જ તેનાં વિઘાતક પરિણામોથી દેશને બચાવવાની દૃષ્ટિથી પ્રાંતભારતીની કલ્પનાને તેમણે જન્મ આપ્યો. ગુરૂદેવ ટાગોરના વિશ્વભારતીના નમુના ઉપર પ્રાંતભારતી સ્થાપવા તેમણે વિચાર્યું. એ માટે વધુ કાંઇ કરી શકે તે પહેલાં તેમણે પોતાના સાધના સાપ્તાહિકમાં જુદા જુદા પ્રાંતોના સારા સાહિત્યનો, સાહિત્યકોનો, સેવકોનો પરિચય મહારાષ્ટ્રને કરાવવાનું શરૂ કરેલું. હજુ તો સ્વ. મેઘાણીભાઇની ત્રીજી મૃત્યુતિથિ વખતે મને આગ્રહ કરી તેમના સંબંધી લખવા પ્રેરેલો. અને મારા ગુજરાતી લખાણનો મરાઠી અનુવાદ પણ તેમણે જ કરેલો. આ પ્રવૃત્તિને વિકસાવી શકે તે પહેલાં તો તેઓ ચાલ્યા ગયા!

તેમના આંતરભારતીના આ સ્વપ્નને સાકાર કરવા માટે તેમના સ્મારક માટે નીમાએલી સમિતિએ નિર્ણય કર્યા છે. તેમના સ્મારક માટે જ રૂા. પાંચ લાખનું ફંડ એકઠું કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આમાંથી વધુમાં વધુ ત્રીસ હજાર તેમના સાધના ટ્રસ્ટને આપવામાં આવશે–બાકીની રકમ "આંતર ભારતી"ની સ્થાપના માટે વપરાશે. "આંતરભારતી"ની જવાબદારી તે માટે સંપૂર્ણ રીતે યોગ્ય એવા મહારાષ્ટ્રના મૌલિક વિચારક અને અભ્યાસી આચાર્ય ભાગવતે લીધી છે. આ સ્મારક માટેનાં નાણાં એકઠાં કરવા એક વગદાર સમિતિ નીમાઇ છે. આંતરભારતીની આ

(અનુસંધાન પૃષ્ઠ ૬૮ નું ચાલુ)

જ એનું મૂલ્યાંકન હશે. પણ તમને વધુમાં વધુ મોહ છે, સારામાં સારા શબ્દો મૂકવાનો, અને વકીલોને વધુ મોહ છે એ સારામાં સારા શબ્દોમાંથી ખોટામાં ખોટા અર્થો શોધવાનો! દેશભાંધવો! આ બુદ્ધિની કસોટી હશે. એમાં ઉંચા પ્રકારની વ્યવસ્થાશકિતનો આવીર્ભાવ નથી.

તમે કાયદાઓ તો કરો છો પણ લંગડો નૃત્ય કરનારાઓને ન ધિક્કારે પણ પોતાની અપંગતા સમજે–એવો કાયદો શું તમે કરી શકવાના છો? અને જો એવો કાયદો કરી શકવાના નથી તો તમે વર્ગ વર્ગ વચ્ચે શાંતિ શી રીતે સ્થાપવાના છો? આટલા બધા કાયદા છતાં કજિયા છે એ બતાવે છે કે તમારા કાયદા વડે જ કજિયા જન્મ લે છે અને છતાં મને નવાઇ લાગે છે કે તમારા શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ પુરૂષો એમ માનતા જણાય છે કે સારામાં સારા કાયદા એટલે સારામાં સારૂ તંત્ર. જ્યારે ખરી રીતે એમણે એમ માનવું જોઇએ કે સારામાં સારી સમજણ એટલે સારામાં સારૂ તંત્ર.

કાયદો કરવો ન પડે એવું તંત્ર જ્યારે સ્થપાશે ત્યારે એ બધાનું તંત્ર ગણાશે.

માનવતાને એટલી જાગૃત કરવા માટે તમારે એટલો પ્રેમસાગર વહેવરાવવો જોઇએ. એ પ્રેમસાગર જ્ઞાનરૂપી અનેક નદીઓના સંગમમાંથી જન્મે છે, માટે જ્ઞાન એ એક જ અમૃત છે, એ ઉપનિષદ્‌વાકયને તમારો રાષ્ટ્રમંત્ર બનાવો!

દેશભાંધવો! તમે જેને સત્તા મળે તેને એમ કહો કે કાયદા સમજવા કરતાં સત્યને વધુ સમજવાનો પ્રયત્ન કરવામાં માનવજાતનો વધુ ઉત્કર્ષ રહ્યો છે. આ નર્યો આદર્શ એ ઘણો ધીમો રાહ છે એ ખરૂં; છતાં એ જ સાચો રાહ છે. માનવતા શીખવવા માટે જો કાયદાઓ કરવા પડતા હોય તો માનવ માનવને અન્યાય નહિ કરે એ વસ્તુ આકાશકુસુમ જેટલી અશકય બની જશે. માટે જ હું કહું છું દેશભાંધવો! તમે પોતે પહેલાં તમારો સત્યનો પંથ નિર્માણ કરો અને પછી એ જ્યોતિ લઇને તમે જનતામાં નીકળો! તમને કાંઇક ચમત્કાર જોવા મળશે.

સત્ય વાત આ પ્રમાણે છે. સૌથી મોટામાં મોટું બંધન મુકિત પછી આવે છે. એ બંધન ભલે સ્વતંત્રતા જેવો ચળકાટ ધારે અને તમારી આંખને આંજે; પણ એ બંધનને તમે સમજો તો જ તમે સ્વતંત્રતાને પણ સમજો.

કલ્પનાને શ્રી વિનોબા ભાવે, શ્રી કાકાસાહેબ મશરૂવાળા, આચાર્ય ક્ષિતીમોહન સેન, આચાર્ય નરેન્દ્ર દેવ, શ્રી ઠક્કરબાપા, અને બીજા સંખ્યાબંધ સાહિત્યકો, સેવકો અને સર્વ પક્ષોના રાજકીય આગેવાનોનો સાથ મળ્યો છે. આ કલ્પના અમલી બની–ગુરૂજીનું આ સ્વપ્ન સાકાર બન્યું તો આજના વધતા જતા પ્રાંતિય ભેદભાવ અને પરસ્પર દ્વેષના અરાષ્ટ્રિય અને રાષ્ટ્રના વિકાસને ઘાતક પ્રવાહને રોકવામાં અને હિંદની સાંસ્કૃતિક એકતા કાયમ રાખવામાં અગત્યનો ફાળો આપશે. અને ગુરૂજીએ તેમના અવસાન પૂર્વે રાષ્ટ્રને આપેલી આ ભેટનો ખરો અર્થ–ખરી કિંમત–આજે નહિ પણ વર્ષો પછી જનતાને સમજાશે.

ગુરૂજીના આ મહાન સ્વપ્નને સિદ્ધ કરવા માટે સૌ કોઇ પોતાનો ફાળો તેમના સ્મારક ફંડમાં અર્પે એવી પ્રાર્થના સહિત આ સંસ્મરણો તથા પરિચય પુરો કરીશ.

સંપૂર્ણ

વીરચંદ શેઠ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન: સુર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજી. નં. બી. ૪૨૬૬

પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ : ૧૨
અંક : ૧૦

મુંબઈ : ૧૫ સપ્ટેમ્બર ૧૯૫૦ શુક્રવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

ભૌતિક ઘટનાની નૈતિક મીમાંસા

જ્યારે બિહારમાં મોટો ધરતીકંપ થયો ત્યારે મહાત્માજી ઘણું ખરું દક્ષિણમાં હતાં. આ ઘટનાને ઉદ્દેશીને એમણે લખ્યું હતું કે "આ ધરતીકંપ પરમાત્માનો કોપ છે. અસ્પૃશ્યતા જેવા મહાન પાપને લીધે આપણે આ સજા ભોગવીએ છીએ." એમનું આ કથન સાંભળીને ઘણા લોકોને આશ્ચર્ય થયું હતું. રવીન્દ્રનાથે આ કથનનો જાહેર રીતે પ્રતિવાદ પણ કર્યો. એમની દલીલ કંઇક આવી હતી–"ભૌતિક ઘટનાને નૈતિક દોષ સાથે જોડવી એ યોગ્ય નથી. અસ્પૃશ્યતાનિવારણ જેવા પવિત્ર કાર્ય માટે પણ લોકોમાં વહેમ પેદા કરવો ઇષ્ટ નથી."

મેં પણ મારી રીતે ગાંધીજી સામેનો મારો વિરોધ પ્રગટ કર્યો હતો. તેના જવાબમાં ગાંધીજીએ કહ્યું હતું કે "મારું એમ કહેવું નથી કે અસ્પૃશ્યતાના પાપથી ધરતીકંપ જ થવો જોઇએ. મનુષ્યજાતિના કોઇ મહાન સામાજિક પાપને લીધે પણ ધરતીકંપ જેવી ઘટનાઓ બની શકે છે. અને આપણા દેશમાં અસ્પૃશ્યતાથી પણ વધારે મોટું પાપ કયું છે? માણસના નૈતિક દોષોની અસર ભૌતિક જગત પર થાય એ તદ્દન સ્વાભાવિક છે. ભૌતિક જગત અને નૈતિક જગત એ બન્ને એકબીજાથી તદ્દન સ્વતંત્ર દુનિયાઓ નથી. અને એટલું તો માનશો ને કે કારણ વિના દુનિયામાં કોઇ કાર્ય થઇ શકતું નથી? લાખોને આમ સહેવું પડે એ પાછળ માનવીનો કોઇ દોષ હોવો જ જોઇએ."

તેના પ્રત્યુત્તરરૂપે મેં કહ્યું હતું કે "આપણે એમ તો ન જ કહી શકીએ કે અસ્પૃશ્યતાનું પાપ બિહારમાં સૌથી વધારે છે. દક્ષિણમાં શું એ ઓછું છે? જો તમે એમ કહો કે આપણે બધા એકબીજાના દુરાચાર માટે જવાબદાર છીએ, અને દક્ષિણના પાપની સજા ઉત્તરના લોકોને ભોગવવી પડશે, તો હું કહીશ કે આપણા પર યુરોપના પાપની સજા પણ થઇ શકે છે. આપણી બન્નેની દુનિયા એક જ છે. માનવ-જગત અને માનવેતર-જગત એવો ભેદ પણ આપણે શા માટે કરીએ?"

અહિં કોઇ કારણસર અમારી ચર્ચા અટકી પડી હતી. આ વિષયમાં ચાલેલો ગાંધીજી અને કવિવર વચ્ચેનો પત્રવ્યવહાર ત્યારના વર્તમાનપત્રોમાં પ્રગટ થઇ ચૂકયો છે.

હું ગાંધીજીની દૃષ્ટિ સ્વીકારી શકયો નહોતો. એ સમય દરમિયાન મારા મનમાં એક વિચિત્ર વિચાર આવ્યો હતો કે જો ગાંધીજીએ અસ્પૃશ્યતાને લીધે ધરતીકંપ થયો છે એમ ન કહ્યું હોત, તો કદાચ સુધારા-વિરોધી રૂઢિચુસ્ત સનાતનીઓએ જરૂર કહ્યું હોત કે ગાંધીજીએ હરિજનોની અસ્પૃશ્યતા દૂર કરીને ભ્રષ્ટાચાર શરૂ કર્યો; તેથી જ ભગવાને ધરતીકંપદ્વારા પોતાનો કોપ પ્રગટ કર્યો છે. મને યાદ છે કે જ્યારે લગભગ ૧૮૯૫ માં લોકમાન્ય તિલકે ગણપતી-ઉત્સવ શરૂ કર્યો અને યુવકોને પ્રચારગીત ગાવા માટે તૈયાર કર્યા, ત્યારે રૂઢિવાદી સનાતનીઓ કહેવા લાગેલા કે અંગ્રેજોની વિરુદ્ધ આ બ્રાહ્મણે આંદોલન શરૂ કર્યું તેથી નારાજ થઇને ભગવાને પ્લેગ મોકલ્યો છે. એ વખતના લોકો એમ પણ કહેતા હતા કે રામાયણના વખતના વાંદરાઓને સીતામાતાએ વરદાન આપ્યું; તેથી એ બધા વાંદરાઓ અંગ્રેજ બનીને આ દેશમાં રાજ્ય કરવા લાગ્યા છે.

ગાંધીજીએ જ્યારે સ્વરાજ્યનું આંદોલન શરૂ કર્યું ત્યારે કેટલાક સનાતનીઓ કહેવા લાગ્યા હતા કે "ગાંધીજીના આંદોલનને લીધે જ બધી ચીજો મોંઘી થઇ ગઇ છે." લોકોની નિદ્રા દૂર કરવી એ પણ અધર્મ જ છે ને?

મનુષ્યના નૈતિક જીવનની અસર ભૌતિક જગત પર થઇ શકે છે કે નહિ એ એક મહત્ત્વનો પ્રશ્ન છે. કોઇની ખરાબ દૃષ્ટિ પડવાથી કાચનું વાસણ ફુટી ગયું, મૂર્તિ ભાંગી ગઇ, કોઇના શાપથી કોઇ નગરી બળીને ભસ્મ થઇ ગઇ, એવી એવી વાતો આપણે પ્રાચીનકાળથી સાંભળતા આવ્યા છીએ. કોઇ અપવિત્ર પુરુષ કોઇ એક મિસ્ત્રીના કારખાનામાં ગયો અને તરત જ ત્યાંના બધા મિસ્ત્રીઓ બગડી ગયા એવું ઉદાહરણ હંમેશા સાંભળવામાં આવે છે. કોઇ પવિત્ર પુરુષના આશીર્વાદથી સૂકા કૂવામાં પાણી આવ્યું, અથવા વૃક્ષ પર ફળ આવવા લાગ્યા–એવી એવી વાતો આપણે કવિતામાં પણ જોઇએ છીએ. કોઇ લોકો આવા બનાવો પર વિશ્વાસ રાખે છે, કોઇ નથી રાખતા. પૈગમ્બરોના જીવન-પ્રસંગોમાં આવી વાત હંમેશા આવે છે. ધર્મ પર શ્રદ્ધા રાખનાર લોકોમાં બે પ્રકાર હોય છે. કેટલાક સનાતન વૃત્તિના લોકો આવી બધી કથાઓ પર વિશ્વાસ રાખીને ચાલે છે. એ લોકો કહે છે કે "બીજાની વાત સાચી અથવા ખોટી હોઇ શકે છે, પણ ધર્મસંસ્થાપક પૈગમ્બરો વિષે શંકા હોઇ ન જ શકે" ઇસામસીહે પાણીનું મદ્ય બનાવ્યું અને બિમારોને રોગમુક્ત કર્યા એવી વાતો પર વિશ્વાસ રાખવો જોઇએ." બીજા લોકો કહે છે કે "આ બધા ચમત્કારો એ ધર્મનું આવશ્યક અંગ નથી. ધર્મ પર શ્રદ્ધા હોવા છતાં પણ આ ચમત્કારો પર વિશ્વાસ રાખવો જરૂરી નથી. જે લોકો વિશ્વાસ રાખે છે એમની વાત અમે ન તો કબુલ કરીશું કે ન તો એની ટીકા ટિપ્પણ કરીશું. 'અગમ્ય' કહીને એનો વિચાર કરવાનું છોડી દઇશું."

હવે આસામ પ્રાન્તમાં જે ભૂકંપ થયો છે તે કોના પાપનું ફળ હશે? જો કલ્પના જ કરવી છે તો હું કહીશ કે "આસામના ભૂમિજનો જે પહાડી જાતિઓ છે તેમની આપણે ઉપેક્ષા કરી છે. તેમના તરફ આપણે જે અન્યાય કર્યો છે તેને અનુલક્ષીને કુદરતે આ આપણને ભયાનક ચેતવણી આપી છે." પણ આનું ફળ એ જાતિઓ જ ભોગવી રહી છે જેવી રીતે બિહારના ભૂકંપના દીવસોમાં ત્યાં વસતા હરિજનો પણ એ આફતનો એટલા જ ભોગ બનેલા હતા.

બૌદ્ધ સાહિત્યમાં કોઈ કોઈ સ્થળે એના ઉલ્લેખો આવે છે કે ભગવાન બુદ્ધના કોઈ ઉપદેશના અંતમાં પૃથ્વી માતાએ સંતુષ્ટ થઈને નાનાસરખા ભૂકંપ યા ભૂચલનદ્વારા પોતાની સંમતિ દર્શાવી. કોઈ શુભ ઘટના પેદા થઈ તો તેના આનંદમાં પણ પૃથ્વીએ ભૂચંલનદ્વારા આનંદોત્સવ પ્રગટ કર્યો. તે ભૂકંપ કદાચ ભયાનક નહિ હોય, પશુ, મનુષ્ય અને આબાદીને નુકસાન થયું નહિ હોય.

આસામમાં અવારનવાર ભૂકંપ થયા જ કરે છે, જેવી રીતે જાપાનમાં પણ થાય છે. ભૂકંપવિજ્ઞાન ઠીક પ્રમાણમાં આગળ વધ્યું છે. પૃથ્વીની આજની રચના પણ જ્વાળામુખીના ફાટવાથી, ભોંયમાં ચીરાડો પડવાથી અથવા તો આન્તરિક વિપ્લવના કારણરૂપ ભૂકંપ થયો હોવાથી નિશ્ચિત સ્વરૂપને ધારણ કરી રહી છે.

હમણાં જ આફ્રીકામાં જોઇ આવ્યો છું કે ત્યાં પ્રાચીન કાળમાં એવી બે ફાટ પડી છે કે જેની લંબાઇ સેંકડો અથવા હજારો માઇલની છે, પહોળાઇ ૨૦ થી ૪૦ માઇલની છે અને આજે પણ ટકી રહેલી ઉંડાઇ બેથી ત્રણ હજાર ફીટની છે.

આ બધી બાબતોનો જો આપણે ભૌતિક કારણોની સાથે સ્પષ્ટ સંબંધ જોઇ શકીએ છીએ તો ભૌતિક જગતનો નૈતિક જગત સાથેનો શંકાસ્પદ સંબંધ સ્વચ્છવાના જોખમમાં આપણે શા માટે ઉતરવું? ધારો કે આવી ભૌતિક ચેતવણી ન મળે તો શું આપણા સામાજિક અથવા નૈતિક દોષો વિષે આપણે બેપરવા બની શકીએ છીએ ખરા?

નૈતિક તત્વોની અસર ભૌતિક તત્વો પર થાય જ છે એમાં કોઇ શંકા નથી. મનુષ્ય ગુસ્સામાં આવે છે ત્યારે તેની અસર તેના શ્વાસોચ્છ્વાસ અને રૂધિરાભિસરણ ઉપર પડે છે, પિત્તપ્રકોપ પણ વધે છે. મન જ્યારે વિકારી થાય છે ત્યારે પણ શરીરમાં અનેક વિકૃતિઓ પેદા થાય છે. તો શું આ બધી મનની અસર શરીર સુધી જ સીમિત છે? એક વ્યકિતના પ્રેમને લીધે બીજી વ્યકિતનો રોગ દૂર થઇ શકે છે. આ વાત તો માનવી જ પડશે કે નૈતિક જગત અને ભૌતિક જગતમાં એકબીજાનો બહિષ્કાર નથી, પરસ્પર વ્યાવૃત્તિ નથી. પણ આથી આગળ વધીને અમુક નૈતિક ઘટના કે વૃત્તિને લીધે અમુક ભૌતિક પરિણામ આવ્યું–એમ નિશ્ચિત કહેવા માટે આપણી પાસે પુરતું પ્રમાણ કે અનુભવસામગ્રી નથી. પુનર્જન્મની શ્રદ્ધા સંબંધમાં પણ આવી જ હાલત પેદા થાય છે. પૂર્વજન્મ અથવા પુનર્જન્મ જેવી ચીજ અશકય નથી. મૃત્યુ પછી જીવને ફરીથી જન્મ લેવો જ પડે છે એવો સર્વસામાન્ય વિશ્વાસ રાખવો એ એક વાત છે, પણ અમુક બે વ્યકિતઓ વચ્ચે પૂર્વજન્મમાં અમુક સંબંધ હતો એમ કોઇ કહે તો તે ઉપર વિશ્વાસ રાખવો એ બીજી જ વાત છે. આ પુનર્જન્મનો સિદ્ધાન્ત વચ્ચે લાવીને કેટલાયે અનાચારોનો બચાવ બૌદ્ધ ભિક્ષુણીઓ કરતી હતી.

પુનર્જન્મનો સિધ્ધાન્ત અથવા કલ્પના યુકિતસંગત છે. કાર્યકારણભાવને સિદ્ધ કરવા માટે પણ પુનર્જન્મના સિદ્ધાન્તનું અવલંબન લેવું પડે છે. અહિં સુધી તો ઠીક છે. પણ આથી આગળ વધીને કોઇ વિશિષ્ટ જીવન અથવા ઘટનામાં પુનર્જન્મની વાત લાવવી અને તેની ઉપર વિશ્વાસ કરવો તે નથી યુકિતસંગત કે નથી જોખમથી મુકત.

આ રીતે કોઇ ભયાનક ભૌતિક ઘટનાનું કારણ નૈતિક જગતમાં શોધવા નીકળવું એ આજકાલની હાલતમાં જોખમકારક છે. એમાંથી કેટલાંયે અનર્થ થઇ શકે છે. પણ મનમાં આ સવાલ વારંવાર ઉભો થયા કરે છે કે માણસનો કેટલો અનાચાર આ પૃથ્વી સહન કરી શકશે? શું પ્રાચીન કવીઓના કથનમાં કોઇ સત્ય નથી કે મનુષ્યનો અનાચાર વધવાને લીધે પૃથ્વીનો ભાર અસહ્ય બને છે. અને એને લીધે એ કાંપી ઉઠે છે. આજે માત્ર હિન્દુસ્તાનમાં જ નહિ, આખી દુનિયામાં ભયંકર અનાચાર ફેલાયા રહ્યો છે. માણસ માણસ વચ્ચે દ્વેષ, શંકા અને અવિશ્વાસ નજરે પડે છે. આજના લોકો નથી પૂર્વજો પ્રત્યે કૃતજ્ઞ કે નથી પોતાનાં વંશજ પ્રત્યેની જવાબદારી સમજી પીછાણીને ચાલતા. જે મહાત્માએ ધાર્મિકતાની પુનઃસ્થાપનાનો ભરચક પ્રયત્ન કર્યો એની જ હત્યા કરવામાં આવી. ન્યાય, શાન્તિ અને સમતાની સ્થાપના કરવા માટે લોકો અન્યાયી સાધનોનો ઉપયોગ કરી રહ્યા છે. વ્યાપારી લોકો સમાજસેવાનો આદર્શ ભુલી જઇને માત્ર નફો પેદા કરવા માટે દરેક પ્રકારના પાપ કરી રહ્યા છે. સરકારી કર્મચારી પોતાનું કર્તવ્ય છોડીને રૂશ્વતખોરીમાં રચ્યોપચ્યો રહે છે. દવા બનાવવાવાળા દયા, ધર્મ સઘળું ભુલી જઇને માનવતાનો–અરે નિર્દોષ બાળકોનો–દ્રોહ કરી રહેલ છે. નારી જાતિમાં પણ કંઇ કંઇ સ્થળે અપત્યવાત્સલ્ય લુપ્ત થઇ જતું જોવામાં આવે છે. વિજ્ઞાનશાસ્ત્રી માનવસંહાર માટે અસ્ત્રશસ્ત્ર તૈયાર કરવામાં પોતાનું બુદ્ધિ–સર્વસ્વ ખર્ચી રહ્યા છે, અને કેટલાયે દેશદ્રોહી લોકો માનવતાના ખ્યાલથી નહિ, પણ પોતાના ક્ષુદ્ર સ્વાર્થને માટે આ આસુરી શસ્ત્રાસ્ત્રોનાં રહસ્યો પોતાનાં દેશના દુશ્મનોને વેચી રહેલ છે, અને જે લોક આવી બુરી હાલતમાં પણ ભલાઇથી ચાલવાનો આગ્રહ રાખે છે તેમની ભલાઇની કદર કરીને તેમને સંભાળવાને બદલે દુન્યવી લોકો તેને એવકુફ ગણીને તેની ભલાઇનો ગેરલાભ ઉઠાવવામાં પોતાની ચતુરાઇ સમજે છે. આવાં પાપોનો ભાર આ પૃથ્વી કયાં સુધી સહન કરશે?

'મંગળ પ્રભાત'માંથી

સાભાર ઉધ્ધૃત અને અનુવાદિત કાકાસાહેબ કાલેલકર

નૈતિક અપકર્ષ અને ભૌતિક દુર્ઘટના

તાજેતરમાં આસામમાં જે પ્રકારનો ધરતિકંપ થયો છે તેવી ભૌતિક ઘટનાઓને માનવસમાજના સુકૃતદુષ્કૃત્યો સાથે કોઇ કાર્યકારણનો વાસ્તવિક સંબંધ છે કે નહિ એ સનાતન પ્રશ્નની ઉપરના લેખમાં ચર્ચા કરવામાં આવી છે. આવી ઘટનાઓ સાધારણ રીતે પારાવાર નુકસાન અને જાનમાલની ખુવારી કરે છે અને આપણાં સર્વ સુખદુઃખો આપણાં પૂર્વકર્મોનાં–પછી તે આ ભાવનાં કે પૂર્વભવનાં–પરિણામ છે એવી આપણે ત્યાં દૃઢ માન્યતા છે અને તેથી આવી પ્રાદેશિક ભૌતિક ઘટનાઓ પણ માનવ જાતના કોઇ સામુદાયિક દુષ્કર્મોનું જ પરિણામ હોવું જોઇએ એમ માનવા તરફ સહેજે આપણી વૃત્તિ વળે છે.

પૂર્વજન્મના સિધ્ધાન્તને સ્વીકારી લઇએ તો તો પછી આ પ્રશ્ન વિષે કોઇ પણ ધુંચ રહેતી જ નથી. પણ અહિં પ્રસ્તુત પ્રશ્ન કોઇ પણ ભૌતિક ઘટનાને પૂર્વજન્મનાં કર્મો સાથે સાંકળવાનો નથી પણ ઐહિક જગતના વ્યકિતગત તેમ જ સામુદાયિક કર્મો સાથે સાંકળવાનો છે અને જેવી રીતે સમાજના નૈતિક ઉત્કર્ષ તેમજ અપકર્ષને સમાજના શ્રેય અશ્રેય, સુખદુઃખ અને સ્વાસ્થ્ય–અસ્વાસ્થ્ય સાથે આપણે સાંકળીએ છીએ અને એકના ઉત્કર્ષ અને અપકર્ષમાંથી અન્યની વૃદ્ધિ કે હ્રાસ આપણે તારવીએ છીએ તેવો જ કોઇ સંબંધ સમગ્ર માનવજાતના કે અમુક પ્રદેશમાં વસતા માનવસમુદાયના નૈતિક કે સામાજિક અપકર્ષ સાથે આવી અસીમ આફત ઉતારતી ભૌતિક ઘટનાઓનો કોઇ કારણકાર્ય સંબંધ છે કે નહિ એ જ બાબત અહિં વિચારણાનો પ્રશ્ન છે. આ પ્રશ્નનો ઉંડાણથી વિચાર કરતાં માલુમ પડે છે કે લોકોમાં નૈતિક ઉત્તેજના જીવન્ત રાખવા માટે કલ્પનાથી ભલે એમ કહેવામાં આવે કે આવા કુદરતી ભયંકર ઉલ્કાપાતો આપણાં અસીમ પાપોનું જ પરિણામ છે અને આપણાં અદ્ધળક પાપોનો ભાર પૃથ્વી સહન કરી શકતી નથી અને તેથી જ તેમાંથી ઝંઝાવાતો, જ્વાળામુખીઓ અને ધરતીકંપો જન્મે છે, પણ માનવજાતનો

(અનુસંધાન પૃષ્ઠ ૮૨ જુઓ.)

'વનસ્પતિ'ની સમસ્યા

પંડિત ઠાકુરદાસ ભાર્ગવ તરફથી મધ્યસ્થ ધારાસભામાં વનસ્પતિની બનાવટ, વેચાણ તથા આયાત ઉપર પ્રતિબંધ મૂકતું બીલ રજુ કરવામાં આવ્યું છે અને તે બીલની ચર્ચા અને તેને લગતો નિર્ણય ધારાસભાની આગામી બેઠકમાં લેવાવા સંભવ છે. આ બીલની વિરૂધ્ધ તથા પક્ષમાં આજે ચોતરફ ભારે જોસભેર પ્રચાર ચાલી રહ્યો છે.

વનસ્પતિના ઉદ્યોગોને ફેલાવો

વનસ્પતિનો આ ઉદ્યોગ દેશભરમાં કેટલો ફેલાયલો છે તેનો ખ્યાલ નીચેના આંકડાઓ ઉપરથી આવશે. એમ માનવામાં આવે છે કે આ ઉદ્યોગમાં આશરે ૨૫ કરોડ રૂપીઆ રોકાયેલા છે. આજે ૪૭ કારખાનાં કામ કરી રહ્યાં છે અને ૧૭ નવાં કારખાનાંઓ ઉભાં થઇ રહ્યાં છે. ૧૯૪૯ માં દોઢ લાખ ટન વનસ્પતિ તેલ પેદા કરવામાં આવ્યું હતું, અને ૧૯૫૦ ની આખરમાં બે લાખ ટન વનસ્પતિ પેદા થશે. બહુ જ થોડા સમયમાં આ ઉદ્યોગ ચાર લાખ ટન વનસ્પતિ પેદા કરવાની તાકાત પ્રાપ્ત કરી લેશે એવી આશા રાખવામાં આવે છે. વનસ્પતિના એક મણ ઉપર સરકાર રૂા. ૧૫।। એકસાઇઝ ડયુટી લે છે. આને લીધે તેમજ આવકવેરાને લીધે ૧૯૪૮ માં આ ઉદ્યોગ દ્વારા સરકારને ૪।। કરોડની આવક થઇ હતી અને એ આવકમાં ઉત્તરોત્તર વધારો થવા સંભવ રહે છે. આ ઉદ્યોગમાં આજે ૧૫૦૦૦ મજુરો રોકાયલા છે અને તેને લગતા આનુષંગિક ઉદ્યોગોમાં લગભગ એટલી જ મજુરસંખ્યા પોષાય છે. તેને લગતા વ્યાપાર-વ્યવસાયમાં ૫૦૦૦૦ લગભગ માણસો રોકાયલા હોવાનું માનવામાં આવે છે. આ રીતે આ દેશમાં સારી રીતે પ્રતિષ્ઠિત થયેલા અને ઉત્તરોત્તર ફાલતા ફુલતા જતા ઉદ્યોગ ઉપર, જો પંડિત ઠાકુરદાસ ભાર્ગવનું બીલ મધ્યસ્થ ધારાસભા પસાર કરે તો, ઘણી ગંભીર પ્રતિકુળ અસર પડવાનો સંભવ રહે છે. તદુપરાન્ત ઘી કે જેને રાષ્ટ્રનું એક મહત્વનું પ્રાણુપોષક દ્રવ્ય લેખવામાં આવે છે તેની સાથે વનસ્પતિનો પ્રશ્ન અમુક રીતે ગાઢ-પણે સંકળાયલો છે. આમ હોવાથી વનસ્પતિના પ્રશ્નની વિગતવાર ચર્ચા આવશ્યક અને ઉપયોગી છે.

વનસ્પતિ કેમ પેદા થાય છે ?

આ માટે સૌથી પહેલાં તો વનસ્પતિ કેવી રીતે પેદા કરવામાં આવે છે એ સંક્ષેપમાં આપણે સમજી લઇએ. સાધારણ રીતે વનસ્પતિના કારખાનામાં શીંગને કચરીને તેમાંથી તેલ કાઢવામાં આવે છે, આ તેલ ઉપર વૈજ્ઞાનિક પ્રયોગો વડે તેનું ડોળાપણું સાફ કરવામાં આવે છે, તેની ખોરાશ એટલે, તુરતમાં ખોરા થઇ જવાપણું દૂર કરવામાં આવે છે, તેની ગંધ લુપ્ત કરવામાં અથવા તો હળવી કરવામાં આવે છે, તેનો રંગ ઉડાવી દેવામાં આવે છે. આ રીતે તૈયાર થયેલા તેલને refined oil–સંસ્કારેલું તેલ–કહેવામાં આવે છે. આ તેલને હાઇડ્રોજન વાયુની મદદ વડે થીજાવવામાં આવે છે. આને હાઇડ્રોજીનેટેડ ઓઇલ–થીજેલું તેલ–કહેવામાં આવે છે. આની ઉપર વિશેષ રાસાયણિક પ્રયોગ કરીને તેને ઘીનો રંગ તથા ઘીની વાસ આપવામાં આવે છે. આ રીતે તૈયાર થયું તે વનસ્પતિ. કેટલીક ફેકટરીવાળા આ રીતે તૈયાર થયેલા વન-સ્પતિમાં અમુક વીટામીનો ઉમેરે છે અને એ રીતે વનસ્પતિમાં તેલના તત્ત્વો ઉપરાંત પોષણના તત્વો હોવાનો એ કારખાનાવાળા તરફથી દાવો કરવામાં આવે છે. વનસ્પતિ પેદા કરવાનો આ સામાન્ય વિધિ છે.

વનસ્પતિ પરના અંકુશો

શરૂઆતમાં વનસ્પતિ ઘીનાં નામે આ ઉદ્યોગપતિઓએ લોકો ઉપર ખુબ છળ કર્યો. ઘી કરતાં ઘણું સોંઘું અને એમ છતાં ઘી જેટલા જ ગુણ અને પોષણવાળું આ વનસ્પતિ છે એવો ચોતરફ ખુબ પ્રચાર કરવામાં આવ્યો, અને શુદ્ધ ઘીમાં વન-સ્પતિની ભેળસેળ પણ વધતી જ ચાલી અને આ ભેળસેળને તારવવાનો કોઇ સરળ ઉપાય સુલભ ન રહ્યો. આ બાબતની સરકારને જેમ જેમ જાણ થતી ગઇ તેમ તેમ તેની બનાવટ ઉપર એક પછી એક અંકુશો અને નિયમનો મૂક-વામાં આવ્યો. તલના તેલનો એવો નિયમ છે તેમાં અમુક રસાયણ નાંખવામાં આવે કે તે તેલ એકદમ લાલ રંગવાળું થઇ જાય છે. તલના તેલની આ ખાસિયત ધ્યાનમાં લઇને અને ભેળસેળવાળું ઘી તરત પકડી શકાય એ હેતુથી આ ફેકટરીઓમાં તૈયાર થતા શીંગના તેલમાં પાંચ ટકા તલનું તેલ ફરજિયાત ઉમેરવું જ જોઇએ એવું સરકારે ફરમાન કર્યું. આ ફરમાનનો કેટલાય સમયથી અમલ ચાલુ છે. આ ઉપરાંત બીજાં પણ બંધનો આ ઉદ્યોગનાં માથે મૂકવામાં આવ્યાં છે. વનસ્પતિ અમુક રીતે અને પદ્ધતિએ જ બનાવવું જોઇએ. આ પ્રકારની બનાવટને 'વનસ્પતિ'જ નામ આપી શકાય. તે ઘી છે કે ઘી જેવું છે એવી ભ્રમ પેદા કરતી જાહેરાત થઇ ન જ શકે. વનસ્પતિના ડબ્બા ઉપરના લેબલમાં અંદર જે પ્રકારનું વનસ્પતિ હોય તે પ્રકારની પુરેપુરી વિગતો જણાવવી જ જોઇએ. જ્યાં વનસ્પતિ વેચાતું હોય તે સ્થળમાં ઘીના ડબ્બા રાખી ન શકાય કે વેચી પણ ન શકાય. આ બંધનોને અનુસરીને વનસ્પતિ તૈયાર કરવામાં આવે છે અને વેચવામાં આવે છે.

ઘીમાં વનસ્પતિની ભેળસેળ

આમ હોવા છતાં પણ એની તો કોઇથી ના કહી શકાય તેમ છે જ નહિ કે ચોખ્ખા ઘીમાં વનસ્પતિની ભેળસેળ દેશભરમાં આજે બહુ મોટા પ્રમાણમાં ચાલી રહી છે અને શુદ્ધ ઘીની ભ્રમણા નીચે લોકો ભેળસેળવાળું ઘી ઘણા મોટા પ્રમાણમાં ખાય છે અને પરિણામે ઘીના પોષક તત્ત્વથી આમ પ્રજાનો ઘણો મોટો ભાગ વંચિત રહે છે. આ ભેળસેળ કોઇ પણ રીતે અટકવી જ જોઇએ અને તે અટકાવવા માટે સરકારે સખ્ત હાથે કામ લેવું જ જોઇએ એ વિષે બે મત છે જ નહિ.

વનસ્પતિ અને ઘીનું ઉત્પાદન

પણ આ વનસ્પતિના ઉદ્‌ભવને લીધે ઘીનું ઉત્પાદન એકદમ ઘટી ગયું છે અને ગોપાલન તરફ લોકોનું દુર્લક્ષ્ય વધતું રહ્યું છે અને ગોધનનો મોટા પાયા ઉપર હ્રાસ થઇ રહ્યો છે એમ જ્યારે વનસ્પતિઓના વિરોધીઓ તરફથી કહેવામાં આવે છે ત્યારે આ કારણકાર્યસંકલના બરોબર છે કે કેમ એ વિષે શંકા ઉત્પન્ન થાય છે.

જ્યારે કોઇ પણ ખાદ્ય વસ્તુના ભાવ વધવા માંડે છે અને લોકોની ખરીદશક્તિની તાકાતની બહાર જવા માંડે છે ત્યારે બે પરિણામ આવે છે. (૧) તેને મળતી બીજી કોઇ વસ્તુની ભેળસેળ શરૂ થાય છે કે જેથી તે વસ્તુ મૂળ વસ્તુ તરીકે સોંઘા ભાવે વેચી શકાય (૨) જે તેના સ્થાને બીજું કોઇ વિકલ્પદ્રવ્ય પેદા થઇ શકતું હોય કે જે મૂળ દ્રવ્યના ગુણવિશેષથી વંચિત હોય છતાં મૂળ દ્રવ્યનો આભાસ આપે તેવું હોય તે દ્રવ્યનો ઉપયોગ લોકોમાં ફેલાવા લાગે છે. વનસ્પતિ સંબંધમાં આવું જ કાંઇક બન્યું છે.

ઘીના ઉત્પાદનના આંકડાઓ

છેલ્લા પંદર વર્ષમાં ઘીના ભાવ એકસરખા ઉંચે જઇ રહ્યા છે. આનાં કારણ બે હોઇ શકે. કેટલાકના મત પ્રમાણે ઘીનું અથવા તો ઘી જેમાંથી પેદા થાય છે તે દુધનું ઉત્પાદન પહેલાં કરતાં જરા પણ ઘટયું નથી, પણ ઉલટું

વધતું રહ્યું છે પણ વસ્તીવધારાના કારણે તેમ જ ખાનપાનમાં દુધધીના વધતા જતા ઉપયોગના કારણે જરૂરિયાતના પ્રમાણમાં ધીનું ઉત્પાદન ઓછું રહ્યું છે અને તેને લીધે જેનું ઉત્પાદન માંગ કરતાં ઓછું તેના ભાવ વધે જ એ નિયમ અનુસાર ધીના ભાવ ઉંચે ચઢતા રહ્યા છે. સરકારી આંકડાઓ બીજી જ કથા કહે છે. તે આપણે જોઇએ તે પહેલાં આ હકીકત ધ્યાન બહાર જવી ન જોઇએ કે ૧૯૪૭ માં હિન્દના ભાગલા પડયા અને ધીનો મોટો જથ્થો પુરો પાડતા સીંધ અને પશ્ચિમ પંજાબ આપણાથી છુટા પડયા અને તેથી ૧૯૪૭ પહેલાંના આંકડા સંયુકત હિન્દના છે જ્યારે પછીના આંકડા વિભકત હિન્દના છે. આ રીતે દશ વર્ષ પહેલાના અને આજના આંકડાઓની સરખામણી ઉપરથી કોઇ પણ આધારભૂત અનુમાનો તારવવા મુશ્કેલ છે. હવે આ આંકડાઓ શું કહે છે તે જોઇએ. આ આંકડાઓ મુજબ ૧૯૪૧ માં ૮૪૫૦૦૦ ટન ધી હિંદુસ્તાનમાં પેદા થયું હતું, જેના મુકાબલે આજે ૫૦૦૦૦૦ ટન ધી પેદા થતું અડસટવામાં આવે છે. આ આંકડાઓમાં પાકીસ્તાનનો હીસ્સો બાદ કરીએ તો પણ છેલ્લા દશ વર્ષમાં ધીની પેદાશ સંગીનપણે ઘટી છે એ સ્વીકાર્યા સિવાય ચાલે તેમ નથી.

ધીનું ઉત્પાદન ઘડવાનાં કારણો

વનસ્પતિના વિરોધીઓ આ દુઃખદ પરિસ્થિતિ કેવળ વનસ્પતિના ખુબ વધતા જતા ફેલાવા અને ભેળસેળને આભારી છે એમ જણાવે છે. સંભવિત છે કે વનસ્પતિના ઉત્પાદનની ધીના ઉત્પાદન ઉપર અમુક અંશે અસર પહોંચી હોય, પણ સાથે સાથે છેલ્લાં દશ વર્ષનો સમગ્રપણે વિચાર કરતાં ધીનું ઉત્પાદન ઘટવાનાં બીજાં ચાર કારણો નજર ઉપર આવ્યા વિના રહેતાં નથી. ધીનું ઉત્પાદન ઘટવાનું એક કારણ એ કલ્પવામાં આવે છે કે અનાજ તેમજ દ્રવ્યવાહક પાકના વધતા જતા વાવેતરના કારણે ઘાસચારાની તંગી વધતી રહી છે, અને તેથી પુરતા પોષણના અભાવે પશુધનનો હ્રાસ થઇ રહ્યો છે. બીજું વધતી જતી વસ્તી અને દુધનો વધતો જતો ઉપયોગ–એ પણ ધીનું ઉત્પાદન ઘટાડવામાં કારણભૂત બની રહેલ છે. ત્રીજું બીજા વિશ્વયુધ્ધ દરમિયાન પશુઓની અમર્યાદિત કતલ થઇ રહી હતી તેના પરિણામે આખા દેશના પશુધનમાં જે ઘણો ઘટાડો થયો છે તેમાંથી દેશ હજુ પણ ઉંચે આવ્યો નથી. વળી આજે જે પશુઓ હયાત છે તે કમતાકાતવાળા હોઇને દુધ ઓછું આપે છે અને પરિણામે ધીના ઉત્પાદનને પણ ઘટાડે છે. આવાં કેટલાંક કારણોને લઇને ધીના ભાવ ઉત્તરોત્તર વધતા જ ચાલ્યા છે અને આજે રૂા. ૧૨૫ આપતાં પણ ચોખ્ખું ધી મળવાની શ્રદ્ધા બેસતી નથી.

વનસ્પતિનો વ્યાપક બનેલો ઉપયોગ

આ પરિસ્થિતિ વચ્ચે વનસ્પતિને પ્રજાજીવનમાં સુલભ પ્રવેશ મળતો ગયો, અને આજે જાણે કે એ સિવાય ચાલે તેમ છે જ નહિ એવી પરિસ્થિતિ ખાસ કરીને મોટાં શહેરોમાં વસતા પ્રજાજનોની થઇ પડી છે. કાચા તેલની બનાવેલી વસ્તુઓ ખોરી થતાં વાર નથી લાગતી તેમ જ મીઠાઇ વગેરે બનાવવામાં કાચું તેલ કામ લાગતું નથી. શુધ્ધ ધી પ્રજાની ખરીદશકિતની બહાર જઇને બેઠું છે. પરિણામે ધીનો આભાસ આપતા વનસ્પતિનો ઉપયોગ ખુબ વધતોચાલ્યો છે. ઘરમાં વારતહેવાર પ્રસંગે મીઠાઇ ફરસાણમાં વનસ્પતિ જ મોટા ભાગે વપરાય છે. લશ્કરમાં વનસ્પતિનો મોટા પ્રમાણમાં ઉપયોગ થાય છે. મીઠાઇવાળાઓ, બીસ્કીટવાળાઓ, હોટલવાળાઓ, લોજવાળાઓ, હોસ્પીટલો–આમ અનેક ક્ષેત્રોમાં વનસ્પતિ અનિવાર્ય બન્યું છે. આ વિવેચનનું તાત્પર્ય એ છે કે વનસ્પતિના અનિવાર્ય વ્યાપક ઉપયોગને લીધે ધીની અછત થઇ છે એમ નહિ પણ ધીના વધતા જતા ભાવોને લીધે વનસ્પતિનો ઉપયોગ વધતો ચાલ્યો છે એમ માનવું વધારે સંગત લાગે છે. ધીની અછતનું કારણ અનેક રીતે હ્રાસ પામી રહેલ ગોધનમાં રહેલું છે. ગાયની ઓલાદ સુધરે, ગાય બળદની વસ્તી વધે, દુધ વધારે પેદા થાય અને ધી સોધું થાય તો લોકો જરૂર વધારેને વધારે ધી વાપરતા થવાના અને ધીના સ્થાને વપરાતા વનસ્પતિનો ઉપયોગ ઘટવાનો. લોકોના સ્વાદ અને રૂચિમાં બીજા ગમે તેટલા ફેરફારો થાય પણ ધી દુધનો સંસ્કાર આપણા ઉછેરમાં એટલો ઉંડો બેઠેલો છે, કે શુદ્ધ ધી જો સુલભ અને સોધું હશે તો કોઇ પણ સંયોગમાં પ્રજા શુધ્ધ ધીના સ્થાને વનસ્પતિને પસંદ નહિ જ કરે અને એજ પ્રમાણે ચોખ્ખા દુધનું પણ સમજવું.

વનસ્પતિનું આરોગ્યને હાનિકર્તાપણું?

આ વનસ્પતિ આરોગ્ય અને તન્દુરસ્તીને ભારે નુકસાનકર્તા છે અને તેથી તેનો મૂળમાંથી ઉચ્છેદ કરવો જોઇએ એવો પોકાર ઉઠાવવામાં આવે છે. વનસ્પતિનું આ આરોગ્ય હાનિ કર્તાપણું શું ખરેખર સાચું છે કે એક પ્રકારનો ભ્રમ છે? આ વનસ્પતિ કેમ પેદા કરવામાં આવે છે તેનો વિધિ આપણે આગળ જોઇ ગયા તે ઉપરથી માલુમ પડયું હશે કે મૂળ કાચું તેલ અને આ રીતે સંસ્કાર પામેલું વનસ્પતિ એ બે વચ્ચે જો કાંઇ ફરક હોય તો તે સંશોધનનો છે. આ સંશોધન અને સંસ્કરણ દરમિયાન તેલમાંથી એવું કોઇ તત્ત્વ લઇ લેવામાં આવતું નથી કે એવો કોઇ વાંધા પડતો પદાર્થ ઉમેરવામાં આવતો નથી કે જેના પરિણામે વનસ્પતિ ચાલુ તેલના સામાન્ય ફાયદાઓથી વંચિત બને એટલું જ નહિ પણ આરોગ્યને ઘાતક બની જાય. અલબત્ત આ વનસ્પતિ તે કોઇ પણ સંયોગમાં ધી તો છે જ નહિ અને તેથી ધીના ફાયદાની તેમાંથી કોઇ આશા રાખવાનું કારણ જ નથી. વનસ્પતિ તેલ છે અને લોકોએ તે તેલ જ છે એમ સમજીને તેનો ઉપયોગ કરવો રહ્યો. આ બાબત વિષેના ભ્રમણા આજ સુધી ચાલતી હશે, પણ વનસ્પતિ વિરૂધ્ધ તેમ જ પક્ષના આટલા બધા પ્રચાર બાદ લોકોના દિલમાં તે ભ્રમણા ચાલુ રહેવાનું કોઇ કારણ નથી. આરોગ્યની દૃષ્ટિએ વનસ્પતિના નુકસાનકારકપણા વિષે ઘણી વાતો અને દાખલા સાથે દલીલો કરવામાં આવે છે, પણ આ પુરવાર થાય એવો હજુ સુધી કોઇ સંતોષકારક દાખલો કે પ્રયોગ જોવા જાણવામાં આવ્યો નથી. શ્રી કિશોરલાલભાઇ પણ વનસ્પતિ વિષે ચોખવટ કરતાં એક લેખમાં એટલે સુધી જ જણાવે છે કે "આરોગ્યની દૃષ્ટિએ ખાદ્ય પદાર્થ તરીકે વનસ્પતિએ તાજા તેલ કરતાં અથવા તો ફેકટરીના કાચા કે સંસ્કારેલા તેલ કરતાં પોતાની અધિકતર શ્રેષ્ઠતા હજુ સુધી પુરવાર કરી નથી." વનસ્પતિનું આરોગ્યહાનિકર્તાપણું ડો. ગીલ્ડર પણ સ્વીકારતા નથી.

ભેળભેળની સરળતા

વનસ્પતિ સામેના વાંધાનું ખરૂ મૂળ તો આજની આ વાસ્તવિક પરિસ્થિતિમાં રહેલું છે કે વનસ્પતિએ ધીની ભેળભેળ ખુબ સરળ બનાવી દીધી છે, અને આ ભેળભેળ માત્ર શહેરોમાં જ નહિ પણ ઠેઠ ગામડા સુધી પહોંચી છે. અને ગામડાના લોકોને પણ ભેળસેળના ભાગીદાર બનાવી દીધા છે. આ ભેળસેળ કોઇ રીતે અટકી શકતી નથી તેથી ભેળસેળ કરવામાં આવતા આ વનસ્પતિને મૂળમાંથી નાબુદ જ કરવું જોઇએ એવો લોકમત પ્રગટ થઇ રહ્યો છે.

ભેળસેળ અટકાવો

આ પરિસ્થિતિમાં વાંધાપડતા બાબત ખરી રીતે વનસ્પતિનું ઉત્પાદન નથી પણ વનસ્પતિની ધીમાં થતી ભેળસેળ છે. તેથી વસ્તુતઃ આટલું મોટું ભંડોળ જેમાં રોકવામાં આવ્યું છે, આટલી મોટી જે દ્વારા સરકારને આવક છે, અને લગભગ અનિવાર્ય ગણાય એવું જે પદાર્થે શહેરી જીવનમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે તેને ઉચ્છેદવાને બદલે આજે ચાલી રહેલી મોટા પાયા ઉપરની ભેળસેળને નાબુદ કરવાનો સર્વ સમાજ હિતચિન્તકોએ અને સરકારી સત્તાધીશોએ

ગંભીરપણે વિચાર કરવો ઘટે છે. આ ભેળસેળને કાળાબજાર કરતાં પણ વધારે ભયંકર ગુન્હો ગણવો જોઇએ અને તે એ રીતે કે અમુક સંયોગોમાં કાળા બજાર એટલે કે સરકારી અંકુશોથી બહારનો વેપાર અનિવાર્ય બને છે જ્યારે ભેળસેળ માટે કોઇ પણ અનિવાર્ય સંયોગ કલ્પી શકાતો જ નથી. આ બાબતમાં સરકારી ખાતું અત્યન્ત શિથિલ છે અને ઇન્સ્પેકટરો લાંચરૂશ્વતના કારણે અંધ બની બેઠા છે. બીજી બાજુએ સરકાર ગમે તેટલી જાગતી હોય અને ઇન્સ્પેકટરો ગમે તેટલા ચોકકસ અને પ્રમાણીક હોય તો પણ પ્રજાના સહકાર વિના સરકારી કાયદા કાનુનો અને ઇન્સ્પેકટરોની ચોકી બહુ મદદરૂપ બની શકે તેમ છે જ નહિ. આ તો ઘીનો સવાલ છે, પણ અન્ય ખાદ્ય પદાર્થો, ઔષધો તેમજ ચાલુ વપરાશની ચીજોમાં પણ ભેળસેળનું દુષણ કાંઇ ઓછું પસરેલું નથી. આ બધી બાબતમાં ભેળસેળના ઉપયોગમાં આવતી વસ્તુઓના ઉત્પાદન કે આયાત ઉપર પ્રતિબંધ મૂકવાનો જેમ કોઇ સ્વપ્ને પણ વિચાર કરતું નથી તેવી જ રીતે સૂચવાયેલા પ્રસ્તુત પ્રતિબંધનો પણ વિચાર થવો ઘટે છે. ખરી જરૂર છે જરૂરિયાતની કોઇ પણ ચીજમાં ચાલતી ભેળસેળને બને તેટલી ત્વરા અને સખ્તાઇથી નાબુદ કરવાની. અને આ બાબતમાં સરકાર અસહાયતા દાખવે અને પ્રજા પણ અસહાયતા અનુભવે એ વસ્તુસ્થિતિ ઉભયપક્ષે ભારે શરમજનક છે.

ભેળસેળ કેમ પકડાય ?

આપણે સૌ કોઇ જાણીએ છીએ કે ઘીમાં વનસ્પતિની ભેળસેળ બહુ મોટા પ્રમાણમાં ચાલે છે, આ ભેળસેળવાળું ઘી વેચવું તે ગુન્હો છે, અને એમ છતાં કોઇ પણ ઠેકાણે આવી ભેળસેળ કરનાર કે એવું ઘી વેચનાર પકડાયો હોય અને તેને શિક્ષા થઇ હોય એવું આપણા જાણુલામાં આવ્યું નથી. શું આવી ભેળસેળ પકડવી મુશ્કેલ છે ? એવું કશું નથી. ઉપર જણાવવામાં આવ્યું છે કે વનસ્પતિની ભેળસેળ પકડી શકાય એ માટે શીંગના તેલમાં પાંચ ટકા તલનું તેલ ઉમેરવામાં આવે છે. ભેળસેળવાળું ઘી પકડવું હોય તો ૧-૨ ની સ્પેસીફીક ગ્રેવીટીનું હાઇડ્રોકલોરીક એસીડ એક આંઉસ લેવું, તેમાં ચપટી ખાંડ નાંખવી અને તેમાં એક તોલો વનસ્પતિ અથવા તો વનસ્પતિ મીશ્રિત ઘી નાંખવું અને બે મીનીટ ખુબ હલાવવું. આમ કરવાથી આ વનસ્પતિ અથવા તો સંદેહજનક ઘીમાં તલના તેલનું અમુક પ્રમાણ હોવાથી આ પ્રવાહી મીશ્રણ લાલ રંગની છાયા પકડશે. આવી સાદી અને સીધી રીત હોવા છતાં ભેળસેળ કરનાર કોઇ કેમ પકડાતું નથી ? કારણ કે આખું તંત્ર ખુબ શિથિલ છે અને લાંચરૂશ્વતનો બાહુ બળવાન છે. સરકારે આ બાબત ઉપર પોતાનું ધ્યાન કેન્દ્રિત કરવું જોઇએ અને ચાલુ ભેળસેળમાંથી પ્રજાને બચાવવા માટે સર્વ પ્રકારની વૈજ્ઞાનિક સગવડો સુલભ બનાવવી જોઇએ.

ઘીની અવિશ્વાસનીયતા કેમ દૂર થાય ?

ઘી સંબંધે વનસ્પતિએ જે દુઃસ્થિતિ પેદા કરી છે તે ઘીની અછત અથવા તો મોંઘવારીની નથી, પણ આજે કોઇ પણ ભાવે મળતું ઘી વિશ્વસનીય રહ્યું નથી, એ છે. આ દુઃસ્થિતિ ત્રણ રીતે દૂર થઇ શકે. એક તો વનસ્પતિનું ઉત્પાદન પગલાંથી અટકાવીને. આગળ આપતી ચર્ચા ઉપરથી માલુમ પડશે કે આજના સંયોગોમાં આ પગલું વ્યવહારૂ નથી. બીજું, પ્રમાણભૂત સંસ્થાઓ લોકોને ચોખ્ખું ઘી પુરૂં પાડવાનું માથે લે. સરકાર પણ દુધની માફક ચોખ્ખું ઘી પુરૂં પાડવાની જવાબદારી અમુક અંશે માથે લઇ શકે છે. ત્રીજો ઉપાય એ સૂચવવામાં આવે છે કે વનસ્પતિને ચોકકસ પ્રકારનો રંગ આપવાની દરેક ફેકટરી વાળાને ફરજ પાડવી કે જેથી વનસ્પતિની ચોખ્ખા ઘીમાં ભેળસેળ થઇ ન શકે. આ રંગ આંખને ગમે તેવો હોવો જોઇએ, નુકસાનકારક ન હોવો જોઇએ, અને વ્યાપારી દૃષ્ટિએ વ્યવહારૂ હોવો જોઇએ. આવા રંગની શોધ થયાના ખબર થોડા દિવસ પહેલાં હરિજનબંધુમાં આવ્યા હતા. પણ આ શોધને હજુ પુરી પ્રસિદ્ધિ મળી નથી અને વ્યાપારી દૃષ્ટિએ આ શોધ ખરેખર અમલમાં મુકી શકાય તેમ છે કે નહિ તે પ્રયોગ પૂર્વક પુરવાર થયું નથી. પણ વિજ્ઞાન માટે કશું અશકય નથી. માત્ર સરકારે આ દિશાએ વધારે સક્રિય થવાની જરૂર છે. આવો જો રંગ શોધાય, અને તેનો ઉપયોગ કરવાનું દરેક કારખાનાવાળા માટે ફરજિયાત કરવામાં આવે અને આ માટે દરેક કારખાના ઉપર પુરો જાપતો રાખવામાં આવે તો ઘીમાં થતી વનસ્પતિની ભેળસેળ ઘણા મોટા પ્રમાણમાં જરૂર અટકી શકે. આટલું સરકારી નિયમન આજના સંયોગોમાં અત્યન્ત આવશ્યક છે, જ. અને પંડિત ઠાકુરદાસનું બીલ આ પ્રમાણે સુધારીને મંજુર કરવામાં આવે તે જરૂર આવકારદાયક છે.

ભાર્ગવના બીલનાં પરિણામો

પંડિત ઠાકુરદાસ ભાર્ગવના બીલનો હેતુ વનસ્પતિના આખા ઉદ્યોગનો ઉચ્છેદ કરવાનો છે અને વનસ્પતિના એક યા બીજા પ્રકારના માની લેવાયલા નુકસાનકારકપણાના કારણે આવો ઉદ્યોગઉચ્છેદ પ્રજાના અમુક વિચારક વર્ગને ગમે તે ભોગે ઇષ્ટ છે. પણ આ વિષયમાં બે ત્રણ બાબતો ધ્યાનમાં લેવી જરૂરની છે. એક તો વનસ્પતિના નુકસાનકારકપણાનો જે મોટો આંક આંકવામાં આવે છે તે સંશયાસ્પદ છે. બીજું વનસ્પતિએ પોતાના અતિ વ્યાપક ફેલાવાના પરિણામે પ્રજાના ચાલુ જીવનમાં અને ખાદ્ય પદાર્થોની બનાવટમાં લગભગ અનિવાર્ય સ્થાન પ્રાપ્ત કર્યું છે. ત્રીજું સરકારી આવકનું જે આવડું મોટું સાધન છે તેને કેટલાક ખ્યાલી વિચારોના કારણે ફેંકી દેવાનું કહેવું—અને તે પણ આજના વિષમ આર્થિક સંયોગોમાં અને સ્થિરપ્રતિષ્ટ ઉદ્યોગ કે જેમાં લાખો રૂપીઆની થાપણ રોકાયલી છે તેને જડમૂળથી ઉખેડી નાંખવાનું કહેવું તેમાં શાણપણ નથી.

આ બીલથી ઘીના પ્રશ્નનો ઉકેલ આવશે ખરો ?

વળી આ બીલ પસાર કરવાથી ઘીની મોંઘવારી અને અછતના પ્રશ્નનો નીકાલ શી રીતે આવશે એ કલ્પી શકાતું નથી. તત્કાળ તો કદાચ એવું પરિણામ આવે કે વનસ્પતિથી સંતોષાતા લોકો તેના સ્થાને કાચું તેલ તો ખાઇ શકવાના જ નથી, તેથી તેઓ પણ શુધ્ધ ઘી માંગે. પરિણામે ઘીની માંગ વધે અને તેથી આજે છે તેથી પણ ઘીના ભાવ વધારે ઉંચા જાય. બીજું થીજેલું તેલ એટલે કે વનસ્પતિ ન મળતાં લોકો સંસ્કારેલું તેલ–refined oil વાપરવા તરફ ઢળશે અને વેપારીઓ આ રીફાઇન્ડ ઓઇલને ઘીમાં મેળવીને બજારમાં વહેતું કરશે. લોકો ઘરમાં પણ આવું મીશ્રણ વાપરવાનું શરૂ કરશે. પરિણામ એ આવવાનું કે વનસ્પતિ બંધ થાય તો પણ રીફાઇન્ડ ઓઇલની માંગ ઠીક ઠીક વધવાની, જો કે એ ખરૂં છે કે આ રીફાઇન્ડ ઓઇલ બધી બાબતમાં વનસ્પતિનું સ્થાન લઇ શકે તેમ છે જ નહિ. પણ પ્રશ્ન તો એ છે કે આમ થવાથી ઘીની ધુંચનો ઉકેલ શી રીતે આવવાનો હતો ?

ગાંમડાની નીતિમત્તાનો નાશ

વનસ્પતિ ઉપર એક એવો આક્ષેપ કરવામાં આવે છે કે વનસ્પતિની ભેળસેળ માત્ર શહેરોમાં જ નથી થતી, પણ જ્યાં ઘી પેદા થાય છે તે ગામડાંઓથી જ એ ભેળસેળ શરૂ થઇ રહી હોય એમ માલુમ પડે છે. આ રીતે વનસ્પતિએ ગામડાંની નીતિમત્તાનો ભારે નાશ કર્યો છે. આ આક્ષેપમાં અમુક તથ્યાંશ જરૂર રહેલો છે. ઘીમાં સેળભેળ કરવાનું સાધન સામે આવીને પડયું હોય તો તે પ્રલોભનથી બચવું જરૂર મુશ્કેલ બને. આ રીતે ઘી પુરતું વનસ્પતિ ગામડાંના લોકોની નીતિમત્તાને ચલાયમાન કરવાનું એક નિમિત્ત બની રહ્યું છે એમ આપણે જરૂર કહી શકીએ. પણ વનસ્પતિ વિદ્યમાન નહોતું ત્યારે પણ ગામડાની નીતિમત્તાનું ધોરણ બહુ ઉંચું હતું એમ માની લેવું તે ખરેખર વધારે પડતું

છે. એ જ ગામડાના લોકો શું દુધમાં પાણી ભેળવીને શહેરને દુધ પુરું નહોતા પાડતા ? ઘીમાં પણ વનસ્પતિ આવ્યા પહેલા ચરબી વગેરેની શું ભીલકુલ ભેળસેળ નહોતી થતી ? ખરી હકીકત એમ છે કે બીજું વિશ્વયુદ્ધ શરૂ થયા બાદ બધા પદાર્થો તેમ જ બીજી અનેક જરૂરિઆતોની ચીજોના ભાવ વધવા લાગ્યા તે હજુ વધ્યે જ જાય છે. આને લીધે સરકારના ગમે તે પ્રયત્નો હોય છતાં એક બાજુ કાળાબજાર અને બીજી બાજુ ચીજોમાં ભેળસેળ બન્નેનું પ્રમાણ જોસ-ભેર વધતું જ ચાલ્યું છે અને આ નીતીનાશથી ગામડાં કે શહેરોમાં વસતો પ્રજાનો કોઇ પણ ભાગ મુકત રહ્યો નથી. ખેડુતોએ લેવીમાં અનાજ નહિ આપતાં પારવિનાનો જથ્થો કાળાબજારમાં વેચ્યો છે અને આજે પણ વેચાઇ રહ્યો છે. આ રીતે નીતિમત્તાનું ધોરણ સર્વત્ર નીચે ઉતરતું આવ્યું છે. આ નૈતિક પરિસ્થિતિમાં માત્ર વનસ્પતિની અટકાયત કર્યે કોઇ ફેર પડવાનો નથી. આમાં તો ત્યારે જ ફેર પડે કે જયારે લોકોનાં નૈતિક મૂલ્યો ઉંચી કક્ષાએ આવે, કાળા બજાર કે કોઇ પણ ચીજમાં ભેળસેળને પ્રજા સહન જ ન કરી શકે એવી સ્થિતિ પેદા થાય અને સરકાર પણ આ બાબતમાં પુરેપુરી મક્કમ બને.

વનસ્પતિ અને ઘાણીનો ગ્રામોદ્યોગ

આજે મોટા શહેરોમાં રોપાયલાં અને રોપાઇ રહેલાં તેલનાં અને વનસ્પતિનાં કારખાનાંઓએ ઘાણીના ગ્રામોદ્યોગને બહુ ગંભીર ફટકો માર્યો છે એ વિષે બેમત હોઇ શકે જ નહિ. એક વખત એવો હતો કે ગામડે ગામડે ઠગલાબંધ ઘાણીઓ ચાલતી હતી અને તાજું તલનું તેલ ગામડાંઓને તો પુરતા પ્રમાણમાં મળતું હતું એટલું જ નહિ પણ શહેરોની જરૂરિયાતને પણ આ ઘાણીઓ પહોંચી વળતી. આજે આર્થિક પરિસ્થિતિ બદલાતી ચાલી છે. તલની નીપજ એકદમ ઘટી ગઇ છે. શીંગનો પાક પુરજોસમાં વધી રહ્યો છે. શહેરોનું વસ્તીપ્રમાણ પણ ખુબ વિપુલ બનતું ચાલ્યું છે અને તે પ્રમાણમાં તેલઘીની માંગ પણ અનેકગણી વધી ગઇ છે. આ જરૂરિયાતને પહોંચી વળવાનું ગામડાની ઘાણીઓ માટે આજે શકય નથી રહ્યું. વળી ઘી દ્વારા મળતું પોષણ નહિ પણ ઘીની બીજી કેટલીક વિશેષતાઓ વનસ્પતિ દ્વારા પ્રજાને મળતી હોઇને વનસ્પતિનું આકર્ષણ શહેરો માટે અનિવાર્ય બન્યું છે. આ રીતે વનસ્પતિનો સાર્વત્રિક ઉચ્છેદ આજના સંયોગોમાં લગભગ અશકય જેવો લાગે છે. આની ગ્રામોદ્યોગ પર થતી માઠી અસર અત્યન્ત શોચનીય છે. પણ આ પરિસ્થિતિ માત્ર શનસ્પતિ-એ જ પેદા કરી છે એમ નથી.

યંત્રોદ્યોગનું ગ્રામોદ્યોગ ઉપર ચાલી રહેલું આક્રમણ

દેશના એક પછી એક અનેક ગ્રામોદ્યોગો ઉપર યંત્રોદ્યો-ગનું આક્રમણ આવતું રહ્યું છે અને પરિણામે અનેક ગ્રામોદ્યોગોને ભારે ધક્કો લાગી રહ્યો છે. યંત્રોનો ઉપયોગ કોઇ પણ વસ્તુના ઉત્પાદનને એકદમ સરળ બનાવે છે, વળી વસ્તુ એકસરખી અને ગમે તેટલી વિપુલ પ્રમાણમાં પેદા કરવાનું યંત્રોથી એકદમ શકય બને છે. પરિણામે યંત્રોથી થતા બીજા કેટલાક ગેરલાભો જાણવા છતાં પણ આ લાભો કોઇ પણ પ્રજા જતા કરવાને તૈયાર હોતી નથી. યંત્રોનાં મંડાણ મોટાં શહેરો સાથે જોડાયલા હોઇને ગામડાંના ઉદ્યોગો જરૂર ભાંગે છે, અને ગામડાંના લોકો નિરૂદ્યમી બનતા પાયમાલી તરફ ધસડાય છે. આ બધું જોવા છતાં યંત્રોત્પાદન ટાળવાનું હાલ શકય લાગતું નથી. ભીલનાં કાપડે ખાદીનું સ્થાન લઇ લીધું છે. પહેલાં સાકર ગામડામાં બનતી હતી. આજે તેનાં કારખાનાં ખોલાયાં છે. વાહનનાં સાધનો કેટલા મોટા પરિવર્તનને પામ્યા છે અને તેનાં ઉત્પાદનકેન્દ્રો ગામ-ડાંથી કેટલાં બધાં દૂર દૂર જઇ રહ્યાં છે ? વનસ્પતિ અને તેલના કારખાનાંઓ આ પરિસ્થિતિને જ પોષી રહ્યાં છે. પરિણામે આજનો આખો પ્રશ્ન માત્ર વનસ્પતિ બંધ કરીને ઘાણીને પુનર્જીવિત કર-વાનો માત્ર નથી, પણ યંત્રોત્પાદનની હરીફાઇમાં ગામડાનાં ઉદ્યોગોને કેમ ટકાવવા કે પુનર્જીવિત કરવા તેને લગતો છે. આ સમસ્યાનો કોઇ સંતોષકારક ઉકેલ હજુ મને સુઝતો નથી. આમ છતાં પણ ઉત્પાદનને લગતી જે જે શોધો થઇ ચુકી છે અને થઇ રહી છે તેને ટાળીને આપણે કોઇ પણ પહેલાંની સ્થિતિ ઉપર પાછા વળી શકીશું એમ મને દેખાતું નથી. એટલે ગામડાનો ઉધ્ધારનો વિચાર પણ આખરે આજનાં યંત્રોની તાકાત અને ઉત્પાદનવિપુલતાને સ્વીકારીને જ આપણે આજે કે હવે પછી કરવાનો રહેશે એમ મને લાગ્યા કરે છે.

આટલો પ્રબંધ થવો જ જોઇએ

આ આખી ચર્ચાને સંકેલતાં આપણે નીચેના નિષ્કર્ષો ઉપર આવીએ છીએ.

(૧) વનસ્પતિના ઉદ્યોગે આજે જે સ્થાન પ્રાપ્ત કર્યું છે તે અને તે દ્વારા સરકારને થતી મોટી આવક–બન્ને ધ્યાનમાં લેતાં વનસ્પતિનો સદન્તર ઉચ્છેદ શકય નથી, વ્યવહાર નથી.

(૨) વનસ્પતિને એવો રંગ આપવાનું અત્યન્ત આવશ્યક છે કે જેથી તેની ચોખ્ખા ઘી સાથે ભેળસેળ સાધારણ રીતે અશકય બને.

(૩) આમ છતાં પણ માત્ર ઘીમાં જ નહિ પણ અન્ય કોઇ ખાદ્ય પદાર્થમાં જયાં જયાં ભેળસેળ ચાલતી હોય ત્યાં ત્યાં તે અટકાવવા સરકારે મજબુત હાથે કામ લેવું જોઇએ અને પ્રજાએ પણ આ બાબતમાં સરકારને પુરો સાથ આપવો જોઇએ.

(૪) ભેળસેળવાળું ઘી પકડી પાડવાની વ્યવસ્થાનો સર-કારે સ્થળે સ્થળે પ્રબંધ કરવો જોઇએ અને તે પ્રજાજનોને સુલભ થવો જોઇએ કે જેથી માત્ર સરકારી ઇન્સપેકટરો જ નહિ પણ અધિકારી પ્રજાસેવકો પણ ભેળસેળ કરનારા વ્યાપારીઓની તુરતા-તુરત ખબર લઇ શકે.

(૫) જે ખાદ્ય પદાર્થમાં ઘીના બદલે વનસ્પતિ વાપરવામાં આવતું હોય તે ખાદ્ય પદાર્થ ઘીનો બનાવેલ છે એવી કોઇ પણ પ્રકારની જાહેરાત કરવાની મીઠાઇવાળાઓને કે તેવાં ખાદ્ય પદાર્થો બનાવતા કારખાનાવાળાઓને સખ્ત મના કરવી જોઇએ અને કોઇ પણ વ્યવસાયમાં વનસ્પતિના સ્થાને ઘીનો ભ્રમ પેદા કરનારને સર-કારી ગુન્હેગાર ગણવો જોઇએ.

આ લેખ લખવાનું કેમ બન્યું ?

છેવટે વનસ્પતિ પેદા કરનારા કારખાનાવાળાઓના સમર્થનનો કોઇ હેતુ આ લેખ પાછળ રહ્યો છે એમ કોઇ ન સમજે. એમના ઉત્કર્ષ કે અપકર્ષમાં મને કોઇ સીધો રસ નથી. આ પ્રશ્ન ઉપર આજના સામયિકોમાં એક પછી એક લેખો પ્રગટ થતા જોઇને અને વનસ્પતિ વિરૂધ્ધ તેમજ પક્ષમાં ચોતરફ જોસભેર ચાલી રહેલો પ્રચાર નિહાળીને એ પ્રશ્ન તરફ મારૂં ધ્યાન ખેંચાયું, અને તેની ભિન્ન ભિન્ન બાજુઓ સમજવા મેં પ્રયત્ન કર્યો. તે સંબંધે કેટલુંક વાંચ્યું અને તે પ્રશ્નના જાણ-કાર બન્ને બાજુના તજ્ઞો સાથે કેટલીક ચર્ચા કરી. તે સર્વના પરિણામે મને માલુમ પડયું કે આજે આ બાબતમાં કેટલીક ગેરસમજુતીઓ ફેલાઇ રહી છે અને કેટલોક પ્રચાર માત્ર લાગણી-ઓના આવેશ ઉપર જ ચાલી રહ્યો છે. તેથી આ પ્રશ્નની ભિન્ન ભિન્ન બાજુઓનું વિવરણ કરતો આ લેખ લખવા હું પ્રેરાયો છું. સંભવ છે કે આ લેખમાં રજુ કરાયલાં કેટલાંક મન્તવ્યો ભૂલ ભરેલાં હોય અથવા અધુરી માહીતી ઉપર બંધાયલાં હોય. આમ છતાં પણ આ મારાં મન્તવ્યો જેવા ચિત્તમાં સ્ફુર્યાં તે આકારમાં રજુ કરવાનું મેં સાહસ કર્યું છે–તે એ આશ એ કે તે ઉપર આ વિષયના જાણકારો વિશેષ ચર્ચા કરશે અને પરિણામે લોકોને સમ્યગ માર્ગદર્શન મળી રહેશે અને સાથે મારાં મન્તવ્યોનું પણ જરૂરી સંશોધન થઇ રહેશે.

પરમાનંદ

સંપેતરૂં *

મહેમાનોની હેરાનગતિ અને વણમાગી સલાહ આપનારાઓની પરેશાનીથી ઘણા કંટાળતા હશે, પણ મને સૌથી વધારે કંટાળો છે સંપેતરાની પંચાતીએ. અવારનવાર બહારગામ જવાનું હોય એટલે જવાનો વિચાર કરું ત્યારથી, સંપેતરું આવ્યું ન હોય તો પણ, તેનો વિચાર છેક સુધી સતાવ્યા જ કરે. શરૂ શરૂમાં તો મેં નો ખૂબ મોળો, એટલે સામી વ્યક્તિનો દોષ કાઢવોય નકામો, પરંતુ હવે મોંના તીખા થવા પહીય "સંપેતરું"ની કથામાંથી છૂટી શક્યો નથી. મિત્રો વધ્યા, પરિચિતો વધ્યા, સ્નેહીઓ વધ્યા, એટલે 'ના' કહેવા માટેનો એક વર્ગ પણ વધ્યો. વળી આ વર્ગ તે ઉપલા થરનો—સાહિત્યકારો અને શ્રીમંતોનો—એટલે એકદમ 'નાં' પાડતાં પહેલાં બચકાવું પણ પડે, અને 'ના' પાડી હોય તો પણ કોણ-જાણે, ક્ષણિક સ્મૃતિ ધરાવતો આ વર્ગ બીજે પ્રસંગે 'સંપેતરાં' સાથે હાજર જ હોય.

આ પરેશાનીમાંથી છૂટવા માટે અનેક તુસખા કરી જોયા. 'સંપેતરા'માં ખાવાનું આવ્યું હોય તો અડધું ખાઈ લીધું; તંગીના આ જમાનામાં અછતવાળી ચીજ આવી હોય તો નિઃસંકોચ માગી લીધી; પરેશાની ઊભી કરે એવી ચીજને 'નમંદા'ના નીરમાં પધરાવી દીધી અને ખોવાઈ ગયાનું કે ભૂલી ગયાનું બહાનું કાઢયું; 'સંપેતરું' લઈ જવા માટે બબ્બે ત્રણત્રણ ગાળોના ધક્કા ખવરાવી જોયા—આમ અનેક તુસખા અજમાવી જોયા; પણ આજે કહી શકું કે નાના સંપેતરાને બદલે 'મોટા સંપેતરાં' ગળે બાઝવા લાગ્યા છે.

ગાડી ઉપડવાની તૈયારી હોય ત્યારે એક જ શ્વાસે દોડતા આવી ગાડલાનો મોટો વાંટો બારીમાંથી મહાપરાણે અંદર સરકાવી, મોં પર દીનતા લાવી કહે: "આટલું મહેરબાની કરી લઈ જશો? માફ કરજો, પણ બીજો ઉપાય નહોતો," અને આપણે જવાબ આપીએ તે પહેલાં, અથવા ગાડલાનો વીંટો બહાર ફેંકાએ તે પહેલાં, ગાડી ઉપડી ચૂકી હોય.

કલકત્તાથી પાછા ફરતાં મારા એક મિત્રને તેનાં બનેવીએ, ઉતાવળે સ્ટેશને પહોંચીને એક મોટી પેટી વળગાડી. ગાડી ઉપડવાની તૈયારી હતી. એટલે મારા મિત્રથી આનાકાની ન થઈ શકી. મુંબઈ સ્ટેશને પેટી ઉચકાવતાં વજનદાર જણાઈ. ટિકિટ કલેક્ટરનું ધ્યાન દોરાયું, વજન કરાવવું પડયું અને બસ્સો પિસ્તાલિસ રૂપિયાનો ચાંલ્લો કરવો પડયો.

પણ આ તો મિત્રની વાત થઈ. 'ના ના,' કહ્યા છતાં કેરીની ઋતુમાં, જરાક ઢીલા થતાં સાડા પાંચ કરંડીઓ, મુંબઈ સ્ટેશને પહોંચ્યો, ત્યાં સુધીમાં, સંપેતરામાં આવી પડયાં, વજન કરાવવું પડયું અને સાડાત્રણ રૂપિયા નૂરના ભર્યા. મજૂરી જુદી. અમદાવાદ ઉતર્યા પછી, આ મુદ્દાઓને ઘેર લઈ જવા કરતાં દરેકને ઘેર પહોંચાડી ઘેર પહોંચ્યું એ વિચારે પહોંચાડવા જતાં બે કલાક ઘેર મોડો પહોંચ્યો, બે ઘોડાગાડી કરવી પડી તેનું ભાડું વધારામાં, અને ગાડીમાંથી દરેકને ઘેર સુધી કરંડીયો પહોંચાડવાનો તરદી લીધી એ તેના વ્યાજમાં! ચાલતી ગાડીએ કરંડિયામાંથી, એકાદ પાકી કેરી શોધવા ખૂબ મહેનત કરી પણ વ્યર્થ; બધીજ કાચી હતી.

એ જ અઠવાડિયે પાછું મુંબઈ જવાનું હતું. ઘેરથી નીકળવાની સાંજે તૈયારી કરું છું ત્યાં ગુજરાતના એક વિદ્વાન મજૂર માથે બચકું ઉચકાવી ઘેર આવી ચડયા. તેમને જોઈ પ્રણામ કરી વિનયથી પૂછયું ત્યારે મજૂરતરફ "હાં, કઈ બાજુ અત્યારે?" તો કહે, "તમારે ત્યાં જ" મેં કારણ પૂછયું ત્યારે મજુર તરફ આંગળી ચીંધી કહ્યું "આટલું મુંબઈ લઈ જવાનું છે." ના કહેવી કે હા તેની ગડમથલમાં હતો ત્યાં તેમણે આગળ ચલાવ્યું "આટલું લઈ જ જવાનું છે. ખૂબ તાકીદનું છે." તાકીદની વસ્તુની પૃચ્છા કરી ત્યારે જણાવ્યું કે સંપેતરામાં બંટી લઈ જવાની હતી. ગુજરાતના બીજા એક વિદ્વાને, અમદાવાદથી મુંબઈ ઘર કર્યું ત્યારે અવારનવાર અડકેક ખુરસી લઈ આવવાનું કહેલું, પણ તેમને હિંમતપૂર્વક ના કહી શકયો હતો. પણ આ વિદ્વાનને આમ એકદમ, ના ન કહી શકાઈ. "મુંબઈમાં દળવાની ઘંટીઓ બંધ થઈ ગઈ છે શું? પારસલ કરીને મોકલો." વગેરે દલીલો કરી, પણ તેમણે એક સાહિત્યકારની અદાથી દલીલ કરી. "આ તો છે ઘાંગડાની ઘંટી, સરસ ટંકાવેલી, આવી નાજુક ઘંટી મુંબઈમાં ઓછી મળે." છેવટે 'અપશુકન થાય' એ બહાના નીચે સાફ ના કહી ત્યારે છૂટી શકયો.

પરંતુ જ્યારે 'ના' કહેવાની ટેવ પાડતો ગયો ત્યારે 'જડ' ને બદલે 'જીવતાં' સંપેતરાં શરૂ થયાં. "મા વગર બિચારૂં છોકરૂં એકલું છે, રડી રડીને અડધું થઈ ગયું છે, સાથે લઈ જાઓ તો આભાર. આપને રસ્તામાં જરા પણ હેરાન નહિ કરે" એવી દલીલો સાથે સંપેતરૂં સોંપાય, પણ રસ્તામાં રડશે ત્યારે તેની મા થશે કોણ, કુદરતી હાજતો વખતે આયા કયાંથી લાવીશ, એ માટે હરફ સરખોય નહિ. એક દિવસ સવારે, ડોકલમાં સુરતથી મુંબઈ જતો હતો, ગાડી ઉપડવાને થોડી વાર હતી, ત્રીજા વર્ગમાં ડબ્બાના બારણા પાસે બેઠો હતો, ત્યાં હાફળા ફાફળા એક પરિચિત વૃદ્ધ ગૃહસ્થ આવી પહોંચ્યા. મને જોઈ, બારણું ઊઘાડી, એક યુવાન બાઈને ડબ્બામાં ચડાવી. દોઢેક વર્ષનું બાળક સોંપી મને કહ્યું "ભાઈ, મુંબઈ જાઓ છો ને? તો આમની સંભાળ રાખજો. બાળક નાનું છે. બાઈમાણસ એટલે ચિંતા થતી હતી તેમાં તમે ઓળખીતા નીકળ્યા એટલે નિરાંત થઈ." હું જવાબ આપું તે પહેલાં ગાડી ઉપડી અને ઉપરના પાટિયે જઈ સુઈ ગયો. પેલી યુવાન બાઈને મનમાં એમ થયું હશે કે, વૃદ્ધ સસરા સાથે આ યુવાનને સારી ઓળખાણ લાગે છે એટલે સાઠેક બાઈલ સુધી બાઈએ મારી બેસવાની જગાએ કોઈને બેસવા ન દીધા. ડબ્બામાં સૌને ખાતરી થઈ કે, યુવતીના પ્રતિ ઊપર સૂતા છે. નીચે ઊતર્યા પછી યુવતીએ મને નાસ્તો આપ્યો. બાળકને તેની કુદરતી હાજત પછી થોડીવાર મને સોંપ્યું. એક સ્ટેશને કેટલાક મિત્રો મળ્યા, ત્યારે તેમણે ન પૂછયું પણ મુંબઈમાં ફરી મળ્યા ત્યારે ટકોર કરી, "અરે, તમે કયારે પરણ્યાં? ખબર પણ ન આપી? અને એક બાળકના પિતા પણ એટલી વારમાં થઈ ગયા?"

આ તો જાણે આટલેથી પત્યું, પણ 'સંપેતરા'માં કેવી ગરબડ ઊભી થઈ શકે એ માટે આફ્રિકાની હકીકત ખૂબ જાણીતી છે. ચરોતરના પટેલ ભાઈઓ નાનપણમાં પરણી ધંધા-રોજગાર માટે આફ્રિકા રવાના થઈ જાય, વર્ષો સુધી પત્નીનું પતિએ કે પતિનું પત્નીએ મોં પણ ના જોયું હોય. પત્ની ઊમર લાયક થાય ત્યારે તેને આફ્રિકા તેડાવે. થોડા વર્ષો ઊપર એક પાટીદાર ગૃહસ્થ આફ્રિકા જાય, અને આફ્રિકા સુધી કોઈ જવાનું હોય તો અછતું ઓછું રહે? એમની નાતમાંથી તેમને સંપેતરા વળગવા લાગ્યા, તેમાં બે સંપેતરાં આવા મળાવાયાં—જીવતાં જાગતાં. બેય સ્ત્રીઓને પોતાના પતિનું મુખ પણ યાદ નહિ. 'સંપેતરૂં' લઈ જનાર ભાઈ આફ્રિકાના કિનારે ઊતર્યા ત્યારે, એક જ નામેરી આ બન્ને સ્ત્રીઓ ઘૂંઘટ તાણી બહાર આવી. તેડવા આવનાર પતિઓને પત્નીઓ સોંપાઈ ગઈ અને સૌ સ્વસ્થાને પહોંચી ગયા. થોડા દિવસ પછી કૌટુંબિક પૂછપરછ થતાં બન્ને પતિઓને ખબર પડી કે પત્નીની અદલાબદલી થઈ ગઈ છે, 'લખાપટ્ટી' થઈ અને ભૂલ પકડાઈ ગઈ. એટલું સારૂં હતું કે, બન્ને પતિઓ સદ્‌ગૃહસ્થો હતા. એટલે પત્નીની અદલાબદલી સરળતાથી ઉદારદીલે કરી શકયા, નહિતો વિધિએ લખેલા લેખ 'સંપેતરા'ની વિધિમાં મિથ્યા થાત.!!!

ધીરજલાલ ધનજીભાઈ શાહ

* 'ઓલ ઇન્ડિયા, રેડિયો અમદાવાદ,'ના સૌજન્યથી

(અનુસંધાન પૃષ્ઠ ૭૬ નું ચાલુ)

નૈતિક હ્રાસ અને ભયાનક ભૌતિક ઘટનાઓ વચ્ચે કોઇ કારણકાર્ય સંબંધની કલ્પના તર્કસંગત બની શકતી નથી. જેવી રીતે શરીરની વૃધ્ધાવસ્થા અને તેના લીધે પરિણમતી જર્જરિતતા સુચરિત દુશ્ચરિત્ર સૌ કોઇ માનવી માટે અનિવાર્ય છે–એટલું જ નહિ પણ કેટલાક શારીરિક ઉપદ્રવો તેમજ પ્રાણઘાતક અકસ્માતોને માનવીના કોઇ પણ ચારિત્ર્યદોષ સાથે આપણે સાંકળી શકીએ તેમ છે જ નહિ. તેવી જ રીતે આપણે જે પૃથ્વી ઉપર વસીએ છીએ તે પૃથ્વીને આપણે સ્થિર, સ્વસ્થ અને નક્કર માનીએ છીએ પણ વસ્તુતઃ આ આપણી ચિરકાળપોષિત માનસિક ભ્રમણા છે. પૃથ્વીનો ઉદ્ભવ, પરિસ્થિતિ અને બંધારણ જ એવા પ્રકારનાં છે તેમાં આવાં ધરતિકંપો થયા જ કરે, જ્વાળામુખીઓ ફાટયા જ કરે, વિનાશજનક વાવાઝોડાંઓ થયા જ કરે, જળસ્થળના પલટાઓ નિર્માયા જ કરે. જે પૃથ્વી ઉપર આપણે વસીએ છીએ તે સર્વદા અને સર્વથા વિશ્વવસનીય છે જ નહિ. આજના ખગોળશાસ્ત્ર પ્રમાણે પૃથ્વી એ સૂર્યમાંથી છુટો પડેલો, પોતાની ધરી ઉપર તેમ જ સૂર્ય આસપાસ ફરતો એક ટુકડો છે. અને જેવો તેનો ઉદ્ભવ તેવો જ તેનો કોઇ કાળે લય સંભવે છે. પૃથ્વીના પેટાળમાં પાર વિનાનાં પોલાણ છે. તેમાં કોઇ ઠેકાણે પાણી તો કોઇ ઠેકાણે તેલ અને એવા અનેક ખનીજ પ્રવાહી પદાર્થો વહે છે, ખદબદ્યા કરે છે અને અંદરના હલનચલનને લીધે ઉપરનું પડ અવારનવાર ઉંચું નીચું થાય છે જેને ધરતીકંપ કહે છે. માનવીસમાજના સુચરિતથી આ પૃથ્વીનો ભાર હળવો બનતો નથી તેમ જ માનવીસમાજના દુષ્કૃત્યોના કારણે તેનો ભાર કદિ અસહ્ય બનતો નથી. નાના કે મોટા કોઇ પણ પ્રલયનો બાહુ સારાનરસા કોઇનો પણ ભેદ કર્યા વિના સૌ કોઇને ઝડપી લે છે. પૃથ્વી ઉપર બધા સાધુ વસતા હશે તો પણ જ્યારે પ્રલયની ઘડિ આવવાની છે ત્યારે સૌ કોઇનો એક સાથે નાશ થવાનો જ છે અને બીજી બાજુએ આજે આપણે જે અધર્મ, અસત્ય, હિંસા અનાચાર ફેલાયલા જોઇએ છીએ તે ગમે તેટલું વિરાટ સ્વરૂપ ધારણ કરે તો પણ પૃથ્વી પોતાની ધરી ઉપરથી એક તસુ પણ ચસકવાની નથી. આનું તાત્પર્ય એ છે કે જ્યારે આસામના ધરતીકંપ જેવી વિનાશકારી ઘટના બને છે ત્યારે તેને સમાજની કે રાષ્ટ્રની નૈતિક પરિસ્થિતિ સાથે સાંકળવાનો આપણે પ્રયત્ન કરીએ છીએ તે પ્રયત્ન પાયાવિનાનો છે એટલું જ નહિ પણ જે મોટો જનસમુદાય આ આફતનો ભોગ બને છે તેમનાં દુઃખ ઉપર ડામ દેવા જેવો આ પ્રયત્ન છે.

આનો અર્થ એવો નથી કે નૈતિક દુષ્કર્મો કે અપકર્ષનું કોઇ ઐહિક દુષ્પરિણામ સંભવતું નથી, પણ તે ભોતક નહિ પણ સામાજિક જ હોઇ શકે. દા. ત. આ જગતમાં મોટાં મોટાં યુધ્ધો આવે છે તે કાંઇ કાંઇ ધરતીકંપથી ઓછા અનર્થકારી નથી હોતાં અને એ યુદ્ધો સામાજિક વિકળતામાંથી જ પરિણમે છે. આજે ત્રીજું વિશ્વયુધ્ધ માથાઉપર ઉભું છે. એટમ બોંબની સંહારક શક્તિનો આપણને અનુભવ છે; એથી પણ વધારે સંહારક શસ્ત્રો હાઇડ્રોજન બોંબના રૂપમાં શોધાઇ રહ્યાં છે. જો ખરેખર વિશ્વયુદ્ધ ફાટી નીકળે અને આ જગતમાં જાદવાસ્થળી શરૂ થાય તો એવી પણ આપણે એક સ્થિતિ કલ્પી શકીએ છીએ કે જ્યારે આ પૃથ્વી ચાલતી હોય તેમ ચાલ્યા કરે, ફરતી હોય તેમ ફર્યા કરે અને એમ છતાં પણ કશા પણ ધરતીકંપ થયા સિવાય, જ્વાળામુખી ફાટયા સિવાય અને પ્રલયના વાયુ વાયા સિવાય આ પૃથ્વી ઉપરથી માણસજાતિ સહન્તર નાબુદ થાય. અને તે બધું જ માનવસમુદાયના ઉત્તરોત્તર વધતા જતા અધર્મ, અસત્ય, દ્રોહ, અન્યાય અને હિંસકતાનું જ પરિણામ હોવાનું એમ આપણે નિઃશંકપણે કહી શકીએ તેમ છે.

આમ માનવીનાં જે સુખદુઃખનો માનવજાતના ચારિત્ર્ય સાથે સબંધ છે તેને તેની સાથે સાંકળીએ એ તો ઉચિત છે, પણ સાથે સાથે એ પણ સમજી લઇએ કે માનવજાતનાં કેટલાંક સંકટો, આફતો અને જનમાલની ખુવારી, જેના માટે પોતે બીલકુલ જવાબદાર હોતો નથી એવી ભૌતિક દુર્ઘટનાઓમાંથી પણ ઉદ્ભવે છે. આને માટે કોણ જવાબદાર છે, જેથી સુકા સાથે લીલું પણ બળી જાય છે એવી નૈસર્ગિક દુર્ઘટનાનો કોઇ પ્રયોજક છે કે નહિ ઇત્યાદિ પ્રશ્નો અગમનિગમના છે. આપણે તો એટલું સમજીએ કે આ દુર્ઘટના માટે આપણે જવાબદાર નથી. આમ સમજીને આપણે અર્થ વિનાનો અન્તસ્તાપ અથવા તો આન્તરવ્યથા ન સેવીએ કે કોઇ પણ પ્રકારની દોષચર્ચણી ન કરીએ અને જેના ઉપર આફત આવી છે તે આપણાં જ સ્વજનો છે એમ સમજીને એમની આફતને કેમ હળવી કરવી તેના ઉપાયો હાથ ધરવામાં જ આપણી સર્વ શક્તિઓને કેન્દ્રિત કરીએ.

ઉપરના મન્તવ્યના સમર્થનમાં એ પણ માલુમ પડશે કે જે દુર્ઘટના માટે માણસજાત જવાબદાર હોય છે તે દુર્ઘટનામાંથી પાછો વધારે ને વધારે નૈતિક અપકર્ષ જ જન્મે છે અને જ્યાં સુધી કોઇ બળવાન ઉધ્ધારક શક્તિ પેદા નથી થતી ત્યાં સુધી આ દુષિત ચક્ર ચાલ્યા જ કરે છે. પણ નૈસર્ગિક દુર્ઘટના આવાં કોઇ દુષ્પરિણામો પેદા કરવાને બદલે સર્વવ્યાપી સહાનુભૂતિની લાગણી પેદા કરે છે, અને માનવજાતિમાં રહેલા સેવા, દયા, કરૂણા, ભ્રાતૃભાવ, દાન, આત્મભોગ,–આવા અનેક ઉચ્ચ ગુણોના આવીર્ભાવને વેગ આપે છે. કોરીઆનું યુધ્ધ એ માનવીનિષ્પન્ન આફત છે. તેથી તે યુધ્ધ જે નૈતિક અપકર્ષમાંથી પેદા થયેલ છે તે નૈતિક અપકર્ષને જ વધારે વેગ આપી રહેલ છે, અને વિશ્વયુદ્ધને સમીપ લાવી રહેલ છે. આસામના ધરતીકંપના નૈતિક પ્રતાઘાતો જુદા જ પ્રકારના છે. તેણે આખા જગના હૃદયને કંપાયમાન કર્યું છે; કરૂણા અને અનુકંપા અને પ્રેમની લાગણીઓ ઉત્તેજિત કરી છે અને આસામનાં ભાઇબહેનોને મદદ કરવા માટે મારાથી જે કાંઇ થાય તો કરૂં એવી સ્વયંભૂ વૃત્તિ પેદા કરી છે. કોરિઆનું યુધ્ધ જનતાને અધોગતિ તરફ ધસડી રહેલ છે અને માણસ માણસ વચ્ચે ભેદ જન્માવી રહેલ છે, જ્યારે આસામના ધરતિકંપથી ખુવારી પારવિનાની થઇ છે તો પણ તેથી જનતાના નૈતિક અને આધ્યાત્મિક પારાશીશી કંઇક ને કંઇક ઉંચે ચઢી રહી છે, માણસ માણસની નજીક આવી રહ્યો છે. માનવીનિષ્પન્ન અને નિસર્ગજન્ય ઘટનાનો આ ફરક ઓછા મહત્વનો નથી. જે ભૌતિક દુર્ઘટનાના પ્રત્યાઘાતો આવા ઉદાત્ત અને ઉન્નતિકારક હોય તે દુર્ઘટનાની માનવસમુદાયના ઐહિક નૈતિક અપકર્ષ કે દુષ્કર્મો સાથે કરવામાં આવતી સંકલના અને તે કારણે પૃથ્વીનો ભાર દુઃસહ કે અસહ્ય થવાની કલ્પના બુદ્ધિસંગત લાગતી નથી.

પરમાનંદ

આત્મલક્ષી દૃષ્ટિ કેવી હોય ?

(એક મુમુક્ષુ બંધુના પત્રના ઉત્તર રૂપે વિ. સં. ૧૯૪૫ ના આસો વદ ૨ ના રોજ શ્રીમદ્ રાજચંદ્રે ૨૧ વર્ષની ઉમ્મરે લખેલો અને એક મિત્રદ્વારા પ્રાપ્ત થયેલો અપ્રગટ પત્ર નીચે પ્રગટ કરવામાં આવે છે. તંત્રી)

અનંતવાર જગતને રૂડું દેખાડવા પ્રયત્ન કર્યું. તેથી રૂંડું થયું નથી કેમકે પરિભ્રમણ અને પરિભ્રમણના હેતુઓ હજુ પ્રત્યક્ષ રહ્યા છે. એક ભવ જો આત્માનું રૂડું થાય તેમ વ્યતીત કરવામાં જશે, તો અનંતભવનું સાટું વળી રહેશે એમ હું લઘુત્વભાવે સમજ્યો છું. અને તેમ કરવામાં જ મારી પ્રવૃત્તિ છે. આ મહાબંધનથી રહિત થવામાં જે જે સાધન–પદાર્થ શ્રેષ્ઠ લાગે, તે ગૃહવા એજ માન્યતા છે. તો પછી તે માટે જગતની અનુકૂળતા–પ્રતિકૂળતા શું જોવી ? તે ગમે તેમ બોલે પણ આત્મા જો બંધનરહિત થતો હોય અને પેલી મહા સમાધિમય દશા પામતો હોય

તો તેમ કરી લેવું. એટલે કૃતિ–અપકૃતિથી સર્વ કાળને માટે રહિત થઈ શકાશે.

અત્યારે એ વગેરે એમના પક્ષના લોકોના જે વિચારો મારે માટે પ્રવર્તે છે તે મને ધ્યાનમાં સ્મૃત છે; પણ વિસ્મૃત કરવા એજ શ્રેયસ્કર છે. તમે નિર્ભય રહેજો; મારે માટે કોઇ કંઈ કહે તે સાંભળી મૌન રહેજો. તેઓને માટે કંઇ હર્ષ–શોક કરશો નહિ. જે પુરૂષ પર તમારો પ્રશસ્ત રાગ છે તેના ઇષ્ટદેવ પરમાત્મા–જિન મહાયોગેન્દ્ર પાર્શ્વનાથાદિકનું સ્મરણ રાખજો અને જેમ બને તેમ નિર્મોહી થઈ મુક્તદશાને ઇચ્છજો. જીવિતવ્ય કે જીવનપૂર્ણતા સંબંધી કંઇ સંકલ્પ કરશો નહિ.

ઉપયોગ શુદ્ધ કરવા આ જગતના સંકલ્પવિકલ્પને ભૂલી જજો. પાર્શ્વનાથાદિક યોગીશ્વરની દશાની સ્મૃતિ કરજો અને એજ અભિલાષા રાખતા રહેજો. એજ તમને પુનઃ પુનઃ આશીર્વાદપૂર્વક મારી શિક્ષા છે. આ અલ્પજ્ઞ આત્મા પણ તે પદનો અભિલાષી અને તે પુરૂષના ચરણકમળમાં તલ્લીન થયેલો દીન શિષ્ય છે. તમને તેવી શ્રદ્ધાની જ શિક્ષા દે છે. વીરસ્વામીનું બોધેલું દ્રવ્ય–ક્ષેત્ર–કાળ અને ભાવથી સર્વ સ્વરૂપ યથાતથ્ય છે: એ ભૂલશો નહિ, તેની શિક્ષાની કોઇ પણ પ્રકારે વિરાધના થઇ હોય, તે માટે પશ્ચાત્તાપ કરજો. આ કાળની અપેક્ષાએ મન–વચન–કાયા આત્મભાવે તેના બોળામાં અર્પણ કરો, એજ મોક્ષનો માર્ગ છે. જગતના સઘળા દર્શન–મતની શ્રદ્ધાને ભૂલી જજો. * જૈન સંબંધી સર્વ ખ્યાલ ભૂલી જજો; માત્ર તે સત્પુરૂષના અદ્‌ભુત યોગસ્ફુરિત ચરિત્રમાં જ ઉપયોગને પ્રેરશો.

આ તમારા માનેલા 'મુરબ્બી' માટે કોઇ પણ પ્રકારે હર્ષ–શોક કરશો નહિ. તેની ઇચ્છા માત્ર કે સંકલ્પ વિકલ્પથી રહિત થવાની જ છે. તેને અને આ વિચિત્ર જગતને કંઈ લાગતું વળગતું કે લેવા દેવા નથી. એટલે તેમાંથી તેને માટે ગમે તે વિચારો બંધાય કે બોલાય તે ભણી હવે જવા ઇચ્છા નથી. જગતમાંથી જે પરમાણુ પૂર્વકાળે ભેળા કર્યા છે તે હળવે હળવે તેને આપી દઇ ઋણમુક્ત થવું એજ સદા–સૌઉપયોગી–વહાલી શ્રેષ્ઠ અને પરમ જિજ્ઞાસા છે, બાકી તેને કંઇ આવડતું નથી, તે બીજું કંઇ ઇચ્છતો નથી, પૂર્વકર્મના આધારે તેનું સઘળું વિચરવું છે, એમ સમજી પરમ સંતોષ રાખજો; આ વાત ગુપ્ત રાખજો; કેમ આપણે માનીએ છીએ, અથવા કેમ વર્તીએ છીએ? તે જગતને દેખાડવાની જરૂર નથી; પણ આત્માને આટલુંજ પૂછવાની જરૂર છે કે, જો મુક્તિને ઇચ્છે છે તો સંકલ્પ–વિકલ્પ. રાગ–દ્વેષને મૂક, અને તે મૂકવામાં તને કંઇ બાધા હોય તો તે કહે–તે તેની મેળે માની જશે, અને તે તેની મેળે મૂકી દેશે. જ્યાં ત્યાંથી રાગદ્વેષ રહિત થવું એજ મારો ધર્મ છે. અને તે તમને અત્યારે બોધિ જઉં છઉં. પરસ્પર મળશું ત્યારે હવે તમને કંઇ પણ આત્મપ્રાપક સાધનો બતાવીશ. બાકી ધર્મ મેં ઉપર કહ્યો તેજ છે. અને તેજ ઉપયોગ રાખજો. ઉપયોગ એજ સાધના છે. વિશેષ સાધના તે માત્ર સત્પુરૂષના ચરણકમળ છે તે પણ કહી જઉં છઉં.

તમે મને મળવા બહુ ઇચ્છો છો પણ નિરૂપાયતા આગળ બીજો ઉપાય નથી. આત્મભાવમાં સઘળું રાખજો, ધર્મધ્યાનમાં ઉપયોગ રાખજો. જગતના કોઇ પણ પદાર્થ સગા–કુટુંબી–મિત્રનો કંઇ હર્ષ શોક કરવો યોગ્ય જ નથી. પરમ શાંતિપદને ઇચ્છીએ એજ આપણો સર્વસંમત ધર્મ છે. અને એજ ઇચ્છામાં ને ઇચ્છામાં તે મળી જશે માટે નિશ્ચિત રહો. હું કોઇ ગચ્છમાં નથી, પણ આત્મામાં છઉં એ ભૂલશો નહિ.

* કેમકે આત્મા જૈન કે વેદાંત એવું કાંઇ નથી; શુદ્ધ ચૈતન્ય ચિદાનંદસ્વરૂપ જ છે. ત્યાં જૈન કે વેદાંતપણાની કલ્પના કરવી એજ અજ્ઞાન છે.

પર્યુષણ વ્યાખ્યાનમાળા, મુંબઈ

છેલ્લાં વીશ વર્ષથી મુંબઇ જૈન યુવક સંઘના આયોજન નીચે પર્યુષણ વ્યાખ્યાનમાળા યોજાઈ રહી છે. આ વ્યાખ્યાનમાળાના સ્વરૂપમાં, વ્યાખ્યાતાઓની પસંદગીમાં, વિષયોના નિરૂપણની કોટિમાં ઉત્તરોત્તર વિકાસ થઇ રહ્યો છે અને માત્ર જૈન સમાજને જ નહિ પણ અન્ય સમાજને પણ અનુકરણીય અને આદરણીય બને તેવી કક્ષાએ આ વ્યાખ્યાનમાળા પહોંચી છે. વ્યાખ્યાતાઓ પોતે સ્વીકારેલા વ્યાખ્યાન વિષય પર તો પુરા તૈયાર થઇને આવે, જેમાં અંગત આક્ષેપો કે કટાક્ષો સ્થાન જ ન હોય એવું ઉચ્ચ સપાટીનું વિવેચન કરે, જે કોઇ વિચારો રજુ કરવામાં આવતા હોય તે વિચારો પોતાને સંમત હોય, અસંમત હોય, અનુકુળ હોય પ્રતિકુળ હોય, શ્રોતાસમુદાય એક સરખા ધ્યાનથી સમભાવ અને પુરી પ્રસન્નતાપૂર્વક પ્રત્યેક વ્યાખ્યાનને સાંભળે અને શિસ્તબદ્ધ વર્તે, જે ઉપદેશવામાં આવે તેને અનુરૂપ જીવનનિષ્ઠા હોય એવા પ્રતિભાસંપન્ન વક્તાઓની પસંદગી કરવામાં આવે, નિયમિત રીતે સભા શરૂ થાય અને નિયત સમયે સભા પુરી થાય, અને નિયત કાર્યક્રમને બરોબર, વળગી રહીને જ દરેક સભાનું સંચાલન થાય, જેટલા ભાઇઓ લગભગ તેટલી જ સંખ્યામાં બહેનો પણ આ વ્યાખ્યાનમાળામાં રસપૂર્વક ભાગ લે આજે સુપ્રતિષ્ઠિત બનેલી વ્યાખ્યાનમાળાનાં આ–વાં કેટલાંક વિશિષ્ટ અંગો છે અને તે કારણે જૈન જૈનેતર સમાજમાં આ વ્યાખ્યાનમાળા સારી રીતે લોકપ્રિય બની રહી છે. શરૂઆતના સાત દિવસની સભાઓ પ્રમાણમાં નાના સ્થળમાં ભરવામાં આવે છે. આઠમો દિવસ સંવત્સરિનો હોઇને તેનું મહત્ત્વ વિશેષ લેખાય છે અને સદ્‌વ્યવસાયી જૈનો આ દિવસે ધંધો રોજગાર કે નોકરીથી છુટા રહેતા હોઇને આ છેલ્લી સભામાં લોકો બહુ મોટા સમુદાયમાં ઉપસ્થિત થાય છે, અને તે કારણે ૧૨૦૦ થી ૧૫૦૦ માણસોનો સમાવેશ થઇ શકે એવા કોઇ વિશાળ સ્થળમાં આ છેલ્લી સભા ગોઠવવામાં આવે છે. કેટલાંક વર્ષ સુધી આ સભા ભાંગવાડી થીએટરમાં ભરવામાં આવતી હતી; છેલ્લાં બે વર્ષ આ સભા રોકસી થીએટરમાં ભરવામાં આવેલી; આ વખતની છેલ્લી સભા ભારતીય વિદ્યાભવનની નાટયશાળામાં યોજવામાં આવી હતી. આ સભા જેમ જેમ વધારે સુન્દર અને સગવડવાળા સ્થળે યોજાતી જાય છે તેમ તેમ આ સભાનું સ્વરૂપ પણ વધારે ને વધારે ભવ્યતા ધારણ કરતું જાય છે. આ સભામાં બનતા સુધી અસાધારણ વિશિષ્ટ કોટિના વ્યાખ્યાતાઓની પસંદગી કરવામાં આવે છે; વળી આગળ પાછળ પ્રસંગાનુરૂપ સંગીતનો પણ પ્રબંધ કરવામાં આવે છે. આ સભામાં જૈનેતરો પણ સારી સંખ્યામાં હાજરી આપે છે. રોકસી થીએટર કે ભારતીય વિદ્યાભવન જેવા વિશાળ સભાસ્થળમાં પંડિત સુખલાલજી, કાકા સાહેબ કાલેલકર કે બૌદ્ધ ભિક્ષુ ભદન્ત આનંદ કૌશલ્યાયન જેવાનું પ્રવચનધારા અસ્ખલિતપણે ચાલતી હોય અને ખીચોખીચ બેઠેલો અને બેસવાની જગ્યાના અભાવે ઉભેલો શ્રોતાસમુદાય–બહેનો ભાઇઓ, કુમારો કુમારિકાઓ અને બાળકો પણ–એકધ્યાનથી એ પ્રવચનધારાને ઝીલતા હોય, કોઇ સંગીતકાર મધુર સ્વરે ભજન કે પદ સંભળાવતો હોય અને તેને નિરવપણે સાંભળતાં સૌ કોઇનાં માથાં ડોલતાં હોય અને સૌ કોઇની મુખમુદ્રા ઉપર પ્રસન્નતાની ઝળક તરવરતી હોય–આ દૃષ્યની ભવ્યતા એટલી બધી મોહક હોય છે કે તેનાં મીઠાં સમરણો કંઇ દિવસો સુધી મન ઉપરથી ખસતાં નથી.

વીશ વીશ વર્ષથી આ પર્યુષણ વ્યાખ્યાનમાળા ચાલતી હોવા છતાં ચાલુ ચીલાથી જુદું જ કાંઇ આ શું ચાલી રહ્યું છે અને ભગવાન મહાવીર અને જૈન સિધ્ધાન્તો ઉપરનાં વ્યાખ્યાનોને આ વ્યાખ્યાનમાળામાં અવશ્ય અવકાશ આપવામાં આવે છે એમ છતાં પણ આવા એકાન્ત સાંપ્રદાયિક પર્વ સાથે સંકળાયેલી

વ્યાખ્યાનમાળામાં સોક્રેટીસ, જરથોસ્ત, રામકૃષ્ણ પરમહંસ, ભગવાન બુદ્ધ, મહમદ પયગંબર–આવી જૈનેતર વિભૂતિઓ ઉપર વ્યાખ્યાનો અપાય, સમાજવાદ, સામ્યવાદ, ગીતાવાદ જેવા વિષયો ચર્ચાય, અને વ્યાખ્યાન આપવા માટે પારસી પણ આવે, મુસલમાન પણ આવે, ઇસાઇ પણ આવે–આ બધું શું થઇ રહ્યું છે એવો પ્રશ્ન અવારનવાર ઉપસ્થિત થયા કરે છે. આનો ખુલાસો મહારાષ્ટ્રવાસીઓમાં આજે ચાલી રહેલ ગણેશઉત્સવને લોકમાન્ય તિલકે જે નવું રૂપ આપ્યું અને જે રૂપ આજે પણ પ્રચલિત અને સર્વસ્વીકૃત બન્યું છે તેમાંથી મળી રહેશે. મહારાષ્ટ્રવાસીઓમાં ગણેશ પૂજનનું ભારે માહાત્મ્ય છે અને ગણેશચતુર્થી તેમનું મોટામાં મોટું પર્વ ગણાય છે. આ દિવસથી દશ દિવસ સુધી ઘેર ઘેર ગણેશની મૂર્તિ બેસાડવામાં આવે છે અને શોભા શણગાર, ભજનકીર્તનનો ઉત્સવ ચાલે છે. લોકમાન્ય તિલકે આ ઉત્સવના અનુસંધાનમાં વ્યાખ્યાનમાળા ગોઠવવાનું શરૂ કર્યું અને એ દ્વારા લોકજીવનને રાષ્ટ્રીયતાના રંગે રંગવા માંડ્યું. સંપ્રદાયના ચોકઠામાં પુરાયલું સમાજમાનસ સંકીર્ણતાથી મુક્ત થઇ શકતું નથી, અને પોતાના સંપ્રદાય બહારનું તેને કોઇ જીવનદર્શન નથી. અનેકાંતવાદનો દાવો કરનાર જૈન સમાજ અન્ય સમાજ જેટલો જ એકાંતવાદી બની બેઠો છે. આજે કોમીવાદને બદલે તેટલો હળવો કરવાની અને સર્વધર્મસમભાવ તરફ જનતાને વાળવાની ખુબ જરૂર છે. આપણી સામે આજે અનેક જટિલ સમસ્યાઓ પડેલી છે જે સ્પષ્ટ માર્ગદર્શનની અપેક્ષા રાખે છે. આપણી દૃષ્ટિ અનેક પૂર્વગ્રહો અને અભિનિવેશોથી રૂંધાયલી છે જેમાંથી મુક્ત થવા સિવાય સમ્યગ્ દર્શન અસંભવિત છે. સતત પલટાતા જગતના બદલાતા આદર્શો અને ભાવનાઓથી, દેશકાળ સાથે તાલબદ્ધ જીવન જીવવાની અપેક્ષા રાખતા સમાજે સુપરિચિત રહેવાની જરૂર છે. આ જરૂરિયાતોને પહોંચી વળવું, સંકીર્ણતા દૂર કરવી, સમસ્યાઓનો ઉકેલ દર્શાવવો અને અસાંપ્રદાયિક એવી વિશાળ વિચારસૃષ્ટિનું દર્શન કરાવવું એવો આ પર્યુષણ વ્યાખ્યાનમાળાનો હેતુ છે. કેવળ સાંપ્રદાયિક ધર્મઆરાધના સાથે સંકળાયલા પર્યુષણ પર્વને એક મહત્વનું સંસ્કૃતિપર્વ બનાવવું અને તે એવું કે જેનો જૈનો તેમ જ જૈનેતરો ઉભય પુરેપુરો લાભ લઇ શકે. મુંબઇ જૈન યુવક સંઘ તરફથી યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળા પાછળ આ પ્રયોજન રહેલું છે. જેમના દિલમાં પર્યુષણ વ્યાખ્યાનમાળા સંબંધે પ્રશ્નો ઉઠયા કરે છે તેમનું આ વિવરણથી સમાધાન થશે એવી આશા રાખવામાં આવે છે.

આ વખતે યોજાયલી પર્યુષણ વ્યાખ્યાનમાળા નિયત કાર્યક્રમ મુજબ નજીવા ફેરફાર સાથે સફળતાપૂર્વક પાર પડી છે. ગયા અંકમાં પ્રગટ થયેલા કાર્યક્રમ અનુસાર પંડિત સુખલાલજી આ વ્યાખ્યાનમાળાનું પ્રમુખસ્થાન શોભાવશે એવી આશા રાખવામાં આવી હતી, પણ મુંબઇ સુધી આવવાનો પ્રવાસ ખેડવાને અક્ષમ એવી તેમની તબિયત હોઇને તેઓ આવી ન શકયા. તેમના સ્થાને હિંદી સાહિત્યના જાણીતા સેવક સાધુચરિત સુશ્રાવક શ્રી. નાથુરામ પ્રેમીજીને અધ્યક્ષસ્થાન સ્વીકારવા વિનંતિ કરવામાં આવી હતી અને પર્યુષણ વ્યાખ્યાનમાળાના આઠે દિવસ તેમણે પ્રમુખસ્થાન શોભાવ્યું હતું. આ માટે તેમનો હાર્દિક આભાર માનવો ઘટે છે. પંડિત સુખલાલજીના નિયત વ્યાખ્યાનની જગ્યાએ નાગપુરની મેરીસ કોલેજના સંસ્કૃત, પ્રાકૃત અને પાલીના અધ્યાપક ડો. હીરાલાલજીએ 'કર્મ સિદ્ધાન્ત' ઉપર વ્યાખ્યાન આપ્યું હતું. અન્ય વ્યાખ્યાતાઓએ પણ પોતપોતાના નિયત વિષય ઉપર યથાક્રમ વ્યાખ્યાનો આપ્યાં હતાં અને વ્યાખ્યાન સભાઓ ઉત્તરોત્તર વધારે ને વધારે રસમય અને આકર્ષક બની રહી હતી. આ વખતની દરેક વ્યાખ્યાન સભા ભજન સંગીતથી શરૂ થતી હતી અને આ જવાબદારી ત્રણ ચાર બહેનોએ પરિપૂર્ણ કરી હતી. વચગાળે એક દિવસ ભાઇ પિનાકિન ત્રિવેદીએ એક કલાક ઉંડા દિલની ભક્તિથી નીતરતા ભજનો સંભળાવીને શ્રોતાઓને મુગ્ધ કર્યા હતા અને અન્ય દિવસે ન્યુ એરા સ્કુલના કળાશિક્ષક શ્રી મધુભાઇ પટેલે લોકસાહિત્યના વિવિધ નમુનાઓ રજુ કરીને તેમ જ થોડાંક ભજનો સંભળાવીને સંમીલિત મંડળીના ચિત્તનું રંજન કર્યું હતું. આ વખતના કેટલાએક વ્યાખ્યાતાઓ તો આ વ્યાખ્યાનમાળામાં પહેલીજવાર રજુ થયા હતા. દરેક વક્તાએ પોતપોતાના વિષયને સંપૂર્ણ ન્યાય આપ્યો હતો. છેલ્લા દિવસની મોટી સભામાં વર્ધાનિવાસી ભદન્ત આનંદ કૌશલ્યાયનને વર્ધાથી બોલાવવામાં આવ્યા હતા અને તેમણે શ્રમણ સંસ્કૃતિ ઉપર અવનવો પ્રકાશ પાડતું પ્રવચન કર્યું હતું. તદુપરાન્ત કાકાસાહેબ કાલેલકર જેઓ આ વ્યાખ્યાનમાળા સાથે કેટલાંક વર્ષોથી સંકળાયલા છે અને સંઘની આ પ્રવૃત્તિના પંડિત સુખલાલજી માફક એક અધિષ્ઠાતા દેવતા સમાન છે તેઓ પણ આજ નિમિત્તે મુંબઇ વખતસર આવી પહોંચ્યાં હતા અને વિશ્વશાન્તિ ઉપર તેમણે વિચારપ્રેરક વ્યાખ્યાન કર્યું હતું. સંઘની આ પ્રવૃત્તિના એક મુખ્ય આયોજક તરીકે કાકાસાહેબ કાલેલકર, ભદન્ત આનંદ કૌશલ્યાયન, સંઘના નિમંત્રણને માન આપીને અમદાવાદથી ખાસ આવેલા શ્રી ઉમાશંકર જોશીનો તેમ જ અન્ય વિજ્ઞાન વક્તાઓનો, સંગીતની પુરવણી કરનાર બહેનોનો અનેછેલ્લા દિવસની સભામાં અણધાર્યા આવી પહોંચેલ અને બે મધુર પદો સંભળાવીને સૌ કોઇને મુગ્ધ કરનાર અધ્યાપક શ્રી ઉમેદભાઇ મણિયારનો, તદુપરાન્ત આખી વ્યાખ્યાનમાળા દરમિયાન વ્યવસ્થા જાળવવામાં અતિશય ઉપયુક્ત સેવા આપનાર શ્રી. ઝાડાવાડ શ્વેતામ્બર સ્થા. સ્વયંસેવક મંડળ સ્વયંસેવક બંધુઓનો ઉપકાર માનું છું. આ વખતે શ્રોતાઓનો છેલ્લા બે વર્ષ જેટલો ઘસારો નહોતો. તેથી વ્યવસ્થા જાળવવાનું કાર્ય પ્રમાણમાં સહેલું હતું. વળી શ્રોતાઓનો પણ આ બાબતમાં પુરો સહકાર રહ્યો હતો. પરિણામે પાટા ઉપર ગોઠવાયલી ગાડી જેમ સરળપણે ચાલી જાય તેવી રીતે આ વ્યાખ્યાનમાળા નિર્વિઘ્ને પાર ઉતરી હતી. **પરમાનંદ**

પર્યુષણ વ્યાખ્યાનમાળા : અમદાવાદ

મુંબઇમાં દર વર્ષે યોજાય છે તેમ છેલ્લાં લગભગ એકવીસ વર્ષથી અમદાવાદમાં પર્યુષણ વ્યાખ્યાનમાળા ચાલે છે. આ વર્ષે પણ શ્રી અમદાવાદ જૈન યુવક સંઘના ઉપક્રમે, દરરોજ સવારે ૮॥। થી ૧૧ સુધી પ્રેમાભાઇ હોલમાં આ વ્યાખ્યાનમાળા યોજાતી હતી. આઠે દિવસ સુધી પ્રેમાભાઇ હોલ પૂરો ભરાઇ જતો હતો, એટલું જ નહિ પણ લગભગ દરરોજ શ્રોતાઓને આજુબાજુ ઊભા રહેવું પડતું હતું. આ વ્યાખ્યાનમાળાનો કાર્યક્રમ નીચે મુજબ હતો.

દિવસ	વક્તા	વિષય
તા. ૮ શુક્ર	શ્રી. ઇન્દુમતીબહેન મહેતા	વ્યવહાર અને ધર્મ
	પંડિત શ્રી સુખલાલજી	ભગવાન મહાવીરનો સંદેશ
તા. ૯ શનિ	શ્રી. ભોગીલાલ સાંડેસરા	વલ્લભીનું વિદ્યાપીઠ
	શ્રી. રામનારાયણ વિ. પાઠક	નીતિ અને સમાજ
તા. ૧૦ રવિ	પ્રોફેસર એસ. આર. ભટ્ટ	આચાર અને વિચાર
	આચાર્ય શ્રી એસ. વી. દેસાઇ	નીતિ અને આદર્શ
તા. ૧૧ સોમ	આચાર્ય શ્રી રતિલાલ મો. ત્રિવેદી	કલાદ્વારા લોકશિક્ષણ
	શ્રી. ઉમાશંકર જોશી	સાહિત્યનો આનંદ
તા. ૧૨ મંગળ	શ્રી. ભાઇલાલ શાહ	ભજનો
	શ્રી. મધુસૂદન મોદી	અપરિગ્રહ
તા. ૧૩ બુધ	શ્રી. કેશવરામ કા. શાસ્ત્રી	અસહિષ્ણુતા
	શ્રી. ચૈતન્યપ્રસાદ મો. દીવાનજી	પુરુષાર્થ
તા. ૧૪ ગુરૂ	શ્રી. ધીરજલાલ ધ. શાહ	નાગરિક ધર્મ
	પ્રોફેસર એસ. આર. ભટ્ટ	નિર્ભયતા
તા. ૧૫ શુક્ર	શ્રી. ચંદ્રશંકર શુકલ	પ્રજાધર્મ
	શ્રી. ઇન્દુમતીબહેન મહેતા	જીવનસંવાદ

વ્યાખ્યાનમાળામાં દરરોજ પંડિતશ્રી સુખલાલજી હાજરી આપતા હતા, અને કોઇક સમયે ઉપસંહાર પણ કરતા હતા.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજી. નં. બી. ૪૨૬૬

પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ : ૧૨
અંક : ૧૧

મુંબઈ : ૧ ઓક્ટોમ્બર ૧૯૫૦ રવિવાર

વાર્ષિક લવાજમ રૂપિયા ૪

ગુરુ સંપ્રદાય

[શ્રી. કિશોરલાલ ઘ. મશરૂવાળાના મૂળ હિંદી લેખનો સપ્ટેંબર માસના 'અખંડ આનંદ'માં અનુવાદ પ્રગટ થયો છે જે અહીં સાભાર ઉધ્ધૃત કરવામાં આવે છે.

—તંત્રી.]

શ્રી રમણ મહર્ષિના નિર્વાણ પર નોંધ લખતા મેં 'હરિજન-બંધુ'માં લખ્યું હતું કે,

"તેમના કેટલાક શિષ્યો તેમની ઈશ્વરના અવતાર તરીકે પૂજા કરે છે અને તેમને નામે એકાદ સંપ્રદાય તેઓ સ્થાપે એવો ભય પણ છે. હિંદુ સાંપ્રદાયિક પ્રણાલિકાની આ એક ન ઇચ્છવા જેવી પરંપરા છે...ગાંધીજી પોતાના જીવનના અંત સુધી, પોતાને આવો ઈશ્વરનો અવતાર માનવામાં આવે એનો વિરોધ કરતા રહ્યા હતા...

"શ્રી રમણ મહર્ષિ હવે અનંત તત્વમાં ભળી ગયા છે, ત્યારે હું આશા રાખું છું કે તેમના શિષ્યો તેમને ઈશ્વરના અવતાર તરીકે સ્થાપવામાં પોતાની શક્તિઓ ખર્ચવાને બદલે તેમના ઉપદેશોનો અભ્યાસ કરશે અને જે પદ તેમણે મેળવ્યું તે પ્રાપ્ત કરવા પ્રયત્ન કરશે. આપણે યાદ રાખીએ કે જ્ઞાનીને ઈશ્વરના અવતાર તરીકે પૂજવો એ જ્ઞાનનો માર્ગ બંધ કરી નાંખવાની ક્રિયા છે."

(હ. બં તા. ૨૩-૪-૫૦)

'હરિજન'ની અંગ્રેજી આવૃત્તિમાં છેવટના બે વાક્યોની જગ્યાએ થોડામાં લખ્યું હતું કે, 'To defy a jnani is to defy jnana.' અર્થાત જ્ઞાનીને હરિ બનાવવો એ જ્ઞાનનું હરણ કરવા સમાન છે.

આ વાક્ય પર એક ગુરુભક્તે પોતાનો અસંતોષ બતાવ્યો છે અને મારી સાથે લાંબો પત્રવ્યવહાર કર્યો છે. અનેક શાસ્ત્રવચનો અને મોટા સંતોનાં વચનો, ઉદાહરણો આપી તેઓ જણાવે છે કે મારા વિચારો વેદાંતના સિધ્ધાન્તોથી વિરુધ્ધ અને આત્મતત્ત્વના સાધન માર્ગનું અજ્ઞાન પ્રગટ કરનારા છે. તેઓ માને છે કે આ વાક્ય ગાંધીજીને પણ ખટકત. ખાસ ગાંધીજીની પ્રાર્થનામાં પણ 'गुरुर्ब्रह्मा, गुरुर्विष्णु....શ્લોકનો હરરોજ પાઠ થાય છે.

આવા જ વિચારો અન્ય વાચકોના દિલમાંયે આવ્યા હોય એ સંભવ છે; કારણ કે એટલું તો સ્પષ્ટ છે કે મેં જે લખ્યું છે તે હિંદુ ધર્મની પરંપરાને અનુરૂપ નથી. 'ગુરુથી અધિક બીજી કોઇ શક્તિ નથી,' 'ગુરુ જ અંતિમ દૈવત છે;' 'દેવ, અવતાર વગેરે બધા ગુરુ પાસે નાના છે,' ગુરુ સિવાય અમારે (શિષ્યો) માટે બીજે કોઇ આશરો નથી, ધ્યેય નથી, ગતિ નથી,' 'જે ગુરુ છે તે જ ભગવાન છે, ને જે ભગવાન છે તે જ ગુરુ છે,' 'ગુરુ અને ભગવાન વચ્ચે જે ભેદ કરે છે તે અજ્ઞાની છે, મૂર્ખ છે, 'લોકો ભગવાન ભગવાન કરે છે, પણ જ્યાંસુધી ગુરુને ન ઓળખો ત્યાંસુધી ભગવાનને ઓળખી શકાય નહિ, માટે ગુરુનો જ આશ્રય સ્વીકારો,' 'ગુરુ ગોવિંદ દોનો ખડે, કાકે લાગું પાંય; બલિહારી ગુરુ આપકી, જિન ગોવિંદ દિયા બતાય.' ઇત્યાદિ સેંકડો વચનો સંસ્કૃત અને પ્રાંતિય ભાષાઓના ધાર્મિક સાહિત્યમાં મળી શકશે. તેમાંથી કેટલાક સંતો ખરેખર તત્ત્વદર્શી હતા એમ માની શકાય. જ્ઞાનદેવ, એકનાથ વગેરેએ પોતાના મહાન ગ્રંથોમાં ગુરુને જ વંદના વગેરે કર્યા છે.

હું પોતે પણ આ જ પરંપરામાં ઊછર્યો છું અને આ જ માર્ગે ગયો છું, સ્વામીનારાયણ સંપ્રદાય, જેમાં મારો જન્મ થયો અને જેનો લગભગ ૩૦ વર્ષ શ્રધ્ધાપૂર્વક અનુયાયી રહ્યો, તે એક ગુરુસંપ્રદાય જ છે. આમ તો આ સંપ્રદાયના ઉપાસ્યદેવ શ્રીકૃષ્ણને બતાવ્યા છે, અને તેમનાં મંદિરોમાં લક્ષ્મીનારાયણ, નરનારાયણ, રાધાકૃષ્ણ વગેરેની મૂર્તિઓ હોય છે. તેની સાથે સ્વામીનારાયણની પણ હોય છે. પણ વ્યવહારમાં ધર્મગ્રંથોમાં, બતાવેલા ઉપાસ્ય દેવની કિંમત ભક્તોના દિલોમાં બહુ જ ગૌણ હોય છે. તેમની બધી શ્રધ્ધા, ભક્તિ અને પોતાના ઘરની પૂજામાં બીજા અવતારોના અવતાર ક્ષરઅક્ષરથી પર, અક્ષરધામનિવાસી, પ્રકટ પુરુષોત્તમ શ્રી સહજાનંદ સ્વામી' (સ્વામીનારાયણનું દીક્ષાનું નામ)ને જ પરમ દેવ માને છે. સ્વામીનારાયણ સંપ્રદાયમાં જ આવું છે એમ નથી. આ રીતના ઓછામાં ઓછા પચીસ સામાન્ય મોટા અને બસો કે એથી વધારે નાના નાના સંપ્રદાયો હશે. જ્યારે સ્વામીનારાયણ સંપ્રદાયમાંથી મને પૂરેપૂરું સમાધાન ન મળ્યું ત્યારે હું પૂજ્ય નાથજીના સંપર્કમાં આવ્યો. તેમણે મારો આગળનો રસ્તો ખુલ્લો કર્યો અને બુદ્ધિને સમાધાન કરાવ્યું. તેથી પછી હું તેમનીયે ઉપાસના મારી પરંપરાગત પદ્ધતિ પ્રમાણે કરવા લાગ્યો, અને તેમનું જ ધ્યાન, ભજન, સ્મરણ કરવા લાગ્યો. આ એમણે સૂચવ્યું નહોતું, ઉત્તેજન પણ ન આપ્યું. પણ થોડી વખત એમને મારો આ વ્યવહાર સહન કરી લેવો પડ્યો. આ જ પણ મારી તેમના પ્રત્યે દૃઢ ગુરુભક્તિ છે જે. હું, ગુરુ અને બ્રહ્મ ત્રણે એક જ છે એમ સમજવું મારે માટે મુશ્કેલ નથી. તે છતાં જે મેં શ્રી રમણ મહર્ષિનું નિમિત્ત લઈ આ ઉદ્ગારો કર્યો છે તો તે વિચારપૂર્વક જ કર્યો છે.

વેદાંત માર્ગમાં એક બે વિશેષતા આવી ગઇ કે જે કોઇના દિલમાં પોતે આત્મસ્વરૂપ સમજી ગયો છે એમ આત્મવિશ્વાસ પેદા થાય અને કોઇ જિજ્ઞાસુને તેમને માટે તેવો વિશ્વાસ બેસી જાય તો ત્યાં ગુરુ સંપ્રદાયની સ્થાપનાનો માર્ગ ખુલ્લો થઇ જાય છે. આવી શ્રધ્ધા કરી લેવા માટે લોકોમાં એટલી તત્પરતા જણાઇ આવે છે કે કયારેક તો કોઇ પવિત્ર સાધકને તેઓ પરાણે પણ ભગવાન બનાવી દે છે અને તેને રોકવા છતાં પણ તેની પૂજા-ઉપાસના શરૂ કરી દે છે. તેનો ફોટો ઘરમાં-પૂજામાં રાખે છે અને તેને ફૂલ, ચંદન વગેરે ચડાવે છે. આ પ્રમાણે આજે આપણા દેશમાં કેટલાય ભગવાન હયાત હશે. કોઇ દસ ભક્તોના માનેલા, કોઇ સોના, કોઇ હજારના તો કોઇ લાખો સુધીના પણ મનાતા હશે.

વેદાંતદૃષ્ટિને લઈને જેમ આ ગુરૂ-ભગવાનની ઉપાસના છે, તેમ જ પરાક્રમને લઈને અવતાર-ભગવાનની ઉપાસના પણ હિંદુ ધર્મની વિશેષતા છે. તેમાં અંશાવતાર, પૂર્ણાવતાર વગેરે ભેદથી માંડી નાના મોટા કેટલાક અવતાર છે.

આ પ્રમાણે અવતારદેવની અને ગુરૂ દેવની ઉપાસના બીજા કોઈ ધર્મમાં દેખાતી નથી. જો કોઈની એમ માન્યતા હોય કે વેદાંતતત્ત્વના વિચારો સુધી બીજા ધર્મની કોઈ વ્યક્તિ પહોંચી નથી તો તે ખોટું છે. ઇસ્લામ ધર્મમાં કેટલાક મોટા સૂફી અને સંત થઇ ગયા છે જે પૂરેપૂરા અદ્વૈત વેદાંતી હતા. ખ્રિસ્તી ધર્મમાં પણ પરમાત્મા ઇશુ અને જીવના ભેદાભેદના વિષયમાં એટલા જ સંપ્રદાયો થઈ ગયા છે, જેટલા વેદાંતમાં છે. પણ આ ધર્મોમાં એક એવો જાણે સંકેત થઇ ગયો છે, કે પૂર્વના શાસ્ત્રોના આધારે ઇશુને ભગવાનના પુત્ર માન્યા છે તથા મહમ્મદને ખુદાના પેગમ્બર. તે જે થયા તે થયા, તે પર શંકા ઉઠાવવી નહિ; પણ ભવિષ્યને માટે આ ધર્મોમાં થનાર બીજી કોઇ વ્યક્તિને ઇશ્વરપુત્ર કે પેગમ્બરની ગાદી પર બેસવા દેવામાં નહિ આવે. તે ગાદી ન તો ખાલી થઇ શકે કે ન તો તેની સંખ્યા વધારી શકાય.

જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મ અનીશ્વરવાદી છે એટલે કે અદ્વૈત બ્રહ્મવાદી નથી, છતાં તે જીવેશ્વરવાદી તો છે. તે માને છે કે જીવ પોતાની પૂર્ણતા કરતો કરતો સ્વતંત્ર મુક્ત ઇશ્વર થઇ શકે છે. તેને જૈનોમાં તીર્થંકર કહે છે, બૌદ્ધોમાં બુદ્ધ તત્ત્વતઃ દરેક જીવ તીર્થંકર કે બુદ્ધ થઇ શકે છે, અને તેમનામાં પણ કેટલાયે સંતોએ જ્ઞાન પ્રાપ્ત કર્યાનું માને છે. જો કે એ બન્ને ધર્મોમાં જુદા જુદા સંપ્રદાયપ્રવર્તક કંઇક જ્ઞાની થઇ ગયા છે; છતાં પણ જૈનોમાં કલિયુગ (અથવા તેમની પરિભાષામાં પાંચમાં આરા)માં આત્મજ્ઞાન થવા છતાં કોઇ તીર્થંકર કે કેવલીની પદવીને યોગ્ય થઇ શકે નહિ. બૌધ્ધોમાંયે સિધ્ધાર્થની પછી કોઇને બુધ્ધ નથી માન્યા. ચીન, જાપાન વગેરે બૌધ્ધ દેશમાં પણ એ જ સ્થિતિ છે. તે પહેલાના બૌધ્ધો ઐતિહાસિક વ્યક્તિઓ હોવાનું દેખાતું નથી. મહાવીર અને સિધ્ધાર્થ પછી તીર્થંકર અને બુધ્ધનો દરવાજો જાણે એ લોકોએ સદાને માટે બંધ કરી દીધો છે. આ બધા ધર્મોમાં ઘણા એવા મોટા સંત, મહાત્મા અને જ્ઞાની લોકો થઇ ગયા છે, જેઓ હિંદમાં અને હિંદુધર્મમાં જન્મ્યા હોત તો તે પણ આપણા મોટા સંત મહાત્મા અને જ્ઞાનીની રીતે પૂજાત અને ભગવાનનો અવતાર ગણાત. પણ ત્યાં તેમને માટે આજ સુધી ઘણો આદર હોવા છતાં એવી પ્રવૃત્તિ ચાલુ થઇ નહિ.

પણ હિંદુધર્મમાં આ બાબતમાં સારા પ્રમાણમાં અવ્યવસ્થા થઇ છે અને મોટી સંખ્યામાં અવતારો અને ગુરૂરૂપ ભગવાન બનાવાય છે, અને તેમાં વિશેષતા તો એ છે, કે તેને શાસ્ત્રોનું તેમ જ મોટા જ્ઞાની અને સંતોનું સમર્થન છે. તેથી તે પર ચર્ચા કરવામાં પણ સાહસ થાય છે. આથી કેટલાક શ્રધ્ધાળુ સાધકોનો બુધ્ધિભેદ થવાનો અને તેમના દિલને આઘાત પહોંચે તેનો ડર લાગે છે, છતાં નમ્રતાથી પણ દૃઢતાપૂર્વક કહેવું પડે છે કે આમાં વેદાંતતત્ત્વજ્ઞાનનો જે આધાર લેવાય છે તેમાં વિચારદોષ છે. તેણે જ્ઞાનના રૂપમાં ભ્રમ વધાર્યો છે. ઇશાવાસ્યનો પેલો મંત્ર—

અંધં તમઃ પ્રવિશન્તિ, યે અવિદ્યામુપાસતે।
ततो भूयः इव ते तमो, ये तु विद्यायां रताः॥

'જે અજ્ઞાનની ઉપાસના કરે છે તે ઘોર અંધારામાં જાય છે, પણ જે જ્ઞાનમાં જ મગ્ન છે તે તેથી પણ વધારે ભયંકર અંધારામાં છે.' એ હું અહીં લાગુ પાડીશ. સૃષ્ટિના કોઇ નિશ્ચિત નામ રૂપે ઓળખાનારની બ્રહ્મના રૂપમાં ઉપાસના કરવાની પ્રવૃત્તિને તત્ત્વજ્ઞાનનો આધાર લઇ પાકી કરી નાખવી એ જ્ઞાન મારફત ભ્રમ ફેલાવવા જેવું મને લાગે છે.

'जीवो ब्रह्मैव केवलम्' આ કથન સાચું છે તો તે દરેકને માટે સાચું જ છે. જેને તે સત્યનું જ્ઞાન થયું તેને માટે જ તે સત્ય છે એમ નથી, પણ જ્ઞાની કે અજ્ઞાની કહેવાતાં બન્ને બ્રહ્મ જ છે પણ કોઇ પણ મનુષ્ય અજ્ઞાની મનાતી વ્યક્તિની ઇશ્વરના રૂપમાં ઉપાસના નથી કરતો. જે ભકત પુરૂષ છે, તે તેને ભગવાનનું સ્વરૂપ સમજી વંદન કરે છે, આદર કરે છે પણ તેને ઉપાસ્ય કે ધ્યેય નથી બનાવતો. આ પ્રમાણે વંદનીય અને આદરણીય તથા ઉપાસ્ય અને ધ્યેયનો ભેદ કરવામાં આવે છે તે જ પ્રમાણે બ્રહ્મનિષ્ઠ મહાત્મા (સદ્‌ગુરૂ) અને પરાક્રમી પુરૂષ (અવતાર) અને બ્રહ્મની વચ્ચેનો ભેદ પણ સમજવો જોઇએ.

હિંદુધર્મમાં આ વિવેક નથી રહ્યો તેનાં બે કારણ છે. સગુણ ઉપાસના તો બધા ધર્મમાં છે, અનીશ્વરવાદી ધર્મોમાં પણ છે. સાકારનું આલંબન પણ છે. પણ ગુણ અને આકારથી પર ઇશ્વર સ્વરૂપ માટે સગુણથી ઊલટા એવા નિર્ગુણ શબ્દનો તેમાં ઉપયોગ નથી થતો. મારા મત પ્રમાણે આ શબ્દ આપણા તત્ત્વજ્ઞાનમાં ઉપયોગમાં આવવાથી તેને લઈ કેટલોક ભ્રમ પેદા થઇ ગયો છે. બ્રહ્મને અકર્તા, નિર્ગુણ, નિરાકાર વગેરે શબ્દોથી ઓળખાવવા કરતાં જો આપણે તેને સર્વગુણાશ્રય, સર્વરૂપાશ્રય, સર્વ ક્રિયાશ્રય અથવા સર્વ ગુણ-ક્રિયા-રૂપ કહેત તો ઠીક થાત, કારણકે બ્રહ્મતો અનંત શક્તિઓ અને સૃષ્ટિગત સર્વ નામ-રૂપોનો આશ્રય છે, જીવ-અજીવ-રૂપ તેના બધા આવિષ્કારો મળીને પણ તેની શક્તિનો હિસાબ નહિ નીકળી શકે. તે ફકત અનંત શક્તિ અને નામ રૂપોનો સંગ્રહ જ નથી. કોણ જાણે હજુ એની કેટલી શક્તિ અને આવિષ્કારોનું ઘડતર નહિ, થયું હોય અને થયા છતાં આપણને તેની કલ્પના પણ ન હોય. આ દૃષ્ટિએ મહાનથી મહાન બ્રહ્મનિષ્ટ મહાત્મા પણ તેની માત્ર એક ઝલક છે. જો આ આપણે ધ્યાનમાં રાખત, તો આપણે ગીતાનાં વચન—

यद् यद् विभूतिमत्सर्वं, श्रीमदूर्जितमेव वा।
तत्तदेवावगच्छ त्वं, मम तेजोंऽशसंभवम्।
विष्टभ्याहमिदं कृत्स्नमेकांशेन स्थितो जगत्॥

ને વધારે સરળતાથી સમજી શકત અને એ ધ્યાનમાં આવી જાત કે ઇંદ્રિયો અથવા મનથી જેને સમજી શકાય છે એવું કોઇ પણ સગુણ કે સાકાર સત્વ સંપૂર્ણ રૂપથી ભગવાન તો છે છતાં તેમાં તેની નામ માત્રની શક્તિનો જ પરિચય થઇ શકે છે. આ દૃષ્ટિએ તે અંશ માત્ર જ છે, એટલે તેની ભગવાનના નામથી કે તેને બદલે ઉપાસના ભક્તિ કરવી યોગ્ય નથી.

ફકત માનવની પૂર્ણતાનો વિચાર કરીએ તોપણ કોઇ એક વ્યક્તિમાં માનવપૂર્ણતા સંપૂર્ણ રીતે પ્રગટ થઇ છે અને તેથી વધારે પૂર્ણતા કોઇની નથી થઇ, થવાની નથી કે થઇ શકશે નહિ તેમ કહી શકાય નહિ; છતાં જ્યારે સદ્‌ગુરૂને ઉપાસ્ય અને ધ્યેય દેવ માનીએ છીએ ત્યારે આ બધા ભાવોનું આરોપણ થાય છે અને કરવું પડે છે, ત્યારે જ તેમાં શ્રધ્ધા દૃઢ થાય છે. આ આરોપણ કલ્પના લંબાવીને કરવું પડે છે એટલે તે સ્વાભાવિક નથી હોતું. તેમાં આપણે એક ક્ષણે સદ્‌ગુરૂના દેહાતીત શુદ્ધ સ્વરૂપનો વિચાર કરીએ છીએ અને બીજી ક્ષણે તેમનું શરીર, રોજનું જીવન અને ચરિત્રનો. આ બધો બુધ્ધિનો અને ભાવનાઓનો વ્યાયામ એટલા માટે કરવો પડે છે કે વેદાંતના ગ્રન્થો, સંતો અને ગુરૂ શિષ્યો બધાએ આપણા પર એવો સંસ્કાર નાંખ્યો છે કે ગુરૂ અને ભગવાન વચ્ચે તથા સગુણ અને નિર્ગુણ વચ્ચે ભેદ નહિ કરવો જોઇએ, ગુરૂમાં ભગવન્નિષ્ઠા વગર ગુરૂભક્તિ નહિ, ગુરૂભક્તિ વિના ગુરૂકૃપા નહિ, ગુરૂકૃપા વગર જ્ઞાન નહિ, જ્ઞાન વિના મોક્ષ નહિ, અને મોક્ષ વગર જન્મ-મરણનો અંત

નહિ. આ બધા સંસ્કારોમાં કંઇક તથ્યાંશ છે, કંઇક વિચારોનો દોષ પણ છે. અનંત રૂપોમાં પ્રગટ થતા રહેવાનો જો બ્રહ્મનો સ્વભાવ જ હોય અને જો જીવ પણ બ્રહ્મ હોય, તો જન્મ મરણનો છેડો કેવી રીતે આવશે ? અને જો એ વિચાર સત્ય ન હોય અને એ માન્યતા જ બરાબર છે કે બ્રહ્મ સાક્ષી માત્ર, નિષ્ક્રિય અને નિર્ગુણ છે, તો ગુરુનો આધાર તે સત્યનો અનુભવ કરવા માટે છે. એટલે ગુરુકૃપાનો અર્થ અનુભવ કરવા માટે સાધનમાર્ગ પ્રાપ્ત કરવો અને તેમાં આવનારી મૂંઝવણો દૂર કરવી. આ માટે પોતાની લાયકાત પૂરવાર કરવાની જરૂર પડે છે. તે લાયકાત ગુરુ પ્રત્યે સ્નેહ, સેવા, શુશ્રૂષા, જિજ્ઞાસા, પરિપ્રશ્ન, નમ્રતા, બ્રહ્મચર્ય વગેરેથી પ્રગટ થાય છે. તેમાં ગુરુ પાસેથી ફક્ત કાન ફુંકાવી લેવાની વાત નથી. તેમના શરીરની કે ફોટાની પાદપૂજા કરવાની વાત પણ નથી. સેવા, શુશ્રૂષા અને સ્નેહમય ભક્તિ એક વસ્તુ છે; પાદ-પૂજનની ભક્તિ બીજી વસ્તુ છે. શ્રવણ, જિજ્ઞાસા, પરિપ્રશ્ન આજ્ઞાપાલન વગેરેરૂપી ઉપાસના એક વસ્તુ છે, અને તેમના મહિમાનાં ગુણગાન, ભજન, સંપ્રદાય-પ્રચારના રૂપમાં ઉપાસના બીજી વસ્તુ છે. આત્માની સાધનામાં પૂર્ણ કલ્પનાઓ અને ગ્રહોનો ત્યાગ હોય છે. ઉપાસનાની એક કલ્પના છોડી બીજીને એટલી જ પાકી બનાવી લેવાની વાત નથી હોતી. ગુરુ પ્રત્યે અત્યંત આદર અને સ્નેહથી એકજીવ થઈ તેમની સેવાચાકરી કરવી, તેમના કામોમાં મદદ કરવી, તેમના જીવનથી પોતાનું જીવન મેળવી લેવું આ ગુરુભક્તિ ઉત્તમ છે, જરૂરી છે, પોતાની ઉન્નતિ કરનારી છે. તેમનો ઉપદેશ સાંભળવો, મનન કરવું, નિદિધ્યાસ કરવો, પ્રશ્નો પૂછવા, શંકાનું નિવારણ કરવું, તેમના બતાવેલા સાધનમાર્ગનો પ્રયોગ કરવો-આ ગુરુ ઉપાસના અને તેની સમીપ પહોંચવું એ જરૂરી છે. તે રીતે જ જે પદ ગુરુએ મેળવ્યું છે તે મળી શકે છે. નહિ કે જૂના દેવ છોડી ગુરુને દેવ બનાવવા, સૂર્યને છોડી વિષ્ણુની મૂર્તિ લેવી, વિષ્ણુને છોડી નારાયણની, કે તેને છોડી રામની અથવા કૃષ્ણની, અથવા તેમને છોડી સંપ્રદાય કે તેમના નવા સ્થાપનારની, અથવા તો તેને પણ છોડી વર્તમાન ગુરુ કે પોતાના નવા ગુરુની મૂર્તિ અને ભક્તિ ચલાવવી અને તેમના સંપ્રદાયનો ફેલાવો કરવો. આથી ઉપાસકની આગળ પ્રગતિ નથી થતી, પણ ફક્ત સંપ્રદાયો અને સાંપ્રદાયિક રાગદ્વેષની જ વૃદ્ધિ થાય છે. તેમાંથી પછી કયો પૂર્ણાવતાર, કયો અંશાવતાર, કયા ગુરુ સાતમી ભૂમિકામાં અને કયા છઠ્ઠી તથા પાંચમી ભૂમિકામાં-વગેરે વાદો નિકળે છે. એટલું જ નહિ, પણ એક જ ગુરુના શિષ્યો તરફથી બે-ચાર સ્વતંત્ર સંપ્રદાય ચાલવા લાગે છે. આ પ્રવૃત્તિ હિંદુ ધર્મ અને ભારતની પ્રજાને નાના નાના ટોળામાં છિન્નભિન્ન કરનારી સાબિત થઈ છે. ધર્મ-ક્ષેત્રમાં જે પ્રવૃત્તિ થાય છે તે જ રાજકિય અને સામાજિક ક્ષેત્રમાં પણ થાય છે.

છિન્નભિન્નતાનું આ પરિણામ આવે છે માટે જ એ દોષ-રૂપ છે એમ નહિ, પણ તેમાં જ્ઞાનદૃષ્ટિનો મોટો ઉપયોગ છે તે દોષ છે. આ અવિવેક વધવાનું બીજું કારણ એ છે કે ભગવાન વાચક શબ્દોનો ઉપયોગ આપણે મનુષ્યોનાં નામ રાખવામાંયે કરીએ છીએ. ઈશ્વર, ભગવાન, રામ, કૃષ્ણ, નારાયણ, શંકર, શિવ, શંભુ વગેરે બ્રહ્માનાં જ નામ નથી, મનુષ્યોનાં નામ પણ છે, અવતારોના પણ હોઇ શકે છે. ખ્રિસ્તી ધર્મે એ વિવેક રાખ્યો છે, કે પોતાના મૂળ સ્થાપક (ઈશુ) ને નામે બીજા કોઇ મનુષ્યનું નામ નથી રાખતા. અને ઈસ્લામ તેમ જ ખ્રિસ્તિધર્મમાં ગૉડ, અલ્લા, ખુદા એ નામ તો કોઇને નહિ રાખવા દે. આથી નામસ્મરણ કે ધૂનમાં ઈશ્વરનું નામ છે કે મૂળ સ્થાપકનું, અથવા બીજી કોઇ વ્યક્તિનું તે સમજવામાં શંકા ઉત્પન્ન થતી નથી. જ્યારે આપણે રઘુપતિ, રાઘવ, રાજારામ, સીતારામ, કૃષ્ણ, મોહન, મુરારિ, રાધાકૃષ્ણ, સાંબ, સદાશિવ વગેરે નામ કહીએ છીએ તે સાથે લક્ષ્મણ, હનુમાન વગેરેને પણ જોડી દઇએ છીએ ત્યારે ખ્રિસ્તી, મુસ્લિમને જ નહિ, આર્યસમાજી, બ્રહ્મસમાજીને પણ તેમાં મૂરકેલી માલૂમ પડે છે ને આપણી ધૂનમાં ભાગ લેતાં અચકાય છે. પછી આપણે બેવડી સફાઇ કરવી પડે છે. એટલે આ લોકોના સમાધાન માટે કહેવું પડે છે કે આ જગ્યાએ રઘુપતિ, સીતારામ, રાધાકૃષ્ણ વગેરે શબ્દો સાથે ઐતિહાસિક કે પૌરાણિક વ્યક્તિઓનો સંબંધ જોડવાની જરૂર નથી, એમ માની લો કે આ શબ્દો અલ્લાહ અને ગૉડની સમાન છે. અને આ અવતારો અને દેવોના ઉપાસકોને કહે છેઃ 'તમારે સાશંક થવાની જરૂર નથી. અયોધ્યાપતિ, કૌશલ્યા-દશરથ-સુત રામચંદ્ર કે નંદ-યશોદા તથા વસુદેવ-દેવકીના પુત્ર કૃષ્ણની ઉપાસનાનો નિષેધ નથી.' ભક્ત લોકો 'નિવૃત્તિ, જ્ઞાનદેવ, સોપાન, મુક્તાબાઇ, એકનાથ, નામદેવ, તુકારામ'ની ધૂન અને 'રઘુપતિ રાઘવ રાજારામની ધૂન' એક જ બુદ્ધિથી નથી બોલતા. પહેલી ધૂનમાં સાફ સમજાય છે કે એ સંતમૂળા છે, અને બીજી માટે તે સમજે છે કે એ ઈશ્વરનું સ્મરણ છે. વેદાન્ત જ્ઞાનીઓને બીજી ધૂનનું બ્રહ્મસમાજી, મુસલમાન વગેરે પાસે અને ભક્તો પાસે જુદી જુદી રીતે સમર્થન કરવાનો વ્યાયામ કરવો પડે છે, છતાં તેનું સમાધાન તો નથી થતું અને તેમાં ભાગ લેતાં તે સંકોચ કરે છે જ.

મારો ખ્યાલ એવો છે કે પ્રાચીન વેદના સમયમાં ગુણાતીત ભાવમાં ૐ અને સાક્ષાત સગુણભાવમાં સૂર્યની ઉપાસના રહી હશે. ઋષિઓના એક મંડળે ૐ માંથી બ્રહ્મા, શિવ, ગણપતિ વગેરેમાં અને બીજા મંડળે સૂર્યમાંથી ઇન્દ્ર, વિષ્ણુ, વામન, વિરાટ પુરુષ વગેરેમાં રૂપાન્તર કર્યું, અને પછી તેમનાં રૂપ, ગુણ, ચરિત્રની કથાઓ બનાવી. તે સાથે જ રાજાઓનું પણ ઇન્દ્ર, વિરાટ, વિષ્ણુ વગેરે નામથી સંબોધન કર્યું. આથી પ્રતાપી પુરુષોની શિવ અથવા વિષ્ણુની અવતારના રૂપમાં પૂજા શરૂ થઇ. ત્યાર પછી 'તત્ત્વમસિ' વગેરે મહાવાક્યોથી સૂચિત આત્મજ્ઞાનની શોધ થઇ, તેમાં ઉપાસક (જીવ), ઉપાસ્ય (ઇષ્ટદેવ) અને બ્રહ્મ (બન્નેથી અતીત ભાવનું વિશેષ જ્ઞાન) ની એકરૂપતાની ખબર પડી ને ત્યારથી ગુરુની ઉપાસના પણ દાખલ થઇ ગઇ, અને પછી કલ્પનાઓ પર કલ્પનાઓ વધતી જ ગઇ. મરણોત્તર ગતિને વિષે પણ સ્વર્ગ, ગોલોક, વૈકુંઠ, કૈલાસ, બ્રહ્મધામ, અક્ષરધામ, નિર્વાણ તથા ત્યાંનું સ્વરૂપ અને ભોગ, તેમજ સ્થૂલાર્થ, સૂક્ષ્માર્થ વગેરેની ભરતી આવી. આજે તો એવી સ્થિતિ પેદા થઇ ગઇ છે, કે જે કોઇ વ્યક્તિ બે ચાર શિષ્યો બનાવી શકે અને 'તત્ત્વમસિ' તથા 'અહં બ્રહ્માસ્મિ' વગેરેનું વિવેચન કરી શકે તે સાક્ષાત્ પરબ્રહ્મ બની શકે છે.

આ પ્રવૃત્તિ બંધ થઇ જવી જોઇએ. તે માટે હું પોતે એક સદ્‌ગુરુભક્ત અને બાપુને રામ, કૃષ્ણ, બુદ્ધ, ઈશુ, મહંમદ વગેરે કોઇથી પણ ઊતરતા નથી માનતો, છતાં શ્રી રમણ મહર્ષિના વિષયમાં લખતાં મે આ વિષે ઇશારો કર્યો છે. આને માટે મેં 'સમૂળી ક્રાન્તિ'માં જે પ્રતિપાદન કર્યું છે તેનો થોડો પાઠ સુધારી નીચે ફરી રજૂ કરું છું :—

માનો પરમાત્મા એક કેવલ;
ન માનો દેવ-દેવતા-પ્રતિમા સકલ;
ભલે ઉંચા રહ્યા પર
ન માનો કોઇ અવતાર-ગુરુ-પેગંબર
ન કો સર્વજ્ઞ-અસ્ખલનશીલ.
સર્વે સદ્‌ગુરુ-બુધ્ધ-તીર્થંકર;
માનો જ્ઞાની-વિવેકદર્શી કેવલ.

કિશોરલાલ ઘ. મશરૂવાળા

વિશ્વશાન્તિ

[છેલ્લી પર્યુષણ વ્યાખ્યાનમાળાની તા. ૧૫-૯-૫૦ ના રોજ મળેલી વિરાટ સભામાં કાકાસાહેબ કાલેલકરે 'વિશ્વશાન્તિ' ઉપર આપેલ વ્યાખ્યાનની કુ. તારાબહેન શાહે કરી આપેલી સંક્ષિપ્ત નોંધ.]

શાંતિ માટે લોકો અનાદિકાળથી વિચાર કરતા આવ્યા છે. પણ એ વિચાર વિચાર જ રહ્યા છે. તેમાં સફળતા મળી નથી. મનુષ્યજાતિએ જીવનના અનેક ક્ષેત્રોમાં સુંદર પ્રગતિ કરી છે પણ શાંતિ મળી નથી. શાંતિ સ્થાપવા માટે બે જ માર્ગ રહે છે. એક તો એકબીજાનો સહકાર મેળવી બધા જ શાંતિ માટે પ્રયત્ન કરીએ અને બીજો ઉપાય લડીને અંદર અંદર કપાઈ મરીએ. જો દુનિયામાં માણસ જ ન રહે તો તો માણસો વચ્ચેના સંઘર્ષો પણ નહિ હોય અને બધે જ શાંતિનું સામ્રાજ્ય હશે.

શાંતિનો વિચાર માત્ર તત્ત્વજ્ઞો સાહિત્યકારો કે સમાજસેવકોએ જ કરવાનો છે એવું ન હોવું જોઈએ પણ દરેક દરેક જીવંત માનવીએ કરવો ઘટે. થોડા સમય પહેલાં જ આપણા દેશમાં એક શાંતિપરિષદ ભરાઈ હતી તેમાં જુદા જુદા દેશના પ્રતિનિધિઓ આવીને જાતજાતની વાતો કરી ગયા. પણ વાતો કરવાથી શું વળે ? બિલાડીના ગળામાં ઘંટ બાંધે કોણ ? માત્ર કલ્પનાઓ કે વાતો એ તો દીવાસ્વપ્ન જ રહે. એ જ પરિષદમાં પંડિત નહેરુને પ્રશ્ન પૂછવામાં આવતા તેમણે જણાવ્યું હતું કે, દુનિયામાં શાંતિ સ્થાપવા પોતે પ્રયત્નો કરી રહ્યા છે, પણ તેમણે પ્રતિનિધિઓને સામેથી પૂછ્યું હતું કે શાંતિ અને અહિંસાની વાતો કરનાર તમે બધા કહેશો કે અહિંસાનો અર્થ શું થાય ? કેટલીક વાર માત્ર વાતો કરનારમાં અહિંસા નથી હોતી ત્યારે રણને મોરચે જનારમાં અહિંસા હોય છે. આપણે બધા જ જો ઊંડી રીતે આપણા અંતરમાં ખોજ કરીએ તો માલૂમ પડશે કે આપણે આપણી જાતને શાંતિવાદી ગણાવીએ છીએ પણ વાસ્તવિક રીતે આપણે સંરક્ષણવાદી છીએ. આપણા બધાનું જ કે આપણી વસ્તુઓનું રક્ષણ થાય એ જ આપણે ઇચ્છતા હોઇએ છીએ. જ્યાંસુધી આ જ આપણી વૃત્તિ હોય ત્યાંસુધી શાંત કેવી રીતે સ્થપાય ?

કેટલાક સૂચવે છે કે આપણે કોઈ પણ દેશના નાગરિક ન ગણાતાં વિશ્વના નાગરિક બનવું જોઇએ. ઘણી વખત કોઈ પણ બે દેશના નાગરિક બનવામાં પણ જોખમ રહેલું છે. દા. ત. કોઈ માણસ ઇંગ્લંડ અને અમેરિકા બન્નેનો નાગરિક હોય અને જો બન્ને વચ્ચે યુદ્ધ જાગે તો એ કયા દેશને વફાદાર રહે ? એ માટે દરેક માણસ કાં તો એક દેશનો નાગરિક બને અથવા વિશ્વનાગરિક બને. વિશ્વનાગરિક બનતા એણે અહિંસક બનવું જ જોઇએ, અને અહિંસાની સાથે આવતી બીજી જવાબદારીઓ સ્વીકારવી જ જોઇએ. નાગરિકના કર્તવ્યો ન કરી શકે એ નાગરિક બનવાનો અધિકાર ભોગવી શકે નહિ.

આપણને સહુને રાજદ્વારી દૃષ્ટિએ જ વિચાર કરવાની ટેવ પડી છે. અને એની કસોટીએ ચડાવીને જ દરેક વસ્તુને સાચી યા ખોટી માનીએ છીએ. રાજદ્વારી દૃષ્ટિએ શાંતિ મેળવવા માટે પહેલાં League of Nations સ્થપાઇ. એનું વિસર્જન થતાં U. N. O. સ્થાપી. આ યુનો કહેવાય છે પંચ પણ ત્યાં ચાલે છે—કોરટબાજી. પણ જો યુદ્ધ ટાળવા કોરટબાજી સ્વીકારીએ તો સાચી શાંતિ મળે નહિ. આપણે શાંતિ અને ન્યાયને માટે પંચના નિર્ણયને જ સ્વીકારવો જોઇએ, પણ એ નિર્ણય જો પંચ તટસ્થ હોય તો જ સ્વીકારી શકાય. અત્યારે યુનોમાં તટસ્થ માણસો મળી શકયા નથી પણ આપણે તેથી હિંમત ન હારતાં તટસ્થ માણસો મેળવી તેમને યુનોમાં મોકલવા પ્રયત્નો કરવા જોઇએ.

सर्वे जनाः सुखिनः भवन्तु । એ પ્રાર્થનાનું રટણ માત્ર કરીએ તો ચાલે નહિ. પ્રાર્થના પાછળ આત્મસમર્પણ કરવું જોઇએ અને પ્રાર્થના કરનારનું હૃદય વિશ્વસમું વિશાળ બનવું જોઇએ. આવી પ્રાર્થના મહાત્માજી કરતા હતા. પણ જગતમાં શાંતિ આવી નથી તેથી મહાત્માજી અશકત હતા એમ માનવું ન જોઇએ. કારણ ખાડો મોટો હોય તો વધુ માટી પૂરવી જોઇએ. એ જ રીતે આખા વિશ્વની શાંતિ માટે મહાત્માજી એકલાનું બલિદાન પૂરું ન પડયું. તેમના જેવા અનેકનાં બલિદાનની જરૂર છે.

આપણે રાજદ્વારી ઉપાયો શોધીએ છીએ, પણ અમલમાં મૂકી શકતા નથી. કારણ લોકોની સામાન્ય વૃત્તિ જે ચાલે છે તે ચાલવા દેવાની છે. તેમાં ફેરફાર કરવાનું તેમને ફાવતું નથી એટલે ઉપાયો અમલમાં મૂકવા મુશ્કેલ છે. ટૂંકામાં કહીએ તો જીવનપરિવર્તન કરવું જોઇએ. કાં તો પોતે કરવું જોઇએ, અને પોતે ન કરે તો બીજાએ કરાવવું જોઇએ. રાજીખુશીથી ન કરે અને વાર્યો માને નહિ તો હાર્યો માને, એ રીત સામ્યવાદની છે. બીજી રીત છે મહાત્માજીની, કે દરેક જણે પોતાની મેળે જ જીવનપરિવર્તન કરવું. આ વાદને બીજું નામ સર્વોદયવાદ પણ આપી શકીએ. જેમાં બહુજનહિતાય કે બહુજન સુખાય નહિ પણ આજની ભાષામાં સર્વજનહિતાય—કે સર્વજનસુખાયની પ્રવૃત્તિ અપનાવવાથી ધર્મની સ્થાપના બહુ સહેલાઇથી થઇ શકે. પરિવર્તન માત્ર વિચારમાં જ નહિ પણ સંસ્થાઓમાં, ધર્મમાં અને રાજ્યમાં કરવાની જરૂર છે. મોટાં રાજ્યો કરતાં નાનાં રાજ્યો આવું પરિવર્તન ઝડપથી કરી શકે એમ લાગે છે.

કેટલાક લોકો One Worldની હિમાયત કરે છે. એ કલ્પના પણ ખોટી નથી. જેમ હિંદુસ્તાનમાં થયું તેમ બધાં રાજ્યો સ્વત્વ છોડી એક થઇ જાય. છતાં પણ એક રાજ્યમાં જેમ ભિન્ન ભિન્ન પક્ષો લડે છે તેમ યુદ્ધ તો ચાલુ જ રહે, અને વિશ્વમાં શાંતિ સ્થપાય નહિ. એક બીજી કલ્પના કરીએ. જેમ ધર્મનો વિચાર કર્યા વિના આપણે Secular Democracy સ્થાપીએ છીએ તે જ રીતે રાજદ્વારી વિચાર છોડી દઈને Non-political democracyની સ્થાપના કરીએ. કેટલાકનું માનવું છે કે નાનાં નાનાં રાજ્યો એક કરીએ પણ તેમ કરતાં મોટાં રાજ્યો નાનાંને ગળી જાય અથવા બાલ્કન જેવી દશા થાય. બીજી રીતે જેમ સામ્યવાદીઓ પોતાનો પ્રચાર કરે છે તેમ દરેકને રશિયાની બીક નથી લાગતી, પણ પોતાના દેશમાં જ સામ્યવાદ ઉત્પન્ન થવાની બીક લાગે છે. પણ સારો રસ્તો એ છે કે આપણે રાજસત્તાનો વિચાર જ ન કરીએ અને બીજામાં પણ આ વલણનો પ્રચાર કરીએ તો શાંતિ ઝટ સ્થપાશે. દરેક દેશમાં જઇ મજુરોને કહો કે તમે કોઇ એક દેશના નથી. આખી દુનિયાના ગરીબોનું રાજ્ય સ્થાપો. એ રીતે શાંતિમાર્ગે જલદી પ્રયાણ કરી શકીશું આવા વિચારો ફેલાવવા પ્રાચીન ધર્માચાર્યોએ સારું કામ કર્યું હતું, પણ અત્યારે એમનો વારસો નકામો થઇ પડયો છે. ઉપરથી કોચલું સલામત પણ અંદરથી સત્ત્વ ગુમાવી બેઠેલા હાથમાં એ વારસો જઇ પડયો છે.

આપણે કોઇ પણ રાજ્ય પ્રત્યે નહિ પણ માનવતા પ્રત્યે વફાદાર એટલે કે વિશ્વના માનવ પ્રત્યે વફાદાર રહીએ. કોઇ પણ યુદ્ધમાં ભાગ નહિ લેવાની વૃત્તિ કેળવીએ. અન્યાયનો પ્રતિકાર કરીએ. પણ એ ધ્યાનમાં રાખવાનું છે કે અન્યાયનો પ્રતિકાર ન્યાય ના કરવો જોઇએ. અન્યાયથી જ સામનો કરીએ તો અન્યાય મટવાને બદલે ભેગો વધશે.

બીજી હકીકત આવશ્યકતા કરતાં વધારે વસ્તુ રાખવી નહિ. આમાં અપરિગ્રહની વાત નથી. પણ માણસને જેટલી જરૂર છે તેટલું જ રાખે અને જરૂર કેટલી હોઈ શકે એ વિજ્ઞાનની મદદથી નક્કી કરે. દા. ત. બે રોટી અને એક લંગોટીની જરૂર છે એમ કહેવામાં આવ્યું છે, પણ એટલાથી આપણે ચલાવી શકીએ નહિ. શરીરની ઉષ્ણતા ટકાવવા માટે જરૂરી કપડાં તો પહેરવાં જ જોઈએ. ઓછાં કપડાં પહેરવાથી શરીરની ઉષ્ણતા જળવાતી નથી અને એ ટકાવવા માટે ઊલટી વધારે ખોરાકની જરૂર પડે છે તેથી આવશ્યક કપડાં તો પહેરવાં જ જોઈએ. એ જ રીતે વૈદો-ડોકટરોની મદદથી નક્કી કરી આવશ્યક ખોરાક પણ લેવો જોઈએ. મજુરોને તેમના કામ પ્રમાણે વધારે ખોરાક મળવો જોઈએ. તેવી જ રીતે બીજી ભૌતિક આવશ્યકતાઓમાં જેટલું વધારે હોય તે છોડી દઈએ. જગતના વિજ્ઞાનશાસ્ત્રીઓ, સમાજશાસ્ત્રીઓ, તત્ત્વજ્ઞોએ સાથે મળી સમસ્ત માનવજાત માટે જીવનક્રમ નક્કી કરવો જોઈએ. એ ક્રમ શરૂઆતમાં જ દુનિયાને લાગુ ન પાડતાં નાના નાના દેશો કે નાના વર્ગો અથવા દસ દસ હજારની વસ્તીવાળા નાના ભાગોને લાગુ પાડવા જોઈએ અને એમાં જો સફળ નીવડીએ તો સમસ્ત વિશ્વને એ ક્રમ લાગુ પાડી શકીએ અને પ્રગતિ સાધી શકીએ.

આ બધા ઉપરાંત ધાર્મિકતાની દૃષ્ટિએ પણ વિચાર કરવો ઘટે. અભિમાન અને દ્વેષ તજ્યા વિના ગમે તેવા ઉપયો લેવામાં આવે તો એ શાંતિના માર્ગે દોરી જાય નહિ. માનવજીવન પરિવર્તન ન કરે અને એમ વિચારે કે જેમ ચાલતું આવ્યું છે તેમ ચાલશે તો એ ઊંધમાં છે. તેથી તો માનવજાતનો સર્વનાશ જ છે. રશિયાને અમેરિકા ઝઘડી લેશે પછી શાંતિ સ્થપાશે એ માન્યતા ભૂલભરેલી છે.

શહેરોનું મહત્ત્વ ઘટાડવું જોઈએ અને ગામડાંનું મહત્ત્વ વધારવું જોઈએ. તેનો અર્થ એ નથી કે બધા ગામડામાં જઈને વસીએ. એમ કરીએ તો તો ગામડાં પરનો બોજો વધી પડવાનો. પણ આદર્શ યોજના ઘડી ગામડાંઓ શુદ્ધ કરવા જોઈએ, અને લોકોની નાની નાની પંચાતો ગામડે ગામડે છે તેનો ઉકેલ કરવો જોઈએ.

આ વિચારો માત્ર લેખકો, સમાજશાસ્ત્રીઓ કે વર્તમાનપત્રના સંપાદકો કરે એમ ન હોવું જોઈએ. દરેક દરેક જીવંત માનવી કરે. શાંતિ બે પ્રકારની છે. એક માનવતાની અને બીજી સ્મશાનની. કયું જોઈએ છે તેનો નિર્ણય લોકો કરે, અને તે પ્રમાણે આગળ ચાલે.

પર્યુષણ વ્યાખ્યાનમાળા

મુંબઈ ખાતે ગયા પર્યુષણ દરમિયાન શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન બોર્ડીંગ તરફથી સંસ્થાના મકાનમાં એક વ્યાખ્યાનમાળા યોજવામાં આવી હતી. આ વ્યાખ્યાનમાળાનો કાર્યક્રમ નીચે મુજબ હતો.

વ્યાખ્યાતા	વિષય
શ્રી કેદારનાથજી	જીવનશુદ્ધિ
,, ગુરુદયાળ મલીક	મારો સાધકો સાથેનો અનુભવ
,, તારાચંદ લ. કોઠારી	જૈનોનું સંગઠન
,, પુરુષોત્તમ કાનજી	મહાત્માજીનું જીવન રહસ્ય
,, છગનલાલ યોગી	રમણ મહર્ષિનું જીવન અને ઉપદેશ
,, ડી. જી. વ્યાસ	કળા અને સાંસ્કારિતા
,, કાકાસાહેબ કાલેલકર	કાયદો અને ધર્મ

આ ઉપરાંત તા. ૧૦-૯-૫૦ ના રોજ માન્યવર શ્રી મોરારજી દેસાઈએ પ્રવચન કર્યું હતું અને બૌદ્ધ ભિક્ષુ ભદન્ત આનંદ કૌશલ્યાયન તથા શ્રી. જૈનેંદ્રકુમારના આગમનનો પણ લાભ લેવામાં આવ્યો હતો.

'મૌન'દ્વારા આપણો ફાળો

આઝાદી મળ્યા પછી, સ્વાતંત્ર્યપ્રાપ્તિ માટે રાષ્ટ્રે ઓછું સહન કર્યું હોય એમ, એક પછી એક આકરી કસોટીમાંથી જાણે કે પસાર થવાનું નિર્માણ થયું હોય એમ રાષ્ટ્ર પર આપત્તિ પર આપત્તિ આવ્યે જ જાય છે. એક બાજુ રાષ્ટ્રસેવકો, એ આપત્તિનું કમર કસીને નિવારણ કરી રહ્યા છે, તો બીજી બાજુ અકલ્પ્ય વિપત્તિઓ આવીને ખડી જ હોય છે. રાષ્ટ્રના વિભાજન પછી, વર્ષો સુધી મૂંઝવે તેવો નિર્વાસિતોનો પ્રશ્ન ઊભો થયો. એ પ્રશ્ન હજુ પૂરો હલ નથી થઈ શક્યો, ત્યાં અન્નની અછતે બીજી મૂંઝવણ ઊભી કરી. બંગાલ અને બિહારે ભૂખમરાના ઓળા પથરાતા નિહાળ્યા. એ મુશ્કેલીમાંથી રાહત મેળવીએ ત્યાં, આસામમાં પ્રકૃતિએ તાંડવ આદર્યું. દિવસો સુધી ધરતીકંપે ધરતીને ધ્રુજાવી; માનવી સહેલાઈથી ન નિવારી શકે એવો ઉલ્કાપાત મચાવ્યો. મકાનોનાં મકાન પૃથ્વીના પેટાળમાં અદૃશ્ય થઈ ગયાં; તો જળની જગાએ પૃથ્વી ઊપસી આવી, અને પૃથ્વીને સ્થળે સરોવરો સર્જાઈ ગયા. આમ જાણે કે અધૂરું હતું તેમ ગુજરાત પર અતિવૃષ્ટિએ તાંડવ આદર્યું, અને ઊભો પાક બે જ દિવસમાં પૂરો થઈ ગયો; અનેક મકાનો પડી ગયાં, અને ચોમાસુ પાકની આશા નિષ્ફળ ગઈ. સંયુક્ત પ્રાંત અને કાશ્મીરમાં પણ વરસાદે આનાખરાબી કરી; નદીઓમાં પૂર આવ્યાં અને ગરીબ માણસોની ઘરવખરી તણાઈ ગઈ; સેંકડો માણસો ઘરબાર વગરનાં થયાં. આ બધા પ્રસંગોની પરંપરા પર એક માત્ર વિચારણા કરીએ તો રાષ્ટ્રની જાણે કે આકરામાં આકરી કસોટી થઈ રહી હોય એમ દરકોઈને લાગે. સ્વાતંત્ર્ય પ્રાપ્તિ માટે જાણે કે આપણે ઓછું મુલ્ય ચૂક્વ્યું હોય, અને હજુ ભરપાઈ કરવાનું બાકી છે એમ લાગ્યા વિના ન રહે.

આવે પ્રસંગે-આવી આસમાની-સુલતાનીના સમયે પ્રજાનો વિશિષ્ટ ધર્મ થઈ પડે છે; જેનામાં જરા પણ માનવતા હોય તેની ફરજ થઈ પડે છે કે, આવી આપત્તિ જે રીતે ઠળવી થઈ શકે તેવા પ્રયત્નોમાં પૂરેપૂરો સહકાર આપવો.

પરંતુ દુઃખની વાત એ છે કે, આવા પ્રસંગોએ આવી આપત્તિઓને ઠળવી કરવામાં સહાયભૂત થવાને બદલે આપણે સરકારની અને આ કાર્યમાં સાથ આપતા કાર્યકર્તાઓની ટીકા કરવા મંડી પડીએ છીએ. જ્યારે રચનાત્મક સૂચનોની જરૂર હોય છે; સક્રિય સાથની આવશ્યકતા હોય છે ત્યારે, કાર્યકર્તાઓની કાર્યવહીની ટીકા કરવાનો કંઈ અર્થ નથી. આવે પ્રસંગે 'ભૂખમરાથી બિહારમાં મરણ' અથવા 'સરકારી ઢીલી નીતિને કારણે ગુજરાતની પ્રજાને નુકસાન' એવી કે એવા પ્રકારની કોઈ ટીકા કે નિવેદનથી કાંઈ અર્થ સરવાનો નથી, અને સરતો પણ નથી. આવી ટીકાઓ માટે બીજા પ્રસંગો શોધી લેવાની જરૂર છે, અને એવા પ્રસંગો કાંઈ ઓછા નથી જ! આવી આપત્તિ એ એક વ્યક્તિની આપત્તિ નથી—રાષ્ટ્રની આપત્તિ છે. એના નિવારણ માટે આપણાથી શક્ય એવાં રચનાત્મક કાર્યમાં આપણે લાગી જઈએ. એ જ રાષ્ટ્ર માટે અને આપણે માટે શોભારૂપદ છે. સંકટગ્રસ્ત સ્થળે જઈ ન શકીએ તો, આપણે જ્યાં હોઈએ ત્યાં રહ્યાં રહ્યાં શક્ય તેટલી તનથી, મનથી, અને એ ને બને તો શક્તિ હોય તે મુજબ ધનથી મદદ કરીએ; અને આવી પ્રકૃતિએ સર્જેલી વિપત્તિને ઠળવી બનાવવામાં યત્કિંચિત્ ફાળો આપીએ.

અને આટલું ય ન કરી શકીએ તો, સરકારને અને કાર્યકર્તાઓને પોતપોતાની રીતે કાર્ય કરવા દઈએ; અને આપણે આ બાબત મૌન સેવીએ. આ સ્વેચ્છાએ સ્વીકારેલું 'મૌન' એ પણ કાંઈ ઓછી સેવા નથી.

ધીરજલાલ ધનજીભાઈ શાહ

વિવેકાનંદનાં વચનામૃત : શ્રદ્ધા અને બળ

(૧)

તમે ઈશ્વરના બાળકો છો, અનંત સુખના ભાગીદાર છો, પવિત્ર અને પૂર્ણ આત્માઓ છો, પૃથ્વી પર વસનારા પવિત્ર મહાનુભાવો! તમે પાપી? કોઈ પણ મનુષ્યને એવું વિશેષણ લગાડવું એ જ પાપ છે. મનુષ્યસ્વભાવની એ મોટી બદનક્ષી છે. આવો ઓ નૃસિંહો, અને તમે બેટાં છો એ ભ્રમણાંથી મુક્ત થાઓ! તમે અમર, મુક્ત, સુખમય અનંત આત્માઓ છો. તમે જડ પદાર્થ નથી. તમે શરીર નથી. જડ પ્રકૃતિ તમારી સેવક છે, નહિ કે જડ પ્રકૃતિના તમે સેવક છો.

(૨)

જેને પોતામાં શ્રધ્ધા નથી તે જ ખરો નાસ્તિક છે. પુરાણા ધર્મો એમ કહેતા હતા કે જે ઈશ્વરમાં માનતો નથી તે નાસ્તિક છે. નૂતન ધર્મ એમ કહે છે કે જેને પોતાનામાં શ્રદ્ધા નથી તે જ ખરો નાસ્તિક છે.

(૩)

શ્રદ્ધા, શ્રદ્ધા, આપણી જાત પર શ્રદ્ધા, ઈશ્વરમાં શ્રદ્ધા—મહાન બનવાનો આ જ મંત્ર છે. તમને પુરાણોમાં વર્ણવેલા તેત્રીસ કરોડ દેવતાઓમાં શ્રદ્ધા હોય, અને પરદેશીઓ દ્વારા જે દેવોની તમારી વચ્ચે પ્રતિષ્ઠા થઈ હોય તેમાં પણ તમને શ્રદ્ધા હોય; અને એમ છતાં પણ તમને તમારી જાતમાં શ્રદ્ધા ન હોય તો તમારે માટે કોઈ મોક્ષ સંભવતો નથી. તમારી જાતમાં શ્રદ્ધા ધરાવો અને એ શ્રધ્ધા ઉપર ઉભા થાઓ અને બળવાન બનો!

(૪)

સફળતા પ્રાપ્ત કરવા માટે તમારામાં અમાપ ધીરજ હોવી જોઈએ, અમાપ ઇચ્છાશક્તિ હોવી જોઈએ. 'ધૈર્યશીલ આત્મા કહે છે કે, "હું સમુદ્રનું પાન કરીશ અને મારી ઇચ્છાશક્તિ વડે પર્વતોને પણ ડોલાયમાન કરીશ." આવી શક્તિ, આવું સુદૃઢ ઇચ્છાસામર્થ્ય પ્રાપ્ત કરો, તનતોડ મહેનત કરો અને તમારા ધ્યેયને તમે જરૂર પ્રાપ્ત કરશો.

(૫)

આ એક મહાન સત્ય છે. બળ એ જ જીવન છે, નિર્બળતા એ જ મૃત્યુ છે—બળ એ જ પરમ સુખ છે, અનંત અમરજીવન છે. નબળાઈ એ સતત ઘસારો અને વિપત્તિ છે. નબળાઈ એ મૃત્યુ છે.

(૬)

આ દુનિયાને પાંચસોસાતસો બહાદુર નરનારીઓની જરૂર છે. એવું શૌર્ય કેળવો કે જે સત્યને યથાસ્વરૂપે જાણી શકે. જે સત્યને જીવનમાં દાખવી શકે, જે મૃત્યુથી ભયભીત તો ન જ બને પણ મૃત્યુને આવકારે; અને જે માણસને ભાન કરાવી શકે કે તે આત્મા છે અને આખા વિશ્વમાં તેને કોઈ મારી શકે એમ નથી. ત્યારે જ તમે ખરા અર્થમાં મુક્તિને પ્રાપ્ત કરશો.

(૭)

કંઈ પણ કરવું એ સરસ વસ્તુ છે, પણ ચિંતન તેનું મૂળ છે. એથી તમારા મગજમાં ઊંચા વિચારો અને ઊંચા આદર્શોનો સંગ્રહ કરો; તે વિચારો અને આદર્શોને દિવસરાત તમારી સમીપ રાખો. અને એમાંથી જ મહાન કાર્ય પેદા થશે.

(૮)

દુનિયાની દુષ્ટતા અને તેના પાપોની વાતો ન કરો. તમારે એ દુષ્ટતા હજુ પણ જોવા સિવાય ચાલે તેમ નથી એ જાણીને દુઃખ પામો! તમારે સર્વત્ર પાપને જોવું પડે તેમ છે એ જાણીને આંસુ સારો! દુનિયાને મદદ કરવા તમે બંધાયેલા હો તો તેને ધિક્કારો નહિ, એને વધારે નિર્બળ બનાવો નહિ. કારણકે પાપ, દુઃખ અને આ બધી આપત્તિઓ નબળાઈ નહિ તો બીજું શાનું પરિણામ છે? આવા ઉપદેશોથી દુનિયાને દિન-પ્રતિદિન વધારે ને વધારે નબળી બનાવવામાં આવી છે.

(૯)

બાળપણથી જ તેમના મગજમાં સ્પષ્ટ સુદૃઢ અને પ્રાણપોષક વિચારને પ્રવેશ કરવા દો. તમારી જાતને આવા વિચારોમાં વહેતી મૂકી દો અને નબળાઈ અને પક્ષઘાતક વિચારોને દૂર ને દૂર રાખો!

(૧૦)

નિષ્ફળતાઓનો કદી વિચાર ન કરો. એ તો તદ્દન સ્વાભાવિક છે. આ નિષ્ફળતામાં જીવનનું સૌંદર્ય સમાયેલું છે. એ વિનાનું જીવન કેવું હોય વારૂ? જો અથડામણો અને વિઘ્નો ન હોય તો આખું જીવન અર્થશૂન્ય બની જશે. પછી જીવનનું કાવ્ય કયાં જોવા મળશે? જીવનકલહની અને પ્રાપ્ત થતી નિષ્ફળતાની પરવા ન કરો. કોઈ દિવસ મેં ગાયને જૂઠું બોલતા સાંભળી નથી, કારણકે તે કેવળ ગાય છે, માણસ નથી. તો પછી આ નિષ્ફળતાઓનો આ નજીવી આફતોનો કદી પણ વિચાર ન કરો. આદર્શને હમેશાં હરઘડી તમારી સામે રાખો અને એક વાર ફરીથી પ્રયત્ન કરો.

(૧૧)

વિશ્વની સર્વે શક્તિઓ આપણી જ છે. એ તો આપણે જ છીએ કે જે પોતાની આંખ આડા હાથ કરીને પોકાર કરીએ છીએ કે અહીં અંધારૂં છે. હાથ દૂર કરો અને પહેલા હતો તે જ પ્રકાશ દેખાશે. તિમિર કદી અસ્તિત્વમાં હતું જ નહિ. દુર્બળતા કદી અસ્તિત્વમાં હતી જ નહિ. આપણે મૂર્ખ બનીને ફરિયાદ કરીએ છીએ કે અમે દુર્બળ છીએ; આપણે જ મૂર્ખ છીએ કે એમ ફરિયાદ કરીએ છીએ કે અમે અપવિત્ર છીએ.

(૧૨)

દુર્બળતા દૂર કરવાનો ઉપાય દુર્બળતાનો જ વિચાર કર્યા કરવો એ નથી, પણ બળની કલ્પના સેવવી એ છે. માણસોને પોતાની અંદર વસેલ બળનું શિક્ષણ આપો.

(૧૩)

પોતાનામાં શ્રદ્ધા કેળવવાનું ધ્યેય આપણને ઘણું સહાયક થઈ પડે તેમ છે. જો આત્મશ્રદ્ધા ખૂબ વ્યાપક રીતે શીખવાય અને અમલમાં મૂકાય, તો મને ખાતરી છે કે આપણા દુષ્કર્મો અને દુઃખોમાંના ઘણાં દૂર થઈ જશે.

(૧૪)

આખા માનવતાના ઇતિહાસમાંના સૌ મહાન નરનારીઓના જીવનમાં જો કોઈ પ્રેરક—બળ સૌથી વધુ શક્તિશાળી નીવડયું હોય તો તે તેમની આત્મશ્રદ્ધા છે. તેઓ મહાન થવાને જ સર્જાયા છે એવી માન્યતા સાથે તેઓ જન્મ્યા હોય છે, અને તેઓ મહાન થયા છે.

(૧૫)

એક માનવીને અધોગતિની પરાકાષ્ટા પર પહોંચવા દો, પણ એક સમય એવો આવશે જ કે જ્યારે સખ્ત પવનમાંથી એ ઉપર વળાંક લેશે અને આત્મશ્રદ્ધા રાખતા શીખવશે. પણ આ પહેલેથી જ જાણી લેવામાં આપણું શ્રેય છે. આત્મશ્રદ્ધા કેળવવા માટે શા માટે આપણે આવા કટુ અનુભવોમાંથી પસાર થવું જોઈએ?

(૧૬)

આપણે જોઈ શકીએ છીએ કે માનવમાનવના ભેદભાવોનું કારણ પણ આ આત્મશ્રદ્ધાની હાજરી અને ગેરહાજરી જ છે. આત્મશ્રદ્ધા સર્વશક્તિમાન થશે—મારા જીવનમાં મેં આ અનુભવ્યું છે

અને હજી અનુભવું છું, અને જેમ જેમ હું મોટો થાઉં છું તેમ તેમ આ શ્રદ્ધા વધારે અને વધારે મજબૂત બનતી જાય છે.

(૧૭)

તમને ખ્યાલ છે કે તમારા બંધારણમાં કેટલી શક્તિઓ, કેટલા ભળોનો, કેટલા જુસ્સાનો અભાવ છે? વિશ્વને કોઈ માણસમાં રહેલું બધું પારખ્યું છે? માનવીને અહીં આવ્યાને કરોડો વર્ષો વીતી ગયા છે, અને છતાં પણ એની શક્તિઓમાંથી માત્ર અણુમાત્ર શક્તિ વ્યકત થઇ છે. તેથી તમારે કહેવું ન જોઇએ કે તમે દુબળા છો. સપાટી પરના પતન પાછળ કેટકેટલી શકયતાઓ રહી છે તે તમે કેમ જાણશો? તમારામાંનું તમે માત્ર થોડું જ જાણો છો. કારણ–કે તમારી પાછળ અનંત શક્તિ અને સુખનો સાગર છે.

(૧૮)

જો જડપદાર્થ શક્તિશાળી છે, તો વિચારશક્તિ સર્વશક્તિમાન છે. આ વિચારને તમારા જીવન સાથે સંલગ્ન કરી દો. તમારી સર્વસમર્થતા, તમારી ભવ્યતા અને તમારી કીર્તિના વિચારોમાં મગ્ન રહો. ઇશ્વરને પ્રાર્થના કરો કે તમારા મનમાં કોઇ ખોટો વહેમ ભરાઇ ન રહે. ઇશ્વર પાસે ઇચ્છા કરો કે આપણે આપણા જન્મથી આવી વહેમભરી અસરો અને આપણી દુબળતા અને હિંસાની હાનિકારક કલ્પનાઓથી કદા ઘેરાયેલા ન રહીએ!

(૧૯)

નાના સરખા જંતુથી માંડીને એક મનુષ્યની સ્થિતિ પર તમારી નજર નાખો. આ બધું કોણે કર્યું? તમારી જ ઇચ્છાશક્તિએ. તમે ના કહી શકશો કે એ સર્વશક્તિમાન છે? જે તમને આટલે ઊંચે લાવી શકી તે તમને હજી ઊંચે લાવી શકશે. તમને જરૂર છે. માત્ર ચારિત્ર્ય અને ઇચ્છાશક્તિને વધુ બળવાન બનાવવાની.

(૨૦)

ઉપનિષદ્માંથી જો તમને કોઇ પણ એક શબ્દ બોમ્બ જેમ આવતો દેખાશે, અને અજ્ઞાનના પડો પર સુરંગ માફક ફાટતો દેખાતો હશે, તો તે "નિર્ભયતા" હશે. વળી જો કોઇ ધર્મ પણ શીખવવા જેવો હોય તો તે નિર્ભયતાનો ધર્મ હશે. આ દુનિયા અથવા ધાર્મિક દુનિયામાં પણ એ જ અનુભવસિધ્ધ છે કે ભય જ માત્ર પતન અને દુષ્કર્મોનું કારણ છે. ભય જ દુઃખો ઉપજાવે છે ભય જ મૃત્યુ લાવે છે, ભય જ દુષ્ટતા લાવે છે.

(૨૧)

તમારી રગેરગ મજબૂત બનાવો–આપણને લોઢાના સ્નાયુ અને તાંબાની નસોની ઘણી જરૂર છે. આપણે ઘણો વખત રડ્યા કર્યું છે. હવે જરા પણ રૂદન નહિ જોઇએ. તમારા પગ પર ઊભા રહો અને માનવી બનો.

(૨૨)

સૌથી પહેલા આપણા જુવાનો મજબૂત જોઇએ જ. ધર્મ પછી આવશે. બળવાન બનો, મારા નૌજવાન મિત્રો! એ મારી તમને સલાહ છે, ગીતાના અભ્યાસ કરતાં ફુટબોલ (કસરત) તમને સ્વર્ગની વધુ પાસે લઇ જશે. આ જોરદાર (આકરા) શબ્દો છે, પણ મારે તમને કહેવા પડે છે, કારણકે મને તમારા પર સ્નેહ છે. ખામી કયાં છે તે મને ખબર છે. મેં થોડો અનુભવ કર્યો છે. તમે તમારા સ્નાયુઓને વધારે મજબૂત કરીને ગીતા સમજશો તો વધારે સારી સમજશો. તમારી રગોમાં જોરદાર લોહી વહેતું હશે તો તમે એ શક્તિશાળી પ્રજ્ઞાસંપન્ન કૃષ્ણનું બળવાન જોર વધુ સારી રીતે સમજી શકશો. ઉપનિષદ્ અને આત્માનો પ્રભાવ તમે વધારે સારી રીતે સમજી શકશો, જો તમારું શરીર તમારા પગ પર ટટ્ટાર ઊભું હશે અને તમે તમારામાં મર્દાનગી અનુભવતા હશો.

(૨૩)

માનવીઓ, માનવીઓ, આની જરૂર છે: બીજું બધું તૈયાર હશે, પણ મજબૂત (જોરાવર), શક્તિશાળી અને સમજુ જુવાનો કે જે પોતાના પગ પર ઊભા રહેવા તત્પર હોય, તેમની જરૂર છે. આવા સાએક હોય, અને દુનિયામાં પલટો જ આવેલો દેખાશે.

(૨૪)

ઇચ્છા બીજા બધા કરતા વધુ જોરાવર છે–ઇચ્છાશક્તિ પાસે બધું નમી જવું જોઇએ, કારણકે એ ઇશ્વર પાસેથી જ આવે છે; એક પવિત્ર અને સમર્થ ઇચ્છા સર્વશક્તિશાળી છે. તમે એમાં માનો છો?

અનુવાદક :–ગીતાબહેન કાપડિયા

સંઘની પ્રવૃત્તિઓને મળેલું આર્થિક સીંચન

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી ચાલતી વિવિધ પ્રવૃત્તિઓને પર્યુષણ દરમિયાન મળેલી આર્થિક મદદની યાદી નીચે આપવામાં આવી છે. આ રીતે મદદ આપનાર ભાઇ–બહેનોનો આભાર માનવામાં આવે છે. મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

શ્રી. મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય-પુસ્તકાલય તથા પ્રબુદ્ધ જૈનને સંયુકત ભેટ

૨૦૦ શ્રી. ચીમનલાલ પી. શાહ
૧૦૦ ,, ભોળાભાઇ જેશીંગભાઇ
૧૦૦ ,, દીપચંદ એન્ડ કું.
૧૦૦ શ્રી. જયંતિલાલ લલ્લુભાઇ પરીખ
૫૦ ,, રસિકલાલ મોહનલાલ ઝવેરી
૫૦ ,, કાંતિલાલ નથુભાઇ પારેખ
૫૦ ,, જસુમતિબહેન મનુભાઇ કાપડિયા
૫૦ ,, ભગનલાલ તલકસી શાહ
૫૦ ,, પી. એચ. કામદાર
૨૫ ,, કાંતાબહેન ઝવેરી
૨૫ ,, હરગોવિંદદાસ હરજીવનદાસ ભાભેરા
૨૫ ,, મનસુખલાલ રાઘવજી દોશી
૨૫ ,, મણીબહેન સવચંદ કાપડીઆ
૨૫ ,, નાથુરામ પ્રેમજી
૨૫ ,, ઇંદુમતીબહેન ચીમનલાલ
૨૫ ,, મણીબહેન શિવલાલ પાનાચંદ શાહ
૨૫ ,, શિવબહેન ગાંધી
૨૫ શ્રી વલ્લભદાસ પુલચંદ મહેતા
૨૫ ,, પાસુભાઇ ખીયસી કુરિયા
૨૫ ,, લીલાધર પુનમચંદ શાહ
૨૫ ,, નાનચંદભાઇ શામજી
૨૫ શ્રી. પ્રવીણચંદ્ર હેમચંદ અમરચંદ

૧૦૭૫

વ્યાખ્યાનમાળા

૧૦૦ શ્રી. ચંદુલાલ મોહનલાલ ઝવેરી.
૧૦૦ ,, હેમચંદભાઇ ચત્રભુજ શાહ
૫૧ ,, રમણલાલ લાલભાઇ શેઠ.
૫૧ ,, મોંઘીબહેન હીરાલાલ શાહ
૫૦ ,, કાંતિલાલ નથુભાઇ પારેખ.
૫૦ ,, પોપટલાલ ગીરધરલાલ શાહ
૨૫ ,, મફતલાલ ભીખાચંદ શાહ
૨૫ ,, રતીલાલ નરસીભાઇ
૨૫ ડૉ. અમીચંદ છગનલાલ શાહ (સુરત)
૨૫ શ્રી. પી. એચ. કામદાર
૨૫ ,, લીલાવતીબહેન ચુનિલાલ કામદાર
૧૧ ,, મેનાબહેન નરોત્તમદાસ શેઠ
૧૦ શ્રી પોપટલાલ મોહનલાલ
૭ ,, શિવલાલ મોહનલાલ
૫ ,, દીપચંદ કેશરીમલ
૫ ,, એક સદ્‌ગૃહસ્થ
૫ ,, ચંદુલાલ મણિલાલ
૩ ,, પ્રભુદાસ મહેતા
૨ ,, પ્રવિણ શામળદાસ ભૂતા
૨ ,, એન. એસ. સંઘવી

૫૬૭

સંઘને ભેટ

૨૭૧ થેલીમાં આવ્યા–બહેનોએ એકઠા કરેલા.
૫૦ શ્રીમતી સુરજબહેન સંઘવી
૨૫ શ્રી. ખેતસી માવસી
૨૫ શ્રી. રમણલાલ સી. શાહ
૧૧ શ્રી. ભોગીલાલ મણીલાલ
૧૦ એક સદ્‌ગૃહસ્થ
૫ શ્રી. જેઠાલાલ પાશવીર લાલન
૪ એક સદ્‌ગૃહસ્થ

૪૦૧

વ્યવહારવાદી પાટીલ વિરુદ્ધ નિશ્ચયવાદી પંડિતજી

[નાશિક કૉંગ્રેસ દરમિયાન મુંબઇની પ્રાન્તિક મહાસભા સમિતિના પ્રમુખ અને હિંદના મહામાત્ય પંડિત જવાહરલાલ નહેરુ વચ્ચે વિષયવિચારિણી સમિતિની બેઠક દરમિયાન કૉંગ્રેસની આજની પરિસ્થિતિ વિષે એક મોટી અથડામણ થઇ હતી. આ અથડામણમાં શ્રી. પાટિલે કૉંગ્રેસના બચાવ પક્ષે દલીલો કરી હતી; તો પંડિતશ્રી જવાહરલાલે, ' પોતે જેવા છે તેવા દેખાવાનો અને પોતાની ભૂલો સુધારવાનો ' ભારપૂર્વક અનુગ્રહ કર્યો હતો. આ અંગેનો અહેવાલ જન્મભૂમીમાં પ્રગટ થયો હતો; તેના પરથી શ્રી પરમાનંદભાઇએ, લખેલી એક નોંધ નીચે આપવામાં આવી છે.

—તંત્રી.]

"જેવું લાલચોળ ગુલાબનું ફૂલ એમના કોટના બટન હોલમાં ભરાવાયેલું હતું એવા જ લાલચોળ પંડિત નહેરુ પોતે આજ સાંજે ચાર વાગે વિષયવિચારણી સમિતિની બેઠકમાં થઇ ગયા હતા. એમણે સાંપ્રદાયિકતાનો વિરોધ કરતો ઠરાવ રજૂ કર્યો હતો ને તેનું સમર્થન કરતા હતા.

એમનો ઠરાવ રજૂ થયા પહેલાં શ્રી. પાટીલે બંધારણ અંગેના ઠરાવ પર બોલતાં જણાવ્યું હતું કે 'બધાય કૉંગ્રેસને ગાળો દે છે, કૉંગ્રેસ સડી ગઇ છે, કૉંગ્રેસમાં અનીતિ વધી ગઇ છે વગેરે વાતો માણસો હાલતાં ચલતાં કરે છે. હું કહું છું કે બીજી કોઇ પણ રાજકીય સંસ્થા કરતાં સરખામણીમાં કૉંગ્રેસ સવિશેષ નીતિમાન અને ચોખ્ખી છે અને માણસ સામે માણસની સરખામણી કરતાં પણ એક કૉંગ્રેસી બીજા કોઇ પણ માણસ કરતાં વધારે નીતિમાન અને પવિત્ર છે. તમે મહેરબાની કરીને કોઇ જેલર કેદી સાથે વર્તાવ કરે તેવો વર્તાવ કરવાનું છોડી દો અને ખરેખર જ તમારે ઠપકો આપવો હોય તોય બાપ દીકરાને દે તેવો ઠપકો આપો. તમે અમારા છો, માટે અમને વાતવાતમાં ગાળો દેવાનો તમારો અધિકાર વાપર્યા કરોમાં '

બસ. શ્રી પાટીલ આ શબ્દો બોલ્યા ત્યારથી પંડિતજીનો મિજાજ બગડવા માંડયો હોય એમ દેખાવા લાગ્યું, ને પંડિતજી એમની બેઠક પર બેહાબેહાંય સળવળ્યા કરતા દેખાવા લાગ્યા. પણ એ ઠરાવ ઉપર તો પાટીલ બોલ્યા પછી બોલવાની કોઇ જ તક ન હતી. એટલે એમને એમનો ઉશ્કેરાટ શમાવીને બેસી રહેવું પડયું. પણ પછી એમનોય વારો તો આવ્યો જ.

શ્રી. પાટીલનો ઠરાવ પસાર થઇ ગયો. પછી સાંપ્રદાયિકતા અંગેનો ઠરાવ રજુ કરવા પંડિતજી ઊભા થયા. બહુ જ સ્વસ્થતાથી ને મહાસમિતિના અદનામાં અદના સભ્યની અદાથી એમણે ટંડનજીને વિનંતિ કરી કે બધા સભ્યો પાસે ઠરાવની નકલો પહોંચી ગઇ હોવાથી ઠરાવ વાંચ્યા વગર જ રજૂ કરવાની એ રજા આપે. શ્રી. ટંડનજીએ રીતસર રજા આપી. ત્યાર પછી એમણે શરૂઆત કરી.

અને શરૂઆત ભેગો જ ધડાકો કર્યો. દિવસે દિવસે કૉંગ્રેસ ગાંધીજીના સિદ્ધાંતોથી વિમુખ થતી જાય છે એવી પ્રસ્તાવના કરીને પછી એમની ધગધગતી વાણી છૂટી.

એમણે કહ્યું કે, ' કૉંગ્રેસ ચોકખી છે ને કૉંગ્રેસ સિદ્ધાંતોથી ચલિત નથી થઇ એમ કહેનારા તદ્દન જૂઠા છે. મને એમ લાગે છે કે મારે એમની સામે અહીંઆ ને બહાર ગમે ત્યાં લડી લેવું પડશે. કૉંગ્રેસમાં માત્ર સડો પેઠો છે અને એ સડો વધતો જાય છે એટલું જ નહિ, પણ કૉંગ્રેસ આજે તો એટલી બધી અધોગતિ પામી ચૂકી છે કે મને કૉંગ્રેસમેન કહેવડાવતાં મારું માથું નીચું નમી જાય છે, મને ભયંકર શરમ આવે છે. કૉંગ્રેસમાં આજે સડો એટલી હદ સુધી પેસી ગયો છે કે, એનો જો સામનો કરવામાં નહિ આવે તો એ આપણને બધાને ખતમ કરી નાંખશે. આપણે આપણી ભૂલ કબુલ કરતાં શા માટે શરમાવું જોઇએ?

"બાપુએ આપણને શું શીખવ્યું છે? ૧૯૧૯ માં અમૃતસરમાં આપણે ભૂલ કરી તે બાપુએ અંગ્રેજોનું આટલું ભયંકર દમન હોવા છતાંય પડેલાં તો પોતાની ભૂલ માટે પશ્ચાત્તાપ જ જાહેર કર્યો. એ રીતે આપણે પણ આપણી ભૂલ શા માટે કબૂલ ન કરવી જોઇએ? આજે તમે કૉંગ્રેસમાં બરાબીનું નામ સાંભળીને ગરમ થાઓ છો એ જ બતાવે છે કે કૉંગ્રેસમાં બરાબી છે. કોઇ તમને કહે કે તમારામાં બરાબી નથી ત્યારે તમે તાળી પાડો છો એ પણ બતાવે છે કે તમને સ્તુતિપ્રશસ્તિ ગમે છે. પણ હકીકત શું છે? તમે તમને સર્ટીફીકેટ ન આપો! દુનિયાને જઇને પૂછો! લોકો તમારા માટે શું માને છે તે જાણવાનો જરા પ્રામાણિક પ્રયાસ કરો!"

ઉપરના અવતરણમાં શ્રી એસ. કે. પાટિલના ઉદ્‌ગારો વાંચીને જે કોઇ આપણા સર્વના અને કૉંગ્રેસવાદીઓનાં પણ અધોગમન—નથી સારી રીતે વાકેફગાર છે તેને સહજ પ્રશ્ન થશે કે પાટીલ મહાશય આ તે આત્મવંચના કરી રહ્યા છે કે પરવંચના? પણ જે કોઇ વ્યવહારનય અને નિશ્ચયનયનો ભેદ સમજતું હશે અને કોઇ પણ સંસ્થાના શ્રેય અશ્રેયના પ્રશ્નને આ નય લાગુ પાડશે તેમને માન્યવર પાટીલના કથનનો ભેદ સહજે સમજાશે. અને પંડિત જવાહરલાલના સત્યનિષ્ઠ આત્માના રોષનું રહસ્ય પણ સુગમ બનશે.

જાહેર સંસ્થાના શ્રેય-અશ્રેયને અતુલક્ષીને સૂચવાયલો આ વ્યવહારનય એટલે શું અને નિશ્ચયનય એટલે શું?

વ્યવહાર નય એટલે સ્થિતિ સંયોગો સંભાળીને જે સંસ્થાના આપણે સ્તંભરૂપ ગણાતા હોઇએ તેની પ્રતિષ્ઠાને જરા પણ નુકસાન ન પહોંચે, આપણા બોલ્યાનો આપણી પોતાની સંસ્થા સામે કોઇ દુરુપયોગ ન કરે, અંદરના સડાને અંદર અંદર સમજી સુધારી લેવો પણ બહારની દુનિયા સમક્ષ સડાનો સદન્તર ઇનકાર કરવો અને બીજા કરતાં અમે હજારગણા વધારે રૂપાળા છીએ એવી જાહેરાત કરતા રહેવું. નિશ્ચય નય એટલે આવા દંભને ધડીભર પણ સહન ન કરવો, જેવા હોઇએ તેવા દેખાવું અને કબૂલ કરવું, પોતાના દોષ ને ત્રુટિઓને બાપોકાર જાહેર કરવી અને સત્યને વળગીને બોલવું, ચાલવું તેમ જ વિચરવું.* ઉપર જણાવેલી વ્યવહાર દૃષ્ટિથી શ્રી એસ. કે. પાટીલ પ્રેરિત ન હોત તો જ્યારે કૉંગ્રેસની ચુંટણીને લગતા કેટલાયે ગોટાળા આજે જગજાહેર થયા છે અને કૉંગ્રેસના અધિકૃત સભ્ય—કવોલીફાઇડ મેંબર્સ—તરીકે કેટલાયે લોકોએ બોટાં નામ નોંધાવ્યાની હકીકત જાહેર આવી છે ત્યારે શ્રી. એસ. કે. પાટીલ કૉંગ્રેસની પવિત્રતા નીતિમત્તા અને સચ્ચાઇ વિષે આવાં બણગાં ન ફુંકત. જાહેર જીવનનું આ પણ એક નાટક જ છે.

* વ્યવહાર અને નિશ્ચયની આ શાસ્ત્રીય વ્યાખ્યા નથી, પણ સાધારણ રીતે બોલવા ચાલવામાં ' વ્યવહાર ' અને ' નિશ્ચય ' એ બે શબ્દોનો જે અર્થમાં ચાલુ ઉપયોગ કરવામાં આવે છે તે જ અર્થ સ્વીકારીને આ વિવેચન કરવામાં આવ્યું છે. પરમાનંદ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ખત્તજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન: સુર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજી. નં. બી. ૪૨૬૬

પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ : ૧૨
અંક : ૧૨

મુંબઈ : ૧૫ ઓક્ટોબર ૧૯૫૦ રવિવાર

વાર્ષિક લવાજમ રૂપિયા ૪

ગુજરાતનું એક મહત્ત્વનું અંગ : ડાંગ

પ્રાંતીયવાદનું વિષ ભારતવર્ષના જુદા જુદા પ્રાંતોમાં પ્રસરીને, કેટલી હદ સુધી ફેલાઈ ગયું છે, તેનું કમનસીબ ઉદાહરણ તાજેતરમાં જ મહારાષ્ટ્ર પ્રાંત પૂરું પાડે છે. બિહાર, બંગાળ, રાજસ્થાન, ગુજરાત, કર્ણાટક, મદ્રાસ વગેરે પ્રાંતોમાં આ વિષનાં રાજકણો હતાં અને છે; પરંતુ એ રજકણો કેટલું ઊગ્ર સ્વરૂપ લઈ શકે છે તેની પ્રતીતિ કરાવી આપી છે મહારાષ્ટ્રે. મહારાષ્ટ્ર, ગુજરાત અને કર્ણાટક મુંબઇ પ્રાંતના જ વિભાગો છે; પણ મહારાષ્ટ્રે રાષ્ટ્રે સ્વાતંત્ર્ય પ્રાપ્ત કર્યા પછી અલગ થવા માટે નિર્ધાર જ કર્યો હોય એવી જેહાદ જગવી છે. 'મુંબઇ અમારું; મુંબઇથી દહેણું સુધીની પટ્ટી અમારી; અને પછી એ વિસ્તાર વચ્ચે આવી જતો પ્રદેશ પણ અમારો,' આ પ્રકારના સૂત્રો મહારાષ્ટ્રમાં જાણે કે હમેશનાં થઈ પડ્યાં છે. અને પ્રાંતવાદના આ ઝેરને મુંબઇ સરકારના મોવડીઓએ જે રીતે ટેકો આપ્યો છે એ વિચારતાં કોઇ પણ રાષ્ટ્રપ્રેમીને દુઃખ થયા વગર ન રહે. ગાંધીજીએ કુટેવાદને દૂર કરવા અથાગ પરિશ્રમ સેવ્યો, અને એની સિદ્ધિ માટે પ્રયત્ન કરતાં જ શહીદ થયા; પરંતુ તેમના જ ચુસ્ત અનુયાયીઓમાં આ પ્રાંતીયવાદે ઘર કર્યું છે, અને ટૂંક સમયમાં જ કોમવાદ કરતાં પણ તે વધુ ઊગ્ર સ્વરૂપ ધારણ કરશે એવા ચિહ્નો અત્યારે દેખાઇ રહ્યાં છે. રાષ્ટ્રના મોટા ભાગના પ્રાંતોમાં આ ચિહ્નો નજરે ચઢે છે; બિહાર-બંગાળની સરહદ પાટેના વિવાદમાં બિહારના એક અગ્રગણ્ય નેતાએ પોતાના પ્રાંત માટેનું મમત્વ સ્પષ્ટ બતાવ્યું હતું એ જાણીતી હકીકત છે. આ સંયોગોમાં ગુજરાતની સરહદ પર આવેલ 'ડાંગ વિસ્તાર' માટે, મહારાષ્ટ્રે તેનો પોતાના પ્રદેશમાં સમાવેશ થાય એ માટે જે ઝેરી અને ગંદો પ્રચાર આદર્યો છે તે કયાં જઇ અટકશે તે કહેવું અત્યારે તો મુશ્કેલ છે. માત્ર એટલું જ કહી શકાય કે, રાષ્ટ્ર માટે આ એક નવી આપત્તિની નિશાની છે.

'ડાંગ વિસ્તાર' મહારાષ્ટ્રમાં ભેળવી દેવાય કે ગુજરાતમાં, અગર એ મધ્યસ્થ સરકારની હકુમત નીચે રહે એ એક અલગ પ્રશ્ન છે; પરંતુ એક પ્રાંત કહે કે, ડાંગ એ અમારી સંસ્કૃતિથી રંગાયેલો છે; ત્યાં અમારા પ્રાંતની જ ભાષાની અસર છે; ત્યાંના રીતરિવાજ અમારા પ્રાંતના રીતરિવાજને જ મળતા છે; અને આ દાવાને પ્રાંતીય સરકાર, વગરતપાસે અથવા કહો કે બે દિવસની ઊડતી મુલાકાતદ્વારા માન્ય કરી, એ વિસ્તારને મહારાષ્ટ્ર સાથે જોડી દે, તેમાં ઊંડે ઊંડે પક્ષીય રાજકારણ મહત્ત્વનો ભાગ ભજવી રહ્યું હોય એમ લાગે છે.

૨

ડાંગ પ્રદેશ વિષે ગુજરાતીઓ બહુ જ ઓછું જાણે છે, અથવા કહો કે જાણતા જ નથી. ડાંગ પ્રદેશ કયે સ્થળે છે તેનો પણ મોટા ભાગને ખ્યાલ નથી. આનું કારણ ગુજરાતને પોતાની બહાર પ્રવૃત્તિ સિવાય, અન્ય પ્રવૃત્તિ તરફ લક્ષ નથી એ છે. છતાં છેલ્લાં બે વર્ષમાં ડાંગના પ્રશ્ને ગુજરાતીઓનું ઠીક ઠીક ધ્યાન ખેચ્યું છે; અને શાંતિપ્રિય ગુજરાતીઓનાં દિલમાં, પ્રધાનપદે રહેલા એક ગુજરાતીના હાથે જ થયેલા અન્યાયથી દુઃખ થયું છે.

ડાંગ આજે ગુજરાતની સરહદ છે. બિલિમોરા સ્ટેશનથી નાની ગાડીદ્વારા આ પ્રદેશે જઈ શકાય છે 'રામાયણ'ના સમયમાં રામે પોતાનાં ચરણથી આ ભૂમિને પવિત્ર કરેલી : ત્યારે આ પ્રદેશ દંડકારણ્યને નામે ઓળખાતો. ડાંગ પ્રદેશ છે નાનો—માત્ર છસો—સાડ ચોરસ માઇલ વિસ્તારનો; પરંતુ સાંપત્તિક દૃષ્ટિએ તે ગુજરાતનું એક મહત્ત્વનું અંગ છે. 'ગુજરાતને જો લક્ષ્મી ગણીએ તો, ડાંગ એ લક્ષ્મીના પગનું ઝાંઝર છે' એ ઉક્તિમાં પૂરું સત્ય છે.

૧૯૪૧ ની વસતીગણતરી પ્રમાણે ડાંગ વિસ્તારની વસતી ૪૦૪૯૮ની છે; તેમાં ૧૪૧૩૪ ભીલ, ૯૯૨૨ કુનબી, ૬૪૪૨ કોંકણી અને ૫૭૦૬ વારલી છે. આખો પ્રદેશ જંગલનો પ્રદેશ છે; ટેકરીઓ અને ખીણોનો પ્રદેશ છે. ગુજરાતની કેટલીક નદીઓ આંહીથી જન્મી ગુજરાત તરફ વહે છે.

આટલા નાના ક્ષેત્રફળમાં હિંદની કુલ બે કરોડ ત્રીસ લાખની આદિવાસી પ્રજામાંની લગભગ ચાલીસ હજારની આ આદિવાસી પ્રજા કંઇ રીતે વસવાટ કરતી હશે? ડાંગ વિસ્તારમાં કુલ ૩૧૪ ગામ છે. આ ગામ પણ કેવાં? પાંચસોથી વધુ વસતીવાળું એક જ ગામ; ત્રણસોથી પાંચસોની વસતીવાળાં સોળ ગામ; તો એકથી સો સુધીની વસતીવાળાં એકસો ચાલીસ. ત્યાંના વતનીઓ કુમામાં રહે છે; અને મોટો ભાગ સ્થિર ટકીને વસતો નથી; વહેમ કે એવા બીજા કોઇ કારણે સ્થળાંતર કર્યા જ કરે છે.

આ લોકોનો મુખ્ય ખોરાક માછલી, જંગલનાં કંદમૂળ અને નાગલી અનાજ છે. કેટલેક સ્થળે, જ્યાં તેઓ સ્થિર થયા છે ત્યાં ડાંગરનો પાક થાય છે, પણ તે નજીવા પ્રમાણમાં.

આવા આ પછાત પ્રદેશ પર મહારાષ્ટ્રની નજર શી રીતે ચોટી? ચોમાસાના દિવસો દરમિયાન મેલેરિયાથી આવૃત્ત આ પ્રદેશને પોતાના પ્રાંત સાથે જોડી દેવાની મહારાષ્ટ્રના મહાસભાવાદી કાર્યકરોએ ખટપટ કેમ આદરી?

જવાબ બહુ જ સીધો અને સાદો છે. ડાંગની પ્રાદેશિક સંપત્તિએ મહારાષ્ટ્રને મબલાળ આપી. ગુજરાતીઓનું ત્યાં વર્ચસ્વ હોવા છતાં, આ હકીકત તરફ તેઓ બેપરવા રહ્યા, અને મહારાષ્ટ્રને ફાવતું મળી ગયું.

આ પ્રદેશમાં ૩૪૭ માઇલનો વિસ્તાર અનામત જંગલના પ્રદેશ તરીકે છે; તો બાકીનો કૂલિત જંગલો તરીકે. અનામત જંગલમાં ખેતી થઈ શકતી નથી; જ્યારે કૂલિત જંગલમાં ખેતી થઈ શકે છે. આ ખેતી ડાંગના રહીશો જ કરી શકે છે; આથી તે બહારની દુનિયા સાથે ઓછામાં ઓછા સંપર્કમાં આવી શકયો

છે. હજુ ત્યાંની રહેણીકરણી, રીતરિવાજ અને વ્યવસ્થા થોડા ફેરફાર સાથે એવાં ને એવાં જ રહ્યાં છે.

સરકારી સંરક્ષણ નીચે, આ પ્રદેશે ત્યાંના રહીશોને પછાત રાખ્યા તો સાંપત્તિક દૃષ્ટિએ તે ખૂબ સમૃદ્ધ થયો. ઇમારતી લાકડું ડાંગનું જ. વલસાડી સાગ ત્યાંનો જ વખણાય. સાગ ઉપરાંત સીદક, હળદવાન, એહાં, પીપળ, ઝાખર, બેર, કાટી, આમલા, વાંસ, મહુડો વગેરે વૃક્ષોનો ત્યાં ખૂબ ઉછેર છે. આ ઉપરાંત હવે મધમાખ ઉછેર; વાંસની બનાવટો વગેરેને પણ ઉત્તેજન મળ્યું છે. બસો પંચાણું માઇલનો કાચો રસ્તો બાંધીને, સરકારે આ જંગલને વિકસાવવા તરફ લક્ષ આપ્યું છે.

એકલા જંગલની જ ઊપજદ્વારા સરકારી અહેવાલ મુજબ ૧૯૪૭-૪૮માં સરકારને ત્રીસ લાખ રૂપિયાની આવક થઇ હતી. આ જંગલની સમૃદ્ધિનો અંદાજી આંક મૂકીએ તો બે અબજ રૂપિયા થાય. ૧૯૪૭-૪૮ સુધીમાં આ પ્રદેશની આવકમાંથી ખર્ચ જતાં, સરકાર પાસે જે બચત રહી છે તે પણ નજીવી નથી–માત્ર સાઠ લાખ રૂપિયા જ.

પછાત પ્રદેશ હોવા છતાં; આદિવાસીઓનું રહેઠાણ હોવા છતાં; મેલેરિયાની ભૂમિ હોવા છતાં આ સંપત્તિ જોઇ કોની દાઢ ના સળવળે ?

ડાંગ એ ગુજરાતનું અંગ હતું અને છે. પ્રાચીન કાળના ઉલ્લેખોને જવા દઇએ તોપણ મધ્યયુગથી આજ સુધીનો ઇતિહાસ આ જ વાતનું સમર્થન કરે છે. સિદ્ધરાજ અને વાઘેલા વંશની હકુમત ડાંગ ઉપર હતી. વાઘેલા વંશનો છેલ્લો રાજા કરણઘેલો બાગલાણના કિલ્લામાં રહેતો હતો. આ બાગલાણ પણ ડાંગ વિસ્તારમાં છે. મુસલમાનોના સમયમાં ડાંગ વિસ્તાર પર ગુજરાતની હકુમત હતી; ગુજરાતનો સુબો આ પ્રદેશ પર ધ્યાન રાખતો. પેશ્વાના સમયમાં, પેશ્વાઓએ કરેલી લૂંટફાટ દરમિયાન, થોડો સમય તેઓએ ચોથ ઉઘરાવી, પણ છેવટે એ હકુમત સોંપાઇ વડોદરાને. અંગ્રેજો આવ્યા ત્યારે ત્યાંના ભીલોને કબજે કરવા માટે, ભીલોનો શિકાર કરવાની પણ છૂટ અપાયેલી, એટલો આ તોફાની પ્રદેશ હતો; પણ તેની હકુમત સોંપાઇ સુરત જિલ્લાના કલેક્ટરને. ૧૯૩૬માં મુંબઇ સરકારે મધ્યસ્થ સરકારને આ પ્રદેશ સોંપ્યો ત્યારે આ પ્રદેશ સંરક્ષાયેલ પ્રદેશ તરીકે (Excluded are) જ હતો; પણ ૧૯૪૩ માં આ પ્રદેશ માટે સિવિલ એડમિનિસ્ટ્રેટરની નિમણૂક થઇ અને તે વહીવટદાર પણ ગુજરાત સાથે જ સંકળાયેલ. ૧૯૪૭ માં રાષ્ટ્રે આઝાદી મેળવ્યા પછી, ડાંગનો વહીવટ મુંબઇ સરકારને સોંપાયો; ત્યારેય ડાંગ સુરત સાથે જ સંકળાયેલું હતું; પણ એક દિવસ ગુજરાતે સાંભળ્યું કે, ડાંગની ભાષા મહારાષ્ટ્રની ભાષા સાથે સંબંધ ધરાવતી છે; ડાંગનો સાંસ્કૃતિક પ્રાદેશિક સંબંધ મહારાષ્ટ્ર-નાશિક સાથે છે, અને ગુજરાત સળવળ્યું.

શાથી આમ ? મુંબઇ સરકારે, ડાંગ વિસ્તાર પોતાની સત્તા નીચે આવ્યા પછી, ગુજરાતના ત્રણ અને મહારાષ્ટ્રના ત્રણ એમ છ સભ્યોની એક સમિતિ, આ પ્રદેશની ભાષા વિષે ચોકકસ નિર્ણય કરવા નીમેલી. આ સમિતિ પોતાના કાર્યમાં કશા નિર્ણય પર ન આવી શકી. આથી મુંબઇ સરકારના વડા પ્રધાન અને મહેસૂલી તથા ગૃહખાતાના પ્રધાન–બન્ને આ અંગે નિર્ણય કરવા આ પ્રદેશની મુલાકાતે ગયા. બે દિવસ આ પ્રદેશમાં ફર્યા, અને ગુજરાત તથા મહારાષ્ટ્રની ભાષાઓના પોતે જ જાણે અનન્ય અભ્યાસી–વિદ્વાન હોય એમ અડતાલીસ કલાકમાં નિર્ણય આપી દીધો કે, ડાંગની ભાષા મરાઠી છે.

મહારાષ્ટ્રને આટલું જ જોઇતું હતું. મહારાષ્ટ્રના રાષ્ટ્રવાદી કાર્યકર્તાઓએ પોતાના કાર્યનું ક્ષેત્ર ડાંગને બનાવ્યું. નાશિક જિલ્લાના એક ધારાસભ્યે આ પ્રદેશમાં જ પધારી પાંચરી. મુંબઇ પ્રાંતની પ્રજા તરીકે એક મહારાષ્ટ્રવાસી, સરકારી અમલદારોનો મોટો ભાગ પણ એ પ્રાંતનો અને ધારાસભામાં જોર પણ તેમનું, એટલે ડાંગ પ્રદેશનું જોડાણકાર્ય સહેલાઇથી આરંભાઇ ગયું.

બે વડાઓના ઉપરોકત નિર્ણય પછી, ક્રમશ: ગુજરાતી શાળાઓ બંધ થઇ; ગુજરાતી શિક્ષકોને છૂટા કરાયા; ગુજરાતી શાળામાં પોતાનાં બાળકોને મોકલવા માટે ત્યાંના રહીશોને ધમકીઓ અપાઇ; વહીવટી ભાષા તરીકે મરાઠી ભાષા દાખલ કરાઇ; ગુજરાતીઓ સામે પદ્ધતિસરનો પ્રચાર આરંભાયો અને મહારાષ્ટ્રની જનતાને ગુજરાતીઓ વિરૂધ્ધ ઉશ્કેરવા વર્તમાનપત્રોએ કમર કસી.

ગુજરાત અત્યાર સુધી શાંત હતું. મહારાષ્ટ્રે ગલીચ પ્રચાર શરૂ કર્યો; મેલી રમતો આદરી છતાં ગુજરાત શાંત હતું; કારણકે ગુજરાત ગાંધીજીનું ગુજરાત હતું; પ્રાંતીયવાદનું ઝેર તેનાથી દૂર હતું. ડાંગ માટે તેણે ડાંગ ઉગામવી નહોતી. એટલે, ગુજરાતની એક પ્રતિષ્ઠિત સંસ્થા–ગુજરાતની એક અગ્રગણ્ય સાહિત્યની સંસ્થા–ગુજરાત સાહિત્ય સભા–અમદાવાદે મહારાષ્ટ્રના આ પ્રચાર તથા માગણી સામે વિરોધ નોંધાવ્યો; અને આ પ્રદેશની ખાનગી તપાસ પછી અહેવાલ રજૂ કરવા વિદ્વાનોની એક તપાસસમિતિ નીમી. આ સમિતિમાં ભાષાશાસ્ત્રી, સંગીતજ્ઞ, ચિત્રકાર, સમાજશાસ્ત્રીઓને સ્થાન હતું. તેમણે વિવિધ દૃષ્ટિ કોણથી આ પ્રદેશની તપાસ કરી અહેવાલ રજૂ કર્યો; અને ડાંગનો સંબંધ ગુજરાત સાથે છે એમ હકીકતો દ્વારા સિદ્ધ કર્યું.

પરદેશી ભાષાશાસ્ત્રીઓનાં નિવેદનોને જવાં દઇએ તોપણ આ તપાસમાં જણાયું કે, ડાંગની બોલીના ૮૪ ટકા શબ્દો સંસ્કૃતમાંથી ઊતરી આવ્યા છે; અને એ શબ્દોનો મોટો ભાગ ગુજરાતી ભાષાને મળતો છે. આ પ્રદેશના રહીશોનો પહેરવેશ પંચમહાલના ભીલનાં પહેરવેશ જેવો છે, શિર પર કપડું ઓઢવાનો રિવાજ ગુજરાતનો જ છે. ત્યાંની સ્ત્રીઓ, મહારાષ્ટ્રમાં પહેરાય છે તેમ બે નહિ, પણ ગુજરાતની જેમ ત્રણ વસ્ત્રો પહેરે છે. ઘરેણાં–આભૂષણો ગુજરાતનાં આભૂષણોને મળતાં છે. અંગૂઠી, કડલાં, ગળાનાં હારડા વગેરે રાજસ્થાની–ગુજરાતી શૈલીનાં છે.

જન્મમરણ અને લગ્નપ્રસંગનાં રીતરિવાજો ગુજરાતને મળતાં છે. વહેમો અને પૂર્વગ્રહોમાં જણાયું કે ગુજરાતની જ અસર. લગ્ન પ્રસંગે ગોર સુરત જિલ્લામાંથી બોલાવાય છે. ખોડાપહરિત્ત–પહેરામણીનો રિવાજ એ પણ ગુજરાતનો જ કહેવાય. નાગદેવ, વાઘદેવ, મેલડી વગેરે દેવદેવીઓ પણ ગુજરાતનાં. દીવાળી અને હોળીના તહેવારો પણ ગુજરાતના. હોળી મહારાષ્ટ્રમાં નથી; અને નવું વર્ષ મહારાષ્ટ્રમાં ચૈત્રથી શરૂ થાય છે, ડાંગમાં કાર્તિકથી. ઝુંપડી–કુબાનું બાંધકામ પંચમહાલના ભીલોના કુબાને મળતું છે; માથે બોકું–માટલું મૂકી પાણી ભરવાની રીત પણ ગુજરાતની. સમૂહગીત–સમૂહ નૃત્યો પર પણ ગુજરાતની અસર–મારવાડ મેવાડ અને રાજસ્થાની અસર. ગરબા, રાસ–લગ્નગીત, મરશિયાં એ પણ ગુજરાતની સંસ્કૃતિ દ્વારા ત્યાં પહોંચેલા. અઠવાડિક હાટ–બજારો એ ગુજરાતની વિશિષ્ટતા છે–એ પણ આ પ્રદેશમાં.

આટઆટલી હકીકત હોવા છતાં, કયાં જોરે, કયા બળે મહારાષ્ટ્ર ડાંગ–વિસ્તાર પર દાવો કરી શકે છે ?

સીધીસાદી વાત છે, અને હવે તો આફ્રિકાની આ જાણીતી રીત છે. બૂમ પાડો; બૂમ બૂમ પાડો; માલિક ન હો, પોતાનું કશું જ ન હોય છતાં, શોરબકોર કરી મૂકો તો તમને પૂરું નહિ તો, થોડું તો મળશે જ. અને કશું હતું જ નહિ ત્યારે જે મળ્યું તે લાભમાં જ છે ને ? અને મહારાષ્ટ્રની યુકિતપ્રયુકિતઓથી ઇતિહાસ અનભિજ્ઞ નથી જ. "મુંબઇ અમારું; ડાંગ અમારું; દહાણું અમારું–સરહદી વિસ્તાર બધો જ અમારો," આ બૂમ દ્વારા જેટલું મળ્યું તેટલું ખરું. આમાં કોઇને પ્રાંતીયવાદ ન દેખાય;

મહારાષ્ટ્રના વર્તમાનપત્રોમાં ગંદો પ્રચાર થાય તેની સામે વિરોધ કરવા જેટલી કોઇનામાં હિંમત તહિ; પરંતુ જ્યારે ગુજરાત આ સામે વિરોધ ઉઠાવે–શાંત વિરોધ ઉઠાવે ત્યારે ગુજરાતીઓ પ્રાંતીય મનોદશાવાળા કહેવાય! ગુજરાતના એક પણ વર્તમાનપત્રે મહારાષ્ટ્રના વર્તમાનપત્રો જેટલી મલીન મનોદશા દેખાડી છે? તેને જે કહેવું છે તે સભ્યતા અને મર્યાદામાં રહીને કહ્યું છે. ગુજરાતના કાર્યકર્તાઓએ પણ વાણી પર સંયમ રાખ્યો છે. પરંતુ આનું પરિણામ શું? પરિણામ એ કે ડાંગ વિસ્તારને નાશિક જિલ્લા સાથે જોડી દેવાના પગરણ મંડાઇ ચૂક્યાં છે. થાણા જિલ્લામાં ગુજરાતી ભાષાને મરજિયાત કરી, મરાઠી ભાષાને ફરજિયાત કરી દીધી છે. અને હવે એ જ પ્રાંતીય મનોદશાવાળા મહારાષ્ટ્રના કાન કરાએ વાંસદા, ધરમપુર, રાજપીપળા તરફ નજર દોડાવી છે.

ગુજરાતીઓએ જરાક વિરોધ નોંધાવ્યો ત્યાં શ્રી કિશોરલાલ મશરૂવાળાને જણાયું કે, "બન્ને બાજુથી પાણી પહેલાં પાળ બાંધવાની તજવીજ ચાલી રહી છે." આમાં પાણી પહેલાં પાળ બાંધવાની વાત ક્યાં હતી? પાણી તો ફરી વળ્યું છે; પાળ ક્યાં રહેવાની હતી? શ્રી કિશોરલાલભાઇ જાણતા હોવા જોઇએ કે, સરહદોનો નિર્ણય કરવા એક સીમાંત કમિશન નીમવામાં આવેલું, તેમાં ગુજરાતના બે પ્રતિનિધિઓ અને મહારાષ્ટ્રના બે પ્રતિનિધિઓ હતા. પ્રમુખસ્થાને મહારાષ્ટ્રના વતની હતા. આ સમિતિ કોઇ નિર્ણય પર ન આવી શકી ત્યારે પ્રમુખે પોતાની સત્તા વાપરી પોતાના મનસ્વી નિર્ણય આપી દીધો: ડાંગ નાશિક સાથે જ સંકળાયેલ રહેવું જોઇએ. હવે પાળ ક્યાં બાંધવાની હતી? આ નિર્ણય સામે વિરોધ નોંધાવવો એને પાળ બાંધવી કહેવાતી હોય તો કશું જ કહેવાનું રહેતું નથી.

બાકી, ગુજરાતે હમેશાં સહન જ કર્યું છે. ગુજરાતીઓ કદી સંકુચિત થયા નથી; સંકુચિત મનોદશા બતાવી નથી. ગુજરાતની ઉદારતાથી આજે પુના–મહારાષ્ટ્ર સમૃદ્ધ છે, ગુજરાતના ભોગે જ મહારાષ્ટ્રના રસ્તાઓ, મહારાષ્ટ્રની નદીઓ અને બંધો, સંસ્થાઓ ફાલ્યાફૂલ્યા છે. ગુજરાતની ભાગીદારીની સંપત્તિ હોવા છતાં, મુંબઇ સરકારે પુનાનાં સરકારી મકાનો–મહાલયો પૂના યુનિવર્સિટીને ભેટ કર્યા તોપણ ગુજરાતે વિરોધનો સૂર ઉઠાવ્યો નથી: અમને કાં નહિ? દ્રૌપદીનાં નવાણું ચીર ખેંચાઇ જાય ત્યાંસુધી કૃષ્ણ જો મદદે ન આવે તો અબળા દ્રૌપદી સબળા ન બને તો કરે પણ શું? મહાસભાને નામે, ગાંધીજીને નામે, શિસ્તને નામે, જો ગુજરાતના કાર્યકર્તાઓએ મૌન સેવ્યું હોય તો, ગુજરાતના મૂંગા કાર્યકર્તાઓએ જાગૃત થવું જ રહ્યું. ડાંગ ગયું: વાંસદા જશે: ધરમપુર જશે: રાજપીપળા જશે: મુંબઇ પણ જશે–જો આપણે ઊંઘતા રહ્યા તો. અને તો પછી એમ કહેવામાં જરા પણ ખોટું નથી કે, એક વખત લૂંટફાટ, ધાડદ્વારા મહારાષ્ટ્રે ગુજરાત પર આધિપત્ય જમાવ્યું હતું, એટલે સમર્થ ગુજરાત મહારાષ્ટ્રની હકુમત નીચે જાય તો ખોટું શું?" "કોઇય વખત અમારી હકુમત તો હતી જ ને? કોઇય વખત અમારી અસર નીચે તમે હતા ને? અને ગુજરાતના પાટનગર સમા અમદાવાદે તો અમારી સત્તા સ્વીકારી હતી: અમે સવારી લઇને દરવાજે ત્યાં પહોંચ્યા ત્યારે સારી એવી રકમ આપી, તમારા નગરશેઠે અમારું સ્વાગત કર્યું હતું"!

૫

આ દલીલોના પડઘા હવામાં છે,—જો ગુજરાતીઓ સાંભળે તો. "એક રાષ્ટ્ર"માં માનતા ગુજરાતીઓને મહારાષ્ટ્ર શું કે ગુજરાત શું, રાજસ્થાન શું કે મધ્ય પ્રાંત શું—બધુંય સરખું હોય તો નર્મદા અને તાપીના નીર ભલે મહારાષ્ટ્રને સમૃદ્ધ કરે!

ધીરજલાલ ધનજીભાઇ શાહ

સામાજિક અહિંસા

['પર્યુષણ વ્યાખ્યાનમાળાના એક પ્રવચન પરથી]

અહિંસા ઉપર ગાંધીજીના અવસાનના વર્ષમાં જ મારે બોલવાનું છે. ગાંધીજીની જિંદગીની પ્રત્યેક પળમાં અહિંસા હતી. એ અહિંસા વિષે આપણે બોલનાર કોણ એમ પ્રશ્ન થાય છે. આપણે ત્યાં આ પ્રકારના તત્ત્વચિંતનો પુરની જેમ આવે છે અને એ પુરના પાણીનો ઉપયોગ કરવા માટે નહેરોની વ્યવસ્થા ન હોઈ પાણી નકામાં જાય છે. આજે હું રાજકીય અહિંસાની વાત કરવાનો નથી. સમાજ લડવામાંથી ઉત્પન્ન થયો નથી. સમાજ હિંસાથી તૂટ્યો જાણ્યો છે પણ રચાયો હોય તેવો ખ્યાલ નથી. સમાજ એ રાજ્યે પેદા કરેલી વસ્તુ નથી, પણ એ તો માણસ પોતે રચે છે. સમાજમાં અહિંસા છે એટલું જ નહિ પણ સમાજ અહિંસા પર પ્રતિષ્ઠિત થયેલો છે. અને એવો જ સમાજ સર્વોદય–સાધી શકે છે.

કલ્પવૃક્ષ હેઠળ બેઠેલો માનવ જેમ બીકનો માર્યો ભુતની કલ્પના કરે છે અને ભુત એને દેખાય છે, તેવી જ કંઇ વૃત્તિ આજે આપણામાં છે. ગાંધી તો કલ્પવૃક્ષ હતા અને આપણે અનેક ભુતો પેદા કર્યા છે. એમણે તો આપણે જીરવી શકીએ એના કરતાં વધુ આપ્યું છે.

અહિંસા તો કલ્પવૃક્ષ છે. એની દ્વારા અપૂર્વની પ્રાપ્તિ થઇ શકે છે; પણ આપણા ખ્યાલમાં તે આવતું નથી. આપણે તો અહિંસાને દુર્બળતું શસ્ત્ર માનીએ છીએ.

હિંસાથી શું મળ્યું તે જોઇએ. ધર્મો લ્યો. જગતના મહાન ધર્મો હિંસાથી ફેલાયા છે. ખ્રિસ્તી ધર્મ શરૂઆતની ચાર સદીમાં ફેલાયો અહિંસક પ્રતિકારથી. જ્યાં સુધી ખ્રિસ્તી ધર્મ સામાજિક હતો ત્યાં સુધી અહિંસક રહ્યો; રાજ્યધર્મ બન્યો એટલે તેમાં હિંસા આવી.

હિંસાથી તો હારનાર અને જીતનાર બંનેને નુકસાન થાય છે. હારનારમાં શરમ આવે છે; જીતનારમાં લાલસા વધે છે. હિંસામાં શ્રદ્ધા રાખનાર નિષ્ફળ નીવડે છે ત્યારે લાચાર બની જાય છે. અહિંસા આચરનારા પરાજય પામે છે તોય ટકી શકે છે.

જગતની ક્રાંતિઓ હિંસાથી થઇ છે એમ કહેવાય છે. પણ એ તો પૈસાદારની પુત્રી રસોઇઆની તૈયાર કરેલી રસોઇ મહેમાનને પીરસે ને જે સારી રસોઇ કર્યાની પ્રસંશા મેળવે છે તેના જેવી વાત છે.

ક્રાંતિના પ્રચારકોએ અહિંસાથી લોકોને ક્રાંતિઘેલા કર્યા: તેઓ તો અહિંસક રીતે જ પ્રચાર કરતા હતા. હિંસાથી સત્તાપલટો થાય છે, ક્રાંતિ કે મૂલ્યપરિવર્તન થતાં નથી.

આપણો સમાજ આદર્શ સમાજ બની શકે તેમ છે, કારણકે આપણા સમાજના વાતાવરણમાં અહિંસા ભરી છે. આપણા સમાજમાં કપટ વધે ત્યારે હિંસાનો આશરો લે છે.

એક રોમન લેખકે કહ્યું છે કે, સારી વસ્તુઓ સમજાય છે ખરી પણ નઠારી વસ્તુઓ અમને આકર્ષે છે. આપણા સમાજનું પણ તેવું છે. હિંસા સ્વાર્થપ્રેરક છે. સમાજમાં સ્વાર્થની માત્રા ઘટતી જાય તેમ અહિંસા વધતી જાય છે.

ગાંધીજીએ કહ્યું છે તેમ એક જ આચારવિચારવાળી પ્રજા વૃક્ષના હજારો પાંદડાંની માફક સાથે રહી શકે છે. સમાજ અનેક પાંદડાનો બનેલો છે. અહિંસા એ સૌને એકઠા રાખે છે. અહિંસામાં દરેક સૈનિક સેનાપતિ થઇ શકે છે.

હિંસા કે અહિંસા કાયરનું શસ્ત્ર નથી. કાયર તો બીકનો માર્યો જ મરી જાય છે.

હિંસા બળતા ઘર જેવી છે. થોડી વાર માટે ઠંડક દૂર કરે છે, પણ પછી આપણે ભાગવું જ પડે છે. જ્યારે એના તાપથી અહિંસા હૈયાસગડી જેવી છે. તે સતત ઉષ્મા આપ્યા જ કરે છે. લેઝારસ જેમ મુક્ત હાસ્ય કર્યા જ કરતો હતો તેમ, જ્યારે આપણો આખો સમાજ હસતો થશે ત્યારે તે અહિંસાને જીરવી શકશે.

પ્રોફેસર એસ. આર. ભટ્ટ

કેટલાક સમાચાર અને નોંધ

સૌરાષ્ટ્ર ધારાસભાના કોંગ્રેસ પક્ષમાંથી શ્રી. સામળદાસ ગાંધીની બરતરફી

સૌરાષ્ટ્ર ધારાસભાના કોંગ્રેસ પક્ષની તા. ૩-૧૦-૫૦ નાં રોજ મળેલી પક્ષની સભાએ 'વન્દે માતરમ્'ના તંત્રી શ્રી સામળદાસ ગાંધીને આજની ધારાસભાની મુદત પર્યન્ત ધારાસભા પક્ષમાંથી એકમત વિરુધ્ધ અન્ય સભ્યોની સહમતીપૂર્વક બરતરફ કર્યા છે.

આ સમાચાર સાંભળીએ છીએ ત્યારે આજથી ત્રણ વર્ષ પહેલાં મુંબઇ ખાતે ઉપસ્થિત કરવામાં આવેલી જુનાગઢ રાજ્યની આરઝી હકુમતના સરનશીન તરીકે નિમાયલા શ્રી. સામળદાસ ગાંધીની એ દિવસોની પ્રભાવશાળી કારકીર્દી, બાબીવંશના નવાબ રસુલખાનજીની હકુમત તીચેના પ્રદેશો ઉપર આરઝી હકુમતના સૈન્યનું આક્રમણ, જુનાગઢના નવાબનું કરાંચી તરફ પલાયન, સ્થાપિત રાજ્ય સત્તાનો ઉચ્છેદ, રાજકોટથી જુનાગઢ સુધીની સામળદાસ ગાંધીની જયનાદોથી ગાજતી વિજયયાત્રા 'સામળદાસ ગાંધી કીં દાબાદ'ની ગગનભેદી ગર્જનાઓ—એ અપૂર્વ ઐતિહાસિક ઘટનાને લગતાં આવાં અનેક સ્મરણો ચિત્તમાં જાગૃત થાય છે. જુનાગઢમાં ચિરકાળ સ્થાપિત નવાબીનું વિસર્જન થયું, સૌરાષ્ટ્રની ધરતિ ઉપર ઠેકઠેકાણે સ્થપાયેલાં રજવાડાંઓનો એક સાથે ઉચ્છેદ થયો, સૌરાષ્ટ્રનું રાજકીય એકમ સરજાયું—આવી મહત્વપૂર્ણ ઘટનાઓ નીપજવામાં અનેક તત્વોએ અને સંયોગોએ તરેહ તરેહનો ફાળો આપ્યો હતો, પણ આ સર્વ ઘટનાઓનું મંગળ મુહૂર્ત આરઝી હકુમતના આક્રમણથી થયું હતું. એ વિજયી આક્રમણની ધરમાળ શ્રી સામળદાસ ગાંધીની ભવ્ય ગરદન ઉપર શોભી રહી હતી. સામળદાસ ગાંધી એટલે વીરોચિત પુરૂષાર્થના સ્વામી—જાણે કે તત્કાલીન સૌરાષ્ટ્રના બેતાજ શિરતાજ—આવડું મોટું સ્થાન તેમણે તે ઘડીએ સૌરાષ્ટ્રની ચાલીસ લાખની વિરાટ જનતાના દિલમાં પ્રાપ્ત કર્યું હતું. કાઠિયાવાડના ભાટચારણોએ તેમને 'રા' સામળ'ના તખલ્લુસથી બિરદાવ્યા હતા. મુંબઇમાં ચાલતા એક દૈનિક પત્રના અધિપતિને વિધાતાએ સોરઠના સિંહાસન ઉપર સ્થાપિત કર્યા હતા. આવું અદ્‌ભુત માન સન્માન, સત્તાઆરોહ, રાજકારણી પ્રતિષ્ઠા— આ બધું મધ્યવર્તી કોંગ્રેસી સરકારની સહકારને લીધે, પુણ્યપુરૂષ ગાંધીજીના આશીર્વાદને લીધે, સરદાર વલ્લભભાઇ પટેલના અનુગ્રહને લીધે શકય બન્યું હતું અને સૌથી વિશેષ તો એ વખતના વિપ્લવકારી રાજકીય વાતાવરણને આભારી હતું.

આરઝી હકુમતનું કાર્ય પુરું થતાં તેને વિસર્જન કરવામાં આવી અને જુનાગઢ રાજ્યમાં શાન્તિ, સલામતી અને વ્યવસ્થા સ્થાપવાની જવાબદારી તેમના માથે નાખવામાં આવી. સમયાન્તરે જુનાગઢ રાજ્યને સૌરાષ્ટ્ર સરકારમાં અન્તર્ગત કરવામાં આવ્યું અને સૌરાષ્ટ્રના પ્રધાન મંડળમાં તેમને સ્થાન આપવામાં આવ્યું. આ હોદ્દા ઉપર તેઓ થોડો સમય રહ્યા ન રહ્યા અને એક યા બીજા કારણે એ અધિકાર અને જવાબદારીથી તેઓ છુટા થયા અને 'વંદેમાતરમ્'ના તંત્રીપદે તેઓ પુનઃ પ્રતિષ્ઠિત થયા. ત્યાર બાદ તેમણે સૌરાષ્ટ્ર સરકાર સામે પોતાના દૈનિક પત્રમાં જેહાદ શરૂ કરી.

અત્યુક્તિ એ આજના પત્રકારિત્વનો સૌથી મોટો અને લગભગ સર્વવ્યાપી દોષ છે અને એ અત્યુક્તિ પાછળ પ્રમાણ ભંગ, સત્યાસત્યના વિવેકનો લોપ, વાણી સ્વચ્છંદ, અંગત રાગદ્વેષનો બેલગામ આવીષ્કાર—આવા દોષો સહજપણે વધતા ચાલે છે અને પરિણામે પ્રજાનું માનસ સંસ્કૃત બનવાને બદલે વધારે ને વધારે વિકૃત બનતું દેખાય છે. આ દોષો આજના ઘણા ખરા સામયિકોમાં ઓછા વધતા અંશે નજરે પડે છે. પણ વન્દે માતરમ્નો તો પાયો જ જાણે કે અત્યુક્તિ ઉપર રચાયો હોય એમ વન્દે માતરમ્ની આજ સુધીની કારકીર્દી નિષ્પક્ષ ભાવે તપાસતાં કોઇને પણ કબુલ કર્યા સિવાય ચાલે તેમ નથી.

સૌરાષ્ટ્રમાં શ્રી વધારાનું પ્રકરણ ઉભું થયું. શ્રી. સામળદાસ ગાંધી પ્રધાનમંડળમાં હતા એ દરમિયાન આ શ્રી વધારાને તેમના પ્રધાનમંડળે સર્વાનુમતીથી તેમ જ સૌરાષ્ટ્રની ધારાસભાએ પણ સર્વાનુમતીથી કદાચ નહિ તો બહુ મોટી બહુમતીથી મંજુર કરેલ. આમ છતાં આ શ્રી વધારા સામે ભાવનગરના વિદ્યાર્થીઓનું આંદોલન શરૂ થયું અને સામળદાસ ગાંધી વિદ્યાર્થીઓની વહારે ધાયા. તેમેય તે વન્દેમાતરમ્માં સૌરાષ્ટ્રના તે વખતના કેળવણી ખાતાના પ્રધાન શ્રી બળવન્તરાય મહેતા સામે જોસભેર પ્રચાર ચાલતો જ હતો. એવામાં આ શ્રી વધારાના પ્રશ્ને શ્રી. બળવંતરાય સામેના પ્રચારનું એક નવું નિમિત્ત પુરું પાડયું. ભાવનગરમાં વિદ્યાર્થી પરિષદ ભરવામાં આવી અને સામળદાસ ગાંધીનું વાણીતાંડવ શરૂ થયું અને ભાવનગરમાં તેમ જ અન્યત્ર ભાષણો તેમ જ લેખોદ્વારા સૌરાષ્ટ્ર સરકાર સામે તેમણે અરાજકતાનો વહિન પ્રગટાવ્યો. જે નવ નિર્માણના—સૌરાષ્ટ્રના સરકારી એકમના—અમુક અંશે તેઓ જનક કહેવાય એ જ સરકારી વહીવટ સામે જાણે કે બહારવટે નીકળ્યા હોય એવો વર્તાવ તેમણે શરૂ કર્યો. એ બળવન્તરાય, એ રસિકલાલ—આપણામાંના જ એક—પ્રજાની સેવા કરતાં કરતાં આ સ્થાને આવ્યા અને આજે પણ પ્રજાની સેવા સિવાય બીજો કોઇ તેમને વ્યવસાય નથી—તેમને વન્દે માતરમ્ની કટારો દ્વારા એવા કાળા ચીતરવા શરૂ કર્યા કે બળવન્તરાય જેવા કોઇ સત્તાલોભી લાગવગીયા પ્રધાન હોઇ ન જ શકે અને રસિકલાલ જેવા અત્યાચારી કોઇ સત્તાધિકારી હોઇ ન શકે—જાણે કે કોઇ નરાધમ રાક્ષસ ન હોય—એમ જ આપણને લાગે. આ આખા એકધારા ઝેરી પ્રચારે કોંગ્રેસી ધારાસભા પક્ષમાં તેમના વિષે અત્યન્ત પ્રતિકુળ લાગણી પેદા કરી. આમ છતાં તેમના ભૂતકાળના પરાક્રમને લક્ષ્યમાં રાખીને બગડેલી બાજી સુધારવાની, પશ્ચાત્તાપપૂર્વક, જે પક્ષના તેઓ એક આગેવાન સભ્ય હતા તે પક્ષને અનુકુળ વળણ અખત્યાર કરવાની તેમને સૂચનાઓ કરવામાં આવી, તક આપવામાં આવી, ગાંધીવાદી ઢેબરભાઇ તરફથી તેમનામાં હૃદયપલટો કરવાના ભાંતભાતના પ્રયત્નો કરવામાં આવ્યા, પણ બોલાવો ત્યાં બટકું ભરે, વાણીસ્વચ્છંદને વાણીસ્વાતંત્ર્યના નામે વટાવ્યે જાય ત્યાં આખરે તેમના સાથે પક્ષ બહિષ્કારનું પગલું ભરવા સિવાય બીજો કોઇ વિકલ્પ ન રહ્યો. આમ છતાં તેમનો આજ સુધીનો આખો વર્તાવ જોતાં તેમને ઠળવામાં ઠળવી શિક્ષા કરવામાં આવી છે. તેઓ કોંગ્રેસના સભ્ય તરીકે ચાલુ રહે છે. આગામી ચુંટણીમાં કોંગ્રેસ તરફથી તેઓ ઉભા રહી શકે છે અને ઉમેદવારી કરી શકે છે. સૌરાષ્ટ્રના ભાવી નિર્માણમાં તેઓ હજુ પણ મહત્વનો ભાગ ભજવી શકે છે. પણ કોંગ્રેસ ધારા સભા પક્ષના ચુકાદા પછી પણ તેઓ જે રીતે વર્તી રહ્યા છે તે જોતાં તેઓ પોતાનું આખું આખું રાજકારણી ભાવી જોખમાવી રહ્યા હોય એમજ આપણને લાગે છે. દાખલા તરીકે ઉપરના ચુકાદા પછીનો તેમનો તરતનો પ્રત્યાઘાત નીચે મુજબનો છે :—

"સૌરાષ્ટ્ર કોંગ્રેસના ધારાસભા પક્ષે શિસ્તભંગના મારા સામે પગલાં ભર્યાં છે. શિસ્તભંગનો મેં ઇન્કાર કર્યો છે, અને મારો આ ઇન્કાર હજુ પણ ચાલુ જ રહે છે.

બહુમતીના પશુબળથી વ્યકિતઓનું વ્યકિત અને વાણીસ્વાતંત્ર્ય જે દિવસે કચડાઇ જશે તે દિવસે આપણી આઝાદીનાં બધાંય અરમાન ઉડી જશે, પણ એ વાત બનશે નહિ.

મારા સાથીદારોએ ભરેલાં પગલાંને હું ગેરકાયદેસરનું પગલું ગણું છું. એ પગલાં સામેના ઉપાયોની પણ હું વિચારણા કરું છું. અને આખા પ્રકરણની વિગતવાર રૂપરેખા પણ, શ્રી. ઉછરંગરાય ઢેબરની મંજુરી મેળવ્યા પછીથી, સૌરાષ્ટ્રની જનતાને ચરણે ધરવાની આશા પણ હું સેવી રહ્યો છું.

ઈશ્વરની ઇચ્છા હશે તો આવતા મહિનાઓમાં જરૂર સાબિત થશે કે, રાષ્ટ્રની કૉંગ્રેસ સૌરાષ્ટ્રના કોઇ મુઠીભર માનવીઓની મિલકત હતી નહિ, છે પણ નહિ અને હવે પછીના દિવસો વચ્ચે પણ જરાય રહેનાર નથી."

સામાન્યત: તેમની પ્રકૃતિથી વિરુદ્ધ એવું આ ટૂંકું નિવેદન પણ કેટલું બેહૂદું અને સમ્યગ્ વિચારણાથી વેગળું છે તે તેઓ એ ઘડિ અન્તર્મુખ બનવાની તાકાત ગુમાવી ન બેઠા હોય તો તેમને પણ તુરત સમજાય તેવું છે. ત્યાર પછી પણ ઢેબર સરકાર સામેની તેમની જેહાદ ચાલુ જ છે. આ રીતે પોતાનું સ્થાન, મોભો, પ્રતિષ્ઠા સર્વ કાંઇ તેઓ નામનિર્વિશેષ બનાવી રહ્યા છે.

સામળદાસ ગાંધી સૌરાષ્ટ્રની એક વિશિષ્ટ શક્તિશાળી વ્યક્તિ છે. ભાષાપ્રભુત્વ તેમની એક અજોડ વિશેષતા છે. સામળદાસ એટલે શબ્દોના તો રાજા. જ્યારે સૌરાષ્ટ્રનું સ્વરૂપ એકાએક પલટાઇ રહ્યું હતું અને એક પછી એક અંધવનવી ઘટનાઓ ઝડપભેર બની રહી હતી ત્યારે તે વિપ્લવ તેમની વેગીલી વાણીમાં આબેહૂબ મૂર્તિમન્ત થઇ રહ્યો હતો અને તેમનો અખંડ વાણી પ્રવાહ જાણે કે કાળનું કારણ બની રહ્યો હોય એવો ભાસ થતો હતો. એમના આ વાણી પ્રભુત્વે એક અદના પત્રકારમાંથી તેમને નાના સરખા પુરુષોત્તમ બનાવ્યા હતા, પણ વિધિએ અર્પેલી એ મહત્તા તેઓ જીરવી ન શક્યા, ન પચાવી શકયા. બાહ્ય ઉન્નતિ સાથે તેઓ અંદરથી ઉન્નત ન જ થયા. પરિણામે કાળનો એ મહાન પ્રયોગ નિષ્ફળ ગયો. અથવા તો એમ પણ કહી શકાય કે કાળે પોતાનો હેતુ સિદ્ધ કરીને રાજ-સિંહાસન ઉપરથી તેમને ઉખેડીને ફેંકી દીધા. વસ્તુતઃ તો પોતાનો આ બહિષ્કાર અને સ્થાનભ્રષ્ટ પરિસ્થિતિ પોતે જ નોતરી છે, મળેલી મહત્તાને પોતે જ વેડફી નાંખી છે, ભુંસી નાંખી છે એમ કહેવું વધારે વાસ્તવિક છે. જેઓ આજે પણ તેમના વિષે મમતાની લાગણી અનુભવે છે તેવા મારી જેવા અનેક સાથીઓ અને સહકાર્યકર્તાઓ વિધિએ સરજેલું એક વ્યક્તિ વિશેષની ઉન્નતિ-અવનતિનું આ નાટક વિસ્મય તેમ જ ગ્લાનિપૂર્વક નિહાળી રહ્યા છે. કમનસીબે બેફામ બોલવું અને બેફામ લખવું એનું નામ જાહેર જીવન અને એનું નામ જ પત્રકારિત્વ-આવો કોઇ તેમનો માનસિક અધ્યાસ બની રહ્યો લાગે છે. આને લીધે તેઓ જવાબદાર રાજકારણમાંથી પદભ્રષ્ટ થઇ રહ્યા છે અને કોઇ પણ પ્રગતિશીલ રાજકીય પક્ષને તેમનો ખપ ન હોય એવી સ્થિતિ તેમણે પોતા માટે પેદા કરી છે. હજુ પણ વિધાતા તેમને સન્મતિ આપે, તેમને સમ્યગ્ દૃષ્ટિ પ્રાપ્ત થાય અને તેમનું ભાવી પત્રકારિત્વ અને જાહેર જીવન વાણી સંયમ, સભ્યતા અને સત્યનિષ્ઠા એવી જે ગાંધીકુળની પરંપરા છે તે વડે સુવાસિત બનતું રહે એવી ઉંડા અન્તરની પ્રાર્થના છે.

અમીચંદનો એકરાર : રાંડ્યા પછીનું ડહાપણ

પાકીસ્તાનના પ્રધાન શ્રી જોગેન્દ્રનાથ મંડળે પ્રધાન તરીકે રાજીનામું મોકલ્યા બાદ પાકીસ્તાનની આજ સુધીની રાજ્યનીતિ અને રાજ્યવહીવટ સંબંધે એક લાંબું નિવેદન પ્રગટ કર્યું છે. આ નિવેદને હિંદમાં એક પ્રકારની સણસણાટી પેદા કરી છે. આ નિવેદનનો સાર એ છે કે પશ્ચિમ પાકીસ્તાનમાં તો હિંદુ લઘુમતીનો કોઇ પ્રશ્ન જ રહ્યો નથી, અને પૂર્વ પાકીસ્તાનમાં કોઇ પણ હિંદુ સુખ કે સ્વસ્થતાપૂર્વક રહી શકે તેમ છે જ નહિ, અને ત્યાં વસતા હિંદુઓ માટે ત્રણ જ વિકલ્પ રહ્યા છે-કા તો તેમણે ધર્માન્તર સ્વીકારવો અથવા હિંદમાં ચાલી આવવું, અથવા તો વધતી જતી દુર્દશા અને આત્મઉચ્છેદને સ્વીકારી લેવો.

આ નિવેદન કાંઇ ખરેખર નવું કહે છે, આપણે નહોતા જાણતા તેવું કાંઇક જણાવે છે એમ તો છે જ નહિ પણ પૂર્વ પાકીસ્તાનના હિંદુઓની સ્થિતિ કેવી કફોડી છે અને પાકીસ્તાની નીતિ કેટલી હિંદુવિરોધી છે તે વિષે આ નિવેદન વધારે સચોટ ચિતાર રજુ કરે છે.

પણ આ બધું રાંડ્યા પછીનું ડહાપણ છે. હિંદને આઝાદી પ્રાપ્ત થઇ નહોતી તે સમયમાં એટલે ૧૯૪૬ ના જુલાઇ-ઓગસ્ટ માસ દરમિયાન લોર્ડ વેવલના આધિપત્યની નીચે મધ્યવર્તી સરકારની રચનામાં શરૂઆતમાં કૉંગ્રેસી આગેવાનો જોડાયા અને પછી મોસ્લેમ લીગના પ્રતિનિધિઓ મોકલવાનું નિમંત્રણ મળતાં કાયદે આઝમ મહમદઅલી ઝીણાએ ચાર મુસલમાન પ્રતિનિધિઓની સાથે દુનિયાની આંખમાં ધુળ નાંખવાના હેતુથી જે એક પછાત વર્ગના હિંદુ આગેવાનને સામેલ કરેલ તે આ જોગેન્દ્રનાથ મંડળ. ઝીણાની કુટિલ અને દેશદ્રોહી રાજનીતિ જેમાંથી આખરે દેશના ભાગલા પડ્યા અને દેશભરમાં હિંસા અને દુરાચારનું ઘોર તાંડવ નિર્માણ થયું એ રાજ્ય નીતિને આ મંડળ મહાશયે માત્ર મહત્વાકાંક્ષાના કારણે સાથ અને સહકાર આપ્યો અને ચાર ચાર વર્ષ સુધી પાકીસ્તાનના એક ઠાકીયાનું કામ કર્યું. આજે હવે ત્યાં પોતાનું સ્થાન નથી રહ્યું, પોતાનું ધાર્યું કશું થતું નથી-આવી સ્થિતિ થતાં તેઓ પાકીસ્તાની પ્રધાન મંડળમાંથી રાજીનામું આપે છે, અને પાકીસ્તાનની હિંદુ વિરોધી નીતિ સામે પોકાર ઉઠાવે છે. હજુ આઠ દશ મહીના પહેલાં જ્યારે પાકીસ્તાને પૂર્વ બંગાળમાં વસતા હિંદુઓ ઉપર જુલમ અને ત્રાસની ઝડી વરસાવી અને હજારોની સંખ્યામાં ત્યાંના હિંદુઓની પશ્ચિમ બંગાળ તરફ ભાગનાસ શરૂ થઇ ત્યારે મંડળ મહાશયે વિરોધ સૂચક રાજીનામું આપ્યું હોત તો તેનો કંઇક અર્થ હતો. પણ હવે જ્યારે પાકીસ્તાનનો તેમને કશો ખપ રહ્યો નથી ત્યારે હિંદમાં પોતાનો પગદંડો જમાવવાના હેતુથી તેઓ આજે બહાર પડ્યા છે. તેનો આપણને જેટલો રાજકારણી ઉપયોગ હોય તે જરૂર કરીએ, પણ આપણે એ કદિ ન ભૂલીએ કે હિંદના આજ સુધીના ઇતિહાસમાં રાષ્ટ્રવિરોધી બળોના જેઓ હાથા બનતા આવ્યા છે તેવા અમીચંદોમાંના શ્રી જોગેંદ્રનાથ મંડળ એક છે અને તેથી તેમના એકરારને વધુ પડતું વજન આપીને આપણે તેમની પૂજા ન આદરીએ.

શ્રી. મોહનલાલ ભગવાનદાસ ઝવેરીનું દુ:ખદ અવસાન

જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગના જાણીતા આગેવાન શ્રી. મોહનલાલ ભગવાનદાસ ઝવેરીના તા. ૯-૧૦-૫૦ ના રોજ નીપજેલ અકાળ અવસાનથી જૈન સમાજને એક વિદ્વાન, શીલસંપન્ન કાર્યકર્તાની ખોટ પડી છે. તેઓ મુંબઇ હાઇકોર્ટના એક સોલીસીટર હતા. જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક કૉન્ફરન્સના કેટલાંયે વર્ષો સુધી મુખ્ય મંત્રી હતા. જૈન ગ્રંથ સાહિત્યના સારા જાણકાર હતા, પાછળનાં વર્ષોમાં તેમણે તંત્રશાસ્ત્રનો તલસ્પર્શી અભ્યાસ કર્યો હતો અને દિવસનો મોટો ભાગ તેઓ વાંચન સંશોધન પાછળ જ ગાળતા હતા. જૈન ધર્મ વિષે તેમને ઉંડી શ્રદ્ધા હતી. નમ્રતા, વિનય, અને સૌજન્ય તેમના વિશિષ્ટ ગુણો હતા. જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક કૉન્ફરન્સના એક પ્રમુખ કાર્યકર્તા તરીકે તેમણે આજ સુધીની અનેક ઘટનાઓમાં બહુ મહત્વનો ભાગ ભજવ્યો હતો. હજુ થોડા સમય પહેલાં ટેન્ડુલકર કમીટી સમક્ષ દેવદ્રવ્યના ઉપયોગ સંબંધે કૉન્ફરન્સના સ્થિતિસ્થુરત દ્રષ્ટિબિન્દુના સમર્થનમાં ધર્મશાસ્ત્રના અનેક પ્રમાણો તેમ જ પુરાવાઓ તેમણે વિદ્વત્તાપૂર્વક રજુ કર્યા હતા, જે પાછળથી પુસ્તક રૂપે પ્રગટ કરવામાં આવ્યા હતા. કૉન્ફરન્સ ઉપરાંત બીજી પણ અનેક જૈન સંસ્થાઓની તેમણે વિવિધ પ્રકારે સેવા બજાવી હતી. શાન્ત, સ્વસ્થ, વિનમ્ર, પ્રસન્ન, પોતાને ભાગે આવેલું કામ કરી છુટવું, ન કશી બડાશ કે આગળ આવવાની અધીરાઇ, નિર્મળ ચારિત્ર્ય અને શ્રધ્ધાપરાયણ જીવન-આવું તેમનું અનુકરણીય વ્યક્તિત્વ હતું. તેમના આત્માને શાશ્વત શાન્તિ મળો એવી અન્તરની પ્રાર્થના છે.

પરમાનંદ

જૈન દર્શનનું વિશ્વમાં સ્થાન

[શ્રી મુંબઇ જૈન યુવક સંઘના ઉપક્રમે યોજાયેલ શ્રી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં મુંબઇ ધારાસભાના પ્રમુખ માનનીય શ્રી કુન્દનમલજી ફિરોદિયાએ 'જૈન દર્શનનું વિશ્વમાં સ્થાન' એ વિષય ઉપર આપેલા પ્રવચનની ભાઇશ્રી ભોગીલાલ ડગલીએ કરેલી નોંધ ઉપરથી તેનો મહત્ત્વનો ભાગ નીચે આપવામાં આવ્યો છે.

—તંત્રી]

સૌથી પ્રથમ આપણે આ પર્યુષણમાળાનો હેતુ સમજવો જોઇએ. આ પર્વોના દિવસોમાં આત્માની નજદીક રહેવું જોઇએ. પર્વો દરમિયાન બને તેટલી આધ્યાત્મિક પ્રવૃત્તિ કરવી જોઇએ, પરંતુ ધર્મની જૂની રૂઢિચુસ્તતા અને તેની પરંપરાનો અનુભવ એવો છે કે આ પર્વમાં આત્માની નજદીક રહેવાને બદલે જનતાની વૃત્તિ આત્માથી દૂર ને દૂર થતી જાય છે.

ધર્મનું સ્થાન કયાં છે અને ધર્મ કયારે પેદા થયો છે, એનું દુનિયામાં કયું સ્થાન છે એ બધી ભાંજગડમાં નહિ પડતા આપણે સૌ પહેલાં ધર્મની વ્યાખ્યા કરી લઇએ. દુનિયામાં, વસ્તુનો સ્વભાવ તે ધર્મ.

માણસે જ્યારે આ સંસારમાં અવતાર ધારણ કર્યો ત્યારે તેને પોતાની આસપાસની દરેક વસ્તુનો સ્વભાવ જાણવાની જિજ્ઞાસા ઉદ્‌ભવી, તેમ જ પોતાની બુદ્ધિ વડે તેને જાણવાની કોશિષ કરી.

સર્વ ધર્મોમાં આ જ પરિસ્થિતિ છે, કે વસ્તુનો સ્વભાવ જાણી તેનો ઉકેલ કરવા માટે તત્પર બનવું. તે પણ જો વ્યવસ્થિત રીતે થાય તો જ ધર્મ વિષેની રસવૃત્તિ જાગૃત થાય.

જગતનાં શાસ્ત્રવેત્તાઓ અને સાચા સાધુઓ ધર્મ વિષેનો સર્વોપરી ઉકેલ શોધીને લોકોને સમજાવશે ત્યારે લોકોનું ધર્મ વિષેનું અજ્ઞાન દૂર થશે અને તેઓ ધર્મને સાચી રીતે સમજતા થશે.

અફસોસની વાત એ છે કે આજે આપણા સદ્‌ગુરુઓએ ધર્મના સ્વરૂપને અફીણની ગોળીઓ જેવું બનાવી દીધું છે; આથી લોકો ધર્મનું સાચું સ્વરૂપ સમજી શકતા નથી. આ અફીણની ગોળી જેવી ધર્મના વ્યાખ્યાથી મૂળભૂત પ્રણાલિકામાં જબ્બર ગોટાળો ઉપસ્થિત થાય છે; અને અન્યોન્ય ઝગડાઓનું સ્વરૂપ પલટાય છે.

વિશ્વનાં પ્રશ્નોનો ઉકેલ એ જ ધર્મ. જુદા જુદા લોકોએ સંપ્રદાયો સ્થાપી પોતાનો અલગ ધર્મ બનાવ્યો. હિંદમાં સેંકડો વર્ષોથી ધર્મ વિષે તત્ત્વજ્ઞાન રચાયેલું છે, તેમાં વિશ્વંભરનો ઉકેલ સર્વમાન્ય રીતે જોઇને તત્ત્વોની રચના કરી છે. ત્યારબાદ તેમાંથી વૈદિક–જૈન–બુદ્ધ વગેરે જુદા જુદા સંપ્રદાયો સ્થપાયા. તેમણે પોતપોતાની શકિત અનુસાર ધર્મનું સ્વરૂપ આપ્યું. તેમનાં સ્થાપકોનો હેતુ જન–સમાજને સાચો ઉકેલ બતાવવાનો હતો. તેઓએ પોતાના અનુભવ અને શ્રદ્ધાથી ધર્મની રચના કરી. એ બધી સંસ્કૃતિ હિંદમાં જ પેદા થઇ છે. એ જમાનામાં હિંદમાં તત્ત્વજ્ઞાનની નદી વહેતી હતી. સૌએ પોતપોતાની જ્ઞાનની તૃષા તત્ત્વજ્ઞાનની નદીનાં જળ વડે યથાશકિત છીપાવી. પોતાની શ્રદ્ધા અને અનુભવ અનુસાર ધર્મની વ્યાખ્યા કરી અને ગ્રહણ કર્યો.

જૂની પ્રણાલિકાઓનાં કથન અનુસાર સર્વ ધર્મ ઇશ્વરે સર્જેલા છે, પરંતુ એ માન્યતા ખોટી છે. કોઇ પણ ધર્મ ઇશ્વર-રચિત નહિ પરંતુ મનુષ્યની પ્રેરણાથી બન્યો છે.

આ બધી વાતો ન્યારી છે. એ વાતોમાં પડવા છતાં આપણે ઇશ્વરની વાણીને દૂર કરી શકીશું નહિ. આપણી પાસે વિદ્વાનો અને સદ્‌પુરુષો પોતાનો અનુભવ મૂકી ગયા છે તેમાં ન્યાયયુક્ત કેટલો છે તે જ જોવાનું છે.

જૈન ધર્મ સિવાય બાકીના ધર્મો સારા નથી એવો દ્વેષભાવ ન હોવો જોઇએ. વીર ભગવાન પણ સાંખ્ય શાસ્ત્રનાં રચનાર તરફ દ્વેષભાવથી જોવાની અવજ્ઞા કરે છે.

જૈન ધર્મ એ સંપ્રદાય નથી. એ નિયમોનો સંગ્રહ નથી, એ દર્શન છે. અને વિશ્વના ઉકેલનો માર્ગ દર્શનદ્વારા જ મળી શકે છે.

દર્શનમાં ધર્મની જુદી જુદી વ્યવસ્થા બતાવી નથી. સંકુચિતતાથી ધર્મમાં કટ્ટરતા અને શિથિલતા આવે છે. સંકુચિત વૃત્તિને લઇને આજે ધર્મનું અધઃપતન થયા બેઠું છે. દર્શનમાં સંકુચિત અને સાંપ્રદાયિકતાને જરા પણ સ્થાન નથી.

દુનિયાને પાવન કરનારી શકિત એ વિશ્વધર્મ. અભ્યાસીને જૈન દર્શનમાં વિશ્વધર્મની વ્યવસ્થા દેખાશે.

જૈન દર્શનમાં સૃષ્ટિનું સર્જન કઇ રીતે થયું, માનવી અને તેનું કર્તવ્ય શું છે એ વિષેનો ઉકેલ છે. આચાર અને ચારિત્ર્ય એ દર્શને બતાવેલો પાવનકારી માર્ગ છે.

ઘણા લોકોનો ભ્રમ છે કે જૈન ધર્મ એ બૌદ્ધ ધર્મની શાખા છે. કેટલાક એમ પણ માને છે કે, એની ઉત્પત્તિ વૈદિક ધર્મમાંથી થઇ છે; જૈન દર્શન અમુક માર્ગમાંથી ઉત્પન્ન થયું છે. તેનાં આચાર અને ચારિત્ર્ય વૈદિક ધર્મને સમાન્તર છે એમાં જરા-પણ તથ્ય નથી.

જૈન દર્શન સ્વતંત્ર દર્શન છે. બૌદ્ધ ધર્મની એ શાખા નથી. સેંકડો વર્ષોથી તે ચાલ્યો આવે છે, એનું તીર્થંકરો અને શાસ્ત્રોદ્વારા પ્રમાણ મળી શકે છે. ઇતિહાસવેત્તાઓ જૈન ધર્મને પાર્શ્વનાથ સુધી માનવા તૈયાર થયા છે, પરંતુ તેમની મર્યાદા હજુ નેમિનાથ ભગવાનથી આગળ વધી શકી નથી. તેઓ મહાભારતને પુરાણ માને છે. તેમાં શ્રીકૃષ્ણને ઇશ્વરી અવતાર માને છે. જો તેઓ શ્રીકૃષ્ણને માનવાને તૈયાર હોય તો નેમિનાથને માનવા જ પડશે; કેમકે તેઓ તેમનાં પિતરાઇ ભાઇ થાય. આ રીતે ઊંડી રીતે વિચાર કરીએ તો ચોવીસ તીર્થંકરની હયાતી વિષે અને જૈન ધર્મની હસ્તી વિષે શંકા રહે નહિ.

આજે લોકો ધર્મને આ રીતે માને છે કે, સ્થાનકમાં જઇને મૂહપત્તિ ધારણ કરી ધર્મક્રિયા કરવી કે મંદિરોમાં જઇને મૂર્તિની પૂજા કરવી. એ ધર્મ પહેલાં ન હતો. શાશ્વત તત્ત્વોનો બનેલો ધર્મ દુનિયામાં ત્યારે પ્રવર્તતો હતો.

જૈન દર્શનમાં બતાવેલાં જીવ–અજીવ આદિ તત્ત્વો વિષે વિચારવું જોઇએ. સર્વ વાતોનો વિચાર કરી ગલત ખ્યાલોને દૂર કરવા જોઇએ. સ્યાદ્વાદ અને સાંખ્યયોગમાં દુનિયા વિષે જે માર્ગ–દર્શન મળે તેનો તુલનાત્મક દૃષ્ટિથી વિચાર કરવો જોઇએ. જીવ અને અજીવ તત્ત્વો એક જ છે કે અલગ છે તે વિષે વિચારવું જોઇએ.

જૈન દર્શનને માનનાર અનુયાયી એ જ હોઇ શકે કે જે રાગદ્વેષને જીતી શકયો હોય; પછી તે હિંદમાં, જર્મનીમાં કે અમેરીકામાં વસતો હોય તોપણ તેને જૈન કહી શકીએ. આજે તો એ દર્શનની માન્યતા સંકુચિત બની ગઇ છે–મુહપત્તિ ધારણ કર્યા સિવાય કે જૈન મંદિરે ગયા સિવાય કોઇ જૈન ના બની શકે.

અત્યારના જૈનોની એવી માન્યતા છે કે અમારા પંથ સિવાય અન્ય રીતે મોક્ષપ્રાપ્તિ ન થઇ શકે; જ્યારે મોક્ષના અધિકારીઓનાં જીવનમાં ચારિત્ર્ય અને આચરણમાં ધર્મની આ માન્યતાથી ઊલટું જ જોવા મળે છે.

ધર્મની એ સુરત પલટાવવી એ આજના સુશિક્ષિત યુવા-નોનું કાર્ય છે. ધર્મના વિકાસનો સઘળો આધાર તેમના ઉપર છે.

જૈન દર્શનમાં કયાંય સંકુચિત વૃત્તિ રહેલી નથી. દર્શન વ્યકિતનિષ્ઠ નહિ પણ તત્ત્વનિષ્ઠ છે. નવકાર મંત્રમાં પણ વ્યકિત–નિર્દેશ નથી પરંતુ ગુણોનો નિર્દેશ છે.

જીવ અને અજીવ તત્ત્વની સાબિતી કરવાની જવાબદારી જૈન ભાઇઓ ઉપર છે. ધર્મના સ્થાપકોએ શાસ્ત્રીય દૃષ્ટિ અને અનુભવો દ્વારા તેનું સંશોધન કર્યું છે. પરંતુ તે સંશોધનને આજના જમા-નાને અનુકૂળ બનાવવા માટે સમાજનાં સુશિક્ષિત ભાઇઓ મદદ ન કરે ?

આપણે ધર્મના સઘળાં કાર્યોની ફરજ સાધુઓ ઉપર છોડી દઇએ છીએ; કેમકે તેઓ સંસારથી અલિપ્ત બન્યા છે તેથી ઉત્ક્રાંતિ કરી શકે. પરંતુ તેઓ એવા બંધનમાં જકડાયેલા હોય છે કે તેમનામાં ધર્મમાં ઉત્ક્રાંતિ આણવાની નૈતિક હિંમત પણ હોતી નથી.

આજે વિજ્ઞાનનો સર્વાંગી વિકાસ સધાઇ રહ્યો છે; અને આ વિકાસ કયાં સુધી આગળ વધશે તે કહેવું મુશ્કેલ છે.

જૈન દર્શનમાં કર્મવાદમાં સમજાવ્યું છે કે, કારણ વિના કાર્ય ઉદ્‌ભવતું નથી. કર્મ કરે તેને ભોગવવાનું જ છે. ફકત એ વિષે વિચાર કરવાથી કાંઇ વળતું નથી. એ વિચાર આચાર અને ચારિત્ર્યમાં ઊતરે ત્યારે જ સાર્થક ગણી શકાય.

જૈન ધર્મના દર્શનને વિશ્વદર્શન બનાવવા માટે વિચારશીલ પુરુષો પ્રેરણા અને શકિતનો ઉપયોગ કરે અને જૈન દર્શનને સાચા સ્વરૂપે જનતામાં બહાર લાવે એ જ અભિલાષા.

પર્યુષણ વ્યાખ્યાનમાળા : અમદાવાદ

[છેલ્લા બાવીસ વર્ષથી અમદાવાદમાં પર્યુષણ વ્યાખ્યાનમાળા ચાલી રહી છે. આજે આ વ્યાખ્યાનમાળાનો જૈન તેમ જ જૈનેતર ભાઈબહેનો સારી સંખ્યામાં લાભ લે છે; અને હવે તો 'પ્રેમાભાઈ હોલ' પણ તેને માટે સાંકડો પડવા લાગ્યો છે. ત્યાંનાં સ્થાનિક પત્રો દરરોજનાં આ બે વ્યાખ્યાનોની નોંધ નિયમિત રીતે આઠે દિવસ આપે છે. આ સોળેય પ્રવચનોની અગત્યની વિચારસરણી, એ પત્રો ઉપરથી તારવીને "પ્રબુદ્ધ જૈન"માં આપવાનું નક્કી કર્યું છે; તેમાંથી પ્રથમ દિવસનાં બે પ્રવચનોનો સાર નીચે આપ્યો છે. —તંત્રી]

[૧]

ભગવાન મહાવીરના જન્મ સમયે જનતા જે અંધ કર્મકાંડમાં પડી હતી; અને ધર્માચાર્યો અંધશ્રદ્ધાથી જનતાને જે માર્ગ દોરી રહ્યા હતા તેમ જ ઊંચનીચના ભેદ વગેરે પ્રવર્તતા હતા એ જ પરિસ્થિતિ આજે પણ છે.

આ પરિસ્થિતિ દૂર કરવા આપણે વિચારણા કરવી જોઈએ. બહુ પરિચયથી અવજ્ઞા થાય છે, એ જ રીતે હિંદ ધર્મપ્રધાન દેશ હોઈ એનો પરિચય વધુ હોઈ અવજ્ઞા થઈ રહી છે.

આજે વધુ પોકાર બ્રહ્મ કરતા અન્ન બ્રહ્મનો છે, પણ આ રોટીનો પ્રશ્ન તો જેને એ પ્રશ્ન મૂંઝવતો હોય તેને માટે છે; જેને એ પ્રશ્ન મુંઝવતો નથી તેઓએ બ્રહ્મનો વિચાર કરવો જોઈએ.

આજે આપણે વ્યવહારમાં એટલા ગુંથાયા છીએ કે ધર્મ માટે સમય નથી. જ્યારે ચારે બાજુ દાવાનળ સળગ્યો છે ત્યારે તેમાં દોષ ધર્મના, ધર્મમંદિરોનો કાઢીએ છીએ, ને એ મીટાવવા પ્રયાસ કરીએ છીએ; પણ જેમ આરોગ્યના નિયમનો ભંગ કરનાર માંદા પડે તેમ યોગ્ય ધર્માચરણના અભાવે સમાજ પણ માંદો પડે છે. આજના દુઃખ માટે બાહ્ય અસમાનતા કરતાં આંતરિક અસમાનતા વધુ જવાબદાર છે.

ધર્મ જે પ્રેરણા આપનાર વસ્તુ છે તેને જો બાજુ પર મૂકીશું તો જીવન વાંકું જવાનું છે.

સમાજમાં સાધુ, યતિ, ગૃહસ્થ, શિષ્ય, ગુરુ એ સહુના જુદા જુદા ધર્મો આલેખેલા છે. યતિ જેટલી ધર્મારાધના સંસારી કરી ન શકે એ માટે એને માટે સામાયિક કર્મ કરવાનું કહ્યું છે. એથી બે મુહૂર્ત માટે, બે ઘડી માટે ધર્મચિંતન કરે પણ એ બે ઘડીમાંયે આપણે ઈશ્વર સાથે છેતરપીંડી કરીએ છીએ. અણુવ્રત કરતી વખતે પણ આપણે રાગદ્વેષથી દૂર રહી શકતા નથી, પણ એ ધીમે ધીમે દૂર કરવા જોઈએ.

આપણે ત્યાં ધર્મ કરતાં વ્યવહારનું આધિપત્ય વધુ છે. અણુવ્રત કરવાનું કહ્યું છે, પણ એ વ્રત પર પણ કેટલીકવાર વ્યવહાર જીત મેળવે છે. પરિણામે આપણા વ્રતો નિર્જીવ બની છે. અને નિર્જીવ વસ્તુઓને ધારીએ ત્યાં ખસેડી શકીએ છીએ અને એને આપણે વ્યવહાર ધર્મ કહીએ છીએ.

ખરી રીતે તો ધર્મે વ્યવહાર પલટવો જોઈએ, પણ અહીં તો વ્યવહાર ધર્મ પલટે છે. પરિણામે અણુવ્રતમાંથી મહાવ્રતમાં જઈ શકાતું નથી.

આપણા ધર્મે તત્ત્વજ્ઞાન અને ક્રિયાકાંડ આપ્યા છે, પણ આપણે તત્ત્વજ્ઞાનને બાજુએ મૂકી માત્ર ક્રિયાકાંડના ખોખાને વળગ્યા છીએ. દેવે થઈને દેવપૂજા કરવી જોઈએ એ આપણે સમજી શકયા નથી.

સમ્યગ્‌માં બે વર્ગો છે. એક સંરક્ષક વર્ગ, બીજો સંહારક વર્ગ. સંરક્ષક વર્ગે અનેક નકારાત્મક નિયમનો ઘડયા, સંહારક વર્ગે અનેક હકારાત્મક નિયમનો ઘડયા; પણ આ બંને ખોટા છે. આ બન્નેને સાચે માર્ગે લઈ જનાર એવો એક સુધારકવર્ગ જોઈએ, જે માનવી બનવાનો સાચો માર્ગ દેખાડે.

જૈનશાસ્ત્રે ત્રણ રત્નો આપેલાં છે- સમ્યક્ દર્શન, સમ્યક્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર્ય. આ ત્રણે રત્નોને આપણે પારખીશું તો આપણે કોઈ દિવસ આઘા માર્ગે જઈશું નહિ અને આવા

પર્યુષણના દિવસોમાં આવા રત્નો ધારણ કરવાની તાલાવેલી જાગે ત્યારે જીવન સુખી થાય. —ઈન્દુમતીબહેન મહેતા

[૨]

આપણે ભગવાન મહાવીરના જીવનને વાંચીએ છીએ, પણ આપણે તેમના જીવનચેતનને સ્પર્શતા નથી એમ. તેમના જીવનચેતનને સ્પર્શીએ તો સહુ માનવી વિશાળ દૃષ્ટિએ મહાવીર બની શકે; મહાવીર થઈ શકે.

तेन त्यक्तेन भुंजीथा : એ આદેશ સ્પષ્ટ કહે છે કે, ત્યાગ કરીને ભોગવ. કોઈ વસ્તુ પર નજર ન રાખીશ. મંદિર ઊંચું રાખવામાં આવે છે એનો અર્થ ઊંચા આદર્શનો છે. દૃષ્ટિ શિખર તરફ રહે; ઉચ્ચ રહે એ હેતુ છે.

તન ધનકી કૌન બડાઈ, એમ કબીર કહે છે, ત્યારે તન, મન, ધન નકામું છે એમ નહિ, પણ એની બડાઈ નકામી છે. ભગવાનને ઓળખવા હોય તો આધ્યાત્મિક દૃષ્ટિ કેળવવી જોઈએ. કોઈ વાડીમાં કે ચોકામાં કે લંઢણમાં ભગવાનને ન પૂરવા જોઈએ અને તો જ એને ગમે ત્યાં જોઈ શકીએ-પછી એનું નામ મહાવીર હોય, કૃષ્ણ હોય કે ગમે તે હોય.

મહાવીરનો સંદેશ છે કે સત્ય અને સદ્‌ગુણમાં એક થવું. મહાવીરનો સંદેશ એટલે જીવનદૃષ્ટિ અને જીવનકળા.

હિંદના કોઈ પણ સંતને લો. તેમનો સંદેશ એક જ હોય છે : તમારા અવગુણો તરફ જુઓ, સામાના અવગુણો તરફ જુઓ નહિ. ભગવાન મહાવીર પણ સૌ પહેલા દરેક માનવીને પોતાની આંખો જોવાનું કહે છે.

'મિચ્છામિ દુક્કડં' બોલીએ અને ભૂલો કર્યે જઈએ એનો કાંઈ અર્થ નથી, પણ ભૂલ તરફ પાછા ન જઈએ એ એનો ખરો અર્થ છે.

સમ્યક્ ચારિત્ર્ય એટલે જ જીવનકલા અને એને સમજી વ્યવહારમાં આચરી બતાવીએ—જે જીવનકળા ભગવાન મહાવીરે જીવી બતાવી છે; આચરી બતાવી છે.

ભગવાન મહાવીરે કહ્યું છે કે જેઓના વિચારોમાં મેળ ન હોય તેઓ પોતાને બીજાની સ્થિતિમાં મૂકે અને વિચાર કરી જુએ તો અથડામણોનો અંત આવશે. મનની મોટાઈ કેળવાય તો કુટુમ્બની અથડામણનો અંત આવે.

મહાવીર, કૃષ્ણ વગેરેનાં આધ્યાત્મિક જીવન તપાસો; બ્રહ્મજીવન અલગ હશે, પણ સહુનાં આધ્યાત્મિક જીવન એક જ છે.

આપણે બીજાની તરફ પૂર્ણ આદર રાખીએ, નબળા હોય તે તરફ વધુ આદર રાખીએ તો કામ સરળ બને.

ધર્મસ્થાનોમાં જૈન હોય તે જાય એમ કહેવાય છે, પણ જૈન કોણ ? તમારામાં જૈનત્વ છે ? જૈનત્વ હોય તો આપણે શુદ્રને આ રીતે જીવન ગાળતા દઈ શકીએ ? આ ધર્મદૃષ્ટિ નથી. ઘણા કહે છે કે જૈનધર્મ જૂનો છે, એમાં અહિંસા છે, પણ આજે આ અહિંસા, એના વાસ્તવિક અર્થમાં નજરે ચડતી નથી.

—પંડિત સુખલાલજી

મહાસભાનું અધિવેશન: પરદેશીઓની નજરે

[અખિલ હિંદ મહાસભાનું છપ્પનમું અધિવેશન સપ્ટેમ્બરના ત્રીજા સપ્તાહમાં નાશિક ખાતે ઊભા કરવામાં આવેલ ગાંધીનગરમાં બાબુ પુરૂષોત્તમદાસ ટંડનના પ્રમુખપદે મળી ગયું. આ અધિવેશન વિષે તરેહતરેહનાં મંતવ્યો-તરફેણનાં અને વિરૂદ્ધનાં સૌ કોઇએ વાંચ્યાં હશે; પણ પરદેશી પત્રકારોએ કઇ દૃષ્ટિએ આ અધિવેશન જોયું તેનો ખ્યાલ ' Times ' પત્રમાં આવેલ એક લેખ પરથી થઈ શકે તેમ છે. તેનો અંગ્રેજીમાંથી અનુવાદ શ્રી કમળાબહેન ૨. મુતરિયાએ કર્યો છે. —તંત્રી]

ગયા અઠવાડિયે, હિંદુસ્તાનના રાજકીય તખ્તાના કેન્દ્ર સ્થળે અને ગાંધીનગર ગ્રામમાં, લાકડાની બેઠકવાળી નાનકડી રેલ્વેદ્વારા એક વૃદ્ધ વ્યક્તિ-સંતોમાં પણ શ્રેષ્ઠ-રાજર્ષિ પુરૂષોત્તમદાસ ટંડન આવી પહોંચ્યા. અડસઠ વર્ષની ઉમ્મરવાળા, સફેદ દાઢીથી શોભતા રાજર્ષિ પુરૂષોત્તમદાસ ટંડને, હિંદુસ્તાનના જબરદસ્ત એક પક્ષ-મહાસભા પક્ષના પ્રમુખપદ માટે પંડિત જવાહરલાલ નેહરૂનો સબળ ટેકો મેળવેલ હરીફ ઉમેદવારને પણ પરાજય આપ્યો છે. પંડિત જવાહરલાલ નેહરૂ, કેટલીક અગત્યની બાબત સિવાય પ્રગતિ અને પાશ્ચાત્યકરણના આગ્રહી છે; જ્યારે ટંડન દૂર નજર ન પહોંચે એવા ભૂતકાળ માટે, મુસ્લિમ લઘુમતી પર દબાણ માટે અને હિંદુ રાજ માટે ઊભા છે. મહાસભા પક્ષના આ છપ્પનમાં અધિવેશનમાં લોકપ્રિય અને તેજસ્વી નેહરૂની નીતિ સ્વીકારાય છે, કે સંત અને પ્રત્યાઘાતી ટંડનનું રાજ્ય પ્રવર્તે છે તે નિહાળવા બે લાખ સ્ત્રીપુરૂષો હિંદભરમાંથી એ સ્થળે એકત્ર થયાં હતાં.

દૂધ જેવા સફેદ પોશાકમાં સજ્જ ટંડન જ્યારે ટ્રેનમાંથી બહાર આવ્યા ત્યારે કુલોથી તેમનું સ્વાગત કરવામાં આવ્યું. ત્યાર બાદ સરઘસમાંથી ભાગી આણેલા એક હાથી પર તેમને બેસાડી ગીચ વિસ્તારો અને રસ્તાઓ પરથી તેમનું સરઘસ કાઢવામાં આવ્યું. ટંડનના સરઘસ પાછળ મહાસભાના પાંચ હજાર પ્રતિનિધિઓ હતા, કેટલાક લશ્કરી સૈનિકસવાર હતા; અને શરણાઇના નાદે નૃત્ય કરતા સોએક ગ્રામ-નૃત્યકારો હતા.

આ સૌ ટંડનનું મંતવ્ય બરાબર જાણતાં હતાં. જેમકે તેઓ, 'ઔદ્યોગિકરણના વિરોધમાં, મહાન નેતા ગાંધીજીની વિચારસરણી કરતાં પણ વધુ આગળ જાય છે. તેઓ ખાંડ પણ ખાતા નથી, કારણકે તે મિલમાં તૈયાર થયેલી છે. આથી ખાંડને બદલે હાથ મહેનતે તૈયાર થયેલ ગોળનો ઉપયોગ કરે છે. પોતાની ભાફક દરેક હિંદવાસી ચા ન પીએ, ધુમ્રપાન ન કરે અને અન્નાહારી બને એવું તેઓ ઇચ્છે છે. તેઓ સામ્યુ તરફ ધૃણાની નજરે જુએ છે; અને માને છે કે, પુષ્કળ પાણીથી શરીરને જોરથી ચોળવું એ જ યોગ્ય અને જરૂરી છે. પશ્ચિમની દવાઓને તેઓ ધિક્કારે છે; અને પ્રાકૃતિક ઉપચારોમાં અને આયુર્વેદના નિષ્ણાતોમાં શ્રદ્ધા ધરાવે છે.

તાજેતરમાં જ તેમણે હૃદયપૂર્વક જણાવેલું કે, આરોગ્યમાં હ્રાસ થવાનું કારણ શીતલા ટંકાવવા એ છે. ગયા એપ્રિલમાં હરદ્વાર ખાતે ભરાયેલ કુંભમેળામાં જવાની તેમની તીવ્ર અભિલાષા હોવા છતાં, તેઓ ન જઇ શકયા કારણકે, બધા જ યાત્રીઓ માટે કોલેરાનું ઇન્જેકશન લેવાનું ફરજિયાત હતું. ટંડનની એ ફરિયાદ પણ છે કે, સાર્વજનિક આરોગ્યના પ્રશ્નને હલ કરવાની પંડિત નેહરુની રીતિ ચિઠ્ઠિશો જેવી જ છે-જેમકે પંડિત નેહરૂ પશ્ચિમની પદ્ધતિએ તૈયાર થયેલ દવાઓની વહેંચણીને ઉત્તેજન આપે છે, અને જેરી ઇન્જેકશનોની તરફેણ કરે છે. ટંડનને પ્રાણીઓના જીવન પરત્વે એટલી લાગણી છે કે, તેઓ ચામડાનાં પગરખાંને તિરસ્કારે છે અને રબ્બરના ચંપલ પહેરે છે.

પંડિત નેહરૂના જન્મસ્થાન અલ્લાહબાદમાં તેમનો જન્મ થયેલો, અને વકીલ તરીકે જીવનની શરૂઆત કરેલી. ગાંધીજીના સ્વાતંત્ર્યસંગ્રામમાં ભાગ લેવા તેમણે પોતાની યશસ્વી કારકીર્દિનો અંત આણ્યો, અને સાત વખત જેલમાં જઇ આવ્યા. ટંડનનું કુટુંબ ગરીબ હતું, અને ગરીબ જ રહ્યું. ટંડન હમેશાં, મહાસભા પક્ષના શ્રીમંત આશ્રયદાતાઓ પાસેથી મદદ સ્વીકારવાની ના જ પાડે છે. તેઓએ કેટલીકવાર પોતાનું ભોજન લીધું નહિ હોય, અને ફાટેલાં કપડાં પહેર્યાં હશે; પરંતુ જ્યારે મહાસભા પક્ષના મોટા ભાગના કાર્યકર્તાઓમાં લાંચરૂશ્વત અને લાગવગે જોર જમાવ્યું છે, ત્યારે ટંડનની નિસ્પૃહતા અને અપરિગ્રહપણું તેમના પક્ષને વધારે ઉજ્જવળ કરે છે.

ગયા સપ્તાહમાં ગાંધીનગરની મુલાકાતે આવનારાઓએ ટંડનના ભવ્ય ભૂતકાળ અને નેહરૂના ઉજ્જવળ ભવિષ્યની ઝાંખી કરી. પતરાંથી છવાયેલ અને આ પ્રસંગે ખાસ બંધાવાયેલ ભોજનગૃહમાં સૌએ સાથે ટંડનના ખાણાને ન્યાય આપ્યો, તો ચોખા, ભાખરી, શાક, મીઠાઇ, છાશ વગેરે પર પણ હાથ ચલાવ્યો. આ મુલાકાતીઓએ ફરતાં ફરતાં ગ્રામવિકાસ માટેનું નાનકડું પ્રદર્શન નિહાળ્યું; અને તેમાં ટ્રેકટર, બુલ-ડોઝર અને સુધરેલ ઘાણાયંત્ર તરફ ચકિત નજરે જોયું. તેઓએ દારૂથી થતાં નુકસાનનાં ભીંત-ચોપનિયા જોયાં; તો તાડીમાંથી બનતાં દેશી નીરાને વેચતી દુકાનની પણ નોંધ લીધી. વળી ટંડનને બોલતા પણ સાંભળ્યા કે, 'ગાયનું સંરક્ષણ એ હિંદી સંસ્કૃતિનું એક અંગ છે...આથી આપણા રાષ્ટ્રની આર્થિક સ્થિતિ કથળે તો પણ ગાયને સંપૂર્ણ સંરક્ષણ આપવું જોઇએ.'

ગાયનાં સંરક્ષણ કરતાંય પણ તાત્કાલિક વધુ ધ્યાન ખેંચી રહેલ પ્રશ્ન અંગે બોલતા ટંડને હિંદમાંના ચારસો લાખ મુસ્લિમો પર વધુ દબાણ લાવવા સરકારને આગ્રહ કર્યો. તેમણે દલીલ કરતાં કહ્યું કે, ' જ્યાંસુધી પાકિસ્તાનને, હિંદ બદલો લેશે જ તેની ખાતરી નહિ થાય ત્યાંસુધી પાકીસ્તાનમાં વસતાં એકસો વીસ લાખ હિન્દુઓને પાકિસ્તાન સરકાર હેરાન કર્યા વગર અટકશે નહિ."

વધુ પડતા વિશ્વાસુ નેહરૂએ ટંડનની વિરૂધ્ધ જાહેરમાં દેખાવ નથી કર્યો; પણ પોતાની લાલચોળ તદ્દન નવી મોટરમાં ફરીને, ગાંધીનગરમાં તેર પ્રવચનો કર્યાં.

પોતાનું પ્રવચન પૂરું કરતાં નેહરૂએ સામ્યવાદી ચીનને માન્ય નહિ રાખવા બદલ યુનાઇટેડ સ્ટેટસની ટીકા કરી, પણ જ્યારે કેટલાક મહાસભાવાદી નેતાઓએ કહ્યું કે, યુનાઇટેડ સ્ટેટ્સનું વલણ મૂડીવાદીનું છે, ત્યારે નેહરૂએ યુનાઇટેડ સ્ટેટ્સનો બચાવ કર્યો. નેહરૂએ વધુમાં કહ્યું કે, "બે વિરોધી જુથોમાં, અરસપરસ ભયના કારણે દુનિયા વિપત્તિને આરે ઊભી છે." પછી તેમણે ટંડનની સામે જ પાકિસ્તાનના પ્રશ્ન પર બાય ભીડી. નેહરૂનો ઠરાવ આવો હતોઃ "પાકિસ્તાન અને હિંદુસ્તાન વચ્ચે અત્યારે જે કાંઇ તકરારો અને અથડામણો હોય અથવા ભવિષ્યમાં ઊભી થાય તેની, રાજકીય પ્રશ્ન તરીકે જ વિચારણા કરવી, અને તેનું નિરાકરણ પણ એ જ ધોરણે કરવું. આપણાં આંતરિક પ્રશ્નોની વિચારણા ધાર્મિક અથવા કોમીય દૃષ્ટિએ થવા દઇ, એ પ્રશ્નોને વણસવા દેવા નહિ. વેર લેવાની વૃત્તિ દ્વારા આપણી નીતિને આપણે ભૂલી જઇ શકીએ નહિ. આપણે આપણી લઘુમતિ તરફ સંપૂર્ણ ન્યાયી અને સાહજિક વલણ રાખવું જોઇએ, એટલું જ નહિ પણ તેમના તરફનું વલણ સ્વાભાવિક જ છે એવું તેમનાથી અનુભવાવું જોઇએ."

પછી ખૂબ લાગણીપૂર્વક કહ્યું : "મહાસભાવાદીઓ આ પ્રશ્ન તરફ જે રીતે જુએ છે તેનાથી મને શરમ આવે છે....તમે અસ્થિરતા બતાવી શકો નહિ. જો તમે મહાસભાની દોરવણી મારા દ્વારા ઇચ્છતા હો તો તમારે આ ઠરાવ અક્ષરશઃ પસાર કરવો પડશે...જો તમે મને વડા પ્રધાન તરીકે ન ઇચ્છતા હો, તો મને એમ કહો અને હું રાજીનામું આપીશ."

નેહરૂનો ઠરાવ તાળીઓના અવાજ વચ્ચે પસાર થયો. સંત ટંડને પણ, પંદર હજાર શબ્દોના, હિંદુ શાસ્ત્રોના અવતરણવાળા ભાષણમાં, વડા પ્રધાનને ટેકો આપ્યો.

ગયા સપ્તાહમાં, ગાંધીનગર ગ્રામમાં, કેટલાકને લાગ્યું કે નેહરૂનો મહાન વિજય થયો છે; જ્યારે બીજાઓ-જેઓ ટંડનને કેટલું મજબૂત પીઠબળ છે તે જાણતા હતા તેઓને લાગ્યું કે, પ્રશ્નનું સમાધાન નથી થયું; પણ અભરાઇએ ચડાવી દેવાયો છે.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સુર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨.

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મોહનલાલ માકચંદ શાહ

વર્ષ ૧૨ અંક ૧૫ | મુંબઈ: ૧ નવેમ્બર ૧૯૫૦, બુધવાર | તારીખ ૨ થી ૮ નવેમ્બર ૧૯૫૦

આ દમામ અને પ્રદર્શનો કયારે ઓછાં થશે?

હમણાં હમણાં ગુજરાતમાં પ્રતિષ્ઠાનો અને મેળાવડા સરઘસો પ્રથાની અનિષ્ટતા જોઈએ તે કરતાં ખૂબ વધી ગઈ છે. ભારત સરકારમાં અનેકવિધ અમલદારોની મોટી સંખ્યા હોવાથી તેમને સરઘસ વગેરે પ્રસંગોએ હાજર રહેવું જ પડે. વાત-વાતમાં તેઓ "તા. ૧૪ થી અમારા ડિપાર્ટમેન્ટ પર ચઢવા બીઓ, તો તા. ૨૨ જીએ તમારે ત્યાં પધારશું, કમસરીતી પરખા કરી તો અમને પ્રમાણપત્રો આપવા" એવો મુખ ભાર આપી જાય છે. આ સરકારી અમલદારોને તો પોતાની ફરજ સમજીને પણ હાજર રહેવું પડે છે. પરંતુ પ્રજાના જ પ્રતિનિધિ તરીકે ગણાતા પ્રધાનોને પોતાના જીવનું જોખમ ખેડીને પણ પોતાની સુરક્ષાની તકેદારી રખાતી; પરંતુ પ્રજાના જ પ્રતિનિધિ તરીકે ગણાતા પ્રધાનોને પોતાના જીવનું જોખમ ખેડીને પણ પોતાની સુરક્ષાની તકેદારી રખાતી; પરંતુ પ્રજાના જ

ભાઈ ભૂખ્યો હોય, અને મંદિરમાં શી રીતે દોડી જવાય?

[શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે યોજાયેલ શ્રી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં રોજ સાંજના ૫ વાગે 'આપણી ધાર્મિકતા' એ વિષય ઉપર આપેલ વ્યાખ્યાનની ભાઇશ્રી મોગીલાલ ડગલીએ લીધેલી નોંધ ઉપરથી. —તંત્રી]

જૈન ભાઇઓ પર્યુષણ પર્વ દરમિયાન ધાર્મિક દૃષ્ટિથી તત્ત્વ-ચિંતન કરે છે. આજે લોકોમાં અર્થકારણ, રાજ્યકારણ અને ધર્મ-કારણ જોવા મળે છે.

જે દુનિયામાં આપણે રહીએ છીએ તે પાગલ છે. પોતાના ધર્મ સિવાય અન્ય ધર્મનું નામ લેવામાં પણ પાપ સમજે છે. પાપ તો કરેક મનુષ્ય કરે છે, કેમકે મનુષ્ય દિલ ચાહે તે કરવાને સ્વતંત્ર છે.

આજે ધર્મના નામની શાલ ઓઢીને સૌ કોઇ ધર્મ કરવા નીકળ્યા છે; પણ ધર્મ કરવાનું કોઇ જાણતું નથી; અધર્મનું જ આચરણ કરે છે. આ મજાક નથી; સત્ય વસ્તુ છે.

પર્યુષણ પર્વનું માહાત્મ્ય હું જાણતો નથી. ધર્મનું તત્ત્વ સમજતો નથી. પરંતુ મિત્રોને ખુશ કરવા વ્યાસપીઠ ઉપર ચડી ધર્મ વિષે બોલી રહ્યો છું એ અધર્મનું આચરણ નહિ તો બીજું શું?

આપણા દેશમાં જૈન, બૌદ્ધ, વૈદિક અને સાંખ્ય એવા અનેક સંપ્રદાયો છે, તેમ જ ધાર્મિક પ્રણાલિકાઓની પરંપરા છે. તેનો મેં અભ્યાસ કર્યો નથી. તો પછી લોકોને ઉપદેશ દેવાનો મારો કયો અધિકાર? છતાં હું તે વિષે જે કાંઇ જાણું છું તે આજે રજૂ કરીશ.

જે માણસ દિલને જાણતો નથી, આત્માના અવાજને ઓળખતો નથી એ ધર્મી હોવાનો દાવો કરે છતાં અધર્મને જ આચરે છે; અધર્મી જ છે.

જેની પાસે મહેલો છે, પૈસો છે, જેઓ સુંદર સાહિત્યનું સર્જન કરી શકે છે, જેમની ઇજ્જત ચોતરફ ફેલાયેલી છે, તેમને દુનિયા મહત્ત્વ આપે છે; પરંતુ તેઓના દિલમાં અંધારું જ હોય છે. તેઓ મજહબ—ધર્મનું સદાય પાલન કરે છે; સંયમ, ઉપોષણ આદિ વ્રત કરે છે; દાન ધર્મનો મહિમા ગાય છે, પરંતુ એ બાહ્ય ક્રિયાઓ કરવા છતાં તેમનું અંતર ખૂલી શકતું નથી. તેમનાં અંતરમાં અંધારું છે, તેનો તેમને ખ્યાલ આવતો નથી. જો તે પોતાના દિલને પૂછે તો જરૂર ખ્યાલ આવે કે આ બધી ક્રિયાઓ જૂઠી છે. એ ક્રિયાકાંડ દેખાવ માટે છે. પરંતુ અંદરનાં અવાજને સાંભળવાની કોઇને પરવા પણ કયાં છે? આ પ્રશ્નનો ઉત્તર ધર્મરક્ષકો પાસેથી નહિ મળે, કેમકે તેઓએ જે શિક્ષણનું જીવનમાં સિંચન કર્યું છે તેના રંગેરંગ મજહબનો રંગ લાગેલો છે.

છલ્લાં ત્રણસો વર્ષમાં પશ્ચિમનાં દેશો આગળ વધ્યા; પદાર્થ-વિજ્ઞાન અને રસાયણવિજ્ઞાન વગેરે શાસ્ત્રોમાં પારંગત થયા, પરંતુ આપણા ઋષિમુનિઓ પાસે જે જ્ઞાન હતું તે પાશ્ચાત્ય દેશો હજુ સુધી હાંસલ કરી શકયા નથી.

અઢીસોસની વાત છે કે, રાષ્ટ્રવાહના જમાનામાં પણ હિંદ મજહબી લોકોનો પ્રદેશ છે. આપણા ઋષિઓએ જ્યારે દુનિયા અંધારામાં હતી ત્યારે દુનિયાને પોતાના જ્ઞાનની રોશની આપી હતી.

આપણા ઋષિમુનિઓનું જ્ઞાન અથાગ હતું. વેદ, બ્રહ્મસૂત્રો અને સ્મૃતિઓની તેઓએ રચના કરી; અને જીવતત્ત્વ, મનુષ્ય કોણ છે, કયાંથી આવ્યો વગેરેનું તત્ત્વ દર્શન કરાવ્યું. આ વિષેનો તેમનો જેટલો ઊંડો અભ્યાસ હતો તેટલો ઊંડો અભ્યાસ આજદિન સુધી કોઇ કરી શકયું નથી.

પ્રત્યેક વ્યકિતએ સમજવું જોઇએ કે ધર્મ એ શું છે? તે કયા હેતુ માટે ધર્મને માને છે? કયા કારણે ધર્મમંદિરોમાં જાય છે? પરંતુ આપણે તે વિષે જરા પણ વિચારતા નથી.

અંગ્રેજો ટીકા કરતા હતા ત્યારે આપણને ગુસ્સો આવતો હતો; બદનામી—અપમાન લાગતું હતું. મિસ મેયોએ "Slaves of God" નામના પુસ્તકમાં લખ્યું છે કે, "૪૦ કરોડ હિંદીઓ મજહબી છે. તેઓ દેવોનાં ગુલામ છે." આ દેશમાં એક પણ સપ્તાહ એવું નહિ જતું હોય કે કોઇ ને કોઇ ધર્મના ઉત્સવો ત્યારે ન હોય. પર્યુષણ ગયા બાદ તુરત જ મહારાષ્ટ્રનો ગણપતિ-ઉત્સવ આવશે.

આપણે ધર્મનું સાચું સ્વરૂપ સમજ્યા નથી. ઉપોષણ કરવું, નાક પકડીને પ્રાણાયામ કરવો, તીર્થની યાત્રાઓ કરવી અને મૂર્તિ સામે બેસી રહેવું એવા કર્મકાંડો એ શું ધર્મ છે? પ્રાચીન કાળમાં ધર્મનું સાચું સ્વરૂપ લોકો સમજ્યા હતા. ઋષિઓ અને મુનિઓ પણ ધર્મગ્રંથોમાંથી તત્ત્વ સંપૂર્ણ રીતે શોધી શકયા નથી કારણકે ધર્મતત્ત્વની ખોજ આસાનીથી થઇ શકતી નથી.

ધર્મગ્રંથનું અધ્યયન કરવું, દાન દેવું અને મંદિરમાં જવું એટલેથી ધર્મની વિધિ પૂરી થતી નથી. માણસને સંતોષ થતો નથી; કેમકે સમાજમાં રહેનાર માનવી એકલો રહી શકતો નથી. તેને અન્યની સહાયની જરૂર પડે છે. પછી તે ફકીર હોય કે અમીર હોય પરંતુ સમાજનાં બંધનથી અને જીવનવ્યવહારથી અલિપ્ત રહી શકતો નથી. મનુષ્યની વિશિષ્ટતા એ છે કે તે એકલો રહેવાને ટેવાયેલો નથી.

આજે તો લોકોને ધર્મ કરતાં રાજકારણમાં વધુ રસ પડે છે. સવારમાં ઊઠતા વેંત પ્રભુનાં દર્શનને બદલે અખબારનું દર્શન કરે છે; કેમકે માનવીનાં જીવન પર આજે એ વધુ અસરકર્તા છે. ગરીબ દુનિયામાં માણસો હેવાન બની ગયા છે, જેથી સત્કર્મ કરવું એ અશકય વાત છે. મજહબ એ એવી દવા નથી કે એ દવા લેવાથી દિલની બેચેની દૂર થાય; દિલને ખુશી ઊપજે, અને તાકાત આવે.

મજહબની આજની સ્થિતિ ટિકિટઘર જેવી બની છે. જેમ ટિકિટ ખરીદયા વગર મુસાફરી કરી શકાતી નથી તેમ ધર્મની ટિકિટ ખરીદયા વગર સમાજમાં સ્થાન મળતું નથી. માતાનું દૂધ નિસર્ગે બાળકને માટે પેદા કર્યું છે. એ દૂધ પીવાનો બાળકનો જન્મસિદ્ધ હક છે. આમ ધર્મ સાચવવા માટે મજહબી લોકો માને છે કે ઉપર કપાળ ટીલું કરવું જોઇએ. જેમ ધરતી કુમારધૂ કપાળ પર સૌભાગ્યચિહ્ન ધારણ કરે છે તમ ધર્મરક્ષકો ધર્મનું સૌભાગ્ય ચિહ્ન—ટીલું લલાટ કરે છે. આજનો આ છે ધર્મનિષ્ઠા!

ધર્મ એ સંસ્કાર છે, આચાર છે, અનુભવથી આવે છે— બહારથી આવતો નથી.

મજહબી માણસો સમજે છે કે, મંદિરે જવાથી પ્રતિષ્ઠા વધે છે. કુલવાન, પરોપકારી અને પંડિતમાં ગણતરી થાય છે જ્ઞાને-શ્વર મહારાજે કહ્યું છે કે, "ઇશ્વરનો પત્તો જવા માટે—ઇશ્વરને મંદિર જવા માટે વિદ્વાનોએ પોતાની વિદ્વતાને દરવાજે મૂકીને અંદર જવું પડે છે." ઉપનિષદમાં કહ્યું છે કે, "ધર્મની લાગણીવાળા માણસમાં પહેલાં દિલમાં જિજ્ઞાસા થાય છે." જિજ્ઞાસા એટલે વસ્તુનું તાત્પર્ય સમજવાનું જ્ઞાન.

અમારે ત્યાં મૂર્તિપતિઓનાં મુખ જુઓ. તેઓ પોતાને જ્ઞાને-શ્વરી, પંડિત અને ધર્મપાલક તરીકે ઓળખાવે છે, પરંતુ મુખ ઉપરના ભાવો તો જાણે દીવેલ પીધા જેવા લાગે છે, કારણકે અંતરની અનિચ્છાએ તેમને ધર્મમાં રસ લેવો પડે છે. ધર્મનાં ક્રિયાકાંડો અરીણની ગોળી જેવા છે. એ ધર્મની ક્રિયાઓનાં સ્વરૂપથી મરેલું અંતઃકરણ વધુ મરતું જાય છે; આંધળું બની જાય છે. ધર્મ વિષેની જ્યારે જિજ્ઞાસા થાય ત્યારે જ સાચી શાન્તિ મળે છે. પ્રાણ ઊડી ગયા પછી શરીરને માનવાનો અર્થ નથી. ચૂથની

કેટલાક સમાચાર અને નોંધ

શ્રી. ચીમનલાલ ચકુભાઈ શાહનું વિદાયમાન

ગયા નવેમ્બર માસ દરમિયાન ન્યુઝીલેન્ડ ખાતે બ્રિટિશ કોમનવેલ્થ પાર્લામેન્ટરી કૉન્ફરન્સ મળવાની છે. આ કૉન્ફરન્સમાં બ્રિટિશ કોમનવેલ્થમાં જોડાયેલા ભિન્ન ભિન્ન રાષ્ટ્રની પાર્લામેન્ટના પ્રતિનિધિઓ એકત્ર થવાના છે. કોમનવેલ્થને લગતા અનેક પ્રશ્નોની આ કૉન્ફરન્સમાં ચર્ચા થશે તથા વિચારોની આપ-લે કરવામાં આવશે. તેમ જ આન્તરરાષ્ટ્રીય પ્રશ્નોની પણ અમુક મર્યાદામાં ચર્ચા કરવામાં આવશે. કોમનવેલ્થના સભ્યરાષ્ટ્ર વચ્ચે સંપર્ક કેળવવો અને પોતપોતાના રાષ્ટ્રની આન્તરબાહ્ય પરિસ્થિતિથી એકમેકને વાકેફ કરવા એ આ કૉન્ફરન્સનો મુખ્ય હેતુ છે. આ કૉન્ફરન્સમાં ભારત જેવા માટે હિંદની પાર્લામેન્ટમાંથી પાંચ સભ્યોની પસંદગી કરવામાં આવી છે:-૧ શ્રી ગોવિંદદાસ, ૨ શ્રી આર. કે. સિધ્વા, ૩ શ્રી ટી. કે. અરઆ, ૪ શ્રી આર. વ્યંકટરામન અને ૫ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ. આ પાંચ સભ્યોમાંથી શ્રી અરઆ, શ્રી વ્યંકટરામન અને શ્રી ચીમનભાઈ તા. ૨૮-૧૦-૫૦ ગુરુવારના રોજ મુંબઈથી સમુદ્રમાર્ગે વિદાય થયા છે, અન્ય બે સભ્યો થોડા દિવસ બાદ હવાઈ માર્ગે વિદાય થનાર છે.

શ્રી ચીમનભાઈની આ ડેલીગેશનમાં નિમણૂક થવા બદલ જૈન સમાજના તેમજ બન્ધુવાર્ગ ખુશ છે. શ્રી ચીમનભાઈ મધ્યસ્થ ધારાસભાના સભ્ય તો છે જ. આ નિમણૂકથી તેમને આન્તરરાષ્ટ્રીય ક્ષેત્રમાં પ્રવેશ કરવાની એક સુંદર તક મળે છે. આ કૉન્ફરન્સનું મેદાન પ્રમુખ તેમના શરૂઆતમાં પૂરો ખ્યાલ નહોતો, પણ છેવટના દિવસોમાં આ ડેલીગેશનના સર્વ સભ્યોને હિંદના મહાજનોના પ્રતિનિધિ જવાહરલાલ નેહરુએ ખાસ દિલ્હી બોલાવ્યા અને હિંદની તેમ જ અન્ય રાષ્ટ્રોને સ્પર્શતા અનેક તાજુક પ્રશ્નો સંબંધે હિંદ અખત્યાર કરેલી રાજનીતિનું શું સ્વરૂપ છે તેનો તેમને વિગતવાર ખ્યાલ આપ્યો અને દરેક પ્રશ્ન ઉપર તેમણે કેવું વલણ રજૂ કરવું તેની પૂરી સમજણ આપી. આ હકીકત જાણવામાં આવી ત્યારે આ ડેલીગેશન કેટલી મોટી જવાબદારી સાથે જઈ રહ્યું છે તેનો સ્પષ્ટ ખ્યાલ આવ્યો. આપણા કોઈ પણ પ્રતિનિધિ પરદેશમાં જઈને દેશની પ્રતિષ્ઠાને જરા પણ ઝાંખપ આવે અમ ન વર્તે તથા આજે હિંદે અખત્યાર કરેલી અલિપ્ત ધારાવત સભી આન્તરરાષ્ટ્રીય રાજનીતિ વિષે જરા પણ ગેરસમજ ભળતી ફેલાય, કોઇના દિલમાં જરા પણ કડવાશ પેદા થાય એવો નાનો સરખો પણ ઉદ્ગાર કોઇના મોઢામાંથી નીકળી ન પડે એ બાબતમાં પંડિતજીએ આ સભ્યોને પૂરેપૂરા સાવચેત કર્યા છે.

આવા ડેલીગેશનમાં સામેલ થવાની શ્રી. ચીમનભાઈને જે તક મળી છે તેથી તેમની સાથે એક યા અન્ય ક્ષેત્રમાં જોડાયેલા અનેક મિત્રો અને સહકાર્યકર્તાઓ ઊંડો આનંદ અને ગૌરવની લાગણી અનુભવી રહ્યા છે. શ્રી ચીમનલાલભાઈ એક શક્તિશાળી પુરુષ છે. એકસ પ્રકારની ભાવનાશીલતા ઉપર આજ સુધીનું તેમનું જીવન ઘડાયું છે. તેમને મળેલી આ તકનો તેઓ પૂરેપૂરો ઉપયોગ કરશે, પોતાની પાસે રહેલી અપૂર્વ શક્તિમત્તા તેઓ જરૂર પુરવાર કરી આપશે, અને દુનિયામાં હિંદનું નામ વધારે ઊજળું બનાવશે અને વધારે વધારે સેવા આપવા માટે તેમ જ શક્તિમત્તા દાખવવા માટે તેમને ઉત્તરોત્તર વધારે ને વધારે વિશાળ કાર્યક્ષેત્ર મળતું રહેશે એવી આશા અને શ્રદ્ધાપૂર્વક તેમના અનેક મિત્રોએ અને પ્રશંસકોએ તેમને વિવિધ પ્રકારે વિદાયમાન આપ્યું હતું. તા. ૨૨-૧૦-૫૦ રવિવારના રોજ સ્થાનકવાસી સમાજની અનેક સંસ્થાઓ તરફથી શેઠ વેલજી લખમશી નપ્પુના પ્રમુખપણા નીચે એક ભવ્ય સત્કાર સમારંભ યોજવામાં આવ્યો હતો અને તે વખતે શ્રી ચીમનભાઈના વિશિષ્ટ વ્યક્તિત્વનો અનેક મિત્રોએ પોતપોતાની રીતે પરિચય આપ્યો હતો. તા. ૨૫-૧૦-૫૦ બુધવારના રોજ સર ચુનીલાલ ભાઇચંદ જૈન વિદ્યાર્થીગૃહના વિદ્યાર્થીઓ તરફથી મુંબઇની પ્રસ્તિક સમિતિના મંત્રી શ્રી ગણપતિશંકર દેસાઇના પ્રમુખપણા નીચે શ્રી ચીમનભાઈને સન્માનવામાં આવ્યા હતા. તા. ૨૭-૧૦-૫૦ ના રોજ શ્રી. ચીમનલાલ પી. શાહે શ્રી. ચીમનભાઈના માનમાં ફ્રીકૂટ્સ પ્લસ ઓફ ઇંડીઆમાં એક ચાપાણીનો મેળાવડો ગોઠવ્યો હતો અને ચોપાટી ઉપર આવેલી વીએનલી રેસ્ટોરાંમાં મુંબઇ જૈન યુવક સંઘના મંત્રી શ્રી રમણલાલ સી. શાહ તરફથી શ્રી ચીમનભાઈને એક રાત્રિ ભોજન આપવામાં આવ્યું હતું, જે પ્રસંગે સંઘની કાર્યવાહક સમિતિના સર્વ સભ્યોને નિમંત્રણ આપવામાં આવ્યું હતું.

આજે સન્માન-સમારંભોનો કોઇ તોટો નથી અને આવા પ્રસંગે ગવાતી પ્રશસ્તિઓમાં સાધારણ રીતે પ્રમાણ કે વિવેક જાળવવાની કોઇ ચિન્તા રાખવું નથી, પણ શ્રી ચીમનભાઇ માટે યોજાયેલા સર્વ સમારંભોની એ વિશેષતા હતી કે તે કેવળ ઔપચારિક નહોતા, તેની પાછળ સૌ કોઇના ઊંડા દિલનો ભાવ હતો અને તેમના વિષે આવા પ્રસંગે જે કાંઇ કહેવાયું-બોલાયું તેમાં કદી અતિશયતા કરવામાં આવી નહોતી એમ તો કહી ન જ શકાય એમ છતાં પણ તે પાછળ સૌ કોઇનો ઊંડો સ્નેહનિર્ઝરો અને ઉમળકો હતો. અને શ્રી ચીમનભાઈનો ઉત્કર્ષ એ જાણે કે પોતાનો જ ઉત્કર્ષ હોય એમ સૌ કોઇ અનુભવતું હતું. આપણે સૌ અપૂર્ણ માનવીઓ છીએ. આપણામાં અનેક ત્રુટિઓ છે તો શ્રી ચીમનભાઇમાં પણ અનેક ત્રુટિઓ છે. આમ છતાં પણ તેઓ આટલી બધી વ્યક્તિને પોતાના દિલ જીતી શક્યા છે, એ તેમની નોંધપાત્ર જીવનસામગ્રી ન કહેવાય, અને સાથોસાથ એમ પણ જરૂર કહી શકાય કે આપણા

ઘેરી છાયામાં જિંદગી સમાયેલી છે. દિલનો અવાજ મૃત્યુની છાયા સામે ટકરાઈ ઝીલી શકે છે.

સોની ધર્મ કરવાની લાગણી અમર થવા માટે છે. સૌ ઇચ્છે છે કે, મૃત્યુ ન આવે તો સારું; પરન્તુ જીવન ક્ષણભંગુર છે. આપણે ધરબીએ તે પ્રમાણે બનતું નથી.

મંદિરની મૂર્તિનું પૂજન કરવાથી મરેલા માણસને વધુ માર પડે છે. સનાતન શાશ્વત અમરતા દિલમાં પેદા થતી નથી. એ માટે આત્મદીપ સ્વભાવ અને સુખચેન હોવા જરૂરી છે.

જેના દિલમાં જિજ્ઞાસા ઉત્પન્ન થાય છે તેને કોઇનો ડર હોતો નથી. ડરપોક આદમી ધર્મને કઇ રીતે પચાવી શકે?

ગાંધીજી જેવા યુગપુરુષે માનવધર્મ-યુગધર્મ સમજાવ્યો, પરન્તુ આપણે એ માનવધર્મનું પાલન કરવાને લાયક રહ્યા નથી. સમાજમાં આજે લડાઈ અને અશાન્તિ છે. પ્રતિષ્ઠિત ધર્મીઓ મંદિરમાં જઈને સમાજસેવાનાં આડમ્બરમાં રાચે છે; જ્યારે ગરીબોને પેટપૂરતો રોટીનો સવાલ ઉપસ્થિત થયો છે.

માનવીનું જાતભાઇ પ્રત્યેનું કર્તવ્ય છે કે, બધાંને પોષણ મળે. આપણો માનવ ભાઇ ભૂખ્યો હોય અને આપણે મંદિરોમાં ધર્મ કરવાને દોડવા જઇએ તે નર્યો અધર્મ છે.

પ્રથમ ધર્મ તો ભૂખ્યાની ભૂખ ભાંગવાનો છે. પોતાની શક્તિ અનુસાર એ ફરજ ન બજાવી શકે તો ધર્મનાં નામનાં ટીલાં ટપ્પાંનો કોઇ અર્થ નથી. દિલની લાગણીને વશ થઇને શરૂ કરેલ ધર્મક્રિયા કદી થોભતી નથી; દુઃખ લાવતી નથી; દિલમાં ઐક્યતા લાવે છે; બધુભાવ પેદા કરે છે.

સાચી ધાર્મિકતા જિજ્ઞાસાથી ઉત્પન્ન થાય છે. અંતઃકરણમાં પ્રેમ ઉત્પન્ન થવાનો એક જ રસ્તો છે તે નિઃસ્વાર્થપણે ફરજ બજાવવાનો. મનુષ્ય એ પ્રેમ કેળવે; આચારનું શુદ્ધિકરણ કરે.

સમાજમાં દેખાતા વર્ગયુદ્ધ અને જાતિવાદના વિચારોને પોતાના દિલમાંથી દૂર કરે, પૂરાણી પ્રણાલિકાઓ છોડવાની નૈતિક હિંમત કેળવે, આત્મવિશ્વાસ સાધે, તો જ વ્યક્તિમાં સાચી ધાર્મિકતા આવશે અને સમાજ આજે જે પડતીની ખરાબાદીમાં હોમાઇ ગયો છે અને ઉગારો થશે.

પોતાના અંગત સ્નેહીને આવા વ્યક્તિગત તેમ જ સામુદાયિક ઉમળકાના પાત્ર બનેલા જોવા એ આપણા પક્ષે પણ કાંઈ નાની સરખી જીવનધન્યતા નથી.

જૈન-લુહાણા આન્તરજ્ઞાતિય લગ્ન

તા. ૧૧-૯-૫૦ ના રોજ મુંબઇની મેડીકલ કોલેજના ચોથા વર્ષમાં ભણતા જયશેખર નામના એક મારવાડી જૈન યુવાને પોતાની સાથે ભણતી સુકન્યા નામની લુહાણા જ્ઞાતિની યુવતી સાથે આર્યસમાજ વિધિથી લગ્ન કર્યું છે. આને લગતો એક સત્કાર સમારંભ વરના કુટુંબીજનો તરફથી તા. ૨૩-૧૦-૫૦ ના રોજ યોજવામાં આવ્યો હતો, જે પ્રસંગે વરકન્યાને આશીર્વાદ આપવા માટે મુંબઇના શહેરીઓની મોટી મંડળી ઉપસ્થિત થઇ હતી. વરના પિતા શ્રી. મગનલાલ જસરાજ મુંબઇની ઝવેરી બજારના એક બહુ જૂના જાણીતા દલાલ છે. આજે કેટલાક સમય થયાં ધંધાવ્યવસાયથી તેઓ ફારેગ થયા છે અને ઇન્દોરમાં નિવૃત્તિમય જીવન ગાળે છે. શ્રી. મગનલાલજી ચારિત્ર્યશીલ અને આજના જમાના સાથે આગળ પડતા વિચારો ધરાવતા એક વયોવૃદ્ધ ગૃહસ્થ છે. તેમનો સંતાન પરિવાર પણ એટલો જ ભાવનાશાળી અને ગુણસંપન્ન છે. ઇંદોર બાજુની મારવાડી કોમમાં અને તેમાં પણ ત્યાં વસતા જૈન સમાજમાં આવા આન્તરજ્ઞાતિય લગ્નસંબંધનું નિર્માણ લગભગ પહેલવહેલું છે અને તેથી ત્યાંના સમાજમાં આવા બનાવ વિષે ક્ષોભ પેદા થાય એ સ્વાભાવિક છે. આ બાબતની ઉપેક્ષા કરીને પોતાના પુત્રના આ લગ્નસંબંધને પૂરા દિલથી આવકારવા બદલ શ્રી મગનલાલજીને ધન્યવાદ ઘટે છે.

મળેલી માહિતી મુજબ આ લગ્નસંબંધને કન્યાનાં માતપિતાની અનુમતિ મળી શકી નહોતી. માતપિતાની ઇચ્છા પોતાની પુત્રી પોતાની જ્ઞાતિના કોઇ યોગ્ય યુવાન સાથે જોડાય એવી હતી. જૈન અને એમાં પણ મારવાડી—એ કન્યાનાં માતપિતાને મન ગળી ન શકાય એવો આકરો ઘુંટડો હતો. આવી જ એક ઘટના તાજેતરમાં અન્યત્ર પણ બની હતી. વિદ્વાન, સંસ્કારસંપન્ન અને સુપ્રતિષ્ઠિત માતાપિતાની એકની એક ગ્રેજ્યુએટ પુત્રી. પુત્રી પણ એટલી જ સુશીલ અને સંસ્કારી. તેણે પોતાની સાથે ભણતા એક સભાત સંસ્કારી અને સારી સ્થિતિના જૈન યુવાન સાથે લગ્ન સંબંધથી જોડાવાની ઇચ્છા પ્રગટ કરી. માતાપિતાની અનુમતિ મળી ન શકી. કન્યાએ છુપી રીતે ઉપર જણાવેલ યુવાન સાથે લગ્ન કરી નાખ્યું. ઉપર જણાવેલ કિસ્સામાંતેમ જ આ કિસ્સામાં પણ માબાપને આથી બહુ આઘાત લાગ્યો.

આજે આપણે ત્યાં ઘણી વખત જોવામાં આવે છે કે માબાપ આ પ્રશ્નને અમુક જ રીતે વિચારે છે; સંતાનો બીજી જ રીતે વિચારે છે અને પરિણામે માબાપ અને સંતાનો વચ્ચે મોટી અથડામણ ઊભી થાય છે. આપણે જોઇએ છીએ કે આજના સમયમાં લગ્નસંબંધ નક્કી થવામાં પરણનારની પસંદગી ઘણો મોટો ભાગ ભજવે છે. આમ છતાં પણ જે માબાપોએ પોતાનાં પુત્રપુત્રીને ભણાવી ગણાવીને મોટાં કર્યાં હોય તેમને આવાં લગ્ન સંબંધમાં કશો અભિપ્રાય જણાવવાનો હક્ક જ નથી એમ કહી ન જ શકાય. માબાપનાં દિલમાં પણ પોતાનાં સંતાનનું સર્વ પ્રકારે શ્રેય કેમ થાય એ જ માત્ર ચિન્તા હોય છે અને તેથી માબાપ બધી રીતે વધારે અનુભવી હોઇને પોતાનું સંતાન જીવનસાથી પસંદ કરવાની બાબતમાં કાચી ઉમ્મર કે ઓછા અનુભવના કારણે કોઇ ભૂલ કરી ન બેસે એવી ચિન્તા સેવે એ તદ્દન સ્વાભાવિક છે. આમ હોવાથી પોતાના સંતાન તરફથી જ્યારે પણ આવી કોઇ પસંદગી રજુ કરવામાં આવે ત્યારે ઉચિત માર્ગદર્શન આપવું એ દરેક માબાપનો અધિકાર છે એટલું જ નહિ પણ ખાસ ફરજ છે.

આવા મહત્ત્વના અને એમ છતાં અતિ નાજુક પ્રશ્ન ઉપર પોતાનાં સંતાનોને દોરવણી આપવા ઇચ્છતાં માબાપોએ એક બાબત ખાસ ધ્યાનમાં લેવાની જરૂર છે. સંતાનો માબાપની બીજી બધી વાત સાંભળશે, ધ્યાનમાં લેશે અને માબાપના અભિપ્રાયને અનુકૂળ થવાનો બને તેટલો પ્રયત્ન પણ કરશે. પણ અમુક છોકરો કે છોકરી અન્ય જ્ઞાતિ કે સંપ્રદાયનાં છે એટલા માટે પ્રસ્તુત પસંદગી યોગ્ય નથી આ વાત યા વિચાર ધ્યાનમાં લેવાને તેઓ બિલકુલ તૈયાર નથી હોતાં. આ યુગપલટો જે માબાપ ધ્યાનમાં નહિ લે તે માબાપ લગ્નની પસંદગીની બાબતમાં પોતાનાં પુત્રપુત્રીના કદી પણ માર્ગદર્શક બની નહિ શકે. પુત્રીનાં માબાપ ઘણી વખત એમ વિચારતાં હોય છે કે પોતાની જ્ઞાતિમાંથી જ્યાં સુધી યોગ્ય વર મળે ત્યાં સુધી અન્યત્ર જવાનો વિચાર ન કરવો અને પુત્રીની કોઇ જ્ઞાતિ બહારની પસંદગી સામે પોતાની જ્ઞાતિમાંથી લગભગ એવી યોગ્યતાવાળા કોઇ યુવાનને માબાપ પસંદ કરવાનું કહે છે અને એમ છતાં પણ પુત્રી જ્યારે એ દિશાએ નજર કરવાની ચોખ્ખી ના કહે છે અને પોતાની પસંદગીને વળગી રહેવાનો આગ્રહ દાખવે છે ત્યારે 'આ તે કેવી વિચિત્ર દીકરી છે' એમ નિઃશ્વાસ નાખીને માબાપ ખૂબ દુભાય છે અને આ મારાં માતપિતા આપણી જ્ઞાતિ, આપણી નાતજાત આવી જૂનવાણી વાતો શું કરી રહ્યા છે એમ વિસ્મય પામીને પુત્રી પોતાની દરખાસ્તને મજબૂતપણે વળગી રહે છે. પરિણામ એ આવે છે કે માબાપ આજનાં સંતાનોને બળાત્કારથી પોતાની ઇચ્છા મુજબ વરાવી શકતાં નથી, છોકરી સામે થઇને, ભાગી જઇને કે છુપી રીતે જેની સાથે નક્કી કર્યું હોય છે તેની સાથે પરણી બેસે છે અને માબાપ આજની ઉચ્છૃંખળ પ્રજાને શ્રાપ આપતાં લમણે હાથ મૂકીને આંસુ સારતાં બેસી રહે છે.

આજે મોટાં શહેરોમાં અનેક સંપ્રદાયનાં અને નાતજાતનાં છોકરાંછોકરી સાથે ભણે છે અને એકમેકના નિકટ પરિચયમાં આવતાં જાય છે. જે ઉચ્ચનીચના ભેદભાવ માબાપના વિચારોમાં તેમ જ વક્તવ્યોમાં રૂઢ થયા હોય છે તે સર્વ ભેદભાવ ઊછરતી પ્રજાને મન કેવળ અર્થશૂન્ય બની ગયા હોય છે. પટેલ અને પાટીદાર કોમ વર્ણ અને નાતજાતના ધોરણે બ્રાહ્મણ વાણિયા કરતાં ઊતરતી લેખાતી હતી. આજે તેમાંના કેટલાયે યુવાનો મોટા મોટા અધિકારો ભોગવે છે, દેશપરદેશ વેપાર ખેડે છે, અને પૈસે ટકે તેમ જ સત્તા પ્રતિષ્ઠાએ સામાન્ય સમાજમાં અગ્રસ્થાન ભોગવી રહ્યા છે. આજે જેને આપણે કેળવાયલા કહીએ છીએ તેમનો વર્ગ સ્વતંત્ર રીતે ઊભો થઇ રહ્યો છે અને કોણ કઇ જ્ઞાતિ કે સંપ્રદાયનો છે તેના કશા પણ વિચાર વિના સરખું ભણેલા યુવક યુવતીઓ લગ્નસંબંધથી જોડાઇ રહ્યાં છે. આજના નવા સંબંધો નક્કી થવામાં પણ રૂપ, ભણતર, ચારિત્ર્ય, માબાપની પ્રતિષ્ઠા, આર્થિક પરિસ્થિતિ—આ બધી બાબતોને અલ્પાધિક અંશે પહેલા જેટલું જ મહત્ત્વ આપવામાં આવે છે. હિંદુ, મુસલમાન પારસી કે ખ્રિસ્તી, ગુજરાતી, મરાઠી કે બંગાળી, હિંદી કે અહિંદી આ દીવાલોને ઓળંગીને આપણા દેશમાં અવારનવાર લગ્નસંબંધો યોજાય છે એમ છતાં પણ આ દીવાલો પણ હજુ જીવતી છે અને સાધારણ રીતે આ દીવાલોની અંદર રહીને જ લગ્નની પસંદગી કરવામાં આવે છે. પણ આપણને લાગેવળગે છે ત્યાં સુધી ગુજરાતી હિંદુ સમાજમાં જૈન, વૈષ્ણવ કે બ્રાહ્મણના સંપ્રદાયભેદનો ખ્યાલ કે બ્રાહ્મણ, વાણિયા, લુહાણાનો જ્ઞાતિભેદનો ખ્યાલ આજની ઊછરતી પ્રજામાં લગભગ ભુંસાઇ ગયો છે. અને તેથી જે માબાપો પોતાનાં પુત્ર કે પુત્રીની અમુક પસંદગીનો આ કારણે આજે વિરોધ કરે છે તેઓ કાળબળને ઓળખતા નથી અને પોતાનાં સંતાનો સાથે બિનજરૂરી અથડામણ નોતરે છે.

ગિરનાર તીર્થમાં શ્વે. મૂ. જૈનોને મનાઇ હુકમ

થોડા દિવસ પહેલાં દૈનિક પત્રોમાં નીચે મુજબ સમાચાર પ્રગટ થયા હતા:—

"સૌરાષ્ટ્ર સરકારે શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનોને, ગિરનારમાં કોઈ પણ સ્થળે બાધકામમાં ફેરફાર કરવાની મનાઈ કરી છે. આ મનાઈ હુકમમાં બીજી બધી કોમોને વરસોથી મળતી આવે છે તે પ્રમાણેની પાણીની પ્રસાદ થવાની સગવડ મળવી જોઈએ. દિગંબરો અને દિગંબર જૈનોએ રજુ કરેલી ફરિયાદો ઉપરથી આ મનાઈ હુકમ આપવામાં આવ્યો છે."

કેટલાક વખત પહેલાં પ્રબુદ્ધ જૈનમાં ગિરનારમાં આવેલા સહસ્રાવનના પગલાંનો પ્રશ્ન સંઘ શ્વેતાંબર અને દિગંબર જૈનો વચ્ચે ચાલતા ધર્મયુદ્ધ વિષે ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. ત્યાર પછી એમ જાણવા મળેલું કે સોરાષ્ટ્રના મુખ્ય પ્રધાન શ્રી ઢેબરભાઈ ગિરનાર જઈ આવેલા અને દિગંબર જૈનોનું એક પ્રતિનિધિ મંડળ તેમને મળેલું. ત્યાર પછી ઉપરના સમાચાર વાંચવા મળે છે તે ઉપરથી અનુમાન થાય છે કે ગિરનાર ઉપર જૈનોના બે ફિરકાની અધડાપણ સહસાવન ઉમરોત બીજા પ્રશ્નને અંગે પણ ચાલી રહી છે એટલું જ નહિ પણ હિંદુઓ અને જૈનો વચ્ચે પણ કોઈ બાબતનું ધર્ષણ ચાલી રહ્યું છે, એટલું જ નહિ પણ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનો સામે સૌરાષ્ટ્ર સરકારને આવો એકાએક મનાઈ હુકમ કાઢવો પડયો છે તે સૂચવે છે કે પરિસ્થિતિ કોઈક ગંભીર થઈ રહી છે. આ સંબંધમાં પ્રબુદ્ધ જૈનમાં તેમજ જૈન સમાજના અન્ય સામયિકોમાં વાસ્તવિક પરિસ્થિતિ શું છે તેમ જ શ્વેતાંબર મૂર્તિપૂજકોને આ વિવાદગ્રસ્ત પ્રશ્નો સંબંધે શું કહેવાનું છે તે વિષે જરૂરી ખુલાસો કરવા જેઓ ગિરનારના તીર્થનો હાલ વહીવટ કરે છે તે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રમુખ શેઠ કસ્તુરભાઈ લાલભાઈને વારંવાર વિનંતિ કરવામાં આવે છે, પણ એ દિશાએ આજ સુધી એકસરખું મૌન સેવવામાં આવ્યું છે જે ભારે આશ્ચર્યજનક છે. કોમ કોમ વચ્ચે આવા વર્ષણને વર્ધવા દેવું ન જ જોઈએ અને અંદર અંદર સમજાવટથી શકયતા ન હોય તો યોગ્ય લવાદ મારફત આ બાબતનો તુરત નિકાલ લાવવો જોઈએ. આવે વખતે એક પક્ષ કેવળ મૌન સેવીને બેસી રહે એ પોતાના પક્ષને નુકસાન કરે જ છે એટલું જ નહિ પણ કોમ અને સાંપ્રદાયિક અથડામણને વધારે ઉગ્ર બનાવે છે. આપણે આશા રાખીએ કે શેઠ કસ્તુરભાઈ લાલભાઈ ગિરનારની પરિસ્થિતિ વિષે વિનાવિલંબે પ્રકાશ પાડશે અને ઊભી થયેલી તકરારોનો યોગ્ય તોડો લાવવા માટે સત્વર સક્રિય બનશે.

અતિશયોક્તિની પણ પરાકાષ્ઠા

પંડિત દરબારીલાલજી કેટલાંક વર્ષથી વર્ધામાં રહે છે. ત્યાં તેઓ એક આશ્રમ ચલાવે છે જે 'સત્યાશ્રમ'ના નામથી ઓળખાય છે. તેઓ પોતાને પણ કેટલાંક સમયથી 'સ્વામી સત્યભક્ત'ના નામથી ઓળખાવે છે. તેઓ તા. ૧૬–૧૧–૫૦ નાં રોજ ૫૧ વર્ષ પૂરાં કરીને ૫૨ માં વર્ષમાં પ્રવેશ કરે છે. તેમની આવનમી જન્મજયન્તીને અંગે સત્યાશ્રમમાં તા. ૧૬–૧૧–૫૦ ના રોજ એક મોટા ઉત્સવ સમારંભ યોજવામાં આવ્યો છે. આ સમારંભને લગતું એક પરિપત્ર સ્વામી સત્યભક્તનો નીચે મુજબ પરિચય આપવામાં આવ્યો છે:—

"सर्वतोमुखी प्रतिभाशाली विद्वान, महान विचारक और प्रखर तार्किक, सुलेखक, सुकवि, कथाकार, नाटककार, संपादक, प्रखर वक्ता, सामाजिक और धार्मिक क्रान्तिकारी, राजनीति और अर्थ-व्यवस्था के मर्मज्ञ, विज्ञान और धर्म के समन्वयकर्ता, विश्वकी एकता के लिये एक वैज्ञानिक भाषा (मानव भाषा) और लिपि (भारती लिपि और मानवी लिपि) तथा सुघरी हुई अत्यन्त शुद्ध टेलीग्राफी (तार लिपि) के निर्माता, विश्वप्रेमी, सर्वस्वत्यागी, प्रसन्नमूर्ति मानसिक वाचनिक और शारीरिक श्रम की मूर्ति, सत्येश्वर और पैगम्बर और युगपुरुष है स्वामी सत्यभक्त."

સ્વામી સત્યભક્તનો પરિચય આપવા માટે સમારંભના યોજકોએ આટલા બધા વિશેષણો યોજવા પડયા તેના બદલે જો 'કલકલાસનના' એટલું જ વિશેષણ સ્વામી સત્યભક્તનો પરિચય આપવા માટે યોજવામાં આવ્યું હોત તો એ વિશેષણના ઉપરનો સર્વ ગુજરાતી સમાલેશ થઈ જાત એટલું જ નહિ પણ એટલાં વિશેષણો વાપરવા છતાં પણ એમનો પ્રથમ સંકો સ્વામીજીનો પુરો પરિચય આપી શકતા નથી. એથી જે અતૃપ્તિની લાગણી તેઓ અનુભવે છે તે પૂરેપૂરી સંતોષાત.

અતિશયોક્તિની આથી વધારે પરાકાષ્ઠા કદાપી શકાતી નથી. સ્વામી સત્યભક્ત સત્યના માર્ગે વિચરતા હોય યા ન હોય, પણ આવી અતિશયોક્તિઓનો વિલાસ આચરતા તેમના અનુયાયીઓ અને ઉપાસકો તો સત્યના માર્ગે છે જ નહિ, આ વિષે બે મત હોવા સંભવ નથી. આટલું સત્ય તેમના ઉપાસકો સમજશે અને સ્વામીજી પણ પોતાની તીણી આ તરફ ખેંચશે તો ભક્તજનો પક્ષે સત્ય જોખમાતું કાંઈક અટકશે.

જૈન મહિલા સમાજનો વાર્ષિક ઉત્સવ અને 'સમણી વિહાર'ની રજુઆત

મુંબઈની જે સંસ્થાઓમાં જૈન મહિલા સમાજ એક અગ્રગણ્ય સંસ્થા છે. મુંબઈના જાહેર જીવનમાં જેઓ સન્માનભર્યું ઉચ્ચ સ્થાન ધરાવે છે તેવાં બહેન શ્રી તારાબહેન ઝવેરીલાલ પ્રેમચંદ આ સંસ્થાનાં પ્રમુખ છે અને શ્રી. લીલાવતીબહેન દેવીદાસ, શ્રી મેનાબહેન નરોત્તમદાસ, શ્રી જસુમતીબહેન મનુભાઈ, શ્રી તારાબહેન ચંદુલાલ વગેરે બહેનો આ સંસ્થાના આગેવાન કાર્યકર્તાઓ છે. આ સંસ્થા તરફથી અનેક શિક્ષણ પ્રવૃત્તિઓ ચલાવવામાં આવે છે અને આ સંસ્થાનો અધિકારી વર્ગ જૈન છે તેમ જ સંસ્થાનું આર્થિક સંવર્ધન પણ જૈન સમાજને લીધે થયું છે. આમ છતાં પણ આ સંસ્થાની ભિન્નભિન્ન પ્રવૃત્તિઓનો લાભ નાત જાતનો ભેદભાવ સિવાય સૌ કોઈ બહેનો સમાન કોટિને આપવામાં આવે છે. સંસ્થા તરફથી કોટમાં હુન્નર ઉદ્યોગનાં તથા ચાલુ ભણતરના વર્ગો ચલાવવામાં આવે છે જેની એક શાખા દાદરમાં પણ ખોલવામાં આવી છે. આ ઉપરાંત કોટમાં એક બાળમંડળ નામની પ્રવૃત્તિ ચાલે છે જે દ્વારા દર શનિવારે તથા રવિવારે બાળકોને હસ્તઉદ્યોગનું કામ, કોતરકામ, ચિત્રકામ, માટીના રમકડાં બનાવવાનું કામ વગેરે શિખવવામાં આવે છે. આ ઉપરાંત આ સંસ્થા તરફથી કોટમાં બાલકલ્ન-જી-બારીનો પણ એક શાખા ખોલવામાં આવી છે જેનો પણ બધી કોમનાં બાળકો સારી સંખ્યામાં લાભ લે છે.

આ સંસ્થાએ તાજેતરમાં બહુ મોટી કિંમતનું એક મકાન ખરીદ્યું છે જ્યાં સંસ્થા પોતાની સર્વ પ્રવૃત્તિઓ કેન્દ્રિત કરવા ઇચ્છે છે. આ મકાનનું ફંડ એકઠું કરવા સંસ્થાનાં કાર્યકરો તનતોડ મહેનત કરી રહ્યા છે. આ જ હેતુથી તા. ૧૫–૧૦–૫૦ ના રોજ 'સમણી-વિહાર' નામનું એક નાટક આ સંસ્થા તરફથી યોજવામાં આવ્યું હતું. સતી સુદર્શનાની જૈન સાહિત્યમાં જાણીતી કથા છે. તે કથા વસ્તુ લઈને એક નર્તન નાટિકા (dancedrama) તૈયાર કરવામાં આવી હતી અને મુંબઈમાં શ્રી કે. કે. શેટીનું નાટય ભજવનાર એક પ્રકારનું ખંધારી મંડળ છે તેણે આ નાટિકા બહુ સુંદર અને આકર્ષક રીતે ભજવી બતાવી હતી. નાટિકા ભજવનાર પાત્રો નૃત્યકુશળ તેમ જ અભિનયકુશળ હતા. બાજુએ ગાયકવૃંદ સંગીત તેમ જ ગાયનના આકારમાં જે કાંઈ ભજવાતું હતું તેની રજુઆત કરતું હતું. આખી નાટિકા નૃત્યપ્રધાન હતી અને મનોરંજન એ નાટિકાનો મુખ્ય હેતુ હતો. કથાની નાની સરખી વસ્તુ આસપાસ ભિન્નભિન્ન પ્રકારનાં નૃત્યોની આયોજના કરવામાં આવી હતી. જૈન કથાને નાટકના આકારમાં રજુ કરવાનો આ એક સ્તુત્ય પ્રયાસ હતો. જૈન સાહિત્યમાં આવી અને આથી પણ ચડિયાતી અનેક કથાઓ છે અને તેમાંથી અનેક નાટકો નિર્માણ થાય એવી શકયતા ભરેલી છે, પણ આવા નાટકો રજુ કરવામાં મોટી મુશ્કેલી એ આવે છે કે જૈન કથાઓ આપણે

ત્યાગપ્રધાન હોઇ જૈન સાધુસાધ્વીઓ કથાઓમાં અગત્યનો ભાગ ભજવતા હોય છે. તીર્થંકરનું ચરિત્ર રજુ કરવું હોય તો તેનો પણ પાઠ કોઇએ ભજવવો જ રહ્યો. સ્થિતિચુસ્ત વર્ગ આ સામે વિરોધની લાગણી ધરાવે છે. પરિણામે જૈન કથાઓ યથાસ્વરૂપે રંગભૂમ ઉપર રજુ કરી શકાતી જ નથી. ધર્મપ્રચાર માટે જ માત્ર નહિ પણ ઉચ્ચસ્થ જૈન સાહિત્યની ઊંચી વસ્તુઓ રજુ કરવા માટે પણ રંગ-ભૂમિ એક ઉત્તમ સાધન છે. આ સાધનનો પોતાની સાંકડી દૃષ્ટિને લીધે જૈનસમાજ બિલકુલ ઉપયોગ કરી શકતો નથી. પ્રસ્તુત સમણી-વિહારમાં જ્યારે સમણીનો કોઇ પારધી શિકાર કરે છે અને સમણી તરફડિયાં મારતી મૃત્યુ સમીપ જઇ રહી છે ત્યારે તેને જૈન મુનિઓ નવકારમંત્ર સંભળાવે છે. એમ છતાં આ જૈન મુનિઓ દેખાતા જ નથી. વળી પૂર્વભવ સ્મરણના પરિણામે રાજકન્યા સુદર્શના સમણીના ભવમાં જે મુનિઓએ નવકાર મંત્ર સંભળાવીને તેના માટે સદ્ગતિનું નિમિત્ત ઊભું કર્યું હતું તે મુનિઓ પાસે જવા ઊપડે છે તે દૃશ્યે નાટક પૂરું થાય છે. વસ્તુતઃ તે મુનિઓ પાસે સુદર્શના ધર્મદેશના સાંભળીને ચારિત્ર્ય ગ્રહણ કરે છે ત્યાંસુધીનું દ્રશ્ય રજુ કર્યા સિવાય નાટિકા પૂરી કરવી જોખતી નહોતી. પણ એ રીતે નાટક રજુ કરવાનું વર્તમાન સ્થિતિચુસ્તતાના કારણે શકય બનતું નથી અને પ્રેક્ષકગણ આમ એકાએક નાટક કેમ પૂરું થઇ ગયું એમ વિસ્મય પામે છે અને જે કંઇ જોયું તે અધુરું જોયું એવી લાગણી અનુભવે છે. જૈન સમાજે કાળબળને પરખીને અને અન્ય સમાજો જે રીતે આગળ વધી રહ્યા છે તે ધ્યાનમાં લઇને, પોતાનું સાંકડાપણું છોડવું જોઇએ અને ધર્મગ્રંથોમાં જે અદ્-ભુત કથાનકો અને ચરિત્રો પડયા છે તેને રંગભૂમિ અને સિનેમાં ફિલ્મ દ્વારા પ્રકાશમાં લાવવા કટિબદ્ધ થવું જોઇએ. જૈન મહિલા સમાજે આ દિશાએ જે નાની સરખી પહેલ કરી છે તે માટે તેને ધન્યવાદ ઘટે છે. તદુપરાન્ત આ નાટક દ્વારા જૈન મહિલા સમાજને ભગભગ રૂા. ૧૫૦૦૦ ની આવક થઇ છે તે માટે અથાગ પરિશ્રમ લેનાર સંસ્થાની કાર્યકર બહેનોને પણ ધન્યવાદ ઘટે છે. આ નર્તન-નાટિકા સાથે એક સામાજિક હાસ્યરસિક નાટિકા સંલગ્ન કરવામાં આવી હતી. આમાં અન્તર્ગત કરવામાં આવેલ હાસ્યરસ અને રમૂજ સાધારણ અને બબ્બર પ્રકારના હતા; જોકે તે ભજ-વવામાં ભિન્ન ભિન્ન પાત્રોએ સારી કુશળતા દાખવી હતી.

આ નાટિકા સમારંભના પ્રમુખસ્થાને શ્રી. વાડીલાલ ચત્રભુજ ગાંધી બિરાજ્યા હતા જેમણે સંસ્થાને રૂા. ૨૫૦૦૦ નું કેટલાક સમય પહેલાં દાન આપ્યું હતું અને જે દાનમાંથી તેમનાં સ્વર્ગસ્થ પત્ની સૌ. મંગળાગૌરીનું નામ જોડીને સંસ્થા તરફથી હુન્નર ઉદ્યોગના વર્ગો શરૂ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે પણ તેમણે સંસ્થાને રૂા. ૧૦૦૦ નું દાન કર્યું હતું.

આ નાટિકા સમારંભના આગળના દિવસે સર કાવસજી જહાંગીર હૉલમાં સંસ્થાનો વાર્ષિક ઉત્સવ શ્રી. કાન્તિલાલ ઇશ્વર-લાલના પ્રમુખપણા નીચે યોજવામાં આવ્યો હતો; જે પ્રસંગે સંસ્થાની વર્તમાન પ્રવૃત્તિઓ વિષે અનેક વકતાઓએ વિવેચનો કર્યાં હતાં અને સંસ્થા પ્રત્યે જન સમાજના દિલમાં રહેલી ઊંડી સદ્ભાવની લાગણી વ્યકત કરવામાં આવી હતી. આ પ્રસંગે જે સદ્ગત બહેનના નામ સાથે સંસ્થાનાં હુન્નર ઉદ્યોગ વર્ગો સંલગ્ન કરવામાં આવ્યા છે તે બહેન નિમળાગૌરીની છબીનું અનાવરણ કરવામાં આવ્યું હતું.

ગાંધીજીનું એક પ્રાર્થનાકાવ્ય

ગાંધીજીએ ગુજરાતી તેમ જ અંગ્રેજી ભાષામાં અનેક વિષયો ઉપર તેમ જ પ્રશ્નો ઉપર પારવિનાનું લખ્યું છે તેમના લખા-ણનો ઘણો મોટો ભાગ કાં તો પ્રચારલક્ષી છે અથવા તો દેશની કોઇ પણ સમસ્યા અથવા તો રાજકીય ઘટનાને અનુલક્ષીને લખા-યેલો છે. કેવળ અન્તર્મુખ બનીને લખ્યું હોય એવું અને જેને શુદ્ધ સાહિત્યસર્જન કહેવાય એવું ગાંધીજીનું લખાણ ભાગ્યે જ જોવામાં આવે છે. આમ છતાં પણ આ કોટિમાં મૂકી શકાય એવું એક પ્રાર્થના કાવ્ય, હૈદ્રાબાદમાં કામ કરતાં કુ. લિનફ્રથે સંદેશાની માંગણી કરેલી તેના ઉત્તરરૂપે, તા. ૧૨-૪-૩૪ ના રોજ ગાંધીજીએ મોકલેલું જે સંસ્કૃતિના ઓકટોબર માસના અંકમાં પ્રગટ થયું છે. તેનું મૂળ અંગ્રેજી નીચે મુજબ છે:—

Lord of humility, dwelling in the little Paria hut, help us to search for thee through out that fair land watered by Ganges, Brahmaputra and Jamuna.

Give us receptiveness, give us open-heartedness, give us Thy humility, give us the ability and willingness to indentify ourselves with the masses of India.

God, who does help only when man feels utterly humble, grant that we may not be isolated from the people, we would serve as servants and friends.

Let us be embodiments of self-sacrifice, embodiments of godliness, humility personified, that we may know the land better and love it more.

શ્રી. ઉમાશંકર જોષીએ આ પ્રાર્થના-કાવ્યનો નીચે મુજબ અનુવાદ કર્યો છે:—

દીન ભંગી તણી હીન કુટિયા મહીં
નિવસતા નમ્રતાના નિધિ હે!
જાહ્નવી, બ્રહ્મપુત્રાતણાં સરિત યમુનાતણાં પુણ્યગહરાં,
એહ સુંદર અહો દેશમાં શોધવા સૌ મથી એ તને! સ્હાય તું થા!
દીન ભંગી તણી હીન૦

થાય મન મોકળાં, હૃદય ખુલ્લાં રહે હે હરિ, તાહરી નમ્રતા દે!
ભૂમિ ભારત તણા લોકથી એક રસ થૈ જવા શકિત મતિ ને રૂપહા દે!
દીન ભંગી તણી હીન૦

હે પ્રભુ! સ્હાય તું થાય છે માત્ર જ્યાં થઇ રહે નર નિરાધાર છેઃ;
મિત્ર, ચાકર બની સેવીએ લોક જે તેથી વિખૂટા ન પડીએ તું દેખ!
દીન ભંગી તણી હીન૦

આત્મબલિદાનની મૂર્તિ થઇએ અમે, દિવ્ય મૂર્તિમતી નમ્રતા થા,
જેથી આ ભૂમિનું થાય દર્શન સુભગ ને વહે એ પ્રતિ પ્રેમધારા
દીન ભંગી તણી હીન૦

આવો સુંદર અનુવાદ કરવા માટે ભાઇ ઉમાશંકરને ધન્ય-વાદ ઘટે છે.

પરમાનંદ

સાભાર સ્વીકાર

પ્રશમરતિપ્રકરણમ્

શ્રી ઉમાસ્વાતિ વિરચિત: સંપાદક પં. રાજકુમારજી સાહિ-ત્યાચાર્ય કિંમત રૂા. ૬-૦-૦

ન્યાયાવતાર

આચાર્યશ્રી સિદ્ધસેન દિવાકર વિરચિત: અનુવાદક પં. વિજયમૂર્તિ શાસ્ત્રાચાર કિંમત રૂા. ૫-૦-૦

શ્રી પરમશ્રુત પ્રભાવક મંડળ તરફથી પ્રસિદ્ધ થતી શ્રીમદ્ રાજચંદ્ર જૈન ગ્રંથમાળામાં પ્રગટ થયેલાં ઉપરના બે ગ્રંથો અવ-લોકનાર્થે મળ્યાં છે.

તંત્રી-પ્રબુદ્ધ જૈન

પર્યુષણ વ્યાખ્યાનમાળા : અમદાવાદ

[છેલ્લા ચાલીસ વર્ષથી અમદાવાદમાં પર્યુષણ વ્યાખ્યાનમાળા ચાલી રહી છે. આજે આ વ્યાખ્યાનમાળાનો જૈન તેમજ જૈનેતર ભાઇબહેનો સારી સંખ્યામાં લાભ લે છે; અને હવે તો 'પ્રેમાભાઇ હોલ' પણ તેને માટે સાંકડો પડતા લાગ્યો છે. ત્યાના સ્થાનિક પત્રો દરરોજના આ બે વ્યાખ્યાનોની નોંધ નિયમિત રીતે આઠ દિવસ આપે છે. આ સોળ પ્રવચનોની અગત્યની વિચારસરણી, એ પત્રો ઉપરથી તારવીને "પ્રબુદ્ધ જૈન" માં આપવાનું નક્કી કર્યું છે; તેમાંથી બીજા દિવસના બે પ્રવચનોનો સાર નીચે આપ્યો છે. —તંત્રી]

(૨)

વિચાર અને આચાર

આજે આપણે જેવું જીવન જીવીએ છીએ. એકલા હોઇએ છીએ ત્યારે તરંગ અને તુક્કા ઉઠાવીએ છીએ; મનની વાત મનમાં રાખીએ છીએ. વ્યક્તિ અને માનવસમૂહ વચ્ચેના સંદેશાનું કામ માનવીના આચાર કરે છે.

શેકસપિયર જે જમાનામાં થયો હતો તે જમાનામાં અખબારો નહોતા, થિયેટરમાં જો કરુણાંત નાટક ભજવવાનું હોય તો તેના પર કાળો વાવટો ચઢતો, અને હળવાં નાટકો ભજવવાનાં હોય તો રંગબેરંગી વાવટો ચઢતો અને એ રીતે જાહેરાત થતી અને માનવીઓ આકર્ષાતા. એ રીતે જગતને પણ માનવી આકર્ષે છે અને પછુ પકડે છે આચારરૂપી વાવટાથી : આચાર-વર્તનથી. એ એવો વાવટો ફરકાવે છે કે અંતરમાં રહેલું તુરત જાહેરાતને જ્યાંય છે. આચારના તાંતણા સમષ્ટિ સાથે માનવીનું જીવન સાંકળે છે.

વ્યવહાર મોટી વસ્તુ છે. સંસ્કાર, આદર્શ અને ભાવના જો આચારમાં ઉતારવાના ન હોય, અને માનવીનું જીવન સ્વાર્થી રહેવાનું હોય, તો તો એ બધું ચિંતન, એ બધાય સંસ્કૃતિ સંદેશા માનવી માટે નકામા છે.

આજે આચારની જે સ્થિતિ છે, એમાં જે અધઃપતન છે, વર્તનમાં જે શૈથિલ્ય છે અને સ્વાર્થી નજરત પ્રવેશેલી છે એ અંગે વિચાર કરવો જોઇએ.

સંસ્કારસૃષ્ટાઓ, ધર્મિક આંદોલનોની પરંપરાઓ અને સંસ્કૃતિ માટે પ્રયાસ કરનારા અનેક નબી-અનામો સાધકો આવે છે અને સંસ્કાર-સંદેશ આપે છે, પણ આપણે દરિયાકિનારાનાં ચંબોડીપલ્લાઓ જેવા છીએ. ચંબોડીપલ્લામાં ભરતી વખતે પાણી ભરાય, ભરતી જતાં પાણી જતું રહે એમ આપણે સાધકોના સંદેશા ઝીલીએ છીએ, સંસ્કારપ્રવૃત્તિ કરીએ છીએ, અને પછી એ જતા રહે છે, અને આપણો જીવનમાર્ગ નિષ્ક્રિય બની જાય છે.

આ ભારતમાં રાજકીય પરાધીનતાના સમયે પણ સંસ્કાર-ઝીળો સુકાઇ નહોતી. ૧૮૫૭ ના નિષ્ફળ સ્વાતંત્ર્ય-યુદ્ધ પછી પણ સ્વામી રામકૃષ્ણ, મહાત્માજી જેવા અનેક સંદેશવાહકો આવ્યા હતા, જ્ઞાનપ્રવાહ સુકાયું નહોતું અને આપણી પ્રજા આધિભૌતિક ચિંતનપ્રવાહમાં સાવ ડૂબી ન હતી. એ પ્રજાનું આજે આચારમાં અધઃપતન અને વિચારમાં વિનિપાત દેખાય છે.

જ્ઞાનમાત્ર પુરતકિયા જ્ઞાનથી, વિદ્વાનોના સંદેશાઓથી, કે સંસ્કારકોના ઉદાહરણોથી ટકી શકતી નથી. જો પ્રજા એને આચારમાં અવતરિત કરે તો મહાપુરુષોના એ દિવ્ય પયગામોને હરગીઝ સાચવી શકવાની નથી.

પણ એમ થાય છે કદાચ પ્રજાનો એમાં વાંક ન હોય. કદાચ આર્થિક પરિસ્થિતિ, રાજકીય પારસ્થિતિ, કે હાલની સામાજિક અસ્થિરતાનો પણ એમાં દોષ હોય. આચાર એ તો સમાજ વચ્ચે અને જીવંત માનવી વચ્ચે ઘડાયેલા નિયમો છે. આચાર એટલે બીજા માનવી સાથેનું વર્તન.

જીવંત સૃષ્ટિમાં કોઇ પણ જંતુ ગતિ વિના જીવી શકતું નથી. જીવન એટલે ગતિ. વર્તન આચાર અને તે પહેલાં વર્તનનું રૂપ જીજીવિષામાં રહેલું છે. વર્તનનો અંત વૃત્તિને સંતોષવામાં રહેલો છે. જોકે આ નીચી સપાટીની વાત છે વૃત્ત પર સમાજ રચી શકાતો નથી. વૃત્તિ પર બનતી શકે; સ્વાર્થ ખાતર સહુને એકત્ર કામ કરતા કરી શકે, પણ બે વૃત્તિ-બે સ્વાર્થ વચ્ચે અથડામણ થાય ત્યારે એ સહકાર તૂટી પડે, આચાર નષ્ટ બને.

આચાર શિથિલતાનું કારણ આર્થિક પ્રલોભન સ્વાર્થ સાધવાની વૃત્તિ અને પારકાની સગવડ સાચવવાની વૃત્તિનો અભાવ છે. બીજું કારણ આજની પરિસ્થિતિ, આવી ગયેલા બબ્બે યુદ્ધો અગર ભાવિ પરિસ્થિતિને કારણે પણ હોય. જ્યારે દેશદેશ વચ્ચે ભયમાં આવી પડ્યા હોય, ત્યારે સમાજ સનાતન છે, નિયમો શાશ્વત છે એ વાત ટકી શકે નહિ, અને જ્યારે માનવીના મનમાં અસ્થિરતા આવી ગઇ છે, કોઇ દેશને કાલનો ભરોસો નથી, એવો ભય પેદા થયો છે, ત્યારે આચાર ટકે શી રીતે?

આજે તો માનવી માને છે કે તક મળી છે, મોજ મઝો છે, હોય તે રાખો અને વધુ મેળવી લો; આવી સ્થિતિમાં આચાર ચાલે કઇ રીતે? ટકે કઇ રીતે? અગાઉના યુદ્ધોમાં ધર્મયુદ્ધનો આંક હતો, અમુક સંયમ રખાતો, પણ આજે તો નાદીરશાહે યુદ્ધમાં જે નહોતું કર્યું તે આપણે કરી બતાવ્યું છે. આજે તો એક દેશને બીજા દેશ પ્રત્યે એટલી ખારાશ પ્રકટી છે અને એકબીજા પ્રત્યે એવી રીતે વર્તે છે કે એ રીતે જો એક માનવી બીજા માનવી પ્રત્યે વર્તે તો તેને આપણે ચુંડો કહીએ. આજે યુનોમાં ચાલતી ચર્ચાઓ પણ વડ નીચે લૂંટનો ભાગ વહેંચાતો હોય એવા લાગે છે.

આજના આચારશૈથિલ્ય અને જરાક આંખમીંચામણાં આવા હોય તો આજે દુનિયામાંથી જે સંદેશ આવી રહ્યો છે કે જે હોય તેને વળગી રહો અને વધુ માગો કરો, એને તે આભારી છે. એવી પરિસ્થિતિમાં વ્યક્તિ બિનજવાબદાર બને તો તેમાં વ્યક્તિનો દોષ નથી. દેશો જાણે યુદ્ધ કરવા તૈયાર હોય—જરાક મનદુઃખ કે મતભેદ થાય કે તરત યુદ્ધ કરવા તૈયાર થઇ જાય છે. જો આવા દેશો મહાન રાજકીય પુરુષોમાં હોય તો સામાન્ય વ્યક્તિની વાત શી?

આચારવિષયક દોષમાં આજની પરિસ્થિતિ સર્વે સમાજનો પણ દોષ છે. સમાજનો દોષ એટલા માટે કે જે રૂઢિ ગઇ કાલે જરૂર હતી તેને આજે પણ વળગી રહેવું એ કૃત્ય આચારને જડ બનાવે છે.

અનુભવ ગઇ કાલનો પાઠ શીખવે છે; આવતી કાલની તૈયારી અનુભવ શીખવતો નથી. જે ધારાધોરણ ઘડ્યા હોય તે પલટાતી પરિસ્થિતિ પ્રમાણે બદલાવા જોઇએ, કેમકે ધારાધોરણ એ સમાજના સુખ માટે છે; અધઃપતન માટે નથી. આ આજે ધારા-ધોરણો જડ બની ગયા છે, પરિણામે સમાજમાં શૈથિલ્ય આવ્યું છે.

આપણો સમાજ દિનોદર પ્રાણી જેવો છે. છેલ્લા વર્ષોમાં રાજકીય પરિસ્થિતિ અર્થતંત્ર વગેરે બદલાયા છે, ત્યારે ત્રાણીસમી સદીનાં જે નક્કી થયું હતું તે બરાબર છે એમ કહેવાથી અથવા ત્યારના જે આચારો હતા તેને વળગી રહ્યા થી શું? ગયા આચાર મેઘધનુષ જેવા સુંદર હતા, મીઠાં હતાં, પણ જીવન ફેરવાયા પછી એને વળગી રહેવાથી લાભ શો?

આપણે સંસ્કારધન સાચવીએ, આચારના જૂના ટુકડા સાચવીએ, પણ આજના નવા ભયમાં ફરી કટિબદ્ધ થવા પ્રયત્નશીલ થઇએ અને તે ત્યારે જ થાય જ્યારે નવી ન્યાયપ્રણાલિકા રચાય, નવા સંસ્કારપટ રચાય; નહિ તો આજના રોગો ચાલુ રહેશે.

આજનું ભયંકર લક્ષણ એ છે કે આપણામાં આચાર નથી. દરેક ક્રાન્તિ આવે છે; અને યુદ્ધની તૈયારી કરે છે. માનવના

હંમેશ રાખવી, સેવાનો મંત્ર રાખવો, પરોપકાર રાખવો, એમ તે માને છે, પણ આખરે તો તે જે છે એ જ રહે છે.

આ સ્થિતિ માત્ર બુદ્ધિથી અને સાચા દિલથી જ ફરી શકે. માનવી સુરક્ષિત અનાથ નથી. કોઈ પ્રકારનો ભય નથી, એમ એ જ્યારે માનતો થાય ત્યારે તે સાચા આચારનું અવલંબન લે. એ સમજે છે કે સ્વાર્થ પાછળ દોડવાથી ગુલામી આવે છે. જિંદગીમાં શાન્તિ અને માનવ માનવ વચ્ચે સાચા સંબંધોનો આધાર વૃત્તિથી મુક્ત બનેલાં એક સ્થિર બિંદુ પર હોવો ઘટે. જ્યાંથી જીવન સ્થિતિનું દર્શન થાય, જેનાથી સાચી સંસ્કૃતિ આવે અને જીવન આનંદથી જીવવા જેવું બને, એવા ધ્રુવ બિન્દુની શોધમાં આ આચાર તમને લઈ જાય એ જરૂરી છે.

અધ્યાપક એસ. આર. ભટ્ટ

(૪)
નીતિ અને સમાજ

માનવી અને પશુમાં ભેદ એટલો કે પશુમાં નીતિઅનીતિ નથી. સુધરેલા માનવીઓમાં નીતિ અને અનીતિની ભાવના ચોટેલી છે.

માનવીએ સમાજ ઘડ્યો, અને એ સમાજ એકત્ર રહી શકે એ માટે નીતિની ભાવના પેદા થતા પામી.

ઉપરચોટિયું જોતાં નીતિની ભાવના સનાતન નથી એમ લાગે છે. નીતિનો સનાતન સિદ્ધાન્ત એ છે કે કોઈ માણસ બીજાનું અહિત કરતું કાર્ય કરે તે અનીતિ; હિતનું કાર્ય કરે તે નીતિ.

આજે તો આચાર-વિચાર પર નીતિઅનીતિનો ખ્યાલ બંધાયો છે, એ ખરું નથી. જે વસ્તુ સમાજને સુવ્યવસ્થિત રાખે તેમાં ખલેલ કરીએ તેને અનીતિ કરી એમ કહી શકાય.

નીતિના કેટલાક ખ્યાલો સમાજવ્યવસ્થા પર આધાર રાખે છે. ચોરી એ અનીતિ છે, પણ એવો સમાજ કલ્પો કે જ્યાં ખાનગી મિલકત ન હોય, ત્યારે ચોરીની નીતિઅનીતિની ભાવના બદલાશે. એટલે એમ કહી શકાય કે સ્વાર્થવૃત્તિથી સામાનું અહિત કરવા પ્રેરાએ તે અનીતિ.

નીતિઅનીતિના પ્રશ્ન અંગે જનતામાં ઘણો ગુંચવાડો ઊભો થયો છે. ઘણા કહે છે કે વેપારી નફાખોરી કરે છે. નફો કરે તે માટે વાંધો નહિ, નફાખોરી માટે વાંધો ! પણ ઓછો નફો વધુ નફો એ નક્કી કોણ કરે ? તેજીમાં વેપારી વધુ નફો લે તો એ નફાખોરી કરી કહેવાય છે; મંદીમાં એને નુકસાન જાય ત્યારે તેનું શું ?

આડોશીપાડોશી કે બીજાઓને મારી નાંખીએ તો ખૂન કહેવાય પણ લડાઈમાં હજારો માણસોને-તેમાં નિર્દોષ સ્ત્રી-બાળકોને મારી નંખાય તો વાંધો નહિ. તે સૈનિકને વીરચક્ર મળે. ખરી રીતે આ બે વચ્ચે ભેદ ન હોઈ શકે.

વળી એ પ્રશ્ન પણ થાય કે લશ્કર રાખવું કે ન રાખવું ? આ અંગે મહાત્માજી, ભગવાન મહાવીર અને બુદ્ધે સ્પષ્ટ કહ્યું છે. તેમના સંદેશને ઝીલ્યા સિવાય છેવટે બીજો કોઈ માર્ગ નથી.

તો પ્રશ્ન થાય એ કે સામો ચઢાઈ કરે ત્યારે આપણે શું કરવું ? ગાંધીજીએ એનો માર્ગ બતાવ્યો છે : તેનો સામનો કરવો-મારીને નહિ-મરીને. અહિંસા જો કહેતી હોય કે તમને તમારા પાડોશીનું ખૂન કરવાનો હક્ક નથી તો યુદ્ધમાં પણ કોઈનું ખૂન કરવાનો હક્ક તમને શી રીતે હોઈ શકે ?

ડેમોક્રેટીક લોકશાહીમાં નાનામાં નાની વસ્તુની પણ કિંમત હોવી જોઈએ. લોકશાહીમાં સરકાર કાયદા લોકોની નીતિને સુસંગત રીતે કરે. કાયદા નીતિનું ઘોરણ ન સ્વીકારનારને શિક્ષા માટે જરૂરી બને છે, પણ કાયદા કોઈવાર નીતિ વિરુદ્ધ હોય અગર કાયદા કરનારની નીતિના ખ્યાલને અનુરૂપ હોય તો ? તો ગાંધીજીએ કહ્યું છે કે, એવા કાયદા તોડવા ઘટે અને એનું પરિણામ પણ ભોગવવું પડે. એનું નામ સત્યાગ્રહ.

નીતિ, અહિંસા, સત્યાગ્રહ એ એકબીજા સાથે સંકળાયેલા શબ્દો છે. બધા કાયદાઓ તોડવા માટેના નથી. લોકશાહીમાં એ જો લોકોને સુસંગત ન હોય તો તે બદલવા ઘટે. એટલે લોકશાહીમાં કાયદા તોડવાના પ્રસંગ ઓછા આવે. માત્ર એકહથ્થુ શાસન હોય ત્યાં જ કાયદા તોડવાનો પ્રસંગ આવે.

આચાર્ય એસ. વી. દેસાઈ

ધર્મ : આત્મપ્રતીતિનું સાધન

[એક વાર્તાલાપ પરથી]

ધર્મના નામે ઊભી કરવામાં આવેલી કટોકટીમાંથી હિંદ હમણાં જ પસાર થયું છે. કેટલાંક વર્ષો સુધી આપણે રાજદ્વારી ઉદ્દેશો સિદ્ધ કરવા માટે ધાર્મિક લાગણીઓનો ક્ષોભ ઉદ્ભવવામાં આવતો જોયો છે. જો ધર્મનો નાશ અટકાવવો હોય તો ધર્મને પક્ષાપક્ષીના રાજકારણથી તદ્દન દૂર રાખવો જોઈએ.

આપણે અનિષ્ટ કાળનાયા પસર થઈ રહ્યા છીએ. યંત્રોની પૂજાએ યુગજૂની આપણી દૃષ્ટિ ઝાંખી પડી છે; પરિણામે વિશ્વના નૈતિક નિયમો અને ઈશ્વરમાંની આપણી શ્રદ્ધા દૂર થઈ છે. આપણી સામાજિક પ્રગતિના આવશ્યક અંગ તરીકેના ધર્મના અસ્તિત્વનો આપણે આજે ઇન્કાર કરીએ છીએ. પાશ્ચાત્ય જીવનની આપણા પરની અસરને પરિણામે આપણે આત્મામાં આત્મશ્રદ્ધા ગુમાવી બેઠા છીએ અને આપણાં નૈતિક મૂલ્યાંકનો ભાંગી પડયા છે. આપણી આયોજનિક બુદ્ધિનો વિકાસ થયો છે, પરંતુ ધાર્મિક દૃષ્ટિના અભાવે આપણે લાગણીના ઝંઝાવાતો સામે ઝઝૂમવા માટે અશક્ત બન્યા છીએ. ફ્રેસીવાદ તેમ જ સામ્યવાદ આ ઝંઝાવાતોના વિપુલ સ્વરૂપો છે. આપણે ધર્મથી ચ્યુત થયા હોવાથી હવે આપણે માટે દુઃખો અને યુદ્ધો સિવાય બીજું કંઈ રહ્યું નથી.

ધર્મનો વિનાશ થતો અટકાવવો હોય તો ધર્મમાંથી અનેસર્ગિક શ્રેષ્ઠતાની ભાવના રદ થવી જોઈએ અને ધર્મ આત્મપ્રતીતિનું જોરદાર સાધન બની રહેવું જોઈએ. પરંતુ જ્યાંસુધી બ્રહ્મભોજન કે નદીઓનાં રેતાનને સ્વર્ગના દ્વારના પરવાના તરીકે લેખવામાં આવશે ત્યાંસુધી આ ઉદ્દેશ પાર પડી શકશે નહિ. ગાંધીજીએ કહ્યું હતું કે, મારામાં અનૈસર્ગિક શ્રેષ્ઠતા નથી અને મારે એવી શ્રેષ્ઠતા જોઈતી પણ નથી. આમ છતાં આશ્ચર્યની હકીકત એ છે કે, ગાંધીજી હાલના જગતમાં ઈશ્વરનાં સૌથી વધુ શ્રદ્ધા ધરાવતા હતા.

ધર્મની મદદથી માનવી રોજિંદા જીવનની વિવિધ લડતો લડી શકે છે. આથી જ શ્રીકૃષ્ણે અર્જુનને સંન્યાસ લેવાનો નહિ પરન્તુ 'કુરુમય' બનીને કર્તવ્ય કે લડત લડવાનો ઉપદેશ આપ્યો હતો. સર્વે ધર્મોમાં એક સમાન તત્ત્વ ઈશ્વર સમીપ પહોંચવાનું છે.

હિંદ ઈશ્વરમાં શ્રદ્ધા ધરાવનારા દેશ છે. ઈશ્વરમય બનીને ઈશ્વરને શરણે જવાથી ઉપરિયત થતી શકિત માનવીના એકબીજા વડે સાંકળી રાખે છે અને જાતિ, રાષ્ટ્ર તેમ જ ભૌગોલિક ભેદો મિટાવીને માનવીને જીવનની ચાતનાઓમાંથી મુક્ત કરીને તેને દૈવી સ્વરૂપ અર્પે છે. ગાંધીજીની અહિંસા, ઈશુખ્રિસ્તનો પ્રેમ અને બુદ્ધની કરુણા માં પણ આ જ સંદેશની પ્રતીતિ થાય છે.

કનૈયાલાલ મુનશી

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઈ.
મુદ્રણસ્થાન: સુર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઈ. ૨

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર ૨ . ન . બી ૪૨૬૬

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ : ૨૨
અંક : ૧૪

મુંબઇ: ૧૬ ડિસેમ્બર ૧૯૫૦ શુક્રવાર

છુટક નકલ ૩ આના
વાર્ષિક લવાજમ રૂા. ૪

શ્રમણ સંસ્કૃતિ

[શ્રી મુંબઇ જૈન યુવક સંઘના ઉપક્રમે ચોપ્પનમેલ શ્રી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં શ્રી ભદન્ત આનંદ કૌશલ્યાયનજી આપેલ 'શ્રમણ સંસ્કૃતિ' એ વિષય પરના બે વ્યાખ્યાનની માહિતી ભોગીલાલ રાયચંદે લીધેલી નોંધ પરથી. —તંત્રી]

આપને સૌને સહજ વિચાર આવશે કે શ્રમણ સંસ્કૃતિ એ વળી કઇ બલા છે? શ્રમણ સંસ્કૃતિનો સાચો અર્થ થાય છે: સમતા.

નાની મોટી વાતોમાં આપણે ઝપટાઓ કરીએ છીએ તેથી ભયયુક્ત બનીએ છીએ. સમતારૂપી સંસ્કૃતિનો સાચો ઉપયોગ આપણને ભયમુક્ત કરશે. દરેક માનવી સમતા ધારણ કરે તો શ્રમણ સંસ્કૃતિનો સાચો ઉપાસક બની શકે.

સમયે-પ્રતિસમયે માનવીને કાંઇક સહાર્ય કરવાની વૃત્તિ થાય છે. એ વૃત્તિથી સમાજ જતિ અને પ્રત્યેક વ્યક્તિ પ્રત્યે લાગણી ઉત્પન્ન થાય છે. આ લાગણીને આપણે સમભાવ-સમતા કહીશું.

માણસમાં જ્યારે સમજવાની શક્તિ પેદા થાય છે-સૂઝ આવે છે, ત્યારે તેને કંઇક કામ કરવાની ભાવના થાય છે. શ્રમણ સંસ્કૃતિની કળવણી મેળવવા માટે એ આવશ્યક છે. કોઇ ને કોઇ જિજ્ઞાસુ ભાતની નવું જ તત્ત્વ શોધવા અને જૂના તત્ત્વોને સુધારવા પ્રયત્ન કરે ત્યારે તેમને સંસ્કૃતિનો ઉપાસક કહી શકાય.

શ્રમણ સંસ્કૃતિએ નવું જ શીખવ્યું છે. આખું વિશ્વ ઐમ સમજવું હતું કે સૃષ્ટિ ઇશ્વરે બનાવી છે. સૃષ્ટિ પહેલાં પણ ઇશ્વરનું અસ્તિત્વ હતું; જ્યારે શ્રમણ સંસ્કૃતિ ઇશ્વરને માનતી નથી. વૈદિક સંસ્કૃતિમાં દેવતાઓને મહત્ત્વ આપ્યું છે અને તેમાં પણ ભિન્ન ભિન્ન પ્રકારના દેવતાઓ વર્ણવાયા છે. મહર્ષિ દયાનંદ સરસ્વતી સત્યાર્થ-પ્રકાશમાં કહે છે કે, "ઇશ્વર સર્વવ્યાપી છે. ઘટઘટમાં વ્યાપી રહ્યો છે. તે સર્વ જીવોનું રક્ષણ કરે છે." આ રીતે ઇશ્વરની વ્યાપ્યા કરી છે.

કર્મકાંડ યુગમાં લોકો રક્ષણ માટે દેવતાઓની આરાધના કરતાં જેને તેમનું રક્ષણ મળતું, પરંતુ કાળે કરીને લોકોમાં અશ્રદ્ધા અને અસત્યનું પોત પ્રકાશવા લાગ્યું એટલે દેવવાદમાં માનનારાઓમાં ભંગાણ પડ્યું. સમાજ બે પક્ષમાં વહેંચાઇ ગયો—ઇશ્વરવાદ અને અનિશ્વરવાદ. ઇશ્વરવાદ એટલે વૈદિક સંસ્કૃતિ; અનિશ્વરવાદ એટલે શ્રમણ સંસ્કૃતિ. બૌદ્ધ અને જૈન બન્ને સંપ્રદાયો અનિશ્વરવાદી છે; ઇશ્વરના અસ્તિત્વમાં માનતા નથી. આપણને શ્રમણ સંસ્કૃતિએ ઇશ્વરમાંથી મુક્તિ અપાવી છે.

શ્રમણ સંસ્કૃતિમાં દરેક વાતો પ્રમાણ-પ્રહતિથી રચાઇ છે. અને તે માટે ત્રણ પ્રકારનાં પ્રમાણો શ્રમણ સંસ્કૃતિમાં આપેલાં છે:— (૧) પ્રત્યક્ષ પ્રમાણ, (૨) અનુમાન પ્રમાણ અને (૩) શબ્દ પ્રમાણ. શ્રમણ સંસ્કૃતિમાં પ્રત્યક્ષ અને અનુમાન પ્રમાણ ઉપર વિશેષ ભાન અપાયું છે. બુદ્ધિ એ જ અતિમ પ્રમાણ છે. બુદ્ધિ-દ્વારા સત્ય અને અસત્યનો ભેદ પારખવો એ શ્રમણ સંસ્કૃતિની વિશેષતા છે. બહેનો બુદ્ધિથી વિચાર કરતા ઉત્તરોત્તર જે પ્રમાણ આવે તે પ્રત્યક્ષ યા અનુમાન પ્રમાણ બની શકાય. આ રીતે જોતાં શ્રમણ સંસ્કૃતિએ બુદ્ધિવાદને મહત્ત્વ આપ્યું છે.

ભારતની કોઇ પણ ધર્મનો અનુયાયી જન્મ અને મરણની ક્રિયાનિયમોથી મુક્ત નથી. યજ્ઞ કરવો એમાંથી મુક્ત થવા બ્રહ્મણોને સહાયતા માગે છે. જન્મોજન્મની મુક્તિ કાજે ધર્મગુરુઓ શાસ્ત્રવચનને અનુસરે છે.

જન્માન્તર વિષેની વૈદિક સંસ્કૃતિની કલ્પના હતી કે મૃત્યુની ઉપરથી માનવી મૃત્યુ પામીને પિતૃલોકના જાય છે. આવી રીતે ઘટમાળ ચાલ્યા કરે છે. શ્રમણ સંસ્કૃતિમાં માને જન્માન્તર રહેતું માણસ મરે છે અને ફરી પાછો જન્મ ધારણ કરે છે. જન્મ અને મરણ દુઃખનું કારણ છે. જે બંધનથી મુક્ત થવા માનવી ઝંખી રહ્યો છે. એમાંથી મુક્ત થવા શ્રમણ-સંસ્કૃતિ સિવાય બીજો આદર્શ ન હોઇ શકે.

જો માણસ મૃત્યુ બાદ બીજો જન્મ ન લહણ કરે તો તેને મુક્તિ મળી ગણાય, પરંતુ મુક્તિનો માર્ગ મહાવિકટ છે. મોક્ષ વિષેની કલ્પનાઓ અને ચિંતન કર્યાથી મોક્ષપ્રાપ્તિ થતી નથી.

વેદાન્તમાં જણાવ્યા મુજબ મૃત્યુ બાદ માનવીને આનંદ અને સુખ પ્રાપ્ત થાય છે. એ આનંદ અને સુખ મેળવવા માટે યજ્ઞો કરવી જોઇએ. આરંભિક યુગમાં લોકો યજ્ઞ કરતા. ન હતા. કર્મકાંડ યુગમાં પરમાર્થ માટે લોકો યજ્ઞ કરતાં. પરંતુ જેમ જેમ સ્વાર્થવૃત્તિ વધતી ગઇ અને લોકોની ભાવનામાં નીચતા આવતી ગઇ તેમ તેમ હિંસક વૃત્તિ વધતી ગઇ. ત્યારની ગૌહત્યાની વાત બાજુએ. ગાયનાં પ્રત્યેક અંગો કાપીને પ્રત્યેક દેવતાને સંતુષ્ટ કરવા માટે યજ્ઞમાં હોમાતાં. આ કૃત્ય કસાઇઓથી જરાય હલકું નથી. પશુ દ્વારા સ્વર્ગ મળવાની માન્યતા આ રીતે સિદ્ધ ન થઇ શકે.

શ્રમણ સંસ્કૃતિમાં સમજાવ્યું છે કે ગમે તેટલો ભોગ આપો સુખ માટે યજ્ઞો આરંભો અને દેવતાઓને પ્રસન્ન રાખો પણ એ ભોગ અને સુખ દુઃખરૂપ છે. મોક્ષની કલ્પના યજ્ઞથી સિદ્ધ થતી નથી, કારણકે જ્યાંસુધી દુઃખમાંથી મુક્તિ ન મળે ત્યાંસુધી મોક્ષ મળવા સંભવ નથી. દુઃખનો સંપૂર્ણ નાશ થાય ત્યારે જ મોક્ષ-નિર્વાણ પ્રાપ્ત થાય. આ વાત શ્રમણ સંસ્કૃતિએ ભાર દઇને બતાવી છે.

મોક્ષ આચરણ દ્વારા જ મળે. બૌદ્ધિક સંપ્રદાય એને સમ્યક્ દર્શનના નામથી ઓળખે છે. તે ભાર દઇને કહે છે કે આચરણની શુદ્ધિ દ્વારા જ મોક્ષપ્રાપ્તિ થઇ શકે.

કઠોર પ્રત્યે કઠોરતાથી વર્તો, મૃદુ પ્રત્યે કોમળ બનો. મૃદુ પ્રત્યે ગાઢતા રાખવી, એવાં સૂત્રો સામાન્ય છે. તેને સદ્‌ગુણ ન કહી શકાય. પરંતુ ક્રોધને ક્ષમાની નજરે જુઓ. અસાધુ પ્રત્યે સોજન્યતા દાખવો, ક્રૂર પ્રત્યે ઉદારતા રાખો, અસત્ય બોલનારને

સત્યથી મહાત કરો, એ બધા સદ્‌ગુણ છે. શ્રમણ સંસ્કૃતિનું એ પ્રધાન લક્ષણ છે.

વૈદિક સંસ્કૃતિએ વર્ણવ્યવસ્થા બનાવી છે :—(૧) બ્રાહ્મણ, (૨) ક્ષત્રિય, (૩) વૈશ્ય અને (૪) શુદ્ર. એવી ચાતુર્જાતની રચના કરી છે. તેમાંથી કાળે કરીને પાંચમી જાતનો ભેદ પડયો અને તે અછૂત. જૈન સંપ્રદાયમાં બે વર્ગ છે—(૧) શ્વેતાંબર અને (૨) દિગંબર. બૌદ્ધ સંપ્રદાયમાં એવા વર્ગો નથી. એ વિષે અત્યારે વિસ્તારથી કહેવાનો સમય નથી.

જૈન સંસ્કૃતિમાં જાતિવાદ નથી, છતાં સમાજમાં આ વાદ કયાંથી ઘૂસી આવ્યો ? મૂળ ધારણાથી આ હકીકત વિરુદ્ધ છે.

અછૂતને મંદિરોમાં ન આવવા દેવા જોઇએ તેમ જ જૈનો અને હિન્દુઓ અલગ છે એવા આંદોલનો ઠમણાં ઠમણાં વર્તમાનપત્રોમાં વાંચવામાં આવે છે. અજૈનને મંદિરમાં પ્રવેશતાં અટકાવનાર જૈન નથી. જૈન ધર્મમાં જાતિવાદ નથી. સર્વ જીવોને સમાન ગણવામાં આવ્યા છે. જૈન સંસ્કૃતિ માનવી માત્રને સમભાવથી જુએ છે. શ્રમણ સંસ્કૃતિ અને જૈન સંસ્કૃતિમાં ભેદ નથી.

વૈદિક યુગમાં ઋષિમુનિઓએ લોકો માટે આચાર અને નીતિધર્મ ઘડયા તેમાં સો વર્ષના આયુષ્યની કલ્પના કરી હતી. જિંદગીનાં સો વર્ષમાં પચીસ વર્ષ સુધી બ્રહ્મચર્યાશ્રમ, પચીસથી ચાલીસ વર્ષ સુધી ગૃહસ્થાશ્રમ, ચાલીસથી પચોતેર વર્ષ સુધી વાનપ્રસ્થાશ્રમ અને જિંદગીનાં છેલ્લાં પચીસ વર્ષ સંન્યસ્તાશ્રમ. બ્રહ્મચર્યાશ્રમમાં વિદ્યાભ્યાસ કરે, ગૃહસ્થાશ્રમમાં સંસારની આંટીઘૂંટીનો ઉકેલ લાવે, વાનપ્રસ્થાશ્રમમાં પુત્રની અપેક્ષા રાખે (જો અપુત્ર મરે તો સદ્‌ગતિ થતી નથી એવી માન્યતા છે) અને સંન્યાસ્તાશ્રમમાં આત્માનો ઉત્કર્ષ સાધી બ્રહ્મનું ચિંતન કરે—સંસારથી વિમુક્ત બની જાય. માનવીનાં આયુષ વિષે નક્કી કંઇ રીતે કહી શકાય ? માનવજિંદગી ક્ષણભંગુર છે. તે એક અકસ્માત છે. કયારે કૂના થઇ જઇશું તેનું જ્ઞાન અગાઉથી હોતું નથી. એટલે પ્રત્યેક ક્ષણ આત્માની ઉન્નતિ સાધવામાં પસાર કરવી જોઇએ, અને તે પ્રમાણે કરીએ તો જ મોક્ષ મળે. આજે કરવાનું કામ આવતી કાલ ઉપર રાખવાથી નિશ્ચિંત બની શકાતું નથી. એક ક્ષણ પણ પાપકર્મમાં પ્રવૃતિ કરવી જોઇએ નહિ. માનવ—સમાજ શ્રમણ સંસ્કૃતિએ દર્શાવેલ પુદ્ધિવાદને પચાવે, શ્રમણ—સંસ્કૃતિનું ચિંતન કરી તેને આચરણમાં ઉતારે જેથી જન્મ અને મરણની મુક્તિ મેળવી શકાય.

ભગવાન બુદ્ધ અને મહાવીરે કહ્યું છે કે, માનવ માત્રને માટે નહિ, પરંતુ પ્રાણીમાત્રને માટે અહિંસાનું પાલન કરો. આ શ્રમણ સંસ્કૃતિની ઉદાત્ત ભાવના આપ સૌનાં હૃદયમાં ઊતરો એવી મારી પ્રાર્થના છે

હસ્તલિખિત ગ્રંથોની યાદીઓ

આપણે ત્યાં હસ્તલિખિત ગ્રંથોના ભંડાર અનેક સ્થળે ઉપાશ્રયોમાં તેમ જ ખાનગી માલિકીના પણ છે. માત્ર અમદાવાદમાં જ લાખ—સવાલાખ જેટલા હસ્તલિખિત ગ્રંથ હોવાનું જાણવામાં આવ્યું છે. આ જ પ્રમાણે અન્ય સ્થળોમાં પણ ઓછાવત્તી સંખ્યામાં હસ્તપ્રતો છે જ. તે તે સ્થાનના હસ્તલિખિત ગ્રંથની (૧) ગ્રંથનું નામ, (૨) કર્તાનું નામ, (૩) વિષય, (૪) ભાષા, (૫) રચ્યા વર્ષ, (૬) નકલ કર્યાનું વર્ષ, (૭) આદિ અને પુષ્પિકા સહિત અંત, (૮) અને જો શકય હોય તો એ છપાયેલી છે કે નહિ અને બીજા ભંડારોમાં ત્યાંય એની બીજી નકલો છે કે નહિ, એટલી માહિતી તૈયાર કરી જો છપાવવામાં આવે તો તે ભંડારોના રક્ષણ પાછળ જે દ્રવ્ય ખર્ચાય છે તે લેખે લાગે; અન્યથા એ હસ્તપત્રોની યક્ષના ધન જેવી જ સ્થિતિ ગણાય.

એક સમયે એ ભય હતો જ કે સાધુઓ અને વિદ્વાનો હસ્તપ્રતો ભંડારોના માલિકોને સંભળાવી, શરમમાં નાખી લઇ જતા અને પાછી વાળતા જ નહિ. અત્યારે હવે એ જાતના વાતાવરણમાં ફેર પડયો છે. સાચા અભ્યાસની હવે વિદ્વાનોને—સાધુઓને કિંમત છે, અને તેથી જ તે તે ભંડારોમાં જઇ ત્યાં બેસીને જ પોતાનું કામ કરવામાં હવે કોઇને નાનમ લાગતી નથી.

આ ભંડારો અને આ સંગ્રહોમાંની હસ્તપ્રતોમાં એક પ્રકારના વર્ગીકરણની ઘણી જ જરૂર છે. સામાન્ય રીતે જૈન ભંડારોમાં રિવાજ હતો કે ત્યાંની કે અન્યત્રની જૂની હસ્તપ્રતો ઉપરથી ફરી નવી નવી નકલો કરાવડાવી ઉત્તરોત્તર સંખ્યાવૃદ્ધિ કર્યે જવી. એ બેશક ઘણું ઉત્તમ કાર્ય થતું હતું જે હવે લગભગ બંધ જ થઇ ગયું છે. એ વસ્તુ એક બાજુ રહી, પણ આ વિષયમાં દરેક ભંડાર કે સંગ્રહના વહીવટદારોએ પ્રયત્ન કરાવવા જેવું છે તે એ કે પોતાના ભંડાર કે સંગ્રહમાં જૂની હસ્તપ્રતો હોય તેને 'અદેય' વિભાગમાં ફરી નાંખે અને એની જ જે નકલો હોય તેને 'દેય વિભાગ'માં રાખી 'બોન્ડ' ઉપર અભ્યાસકોને અને સંપાદકોને વાપરવા આપે તો. યક્ષના ધન જેવી જે સ્થિતિ છે તેમાંથી ઊગરી જવાય. નિયમ તરીકે જ એ હોવું જોઇએ કે જેની એક જ માત્ર હસ્તપ્રત હોય—પછી એ જૂની હોય કે નવી હોય તે સર્વથા બહાર ન જાય. જેઓને એવી પ્રતોનો ઉપયોગ કરવો હોય તેઓ તે તે ભંડારમાં કે સંગ્રહમાં આવીને જ તેનો ઉપયોગ કરી જાય.

સામાન્ય રીતે મુદ્રિત થઇ ચૂકેલા ગ્રંથોના પુનઃ સંપાદનમાં સંપાદક પાસે એકાદ લક્ષણ હોય છે જ; એટલે એણે બીજી પ્રતે નું સ્વરૂપ જોઇ કઇ કઇ બીજી પ્રતો સંપાદન માટે જરૂરી છે એ નકકી કરવાનું હોય છે. આવી પ્રતો નકકી કર્યા પછી સંપાદક ત્યાં ત્યાં જઇ થોડી મુદ્દતમાં સંવાદ સાધી શકે છે, અને એ રીતે એનું કામ સરળ બને છે.

આજે ભંડારોમાં જૂના પ્રકારની યાદીઓ હોય છે તેનાથી આવશ્યક માહિતી મળતી નથી. કઇ પ્રત જૂની કે કઇ પ્રત નવી એ જાણવાનું ખાસ સાધન હોતું નથી. એ મુશ્કેલીમાંથી બચવા અને સંપાદકોને બચાવવા થોડો પણ ખર્ચ કરી આ વિષયના અનુભવીઓને નિમંત્રણ આપી એવી યાદીઓ—જની શકે ત્યાં સાલવારીવાળી —નવી જૂની પ્રતોનો ખ્યાલ આપતી કરાવી લેવાની હાલને તબકકે સૌથી પહેલી જરૂર છે. પછી સગવડે સામાન્ય લહિયાંની મદદથી પણ, શરમાં સૂચવી તે પ્રમાણેની વિસ્તૃત યાદીઓ તૈયાર કરાવી શકાય.

પાટણમાં કરવામાં આવેલી વ્યવસ્થા ઉત્તમ પ્રકારની છે. પાટણના ભંડારોની અને સંગ્રહોની હસ્તપ્રતો મુનિશ્રી પુણ્યવિજયજીના પ્રયત્ને મધ્યવર્તી એક સ્થળે કરવામાં આવી છે અને એની યાદીઓનું પણ કાર્ય આજે ચાલુ છે. લીંબડી અને ખંભાતના ભંડારો વ્યવસ્થિત છે. ત્યાં ત્યાં શહેરમાંના બીજા નાના સંગ્રહ પણ શામિલ થઇ જાય એ જરૂરી છે. પરંતુ જુદા જુદા અનેક ગામોમાંના ભંડારો અને સંગ્રહો લગભગ અંધારામાં જ છે. હું તો એમ પણ સૂચવું કે આણંદજી કલ્યાણજીની પેઢી જેવી સધ્ધર સંસ્થા આ પ્રકારનું કાર્ય માથે ઉપાડી લે તો સર્વત્ર સહકાર અવશ્ય મળે. મંદિરોના જિર્ણોધ્ધાર કરતાં અનેકગણું કીમતી આ કાર્ય છે. જ્ઞાનની વૃદ્ધિ થવા પાછળ જૂના શ્રેષ્ઠીઓએ પોતાના નાણાંનો પ્રાચીનકાળથી બહોળો સદ્‌વ્યય કર્યો જ છે. આજે પણ ચાલુ જ છે; અનેક ગ્રંથોનું પ્રકાશન અવિરતપણે ચાલુ છે; પરંતુ આ રીતે વપરાતાં નાણાંનો આજને યુગે જરા વિચાર કરવો જરૂરી છે. જેની માંગી એવી હસ્તપ્રત ઉપરથી જરા ઠીકઠાક કે કહેવાતું સંશોધિત કરી ગ્રંથ છપાવી નાખવામાં નાણાંનો સદ્‌વ્યય નથી જ. જેની એક કરતાં વધુ હસ્તપ્રતો મળતી હોય તેની જૂનામાં જૂની પ્રતો મેળવી પરસ્પર સંવાદ સાધી જૂનો અને પ્રામાણિક પાઠ તૈયાર થયા પછી જ સારા નિષ્ણાત વિદ્વાનોના અભિપ્રાય બાદ આવા ગ્રંથોનું પ્રકાશન થવું જોઇએ. ત્યારે પેલી કરાવેલી નાની મોટી યાદીઓનું પથ સાર્થકય થાય. કેશવરામ કા. શાસ્ત્રી

નૂતન વર્ષના મંગળ પ્રભાતે

નવલ વર્ષનો હર્ષ ઉમંગે હૈયું પુલકિત અને અને આનંદ વ્યકત કરવા શબ્દ ઓછા પડે એવું વાતાવરણ હોવું જોઇએ, પણ છેલ્લાં થોડાક વર્ષથી આ વાતાવરણ અદૃશ્ય થયું છે. જે કંઇ બન્યું છે અને બને છે એ સરકારને દોષ, પ્રજાના દોષે કે બંનેના દોષે છે તે નક્કી કરવાનું આ સ્થાન નથી. પરંતુ આઝાદી આવ્યા છતાં આપણે સૌ-ગમે તે વર્ગના હોઇએ-મુસીબતમાં ઉંડા ને ઉંડા ખૂંચતા જઇએ છીએ એ વાત દુઃખ, રોષ, વેદના અને શરમની મિશ્રિત લાગણી જન્માવે છે.

અંગ્રેજના શાસનકાળમાં સુખી અને દુઃખી, સંતોષી અને અસંતોષી, વફાદાર અને વિદ્રોહી એમ બે સ્પષ્ટ વર્ગ હતા. આમાં પહેલો વર્ગ સદાય સરકારને સાથ આપતો. આજની પ્રજાકીય સરકારમાં વિવિધ તત્ત્વોનો બનેલો એક વિશાળ સમુદાય સ્વહિતાર્થે અસંતોષી બન્યો છે. ખેડુતોને અને જાગીરદારોને, મજૂરોને અને ઉદ્યોગપતિઓને, ગ્રાહકોને અને વેપારીઓને, ગરીબોને અને શ્રીમંતોને દરેકને લાગે છે કે પોતાના પ્રશ્નનું સરકાર અન્યાયી નિરાકરણ કરે છે. તેથી તેઓ અન્યાયનું મૂળ આજની સરકારમાં જુએ છે અને નવી ચૂંટણીમાં ભલે બીજા આવે પણ આ નહિ જોઇએ એ રીતનું વેર વાળવાના મનસૂબા કરે છે.

વર્તમાન સરકારે કામદાર અને કિસાન માટે કેટલાં હિતકર પગલાં ભર્યાં, કુદરતી આફતોમાંથી પ્રજાને કેમ ઉગારી અને સમગ્ર રાષ્ટ્રના ઉત્થાન માટે કેવી મહાન યોજનાઓને અમલી સ્વરૂપ આપ્યું એ વિષે ઉંડા વિચાર કરવાની સબૂરી અજ્ઞાન શું-સમજદાર વર્ગમાં પણ આજે રહી નથી. 'મીઠી દીવાળી' કરાવવાની મથલાળ માટે મહિનાઓ સુધી ધૂંગિયા ઢોલ પીટી, પછી દીવાળી ટાણે જ ગોળના પણ સાંસા પડે એવી દશા સરજી અને નવટાંક વધુ ખાંડથી રીઝવવાની હાસ્યાસ્પદ સ્થિતિમાં પ્રજાને મૂકનારાઓ જ નજરસમક્ષ રહેવાના છે. દૂધ ધીની નદીઓ ન વહે તો પરવા નહિ પણ હવે તો સત્ત્વહીન રેશનીંગ ભીખી ભીખીને પ્રજાને પગે પાણી ઉતર્યા છે અને આંખે તમ્મર આવે છે.

બીજા મહાયુદ્ધે અને પૂજ્ય ગાંધીજીના મૃત્યુએ જે નૈતિક સમ્પત્તિની ખોટ ઉભી કરી છે એ અનેક વર્ષ ચાલશે. 'કાળાબજારિયા' કહીને એક વર્ગને ગાળો આપવામાં આવે છે, પરંતુ કાળાબજારની કોઇ પણ પ્રકારે તક ગળી છે ત્યારે કોઇ વિરલા જ એથી પર રહ્યા હશે. ઝૂંપડામાં રહેનારા ગરીબોએ રેશનીંગના ખાંડ-ચોખામાંથી ધૂમ કાળાબજાર કર્યા છે. ખેડુતોએ અનાજ દબાવી વધુ ભાવ માગ્યા છે. વેપારીઓએ જે કંઇ કર્યું એ જગજાહેર છે. ભાવની દૃષ્ટિએ થતું આવું કાળું બજાર કદાચ કાયદાથી કે વસ્તુની છત ઉભી કરીને સરકાર અટકાવી શકશે. પણ રાષ્ટ્રહિતના અસંખ્ય ઉદ્યોગોમાં આજે વધુમાં વધુ વેતન માગી ઓછામાં ઓછું કામ કરવાની જે દિલચોરી અને કામચોરી વ્યાપક સ્વરૂપે કામદારો તેમજ અન્ય નોકરોમાં ઘર કરી બેઠી છે એ કાળાં બજારથીય વિશેષ ભયંકર છે. એનો નિવારણ વગર કોઇ રાષ્ટ્રના ઔદ્યોગિક કે આર્થિક પાયા મજબુત ન બની શકે. ચૂંટણી વખતે વધુ મત મેળવી લેવાના ધરાદાથી સામ્યવાદીઓએ, સમાજવાદીઓએ, કોન્ગ્રેસીઓએ અને ખુદ સરકારે ઘોડદોડની શરત જાકુક જવાબદારી અને રાષ્ટ્રહિત સમજ્યા વિના કામદાર વર્ગની ઉતાવળી આળપંપાળ કરી છે. તેથી દેશને બેહદ નુકશાન થયું છે. આમાંથી જ ઓછું ઉત્પાદન, માલની તંગી અને ઉંચા ભાવનું વિષચક્ર જન્મ્યું. જો શુદ્ધ નેમથી કામદારહિતના કાર્યો ક્રમશઃ હરજ શીખવ્યા પછી હાથમાં લેવાયાં હોત તો દેશ વધુ સુખી બનત અને ઉદ્યોગોનું રાષ્ટ્રોપયોગી ઝડપથી થઇ શકત.

આઝાદી આવી છતાં અમલદારશાહીનો નશો જરાય ઉતર્યો નથી. કોઇ પણ સ્થળે જઇ ઉભા રહો તો એમ ન લાગે કે આ અમલદારો આપણા છે; આપણી સેવા માટે છે. આયાત-નિકાસ પરવાનાનું કામ હોય, જકાત, બંદર કે રેલ્વે ખાતાનું કામ હોય, સુબરાજ પોલીસ કે ન્યાયતંત્રનું કામ હોય, આયાતવેરા, વેચાણવેરા કે કારખાનાના અમલદારનું કામ હોય-બધેજ પરાયું દેખાય એવું વાતાવરણ લાગે. ગૂંગળામણ થાય. વેપારી કે ઉદ્યોગપતિ સુખચેનથી જીવી ન શકે, ધંધો ચલાવી ન શકે એટલા સરકારી તેમજ અર્ધ-સરકારી લફરા અને પીળાં પતાકડાંનો રોજ સાંજ પડયે હુમેરો થાય છે. નોકર અને કામદારનાં પ્રશ્નમાં ગળાડુબ પડેલો વેપારી મંદીના દિવસોમાં માંડ ગાડું ગબડાવતો હોય ત્યાં આ બધાને કઇ રીતે પહોંચી શકે? કટલાકની સ્થિતિ એટલી કફરી બની ગઇ છે કે આર્થિક અને કોટુમ્બિક જવાબદારીને સરકાર ઉપાડી લેવા તૈયાર હોય તો વેપારીઓ આજે ધંધો છોડી, ભભૂતી ચોળી, અહાલેક કરીને બહાર નીકળી પડે એમ છે.

આજના આવા વતાવરણ વચ્ચે નિરાશ થયા વગર દરેક ક્ષેત્રમાં સ્વસ્થતા જાળવી રાખની એ જ નૂતન વર્ષને મુખ્ય નિશ્ચય હોવો જોઇએ. હતાશ થયે ચાલશે નહિ. દેશમાં અસંતોષ છે. અન્ન-વસ્ત્રની તંગી છે. માનસિક ઉદાસીનતા છે. ટિકેટ ઉપર સામ્પ્રદાયિક દળો નાટકમાં છે. કાશ્મીરનો પ્રશ્ન વધુ કસોટી કરાવશે. કોણ હિંદનું હિત ઇચ્છે છે અને કોણ એને નબળું પડતા ફરી ગુલામ કરવાની નેમ રાખે છે તેનો ચોકકસ આપણે-નાગરિકોએ-જ કરવાની છે. પ્રજા તરીકે સ્વતંત્ર રહેવું હોય તો ઘણો વધુ ત્યાગ કરીનેય સરકારને મજબુત રાખવી પડશે. આવે વખતે આપણે અંગત સ્વાર્થ આડે ન આવવો જોઇએ. સરકાર જડ વસ્તુ નથી. પ્રજાના સહકારમાં જ એનું ચેતન સમાયેલું છે. આપણે પોતે વ્યકિતગત રીતે વધુ વિશુદ્ધ બની નાગરિક તરીકેનું સાચું જીવન જીવતા થઇ જઇશું તો રાષ્ટ્રને મૂંઝવી રહેલા આજના ઘણા પ્રશ્નો આપોઆપ શમી જશે.

આવા વિશુદ્ધ નાગરિક તરીકેના જીવનમાં આપણને સૌને આનંદ લાગે, કંઇક સારું કર્યાનો સંતોષ રહે અને આખું વર્ષ વધુ ઉલ્લાસ પ્રાપ્ત કરીએ એવી અન્તરની પ્રાર્થના છે!

રતુભાઇ કોઠારી

કેટલાક સમાચાર અને નોંધ

બાપુજીનો પ્રેમસંદેશ

કાર્તક શુદ ૧ શુક્રવાર તા. ૧૦-૧૧-૫૦ થી પ્રારંભ પામતા વિક્રમ સંવતના ૨૦૦૭ મા વર્ષના મંગળ પ્રભાતે આજથી ૪૩ વર્ષ પહેલાં વિક્રમ સંવત ૧૯૭૪ (તા. ૧૫-૧૧-૧૭) ના મંગળ પ્રભાતે પૂજ્ય બાપુજીએ સ્વર્ગસ્થ મગનલાલ ગાંધીને મોતીહારીથી લખેલા પત્રમાં અન્તર્ગત કરેલા પ્રાર્થનાકાવ્યને અહિ ઉદ્ધૃત કરતાં આનંદ થાય છે. એ પત્ર નીચે મુજબ છે:—

"આજને માંગલિક પ્રસંગે તમને હું શું આપું? જેની તમારામાં ખામી છે તે આપવાનો પ્રયત્ન કરું છું. તે મળ્યું તો બધું મળ્યું. જેનામાં હોય તે જ આપી શકે. એ ન્યાયે તો હું આપું શું? પણ આપણે સાથે માંગીએ.

'જો કે હું મનુષ્ય અને દેવની વાણીઓ બોલું પણ મારામાં પ્રેમ ન હોય તો હું ઢોલ કે ખાલી ધડા સમાન છું. જો કે હું ભવિષ્ય ભાખી શકું, મને બધું જ્ઞાન હોય, મારામાં પર્વતો ખસેડી શકવાની શ્રદ્ધા હોય, પણ પ્રેમ ન હોય તો હું તૃણવત છું. જો કે હું મારું બધું ગરીબોને ખાવા સારું આપી દઉં, મારું શરીર બાળી મૂકું, પણ મારામાં પ્રેમ ન હોય તો મારા કાર્યમાં કશો લાભ ન હોય.

"પ્રેમ બહું સહન કરે છે. જ્યાં પ્રેમ છે ત્યાં દયા છે. પ્રેમમાં દ્વેષને અવકાશ જ નથી. પ્રેમમાં અહંભાવ નથી. પ્રેમમાં મદ નથી. પ્રેમમાં અયોગ્યતા નથી. પ્રેમ સ્વાર્થી નથી. પ્રેમ ઝટ ચીડાતો નથી. પ્રેમને દુષ્ટ વિચારો આવતા નથી. પ્રેમ અન્યાયથી

રાચતો નથી, પ્રેમ સદાયી જ રાજી રહે છે, પ્રેમ બધું સહન કરે છે, બધું માને છે. પ્રેમ આશામય છે, બધું સાંખી લે છે. પ્રેમ કદિ નિષ્ફળ થતો નથી. પણ ભવિષ્યવાણી મિથ્યા થાય છે, વાચા બંધ થાય છે, જ્ઞાનનો નાશ થાય છે.

"જ્યારે હું બાળક હતો ત્યારે બાળકની જેમ બોલતો. બાળકના જેટલી મારી સમજ હતી, અને બાળકની જેમ વિચારતો. જ્યારે હું મોટો થયો ત્યારે મેં બાળપણ છોડી દીધું. હાલ તો આપણને પડદાનું આચ્છાદન હોવાથી ઝાંખું ભાળીએ છીએ. પછી તો આપણે સમક્ષ ઉભી જોઈ શકીશું. હાલ તો મને થોડું જ્ઞાન છે. પછી જેમ હું ઓળખાઉં તેમ ઓળખીશ. છેવટમાં શ્રદ્ધા, આશા અને પ્રેમ આ ત્રણ વસ્તુઓ સ્થાયી છે. એમાંયે પ્રેમ શ્રેષ્ઠ છે.'

"આ વાંચજો, વિચારજો, ફરી વાંચજો. તેનું અંગ્રેજી વાંચીને તેનું હિંદી કરજો. મરડી મચડી ધડિમર તો પ્રેમની ઝાંખી ખૂબ કરી લેજો. મીરાને પ્રેમની કટારી ખૂબ વાગી હતી. એવી કટારી આપણને પણ હાથ લાગે ને તે ભોંકવાનું બળ આપણામાં આવે તો આપણે દુનિયાને હલમલાવીએ. પણ ક્ષણે ક્ષણે તે વસ્તુ મારામાં છે છતાં તેની ખોટ અનુભવ્યા કરું છું. ઉણપ બહુ છે, અધુરા ઘડા જેવો કોઇ વેળા થઉં જાઉં છું. કાલે જ પ્રેમથી જોઓ મને રોકતા હતા, તેઓને સારૂ મને અવકાશ ન હતો. તેથી મનમાં ને મનમાં બળ્યા કરતો હતો. આ કાંઇ તે પ્રેમની નિશાની નથી. એ તો અધુરો ઘડો છલકાયો. તમને નવું વર્ષ ફળો, તમારી શારીરિક, માનસિક; આધ્યાત્મિક વિભૂતિઓ વધીને તે બધું તમે હિંદને ચરણે પ્રેમભાવે મૂકો, એ મારી ઇચ્છા, એ જ આશિષ. **બાપુના આશીર્વાદ**"

આ પત્રમાં વચ્ચેનો ભાગ બાપુજીને બહુ ગમી ગયેલા કોઇ અંગ્રેજી લખાણનો અનુવાદ હોય એમ લાગે છે. આ પત્રમાં થોડુંક અંગત ઉલ્લેખ જેવું છે તે સમજાતું નથી. આમ છતાં પણ આ શુભેચ્છા પત્રમાં રહેલા પ્રેમસંદેશને આપણે ઝીલીએ, આપણા અન્તરમાં ઉતારીએ અને એ રીતે આપણને મળેલા બાપુજીના અમૂલ્ય વારસાને શોભાવીએ એજ અન્તરની ઇચ્છા અને ઉંડા દિલની પ્રાર્થના !

ભૌતિક જગત અને નૈતિક જગત એક છે કે ભિન્ન ?

'પ્રબુદ્ધ જૈન'ના નિયમિત વાંચકોને સ્મરણ હશે કે તા. ૧૫-૮-૫૦ ના અંકમાં પહેલા પાને 'ભૌતિક ઘટનાની નૈતિક મિમાંસા' એ મથાળા નીચે કાકાસાહેબ કાલેલકરનો 'મંગળ પ્રભાત' નામના હિંદી માસિકમાં પ્રગટ થયેલા લેખનો અનુવાદ પ્રગટ કરવામાં આવ્યો હતો. એ લેખમાં તાજેતરમાં આસામમાં જે પ્રકારનો ધરતિકંપ થયો છે તેવી ભૌતિક ઘટનાઓને માનવસમાજના સુકૃત્ય દુષ્કૃત્યો સાથે કોઇ કાર્યકારણનો વાસ્તવિક સંબંધ છે કે નહિ એ સનાતન પ્રશ્નની આલોચના કરવામાં આવી હતી અને એ લેખના અન્તભાગમાં માનવી સમાજના અનાચારના-પાપના-ઢગલાના ઢગલા ખડકાતા જાય, તે પાપનો ભાર પૃથ્વીને અસહ્ય બને અને પરિણામે આવી વિરાટ દુર્ઘટનાઓ પેદા થાય એ તર્ક કેવળ બીનપાયાદાર છે એમ કહી ન શકાય એવું સૂચન હતું. એ લેખના અનુસંધાનમાં 'નૈતિક અપકર્ષ' અને ભૌતિક દુર્ઘટના' એ મથાળા નીચે મેં એક લાંબી નોંધ લખી હતી અને તે દ્વારા મેં એમ પુરવાર કરવા પ્રયત્ન કર્યો હતો કે પૂર્વજન્મના કર્મનો સિધ્ધાન્ત બાજુએ રાખીએ તો ઐહિક જગતના પાપ કાર્યો સાથે આવી વિરાટ તેમજ આકસ્મિક ભૌતિક દુર્ઘટનાને સાંકળવાનો પ્રયત્ન બુધ્ધિસંગત લાગતો નથી. 'મંગળ પ્રભાત'ના નવેંબર માસના અંકમાં 'ભૌતિક જગત અને નૈતિક જગત એક છે કે ભિન્ન' એ મથાળા નીચે મારા એ લેખનો હિંદી અનુવાદ કાકાસાહેબે પ્રગટ કર્યો છે અને તેની નીચે તેમણે એક નોંધ ઉમેરી છે જેનો અનુવાદ નીચે મુજબ છે :—

"જ્યાં સુધી મનુષ્યની બુદ્ધિ ચાલે છે અને જ્યાં સુધી મનુષ્યનો અનુભવ આપણને કોઇક શિખવે છે ત્યાં સુધી તો સામાન્ય રીતે આપણે કબુલ કરવું જ પડશે કે ભૌતિક ઘટના ભૌતિક કારણોથી નિર્માણ થાય છે. તેનો નીતિ અનીતિની સાથે કોઇ સંબંધ નથી.

"આપણે કોઇ કોઇ વાર જોઇએ છીએ અને ઇતિહાસ-વિજ્ઞાન પણ જણાવે છે કે ભૌતિક ઘટનાનું હંમેશા નૈતિક પરિણામ નીપજે જ છે. કોઇ દેશમાં દુકાળ પડતાં સમાજમાં ચોરીઓ વધી પડે છે, લૂટફાટ કરવાની વૃત્તિ જાગૃત થાય છે. સુરક્ષિતતા ઘટવા સાથે નૈતિક સદાચાર શિથિલ થાય છે. પ્લેગ કે એવી કોઇ સામુદાયિક બીમારીથી જ્યારે લોકો હજારોની સંખ્યામાં મરવા માંડે છે ત્યારે દયા ધર્મનો લોપ થાય છે અને લોકો એક બીજા પ્રત્યે ઉદાસીન તથા કઠોર થવા માંડે છે. એ પણ જોવામાં આવ્યું છે કે મનુષ્યનું આયુષ્ય ચાલીશ અને પચાસની વચમાં આવે છે ત્યારે તેની મહત્વાકાંક્ષા સફળ અથવા વિફળ બનવાના પરિણામે તેનામાં પ્રયત્નની શિથિલતા પેદા થાય છે. અને એ ઉમર દરમિયાન મનુષ્યનું નૈતિક પતન થવાની સંભાવના રહે છે. શરાબ પીવાથી મનુષ્ય મત્ત બને છે અને નહિ કરવાનું કરી બેસે છે.

"હવે જ્યારે ભૌતિક ઘટનામાંથી નૈતિક પરિણામ ઉત્પન્ન થતું આપણે જોઇએ છીએ ત્યારે નૈતિક ઉત્કર્ષ અથવા તો અપકર્ષમાંથી ભૌતિક ઘટના અથવા તો દુર્ઘટના પેદા થાય એ યુક્તિસંગત શા માટે ન ગણવું ? એ કબુલ છે કે એ બે વચ્ચેનો કાર્યકારણ સંબંધ હાલતુરત આપણી બુદ્ધિને સ્પષ્ટ નથી થયો. નિરપવાદ સિધ્ધાન્ત પણ આજે આપણે તારવી શકીએ એવી સ્થિતિમાં નથી. એમ હોવાથી તો આપણે કવિઓ અને ગાંધીજી જેવા મહાત્માઓના કથનનો પ્રતિવાદ કરવાની હિંમત કરીએ છીએ. કોઇ વિશિષ્ટ નૈતિક ઘટનાનું નિશ્ચિત રૂપથી આ જ માત્ર ભૌતિક પરિણામ છે એમ જ્યાં સુધી સિધ્ધ થયું નથી ત્યાં સુધી કોઇ સાર્વત્રિક વિધાન કરવું એ ભ્રમને વધારવા બરોબર છે. એમ છતાં પણ માત્ર સામાન્ય રીતે એટલું જરૂર કહી શકાય તેમ છે કે ધરતિકંપ કે જ્વાલામુખી જેવી વિરાટ ભૌતિક ઘટનાનું કારણ જેવી રીતે કોઇને કોઇ ભૌતિક કારણ હોય જ છે તેવી રીતે નૈતિક ઉત્કર્ષ અથવા તો અપકર્ષનું ફલસ્વરૂપ પણ આવી ભૌતિક ઘટના બની શકે છે. રાજા ભર્તૃહરિએ કહેલું કે 'આ ભૂમિ સમજો કે કામધેનુ છે; પ્રજા તેનું વત્સ છે. જો રાજા પ્રજાને સંતુષ્ટ રાખશે તો વાછડાને ખુશી જોઇને રાજી બનારી પૃથ્વીમાતા ધન-ધાન્ય તેમ જ ફળફૂલથી સમૃદ્ધ થશે; વાછડા ઉપરના પ્યારને લીધે જેવી રીતે ગાયનું દુધ વધે છે તેવી રીતે પ્રજાના સંતોષને લીધે પ્રજાની માતા પૃથ્વી સમૃદ્ધિ આપતી રહેશે." આ વિધાનને કવિ-કલ્પના લેખીને આપણે બાજુએ રાખી શકીએ છીએ, અથવા તેમાંથી કાર્ય કારણની સૂચના પણ આપણે મેળવી શકીએ છીએ, પ્રાચીન કાળથી મનુષ્ય-જાતિના દિલમાં એ ભાવ સુપ્રતિષ્ઠિત બની રહ્યો છે કે રાજકર્મચારી જ્યારે રૂશ્વતખોર બને છે અને વ્યાપારીઓ જ્યારે કાળાબજાર કરે છે અને વિદ્વાન લોકો જ્યારે જ્ઞાન-વિમુખ અને સત્તાલોભી બને છે ત્યારે પૃથ્વીને આવો પાપનો ભાર અસહ્ય બને છે.

"જંગલો વધવાથી અથવા તો નવાં શહેરો ઉભા થવાથી અથવા તો મનુષ્યની તાકાતમાં વૃદ્ધિ થવાથી પૃથ્વીનો ભાર વધી શકતો નથી કારણ કે આ બધી પરિસ્થિતિમાં સામગ્રી તો પૃથ્વીમાંથી જ મળી શકે છે.

"પાપનો ભાર એ કોઇ કલ્પના માત્ર નથી. મનુષ્યને ક્રોધ આવવાથી જેવી રીતે તેની પાચનશક્તિ ક્ષીણ થઈ જાય છે એવી

બર્નાર્ડ શૉ મુંબઈ આવેલા ત્યારે—

એક સ્મરણનોંધ

સ્વ. બર્નાર્ડ શૉના જીવનના અનેક પ્રસંગો વર્તમાનપત્રોમાં આવે છે તેમાં નીચેની માહિતીથી થોડાક ઉમેરો થશે. બીતા સને ૧૯૩૩ ના જાન્યુઆરીની મુંબઈની છે. તે વખતે મુંબઈના બંદરમાં "એમ્પ્રેસ ઑફ બ્રીટન" નામની મોટી સ્ટીમર અનેક પત્રકાર પ્રવાસીઓને લઈને આવેલી. સ્ટીમર ખૂબ લાંબી હતી. (પાછળથી લડાઈમાં ટોરપીડોથી ડુબેલી). આ સ્ટીમર પરના પ્રવાસીઓ સાથે શ્રી. બર્નાર્ડ શૉ તથા તેમના પત્ની પણ પ્રવાસે નીકળ્યા હતા.

તે વખતે એક સવારે મારી પર સર પ્રભાશંકર પટણીના સેક્રેટરીનો ટેલીફોન આવ્યો—"ભાવનગરથી પટણી સાહેબનો પત્ર છે. શ્રી. શૉને જૈનમંદિરો જોવા છે. ઘટતી ગોઠવણ થઈ શકે તો બહુ સારું થાય—"...મેં આ કામ માથે લીધું. પહેલાં કે હજી પણ શ્રી શૉના ગ્રન્થો મેં વાંચ્યા નથી પરન્તુ તેની એક બે ફીલ્મ જોઈ છે.

સ્ટીમર કાંઠેથી બેએક માઈલ દૂર ઉભી રહેતી. એટલે વખતો વખત આ સ્ટીમર માટે જતી આવતી ફેરીના બોટમાં શ્રી. બર્નાર્ડ શૉ પત્ની સાહિત બેપોલો બંદર આવ્યા અને પટણી સાહેબના સેક્રેટરી શ્રી. હરિપ્રસાદ તથા શ્રી શાન્તિભાઈએ આ દંપતીનો સત્કાર કર્યો અને તેમની સાથે મારો પરિચય કરાવી તેઓ છૂટા પડ્યા. તુરત જ મારી ગાડીમાં શ્રી. શૉ તેમના પત્ની તથા હું શહેરમાં જવા ઉપડ્યા.

હોર્નબી રોડ—ઝેરીબંદર—ધોબીતળાવ—કાલબાદેવી રોડ પર ધીમે ધીમે જોતાં જોતાં (કટલેક ઠેકાણે જરા ખોટી થઈ તપાસતાં તપાસતાં) અમે પાયધુની આવ્યા. અહિં શ્રી. ગોડી પાર્શ્વનાથજીના મંદિર પર તેમને હું લઈ ગયો. પગમાંથી જોડા કાઢવાનું હતું, એટલે શ્રી. શૉનાં પત્ની નીચે ગાડીમાં જ બેઠાં રહ્યાં અને હું તથા શ્રી. શૉ મંદિરમાં પહેલે માળ ગયા. પહેલીજવાર જીંદગીમાં તેમણે જૈન મંદિરમાં પગ મૂક્યો અને જૈનમંદિર અને તેના વાતાવરણનું બારીકાઈથી નિરીક્ષણ કર્યું. ચારે બાજુ જોઈ પછી અમે પાછા નીચે આવ્યા. મેં તેમને સૂચના કરી કે બીજું પણ એક સરસ જૈનમંદિર છે. જો સમય હોય તો ત્યાં જઈએ. તે પોતે તત્પર જ હતા. ત્યાંથી અમે વાલકેશ્વર ઉપરના બાબુના મંદિર પર ગયા..તે મંદિર જોઈને તથા ફરતાં સૃષ્ટિ સૌંદર્યના દૃશ્યો જોઈને ખૂબ પ્રસન્ન થયા. અહિં મૂળનાયકજીની મૂર્તિ મોટી હતી. તેથી મૂર્તિ નિરખવાનું તેમને ઠીક પડ્યું. મૂર્તિમાં પદ્માસનથી બીરાજેલ ધ્યાનસ્થ યોગીની મુદ્રા છે તે તેમને સમજાવી પછી ગભંદ્વાર બહાર ફરતા ગોખલામાં દેવ—દેવી—પક્ષ ઇ૦ વિવિધ મૂર્તિઓ હતી તે પર તેમનું ધ્યાન ગયું. તે તેમણે બારીકાઈથી જોઈ. મેં તેમને હરિણ નૈગમેષી દેવતા ઇ૦ મૂર્તિઓના પ્રકાર ખુલાસાથી સમજાવ્યા. પ્રશ્નોત્તરમાં મને પૂછી ખાતરી કરી કે "લોકો જે સ્વરૂપમાં આ મૂર્તિ કોતરાયેલી જુએ છે તે જ કલ્પનાસ્વરૂપને સત્ય માને છે ને?"—મેં હા પાડી.

આ રીતે જૈન મંદિર જોવાની તેમની હોંશ પહેલીવાર પાર પડી. તેમને જૈન ધર્મ અંગે આદર અને ઉત્સાહ હતો અને વિશેષ વધુ જાણવા ઇચ્છતા હતા. તેમાનું તેમને કંઈક મળ્યું. આ જોઈ લીધા પછીનો પોતાનો ક્રમ મને કહ્યો અને તે ક્રમમાં પોતાની સાથે જોડાવાનું મને સૂચવ્યું. મને તે ગમતી વાત હતી જ. ત્યાંથી થોડે દૂર (મલબાર હીલ પરજ રીજ રોડ પર) શ્રી. હેમચંદ મોહનલાલ ઝવેરીના બંગલા સામે એક લાલ બંગલામાં ગ્રો આર્ટસ સર્કલે તેમને નિમંત્રણ્યા હતા. આ સર્કલની શ્રીમતી આતીયા બેગમ મુખ્ય સંચાલિકા હતા. બર્નાર્ડ શૉનો આદર સત્કાર કરવા માટે અનેક આમંત્રિત સજ્જનો ને સન્નારીઓ ત્યાં રાહ જોતાં હતાં. તેમાં એક ગૃહસ્થ શ્રી શાલિવાટીશ્વર નામના તે વખતે "હિન્દુ" પત્રના તથા પરદેશી પત્રોના પ્રતિનિધિ—પત્રકાર મારા પૂર્વ પરિચિત હતા. તે અમારી સાથે જોડાયા. અમો બધા ઘણીવાર તેમના નામને બદલે Lord of the Rice-field 'ચોખાના ખેતરના ઇશ્વર' એમ કહી રમુજ કરતા. અમે બધા બંગલાની પાછળની અગાશી તરફ ગયા, જ્યાંથી સુંદરમાં સુંદર દૃશ્ય જોવા મળતું હતું. અહિં ચા પાણી તથા ઉપાહારની શૉ દંપતીના માનમાં ગોઠવણ હતી અને છૂટથી બધા તેમને મળ્યા. પછીના ક્રમમાં હતું નહિ, પરન્તુ હોંશથી યોજેલ નાટક નૃત્યનો ક્રમ હતો અને અમોને ત્યાં લઈ ગયા અને તે ક્રમ ચાલુ થયો. નાટક ચાલુ થયું અને અમને લાગ્યું કે આ કચું બર થઈ રહેલ છે. થોડોક વખત થયો ત્યાં શ્રી. શૉએ ઘડિયાળ જોવા માંડ્યું. ક્રમ ગોઠવનાર સમયની મર્યાદા ચૂકી ગયા હતા. નાટક ચાલતું હતું તેથી અંધારે અમે બેઠા હતા. શ્રી. શૉ મને કહે કે સાડા ચાર થવા આવ્યા છે અને સાંજની ફેરી ચૂકવાની નથી. સાડા ચાર થતાં જ શ્રી. શૉ એ.....ને કહ્યું કે "હવે સમય નથી. પોતે જવાનાજ....." પોતાજ એમ માની લીધું કે આદર કે વિવેકની રીતે પણ શૉ વધુ રોકાશે; પણ જેવા સાડા ચાર થયા કે તુરત જ શૉ ઉભા થયા ને સીધું દરવાજા તરફ ચાલવા જ માંડ્યું. અમે પાછળ દોડ્યા. શૉની ફાળ લાંબી હતી. આભાર ઉપકાર ઇ૦ ઉપચાર વિધિ બાજુએ રહ્યા—નાટક તેને ઠેકાણે રહ્યું—અને શૉ તો ફાળ ભરતા મોટર પર પહોંચી ગયા. અમે (મોટરમાં) મુંગા બેઠા હતા, પરન્તુ શૉ બોલ્યા કે "કશું ઠેકાણું આ મેળાવડામાં હતું નહિ. આવી વ્યકિત ને પ્રકાર દરેક બંદરે દરેક દેશમાં હોય છે—મારો સમય બરબાદ થયો...ઇ૦" અમારી સામે જે નાટક ભજવાતું અમે જોયું હતું તે ખરેખર હિંદી સંસ્કાર કે નૃત્યનાટક વિષે કોઈ સારી છાપ પાડે તેવું હતું જ નહિ.

રસ્તે મોટરમાં શ્રી. શાલિવાટીશ્વરે પ્રશ્નો પૂછવા માંડ્યા. (તેમણે યાદી કરી હશે) તેમાં એકના ઉત્તરમાં શૉએ કહ્યું કે—"મને પાર્લામેન્ટરી ગવર્મેન્ટમાં પ્રતીજ નથી. જૂઓ મુસોલીની—તે જ કહે તે યથાર્થ હોય અને તે જ પ્રમાણે થતું હોય. તેમાં બીજો અર્થ કરવાનો હોય નહિ..." અર્થાત્ રજુઆત અને વ્યવહાર જેની વચ્ચે વિસંવાદ રહે તે તેમને સાલતો હોય તેમ મને લાગ્યું. એપોલો બંદરપર ફેરીમાં તેમને પહોંચાડી અમે રજા લીધી. "મોટરનો શું ચાર્જ?" પૂછી પોતાનું પાકીટ ખોલ્યું ને આગ્રહ કર્યો. અમે કહ્યું કે "અમને આ આનન્દનો પ્રસંગ છે તે ગાડી મારી જ છે એટલે ભાડાનો પ્રશ્ન છે જ નહિ."....

રીતે મનુષ્યના આયુઃપતનની સાથે પૃથ્વીની ભૌતિક રચનામાં આશ્ચર્ય કોઈ ને કોઈ ફેરફાર થતો હોવો જ જોઈએ. આપણે એ જોઈ શકતા નથી; પીછાણી શકતા નથી, માપી શકતા નથી એ વાત બરોબર છે; પણ આ ઉપરથી એમ કહેવું કે આવો સંબંધ યુક્તિસંગત નથી આવું કથન અમારી સમજણ મુજબ યુક્તિસંગત લાગતું નથી."

આ નોંધનો વિશેષ ઉત્તર લખીને ચર્ચા લંબાવવી તે યોગ્ય નથી; તેવી જરૂર પણ નથી. કારણ કે જે પ્રશ્નની ઉત્તરોત્તર ત્રણ લેખોમાં ચર્ચા કરવામાં આવી છે તે પ્રશ્ની તે ચર્ચા દ્વારા ભિન્ન ભિન્ન બાજુઓ યથાસ્તરૂપે રજુ થઈ ચુકી છે. તેમાંથી સત્ય નિર્ણય તારવવાનું કામ વિચારક વાચકોનું છે. પરમાનંદ

ઘેર ગયા પછી મને વિચાર આવ્યો કે શ્રી. બર્નાડ શાને હિન્દનું અને જૈન ધર્મનું ઉત્તમ પ્રતિનું ગૌરવ દેખાડી શકાય તેમ છે. મારી પાસે અમે લીધેલા આબુના મંદિરોના જૂદા જૂદા ભાગોનાં તથા આસપાસના સોએક ફોટોગ્રાફો હતા તે યાદ આવ્યા. ઉપરાંત કલકત્તાની હવે વિલીન થયેલી ફોટોગ્રાફીક જહોન્સ્ટન એન્ડ હોફમેન કું૦ના આ જ મંદિરના અતિ સુંદર પ્રીન્ટ્સ હતા. આ તમામ સંગ્રહ શ્રી. શૉને દેખાડવો તેમ મેં નક્કી કર્યું. તેમાં સ્થાપત્યના-શિલ્પના-રીતભાત-પહેરવેશ-વિવિધ સુંદર પ્રસંગો-પ્રાણીઓ-શરીર રચના-અલંકારો-નૃત્ય-ધ્યાન-દેવદેવતા-કથાઓ ઇ૦ નો સમાવેશ હતો. તે સર્વનાં સારામાં સારા દશ્યો શ્રી. શૉ ને જોવા મળશે (અને પેલા નાટકની અસર ભુંસી શકાશે) તેમ મનમાં બેઠું. તે દિને મારે ત્યાં શ્રી. કાકાસાહેબ કાલેલકર તથા શ્રી ચંદ્રશંકર શુકલ પણ હતા. બીજે દિને અમે ત્રણે જણા તથા સાથે મારી પુત્રી લીલી અને ચિ. કાન્તિ બારેક વાગ્યાની ફેરી પર એપોલો બંદરથી સ્ટીમર પર પહોંચ્યા. લાંબા લાંબા ડેકો પર અનેક મિલાપ ખંડ પર ફરી તપાસ કરતાં એક ઓફીસરે અમને કહ્યું કે "પહેલેથી મુલાકાત નક્કી થઈ હોય તો જ શ્રી શૉ મળે છે- નહિ તો કોઇને પણ મળતા નથી" આમ કહી તે ચાલ્યો ગયો. આવા કોઇ વિધિની કલ્પના વગર જ અમે આવી પહોંચ્યા હતા. પાછા ફરવાનો વિચાર કરતાં ફરી પ્રયત્ન કરી કદાચ મળવા હા પાડે તો પૂછાવવું તેમ નક્કી કરી બીજા એક ઓફીસરને તે માટે વાત કરી. તેણે તો સીધો શૉની કેબીનનો નંબર આપ્યો અને જાતે જ જવા સૂચવ્યું.

હું નીચે કેબીનો શોધતો શોધતો શૉના કેબીન પાસે પહોંચ્યો ને દરવાજે બે ટકોરા માર્યા. ઉડેથી જવાબ આવ્યો—"અંદર આવો"—એટલે મેં બારણું ઉઘાડયું કે ખાટલા પર પથારીમાં આરામ કરતા શ્રી. શૉ અને તેવી જ રીતે પાસેના ખાટલા પર મીસીસ શૉ હતા. મારી હાજરીની તેમને કલ્પના કયાંથી હોય? સ્ટીમરના કોઇ માણસને કામ હશે તેમ સમજેલા હશે. એટલે અજાયબ થઈ ગયા અને એક ઝટકે તેમનું લાંબુ શરીર પથારીમાંથી સીધા સોટાની જેમ બાજુ પર આવી ઉભું થયું ને પોતે બારણા પાસે આવ્યા. મને કહે કે "માફ કરજો-મેં ડ્રેસ કર્યો નથી." મેં કહ્યું કે "તમને ખરું દેખાડવા જેવું મારી પાસે હતું અને તે દેખાડવાનો ઉત્સાહ મને અહિં દોરી લાવ્યો છે" અને તે શબ્દો સાથે જ મારા સંગ્રહનું એક પાનું તેમની સામે ધર્યું, તે પર નજર પડતાં તુરત જ તેમણે કહ્યું કે "તમે ઉપર ડેક પર મારી રાહ જુઓ. પંદરેક મિનિટમાં હું ઉપર આવું છું." મેં કહ્યું કે "મારી સાથે મિત્રવર્ગની ને અમારી નાની મંડળી છે તે બધાને ખૂબ આનન્દ થશે." આમ મુલાકાત માટેનો વિશિષ્ટ હેતુ સ્ફુટ થતાં પૂર્વવિધિની ખેંચ અદૃશ્ય થઈ ગઇ.

ડેક ઉપર બધાનો પરિચય આપ્યો. પછી દોઢેક કલાક બધા ફોટોગ્રાફો જોવામાં-તેમાંની વિગતો તપાસવામાં (સાથે મેગ્નીફાઈંગ ગ્લાસ લાવેલ હતો)-તેના ખુલાસામાં-તેના અંગેની ચર્ચાઓમાં અને ખૂબીઓ જોવામાં સમય વ્યતીત થયો. આબુના ફોટોગ્રાફોમાં એક સહસ્રાર કમળની આકૃતિ પર પ્રત્યેક પાંદડીએ નૃત્ય દર્શાવતાં સભ્યપણે રાસ દેખાડેલો છે. આવું અદ્‌ભુત નૃત્ય-શિલ્પ જોતાં અમારી ચર્ચા મેડમ પાવલોવાના નૃત્ય પર ચડી. શ્રી. શૉએ મને પૂછ્યું-"તમને ખબર છે? મેડમ પાવલોવા નૃત્ય કરતી હતી ત્યારે પગના અંગુઠાના ભાગ પાસેનો જોડાતો છેડો બુઠ્ઠો રાખતી તેમ સાંભળ્યું છે." મે કહ્યું કે "મેં બહુ નજીકથી તેનું નૃત્ય જોયું છે-મને તેવું લાગ્યું નથી. પરન્તુ પાવલોવાની અંગુઠા-પર ઉભારહી ઘુમરી લેવાની ગતિ ને નૃત્યમાં ખૂબ મૃદુતા અને સ્વાભાવિકતા હતી.." બધો સંગ્રહ જોયા પછી શ્રી શૉએ પૂછ્યું કે-"આ બધું કયાં છે? અહિંથી કેટલે દૂર છે? ત્યાં જઈ શકાય? કેટલો વખત લાગે? ઇ૦-". મેં બધી માહિતી આપી. સોળ કલાક ટ્રેન ને બસમાં-ને બે દિવસ જોવામાં જાય. ત્યાં બધી વ્યવસ્થા થઇ શકે છે. પછી ત્યાંથી પાછાં મુંબઇ કે આગ્રા-દિલ્હી પણ સીધા જઇ શકાય.-" બેદરકારીથી તે બોલ્યા કે "મને પહેલેથી ખબર જ નહિ કે મુંબઇની નજીકમાં આવું આબુના મંદિરોનું ભવ્ય શિલ્પ છે-આવું ઉત્તમ સ્થળ પાસે જ છે-હવે તેને મારા ક્રમમાં દાખલ નથી કરી શકતો. પહેલાંથી જો જરા પણ ખબર પડી હોત તો મારે આ શહેરની કે બીજાની કશી પડી ન હોતી અને સ્ટીમર પરથી સીધો ત્યાંજ જાત અને પછી ત્યાંથી આગ્રા દિલ્હી બધા સાથે ભળી જાત." હિન્દ પહોંચીને આવી અદ્‌ભુત વસ્તુ પ્રત્યક્ષ જોવાનું રહી જતું હતું તે તેમને ખૂબ ખુંચ્યું.

આ પછી શ્રી. કાકાસાહેબ તથા શ્રી. ચન્દ્રશંકર સાથે ચર્ચા ચલુ થઇ. તેમણે કેટલાક પ્રશ્નો પૂછ્યા (તેની નોંધ કદાચ તેમણે રાખી હોય) આ ચર્ચા કલાકેક ચાલી હશે. એકંદરે ત્રણેક કલાક થતાં આ અવિસ્મરણીય મુલાકાતનો ફેરી કાંઠે જવાનો સમય આવતાં અન્ત આવ્યો. શ્રી. શૉ ખૂબ રાજી થયા. નીચે કેબીનમાં થોડુંક જઇને પાછા ઉપર આવ્યા અને અમે સૌ સાથે ફેરીમાં ચડયા.

ફેરી ઉપર તેમનું ધ્યાન લીલીના કપાળે કંકુનો ચાંલ્લો હતો તેપર ઠર્યું-"આ શું છે?"-મેં તે મંગળચિહ્ન તરીકે છે તેના વિગતવાર ખુલાસા સાથે જણાવ્યું કે વિધવા સ્ત્રી સિવાય કોઇ પણ કન્યા-સ્ત્રી-કે પુરૂષ લલાટે મૂકે છે. શ્રી શૉનો આજ પ્રશ્ન અમોને અમારા અમેરિકાના પ્રવાસમાં વખતો વખત પૂછવામાં આવતો હતો. હિન્દ સિવાય બીજે આવો રિવાજ નથી એટલે લોકો દૂર દૂરથી અમારી સામે ટગર ટગર જોઇ રહે-સ કોચથી પૂછી ન શકે. તે પછી કદી કોઇ હિંમત કરી સૌજન્યપૂર્વક પૂછે અને પૂછી ખુલાસો મેળવી ખૂબ રાજી થાય. ફેરીને અડધો કલાક થયો તે દરમિયાન વિવિધ વાતચીતો ચાલી અને બને તેટલી માહિતી તેમણે મેળવી. ફેરી પરથી (સાંજના) ઉતરી અમે સૌ શ્રી. શૉથી આનન્દ-પૂર્વક છૂટા પડયા ને પછી તે પોતે પોતાના બીજા ક્રમમાં જોડાયા.

શ્રી. શૉ શાકાહારી હતા તેની મને તે વખતે ખૂબ નવાઇ હતી. તેમનો ઘણો ખરો આહાર ફળોનો હતો. પશ્ચિમમાં આ વા પ્રકારના માણસનો-દેહ-વર્ણ-કાન્તિ સ્ફુર્તિ કેવી હશેને નુ કૌતુક હતું. તેમનું સ્વાસ્થ્ય-ઉલ્લાસ જોઇ મને ખૂબ આનંદ થયો હતો, આ સમયે તેમની ઉમ્મર આશરે ૭૭ વર્ષની હતી. તેજદાર આંખો એ તેમની અવનવી વિશિષ્ટતા હતી. આજની તકે આ સ્મરણો યાદ કરતાં સ્વ. સર પ્રભાશંકર પટ્ટણીને પણ હું યાદ કરું છું.

થોડા સમય પર જ શ્રી. શૉનું અવસાન થયું. પોતાના અંતિમ ધર્મ્છાનું એક સ્વરૂપ એ હતું કે પોતાની પાછળ ખેદ કરનાર કોઇ ભેગા ન થાય; પોતાના અવશેષ પાછળ ન જાય. એક વખત પોતે કલ્પના કરેલી કે પોતાના અવસાન પછી પાછળ ભેગાં થનાર વર્ગ કુકડાં, ટર્કી, બતક, પક્ષીઓ-ઘેટાં બકરાં, માછલાં ઇત્યાદિ પ્રાણીઓ હશે. વ્યવહારથી અને મનથી તેમણે તે બધાને અભય-દાન આપેલું એટલે તેમની આ કલ્પના પક્ષી-પશુ વર્ગના એક હિતસ્વી તરીકે તેમ જ વાણી અને વ્યવહાર વચ્ચે સદા એકરૂપતા શોધતી તેમની વૃત્તિને અનુરૂપ હતી.

હીરાલાલ અમૃતલાલ શાહ

વૈદકીય રાહત

મુંબઇ અને પરાંઓમાં વસતાં જે જૈનો ભાઇ યા બહેનને વૈદકીય રાહતની, દવા કે ઇન્જેકશનોની તેમ જ ડોકટરી ઉપચારની જરૂર હોય તેમણે ધનજી સ્ટ્રીટમાં આવેલ મુંબઇ જૈન યુવક સંઘના કાર્યાલયમાં તપાસ કરવી.

રતિલાલ ચીમનલાલ કોઠારી
મંત્રી, વૈદકીય રાહત સમિતિ

સામાજિક અને આધ્યાત્મિક અપરિગ્રહ

[અમદાવાદ જૈન યુવક સંઘના ઉપક્રમે ચોજાયેલ પર્યુષણ વ્યાખ્યાનમાળામાં અપાયેલ વ્યાખ્યાનની નોંધ ઉપરથી.]

શ્રી. મહાવીર ઘર ત્યજી, અને પરિશ્રમ વેઠી અપરિગ્રહની સીમા વટાવી દીધી હતી, એ જ રીતે બુદ્ધ અને મહાત્માજી પણ અપરિગ્રહી હતા.

માનવી વાસનાથી બંધાયેલો છે, અને એને કારણે પરિગ્રહના બંધન આવ્યા છે. પરિગ્રહ વિના જીવી જવાય કે કેમ એ પણ એક પ્રશ્ન છે. આધ્યાત્મિક વાત આપણે મૂકીએ તો પણ આધિભૌતિકમાં પરિગ્રહ વિના ન જીવાય અને એ રીતે ન જીવાય તો એનું નિયમન કેમ કરવું, આધ્યાત્મિક અને અપરિગ્રહ પ્રત્યક્ષ કેમ વળવું, એ સૌએ વિચારવાનું રહે છે.

એક વસ્તુ મેળવવા વાસના થઈ અને તે પછી બીજી મેળવવા એમ ભાવાગ્નિની લેલીટી ભડકે વાસના વધતી જ જાય છે. જૂની કળિયા આપણે આપણી પ્રકૃતિમાં કોઈ પ્રકારે બાંધ્યા છીએ એમાંથી અક્ષુણ્ણ રીતે બહાર જવા અપરિગ્રહની સાધના કરવી જોઈએ અને સંસારના વાસનાબંધન ત્યજી આધ્યાત્મિકતા તરફ વળવું જોઈએ. અને કર્મમાં વિકર્મો છતાં તેથી અલિપ્ત રહેવું જોઈએ. આધિભૌતિકમાંથી મોક્ષ પ્રાપ્ત કરવા અપરિગ્રહના સાધનો દ્વારા તે સાધવા માનવીને અપરિગ્રહી બનાવે.

અપરિગ્રહ માટે માનસિક સ્વાતંત્ર્યની જરૂર છે. અને એ માનસિક સ્વાતંત્ર્ય પ્રાપ્ત કરવા વાસના કુટુંબવ્યવહાર એ બધાથી દૂર રહેવું જોઈએ. જ્યારે કાર્યમાં રચ્યા પચ્યા રહીએ છીએ ત્યારે વાસનાની ભયંકરતાની કલ્પના પ્રતીતિ થતી નથી, પણ એથી અલગ થવા વિચારીએ છીએ ત્યારે તેની ભયંકરતાની પ્રતીતિ થાય છે. એ સુવર્ણમૃગ જેવી વાસનાઓ પાછળ દોડાદોડ કરીએ છીએ અને અપરિગ્રહની ચિંતામાં ડૂબી જઈએ છીએ. આ ચિંતાઓથી મુક્ત થઈ શકવાનો ઘણા માટે માર્ગ નથી. એટલે મહાન વિચારકોએ ચિંતામુક્ત બનવા આવી સ્થિતિ સાધવાની વાત કરી છે—ચંચળ ચિત્તને કાબૂમાં રાખવું, અપરિગ્રહ સેવવો, એનું અવલંબન કરવું વગેરે. જેમ જેમ પરિગ્રહ વધે તેમ તેમ વાસના વધે અને સુખની આસપાસ—એ સુવર્ણમૃગની આસપાસ આપણે દોડ્યા કરીએ.

સુખ એ મધુબિન્દુ જેવું છે, છતાં આપણે તેની પાછળ દોડી રહ્યા છીએ અને સમાજમાં ઘર્ષણ ઊભું કરી રહ્યા છીએ. બુદ્ધ, મહાવીર જેવા સમર્થ પુરુષો આ માટે આધ્યાત્મિક રીતે અપરિગ્રહનો માર્ગ દાખવી ગયા છે.

જીવનમાં પ્રકૃતિ અને પુરુષ, ચેતન અને અચેતન સાથે રહેલા છે. સામાજિક મોક્ષ માટે, સાચા સ્વાતંત્ર્ય માટે શું કરવું એ સૌએ વિચારવું જોઈએ. માયામાં બંધાયેલા માણસોને માયા એ જ સાચી લાગે છે, પણ પરિગ્રહ રાખવા સાથે ઓછામાં ઓછો અપરિગ્રહ કેમ પ્રાપ્ત થઈ શકે એ પણ વિચારવું જોઈએ.

પરિગ્રહ દૂર કરવામાં માનસિક સ્વાતંત્ર્ય જોઈએ. આપણે રાજકીય રીતે સ્વતંત્ર થયા છીએ, પણ માનસિક રીતે નહિ; છતાં આપણે માનસિક સ્વાતંત્ર્ય અને અપરિગ્રહની વાત કર્યા કરીએ છીએ.

આ માટે અનેકોએ માર્ગ બતાવ્યા છે, જેમાં ગાંધીજીએ સુર્વોદયનો માર્ગ દાખવ્યો છે. પણ જ્યારે આજ દુનિયામાં યંત્રવાદ અને મડીવાદ જન્મ્યા છે ત્યારે સામાજિક સ્વાતંત્ર્ય સાધી શકીશું ખરા? સુર્વોદયને માર્ગે જતા બધાનું વિકેન્દ્રિકરણ કરીએ, યંત્રવાદનું મૂલ્ય તો જ સુર્વોદય સધાય. પણ એ શક્ય છે?

ગુલામી માટે બાહ્યતા કરવાના રહ્યા છે, એથી પરિગ્રહ બનતો મર્યાદામાં લવાય, પણ એ સાધનો સમાજ જ્યારે સંકુચિત હતો ત્યારે જરૂરી હતા; આજે સમાજ જ્યારે વિરાટ બન્યો છે ત્યારે એ પણ શક્ય છે ખરા?

આજે ઉત્પાદક-ઉપાદન સ્વતંત્ર નથી. પેસાની વહેચણી અસમાન છે, એવા સમાજમાં માનવી સામાજિક સ્વાતંત્ર્ય મેળવી શકે એટલા માટે વહેચણીના માધ્યમો એકસરખા હોવા જોઈએ. પ્રત્યેક માણસ સ્વતંત્રતા માટે કામ કરવું જોઈએ. અપરિગ્રહનું ધ્યેય સેવતો કરોડપતિ હોય તો આધિભૌતિક માર્ગ અપરિગ્રહની સાધનતા છે. અને પરિણામે લાલસા ન રહે, અને ચોરના બધી પડાવી જોઈએ કે માણસને માનસિક સ્વાતંત્ર્ય લાગવું જોઈએ. પણ જે માનવીને આવતી કાલની ચિંતા હોય તેને આધ્યાત્મિક અપરિગ્રહ તરફ કઈ રીતે વાળવો? એ માટે યોગડાવળો ભોગ નહિ ચાલે.

આપણે આધ્યાત્મિક અપરિગ્રહની વાત કરીએ છીએ, પણ સામાજિક અપરિગ્રહની વાત કરતા નથી. જૂના જમાનામાં ધનની ભાવના હતી. તેમાં સહકારની ભાવના (Co-operative Act) સહકર્યની ભાવના રહેલી છે. ભગવદ્ગીતામાં પણ એ જ ભાવના કહેલી છે. સહુ સહકારી બાબ કરે અને એકબીજાને ઉન્નત રાખે એ કાર્ય કેમ કરવું એ જ યજ્ઞની ભાવના છે.

યજ્ઞની ભાવનામાંથી દાનની ભાવના ઉત્પન્ન થઈ છે. તમે જે દાન કરો તે નાગરિક ધર્મ છે. સમાજને કોઈ ઋણ છે, અને તેને વેવું પડે એવો અર્થ એક સમાજ કોઈને ઉપાર્જવો છે. પરિસ્થિતિ એવી હોવી જોઈએ કે સમાજની ઉન્નતિને અડચણ ન પહોંચે એટલું જ નહિ પણ સામાજિક અપરિગ્રહ સાધી શકાય.

કાયદાથી સામાજિક અપરિગ્રહ શક્ય છે કે કેમ તે આપણે નથી. કેમકે કાયદા વિચારપૂર્વક બહાર પાડવામાં આવે છે. એ જ રીતે વિચારપૂર્વક તેનો પ્રતિકાર પણ થાય છે. કાયદો બળવાનને ઉપયોગી બને છે. સાદા સીધા માણસ તેનો ઉપયોગ કરી શકતા નથી. એના ઉપયોગ માટે સંગઠન બળ જોઈએ, એટલે કાયદાથી સામાજિક અપરિગ્રહ સાધવા શ્રમ લેવો પડશે.

આપણે વર્તમાનમાં જીવીએ છીએ, પણ વર્તમાન ભૂલી જઈ ભૂત અને ભવિષ્ય વચ્ચે અથડાઈએ છીએ. જે પરિગ્રહ માનવીને વર્તમાન, ભૂત અને ભવિષ્યમાં અટવાવે છે તેમાંથી મુક્ત થવાનો માર્ગ સામાજિક અપરિગ્રહનો છે. સમાજને ભવિષ્યની ચિંતા ન રહે એટલે દરજ્જે તેને લઈ જવાય તો જ હિત સધાય.

જિસસ ક્રાઇસ્ટે તેના શિષ્યોને કહ્યું હતું કે, પંખીઓના જીવન જેવું જીવન જીવો, સરોવરના કમળફૂલ જેવું જીવન જીવો. વર્તમાનમાં જીવો. વર્તમાન સત્ છે, સત્ એટલે Being થયું છે, થવાનું છે, એવાં જીવનમાં માનવ અપરિગ્રહી બની જાય છે.

સાચો અપરિગ્રહ નિસ્પૃહી જ સાધી શકે. ડાયોજીનીસ તત્ત્વચિંતક હતો. એલેકઝાંડર તેને બોલાવ્યો, ત્યારે તેણે કહ્યું: બળવું હોય તો તે આંહી આવે; હું એલેકઝાંડરને ઓળખતો નથી. નિસ્પૃહી હોય તે જ આવું કહી શકે. મહાવીર અને તેમના ખાસ શિષ્યો અપરિગ્રહ સાધી શકે. સામાન્ય અપરિગ્રહ જે માનવીને દુઃખમાંથી છોડાવે અને એ સાધવા દુનિયાનો જે સાધનો છે તે દુઃખ પેદા ન કરે એવા સમાજનું સર્જન થાય તો જ સામાજિક અપરિગ્રહ સાધી શકાય. આજે દુનિયામાં જે અતિ પરિગ્રહ છે તેને વિકેન્દ્રિત તરફ કેમ લઈ જવો એ પ્રશ્ન છે, અને એનો ઉકેલ માત્ર સામાજિક અપરિગ્રહથી જ લાવી શકાય.

આજની સમાજરચના એવી છે કે અપરિગ્રહતા પાછળ પરિગ્રહતા આવી જાય એટલે પહેલા સામાજિક અપરિગ્રહ સધાયા પછી જ આધ્યાત્મિક અપરિગ્રહ સાધી શકાશે.

—મધુસૂદન ચિ. મોદી

शतं जीव शरदः ।

તા. ૩૧ મી ઓકટોબરે, ગુજરાતના લાડીલા અને રાષ્ટ્રના માનીતા સરદારશ્રી વલ્લભભાઇ પટેલે પંચોતેર વર્ષ પૂરાં કર્યાં. જીવનની જે મજલ, તેનો પોણો ભાગ તેઓશ્રીએ પૂરો કર્યો. આ પંચોતેર વર્ષમાં લગભગ પાંત્રીસ વર્ષ તો તેમના ભેખના જ ગણાય. આ પાંત્રીસ વર્ષમાં કોઇ પણ રાષ્ટ્રીય નેતાને ન સાંપડે એવી, અનેક ઝંઝાવાતો સામે ઝઝૂમવાની તેમને તક સાંપડી; અને એ તકને બરાબર ઝડપી લઇ તેમણે કોઇએ પણ નહિ ધારેલી સિદ્ધિઓ મેળવી. ઇશ્વરને હૃદયપૂર્વક પ્રાર્થીએ કે રાષ્ટ્રની મહાત્વાકાંક્ષાઓ પરિપૂર્ણ કરવા તેઓ સો વર્ષ પૂરાં કરે.

આજના હિંદુસ્તાનને સમજવા માટે ગાંધીજીને સમજવાની જેમ અનિવાર્ય આવશ્યકતા છે; તેમ પંડિત જવાહરલાલ નેહરૂ અને સરદારશ્રીને પણ સમજવાની એટલી જ આવશ્યકતા છે. જો કે સરદાર સૌને માટે અકળ કોયડારૂપ છે; કારણકે તેઓ ઓછામાં ઓછું બોલે છે; અને વધુમાં વધુ કાર્ય કરે છે.

અમદાવાદ મ્યુનિસિપાલિટીના પ્રમુખ તરીકે મ્યુનિસિપાલિટીનું તેમણે વધારેલું ગૌરવ; બારડોલી સત્યાગ્રહના સરદાર તરીકે ગાંધીજીના અહિંસક સિદ્ધાંતોને આપેલું તેમણે વ્યવહાર સ્વરૂપ; મહાસભાના પ્રમુખ તરીકે તેમણે રાષ્ટ્રને આપેલી દોરવણી; પાર્લામેન્ટરી સમિતિના ચેરમેન તરીકે બતાવેલ નિષ્પક્ષપાતપણું અને શિસ્તપાલન અને હિંદના નાયબ વડા પ્રધાન તરીકે હિંદનું તેમણે કરેલું એકીકરણ—આ બધી કાર્યવહીમાં તેમણે શબ્દો સાથે બહુ ઓછી છૂટ લીધી છે; મૌનદ્વારા જ એમણે આ સિદ્ધિઓ મેળવી છે; અને એ સિદ્ધિઓ માટે રાષ્ટ્ર ગૌરવ લઇ શકે તેમ છે.

ગાંધીજીએ હિંદને એક નહિ પણ બે વારસ આપ્યા છે—પંડિત નેહરૂ અને સરદાર પટેલ; એક આદર્શવાદી; બીજા વ્યવહારકુશળ. અને બન્નેની વિચારસરણી વચ્ચે આસમાનજમીન જેટલું અંતર દેખાતું હોવા છતાં, બન્નેય એકબીજાની વધુમાં વધુ નિકટ છે. રાષ્ટ્રની આઝાદી માટેની લડતના સમયે, વિરોધી વિચારો વચ્ચેય ઐક્ય હોવાનું સંભવી શકે; પણ તે પછી એક અને અતૂટ રહેવું એ અશક્ય છે; છતાંય તે શક્ય બન્યું છે—અને તે ગાંધીજીના પ્રતાપે.

સરદારની કાર્યપરાયણતા અને કર્તવ્યશીલતાનું મૂલ્યાંકન તેઓ આપણી વચ્ચે જ હોઇ હજુ આપણે નથી કરી શકયા. ગાંધીજીના અહિંસક લડતના સૌ પ્રથમ વિજયથી સૈનિક થવાનું માન સરદારશ્રીને ફાળે જાય છે. બારડોલીની નાકરની લડતમાં અહિંસા અને સત્યનાં શસ્ત્રોને વ્યવહારૂ સ્વરૂપ આપ્યું સરદારે. કોઇનેય—ખુદ ગાંધીજીને પણ કલ્પના નહોતી કે, બારડોલી સત્યાગ્રહમાં આ શસ્ત્રો યશસ્વી નીવડશે. બારડોલીની પ્રજાએ ખૂબ સહન કર્યું, સરદારે એક સેનાધિપતિની અદાથી તેમને હૂંફ આપી, અને એ લડતમાં વિજયી બની સારાય હિંદુસ્તાનના તે સરદાર બન્યા. બારડોલીના સફળ પ્રયોગથી ગાંધીજીની આત્મશ્રદ્ધા વધુ રીતેજ બની. ૧૯૩૧ અને ૧૯૪૨ ના સત્યાગ્રહ સંગ્રામોનાં મૂળ બારડોલીના વિજયમાં રહેલાં હતાં. પરંતુ સરદારને આ યશ મળ્યો તેના કરતાંય લોહીનું એક પણ ટીપું પાડયા સિવાય, હિંદુસ્તાનના છસો ઉપરાંત સ્વતંત્ર રાજ્યોને એક ધ્વજ નીચે લાવી તેમણે અહિંસક સેનાધિપતિ તરીકે જગતભરમાં પ્રતિષ્ઠા મેળવી છે. "સરદાર પટેલે આ સિદ્ધિ કઇ રીતે મેળવી?" એવી પ્રશ્નોતરી પરદેશીઓ ખૂબ જિજ્ઞાસાપૂર્વક કરે છે. "એક પણ ગોળીબાર નહિ, લોહીનું એક ટીપું નહિ; ખૂનામરકી નહિ, એ શક્ય બને શી રીતે?" અને જ્યારે પરદેશીઓ જાણે છે કે આ સિદ્ધિ ગાંધીજીના અહિંસક શસ્ત્રદ્વારા મળી છે; ત્યારે તેઓ સરદાર પર મુગ્ધ બને છે.

પરદેશમાં પરદેશનીતિમાં પંડિત જવાહરલાલ નેહરૂની પ્રતિષ્ઠા છે; તો ગૃહખાતા માટે-હિંદની આંતરિક પરિસ્થિતિ માટે સરદારની. પરદેશમાં-યુરોપભરમાં સરદારની લોખંડી પુરૂષ તરીકે કલ્પના છે. જ્યારે આ કલ્પના પરદેશીઓ અમારી પાસે રજુ કરતા ત્યારે અમારે તેમની કલ્પના ફેરવવી પડતી. તેમનો પરિચય આપતી વખતે અમારે કહેવું પડતું: "ઓછું બોલો; વધુ કામ કરો એ છે તેમનું જીવનસૂત્ર. એક કાર્યને હાથમાં લીધા પછી પૂરૂ કર્યે જ છૂટકો. સિદ્ધાંતને ખાતર નિકટનો મિત્ર ગુમાવવો પડે તોપણ તેની બેવના નહિ. તેમનો નિર્ણય હોય છે તાત્કાલિક; અને તેનો અમલ કર્યે જ છૂટકો—પછી અનેક વિઘ્નો આવે તોય શું?" અને વધુમાં અમે ઉમેરતા: "જરૂર, સરદાર લોખંડી પુરૂષ છે; પણ હિટલર કે મુસોલિનીની જમાતના નહિ; સંતપુરૂષો—કૃષ્ણ, મહાવીર, બુદ્ધ અને ઇશુખ્રિસ્તના સૈનિકોમાંનાં એક. અહિંસાના પરમ ઉપાસક ગાંધીજીની જાતિના. મારવામાં એ માનતા નથી; મરવામાં માને છે; પણ છેતરવા આવનારને સીધો કરવાનું એ કદી ચૂકતા નથી. એ લોખંડી નહિ પણ વજ્રપુરૂષ છે—અમારા એક સંસ્કૃત કવિએ કહ્યું છે તેવા- वज्रादपि कठोराणि, मृदुनि कुसुमादपि ।

હિંદુસ્તાનના પ્રાણરૂપ મહાત્મા ગાંધીજી હતા. આજે હિંદુસ્તાનના રાષ્ટ્રપતિ રાજેન્દ્રબાબુ છે; તેના વડા પ્રધાન પંડિત જવાહરલાલ નેહરૂ છે; અને રાષ્ટ્રીય મહાસભાના પ્રમુખ બાબુ પુરૂષોત્તમદાસ ટંડન છે; છતાં આપણે એ ન ભૂલીએ કે, મહાત્મા ગાંધીના જમણા હાથ સરદાર પોતે હતા; અને ડો. રાજેન્દ્રબાબુ, પંડિત જવાહરલાલ નેહરૂ અને શ્રી ટંડનની પાછળનું મજબૂત પીઠબળ સરદાર જ છે. રાષ્ટ્રનું સુકાન એક રીતે કહીએ તો અત્યારે સરદારના જ હાથમાં છે. સરદાર પોતાની આ શક્તિ જાણે છે, છતાં સૈનિક ધર્મને જ કાર્ય કરવામાં તેઓ ગૌરવ લે છે. તેઓ પોતાની મર્યાદા પણ સમજે છે; અને મર્યાદામાં રહીને જ પોતાની શક્તિઓનો પૂરેપૂરો લાભ ઉઠાવે છે. આ ગુણને લીધે વિરોધીઓ અને તકસાધુઓ તેમનો જરા પણ લાભ ઉઠાવી શકતા નથી.

ગાંધીજીના દેહોત્સર્ગ પછી, તેઓ મૃત્યુ સામે બાથ ભીડી રહ્યા છે; અને પોતાની કલ્પનાનું—ગાંધીજી અને નેહરૂની કલ્પનાનું હિંદ સર્જવા માટે, જીવવાના દૃઢ નિશ્ચય સાથે અવિશ્રાંત શ્રમ લઇ રહ્યા છે. તેઓ પોતે જ કહે છે: "બાપુ તો આગળ ગયા છે; ત્યાં બા છે; મહાદેવ છે; મને ત્યાંનો આશ્રમ જોવાની ઇચ્છા છે; પણ અહીંનું કામ હજુ અધૂરૂં છે, તે આટોપવાનું છે; એટલે ત્યાં જવાની રજા નથી, અને કામ પૂરૂં કરવું જ રહ્યું." એ બાપુનું કાર્ય પૂરૂં કરવાને ઇશ્વર તેમને શક્તિ આપે; અને તેમના છોત્તેરમાં સોપાને આપણે સૌ દરેક રીતે તેમનાં કાર્યમાં સહાયભૂત થવાનો નિશ્ચય કરીએ.

૩૧-૧૦-૫૦ ધીરજલાલ ધનજીભાઇ શાહ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક : શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સુર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજી. નં. બી. ૪૨૬૬

પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ : ૧૨
અંક : ૧૫

મુંબઈ : ૧ ડીસેમ્બર ૧૯૫૦ શુક્રવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

પ્રજા ઇચ્છે છે : 'અંકુશો દૂર કરો'

ગયા પખવાડિયે, ભારતની પાર્લામેન્ટમાં રાષ્ટ્રપ્રમુખના પાર્લામેન્ટના સભ્યો સમક્ષના પ્રવચન પર, શિરસ્તા મુજબ ત્રણ દિવસ ચર્ચા ચાલી. આ ચર્ચામાં રાષ્ટ્રને છણતા અનેક પ્રશ્નો ચર્ચાયા; પરંતુ તેમાં વધુ સમય લીધો અનાજ અને ખાંડના પ્રશ્ને અને અંકુશોની ઇન્દ્રજાળે. મોટા ભાગના સભ્યે એ સીધા કે આડકતરા પ્રશ્નો અને ઉપપ્રશ્નો પૂછી, જેને કદી પરસેવો ન વળે એવા અનસચિવને પરસેવો ઉતાર્યો. હિંદુસ્તાનની રીતરસમોથી અનભિજ્ઞ કોઇ વ્યક્તિ આ ચર્ચા સાંભળે તો એમ જ ધારી લે કે, અન્નસચિવને તુરત રાજીનામું જ આપવું પડશે; કારણકે પાર્લામેન્ટના મોટા ભાગને અનાજ અને ખાંડ ઉપરના નિયમનો અને બીજા અંકુશો જરા પણ પસંદ નથી; હિંદુસ્તાનને હવે અંકુશરાજ ખપતું નથી. આમજનતા આ ચર્ચા વાંચી સંતોષ અનુભવે છે કે, છેવટે પોતાના અંતરનો પડઘો પાર્લામેન્ટમાં પડયો ખરો; એટલું જ નહિ પણ ચર્ચા ઉપરથી સમજે છે કે, આ સભ્યો અંકુશરાજને દૂર કરવા સ્વાતંત્ર્ય સંગ્રામના સૈનિક જેટલા ઉત્સુક છે.

અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, પૂર, ધરતીકંપ અને તીડ—બધા ઉલ્કાપાતો રાષ્ટ્રે સહન કર્યા છે, છતાં કાશ્મીરથી કન્યાકુમારી સુધી અને ગૌહત્તીથી કંડલા સુધીના પ્રદેશમાંથી સમાચાર એકત્ર કરો—એક યા બીજી રીતે અંકુશરાજ સામે જનતાનો પ્રકોપ પ્રકટેલો જણાઇ આવશે. પ્રજા અને પ્રજાએ ચૂંટેલ પ્રતિનિધિઓ જાહેરમાં અને ધારાસભામાં સરકારને કાને આ વાત જોરશોરથી નાખે છે; સરકારી તંત્રમાં જરાયે રસ નહિ ધરાવતા છતાં લોકસેવામાં જ ખૂંપી ગયેલા કાર્યકરો ઢોલ ટીપી ટીપીને કહે છે કે, વહેલામાં વહેલી તકે 'અંકુશરાજ' દૂર કરો, છતાં આશ્ચર્યની વાત એ છે કે, દર અઠવાડિયે-દરરોજ 'અંકુશરાજ'ની નાગચૂડ પ્રજાને વધુ ને વધુ ઝકડતી જાય છે; અને સરકારપક્ષે આવાં પગલાંઓ લેવા માટે શુભ દાનત હોવા છતાં, તેનાથી પરિસ્થિતિ વિષમ જ બનતી જાય છે. આ વિવિધ અંકુશો દ્વારા ત્રણ વર્ષને અંતે કહી શકાય કે, નાણાંનો પુગાવો, લાંચરુશવત અને કાળા બજારને વધુ ઉત્તેજન મળ્યું છે. હવે એ દીવા જેવી વાત છે કે, જે ચીજ પર નિયમન-અંકુશ આવે છે એ ચીજ રાતોરાત અદૃશ્ય થઇ જાય છે, અને બીજા દિવસથી પાછલે બારણેથી ખૂબ માનપૂર્વક રસ્તો કરે છે.

કલકત્તામાં છડેચોક ચોખા અને ખાંડ વગર રેશનકાર્ડે જોઇતા પ્રમાણમાં મળે; દિલ્હીમાં ઊંચો ભાવ આપો તો કોઇ ચીજની અછત નહિ; મુંબઇમાં પૈસા ખર્ચો તો ઘઉં અને દૂધ જેવા સફેદ ચોખા અને દાણાદાર ખાંડ મળે; અમદાવાદમાં ઊંચા ભાવે આંખને ગમી જાય તેવાં ઘઉં મળે; ગોળ ઉપર અંકુશ આવે-આવે તે સામો વાંધો નહિ, પણ સરકારમાન્ય દુકાને સૂગ ચડે તેવો માલ મળે; ખાનગીમાં સાકરના ડુંકડા સરખો! એક બાજુ અંકુશોની ભરમારની ભીંસ; બીજી બાજુ અંકુશ નીચેની ચીજો જોઇએ તેટલા પ્રમાણમાં, અને જોઇએ તેવા કાળાબજારમાં મળે—આ તંત્ર કયા પ્રકારનું? આ અંકુશોનું નિયમન કયા પ્રકારનું? આવશ્યક ચીજોની અછત કરવા માટે જ અંકુશો જાણે સર્જાતા હોય એમ લાગે!

અને અંકુશો પણ કેવા? અળખામણાં તો હોય જ, પણ છેતરામણાંય ખરાં! 'બ્લેક'ના દાખલો લઇએ. બજારમાં 'બ્લેક' સામાન્ય ભાવે મળતી હતી; સરકારે ભાવનિયમન મૂકયું, અને 'બ્લેક' અદૃશ્ય થઇ ગઇ. આ તો જાણે ઠીક, પણ 'બ્લેક' પર ભાવનિયમન મૂકી સરકારે આમજનતાની કઇ સેવા કરી? હિંદુસ્તાનની વસતીનો મોટો ભાગ સાત લાખ ગામડાંઓમાં વસે છે; એમાંથી મોટા ભાગને 'બ્લેક'ના અંકુશની પડી નથી. તેઓ 'બ્લેક' વાપરતા હશે કે કેમ એ પણ એક પ્રશ્ન છે, તો માત્ર શહેરો અને મોટાં ગામોના પ્રશ્નને સળગતો પ્રશ્ન કરી મૂકવો, એનોય અર્થ શો? 'ગોળ' પર અંકુશ મૂકી, સરકારે દીવાળીની 'હોળી' કરી; પણ એમાંય ગામડાંઓનું શું હિત સધાયું? ઊલટાનું સહન કરવું પડયું એકતરફી જ પક્ષે.

આવા અંકુશો માટે સરકાર વેપારીઓને અને પ્રજાને જવાબદાર ગણે છે. જરૂર, વેપારીઓ આ માટે દોષિત છે. અને વધુ અંશે પ્રજા પણ; કારણકે એક ચીજ વગર ચલાવી લેવા માટે તે જરા પણ ટેવાયેલી નથી; ટેવાતી પણ નથી. સહન કરવાની વાત આવી એટલે ગાત્ર ઢીલાં! પરંતુ સરકાર પક્ષેય દોષ છે, એ દોષ તરફ સરકાર પોતે કેમ નથી લક્ષ આપતી? આંકડાઓ પર આધાર રાખી તંત્ર ચલાવ્યે જ રખાય છે; અને એ આંકડાઓ કેટલા ભ્રામક હોય છે; કેટલા સ્થિતિસ્થાપક હોય છે એ સૌ કોઇ જાણે છે. આ આંકડાઓ નજર સમક્ષ રાખતી વખતે વ્યવહારુ દૃષ્ટિનો મેળ કેમ સધાતો નહિ હોય? ત્રાસ કરોડનો જે અવાજ; ત્રીસ કરોડની જે મુશ્કેલીઓ-વગરદીવે દેખાય તેવી મુશ્કેલીઓનું નિવારણ, ત્રીસ કરોડની ઇચ્છા મુજબ કેમ નહિ?

નાશિક ખાતે ભરાયેલ મહાસભાના છેલ્લા અધિવેશનમાં સરકારી અંકુશો જેમ બને તેમ જલદી દૂર કરવા માટે એક ઠરાવ રજૂ થયેલો. જો કે તે ઠરાવને બહુમતી ન મળી, પણ જેટલા મતો મળ્યા તેના પરથી ધારી શકાતું હતું કે, સરકારી પક્ષે અંકુશો દૂર કરવા સંબંધી વિચારણા કરવી પડશે; કારણકે તરફેણ અને વિરુદ્ધના મતો વચ્ચે બહુ મોટો તફાવત નહોતો. નૈતિક દૃષ્ટિએ ઠરાવ મૂકનારાઓનો વિજય હતો; કારણકે ઠરાવ ઊડી જવામાં પંડિત જવાહરલાલ નેહરુ પ્રત્યેનું સૌનું મમત્વ હતું.

રાષ્ટ્રનું સુકાન જે પક્ષના હાથમાં છે તે મહાસભાના પ્રમુખ બાબુ પુરુષોત્તમદાસ ટંડને હમણાં જ એક નિવેદન કર્યું છે—અને તે હિંદના પાટનગર દિલ્હીથી જ. એ નિવેદનમાં તેઓ ચાલુ પ્રશ્નોની છણાવટ કરતાં કરતાં, અંકુશોનો ઉલ્લેખ કરી ટકોર કરે છે: 'કાળાં બજારોને અને બીજા દૂષણોને જન્મ આપતાં અંકુશોમાંથી અનાજ જેવી આવશ્યક વસ્તુ સિવાય બધી જ વસ્તુઓને મુક્ત કરવી જોઇએ. અંકુશોથી આખું નીતિમત્તાનું સમગ્ર ધોરણ તૂટી પડયું

'બાલકન-જી-બારી : અખિલ હિંદ બાળક સંઘ'

'બાલકન-જી-બારી-અખિલ હિંદ બાળક સંઘ સમસ્ત હિંદનાં બાળકોની સંસ્થા છે. 'બાલકન-જી-બારી'-એ સિંધી શબ્દો છે અને એનો અર્થ બાળકોની વાડી થાય છે. એ સંસ્થાનું મુખ્ય ધ્યેય બાળકોને આનંદ થાય એવી પ્રવૃત્તિઓ દ્વારા તેમનો વિકાસ સાધવાનું છે. આ સંસ્થાની સ્થાપના આજથી પચ્ચીસ વર્ષ પહેલાં-ઈ. સ. ૧૯૨૬ માં સિંધમાં શ્રી. દાદાએ (શ્રી. સેવક ભોજરાજે) કરી હતી. તેઓ આ સંસ્થાના મંત્રી, અને મુંબઇ રાજ્યના વડા પ્રધાન શ્રી. બાળાસાહેબ ખેર પ્રમુખ છે. આ સંસ્થાનું સંચાલન એની ગવર્નિંગ કાઉન્સિલ કરે છે. બારીની શાખાઓ ઠેરઠેર સ્થાપવામાં આવેલી છે.

ચૌદ વર્ષની નીચેનાં બાળકો એનાં પ્રાથમરી મેમ્બરો વાર્ષિક ચાર આના ભરીને (ગરીબ બાળકો ફી આપ્યા વિના), ચૌદથી અઢાર વર્ષની ઉંમર સુધીના ભાઈબહેનો વાર્ષિક આઠ આના આપીને 'કમ્પેનિયન મેમ્બરો' અને ૧૮ વર્ષની ઉપરના ભાઈબહેનો જેઓ આ સંસ્થાનું સ્વેચ્છાપૂર્વક કામ કરવા ખુશી હોય તેઓ વાર્ષિક ફી એક રૂપિયો આપીને 'એસોસીએટ' મેમ્બરો થઇ શકે છે. રૂા. ૧૦૦) આપનાર એના 'સીમ્પેથાઇઝર,' રૂા. ૫૦૦) આપનાર 'ડોનર' અને રૂા. ૧૦૦૦) આપનાર 'પેટ્રન' થઇ શકે છે. સંસ્થામાં દાખલ થનારાઓએ નક્કી કરેલાં ફોર્મ ભરવાના હોય છે. કોઇ પણ વ્યક્તિ જાત, જાત, ધર્મ, રંગ વગેરેના કોઇ પણ જાતના ભેદભાવ વિના આ સંસ્થાના સભ્ય બની શકે છે.

ઓછામાં ઓછા ત્રીસ સભ્યો હોય જેમાં ઓછામાં ઓછી અરધી સંખ્યા પ્રાથમરી સભ્યોની અને ઓછામાં ઓછા બે એસોસીએટ સભ્યો હોય ત્યાં આ સંસ્થાની શાખા સ્થાપી શકાય છે. દરેક શાખાની પ્રવૃત્તિઓ કોઇ જવાબદાર વ્યક્તિના માર્ગદર્શન હેઠળ ચલાવવામાં આવે છે. 'બારી'ની પ્રવૃત્તિઓ જેવી કે સાપ્તાહિક કે પખવાડિક વર્ગો, સભાઓ, પર્યટનો દ્વારા સંસ્થાના ધ્યેય અને ઉદ્દેશો પાર પાડવામાં આવે છે. અગત્યના રાષ્ટ્રીય અને ધાર્મિક તહેવારો યોગ્ય રીતે ઊજવવામાં આવે છે. 'બારી'નાં બાળકો તથા કાર્યકર્તાઓ માટે 'યુનિફોર્મ' નક્કી કરવામાં આવેલ છે.

આજ સુધીમાં 'બાલકન-જી-બારી'એ સભાઓ, પર્યટનો, પરિષદો, છાવણીઓ (કેમ્પસ) પ્રદર્શનો વગેરે યોજીને મોટેરાંઓને બાળકોના વિકાસમાં રસ લેતાં કર્યાં છે. નૂતન શિક્ષણના સિદ્ધાંતોને અમલમાં મૂકવાના અને એનો પ્રચાર કરવાના યથાશક્તિ પ્રયાસો આ સંસ્થા કરે છે. આ સંસ્થાએ બાળકોનું એક હસ્તપત્ર (ચાર્ટર) તૈયાર કર્યું છે, અને એનો સરકાર તથા સમાજ પાસે સ્વીકાર કરાવવાના એના પ્રયાસો ચાલુ છે.

તા. ૨૯-૧૦-૫૦ થી ૬-૧૧-૫૦ દરમિયાન આ સંસ્થાનો રજત મહોત્સવ મુંબઇમાં સુંદર રીતે ઊજવવામાં આવ્યો. ઉત્સવ દરમિયાન મુંબઇના નગરપતિ શ્રી. એસ. કે. પાટીલના પ્રમુખપણા હેઠળ બાળકોના રજતગમનનો મેળાવડો, તા. ૩૧ મી ઓકટોબરે શ્રી. જયેતીન્દ્ર દવેના પ્રમુખસ્થાને બાળકવિ સંમેલન, તા. ૨ જી નવેંબરે શ્રી. ધનવંતી રામરાવના પ્રમુખસ્થાને 'કેમ્પફાયર,' ૩ જી નવેંબરે મુંબઇના નામદાર ગવર્નર કુંવર મહારાજસિંહને હસ્તે બાળકોના પ્રદર્શન(સ્વપ્નદેશ)નું તથા રાણી મહારાજસિંહના હસ્તે 'બાળકનગર'નું ઉદ્ઘાટન, ૪ થી નવેંબરે શ્રી બાળાસાહેબ ખેરના પ્રમુખસ્થાને 'કાર્યકરોના પરિષદ,' ૫ મી નવેંબરે બાળકદિનની ઉજવણી (જેનાં અપોરે બાળકોનું મોહું સરઘસ, સાંજે બાળકોની સભા, શ્રી જવાહરલાલ નેહરુનું પ્રવચન અને રાત્રે મનોરંજનનો કાર્યક્રમ) ૬ ઠ્ઠી નવેંબરે કાર્યકર્તાઓ સમક્ષ શ્રી જવાહરલાલ નેહરુનું પ્રવચન વગેરે વિશાળ અને આકર્ષક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

પ્રદર્શન (સ્વપ્નદેશ) સુંદર રીતે યોજવામાં આવ્યું હતું. એનાં બીજાં પ્રદર્શનોમાં હોય છે તેવા અનેક જાહેર સ્ટોલ વિવિધ રીતે શણગારેલા હતા, પરંતુ આ પ્રદર્શનમાં કેટલીક વિશિષ્ટતાઓ હતી. દા. ત. "ઝૂ" (પ્રાણી-સંગ્રહ), "બાપુ કુટીર"-બાપુની સેવાગ્રામની કુટિરનો આબેહૂબ નમૂનો-બાપુજી કેવી રીતે રહેતા, કયાં કામ કરતા, કયાં બેસતા તથા સૂતા તે માહિતી ઉપરાંત શ્રી. મહાદેવભાઇ, શ્રી. પ્યારેલાલ, પૂ. કસ્તુરબાના ઓરડાઓનો આ કુટિરમાં સમાવેશ થતો હતો. બાળક-નગરમાં 'બાલકન-જી-બારી'ની વિવિધ પ્રવૃત્તિઓ બતાવતાં ચિત્રો, સરકારી ખાતાંઓ તરફથી બુનિયાદી શિક્ષણ તથા સ્વાસ્થ્ય શિક્ષણના નિયમો બતાવતાં ચિત્રો, નકશાઓ વગેરે તેમ જ માનસિક સ્વાસ્થ્ય તથા નૂતન શિક્ષણના સિદ્ધાંતો મુજબ ચારિત્ર્ય ઘડતર કેમ થઇ શકે તે સમજાવતાં ચિત્રો વગેરે; લૂલાં, લંગડાં, આંધળાં, મૂંગાં, બહેરાં વગેરે બાળકોનાં જીવનને સમાજ ઉપયોગી તથા સુખી બનાવવા માટે જે કાર્ય થઇ રહ્યું છે તેનો ખ્યાલ આપતી પ્રવૃત્તિઓ, વિજ્ઞાનના નિયમો સમજાવતા

(અનુસંધાન પૃષ્ઠ ૧૨૪ જુઓ)

છે, અને એ જો અમલમાં જ રહેશે તો આથી પણ વધારે અનીતિ ફેલાશે.'

આમ સમગ્રતઃ જોઇએ: પ્રજા ઇચ્છે છે—અંકુશો દૂર કરો. એક પ્રાંત નહિ, પણ પ્રાંતેપ્રાંતમાંથી અવાજ આવે છે—અંકુશો ઉઠાવી લો. ગાંધીજીના ચુસ્ત અનુયાયીઓએ એમાં સાથ પુરાવ્યો છે. મહાસભાના પ્રમુખે પણ એને માટે કડક ટકોર કરી છે. પાર્લામેન્ટમાં થયેલી ચર્ચાનો એ ધ્વનિ છે. તો પછી પ્રજાના જ માનીતા પ્રતિનિધિઓ, જેમના આ તંત્રના વડેરા છે, તે પ્રજાની દૃષ્ટિએ કાં વિચાર નથી કરતા? પોતાની જ દૃષ્ટિએ કાં વિચાર કરે છે? અને જો વિચારતા હોય તો તેનું પરિણામ શું આ અળખામણા અંકુશોમાં જ ઉમેરો કે બીજું કાંઇ?

અંકુશોમાં માનનારાઓએ કાંતો અંકુશો એવા મૂકવા જોઇએ જેનો પૂરો—કડકમાં કડક અમલ થાય. ખાંડ પર અંકુશ, પણ ખાંડસરી પર નહિ; ખાંડને દબાવીને કરેલી ટીકીએ-'કયુબ' ઉપર નહિ! આ અંકુશ કેવા પ્રકારનો? આવા અંકુશો લાભ કરવાને બદલે પ્રજાને અવળમાર્ગે દોરી જાય છે; વેપારીઓને જ નહિ, પણ ખુદ વાપરનારને કાળુ બજાર કરવા તરફ દોરે છે. અનાજ, ખાંડ, કાપડ, ગોળ, દવાઓ—જરૂરિયાતની ચીજોની આજે આ દશા છે. એટલે સરકારે હવે તો હિંમત કરી—બાર મહિના માટે હિંમત કરી અંકુશો ઉઠાવી લેવા જ રહ્યા. અથવા જેઓ અંકુશમાં નથી માનતા તેમને સત્તા સોંપી તેમના હાથ નીચે કાર્ય કરવા તૈયાર થઇ પૂર્ણ સહકાર આપવો રહ્યો. કદાચ નિરંકુશતાથી કાળા બજારમાંય મળતી ચીજો થોડા વખત માટે અદૃશ્ય થશે; પણ ટુંક સમયમાં સફેદ બજારમાં એ મળતી થવાની, અને ભાવો ક્રમશઃ નીચે ઊતરવાના. આથી સરકારને બે રીતે ફાયદો છે—અંકુશોના નિયંત્રણ માટે જે પોલીસતંત્ર અને વ્યવસ્થાતંત્ર ગોઠવવું પડયું છે, એ તંત્રથી મુકત થવાશે. અને જે વેપારીઓ નફાની ઉપલક રકમ દેખાડી શકતા નથી, તે દેખાડતા થશે એટલે વેચાણવેરો અને નફાવેરાની રકમમાં સારો એવો વધારો થશે.

પ્રજાના જ માનીતા નેતાઓ, પ્રજાની આ વાત હૃદયની સ્વાધ્યપૂર્વક સાંભળશે? કે પછી કાળ જ તેમને એ અંકુશરાજ દૂર કરવાની ફરજ પાડશે? અફસોસની વાત એ છે કે, 'અંકુશરાજ'માં માનતા આપણા માનીતા નેતાઓનાં હૃદયનું પરિવર્તન કરવા માટે માત્ર એકલા ગાંધીજી આપણી વચ્ચે નથી—તેમના શબ્દો છે; પણ કાર્યકરોને તે વારતહેવારે ઉચ્ચારવા માટે!

ધીરજલાલ ધનજીભાઇ શાહ

કર્મસિદ્ધાંત

[શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે યોજાયેલ શ્રી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં **શ્રી. હીરાલાલ જૈને** આપેલ 'કર્મ-સિદ્ધાંત' એ વિષય પરના વ્યાખ્યાનની ભાષ્યશ્રી ભોગીલાલ ડગલીએ લીધેલી નોંધ પરથી. —તંત્રી]

કર્મ-સિદ્ધાંતનું આપણા જીવનમાં ઘણું મહત્ત્વ છે. જૈન ધર્મમાં કર્મસિદ્ધાંત મુખ્ય છે.

સંસારમાં કરોડો મનુષ્યો રહે છે, પરંતુ પ્રકૃતિની વિલક્ષણતાને લઈ એક વ્યક્તિ અન્ય કોઈ સાથે દરેક રીતે સમાન હોય એ શક્ય નથી. કદાચ આકૃતિમાં સમાનતા મળી આવે તોપણ તેઓના માનસિક ગુણો વચ્ચે આસમાન-જમીનનું અંતર હશે. આ પ્રકૃતિનો સ્વભાવ છે. જગતમાં બે જીવ એક પ્રકારનાં હોય તો પણ સર્વથા પૂર્ણપણે એકસરખા દૃષ્ટિગોચર થતા નથી. વિદ્વાનોએ સાબિત કર્યું છે કે, પ્રકૃતિની કોઈ પણ સૌજન્યતામાં આ વિલક્ષણતા રહેલી છે. પ્રકૃતિ બે વસ્તુને એક સરખી બનાવતી નથી. એક વૃક્ષ જે એક જ નામે ઓળખાતું હોય, તે જ વૃક્ષનાં બે પાન એકબીજાને મળતાં નહિ હોય. સૂક્ષ્મતાથી નિરીક્ષણ કરીશું તો માલુમ પડશે કે, પ્રકૃતિએ વિલક્ષણતા રાખી હશે કે બન્ને એક જ સરખા કે એક જ ધર્મગુણવાળા આપણે સાબિત નહિ કરી શકીએ. એ જ રીતે અનાજનાં બે કણ એકસરખાં હોતા નથી. કોઈ દાણા મોટા તો કોઈ નાના હોય છે; જો કોઈ બરાબર હોય તો તેનાં રૂપ, રંગ અને સૂક્ષ્મતામાં ભેદ જોવા મળે છે. આ સૃષ્ટિ એ પ્રકૃતિની વિશેષતા છે.

જૈન દર્શનમાં સૃષ્ટિની આ વિલક્ષણતાઓના પ્રશ્ન ઉપર શાસ્ત્ર રચાયું છે. આજે તો આ સૂક્ષ્મ પ્રશ્નોનો ઉકેલ શાસ્ત્રો અને વૈજ્ઞાનિકો પૂરતો જ મર્યાદિત બની ગયો છે. અન્ય વ્યવહારમાં ડૂબેલા માણસો પાસે સમય કે વિવેકબુદ્ધિ હોતી નથી કે આ વિષે વિચાર કરે.

કોઈ જિજ્ઞાસુ પૂછે કે, ગરીબ અને અમીરમાં ભેદ શું ? તો આજે તેને એ પ્રશ્નનો ઉત્તર અસ્પષ્ટ મળશે. કોઈ કહેશે કે ઈશ્વરની ઇચ્છા. અન્યને પૂછીશું તો કહેશે કે ભગવાનને ગમ્યું તે ખરું. કોઈ તત્ત્વજ્ઞાની કહેશે કે, પ્રકૃતિનો સ્વભાવ છે. આ પ્રકારનાં ઉત્તરોમાં ગૂઢતા રહેલી છે. આ ઉત્તરોનો અર્થ એ જ છે કે, અમે જાણતા નથી; એ વિષે અમારું અજ્ઞાન છે. તો પ્રશ્ન એ છે કે આ વિધાનાત્મક ઉત્તર દેવાનું પ્રયોજન શું ?

સૃષ્ટિમાં જેટલાં દર્શન અને શાસ્ત્રો ઉત્પન્ન થયા છે તેનાં દર્શકો અને શાસ્ત્રજ્ઞોએ તપશ્ચર્યા, ધ્યાન અને ચિંતન કર્યું કે આ જટિલ સમસ્યાનું સમાધાન શું છે ? આમાં પ્રકૃતિ કઈ રીતે કામ કરી રહી છે ? આ સમસ્યાઓનું રહસ્ય એટલે કર્મ-સિદ્ધાંત.

છેલ્લાં ચાર હજાર વર્ષથી દેશમાં સંસ્કૃતિનું ઘડતર ચણાઈ રહ્યું છે. અનેક વિદ્વાનો અને આચાર્યોએ કર્મસિદ્ધાંત ઉપર સંશોધન કર્યું છે, અને એ સિદ્ધાંતનું પાલન કર્યું છે. આપણે એ વિષય આ યુગમાં વિજ્ઞાનની દૃષ્ટિએ સમજવો જોઈએ.

જૈન ધર્મનાં તત્ત્વનું જ્ઞાન પ્રાપ્ત કરવાની ઇચ્છા ધરાવનારાઓએ કર્મસિદ્ધાંતનું અધ્યયન કરી ધર્મ અને દર્શન સાથે તુલનાત્મક રીતે વિચાર કરવો જોઈએ.

પ્રાચીન યુગમાં ભારતવર્ષમાં વેદની રચના થઈ હતી. વેદ એ સર્વ વિજ્ઞાનોમાં મહત્ત્વનું અંગ છે. તેમાંથી ચિંતન, ધ્યાન અને વિચાર મળી આવે છે. તે પ્રાચીન યુગમાં બે સંસ્કૃતિ મુખ્ય હતી— બ્રાહ્મણ સંસ્કૃતિ અને શ્રમણ સંસ્કૃતિ. વૈદિક અને શ્રમણ સંસ્કૃતિમાં સાંપ્રદાયિકતાનો ભેદ છે; બન્નેની મૌલિકતામાં પણ ભેદ છે.

પ્રથમ વૈદિક સંસ્કૃતિને વિચારીએ. વૈદિક સંસ્કૃતિમાં મનુષ્યની ધારણા, અને કર્મથી સઘળાં ફળ મળે છે, એવી માન્યતા છે. તેઓ એ કર્મને યજ્ઞકર્મ તરીકે ઓળખાવે છે. માનવીને જે કંઈ સુખ મેળવવાની આકાંક્ષા ઉદ્‌ભવે તે સર્વ યજ્ઞ કરવાથી પ્રાપ્ત થાય છે એવો વૈદિક સંસ્કૃતિનો કર્મ-સિદ્ધાંત છે. બ્રાહ્મણો યજ્ઞકર્મને કલ્પવૃક્ષ સમાન ગણે છે. 'જે વસ્તુ મેળવવી હોય તેને માટે યજ્ઞ કરો.' તેઓને યજ્ઞ ઉપર અખૂટ વિશ્વાસ હતો. તેઓ માનતા હતા કે સૃષ્ટિનાં દરેક કાર્યમાં દૈવી શક્તિ રહેલી છે અને તેમાં દેવતાઓનો અધિવાસ છે. જો દેવતાની ચાહના (ઇચ્છા) મુજબ ન વર્તીએ તો તેઓ દુઃખ દે છે. તેમને પ્રસન્ન રાખવાથી સુખ મળે છે. જેમકે વાયુદેવ કુપિત થાય તો ધનોતપનોત કરી નાંખે છે, અને પ્રસન્ન હોય તો આનંદલહેરીઓથી વાતાવરણને ખુશનુમાં—પ્રફુલ્લિત બનાવે છે. સઘળાં સુખોનો આધાર દેવોને પ્રસન્ન રાખવાથી થાય છે, અને દેવોને પ્રસન્ન કરવા માટે યજ્ઞ કરવો જોઈએ. દુઃખના નિવારણ અને સુખશાન્તિ માટે યજ્ઞ કરવો જોઈએ, એવી માન્યતા ઉપર ત્યારે ઘણો જ વિશ્વાસ હતો. આ યજ્ઞ કરાવવા માટે એક વર્ગ ઉપસ્થિત થયો, અને તે પુરોહિત વર્ગ: જે વિધિ અનુસાર યજ્ઞ કરે અને યજમાનને સંતુષ્ટ કરે. આવા યજ્ઞ માટે સૌથી પ્રિય વસ્તુનો ભોગ આપવો જોઈએ. એટલે સૌ પ્રથમ ગૌયજ્ઞ આવ્યો; કારણકે ગાય સૌને પ્રિય હતી. પછી આવ્યો અશ્વમેધ, નરમેધ અને પુત્રમેધ.

ધીમે ધીમે સમાજમાં પુરોહિત વર્ગના યજમાનોનો એક વર્ગ ઉપાસ્થત થયો; જેઓ પુરોહિત પાસે પોતાની ઇચ્છાઓ પૂર્ણ કરાવવા યજ્ઞો કરાવતાં. તે વર્ગ તે ક્ષાત્રિયવર્ગ. ક્ષત્રિયો યુદ્ધો અને ઝઘડાઓમાં જ જીવનનું ધ્યેય સમજતા. દુશ્મનોનો વિનાશ કરવા માટે સદાય તત્પર રહેતા. આ વિનાશથી લોકોમાં ત્રાસ ફેલાયો પણ આર્ય લોકોનાં જીવનમાં શાંતિ આવતી ગઈ અને તેમાંથી વૈશ્યવર્ગની ઉત્પત્તિ થઈ. આ ત્રણે વર્ગો કેટલાક માણસો જેઓ મ્લેચ્છ તરીકે ઓળખાતા અને સવાચાકરી કરતાં હતા તેમને ચોથા વર્ગમાં—શુદ્ર વર્ગમાં ગણવા લાગ્યા. આ રીતે ચાર વર્ણોની ઉત્પત્તિ થઈ.

સમાજની સંસ્કૃતિની જેટલી પ્રતિષ્ઠા તેટલી જ દેશની પ્રતિષ્ઠા ગણી શકાય. વૈદિક ધર્મમાં ચાર વર્ણની ઉત્પત્તિ થઈ એ વિશેષતા કહી શકાય.

હવે આપણે શ્રમણ સંસ્કૃતિ વિષે વિચારીએ. ભારતવર્ષમાં મગધ અને બિહાર એ બે શ્રમણ સંસ્કૃતિનાં ધામ હતાં. મગધ અને બિહારમાં એક વર્ગ એવો હતો. જે વૈદિક સંસ્કૃતિનો કટ્ટર વિરોધી ગણાતો.

યજ્ઞદ્વારા જીવનમાં સુખદુઃખ મળે અને હિંસા કરવાથી દેવોને પ્રસન્ન કરી શકાય એવી માન્યતાનો આ લોકો વિરોધ કરતા. તેઓ અહિંસામાં માનનારા હતા. પ્રત્યેક મનુષ્યે શ્રમ કરવો જોઈએ, એ તેમનું કથન હોવાથી તેનું શ્રમણ સંસ્કૃતિ નામ પડ્યું.

મનુષ્ય જેટલું કરશે તેટલું જ તેને ફળ મળશે. દેવની ઉપાસના, અને યજ્ઞોમાં અપાતા ભોગ એ સર્વ સુખ મેળવવાનો સાચો માર્ગ નથી. માનવી જેવું કર્મ કરે છે તેવું જ તેને ફળ મળે છે, કર્મસિદ્ધાંતની રૂએ એક વ્યક્તિ કર્મ કરે અને તેનું ફળ બીજાને મળે એ સંસ્કારે-માન્યતા માની શકાય તેમ નથી. અલબત્ત એ સંસ્કાર માનવજીવનમાં હોઈ શકે કે એક કરે અને બીજાને તેનું પરિણામ મળે. સમાજમાં સામાજિક વ્યવસ્થાને આધારે તે બનવા સંભવ છે; પ્રકૃતિમાં તેનો સંભવ નથી.

શ્રમણોની માન્યતા હતી કે, પ્રત્યેક વ્યક્તિ પોતાના કર્તવ્ય અનુસાર તેનું ફળ મેળવે છે. કર્મસિદ્ધાંતનું આ વિધાન છે કે, બીજાનું કલ્યાણ ન થઈ શકે તો તેની પ્રગતિમાં અવરોધ ન કરવો. એકબીજાને સહાયરૂપ ન થઈ શકાય તો ભલે, પણ તેને આડખીલીરૂપ ન બનવું.—

શ્રમણ સંસ્કૃતિમાં અહિંસાનું મહત્ત્વ વધુ છે. ભારતીય

ગાંધીજીનો દાંત

[આજે જ્યારે ગાંધીજીના સિદ્ધાંતોને જીવનમાં ઉતારવાને બદલે, ગાંધીજીની મૂર્તિપૂજા ની વાતો થઈ રહી છે, અને સ્થળે સ્થળે ગાંધીજી તથા અન્ય દેશનેતાઓની મૂર્તિઓની પ્રતિષ્ઠાપના થઈ રહી છે ત્યારે શ્રી ઓમપ્રકાશે લખેલી આ વાર્તા મૂર્તિપૂજકો અને સ્મારકભક્તોને લાલબત્તીની ગરજ સારશે. મૂળ આ પ્રસંગ 'નયા સમાજ'માં પ્રકટ થયેલ; તેનો અનુવાદ 'પ્રજાબંધુ' સાપ્તાહિકમાંથી અહીં ઉધ્ધૃત કરવામાં આવ્યો છે.

—તંત્રી]

દસ વર્ષ પૂર્વે બનેલી આ સત્ય ઘટના છે.

તે વખતે ગાંધીજી દિલ્હીમાં હતા. એક દિવસ રાજકારણના મોટા બોજા હેઠળ તે દબાયેલા હતા; તે વખતે એવી ખબર બહાર આવી કે ગાંધીજીનો એક દાંત હલે છે અને લગભગ પડવા આવ્યો છે, એટલે તેમને વિશ્રાન્તિની જરૂર છે.

પણ ગાંધીજીએ તો તે દાંતને કાયમને માટે સેવાનિવૃત્તિ આપવાનું ઠરાવ્યું. દાંતના ડૉકટર પાસે જવાનું નકકી કર્યું. ગાંધીજીની સાથે હમેશાં રહેનારો અને "બાપુ, હવે તો એ દાંત કઢાવી નાંખો." એવું આગ્રહપૂર્વક કહેનારો એક આશ્રમવાસી પણ ગાંધીજીની સાથે જવા નીકળ્યો. બાપુએ જવાની તૈયારી કરી.

પણ બાપુએ તે આશ્રમવાસીને જ્યારે પોતાની સાથે આવવા કહ્યું ત્યારે આશ્રમવાસીના મનમાં વિચાર આવ્યો: "છેવટે ડૉકટર પણ બાપુનો આ દાંત કાઢીને ફેંકી દેવાનો જ છે ને? એ હૃદયશૂન્ય માણસને બાપુના આ દાંતની શી કિંમત હોય? હું જો બાપુનો એ દાંત કાઢી નાંખું તો....અથવા મારા હાથમાં તે દાંત આવે તો...." એમ વિચારતાં તેણે રોમાંચ અનુભવ્યો. ગાંધીજીના શરીરનો એક અવયવ તેમની સ્મૃતિ તરીકે સદૈવ પોતાની પાસે રહે!

પણ ડૉકટરને ત્યાં બાપુના સાથે જતી વખતે થોડો ગોટાળો થયો. ગાંધીજી મોટરમાં જઈ બેસે એટલામાં તેમને મળવા એક પ્રસિદ્ધ સાહિત્યકાર આવી પહોંચ્યા અને તે જ ગાંધીજીની સાથે મોટરમાં જઈને બેઠા. પછી મોટરમાં જગ્યા જ રહી નહિ. આશ્રમવાસીને ચીડ ચડી. તે સાહિત્યકારને સાફ સાફ કહી દેવાની તેની ઇચ્છા હતી કે, "અરે ભાઈ, ગાંધીજીએ મને પોતાની સાથે આવવા કહ્યું છે. તારી મુલાકાતનો સમય તો કયારનોય વીતી ગયો છે." પણ મન ઊકળી ગયું હોવાથી તેનાથી કશું બોલાયું નહિ.

પણ તેણે તક જોઈને એ સાહિત્યકારની પાસે જઈને કહ્યું: "એક વિનંતિ છે. તમે ગાંધીજીની સાથે જાઓ છો તો મારું થોડું કામ કરો. બાપુનો જે દાંત ડૉકટર ખેંચી કાઢે તે દાંત મારા માટે લેતા આવજો! મારે મન એ દાંતની ભારે કિંમત છે, માટે જરૂર લેતા આવજો હોં!"

સાહિત્યકારને હસવું આવ્યું. તે ખૂબ જોરથી હસ્યો. તેને લાગ્યું કે, "આ આશ્રમવાસી તે નિરૂપયોગી દાંતને શું કરશે? પૂજા જ! આ દેશના લોકોને પૂજા વિના બીજું આવડે છે શું..."

પણ તેણે દાંત લાવી આપવાનું આશ્રમવાસીને વચન તો આપ્યું.

મોટર ચાલુ થતાં જ સાહિત્યકારના મગજમાં વિચારચક્ર ચાલુ થયું. તે ગાંધીજી સાથે વાત કરતો હતો, પણ તેના મનમાં તો દાંત વિષે જ વિચાર આવતા હતા. તેને લાગ્યું: "આ આશ્રમવાસી દીર્ઘ દૃષ્ટિવાળો છે એમાં શંકા નથી. તેને ગાંધીજીના દાંતની કિંમત બરાબર સમજાઈ છે. આ જગતમાં જ્યારે ગાંધીજીના શરીરનું અસ્તિત્વ નહિ રહે, ત્યારે આ એક જ દાંત તેમનું જીવંત પ્રતીક બનીને રહેશે, અને તે વખતે કદાચ આ દાંતને અખિલ દેશના અમૂલ્ય ધન તરીકે જ લોકો માનશે.

મોટર ડૉકટરના ઘર સામે ઊભી રહેતાં જ સાહિત્યકારના વિચારો પણ થોભ્યા. ગાંધીજી મોટરમાંથી ઊતર્યા અને તે સાહિત્યકાર મિત્રની સાથે દવાખાનામાં ગયા.

ડૉકટરે દાંત કાઢયો. ગાંધીજી ડૉકટરની સાથે મોટર તરફ ધીરે ધીરે ચાલવા લાગ્યા. સાહિત્યકાર મોટી ચૂંચવણમાં આવી પડયો: "હવે શું કરવું?" છેવટે તે તક જોઈને કમ્પાઉન્ડર પાસે ગયો અને તેણે ગાંધીજીના દાંતની માગણી કરી.

પણ કમ્પાઉન્ડર કાંઈ કાચો નહોતો. તેણે પોતે જ દાંત પોતાની પાસે રાખવાનું ઠરાવ્યું હતું. તેણે એ સાહિત્યકારની માંગણીને ઉડાવી દેવા માટે જવાબો આપવા માંડયા. છેવટે તેણે કહ્યું કે, ડૉકટર સાહેબ પાસેથી દાંત માંગી લો! તેમની પરવાનગી સિવાય મારાથી તમને દાંત આપી શકાશે નહિ!

સાહિત્યકારને લાગ્યું કે હવે બાજી બગડી જશે. તેણે છેવટનો દાવ અજમાવ્યો અને કમ્પાઉન્ડરને કહ્યું: "અરે, એમાં વળી ડૉકટરને શું પૂછવાનું? ખુદ બાપુજીએ કહ્યું, તેથી તો હું તમારી પાસે દાંત માંગી રહ્યો છું! જુઓ, ગાંધીજી મોટરમાં બેઠા છે અને મારી રાહ જોઈ રહ્યા છે, માટે જલ્દી આપી દો એ દાંત!"

બિચારો કમ્પાઉન્ડર! ગાંધીજીનું નામ સાંભળીને તે ઠંડો થઈ ગયો. "બાપુને જ દાંત જોઈએ છે? તો ભલે લઈ જાઓ! પણ જરા ડૉકટર સાહેબને તો આવવા દો!"

એટલામાં ગાંધીજીને મોટરમાં બેસાડીને ડૉકટર પાછા આવવા લાગ્યા. ડૉકટરના ચહેરા પર પ્રસન્નતા પ્રકટી હતી. આજ સુધીમાં તેણે અનેક સુપ્રસિદ્ધ લોકોના દાંત પાડયા હતા, પણ આજના જેટલો આનંદ, આજના જેટલો સંતોષ તેણે કોઈ વાર અનુભવ્યો નહોતો. તેણે મનમાં ધારી રાખ્યું હતું કે આ પવિત્ર મહાત્માનો દાંત ગંગાજળથી ધોઈને ચાંદીની ડબ્બીમાં રાખી મૂકીશ. પણ દવાખાનામાં આવીને તેણે જોયું તો માલૂમ પડયું કે ગાંધીજીએ પોતાનો દાંત પાછો મંગાવ્યો છે!

એક સુપ્રસિદ્ધ પ્રતિષ્ઠિત સાહિત્યકાર તેની સામે ઊભો હતો. તે ગાંધીજીના કહેવાથી તેમનો દાંત લેવા માટે થોભ્યો હતો. તેના એ કથન ઉપર સંશય રાખવાનું કોઈ કારણ નહોતું. વિચાર કરવાનો વખત પણ નહોતો. તેણે નિઃશ્વાસ નાંખ્યો અને કહ્યું: "લો ત્યારે, લઈ જાઓ દાંત." અને ડૉકટરે નિરાશ થઈને ખુરશીમાં પડતું મૂકયું,—જાણે કોઈ નિકટના આપ્તજનનું મૃત્યુ થયું હોય!

—અને સાહિત્યકારે બાપુનો દાંત લીધો, ગંભીરતાથી રૂમાલમાં વીંટી લીધો અને મૂઠીમાં રૂમાલ રાખીને જાણે કાંઈ જ બન્યું નથી એવો દેખાવ રાખી તે મોટર તરફ ચાલ્યો.

ગાંધીજી મોટરમાં એ રાજેંદ્રબાબુની રાહ જોઈ રહ્યા હતા. તેમણે પૂછયું: "કેમ તમને આવતાં વિલંબ થયો? તમારે પણ દાંત પડાવવાનો હતો કે શું?"

"ના, બાપુ! મારા દાંત હજી એટલા નબળા બની ગયા નથી."

સંસ્કૃત વૈદિક અને શ્રમણ સંસ્કૃતિથી મિશ્ર બની છે; તો આપણી ફરજ છે કે નિષ્પક્ષ રીતે તેમાંથી બન્નેનો આદર્શ સમજવો.

શ્રમણ સંસ્કૃતિની ઉપાસના મહાત્માજીએ કરી હતી. શ્રમણ સંસ્કૃતિ એટલે અહિંસા પરમો ધર્મ: કર્મસિદ્ધાંતની અપેક્ષાએ શ્રમણ સંસ્કૃતિ મહત્વની છે. વૈદિક ધર્મમાં ચાર વર્ણોની રચના છે; જ્યારે શ્રમણ સંસ્કૃતિમાં એવા ભેદ નથી; કેમકે જેવું કર્મ તેવું ફળ દરેકને મળવાનું છે.

કર્મસિદ્ધાંતમાં પુણ્ય પાપ દ્વારા માનવી સુખ અને દુઃખના રસ્તાઓ જોઈ શકે છે: મૌલિક ચિંતન અનુસાર ગુણધર્મો બતાવ્યા છે. સામાજિક કાર્યથી તેનું વિભાજન થયું છે—શ્રમણ સંસ્કૃતિમાં ચાર્તુવર્ણ્યના ભેદ નથી—કર્મસિદ્ધાંતને લીધે દરેક વ્યકિતને સમાન અધિકાર મળે છે. મનુષ્ય તો શું પણ દરેક જીવધારીઓ માટે એ નિયમ છે. આ કર્મસિદ્ધાંતનાં રહસ્યભેદને સૌ મૌલિક રીતે સમજીએ એ જ પ્રાર્થના.

સાહિત્યકાર મોટરમાં બેઠો અને મોટર ઊપડી. તેનું મન પુલકિત થવા લાગ્યું. અંતઃકરણ હવામાં તરવા લાગ્યું. તેણે માન્યું: "આજે મારી પાસે જે ચીજ છે તે ચીજ પોતાની પાસે રાખવાની ઇચ્છા ન ધરાવનારી અને તે મેળવવા માટે માથાં ન પટકનારી કોઈ પણ વ્યકિત દુનિયામાં હશે શું? કંપાઉન્ડરની અને ડૉકટરની દાંત માટેની અભિલાષા તો મેં જોઈ જ છે. પેલા આશ્રમવાસીએ દાંત લાવી આપવાની વાત મને ન કરી હોત તો મને એ દાંતની કિંમત સમજાઈ નહોત. એ દાંત તે ડૉકટર પાસે પડી રહ્યો હોત તો...

"પણ હવે આટલી ચાલાકીથી અને પરિશ્રમથી મેળવેલો એ દાંત શું પેલા આશ્રમવાસીને આપી દેવો? વચન તો આપ્યું છે, પણ આપેલું વચન પાળવું જોઈએ એવું થોડું જ હોય છે! હું કાંઈ સત્યવાદી હરિશ્ચંદ્ર રાજા થોડો જ છું! 'ભૂલી ગયો, ભાઈ!' એમ કહીશ એટલે પત્યું. તેને વચન આપેલું ખરું, પણ દાંત મેળવવા માટેની મહેનત તો મેં જ કરી છે ને!"

બાપુ હસતા હતા. તેમનું તે દાંત-રહિત હાસ્ય જાણે પોતાની હાંસી કરી રહ્યું છે એમ સાહિત્યકારને લાગ્યું. તેને ભાસ થયો, જાણે તે હાસ્ય કહી રહ્યું છે કે, "તું ચોર છે, તેં જ મારો દાંત ચોરી લીધો છે!"

પણ તેણે પોતાના મનને સમજાવી લીધું. "શું હું ચોર છું? ચોર શાને? ડૉકટરની પરવાનગી લઈને, તેની પાસેથી માંગીને મેં તે દાંત આણ્યો છે. તેમાં ચોરી શાની? નહિ, નહિ, હું ચોર નથી...પણ બાપુથી એ વાત મેં ચોરી રાખી છે ખરી, નહિ વારૂ? દાંત મેં માંગી લીધો છે એ વાત મેં ગાંધીજીને કહી નથી..."

તેનું મન થરથરી ઊઠ્યું. છેવટે હૃદય પર બુદ્ધિએ વિજય મેળવ્યો અને બુદ્ધિ બોલી: "એમાં બાપુથી ચોરી શું લીધું? બાપુએ આ દાંતને નિરૂપયોગી સમજીને ડૉકટર પાસે રહેવા દીધો નહોતો શું? મને તે સાંભરી આવ્યો અને મેં ડૉકટર પાસેથી માંગી લીધો. હું તે લાવ્યો ન હોત તો કોઈ ખૂણેખાંચરે પડી રહ્યો હોત, અથવા તો કોણ જાણે કાલપ્રવાહમાં ધસડાઈને કયાંય દટાઈ-ભુલાઈ ગયો હોત. એટલે મેં બાપુની ચોરી કરી હોવાનો પ્રશ્ન જ ઉદ્ભવતો નથી."

મોટર ઊભી રહી. બાપુનું નિવાસસ્થાન આવ્યું. મોટરમાંથી ઊતરીને આગળ જતાં જ પેલો આશ્રમવાસી સામો મળ્યો. તેને જોતાં ગાંધીજી બોલ્યાં: "અરે, તું કયાં ગુમ થઈ ગયો હતો?" પણ તેનો જવાબ સાંભળવા બાપુ થોભ્યા નહિ અને આગળ ચાલ્યા. ગાંધીજીની સાથે પોતે જઈ શકયો નહિ તેનું દુઃખ તે બિચારાને થતું જ હતું; પણ હવે તેને બદલે ગાંધીજીનો દાંત તો મળશે, એ વિચારથી તેને દુઃખમાં પણ સાંત્વન મળ્યું.

સાહિત્યકારને જોતાં જ આશ્રમવાસી આનંદથી નાચવા લાગ્યો. તે બોલ્યો: "કહો, કયાં છે મેં મંગાવેલો બાપુનો દાંત? કે ભૂલી ગયા?"

ક્ષણેક વિચારમાં પડવા જેવું કરીને ચહેરા પર ખેદનો ભાવ દર્શાવતાં સાહિત્યકારે કહ્યું: "શું કરૂં? દાંત માંગી લેવાની તક જ મને મળી નહિ. પાછા ફરતાં બાપુએ બહુ ઉતાવળ કરી, એટલે દાંત તો ત્યાં જ રહી ગયો."

આશ્રમવાસી નિરાશ થયો, પણ પછી તેણે હિંમત ધારણ કરીને પૂછ્યું: "ખરેખર, ડૉકટર પાસે જ દાંત રહી ગયો? તમે સાચું કહો છો ને?"

"હા, હા, સાચું કહું છું. તમે શું એમ માનો છો કે હું તમારી મશ્કરી કરૂં છું? આવી બાબતમાં મશ્કરી કરવાની હોય?" સાહિત્યકારે ગંભીરપણે કહ્યું.

આશ્રમવાસી વિચારમાં પડી ગયો. તેને મનમાં થયું કે, "ડૉકટર પાસે જઉં અને તેને જ પૂછી જોઉં!" પણ પાછો તેનો વિચાર બદલાયો: "એમ કરવું એ સારૂં નહિ દેખાય. એ સાહિત્યકાર ખોટું શા માટે બોલે? દાંત જોઈતો હતો તો તે વખતે જ ડૉકટર પાસેથી માંગી લેવો જોઈતો હતો. હવે કાંઈ એ દાંત મળી શકવાનો છે? માંગવા જઈશ તો તેનું મહત્ત્વ ડૉકટરના લક્ષમાં આવી જશે અને ડૉકટર પોતે જ તે રાખી લેશે અને મને નહિ દેવાના ચાળા કરશે."

સાહિત્યકારે ઘેર જઈને છૂટકારાનો દમ લીધો. ખિસ્સામાંથી ધીમેક રહીને તેણે પેલો રૂમાલ બહાર કાઢ્યો અને તેમાં વીંટેલો દાંત હાથમાં લીધો. ખરેખર, પોતાને ગાંધીજીનો જ દાંત મળ્યો છે અને તે સુરિથતિમાં છે તેની ખાતરી કરીને તેણે એ રૂમાલ પાછો ખાદીના રૂમાલમાં વીંટાળ્યો અને ગાંધીજીના ફોટા સમક્ષ મૂકયો. જમીને વામકુક્ષી કરવા જરા આડે પડખે થયો, પણ તેને ઊંઘ આવી નહિ. તે આમથી તેમ આળોટવા લાગ્યો. તેનું મન સ્થિર નહોતું. તેના અંતરનો આનંદ છલકાઈ જતો હતો. આટલી મૂલ્યવાન ચીજ પોતા પાસે હોય, પછી આનંદ થયા વિના કેમ રહે? કોઈની પાસે આ આનંદનું વર્ણન કરવાને તે અધીરો બની ગયો હતો, પણ એ વાત કહેવી કોને? એ પ્રશ્ન તેને સતાવવા લાગ્યો. તેના મનમાં થયું કે હું ઊઠું, જગતના ચોકમાં ઊભો રહું અને બધાને બોલાવીને મોટેથી પૂછું કે, "આ જુઓ મારી મૂઠી! કહો તે મૂઠીમાં શું હશે?"

પણ એના મનની સુપ્ત ઇચ્છા એવી હતી કે આ વાતની ગંધ ગાંધીજી પાસે જરાય જવી ન જોઈએ. જો તેમને કાને આ વાત ગઈ તો...તો...તો...બાપુ તો એક અજબ માણસ છે. તે વીરપૂજાના અને મૂર્તિપૂજાના વિરોધી છે. પોતાનો દાંત આ રીતે સંભાળીને સંગ્રહમાં રાખવામાં આવ્યો છે તેમાં કદાચ એમને વીરપૂજા માલૂમ પડે, અને 'તે દાંત ફેંકી દે' એવી કદાચ આજ્ઞા કરે, એવી ભીતિ સાહિત્યકારને લાગતી હતી. અને પેલા આશ્રમવાસીને ખરી વાતની ખબર પડી જાય તો? તો હું જૂઠાબોલો કરૂં! તેની અને ગાંધીજીની દૃષ્ટિમાં હું હલકો પડી જઉં! અને તેમ થાય તો ગાંધીજીની નજીકમાં ઊભા રહેવા જેટલું પણ નૈતિક બળ પોતામાં રહે નહિ.

પણ તેનાથી રહી શકાયું નહિ. તે પોતાના એક-બે કરોડપતિ મિત્રો પાસે ગયો. તે કરોડપતિઓ ગાંધીજીના પણ મિત્રો હતા.

પહેલા કરોડપતિ પાસે અહીં-તહીંની વાતો થયા પછી ગાંધીજી વિષેની વાત નીકળી. કરોડપતિએ કહ્યું: "ગાંધીજી તો સાક્ષાત્ ઈશ્વરના જ અવતાર છે."

હવે પોતાની પાસેનું રહસ્ય કહેવાની બરાબર તક આવી છે એમ જોઈને સાહિત્યકારે કહ્યું: "એમાં જરા શંકા નથી, અને એમ બોલવાની હવે જરૂર જ રહેતી નથી. તેમના જીવંતપણામાં જ તેમની જેટલી પૂજા થાય છે, તેટલી પૂજા કદી કોઈની પણ થઈ નથી. દૂર દૂરથી લોકો તેમની ઈશ્વરની પેઠે જ પૂજા કરશે એમાં શંકાને સ્થાન નથી. પણ શેઠજી! તમે ગાંધીજીના આટલા નિકટના મિત્ર છો, તો તેમનું કાંઈ સ્મૃતિચિહ્ન જાળવી રાખ્યું છે કે નહિ? કે પછી બોલવાની વાતો! આજે એ મહાપુરૂષ આપણી વચ્ચે વિદ્યમાન છે. કાલે કદાચ તે કાળના પ્રવાહમાં વિલીન થઈ જશે, તે વખતે તેમનું કોઈ સ્મૃતિચિહ્ન તો નહિ જ રહેવાનું ને?"

"સ્મૃતિચિહ્ન! હા, ગાંધીજી અમારા ગામમાં જમવા આવ્યા હતા ત્યારે તેમણે ભોજનમાં વાપરેલાં વાસણો મેં અને મારી સ્ત્રીએ પોતાના હાથે માંજીને તેમની સ્મૃતિ તરીકે તેમનાં તેમ રાખી મૂકયાં છે. બીજી વાર એ વાસણો વાપર્યાં નથી-"

સાહિત્યકાર હસીને બોલ્યો: "અહો, એમાં સ્મૃતિચિહ્ન જેવું શું છે? તે તો તમારાં જ વાસણ તમારા ઘરમાં રહ્યાં. તેમાં ગાંધીજીનું શું આવ્યું? ગાંધીજીની એવી કોઈ ચીજ તમારી પાસે

છે કે જે અનેક વર્ષો સુધી લોકોના સ્મરણમાં રહે અને તે જોવા માટે લોકોનાં ટોળાં ને ટોળાં તમારે આંગણે આવે!"

શેઠજી ચૂપ થયા. તે આશ્ચર્યથી સાહિત્યકારને જોઇ રહ્યા. સાહિત્યકારે કહ્યું: "આજ સવારથી ગાંધીજીના શરીરના અવયવરૂપ અને પછી જેનો તેમણે સ્વેચ્છાથી ત્યાગ કર્યો છે એવી એક ચીજ મારી પાસે આવી છે; તે જોવી છે તમારે?"

"એવી ચીજ કઇ છે વારૂ?"

"આ દાંત જુઓ! ગાંધીજીએ આજે સવારે જ ડૉકટર પાસે તે કઢાવી નાંખ્યો છે."

શેઠજી તો ચમકી ગયા. તે દાંત પોતાને આપી દેવા તે સાહિત્યકારને આગ્રહ કરતાં બોલ્યા: "તમે માંગો તે રકમ આપું, હજાર–બે હજાર–પાંચ હજાર–દસ હજાર!"

સાહિત્યકારને માઠું લાગ્યું. પોતે ગાંધીજીના દાંતનો વેપાર કે હરાજી કરવા થોડો જ આવ્યો હતો! જે ચીજ બીજા કોઇની પાસે નથી, તે પોતા પાસે છે, એમ કહેવા, અભિમાન પ્રદર્શન કરવા પોતે આવ્યો હતો. જે ચીજ પૈસાથી ખરીદી શકાય નહિ અને છતાં જે અગાધ સુખ આપે તેવી ચીજ જગતમાં હોય છે એવો છાપ શેઠજી ઉપર પાડવા માટે પોતે અહીં આવ્યો હતો, કાંઇ કોઇ સોદો ઉતારવા આવ્યો નહોતો.

સાહિત્યકાર ત્યાંથી ચાલ્યો ગયો અને બીજા કરોડપતિ મિત્ર પાસે ગયો. રસ્તામાં પાપે તેના મનમાં પ્રવેશ કર્યો. શેઠજીના બોલવા ઉપરથી તેના મનમાં એક બીજ વવાયું હતું: "આ દાંત હું વેચી દઉ તો? વેચવામાં વાંધો શો? આજ સુધીમાં કેટલાંય પુસ્તકો લખ્યાં; પરન્તુ નિરાંતે નિર્વાહ ચલાવવા જેટલા પૈસા કોઇ વાર હાથમાં આવ્યા નથી. સ્ત્રી–બાળકોએ કોઇ દિવસ પૂરા સુખનો માણ્યો નથી. બિચારી સ્ત્રીએ કોઇવાર પૂરા પૈસા જોયા નથી કે પૂરો આનંદ જોયો નથી. પ્રતિષ્ઠા મેળવી–કીર્તિ મેળવી, પણ તેનો શો ઉપયોગ? પ્રતિષ્ઠાને કાંઇ ચેકની પેઠે થોડી જ વટાવી શકાય છે? નરસિંહ મહેતાએ કેદારો રાગ ધરાણે મૂકયો હતો, અને તે ધરાણે રાખનાર શાહુકાર પણ તેને મળ્યો હતો, પણ મારાં પુસ્તકો કે ફાઉન્ટન પેન તો શું પણ હું પોતે જો ધરાણે મુકાઉં–ગુલામ બનું તો મને કોઇ રાખવા તૈયાર થાય કે નહિ તે પ્રશ્ન છે. મોંઘવારી વધતી જાય છે, જીવનનિર્વાહ મોંઘો થતો જાય છે અને રકતમાંસ જ જાણે સસ્તાં બનતાં જાય છે! ઘરમાં પગ મૂકતાંની સાથે જ હુકમ છૂટે છે: ઘી લાવો, દાળ લાવો, અનાજ ખૂટી ગયું છે, બાળકોની ફી આપવાની છે. ઘરમાં પગ મૂકવોય હવે તો આકરો લાગે છે. એવી સ્થિતિમાં આ દાંત વેચી નાંખ્યો હોય તો..."

એવા વિચારો તેના મનમાં ઘોળાતા જતા હતા, એવામાં તેને ભાસ થયો કે બાપુનો તે દાંત પોતા ભણી જોઇને હસી રહ્યો છે! તેને ભય લાગ્યો.

તેના મનમાં આવ્યું: "આવો વિચાર કયાંથી આવ્યો? તે કાળાં બજારના શ્રીમંત મિત્રની સોબતની અસર મારા પર થઇ છે! બાપુનો દાંત હું વેચું? એટલો હલકો–એટલો નીચ શું હું બનું? નહિ, નહિ, હું એટલો નીચ તો નહિ જ બનું!"

સાહિત્યકાર પોતાના શ્રીમંત મિત્રોને જેમ જેમ મળતો ગયો, તેમ તેમ તેની પાસેના ગાંધીજીના દાંતની કિંમત વધતી ગઇ, જાણે લિલામમાં મૂકેલી જ એ વસ્તુ ન હોય! સોનું જોઇને મુનિવર ચળે એવી સાહિત્યકારની સ્થિતિ થઇ. એક મિત્રે તો કોરા ચેક પર સહી કરીને તે તેના હાથમાં મૂકયો અને કહ્યું: "તમને જોઇએ તેટલી રકમ તેમાં તમારે હાથે ભરો, પણ એ દાંત મને આપો!"

ફાઉન્ટન પેન ગજવામાંથી કાઢીને સાહિત્યકાર રકમ લખવા જતો હતો, એટલામાં બાપુનો દાંત જાણે પોતાની તરફ જોઇને હસી રહ્યો છે એવો તેને ભાસ થયો. બાપુનું તે અમર હાસ્ય તેની પાછળ પડયું હતું—જાણે દુર્વાસા મુનિની પાછળ પડેલું સુદર્શન ચક્ર!

તેના હાથમાંથી ફાઉન્ટન પેન નીચે પડી ગઇ. તે શ્રીમંત મિત્રના ઘેરથી તે નાસી છૂટયો! તેને ભય લાગ્યો કે પોતે જો વધુ વખત ત્યાં બેસશે તો પોતે મોહની જાળમાં સપડાઇ જશે! તે વખતે તે ત્રિશંકુની પેઠે માયાવી સ્વર્ગ અને સત્યની પૃથ્વી વચ્ચે જાણે લટકી રહ્યો હતો! ઘેર પહોંચીને બિછાના પર તેણે શરીર નાંખ્યું ત્યારે તેના હૃદયની ગભરામણ શમી.

—અને આ બાજુએ પેલા આશ્રમવાસીને તે સાહિત્યકારનો એક મિત્ર મળ્યો. તે જાણી ચૂકયો હતો કે સાહિત્યકાર દાંત વેચવા ફરે છે. એ જાણીને આશ્રમવાસીના હૃદયમાં પુણ્યપ્રકોપ જાગ્યો: "પ્રેમ અને શ્રદ્ધાની વસ્તુની જગતના બજારમાં ઉઘાડે છોગે શું હરરાજી બોલાવવી? તે સાહિત્યકાર મારી પાસે જૂઠું બોલ્યો! તેનો એ ગુન્હો માફ થઇ શકે, પણ શું બાપુના દાંતની હરરાજી બોલાય? આ તો સ્વાર્થીપણાની હદ આવી ગઇ લેખાય!" એમ વિચારીને અંતરમાંના ક્રોધથી ભભૂકતો આશ્રમવાસી સાહિત્યકાર મિત્રને ઘેર ગયો.

તેને જોતાં જ તેનું સ્વાગત કરીને સાહિત્યકારે કહ્યું: "આવો, આવો, હું તમારી જ રાહ જોતો હતો. બાપુના દાંત વિષે કપટ કરી શકાય પણ ખુદ બાપુજી સાથે કપટ કરવું એ અશકય છે એવી હવે મારી ખાતરી થઇ છે. આ દાંત હવે તમારી પાસે જ હોવો જોઇએ. હું તે દાંતની અમૂલ્યતાનું અને અપ્રાપ્યતાનું પ્રદર્શન કરીને તેને વેચવાના વિચાર સુધી અધઃપતિત થયો હતો, પણ બાપુની પુણ્યાઇને લીધે હું બચી ગયો છું. પણ હવે આ દાંત તમને જ મારે આપી દેવો જોઇએ. અતિ લોભ તે પાપનું મૂળ એમ જે કહેવાય છે તેની સમજ મને બહુ મોડી પડી. મને ક્ષમા કરો!"

આશ્રમવાસીએ થરથરતે હાથે એ દાંત લીધો અને તેને કપાળે લગાડીને નમસ્કાર કર્યા. તેના ભકિતભાવે તેની આંખોમાં આનંદનાં આંસુ ઉધિપ્ત કર્યા. સાહિત્યકારને પણ આનંદ થયો. પોતે કરેલા સત્કાર્યનો એ આનંદ હતો. કરેલી ભૂલનું એ પ્રાયશ્ચિત્ત હતું. સત્યના કદર કરવાનો એ આનંદ હતો.

એ સાહિત્યકાર આમ સહજમાં બાપુનો દાંત પોતાને આપી દેશે એવી આશ્રમવાસીને આશા જ નહોતી. તેને શંકા આવી કે આ માણસ પોતાને બનાવતો—ઠગતો તો નહિ હોય! પોતાને આપવામાં આવતો દાંત બીજા કોઇનો તો નહિ હોય? એ સંબંધે તેને સીધો પ્રશ્ન કરવાનો પણ આશ્રમવાસીને વિચાર આવ્યો. જે માણસ જૂઠું બોલે તે કયું પાપ ન કરે? એવો પ્રશ્ન પણ તેના મનમાં આવ્યો. પણ તેને ખ્યાલ આવ્યો કે જ્યારે પોતે સાહિત્યકારના ઓરડામાં પ્રવેશ કર્યો હતો, ત્યારે બાપુની દાંડી–યાત્રાના સમયના ચિત્રની સમીપે શુભ્ર ખાદીના રૂમાલમાં એ દાંત રાખેલો હતો અને ચિત્રની આગળ અગરબત્તી બળીને વાતાવરણને સુગંધિત બનાવી રહી હતી. તેને લાગ્યું કે સાહિત્યકારના મનમાં હવે કપટ નહિ જ હોય. વળી, પોતે અહીં આવવાનો છે એવી ખબર પણ તેને કયાં હતી કે જેથી તે આવું છળકપટ કરે?

આશ્રમવાસી આનંદિત અને શંકારહિત મને બાપુનો દાંત લઇને આશ્રમ તરફ જવા નીકળ્યો.

તેણે એ દાંતને ગંગાજળથી નવરાવીને રોજ પોતે જે દેવની પૂજા કરતો હતો તે દેવના પૂજાગૃહમાં રાખ્યો. તે દાંતને રાખવા માટે તેણે એક નાની સરખી ચાંદીની દાબડી કરાવી. તે પૂજાગૃહમાં ગાંધીજીની એક હસતી મૂર્તિ પણ તેણે લાવીને મૂકી. તે રોજ મૂર્તિની સમીપે ધૂપ–દીપ બાળવા લાગ્યો અને તેની ઉપર ફૂલ પણ ચડાવવા લાગ્યો.

આશ્રમવાસીએ એ દાંતના સંબંધમાં કોઇની આગળ એક શબ્દ પણ ઉચ્ચાર્યો નહિ તો પણ તેનું મન બેચેન હતું. કોઇ કોઇ વાર તે દાંત જાણે તેની પ્રત્યે બોલતો હતો: "તું આ ઠીક કરતો નથી." આવો ભાસ તેને કેમે કરતાં છોડતો નહોતો.

રાત્રે તેને સ્વપ્ન આવવા લાગ્યાં. સ્વપ્નામાં ગાંધીજી આવતા અને તેને કહેતા : "હે ગૃહસ્થ ! તેં આ શું કર્યું ? મારા જીવંત કાળમાં જ મારા આદર્શનું આવું અધઃપતન ? અને તે પણ મારા એક આશ્રમવાસી તરફથી ? હું મૃત્યું પામ્યા પછી શું મારી આવી જ મૂર્તિપૂજા તમે બધા કરવાના છો ? જગતમાં અંધશ્રદ્ધાળુઓ પુષ્કળ હોય છે, તેમને જ માર્ગે શું તમે પણ જશો ? એવી જ રીતે તમે વર્તવાના હો તો ઇશુખ્રિસ્તને જેવી રીતે તેના શિષ્યોએ જ શૂળી પર ચડાવ્યો હતો તેમ તમે મને કેમ શૂળી પર ચડાવતા નથી !" એમ કહીને તે મોટેથી હસતા અને આશ્રમવાસી એકદમ ઊંઘમાં ચમકીને બિછાનામાં બેઠો થઇ જતો !

એમ કેટલાક દિવસ ચાલ્યા ગયા, પણ તેનું મન સ્વસ્થ થયું નહિ.

છેવટે તેણે એક દિવસ બાપુને પત્ર લખીને બધી હકીકત વિગતવાર જણાવી. પોતાને દાંત કેવી રીતે મળ્યો, તેની પૂજા પ્રતિષ્ઠા પોતે કેવી રીતે કરે છે તેની હકીકત લખીને તે દાંત પોતા પાસે રાખવા દેવાની પરવાનગી આપવા તેણે બાપુને વિનતિ કરી.

તેને લાગતું હતું કે આવી નાની બાબતમાં ગાંધીજી પોતાને નિરાશ નહિ કરે. બાપુનો દાંત બાપુની પરવાનગીથી પોતા પાસે રહેશે, એટલે પોતાના મનને પુનઃ શાંતિ મળશે એવી તેની ગણતરી હતી.

ગાંધીજી તરફના જવાબ માટે વધુ દિવસ રાહ જોવી પડી નહિ, પણ તે જવાબથી તેની આશા પર પાણી ફરી વળ્યું. બાપુએ તેને ખૂબ ઠપકો આપ્યો અને લખ્યું : "આવા પ્રકારની અંધશ્રદ્ધા એ મૂર્તિપૂજાનું હલકામાં હલકું સ્વરૂપ છે. જગતમાં મહાપુરુષોના આદર્શોનું અને અનુયાયીઓનું અધઃપતન આ જ રીતે થયું છે. તત્ત્વની પૂજા હોય, તત્ત્વવેત્તાની પૂજા કદાચ હર્ષાવેશમાં કરી હોય તો તે ક્ષમ્ય લેખાય, પણ આ અંધશ્રદ્ધા—આ ગાંડપણ તો તદ્દન અક્ષમ્ય છે."

આ જવાબથી એક બાજુએ તે નિરાશ થયો અને બીજી બાજુએ તેના મનમાં જ્ઞાનનો પ્રકાશ ઉદય પામ્યો. તે ઊંડા વિચારમાં મગ્ન બન્યો. વિચારમાંથી મુક્ત થતાં તેને ખાતરી થઇ કે પોતે આજ સુધી ફક્ત બાપુની મૂર્તિપૂજામાં જ ગુંચવાઇ પડ્યો હતો. બાપુના વિચાર, તેમનાં તત્ત્વો, તેમનાં ધ્યેયો, તેમની કાર્યપદ્ધતિ ઇત્યાદિથી, પોતે અનેક ગાઉ દૂર પડ્યો હતો. બાપુએ બતાવેલ માર્ગે જવાને બદલે પોતે તેથી વિરુદ્ધ દિશામાં જ જઇ રહ્યો હતો !

તેણે તુરત નિશ્ચય કર્યો. નદી તરફ ચાલવાની શરૂઆત કરી. તેના હાથમા ખાદીનો રૂમાલ હતો. તે રૂમાલમાં બાપુનો દાંત હતો. હવે તે દાંત આશ્રમવાસીને કે સાહિત્યકારને હસતો નહોતો. તે હસતો હતો, પણ તે પોતાના સ્વાભાવિક સ્થાને જઇ રહ્યો છે એવું જાણીને હસતો હતો; આશ્રમવાસીના મનમાં ખરા જ્ઞાનનો ઉદય થયા તથી તે આનંદથી હસતો હતા.

નદીકિનારે પહોંચ્યા પછી આશ્રમવાસીએ રૂમાલમાંથી એ દાંત બહાર કાઢ્યો. ક્ષણભર તે તેની ભણી જોઇ રહ્યો. તે દાંતને મસ્તકે ચડાવીને તેણે છેવટના નમસ્કાર કર્યા, અને પોતાને બાપુના તત્ત્વને માન આપવાનું જાણે એ દાંતે જ શીખવ્યું એવી ભાવનાથી પોતે ઉપકૃત બન્યો છે એવી લાગણીથી—તે દાંત તેણે વહેતી નદીમાં હળવેકથી મૂકી દીધો. ક્ષણભરમા દાંત પાણીમાં ડૂબી ગયો. દાંતની સાથે તેની અંધશ્રદ્ધા પણ ડૂબી ગઇ.

સામે સૂર્ય ઊગતો હતો, જાણે તે નવી આશાના ઉદયને સાથે લઇને આવી રહ્યો હતો.

આશ્રમવાસીના મનમાં આજે ખરેખરો સૂર્યોદય થયો હતો.

ડૉ. બાલાભાઈ નાણાવટી હોસ્પિટલ

વીલેપાર્લે ખાતે ઊભું કરવામાં આવેલ ડૉ બાલાભાઇ નાણાવટી હોસ્પિટલનું તા. ૬-૧૧-૫૦ ના રોજ દિવંગત મહામાત્ય શ્રી જવાહરલાલ નહેરૂના શુભહસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ હોસ્પિટલનો પાયો ૧૯૪૬ના ઓગસ્ટ માસની ચોથી તારીખે મુંબઇ પ્રાન્તના મુખ્ય સચિવ શ્રી. બાળાસાહેબ ખેરના હાથે નાંખવામાં આવ્યો હતો. અનેક પ્રતિકૂળ સંયોગોને લીધે તેમ જ મૂળ યોજના ૭૫ બિછાનાની હતી તેના બદલે ૧૩૦ બિછાનાવાળી યોજના હાથ ધરવાને લીધે હોસ્પિટલને સંપૂર્ણ સ્વરૂપે ઊભું થતાં ચાર વર્ષ નીકળી ગયાં. મૂળ યોજના મુજબ હોસ્પિટલના મકાન પાછળ આઠ લાખ રૂપિયા ખરચવાનો અંદાજ હતો. વધારે વિશાળ યોજના મુજબ હોસ્પિટલનું મકાન તૈયાર થતાં અઢાર લાખ રૂપિયાનો ખર્ચ થયો છે જ્યારે આ હોસ્પિટલ માટે એકઠું કરવામાં આવેલ ભંડોળ હજુ ચૌદ લાખ સુધી પહોંચ્યું છે. આ હોસ્પિટલમાં અડધાં બિછાનાનો ખર્ચ લેવામાં આવશે અને અડધા બિછાનાનો ખર્ચ લેવામાં નહિ આવે. હાલ તુરત હોસ્પિટલના સંચાલકો પચાસ બિછાનાથી શરૂઆત કરવા ધારે છે. આ સાથે હોસ્પિટલને લગતાં બીજા વિભાગો કામ કરતા જ હશે. આ બધી જવાબદારીઓને પહોંચી વળવા માટે દર વર્ષે બે લાખ રૂપિયા મેળવવાના રહેશે.

આવી અતિ ઉપયોગી સંસ્થા ઊભી કરવાનો મુખ્ય યશ, નાણાવટી કુટુંબના ફાળે જાય છે. સ્વ. ડૉ. બાલાભાઇએ વડોદરા રાજ્યની એક ડૉક્ટર તરીકે ઉત્તરોત્તર વધતા જતા અધિકારો ઉપર ચાલીસ વર્ષ સુધી સેવા કરી હતી. તેમની જીવનકારકીર્દિ અત્યન્ત ઉજ્જવળ હતી તેઓ એક સુચારિત્ર્યવાન સજ્જન હતા અને દુઃખીદર્દીઓ પ્રત્યે તેઓ ઊંડી સહાનુભૂતિ ધરાવતા હતા. તેમનું સ્મરણ કાયમ રાખવાના હેતુથી નાણાવટી ફેમીલી ટ્રસ્ટ તરફથી ચાર લાખ રૂપિયાની સખાવત આ પ્રકારની હોસ્પિટલ માટે જાહેર કરવામાં આવી હતી. વીલેપાર્લેના નાગરિકોએ આ કાર્યમાં પૂરો સહકાર આપ્યો અને પરિણામે બી. બી. એન્ડ સી. આઇ. બાજુનાં પરાંઓમાં વાંદરાથી ખોરીવલી સુધી વસતી પ્રજાને ઉપયોગી થાય તેવી હોસ્પિટલ ઊભી થઇ શકી.

આ હોસ્પિટલની બાજુએ ચોત્રીસ વેડ-બોય રહી શકે એવું એક મકાન બાંધવામાં આવ્યું છે. આવું જ એક મકાન નર્સોને રહેવા માટે બાંધવાની જરૂર છે. હોસ્પિટલ સાથે સંબંધ ધરાવતી બીજી પણ જરૂરિયાતોને પહોંચી વળવા માટે મકાનો તેમ જ આર્થિક સગવડોની અપેક્ષા છે જ. વીલેપાર્લે હવે મુંબઇની મ્યુનસિપલ કોર્પોરેશન સાથે જોડાયલું છે, તેથી મુંબઇની મ્યુનિસિપાલિટી તેમ જ મુંબઇ સરકાર આ સંસ્થામાં જે કાંઇ બાકી છે તે સર્વની પૂરવણી કરવામાં જરૂરી આર્થિક ટેકો આપશે અને આ હોસ્પિટલને એક સુસમૃદ્ધ રાહતકેન્દ્ર બનાવશે એવી આશા રાખવામાં આવે છે.

આ હોસ્પિટલની યોજના કરવામાં તેમ જ મકાનો ઊભાં કરવામાં તેમ જ જરૂરી સાધનસામગ્રી વિશાળ પ્રમાણમાં વસાવવામાં સર મણિલાલ બાલાભાઇ નાણાવટી, શ્રી રતિલાલ બાલાભાઇ નાણાવટી, તથા શ્રી મણિબહેન ચંદુલાલ નાણાવટીએ અથાગ પરિશ્રમ ઉઠાવ્યો છે, જે બદલ તેમને પરાંવાસી પ્રજાના અનેક ધન્યવાદ ઘટે છે.

પરમાનંદ

વૈદ્યકીય રાહત

મુંબઇ અને પરાંઓમાં વસતા જે જૈનો ભાઇ યા બહેનને વૈદ્યકીય રાહતની, દવા કે ઇન્જેકશનોની તેમ જ ડોકટરી ઉપચારની જરૂર હોય તેમણે ધનજી સ્ટ્રીટમાં આવેલ મુંબઇ જૈન યુવક સંઘના કાર્યાલયમાં તપાસ કરવી.

રતિલાલ ચીમનલાલ કોઠારી
મંત્રી, વૈદ્યકીય રાહત સમિતિ

(અનુસંધાન પૃષ્ઠ ૧૧૮ થી ચાલુ)

ધરગથ્થુ પ્રયોગો, બાળકો પુરસદના સમયનો સદુપયોગ કેવી રીતે કરી શકે તથા સચ્ચું મનોરંજન કેવી રીતે મેળવી શકે એ વિષેની માહિતી, તથા ભારતીય કલાસંસ્કૃતિ વગેરેનો પરિચય થાય એવી ગોઠવણ આ પ્રદર્શનમાં કરવામાં આવી હતી. ભોજનગૃહો તથા રમતગમત માટે નાની રેલગાડીઓ, ચકડોળ તથા અન્ય સાધનોની પણ સગવડ કરવામાં આવી હતી. સુંદર રોશની અને કલાત્મક સજાવટને લીધે એ પ્રદર્શન સાચે જ "સ્વપ્નદેશ" જેવું બની ગયું હતું.

કાર્યકર્તાઓની પરિષદમાં બાળકોના હિતના અગત્યના પ્રશ્નો વિષે વ્યાખ્યાનો ગોઠવવામાં આવ્યાં હતાં. પ્રોફેસર એલ... એસ. અજવાનીએ "સ્વતંત્ર હિંદમાં બાલકન-જી-બારીનું કર્તવ્ય," શ્રીમતિ ધનવંતી રામરાવે 'બાળકોના હકકો,' શ્રીમતિ એડના લોંગે 'બાળકો માટે હસ્તઉદ્યોગોની જરૂરિયાત' શ્રી. એસ.-એસ.-દેશળવીએ "નૂતન શિક્ષણ અને બાળક 'શ્રી કેદારનાથજીએ 'ચારિત્ર્ય ઘડતર અને હૃદયની શુદ્ધિ' એ વિષયો ઉપર વ્યાખ્યાનો આપ્યાં હતાં. એ વિષયોને લગતા ઠરાવો પણ પસાર કરવામાં આવ્યા હતા.

બાળકોની સભામાં પોતાનું પ્રવચન કરતાં પહેલાં શ્રી જવાહરલાલ નેહરૂ સભાના એકેએક ખૂણામાં ફર્યા હતા અને બાળકોને મળ્યા હતા. દરેક બાળક તેમને જોઈ શકે તેમ જ તેઓ દરેક બાળકને જોઈ શકે તે માટે તેઓ ત્રણ ચાર ઠેકાણે થાંભલા ઉપર તથા સીડી ઉપર ચડયા હતા. પોતાના પ્રવચનમાં તેમણે જણાવ્યું હતું કે, દરેક બાળક ભારત માતાનો ટુકડો છે અને દરેકની જીવનકથા એ ભારત માતાની જીવનકથા છે—ભારત દેશને મહાન બનાવવા માટે દરેક બાળકે તેની સેવા કરવી જોઈએ. તેમ કરવા માટે ભારતના ઇતિહાસનો અભ્યાસ કરવો જોઈએ; અને સમૂહમાં કેમ વર્તવું તે શીખવું જોઈએ. ચક્રવર્તી સમ્રાટ અશોક, છત્રપતિ શિવાજી અને મહાત્મા ગાંધીજીના દૃષ્ટાંતો આપીને તેમનાં જીવનમાંથી બોધ લેવાનો તેમણે સહુને અનુરોધ કર્યો હતો.

કાર્યકર્તાઓ સમક્ષ બોલતાં તેમણે લોકશાહીને દૃઢ બનાવવા માટે, સાચી લોકશાહીના સિદ્ધાંતો સમજવાની અને તેને જીવનમાં ઉતારવાની તથા સ્વતંત્ર દેશના નાગરિકો તરીકેની ફરજો અને જવાબદારીનું ભાન કેળવવાની અને હાલમાં આપણા દેશમાં (ખાસ કરીને યુવાનોમાં) પ્રવર્તતી ગેરશિસ્ત વૃત્તિ દૂર કરવાની અને શહેરો કરતાં ગામડાંના કાર્યમાં વિશેષ લક્ષ આપવાની સલાહ આપી હતી.

બાળકોની સેવા કરતી હિંદભરની આ સંસ્થા—'બાલકન-જી-બારી' પોતાની સેવાયાત્રાની મજલનો એક તબક્કો પૂરો કરીને હવે બીજા તબક્કામાં પ્રવેશ કરે છે તે સમયે પ્રભુને આપણે પ્રાર્થના કરીએ કે એની ભાવિ યાત્રા બાળકો માટે વધારે ફળદાયી અને પ્રેરણાત્મક નીવડે. **ધીરૂભાઈ મણિભાઇ દેસાઇ**

'સ્વપ્નદેશ'

મુંબઈમાં ગોઠવાયેલા બાલકન-જી-બારીના અનેકવિધ કાર્યક્રમ વિષે ઉપરના લેખમાં જે કાંઇ જણાવવામાં આવ્યું છે તેથી વિશેષ કહેવું પ્રાપ્ત થતું નથી. પણ આ મહોત્સવના એક અગત્યના અંગ તરીકે આઝાદમેદાનમાં એક પ્રદર્શન ગોઠવવામાં આવેલું જે હજુ પણ ચાલે છે. તેની રચના અને યોજના થોડી વિચારણા માંગે છે. આ પ્રદર્શનનું ઉદ્‌ઘાટન મુંબઇના ગવર્નરના હાથે કરાવવામાં આવ્યું હતું. આ પ્રદર્શનનું નામ 'સ્વપ્નદેશ' રાખવામાં આવ્યું હતું આ પ્રદર્શનના મધ્યભાગમાં આવેલા એક વર્તુલને 'બાલકનગર' એવું નામ આપવામાં આવેલું, જેમાંના ઘણાખરા સ્ટોલ બાલકન-જી-બારીની ભિન્ન ભિન્ન શાખાઓ, બાળમંદિરો અને શિક્ષણસંસ્થાઓ તથા બાલઆરોગ્યને લગતી જાહેર સંસ્થાઓ તરફથી રોકવામાં આવ્યા હતા અને તે બધા સ્ટોલમાં બાળજનાવટની ચીજો, બાલશિક્ષણનાં સાધનો, જાતજાતના નકશાઓ તથા બાલઆરોગ્યને લગતાં ઉપકરણો વસાવવામાં આવ્યાં હતાં. આખા પ્રદર્શનમાં આ બાળકનગર પ્રમાણમાં બહુ ઓછી જગ્યા રોકતું હતું. આ ઉપરાંત આ પ્રદર્શનમાં સેવાગ્રામમાં ગાંધીજી રહેતા હતા તેવી એક પર્ણકુટિ ઊભી કરવામાં આવી હતી તેમ જ એક વિભાગમાં ગાંધીજીને લગતી છબીઓનો સંગ્રહ ગોઠવવામાં આવ્યો હતો. એક બાજુએ નાનો સરખો પશુપક્ષીઓનો સંગ્રહ પણ એકઠો કરવામાં આવ્યો હતો. આટલું બાદ કરતાં પ્રદર્શનનો ઘણો મોટો ભાગ દેશ-પરદેશનો ભાતભાતનો ચીજો વેચનાર પેઢીઓના રંગબેરંગી સ્ટોલો, ખાણીપીણીના અનેક ઉપાહારગૃહો અને ચકડોળો, અને એવાં બીજાં કેવળ મોજમજાહનાં સાધનોથી ભરેલો હતો. આ બધા આસપાસના રંગરોગાન અને ઝાકઝમાળ વચ્ચે ગોઠવાયેલું બાળકનગર એક મોટા સમારંભમાં એક ખૂણે દેવની સ્થાપના કરી હોય તેવું જણાતું હતું અને બાલકન-જી-બારીના પ્રદર્શનમાં બાલકોને લગતું કાંઇક તો હોવું જ જોઇએ એવી અપેક્ષાને પહોંચી વળવાના સામાન્ય પ્રયત્નરૂપ લાગતું હતું અને વાસ્તવિક રીતે તો મુંબઇની પ્રજાને એક મહિનો માણવા માટે જાણે કે એક આનંદ બજાર ઊભો કર્યો હોય અને એક મોટા જલસો ચાલતો હોય એવું આ પ્રદર્શન દેખાતું હતું. ગીરગામ વિભાગમાં સર્કિકાનગર છે એવું સ્થાન આ મોજમજાહના કેન્દ્રમાં આવેલું 'બાલકનગર' ધરાવતું હતું. આ કેન્દ્રને 'સ્વપ્નદેશ' નામ આપીને 'સ્વપ્ન' શબ્દની કેવળ વિડંબના કરવામાં આવી હતી. બાલકાન-જી-બારીના આશ્રયે યોજાયલા આ પ્રદર્શનમાં મુંબઇનગરીની પંચરંગી પ્રજા અને મોજીલા વાતાવરણ સિવાય બીજું ભાગ્યે જ કાંઇ નજરે પડતું હતું. આવી સુપ્રતિષ્ઠિત સંસ્થા કક્ષા પણ ધ્યેય અને ધોરણ વિનાનું, સંસ્થાને ધનવાન બનાવવાના હેતુથી કેવળ ધંધાદારી પ્રદર્શન ગોઠવે એ જરા પણ ઇચ્છવાયોગ્ય નથી. આવી સંસ્થા જરૂર પ્રદર્શનો કરે, મેળાઓ ભરે, નાટકો ભજવે, વરઘોડા કાઢે, પ્રવાસો યોજે—પણ તે સર્વમાં સંસ્થાનું જે ધ્યેય હોય-જે મુખ્ય પ્રવૃત્તિ હોય-તે આરપાર પ્રતિબિંબિત થવી જ જોઇએ. આની સરખામણીમાં ઓલ ઇન્ડીઆ વીમેન્સ કોન્ફરન્સ તરફથી એ જ અરસામાં બાજુએ આવેલી એલ્ફીન્સ્ટન ટેકનીકલ સ્કુલમાં એક બાળપ્રદર્શન યોજવામાં આવ્યું હતું. તે ખાસ ધ્યાન ખેંચે એવું હતું. આ પ્રદર્શન અનેક ખંડોમાં વહેંચાયલું હતું. બાલશિક્ષણ, બાલ-આરોગ્ય તથા બાલસંવર્ધનની દિશાએ દુનિયાના ભિન્ન ભિન્ન દેશો શું શું કરી રહ્યા છે તે રજુ કરવાનો આ પ્રદર્શનનો હેતુ હતો અને તે હેતુ આજના મર્યાદિત સંયોગોમાં બહુ સુન્દર રીતે પાર પાડવામાં આવ્યો હતો. ખંડ ખંડમાં ફરો અને તમને બાળક વિષે કાંઇ ને કાંઇ નવું જાણવાનું મળે, નવી દૃષ્ટિ મળે, જાતજાતનાં સાધનો અને સાહિત્ય જોવા મળે. એ જ પ્રમાણે તેના મનોરંજક કાર્યક્રમો (entertainment programmes) કાં તો બાળકોથી પ્રયોજિત હોય અથવા તો બાળકોનું રંજન કરે તેવાં હોય એ રીતનાં ગોઠવવામા આવ્યા હતાં. આ સુયોજનની બન્ને બાજુમાં-પ્રદર્શન તેમ જ રંજન વિભાગમાં-તમને બાળક, બાળક અને બાળક જ દેખાય એવી સમગ્ર રચના હતી. ઉપર જણાવેલ સ્વપ્નદેશ ઊભો કરવા પાછળ ખુબ શ્રમ, શક્તિ અને દ્રવ્યનો વ્યય કરવામાં આવ્યો હશે, પણ બાલકન-જી-બારીના ધ્યેયને અનુલક્ષીને જે અપેક્ષિત હોય તેનો સ્વપ્નદેશમાં મોટા ભાગે અભાવ હતો એ જોતાં ભારે દુઃખ થતું હતું. આ રીતે આઝાદમેદાનમાં જે હતું તેને પ્રદર્શન કહો, આનંદ બજાર કહો જલસો કહો-જે કહેવું હોય તે કહો, તેમાં સ્વપ્નદેશનું કોઇ દર્શન નહોતું કે બાલકન-જી-બારીની કોઇ સુવાસ નહોતી. આવા ધંધાદારી બજાર પ્રદર્શનો સંસ્થાને જરૂર કમાણી કરાવશે, પણ સંસ્થાના ગૌરવમાં લેશ માત્ર વધારો નહિ કરે. **પરમાનંદ**

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક : શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ખનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજી. નં. બી. ૪૨૬૬

પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ : ૧૨
અંક : ૧૬

મુંબઈ : ૧૫ ડીસેમ્બર ૧૯૫૦ શુક્રવાર

વાર્ષિક લવાજમ રૂપિયા ૪

શ્રેષ્ઠ દાન

તીર્થોમાં પણ પવિત્ર એવા એક તીર્થના મુખ્ય મંદિરના જિર્ણોદ્ધાર માટે, સારોય સમાજ ખૂબ ઉત્સુક હતો. તીર્થસ્થળેથી આ પ્રસંગે પધારવા સ્થળે સ્થળે નિમંત્રણો નીકળી ચૂકયાં હતાં. ઠેરઠેરથી માનવસમુદાયની હારની હાર આ તીર્થે વહી રહી હતી. કશું જ કાર્ય કર્યા વગર સમાજમાં આગળ પડતું સ્થાન ભોગવનાર નગરશેઠો, સવાયા દોઢા વ્યાજે નાણાં એકત્ર કરનાર મૂડીપતિઓ અને પૈસાના જોરે પરિશ્રમ કર્યા વગર પૈસો એકત્ર કરનાર ધનપતિઓ, થોડાક દાનવીરો, પ્રાચીન રૂઢિઓને જળોની માફક વળગી રહેવાનું સૂચવતા આગેવાન સામાજિક કાર્યકરો; એક, બે, પાંચ, પચાસ ઉપવાસ કરનાર મુમુક્ષુઓ; અને કશું જ નહિ કરી ટીકામાં રાચનારાઓ નિયત દિવસ પહેલાં તીર્થક્ષેત્રે હાજર થઇ ગયા હતા. ભક્તજનો, શ્રદ્ધાળુ સ્ત્રીપુરુષો અને માત્ર જોવાને ખાતર દરેક સ્થળે જતાં પ્રેક્ષકો ટોળેટોળે ઉમટયાં હતાં. સાધુઓનો પણ પાર નહોતો. સાધુઓનાં મુખ્ય એવા મુનિપુંગવ પણ દૂર દૂરથી વિહાર કરી હાજર થઇ ગયા હતા. તેમના નેતૃત્વ નીચે જ—તેમની અમી નજર તળે મંદિરના જિર્ણોધ્ધારના કાર્યનો આરંભ થવાનો હતો.

શુભ દિવસે અને શુભ ચોઘડીએ, તીર્થસ્થળે સૌ એકત્ર થયાં. પ્રાતઃકાળનો સમય હતો. ઉષાનાં અપ્તરંગી કિરણો હવામાનને ખુશનુમા બનાવતાં હતાં. સૌની નજર પડે એ રીતે મુનિપુંગવ-મુનિવરનું આસન ગોઠવાયું હતું; પાછળ સાધુઓની મોટી સંખ્યા સ્થિર થઇને બેઠી હતી. તેમની પાછળ મંદિરોની હારમાળા પથરાયેલી હતી. મંદિરો પરનાં ધ્વજ હવામાં લહેરી રહ્યાં હતાં, અને ધ્વજ પરના ઘંટડીઓ હવામાં રણઝણી ઊઠી હતી. મુનિવરની સામે સ્થળેસ્થળના નગરશેઠો, પૈસાદાર ગૃહસ્થો, દાતાઓ, કાર્યકરો વગેરે મોટી સંખ્યામાં બેઠા હતા; અને ત્રણે બાજુ અપાર જનતાનો વિશાળ સમૂહ હાજર હતો. આ તીર્થે અત્યાર સુધીમાં આટલા મોટા માનવસમુદાયને બહુ ઓછીવાર નિહાળ્યો હતો. માનવસમુદ્રને પોતાને આંગણે નિમંત્રી તીર્થ ગૌરવવંતું થયું હતું; તો ભાવિકો તીર્થઆંગણે હાજર થઇ પોતાના જીવનને ધન્ય થયું માનતાં હતાં.

મુનિવરે પોતાના આસન પર બેઠા બેઠા આ પવિત્ર તીર્થનું માહાત્મ્ય સમજાવ્યું. તેઓએ આ તીર્થ માટે પ્રાણાર્પણ કરનારાઓની કીર્તિગાથા ગાઇ, તો સર્વસ્વ અર્પણ કરનારાઓની યશોગાથા રચી. આ તીર્થ અનેક પવિત્ર પુરુષોનાં ચરણોથી પાવન થયેલું હોઇ, તેના કાંકરે કાંકરે કેટલું પવિત્ર્ય છે તેની મહત્તા વર્ણવી. જિર્ણોદ્ધારનું મહત્ત્વ, અને તે માટે આપેલ નજીવી સહાય થકી મળતું સહસ્રગણું ફળ મળવાની યાદ આપી. અને છેવટે આ પ્રસંગનું મહત્ત્વ અને માહાત્મ્ય સમજાવવા 'નાણું મળશે, પણ ટાણું નહિ'નો ટકોર કરી, પોતાનું વકતવ્ય પૂરું કર્યું.

મુનિવરના વકતવ્ય દરમિયાન રહેલી શાંતિ ક્ષણભર માટે હલી ઊઠી. સૌ કોઇ વાતોએ ચડી ગયું, અને 'પોતે શો ફાળો આપવો' તેનો પોતે જાણે કે કશો જ નિર્ણય કરી શકે તેમ ન હોય એ રીતે ઓળખીતા કે સગાસંબંધીનો સલાહ લેવા લાગ્યું.

'મારા પાંચ હજાર.' આગળની હરોળમાં બેસનાર એક ગૃહસ્થે ઊભા થઇ ફાળાની શરૂઆત કરી, અને એ અવાજ આવતાની સાથે શાંતિ પથરાઇ ગઇ.

'મારા દસ.' પાસેના બીજા ગૃહસ્થે, બેસતે ખમે ગોઠવતા ગોઠવતા કહ્યું.

'મારા દશ હજાર ને એક.' મુનિવરના જમણા હાથ તરફ બેઠેલા એક ગૃહસ્થે પાવડીને ઠીક કરી, ઉદારતા દર્શાવી.

યાદી લખનાર ગૃહસ્થ ઝડપથી રકમ અને નામ લખ્યે જતો હતો—પૂરાં સરનામાં પણ. પોતાનાં વકતવ્યની આટલી ઝડપી અસર થઇ તે માટે મુનિવર પુલકિત થતા હતા; અને મુનિવરના શુભ હસ્તે શરૂ થયેલ કાર્યને વેગ મળતો જોઇ સાધુઓનાં મોં પર આનંદ પ્રસરતો હતો. તેઓએ સર્વસ્વનો મોહ ત્યાગ્યો હતો, એટલે અનુમોદના સિવાય તેમને માટે બીજો કોઇ રસ્તો નહોતો.

'અરે, આમ પાંચ-દસ શું બોલો છો ? એટલી રકમમાં આરસના પૂરા પાંચ પથ્થર પણ નહિ આવે. 'મારા પચીસ હજાર!' એક દાનવીર ઊભા થઇ, ફાળાને વેગ આપ્યો અને ગૌરવપૂર્વક બેઠક લીધી.

'બસ, પચીસ જ ! એમાં આરસના માત્ર આઠ જ ટુકડા આવશે.' બાજુના એક વ્યાજખાઉ પૂંજીપતિએ સૌ સાંભળે એ રીતે મોટે સાદે કહ્યું. 'મારા લખો પચાસ...'

'ગુરુદેવ ! મારા એક લાખ પૂરા.' બાપદાદાની કમાયેલ મોટી પૂંજીના વારસદાર—એક પ્રૌઢ નબીરાએ જાહેર કર્યું.

'ધન્ય આત્મન્!' લોકોમાંથી પ્રચંડ અવાજ આવ્યો.

ચડસાચડસી બરાબર ચાલી. કેટલીકવાર આવી દેખાદેખી, મહત્ત્વના છતાં મુશ્કેલ જણાતાં કાર્યને ચડસાચડસીમાં સરળ બનાવી દે છે. મોટો ફાળો એકત્ર કરવાની મુશ્કેલી સમજતા કાર્યકરો તથા મુનિવરનો રસ્તો આ ચડસાચડસીએ સરળ બનાવ્યો.

'અરે, બોલો : શું વિચારો છો ? નાણું મળશે પણ ફરી ફરી આવું ટાણું નહિ મળે.'

'ભાઇઓ, અવસર ચૂકયા મેહુલા!'

'બોલો, બોલો, શું વિચારી રહ્યા છો ?'ના અવાજો આવવા લાગ્યા.

'તમે તો બોલો.'

'ખૂબ કમાયા છો તમે આ વર્ષે!' સામો અવાજ આવ્યો.

'તમેય કયાં નથી કમાયા ?' ઉત્તર હાજર હતો; કારણકે બન્ને ગૃહસ્થો એકબીજાથી સારી રીતે પરિચિત હતા.

'પણ પાછળ મારે મોટો વસ્તાર છે.' પહેલાએ પોતાનો બચાવ કર્યો.

'તો અમારે ત્યાં પણ આગળપાછળ છે, સમજ્યા?' બીજા ગૃહસ્થ પહેલાથી ઊતરે તેવા નહોતા.

'મારા સવા લાખ!' એક નગરના શેઠે ઊભા થઈ મુનિવરને વંદન કરી પોતાની ઉદારતાની અવધિ બતાવી.

'નગરશેઠનો જય'ના પોકારનો ધ્વની ઊઠ્યો: વાતાવરણ હળવું બન્યું.

ઉપરાઉપરી રકમો બોલાવા લાગી. લખનાર ગૃહસ્થના અક્ષરો પણ ઠરડાવા લાગ્યા. કેટલી ઝડપથી તે લખે? આરસનાં બે સુંદર મંદિરો કલામય રીતે તૈયાર થાય એટલી રકમ એકત્ર થઈ ગઈ. મુનિવરને, મુનિસમુદાયને, આગંતુકોને, ભકતજનોને, શ્રદ્ધાળુઓને, પ્રેક્ષકોને—સૌ કોઈને સંતોષ થયો. સૌના દિલ પ્રસન્નતા અનુભવી રહ્યાં.

સૂર્ય પણ જનતાની આ પ્રસન્નતા નિહાળવા વધુ ને વધુ ઊંચે આવવા લાગ્યો—કોઈ પણ પોતાની નજર બહાર ન રહી જાય એ માટે વધુ ઊંચે ને ઊંચે: કોણ દિલચોરી કરી રહ્યું છે—એ પણ ઝીણવટથી નિહાળવા.

મુનિવર ઊભા થયા: ભકતજનોને અને દાનવીરોને ધન્યવાદ આપવા. હજુ શરૂઆત કરે ત્યાં સામે—બરાબર નજર સામે ગરબડ મચી રહેલી દેખાઈ. મુનિવરે ત્યાં નજર નાખી. એક ગામડિયો અંદર—સભા વીંધીને પોતાની પાસે આવવા કોશિશ કરી રહ્યો હતો; પાછળ ઊભા રહેલા પ્રેક્ષકો તેને વારતા હતા. ગામડિયો માનતો નહોતો. તેને કોઈને સાંભળવા નહોતા: તેની પાસે અત્યારે કાન નહોતા; એકલું હૃદય જ હતું; ભક્તિ હતી: તેની ચર્મચક્ષુ સામે મુનિવર સિવાય બીજી કોઈ વ્યકિત નહોતી.

'અરે, ભાઈ, મને ગરીબ માણસને જવા દો તો મોટી મહેરબાની!' ગામડિયો ઉતાવળે બોલી રહ્યો હતો.

'ત્યાં શું દાટ્યું છે?' એક પ્રેક્ષકે ગામડિયાનો હાથ ખેંચ્યો.

'આંહીં ઊભો રહીને જ જોને!' બીજાએ સૂર પુરાવ્યો.

'ભાઈ, બહુ દૂરથી આવું છું. રાતભરની મજલ કાપી થાકેપાકેયો મહાપરાણે આંહીં પહોંચ્યો છું.' ગામડિયાએ પોતાની ગ્રામ ભાષામાં હકીકત કહી.

'એ જાણે સમજ્યા, પણ આંહીં ઊભો રહે ને!' પ્રેક્ષકે તેને અટકાવતા કહ્યું.

'મારે મુનિવર પાસે પહોંચવું છે, જિર્ણોદ્ધારમાં મારે થોડી રકમ ભેટ આપવી છે.' ગામડિયાએ ઉતાવળથી રસ્તો કરતાં કહ્યું.

'જોયો નહિ તો મોટો દાતા!' કોઈ હસ્યું.

'અરે જાણે મોટો લક્ષાધિપતિ!' અવાજ આવ્યો.

'કરોડાધિપતિ!' પાછળનાએ મશ્કરી કરી.

'મંદિર જ બંધાવી આપને!' મશ્કરીને છેડો નહોતો.

ગામડિયાને હાસ્ય જોવાની કે કટાક્ષો સાંભળવાની દરકાર નહોતી. સારીય રાત દડમજલ કરીને, ધાર્યું નહોતું છતાં, સમયસર તે તીર્થસ્થળે પહોંચ્યો હતો. મેદની વિખરાવાને થોડી જ વાર હતી, તે પહેલાં તે પહોંચ્યો હતો: તીર્થની બીજી જ દિશાએ આવેલ પોતાને ઘેર જવાને બદલે તે આંહીં આવ્યો હતો. પોતાનાં બૈરીછોકરાં ઘેર રાહ જોતાં હશે; ફિકર કરતાં હશે કે હજુ કેમ ન આવ્યા. તેની ચિંતા તે વિસરી ગયો હતો. ગામડે ગામડે રખડીરવડી પોતે જે રકમ તે દિવસે કમાયો હતો, તેમાંથી ઘર માટે ખરીદનાર દાણાપાણીનો તેને ખ્યાલ નહોતો. છેલ્લા અઢાર કલાકથી તેને એક જ રટણ હતી: તીર્થસ્થળ: મંદિરનો જિર્ણોદ્ધાર અને તેમાં પોતાનો યથાશકિત ફાળો.

કોઈ પણ સારા માણસને વિનંતીથી માગ ન મળે ત્યાં આ ગામડિયા માટે રસ્તો મોકળો થયો. આખે શરીરે ધૂળધૂળ: કપડાં મેલાં અને કેટલેક સ્થળે ફાટેલાં: દાઢી પણ વધી ગયેલી અને ખભે ઘીનો ખાલી ગાડવો. વખત છે પોતાનાં દૂધ જેવાં કપડાંને ડાઘ પડશે એ બીકે સૌ સભાજનો પોતાની જાતને સંકોરવા લાગ્યું, ટીખળભરી નજરે તેની તરફ જોવા લાગ્યું, અને આપોઆપ બેઠેલાઓ વચ્ચે કેડી પડતી ગઈ.

ગામડિયે મુનિવર સમક્ષ છેક પહોંચી, ગાડવાને પોતાના પગ પાસે મૂકી, વંદન કર્યું. એકત્ર થયેલ ભાવિકજનો મનમાં ને મનમાં હસતા રહ્યા. મુનિવરથી પણ ગંભીર ન રહી શકાયું. તેઓ ગામડિયા સામે એકીટશે જોઈ જ રહ્યા.

ગામડિયાએ અંગરખાના એક છેડાથી કપાળેથી અને મોં પરથી પરસેવો લૂછ્યો. અંગરખાના બાજુના ખીસામાંથી લૂગડાની નાનકડી કોથળી કાઢી ગાડવો ગબડવા જતો હતો તેને પગ વતી ઠીક કર્યો, અને કોથળીમાંથી બધું પરચૂરણ કાઢી બીજા હાથમાં લીધું; ગણ્યું ન ગણ્યું; મુનિવર સામે ફરીને કહ્યું: 'ગુરૂદેવ, મંદિરના જિર્ણોદ્ધારમાં મારી ગરીબની આટલી ભેટ!" અને ફાળો લખતા ગૃહસ્થની પાસે તે પરચૂરણ તેણે ધરી દીધું.

મુનિવર ગામડિયા ગૃહસ્થની સામે ધ્યાનપૂર્વક જોઈ રહ્યા, ચક્ષુ ઢાળી દીધા, અંતર તરફ વળ્યા અને વિચારે ચડ્યા: "ગરીબ ગામડિયો! મજૂર કહો તો ચાલે. બાર બાર કલાકના પરિશ્રમ પછી રોજીનો રળનારો—શાકરોટલો પામનારો! ધખધખતા ધોમમાં કે કડકડતી ઠંડીમાં—રોજનો તેનો એક જ કાર્યક્રમ: એક દિવસ ચૂકે તો બીજા દિવસની પહેલા જ ટંકની ઉપાધિ! એ પોતાની એક દિવસની કાળી મજૂરીનો રકમ હસતે મુખે જિર્ણોદ્ધારના ફાળામાં આપે છે! આંહીં લાખોના દાન કરનારા દાનેશ્વરીઓ છે; હજારોનાં દાન કરનારાનો તોટો નથી; પણ એમાં પરિશ્રમનો પૈસો કેટલો? સચ્ચાઈની રકમ કેટલી? જાતમહેનતે ઊભી કરાયેલી રકમ કેટલી? લાખો આપનાર મળશે; હજારોના તૂટા નહિ પડે; પણ જાતમહેનતે પેદા કરેલી બદામનું પણ સ્વાપર્ણ કરનાર કેટલા? આટલી નાની રકમમાં મંદિરની ઈમારતમાં આરસનું અડધું ચોસલું પણ નથી ખડકાવાનું; પરંતુ પોતાની ટૂંકી મૂડીનેય સમર્પવામાં કેટલી ઉદાત્ત ભાવના રહેલી છે? આ દાન તો સર્વશ્રેષ્ઠ દાન છે; તેની પાછળ ન્યોચ્છાવરીની ભાવના છે.

મુનિવરે ફરી ગામડિયા સામે જોયું: સભા ઉપર નજર નાખી: બાજુના મંદિરના ધ્વજ પર નજર ઠેરવી: આકાશ સામે મીટ માંડી: અંતર તરફ વળ્યા અને યાદી લખનાર ગૃહસ્થને નજીક બોલાવી કંઈક વાત કરી લીધી.

ફાળામાં રકમ નોંધાવનાર આ છેલ્લા સદ્‌ગૃહસ્થને નિહાળવા સૂર્ય હજુ વધુ ઊંચે ચડતો હતે—હજુ વધુ ઊંચે ને ઊંચે.

મોહું થયું હતું. મુનિવરે મૌનથી સૌનો આભાર માન્યો. યાદી લખનાર ગૃહસ્થે, કોઈની રકમ લખવામાં ભૂલ થઈ નાં, એ સારૂ યાદી વાંચવી શરૂ કરી. દાતાઓએ, પોતાની રકમ બરાબર છે નાં, એ સાંભળવા કાન સરવા કર્યા; શ્રોતાઓએ, કયા દાતાએ દિલચોરી કરી છે એ જાણવા એકચિત્ત કર્યું.

સવા લાખનું દાન કરનાર ગૃહસ્થ સળવળ્યા. પોતે વધુમાં વધુ રકમ આપી, દાન કરનારાઓમાં સૌની આગળ હતા. તેમના અંગમરોડમાંય અભિમાન વરસ્યું હતું. સૌ પહેલાં પોતાનું નામ સાંભળવા તે ટટાર થયા. લાખ, પચાસ હજાર, પચીસ હજાર વગેરે રકમ લખાવનારા પણ સ્વસ્થ થયા.

પણ સૌના આશ્ચર્ય વચ્ચે સૌથી પહેલું નામ સંભળાયું શ્રમજીવીનું—ઘીનો વેપાર કરી રોજી રળનાર ગામડિયાનું—પોતાના પરસેવ નો પૈસોપૈસો ફાળામાં આપનાર ગૃહસ્થનું; પછી હતી સવા લાખ, અને હજારોની હારમાળા.

શ્રમજીવીના નામના ઉચ્ચારણ સાથે તીર્થસ્થળનાં અનેક મંદિરોમાંના એકમાં ભકતજનોની પ્રાર્થનાનો સૂર સંભળાયો; ઘંટનાદનો મધુર અવાજ શરૂ થયો; અને મંદિરમાંની નોબત ગડગડી રહી.

ધીરજલાલ ધનજીભાઈ શાહ

યોગતીર્થ શ્રી અરવિન્દ

કેટલાંક સ્મરણો અને પ્રત્યાઘાતો

તા. ૫-૧૨-૫૦ ના રોજ પ્રગટ થયેલ મહર્ષિ અરવિન્દના અવસાનસમાચારથી જાણે કે એકાએક વીજળી પડી હોય કે ધરતિકંપ થયો હોય એવો હિંદુસ્તાનની સમસ્ત પ્રજાએ એક સખ્ત આંચકો અનુભવ્યો. કારણ કે છેલ્લા કેટલાએક દિવસથી તેમના બગડતા જતા સ્વાસ્થ્ય વિષે આપણે સૌ કેવળ અજાણ હતાં. અને શ્રી અરવિન્દના ભાવી કાર્ય અને કાર્યક્રમ વિષે અનેક કલ્પનાઓ અને સ્વપ્નાંઓ સેવી રહ્યાં હતાં.

સૂરત કોંગ્રેસ અને શ્રી અરવિન્દ

શ્રી. અરવિન્દનું નામ પહેલી વાર મેં ૧૯૦૭ માં સુરત ખાતે ભરાયલી ઇન્ડીયન નેશનલ કોંગ્રેસ વખતે સાંભળેલું. એ વખતે મારી ઉમ્મર બહુ નાની હતી અને મારા એક વડિલબંધુ સાથે સૂરત કોંગ્રેસમાં હાજર રહેવાનો મને સુયોગ સાંપડયો હતો. એ કોંગ્રેસના દિવસોમાં મોડરેટ્સ અને એકસ્ટ્રીમીસ્ટ્સ-મવાલ અને જહાલ-એ નામથી ઓળખાતા બે પક્ષો વચ્ચે તીવ્ર વર્ષણ ઉભું થયું હતું એક પક્ષના આગેવાન સર ફીરોઝશાહ મહેતા અને સદ્‌ગત ગોપાળ કૃષ્ણ ગોખલે હતા. અન્ય પક્ષના આગેવાન લોકમાન્ય-બાળગંગાધર તિલક હતા. અધિવેશનના પ્રારંભમાં જ સદ્‌ગત રાસ-વિહારી ઘોષને પ્રમુખ તરીકે નીમવાની દરખાસ્ત મૂકવામાં આવી અને લોકમાન્ય તિલકે તે સામે મક્કમ વાંધો લીધો અને અધિવેશનમાં જ મોટું તોફાન થયું, ખુરશીઓ ઉડી અને કોંગ્રેસમાં ભાંગી પડી. આ એકસ્ટ્રીસ્ટ પક્ષમાં અરવિન્દ ઘોષ ફરીને એક ભારે તેજ-સ્વી નેતા છે એમ તે વખતે સાંભળેલું પણ તેમને નજરે જોયેલા નહિ. એકસ્ટ્રીમીસ્ટ પક્ષે એ વખતે પોતાનો જુદો જ પડાવ નાંખ્યો હતો અને અંગ્રેજ સરકારની તે પક્ષ ઉપર ભારે કરડી નજર હતી અને તેથી તેમની છાવણીમાં જતાં લોકો બીતા હતા. એ છાવણીમાં અંગ્રેજ સરકાર સામે અરવિન્દ ઘોષની અસ્ખલિત વાગ્‌ધારા ચાલી રહી હતી અને તેમને સૌ કોઇ મુગ્ધભાવે સાંભળી રહ્યું હતું. ત્યાં જવા મને પણ મન થયેલું, પણ મને ત્યાં કોણ લઇ જાય ?

સક્રિય રાજકારણ

ત્યાર પછી તો તેમણે 'વન્દેમાતરમ્' નામના દૈનિક પત્રનું સંચલન હાથમાં લીધું, એ વખતે હું ભાવનગરમાં રહેતો હતો. મારા એક મિત્ર એ છાપું મંગાવતા હતા અને મને અવારનવાર જોવા મળતું હતું. ૧૯૦૯માં અલીપોર બોંબ કેસને અંગે લગભગ એક વર્ષના કારાવાસ ભોગવીને તેઓ છુટયા અને વળી પાછું તેમણે 'કર્મયોગી' નામનું અંગ્રેજી સાપ્તાહિક અને 'ધર્મ' નામનું બંગાલી સાપ્તાહિક શરૂ કર્યું. પણ સરકાર તેમને શાન્તિથી કામ કરવા દે તેમ હતું જ નહિ. એક દિવસ રાત્રીના વખતે તેમને ખબર પડી કે તેમના પ્રેસ ઉપર તરતમાં જ પોલીસ ધાડ આવી રહી છે અને તેમને પકડવામાં આવનાર છે. આ પ્રસંગે તેમના સામે બે વિકલ્પો ઉભા થયા; કાં તો સરકારી જેલમાં અનિયત મુદત સુધી સડયા કરવું અથવા તો અંગ્રેજી હકુમત ન હોય તેવા પ્રદેશમાં ચાલી જઇ સુરક્ષિત બનવું અને શક્ય હોય તે કામ કરવું.

આન્તર જાગૃતિ

અરવિન્દ ઘોષનો જન્મ ૧૮૭૨ ના ઓગસ્ટ માસની ૧૫મી તારીખે થયેલો. તેમના પિતાએ તેમને લગભગ સાત વર્ષની વયે અભ્યાસ માટે ઇંગ્લાંડ મોકલેલા. ત્યાં એક અત્યન્ત તેજસ્વી વિદ્યાર્થી તરીકે તેમણે બહુ મોટું નામ કાઢેલું. તેઓ ઇન્ડીયન સીવીલ સર્વીસની પરીક્ષામાં પણ પહેલા જ પ્રયત્ને પાસ થયેલા, પણ અશ્વારોહણની પરીક્ષામાં નપાસ થયા એટલે સીવીલ સર્વીસમાં તેઓ જોડાઇ ન શકયા. ૧૮૯૩ માં તેઓ હિંદ ખાતે પાછા ફર્યા અને વડોદરાની કોલેજમાં લગભગ તેર વર્ષ સુધી તેમણે અધ્યાપન કાર્ય કર્યું. તે દરમિયાન તેમનામાં આધ્યાત્મિક વળાણની જાગૃતિ થયેલી; યોગની પ્રાથમિક ભૂમિકામાં તેમણે પ્રવેશ પણ કરેલો; પણ બંગાળાના ભાગલા થતાં તેમણે વડોદરા રાજ્યની નોકરી છોડી અને તુમુલ રાજકારણમાં ઝંપલાવ્યું, અને લગભગ પાંચ વર્ષ એમાં જ તેઓ ઓતપ્રોત થઇને રહેલા. આ દરમિયાન જે તત્ત્વ પ્રસુપ્ત દશામાં પડેલું હતું તે પાછું અલીપોર બોંબ-કેસના અંગે તેમને પ્રાપ્ત થયેલા એક વર્ષના કારાવાસ દરમિયાન જાગૃત થયું અને રાજકારણી ઝંઝાવતોથી દૂરના પ્રદેશો તરફ તેમનું ચિત્ત ખેંચાવા લાગ્યું અને આધિભૌતિક જીવનની છીછરી મર્યાદાઓ વીંધીને વધારે ઉંડાં જીવનસત્યો પ્રાપ્ત કરવાની એષણા તેમનામાં બળવાનપણે ઉદ્‌ભવ પામી.

પોંદીચેરી તરફ પ્રયાણ

આવી માનસિક પરિસ્થિતિ વચ્ચે ઉપર જણાવેલા સંયોગોમાં ચંદ્રનગર આજે ફ્રેંચ હકુમત નીચે હતું અને હજુ આજે પણ છે, ત્યાં ચાલી જવાનું તેમણે પસંદ કર્યું અને ત્યાંથી તેઓ પોંદીચેરી આવીને વસ્યા. અહિં તેમણે પોતાની યોગસાધનાનો-જીવનસાધનાનો ઉત્કટ પ્રારંભ કર્યો.

'આર્ય'નું પ્રકાશન

શરૂઆતના વર્ષોમાં તેમની આસપાસ અંગ્રેજ સરકારની છુપી પોલીસનો સખ્ત જાપતો રહેતો હતો અને તેમને જે કોઇ મળવા જાય તેને પણ અંગ્રેજ સરકારની પોલીસ મહીનાઓ સુધી સતાવ્યા કરતી હતી અને કંઇ પણ બાતમી મેળવવાનો પ્રયત્ન કરતી હતી. કારણ કે સરકાર તો તેમને પોતાના એક કટ્ટર દુશ્મન તરીકે જ લેખતી અને ત્યાં બેઠાં બેઠાં પણ તે કાંઇ ને કાંઇ કાવ-તરૂં જ કર્યા કરે છે એવી ભ્રમણા સેવ્યા કરતી હતી. શ્રી અરવિન્દ એ વર્ષો દરમિયાન કઇ દિશાએ આગળ વધી રહ્યા છે એનું અંગ્રેજ સરકારને કાંઇ ઓછું જ ભાન હતું ? અરવિન્દ ઘોષ પોન્દીચેરીમાં જઇને બેઠા, યોગ સાધના સાથે લેખન કાર્ય શરૂ કર્યું, 'આર્ય' નામના માસિકનું પ્રકાશન પણ શરૂ કર્યું અને તેમાં તેમની વિપુલ જ્ઞાનસમૃધ્ધિ તેમ જ અનુભવ સમૃધ્ધિ ઠાલવવા માંડી. આમ છતાં તેમનું દિલ તો હિંદ ઉપર અને હિંદની આઝાદી ઉપર જ ચોંટેલું હતું. હિંદમાં સ્વતંત્ર રહીને કામ કરવાની શક્યતા હોય તો તેમણે હિંદ પાછા ફરવાની બે ત્રણ વાર મિત્રો મારફત ઇચ્છા વ્યક્ત કરેલી, પણ તેમના વિષે સરકારનું વલણ એકસરખું અણનમ રહ્યું; તેઓ પાછા ફરશે તો તેમને છુટા રહેવા દેવામાં આવશે એવી કોઇ ખાત્રી શરૂઆતના વર્ષોમાં સરકાર તરફથી આપવામાં આવી નહિ અને પરિણામે અરવિન્દ ઘોષનો પોંદીચેરી ખાતેનો વસવાટ જાણે કે કાયમનો બનતો ગયો. પહેલું વિશ્વયુદ્ધ પુરું થયું અને તેમના વિષે સરકારની દૃષ્ટિમાં કુણપ આવવા લાગી અને તેઓ નિઃશંક-પણે હિંદ ખાતે પાછા ફરી શકે છે એમ સરકાર તરફથી કહેવરા-વવામાં આવ્યું અને અરવિન્દ ઘોષ પોતાના નિવૃત્તિનિવાસમાંથી પાછા ફરશે એમ અનેક લોકો આશા સેવવા માંડયા.

૧૯૨૦ માં શ્રી અરવિન્દ સાથે મુલાકાત

આ દરમિયાન એટલે કે ૧૯૨૦ ના ડીસેંબર માસમાં મારે દક્ષિણ હિંદુસ્તાન તરફ વ્યાપાર નિમિત્ત જવાનું બન્યું અને પ્રવાસ કરતાં કરતાં હું પોંદીચેરી જઇ ચઢયો. અરવિન્દ ઘોષ વિષેનું આકર્ષણ તો ચિત્તમાં કંઇ વર્ષો થયાં જન્મી ચુકયું જ હતું. એ જ અરવિન્દ ઘોષને નજરે નિહાળવાની-મળવાની-આ તક કેમ ગુમાવાય ? એ વખતે આજના આશ્રમની કોઇ વિશાળ જમાવટ નહોતી. એક કોમ્પાઉન્ડમાં આવેલા એક માળના નાના સરખા મકાનમાં તેઓ રહેતા હતા. ત્યાં હું ગયો અને તેમની નીચે કામ કરતા કોઇ એક બંગાળી સાધકને હું મળ્યો અને અરવિન્દ આપણને મળવાની ઇચ્છા મેં વ્યક્ત કરી. તે મળવામાં મારો કોઇ ખાસ હેતુ છે એમ મને પૂછવામાં આવ્યું. કેટલોક વર્ષથી હું તેમના 'આર્ય' નો ગ્રાહક હતો

એ સંબંધના દાવા ઉપર તેમને મળી શકાતું હોય તો હું મળવા ઇચ્છું છું એમ મેં જણાવ્યું. ઉપરથી અનુમતિ આવી. હું તે સાધક સાથે ઉપર ગયો અને જે ઓરડામાં તેઓ વિરાજતા હતા ત્યાં હું દાખલ થયો. એ ઓરડા વચ્ચે એક લંબચોરસ ટેબલ હતું અને આસપાસ બે પાંચ ખુરશીઓ પડેલી હતી. શ્રી અરવિન્દ (એ વખતે અરવિન્દ બાબુ નામથી તેઓ વધારે પરિચિત હતા) ટેબલની સામે બેઠા હતા. હું તેમને પ્રણામ કરીને સામે ખુરશી ઉપર બેઠો. તેમણે નીચેના ભાગમાં ધોતીયું પહેર્યું હતું; ઉપરનો ભાગ ખુલ્લો હતો. તેમની કાયા એ વખતે એકવડી અને કાંઇક કૃશ દેખાતી હતી; નાની સરખી કાળી દાઢી તેમની ભવ્ય મુખમુદ્રાને શોભાવી રહી હતી, અને તેમની તેજસ્વી ઝીણી આંખો ચમકી રહી હતી. તેમનું કપાળ ભવ્ય લાગતું હતું. ધ્યાનનિમગ્ન–જ્ઞાનનિમગ્ન–કોઇ ચિન્તક સંશોધક દુનિયાના એકાન્ત ખુણે અગમનિગમની સમસ્યાઓ ઉકેલવામાં ઓતપ્રોત બનીને બેઠા હોય એવા તેઓ લાગતા હતા. હું કોણ છું, કયાંથી આવું છું, શું કરું છું વગેરે જાણી લીધા બાદ તેમણે મને પૂછ્યું કે 'આર્ય તમે વાંચો છો?' જવાબ આપવામાં મુશ્કેલી હતી સ્વામી આનંદ મારા જુના પુરાણા મિત્ર. તેમની સૂચનાથી મેં આર્ય મંગાવવું શરૂ કરેલું. શરૂઆતમાં મેં વાંચવા પ્રયત્ન કરેલો. પણ બહુ સમજાતું નહિ. એટલે આર્ય તો આવ્યે જતું હતું, પણ વાંચવાનું ભાગ્યે જ બનતું. મેં જવાબ આપ્યો કે "મને ઘણું સમજાતું નથી એટલે હાલ વંચાતું નથી" તેમણે કહ્યું કે "ફરીથી પ્રયત્ન કરો અને ન સમજાય તો પુછાવજો." પછી હિંદના તત્કાલીન રાજકારણની વાત નીકળી. એ દરમિયાન ઇન્ડીયન નેશનલ કોંગ્રેસનું નાગપુરમાં અધિવેશન ચાલતું હતું અને કોંગ્રેસ ઉપર ગાંધીજીનું નેતૃત્વ સુપ્રતિષ્ઠિત થઇ ચુકયું હતું અને એ કોંગ્રેસમાં અસહકારની લડત શરૂ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. એ જ અરસામાં મદ્રાસ ખાતે મીસીસ બીસેન્ટના પ્રમુખપણા નીચે મોડરેટોનું કન્વેન્શન ભરાયું હતું જે હું જાતે જોઇને આવ્યો હતો. આ બન્ને સંમેલનો વિષે કેટલીક વાતચિત થઇ. કોંગ્રેસના ઉગ્ર કાર્યક્રમ અને અંગ્રેજ સરકાર સામે લડત ઉપાડવાના નિર્ણયથી તેઓ પ્રસન્ન હતા. મોડરેટોની બંધારણીય ચળવળ અને ઢીલી નીતિ વિષે તેમણે કેટલોક વિનોદ કર્યો. તેમની વાણીમાં ભારે પ્રસન્નતા અને મધુર સ્વસ્થતા હતી. ઉપર જણાવેલી વાતચિતના અન્તે તેમને મેં પ્રશ્ન કર્યો કે "સાંભળવામાં આવ્યું છે કે આપના હિંદુસ્તાન પાછા ફરવા સામે અંગ્રેજ સરકારને હવે કશો પણ વાંધો નથી તો આપ આ નિવૃત્તિ–નિવાસ છોડીને હિંદ ખાતે પાછા કયારે આવો છો? આપની સૌ રાહ જોઇ રહ્યા છે." તેમણે જવાબ આપેલો કે "હું જાણું છું કે હવે હિંદ ખાતે પાછા ફરવામાં કશો પણ અન્તરાય નથી અને હું ગમે ત્યારે આવું પણ ખરો. એમ છતાં પણ તે વિષે હાલ તુરત કશો પણ નિર્ણય કર્યો નથી." આમ અમારી વાતચિતનો અન્ત આવ્યો અને તેમને પ્રણામ કરીને ત્યાંથી હું અન્તરમાં ઉંડી ધન્યતા અનુભવતો બહાર નીકળ્યો. આ સુખદ મીલન દશેક મીનીટ ચાલ્યું હશે. તે પછી પોલીસ તથા સી. આઇ. ડી. ની પુછપરછ અને કરલીક કનડગત ભોગવવી પડેલી, પણ તે અહિં અપ્રસ્તુત છે.

પુનઃ એકવાર પોંદીચેરીમાં

ત્યાર બાદ ૧૯૨૩–૨૪ લગભગમાં હું ફરી વખત પોંદીચેરી ગયેલો. આ વખતે શ્રી અરવિન્દનું નિવાસસ્થાન આશ્રમનું સ્વરૂપ ધારણ કરી રહેલ હતું; કેટલાક નવાં મકાનો બંધાયાં હતાં. ગુજરાતમાંથી તેમજ અન્ય પ્રાન્તોમાંથી સાધકો આવીને વસવા લાગ્યા હતા. આ પ્રસંગે ત્યાં ઠીક સમયથી સ્થિર થયેલ શ્રી. પુનમચંદ શાહને હું મળેલો. આશ્રમની પ્રવૃત્તિ જેમ જેમ વિકસતી જતી હતી અને શ્રી. અરવિન્દના સાહિત્યનો જેમ જેમ ફેલાવો થતો જતો હતો તેમ તેમ તેમના વિષે અનેક લોકોનું કૌતુક અને કુતુહલ વધતાં જતાં હતાં. શ્રી. અરવિન્દનો યોગ એટલે શું? તેમાં અને બીજી યોગપધ્ધતિમાં ફરક શું? આ યોગના સાધક કેમ રહેવાતું, શું ખાવા પીવાતું, કેમ વર્તવાતું? શ્રી અરવિન્દ આખો દિવસ શું કરતા હશે? આવા અનેક પ્રશ્નો અન્ય માફક મારા ચિત્તમાં પણ ઘોળાયા કરતા હતા. ભાઇ પુનમચંદ સાથે અનેક બાબતોની ચર્ચામાં ચાર પાંચ કલાક ગાળ્યા હશે. શ્રી. અંબાલાલ પુરાણીને પણ એ વખતે પહેલી વાર મળવાનું બન્યું હતું. જો હું એક દિવસ વધારે રહું તો શ્રી. અરવિન્દને મળવાનું બની શકે એમ છે એમ મને જણાવવામાં આવેલું. એ વખતે શ્રીમતી મીરાં રીચાર્ડ જે 'માતાજી'ના નામથી ઓળખાય છે તે કેટલાક સમયથી આશ્રમમાં આવીને સ્થિર થયેલાં એમ છતાં આજે આશ્રમ ઉપર તેમનું જે પ્રભુત્વ વર્તે છે, તે પ્રભુત્વ તે વખતે સ્થપાયું નહોતું. પહેલાં તો શ્રી અરવિન્દ પોંદીચેરી સૌ કોઇને છુટથી મળતા હતા. માતાજી આવ્યા બાદ, એટલી છૂટથી બહારના લોકોને મળવાનું ઘટતું જતું હતું. છતાં પણ બીજીવાર પોંદીચેરી ગયો ત્યારે શ્રી અરવિન્દને મળવાનું બહુ અશકય નહોતું. હું તો આગળ આવેલો ત્યારે તેમને બોલેલો તેમની પવિત્ર મૂર્તિનું ચિત્ર આ વખતે પણ મારી આંખો સામે એટલું ને એટલું જ જીવતું જાગતું ઉભું હતું. આર્યમાં કે તેમનાં અન્ય લખાણોમાં મેં વિશેષ કોઇ ચંચુપાત કર્યો નહોતો. તેમને પૂછવાની નહોતી કોઇ શંકા ઉદ્ભવેલી કે નહોતા કોઇ પ્રશ્ન ઉભો થયો. આમ હોવાથી તેમને માત્ર આંખન કુતુહલને અને ચિત્તના અભિમાનને તૃપ્ત કરવા ખાતર હું મળું એ મને યોગ્ય ન લાગ્યું અને તેમને દૂરથી જ પ્રણામ કરીને એ વખતે મેં પોંદીચેરી છોડયું.

૨૪, નવેંબર ૧૯૨૬ : સિધ્ધિ દિન

કહેવાય છે કે ૧૯૨૬ ના નવેંબર માસના ૨૪ મી તારીખે તેમને આત્મદર્શન થયું, ઇશ્વરનો સાક્ષાત્કાર થયો. તેઓ પૂર્ણત્વને પામ્યા. આ દિવસથી બહારની દુનિયા સાથેના સીધા સંપર્કનો અન્ત આવ્યો. માતાજી સિવાય બહારના તેમ જ આશ્રમના સર્વ કોઇ પણ માનવીને માટે તેમના દર્શનનું બંધ થયાં ત્યારબાદ તેમની સાથેના સંપર્કનું પત્રવ્યવહાર એ જ માત્ર એક સાધન સુલભ રહ્યું.

દર્શન-સમારંભો

આ સિવાય શરૂઆતમાં વર્ષમાં ત્રણ દિવસ નક્કી કરવામાં આવ્યા. (૧) ઓગસ્ટની ૧૫ મી તારીખ : શ્રી અરવિન્દનો જન્મ દિવસ (૨) નવેંબરની ૨૪ મી તારીખ : શ્રી અરવિન્દની સાધના પૂર્ણાહુતિનો દિવસ (૩) ફેબ્રુઆરીની ૨૧ મી તારીખ : માતાજીનો જન્મ દિવસ અને ૧૯૩૮ થી આમાં ચોથો દિવસ ઉમેરવામાં આવ્યો તે એપ્રીલની ૨૪ મી તારીખ : તે માતાજી પોંદીચેરીમાં બીજીવાર પધાર્યા અને હંમેશાને માટે આશ્રમમાં સ્થિર થયાં તે દિવસ. આ ચાર દિવસોએ જેને જેને અનુમતિ મળી હોય તેમને દર્શન આપવાનો પ્રબંધ ગોઠવવામાં આવ્યો. આ દર્શન એટલે પ્રાતઃકાળથી દર્શનાતુર ભકતજનોએ કતારમાં ગોઠવાઇને ઉભા રહેવાનું અને પહેલે માળ જે ઓરડામાં શ્રી. અરવિન્દ અને માતાજી એક આસન ઉપર સાથે બેઠ હોય તે ઓરડાના દ્વારની બાજુએ થઇને પસાર થવાનું અને એ રીતે પસર થતા થતાં શ્રી અરવિન્દનાં જેટલાં દર્શન થઇ શકે તેટલા દર્શનથી સંતોષ માનવાનો. આશ્રમની વ્યવસ્થા સરળ સુગમ બનાવવાને શ્રી અરવિન્દના દર્શન થાય એ કરતાં પણ શ્રી અરવિન્દની આપણી ઉપર દૃષ્ટિ પડે અને એ રીતે તેમની અપાર શકિતના અંશ આપણામાં સંક્રાન્ત થાય એનું મહત્વ વધારે લેખાતું. गुरोस्तु मौनं व्याख्या शिष्यास्तु छिन्नसंशयाः। એની જ જાણે કે આ બીજી આવૃત્તિ હોય એમ કહેવાય.

૧૯૩૮ નો અકસ્માત

ઉપર જણાવ્યું તેમ માતાજી સિવાય કોઇને પણ નહિ મળવાનો તેમનો આગ્રહ ૧૯૩૮ સુધી કાયમ રહ્યો તેમના વર્ષોથી સર્વ પ્રકારની પરિચર્યા કરતા શ્રી. ચંપકલાલ નામના એક ગુજરાતી સાધક પણ તેમને જોઇ કે મળી શકતા નહોતા. આ

આગ્રહ આજથી બાર વર્ષ પહેલાં બનેલી એક ઘટનાના કારણે તેમને છોડવો પડયો. મોટા ભાગે કેવળ એકાકી રહેતા શ્રી અરવિન્દ પોતાના ઓરડામાં આમથી તેમ ચાલતા હતા એવામાં જમીન ઉપર પાથરેલા વ્યાઘ્રચર્મ ઉપરથી પસાર થતાં તેમનો પગ લપસી ગયો અને ગોઠણનું હાડકું ભાંગી ગયું. અંદર તો કોઇ ન આવે, ન જાય. ત્રણ કલાક સુધી તેની તે સ્થિતિમાં તેમને પડી રહેવું પડયું. પગ સુણીને થાંભલો થયો. ત્રણ કલાકે માતાજી આવી ચઢયા અને તેમની આ દશા જોઇને બારે દુઃખી થયા. ત્યાર બાદ યોગ્ય સારવારના પરિણામે તેમને આરામ આવી ગયો પણ તે પછી પાંચ સાત અન્તેવાસીઓને તેમની ચાલુ સંભાળ રાખવાની છુટ મળી

ગુપ્તવાસ દરમિયાન ચાલુ રહેલો પત્રવ્યવહાર

અરવિન્દ ઘોષે ૧૯૧૦ની એપ્રીલની ૪થી તારીખે પોંદીચેરીના બંદર ઉપર પગ મૂકયો. શરૂઆતમાં તેમની સાથે ચાર પાંચ સાધકો રહેતા હતા. ૧૯૧૪ માં તેમણે આર્ય શરૂ કર્યું. તે ૧૯૨૧ સુધી એટલે કુલ ૬॥ વર્ષ ચલ્યું શ્રી પોલ રીશાર અને શ્રીમતી મીરાં રીશાર પહેલાં એકવાર ૧૯૧૪ માં પોંદીચેરી આવેલા અને અરવિન્દ ઘોષને મળેલાં. પણ તે અરસામાં એકાએક પહેલું વિશ્વયુદ્ધ ફાટી નીકળતાં તેઓ ફ્રાન્સ ચાલી ગયેલાં. વળી પાછા તેઓ ૧૯૨૦માં પોંદીચેરી આવ્યા. પોલ રીશાર એકાદ વર્ષ રહીને ત્યાંથી ચાલી નીકળ્યા અને મીરાં રીશાર શ્રી અરવિન્દની સાધનાના સાથીદાર બન્યા. પાછળથી તેઓ આશ્રમવાસીઓમાં 'માતાજી'ના નામથી ઓળખાવા લાગ્યાં. ૧૯૨૬ થી શ્રી અરવિન્દનો આત્યન્તિક નિવૃત્તિ નિવાસ શરૂ થયો. ત્યારથી કેટલાંય વર્ષો સુધી બહારની દુનિયામાં શ્રી અરવિન્દનું નામ ભાગ્યે જ સંભળાતું કે છાપાઓમાં તેમના વિષે ભાગ્યે જ કોઇ ઉલ્લેખ જોવામાં આવતો. આમ છતાં તેમના લેખન પ્રવૃત્તિ ચાલ્યા જ કરતી. પ્રત્યક્ષ મળવાનું સૌ કોઇને માટે બંધ થયેલું, પણ પત્રો દ્વારા દેશ પરદેશની અનેક વ્યકિતઓ સાથે તેમનો સંપર્ક ચાલુ રહ્યો હતો. નાના મોટા અનેકના પત્રો આવતા અને પોતાના જ હાથે તેના જવાબો લખતા. ઘણીવાર તો જવાબો લખવામાં મધરાત વીતી જતી. આશ્રમની તો અનેક વ્યકિતઓ સાથે તેમનો નિયમિત પત્રવ્યવહાર ચાલતો. નાનાં મોટા તેમને મન સૌ કોઇ સરખાં હતાં.

બીજા વિશ્વવિગ્રહના પ્રારંભ પછી

ઘણાં ઘણાં ખાસ કરીને બીજો વિશ્વવિગ્રહ શરૂ થયા બાદ દુનિયામાં બનતી ઘટનાઓ વિષે અવારનવાર તેમના અભિપ્રાયો પ્રગટ થઇ રહ્યા હતા. બીજા વિશ્વયુદ્ધમાં મિત્ર રાજ્યો ધર્મ પક્ષે છે એવો તેમનો અભિપ્રાય પ્રગટ કરવામાં આવ્યો હતો. મદ્રાસ વૉર ફંડમાં તેમણે રૂા. ૫૦૦ ની રકમ ભેટ મોકલી હતી. ૧૯૪૨ માં સ્ટ્રેફર્ડ ક્રીપ્સ હિંદમાં કોંગ્રેસ સાથે સમાધાની કરવા આવ્યા ત્યારે તેની દરખાસ્તો સ્વીકારી લેવાનું તેમણે ગાંધીજીને ખાસ કહેણ મોકલેલું. હિંદના ભાગલા પડયા ત્યારે તેમણે પોતાની ના પસંદગી જાહેર કરેલી. કોરિયામાં શરૂ થયેલ યુદ્ધ વિષે પણ તેમનો અભિપ્રાય પ્રગટ કરવામાં આવ્યો હતો. ગાંધીજીના અવસાન બાદ આશ્રમ તરફથી પ્રચાર કાર્ય બહુ જોસભેર શરૂ કરવામાં આવ્યું હતું અને શ્રી અરવિન્દ થોડા સમયમાં બહાર આવશે અને દુનિયાને નવી દોરવણી આપશે એવાં સૂચનો આ પ્રચારકો તરફથી મળ્યા કરતાં હતાં.

તાજેતરની મુલાકાતો

જેમણે એક વખત ગાંધીજી જેવાને મળવાની ના કહી હતી તેમણે તાજેતરમાં નવેમ્બરની ચોવીશમી તારીખના દર્શન સમારંભ પ્રસંગે ભાવનગરના મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહ જેઓ હાલ મદ્રાસના ગવર્નર છે તેમને લગભગ પંદર મીનીટની મુલાકાત આપી હતી જે દરમિયાન મળેલી માહીતી મુજબ તેમણે યોગમાર્ગ વિષે કેટલીક વાતચીત કરી હતી, એટલું જ નહિ પણ તેમની જ્યારે પણ ઇચ્છા થાય ત્યારે મળવા આવવા મહારાજાને કહેવામાં આવ્યું હતું. થોડા સમય પહેલાં આજના આપણા અન્નસચિવ શ્રી કનૈયાલાલ માણેકલાલ મુનશીને જુલાઇ માસની નવમી તારીખે તેમણે મુલાકાત આપી હતી અને આ મુલાકાત ૪૦ મીનીટ સુધી ચાલી હતી. આ મુલાકાતની વિશેષ વિગતો હજુ સુધી જાણવવામાં આવી નથી. આ બધું એમ સૂચવે છે કે તેમની અને દુનિયાની વચ્ચે ઉભો કરવામાં આવેલો અંધારપટ ધીમે ધીમે ખસી રહ્યો હતો અને વિધિએ તેમને આ દુનિયામાંથી એકાએક ઉપાડી લીધા ન હોત તો સંભવ છે કે તેઓ આપણી વચ્ચે આવીને ઉભા રહ્યા હોત અને તેમના દર્શનની, પરિચયની, સીધી દોરવણીની અનેકના દિલમાં સેવાઇ રહેલી ઝંખના તૃપ્ત થઇ હોત.

'સાવિત્રી'

છેલ્લાં વર્ષોમાં તેમનાં રચેલાં કાવ્યો અવારનવાર પ્રગટ થતાં હતાં. સાહિત્યકારો આ કાવ્યોનું બહુ ઉંચું મૂલ્ય આંકતા હતા. છેવટના ભાગમાં તેમણે 'સાવિત્રી' એ નામનું એક મહાકાવ્ય–epic–રચવું શરૂ કર્યું હતું. આ કાવ્યના કેટલાક ભાગની ટાઇપ કરેલી કોપીઓ સાહિત્ય રસિક વર્ગમાં વંચાઇ રહી હતી. આપણા ગુજરાતના જાણીતા કવિ ભાઇ ઉમાશંકરે આ રીતે જોયેલો ભાગ ઉપલબ્ધ છે તે જોયો હતો અને તેની તે ભારે પ્રશંસા કરતા હતા. આ ના યુગનું આ એક અગ્રગણ્ય મહાકાવ્ય–pic–લેખાશે એમ તેઓ માનતા હતા. તેમાંનો એક નાનો સરખો ભાગ છપાયલો મેં પણ વાંચ્યો હતો અને મારા મન ઉપર પણ તે ા ઉંડી છ પ પડી હતી. આ મહાકાવ્ય તેમના હાથે પુરૂં થયું કે નહિ તેની કોઇને ખબર નથી પણ તેમનું અન્તિમ દર્શન કરનારા મિત્રો જણાવે છે કે એક બાજુએ ટેબલ ઉપર સાવિત્રીનાં ચાલી રહેલા લખાણના કાગળીઆઓ અને તેમની ફાઉન્ટન પેન તેમને બતાવવામાં આવી હતી તે ઉપરથી અનુમાન થાય છે કે આ કાવ્ય પુરૂં કરતાં પહેલાં તેમણે આ ફાની દુનિયાની વિદાય લીધી. સાવિત્રી અધુરૂં રહી ગયું એ કાંઇ આપણું નાનું સુતું કમનસીબ ન ગણાય.

અન્તિમ દર્શન અને આખરી નિર્વાણ

છેલ્લાં છેલ્લાં નવેંબર માસની ૨૪મી તારીખે તેમણે સંખ્યાબંધ નરનારીઓને ચાલુ પરિપાટી મુજબ જાહેર દર્શન આપ્યા હતા. આ પહેલાંથી તેમની તબીયત બગડવા માંડી હતી. દર્શનના દિવસે તેઓ પહેલાં માફક સ્વસ્થ દેખાતા ન હોતા. કોચને એક ખુણે તેઓ જરાક અઢેલીને બેઠા હતા અને બીજે ખુણે માતાજી વિરાજેલા હતાં. દર્શન કરનારાઓને બહુ ઝડપથી આગળ વધવાનું વારંવાર કહેવામાં આવતું હતું વળી વયગાળે તેમને ઠીક ઠીક આરામ આપવાની જરૂર પડી હતી. તેમને ડાયાબીટીસ લાંબા સમયથી લાગુ પડયો હતો. છેવટના દિવસોમાં તેમની 'કીડની' કામ કરતી બંધ પડી; પેસાબમાં લોહી પડવા લાગ્યું; અને ડાયાબીટીસના અંગે શરીરમાં ઝેર થઇ ગયું, મગજ ઉપર અસર થઇ, અને દોઢ દિવસ લગભગ તેઓ બેભાન રહ્યા. અને ચોથી તારીખની રાત્રે અથવા તો અંગ્રેજી ગણતરી મુજબ પાંચમી તારીખની સવારે ૧ ને ૨૬ મીનીટે વિનશ્વર દેહનો ત્યાગ કરી તેમણે ઉર્ધ્વલોક પ્રતિ પ્રયાણ કર્યું.

શ્રી અરવિન્દના જીવનનું મૂલ્યાંકન

શ્રી અરવિન્દના બ્રહ્મનિવાસથી માત્ર હિંદને નહિ પણ આખી દુનિયાને એક એવી વ્યકિતની ખોટ પડી છે કે જે કંઇ કાળ સુધી પુરાવાનો સંભવ નથી. શ્રી અરવિન્દ લોકોત્તર કોટિના એક મહા પુરૂષ હતા. છેલ્લાં બે વર્ષમાં આવી ત્રણ મહા વિભૂતિઓથી આપણે વંચિત બન્યા. એક તો શ્રી અરવિન્દ, બીજા રમણ મહર્ષિ અને ત્રીજા મહાત્મા ગાંધી. એકના સ્મરણ સાથે બીજા બન્નેનું આપણને સહજ સ્મરણ થઇ આવે છે. ત્રણેનું વ્યકિતત્વ એકમેકથી બહુ નિરાળું એમ છતાં ત્રણેની ભાત અસામાન્ય–સામાન્ય માનવી અને તેમની વચ્ચે પારવિનાનું અન્તર. અરવિન્દના વ્યકિતત્વનું સાચું મૂલ્યાંકન કરવું બહુ જ મુશ્કેલ છે; કારણ કે એક તો તેમની જીવનપ્રતિભા અતિ વિરલ પ્રકારની હતી; બીજું તેમણે જે પ્રદેશનું આટલું વિસ્તીર્ણ ખેડાણ કર્યું તે વિષે આપણી સમજણ ઘણી ઓછી. ત્રીજું તેઓ પોંદીચેરી

ગયા ત્યારથી આજ સુધીના તેમના જીવન વિષે આપણે ઘણું જ ઓછું જાણીએ છીએ. તેમની પ્રતિભાનું સંપૂર્ણ ચિત્ર તે જ આલેખી શકે કે જેને તેમની સમીપ વસવાનો લાભ મળ્યો હોય અને જેમણે યોગના પ્રદેશમાં સારો એવો પ્રવેશ કર્યો હોય. આમ છતાં તેમની કેટલીએક વિશેષતાઓ કોઇનું પણ ધ્યાન ખેંચ્યા વિના રહે તેમ નથી.

શ્રી અરવિન્દની સાધના

જ્ઞાનયોગની અપૂર્વ સાધના એ તેમની સૌથી વધારે મહત્વની વિશેષતા હતી. તેમના જીવનમાં એક પછી એક બનતી જતી ઘટના તેમને આ દિશા તરફ ખેંચતી રહી હતી. તેઓનો અશ્વારોહણની પરીક્ષામાં નાપાસ થયા ન હોત તો તેઓ ઇન્ડીયન સીવીલ સર્વીસમાં જ જોડાયા હોત અને તો પછી તેમના જીવનની કોઇ જુદી જ ભાત આલેખાઇ હોત. વડોદરામાં અધ્યાપક તરીકે ૧૪ વર્ષ તેમણે ગાળ્યા. ત્યાર બાદ બંગાળાના ભાગલાની ઘટના તેમને સક્રિય રાજકારણ તરફ ખેંચી ગઇ. અને તે ક્ષેત્રમાં ચાર વર્ષ તેમણે જે કામ કરી બતાવ્યું તે ઉપરથી શ્રી અરવિન્દ ઘોષ જ આવતી આઝાદીના નિર્માતા છે એવી ઉગતી પ્રજાના દિલમાં આશા ઉભી થઇ, પણ તેમનું ભાવી તેમને અન્યત્ર જ ખેંચી જવાનું હતું. સરકારી ધરપકડની સંભાવના સાથે તેમને ચંદ્રનગર અને ત્યાંથી પોંદીચેરી ચાલી જવાનું સૂઝયું. ૧૯૧૦ ના એપ્રીલ માસની ચોથી તારીખે તેઓ પોંદીચેરી પહોંચ્યા અને એ સ્થળ જ આખરે તેમની જીવનના અન્તભાગ સુધીનું ખરેખર સાધનાક્ષેત્ર બની રહ્યું.

જ્ઞાનયોગ કે ધ્યાનયોગ !

તેમણે ત્યાં જે યોગ સાધ્યો તેને કદાચ આપણે કેવળ જ્ઞાનયોગ ન કહીએ, કારણ કે જ્ઞાનયોગથી આપણે બૌદ્ધિક ભૂમિકા ઉપરનું વાંચન, અધ્યયન, ચિન્તન અને લેખન એમ લગભગ છીએ, જ્યારે તેમનું વિશિષ્ટ જીવન દર્શન તે જ્ઞાન તેમજ ધ્યાન-ઉભય યોગનું સંકલિત પરિણામ હોય એમ લાગે છે. જ્ઞાનથી જે દેખાતું હતું તે ધ્યાનથી વધારે વિશદ થયું. ધ્યાનથી, સમાધિથી તેમણે જે અનુભવ કર્યો તેને બૌધિક પરિભાષા આપીને જનતાની સમક્ષ તેમણે રજુ કર્યો. જગતના એક ખુણે એક મકાનમાં સતત ચાલીશ વર્ષ સુધી આવી એક સરખી-એકરંગી સાધના કર્યાનો અને તે પણ જગત સાથેનો સર્વ સંપર્ક તોડી નાંખીને નહિ, પણ જગત્માં જે કંઇ કંઇ બની રહ્યું હતું તેથી એકસરખા વાકેફગાર રહીને-આવો બીજો કોઇ દાખલો જગતના ઇતિહાસમાં મળવો મુશ્કેલ છે.

શ્રી અરવિન્દની અનેકવિધ કુશળતા

તેઓ માત્ર યોગી ન હોતા; માત્ર તત્ત્વવેત્તા ન હોતા; માત્ર અધ્યાત્મમાર્ગી ન હોતા. તેઓ એટલા જ મોટા એક સાહિત્યકાર હતા; ઇતિહાસવેત્તા હતા; સંસ્કૃત સાહિત્ય, વેદ ઉપનિષદ આદિ ધર્મસાહિત્યના પુરા જાણકાર હતા. યોગ અને તત્વજ્ઞાન ઉપરના તેમના ગ્રંથો જેટલા મૌલિક છે તેટલું જ તેમનું સાહિત્યના ક્ષેત્રમાં થયેલું નિર્માણ કાર્ય મૌલિક લેખાય છે. તેમની કાવ્યપ્રતિભા પણ એટલી અસામાન્ય પ્રકારની હતી.

લાઇફ ડીવાઈન-દિવ્ય જીવન-નું વાંચન

તેમના વિવિધ વિષયોને સ્પર્શતા અનેક ગ્રંથોમાં Life Divine-દિવ્ય જીવન-એક સર્વોચ્ચ શિખરગ્રંથ છે. તેમની ભિન્ન ભિન્ન દર્શનતિથિઓ ઉપર અનેક મિત્રો સ્નેહીઓ તેમના દર્શને જતા અને પોતાના તરેહતરેહના અનુભવો મને સંભળાવતા. એ સાંભળીને મારૂં મન પણ કદિ કદિ ઉછળતું અને પોંદીચેરી જઇ આવવા લોભાતું. એમ છતાં ત્યાંની દર્શનલીલા તથા માતાજીના શણગારવૈભવ સાથે મારા મનનું કોઇ સંતોષકારક સમાધાન થઇ શકતું નહોતું. પરિણામે છેલ્લા પચ્ચીશ વર્ષ દરમિયાન પોંદીચેરી જવાની ઇચ્છાએ કદિ પણ વધારે ઉત્કટ સ્વરૂપ ધારણ ન કર્યું. એમ છતાં શ્રી અરવિન્દ વિષેના આકર્ષણથી હું કદિ મુક્ત થયો નહોતો. તેમના તત્વદર્શનને, પૂર્ણયોગને સમજવા મારૂં મન સદા આતુરતા અનુભવતું હતું. એ હેતુથી આજથી છએક વર્ષ પહેલાં તેમનું 'લાઇફ ડીવાઇન' વાંચવું મેં શરૂ કરેલું. થોડાક પાનાં વાંચ્યાં; સમજાયું નહિ; મૂકી દીધું. વળી પાછું એક બે વર્ષ બાદ શરૂ કર્યું; સો કે દોઢસો પાનાં વાંચ્યા; બહુ ઓછું સમજાય છે એમ લાગતાં વળી પાછું મૂકી દીધું. પુનઃ ગયા ઉનાળામાં એ ગ્રંથ પહેલેથી વાંચવો શરૂ કર્યો અને ચારેક મહીનાના ગાળામાં આદ્યન્ત વાંચી ગયો. જ્યાં ત્યાં અર્થ બરોબર નહિ સમજવાના કારણે અટકવું પડતું; ફરી ફરીને વાંચવું પડતું; એમ છતાં ધીમે ધીમે ગ્રંથના છેડે હું પહોંચી શક્યો અને શ્રી અરવિંદના તત્વદર્શનનું હાર્દ હું ઠીક ઠીક ગ્રહણ કરી શક્યો છું એમ મને લાગ્યું.

તત્ત્વજ્ઞાનનો મહાસાગર

લાઇફ ડીવાઇન એ તત્ત્વજ્ઞાનનો મહાસાગર છે. તત્વવિદ્યા, અધ્યાત્મવિદ્યા, બ્રહ્મવિદ્યાને લગતા લગભગ બધા પ્રશ્નોની આ ગ્રંથમાં ચર્ચા કરવામાં આવી છે તેમજ એ બધી બાબતો પરત્વે શ્રી અરવિન્દનું મૌલિક માર્ગદર્શન આપણને મળે છે. લાઇફ ડીવાઇન એ શ્લોકાબદ્ધ પ્રવક્ષ્યામિ એવો સંક્ષિપ્તમાં બધું તત્વજ્ઞાન સમાવતો ગીતા જેવો કોઇ એક સૂત્રબદ્ધ નાનો સરખો જ્ઞાનભંડાર નથી. જાણે કે કોઇ પુરાણ-કથાકાર મહાકથા કહેવાની શરૂ કરે. હંમેશા થોડો થોડો ભાગ કહે, બીજે દિવસે આગળ જે બાકી ગયું તેનો સાર સંભળાવે અને આગળ ચાલે એવો-કથિતનું પુનરાવર્તન અને કથિતવ્યનું આગળ પ્રરૂપણ કરતો-લાઇફ ડીવાઇન એક વિશાળ ગ્રંથ છે. હિમાલયમાં પ્રવાસ કરતા નીકળ્યા હોઇએ અને એક પછી એક પ્રદેશ આગળ વટાવતા જતા હોઇએ, એ પ્રદેશનો જાણકાર મિત્ર કેટલું આગળ આવ્યા અને હવે કઇ દિશાએ આગળ જઇ રહ્યા છીએ એ આપણને સમજાવતો જાય અને પ્રત્યેક પ્રદેશના વિશિષ્ટ સૌન્દર્યને આપણા ધ્યાન ઉપર લાવતો જાય-લાઇફ ડીવાઇન વાંચતાં આપણે લગભગ આવો અનુભવ કરીએ છીએ. લાઇફ ડીવાઇન વાંચવી એ જ્ઞાનગંગામાં ધરાઇને સ્નાન કરવા બરોબર છે.

શ્રી. અરવિન્દની લેખનશૈલિ

શ્રી અરવિન્દની લેખનશૈલિ ઘણાને બહુ કઠણ-ક્લિષ્ટ લાગે છે. તેમના લખાણમાં આરોહ-અવરોહનાં ડોલનથી સુમધુર લાગતા લાંબા લાંબા વાક્યો ચાલ્યા આવે છે, જેનો અર્થ તારવતાં ઘણી વખત બુદ્ધિ ધુંચવાય છે. પણ શ્રી અરવિન્દની લાક્ષણિક શૈલિથી એક વાર આપણે પરિચિત બનીએ, તેમના વિચાર સૂત્રોના મુખ્ય મુદ્દાઓ એકવાર બરોબર પકડી લઇએ, પછી લાઇફ ડીવાઇનનું વાંચન એકદમ સરળ બની જાય છે, અને વાંચતાં વાંચતાં આપણે કોઇ જુદા જ પ્રકારનું ઉડ્ડયન અનુભવતા લાગીએ છીએ. લાઇફ ડીવાઇન વાંચતાં જાણે કે ઇશ્વરપરાયણ જ થઇ રહ્યું હોઇ એવો ભાવ અનુભવાય છે.

વિપુલ જ્ઞાનસંપદા

આ દેશમાં અનેક સાધુ સંતો, ઋષિઓ અને યોગીઓ થઇ ગયા છે અને આજે પણ અનેક મહાપુરૂષો વિદ્યમાન છે. પણ આ બધાથી શ્રી અરવિન્દની ભાત ઘણી રીતે જુદી પડે છે એક તો અરવિન્દની જ્ઞાનસંપદા અગાધ હતી. તેઓ અનેક ભાષાઓના જાણકાર હતા. આ જે જે ભાષાનું દુનિયાના ઘણા મોટા ભાગ ઉપર પ્રભુત્વ વર્તે છે તે અંગ્રેજી ભાષાના તો ખરેખરા સ્વામી હતા. પશ્ચિમના સાહિત્યને તેઓ આરપાર પી ગયા હતા અને પછી તેઓ વડોદરામાં હતા તે લાંબા ગાળા દરમિયાન અને ત્યાર બાદ પોંદીચેરીમાં આવી વસ્યા તે દરમિયાન સંસ્કૃત સાહિત્ય તેમજ દેશની અન્ય ભાષાઓના સાહિત્યને તેમની દૃષ્ટિ ઉંડાણથી સ્પર્શી ચુકી હતી.

અંગ્રેજી જ માત્ર વિચારમાધ્યમ

બીજું તેમના વિચારનું વાહન અને તે વિચારોને વ્યક્ત કરવાનું માધ્યમ હંમેશા અંગ્રેજી જ રહ્યું હતું. તેઓ હિંદી, ગુજરાતી, બંગાળી વગેરે ભાષાઓ જાણતા હતા, પણ તેમણે બંગાળીમાં પણ કાંઇ લખ્યું હોય તો હજુ સુધી જાણવામાં આવ્યું

આપણી વચ્ચેથા તેમને ઉપાડી લઇને આપણી ઉપર અત્યન્ત નિષ્ઠુર પ્રહાર કર્યો છે. એ પ્રહારની મૂર્છા આડે ચિત્તના સમધારણ-પૂર્વક કશું પણ લખવાનું શકય જ નથી.

સરદાર વલ્લભભાઇને કેટલાએક લોકો જર્મન મહાઅમાત્ય બીસ્માર્ક સાથે સરખાવે છે. આપણે એટલે દૂર શા માટે જઇએ? હજુ લગભગ દોઢસો કે બસો વર્ષ પહેલાં નાના ફડનવીસ થઇ ગયા. તેઓ પેશ્વાના વિશ્વાસપાત્ર સલાહકાર હતા. તેઓ અંગ્રેજ પ્રજાને પુરેપુરા ઓળખી ગયા. પેશ્વાની હકુમતમાં અંગ્રેજોએ પગ પેસારો કરવા ઘણીયે તરકીબો રચી પણ નાના ફડનવીસ એક બારે મુત્સદ્દી હતા. તેઓ જીવ્યા ત્યાં સુધી અંગ્રેજોને તેમણે કશે પણ પગ મૂકવા દીધો નહિ, પછી તો અંગ્રેજો દેશના જાણે કે ધણી રણી થઇ પડયા. એ સત્તાની દેશવ્યાપી હકુમતને આ દેશમાંથી ઝડીઝપટીને સાફ કરી નાખવામાં સરદાર વલ્લભભાઇએ અત્યન્ત મહત્વનો ભાગ ભજવ્યો. રીતભાત તથા મુત્સદ્દીગીરીમાં સરદાર જાણે કે નાના ફડનવીસના બીજા અવતાર હતા.

સદ્‌ગત મહાદેવભાઇએ સરદારને લોકમાન્ય તિલક સાથે સરખા વેલા. તે બન્નેની આકૃતિમાં, બોલવા ચાલવાની રીતમાં, નિડરતામાં સાહસિકતામાં, પ્રતિપક્ષને સંપૂર્ણ અંશમાં ઓળખી લેવામાં, રાજકારણી શેતરંજની રમતમાં, પ્રતિપક્ષને સતત હંફાવતા રહેવાની કુશળતામાં બન્ને વચ્ચે ભારે સામ્ય હતું. બન્ને ધીરગંભીર અને ઓછાબોલા હતા. અંગ્રેજ સરકાર જેટલી તિલકથી બીતી એટલી જ સરદારથી બીતી. પેટનું જરા પણ પાણી હલે નહિ; ગમે તેવી વિષમ પરિસ્થિતિમાં લેશ માત્ર ક્ષુબ્ધ ન થાય; કદિ લાગણી કે આવેશમાં આવી જઇને દોરવાય નહિ. સરદારની ચાલ જ એવી હોય કે પ્રતિપક્ષી સદા ગુંચવાયા જ કરે અને આખરે તેણે નમતું આપવું જ પડે. વાસ્તવિકતાની સ્પષ્ટ સભાનતા એ તેમનું વિશિષ્ટ લક્ષણ હતું. કદિ કોઇથી આંજયા આંજાય નહિ કે ગાંજયા ગાંજે નહિ.

તેમની વાણી પણ વિલક્ષણ પ્રકારની હતી. જેને આપણે સુન્દર, સરળ પ્રવાહબધ્ધ વકતૃત્વ કહીએ છીએ-દાખલા તરીકે ભારતભૂષણ માલવીયાજીનું-તેવું વકતૃત્વ વલ્લભભાઇનું નહોતું. પણ એક જમાનાનો ખાધેલો માણસ પુરી સમજણ અને સાવધાની-પૂર્વક સચોટ ભાષામાં આખી પરિસ્થિતિ રજુ કરતો હોય, સમસ્યાની જટિલતા બરોબર સમજતો હોય અને સમજાવતો હોય અને તેમાંથી આજ માર્ગે આપણે જવું જોઇએ એમ પ્રતીતિપૂર્વક પોતે નકકી કરેલા નિર્ણયને હિંમતપૂર્વક વિશ્વાસપૂર્વક સ્વીકારવાની પ્રજાને ફરજ પાડતો હોય-આવી તેમની વાણી અને વકતૃત્વ હતા. ઉંડી દેશદાઝ તેમના વાકયે વાકયે પ્રતીત થતી. તેઓ આખાબોલા લેખાતા. કોઇને ખોટી રીતે મીઠું મનાવવું એ સરદારનો સ્વભાવ નહોતો. તેમની રીત સરદારની હતી, નમ્ર સેવકની નહોતી. જરૂર પડયે કડવી વાણીનો તેઓ છુટથી ઉપયોગ કરતા-પછી તે અંગ્રેજ સરકાર હોય, દેશી રાજા હોય, કે પ્રતિપક્ષે ઉભેલો દેશનો કોઇ અગ્રણીગણ્ય માનવી હોય. વાણીથી કોઇના હિંસા થઇ શકતી હોય તો તેની ઉપર તેમનાં વાગ્બાણો છુટતાં તેણે ખતમ થયે જ છૂટકો. તેમનો પુણ્યપ્રકોપ ભારે ભયાનક હતો.

તેમના વિષે ઘણા એ કહ્યું છે અને ઘણું કહેવાઇ રહ્યું છે. તેમાં નવું તો શું ઉમેરી શકાય? આમ છતાં એક બે મુદ્દાઓ ભાર મૂકવા જેવા મન ઉપર તરી આવે છે.

એક તો જે અસાધારણ શકિતમત્તા સરદારની હતી તેવી શકિતમત્તા ધરાવતો પુરૂષ કદિ અન્ય કોઇનો અનુગામી ન થાય, કે સર્વોચ્ચથી જરા પણ ઉતરતું સ્થાન ન સ્વીકારે. કાયદેઆઝમ ઝીણામાં આ જ ત્રુટિ હતી અને તેનાં કેવાં માઠાં પરિણામો આવ્યાં તે આપણી આંખે આપણે જોયું છે. સરદાર આ નબળાઇથી પર હતા, અને એટલે જ તેઓ મહાન હતા. ગાંધીજી વિષે એક વખત ચિતપ્રતીતિ થયા બાદ તેમનું નેતૃત્વ પોતે અન્તરથી સ્વીકારી લીધું, અને પછી એકસરખી વફાદારીથી છેવટ સુધી ગાંધીજીને તેઓ અનુસરતા રહ્યા. ગાંધીજી અને વલ્લભભાઇ પ્રત્યેકનું વ્યકિતત્વ અત્યન્ત તેજસ્વી છતાં ભિન્ન ભિન્ન કોટિનું હતું. તેઓ બન્ને વચ્ચે કદિ પણ કોઇ બાબત વિષેમતભેદ નહિ પડયો હોય એમ માની લેવું વધારે પડતું છે. એમ છતાં બન્ને વચ્ચે નાનો સરખો પણ મતભેદ કદિ કોઇએ જાણ્યો નથી કે સાંભળ્યો નથી. આ તેમની ગાંધીજી પ્રત્યેની અનન્ય નિષ્ઠા હતી.

"૧૯૪૭માં આઝાદી પ્રાપ્ત થઇ અને પ્રધાનમંડળની નવી રચના થઇ. વલ્લભભાઇ મુખ્ય પ્રધાન થવાની એષણા સેવી શકતા હતા. જવાહરલાલને ગાંધીજીએ પોતાના વારસ તરીકે અવારનવાર વર્ણવેલ એમ છતાં પણ ગાંધીજીના અત્યન્ત નિકટવર્તી સાથી તરીકે રાષ્ટ્રના મહાઅમાત્ય થવાની વલ્લભભાઇની યોગ્યતા કોઇ પણ રીતે કમ નહોતી અને તો પણ તેમણે નાયબપ્રધાનપદ જ સ્વીકાર્યું", એટલું જ નહિ પણ પંડિત જવાહરલાલની પ્રતિષ્ઠા એક સરખી જળવાઇ રહે તે માટે પોતાથી બનતું કર્યું અને તેનું પરિણામ તો એ આવ્યું કે આન્તરરાષ્ટ્રીય ક્ષેત્રમાં જ્યે કે સરદાર બહુ માથું મારતા નહિ, પણ રાષ્ટ્રની અંદરની બધી બાબતોમાં ખરું મુખી-પણું તેમણે જ ભોગવ્યું. તેમની સલાહ વિના જવાહરલાલ ડગલું પણ ભરતા નહિ, ભરી શકતા નહિ.

સરદારની બીજી એક વિશેષતા એ હતી કે પોતે જે ક્ષેત્રની જવાબદારી લીધી હોય તે ક્ષેત્રથી બહાર તેઓ કદિ પદપ્રવેશ કરતા નહિ. વર્ષો સુધી તેમણે અમદાવાદ અને ગુજરાતને જ પોતાના કાર્યક્ષેત્ર તરીકે સ્વીકાર્યું". તો પછી ત્યાં સુધી તેણે એથી વિશાળ ક્ષેત્રના કોઇ પણ વિષયમાં જ કે બાબતમાં તેઓ કદિ પડયા જ નહિ. બારડોલી સત્યાગ્રહના વિજયે તેમને આખા હિંદુસ્તાનમાં જાણીતા કર્યા. ૧૯૩૦-૩૨ ની લડતમાં તેમણે અગ્રભાગ લીધો. ત્યાર પછી આખું હિંદુસ્તાન તેમનું કાર્યક્ષેત્ર બન્યું અને તે પછી હિંદુસ્તાનની બહારની બાબતોમાં તેમણે કદિ માથું માર્યું નહિ. જ્યારે કોઇ પણ આન્તરરાષ્ટ્રીય પ્રશ્ન આવે ત્યારે એ જવાહરલાલજીનું કામ છે એમ કહીને તે પ્રશ્નની ધડમાંડથી તેઓ બને તેટલા દૂર જ રહેતા. આવી જ રીતે દેશને આઝાદી અપાવવી, હિંદને એક અને સંગઠિત રાષ્ટ્ર બનાવવું, લોકોની દિન પર દિનની અગવડો મુંઝવણો હાડમારીઓ દૂર કરવી, અને તેટલી કળાવી કરવી-આ તેમના કાર્યક્ષેત્રની બીજી મર્યાદા હતી. તો પછી આ બાબતોની બહાર જઇને ધર્મ, અધ્યાત્મ, નીતિશાસ્ત્ર વિજ્ઞાનવિચાર-આવા વિષયોને અનુલક્ષીને-જાણે કે પોતે એક નાના સરખા સર્વજ્ઞ હોય એવા આડંબરથી-લોકોના માર્ગદર્શક બનવાની તેમણે સ્વપ્ને પણ વૃત્તિ સેવી નહોતી.

શ્રી અરવિંદ ગયા તો જાણે કે મહાસાગરમાં ઘુમતા નાવિક કોને માર્ગદર્શક બનતી દીવાદાંડી ઓલવાઇ ગઇ હોય અથવા તો પથપ્રદર્શક ધ્રુવતારક વિલુપ્ત થયો હોય એમ આપણને લાગે છે. સરદાર ગયા તો આપણો કોઇ અતિનિકટનો સ્વજન, આપણા સુખદુઃખનો સાથી, આપણી મુંઝવણોનો ભાગી-દાર, પુરૂષાર્થની મૂર્તિ, સ્વારથ્યની પ્રતિમા, ભૂતળનો માનવી, અગમનિગમનો નહિ પણ ઐહિક જીવનની ગુંચો અને મુશ્કેલીઓ ઉકેલનાર, આપણા સુખે સુખી અને આપણા દુઃખે દુઃખી, સૌ કોઇનો પરમ મિત્ર અને રાહબર, માંધાતાનો મદ ઉતારનાર અને મોટા ચમરબંધીને ભોંય ભેગો કરનાર ધીરવીર ગંભીર રાજપુરૂષને આપણે કટોકટીની ઘડિએ ગુમાવી બેઠા હોઇએ એવી વિરહવેદના આપણું ચિત્ત અનુભવે છે. હિંદના ઇતિહાસમાં એમનું સ્થાન અનોખું લેખાશે એમનું નામ સદાને માટે સુઅંકિત રહેશે, અને અમૌમ પુરૂષાર્થ, નિર્ભયતા, સ્વસ્થતા અને સ્વાર્પણની અનેક યશોગાથાઓથી ભરેલી તેમની ઉજ્જ્વલ જીવનકારકીર્દી ભવિષ્યની પ્રજાને કંઇ કાળ સુધી અવનવી પ્રેરણાઓ આપ્યા કરશે. એ વીર પુરૂષ વલ્લભભાઇએ અધૂરા મૂકેલા કાર્યને આપણે પાર પાડીએ, આગળ વધારીએ અને તેમના અમૂલ્ય વારસાને આપણે શોભાવીએ!

પરમાનંદ

નથી. તેમની માતૃભાષા તેમના અંગુલિસ્પર્શથી વંચિત રહી એ બંગાળી ભાષાનું એક બહુ મોટું કમનસીબ લેખાય.

પશ્ચિમી સંસ્કારની ઘેરી છાયા

ત્રીજું તેમના જીવન ઉપર પહેલે સંસ્કાર પશ્ચિમી સંસ્કૃતિનો પડયો હતો અને તે બહુ ગાઢ હતો. હિંદમાં આવ્યા બાદ પૌર્વાત્ય સંસ્કૃતિ સાથે તેમનું તાદાત્મ્ય ઉત્તરોત્તર વધતું જતું હતું. એમ છતાં તેમણે ઉભા કરેલાં આશ્રમના અનેક અંશોમાં પશ્ચિમની છાયા સારી રીતે દૃષ્ટિગોચર થતી હતી અને એ રીતે તેમના આશ્રમની વ્યવસ્થા, રચના અને વાતાવરણ કોઇ પણ અન્ય ઋષિ કે યોગીના આશ્રમથી અમુક રીતે જુદા જ પ્રકારનું લાગતું હતું. આ તત્વ કેટલાક અંશે માતાજીના અસ્તિત્વને પણ આભારી હતું.

ગુપ્તતા

ચોથું તેમનાં જીવનની વિલક્ષણ પ્રકારની ગુપ્તતા પૂર્વકાળના કે સમકાલીન કોઇ પણ યોગી, દૃષ્ટા કે મહાત્માના જીવનમાં જોવામાં આવતી નથી. રામકૃષ્ણ પરમહંસના જીવનની વિગતે વિગત આપણે જાણીએ છીએ; રમણ મહર્ષિ કે રામદાસ સ્વામીનું જીવન કોઇ પણ પ્રગટ થયેલ સુલભ પુસ્તક જેટલું આપણી નજર સામે ખુલ્લું છે. શ્રી અરવિન્દે પોન્દીચેરીમાં વસીને એકાન્તવાસ સ્વીકાર્યો, એટલું જ નહિ પણ પાછળના ચોવીશ વર્ષ દરમિયાન એક સરખો ગુપ્તવાસ ધારણ કર્યો. એક માતાજી સિવાય અને પાછળનાં વર્ષોમાં બીજા ગણ્યાગાંઠયા સાધકો સિવાય તેમને કોઇ ન મળી શકે, ન કોઇ વાત કરી શકે. તેમની દિનચર્યાની આપણને કશી માહીતી ન મળે; તેમના આરોગ્ય અનારોગ્યના પણ આપને કશા ખબર ન પડે. આ ગુપ્તતાએ એક બાજુએ શ્રધ્ધાળુ લોકોમાં તેમનો મહિમા અને મોહિની વધારવામાં તથા કુતુહલને સતત પોષણમા ઘણો મોટો ભાગ ભજવ્યો છે તો બીજી બાજુએ આજ ગુપ્તતા દેશના વિચારક વર્ગમાં તેમના વિષે એક પ્રકારની પ્રતિકુળ લાગણી પેદા કરતી રહી છે.

માતાજીની દરમિયાનગીરી

પાંચમું આ કોટિના અન્ય કોઇ સન્ત દૃષ્ટાપુરુષ અને જિજ્ઞાસુઓ તથા સાધકો વચ્ચે હંમેશા સીધો સંપર્ક રહ્યો છે. સમીપવર્તી કોઇ અન્તેવાસીએ ગુરુ અને શિષ્યો કે સાધકો વચ્ચે દરમિયાનગીરી કરવાનો વિશિષ્ટ અધિકાર પ્રાપ્ત કર્યો હોય તો તે ઘણા મોટા ભાગે ગુરુને રાહત આપવા માટે અને બીજી અનેક જવાબદારીઓને પહોંચી વળવા માટે આવશ્યક એવો અવકાશ આપવા માટે. અહિં શ્રી અરવિન્દે કવિવર ટાગોરના King in the Dark Chamber—અન્તરવાસમાં બેઠેલા મહારાજા-જેવું સ્થાન સ્વીકાર્યું હતું અને બહારની દુનિયા સાથેનો સઘળો સંબંધ માતાજીની દરમિયાનગીરી મારફત ચાલતો હતો. આ એક ભારે વિલક્ષણ ઘટના શ્રી અરવિન્દના જીવનના પશ્ચિમાર્ધ સાથે જોડાયલી છે, જેની સાથે ઘણા લોકોના મનની ઘડ હજુ સુધી બેસતી નથી.

શ્રી અરવિન્દ વિષેની અત્યુક્તિઓ

છઠું, આ દુનિયામાં અનેક સન્તો અને મહન્તો આવ્યા અને ગયા. પરંતુ શ્રી અરવિન્દની યોગશક્તિ વિષે તેમની સમીપ રહેલા અંતેવાસીઓએ જે વાતો ફેલાવી હતી તે ખરેખર અદ્‌ભુત હતી. કોઇ કહે કે તેઓ ઉંઘતા જ નથી; ચોવીશે કલાક તેઓ ધ્યાનમાં, સાધનામાં કે પોતાના લેખન કાર્યમાં જ વ્યાપૃત રહે છે. કોઇ કહે કે તેઓ અમર છે, જન્મ કે મરણથી પર છે, અને દુનિયામાં હવે પ્રગટ થઇને તેઓ દુનિયાની કાયા પલટ કરવાના છે. છેલ્લા વિશ્વયુદ્ધમાં મિત્ર રાજ્યોને વિજય અપાવનાર તેમની યોગશક્તિ જ હતી. હિંદને આઝાદી આપવામાં પણ તેમની યોગશક્તિનો ઘણો મોટો ફાળો હતો અને તેમનો જન્મ દિવસ અને આઝાદી દિન એક હોવામાં ઘણું ઉંડું રહસ્ય હતું. તેઓ સર્વજ્ઞ છે, પૂર્ણ પુરુષોત્તમ છે, વગેરે કંઇ કંઇ વાતો તેમના નામ સાથે જોડવામાં આવી હતી. રામકૃષ્ણ પરમહંસ વિષે ઘણું વાચ્યું; રમણ મહર્ષિ અને રામદાસ સ્વામીને પણ ઠીક ઠીક જોયા જાણ્યા. પણ આવી વાતો અને આવી મહત્તા કોઇના વિષે કદિ પણ સાંભળવામાં આવી નથી. આપણા દેશમાં ૭૯-૮૦ વર્ષ એ પરિપકવ ઉમ્મર ગણાય છે. એટલી ઉમ્મર સુધી જીવવાનું ભાગ્ય આ દેશમાં બહુ થોડા માણસોનું હોય છે. આ ઉમ્મરનું મૃત્યુ આપણા દેશકાળમાં સ્વાભાવિક ગણાય છે. આમ છતાં શ્રી અરવિન્દનું અવસાન જાણે કે કોઇ અકાળે બનેલી આશ્ચર્યજનક ઘટના હોય એવો સખ્ત આઘાત આખો દેશ અનુભવી રહ્યો છે. રમણ મહર્ષિ આપણી વચ્ચેથી હજુ થોડા સમય પહેલાં ગયા અને આપણે દુઃખ અનુભવ્યું, પણ તેનો આપણને કોઇ આશ્ચર્યપૂર્ણ આઘાત લાગ્યો ન હોતો. મર્ત્ય માનવી આ ઉમ્મરે જાય જ ને—એવું કોઇ સમાધાન આપણું ચિત્ત અનુભવતું હતું. શ્રી અરવિંદના અવસાનનું આશ્ચર્ય હજુ પણ શમતું નથી. આવી આપણી ચિત્તસ્થિતિ ઉપર જણાવ્યું તેમ શ્રી અરવિન્દ વિષે ઉભી કરવામાં અને ફેલાવવામાં આવેલી અનેક પ્રકારની અતિશયતાઓને આભારી છે.

ભગવાન મહાવીર અને શ્રી અરવિન્દ

તેમના વિષની વાતો અને કલ્પનાઓ ગમે તે હો. શ્રી અરવિન્દ એક દૃષ્ટા પુરુષ હતા. આ દેશમાં કંઇ કાળથી એક પછી એક મહાન જ્યોતિર્ધરો જન્મતા આવ્યા છે તે પરંપરાના શ્રી અરવિન્દ એક હતા. ભગવાન બુધ્ધમાં જો આપણને ગાંધીજીનું સાદૃશ્ય દેખાતું હોય તો ભગવાન મહાવીર સાથે શ્રી અરવિંદને ઘણી રીતે સરખાવી શકાય તેમ છે. ભગવાન મહાવીરે બાર વર્ષની ઘોર તપશ્ચર્યા કરી હતી અને 'દીર્ઘતપસ્વી' કહેવાયા હતા. શ્રી. અરવિન્દે ૪૦ વર્ષ સુધી દુનિયાના એક ખુણે સ્વેચ્છાએ સ્થિરવાસ કર્યો અને પૂર્ણતાના એક શિખરે પહોંચ્યા. ભગવાન મહાવીરે જગતને અનેકાન્તવાદ આપ્યો હતો. શ્રી અરવિંદે જગતને પૂર્ણયોગ આપ્યો. માનવીદેહદ્વારા મૂર્તિમન્ત થયેલા યોગયોગેશ્વર મહર્ષિ અરવિન્દ તો હંમેશાને માટે અનન્તમાં વિલીન થયા છે, પણ તેમનો અક્ષરદેહ—આપણને વારસામાં મળેલું તેમનું અગાધ તત્વદર્શન—જીવન્ત છે, અમર છે. તે આપણા જીવનપથને સદાકાળ અજવાળતું રહેશે એમાં કોઇ શક નથી. આપણા તે પુણ્યપુરુષને શતશઃ વન્દન હો!!!

પરમાનંદ

ભારત ઐક્યવિધાતા વીર વલ્લભભાઇ

શ્રી અરવિન્દ વિષે લખાયલી લાંબી નોંધ આ અંકમાં છપાઇ રહી હતી એ દરમિયાન એવી સ્વપ્ને પણ કયાંથી કલ્પના સંભવે કે અન્ય ક્ષેત્રમાં કોઇ એવો જ ભવ્ય પુરુષાર્થ દાખવનાર વ્યક્તિની અવસાનનોંધ આ અંકમાં જ અન્તર્ગત કરવાનો યોગ ઉભો થશે? સરદાર વલ્લભભાઇ પટેલના અવસાન સમાચાર અવસાન થયાને અડધી કલાક થઇ ન થઇ એવામાં તો આખા દેશમાં પસરી ગયા અને જાણે કે ઉપરથી આભ તુટી પડયું ન હોય એવો પ્રચંડ પ્રત્યાઘાત રાષ્ટ્રની વિરાટ જનતાએ અનુભવ્યો. શ્રી અરવિન્દ હિમગિરના એક ઉત્તુંગ શિખર સમાન હતા. તેમનું દર્શન તે જ પામે કે જે હિમાલયની દુર્ગમ પર્વતપરંપરા ઓળંગવાનું સાહસ અને વૈર્ય દાખવે. તેમનો સંબંધ જનતાના ચોકકસ વર્ગ સાથે જ હતો; તેમનું લેખન સાહિત્ય ગ્રહણ કરવાની પાત્રતા ધારણ કરનાર પણ આખરે કેટલો નાનો સમુદાય? જનતાના ઐહિક સુખદુઃખ સાથે અને આજે સૌથી ગુંચવતી જટિલ રાજકારણી સમસ્યા સાથે તેમને કશો સીધો સંબંધ નહોતો. સરદાર આમજનતાના પ્રતિનિધિ હતા; તેઓ હિંદની તકતલીન રાજકારણી સમસ્યાનો ઉકેલ લાવવાની પ્રતિજ્ઞા લઇને બેઠા હતા. લાખો માણસોનું રાજકારણી ભાવી ઘડવાની જવાબદારી તેમણે ધારણ કરી હતી. તેમણે ૭૪ વર્ષ પુરા કરી ૭૫ માં વર્ષમાં પ્રવેશ કર્યો હતો. એમ છતાં તેઓ જીવનની છેલ્લી ઘડી સુધી સતત ક્રિયાશીલ હતા અને રાષ્ટ્રઘડતરના મહાન કાર્યમાં એવા એક સ્થાન ઉપર બેઠા હતા અને ઉત્તરોત્તર વધારે ને વધારે વિષમ બનતી જતી પરિસ્થિતિમાં તેમનું સતત માર્ગદર્શન એટલું બધું આવશ્યક હતું કે તેમને ઘડિ પણ છોડવા આપણને પાલવે તેમ ન હોતું. વિધાતાએ

CYNIC—સીનીક—વિપરીતદર્શી

['Cynic'—એ મથાળા નીચેનો લેખ ભારતજ્યોતિના અમુક એક અંકમાં કેટલાક સમય પહેલાં જોવામાં આવેલો. તે લેખના લેખકનું નામ છે એસુબ્બીઓ એલ. રોડ્રીગ્ઝ. સીનીક શબ્દથી આપણે જે ભાતની વ્યક્તિ કલ્પીએ છીએ તેનું આ લેખમાં તાદૃશ નિરૂપણ કરવામાં આવ્યું છે. આ લેખનો અનુવાદ કરતાં લેખના મથાળાએ જ એક પ્રકારના મુશ્કેલી ઊભી કરી. Cynic શબ્દ માટે ગુજરાતી પર્યાય શબ્દ કયો મૂકવો ? કેટલાયે મિત્રોને પૂછ્યું પણ કોઇ સંતોષકારક પર્યાય સૂચવી ન શક્યું. કોઇએ 'વાંકમુખો,' કોઇએ 'અવળચંડો' કોઇએ 'શેતાનીઓ,' એવા શબ્દો દર્શાવ્યા, પણ એ કોઇ શબ્દથી મન સંતોષાતું નથી. કેટલાએક અંગ્રેજી શબ્દો આપણી ચાલુ ભાષામાં એટલા બધા પ્રચલિત થઇ ગયા છે કે આપણે એ શબ્દો આપણી પોતાની જ ભાષાના ધરગથ્થુ હોય એમ વાપરીએ છીએ અને તેને મળતો ગુજરાતી શબ્દ શોધવાનો વિચાર સરખો પણ આપણને આવતો નથી. જેમ કે સ્કુલ, હોસ્પીટલ, લેસન, માર્ક, ટેબલ, કપ, ડીવીટ, ફિલોસોફી, સાયન્સ, કલ્ચર. સીનીક શબ્દ પણ આવો જ છે. સીનીકનાં લક્ષણો કોઇમાં મૂર્તિમન્ત થતાં જોઇએ કે આપણે તુરત જ બોલી ઊઠીએ છીએ કે 'એ તો સીનીક છે. તેને કોઇ વસ્તુ સવળી દેખાવાની જ નહિ; બધું જ તેને અવળું જ દેખાવનું.' ઉપર 'વિપરીતદર્શી' શબ્દ મેં અનુવાદ તરીકે મૂક્યો છે તેમાં ઉપરનો ભાવ સૂચિત થાય છે પણ એ ઉપરથી એમ સમજવાનું નથી કે એ પર્યાય મને પૂરો સંતોષ આપે છે.

પ્રસ્તુત લેખના અનુવાદમાં બીજી મુશ્કેલી અમુક દ્વિઅર્થી અંગ્રેજી શબ્દો ઉપર કરવામાં આવેલ શ્લેષને લગતી છે. આવા દ્વિઅર્થી કોઇ પણ એક અંગ્રેજી શબ્દને મળતો ગુજરાતી શબ્દ હોઇ ન જ શકે. આવો શ્લેષના બન્ને અર્થો છૂટા કરીને સમજાવવા સિવાય બીજો કોઇ માર્ગ રહેતો નથી, પણ એમ કરવા જતાં શ્લેષમાં રહેલી પટુતાનો અનુવાદમાં લોપ થઇ જાય છે. એક નાના સરખા લેખની આટલી લાંબી પ્રસ્તાવના જોઇને કોઇ સીનીકને જરૂર ગાર ઉપર લીંપણ કર્યા જેવું લાગશે. હવે આપણે મૂળ અંગ્રેજી લેખના અનુવાદ તરફ જઇએ. **પરમાનંદ**

ઓસ્કર વાઇલ્ડે સીનીક શબ્દનું એક વાર આ પ્રમાણે લક્ષણ બાંધેલું : Cynic is one who knows the price of everything and the value of nothing—સીનીક એટલે એવો માણસ કે જે દરેક વસ્તુની કીંમત જાણે છે અને એમ છતાં જેને કોઇ પણ વસ્તુનું મૂલ્ય હોતું નથી.' કારણકે સીનીકનું જીવન સર્વાંશે અર્થશૂન્ય અને રહસ્યવિહોણું હોય છે. સીનીસીઝમ—વિપરીતદર્શિતા—એક પ્રકારનો વ્યાધિ છે. તેનો જન્મકાળથી પ્રારંભ થાય છે અને વર્ષોના વહેવા સાથે તે વ્યાધિ વધતો જાય છે. સીનીક કમળો થયો હોય એવા માણસની જેવો જ એક પ્રકારનો વિકૃતદૃષ્ટિ હોય છે. તે ત્રાંસી આંખે જુએ છે અને એક જ આંખ ઉઘાડી રાખીને ચાલે છે. તેને મન ભાવી હંમેશાં અંધકારાર્તિમરથી ભરેલું હોય છે. તેનું ભવિષ્યદર્શન હંમેશા ભયવ્યાકુળ હોય છે. સીનીકનું જીવન સ્વાભાવિક રીતે અદૃષ્ટનું આકલન કરવાના એક સતત નિષ્ફળ બનતા પ્રયત્ન સમાન હોય છે.

જીવનથી કંટાળેલો હોઇને સીનીક માનવજાતની પ્રાચીન પુરાણી સંસ્થાઓ અને માનવીના દિલમાં રહેલાં ગૂઢતમ સંવેદનો અને ખાસ કરીને લગ્નસંસ્થા તેમ જ પ્રેમના ભાવના સંબંધે તે ફાવે તેવા કટાક્ષો ફેંકવામાં અને બેફામ આક્ષેપો કરવામાં સદા નિમગ્ન રહે છે. જે પરિપક્વ સીનીક હોય છે તે સાધારણ રીતે જીંદગીભર વાંઢો રહેવાને સર્જાયેલો હોય છે અને તે કોઇ પણ બાબતમાં ઝંપલાવ્યા પહેલાં બધી બાજુનો બહુ બારીકીથી વિચાર કરે છે અને એવી ઝીણવટભરી વિચારણા પછી—પછી તે કદિ ઝંપલાવતો જ નથી. He is never miss-taken nor miss-led. (અહીં miss શબ્દ ઉપર શ્લેષ છે. તેના બે અર્થ આ રીતે થઇ શકે. તે કદિ કોઇથી ખોટી રીતે લેવાતો નથી કે દોરવાતો નથી અથવા તો તે કદિ કોઇ છોકરીના પ્રેમમાં પડતો નથી કે કોઇ છોકરીનો દોરવાયો દોરવાતો નથી.) ડીઝરેલી માફક તે એમ માનતો હોય છે કે દરેક સ્ત્રીએ પરણવું જ જોઇએ અને સાથે સાથે તે એમ પણ માને છે કે કોઇ પણ પુરૂષે પરણવાની જરૂર નથી. તેની દૃષ્ટિએ દુનિયામાં માત્ર બે જ સ્ત્રીઓ સારી હોય છે—જેમાંની એક આજે હયાત નથી અને બીજી કદિ મળવાની નથી.

પરિણામે સીનીક કદિ પ્રેમમાં પડતો નથી. તે પ્રેમને મધુરું—તીખું—મધુરા કરતાં વધારે તીખું—એવું એક પ્રકારનું સંવેદન લેખે છે. તેને મન પ્રેમ એક એવા પ્રકારનો ઉપદ્રવ છે કે જેની તાવથી—ઉષ્માથી—શરૂઆત થાય છે અને જેનો તીવ્ર આતંક (પીડા)માં છેડો આવે છે. મેન્કેને કહ્યું છે કે "પ્રેમ એક એવી ભ્રમજાળ છે કે જેને લીધે એક સ્ત્રી અન્ય સ્ત્રીથી જુદા પ્રકારની ભાસે છે," અને સીનીક આ વિધાનને પોતાની સંમતિ આપે છે. સીનીક પ્રેમને એક રમત સમાન લેખે છે, અથવા તો જાણે કે પ્રેમ એ બંધબારણે રમવાની રમત હોય એમ તે માને છે. તેને મન પ્રેમ સમયને ઝડપથી પસાર કરવાનું એક સોહ્યલું સાધન છે, પરંતુ સમય પણ સામેથી પ્રેમને વટાવીને આગળ ચાલતો હોય છે.

પ્રેમ નહિ, લગ્ન નહિ. સીનીક સાધારણ રીતે લગ્નથી દૂર ને દૂર ભાગે છે. એમ છતાં પણ કદિ જો તે લગ્નના બંધનમાં ફસાયો તો તે હંમેશાં તર્ક, વિતર્ક, શંકા, કુશંકા અને અનેક પ્રકારની બૌદ્ધિક માનસિક વિકૃતિઓથી પીડાતો રહે છે. પોતાની પત્નીને તે એક better half—કટુતાભર્યા અર્ધાંગ—તરીકે લેખે છે અને પત્ની એટલે તે કે જે પહેલાં તમારા છેડા પકડે છે અને પછી ખિસ્સાચોરી શરૂ કરે છે—આવા ખ્યાલો તે ધરાવે છે. સીનીક માટે લગ્ન એ કેવળ એક શબ્દ નથી—sentence છે. (અહિં sentence શબ્દ ઉપર શ્લેષ છે. તેના બે અર્થ આ રીતે થઇ શકે. લગ્ન એ કેવળ એક શબ્દ નથી પણ એક વાક્ય છે અથવા તો એક શિક્ષા છે.) અને જ્યારે એક જુવાન દીકરો marriage (લગ્ન) શબ્દનો mirage (મૃગજળ) એવો સ્પેલીંગ કરે છે અને તેનો બાપ એ સ્પેલીંગ બરોબર છે એમ સૂચવતો પોતાનું માથું ધુણાવે છે ત્યારે તે બાપ પણ એક પાકો સીનીક હોવો જોઇએ એ વિષે કોઇ શક નથી.

જ્યારે સીનીકને કોઇ પણ અંગત બાબતમાં કે મહત્ત્વના પ્રશ્ન પરત્વે ભ્રમનિરાસ થાય છે ત્યારે સીનીક પેસીમીસ્ટ (નિરાશાવાદી)ને બહુ મળતો લાગે છે, પણ પેસીમીસ્ટની માફક તે કેવળ નિરાશ બનીને બેસી રહેતો નથી. તેનો નિરાશાવાદ બુદ્ધિની ભૂમિકા ઉપર નિર્માણ થયેલો હોય છે અને પોતાના કટુ અનુભવનો જગતને ભાગીદાર બનાવ્યા સિવાય તેને જંપ વળતો નથી. અને તેથી માનવજાતની ભ્રમણાઓ ભાંગવા માટે તે તરેહ તરેહનાં તીખાં તમતમતાં વાગ્બાણો છોડે છે અને કટાક્ષોથી ભરેલી ઉક્તિઓનો વરસાદ વરસાવે છે. સીનીકની નોંધપોથીમાંના આ કેટલાંક અવતરણો છે :—

સુલેહશાંત=આન્તરરાષ્ટ્રીય ક્ષેત્રમાં બે વિગ્રહો વચ્ચેનો સ્વપરવંચનાનો કાળ.

પેસીમિસ્ટ-નિરાશાવાદી=જેનો ઉપદેશ આપે છે તેનો અમલ કરવાનો પ્રયત્ન કરતો આશાવાદી.

લગ્ન=કાયદેસરનો વ્યભિચાર.

ધર્મ=સ્વસ્થિતિમાં સંતુષ્ટ રાખતું એક પ્રકારનું ઘેન.

'જૈનધર્મ કે બ્રાહ્મણધર્મ—એક જ વૃક્ષની છાયા છે'

[શ્રી અમદાવાદ જૈન યુવક સંઘના ઉપક્રમે યોજાયેલ પર્યુષણ વ્યાખ્યાનમાળામાં અપાયેલ એક વ્યાખ્યાનની નોંધ.]

હું ભણતો હતો ત્યારે મારા ભણવામાં 'પ્રવચન સાર' નામક ગ્રંથ આવ્યો અને તેમાંથી પુરુષાર્થની ભાવના મને ગમેલી. અંગ્રેજી રાજ્યબંધારણમાં વિશિષ્ટતા એ છે, કે સામાન્ય પુરુષ પણ પ્રાઇમ-મિનિસ્ટર થઈ શકે છે, 'ડ્યુક' થઈ શકે છે, તેમ તે પાછો સામાન્ય માણસ પણ બની શકે છે. ત્યારે આપણે ત્યાં માત્ર ઉન્નતિક્રમ છે. સહુને જીવનમુક્ત થવાનો અધિકાર અપાયેલો છે. અને એ માટે સાધના, વ્રત, વિચાર એ બધાનો આપણા દર્શનોમાં વિચાર કરેલો છે.

ધર્મ એક વિશાળ વૃક્ષ છે, અને એની શાખાઓ એ દર્શનો છે, એટલે જ હું બૌદ્ધ કે જૈનોને વિધર્મી માનતો નથી.

આ અંગે બે માન્યતાઓ પ્રવર્તી છે. એક તો વેદ ધર્મમાં માનનારા, બીજા અન્ય ધર્મને માનનારા; પણ આ બધી શાખાઓ છે. આપણાં છ દર્શનો, સાતમું બૌદ્ધદર્શન અને આઠમું જૈન દર્શન આ બધાં મોટા વૃક્ષ સમાન છે અને એનાં સામાન્ય તત્ત્વો બધાંને લાગુ પડે છે. પુરુષાર્થ આચાર, વ્રત, અને જીવનમુક્ત થવાના આદર્શો એ બધામાં એક જ રીતે છે. Philosophical decipline અને Philosophical endeavour એટલે પુરુષાર્થ; પુરુષની પ્રાપ્તિ કરવાનો નિયમ. પુરુષ એટલે મનની પાછળ રહેલો સાક્ષી તત્ત્વરૂપ આત્મા. એને ઓળખવા જે આચાર-સાધના કરવી જોઇએ તે પુરુષાર્થ.

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારને પુરુષાર્થ કહેલા છે. એને જાણીને આપણે અંતર આત્માની ઓળખ કરવાનો પ્રયત્ન કરીએ એ પુરુષાર્થ છે.

જૂના સમયના તત્ત્વજ્ઞાનના પ્રવાહો જાણીતા છે. એમાં બે મોટા પ્રવાહો છે : એક વેદમાં માનનારો; બીજો વેદમાં નહિ માનનારો.

જૈનધર્મે વેદધર્મનો વિચાર કરેલો છે, અને બ્રાહ્મણધર્મના કેટલાક દોષોનું માર્જન પણ કરવાનો જૈનધર્મે પ્રયત્ન કરેલો છે. અને એ ધર્મમાં બ્રાહ્મણ એટલે શું, ચરી એટલે શું એનો પણ ઉલ્લેખ કરેલો છે. ખરો બ્રાહ્મણ અગ્નિહોત્રી હોય, અને કાંઇ બલિદાન આપીને જમે. જૈનધર્મે આ શુદ્ધિનું કાર્ય કર્યું છે, એ જૈન ધર્મની વિશેષતા છે. જૈન અને વેદધર્મ કેટલાં સંકળાયેલાં હતા તેનું એ સૂચક છે.

એક શિષ્યે યાજ્ઞવલ્કયને પૂછ્યું હતું કે માનવી મરી ગયો એટલે તે પાંચે તત્ત્વમાં મળી જાય છે ત્યારે એ બધાં જાય છે કયાં? યાજ્ઞવલ્કયે કહ્યું હતું કે, માનવી મરી ગયો તે તેના કર્મમાં ગયો, એટલે જેવાં કર્મ એવો તે થશે.

આપણે ત્યાં વર્ણવ્યવસ્થા અને આશ્રમ-વ્યવસ્થા એવી સુંદર છે કે બીજા સમાજમાં એ રીતે નથી. વર્ણવ્યવસ્થામાં બગાડ પેઠો હતો તેને સુધારવા મહાત્માજીએ પ્રયાસ કરેલો છે. આશ્રમવ્યવસ્થા તૂટતી જાય છે છતાં, આ બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ વાનપ્રસ્થાશ્રમ અને સંન્યસ્તાશ્રમમાં ઉન્નતિના મોટા અગત્યનાં તત્ત્વો રહેલાં છે.

ધર્મ, અર્થ, અને કામ એ પુરુષાર્થની ત્રણ વસ્તુ છે, પણ એ ધર્મની દોરવણી નીચે કરવાના છે. આપણે ત્યાં Philosophical endeavourને મહત્ત્વ આપવામાં આવ્યું છે તે જીવનમુક્ત બનવા માટે છે. આપણો ધર્મ કહે છે કે, આ જન્મમાં જ મોક્ષ મેળવી શકાય છે, અને જૈનધર્મની એ વિશેષતા છે.

તીર્થંકરનો અર્થ જે ભવસાગર તરીને સામે કિનારે પહોંચે છે તે. તીર્થ એટલે કિનારો બતાવનાર અને ગાંધીજીએ પણ એ રીતે કિનારો બતાવ્યો છે.

જેઓ પોતાની અંતરવૃત્તિ જીત્યા છે તે જિન છે, એ ખરેખર બ્રાહ્મણ છે. ખરેખરા જિન થયા વિના બ્રાહ્મણ થવાતું નથી,

જૈનધર્મ જૂનો કે બ્રાહ્મણ ધર્મ જૂનો એવી માથાકૂટમાં પડશો નહિ. એ એક જ વૃક્ષની છાયા છે; જેની છાયામાં સહુ મીઠાશ પામે છે.

દેશની દૃષ્ટિએ ઐક્ય સાધવું એ જેટલું ઉત્તમ છે, એટલું જ ધર્મની દૃષ્ટિએ પણ ઐક્ય સાધવું ઉત્તમ છે. Philosophical decipline માં જ ત્યાગ અને સંન્યાસ આવે છે.

શંકરાચાર્યે કહ્યું છે કે જે ઘડી એ વૈરાગ્ય જાગે તે ઘડીએ સંન્યાસ લેવો, પણ એ વૈરાગ્ય સ્મશાનવૈરાગ્ય ન હોવો જોઇએ. જ્ઞાન વિના વૈરાગ્ય ન હોવો જોઇએ. જ્ઞાન વિ૰ વૈરાગ્ય યોગ્ય નથી, અને સ્થિર વૈરાગ્ય વિના સંન્યાસ ન લઈ શકાય.

આપણે અહિંસામાં માનીએ છીએ અને અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અપરિગ્રહ એ બધાં સુંદર ધર્મો છે. તમારાં વ્રતોમાં મહાવ્રત અને અણુવ્રત સુંદર રીતે ગોઠવાયા છે. બ્રાહ્મણ-ધર્મમાં ત્યાગની ભાવના બધું છે, બધું પોતાનું હોવા છતાં પોતાનું કાંઇ નથી એમ માનવું. અને આ ભાવના એ જ ખરો ત્યાગ.

દેહ ધારણ કર્યા પછી કર્મનો ત્યાગ થઈ શકતો નથી, એટલે જ ગીતાએ કર્મ નહિ, કર્મના ફળના ત્યાગની વાત કરી છે. અને એમાં બધું આવી જાય છે. જે અનાસક્ત પુરુષ છે, જેણે વૈરાગ્યથી બધો ત્યાગ કર્યો હોય એ જ મહાપુરુષ છે. ગાંધીજી એવા એક અનાસક્ત પુરુષ હતા.

જીવનમુક્ત એ માનસિક વલણ છે. મોક્ષ એ માનસિક સ્થિતિ છે. આ દૃઢ સ્થિતિમાં રહી દુનિયાનાં કામ કશી આસક્તિ વિના કરીએ એ જીવનમુક્તિની સ્થિતિ છે.

ચૈતન્યપ્રસાદ મો. દીવાનજી

મૈત્રી=દ્વૈત છતાં અદ્વૈતની ભ્રમણા.

કવિ=કલ્પનાયુક્ત માનવી. તેની કવિતાઓ લોકો વાંચવાના છે એવી તે કલ્પના કરે છે.

એક વખત એમ્બ્રોઝ બીઅર્સે સીનીક એટલે એક એવો નફ્ફટ માણસ કે જે વસ્તુ જેવી છે તે સ્વરૂપે—અને નહિ કે વસ્તુ કેવી હોવી જોઇએ તે આકારમાં—હમેશાં વસ્તુઓને જુએ છે, નિહાળે છે એમ સીનીકનું વર્ણન કરેલું અને એ રીતે સીનીકને સારા આકારમાં રજુ કરવાનો તેણે પ્રયત્ન કરેલો. અલબત્ત સીનીક વસ્તુ-ઓને સ્પષ્ટ સ્વરૂપમાં—વધારે પડતા સ્પષ્ટ સ્વરૂપમાં—જુએ છે, પણ ખરી રીતે તે વહેમી સ્વભાવનો હોય છે અને શંકાશીલપણાના ઝેરથી પીડાતો હોય છે. મિત્રો આવા સીનીકથી દૂર રહેવાનું પસંદ કરે છે. તેને કોઇ પણ વસ્તુમાં શ્રદ્ધા હોતી નથી અને જે આપણને શ્રેય તેમ જ પ્રેય હોય છે તેમાંથી આપણી શ્રદ્ધા હણવાના તે હંમેશા પ્રયત્ન કરતો હોય છે. તો પછી આપણે પણ સીનીક વિષે સીનીકલ—અશ્રદ્ધાળુ—બનીને રહીએ અને તેના કોઇ પણ કથનને વધારે ઊંડો વિચાર કર્યા સિવાય ખરું માની લેવાની ભૂલમાં કદિ ન પડીએ.

અનુવાદક : પરમાનંદ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક : શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨